[ 1954 - 1955 ]

(1)

રજીસ્ટર્ડ નં. ૨૬૬૪
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન, વર્ષ ૨
અંક ૧૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાન્યુઆરી ૧, ૧૯૫૫, શનિવ.૨
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## શાસનમુક્તિસાધક નિષ્પક્ષ 'યતિસંઘ'

લગભગ એક સદી થયાં દુનિયામાં લોકસત્તાનો પ્રયોગ ચાલી રહ્યો છે અને પુરાણી રાજનીતિ સાથે એનો સંઘર્ષ પણ થઇ રહ્યો છે. લોકસત્તાનો આ જે નવો વિચાર સામે આવ્યો છે, તેમાં પણ હવે કેટલાય પક્ષો પડી ગયા છે અને ભિન્ન ભિન્ન પક્ષો તથા વાદો વચ્ચે વિચારકો અને સેવકો વહેંચાઇ ગયા છે. વિચાર–ભેદને આપણે જીવનનું લક્ષણ માનીએ છીએ અને તેથી એને જરૂરી પણ માનીએ છીએ. પણ વિચારભેદોને આધારે જ્યારે પક્ષભેદ પડે છે, ત્યારે એમાં વિચારની માત્રા કંઇક ઘટી જાય છે અને સંગઠન, અનુશાસન (શરત) અને બાહ્ય પ્રચારની માત્રા વધી જાય છે પરિણામે આજે આખી દુનિયાનાં રાજકીય ક્ષેત્રોમાં એક જાતનો કોલાહલ મચી ગયો છે. રાજકીય ક્ષેત્ર જો નાનું હોત, તો બહુ ચિંતા જેવું નહોતું, પણ રાજકીય ક્ષેત્ર આજે તો ઘણું વિકસિત થઇ ગયું છે અને સમાજ–જીવનનાં બધાં અંગોને એ ઘેરવા લાગ્યું છે. આવા વ્યાપક ક્ષેત્રોમાં જો પરસ્પર સ્પર્ધા રહી, વિચારનું મંથન માત્ર નહીં પણ આચારનો સંઘર્ષ પણ ચાલુ રહ્યો, તો માનવના વિકાસમાં ઠીકઠીક વિઘ્ન આવે અને પ્રગતિનો માર્ગ રુંધાય એમ બને. તેથી કોઇ જાતનું લેબલ ન ધરાવનારો એક સેવક–વર્ગ તૈયાર થાય તેવો અમારો પ્રયત્ન છે. એ વર્ગ પંથ–સંપ્રદાય, પાર્ટી–પક્ષ, ઇઝમ–વાદ, એ બધાથી પર હોય. સ્વચ્છ, નિરુપાધિક (અંતરાય વિનાનું) સ્વતંત્ર ચિંતન કરનારો હોય અને માનવની માનવને નાતે જ એ સેવા કરે. એક આવો સેવક–વર્ગ અથવા કહો કે યતિસંઘ ખડો થાય એવો આ પ્રયત્ન ચાલી રહ્યો છે. આવો સેવક–વર્ગ દરેક દેશમાં મોજૂદ છે પણ ખરો. એને "હ્યુમેનિટેરિયન" અર્થાત્ માનવ–સેવા–પરાયણ–પંથ કહે છે પરંતુ એવા દયાળુ લોકોનો જે વર્ગ છે, તેનાથી મારું સમાધાન નથી થતું, એ માનવતાનું ધ્યાન તો રાખે છે, પણ માનવંતાનાં બધાં અંગો પણ વિચાર નથી કરતો. ખાસ કરીને રાજનીતિ, સમાજશાસ્ત્ર વગેરેથી એ અલગ રહે છે અને ભૂતદયાત્મક સેવા માત્ર કરે છે. ભૂતદયાત્મક સેવા ઉન્નતિકારક અને સારી છે, સમાજને માટે એ ક્ષયદ્વારક છે અને માનવ–મનને ઊંચે ચઢાવનારી પણ છે, તેથી તે જરૂર ચાલવી જોઇએ. મારી આંખ સામે જે વર્ગ છે તે પણ આવી જ સેવા કરવા માંગે છે. પણ એ જીવનનાં બધાં અંગો પર પણ વિચાર કરવા ધારે છે અને રાજનીતિને લોકનીતિનું રૂપ આપવા માંગે છે. રાજનીતિનું આજનું સ્વરૂપ મિટાવીને એને લોકનીતિ બનાવવા માંગે છે. અર્થાત્ એ પોતાને સામાન્ય ભૂતદયાત્મક સેવા માત્રથી જ કૃતકૃત્ય થયેલા નહીં માને. એ એવી સેવા તો કરશે જ, પણ એની સાથે સાથે જીવનનાં દરેક અંગ ઉપર પણ વિચાર કરશે. રાજ્યકર્તા જમાત કે ભિન્ન ભિન્ન પક્ષોના જે દોષ દેખાશે, તેને એ જનતાની સામે મૂકશે. જે ગુણ હશે તે પણ માન્ય કરશે. આખા સમાજમાં એ એવી કોશિશ કરશે કે આ પક્ષભેદ મટે અને પક્ષાતીત લોકનીતિ પર સમાજ–વ્યવસ્થા ચાલે. હું આને રાજ્ય–વ્યવસ્થા એવું નામ આપવું પણ પસંદ નથી કરતો. સમાજ–વ્યવસ્થાની અંદર જ આ રાજ્ય–વ્યવસ્થા પણ સમાઇ જશે. જેને સત્તા કહે છે તે અત્યંત વિકેન્દ્રિત થઇને છેવટે લુપ્ત થઇ જશે અને એના વિકેન્દ્રિત થવાની શરૂઆત પણ આજથી જ થશે. એ ધીરે ધીરે લુપ્ત થશે, અર્થાત્ દરેક મનુષ્યમાં પ્રવેશ કરશે અને શાસનનો અધિકાર દરેકના હાથમાં આવશે. એ પોતે જ પોતાની પ્રજા બનશે. એક જ વ્યક્તિમાં શાસિત અને શાસકનો સંગમ થશે. હું જ મારો શાસિત અને હું જ મારો શાસક. બાકીના બધા લોકો મારો દોષ ચીંધનારા અને મારાં સારાં કામોમાં સહકાર આપનારા હશે. હું પણ એમના દોષ નમ્રતાથી બતાવનારો ને એમનાં સારાં કામોમાં સહકાર આપનારો હોઇશ. પણ હું મારો સ્વામી ને મારો સેવક, એ બધા પણ પોતાના સ્વામી ને પોતાના સેવક. અમે બધા ભાઇ–ભાઇ, સાથી કે સહોદર. એક વિચાર–ઉદરથી અમારો જન્મ. પણ એનો એ અર્થ નહીં કે કોઇ વિચારભેદ નહીં હોય. અર્થ એટલો જ કે હાર્દિક વિચાર એક હશે. બૌદ્ધિક–વિચાર અલગ અલગ હોઇ શકે.

હાર્દિક વિચાર અને બૌદ્ધિક વિચારમાં હું ફરક કરું છું. દાન, તપ, યજ્ઞ, કરુણા, પ્રેમ, સૌહાર્દ, આને માટે સૌનાં હૃદયમાં સમાન ભાવે ભક્તિ હોવી જોઇએ. આને હું હાર્દિક એકતા કહું છું. બૌદ્ધિક એકતા સર્વસામાન્ય કારભારમાં શું કરવું તે અંગે હશે. એમાં મતભેદ પડશે, ત્યારે (ભિન્ન ભિન્ન મતોમાં) જે સમાન અંશ હશે તે મુજબ અમલ કરવામાં આવશે. એટલો કાર્યક્રમ જનતાની સામે રજૂ થશે અને જનતા તેને અમલમાં મૂકશે.

આ રીતે પક્ષોની શુદ્ધિ થાય અને એ નજીક આવી જાય. શુદ્ધીકરણ, એકીકરણ અને આખરે વિલીનીકરણ કરવાની શક્તિ જે કેવળ ભૂતદયા કરનારા સેવકવર્ગમાં નથી તે આ સર્વાંગી સેવકવર્ગમાં જોઇએ.

'ભૂમિપુત્ર'માંથી સાભાર ઉદ્ધૃત — વિનોબા

## મુનિશ્રી વિદ્યાવિજયજીનો સ્વર્ગવાસ

તા. ૨૧–૧૨–૫૪ ના રોજ સ્વ. વિજયધર્મસૂરિના પ્રમુખ શિષ્ય મુનિ વિદ્યાવિજયજીનું મધ્યભારતમાં આવેલા શિવપુરી મુકામે ૬૮ વર્ષની ઉમ્મરે અવસાન થયું છે. તેઓ મૂળ ગુજરાતમાં આવેલા સાઠંબા ગામના વતની; સંસારી નામ ખેચરદાસ; બનારસમાં સ્થપાયલી યશોવિજયજી જૈન પાઠશાળામાં તેમણે વિદ્યાધ્યયન તેમજ શાસ્ત્રોનો અભ્યાસ કરેલો. વીશ વર્ષની ઉમ્મરે તેમણે જૈન દીક્ષા અંગીકાર કરેલી. જૈન સાહિત્યના તેઓ એક સારા અભ્યાસી હતા. એક કુશળ વક્તા તરીકે તેમણે સારી ખ્યાતિ મેળવેલી. પોતાના ગુરુદેવના અવસાન બાદ શિવપુરીમાં ગુરુદેવે સ્થાપેલી સંસ્થાના સંચાલન તેમજ વિકાસની તેમણે જવાબદારી સ્વીકારેલી. શિવપુરીના વીરતત્વ પ્રકાશક મંડળ અને ભાવનગરની યશોવિજયજી જૈન ગ્રંથમાળા આ બે સંસ્થાનું નિર્માણ કરવામાં તથા તેની સાહિત્યવિષયક પ્રવૃત્તિઓ ચલાવવામાં તેમણે ઘણો મહત્વનો ભાગ ભજવેલો. ૧૯૩૪

(વધુ માટે જુઓ પાનું ૨૦૪)

# આઝાદી પછીનાં સાત વર્ષોનું વિહંગાવલોકન

૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ ને દિને આપણે સ્વતંત્ર થયા. આપણા ઉપ-ખંડમાં આ દિનનું ચિરંજીવ સ્થાન હરહમેશ માટે રહેશે. દોઢસો વર્ષના અંગ્રેજ રાજ્ય પછી, સદી પહેલાનાં ભારતે પોકારેલા બળવા પછી, ગાંધીયુગની અહિંસક ચળવળ અને 'ચલે જાવ'ની હાકલ પછી આપણને તે સુવર્ણદિન જોવા મળ્યો. સાર્વભૌમત્વ યુક્ત લોકશાહી રાજ્ય સભાની સ્થાપના ભારતવાસીઓ માટે એક અત્યંત ગૌરવનો વિષય બની રહે એ સ્વાભાવિક છે.

આઝાદી પ્રાપ્તિ પછીના આ સાત વર્ષના ગાળામાં આપણા દેશ સમક્ષ અનેક જટિલ સમસ્યાઓ ખડી હતી. પ્રથમ તો, જાણે કે આઝાદી પ્રાપ્તિની કિંમત તરીકે આપણને દેશના ભાગલા ન છૂટકે સ્વીકારવા પડ્યા. જે ઉપ-ખંડ એક, અવિભાજ્ય અને અખંડ ગણાતો એના ભારત અને પાકિસ્તાન એમ ભાગલા પડ્યા ને તેમાંથી અનેક રાજકીય અને આર્થિક મુશ્કેલીઓ જન્મી. વસ્તીઓની હેરફેર થઈ, લોહી રેડાયાં ને નિર્વાસિતોના અને બીજા અનેક પ્રશ્નો જન્મ્યા. આ નિર્વાસિતોનો મોટો પ્રશ્ન, માલમિલ્કતની અદલાબદલી અને ભારતમાં સ્થિર થયેલા નિર્વાસિતોની આર્થિક પરિસ્થિતિ — હજી પૂરેપૂરી રીતે સંતોષજનક તો નથી જ, પણ એ પ્રશ્ન ઠીક ઠીક થાળે પડ્યો છે તેમ ગણી શકાય. આ ઉપરાંત, આઝાદી પહેલાં 'લાલ હિંદ' અને 'પીળું હિંદ' એ બે ભાગો આપણે જાણતા હતા. અને એ બીજા ભાગમાં આવેલા ૫૬૦ થી વધુ નાના મોટા અનેક રાજ રજવાડાઓનો પ્રશ્ન કાંઈક રહેલાઈથી ઉકેલાયો અને તેનો સંપૂર્ણ યશ સરદાર પટેલની મુત્સદ્દગીરીને છે. સરકારની ચાણાક્ય દૃષ્ટિ અને તેમનું ખડતલ વ્યક્તિત્વ આપણને જુનાગઢ ને હૈદ્રાબાદના પ્રશ્નોમાં પણ દેખાયાં. તેમની આ કામગીરી બદલ ભારત તેમનું હમેશનું ઋણી રહેશે. આ ટૂંકા ગાળામાં લોકશાહીની ઢબે સમાનતા અને ન્યાય પરાયણતાને ધોરણે આપણે આપણું રાજ્યબંધારણ ઘડ્યું. જગતના જ્ઞાતજ્ઞાતના સમવાયી દેશોના બંધારણોનો અભ્યાસ કરીને એક નમૂનેદાર બંધારણ આપણે ઘડી શક્યા છીએ. કેન્દ્ર અને પ્રાદેશિક સરકારો વચ્ચેનું કાર્યક્ષેત્ર નક્કી થયું છે અને આ બધામાં ડો. આંબેડકરે સારી જહેમત ઉઠાવી હતી. આ બંધારણ અમલમાં આવતા ધીમે ધીમે દેશના આર્થિક અને સામાજીક જીવનને સ્પર્શતા મૂળભૂત ફેરફારો થઈ રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મેળવેલી ભારતની સિદ્ધિઓ મહાન છે. "ઠંડા યુદ્ધ"ના કોઈ પણ પક્ષે ભારત ઢળ્યું નથી. લોર્ડ માઉન્ટ-બેટનને ભારતના પહેલા ગવર્નર જનરલ તરીકે રાખી ભારતે બ્રિટન સાથે મિત્રાચારીના સંબંધો સુંદર રીતે સ્થાપ્યા છે. પહેલાં આપણી વિદેશનીતિ 'અલગતાવાદ' વાળી અથવા "બિન-આક્રમક" ગણાતી અથવા તો તટસ્થ ગણાતી, હવે તેને "સક્રિય" ગણવામાં આવે છે, અને તેને ભારે મહત્વ આપવામાં આવે છે. અમેરિકા કે રશિયાને આપણી નીતિ સાથે અમુક મતભેદો ભલે રહેતા, પણ બંને દેશો જાણે છે કે ભારતની વિદેશનીતિ વિશ્વશાંતિના અનન્ય ઉપાસક અને પૂજક તરીકેની છે. પછી એ પગદંડીએ ભલેને ભારત એકલું જ ચાલતું હોય. કોરીયામાં અને પછી હિન્દીચીન અંગે જીનીવા કરાર દરમ્યાન ભારતે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સારી કામગીરી બજાવી. પંડિત જવાહરલાલજીની પ્રતિભાનો અને તેમની નીતિની સફળતાનો સહુએ સ્વીકાર જગતના ખૂણે ખૂણાઓમાંથી થઈ રહ્યો છે. ચીનના વડા પ્રધાન શ્રી ચૌ-એન-લાઈની ભારતની મુલાકાત અને પંડિત નહેરૂની ચીનની મુલાકાત એ ઐતિહાસિક પ્રસંગો છે. દુનિયાની નજર હવે એશિયા ઉપર ઠરી છે, કારણ ભારતને શિરે એશિયાના ભાગ્યવિધાતા બનવાની જવાબદારી આવી પડી છે. સામ્રાજ્યવાદ તો દરેક જગ્યાએ ખોખરો બનતો ચાલ્યો છે. રંગદ્વેશની નીતિ પણ હવે ચાલે એમ નથી, એમ દુનિયા ખરેખર રીતે માની બેઠી છે. યુનોમાં જગતે રાખેલી શ્રદ્ધા અને વિશ્વાસ કાંઈક ડગમગતા લાગ્યા છે. તેની મારફતે દુનિયાના જટિલ અને ગૂંગળાવનારા પ્રશ્નો ઉકેલાશે એમ સૌ કોઈ માનતું હતું, પણ તે આશા હવે વધુ ઉજળી દેખાતી નથી. દરેક દેશ, પછી તે ગમે તે રાજકીય ભૂમિકાએ હોય અથવા તો તે ગમે તે પદ્ધતિનું અનુસરણ કરતો હોય પણ તેની અને બીજા દેશો વચ્ચે સાચી સમજ અને સદ્‌ભાવનાને અવશ્ય સ્થાન છે અને તેથી આંતરરાષ્ટ્રીય ખેલદીલીથી બધા હળીમળીને સાથે રહી શકે એ નવી નીતિનો ક્રિયાશીલ પ્રયોગ જગત કરી રહ્યું છે. જાપાન, ચીન, રશિયા, અમેરિકા સાથે સાંસ્કૃતિક સંબંધો બાંધવા ભારત ઉત્સુક છે. ભારતની ભવ્ય સંસ્કૃતિ અને પૂ. ગાંધીજીની અહિંસા અને સત્યનો વારસો ભારતવાસીઓને મળ્યો છે ને પંડિત નેહરૂના નેતૃત્વ નીચે ભારત થોડા સમયમાં ગૌરવપૂર્ણ આંતરરાષ્ટ્રીય મહત્તા પ્રાપ્ત કરી ચૂક્યું છે.

આમ છતાં, હજી કાશ્મીરનો પ્રશ્ન વણઉકેલ્યો પડ્યો છે. અને તે ભારત-પાકિસ્તાનના સંબંધોને ભારે અસર કરે છે, આ દુઃખદ બીના છે. બંને દેશોના ઉજળા ભવિષ્ય માટે આ મડાગાંઠનો સંતોષજનક ઉકેલ આણવો જ રહ્યો. તેવી જ રીતે પોર્ચુગીઝ વસાહતોનો પ્રશ્ન હજી ઉકેલાયો નથી. ફ્રેંચ પ્રશ્ન સહુભાગ્યે થાળે પડી ગયો છે, પણ દીવ, દમણ ને ગોવાનો પ્રશ્ન જટીલ બનતો જાય છે અને કાંઈક અશાંતિનું કારણ બન્યો છે.

૧૯૩૯માં શરૂ થએલું બીજું વિશ્વયુદ્ધ ૧૯૪૫-૪૬માં પૂરું થયું અને આઝાદીપ્રાપ્તિ સાથે આપણને યુદ્ધ પછીના આકરા અને ક્લિષ્ટ પ્રશ્નોની ભેટ મળી. જીવનોપયોગી ચીજવસ્તુઓની ખેંચ ખૂબ જણાવા લાગી, પુરવઠાનો પ્રશ્ન ગંભીર બન્યો, નફાખોરી, સંઘરાખોરી, લાંચ રૂશ્વત, કાળા બજારો ઠેર ઠેર જામ્યા. મોંઘવારી, બેસુમાર હતી. આ બધા પ્રશ્નોની વિષમ અસર ભારતીય અર્થતંત્ર ઉપર પડી. આ ઉપરાંત ભારતના અર્થશરીરના જૂના અને રીઢા થએલા 'દર્દો' તો વારસામાં મળ્યા જ હતા. જેવા કે બેકારી, અર્ધ-બેકારી, નિરક્ષરતા, અપાર ગરીબી અને ઘણું નીચું એવું જીવનધોરણ.

આપણા દેશમાં ઉપલબ્ધ માનવબળ અને સાધન સામગ્રીને સાંકળવાના સુયોજીત પ્રયાસો છેવટે સરકાર દ્વારા હાથમાં લેવાયા, પંચવર્ષીય યોજનાનું ઘડતર થયું. અને આયોજન પંચ સ્થપાયું. પ્રથમ પંચવર્ષીય યોજનામાં ખેતી, નહેરો, વાહનવ્યવહાર, બીજળી કામ, લોકકલ્યાણના કામોનો સમાવેશ કરવામાં આવ્યો. નદીઓના જંગી બાંધકામો હાથ ધરવામાં આવ્યા, જેથી ગ્રામ્યવિસ્તારોને નહેરો અને શહેરો અને ગામડાઓને બીજળીબળ મળી શકે. સીંદરી ફર્ટીલાઈઝર ફેક્ટરી, ચીત્તરંજન લોકોમોટીવ વર્કર્સ, એરક્રાફ્ટ ફેક્ટરી વિ. શરૂ થયા ને દેશમાં નવું ઉત્પાદન શરૂ થયું. ખાનગી ક્ષેત્રે પણ ઉદ્યોગો ઉત્પાદનમાં સારો એવો વધારો નોંધાવી શક્યા છે ને લોકોની યુદ્ધકાળની મુશ્કેલીઓ કાંઈક ઘટવા પામી ખેતીવિષયક ઉત્પાદન ખૂબ વધ્યું અનાજની દેશની ઘણી ચિંતા ઓછી થવા પામી અને હુંડિયામણનો ઉપયોગ જે આપણે અનાજની આયાતમાં વાપરતા તે બંધ થયો છે ને આર્થિક વિકાસ સારૂ એ સાધનોનો ઉપયોગ હવે થઈ રહ્યો છે. આ પરિસ્થિતિ સંતોષજનક છે.

યુદ્ધ સમયમાં અંકુશો, મર્યાદાઓ, નિયમનોનું રાજ્ય જામી પડ્યું હતું. હવે અંકુશો નહિવત્ રહ્યા છે ને વેપાર ધંધા જે બોરવાઈ ગયા હતા તે પૂર્વવત્ ચાલુ થતા રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોનો ઉત્સાહ વધે માટે લોકકલ્યાણની યોજનાઓ હાથ ધરવામાં આવી છે. પ્રથમ પંચવર્ષીય યોજનાને મુકાબલે દ્વિતીય યોજનામાં તાલુકાની

જરૂરિયાતોને વધુ મહત્વ આપવામાં આવનાર છે. ઔદ્યોગીકરણની ઝડપ વધારવા અંગે સરકાર અને ખાનગી સાહસ બંનેમાં મીલાવવાના છે. કારણ તેમ થાય તો જ શક્ય તેટલું જલ્દી લોકોનું જીવન-ધોરણ ઉંચું આવે અને રોજગારીની તકો વધવા પામે.

આપણા આર્થિક ક્ષેત્ર ઉપર એક ઉડતી નજર નાંખીએ તો છેલ્લાં સાત વર્ષમાં આપણું ઔદ્યોગિક ઉત્પાદન ૩૫.૨ ટકા વધ્યું છે (૧૯૪૬=૧૦૦). આમાં પણ ખાસ કરીને છેલ્લાં વણ વર્ષોના ફેરફારો સૂચક છે. કાપડ, શણ, સીમેન્ટ, પોલાદ એ બધી વસ્તુઓમાં ઉત્પાદન સંતોષજનક રીતે વધવા પામ્યું છે. ઘણી બાબતોમાં પંચવર્ષીય યોજનાઓએ જે લક્ષ્યાંકો નક્કી કર્યા છે, તેમાં ઉત્પાદન ધારવા કરતાં વધી ગયું છે. આયાત-નિકાસ વેપાર વધુ સ્થિર થયો છે, વધુ વૈવિધ્યપૂર્ણ થયો છે, ભારતને વધુ અનુકુળ ગણાય એવો થયો છે અને હુંડિયામણની પરિસ્થિતિ આપણને પહેલા જેટલી મુંઝવતી નથી. ૧૯૪૭-૪૯ ને મુકાબલે આપણો આયાત વેપાર ૩૯ ટકા વધ્યો છે, જ્યારે નિકાશ વેપારમાં ૩૩ ટકાનો વધારો થવા પામ્યો છે. એકધારી મજબુત અને સમતોલ અર્થનીતિને પરિણામે ફુગાવાનું જોર તૂટી ગયું છે, જો કે જથ્થાબંધ માલના ભાવના આંકમાં અને જીવન નિભાવના ખર્ચના આંકમાં ઘટાડો વધારો થતો રહ્યો છે.

ઢાલની બીજી બાજુ જોઇએ તો આ સાત વર્ષમાં પંચવર્ષીય યોજનાનો અમલ છતાં રોજગારીની તકો જેટલી વધવી જોઇએ તેટલી વધી નથી અને તેથી બેકારી ઘટાડવા અંગે વધુ ગંભીર વિચારણા થવી જોઇએ. આ ભારતના અર્થતંત્રનો એક પાયાનો પ્રશ્ન છે. આવી રીતે ભાષાવાદ, પ્રાંતવાદના કલેશ કલહ વધ્યા છે ને રાષ્ટ્રહિતને સ્થાને પ્રાદેશિક અને સાંકડા હિત જોવામાં આવે છે. આ જોખમી માર્ગ છે.

જેને આપણે 'પોલીસ રાજ્ય' કહીએ, તે રાજ્ય આઝાદી પછીથી અસ્તિત્વમાં નથી. પણ કલ્યાણકારી પ્રવૃત્તિઓને વરેલું અને લોકહિત હૈડે ધરનારું રાજ્ય ભારતમાં શાસન કરી રહ્યું છે. ગાંધીજી નો "સમાજવાદ" કહો, કે "સર્વોદય" કહો, પણ ધીમે ધીમે દેશની આર્થિક દૃષ્ટિએ કાયાપલટ થઇ રહી છે; આપણા બંધારણનું ધ્યેય 'Co-operative Commonwealth' સ્થાપવાનું છે. આપણો દેશ એવી આર્થિકનીતિનું મકકમતાથી અનુકરણ કરવું ઘટે કે જેને પરિણામે રોજગારીની તકો ખૂબ વધે. વિવિધ ક્ષેત્રે વધુમા વધુ ઉત્પાદન ઉભું થવા પામે અને સામાજીક અને આર્થિક ક્ષેત્રે સમાનતાનું ધોરણ સધવાય. આ દિશામાં સક્રિય પગલાં ભરવા જોઇએ. જ્ઞાતિ, ધર્મ, કોમ, વર્ગભેદ એ બધાંનું મહત્વ રાજ્યતંત્રની દૃષ્ટિએ ઘટતું જાય છે અને પછાત વર્ગોને, હરિજનોને, ગામડાના કારીગરોને, મીલોના કામદારોને, ખેતી વગરના ખેડુતોને, બધાને મદદ કરવા સરકાર યત્નશીલ છે. આપણી ઔદ્યોગિક નીતિને પરિણામે મોટા સ્થાપિત ઉદ્યોગો, નાના પાયાના ઉદ્યોગો, અને ગૃહોદ્યોગનું ઉત્પાદન વધવું જોઇએ. ભારત સરકારે વારસા વેરા નાખ્યા છે અને ધીમે ધીમે જાગીરદારી નાબુદ કરવા પ્રયાસો કરે છે એ પગલું આ સ્તુત્ય નીતિના ધ્યેયનું સૂચક છે. વિનોબાજીની ભૂદાન પ્રવૃત્તિ પણ આર્થિક અને સામાજીક સમાનતાની દિશામાંનો એક સ્તુત્ય પ્રયાસ છે. એ માર્ગે અહિંસક ક્રાન્તિ થઇ રહી છે.

જન્મથી સાત વર્ષ સુધીમાં કોઇ પણ બાળક તન, મન, બુદ્ધિ એમ દરેક ક્ષેત્રે ખીલી ન શકે એ આપણે જાણીએ છીએ, પણ આ સમયમાં તેના વ્યકિતત્વના વિકાસ માટેની પૂરી શકયતાઓની ભૂમિકા સ્થપાવી જોઇએ. વ્યકિત કરતાં રાષ્ટ્રનું આયુષ્ય તો સુદીર્ઘ છે. કોઇ પણ રાષ્ટ્રના જીવનમાં સાત વર્ષ એ તો ઘણો ટૂંકો ગાળો છે. સરકાર અને પ્રજા બંને આટલી સિદ્ધિઓ માટે જરૂર સંતોષ ધરાવી શકે. આ સાત વર્ષનો રાષ્ટ્રવ્યાપક અનુભવ આપણામાં શ્રધ્ધા અને વિશ્વાસ ઉત્પન્ન કરે છે અને દેશના ભવિષ્યની વિકાસ-રેખાઓ ઉપસાવી રાષ્ટ્રવિકાસનું સંપૂર્ણ, સુંદર અને સુભગ ચિત્ર દોરવામાં મદદ કરવા આપણને સૌને પ્રેરણા આપે છે.

કાન્તિલાલ ઉમેદચંદ બરોડિયા

# દિગંબર સાધુનું દિગંબરત્વ અને અન્ય આચારવિશેષતાઓ

તા. ૧૬-૧૨-૫૪ ગુરૂવારના રોજ જ્યારે મુંબઇના જાહેર રસ્તાઓ ઉપર દિગંબર સમાજનો મોટો ધાર્મિક વરઘોડો નીકળ્યો અને દિગંબર મુનિ શ્રી નેમિસાગરજીને નગ્ન સ્વરૂપમાં મુંબઇની જનતાએ જોયા ત્યારે મુંબઇની જનતાના ઘણા મોટા ભાગને માલુમ પડયું કે મોઢે મુહપત્તી બાંધનાર અને મોઢે મુહપત્તી નહિં બાંધનાર એવા વસ્ત્રધારી જૈન સાધુના બે વર્ગ ઉપરાંત જૈન સાધુઓનો એક એવો પણ ત્રીજો વર્ગ છે કે જે કેવળ નગ્ન દશામાં જનસમાજ વચ્ચે વિચરે છે. આ જોઇને અનેક લોકોના મનમાં એવો પ્રશ્ન ઉપસ્થિત થયો હોવો જોઇએ કે આ સાધુ ચાલુ સભ્યતાની ઉપેક્ષા કરીને નગ્ન સ્વરૂપે કેમ વિચરતા હશે ?

જૈન ધર્મમાં આ પાંચ વ્રતોના પાલનને ખૂબ મહત્વ આપવામાં આવે છેઃ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આમાં પણ અહિંસા અને અપરિગ્રહ ઉપર સૌથી વધારે ભાર મૂકવામાં આવ્યો છે. ગ્રહસ્થો માટે ગૃહસ્થ જીવનની અનેક મર્યાદાઓના કારણે આ વ્રતોનું અંશતઃ પાલન જ શક્ય છે. જૈન સાધુઓને આ વ્રતોનું સંપૂર્ણપણે એટલે કે એક માનવીથી શક્ય તેટલું પાલન કરવાનું હોય છે. આવા વ્રતધારી શ્રાવકો 'દેશવિરતિ' એટલે અંશતઃ સંયમ પાળનારા કહેવાય છે; આવા વ્રતધારી સાધુઓ 'સર્વવિરતિ' એટલે સર્વાંશે સંયમ પાળનારા કહેવાય છે. પરિણામે જૈન સાધુઓનું જીવન આ પ્રકારનું હોય છે. તેઓ ઓછામાં ઓછી અને અનિવાર્ય જરૂરિયાતો ઉપર પોતાના જીવનનો નિર્વાહ કરે છે અને આ જરૂરિયાતો તેમને ગૃહસ્થ સમાજ પુરી પાડે છે. તે મેળવવા માટે તેમણે કોઇ પણ હિંસામૂલક પ્રવૃત્તિ કરવાની હોતી નથી. તેઓ કશું પણ દ્રવ્ય પોતાની પાસે રાખી શકતા નથી કે કશી પણ મીલ્કત પોતાના નામ ઉપર ધરાવી શકતા નથી. વ્રતનિયમયુકત તેમનું જીવન હોય છે. અને ખાનપાનમાં પણ તેઓ ખૂબ સંયમ પાળે છે. જરૂરથી વધારે તેઓ વસ્ત્ર ધારણ કરી શકતા નથી કે આગળ ઉપર કામ લાગે તે માટે સંગ્રહ કરી શકતા નથી. કોઇને પણ ભાર ન પડે એ રીતે મેળવેલી ભિક્ષા ઉપર પોતાનો ઉદરનિર્વાહ કરે છે. વળી તેઓ પગપાળા પ્રવાસ કરે છે; વાહનનો કદિ ઉપયોગ કરતા નથી. સ્ત્રીઓના સ્પર્શથી સાધુઓ અને પુરૂષના સ્પર્શથી સાધ્વીઓ સદા દૂર રહે છે. આ રીતે તેઓ ઉપર જણાવેલા પાંચ વ્રતોનું અંતિમ કક્ષા સુધીનું પાલન કરે છે.

ઉપર જણાવેલા પાંચ વ્રતોમાંથી અપરિગ્રહવ્રતનો આત્યન્તિક વિચાર કરતાં અને તે પણ સાધુજીવનને અનુલક્ષીને તદ્નુરૂપ આચારનિયમો ઘડતા જૈન સમાજમાં એક એવી સાધુઓની પરંપરા ઉભી થઇ કે જેણે શરીર ઉપર કોઇ પણ વસ્ત્રને ધારણ કરવું તે પણ અપરિગ્રહવ્રતને ઉલ્લંઘન કરતું લેખ્યું. આ રીતે દિગંબર એટલે કે નગ્ન સાધુઓની સંસ્થા અસ્તિત્વમાં આવી.

આ દિગંબરત્વના સ્વીકારનું પરિણામ એ આવ્યું કે દિગંબર સમાજમાં સંન્યાસિનીઓની-સાધ્વીઓની-સંસ્થાનો કદિ ઉદ્‌ભવ જ ન થયો. કારણ કે સાધારણ જનસમાજ નગ્ન પુરૂષને તો કદાચ સહન કરે, પણ કોઇ પણ સ્ત્રીને નગ્ન વિચરતી તો કલ્પી જ ન શકે.

આના અનન્તર પરિણામરૂપે એવી સ્થિતિ ઉભી થઇ કે સ્ત્રી માટે સંન્યાસનો નિષેધ થયો; સંન્યાસ વિના મોક્ષ ન સંભવે; તેથી દિગંબર મતે સ્ત્રીને મોક્ષની અનધિકારિણી લેખવામાં આવી.

વળી નગ્નતા સામે સાધારણ રીતે જનસમાજનો વિરોધ કંઇ કાળથી ચાલતો અને ઉત્તરોત્તર વધતો આવ્યો છે. જનતા વચ્ચે નગ્ન વિચરવું એ પણ અત્યન્ત કઠિણ છે અને વસ્ત્રાચ્છાદનથી આપણે સતત રેવાયલા હોઇને નગ્નતા આપણને ભારે અસ્વાભાવિક લાગે છે. પરિણામ એ આવ્યું કે દિગંબર સાધુસંસ્થાનો ઉત્તરોત્તર લોપ થતો ચાલ્યો; દિગંબર સમાજને પણ જેમાં વસ્ત્રો પહેરવા સામે આત્યન્તિક પ્રતિબંધ ન હોય એવી ઐલક, ક્ષુલ્લક બ્રહ્મચારી વગેરે અલ્પાધિક વસ્ત્રધારી ત્યાગીઓની કક્ષાઓ ઉભી કરવી પડી. પચ્ચાસ વર્ષ પ્રહેલાં દિગંબર સાધુ શોધ્યા પણ જડતા નહોતા, હમણાં હમણાં તેમાં થોડી ભરતી થઈ રહી છે અને હાલ આવા ચાલીશેક સાધુ હિંદભરમાં વિચરે છે એમ કહેવામાં આવે છે.

વર્તમાન દિગંબર સાધુઓ વસ્ત્ર ધારણ કરતા નથી, પણ બે વસ્તુઓ તેઓ ધારણ કરતા હોય છે એક મોરપીછની બનાવેલી પુંજણી અથવા રજોહરણ અને બીજું કમંડળ. પુંજણી બેસતા ઉઠતાં જીવજન્તુઓ કચરાઇ ન જાય તે માટે એટલે કે જમીનને સંમાર્જિત કરવા માટે વાપરવામાં આવે છે. કમંડળનો ઉપયોગ શૌચાદિ કાર્ય વખતે જરૂરી જળ રાખવા માટે કરવામાં આવે છે. આનો પાણી પીવા માટે ઉપયોગ કરવામાં આવતો નથી. દિગંબર સાધુ એક જ વખત કોઇ પણ ગૃહસ્થને ત્યાં ઉભા ઉભા બે હાથ ભેગા કરીને ખોબામાં જે કાંઇ વ્હોરાવવામાં આવે તે ખાઇ લે છે અને પાણી પણ એ જ વખતે જરૂર હોય તેટલું ખોબા દ્વારા પી લે છે. આકીના સમય દરમિયાન તેઓ પાણી પીએ નહિ એવી તેમની પરંપરા છે.

સામાન્યતઃ અન્ય સંન્યાસીઓ સાથે સરખાવતાં સર્વ જૈન સાધુઓને દૈનિક આચાર ત્રણ બાબતમાં જુદો પડે છે, (૧) સ્નાન ત્યાગ (૨) અદન્તધાવન (૩) કેશલોચન. આમાં પણ દિગંબર સાધુઓના દૈનિક આચારમાં બીજી ચાર વિશેષતાઓ ધ્યાન ખેંચે તેવી છે. (૧) નગ્નતા (૨) ભૂમિશયન (૩) દિવસમાં એક વખત ભોજન (૪) ઉભા ઉભા ભોજન કરવું.

જૈન સાધુઓના આચરણની આ પણ સામાન્ય વિશેષતાઓ અને દિગંબર સાધુના આચારની ઉપર આપેલી બીજી ચાર ખાસ વિશેષતાઓ-આ સર્વના ઔચિત્ય અનૌચિત્યનો, માનવી જીવનમાં આજ સુધી વિકાસ પામેલી સભ્યતા, સંયમ-અસંયમના ખ્યાલોમાં થયેલા ફેરફારો અને શરીર સ્વાસ્થ્ય વિષેની સમજણમાં થયેલી વૃદ્ધિના ચોરણે, વિચાર કરવાની અને એ રીતે વિચારતાં ઉપાદેય લાગે તેમને વળગી રહેવાની અને ઉપાદેય ન લાગે તેમનો ત્યાગ કરવાની જરૂર છે.

એક વખત એવો હતો કે કોઇ પણ સાધુ કે સંન્યસી જેમ વધારે મેલો ઘેલો, જેમ વધારે અસ્વચ્છ, અસુઘડ, જેમ વધા દેહકષ્ટ ભોગવે અને સ્વેચ્છાપ્રેરિત યાતનાભર્યું જીવન જીવે તેમ તેને વધારે ત્યાગી, વૈરાગી અને પવિત્ર લેખવામાં આવતો. કપડાં ધોવે નહિ, છ છ મહીના સુધી કપડાં બદલે નહિ, ફાટેલાં તુટેલાં કપડાં પહેરે, મહીનાઓ સુધી માથાના વાળ દાઢી વગેરે વધાર્યા કરે, કોઇ અર્ધનગ્ન તો કોઇ સર્વથા નગ્ન, કોઇ ગોદડીયો તો કોઇ તેત્રીઓ, કોઇ કાંટા ઉપર સુવે તો કોઇ ચોતરફ અગ્નિ સળગાવીને પડયો રહે, કોઇ વળી દિવસોના દિવસ સુધી ઉભો રહે, કોઇ કાચું અનાજ ખાય તો કોઇ કાચો લોટ ફાકે, નહાવા સાથે જીંદગીભરનું વેર, કોઇ કંદમૂળ ખાઇને જીવે તો કોઇ ઉપવાસો જ કર્યા કરે. સાધુ સન્યાસીઓના દેહ કષ્ટ અને દેહની ઉપેક્ષાનાં આવાં અનેક સ્વરૂપો હોવાના કારણે તેઓ વધારે પવિત્ર, વધારે આદરણીય લેખાતા અને અનેક ભેળાં નરનારીઓ તેમના પગે પડતાં અને તેમની તરેહ તરેહની સેવા કરતાં, આજે આવી વિચિત્રતાઓ અને ગંદાપણાનું કોઇ આકર્ષણ રહ્યું નથી. ગમે તેટલો ત્યાગી કે સયમી હોય પણ દરેક સાધુએ કે સંન્યાસીએ સભ્યતાના અમુક નિયમો તો પાળવા જ જોઇએ. અમુક રીતે સ્વચ્છ તથા સુઘડ રહેવું જ જોઇએ એવી આજે સર્વત્ર અપેક્ષા રાખવામાં આવે છે. આથી અન્યથા વર્તનાર પ્રત્યે સભ્ય સમાજ નિઃશંકપણે ઘૃણા અનુભવે છે. આ લેખની શરૂઆતમાં દિગંબર સાધુ નેમિસાગરજીના વરઘોડાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ નેમિસાગરજીને જોઇને અમુક ભોળાં ભાઇ બહેનોએ ભક્તિભાવ દાખવ્યો હશે, પણ બાકીના ઘણા ખરા લોકોએ વિસ્મય અને ઘૃણા અનુભવી હતી એમાં કોઇ શક નથી. આ અણગમો નેમિસાગરજી પ્રત્યે નહિ પણ તેમના નગ્નત્વ પ્રત્યે હતો.

આ નગ્નત્વ તર્કની દ્રષ્ટિએ બુદ્ધિગ્રાહ્ય તેમ જ આદરણીય લાગતું નથી. અપરિગ્રહની ભાવનાને મૂર્તિમન્ત કરવા માટે વસ્ત્ર જો છોડયાં તો પછી મોરપીંછની પૂંજણી અને પાણીનું કમંડળ શા માટે રાખવું? અને આખરે માનવીનો દેહ એ પણ આત્મા માટે પરિગ્રહ નથી? જે દેહને ટકાવવા માટે ક્ષણે ક્ષણે કોઇ ને કોઇ હિંસા કરવી પડે છે તે દેહને શા માટે વળગી રહેવું? પરિગ્રહ આખરે હિંસાપરિણામી હોઇને પરિગ્રહથી મુકત થવું એ જ ઉચિત લેખાયું તો હિંસામૂલક દેહપરિગ્રહથી પણ મુકત શા માટે ન થવું? જો ધર્મ સાધના માટે દેહ આવશ્યક છે, જો જીવ જન્તુની જયણા માટે પુંજણી આવશ્યક છે, પૌદ્ગલિક જરૂરિયાત માટે કમંડલ આવશ્યક છે તો દેહ કે જે ધર્મનું પરમ સાધન તે તો સ્વાસ્થ્ય અને રક્ષણ માટે વસ્ત્રાચ્છાદન આવશ્યક છે એમ કેમ ન સ્વીકારવું? જો પૂંજણી અને કમંડળનો અપવાદ કરવામાં આવ્યો તો જરૂરી વસ્ત્ર પૂરતો અપવાદ શા માટે ન કરવો?

જયારે અન્ય સંન્યાસીઓની અપેક્ષાએ દિગંબર સાધુઓની ઉપર જણાવેલી સાત વિશેષતાઓનો વિચાર કરવામાં આવે છે ત્યારે પ્રશ્ન તો એ થાય છે કે જીવનને સંપૂર્ણપણે અહિંસક અને અપરિગ્રહી બનાવવું એનો બાહ્યજીવન પૂરતો આખરે શું એ અર્થ છે કે સભ્યતાની સીડી ઉપર આગળ વધી વધીને આખરે પાછા હતા ત્યાં ને ત્યાંજ પાછા ફરવું અને માનવી સભ્યતા પૂર્વેની જીવન-પ્રક્રિયાઓને મળતી જીવનપ્રક્રિયાઓ ધારણ કરવી? વ્યકિતગત જીવનમાંથી આમ બાહ્ય સભ્યતાનો છેદ ઉડાડી નાખવો એ જ શું પાંચ વ્રતોના પાલનની ચરમ સીમા છે?

અને જો એમ હોય તો સાથે સાથે એ પ્રશ્ન પણ સંભવે છે કે મનુષ્યોચિત આહાર કે જે માનવીના ધારણ પોષણ સાથે ચિત્તની અનેક વિકૃતિઓ જન્માવે છે તે છોડીને આત્મસાધક સાધુઓ પશુઓ માફક ઘાસ ઉપર પોતાનો જીવનનિર્વાહ શા માટે ન કરવો? આવા વિચિત્ર પ્રશ્નનો એકજ ઉત્તર હોઇ શકે કે માનવી માટે તે અશકય છે. આનો અર્થ એ થયો કે પશુજીવનથી આગળ ચાલીને માનવી જીવનની શરૂઆત થઇ તે સાથે તેની કરણી અને આહારવિહારમાં અને પરિણામે તેના શરીરબંધારણ અને પ્રકૃતિમાં એટલા બધા ફેરફાર થતા રહ્યા છે કે પશુજીવન તરફ પાછા ફરવાનું માનવી માટે શકય નથી રહ્યું, જરૂરી નથી રહ્યું, ઇષ્ટ પણ નથી રહ્યું.

આ બાબત આપણે જરા વિગતથી જોઇએ. પશુજીવનમાંથી માનવી જીવનનો ઉદય થયો એટલે કેટલીક મહત્વની ઘટનાઓ બની. પશુ ચોપગું પ્રાણી હતું; માનવી બે પગે ચાલવા લાગ્યો, અને બે હાથનો સ્વતંત્રપણે ઉપયોગ કરતો થયો; ક્રાળક્રમે ખેતી આવી;

તરેહ તરેહનાં વિવિધતર શરૂ થયાં; અગ્નિનો રસોઇ માટે ઉપયોગ કરવાનું શીખ્યું; માટીનાં ઠામ વાસણ ઘડામાં કાચું ખાવાને બદલે પકવેલી રસોઇ ખાવાનું શરૂ થયું; મરીમસાલાનો અને શાકભાજીનો રસોઇમાં ઉપયોગ થવા લાગ્યો; વસ્ત્રની શોધ થઇ; જાતીયવિકૃતિ વિષે માનવી વિશેષ સભાન થયો, નિવાસસ્થાન યોજાયાં; ટાઢ તડકો તથા વરસાદથી બચવા માટે, તથા જાતીય વિકૃતિ ઢાંકવા માટે વસ્ત્રો વડે માણસે પોતાના શરીરને ઢાંકવા માંડયું. અને ઝુંપડી કે બાંધેલાં મકાનો નીચે માનવી રહેતો થયો.

આ સર્વે ફેરફારોનું અને તેમાં પણ રાંધેલી રસોઇ ખાવાનું માનવીના શરીર ઉપર એ પરિણામ આવ્યું કે તેનાં દાંત કાચું માંસ કે ઘાસ ખાઇ શકે તેવા ન રહ્યાં એટલે કે પ્રમાણમાં કમજોર બન્યાં. દાંત ઉપર ઘેરી વળવા લાગી જેને ચાલુ સાફ કરતા રહેવાની જરૂર ઉભી થઇ અને સાફ ન કરવામાં આવે તો મોઢું બંધાવા લાગ્યું અને પાયોરિયા જેવા રોગો પેદા થવાનો સંભવ ઉભો થયો. શરીરમાંથી દુર્ગંધી આપતો પરસેવો પેદા થયો તેમજ ચામડી ઉપર મેલના થર બાઝવા લાગ્યા, જે દૂર કરવા માટે અને શરીરને સાફ તેમજ નિરોગી રાખવા માટે ખાસ કરીને ઉષ્ણ પ્રદેશોમાં સ્નાનની આવશ્યકતા ઉભી થઇ. તદુપરાન્ત શરીરની ટાઢ તડકો તથા વરસાદ ખમવાની તાકાત ઘટી ગઇ અને વસ્ત્રાવરણ અને બેસવા ઉઠવા તથા સુવા માટે વસતિસ્થાનની જરૂરિયાત ઉભી થઇ. પશુ ઉભું ઉભું બાતું હતું અને પાણી પીતું હતું, કારણ કે તેનું મોઢું શરીરના બાકીના ભાગથી બહાર નીકળતું હતું. બે પગે ચાલતા માનવીની શરીર રચનામાં એવો ફેરફાર થયો કે તેનું મોઢું શરીર ઉપર ઉપર સીધી લીંટીમાં ગોઠવાયું અને તેથી બેસીને પાત્રમાં પડેલી ચીજ હાથ વડે લઇને તેમજ જળપાત્ર હાથ વડે ઉપાડીને તે ખાતોપીતો થયો. ખાધુંપીધું બરાબર પાચન થાય તે માટે પણ બેસીને સ્વસ્થતાપૂર્વક ખાવું પીવું આવશ્યક બન્યું. ખોરાકના ફેરફારથી બીજું એ પણ પરિણામ આવ્યું કે માનવીનાં મળમૂત્ર પશુઓ કરતાં વધારે દુર્ગંધવાળા બન્યાં અને તેના વિસર્જન માટે એકાન્ત અથવા તો પાયખાનાં આવશ્યક બનાવ્યાં.

અહિંસા અને અપરિગ્રહને આત્યન્તિકરૂપે જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરતાં દિગંબર સાધુઓ જાણે છે કે આ બધા ફેરફારોનો ઇનકાર કરવા માંગતાં હોય એવા કોઇક ધોરણ ઉપર તેમનો આચાર રચાયેલો દેખાય છે. એમાં પણ એક વખત જમતી વખતે પીવાય તેટલું પાણી પી લેવાનો આગ્રહ તો પશુ જીવનમાં પણ દેખાતો નથી અને આરોગ્યના નિયમથી તદ્દન પ્રતિકુળ છે, અને આખરે પ્રશ્ન તો એ વિચારવાનો રહે છે કે શરીરના આરોગ્યને લગતા અને સર્વસ્વીકૃત સભ્યતાને લગતા નિયમોનું ઉલ્લંઘન કરીને ચાલવું આ બધું શેના માટે ? માનવીના શરીરની દૃષ્ટિએ આવું અકુદરતી અસ્વાભાવિક જીવન જીવવાથી એવું કયું આધ્યાત્મિક હિત સધાય છે ? બચવા તો એથી સધાતા સંભવનું એવું તે કયું મોટું મૂલ્ય છે ? માનવી શરીર એવું છે કે તેને જે રીતે ટેવાડવા ધારો તેમ ટેવાઇ શકે છે. બે પગ હોવા છતાં એક પગે ચાલવા ધારો તો ધીમે ધીમે ચાલી શકાય છે; આખો બંધ કરીને ચાલવા માંગો તો તે પણ શક્ય છે; રાત્રીના જાગવાની અને દિવસે સુવાની ટેવ પાડો તો તે પણ બની શકે તેમ છે. હોઠમાં કાણું પાડીને કડી પરોવીને બોલવાનું બંધ કરો તેમ પણ થઇ શકે છે. નગ્ન રહેવું, ઉભા ઉભા ખાવું, સ્નાન ન કરવું કે દાંત ન સાફ કરવા—આ બધું કાંઇક આવું જ છે. આમ કરવાથી એટલે કે કુદરતની સામાન્ય અપેક્ષાઓથી વિરૂધ્ધ ચાલવાથી એક પ્રકારનો હઠયોગ ભલે સંધાતો હોય, પણ તેથી કોઇ આધ્યાત્મિક લાભ થતો હોય એમ માનવાને કશું કારણ નથી. ઉલટું અનુભવ તો એવો છે કે આવા હઠયોગીમાં ચેતનાજાગૃતિને બદલે ઘણું જડતા અને એકાંતીપણું ત્યારે ને ત્યારે જ જોવામાં જરૂર છે.

હવે નગ્નતાની બાબતનો આપણે એક બીજી રીતે વિચાર કરીએ. માનવી સમાજમાં સભ્યતાના વિકાસનો વિચાર કરીએ તો પ્રારંભમાં નગ્નતા, પછી જાતીયચિહ્નનું ઢાંકણ, પછી શરીરના નીચેના ભાગોનું આચ્છાદન, અને પછી ઉપરના ભાગનું આવરણ, સમયાન્તરે શીવવાની કળા શોધાઇ અને શોભીતા વસ્ત્રો પહેરવાની પ્રથા શરૂ થઇ, અને પછી તો પાર વિનાનું વસ્ત્રવૈવિધ્ય નિર્માતું રહ્યું. વસ્ત્ર વિષયક સભ્યતાનો આવો ક્રમ ઐતિહાસિક ક્રમ માલુમ પડે છે. આજની કક્ષાએ વસ્ત્રો ઓછાં પહેરવું કે વધારે પહેરવાં એ દરેકની રૂચિનો સવાલ છે, પણ સ્ત્રી યા પુરૂષના શરીરનો નીચેનો ભાગ જોને આપણે મર્યાદા જળવાય એમ કહીએ કે તે રીતે ઢંકાયલો હોવો જ જોઇએ—આવો એક માનસિક ભાવ આપણામાં સદીઓથી કેળવાયો છે અને તેના પરિણામે નગ્નતા સામે આપણા દિલમાં અનિવાર્ય ઘૃણા પેદા થઇ છે.

આ દિગંબરત્વની પ્રથા ભગવાન મહાવીરના કાળથી ચાલી આવે છે. પણ ૨૫૦૦ વર્ષ પહેલાંની અને આજની સ્થિતિમાં મોટો ફરક એ પડયો છે કે આજે સ્ત્રી પુરૂષો વસ્ત્રોથી જેટલા ઢંકાયેલા ફરે છે તેની સ્થિતિ તે દિવસોમાં નહોતી. અજંટાના ચિત્રો અને જુનાં શિલ્પો જોતાં આપણને માલુમ પડે છે કે સ્ત્રીઓ સ્તનને ઢાંકવામાં સમજતી નહોતી; પુરૂષો પણ ઉપરના શરીરને ઢાંકવાની બહુ પરવા કરતા નહોતા. શરીરની નગ્નતા એ દિવસોમાં એટલી બધી ચોંકાવતી નહોતી કે જેટલી તે આજે આપણને ચોંકાવે છે. નગ્નતા સામેની ઘૃણાની વૃત્તિ આ રીતે આપણામાં ઉત્તરોત્તર વધારેને વધારે કેળવાતી રહી છે. સમાજમાં નગ્ન વિચરવું એ આજે ફોજદારી ગુન્હો છે. આવી પરિસ્થિતિમાં જ્યારે કોઇ સંપ્રદાયની વિશિષ્ટ વ્યકિત જનસમાજ વચ્ચે આત્મધર્મને આગળ કરીને નગ્નપણે વિચરવાનો આગ્રહ રાખે છે ત્યારે જનસમાજ માત્ર તે વ્યકિત પરત્વે જ નહિ પણ તે વ્યકિત જે સંપ્રદાયની પ્રતિનિધિ હોવાનો દાવો કરતી હોય છે તે સંપ્રદાય પ્રત્યે પણ અનાદર ચિન્તવતો થાય છે.

નગ્નતાના પક્ષમાં એમ કહેવામાં આવે છે કે આવો નગ્નવિહાર દિગંબર સાધુઓની અપરિગ્રહસિદ્ધિનો જ નહિ પણ બ્રહ્મચર્યની પરમ સિદ્ધિનો દ્યોતક છે. આપણે ઉપર જોયું કે આ અપરિગ્રહમાં પણ શારીરિક જરૂરિયાતો અંગેની તો સામાજિક અંગેની કારણે કાંઇ ને કાંઇ અપવાદ સેવ્યા સિવાય દિગંબર સાધુને ચાલતું નથી. પરિગ્રહ આખરે બહારનો નહિ પણ મનનો વિષય છે. મન જો અપરિગ્રહથી રંગાયું હશે તો બહારનો થોડો ઘણો અપવાદ અપરિગ્રહને જરા પણ દૂષિત બનાવવાનો નથી; મન સાચું રંગાયું નહિ હોય તો કેવળ નગ્નતા માત્ર બાહ્ય આડંબરનું જ રૂપ ધારણ કરવાની છે.

હવે બ્રહ્મચર્યનો વિચાર કરીએ. કોઇ એક જ્ઞાન સંપન્ન વિકસિત કોટિની વ્યકિત નિઃશંકપણે નિર્વિકાર રીતે સમાજમાં નગ્ન વિચરી શકતી હોય તો તેણે બ્રહ્મચર્યની અપૂર્વ સાધના કરી છે એમ આપણે જરૂર કબુલ કરીએ. પણ પોતે બ્રહ્મચર્ય સંપૂર્ણ પણે સાધ્યું છે એ દર્શાવવા માટે—જાહેર કરવા માટે—નગ્ન વિચરવાનો આગ્રહ સેવાતો હોય તો તે બરોબર નથી. બીજી બાજુએ વસ્ત્રધારી બ્રહ્મચારીઓ પણ સમાજમાં હોય છે. આ બ્રહ્મચારીઓ વસ્ત્ર પહેરે છે તે કારણે તેમનું બ્રહ્મચર્ય અધુરું છે એમ માનવાને કશું જ કારણ નથી. આ ઉપરથી ફલિત એ થાય છે કે બ્રહ્મચર્યની સિદ્ધિને અને નગ્ન વિહારને કશો સીધો સંબંધ નથી.

દિગંબર સાધુઓએ સ્વીકારેલી નગ્નતાની પ્રથાનું એક બીજું અનિષ્ટ પરિણામ એ આવે છે કે આ સાધુઓ કોઇ પણ રીતે વિશાળ

સમાજ સાથે ભળી શકતા નથી. જાણે કે કોઇ વિલક્ષણ માનવી હોય તેવી તેમની સ્થિતિ થાય છે. આજે અન્ય સંપ્રદાયના સાધુઓ સૌ કોઇ સાથે ભળે હળે છે, જ્ઞાનનો વિનિમય સાધે છે, જાહેર જીવનમાં ભાગ લે છે, અનેક વિદ્વાનોના સમાગમમાં આવે છે અને પોતાના જ્ઞાન અને અનુભવનો સૌ કોઇને છુટથી લાભ આપે છે. દુનિયાના વિશાળ દરબારમાં આજે સૌ કોઇ એકઠા થયા છે અને તરેહ તરેહની લેવડદેવડ કરે છે. દિગંબર સાધુઓ માટે આવું કશું શકય હોતું નથી. પરિણામે તેમના વિચારોને નવી રોશની ભાગ્યે જ સ્પર્શે છે. કેવળ જુનવાણીના રખેવાળ જેવી તેમની દશા થાય છે. આવી પરિસ્થિતિ તે સાધુઓ માટે કે તેના સમાજ માટે ઇચ્છવા યોગ્ય ન જ લેખાય.

આ બધું વિચારતાં લાગે છે કે જે સાધુ જન સમાજ સાથે વ્યવહાર કરવા ઇચ્છતો હોય તેણે તે સમાજ ખાતર અને પોતાના સંપ્રદાયના ભલા ખાતર સામાજિક સભ્યતાની કેટલીક પાયાની બાબતો સ્વીકારીને જ ચાલવું જોઇએ. અને આમ વર્તવાને જે તૈયાર ન હોય તેણે માણસોની વસ્તીથી અને ખાસ કરીને મોટા શહેરોથી દૂર વસવું જોઇએ. જેને નગ્ન વિચરવાનો આગ્રહ હોય તેને આપણે વસ્ત્ર પહેરાવી નહિ શકીએ, પણ જ્યાં તેમના માટે સામાન્ય જનતાને આદર નથી ત્યાં આવવાનો અને વરઘોડાના આકારમાં નીકળી પોતાની નગ્નતાનું આવું બેહુદું પ્રદર્શન કરવાનો તેમને શા માટે આગ્રહ હોય તે સમજી શકાતું નથી. દિગંબર જૈન સમાજ શાન્તિથી આ બાબત વિચારે અને સમગ્રપણે લાભ હાનીનો શ્રેય–આક્રોયનો વિચાર કરીને આવા આગ્રહી સાધુ પાસે યોગ્ય મર્યાદાનો સ્વીકાર કરાવે અને તેનાં આચારના બીજાં અંગોમાં પણ દેશકાલોચિત ફેરફાર કરાવે એવી એ સમાજના વિચારકવર્ગને પ્રાર્થના છે. અન્ય સંપ્રદાયના જૈન સાધુઓ પણ ઉપરની ચર્ચા ધ્યાનમાં લઇને પોતાના આચારમાં દેશકાલોચિત સુધારાઓ કરે એવી અપેક્ષા છે.

પરમાનંદ

## સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી રસિકલાલ પરીખને હાર્દિક અભિનંદન

શ્રી રસિકલાલ ઉમેદચંદ પરીખ તાજેતરમાં સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકે ચુંટાયા તે બદલ તેમને આપણાં અનેક અભિનન્દન હો! શ્રી ઉછરંગરાય ઢેબરે આજસુધી આ સ્થાનને શોભાવ્યું હતું. તે સ્થાન ઉપરથી તેઓ નિવૃત્ત થતાં શ્રી રસિકલાલ પરીખ એ સ્થાને આવશે એવી સૌ કોઇની અટકળ આજે વાસ્તવિક પુરવાર થઇ છે. ઉભયને પરિચિત એવા સૌ કોઇ માટે આ ઘટના આનંદદાયક તેમજ આવકારદાયક બની છે.

રાજકારણના ક્ષેત્રમાં શ્રી રસિકભાઇનો પ્રવેશ શ્રી. ઢેબરભાઇ કરતાં પણ આગળનો. શ્રી બળવન્તરાય મહેતા રસિકભાઇ કરતાં પણ આગળના. ૧૯૩૦/૩૨ ના સત્યાગ્રહ વખતે શ્રી રસિકભાઇએ બી. કોમ.નો અભ્યાસ છોડીને આઝાદી જંગમાં ઝંપલાવેલું અને જેલવાસ ભોગવેલો. પછી તો તેઓ ગ્રેજ્યુએટ થયા અને બેરીસ્ટર થવા માટે તેઓ ઇંગ્લાંડ પણ ગયેલા. વચગાળે તેઓ રાજનો લાભ લઇને હિંદ આવેલા પણ પછી સૌરાષ્ટ્રના રાજકારણે તેમને અહિં જ પકડી રાખ્યા. લીંબડીની હીજરત તેમની આગેવાની નીચે જ નિર્માણ થયેલી. રાજકોટ સત્યાગ્રહ કે જે સમયે શ્રી ઢેબરભાઇ પહેલીવાર આગળ આવ્યા અને આપણે તેમને પહેલીવાર જાણતા થયા તે લડતમાં રસિકભાઇનો ચિરસ્મરણીય અગ્રભાગ હતો. ૧૯૪૨ ની 'કવીટ ઇન્ડીઆ' 'હિંદ છોડી જાઓ'ની લડતે તેમને ફરી જેલવાસી બનાવ્યા. ૧૯૪૭ માં આપણો દેશ સંપૂર્ણપણે આઝાદ થયો. એજ વર્ષની આખરમાં જુનાગઢની આરઝી હકુમત રચાણી અને પરિણામે જુનાગઢમાં નવાબશાહીનો અંત આવ્યો. આ લડતમાં પણ રસિકભાઇ એક પ્રમુખ સૂત્રધાર હતા. ત્યારબાદ ભાવનગરના મહારાજાએ ત્યાંની પ્રજાને સંપૂર્ણ સ્વરાજ આપ્યું અને તેની પાછળ તરતમાં જ (૧૯૪૮ ની સાલ દરમિયાન) સૌરાષ્ટ્રમાં રાજાશાહી ખતમ થઇ અને સૌરાષ્ટ્રનું ઐતિહાસિક એકમ રચાયું. તેના પ્રથમ પ્રધાનમંડળમાં શ્રી ઢેબરભાઇથી આગેવાની નીચે શ્રી રસિકભાઇની નિમણુંક થઇ, ત્યારથી આજ સુધી તેમણે સૌરાષ્ટ્ર પ્રધાન મંડળમાં જોડાયેલા રહીને ગૃહપ્રધાન તરીકે સૌરાષ્ટ્રની સેવા કરી છે. વચગાળે દેશમાં પુખ્તવય મતાધિકારના લોકશાહી ધોરણે હિંદભરમાં જંગી ચૂંટણી થઇ ત્યારે તેઓ દીલ્હીની લોકસભામાં ચૂંટાયેલા, પણ ત્યાં તેઓ ચાલુ ન રહેતાં સૌરાષ્ટ્રના પ્રધાનમંડળમાં જોડાયા હતા.

ગૃહપ્રધાનનો અધિકાર જ એવો છે કે તેના માટે લોકોને અપ્રિય બનવાના અવાર નવાર પ્રસંગો ઉભા થાય. રસિકભાઇની કારકીર્દી દરમિયાન સ્કુલ ફીનો વધારો અને નવો વેચાણવેરો આ બે પ્રસંગોએ સૌરાષ્ટ્રના પ્રજાજનોમાં ભારે સંક્ષોભ પેદા કરેલો. એ પ્રસંગે રસિકભાઇ અથવા તેમના ખાતાના માણસોએ જે કાંઇ કરેલું તે કારણે રસિકભાઇ પ્રજાની નાખુશીના ઠીક ઠીક ભોગ બનેલા. આ ઘટનાઓના ગુણદોષ ગમે તે હો, પણ રસિકભાઇની કાર્યનિષ્ઠા વિષે કોઇ બે મત દાખવી શકે તેમ છે જ નહિ. સૌરાષ્ટ્રમાં નામચીન ડાકુ ભૂપતે ભારે રંજાડ અને જાનમાલની હાનિ કરેલી, અને રસિકભાઇને પણ સારી રીતે પરેશાન કરેલા. આખરે ભૂપતના સાથીઓ સૌરાષ્ટ્ર સરકારનાં હાથે ખલાસ થયા અને ભૂપત પાકીસ્તાન ભાગી ગયો અને સૌરાષ્ટ્ર આ ઉપદ્રવથી મુકત થયું.

આજે જ્યારે શ્રી ઢેબરભાઇ જાય છે અને શ્રી રસિકભાઇ તેમના સ્થાન ઉપર આવે છે ત્યારે તે બન્નેનો સરખામણીપૂર્વક વિચાર કરવા તરફ આપણું મન સહેજે ઢળે છે. શ્રી ઢેબરભાઇને જુઓ, તેમની સાથે વાત કરો, તેમને ભાષણ આપતાં સાંભળો ત્યારે તેઓ એક ચિન્તક છે, તેમના મગજમાં રાષ્ટ્ર અને સમાજના કાંઇ કાંઇ વિચારો ઘોળાયા જ કરે છે એવી તમારા મન ઉપર છાપ પડયા વિના ન રહે, તેમની સમસ્ત વિચારણા ઉપર ગાંધીવાદની ઉંડી અસર છે એમ પણ તમને લાગ્યા વિના ન રહે. આ રીતે રસિકભાઇ ચિન્તક નહિ લાગે, ઢેબરભાઇ જેવા ગાંધીવાદી નહિ લાગે, સાથે સાથે ઢેબરભાઇ જેવા ગૂઢ પણ નહિ લાગે. રસિકભાઇ જ્યારે તમને કાંઇ કહે ત્યારે તેમના મનમાં છે એજ તમને કહે છે એવી તમારા ઉપર છાપ પડવાની. ઢેબરભાઇ આદર્શવાદી હશે તો રસિકભાઇ વાસ્તવવાદી છે. વાસ્તવિકતાની નકકર ભૂમિકા ઉપર ચાલતી તેમની વિચારણા હોય છે. તર્કની કસોટીએ દરેક બાબતને કસવી અને એ રીતે કસતાં સાચું લાગે તે સ્વીકારવું અને તે મુજબ દૃઢતાપૂર્વક અમલ કરવો આ તેમની કાર્યપધ્ધતિ છે. કલ્પનાના ઉડ્યનને કે લાગણીઓના આવેગને તેમની વિચારણા કે પ્રકૃતિમાં બહુ જ ઓછું સ્થાન છે. આમ ઢેબરભાઇથી અમુક રીતે જુદા પડતા અને એમ છતાં એક સરખી કાર્યનિષ્ઠા ધરાવતા અનુભવસમૃધ્ધ રસિકભાઇ સૌરાષ્ટ્રને પ્રગતિના માર્ગે આગળ ધપાવવામાં જરૂર સફળ થશે એવી આશા અને શ્રધ્ધા આપણે અનુભવીએ છીએ. સૌરાષ્ટ્રનો આજનો વહીવટ એકમના પ્રારંભકાળ જેટલો વિકટ નથી. તેની કેટલીક સમસ્યાઓ ઉકલી ગઇ છે અને લોકશાહીના નવા ચીલાઓ નખાઇ ચુકયા છે. પ્રજા પણ પ્રારંભકાળનાં વિચારધુમ્મસમાંથી અને રાજાશાહીના વ્યામોહમાંથી ઉંચે આવી છે અને લોકશાસનનાં સુન્દર પરિણામો અનુભવી રહી છે. આવી અનુકુળતાઓ સાથે શરૂ થતો સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકેનો શ્રી રસિકભાઇનો શુભ પ્રવાસ મંગળકારી બનો, કલ્યાણકારીથાઓ એ જ પ્રાર્થના! પરમાનંદ


| વિષયસૂચિ | | પૃષ્ઠ |
|---|---|---|
| શાસનમુકિતમાધક નિષ્પક્ષ 'યતિસંઘ' આઝાદી પછીનાં સાત વર્ષોનું | વિનોબા | ૧૯૫ |
| વિહંગાવલોકન | કાન્તિલાલ બરોડિઆ | ૧૯૬ |
| દિગમ્બર સાધુનું દિગમ્બરત્વ અને અન્ય અચારવિશેષતાઓ | પરમાનંદ | ૧૯૭ |
| સૌરાષ્ટ્રનાં મુખ્ય પ્રધાન શ્રી રસિકલાલ પરીખને હાર્દિક અભિનંદન | પરમાનંદ | ૧૯૭ |
| નઇ તાલીમનું વિશ્વરૂપ | ધીરેન્દ્ર મજમુદાર | |
| મારી કહાણી | એચરદાસ દોશી | ૨૦૩ |

# નઈ તાલીમનું વિશ્વરૂપ

( ગતાંકથી ચાલુ )

ક્રાંતિ વિનાની તથા વાસ્તવિકતાથી વિમુખ હોવાને કારણે પાયાની કેળવણીની સરકારી ચેષ્ટા કેવી રીતે નિષ્ફળ બની ગઇ છે એ આપણે જોયું. હવે આપણે બિનસરકારી ચેષ્ટાનું પણ સિંહાવલોકન કરવું પડશે. જો આપણે ગંભીરપણે અભ્યાસ કરીશું તો આટલી વાત સ્પષ્ટ થશે કે આપણી પ્રવૃત્તિ પણ જનતાને આકર્ષી શકી નથી. એનું પણ કારણ એ છે કે એને આપણે યંત્રવત સ્વતંત્ર કાર્યક્રમ રૂપે ચલાવવા માંગીએ છીએ. આપણે ક્રાંતિદેવીને પીઠ પર બેસાડીને ચાલતા નથી. આપણે ગંભીરતાથી આ બાબતનો વિચાર નથી કરતા કે નથી તાલીમને વાસ્તે આપણે શોષણરહિત અથવા વર્ગરહિત સમાજની સ્થાપના કરવાની છે. જો સમાજમાં કોઇ કોઇ માણસો ઉપદેશ આપીને ખાય, કોઇ કોઇ વહીવટ કરીને ગુજારો કરે, કોઇ કોઇ માલ વેચીને ગુજારો કરે અને કોઇને ભાગે શરીરશ્રમ દ્વારા ઉત્પાદન કરવાનું શેષ રહે તો શું વર્ગરહિત સમાજ બની જશે ? આપ શ્રમવિભાજનની વાત કરશો. શું વાસ્તવિક વર્ગરહિત સમાજનું સ્વરૂપ એવું હશે કે અમુક લોકો માત્ર શરીર શ્રમ કરે ? અને અમુક લોકો બૌધ્ધિક શ્રમ કરે ? શું કુદરતે મનુષ્યને આ રીતે વિભાજિત કર્યો છે ? કુદરતે તો માણસને મસ્તક અને શરીર બંને આપ્યાં છે અને તે એટલા માટે કે બંનેનો એ પૂર્ણપણે વિકાસાવે અને પોતાની એ સંયુકત શકિતથી શરીરની જરૂરતો પુરી પાડી સમાજની સેવા કરે. મનુષ્યે કુદરતના આ નિયમનું ઉલ્લંઘન કર્યું, એણે પોતાને બે ભાગમાં વહેંચી નાંખ્યો. એકને હેડઝ (મસ્તકો) કહ્યો અને બીજાને હેન્ડઝ (હાથો) કહયો. વિનોબાજી કહે છે કે આ પ્રકારે મનુષ્ય રાહુ અને કેતુના રૂપમાં બે ટુકડામાં વિભકત બની ગયો છે માનવ સમાજનો સનાતન અનુભવ એ છે કે કુદરતના નિયમનું ઉલ્લંઘન થયે કુદરત ચૂપ નથી બેસી રહેતી, પણ એની સજા કરે છે. એટલે આજે સમાજમાં જે ઉત્કટ વર્ગભેદની સૃષ્ટિ પેદા થઇ છે એ કારણે કુદરત પોતાની સજા અજમાવી રહી છે અને માનવસમાજ ત્રાહિ-ત્રાહિ પોકારે છે.

ઘણા લોકો એમ કહે છે કે જો દરેક માણસ શરીરશ્રમ અને બૌધ્ધિક શ્રમ બેઉ કરે તો સમાજમાં યોગ્યતા અને કર્મકુશળતાનો હ્રાસ થશે અને દુનિયા ઉન્નતિ સાધી નહીં શકે. આમ કરીને એ લોકો ક્ષમતાની વેદિ પર સમતાનું બલિદાન કરવા માગે છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આ જ લોકો વિજ્ઞાનને નામે જન્મના આધારે રચાયેલી પ્રાચીન વર્ણવ્યવસ્થાનો વિરોધ કરી રહ્યા છે. હવે આખરે જો ક્ષમતા જ ધ્યેય છે તો સમાજની ક્ષમતાવૃદ્ધિને માટે જન્મપ્રાપ્ત ગુણોનો લાભ લેવો એ શું અધિક વૈજ્ઞાનિક નથી ? પણ હું આપને કહેવા એ માગું છું કે એમની આ માન્યતા પણ ભ્રાંતિમૂલક છે. ક્ષમતાની પ્રાપ્તિ પણ મનુષ્યની સર્વ ઇંદ્રિયોના પૂર્ણ સમતોલ વિકાસથી જ શકય બને છે. એકાંગી વિકાસથી ક્ષમતાનો ઉદ્દેશ પણ સિધ્ધ થતો નથી. આખરે કુદરતે જો મનુષ્યમાં ઇંદ્રિયોની રચના કરી તો એનું કંઇ તાત્પર્ય પણ હશે જ ને ? શું એને દબાવીને આપણે સમાજની ક્ષમતા વધારી શકીશું ? વાસ્તવમાં આજે મનુષ્યની શકિત અત્યંત વર્ગીકરણને લીધે એક બીજાને કાપવામાં જ લાગેલી છે. પરિણામે સારી દુનિયા તીવ્ર વેગથી ધ્વંસને માર્ગે આગળ ધપી રહી છે. એટલે જો અહિંસક સમાજના ધ્યેયથી વર્ગરહિત સમાજ ઇષ્ટ હોય તો એ પુર્ણ વિકસિત, વૈજ્ઞાનિક, સાંસ્કૃતિક અને બૌધ્ધિક ઉત્પાદકોનો એકવર્ગીય સમાજરૂપે જ એ સિધ્ધ થઇ શકવાનો, એવો સમાજ કે જેમાં પ્રત્યેક વ્યકિત શરીરશ્રમદ્વારા પોતાનો ગુજારો કરે અને બૌધ્ધિક શ્રમદ્વારા સમાજની સેવા કરે. આ સેવાથી કોઇ આર્થિક લાભ અર્થાત એના બદલામાં ઉપભોગની કોઇ સામગ્રી ન મળવી ઘટે. વળી એવી સેવાનો પુરસ્કાર પારસ્પરિક હોવાને લીધે સમાજના સ્વાર્થની સિધ્ધિ અને આત્મસંતોષ જ એનો પુરસ્કાર બની જશે.

ઉપર્યુકત સિધ્ધાંતની ભૂમિકાએથી આજે નઈ તાલીમના કાર્યકર્તાઓને માટે આત્મપરીક્ષણની ઘડી આવી છે. એમણે વર્ગરહિત સમાજની ભૂમિકાએથી પોતાનું મૂલ્યાંકન કરવું પડશે. વર્ગોની અસમાનતાના નિરાકરણ માટેના બે માર્ગોમાંથી એકને તો આપણે પસંદ કરવો જ પડશે–વર્ગપરિવર્તનની અહિંસાત્મક ક્રાંતિનો અથવા વર્ગ–વિગ્રહની હિંસાત્મક પ્રક્રિયાનો. એ તો જગજાહેર છે કે આપણો માર્ગ વર્ગપરિવર્તનનો છે. તો આપણે આપણને કસીને જોવું પડશે કે પ્રત્યેક વર્ષે કઇ ગતિથી આપણે ઉત્પાદક શ્રમિક બનવાની દિશામાં આગળ વધીએ છીએ ? ક્રાંતિના પુરોહિતો ક્રાંતિકારી જ હોય ને ? જો આપણે આપણા જીવનમાં ક્રાંતિ કર્યા વિના જ સમાજમાં ક્રાંતિ કરવાની વાત કરતા હોઇશું તો નિઃસંશય આપણી પ્રવૃત્તિ નિષ્ફળ જવાની. જો આપણી આર્થિક ક્રાંતિ કેંદ્રિત ઉદ્યોગોને ખતમ કરીને વિકેન્દ્રિત સ્વાવલંબી ઉદ્યોગોની સ્થાપના કરવામાં છે, તો જો આગ્રહપૂર્વક આપણે કેન્દ્રિત ઉદ્યોગોનો બહિષ્કાર કરીને ગ્રામોદ્યોગનું સંરક્ષણ કરવું જ જોઇએ. એમ ન કરતા હોઇએ તો ક્રાન્તિકાર શાના ? વર્ગીય સમાનતાનું પુરોહિતપદ ધારણ કરીને જો આપણે હરરોજ મજુરોની સેવા સ્વીકારવાનું છોડીએ નહીં અને શરીરશ્રમ દ્વારા નિર્વાહ કરવાની દિશામાં આગળ વધીએ નહીં તો આપણે વાસ્તવિક ક્રાંતિકારી ન બનતાં ક્રાંતિના નાટકના અભિનેતા બનીને જ અટકીશું અને ગમે એટલું પોકારી પોકારીને ક્રાંન્તિનો સંદેશો સંભળાવીશું તો પણ દુનિયા એને માનશે નહીં.

એટલે જો નયી તાલીમને નભાવવી હોય તો આપણે ખરેખરા ક્રાન્તિકારી બનવું પડશે. આજે તો આપણે લોકોએ થોડોક ત્યાગ માત્ર કર્યો છે, એટલે કે એક સારા કામને વાસ્તે થોડો આરામ જતો કર્યો છે. પરંતુ વસ્તુતઃ ક્રાંતિ અને ત્યાગ એક વસ્તુ નથી. જીવનની પદ્ધતિ પૂર્વવત્ નભાવી રાખીને રહેણીકરણીના ધોરણને થોડું નીચે ઉતારવાથી આપણે ત્યાગી બની શકીએ છીએ. પરંતુ ક્રાંતિ તો જીવનની સુરાવટ બદલી નાખવાથી આવે છે. એવું કદાચ હોઇ શકે કે એક બાપુ કરતાં એક મજુરનું જીવનધોરણ ઉંચું હોય પરંતુ જીવનનું ધોરણ નીચું હોવા છતાં યે અનુત્પાદક ઉપભોકતાનો રોપ બાપુ શોષક વર્ગનો પ્રતિનિધિ બની રહેશે, જ્યારે શરીરશ્રમથી ઉત્પાદન કરવાને લીધે જીવનધોરણ ઉંચું હોવા છતા પેલો મજુર ઉત્પાદક વર્ગનો પ્રતિનિધિ બનશે. એટલે નવી તાલીમના સેવકોએ નિરંતર આ કસોટી પર પોતાની પરીક્ષા કરવી જોઇએ કે પોતાનું મુખ કઇ દિશામાં છે.

નયી તાલીમના કાર્યક્રમમાં આપણે તેના એક મહત્વના પાસા પ્રત્યે ધ્યાન આપતા નથી. એ છે શિક્ષણના માધ્યમના રૂપમાં સામાજિક વાતાવરણનો ઉપયોગ. પાયાની કેળવણીની શાળાઓમાં કોઇ કોઇ સાંસ્કૃતિક પ્રવૃત્તિ આદરીને અથવા સામાજિક તહેવાર ઉત્સવ વગેરેમાં સામેલ થઇને આપણે સંતોષ માનીએ છીએ. પરંતુ આટલાથી આપણું કામ નહીં ચાલે. મનુષ્યની જરૂરિયાતો પૂરી પાડવાને માટે તમામ ઔદ્યોગિક પ્રક્રિયાઓ જેવી રીતે શિક્ષણનું માધ્યમ બને છે, એ જ રીતે સમાજવ્યવસ્થાના તમામ કાર્યક્રમોનો પણ શિક્ષણના માધ્યમ તરીકે આપણે ઉપયોગ કરવો જોઇશે. નહીં તો શાસનરહિત સમાજ ટકી નહીં શકે. આખરે રાજ્યનિરપેક્ષ સમાજની મકસદ એવી તો નથી જ કે સમાજમાં કોઇ વ્યવસ્થા જ ન હોય. વ્યવસ્થા તો રહેશે જ અને તૈયારી પણ રહેશે. પ્રશ્ન તો એ છે કે એ કેવી વ્યવસ્થા હશે અને કોની દ્વારા ચાલશે.

મનુષ્યસ્વભાવમાં સંસ્કૃતિ અને વિકૃતિ બંનેના અંશો છે. આપણે એને ગમે તેટલી સાંસ્કૃતિક કેળવણી અને દીક્ષા આપીને છુટો મૂકીએ તોપણ ધીરે ધીરે વિકૃતિ એના જીવનમાં ઘર કરતી જવાની અને જેમ જેમ સમાજમાં વિકૃતિનો પ્રકોપ થવાનો તેમ તેમ સંચાલન, નિયંત્રણ અને શાસનની આવશ્યકતા વધતી જવાની. એથી જ સમાજજીવનના અંગપ્રત્યંગની સાથે સંસ્કૃતિ અને

શિક્ષણનો કાર્યક્રમ વળગેલો હોવો જોઇએ આપણે જે ઘરમાં રહેતા હોઇએ એમાં ધૂળ જમા થતાં ઝાડુ લગાવીને એને સાફ કરી નાખીએ છીએ. જો ઘરને એકવાર બરાબર સાફ કરીને પડયું મેલીએ, તો થોડાક દિવસોમાં એ પાછું એટલું ગંદુ બની જશે કે એ રહેવાલાયક નહીં રહે. એ કારણે આપણે આપણાં ઘરોને રોજ-રોજ સાફ કરીએ છીએ. એ જ પ્રમાણે જો શિક્ષણનો કાર્યક્રમ સ્વતંત્રપણે અમલમાં મૂકીને મનુષ્યને સરસ રીતે શિક્ષિત બનાવીને સમાજમાં છોડી મૂકવામાં આવે તો એનામાં ધીરે ધીરે વિકૃતિનો સંચાર થતો રહેવાનો. એ કારણે માનવસમાજમાં જેટલી અડચણો હોય એ સર્વને શિક્ષણના માધ્યમમાં ફેરવી નાખવી જોઇએ. આ કારણે જ ગાંધીજીએ કહ્યું હતું કે પાયાની કેળવણીનું ક્ષેત્ર જન્મથી મૃત્યુ સુધી છે.

માનવસમાજનો આખો કાર્યક્રમ ત્રણ વિભાગોમાં વહેંચાયેલો છે : (૧) જરૂરિયાતો પૂરી પાડવા માટેનું ઉત્પાદન; (૨) સમાજની વ્યવસ્થા; અને (૩) પ્રકૃતિનાં સાધનોની શોધ. આ કારણે નઇ તાલીમનાં ત્રણે માધ્યમ અર્થાત ઉત્પાદનની પ્રક્રિયા અને સામાજિક અને પ્રાકૃતિક વાતાવરણ એકસરખાં આવશ્યક છે. એટલે આ તાલીમના અભ્યાસક્રમમાં ત્રણેનો મહત્ત્વપૂર્ણ સમાવેશ થવો જોઇએ.

વિકેન્દ્રિત સ્વાવલંબી સમાજમાં ઉદ્યોગની પ્રક્રિયાઓ ત્રણ પ્રકારની રહેવાની : ગૃહોદ્યોગ, ગ્રામોદ્યોગ અને રાષ્ટ્રોદ્યોગ. આપણા અભ્યાસક્રમમાં ત્રણે ઉદ્યોગોનું વર્ગીકરણ કરવું પડવાનું. એ કાર્ય આ પ્રકારે થઇ શકે: બુનિયાદી કેળવણીમાં ગૃહોદ્યોગ, ઉત્તર બુનિયાદીમાં ગ્રામોદ્યોગ અને ઉત્તમ બુનિયાદીમાં રાષ્ટ્રોદ્યોગ. કૃષિનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે ત્રણે વર્ગો માટે એ ઉપયોગમાં આવી શકે.

હું જ્યારે પ્રાન્તોમાં ફરીને વિકેન્દ્રિત સ્વાવલંબી સમાજની વાત કહું છું ત્યારે લોકો મોટે ભાગે એવો સવાલ કરે છે કે આખરે થોડાક ઉદ્યોગો તો કેન્દ્રિત રહેવાના જ. હવે જો રાજ્યનું વિઘટન થાય તો આ કેન્દ્રિત ઉદ્યોગને ચલાવશે કોણ? લોકોના મનમાં આવો પ્રશ્ન જાગે છે એનું કારણ એ છે કે નયી તાલીમના સ્વરૂપનો મર્મ એ પૂરો પામ્યા નથી હોતા. રાષ્ટ્રોદ્યોગોની જવાબદારી ન તો કોઇ મૂડીદારે લેવાની જરૂર છે, ન તો સરકારે. એની પૂરી જવાબદારી નયી તાલીમની જ રહેશે. સર્વોદય સમાજમાં ટાટાનગર, ચિત્તરંજન, હાલમિયાનગર, બર્નપુર વગેરે ઔદ્યોગિક કેન્દ્રો ન રહેતાં તે જુદા જુદા વિષયોનાં ઉત્તમ બુનિયાદી તાલીમકેન્દ્રો બની જશે. એ વખતે ત્યાં એન્જનેર અને મજૂર નહીં હોય પણ શિક્ષક અને છાત્ર હશે. એ બધા સાથે મળીને ઉત્પાદકશ્રમ કરશે અને આપસઆપસમાં એની વ્યવસ્થા પણ સંભાળશે. એ રીતે સમાજની તમામ વ્યવસ્થા નયી તાલીમના માધ્યમથી થશે. જે રીતે ઉદ્યોગના ક્ષેત્રમાં ત્રણ પ્રકારના ઉદ્યોગની કલ્પના છે, એ રીતે સમાજ-વ્યવસ્થામાં પણ થોડાક તબક્કા તો રહેશે. પણ મૌલિક તબક્કો ગ્રામરાજ્ય હશે. અનિવાર્ય જરૂરિયાત ક્ષેત્રે પ્રાદેશિક અને રાષ્ટ્રીય વ્યવસ્થા રહેશે. સામાજિક વાતાવરણનો શિક્ષણના માધ્યમ તરીકેનો ઉપયોગ આ વ્યવસ્થાઓના કાર્યક્રમોનો ભાગ બનશે. એ કેવી રીતે થશે એનો થોડોક નકશો આપ સમજી લ્યો.

કેળવણીની જૂની પદ્ધતિમાં ઘેર યાદ કરી જવા માટે થોડુંક ઘરકામ આપવામાં આવે છે. નયી તાલીમમાં પણ ઘરને વાસ્તે કામ આપવાનું તો આવશે. બુનિયાદી વર્ગોમાં આઠ શ્રેણીઓ હોય છે. વર્ષનાં ૫૨ અઠવાડિયામાંથી જો ૪૦ અઠવાડિયાં પણ કામનાં ગણીએ તો આઠ વર્ષનાં ૩૨૦ અઠવાડિયાં થયાં. ગ્રામસમાજના પ્રશ્નોનું સમાધાન તથા વ્યવસ્થાનું કામ બુનિયાદી શાળાના છાત્રોને શીખ-વાડવું પડશે. નાનાં નાનાં બાળકોને હળવું હળવું કામ આપીને શરૂઆત કરાવ્યા પછી આઠમી શ્રેણીએ પહોંચતાં સુધીમાં ઠીક ઠીક જટિલ પ્રશ્નો તથા વ્યવસ્થાનું કામ સોંપી શકાય છે. જેમકે, પહેલી શ્રેણીના બાળકને એમ કહી શકાય કે, "તમારા ઘરમાં કેટલાં માણસો છે? એમની ઉંમર કેટલી છે? એમની વચ્ચે કેવો સંબંધ છે? મકાન કેટલું મોટું છે? કેટલા ઓરડા છે? આ બધું બરાબર જાણી લઇને કહો." એ રીતે બીજી નાની નાની બાબતો જાણીને એ આવે એવો અભ્યાસક્રમ ઘડવો પડશે. તે પછી એ માધ્યમથી જુદા એવા વિષયોનું એનું જ્ઞાન વધારવું પડશે. એ રીતે ઉપલી શ્રેણીઓના વિદ્યાર્થીઓને માટે ગામની વસતી કેટલી છે, ગામની કેટલી જમીન છે, પેદાશ કેટલી છે, પેદાશ ઓછી હોય તો શાથી, એવા પ્રશ્નો ઉપસ્થિત કરી શકાય અને એનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું કામ સોંપી શકાય. ભૂમિના પ્રશ્નોનો અભ્યાસ કરીને એ શાળામાં આવી શકે. ગામના અંદરોઅંદરના ઝગડા વગેરે સામાજિક પ્રશ્નોનો અભ્યાસ તથા પ્રશ્નોને ઉકેલવાનું કામ પણ એ કરી શકે. અને આ રીતે બીજા ગામોની વ્યવસ્થાનું કામ પણ એને સોંપી શકાય. આ રીતે ગામની વ્યવસ્થાના કામને જુદાજુદા વર્ગો તથા છાત્રોની યોગ્યતા પ્રમાણે ૩૨૦ અઠવાડિયાના ૩૨૦ અભ્યાસ-ક્રમોમાં વહેંચી શકાય. ગ્રામસમાજની પંચાયતના સભ્યો એ વખતે ગામના સંચાલક બનવાને બદલે ગ્રામવ્યવસ્થા સંબંધી શિક્ષણના શિક્ષક બને. ગામોના જે પ્રશ્નોનો ઉકેલ તથા વ્યવસ્થાનું કામ બુનિયાદી તબક્કાવાળા બાળકના ગજાબહારનું હોય તે ઉત્તરબુનિયાદી તાલીમના માધ્યમ રૂપે ઉપયોગમાં લેવાનું ગામની ભૂમિકાથી ઉપરની ભૂમિકાઓવાળી વ્યવસ્થાઓ પણ જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી એને ઉત્તર બુનિયાદી અને ઉત્તમ બુનિયાદી તાલીમના માધ્યમના રૂપે જ ઉપયોગમાં લેવાની.

પ્રકૃતિનાં સાધનોની શોધનું કામ પણ તાલીમના માધ્યમ રૂપે જ થવું જોઇએ. ઘણા ભણેલા માણસો કહે છે કે વિકેન્દ્રિત સમાજમાં વિજ્ઞાનને કોઇ સ્થાન નહીં રહે. મને ભય છે કે આ લોકોને વિજ્ઞાન-ના અર્થની જ સમજણ નથી. વિજ્ઞાનનો અર્થ મોટાં મોટાં મશીનો નથી. વિજ્ઞાનનો અર્થ છે પ્રકૃતિના નિયમોનું જ્ઞાન. અણુશક્તિનું જ્ઞાન એ વિજ્ઞાન છે, અણુબોમ્બ નહીં. સમાજનું લક્ષ્ય જે પ્રકારનું હોય તે પ્રકારનો વિજ્ઞાનનો ઉપયોગ થવાનો. આજે દુનિયાનું લક્ષ્ય રાજ્યવાદી સંચાલન અને મૂડીવાદી ઉત્પાદનનું સંગઠન છે. એના પરિણામરૂપે જો યુધ્ધ અનિવાર્ય બને છે તો આજે વિજ્ઞાન ધ્વંસ-કારી શસ્ત્રો બનાવવામાં પ્રવૃત્ત છે. જ્યારે સમાજનું ધ્યેય વિકેન્દ્રિત સ્વાવલંબી વ્યવસ્થા અને શ્રમવાદી ઉત્પાદનનું સંગઠન બનશે, ત્યારે એ જ વિજ્ઞાન વિકેન્દ્રિત ઉત્પાદનશક્તિનો આવિષ્કાર અને એને માટેનાં સાધનોની શોધમાં પ્રવૃત્ત થશે જ્યારે વિકેન્દ્રિત ઉત્પાદનશક્તિની જરૂરિયાત વરતાશે ત્યારે જે રીતે આજે સામાન્ય વ્યક્તિ મારફત સૂર્યકિરણને કેન્દ્રિત કરીને રસોઇ પકવવાનું કૂકર નિર્માં શકાય છે તે રીતે સૂર્યકિરણને અધિક કેન્દ્રિત કરીને મોટા 'વૈજ્ઞાનિકો' દ્વારા પ્રત્યેકનાં આંગણાંમાં વિદ્યુતશક્તિનું ઉત્પાદન કરવું શું અસંભવિત બનશે? શું મનુષ્ય આ પ્રકારની શોધમાં મચ્યો રહે તો એમ કહે-વાનું પ્રાપ્ત થાય છે કે એણે વિજ્ઞાનનો ત્યાગ કર્યો છે? ઇચ્છું, આ દિશામાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે તો અધિક સૂક્ષ્મ વૈજ્ઞાનિક ચિંતનની જરૂર પડશે.

એટલે આપ સમજી શકશો કે મનુષ્યસમાજનો સારો કાર્યક્રમ અર્થાત ઉત્પાદન-કાર્ય, સમાજવ્યવસ્થા તથા પ્રાકૃતિક સાધનોની શોધ નયી તાલીમમાં આવી જાય છે. આ રીતે સમાજની બધી અડ-ચણોના તાણામાં શિક્ષણ અને સંસ્કૃતિનો વાણો નાખીને નવસમાજનું નિર્માણ કરવું પડશે. એમ કરવામાં મનુષ્યની અંદર નિરંતર પેદા થનારી વિકૃતિની સાથેના સાંસ્કૃતિક કાર્યક્રમથી સફાઇ થતી રહેવાની અને શાસનની જરૂરિયાતોની સંભાવના દૂર થઇ જવાની.

ઉપરની વાતોથી આપને મન સ્પષ્ટ થયું હશે કે સર્વોદય સમાજનો અર્થ છે શિક્ષણમય સમાજ. આપ સૌએ નયી તાલીમના આ વિશ્વરૂપનું દર્શન કરવું જોઇશે. બુનિયાદી શાળારૂપી માટીની મૂર્તિની પૂજાથી સિદ્ધિ નહીં મળે, પરંતુ એ મૂર્તિની પાછળ જે ચિન્મય સ્વરૂપ છે એની ઉપાસના કરવી પડશે.

મૂળ હિંદી: **શ્રી ધીરેન્દ્ર મજમૂદાર**

અનુવાદક: **શ્રી યશવન્ત શુકલ**

# * મારી કહાણી *

( ગતાંકથી ચાલુ )

૨૩. અમદાવાદમાં રહેવાનું બન્યું ત્યારે મને થયા જ કરતું કે અમે જે કાંઇ જાણીએ છીએ તે અમદાવાદના લોકો પણ જાણે એવી કોઇ યોજના થાય તો સારૂં. આ વિશે પંડિત સુખલાલજી સાથે મેં ચર્ચા કરી અને વિગતથી યોજના કરી આને પરિણામે પ્રથમ પહેલ મારા ઘેરથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો આરંભ થયો. મારાં માતાજી, મોતીબહેન અને થોડા જૈન પાડોશી અમારા સૌથી પહેલા શ્રોતા બન્યા. પંડિત સુખલાલજીએ અને મેં કલ્પસૂત્ર ઉપર વર્તમાન સંશોધન પધ્ધતિને લક્ષ્યમાં રાખીને ભાષણો કર્યાં. એનો પ્રથમ સંગ્રહ 'સુધોષા' નામના છાપાએ છપાવેલો. અમારાં બીજાં પણ એ વ્યાખ્યાનમાળાને લગતાં ભાષણોનો સંગ્રહ છપાયેલ છે અને પછી તો ક્રમેક્રમે એ વ્યાખ્યાનમાળાનું કુંડાળું વધતું ગયું; અમે જ્યાં રહેતા ત્યાં પ્રીતમનગર સોસાયટીમાં આજુબાજુ રહેતા ઘણા જૈનો અને બીજાઓ પણ શ્રોતા બનવા લાગ્યા આ પછી તો હાલ જ્યાં મહાવીર વિદ્યાલયની શાખા અમદાવાદમાં છે તે શેઠ ભોળાભાઇના મકાનમાં બીજા બીજા વિદ્વાનોને અમે આમંત્રણ આપીને પ્રવચન કરાવવા લાગ્યા. એ વ્યાખ્યાનમાળામાં શ્રી નર્મદાશંકર મહેતા જેવા પ્રૌઢ તત્ત્વજ્ઞોએ આવીને વ્યાખ્યાનો આપ્યાં અને આમ એની શરૂઆત નદીના મૂળ જેવી જે આછીપાતળી હતી તે વર્તમાનમાં ઘણી જ વ્યાપક બની ગઇ છે અને હવે તો મુંબઇ, અમદાવાદ, કલકત્તા અને પૂના સુધી તે વ્યાખ્યાનમાળા પહોંચી ગઇ છે અને જૈન સમાજનું મન આકર્ષી રહી છે.

૨૪. મારી કામ કરવાની રીત કોઇ પ્રકારે સમયનો અપવ્યય કરવાની નથી રહી. હું એકલો કામ કરતો હોઉં અર્થાત મારા ઉપર કોઇ નિયામક ન હોય અથવા સમૂહમાં કામ કરતો હોઉં ત્યાં નિર્ધારિત સમયમાંથી પાંચ મિનિટનો પણ અપવ્યય કરવો મને કદી ગમતો નથી. એક એવો સમય હતો કે જ્યારે ભગવતીના અનુવાદનું કામ હું એકલો જ કરતો અને જે સ્થળે બેસીને કામ કરતો તે સ્થળે મારા સિવાય બીજું કોઇ પણ નહોતું. છતાંય એ કામ કરતાં કરતાં એક મીનીટ પણ બગડે એ સ્થિતિ મને અસહ્ય લાગતી. અત્યાર સુધીમાં મારા હાથે જે જે સંપાદન સંશોધન વા સ્વતંત્ર લેખનનાં કામ થયાં છે તેમાં હું આખો જ રેડાઇ ગયો છું અને એ માટે મેં કદી મારી બીજી કોઇ સગવડ વા અનુકૂળતા તરફ લક્ષ્ય કર્યું નથી. આપોઆપ જે બને તે બને. બીજા ઘણા ડાહ્યા લોકોને મન મારી આ રીતે કામ કરવાની પ્રથા અવ્યવહાર ગણાઇ છે. એમને મન આ બાબત મારી જડતા જણાય છે અને મને પણ કેટલીક વાર પ્રતિકૂળતાં ઉભી થાય છે. છતાં જે કામને સ્વીકાર્યું તે તરફ સતત વફાદારી રાખવી અને તેમાં જાતને રેડી નાંખવી એ જ મને હંમેશાં ઉચિત લાગ્યું છે અને એ ઉચિતતા માટે મારૂં આંતરમન બરાબર સાક્ષી પૂરે છે અને સંતોષ અનુભવે છે. વિદ્યા દ્વારા જીવન ચલાવવું મને પહેલેથી જ ખટકતું આવ્યું છે અને ઘણી વાર એમ પણ થઇ આવ્યું છે કે બીજો કોઇ ધંધો આવડી ગયો હોત તો તે દ્વારા નિર્વાહસાધન મેળવી વિદ્યાદાન વા સાહિત્યિક પ્રવૃત્તિ કશા બદલાની અપેક્ષા વિના જ કરતો રહેત. પરંતુ એ મનોરથ ફળવાની આશા હવે મુદ્દલ રહી નથી એટલે મારી જે પ્રવૃત્તિ વર્તમાનમાં ચાલે છે તેમાં જ જાતને નીચોવીને કામ કરતા મચ્યા રહેવું એ જ મારે મન હિતાવહ છે અને સંતોષપ્રદ છે.

૨૫. મેં એવો રિવાજ રાખ્યો છે કે ભણનારા ભાઇબહેનોને બને તેટલા સહાયભૂત થતા રહેવું, તેમને ભણાવવું અગર ભણતર માટે જે નડતર હોય તે દૂર કરવા પ્રયત્ન કરવો, તે સારૂ જે આર્થિક અગવડો હોય તે પણ બની શકે તેટલો પ્રયાસ કરીને ધની મિત્રોદ્વારા દૂર કરવી. આ રીતે હું ઘણા વિદ્યાર્થીઓના સંપર્કમાં આવેલ છું. જ્યારે હું મારવાડ તરફ રહેતો ત્યારે મારા સહધર્મચારી શ્રી દુર્લભજીભાઇ ઝવેરીના નિમંત્રણને માન આપી બ્યાવર ગયેલા અને ત્યાંની સ્થાનકવાસી ટ્રેનીંગ કોલેજના બધા વિદ્યાર્થીઓને મેં ન્યાયતીર્થની પરીક્ષા માટે તૈયારી કરાવી હતી. તેમાં ભાઇ દલસુખભાઇ માલવણિયા, શાંતિલાલ શેઠ, ભાઇ દાઉલાલ, સજ્જનસિંહ, ખુશાલદાસ, કરગઠવા, હરખચંદ દોશી વગેરે અનેક વિદ્યાર્થીઓ હતા. ભાઇ દલસુખભાઇ અને શાંતિલાલ શેઠ એ બન્ને વિદ્યાર્થીઓ તો અમદાવાદમાં પ્રીતમનગરમાં મારે ઘરે રહીને પણ અધ્યયન કરતા હતા અને જ્યારે પછી હું સત્યાગ્રહ નિમિત્તે જેલમાં ગયો ત્યારે તેઓ પાછળથી શાંતિનિકેતન ગયેલા. જે સાધુઓ મારી સામેના પક્ષના છે તેમણે ભણવાની સહાયતા મારી પાસે જ્યારે માગી છે ત્યારે ઘણી ખુશીથી મેં આપેલ છે, એટલું જ નહીં તેમને એ જાતની સહાયતા કરવા તેમના મકાને જાતે જઇને હું વંચાવી આવેલ છું. અમદાવાદમાં લગભગ ત્રીશ બત્રીશ વરસથી રહું છું. કોઇ ઉપાશ્રયનો મને પરિચય નથી તેમ પ્રસંગ પણ નથી. છતાં કોઇ જ્યારે મારી પાસેથી ભણવાની વા કાંઇ સમજવાની કોઇ ઇચ્છા કરે ત્યારે હું તૈયાર જ હોઉં છું અને તે માટે ભણનારની અનુકૂળતાં ઉપર મારૂં ધ્યાન વિશેષ જાય છે. મારી એવી ધારણા છે કે જ્યાં સુધી જાત બરાબર ચાલે ત્યાં સુધી મારી પધ્ધતિ અખંડ, ચાલતી રહેવી જોઇએ.

૨૬. જ્યારે હું મહારાજશ્રી ધર્મવિજયજી સાથે માંડળથી પગપાળો વિહાર કરતો કરતો પેથાપુર પહોંચ્યો ત્યારે મને રાત્રે રડવાની ટેવ પડી ગઇ. એટલે હું ઉંઘી ગયો હોઉં અને કોઇ જગાડે તો તરત જ રડવા લાગી જાઉં અને બેએક કલાક એ રડવાનું બંધ ન થાય. પછી આપોઆપ બંધ થઇ જાય, આ પછી મને કોઇ પૂછતું કે શા માટે રડતો હતો? તો હું કહેતો હું ક્યારે રડતો હતો? અર્થાત એ રડવાની મને ખબર ન રહેતી. આ ટેવ બનારસ આવ્યો ત્યાં સુધી પહોંચી અને પછી અચાનક એની મેળે જ ચાલી ગઇ. એ જ રીતે મારી બીજાની ટેવ પણ ઘણા લાંબા સમય સુધી ચાલી. જ્યારે કોલંબો ગયો અને ત્યાં રાત્રે એકલો ઉઠવાનો પ્રસંગ પડવા લાગ્યો ત્યારે એ ટેવ પણ છૂટી ગઇ.

૨૭. દેશવટાનો રખડપાટ જ્યારે મટી ગયો અને કોઇ પ્રકારની અગવડ વગર અમદાવાદ પહોંચી શકયો ત્યારે મુંબઇ યુનિવર્સિટી સંચાલિત ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં 'ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ' એ વિષય ઉપર પાંચ વ્યાખ્યાનો આપવાનું મુંબઇ યુનિવર્સિટી તરફથી મને નિમંત્રણ મળેલ. એ વ્યાખ્યાનોનું એક મોટું પુસ્તક મુંબઇ યુનિવર્સિટિએ પ્રકાશિત કર્યું છે. ક્યાં વળામાં જનમાં પુંભડો નીણતો હું અને ક્યાં યુનિવર્સિટિના હોલમાં ભાષાની ઉત્ક્રાંતિ વિશે વ્યાખ્યાનો આપતો હું? ઘણીવાર એમ લાગે છે કે આ બે હું એક નથી, પણ ઘણા જ જુદા જુદા છે. તેમ છતાંય જ્યારે એ બન્ને હું માં હું પોતે સળંગ પરોવાયેલો છું એનું ભાન થાય છે ત્યારે મને આનંદ થાય છે, ધન્યતા લાગે છે અને એક પ્રકારનો સંતોષ થાય છે. ત્યાર પછી હું અમદાવાદની એસ. એલ. ડી. આર્ટ્સ કોલેજમાં અર્ધમાગધી ભાષાના અધ્યાપકપદે નિયુક્ત થયેલ છું, તે આજ સુધી એ જ સ્થળે રહીને મારૂં કામ કર્યા કરૂં છું. અને વચ્ચે વચ્ચે મળતા સંપાદન, સંશોધન અને વ્યાખ્યાન વગેરેનાં તથા લેખન વગેરેનાં કામો પણ યથાબુધ્ધિ અને યથાશક્તિ કરતો રહું છું. આ રીતે બહારની દૃષ્ટિએ મારા જીવનમાં મને સંતોષ થાય તેવું બન્યું છે, છતાં મારી આધ્યાત્મિક જીવનની ધારણાઓ ઘણી ઓછી પાર પડી છે તે માટે મારો પ્રયત્ન ચાલુ જ છે અને મારી બહારની પ્રવૃત્તિઓ તેમાં સહાયભૂત થતી રહે છે. આધ્યાત્મિક જીવનની ધારણાઓમાં ય

મારું ચિત્ત સંતોષ અનુભવી શકે એવી પ્રગતિ કરવાના પંથમાં મારું હવે ઝપાટાબંધ ચાલવાનું છે એનું મને સતત ભાન છે, મારી તમામ નબળાઈઓ મારા ખ્યાલમાં છે અને એ નબળાઈઓને મૂળથી ભૂંસી નાખવાના પ્રયત્નો પણ ચાલતા રહે છે. આ આશા વધારે પડતી નથી કે ભગવાન મહાવીર, પૂ. મહાત્મા ગાંધી અને પૂ. વિનોબા ભાવેનો આદર્શ સામે રાખી મારી તે તમામ નબળાઈઓને દૂર કરવાના પ્રયત્નમાં કેમ કૃતેહમંદ થઈ ન શકું ?

૨૮. મારાં માતાજી તેજસ્વી હતાં, કડક હતાં. હું તેમની નવ અંગે પૂજા કર્યા પછી જ દેરાસરમાં ભગવાનની પૂજા કરતો. મારી પત્ની શ્રી અજવાળી પોતાનો તેજોવધ જરાય સહી શકે એવી નથી; છતાંય તેણીએ અડગ રહીને મારે નિમિત્તે જે જે આપત્તિ સહી છે, કૌટુંબિક પ્રસંગે પોતાની આશાઓનો અસાધારણ ભોગ આપેલ છે, જ્યારે હું જેલ ગયો અને ત્યાર પછી ચાર પાંચ વરસ રખડપાટમાં ગાળ્યા ત્યારે પણ ધીરજ રાખીને મારાં માતાજી તથા સંતાનોની સંભાળ રાખવા સાથે જે અનેક અગવડોને વેઠી છે, એ વખતે પોતાનું તેજ કાયમ રાખી, કોઈની અપેક્ષા રાખ્યા વિના જે જ્વલંત જીવન જીવી બતાવ્યું છે, સાદાઈ, સ્વાશ્રય, સંતાનો પ્રતિનું વાત્સલ્ય અને આઘાત પ્રત્યાઘાતોને સહન કરવાનું સામર્થ્ય-એ બધું તેનામાં એક સાથે આવી મળેલ છે અને તેથી જ મારો અભ્યવહારનો આ આશ્રમ કાંઈ શોભા પામેલ છે.

નાનપણમાં ગરીબીમાં રહેલો અને તેથી જ ઇચ્છાએ કે અનિચ્છાએ દુઃખ સહન કરવાની ટેવ પડેલી છે. મારી પ્રાથમિક અવસ્થામાં પણ હું દુઃખી થયો નથી. અત્યારની દૃષ્ટિએ વિચારું છું ત્યારે જ તે પ્રાથમિક અવસ્થા દુઃખરૂપ જણાય છે. એમ તો અમે જ્યારે પગે ચાલતા અને તે પણ રોજ દસથી બાર માઇલ, મુકામ પર પહોંચ્યા પછી હાથે જ રસોઈ પણ બનાવતા અને લગભગ બે થી ત્રણ વાગ્યે ખાવા પામવાનું અને રોજ આ રીતે લગભગ છ આઠ મહિના ચાલેલું. રોજ આટલું આટલું ચાલીએ છતાં રસ્તામાં કયાંય ખાવાની જોગવાઇ નહોતી તેમ છતાં અમે ઉલ્લાસમય રહેતા. વર્તમાનમાં તો કેટલાયે સમયથી હું ઇચ્છાપૂર્વક સહનશક્તિ કેળવી રહ્યો છું. ધારો કે બસમાં બેઠો હોઉં તો જરા વધુ સંકોડાઇને બેસું અને બીજો કોઇ ભાઇ આવે તો તેને મારી પાસે બેસાડી દઉં અથવા જગ્યા ખાલી થઈ હોય અને બીજો કોઇ બેસવા જાય તો તેને જ બેસાડી દઉં અને મને ઊભા ઊભા જ મજા પડે. આ રીતે જીવનના ઘણાં ક્ષેત્રમાં ઇચ્છાપૂર્વક આ વૃત્તિ કેળવવા મથું છું. હજી તેને પૂર્ણપણે પહોંચ્યો નથી, છતાં જેટલું પહોંચ્યો છું તેટલાનો મને સારી રીતે આનંદ અને સંતોષ છે.

૨૯. સ્થાનકવાસી મુનિ અમરચંદજીએ મારી પાસે દિલ્હીમાં અભ્યાસ કરેલો અને વર્તમાનમાં તેઓ એક સારા વક્તા, લેખક અને તેમના મુનિપદને શોભાવે તેવા સાધક છે. બીજા મિશ્રીમલજી, લાભચંદજી, કનૈયાલાલજી વગેરે સ્થાનકવાસી મુનિઓને પણ મેં સારી રીતે ભણાવેલ છે અને તેઓ વર્તમાનમાં પોતપોતાની શક્તિપ્રમાણે ધર્મપ્રવૃત્તિ કર્યા કરે છે.

જ્યારે હું એકવાર જ્યાવરનો જૈન ગુરુકુળનો સંચાલનભાર વહેતો હતો ત્યારે મેં ત્યાં સ્થાનકવાસી, તપાગચ્છી અને ખરતરગચ્છી એ ત્રણે પ્રકારના વિદ્યાર્થીઓને ભેગા બેસાડી તેમને ત્રણ પરંપરાના પડિકમણાં એક એક જુદે જુદે દિવસે અર્થાત ત્રણ દિવસ સુધી કરાવેલાં અને તેમાં બોલાતાં ત્રણે પરંપરાનાં સૂત્રોની સમજુતી આપેલી. ત્યારે વિદ્યાર્થીઓએ કહેલું કે આ તો બધું એકસરખું છે. આમાં કયાંય કશો ભેદ નથી. આ રીતે મોકો મળતો ત્યારે હું પરસ્પર સમન્વયનો અને વિરોધ ઓછો થાય તેવો પ્રયત્ન આજ લગી પણ કરતો રહ્યો છું અને ભાવીમાં પણ તે જ પ્રયત્ન ચાલુ રાખવાનો છું. મારા જીવનની શુદ્ધિ માટે સ્વાધ્યાય અને સત્યવૃત્તિ મને હંમેશાં ઉત્તમ લાગ્યાં છે. હું પણ સાધારણ માણસ છું, દોષ અને ગુણના મિશ્રણસમ માનવ છું.

મારી આ કહાણીમાં મારી ઘણી ખરી બાબતો આવી ગયેલ છે, સંભારું છું તો બીજી પણ હજી કેટલીક બાબતો બાકી રહી જાય છે. છતાં જે કાંઇ જાહેરમાં ઉપયોગી હતું તે બધું લગભગ આમાં આવી ગયું છે. બાકી રહેવામાં મારા મિત્રો અંગેના કેટલાક મારા અંગત પ્રસંગો સ્થાનકવાસી અને મંદિરમાર્ગી મુનિઓની સાથેના મારા અંગત પ્રસંગો, અને કેટલીક જૈન સંસ્થાઓ સાથેના મારા અંગત પ્રસંગો એ બધું આવે છે. એનો પણ અહિં વિશેષ ઉપયોગ દેખાયો નહીં એટલે મેં એને જતું કર્યું છે.

સમાપ્ત

ખેરાદાસ જીવરાજ દોશી

## આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી સ્મૃતિગ્રંથ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રીઓ પ્રસ્તુત સ્મૃતિગ્રંથ સંબંધે જાહેર કરવા ઇચ્છે છે કે :—

"આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસની પ્રથમ વાર્ષિક તિથિને રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી તેઓશ્રીના એક સ્મૃતિગ્રંથ પ્રગટ કરવાનું નકકી થયેલ છે. પ્રસ્તુત ગ્રંથમાં સદ્‌ગતના જીવનકાર્યની સમીક્ષા તથા તેઓશ્રીની સામાજિક, ધાર્મિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓનું વિસ્તૃત અવલોકન કરવામાં આવશે. તે ઉપરાંત ભારતના જૈન અને જૈનેતર વિદ્વાનો તથા વિચારકોના જૈન ધર્મ, સાહિત્ય, કળા, ઇતિહાસ ઇત્યાદિ વિષેના લેખોથી સ્મૃતિગ્રંથ સમૃદ્ધ બનાવવાની આકાંક્ષા છે. આ ગ્રંથનું સંપાદન કાર્ય એક વિશિષ્ટ સમિતિ દ્વારા થશે. આચાર્યશ્રીના જીવનકાર્ય ઉપરાંત સામાજિક ઉત્કર્ષ અંગે થયેલ વિવિધ કાર્યવાહી તથા ગ્રંથની ઉપયોગિતા વધે એવી અન્ય માહિતી મોકલી આપવા તેઓશ્રીના સંપર્કમાં આવેલ દરેક વ્યકિત, સંસ્થા અને સંઘને આગ્રહભરી વિનંતિ છે. આ સાથે આચાર્યશ્રીની તેમજ શિષ્યમુનિમહારાજોની તસ્વીરો પણ તા. ૩૧ મી જાન્યુઆરી, ૧૯૫૫ પહેલાં નીચે જણાવેલ સરનામે મોકલી આપવા નમ્ર ભલામણ છે. આવી રીતે મળેલી ઉપયોગી કૃતિઓ તેમજ તસ્વીરો સ્મૃતિગ્રંથ પ્રગટ થયે તુરત પાછી મોકલી આપવામાં આવશે. જે માહિતી કે તસ્વીરો ગ્રંથમાં સ્વીકાર પામશે તેના મોકલનારને પ્રગટ થયેલ ગ્રંથની એક નકલ ભેટ આપવામાં આવશે.

આ સંબંધે પત્રવ્યવહાર મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાલીયા ટેંક રોડ, મુંબઇ ૧૬. એ સરનામે કરવો.

---

(**મુનીશ્રી વિદ્યાવિજયજીનો સ્વર્ગવાસ:** અનુસંધાન પાનું ૧૯૫) માં અમદાવાદ ખાતે ભરાયલા સાધુસંમેલનમાં તેમણે અગ્ર ભાગ લીધો હતો. હિંદભરમાં તેમણે વિહાર કર્યો હતો સીંધમાં બે ત્રણ વર્ષ રહીને તેમણે સારી લોકપ્રિયતા સંપાદન કરી હતી. પાછળનાં વર્ષો તેમણે મોટા ભાગે શિવપુરીની સંસ્થામાં ગાળ્યાં હતાં. ત્યાં તેમના પ્રયાસના પરિણામે એક કોલેજની થોડા સમય પહેલાં સ્થાપના કરવામાં આવી હતી અને સંસ્કૃતની પરીક્ષાના એક મોટા કેન્દ્ર તરીકે આજે પણ તે સંસ્થાએ સારી ખ્યાતિ પ્રાપ્ત કરી છે. જીવનનાં અન્ત સુધી તેઓ આમ સદા કાર્યપરાયણ રહ્યા હતા અને સાહિત્યની તેમણે અનેકવિધ સેવાઓ કરી હતી. તેમના અવસાનથી જૈન સમાજને એક શકિતશાળી સમાજસેવકની અને સાહિત્યોપાસક શ્રમણની ખોટ પડી છે. તેમના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ !

પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જગાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯

રજીસ્ટર્ડ નં. ૨૬૬૪
વાર્ષિક લવાજમ રૂા. ૪

# યુવક જીવન

મ. જૈન વર્ષ ૧૪–પ્રબુદ્ધ જીવન વર્ષ ૨
અંક ૧૮

મુંબઈ, જાન્યુઆરી ૧૫, ૧૯૫૫, શનિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## વીતકોની રાત વીતી

પ્રતિ ખેચરદાસ જીવરાજ દોશી તરફથી થોડા સમયમાં પ્રગટ થનાર "મહાવીર-વાણી" ઉપર રવામી આનંદે લખી આપેલ પ્રસ્તાવના તેમની અનુમતિપૂર્વક નીચે પ્રગટ કરવામાં આવે છે. આ મહાવીર વાણીમાં ધર્મ, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, વિનય, અપ્રમાદ, કર્મ, મોક્ષ વગેરે વિષયો ઉપર મૂળ આગમમાંથી અગત્યના શ્લોકો તારવવામાં આવ્યા છે, તથા તેનો અનુવાદ અને તે ઉપર વિદ્વત્તાપૂર્ણ વિવેચન સંરિમલિત કરવામાં આવેલ છે. આ ગ્રંથ પંડિત ખેચરદાસના આગમોને લગતા ઉંડા અભ્યાસ અને વિશાળ અવગાહનનું સુન્દર પરિણામ છે. જૈન ધર્મને લગતી જરૂરી માહીતી આ ગ્રંથમાંથી મળી શકે તેમ છે. પાઠ તથા ધ્યાન માટે પણ આ પુસ્તક ઉપયોગી નીવડે તેવું છે. તેના પ્રકાશક શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, નેપચ્યુન એરચેારન્સ કું. લીમીટેડ, એપેાલેા સ્ટ્રીટ, મુંબઇ ૧ છે. તેની કીંમત રૂ. ૧–૮–૦ છે. (પરમાનંદ)

પૂર્વ પુણ્યના ઉદયબળે કે કોણ જાણે, પણ જુદા જુદા પ્રાન્તો, કોમો અને નાતજાતોના લોકો જોડે આત્મીયતાની સગાઇનો આશીર્વાદ આખી ઉમ્મર મારા પર રહ્યો. તેમાંયે જૈન સમાજ અને કુટુમ્બોનો તો કેમ જાણે હું જિંદગીભર પોષ્યપુત્ર રહ્યો હોઉં તેમ ઘરના માણસ કે કુટુમ્બીને નાતે વર્ષોનાં વર્ષ એકથી વધુ જૈન કુટુમ્બોમાં વીત્યાં. તેમાં પિતૃતુલ્ય વડીલ કે સગાભાઇ કહું એવા અનેક આત્મીય ચાલ્યા ગયા. પારણે હીંચોળેલાં ને ખોળે રમીને મોટાં થએલા અનેક બાળકો આંખ સામે મોટાં કર્તા સ્ત્રીપુરુષો થયાં.

પણ આ બધા ભાગ્યનો ધણી હું ભણતરમાં ભોપો રહ્યો નિશાળેથી નાસી બચપણથી જ સાધુઓની દુનિયામાં પેઠેલો; અને ત્યાં તો 'તા મેં બહુ સોચ-પોચ' ને 'બાતન મેં એક બાત'* વાળા જ સંસ્કાર પડયા. દૈવયોગે ટૂંક વખતમાંજ રામકૃષ્ણ મિશનના સાધુઓના સંસર્ગમાં આવ્યો ને ભાગ્યનાં ફાટક ઉઘડયાં. આ જમાતના ત્રણ ગુણ. નિર્વ્યસન, કેળવણી ને સેવા. અભણ અવળચંડો એકે ન જડે. બસ, ત્યારથી આતમખોજ, સંતોની ચરણસેવા ને સર્વધર્મસમભાવના સંસ્કાર સીંચાયા ને હું ન્યાલ થઇ ગયો.

ભણવાનીયે મથામણો તો પછી ઘણીયે કીધી; ગીતા, ઉપનિષદ, ભાગ્યો, ભાગવતાદિ. અંગ્રેજીયે આછું પાતળું ભણી નાખ્યું. પણ બધું સટરફટર. ટૂંકપૂંજિયો જ રહ્યો.

આમ હિંદુ ધર્મસંસ્કૃતિ, શાસ્ત્રદર્શન અને વિચારણાનો પરિચય તો થોડોક ભાગ્યને બળે પામ્યો, પણ જૈનો વચ્ચે જિંદગી ગીત્યા છતાં જૈનદર્શન, શાસ્ત્ર, વિચારણાની બાબતમાં કોરોધાકોર રહ્યો. દરબપાશરે જાઉં, સાધુસાધ્વીઓનાં વખાણ સાભળું, ઘરઆંગણે ગોચરી કરવા આવે ત્યારે ય વાતો થાય. પણ મન ઠેકાણે નહિ. વાતાવરણ બધું તંગ, સાધુસાધ્વીઓ બધાં લશ્કરનાં કપ્તાન, ઠીંગરાએલાં ઓશિયાળાં જેવાં લાગે. એમની પ્રાચીન પરિભાષા ને સંકીર્ણ આચારવિચારની સૃષ્ટિમાં મને સળ ન સૂઝે.

* અલખ તો અવધિ ભઇ, તા મેં બહુ સોચ-પોચ
કરબે કો બહુત હૈ,—કાહ કાહ કીજિયે?
પાર ન પુરાન હૂ કો, વેદ હૂ કો અન્ત નાંહિ
બાતી તો અનેક,— ચિત્ત કહાં કહાં દીજિયે?
કાવ્ય કી કલા અનન્ત, છન્દ કો પ્રબંધ બહુ
રાગ તો રસીલે,— રસ કહાં કહાં પીજિયે?
બાતન કી એક બાત, તુલસી બતાય જાત,
જનમ જો સુધાર ચહો,—રામનામ લીજિયે.

આમ ઉમ્મર વધતી ગઇ તેમ હિંદુ શાસ્ત્ર સંસ્કૃતિ આદિની વિચારણામાં જેમ કંઇક ચંચુપાત કરી શકયો, તેમ જૈન સાહિત્ય જે કંઇ ઉપલબ્ધ હતું તે તરફ મને કશું ખેંચાણ થયું નહિ. બે જ પ્રસંગો વહેલેના કાયમ યાદ રહ્યા છે. રામાયણ મહા ભારતના વિખ્યાત પંડિત કલ્યાણવાળા રાવબહાદુર ચિંતામણરાવ વૈદ્ય મારા ગુરુજનોમાં હતા. રિટાયર થયા પછી રોજ બપોરે મુંબઇ ટાઉનહૉલની રોયલ એશિયાટિક સોસાઇટીની લાઇબ્રેરીમાં આવે ને હું એમની પાસે ભણું. કામધેનુ પારસો મૂકે તેમ એમની જ્ઞાનગંગાના ધોધ છૂટે ને હું ચસચસ પીઉં. બે ત્રણ વર્ષની એ શ્રવણ-ભક્તિમાંથી મને ઘણું ઘણું મળ્યું. એકવાર બૌદ્ધ વાતો, જૈન મીમાંસકોની કંઇક ચર્ચા નીકળતાં એમણે બૌદ્ધ અને જૈન જીવનદર્શન અંગે વિસ્તારથી સમજણ આપેલી. બીજી પ્રસ્તુત લોકમાન્ય જોડેનો માંડલેના કારાવાસ દરમ્યાન લખીને આણેલા એમના વિખ્યાત 'ગીતા રહસ્ય' ગ્રંથની ૧૯૧૫ની સાલમાં પ્રેસનકલ તૈયાર થતી હતી તે દરમ્યાન પેન્સિલે લખાએલી મૂળ હાથપ્રતમાં ઠેરઠેર નરી યાદદાસ્ત ઉપરથી કાઉસો મૂકીને એમણે ટાંકેલા શ્રુતિસ્મૃતિ ઉપનિષદ શાસ્ત્રપુરાણ કાવ્યાદિ ગ્રન્થોના આધારના આંકડા મૂળ ગ્રન્થોમાંથી તે તે પ્રસંગો કાઢી તપાસી સરખાવી જોવાનું કામ બીજાઓ સાથે પૂણા ગાયકવાડ વાડામાં દાદાની લાઇબ્રેરીમાં બેસીને હું કરતો. એ દિવસોમાં કપિલ મુનિની એ લુપ્ત સાંખ્ય કારિકા પોતે મહેનત કરીને કેવી રીતે શોધી જડતી કરી એનો ઇતિહાસ અમને સંભળાવીને સાંખ્યોના નિરીશ્વરવાદ અંગે જૈનોના સ્યાદ્વાદ વિષે લાંબી સમજ દાદાએ અમને આપેલી તેમ તેની ખૂબીઓ તેમજ ખામીઓ બતાવેલી.

સદ્‌ગત મોતીચંદ કાપડિયાના કુટુંબમાં વર્ષો લગી પુરુષમિત્રના નાતે હું રહેલો. એમની જૈન સાહિત્ય તેમજ સમાજની એકનિષ્ઠ સેવા ગુજરાતી જૈન આલમમાં જાણીતી છે. પીઢતી બંધાનાં દબાણો અને રોકાણો વચ્ચે ચંદ્રસૂર્યની નિયમિતતાથી રોજ સવારની સામાયક પછી દોઢ કલાક શાસ્ત્રગ્રન્થોના અનુવાદ, ચર્ચાદિ, ટિપ્પણ-ટાંચણો કરવા પાછળ આપતા. પારાવાર આદરભાવ રોમરોમ આ હું જોતો પણ એમના જાડા જાડા ગ્રન્થો વાંચવાનું તો દરકિનાર,*—એ બધાનાં નામ પણ હું કદી યાદ ન રાખી શક્યો. તેવું જ શ્રી. મોહનલાલ દલીચંદ વગેરે બીજા પણ સમકાલીન આત્મવિદ્યાવિભૂષિત આધુનિક જૈન વિદ્વાનો વિષે મને લાગતું. ત્રીજાય એક મહાપંડિતને હું ઓળખતો. પણ એ તો મને તરા

* કોર રહ્યું

ધસમસીયા ને ધમરોળીયા જ લાગેલા. લેભાગુ પણ એક એ મળેલા. આ બધાઓની રચનાઓ અને લખાણોમાં પંડિતો અને અભ્યાસુ-ઓને ભલે કીમતી સામગ્રી લાધી હોય, મારા જેવા 'ઇતરે જના:' (layman)ના દિલને તે સ્પર્શ કરી શકયાં નહિ.

રજૂઆત એક કળા છે, બલ્કે ઇશ્વરી પ્રસાદ છે. અંતરની અનુભૂતિમાંથી એ ઉગે છે ને અભણનીયે જીભેકલમે આવીને બેસે છે. પંડિત હોય તો સોનાથી પીળું. પણ એ પાંડિત્ય-વિદ્વત્તાની મોહતાજ નથી. તુલસી નાનક સૂર કબીર જ્ઞાનબા તુકારામ નરસી મીરાં આદિ મધ્યયુગી સંતોમાંના ઘણા આજના રૂઢ અર્થમાં અભણ હતા. પણ તેમનાં ભાવભકિત ને કવિતાના જુવાળને હૈયે ચડીને હિંદના સામાજિક ઇતિહાસની ચાર સદીઓ ધસડાઇ ગઇ. આજને કાળે પણ એ સંતોની રચનાઓની, અને એમને જેમનો વારસો મળ્યો તે પ્રાચીન પૂર્વજોનાં રચેલાં ગીતા ઉપનિષદ ભાગવત મહા-ભારત રામાયણની જે રજૂઆત રામકૃષ્ણ-વિવેકાનંદ, ટાગોર, અરવિંદ, રાધાકૃષ્ણન કે ગાંધીજીએ કરી, અથવા તો મહાભારત કથાઓની રાજાજીએ ને રામાયણ મહાભારતનાં માત્રાની મુ. નાના-ભાઇએ કરી,—એ બધામાં રજૂઆતનો ફરમિયો પડેલો છે. દૃષ્ટિ-વિહોણા જૂના સાંપ્રદાયિક હરદાસો કીર્તનકારોની રજૂઆત વચ્ચે અને બાઉલોનાં ગાન કે કબીર સાખીઓની ગુરુદેવ ટાગોરે કરેલી રજૂઆત વચ્ચે,—અથવા તો પંઢરીના વારકરીઓને મુખે આઠે પહોર ગવાતા તુકારામના અભંગોની જે રજૂઆત મરહુમ જસ્ટીસ ચંદાવર-કરને મુખે મુંબઇ પ્રાર્થના સમાજ મંદિરની વ્યાસપીઠ પરથી થતી અમે નાનપણમાં સાંભળેલી તે વચ્ચે,—એટલો જ ફેર છે જેટલો દિવાસાની રાત અને કોજાગરી વચ્ચે.

એ રજૂઆતનો ફરમિયો બૌધ જૈન સાહિત્યના ક્ષેત્રમાં આપણી વચ્ચે પહેલપ્રથમ કોસંબીજી, સુખલાલજી વગેરે મહાનુભાવોએ બતાવ્યો. મરહૂમ કોસંબીજીનું 'બુદ્ધલીલા સારસંગ્રહ' મરાઠીમાં પહેલવહેલું પ્રગટ થયું ત્યારથી બુદ્ધ અને બૌદ્ધ સંસ્કૃતિનો હું ભકત બન્યો. તેવો જ રોમાંચ પ્રજ્ઞાચક્ષુ પૂ. પંડિત સુખલાલજીની જૈનદર્શન વિચારણાદિની રજૂઆત પહેલવહેલી જોઇ ત્યારે મેં અનુભવ્યો. જાણે જૈનદર્શન જેવી કોઇક વસ્તુ છે એની પહેલી જ વાર મને ભાળ લાગી હોય.

બુદ્ધ મહાવીરનાં જીવન અને શિક્ષણનો પરિચય વધતો ગયો તેમ તેમ જેવી વેદ ઉપનિષત્કાલીન ઋષિઓ કે વ્યાસવાલ્મિકીએ ગાયેલી ને રચેલી સંસ્કૃતિ પ્રત્યે તેવી જ આદરભકિત અને મગરૂબી બૌધ જૈન સંસ્કૃતિશાખાઓ પ્રત્યે મારામાં સીંચાતી ગઇ અને હિંદુ જાતિએ માનવ વિચારણાના વિકાસમાં જે ફાળો આપ્યો છે તે માટેનાં ગૌરવ અને અભિમાનની મારી ભાવના દ્વિગુણિત થઇ. જૈન બૌદ્ધ, શીખ, દ્રાવિડ આદિ વિચારણાઓ જંકશન સ્ટેશનોના યાર્ડમાં એકબીજા જોડે ગુણાકાર ભાગાકાર કરનારા રેલપાટાઓની ભુલ-ભુલામણીભરી કુલગૂંથણી જેવી પણ એક જ રેલ સિસ્ટમનાં અંગ-ઉપાંગોની જેમ એક જ કેન્દ્રસ્થ હિંદુ સંસ્કૃતિનાં અભિભાજ્ય અંગ સમી છે. બૌદ્ધો જૈનોએ વેદબ્રાહ્મણને તેનો વૈભવ કાળે કુર્નેસ ન બજાવી ને તેની માન્યતા-પ્રતિષ્ઠાને અનિવાર્ય ન માની, અથવા તો ધર્મને નામે યજ્ઞયાગાદિરૂપે ઘેરેઘેર ચાલતી કસાઇખોરીનો નિષેધ કર્યો, એટલાજ અપરાધ ખાતર બુદ્ધ મહાવીરને અને તેમની આખી સાંસ્કૃતિક કમાણીને બ્રાહ્મણોએ ફગાવી દીધી, એ બીના જાણી ત્યારે મારૂં અંતર ચીત્કાર કરી ઉઠયું; અને હિંદની ધરતી પરથી ને હિંદુજાતિના તમામ સંસ્કારક્ષેત્રમાંથી તેમને તગેડી કાઢીને જ જંપનાર આદિ શંકરાચાર્ય પ્રત્યેના મારા ભકિતભાવને જીવલેણ ફટકો પડયો, બુદ્ધિવૈભવના એ કોહિનૂરકર વિષેનો મારો મત કંગાળ બની ગયો. એક મિત્રને મેં લખેલું:

"શંકરાચાર્ય વિષે હું અન્ય કોઇ જેટલો જ આદર ધરાવું છું અને એ મહામાનવને હું સદા વન્દન કરતો આવ્યો છું. પણ તેમની પાસે દૂરગામી દર્શન નહોતું એમ જો હું કહું તો મને આજના વિચારકો માફ કરશે. ભગવાન બુદ્ધને અને તેમના અષ્ટાંગ માર્ગને અવમાનિત કરવા સિવાય અને હિંદમાંથી તગડી મૂકવા સિવાય તે બેઉનો બીજો કોઇ ઉપયોગ તેમને સૂઝયો નહિ.

"અને 'જ્યાં ભાવિદર્શન નથી ત્યાં પ્રજાનો નાશ થાય છે' એ સૂકત મુજબ આપણો લગભગ વિનાશ થયો અથવા તો એથી પણ બુરૂં શંકરાચાર્ય પછી તરત જ મહમદ ગીઝની વગેરેની હિંદ ઉપર ચઢાઇઓ થવા લાગી ત્યારથી આપણે ક્ષત્રીવટ ગુમાવી બેઠા અને ગુલામો જેવું કેવળ હીણપતભર્યું જીવન ગુજારવાનું આપણા કપાળે આવ્યું, હું જાણું છું કે આપણે ત્યાં એવું કહેનારા પડયા છે કે જે ક્ષત્રીવટ ગુમાવી બેસવાના આપણા આ દુર્દૈવને હિંદ ઉપર આગલા સૈકાઓ દરમિયાન જામેલા બૌધ્ધ તેમ જ જૈન ધર્મના પ્રભાવને આભારી લેખે છે. પણ એ તો બૌદ્ધ તેમજ જૈન ધર્મની હડહડતી બદનામી છે. અશોક અને અન્ય સમ્રાટોના બૌદ્ધ કાળથી વધારે ઉજ્જવળ એવું હિંદના ઇતિહાસમાં અન્ય પ્રકરણ શોધ્યું જડે તેમ નથી. એ બૌદ્ધકાળ કે જ્યારે હિંદે દુનિયા ઉપર સાંસ્કૃતિક દિગ્વિજય સાધ્યો હતો અને જીવન વિજ્ઞાન અને જીવનનાં સનાતન મૂલ્યો સૂચવવા માટે પૂર્વના દેશો પર્યાયરૂપ બની ગયા હતા.

"હું કબુલ કરૂં છું કે ઉદય અને અસ્ત, ઉત્કર્ષ અને અવનતિ જીવનનો-ભૂતમાત્રનો-અનિવાર્ય કાનૂન છે. પણ તત્કાલીન બૌદ્ધ ધર્મ સડી ગયો હતો એવું જો શંકરાચાર્યે જોયું તો જેમ ગાંધીજીએ અસ્પૃશ્યતા સામે ઝુંબેશ ઉપાડી અને હિંદુ ધર્મનું નવું સંસ્કરણ કર્યું તેમ એટએટલી બુદ્ધિમત્તા અને કાર્ય-શકિત ધરાવતા શંકરાચાર્યે તત્કાલીન દુરાચાર અને કુરૂઢિઓનો સામનો કરીને એનું નવું સંસ્કરણ કરવું જોઇતું હતું. વિવેકાનંદ અને તેમની પછીના આધુનિક ધર્મ સુધારકોએ જેમ આ કાળે કર્યું તેમ તેમણે પણ બ્રાહ્મણ ધર્મનું નવસંસ્કરણ કરવું જોઇતું હતું અને નવા વિચારોને પચાવીને અને તે સાથે જુના વિચારોનો સમન્વય સાધીને હિંદુધર્મનો તેમણે કાયાકલ્પ કરવો જોઇતો હતો. તેમને આ બાબતનો પણ ખ્યાલ હોવો જોઇતો હતો કે બૌધ્ધ ધર્મના સ્થાને જે પ્રત્યાઘાતી બ્રાહ્મણધર્મની પુનઃ પ્રતિષ્ઠા કરવાનો તેમણે પ્રયત્ન કર્યો તે પણ વખત જતે ધડપણ અને મૃત્યુનાં ભોગો તેટલો જ ભોગ થવાને સરજાયો હતો, શાશ્વતકાળ સુધી તે ટકી શકે એમ તો હતું જ નહિ."

આમ હિંદુ સંસ્કૃતિના રક્ષકો અને રજૂઆતદારોએ કોહીનુરને પાંચીકા તરીકે ઓળખાવીને ફગાવી દેવામાં પોતાનો 'દિગ્વિજય' થયો માન્યો અને પોતાની સંસ્કૃતિના કળશકલગીને સ્થાને શોભે એવી બૌદ્ધ તેમજ જૈન સંસ્કૃતિને ઉખેળી ઉખેડીને પોતાની જ દેદીપ્યમાન સંસ્કૃતિને નિસ્તેજ કરી એના મહિમાવન્તા ધરખમ કલેવરને વિકલ ને વામણું કરી મૂકયું. આમ એમને હાથે ધવાઇને અસ્તાચળે ગએલી બેમાંની બૌદ્ધ સંસ્કૃતિ આ દેશમાથી તો હાળોવાટો થઇ ગઇ, પણ તે હાડે પ્રચારક હતી તેથી એણે તો નવાં સાંસ્કૃતિક સામ્રાજ્યો સ્થાપ્યાં ને અરધી દુનિયાને અંકિત કરી તે પર પોતાની નિર્મળ પ્રભા પાથરી. જૈન સંસ્કૃતિ જલાવતન ન થઇ (દેશવટો પામી નહિ) પણ એને અવકળા આવી ગઇ, અને હાર્યાલુંટાયા જેવી થઇને મૂલવાંકે જીવતી રહી.

આમ હિંદુ સંસ્કૃતિના ટિલાયત અથ્રજોએ પોતાની માજણી બહેનોને દેશપાર કરી કે ગૂંગળાવી, એટલું જ નહિ પણ પોતાનાં

લાખલાખ નાનેરાં બાળાભોળાં ભાંડરૂઓ સામે પણ ભોગળો ભીડીને તેમને માના સંસ્કૃતિમંદિરમાં પેસવા પૂજવા કે એના સ્તવનકીર્તનનો ઉચ્ચાર પણ કરવા સામે જાલીમ પ્રતિબંધો મેલી તેમને ભારવાહી પશુની હારમાં મૂક્યાં ને પોતાની જ જણેતાને નાકદાન કાપેલી શૂર્પણખા બનાવી. એવી વિકલ વિદ્રૂપ અવસ્થામાં દુનિયાના મોં આગળ મુમૂર્ષુ રહીને હિંદુસંસ્કૃતિ આટલા કાળ જીવી.

હું જાણું છું કે આ કડવાં વચન કાઢવા બદલ ઘણા વાચકોનો રોષ મારા ઉપર ઉતરશે; શ્રી. નાનાભાઈ જેવા મુરબ્બીઓ કોચવાશે. છતાં આ નિષ્ઠુર સત્ય ઉચ્ચારવાની ધૃષ્ટતા મેં એ હેતુથી કરી કે હું એજ કડવી તુંમડીનો વેલો, એ જ માતું ફરજંદ છું. હેમ્લેટે એની જણેતાની ઉગ્ર નિર્ભર્ત્સના કરી. મારી મા એના જ પેટજણ્યા મારા પિતરાઈઓની કરેલી મારી આ નિર્ભર્ત્સના સામે "कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति" વાળું આશ્વાસન લે તે સામે મને વાંધો નથી.

પણ આજે એ બધાં વસમાં વીતકોની રાત વીતી છે. સંસારની ઘટમાળમાં પતન અભ્યુદયનાં ડોલચાં નિરવધિ કાળની કૂખે ચક્રનેમિક્રમે ચાલ્યા પછી આજે પાછું ઉદયકાળનું આગમન થયું છે અને તે બધે નવજીવન વેરી રહ્યું છે. હજાર વર્ષના અસ્તઅંધાર પછી ફરી એકવાર હિંદ આત્મભાનની મંજલે પહોંચ્યું છે, આજે જવાહરલાલજીથી માંડીને એકેએક હિંદી દેશમાં નવી હવા ને નવી તાજગી અનુભવી રહ્યો છે; હિંદુ નવું દર્શન કરી રહ્યો છે. સમન્વયની પ્રક્રિયાઓ અને બળો-પ્રજાશરીરમાં ને પ્રજામાનસમાં આજે કામ કરવા લાગ્યાં છે. હિંદુ સંસ્કૃતિના મહાવૃક્ષની બૌદ્ધ, જૈન, સીખ, એકેએક શાખા પ્રશાખાઓના નિર્મળ અને શાશ્વત અંશો પરત્વે એકેએક શિક્ષિત હિંદુ આજે સભાન અને મગરૂમ છે. લીલલૂણાના બાઝેલા પોપડા ઝાડીઝાપટી ભોંયભીંતો લીંપીગૂંપી ધોળાની ધરઆંગણેનાં સંસ્કૃતિ મંદિરોની સમગ્ર વસાહતનો જીર્ણોદ્ધાર કરવા એ મથી રહ્યો છે. બોદ્ધો, જૈનો, સીખો, સનાતનીઓ, સુધારકો, ઉદ્ધારકો તેમજ દેશનાં લાખો કરોડો હરિજન, આદિવાસી અને ભૂમિહીનોને માનવી જેવાં માનવીનો દરજ્જો ને પ્રતિષ્ઠા આપીને હારમાં લાવવા માગનારા તરફદારો કે ભૂદાન સેવકો, બધાં જ એ જીર્ણોદ્ધાર કરવાવાળા પથકનાં સૈનિકો છે. વિરાટના પગરવે એ વસાહતને દેરેદેરે દેવ જાગ્યાની આલબેલ આપતા નાનામોટા ઘંટારવ સંભળાવા લાગ્યા છે. સંસારની સંસ્કૃતિઓની આપણી આ દાદીમા કે માતામહી સંસારની તમામ સંસ્કૃતિઓ અને વિચારધારાઓ વચ્ચેથી આંપસના ડંખ કાઢીને એક વિશાળ સમન્વય સાધશે અને એની આંખનાં અમી હેળ સંસારનાં તમામ કાળાં ગોરાં પીળાં સંતાનો, છોરવાછરૂને અને દીકરાદોઢતરને નાતે એને ખોળે જંપશે એવી મારી શ્રદ્ધા છે.

× × ×

દિલગીર છું હું ચગડોળે ચડી ગયો. જૈન તીર્થંકરો અને જૈન સંસ્કૃતિને બુદ્ધ અને બૌદ્ધ સંસ્કૃતિથી પ્રાચીન ગણવામાં આવે છે. બેઉ વચ્ચે તફાવત પણ એટલો ઓછો છે કે સામાન્ય માણસ એ ભેદ ભાગ્યે પારખી શકે. જૈનોના વિશાળ સાહિત્ય ભંડારો હજાર વર્ષથી ખાંજરે પડ્યા છે. એને અંગે એક જાતની ગૂઢના (mystery) સેવાય છે. છતાં એમાં અસંખ્ય મણિરત્નો પડ્યાં છે એમ મનાય છે.

પ્રસ્તુત પુસ્તક 'મહાવીર વાણી'ની પાંચમી નવેસરની આવૃત્તિ છે. તેના સંપાદક પંડિત મેચરદાસજી દોશી હું પાછળ કહી ગયો તે ગુજરાતની નવી જમાતના અગ્રેસર જૈન ધુરંધરોમાંના એક જાણીતા વિદ્વન્મણિ છે. જૂના જૈન સાહિત્યના ધૂળધોયા તરીકે એમની જીવનભરની નિષ્ઠા અને ભક્તિપરાયણતા જાણીતી છે. મહાવીર પ્રભુના જીવનમાંથી અને જૈન સાહિત્ય રત્નાગારમાંથી અણમૂલાં રત્નો ઢંઢીવીણીને તે ઉપર ચડેલા કાળાંતરના મેલપોપડા ને ધૂળ ઝાપટી ખંખેરીને અને ભીતરનાં નંગ ધોઈ નિખારીને પ્રજાને ભેટ કરવાના વ્યવસાયને એમણે પોતાના જીવનનું મિશન બનાવ્યો છે.

જૈન વિદ્વાનોનો દાવો ઊંચો છે, છેલ્લાં સો વર્ષ દરમ્યાન આપણી ગુલામ પ્રજાને પાશ્ચાત્ય વિદ્વાનોમાંથી આપણા તત્વજ્ઞાન, સંસ્કૃતિ અને જ્ઞાનગ્રન્થોના રડ્યાખડ્યા પ્રશંસકોનાં સર્ટિફિકેટો ઠોકવાની ને તે ઉપર આનંદસમાધિએ ચડી જવાની લત લાગી. જૈન વિદ્વાનો આથી અસ્પૃષ્ટ રહે એ અશક્ય હતું. પણ હવે એ મૂર્છા વળી રહી છે. પાછળ મેં ગણાવ્યા તે પૂ. પંડિત સુખલાલજી વગેરે મહાનુભાવોની પ્રેરણા અને આગેવાની હેઠળ જૈન પંડિતો અને વિદ્વાનો જૈન સાહિત્યને મથીમથીને તેમાંથી અમૃતસમાં નવનીત ઉતારી આજે પ્રજાને પીરસવા લાગ્યા છે એ આપણું ભાગ્ય છે. જેમ જેમ આપણે સ્વભાન ઉપર આવતા જઈશું, હજારો વર્ષની આપણી પ્રજાકીય કમાણીમાં જે જે કંઈ કીમતી ને શાશ્વત મૂલ્યનું છે તેને ઓળખતા જઈશું, જેમ જેમ સમર્થ સંપાદકો ને રજૂઆતના કીમિયાગરો આપણી વચ્ચે પેદા થશે તેમ તેમ આપણને અવનવાં દર્શનો થતાં જશે; અને જીવનસાપેક્ષતા, પરમતસહિષ્ણુતા તથા સર્વધર્મસમભાવમાં આપણે ઝડપભેર આગળ વધીશું. કારણ કે આપણા પ્રજાકીય અને સાંસ્કૃતિક હાડને એ વસ્તુ ભાવતી છે. માનવીમાત્રને સારૂ એ નરવી ને તંદુરસ્તી બક્ષનારી છે.

એ દિશાએ આપણને અગાડી લઈ જવામાં પ્રસ્તુત ગ્રન્થ જેવા રત્નો ધનની ખાણ સમાં છે. એનું વાંચન મનન ચિંતવન સૌ કોઈને મોટા ધર્મલાભ બક્ષશે અને એવી ખાણોનાં માટી-પથરા જોડે દિનરાત બાથોડિયાં ભરીને પોતાની એવી જીવનભરની જહેમતો અને સાધના-તપાસ્યાઓના ફળ રૂપે આવી સાંગોપાંગ સંધાડાઉતાર કૃતિઓ (finished products) ભેટ કરનારા એના નિષ્ઠાવંત પરાયણ સેવકો પ્રત્યે પ્રજાને કૃતજ્ઞભાવે તરબોળ કરશે.

બસ, આથી વધુ કશા અભ્યાસુ પ્રવેશક પુરોવચનની અપેક્ષા મારા જેવા ટૂંકપૂંજિયા પાસેથી કોઈ ન રાખે. તેવો કશો પ્રયત્ન કરીને હું મારી જાતને હાંસીપાત્ર ન બનાવું એમાં જ મારી ને મને આ ગૌરખધંધામાં ઉતારનાર મારા યજમાન પંડિત મેચરદાસજીની શોભા સચવાય એમ છે.

એટલે માત્ર એટલું જ કહીને રૂખસદ લઈશ કે આ 'મહાવીર વાણી' કોઈ વાદ, દર્શન, ઉપપત્તિ કે તત્ત્વમીમાંસા નથી. આ તો ગીતા, ધમ્મપદ, કુરળ કે ગિરિપ્રવચનની હારનું માનવીજીવનને સારૂ અખૂટ ભાતું દેનારૂં રોજિંદા સ્વાધ્યાયનું રત્ન છે. હીરની ગાંઠ ઉપર તેલને ટીપે ગંઠીને સૌએ સદાય ને હરઘડી હૈયે વળગાડી રાખવાનું.

કૌસાની, આલ્મોરા
બળેવ, ૧૪-૮-૫૪ — સ્વામી આનંદ

## આફ્રિકાના ગ્રાહકબંધુઓને અગત્યની સૂચના

આફ્રિકાના જે જે ગ્રાહકોનું લવાજમ ચાલુ જાન્યુઆરી અગર ફેબ્રુઆરી માસ દરમિયાન પુરું થાય છે તેની તેમને ખબર આપતી પત્રિકા આ અંકમાં સામેલ કરવામાં આવેલ છે. તે ગ્રાહક-બંધુઓને નીચે જણાવેલ બેમાંથી એક ઠેકાણે પોત પોતાના લવાજમના શીલિંગ ૮ સત્વર ભરી દેવા વિનંતિ કરવામાં આવે છે.

ડૉ. એમ. ટી. શાહ, પોસ્ટ બોક્સ ૧૨૩૨, બદુ હાઉસ, પહેલે માળે, ગવર્નમેન્ટ રોડ, નૈરોબી

ડૉ. એ. યુ. શેઠ, પોસ્ટ બોક્સ. ૧૬૫૫, મોમ્બાસા

વિશેષ જણાવવાનું કે જે ગ્રાહકનું લવાજમ પુરું થયાની તારીખથી દોઢ મહીના સુધીમાં ભરામાનો સમાચાર અમને નહિ મળે તે ગ્રાહક ઉપર પ્રબુદ્ધ જીવન મોકલવાનું બંધ કરવામાં આવશે.

૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩ — વ્યવસ્થાપક, પ્રબુદ્ધ જીવન

# ક્રીસમસનો સંદેશ

(આજથી ૧૯૫૪ વર્ષ પહેલાં આજના પેલેસ્ટાઇનનું એક ગામડું બેથ્લેહામ'ના એ ડુંગરાની બાજુએ આવેલા ઢોર રાખવાના ગમાણમાં ડીસેમ્બર માસની ૨૫ મી તારીખે ભગવાન ઇશુ ખ્રીસ્તનો જન્મ થયો હતો. એ મંગળ ઘટનાને લક્ષ્યમાં રાખીને હિંદના રોમન કેથોલિક સમાજના મુખ્ય ધર્મગુરૂ મહાખ્યાત કાર્ડીનલ વેલેરિયન ગ્રેશીઆસે ઓલ ઇન્ડીયા રેડીઓ (મુંબઇ) દ્વારા હિંદી જનતાને ક્રીસમસના પર્વ અંગે નીચે મુજબનો જીવનસ્પર્શી સંદેશો પાઠવ્યો હતો.)

ક્રીસમ્રસના ઘંટારવ સાથે **Peace on earth and Goodwill among man–शिवमस्तु सर्वजगत; परहित-निरता भवन्तु भूतगणाः**–આ શબ્દો દરેક માનવીના અન્તરદ્વાર ઉપર અથડાય છે. પણ સર્વ કીંમતી વસ્તુઓની માફક આ શિવશાન્તિની પણ આપણે પુરી કીંમત આપવાની રહે છે. તે માટે જરૂરી આત્મસમર્પણ અપેક્ષિત છે. દુઃખ દિલની ઇર્ષ્યા અને અસૂયાને નિર્મૂળ કરવી, સૌ સાથે મીઠા સંબંધો કેળવવા, એકમેકને નમતું આપવું, પરસ્પરના ભલામાં આનંદ અનુભવવો–આ મૂલ્ય સુસ્નેહ શાન્તિની સ્થાપના કરવા માટે આપણુ સર્વેએ ચુકવવાનું છે. ક્રીસમસ કેવળ આનંદ મજા માણવા માટેનો કે ઘરમંદિર શણગારવા માટેનો ઉત્સવ નથી. આ હકીકત આપણે કદિ ન ભૂલીએ. ક્રીસમસની ભેટ સૌ કોઇને સુખી કરવાની ભાવના પ્રગટ કરતા પ્રેમનું, અમર આશાવાદનું, અમાપ ધૈર્યનું એક પ્રતીક છે.

જે માનવી ભૂતકાળને આસાનીથી-સહેલાઇથી ભુલી જાય છે, ભવિષ્યની એકે બેવકુફ પ્રાણી માફક ઉપેક્ષા કરે છે, અને માત્ર સ્વાર્થવૃત્તિથી પ્રેરાઇને જ વર્તમાનનો વિચાર કરે છે એ માનવીને ક્રીસમસ પડકાર કરે છે. આપણો ઉધ્ધાર કરવા માટે અને આપણને પોતાના કુટુંબી બનાવવા માટે ઇશ્વર આ દુનિયા ઉપર આવ્યો; દુનિયાની રાજ્યસત્તાઓને ભ્રમણામાં નાખવા માટે એક નાના સરખા નબળા બાળકના રૂપમાં તેનું આગમન થયું અને દુનિયાના અભિમાનને ઓગાળી નાખવા માટે તેણે એક ગમાણને પોતાનું નિવાસ્થાન બનાવ્યું. ઇશ્વરની–નીચા નમીને પ્રભુત્વ સ્થાપવા ઇચ્છતા ઇશ્વરના અવતારરૂપ માનવીની–આ અકળ કળા છે.

જો ઇશ્વર આપણી વચ્ચે પોતાનો તંબુ તાણવા ઇચ્છી શકે છે અને બેથ્લેહામના ગમાણમાં બાળક તરીકે જન્મ લેવાનું પસંદ કરે છે તો માણસ માણસ વચ્ચે ઉચ્ચ નીચના ભેદ કરનારા અને નાત જાત, કોમ અને દેશની દીવાલો ઉભી કરનારા આપણે કોણ ?...આજની દુનિયામાં જ્યારે નિરાશા સર્વત્ર વ્યાપેલી છે અને બેવકુફી ભરેલા હુંકારની ગર્જનાઓ ચોતરફ સંભળાય છે ત્યારે ક્રીસમસનું પર્વ આપણામાં કોઇ નવો આશાવાદ અને વિનમ્રભાવ પ્રેરે છે. બેથ્લેહામના પેલા ઝુંપડામાં ઘોર અંધાર હતું, પણ એ ઘોર અંધારામાં પ્રકાશનો ઉદય થયો. એ ક્રીસમસના દિવસે દુનિયાના એ અગોચર ખૂણામાં પ્રગટેલો ચિરંજીવ પ્રેમપ્રકાશ કદી અસ્ત પામો નહિ અને દુનિયા ફરીથી ગાઢ તિમિરમાં ગરકાવ થાઓ નહિ એજ પ્રાર્થના! આમીન!

અનુવાદક : **પરમાનંદ**

## સંઘ સમાચાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તા. ૧૩–૧૨–૫૪ ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભાએ દર્શનાર્થે આવતા સૌ કોઇ માટે જૈન મંદિરો ખુલ્લાં મુકાય અને શ્રવણાર્થે આવતા સૌ કોઇ માટે ઉપાશ્રયો ખુલ્લા મુકાય એ માટે જરૂરી આંદોલન હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

# પ્રકીર્ણ નોંધ

### ગાંધીજી, માવળંકર અને રાઇફલ ક્લબો

શ્રી. જે. સી. કુમારપ્પા તેમની ગ્રામોદ્યોગ પત્રિકાના ડીસેમ્બરના અંકમાં લખે છે કે–

"પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડીઆ જણાવે છે કે લોકસભાના પ્રમુખ તથા નેશનલ રાઇફલ એસોસીએશન ઓફ ઇન્ડીઆના પ્રમુખ શ્રી. ગ. વા. માવલંકરે મુંબઇના અગ્રગણ્ય વેપારીઓ સમક્ષ બોલતાં જણાવ્યું કે "લશ્કરી તાલીમદ્વારા જ પ્રજામાં શિસ્ત અને નેતૃત્વનો ગુણ પેદા કરી શકાય. ફરજિયાત લશ્કરી તાલીમની દિશાના પહેલાં પગથીયા તરીકે લોકો રાઇફલ ક્લબોમાં અથવા રાઇફલ એસોસીએશનોમાં જોડાઇ શકે અને કટોકટીની પરિસ્થિતિ પેદા થાય ત્યારે 'સંરક્ષણની બીજી હરોળ' બનવાની તૈયારી કરી શકે."

"શ્રી માવલંકરે એવો દાવો કર્યો કે 'હું મહાત્મા **ગાંધી** તથા તેમના અહિંસા સિધ્ધાન્તનો નિષ્ઠાવાન અનુયાયી છું" અને વધુમાં જણાવ્યું કે "લોકો બાયલા બને એ રીતે અહિંસા આચરવામાં આવે એવું ગાંધીજી કદી પણ માગતા નહોતા એની હું 'ગેરંટી' આપું છું" અને 'ગાંધીજીના એ નિષ્ઠાવાન અનુયાયી' ગાંધીજીના સિધ્ધાન્તને અમલમાં મૂકવાના સંબંધમાં આ પ્રમાણે બોલ્યા. "મારી વાત કહું તો, મારા પર હલ્લો કરવા આવનાર માણસ પર હું હંમેશાં હલ્લો કરીશ એ મારી ફિલસુફી છે અને દુશ્મન પ્રહાર કરે તે પહેલાં પ્રહાર કરવાને પ્રત્યેક વ્યકિત તૈયાર થાય એમ હું ઇચ્છું."

આમ જણાવીને શ્રી જે. સી. કુમારપ્પા દાદાસાહેબ માવળંકરની બહુ જ સખત શબ્દોમાં ટીકા કરે છે અને હરિજન બંધુના તંત્રી શ્રી મગનભાઇ દેસાઇ તેમનું સમર્થન કરે છે.

માન્યવર ગણેશ વાસુદેવ માવળંકર કોઇ એક સામાન્ય વ્યકિત નથી. આજની લોકસભાના તેઓ 'સ્પીકર' છે. શ્રી કસ્તુરબા સ્મારક અને ગાંધી સ્મારક નિધિના તેઓ વડા ટ્રસ્ટી છે ગાંધીજીના પણ તેઓ ગાઢ પરિચિત હતા જ. આવી એક વિશિષ્ટ વ્યકિત નેશનલ રાઇફલ એસોસીએશન ઓફ ઇન્ડીઆના પ્રમુખ હોય એ પહેલું આશ્ચર્ય; તેઓ રાઇફલ પ્રવૃત્તિનો આમ પ્રચાર કરે એ બીજું આશ્ચર્ય; "મારા પર હલ્લો કરવા આવનાર માણસ પર હું હંમેશા હલ્લો કરીશ. એ મારી ફીલસુફી છે અને દુશ્મન પ્રહાર કરે તે પહેલાં પ્રહાર કરવાને પ્રત્યેક વ્યકિત તૈયાર થાય એમ હું ઇચ્છું છું" એવા ઉદ્‌ગારો તેઓ કાઢે એ ત્રીજું આશ્ચર્ય; અને આ બધા પાછળ તેઓ દાવો કરે કે "હું મહાત્મા ગાંધી તથા તેમની અહિંસાના સિદ્ધાન્તોનો નિષ્ઠાવાન અનુયાયી છું" આ ચોથું આશ્ચર્ય.

રાષ્ટ્રને આઝાદી મળી અને બહુ થોડા સમયમા ગાંધીજી વિદેહ થયા. આપણે આપણા ભાવીના સૂત્રધાર બન્યા અને એ જવાબદારી અદા કરતાં જે કરવાનું આપણે ભાગે આવે અથવા તો જે પ્રવૃત્તિ તરફ આપણે વળીએ અને પ્રજાને વાળીએ તે બધું ગાંધીજીના વિચારોને અનુરૂપ જ હોવું જોઇએ એવી અપેક્ષા વધારે પડતી છે. ગાંધીજીને આપણે રાષ્ટ્રપિતા તરીકે ઓળખ્યા, ઓળખાવ્યા એમ છતાં પણ આપણા સમાજની નવરચના આપણે આપણી સુઝ મુજબ જ કરવાની રહી. તે સુઝ કોઇ અંશમાં ગાંધીજીના વિચારોને મળતી હોય; કોઇ અંશમાં તેથી અન્ય પ્રકારની પણ હોઇ શકે. વાસ્તવિકતા આ પ્રકારની હોઇને આપણે ગાંધીજીના નામ સાથે સ્વપ્નમાં પણ ન જોડીએ તેવી પ્રવૃત્તિનું ગાંધીજીનું નામ આપીને જો આપણે સમર્થન કરીએ તો આપણે ગાંધીજીનો ભારે દ્રોહ કર્યો કહેવાય. તમાચાની સામે તમાચો અને લાતની સામે લાત તેવી જ રીતે હલ્લાની સામે હલ્લો એ તો જુગજુનો હિંસાવાદ છે. તેમાં પણ દુશ્મન પ્રહાર કરે તે પહેલાં પ્રહાર કરવાનું કહેવું તે

એટલીજ જુગજુની આક્રમણવાદ છે. આને ગાંધીવાદના નામે ઓળખાવવો એ રાક્ષસને દેવ તરીકે, સેતાનને ઈશ્વર તરીકે અથવા તો ઝેરને અમૃત તરીકે ઓળખાવવા બરોબર છે. આ વિચારવાદને બીજું જે કાંઇ સરકારી નામ આપવું હોય તે આપો, પણ તેને ગાંધીવાદ તરીકે હરગીજ ઓળખાવી ન શકાય. આ બે ને બે ચાર જેવી સાદી સમજની વાત છે. બીજું કોઇ આવી વાત કરે તો તેની સમજણની આપણે દયા ખાઇએ; ગાંધીજીના અન્તેવાસી સમા દાદાસાહેબ માવળંકર જ્યારે આવો ઉપદેશ આપે છે ત્યારે આપણી બુદ્ધિ અવાક્ બની જાય છે.

ગાંધીજીના અવસાન બાદ આપણે ઘણી દિશાએ આગળ વધી રહ્યા છીએ; નવી નવી યોજનાઓ હાથ ધરી રહ્યા છીએ; ઘણા નવા કાયદાઓ ઘડી રહ્યા છીએ; અનેક નવી પ્રવૃત્તિઓ નિર્માણ કરી રહ્યા છીએ. આમાનું ઘણું એવું છે કે જો ગાંધીજી હયાત હોત તો તે સંમત ન કરત એમ આપણે નિસંકોચપણે કહી શકીએ તેમ છે. અને એમ છતાં આ બધું ખોટું થઇ રહ્યું છે એમ આપણામાંના ઘણાખરાને લાગતું નથી. આવી વિચિત્ર પરિસ્થિતિ વચ્ચે જો આપણે એવો દાવો કરવા લાગીએ કે અમે ગાંધીજીના માર્ગને જ સર્વથા અનુસરીએ છીએ અને ગાંધીજી હયાત હોત તો આ બધું તેઓ જરૂર અનુમત કરત તો આના જેવું સ્વપરવંચક અસત્ય બીજું કોઇ હોઇ ન શકે.

"સરકારી તાલીમ દ્વારા જ પ્રજામાં શિસ્ત અને નેતૃત્વના ગુણ પેદા કરી શકાય" દાદા સાહેબ માવળંકરના એ વિધાન સામે ભાગ્યેજ કોઇ વાંધો ઉઠાવશે, પણ શ્રી કુમારપ્પા જણાવે છે તે મુજબ "અહિંસક શિસ્ત અને લશ્કરી શિસ્ત વચ્ચે રહેલો પાયાનો ભેદ શ્રી માવળંકર સમજ્યા જ લાગતા નથી. પહેલી વસ્તુ આન્તરિક આત્મનિગ્રહ છે અને સાચી સ્વતંત્રતા અને સર્વોદયનો એક માત્ર સાચો પાયો છે, જ્યારે લશ્કરી શિસ્તમાં તો કેવળ બીજાના હુકમોનું પાલન કરવાનું જ હોય અને તેમાંથી ગુલામગીરી અને સરમુખત્યારશાહી પેદા થાય છે."

એ પણ ખરું છે કે "લોકો બાયલા બને એ રીતે અહિંસા આચરવામાં આવે એવું ગાંધીજી કદી પણ માંગતા નહોતા. પણ બાયલાપણાનું નિવારણ માત્ર શસ્ત્રસજ્જતા વડે જ શક્ય છે એમ કદિ ગાંધીજીએ કહ્યું કે માન્યું નહોતું. ગાંધીજીએ કદિ શસ્ત્ર ધારણ કર્યા નહોતા; કોઇને પણ બહાદુર બનવા માટે શસ્ત્ર ધારણ કરવાની તેમણે કદિ સલાહ આપી નહોતી. નિર્વીર્ય અહિંસા સામે પ્રણવાનની શુરવીરની અહિંસા કેવી હોય અને તે શુરવીરતા શસ્ત્રસજ્જ સૈનિક કરતાં કેટલી બધી ચડિયાતી અને સૌ કોઇનું શ્રેય કરનારી હોય એજ તત્વ ગાંધીજીએ આપણને પોતાના અપૂર્વ જીવનચરિતદ્વારા શિખવ્યું છે. હિંદની આઝાદીની આખી લડત પણ આજ તત્વ ઉપર નિર્માણ કરવામાં આવી હતી. આમ છતા પણ બાયલાપણાંને નાબુદ કરવા ગાંધીવાદી દાદાસાહેબ માવળંકર રાયફલ ધારણ કરવાનો ઉપદેશ આપણને આપે છે આ ભારે વિસ્મયજનક છે.

આ રીતે રાઇફલ એસોસીએશન પણ એક એવી સંસ્થા છે કે જેનો ગાંધીવિચાર સાથે મેળ બેસાડવાનું કોઇ પણ રીતે શક્ય નથી. આમ છતાં પણ આજના પ્રજાજનોને ગાંધીજીના વિચાર કે વલણની ઉપેક્ષા કરીને રાઇફલનો માર્ગ ધારણ કરવાનું પોતાના હિતમાં લાગે તો તે માર્ગે જવાને તેઓ સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે. અહિં કહેવાનું એટલું જ પ્રાપ્ત થાય છે કે રાઇફલ પ્રવૃત્તિ સાથે ગાંધીજીનું નામ જોડીને તેનો જે પ્રચાર કરવામાં આવે છે તે ભારે અનર્થવાહી અને અત્યન્ત દુઃખદ છે.

આવી વિચારણાના માત્ર દાદાસાહેબને જ દોષભાગી લેખીએ એ બરોબર નથી. વસ્તુતઃ આપણી સર્વની પ્રકૃતિમાં હિંસાની ઉંડી જડ ઘેરાઇ છે. "વૈર પ્રતિવૈર વૃત્તિથી આપણું સર્વનું માનસ ચિરકાળથી ગ્રસ્ત છે. ઇશુ ખ્રીસ્ત Resist not evil by evil એમ એમ પોકારતો પોકારતો ક્રોસ ઉપર વિદેહ થયો; ગાંધીજી પણ "વેરથી વેરનું શમન નહિ થાય" એ જ પોકાર કરતા કરતા ગોડસેની ગોળીને શરણ થયા. ગાંધીજીને આપણે અધિદેવતાના સ્થાને સ્થાપ્યા, તેમની પૂજા કરી, આરતી ઉતારી, પણ આપણામાં વૈર પ્રતિવૈરની વૃત્તિ એટલી જ કાયમ રહી છે અથ એમ છતાં પણ અહિંસા અને ગાંધીજીના નામને આપણે હંમેશા આગળ કરતા રહ્યા છીએ. દાદા સાહેબ માવળંકર જેવી વિશિષ્ટ વ્યકિત જ્યારે આવા વિસંવાદી ઉદ્ગારો કાઢે છે ત્યારે એટલું જ કહેવાનું રહે છે કે ગાંધીજી તો આવ્યા અને ગયા પણ સાચી અહિંસા તો હજુ આપણા દિલમાં ઉગે ત્યારે ખરી !

## દેવદ્રવ્યનો સામાજિક ઉપયોગ અને માન્યવર શેઠ કસ્તુરભાઇ લાલભાઇ

ગયા ડીસેમ્બર માસની આખરમાં પાટણના જૈન સંઘ તરફથી માનપત્ર સ્વીકારવાના પ્રસંગે દેવદ્રવ્યના સામાજિક ઉપયોગ વિષે બોલતાં શ્રી કસ્તુરભાઇએ જણાવ્યું હતું કે " દેવદ્રવ્ય વગેરે સંબંધી ડો૰ સેવંતીલાલે જણાવેલા વિચારો ઉપર મારે કહેવું જોઇએ કે હવે જમાનો પલટાયો છે. માટે દેવદ્રવ્ય મંદિરોમાં ન વપરાતાં બીજે ખર્ચાવું જોઇએ એ બરોબર નથી. બોર્ડીંગો સ્કુલો વગેરે કરવા જો ધરખમ હોય તો બહાર નીકળી પૈસા ભેગા કરવા જોઇએ. વાત કરતાં હજારો રૂપીયા મળી રહેશે. તેને માટે કમ્મર કસવી જોઇએ. મંદિરના પૈસા મંદિર સિવાય કયાંય વાપરી શકાતા નથી. આપણા શાસ્ત્રો દેવદ્રવ્ય મંદિરમાં જ વપરાય એમ કહે છે.

"હિંદુસ્તાનમાં ઘણાં ધર્મો પ્રચલિત છે. મેં શિલ્પના અભ્યાસ ખાતર દરેક ધર્મનાં મંદિરો જોયાં છે. પણ જૈન શ્વેતાંબર કોમના જ મંદિરો સુદૃઢ જોયાં છે. તેનું કારણ દેવદ્રવ્ય આપણા શાસ્ત્રમાં બતાવેલ પ્રથા પ્રમાણે આપણું વાપર્યું છે, આપણાં હજારો મંદિરો છે.

"એલુર અને હલેબીડ એવાં બે ગામો માયસોરથી દોઢસોએક માઇલ દૂર આવેલાં છે. ત્યાં આગળ આબુ જેવી કોતરણીની સુન્દર હિંદુ મંદિરો છે, પણ તે સુવ્યવસ્થિત સ્થિતિમાં રહ્યા નથી. એટલું જ નહિ પણ ઐતિહાસિક પુરાવા પ્રમાણે બે એક સૈકા પહેલાં ત્યાં ૧૩૦૦ જેટલાં દિગંબર મંદિરો હતા. તેમાંથી હાલ ચાર પાંચથી વિશેષ રહ્યા નથી. તેમાં ૨૦ થી ૨૫ ફુટ ઉંચી સુન્દર તીર્થંકરોની મૂર્તિઓ બિરાજમાન છે. બીજાં બધાં મંદિરો નાશ પામ્યા છે. આનું મુખ્ય કારણ હિંદુઓમાં કે દિગંબર જૈનોમાં એવું વ્યવસ્થિત ટ્રસ્ટ નથી કે આમદાની નથી કે જેનાથી આટલા સરસ મંદિર સુવ્યવસ્થિત રાખી શકાય. દેવદ્રવ્ય શા માટે બીજે વપરાવું ન જોઇએ એનો મેં સચોટ રદિયો આપ્યો છે.

"પૂજ્ય ગાંધીજીની વાત છે. તેઓ કહેતા હતા કે જે કામને માટે જે પૈસા લેવાયા તે સિવાય વાપરવા અધિકાર નથી. એક વખત મેં અમુક પૈસા એવા ભળતા જ કાર્યમાં વાપરેલા, છતા પૂજ્ય ગાંધીજી તરફથી મને ઠપકો મળ્યો હતો. દેવદ્રવ્ય જીર્ણોદ્ધાર સિવાય બીજે વાપરી ન શકાય એવો મારો સચોટ અભિપ્રાય છે."

'દેવદ્રવ્યનો સામાજિક ઉપયોગ કરવાની આપણાં ધર્મશાસ્ત્રો સ્પષ્ટ મના કરે છે, હું પણ એમ જ કહું છું અને ગાંધીજીનો પણ એ અભિપ્રાય હતો. હવે દેવદ્રવ્યના ઉપયોગ વિષે અન્યથા વિચારને કોઇ અવકાશ જ હોઇ ન શકે' એમ માન્યવર કસ્તુરભાઇ વિચારતા લાગે છે. તેમના ઉદ્ગારોનો ભાવ પણ કાંઇક આવો જ દેખાય છે.

આ ચર્ચામાં ગાંધીજીના નામને દાખલ કરવામાં આવ્યું ન હોત તો વધારે ઠીક થાત, પણ આપણે ચોતરફ જોઇએ છીએ તે મુજબ પોતાના વિચાર સાથે ગાંધીજીનું નામ સાંકળવાની આજના

નેતાઓને લત લાંગી છે. પોતાનો વિચાર સ્વતંત્ર રીતે ઉભો રહી શકે તેમ નથી એવી અશ્રદ્ધાનો આ રીતમાં આછો એવો ભાસ થાય છે.

માન્યવર કસ્તુરભાઇ ભલે એમ માનતા હોય કે દેવદ્રવ્યનો સામાજિક ઉપયોગ ઇચ્છતા સુધારકોને પોતે સચોટ રદિયો આપ્યો છે, પણ ચાલુ પ્રથાના સમર્થનમાં તેમણે માત્ર એક જ દલીલ રજુ કરી છે અને તે એ કે આપણાં આજે આટલાં બધાં મંદિરો મોજુદ છે તે દેવદ્રવ્યના મર્યાદિત ઉપયોગની પ્રથાને આભારી છે. આના ઉત્તરરૂપે જણાવવાનું કે દેવદ્રવ્યના એકાંગી ઉપયોગને લીધે જરૂર થોડાંક નવાં મંદિરો બંધાયાં હશે તેમજ જર્જરિત થતાં મંદિરોનો થોડો ઘણો જીર્ણોધ્ધાર પણ થયો હશે, પણ મંદિરોની આટલી બધી વિપુલતાનું ખરું કારણ એ છે કે આપણા ધર્માચાર્યો મંદિરો બંધાવવા ઉપર અને મૂર્તિઓ નિર્માણ કરવા ઉપર કોઇ કાળથી અસાધારણ ભાર મૂકતા આવ્યા છે. એક કાળે બ્રાહ્મણો યજ્ઞ ઉપર ખૂબ ભાર મૂકતા અને દેશમાં પાર વિનાના યજ્ઞો થતાં. આવી જ રીતે ધર્મસાધના એટલે મૂર્તિ અને મંદિર–આત્મજ્ઞાન મંદિરો બંધાવો, પારવિનાની મૂર્તિઓ ઘડાવો, મૂર્તિને સોના ચાંદીથી મઢો, હીરામોતીનાં આભૂષણો કરાવો, વરઘોડા કાઢો અને અઠ્ઠાઇ મહોત્સવો કરો–આમ આપણું આખું ધાર્મિક જીવન મૂર્તિ અને મંદિર આસપાસ જ મોટા ભાગે ઘેરાયેલું રહ્યું છે. આવા એકાન્ત પ્રચાર અને વાતાવરણના પરિણામે સંખ્યાબંધ મંદિરો નિર્માણ થયાં–તે એટલે સુધી કે એવાં પણ અનેક સ્થળો છે કે જ્યાં મંદિરો છે પણ પૂજનારા નથી. ઇતિહાસકાળમાં આ એક મંદિરયુગ હતો. માત્ર જૈન ધર્મ પૂરતી જ નહિ પણ સર્વ ધર્મો ઉપર આ મંદિરયુગની બળવાન અસર પડી છે. શિવવિષ્ણુના મંદિરની પણ કયાં કમીના છે? દેવદ્રવ્યની પ્રથા સિવાય પણ દક્ષિણ હિંદુસ્તાનમાં શિવવિષ્ણુનાં ઢગલાબંધ મંદિરો આજે મોજુદ છે. જ્યાં મુસલમાનોનું આક્રમણ થયું ત્યાં મંદિરો નાશ પામ્યાં; જ્યાં એ આક્રમણ ન ફેલાયું ત્યાં મંદિરો ટકી રહ્યાં. મંદિરોની મોજુદે હાલત અને દેવદ્રવ્યની પ્રથાને શેઠ કસ્તુરભાઇ કલ્પે છે એવો કોઇ ગાઢ સંબંધ છે જ નહિ.

હવે આ મંદિરયુગ પૂરો થયો છે. અને સામાજિક યુગ શરૂ થયો છે. આનો અર્થ એમ કોઇ ન કરે કે મંદિર અને મૂર્તિનો હવે કોઇ ઉપયોગ રહ્યો નથી. ધર્મસંસ્થા સાથે મંદિરસંસ્થા અનિવાર્યપણે સંકળાયલી છે. ઇસ્લામમાં મંદિરનું સ્થાન મસજિદે લીધું છે. ધર્મસંસ્થાનું અસ્તિત્વ હશે ત્યાં સુધી મંદિર કે મસજિદનું અસ્તિત્વ બંધ થવાનું જ નથી. ફામળો આજે ફરક એ પડયો છે કે આજે આપણે ઘણા વધારે સમાજલક્ષી બન્યા છીએ અને તેથી મંદિરની મુડીમાં ચાલુ આવક દ્વારા વધારો થયા કરે અને તેમાંથી જે કાંઇ ખરચાય તે માત્ર આંગી આભૂષણ અને ઘણે ઠેકાણે બીનજરૂરી નવાં મંદિરો બંધાવવા પાછળ ખરચાય અને બાકી સંચય જ થયા કરે તેના બદલે મંદિરના નિભાવ તથા ટકાવ પાછળ જરૂરી હોય તેટલું દ્રવ્ય બાજુએ રાખતાં વધારાનાં દ્રવ્યનો સામાજિક હિતોનાં કાર્યમાં ઉપયોગ થવો જોઇએ એમ આપણું સમાજલક્ષી માનસ જોરશોરથી કહી રહ્યું છે.

દેવદ્રવ્યને અન્ય કાર્યમાં વાપરવાનો પ્રતિબંધ જૈન સમાજ સિવાય અન્ય કોઇ ધાર્મિક સમાજમાં છે જ નહિ. જૈન સમાજમાં પણ શ્વે. મૂ. સમાજ આ બાબતમાં ઘણો વધારે કટ્ટર છે. દિગંબર સમાજમાં આટલો બધો આગ્રહ નથી. મુસલમાનોની મસજિદો અને ખ્રીસ્તીઓના ચર્ચોની આવકમાંથી શૈક્ષણિક તેમજ પરોપકારની અનેક પ્રવૃત્તિઓ નિર્માણ થઇ છે અને થાય છે. મંદિરની વધારાની આવકનો સામાજિક કાર્યોમાં ઉપયોગ થવો જોઇએ એ સહજ સ્વીકૃત બને તેવો વિચાર સ્વીકારવામાં ધર્મશાસ્ત્રના અમુક પ્રતિબંધક ઉલ્લેખો અને તેના આધારે આજ સુધી સર્વમાન્ય બનેલો સંકેત આડે આવે છે.

જે કાળે જે રૂઢિ પ્રચલિત બને છે તેનાં સમર્થક વિધાનો તે કાળના ધર્મશાસ્ત્રોમાં દાખલ કરવામાં આવે છે. એક કાળે જૈન સમાજમાં ચૈત્યવાસની પ્રથા હતી. શિથિલાચારી સાધુઓ ચૈત્યવાસ કરતા અને તેમના હાથે ચૈત્યદ્રવ્યનો ભારે દુરૂપયોગ થતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઇને જૈન સાધુઓને ચૈત્યમાં રહેવાની મનાઇ કરવામાં આવી. અને મંદિર અને મૂર્તિનું એ કાળમાં અત્યન્ત મહત્વ હોઇને મંદિરમાં થતી આવકનો મંદિર અને મૂર્તિ સિવાય અન્ય કાર્યમાં ઉપયોગ થઇ ન શકે એવી માન્યતા સ્વીકારવામાં આવી, કાળક્રમે તે માન્યતા સુદૃઢ થતી ચાલી અને તદનુસાર શાસ્ત્રગ્રંથોમાં વિધિનિષેધો દાખલ થયા.

આજે સાધુઓના ચૈત્યવાસનો પ્રશ્ન નથી. આજે છે તેટલાં મંદિરો સાચવવા મુશ્કેલ છે, ત્યાં સ્થાનિક જરૂરિયાત સિવાય નવાં મંદિરો બંધાવવાનો પણ કોઇ પ્રશ્ન જ નથી. મૂર્તિઓ પણ ઢગલાબંધ પડેલી છે. મંદિરો સાદાં અને મૂર્તિઓ કશા પણ ઠાઠમાઠ વિનાની હોવી જોઇએ એ વિચાર ચોતરફ સ્વીકારાતો જાય છે. બીજી બાજુએ લોકમાનસ ધાર્મિક માન્યતા, વહેમ, લાંબા કાળનો અધ્યાસ તેમાંથી ઐહિક લાભ મળવાની આકાંક્ષા આવાં અનેક કારણોને લીધે મંદિરો તરફ ખૂબ ઢળેલું રહ્યું છે અને દાનનો પ્રવાહ એ દિશા તરફ હજુ અસ્ખલિતપણે વહ્યો જાય છે. આવા સંયોગો વચ્ચે શાણપણની એ જ સુજ હોઇ શકે કે મંદિરની આવકને સામાજિક હિતના કાર્યો તરફ વાળી દેવી, જેથી મંદિરો નભ્યા કરે અને સામાજિક કાર્યો પણ થતા રહે.

આપણે દેવદ્રવ્ય સંબંધી આજ સુધી એક પ્રથા સ્વીકારી. આજે આપણને મળેલી નવી સુજના પરિણામે આપણે બધા એકઠા મળીને એ પ્રથામાં ફેરફાર કરવાનો નિર્ણય કરી શકીએ છીએ. ધર્મશાસ્ત્રનાં વિધિનિષેધોએ લોકકલ્યાણને અનુસરીને–નહિં કે તેને રૂંધીને–ચાલવાનું છે. લોકકલ્યાણને અમુક વિધિનિષેધ પોષક નથી એમ માલુમ પડતાં દરેક સમાજને તેમાં જરૂરી ફેરફાર કરવાનો કાળસિધ્ધ હકક છે.

બીજી પ્રવૃત્તિઓ માટે બીજા ફંડો કરો–દેવદ્રવ્યને અડકવાનો વિચાર ન કરો એમ માન્યવર કસ્તુરભાઇ શેઠ કહે છે. તેમના વિષે પૂરો આદર હોવા છતાં આપણે તેમને જવાબ આપી શકીએ છીએ કે બીજી પ્રવૃત્તિઓ માટે ફંડ થાય કે ન થાય, આ દ્રવ્યને આમ સ્થગિત રાખવાનો આવો વિચિત્ર આગ્રહ શા માટે?

પોતાના સમર્થનમાં શેઠ કસ્તુરભાઇ ગાંધીજીને ખેંચી લાવે છે. જે દાન જે કાર્ય માટે મળ્યું હોય તેમાં તે વપરાવું જોઇએ–આમાં ગાંધીજીએ નવું શું કહ્યું? સામાન્ય રીતે આપણે પણ આમ જ માનીએ છીએ. પણ દેવદ્રવ્યનો પ્રશ્ન આ કોટિનો નથી. જેને દ્રવ્ય ન ખપે એવા દેવ સાથે આ દ્રવ્યની માલિકીને આપણે જોડીએ છીએ અને પછી દેવ એટલે મૂર્તિ અને મંદિર એવો અર્થ કરીને દેવદ્રવ્યના ઉપયોગની આપણે એક કૃત્રિમ મર્યાદા બાંધીએ છીએ. વસ્તુતઃ મંદિર એ એક પ્રકારની ધાર્મિક–સામાજિક સંસ્થા છે અને તેની આવક વ્યાપક અર્થમાં સામાજિક આવક છે. આ જ બાબતને આપણે બીજી રીતે પણ વિચારી શકીએ છીએ. દેવ અથવા ઇશ્વરના આ દુનિયા ઉપર ખરા પ્રતિનિધિ કોણ? મૂર્તિ અને મંદિર કે માનવસમાજ કે જેના વિષે તે દેવ યા ઇશ્વર અનંત કરૂણા સેવે છે? સંભવ છે કે દેવદ્રવ્યનો પ્રશ્ન ગાંધીજી સમક્ષ તેની સમગ્ર બાજુએથી મૂકવામાં આવ્યો હોત તો તેઓ આપણી વિચારજડતા ઉપર જરૂર હસ્યા હોત અને દેવમંદિરની વધારાની મુડી અને આવકનો ઉપયોગ દરિદ્રનારાયણ માટે જ થવો

જોઈએ એમ આપણા કર્મના ભોગવીને તેમણે કરવું હોત. સારાંશ કે આર્થિકની સામાન્યતા અપાયેલી સલાહ દરેકવ્યવહારવિચાર ઉપયોગને મુક્ત અને વ્યાપક બનાવવાની જરૂર પણ આડે આવે છે એમ માનવાને જરાયમાત્ર કારણ નથી.

આગળ જણાવ્યું તેમ કાળબળ આજે આપણને વધારે ને વધારે સમાજલક્ષી બનાવી રહેલ છે. નવો વિચારપ્રવાહ મૂર્તિ અને મંદિરથી ધીમે ધીમે વિમુખ બનતો ચાલ્યો છે. જે સંસ્થાની સામાજિક ઉપયોગીતા નથી તે સંસ્થાને ટકી રહેવાનું મુશ્કેલ બનતું જાય છે. આવા પ્રતિકુળ વિચારપ્રવાહ સામે મંદિર અને મૂર્તિને ટકાવી રાખવાનો જે સમાજ યા સંપ્રદાયને આગ્રહ હોય તેણે મંદિર તથા મૂર્તિમાંથી થતી આવકને લોકકલ્યાણના કાર્યો તરફ વાળવી જ પડશે. આમ કરવાથી જ નવી પેઢીને મંદિરસંસ્થા સાથે સંકલિત રાખી શકાશે. કમનસીબે આ વિચાર અને દૃષ્ટિ શ્રી કસ્તુરભાઈને માન્ય બનવાનો સંભવ નથી; કારણ કે ધાર્મિક બાબતો વિષે તેમણે સ્વતંત્રપણે વિચાર કરવાનો કદિ પ્રયત્ન જ કર્યો નથી.

ખેલુર અને હલેબીડ વિષે માન્યવર કસ્તુરભાઈએ કરેલા ઉલ્લેખ સબંધે જણાવવાનું કે ખેલુરમાં જે ખંડિયેરો છે તે કેશવ એટલે કે વિષ્ણુના મંદિરોનાં છે, ત્યાં કોઈ જૈન મંદિરો હતાં જ નહિ. હલેબીડમાં શિવવિષ્ણુનાં મંદિરો સાથે હાલ પણ જર્જરિત બે ત્રણ દિગંબર જૈન મંદિરો છે અને તે સ્થળ ઉપર શેઠ કસ્તુરભાઈ જણાવે છે તેમ એક બે સૈકા પહેલાં નહિ પણ આઠસોથી હજાર વર્ષ પહેલાં મોટી સંખ્યામાં જૈન મંદિરો હોય એમ ત્યાંથી નીકળતા મંદિરના અવશેષો ઉપરથી માલુમ પડે છે. આ સંખ્યા ૧૪૦૦ ની હોવાનું શેઠ કસ્તુરભાઈ જણાવે છે તે અત્યુક્તિની પરાકાષ્ટા છે. શત્રુંજયને જોડે મંદિર સમુચ્ચય આજે હિંદમાં અન્ય કોઈ સ્થળે મળે તેમ નથી. તેની સંખ્યા પણ ૧૦૦ની અંદર છે. હલેબીડનાં જૈન મંદિરોનો નાશ થવાનું કારણ વ્યવસ્થિત ટ્રસ્ટ કે આમદાનીનો અભાવ એ નથી પણ એ પ્રદેશમાં એક કાળે જૈનોની ખૂબ વસ્તી હતી. શંકરાચાર્યના જૈનવિરોધી પ્રચારના પરિણામે બ્રાહ્મણો અને જૈનો વચ્ચે ભારે સંઘર્ષ ઉભો થયેલો અને જૈનોની મોટા પાયા ઉપર કતલ કરવામાં આવેલી એમ એ કાળનો ઇતિહાસ કહે છે. આમ જૈન વસ્તી નાબુદ થતાં જૈન મંદિરો ટકી ન જ શકે એ સ્વાભાવિક છે. બ્રાહ્મણોએ પણ એ દિવસોમાં ધર્મદ્વેષના કારણે જૈન મંદિરોનો સારા પ્રમાણમાં નાશ કર્યો હોય એ સંભવિત છે. આજે પણ જૈન મંદિરો કરતાં જૈન વસ્તીને ટકાવવાનો પ્રશ્ન વધારે મહત્ત્વનો છે. એ ઘટતી જશે તો દેવદ્રવ્ય-ની પાળ મંદિરનાશના કોઈ પ્રવાહને રોકી નહિ શકે. અને આટલા જ માટે દેવદ્રવ્યનો સામાજિક ઉપયોગ જૈન સમાજની જર્જરિત થતી જતી દશાને અટકાવવા માટે અત્યન્ત જરૂરી છે.

## શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાલય તથા વિદ્યાર્થીગૃહના ઉજ્જાયક્ષી સુવર્ણ મહોત્સવ

મુંબઈમાં વસતા કચ્છી પ્રજાજનોમાં મોટો ભાગ જૈનો છે. આ જૈનોમાં પણ બે જ્ઞાતિઓ મુખ્યસ્થાન ભરાવે છે. એક કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ જેમનો વ્યવસાય વીમો, મુકાદમી, એકસપોર્ટ ઈમ્પોર્ટ વગેરેને લગતો છે. આ જ્ઞાતિનાં બધાં કુટુંબો જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક છે. બીજી કચ્છી વીશા ઓશવાળ જ્ઞાતિ જેમનો મુખ્ય વ્યવસાય અનાજના વ્યાપારનો છે. આ વીશા ઓશવાળ જ્ઞાતિની બે સાંપ્રદાયિક સમાજોની બનેલી છે–એક સ્થાનકવાસી અને બીજી દેરાવાસી અર્થાત્ તેરાપંથી શ્વેતાંબર મૂર્તિપૂજક. આ કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિની બે શિક્ષણ સંસ્થાઓ–શ્રી વીરજી લધાભાઈ કા. દ. ઓ. જૈન વિદ્યાર્થીગૃહ અને શ્રી ખેતશી ગંગભોજ બીજી અજાણી કા.દ.ઓ જૈન વિદ્યાલય–આ બન્ને સંસ્થાના સંચાલકોએ ગયા ડીસેમ્બર માસની ૨૯મી તારીખ, તથા તા. ૩૦મી ડીસેમ્બરની પહેલી બપોર તારીખ એમ ત્રણ દિવસ પોતાનો સુવર્ણ મહોત્સવ ભારે ધામધૂમ રીતે ઉજવ્યો હતો.

પહેલા દિવસનો સમારંભ આ વિદ્યાલયના આદ્યસ્થાપકો જ્ઞાતિજનોનું આદરનિવેદન અને તેમનાં તૈલચિત્રોના અનાવરણ સાથે લગતો હતો. આ સમારંભનું પ્રમુખસ્થાન મુંબઈ મહાસભા સમિતિના પ્રમુખશ્રી એસ. કે. પાટિલે લીધું હતું. સમારંભ પછી ધાર્મિક અને 'સમડીવિહાર'નું નાટક ભજવી બતાવવામાં આવ્યું હતું.

બીજા દિવસે પ્રસ્તુત વિદ્યાલયનો સુવર્ણ મહોત્સવ સમગ્ર પ્રદેશના પંત પ્રધાન માન્યવર શ્રી મોરારજી દેશાઈના પ્રમુખપણા નીચે ઉજવાયો હતો. આ વિદ્યાલયમાં સહશિક્ષણની પ્રથા સ્વીકારવામાં આવી છે અને આ વિદ્યાલયનો કુલ ૪૨૮ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. બાલકેળવણીથી મેટ્રીક સુધી આ સંસ્થામાં શિક્ષણ આપવામાં આવે છે અને એ ઉપરાંત લલિત કળાઓ તથા વિવિધલક્ષી હુન્નર ઉદ્યોગની તાલીમ પણ આપવામાં આવે છે. આ સમારંભના અંતે સુંદર મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને તેમાં 'પ્રસ્તુત મંદિર' અને 'નોળિયાના ભારા' એ નામની બે નાટિકાઓ ભજવવામાં આવી હતી.

ત્રીજા દિવસે પ્રસ્તુત વિદ્યાર્થીગૃહ અથવા તો છાત્રાલયનો સુવર્ણ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ મહોત્સવનું પ્રમુખસ્થાન મુંબઈ પ્રદેશના રાજ્યપાલ માન્યવર મંગળદાસ પકવાસાએ શોભાવ્યું હતું. આ છાત્રાલયનો લાભ હાઈસ્કુલ તેમજ કોલેજમાં ભણતા જ્ઞાતિના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. હાલ ૨૨૦ વિદ્યાર્થીઓ છે. આ સુવર્ણમહોત્સવ પ્રસંગને અંગે વિદ્યાર્થીગૃહના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સંસ્થા માટે લગભગ ૩૦૦૦૭ ની રકમ એકઠી કરી હતી જેમાંથી વસુલ થયેલી રકમ રૂ. ૨૫૦૦૭ નો ચેક એ જ પ્રસંગે ઋણપ્રતિદાન તરીકે પ્રમુખ સાહેબ મારફત સંસ્થાના સંચાલકોને સુપ્રત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ દર માસે આ વિદ્યાર્થીગૃહને અમુક અમુક રકમ આપવાનાં વચનો આપ્યા હતાં. જેનો સરવાળો માસિક મદદ પેટે રૂ. ૪૫૦ નો થયો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના દિલમાં સંસ્થા પ્રત્યે રહેલી ઋણવૃત્તિને આવું સંગીન મૂર્ત સ્વરૂપ આપવા બદલ તેમને અનેક અભિનન્દન ઘટે છે. આવી અનેક સંસ્થાઓએ અનેક વિદ્યાર્થીઓને આજે જીવનમાં તરતા કર્યા છે અને તેમાંથી કેટલાક તો સમૃધ્ધિ અથવા તો સત્તાના ટોચસ્થાનોએ પહોંચ્યા છે. તેઓ આ જ રીતે પોતા ઉપર રહેલા સંસ્થાના ઋણ-રને ઋણપ્રતિદાનની રીતે વિચાર કરવા લાગે તો તે સંસ્થાઓના નિભાવની ચિન્તાનો કોઈ પ્રશ્ન જ ન રહે.

ત્રીજા દિવસના પ્રાસંગિક વિવેચનો દરમિયાન બહેનોના બહેનો માટે કાંઈક કરવાની સૌ કોઈના દિલને સ્પર્શે એવી અપીલ કરી; પ્રમુખશ્રી મંગળદાસભાઈએ પણ આ અપીલનું સમર્થન કર્યું. ભાઈઓ માટે આટલું બધું અને બહેનો માટે કાંઈ જ નહિ આ અપીલ એક સખી દિલના આદમીના હૃદયને સ્પર્શી આવી ગઈ. તે શ્રી વીરજી લધાભાઈ. તેમણે હજુ થોડા સમય પહેલાં જ વિદ્યાર્થી-ગૃહને એક લાખ રૂપીઆનું દાન કર્યું હતું. તેમણે આ પ્રસંગે પોતાનાં પત્નીનું નામ જોડવાની સરતે કન્યાછાત્રાલય માટે માંડવી વિસ્તારમાં આવેલા લગભગ સવા લાખની કીંમતના બે મકાનો ભેટ આપ્યા. આ જાહેરાત સાથે ઉપસ્થિત ભાઈ બહેનો તરફથી દાનનો પ્રવાહ વહેવા શરૂ થયો. એક કે દોઢ કલાકની અંદર કન્યાછાત્રાલયમાં પ્રીમિયમ રૂ. ૪૨૦૦૦ ભરાયા; વિદ્યાલય અને વિદ્યાર્થીગૃહના સાધારણ ફંડમાં લગભગ એક લાખ, વિદ્યાલય માટે અલગ રૂ. ૨૫૦૦૦૭ અને વિદ્યાર્થીગૃહ માટે અલગ રૂ. ૨૦૦૦૦ ની રકમો જાહેર થઈ. કુલ

નલિયામાં આ જ્ઞાતિ તરફથી ચાલતા બાળાશ્રમને પણ રૂ. ૧૫૦૦ મળ્યા. આગળ જણાવ્યું તેમ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી વિદ્યાર્થી-ગૃહને રૂ. ૨૫૦૦૦ અને વિદ્યાલયને રૂ ૬૦૦૦ અને વિદ્યાર્થીગૃહને માસિક રૂ. ૪૫૦ના વચનો આપવામાં આવ્યા. આમ સવાત્રણ લાખ રૂપિયાની સખાવત જાહેર થઈ; માસિક મદદની રૂ. ૪૫૦ ને વ્યાજના હિસાબે ગણતા એ રકમ પોણા બે લાખની ગણાય. આ ઉપરાંત ઘરેણાં ગાંઠા મળ્યા તે જુદા.

છેલ્લા દિવસની સભાનો કાર્યક્રમ પૂરો થવા બાદ વિવિધ પ્રકારનો રંજન કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો અને 'સત્યનિષ્ઠ વિક્રમાદિત્ય' અને 'હું આ તો વિવાહ' એ નામની બે નાટિકાઓ ભજવવામાં આવી હતી.

આમ ત્રણ દિવસ કચ્છી દશા ઓશવાલ કોમના ભાઇ બહેનોએ ભરચક કાર્યક્રમદ્વારા પોતાની બે શિક્ષણ સંસ્થાઓનો સુવર્ણ મહોત્સવ ભારે આનંદ, ઉલ્લાસ અને ઠાઠમાઠપૂર્વક ઉજવ્યો. આ સુવર્ણ મહોત્સવ માટે ૫૦૦ ભાઇબહેનો સમાઇ શકે એવો વિશાળ મંડપ અને ભવ્ય રંગભૂમિ ઉભાં કરવામાં આવ્યાં હતા. મંડળને ભાઇ-બહેનોથી ચિકાર ભરેલો રહેતો હતો અને તેમાં પણ સવિશેષ આનંદની વાત તો એ હતી કે આ સભાઓ અને મનોરંજક કાર્યક્રમોમાં જેટલા ભાઇઓએ તેટલી જ સંખ્યામાં બહેનોએ આદિથી અન્ત સુધી એકસરખો ભાગ લીધો હતો.

કચ્છી દ. ઓ. વિદ્યાલયનો પ્રારંભ ઈ. સ. ૧૯૦૦ના ઓકટોબર માસની ૨૮મી તારીખે 'શ્રી આ કચ્છી દશા ઓશવાળ જૈન પાઠશાળા' એ નામની ગુજરાતી ચાર ધોરણની નિશાળથી કરવામાં આવ્યો હતો. આજે મુંબઇની કોઇ પણ હાઇસ્કુલ સાથે ઉભી રહી શકે તેવી સાધનસંપન્નતા અને શિક્ષકસંપન્નતા આ વિદ્યાલયે પ્રાપ્ત કરી છે. ૫૪ વર્ષના તેના આયુષ્યમાં મુંબઇના કોમી હુલ્લડોએ આ સંસ્થા માટે અનેકવાર આફતો ઉભી કરી હતી. જે લતામાં આ વિદ્યાલય ચાલે છે તે માંડવી વિભાગ હિંદુમુસલમાનની સરહદને લગતો છે. ૧૯૪૪ના ગોદી ધડાકાએ આ સંસ્થાને પ્રાથમિક વિભાગ જે મકાનમાં ચાલતો હતો તેનો નાશ કર્યો હતો. આવી અનેક જીવનમરણની કટોકટીમાંથી આ વિદ્યાલય પસાર થયું છે અને એમ છતાં ઉત્તરોત્તર વિકાસ પામતું રહ્યું છે. વિદ્યાલયનું વાર્ષિક ખર્ચ લગભગ રૂા. ૬૦૦૦૦ નું છે જ્યારે મુખ્ય આવક રૂા. ૫૫૦૦૦ની છે. સંસ્થાની અસ્કયામતો જે આરંભેકાળે રૂ. ૩૬૫૯૧ની હતી તે વધીને આજે રૂ. ૪૭૬૩૮૮ સુધી પહોંચી છે. આ સંસ્થાને પોતાના સ્વતંત્ર મકાનની ખાસ જરૂર છે.

ઉપર જણાવ્યા મુજબ ઇ. સ. ૧૯૦૦ માં કચ્છી દ. ઓ. જૈન પાઠશાળાની શરૂઆત કર્યા બાદ ચાર વર્ષને ગાળે કચ્છી દશા ઓશવાળ જૈન બોર્ડીંગની ૧૮ વિદ્યાર્થીઓ વડે શરૂઆત કરવામાં આવી હતી. આ સંસ્થા આજે પોતાનું મકાન ધરાવે છે પણ વિદ્યાર્થીઓની વધતી જતી માંગને હવે આ મકાન પહોંચી શકતું નથી અને વધારે વિશાળ મકાનની જરૂરિઆત ઉભી થઇ છે. પ્રારંભના રૂ. ૨૩૭૮૧ થી આજે આ સંસ્થાનું અનામત ફંડ રૂ. ૧૫૪૫૦૦ સુધી પહોંચ્યું છે અને રૂ. ૫૭૦૦૬૩ ની અસ્કયામતો આ સંસ્થા ધરાવે છે.

કચ્છી સમાજ વ્યાપારમાં આરંભથી મોખરે છે પણ કેળવણીની દિશાએ આજે પણ તેની હરોળની અન્ય સમાજોની સરખામણીએ ઘણો પછાત છે. આ પછાતપણું દૂર કરવા માટે કચ્છી સમાજના જુદા જુદા વિભાગો કટિબદ્ધ થયા છે. આ બન્ને સંસ્થાઓએ સાધેલો પચાસ વર્ષના ગાળા દરમિયાનનો વિકાસ તે સમાજની કેળવણીવિષયક જાગૃતિનું અનુમાપક ચિહ્ન છે.

કોમી અને જ્ઞાતિની સંસ્થાઓએ દેશના હિત અને સંગઠ્ઠન એટલું બધું નુકસાન પહોંચાડયું છે અને ઉચ્ચનીચના ભેદભાવને જડને આપણામાં એટલી બધી મજબુત કરી છે કે તેને કોઇ પણ આકારમાં ઉત્તેજન આપવા મન વધતું નથી, એમ છતાં પણ શિક્ષણપ્રદાન કે કેળવણીને લગતી પવૃત્તિ પૂરતું મન થોડો અપવાદ સેવે છે, અને તે એ શ્રદ્ધાના કારણે કે આજની ઉદાર કેળવણી એક એવું રસાયણ છે કે જે ઉગતી પ્રજાના વારસામાં મળેલી નાતજાત વર્ણસંપ્રદાયની ગ્રંથિઓને ગાળી દે છે, વિશાળ દુનિયા અને તેમાં કાર્ય કરી રહેલા અનેક સંસ્કૃતિપ્રવાહોના સીધા પરિચયમાં તેને લાવી મૂકે છે અને વિશાળતા, ઉદારતા અને માનવતાલક્ષી રાષ્ટ્રીયતાના રંગે તેના મનને રંગી દે છે. કોઇ પણ કોમી છાત્રાલયના વિદ્યાર્થીઓના પરિચયમાં આવતાં આ તથ્યનો મીઠો અનુભવ થયા વિના નહિ રહે. આ રીતે કેળવણીની દિશાએ પછાતપણું દૂર કરવાનો કોઇ પણ કોમ કે જ્ઞાતિનો પ્રયત્ન આપણા દિલમાં સહાનુભૂતિ અને આદર પેદા કરે છે. પોતાની કોમનો શિક્ષણવિષયક અભ્યુદય ઝંખતા સંખ્યા-બંધ ભાઇ બહેનોનો આ મેળો-અને તે એવો કે જેમાં કચ્છી દ. ઓ. જ્ઞાતિનું એક પણ કુટુંબ એવું ન હોય કે જેણે ભાગ લીધો ન હોય-આવો મેળો જોતાં દિલ આનંદ અનુભવતું હતું અને દેશના ભાવી ઉત્કર્ષનાં મીઠાં સ્વપ્નો ચિન્તવતું હતું. આવો ભવ્ય સુવર્ણ મહોત્સવ યોજવા માટે અને એ રીતે પોતાની કોમનાં ભાઇ બહે-નોનું ચિત્ત કેળવણી ઉપર કેન્દ્રિત કરવા માટે તેને લગતી સમિતિના પ્રમુખ, લોકસભાના સભ્ય અને આપણામાંના અનેકને સુપરિચિત શ્રી ભવાનજી અરજણ ખીમજી તથા તેમના સહકાર્યકર્તાઓને ધન્યવાદ ઘટે છે.

## જૈન મંદિરોના જીર્ણોદ્ધારમાં સુરુચિનો સર્વથા અભાવ

ગયા ડીસેંબરના અન્તભાગમાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇ પાટણની મુલાકાતે ગયેલા. તે શુભ અવસરનો લાભ લઇને પાટણના જૈન (શ્વે. મૂ.) સંઘ તરફથી તેમને માનપત્ર આપવામાં આવેલું. એ માન-પત્રનો પ્રત્યુત્તર આપતાં, આજે જૈન મંદિરોમાં જીર્ણોદ્ધારના નામે મૂળ શિલ્પ સાથે તદ્દન વિસંવાદી સુશોભનો કરવામાં આવે છે, મૂળ સારી વસ્તુનો નાશ કરીને સમજણ વિનાના સમારકામ કરવામાં આવે છે અને આવા ઉદ્ધારકોનાં નામનાં એ જ મંદિરમાં મોટાં પાટિયા ચોડવામાં આવે છે-આવી દુઃખદ પરિસ્થિતિ વિષે ગ્લાનિ વ્યકત કરતાં શેઠ કસ્તુરભાઇ સુયોગ્ય રીતે જણાવે છે કે:-

"મારે કહેવું જોઇએ કે જૈનો મંદિરોના જીર્ણોદ્ધારમાં જે રીતે પૈસા ખર્ચાવા જોઇએ તે રીતે ખર્ચાતા નથી. જૈન શિલ્પ પાંચ પચાસ કે સો વર્ષની કળા નથી. જૈન શિલ્પ હજારો વર્ષ જુનું છે. તેની જે આકૃતિઓ મળી આવે છે તેમાં ફેરફાર થયો નથી. આજે જે જાતનો જીર્ણોદ્ધાર થઇ રહ્યા છે તે બરાબર નથી. મને લાગે છે કે 'જૈન મંદિર શા માટે' તેનો વિચાર થતો નથી. જીર્ણોદ્ધાર જૈન-શિલ્પ પ્રમાણે થવો જોઇએ. અહીંથી મોઢેરા જતાં અમે ચાણસ્મા ગયા. ત્યાં ખુબ જુના સારાં બારણાં કાઢી નાખી ચાંદીના કર્યા છે, કબોઇ ગયા, ત્યાંનાં મંદિરોનો આકાર શેઠીયાના બંગલા જેવો છે. દેરીઓમાં નથી ઘાટ કે નથી રૂપ, પૈસા છે એટલે ખર્ચવા તે જ છે. આવી રીતે કરવાથી જૈન શિલ્પનો નાશ થાય છે તે સમજતા નથી. પાટણમાં ઘેર ઘેર લાકડાના મંદિરો હતાં તે કાઢી નાંખી નકામાં જાણી સસ્તે ભાવે કાઢી નાંખ્યાં.

રાણકપુરજી વિગેરે જાઓ ત્યાં સમજ પડશે કેકરોડોના ખર્ચથી જૈન શિલ્પ બળ્યું છે. આબુના મંદિરોમાં કરોડો ખર્ચ્યા ત્યાં પણ નીચેનું પાથરણું તો સાદું જ છે. અત્યારે નીચેના પાથર-ણામાં બહુ શોભા કરવામાં આવે છે તે વ્યાજબી નથી.

"સાધારણ રીતે મંદિર જવાનો આશય એ છે કે પોતાના આત્માનો ઉત્કર્ષ સધાય એ આધારે મંદિરમાં જવાનું છે. આ બાબતમાં વિશેષ તો પૂ. આચાર્ય મહારાજો જાણે. મંદિરમાં પ્રભુની દૃષ્ટિ સાથે દૃષ્ટિ એક થવી જોઈએ. રાણકપુરજીના મંદિરમાં ઠેઠ નીચેના પગથીયાથી પ્રભુની દ્રષ્ટિ દેખાય છે.

"પહેલાં કોઇ મંદિરમાં કોઇ જગ્યાએ 'પટ'ની પ્રથા ન હતી, વડવાઓને 'પટ' ના તીર્થ શું વહાલાં ન હતાં? મંદિરોમાં કુતરાં બિલાડાં જેવાં કાળા પીળા રંગ ન હતા. 'પટ' ઉપરાંત એક બહેને બે હજાર રૂપીયા આપ્યા એટલે 'બાઇ દિવાળીએ આપ્યા' એવાં પાટીયાં લગાડવામાં આવે છે. એ પાટીયાંથી ધર્મ વેચે છે. ગિરનારજીના કે બીજા કરોડોના મંદિરોમાં તકતી નથી. તેઓને નામની લાલસા નહોતી. ત્યાં આજે પાટીયાં દેખાય છે તે તો વહીવટદારોએ લગાવ્યાં છે. ધર્મશાળાઓમાં કે એવા બીજા સ્થાનકમાં પાટીયાંનો વાંધો નથી. મંદિરમાં પોતાના નામના પાટીયાં ચોંટાડવાં એ પાપનું કારણ છે. આણંદજી કલ્યાણજીની પેઢી પાટીયાં ચોડાવી આપવાની શરતે પૈસા લેતી નથી. આ વસ્તુ સમજો તો લાખ્ખો રૂપીઆનું કામ સારૂં થાય અને શિલ્પ પ્રમાણે સુદૃઢ થાય પણ ઉતાવળે એ ન હોવી જોઇએ શેઠની નામના થાય, આ રીતે તો સલાટ, સુથાર કે કડીઆ પૈસા ખાય છે અને જૈનો વંચિત રહે છે. જીર્ણોદ્ધારનો આશય ૨૦૦, ૫૦૦ વર્ષ જૈન શિલ્પ ટકે તે માટે રહેવો જોઇએ."

આ વિષયમાં શેઠ કસ્તુરભાઇની દૃષ્ટિ સ્પષ્ટ અને સર્વથા આદરણીય છે. રાણકપુરના તેમ જ આબુના જૈન મંદિરોનું તેમના હાથે આ દૃષ્ટિ મુજબ થયેલું જીર્ણોદ્ધાર કાર્ય ભારે પ્રશંસનીય છે. જ્યારે પણ કોઇ પ્રાચીન કે અર્વાચીન મંદિરનું સમારકામ હાથ ધરવામાં આવે ત્યારે પ્રાચીન શિલ્પના ભાવને કોઇ અંશમાં ક્ષતિ ન પહોંચે એ બાબત જીર્ણોદ્ધાર કરાવનારે ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ અને તે માટે આવું કોઇ પણ કાર્ય શરૂ કરતાં પહેલાં આ વિષયના જાણકાર પાસેથી પુરેપુરૂં માર્ગદર્શન મેળવવું જોઇએ અથવા તો તેવા જાણકારની દોરવણી નીચે જ આવાં કામો હાથ લેવાવા જોઇએ.

## હિંસા-પાપનું પ્રક્ષાલન : પ્રાયશ્ચિત્તના પ્રકારે

રાજસ્થાનના ટોંક જીલ્લામાં ભૂદાન પ્રવાસ કરતો હતો ત્યારે ભૂદાનપ્રવૃત્તિ જનતામાંથી શી શી ભાવના અને અભિલાષ જગાડે છે તેનું દર્શન તો થયું જ પણ

**નહીં યેાં થાંકેા, નહીં યેાં મ્હાંકેા**
**યેા ઇશ્વર કેા રાજ હૈ...**
**જોતે જિસકી જમીન ઉસી**
**ન્યાય કેા દૂરમાન હૈ...**

આવી સૂત્રાત્મક લીટીઓ જનતાના હૃદય ઉપર ભારે અસર ઉપજાવે છે તેનું દર્શન થયું. લોકભાષામાં સંત વિનોબાનો સંદેશો લોકો ઉત્સાહભેર સાંભળે છે એટલું જ નહિ પણ વિચાર કરતા થઇ જાય છે; કોઇક શ્રદ્ધાપૂર્વક, કોઇક બુદ્ધિમાં ઉતરી ગયું તેથી, કોઇક દેખાદેખીથી પણ નાનું મોટું ભૂમિદાન કરવા પ્રેરાય છે વગેરે વાતો કરવાનો વિચાર અત્રે નથી; પણ એક વિચિત્ર શી લાગતી વાત રજૂ કરવાનો જ ઉદ્દેશ છે.

ટોંક જીલ્લાના ટોંક શહેરથી ૨૪ માઇલ છેટે દુણી નામે એક ગામ છે; ત્યાંના એક સરાવગી ભાઇ (અમારા એક ખાસ કાર્યકર્તાના પિતા) સપરિવાર દુણીથી ચાંદલી ગામે કામપ્રસંગે સાત દિવસ ઉપર બૈલગાડીમાં જતા હતા. રસ્તામાં તેમની ગાડી નીચે એક બકરીનું બચ્ચું આવી ગયું. આ ધાર્મિકવૃત્તિવાળા જૂનવાણી વિચારના ગૃહસ્થને ભારે આઘાત લાગ્યો; તેઓ પોતાનું કામકાજ ભૂલી ગયા, પશ્ચાતાપ થવા લાગ્યો. ચાંદલી ગામમાં પહોંચતાં જ તેમણે સરાવગી પંચોને ભેગા કર્યા, કિસ્સો સુણાવ્યો અને હિંસાનું પ્રાયશ્ચિત માંગ્યું. પંચોએ સજા ફરમાવી: ચંબલસ્નાનની. કેશવરાય પાટણ કે બુંદી પાસે એક ધર્મસ્થાન છે ત્યાં ચંબલ નદી વહે છે ત્યાં સ્નાન કરવાથી પાપોનું પ્રક્ષાલન થાય છે એ માન્યતાને આધારે.

આ વૃદ્ધ જૈન ગૃહસ્થે પોતાના દુણી ગામના પંચો પાસે પણ પ્રાયશ્ચિત માંગ્યું. દુણીના પંચોએ પદ્મપ્રભુજી જવા અને ઉપકરણ, પૂજા કરવા ફરમાવ્યું.

આ કુટુંબને પ્રાયશ્ચિત કર્યા વિના ચેન પડે એમ ન હતું એટલે પંચોના નિર્ણય અનુસાર હિંસાનું પરિમાર્જન કરવા ઉપડયું. પાંચ જણ ગયા, સાત દિવસનો પ્રવાસ થયો અને અંદાજે પચ્ચીસ રૂપિયા ૧૫૦ થયો; બકરીવાળાને કાંઇક વળતર આપ્યું જ હશે.

આ પ્રસંગ સાંભળ્યા પછી બીજી અનેક આવી જ વાતો સાંભળી. માત્ર જૈનોમાં આ રીતે પ્રાયશ્ચિત માંગવાની પ્રણાલિકા નથી પણ વૈષ્ણવોમાં પણ છે. જયપુરમાં પણ કયાંક આ પ્રચલિત હતી તે છે. એક વૈષ્ણવની જાન લગ્ન પછી ટોંક પાછી ફરી હતી. જે રેલગાડીમાં આ જાને મુસાફરી કરી હતી તેની નીચે એક ગાય કે ભેંસ કપાઇ ગઇ હતી. આ વાત છાની ન રહી એટલે જાનમાં જેટલા હતા તેમને હરદ્વાર જવાની સજા થઇ; જો કે કેટલાકોએ એક બે દિવસ આમ તેમ ગામડામાં છુપાયેલા રહીને પ્રાયશ્ચિતની ઠેકડી કરી હતી પણ મુખ્ય મુખ્ય માણસોને તો ગંગાસ્નાન કરવા જવું પડયું હતું.

ગોકુળભાઈ દૌલતરામ ભટ્ટ

## सत्यं- शिवं,- सुन्दरम्

(શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના લેખોમાંથી ચૂંટીને તૈયાર કરવામાં આવેલો લેખસંગ્રહ)

**પ્રકાશક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**

આ પુસ્તક વિષે પં. સુખલાલજી જણાવે છે કે :—

"પ્રકૃતિ ત્રિલોકિમંડપમાં ત્રિગુણાત્મક રાસ રમ્યા જ કરે છે. સમુદ્ર,-પર્વત, સૂર્ય,-ચંદ્ર, ગ્રહ-નક્ષત્રોના અલંકાર ધારણ કરી, વિવિધ લતાકુંજ, વનરાજિ અને કુસુમ કલિકાની વેષભૂષાથી વિભૂષિત થઇ એ પ્રકૃતિ-નટી કાળપટ ઉપર નિયમિતપણે ફરતા ઋતુચક્રદ્વારા સૌમ્ય અને રૂદ્ર, કોમળ અને પ્રચંડ નૃત્ય કરતી જ રહે છે. પક્ષીઓના કલરવ અને કુંજન દ્વારા, પશુઓના આરામ અને વિરામ દ્વારા તેમજ મનુષ્યોના આલાપ-સંલાપ અને વિલાપદ્વારા એ નટી રસવાહી સંગીત રેલાવતી જ રહે છે. છતાં એની લીલામાં સદા વિલસતા લાવણ્યનું પાન કરે એવી કળા-ઇન્દ્રિય ધરાવનાર તો વીરલા જ હોય છે. એ લીલાને તટસ્થપણે પેખનાર પરમ પુરૂષ શિવમૂર્તિનું સંવેદન કરનાર-તો એથી એ બહુ ઓછા છે. વિરલ ક્ષણોમાં થયેલ આ સૌન્દર્યની ઝાંખી અને એ મંગળમૂર્તિનું સંવેદન જ્યારે આવી કોઇ વ્યક્તિ વૈખરી વાણીમાં વ્યકત કરે છે ત્યારે એ વાણી સત્ય શિવ અને સુન્દર બની રહે છે. પ્રસ્તુત લેખસંગ્રહના નાના કલેવરમાં એવી જ કોઇ વાણીનો પરિચય-ભવ્ય સંવેદનનું દર્શન-મારી પેઠે વાચકોને પણ અલ્પાધિક અંશે થશે જ."

**કિંમત : રૂ. ૩, પોસ્ટેજ ૦॥**

**મુંબઇ જૈન યુવક સંઘ અને પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે કિંમત : રૂા. ૨, પોસ્ટેજ ૦॥**

**પ્રાપ્તિસ્થાન**

**(૧) મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩**
**(૨) ગુજરાત ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તા, અમદાવાદ ૧.**

(10)

# જૈનો અને હરિજનો

## એક પ્રશ્નોત્તર

(આચાર્ય વિનોબાની આ નોંધ હિંદનું નવું બંધારણ અમલમાં આવ્યું તે પહેલાંની છે. બંધારણમાં તો હિન્દુ શબ્દની વ્યાખ્યામાં જૈનોનો સમાવેશ કરવામાં આવ્યો જ છે. તંત્રી)

**પ્રશ્ન :** જૈનો પોતાને હિંદુઓથી અલગ સમજે છે તે અંગે તમારો શું અભિપ્રાય છે?

**વિનોબા :** હિન્દુ મંદિરોમાં હરિજનપ્રવેશ માટે મુંબઇ સરકારે એક કાયદો બનાવ્યો છે તેમાંથી બચવાને માટે કેટલાક જૈન લોકો હિન્દુઓથી પોતાને અલગ ગણાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. મધ્ય પ્રદેશની સરકારે તેમને હિંદુઓથી જૂદા ગણ્યા છે એથી પણ તેમને ઉત્તેજન મળ્યું છે. કોની વ્યાખ્યામાં કોનો સમાવેશ થઇ શકે તે આવી રીતે નક્કી ન થઇ શકે. ભલે વિચારની રીતે જૈનો પોતાનું અલગપણું રાખતા હોય પણ અનાદિકાળથી હિંદુધર્મનો જે વ્યાપક પ્રવાહ અહિં ચાલતો આવ્યો છે તેનાથી તેઓ ન તો દૂર રહી શકે કે ન તો જૂદા ગણાવી શકે. જૈન તો શું પણ હિંદુસ્તાનમાં ચાલતા બીજા ધર્મો પણ અહિંની વિચારધારાથી અલગ નથી રહી શક્યા, રહેવા પણ ન જોઇએ. અહિંના મુસલમાન તેમજ ખ્રીસ્તી પણ ભારતીયતા ધરાવે છે. મલબારમાં મેં કેટલાક ખ્રીસ્તીઓ જોયા છે કે જે પોતાને અદ્વૈતવાદી કહેવડાવે છે, અને ખ્રીસ્તીધર્મમાં પણ અદ્વૈતવાદ જ છે તેમ કહે છે. મલબારના શંકરાચાર્ય અદ્વૈતવાદી હતા એટલે ત્યાંના ખ્રીસ્તીઓ પર તેની અસર થયા વગર કેમ રહે?

જૈનો તો કોઇપણ દૃષ્ટિથી હિંદુ ધર્મથી જુદા નથી. તેઓ તો જેમ બ્રહ્મસમાજી, લિંગાયત, અને બીજાઓની માફક હિંદુધર્મના સુધારક જ છે. લિંગાયત ધર્મ શરૂ કરીને શ્રી બસવપ્પાએ કોઇ સ્વતંત્ર ધર્મની સ્થાપના નહોતી કરી. તે હિંદુ ધર્મની શુદ્ધિ જ હતી. ગંગામાંથી નીકળેલો પ્રવાહ શું ગંગાથી ભિન્ન હોઇ શકે? એટલે એ એક વિશેષ પરિશુદ્ધ જીવન-પદ્ધતિનો જ પ્રયોગ માત્ર છે. તમે જોશો કે કેટલેય ઠેકાણે જૈનો અને વૈષ્ણવોમાં વિવાહ પણ થાય છે.

જૈન શબ્દનો અર્થ થાય છે 'જીતવાવાળો.' જે જગતને જીતવા નીકળ્યો છે તે તો એટલો નમ્ર હોય કે તે પોતાની સ્વતંત્ર હયાતી જ ન રાખવા માંગે. તે બધામાં એક રસ થઇ જવા માંગે છે. હિંદુસ્તાનમાં બૌધ ન રહ્યા, પણ જૈનો રહ્યા, કારણકે તેઓએ નમ્રતા રાખી. જૈન ધર્મની મુખ્ય વિશેષતા છે અહિંસા અને મધ્યસ્થ દૃષ્ટિ. જે આ બન્નેમાં માને છે તે જૈન છે. આ સિવાય ત્રીજી કોઇ વાત તેમાં હોય તેમ હું નથી માનતો. મહાવીર સ્વામીના જીવનમાં મધ્યસ્થ દૃષ્ટિ દરેક ઠેકાણે દેખાય છે. જ્યારે કોઇ બ્રાહ્મણ તેમની પાસે ઉપદેશ માટે જતો ત્યારે તે વેદો તેમજ ઉપનિષદોનો આધાર લઇને સમજાવતા. જેની જેમાં શ્રદ્ધા હોય તેનો આધાર લઇને તે આત્માનું નિર્લેપ સ્વરૂપ સમજાવતા હતા. એ કારણે હિન્દુસ્તાનમાં જૈન વિચાર વધ્યો, અને આજસુધી તે ટકી રહ્યો. પંથ બનાવવાની વૃત્તિને કારણે તો તે એક સંકુચિત વાડામાં જ પુરાઇ જશે. એક પરિશુદ્ધ વિચારની રીતે જો તે રહેશે તો જ તેનો પ્રચાર આખી દુનિયામાં થશે. જૈન વિચાર જો જગતમાં એટલો બધો ફેલાઇ જાય કે તેને કારણે જૈન શબ્દનો જ અંત આવે તો તેમાં તેની સાર્થકતા હશે. એટલે જૈનોની હરિજનોને જૂદા ગણવાને માટે હિન્દુત્વનો ઇન્કાર કરવાની વૃત્તિને હું સમજી શકતો નથી.

૧૯૪૯ સપ્ટેંબર માસના 'સર્વોદય' માંથી.

સાભાર ઉધ્ધૃત અને અનુવાદિત. **વિનોબા ભાવે**

## સંઘના સભ્યો માટે વૈતરણા-તાનસા પર્યટણ

સંઘના સભ્યો અને તેમના કુટુંબીઓ માટે વૈતરણાતાનસાનું તા. ૨૦-૨-૫૫ રવિવાર (મહાશિવરાત્રી) ના રોજ એક પર્યટણ યોજવાનો વિચાર કરવામાં આવ્યો છે. એ પ્રવાસ જતાં આવતાં લગભગ ૧૬૦ માઇલનો થશે અને તે માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસો રોકવામાં આવશે. મોટી ઉમરના ભાઇ બહેનો માટે જણ દીઠ રૂ. ૧૨ લેવામાં આવશે અને દસ વર્ષની નીચેના બાળકો માટે રૂા. ૮ લેવામાં આવશે. આ પર્યટણ દરમિયાન બે વખત ચા પાણીનો નાસ્તો તથા એક વખત ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે. આ પર્યટણમાં જોડાવા ઇચ્છનારી ભાઇ-બહેનોને જરૂર રકમ સાથે પોતાનાં નામ સંઘના કાર્યાલયમાં તા. ૧૦-૨-૫૫ પહેલાં નોંધાવી જવા વિનંતિ કરવામાં આવે છે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

## શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ

### વાર્ષિક સામાન્ય સભા

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા૦ ૨૨-૨-૫૫ શનીવાર સાંજના ૫-૩૦ વાગ્યે ધનજી સ્ટ્રીટમાં આવેલા સંઘના કાર્યાલયમાં મળશે જે પ્રસંગે નીચે મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે.**

**(૧) ગત વર્ષનો વૃત્તાન્ત અને ઓડીટ થયેલો હીસાબ મંજુરી માટે રજુ કરવામાં આવશે.**

**(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજુરી માટે રજુ કરવામાં આવશે.**

**(૩) નવા વર્ષ માટે નીચેના અધિકારીઓની ચૂંટણી કરવામાં આવશે:-**

**(૧) પ્રમુખ (૨) ઉપપ્રમુખ (૩) બે મંત્રીઓ (૪) કોષાધ્યક્ષ (૫) કાર્યવાહક સમિતિ માટે ૧૫ સભ્યો.**

**(૪) ઓડીટરની નીમણુક કરવામાં આવશે.**

**આ સભામાં દરેક સભ્યને વખતસર હાજર રહેવા અને પોતપોતાનું વાર્ષિક લવાજમ રૂા. ૫ સાથે લેતા આવવા વિનંતિ છે.**

**પરમાનંદ કુંવરજી કાપડિયા,**
**ટી. જી. શાહ**
**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ,**

## પ્રબુદ્ધ જીવનનો ફેલાવો કરો!

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો જોગ,

આપને પ્રબુદ્ધ જીવન દર મહીનાની પહેલી યા બીજી તારીખે તથા ૧૫ યા ૧૬ મી તારીખે મળે છે અને આપ તે નિયમિત રીતે વાંચો છો. પ્રબુદ્ધ જીવન વિશાળ સમાજને સાચું અને નિડર માર્ગદર્શન આપે છે અને જૈન સમાજ તેમ જ વિશાળ સમાજની ઉપયોગી સેવા કરે છે એમ જો આપને ખરેખર લાગતું હોય તો પ્રબુદ્ધ જીવનનો એક એક ગ્રાહક બનાવી આપવા અને એ રીતે આ પ્રવૃત્તિ પાછળ મુંબઇ જૈન યુવક સંઘને ખમવી પડતી મોટી ખોટને હળવી કરવા અમારી નમ્ર વિનંતિ છે. આપનાં સહકાર ઉપર જ અમારી પ્રવૃત્તિને અર્થનિર્ભર બનાવવાની અમો આશા રાખીએ છીએ. અમારી આ વિનંતિ આપ જરૂર ધ્યાનમાં લેશો.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

# શબ્દરચના હરીફાઈ—સંપૂર્ણ પ્રતિબંધ અનિવાર્ય

ગણિતશાસ્ત્ર, મુદ્રણાલય, ઝડપી વાહનવ્યવહારનાં સાધનો, અને ગુજરાત વિદ્યાપીઠના શબ્દકોષને શબ્દરચના હરીફાઇના સંચાલકોએ જેટલો દુરૂપયોગ કર્યો છે તેટલો આજ લગી કોઇએ કર્યો નથી. શબ્દરચના હરીફાઇએ અદ્યતન સાધનો અને જુગારનું કલ્પનામાં પણ ન આવે એવું સમાજદ્રોહી જોડાણ કરી નાખ્યું છે. શબ્દરચના હરીફાઇ એ બૌદ્ધિક અને નિર્દોષ આનંદ પ્રાપ્ત કરવાનું સાધન છે. એ દાવો "માત્ર પાંચ આનામાં આઠ લાખ રૂપિયા" ની જુગારી જાહેરાતો સામે હવે ટકી શકે તેમ નથી. ગુજરાતના કરોડરજ્જુ વગરના અને સામાજિક જવાબદારી પ્રત્યે અંધ એવા કેટલાક સાહિત્યકારો અને અધ્યાપકોની પ્રતિષ્ઠા પણ હવે શબ્દરચના હરીફાઇ વિષે ભ્રમ ઉભો કરી શકશે નહિ. આજથી ત્રણેક વર્ષ પહેલાં સ્વ. કિશોરલાલ મશરૂવાળાએ આ "જૂઠ્ઠા ધંધાને" "સુધરેલા રૂપનો સટ્ટો" કહેલો અને પૂછેલું કે શું જુગારને માથે શિંગડા જોઇએ? કિશોરલાલભાઇએ અત્યારે શબ્દરચના હરીફાઇએ જે સ્વરૂપ લીધું છે તેની કદાચ કલ્પનાયે નહિ કરી હોય. આપણી પ્રજાને કાયદેસર જુગાર રમાડવાની આ પ્રવૃત્તિ અત્યારની આપણી મોંઘામાં મોંઘી બદી છે. મુંબઇ સરકારે આ પ્રવૃત્તિને ખરા સ્વરૂપમાં પારખી અને થોડું નિયંત્રણ પણ મૂક્યું, પણ આપણો દેશ એક સમવાયતંત્ર છે અને રાજ્યોને કેટલીક બાબતોમાં જુદા જુદા કાયદા કરવાની છૂટ હોય છે. આથી મુંબઇ સરકારે આઠ પ્રવેશપત્રો અને ત્રીસ હજાર રૂપિયાના ઇનામોની મર્યાદા મૂકી ત્યારે હરીફાઇનાં સંચાલકો ઇંદોર ઉપડ્યા. ખરી રીતે દરેક રાજ્ય પોતાની પરિસ્થિતિ વિષે કેટલાંક મૌલિક કે સર્જનાત્મક કાયદાઓ ઘડી શકે તે માટે આપણા સમવાયતંત્રના રાજ્યોને આ સ્વતંત્રતા આપવામાં આવી છે. આમ કેટલાંક વિધાયક કાયદા કરવાની સ્વતંત્રતા એ કમનસીબે સમાજહિત વિરોધી તત્ત્વોની સ્વતંત્રતા થઇ બેઠી છે. આજ વસ્તુ આપણે દારૂબંધી અને એક પત્નીત્વના કાયદામાં પણ અનુભવીએ છીએ. આપણે જે રીતે કેન્દ્રમાંથી આર્થિક નીતિ ઘડીએ છીએ તેવી જ રીતે હવે કેંદ્રીય સામાજિકનીતિ ઘડવાનો સમય પાકી ગયો છે. એ આનંદની ઘટના છે કે પ્રેસ કમિશને શબ્દરચના હરિફાઇ સામે પોતાનો વિરોધ વ્યકત કર્યો છે અને પ્રેસ કમિશનના અહેવાલે જણાવ્યું છે કે "We would like all such competitions to be banned" (અમે ઇચ્છીએ છીએ કે આવી શબ્દરચના જેવી સર્વ હરીફાઇઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે) હિન્દુસ્તાનનાં સર્વ દેશી ભાષાનાં અખબારોની સંસ્થાએ પણ શબ્દરચના હરીફાઇ વિષે પોતાનો મત તદ્દન અસંદિગ્ધ ભાષામાં જણાવ્યો છે: "જેના માટે પ્રવેશ ફી રાખવામાં આવતી હોય અને જેમાં વિજેતાઓને સારી એવી રોકડ રકમનાં ઇનામો આપવામાં આવતા હોય તેવી શબ્દરચના કે એવી બીજી હરીફાઇઓ ઉપર અંકુશ મૂકવાના પ્રેસ કમિશનના સૂચનો સાથે આ સમિતિ (ઇન્ડીઅન લેંગ્વેજીસ ન્યુઝપેપર્સ એસોસિએશનની) સંમત થાય છે. પણ માત્ર અંકુશ મૂકવો એ પૂરતું નથી. પણ આથી વધુ એ કરવાની જરૂર છે કે સ્વતંત્ર સંસ્થાદ્વારા ચલાવવામાં આવતી હોય તો પણ શબ્દવ્યુહ કે બીજી હરીફાઇઓનાં પ્રવેશપત્રો, ઉકેલો અને વિજેતાઓનાં નામ વગેરે છાપવાની વર્તમાનપત્રોને મના કરવી જોઇએ." (લેંગ્વેજીઝ પ્રેસ બુલેટિન, નવેમ્બર, ૧૯૫૪ પા. ૨.) આ ઉપરાંત ગુજરાતના તથા દેશના બીજા અનેક જવાબદાર સમાજસેવકો અને સાહિત્યકારોએ શબ્દરચના સામે વિરોધ નોંધાવ્યો છે. અને આખરે સરકારની "થાથા થૈયા" નીતીથી કંટાળીને, બિહારમાં ચૂંટાયલા લોકસભાના સભ્ય શ્રી એન. પી. સિંહાએ આ માસની ચોવીસમી તારીખે શબ્દરચના પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા માંગણી કરતાં કાયદાનો ખરડો રજુ કર્યો છે. ગૃહપ્રધાન ડો. કૈલાસનાથ કાટજુએ શ્રી સિંહાને જણાવ્યું કે મધ્યસ્થ સરકાર શબ્દરચના હરિફાઇ વિષે કાયદો કરવા ઇચ્છે છે પણ લોટરી, અને શબ્દરચના હરિફાઇ અંગે કાયદા કરવાની સત્તા રાજ્યોને છે. આથી રાજ્યોની ધારાસભાઓએ એવો ઠરાવ પસાર કરવો જોઇએ કે સંસદ શબ્દરચના વિષે કાયદો પસાર કરે. અને સમગ્ર રાષ્ટ્રમાં તે અંગે એક જ કાયદો હોય. આજે ત્રાવણકોર કોચીન સિવાય સમગ્ર દેશમાં કોંગ્રેસ પક્ષની સરકારો છે, અને ત્રાવણકોર–કોચીનની સરકાર પણ કોંગ્રેસની મેહરબાનીથી જ સત્તા ઉપર છે. આથી કોંગ્રેસપક્ષનું મધ્યસ્થ પાર્લામેન્ટરી બોર્ડ અને કોંગ્રેસ કાર્યકારી આ વિષે પાંચજ મિનિટમાં નિર્ણય લઇ શકે અને તેમની દોરવણી નીચે કામ કરતી કોંગ્રેસ સરકારોને આ વિષે સ્પષ્ટ સૂચના આપી શકે. એ હવે ભાગ્યેજ સાબિત કરવાની જરૂર છે કે શબ્દરચના હરીફાઇ આ દેશની પ્રજા માટે જુગાર અને આંખફરકના સટ્ટા જેટલી જ હાનિકારક છે.

વિશ્વના સભ્ય દેશોમાં જેમ અફીણ, જુગાર, અને એવી બીજી સામાજિક બદી સામે સંપૂર્ણ પ્રતિબંધ હોય છે તેવી જ રીતે અમેરિકા અને ઇંગ્લેંડમાં શબ્દરચના હરીફાઇ સામે પ્રતિબંધ છે. અમેરિકાએ તો શબ્દરચના હરીફાઇને સકારણ લોટરીની પંગતમાં જ બેસાડી છે. શબ્દરચના હરીફાઇને લગતી કોઇપણ જાહેર ખબરવાળા વર્તમાનપત્રો, પરિપત્રો, ચોપાનિયાં કે પ્રકાશનો પ્રગટ કરી ટપાલદ્વારા મોકલવા કે વહેંચવા માટે અમેરિકન ક્રીમીનલ કોડ સેકશન ૧૩૦૨ મુજબ વધુમાં વધુ એક હજાર ડોલર (લગભગ પાંચ હજાર રૂપિયા) નો દંડ કે એક વર્ષની કેદની સજા કે દંડ અને કેદ બંને કરવામાં આવે તેવી જોગવાઇ છે. આ અંગે બીજી વાર ગુનો કરનારને પાંચ વર્ષ સુધી સજા કરવાની અમેરિકન કાયદો છૂટ આપે છે. આ ઉપરાંત મનીઓર્ડર, રેડિયો, કે બીજા કોઇ સાધનોદ્વારા "શબ્દરચના" હરીફાઇની પ્રવૃત્તિ કરવા માટે અમેરિકન કાયદો આકરી સજા અને દંડ કરવાની છૂટ આપે છે.

શબ્દરચના હરીફાઇએ હિંદની આમેય નસીબવાદી પ્રજામાં મહેનત કર્યા સિવાય ધનપતિ થવાનાં મૂલ્યો સ્થાપવાની શરૂઆત કરી છે. આ પ્રવૃત્તિ જો બે પાંચ વર્ષ વધુ ચાલે તો કોઇને શ્રમ કરવો નહિ ગમે, પ્રજા અને ખાસ કરીને ઉગતી પેઢી માયકાંગલી બની જશે, અને એ પરિસ્થિતિ ગુલામી જેવી બની રહેશે. જે રીતે ઇનામ જીતનારની પ્રસિધ્ધિ અને વીરપૂજા કરવામાં આવે છે એથી આપણી અભણ અને ભોળી પ્રજા છેતરાય છે એટલું જ નથી, પરંતુ શબ્દરચના જુગારમાં ઇનામ જીતનારા સમાજની જાણીતી અને અનુકરણીય વ્યકિત બની જાય છે. વર્તમાનપત્રોના આખાં પાનાંઓ ભરીને જે રીતે ઇનામ જીતનાર વ્યકિતઓની જાહેરાત કરવામાં આવે છે તેની અસર ઉગતી પેઢી ઉપર પણ નાનીસૂની નથી. સવાલ એટલો જ છે કે આપણે નિરુપદ્રવી અને શ્રમપ્રધાન સમાજરચના ઉભી કરવી છે કે માંયકાંગલા જુગારીઓની જમાતો ઉભી કરવી છે? જ્યારે રાષ્ટ્રનું સમાજવાદી નવસર્જન કરવા આપણી લોકસભાએ હમણાં જ ઘોષણા કરી ત્યારે પ્રજાનો પ્રાણ કોરી ખાતી કોઇ પણ પ્રવૃત્તિ ચલાવી લેવી તે હિતાવહ નથી. આ ઉપરાંત પ્રજાનાં ધનનો આવી રીતે બિનઉત્પાદક કાર્યમાં વ્યય થઇ રહ્યો છે તે પણ ચિંતાજનક છે.

એક બીજો મુદ્દો પણ અહીં વિચારવા જેવો છે. આમેય તે આપણાં ગુજરાતી વર્તમાનપત્રો મોટે ભાગે ઢંગધડા વગરનાં હોય છે. અંગ્રેજી વર્તમાનપત્રો વાંચ્યા સિવાય પૂરા સમાચાર કે બીજી આનુષંગિક માહિતી ગુજરાતી વર્તમાનપત્રો દ્વારા મળવી મુશ્કેલ છે. શબ્દ

રચના હરીફાઇઓએ આપણા વર્તમાનપત્રોને વધુ રદ્દિયાળ અને બેફિકર કરી દીધા છે. આઠ પાનાનાં વર્તમાનપત્રમાં બે થી અઢી પાનાની શબ્દ રચનાની જ જાહેર ખબર આવતી હોય તો પછી પત્રકારત્વની પ્રાથમિક જવાબદારીની આપણા વર્તમાનપત્રોના સંચાલકો શા માટે ચિંતા કરે? ગુજરાતી વર્તમાનપત્રો જાણે શબ્દરચના હરીફાઇનાં ચોપાનિયાં હોય એવી તેમની દશા થઇ છે. આમ ને આમ જો લાંબુ ચાલશે તો ગુજરાતી પત્રકારત્વને ઉંચું લાવતાં વર્ષો લાગશે.

એક એવી દલીલ કરવામાં આવે છે કે જો શબ્દરચના હરીફાઇ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે, તો તેમાં કામ કરતાં માણસો બેકાર બનશે, આથી તેના ઉપર પ્રતિબંધ નહિ પણ યોગ્ય નિયંત્રણ મૂકવું જોઇએ. આનો અર્થ એ થયો કે સમાજ-વિરોધી કોઇ પણ વ્યવસ્થિત પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ મૂકી શકાય જ નહિ. નારીનું સ્વમાન અને ગૌરવ પ્રસ્થાપિત કરવા માટે જો વેશ્યાનો ધંધો બંધ કરાવી દેવામાં આવે તો વેશ્યાને ત્યાં લાઇ જવા માટે આજે હજારો સજ્જનો જે લલચાવવાનું કાર્ય કરે છે તેમની રોજીનું શું એવો પણ સવાલ થઇ શકે. દારૂબંધી અમલમાં મૂકતાં પણ આવો જ સવાલ ઉભો થયેલો. ખરી વાત તો એ છે કે શબ્દ-રચના હરીફાઇ જેવી અસ્થાયી અને સમાજહિત વિરોધી પ્રવૃત્તિ બંધ કરાવી તેમાં કામ કરતાં માણસોની વૃત્તિને આપણે સ્થાયી અને સ્વચ્છ કામ કરવા મોકો આપીએ છીએ. જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં શબ્દરચના હરીફાઇમાં કામ કરતાં માણસોને કામ આપવા સૌ કોઇએ તત્પર રહેવું જોઇએ. આ કામ આપવામાં વર્તમાનપત્રોએ ચોકકસ ફાળો આપવો જોઇએ. કેમકે વર્તમાનપત્રોએ શબ્દરચના હરીફાઇમાંથી સારી એવી તર તારવી લીધી છે.

હજુએ જ્યારે શબ્દરચના હરીફાઇની બદી પાંગરી રહી છે ત્યારે તેના ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો સમય છે. નહિ તો પછી તે વેજીટેબલ ઘી જેવું સ્થાપિત હિત બની જશે. અને ત્યારે કોઇને એ યાદ નહિ રહે કે આ હરીફાઇ માત્ર અકસ્માત ઉપર ચાલે છે અને પ્રથમ ઇનામ જીતવા માટે બુદ્ધિપૂર્વક કામ કરે તો પણ બે લાખથીયે વધુ પ્રવેશપત્રો ભરવા પડે છે.

આથી શબ્દરચના હરીફાઇ અંગે કોઇ પ્રકારની આંધળોડ સરવાળે નુકશાનકર્તા થવાની છે. આથી તેના સાચા સ્વરૂપને આપણા બારોસભ્યોએ અને આપણા પર રાજ્ય કરતા કોંગ્રેસ પક્ષના મોવડી-ઓએ ગંભીરપણે ધ્યાનમાં લેવાની આજે જેટલી જરૂર છે તેટલી કયારેય ન હતી.

વાડીલાલ ડગલી

# સૌરાષ્ટ્રમાં ગ્રામપંચાયતો

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા૦ ૧૮-૧૨-૫૪ ના રોજ સંઘના કાર્યાલયમાં શ્રી ન્યાલચંદ મૂળચંદ શેઠે 'સૌરાષ્ટ્રમાં ગ્રામપંચાયતો' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી ન્યાલચંદભાઇ મુંબઇના એક જાણીતા વ્યાપારી છે અને વર્ષોથી ઘાટકોપરમાં વસે છે. સૌરાષ્ટ્રનું એકમ સ્થપાયા બાદ તેઓ મોટા ભાગે સૌરાષ્ટ્રમાં જ રહે છે અને એક યા બીજા સેવાકાર્યમાં ગુંથાયલા રહે છે. છેલ્લાં ત્રણ વર્ષથી તેઓ સૌરાષ્ટ્રમાં ગામડે ગામડે ગ્રામપંચાયતો સ્થાપવાનું કામ કરે છે. સૌરાષ્ટ્ર ગ્રામપંચાયત મધ્યસ્થ મંડળના તેઓ ઉપપ્રમુખ છે. તેમણે સૌરાષ્ટ્રમાં ગ્રામપંચાયતો' એ વિષય ઉપર લગભગ સવા કલાક સુધી વ્યાખ્યાન આપ્યું હતું અને આ વિષયમાં લગભગ અજ્ઞાત એવી શ્રોતામંડળીને તેમણે ઘણી માહીતી પુરી પાડી હતી.

સૌરાષ્ટ્રની આજે ૪૧ લાખની વસ્તી આંકવામાં આવે છે. તેમાં શહેરની વસ્તી બાદ કરતાં લગભગ ૨૮ લાખ ગામડાંની વસ્તી ટેવાય છે. સૌરાષ્ટ્રનાં કુલ ૪૪૩૮ ગામોમાંથી સુધરાઇ ધરાવતાં ૮૨ શહેરો બાદ કરતાં ૪૩૫૬ ગામડાંઓ છે. આમાંથી લગભગ ૨૦૦૦ ગામડાંઓમાં આજ સુધીમાં ગ્રામપંચાયતોની સ્થાપના કરવામાં આવી છે અને તેના પરિણામે સૌરાષ્ટ્રની આખી વસ્તીમાંથી ૬૩ થી ૬૪ ટકા વસ્તી ગ્રામપંચાયતના લાભો ભોગવે છે.

ગ્રામપંચાયતોની સંસ્થા રામાયણના કાળથી ચાલી આવી છે. વચગાળે અંગ્રેજ સરકારની હકુમત આવી અને તેની નીતિ ગ્રામ-પંચાયતોનો નાશ કરવાની હતી. નવી રાજ્યરચના સાથે ગ્રામપંચાયતોને જીવતી કરવાની પ્રવૃત્તિ આખા દેશમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જોરસભેર ચાલી રહી છે. ૧૯૪૮ માં સૌરાષ્ટ્રનું એકમ સ્થપાયું અને ૧૯૪૯ માં મુખ્ય સચિવ શ્રી ઢેબરભાઇએ ગ્રામપંચાયતની યોજના ઘડી કાઢી. આ ગ્રામપંચાયતો રાજ્ય અને પ્રજા વચ્ચે મહાજન જેવી એક કડી ઉભી કરે છે. આ ગ્રામપંચાયતોના અ, બ, ક, એમ ત્રણ પ્રકાર કરવામાં આવ્યા છે અને દરેક પંચાયતને યોગ્યતા પ્રમાણે મહેસુલનો અમુક ભાગ વાપરવાની તેમ જ મહેસુલ ઉઘરાવવાની સત્તા મળે છે અને મળેલી મહેસુલમાંથી ગ્રામપંચાયત પ્રજા-કલ્યાણનાં કામો કરે છે.

આ ઉપરાંત દર પંચાયતે એક ન્યાયપંચની રચના કરવામાં આવે છે અને આ ન્યાયપંચ નાના કીસ્સાઓને સાંભળે છે અને તેનો નીકાલ આપે છે અને સાથે સાથે ગામના મોટા ભાગના ઝઘડાઓ પણ ન્યાયપંચ આગળ સમાધાન માટે આવે છે. નાના મોટા ભાયા ભાગના કજીયા, સીમસેઢાની તકરારો, લગ્નનાતરા અંગેના દુમેળાના કિસ્સાઓ વગેરે અનેક ઝઘડાઓ ન્યાયપંચ આગળ અવિધિસર આવે છે અને ન્યાયપંચ કે પંચાયત અવિધિસરના સમાધાનોથી આ બધા ઝઘડાઓ પતાવે છે. આમ જ્યાં જ્યાં ગ્રામ-પંચાયત સ્થપાઇ ચૂકી છે ને તે ગામના લગભગ ૮૦ ટકા ઝઘડાઓ કોર્ટ દરબારે ગયા સિવાય પતી જાય છે.

ગ્રામપંચાયત એ રાજ્યસત્તાના વિકેન્દ્રીકરણનો એક ભવ્ય પ્રયોગ છે. દિવસે દિવસે ગ્રામપંચાયતોને વધારે સત્તાઓ અને વધારે જવાબદારી સોંપવાની નીતિ આજે દરેક પ્રાદેશિક રાજ્યે અપનાવી છે. સૌરાષ્ટ્રમાં ગ્રામપંચાયતો ભારે સફળતાપૂર્વક કાર્ય કરી રહી છે; તેની મદદે કોમ્યુનીટી પ્રોજેકટ્સ આવવાથી લોકકલ્યાણની પ્રવૃત્તિ-ઓને ભારે વેગ મળે છે, ગ્રામપંચાયતના વિકાસદ્વારા ગામડાના લોકો સ્વરાજ્યનો સાક્ષાત્કાર કરી રહ્યા છે.

આ ઉપરાંત શ્રી ન્યાલચંદભાઇએ પોતાના વ્યાખ્યાનમાં બીજી ઘણી વિગતો રજુ કરી હતી, જેને લીધે સૌરાષ્ટ્રમાં ગ્રામોદ્ધારનું કાર્ય કેવું સુન્દર રીતે ચાલી રહ્યું છે તેનો શ્રોતાઓને સારો ખ્યાલ આવ્યો હતો. વ્યાખ્યાનના અન્તે શ્રી ન્યાલચંદભાઇનો આભાર માનવામાં આવ્યો હતો.


| વિષયસૂચિ | | પૃષ્ઠ |
|---|---|---|
| વીતકોની રાત વીતી | સ્વામી આનંદ | ૨૦૫ |
| ક્રીસમસનો સંદેશ | કાર્ડીનલ ગ્રેશીઆસ | ૨૦૮ |
| **પ્રકીર્ણ નોંધ:** ગાંધીજી, માવળંકર અને રાઇફલ કલબો, દેવદ્રવ્યનો સામાજિક ઉપયોગ અને માન્યવર શેઠ કસ્તુરભાઇ લાલભાઇ, શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યા-લય અને વિદ્યાર્થીગૃહનો સુવર્ણ મહોત્સવ, જૈન મંદિરોના જીર્ણોધ્ધારમાં સુરચિનો સર્વથા અભાવ | પરમાનંદ | ૨૦૮ |
| શબ્દરચના હરીફાઇ | વાડીલાલ ડગલી | ૨૧૩ |
| સૌરાષ્ટ્રમાં ગ્રામપંચાયતો | | ૨૧૪ |


મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

રજીસ્ટર્ડ નં. ૨૬૬૪
વાર્ષિક લવાજમ રૂા. ૪

# પ્રબુદ્ધ જીવન

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૧૯

મુંબઇ, ફેબ્રુઆરી ૧, ૧૯૫૫, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાન્ત

### વિ. સં. ૨૦૧૦

હજુ તો થોડા સમય પહેલાં આપણે સંઘનો રજતમહોત્સવ ઉજવ્યો, તેના ભણકારા આજે પણ હજુ આપણા કાનમાં સંભળાયા કરે છે એવામાં તો વિ. સં. ૨૦૧૦ ની સાલ પુરી થઇ અને મુંબઇ જૈન યુવક સંઘે ૨૬ વર્ષ પુરાં કરીને ૨૭ મા વર્ષમાં પ્રવેશ કર્યો. સંઘે ઉજવેલો રજતમહોત્સવ માત્ર ગતવર્ષની જ નહિ પણ સંઘની આજ સુધીની ઉજ્જવળ કારકીર્દીમાં સવિશેષ મહત્વ ધરાવતી એક ચિરસ્મરણીય વિશિષ્ટ ઘટના છે. ગત વર્ષના પાછળના મહિનાઓ દરમિયાન સંઘની કાર્યવાહી રજતમહોત્સવના આયોજન અને ઉદ્યાપનમાં સારા પ્રમાણમાં રોકાયલી હતી. રજતમહોત્સવ સમારંભને લગતી મુખ્ય મુખ્ય બાબતો નીચે મુજબ છે :–

#### સંઘનો રજતમહોત્સવ

ગત વર્ષના ઓકટોબર માસની ૯ મી તારીખથી ૧૨ મી સુધી સંઘનો રજતમહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંઘની ઇ. સ. ૧૯૨૯ માં સ્થાપના થઇ ત્યારથી રજતમહોત્સવ સુધીમાં લગભગ ૨૬ વર્ષોનો વૃત્તાન્ત એક સુન્દર પુસ્તિકાના આકારમાં પ્રગટ કરવામાં આવ્યો હતો અને તેમાં મુંબઇના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજની એક વિભાગી યુવક સંસ્થામાંથી સર્વસામાન્ય જૈન સમાજની એક વિશિષ્ટ સંસ્થાના આકારમાં આ સંઘ ક્રમ વિકાસ પામ્યો અને તેની પ્રવૃત્તિઓમાં પણ સમયે સમયે કેવું રૂપાન્તર થતું રહ્યું તેનો સવિસ્તર ખ્યાલ આપવામાં આવ્યો હતો. પ્રસ્તુત રજતમહોત્સવને અંગે યોજાયલા વિશિષ્ટ પ્રસંગો નીચે મુજબ હતા.

(૧) ઓકટોબર માસની ૯ મી તારીખ અને શનિવારે ભારતીય વિદ્યાભવનમાં લીટલ થેસ્પિ ટ્રુપ તરફથી રામાયણ કઠપૂતળી નૃત્ય-નાટિકા ભજવવામાં આવી હતી. અને તેની ટીકીટોના વેચાણની આવક રૂા. ૬૯૬૨ શ્રી માણેકલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયને અર્પણ કરવામાં આવી હતી.

(૨) ઓકટોબર માસની ૧૦ મી તારીખ રવિવારે સવારે ભારતીય વિદ્યાભવનમાં માન્યવર કાકા સાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે સંઘનું રજતમહોત્સવ સંમેલન ભરવામાં આવ્યું હતું. આ સંમેલનનું ઉદ્‌ઘાટન શ્રી. નારાયણ મહાદેવ દેસાઇએ કર્યું હતું. આ સંમેલન પ્રસંગે રજત મહોત્સવ સમારંભના અતિથિ-વિશેષ તરીકે નિમંત્રિત પં. સુખલાલજી અને પં. મૈત્રેયરવાસ જીવરાજ દોશીનું બહુમાન કરવામાં આવ્યું હતું. અને બેઉને સંઘના તરફથી સન્માનાર્પણ આપવામાં આવી હતી.

(૩) તે જ દિવસે સાંજે પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ પુલના વિશાળ મેદાનમાં સંઘના સભ્યો તથા દાતાઓનું લગભગ ૪૦૦ ભાઇ બહેનોનું સ્નેહ ભોજન યોજવામાં આવ્યું હતું અને આ ભોજન સમારંભમાં મુંબઇ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી. એસ. કે. પાટીલને અતિથિવિશેષ તરીકે નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

(૪) ઓકટોબર માસની ૧૧મી તારીખે ભારતીય વિદ્યાભવનમાં સંઘના સભ્યો તથા દાતાઓ માટે એક મનોરંજન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ લગભગ ચાર કલાક ચાલ્યો હતો અને તેમાં 'મહનભરમ' અને 'નેતા જોઇએ છે' એ નામની બે નાટિકાઓ પણ ભજવવામાં આવી હતી.

(૫) ઓકટોબર માસની ૧૨ મી તારીખ, મંગળવારે શરદ પૂર્ણિમાની રાત્રે 'શોભના' નામની એક નાની સ્ટીમરમાં આશરે ૪૦૦ ભાઇ બહેનોનો નૌકાવિહાર ૮ થી ૧૧ સુધી ગોઠવવામાં આવ્યો હતો. અને એ ત્રણ કલાક ભારે આનંદ અને ઉલ્લાસમાં સૌએ ગાળ્યા હતા.

આ રજતમહોત્સવના અનુસંધાનમાં પ્રબુદ્ધ જીવનનો પણ પોતાનો એક વિશેષ અંક કાઢવામાં આવ્યો હતો. આ અંકની અંદર સંઘનો ૨૬ વર્ષનો વૃત્તાન્ત, રજત મહોત્સવનું સવિસ્તર વર્ણન તથા અનેક વિદ્વાનો, ચિન્તકો, તથા લેખકોના લેખો, વગેરે સંગ્રહિત કરવામાં આવ્યા હતા. તેમજ સંસ્થાના જુના કાર્યવાહકોની છબીઓ તથા રજતમહોત્સવના ચિત્રો આદિ વિશેષ અંકને સુશોભિત કરવામાં આવ્યો હતો.

રજતમહોત્સવ ફંડ નં. ૧ માં રૂા. ૧૫૬૩૦, રજતમહોત્સવ ફંડ નં. ૨ માં રૂા. ૨૦૧૧ એમ કુલ્લે રૂા. ૧૭૬૪૧ ની આવક થઇ હતી અને તે સામે રજતમહોત્સવને અંગે પરચુરણ ખર્ચના રૂા. ૧૫૩૫, સંઘના સ્ટાફને ખાસ બોનસ આપ્યું તેના રૂા. ૮૩૫, રજત મહોત્સવ અંગે ખાસ માણસો રોકયા તેમના પગારના રૂા. ૧૫૫, રામાયણ નાટક અંગે રૂા. ૧૩૬૯, સંમેલનભોજનના રૂા. ૧૦૫૦, મનોરંજન કાર્યક્રમના રૂા. ૬૫૦ અને નૌકાવિહારના રૂા. ૮૨૫ એમ કુલ રૂા. ૬૬૮૭ નો ખર્ચ થયો અને પરિણામે સંઘને રૂા. ૧૦૮૫૪ની આવક થઇ હતી.

#### પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક આ વર્ષે પણ તા. ૨૫–૮–૫૪ થી તા. ૨–૯–૫૪ સુધી નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. અને એ નવે દિવસનું પ્રમુખસ્થાન પંડિત સુખલાલજીએ શોભાવ્યું હતું. પારંભના સાત દિવસની સભાઓ માટે હરેક એક સ્ત્રીવ્યાખ્યાતા અને એક પુરૂષવ્યાખ્યાતા એવો આ વર્ષનો એક વિશિષ્ટ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. નવે દિવસની સભાઓનો પ્રારંભ સુન્દર ભજન કે પ્રાર્થનાગીત પૂર્વક થયો હતો. એક દિવસ કુ. અરૂણા સોનાવાળાએ પોતાના વિશિષ્ટ કંઠના સંગીત

તેનો સભાજનોને લાભ આપ્યો હતો. આ પર્યુષણ વ્યાખ્યાનમાળા પાછળ સંઘને રૂા. ૭૮૮નો ખર્ચ થયો હતો. આ પ્રસંગે સંઘને રૂા. ૧૬૪૬ની અને વ્યાખ્યાનમાળા પેટે રૂા. ૫૫૪ની આવક થઇ હતી.

### સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના લેખોમાંથી પસંદ કરીને લેખસંગ્રહ બહાર પાડવા માટે સ્વ. મણિલાલ મોકમચંદ શાહે સંઘને ઇ. સ. ૧૯૪૪માં રૂા. ૧૦૦૦ની રકમ આપી હતી. પણ આજ સુધી એ દિશાએ કશી પ્રવૃત્તિ થઇ શકી નહોતી. બે અઢી વર્ષ પહેલાં યશવંત દોશીને લેખ સંગ્રહ તૈયાર કરવાનું કાર્ય સોંપવામાં આવેલું. તેમણે તૈયાર કરી આપેલો લેખસંગ્રહ ગત વર્ષ દરમિયાન બહાર પાડવામાં આવ્યો હતો. આ લેખસંગ્રહ માટે કાકાસાહેબ કાલેલકરે અને પંડિત સુખલાલજીએ પ્રવેશકો લખી આપ્યા હતા, તેનું સુશોભન પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી. કે. કે. હેબ્બરે કશા પણ વળતર લીધા સિવાય કરી આપ્યું હતું, અને ભાવનગર મહોદય પ્રીન્ટીંગ પ્રેસવાળા શ્રી. ગુલાબચંદ લલ્લુભાઇ શાહે પૂરા મમત્વકપૂર્વક આ પુસ્તકને તૈયાર કરી આપ્યું હતું. આજના પ્રકાશનોમાં આ પુસ્તકનો ઉઠાવ એક નવી ભાત પાડે તેવો છે. તેની કીંમત રૂા. ૩ રાખવામાં આવી છે, પણ સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને રૂા. ૨માં આપવું એવો પ્રબંધ કરવામાં આવ્યો છે.

### માથેરાન પર્યટણ

ગયા એપ્રીલ માસની તા. ૯-૧૦-૧૧ એમ ત્રણ દિવસ માટે સંઘના સભ્યો માટે માથેરાનનું એક પર્યટણ યોજવામાં આવ્યું હતું. આ પર્યટણનો ચાલીશેક ભાઇ બહેનો તથા બાળકોએ લાભ લીધો હતો. આ પર્યટણ અંગે રીગલ હોટલના માલીક શ્રી. ભાઇલાલભાઇએ પ્રવાસીઓ માટેના ચાલુ દરમાં થોડો ઘટાડો કરી આપ્યો હતો. એ ત્રણ દિવસ પર્યટણમાં ભાગ લેનારી મંડળીએ ખૂબ આનંદ વિનોદમાં પસાર કર્યા હતા અને માથેરાનના અદ્‌ભુત સૃષ્ટિ સૌન્દર્યને માણીને નવી તાજગી પ્રાપ્ત કરી હતી.

### હિમશિખર એવરેસ્ટનું દર્શન

સંઘ પ્રત્યે સદ્‌ભાવ ધરાવતા એક મિત્ર શ્રી. નવનીતલાલ પરીખ અને તેમના બે ત્રણ મિત્રો આગળના વર્ષ દરમિયાન હિમાલયમાં માઉન્ટ એવરેસ્ટની સમીપ આવેલા માઉન્ટ ચ્યુમોરીના પ્રવાસે ગયેલા. તેને લગતું રંગીન ચિત્રપટ તેમણે ઉતારેલું તથા તૈયાર કરેલું તે એપ્રીલ માસની ત્રીજી તારીખે ભારતીય વિદ્યાભવનના ગીતા મંદિરમાં સંઘના સભ્યોને તેમણે દેખાડયું હતું. આ ચિત્રપટ દ્વારા માઉન્ટ એવરેસ્ટનું દૂર નજીકનું તેમણે બહુ સ્પષ્ટ દર્શન કરાવ્યું હતું અને સૌ કોઇને ખૂબ મુગ્ધ કર્યા હતા.

### કાકાસાહેબને શુભવિદાય

એપ્રીલ માસના પ્રારંભમાં જાપાન જવા ઉપડતા કાકાસાહેબ કાલેલકરને શુભ વિદાય આપવા માટે સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં તા૦ ૨૭-૩-૫૪ ના રોજ એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાકાસાહેબે વિવિધ વિષયસ્પર્શી સંભાષણ કરીને સભ્યોને આનંદમુગ્ધ કર્યા હતા. આ સંભાષણ તા૦ ૧૫-૫-૫૪ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલ છે.

### 'પછાતવર્ગનું ઉદ્ધારકાર્ય' વિષે શ્રી. સરલાબહેન ઝવેરી

ચંદનવાડી વેલફેર સેન્ટરના મુખ્ય કાર્યકર્તા શ્રી. સરલાબહેન ઝવેરીએ એપ્રીલ માસની ત્રીજી તારીખે સંઘના કાર્યાલયમાં 'પછાત વર્ગોનું ઉદ્ધારકાર્ય' એ વિષય ઉપર એક વ્યાખ્યાન આપ્યું હતું અને એ વ્યાખ્યાનમાં પોતે વર્ષોથી ચંદનવાડીમાં વસતા પછાત વર્ગોમાં જે કાર્ય કરી રહ્યા છે તેને લગતા અનુભવોની અનેક વિગતો રજુ કરીને આ ઉધ્ધારકાર્યની ઉપયોગીતા તેમજ વિકટતાનો સચોટ ખ્યાલ આપ્યો હતો. આખું વ્યાખ્યાન અનેક રીતે ઉદ્‌બોધક તેમજ પ્રેરક હતું.

### સૌરાષ્ટ્રમાં ગ્રામ પંચાયતો

આ વૃતાંત રજુ કરવામાં આવે છે તે પહેલાં તા. ૧૮-૧૨-૫૪ ના રોજ સૌરાષ્ટ્ર ગ્રામ પંચાયત મધ્યસ્થ મંડળના ઉપપ્રમુખ શ્રી ન્યાલચંદ મૂળચંદ શેઠે સૌરાષ્ટ્રમાં એકમ સ્થપાયા બાદ ગ્રામ પંચાયતોની કેવી ઝડપભેર સ્થાપનાઓ થઇ રહી છે અને તેથી ગ્રામપ્રજાને કેવા લાભો મળી રહ્યાં છે તેનો સંઘના કાર્યાલયમાં યોજાયેલ સભામાં સારો ખ્યાલ આપ્યો હતો અને મુંબઇમાં રહેતા સભાજનોને લગભગ અપરિચિત એવા આ વિષયમાં તેમણે પ્રવેશ-દીક્ષા આપી હતી.

### પ્રબુદ્ધ જીવન

સંઘની આ પાક્ષિક પ્રવૃત્તિ એક સરખી ચાલી રહી છે. 'પ્રબુદ્ધ જૈન'નું ૧૯૫૩ના મે માસથી 'પ્રબુદ્ધ જીવન' એ મુજબ નામ પરિવર્તન થયા બાદ વિશાળ જનતાનું વિશેષ આકર્ષણ કરતું રહ્યું છે, ગ્રાહક સંખ્યામાં પણ ઠીક ઠીક વધારો થયો છે. ગયે વર્ષે સંઘના મંત્રી શ્રી. ટી. જી. શાહ આફ્રિકાના પ્રવાસે ગયેલા. તેમના પ્રયાસના પરિણામે પૂર્વ આફ્રિકામાંથી પ્રબુદ્ધ જીવનને ૧૨૫ ગ્રાહકો પ્રાપ્ત થયા છે. ગત વર્ષ દરમિયાન પ્રગટ કરવામાં આવેલ પ્રબુદ્ધ જીવનના વિશેષ અંક વિષે રજતમહોત્સવની વિગતોના અનુસંધાનમાં વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગત વર્ષ દરમિયાન પ્રબુધ્ધ જીવન ખાતે આવક રૂા. ૨૫૪૦ની અને ખર્ચ રૂા. ૩૮૫૮નો થયેલ છે અને પરિણામે રૂા. ૧૩૧૮ની ખોટ આવી છે. પ્રબુધ્ધ જીવનની ખોટ નાબુદ કરવા માટે ગ્રાહક સંખ્યા હજુ સારા પ્રમાણમાં વધવી જરૂરી છે. આ માટે સંઘના સભ્યોએ બને તેટલો પ્રયત્ન કરવો ઘટે છે. પ્રબુધ્ધ જીવન વિશાળ જનતાની સાચી સેવા કરે છે અને સમાજ અને રાષ્ટ્રને સ્પર્શતા પ્રશ્નો વિષે સાચું માર્ગદર્શન આપે છે એવી પ્રતીતિ ધરાવતા ગ્રાહકો પણ આ દિશાએ સક્રિય થાય અને નવા નવા ગ્રાહકો બનાવી આપે તેમજ લવાજમો ભરીને પોતાના પરિચિત જનોમાં તેનો ફેલાવો કરવાનું મનમાં લે તો પ્રબુધ્ધ જીવનની ખોટ સત્વર નાબુદ થઇ જાય એટલું જ નહિ પણ ચાલુ આપવામાં આવે છે તેથી વધારે વાચન સામગ્રી વડે પ્રબુદ્ધ જીવનને સમૃધ્ધત્તર બનાવી શકાય.

### શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંઘ હસ્તક ચાલતું આ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સંઘની એક સૌથી મોટી આર્થિક જવાબદારી છે. આ વાચનાલયમાં ૬ દૈનિક, ૧૬ સાપ્તાહિક, ૧૨ પાક્ષિક, ૩૯ માસિક, ૩ ત્રિમાસિક અને ૧ વાર્ષિક એમ કુલ ૭૭ સામયિકો આવે છે અને તેનો હંમેશા લગભગ ૧૨૫ થી ૧૫૦ ભાઇઓ લાભ લે છે. પુસ્તકાલયનો પણ આશરે ૨૦૦ વ્યકિતઓ નિશ્ચત કરેલી યોજના મુજબ પુસ્તકાલયના સભ્ય બનીને ચાલુ લાભ લે છે. આ પુસ્તકાલયમાં આજે ૫૨૦૦ પુસ્તકો વસાવવામાં આવ્યા છે. નવા વર્ષમાં રૂા. ૩૦૦ નાં નવાં પુસ્તકો ખરીદવામાં આવ્યા છે. જગ્યાના સંકોચના કારણે સંઘના કાર્યાલયમાં વધારે કબાટો મૂકી શકાય તેમ નથી અને તેથી જ્યાં સુધી સ્થળ બદલવામાં ન આવે ત્યાં સુધી પુસ્તકાલયના વિકાસને આ સ્થળમાં બહુ ઓછો અવકાશ છે. ગત વર્ષ દરમિયાન રૂા. ૨૦૮૯ની ખોટ આવી છે અને આગળવર્ષની રૂા. ૧૧૧૨ની ખોટ ઉભી હતી આમ એકંદર રૂા. ૩૨૧૨ની ખોટ સામે આગળ જણાવ્યું તે મુજબ રજત મહોત્સવ દરમિયાન ભજવાયેલા રામાયણ

નૃત્યનાટિકાની ટીકીટોના વેચાણની આવક રૂા. ૧૯૯૨ થઇ હતી અને પરિણામે રૂા. ૩૭૬૦ની ગત વર્ષ દરમિયાન બચત થઇ છે, પણ આ બચત એવી નથી કે વાચનાલય અને પુસ્તકાલય વિષે સંઘ લાંબો સમય નચિન્તતા અનુભવી શકે. આ વાચનાલય અને પુસ્તકાલય આસપાસ વસતા લોકો માટે એક જ્ઞાનપરબની ગરજ સારે છે તેનો લાભ નાતજાતના કશાપણ ભેદભાવ સિવાય સૌ કોઇને આપવામાં આવે છે. આ જ્ઞાનપ્રચારની કલ્યાણકારી પ્રવૃત્તિને બને તેટલું આર્થિક સીંચન કરવા સુસ્થિત ભાઇ બહેનોને પ્રાર્થના છે.

### વૈદ્યકીય રાહત

ગત વર્ષ દરમિયાન વૈદ્યકીય રાહત આપવાની પ્રવૃત્તિ ચાલુ રહી છે અને એને લગતી માંગ પણ ખૂબ રહે છે, પણ એ ખાતામાં બહુ ઓછી રકમ જમે હોવાથી વૈદ્યકીય રાહત બહુ સંકોચથી આપવી પડે છે. ગત વર્ષ દરમિયાન આ રાહત પેટે રૂા. ૧૬૦) ખર્ચાયા છે અને આવક રૂા. ૫૫)ની થઇ છે. માંદાની માવજતનાં સાધનો સંઘના કાર્યાલયમાં જોઇતા પ્રમાણમાં વસાવવામાં આવેલ છે અને તેનો લાભ આસપાસ રહેતા લોકો સારા પ્રમાણમાં લે છે.

### સંઘની આર્થિક પરિસ્થિતિ

ગત વર્ષ દરમિયાન રજત મહોત્સવ ફંડ સાથેની એકંદર આવક રૂા. ૨૧૨૫૭ની થઇ છે અને રજત મહોત્સવ સાથેનો ખર્ચ રૂા. ૬૪૬૨ અને પ્રબુદ્ધ જીવનની ખોટ રૂા. ૧૩૧૭ એ બન્ને મળીને રૂા. ૧૦૮૦૬ની રકમ થાય છે તે આવકમાંથી બાદ જતાં સંઘને રૂા. ૧૦૪૪૮ની બચત રહી છે.

### વિશાળતાની દિશાએ સંઘ ભરેલું નવું પગલું

ગત વર્ષ દરમિયાન તા. ૩૧-૭-૫૪ ના રોજ મળેલી અસાધારણ સામાન્ય સભાએ સંઘના બંધારણમાં કરેલા સુધારા મુજબ સંઘમાં કોઇ પણ જૈનેતર ભાઇ બહેન હવે જોડાઇ શકે છે અને તેના પરિણામે થોડાં જૈનેતર ભાઇ બહેન સંઘમાં સભ્ય તરીકે જોડાયા પણ છે. વિશાળતાના માર્ગે સંઘ એક એક પગલું આગળ ભરી રહેલ છે. સંઘની મુખ્ય પ્રવૃત્તિઓમાં કોઇ કોમવાદ કે સંપ્રદાયવાદને કદિ અવકાશ હતો જ નહિ. બે વર્ષ પહેલાં પ્રબુદ્ધ જૈનનું પ્રબુદ્ધ જીવનમાં રૂપાન્તર થયું, ગત વર્ષમાં સંઘનાં દ્વાર જૈનેતરો માટે ખુલ્લાં થયાં છે.

### સંઘની કાર્યવાહી

ગત વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૧૧ સભાઓ બોલાવવામાં આવી હતી અને કાર્યવાહક તેમજ રજત મહોત્સવ સમિતિની સંયુક્ત ૭ સભાઓ બોલાવવામાં આવી હતી. આ ઉપરાંત તા. ૩૧-૭-૫૪ના રોજ સંઘના બંધારણમાં ઉપરનો સુધારો કરવા માટે એક અસાધારણ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. રજત મહોત્સવનો કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડવામાં રજત મહોત્સવ સમિતિના સભ્યોએ પુરી જહેમત ઉઠાવી હતી. રજત મહોત્સવના ફાળામાં સંઘના સભ્ય હોય ને હોય એવા અનેક શુભેચ્છક મિત્રોએ સારી સારી રકમો આપી હતી. આ સર્વનો સંઘ તરફથી અન્તઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે. ગત વર્ષ દરમ્યાન સભ્યસંખ્યામાં પણ સારો વધારો થયો હતો જેના પરિણામે ૩૪૩ની સભ્યસંખ્યા પ્રાપ્ત કરવા સંઘ ભાગ્યશાળી થયેલ છે.

### આપણા કાર્યવિસ્તારની દિશા

આપણો સંઘ માત્ર જૈનોની જ સંસ્થા બની રહે એમ નહિ પણ મુંબઇ શહેરનું એક મહત્વ ધરાવતું સાંસ્કૃતિક કેન્દ્ર બને એવો આપણો મનોરથ છે. આપણા સંઘે આજ સુધીમાં જે જે પ્રવૃત્તિઓનું સંચાલન કર્યું છે તે તે પ્રવૃત્તિઓએ જૈન સમાજનો એક યા બીજી રીતે વિચારઉત્કર્ષ સાધ્યો છે એટલું જ નહિ પણ વિશાળ જનસમાજનું યથાશક્તિ વિચાર કલ્યાણ પણ સાધ્યું છે. આવી ઉભય હિતકારી નવી નવી પ્રવૃત્તિઓ હાથ ધરતા રહેવું એ આપણા કાર્યવિસ્તારનું લક્ષ્ય છે અને એ લક્ષ્ય પાર પાડવા માટે સભ્યોનો શક્ય તેટલો સહકાર અપેક્ષિત છે.

પરમાનંદ કુંવરજી કાપડિયા
ટી. જી. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

## કોંગ્રેસનું સાઠમું અધિવેશન

રાષ્ટ્રીય મહાસભાનું ૬૦ મું અધિવેશન આવડી ખાતે ભરાઇ ગયું. પચીસમે વર્ષે રજતજયંતી, પચાસમે વર્ષે સુવર્ણમહોત્સવ અને સાઠમે વર્ષે હીરકમહોત્સવ–એની ઉજવણીની પ્રથા વિશ્વમાં અને અહીં પડી ગઇ છે. આ અધિવેશન સાઠમું હતું. પરંતુ એ હકીકતના નિર્દેશ સિવાય મહાસભાના હીરકમહોત્સવ નિમિત્તે કોઇ ખાસ ઉજવણી થઇ હોય તેમ દેખાયું નહીં. આ આઝાદીની પ્રાપ્તિ પહેલાં જે અધિવેશનો ભરાતાં તેનો મહિનાઓ પહેલાં પ્રચાર શરૂ થતો. અધિવેશન પહેલાં અને દરમ્યાન તેનાં રંગબેરંગી વર્ણનો અખબારોના પાને ચમકતાં. રસભરી અને ચટકદાર ભાનીમાં વિવિધ પ્રસંગોને અને બનાવોને રજુ કરવામાં આવતા. અધિવેશન , પહેલાં અને પછી લાગણીઓ અને ઉર્મિઓના તરંગો હવે ચડતા. અને એ તો મુકિતયુધ્ધનાં દિવસો હતા. અહિંસક યુધ્ધ છતાં કહી શકાય કે ત્યારે દુદુંભિના નાદ ગાજતા, નગારે દાંડી પડતી, રણભેરીઓ વાતાવરણને કંપાવતી.

એવું કાંઇ આ વખતે બન્યું નહી; કારણ કે તે હવે બીનજરૂરી હતું. હવે તોફાને ચડેલા સમુદ્રના સ્નોઢની જરૂર નથી, પરંતુ શાંત છતાં નિઃશંકપણે વહી જતાં જીવનદાયી નહેરનાં વારિ જોઇએ છીએ. હવે પહાડો કંપાવતા પ્રચંડ ઝંઝાવાત સમા વાયુઓ જોઇતા નથી, પણ નવવલ્લવિત તરૂઓ અને અન્નથી લચેલાં લીલાંછમ ખેતરોને મંદ મંદ સ્મિતથી ભરી દેતા સમીરની જરૂર છે. હવે કાગળને શોભાવતા શબ્દો નહી પણ નવસર્જનની ભવ્યતાથી ઓપતાં કાર્યોની જરૂર છે.

તે છતાં આ અધિવેશન નિરસ હતું એમ કહી શકાય નહીં. આંખને ભરી દેતા અને દૃષ્ટાંતો આંજી દે તેવાં દૃશ્યો ન હતાં તેમ પણ ન કહી શકાય. પ્રથમ દિવસે જ ચાર લાખ માનવીઓની હાજરી હતી એમ તટસ્થ અહેવાલો કહી જાય છે. ચાર લાખ માનવીઓનો મહેરામણ એ વાત પણ કહી જાય છે કે અપૂર્ણતાઓ છતાં અને અસંતોષ છતાં લોકહૃદયમાં હજુ પણ મહાસભા અગ્રસ્થાન ભોગવે છે. જેમ આઝાદી પ્રાપ્ત કરવા માટે લોકોએ તેનામાં વિશ્વાસ મૂક્યો હતો તેમ આબાદી પણ તે સ્થાપી શકશે એવી લોકોમાં ઉડેઉડે પણ આશા છે ને અધિવેશને પસાર કરેલા ઠરાવોએ અને તે ઠરાવો ઉપરનાં મુખ્ય સૂત્રધારોનાં પ્રવચનોએ લોકોના દિલમાં અવનવી આશાઓ પાંગરે તેવું જળસીંચન કર્યું છે.

અધિવેશન માટે રચવામાં આવેલો મંડપ પણ અનોખો અને ભવ્ય હતો એમ લાગે છે. કોઇ બીજાના નહી પણ ખુદ પંડિત જવાહરલાલનાં શબ્દોમાં "આવો ભવ્ય મંડપ કયાંય જોવામાં આવ્યો નથી." પ્રેક્ષકોને રોમાંચનો અનુભવ કરાવે તેવી એક વસ્તુ યુગોસ્લાવીયાના પ્રમુખ માર્શલ ટીટોની હાજરી ને પ્રવચન ગણાવી શકાય. એક પરદેશી સ્વાધીન રાજ્યનો સર્વસત્તાધીશ મહાસભાના અધિવેશનમાં હાજર રહે અને પ્રવચન કરે તે આ પહેલો જ પ્રસંગ હતો. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારત જે મહત્તા પ્રાપ્ત કરતું જાય છે અને માર્શલ ટીટો જગતની બે મહાસત્તાઓ વચ્ચે જે મહત્વ ભોગવે છે તે લક્ષમાં લેતાં તેની હાજરી અતિ સૂચક અને અનેક રીતે ઉપયોગી પરિણામો ને અસરો નિપજાવનારી નીકળે એવો સંભવ છે. અધિવેશન એ રીતે ધ્યાનીય બન્યું હતું.

અને શ્રવણની વાત લઇએ તો જે ઠરાવો થયા તે પરના મહત્વનાં પ્રવચનો ખૂબજ ચિંતનપ્રેરક, ઉત્તેજક, ગંભીર અને માર્ગદર્શક હતાં. તેમાંયે પંડિત જવાહરનાં પ્રવચનો જાણે કે એક એકથી ચઢિયાતા હતાં. વિચારોની ઝમક, ઉંડી અવગાહનશક્તિ સાદા શબ્દો અને સામાન્ય લાગતા વિષયને પણ ઉચ્ચ અને ભવ્ય

ભૂમિકા પર લઈ જનારી અદ્‌ભુત વિચાર સરણી–આ જોતાં દિવસે દિવસે એ પુરુષનું વ્યક્તિત્વ અપૂર્વ અને અદ્‌ભુત રીતે વિકસી રહ્યું છે એમ લાગ્યા વિના રહેતું નથી. જેમ પારસમણિ કથિરને પણ કનક બનાવે તેમ જે જે વિષયને તેઓ સ્પર્શે છે તથા જેના વિષે પોતાના વિચારો વ્યક્ત કરે છે તે તે વિષય જ નવીન અને ઉન્નત સ્વરૂપ ધારણ કરી લે છે. ખાદી અને રેંટીયો-વાત તો એક ને એક હતી, છતાં સેંકડો લેખો અને હજારો પ્રવચનો અને વાર્તાલાપમાં ગાંધીજીની વાણી દરેક વખતે કોઇક નવું જ કહેતી. તે મુજબ જવાહરનાં પ્રવચને પ્રવચને કોઈક નવું જ તેજ, નવું જ જોમ અને નવી જ ભવ્યતાનાં દર્શન થાય છે. ચંદન જેમ વધુ ઘસાય તેમ વધુ સુગંધ આપે, તેમ રાષ્ટ્રના આ પ્રિય અને લાડીલા નેતાની વિચારધારા અને દૃષ્ટિ સમયના વહેવા સાથે દિવ્ય અને અલૌકિક કહી શકાય તેવી કક્ષાએ પહોંચતી રહી છે.

એ બધી તો પ્રાસ્તાવિક વાતો છે. અધિવેશનની સમગ્ર કાર્યવાહીનું અવલોકન એક વાત સ્પષ્ટપણે કહી આપે છે કે રાષ્ટ્રની આગેકૂચનો એક નવો ને કદાચ સૌથી મહત્વનો તબક્કો શરૂ થાય છે. અધિવેશનને કુલ ચૌદ ઠરાવો કર્યા. તેમાં થોડાક ઔપચારિક ઠરાવોને બાદ કરતાં બીજા બધા ઠરાવો એક ચિત્રના જુદા જુદા ભાગ જેવા હતા, એક જ ધ્યેયનાં ભિન્ન ભિન્ન વિભાગો જેવા હતા. આ ઠરાવો એક બીજા સાથે અતર્ગત સંકળાએલા હતા. ભાવી હીંદના સર્વ ક્ષેત્રોનું એક સંપૂર્ણ આલેખન કરવાની મનીષા એમાં દેખાઇ આવે છે. જેમ એક ઇજનેર ચણવા ધારેલા મકાનના નકશા દોરી આપે તેમ ભાવી હિંદ કેવું હશે કે હોવું જોઇએ તેના નકશાની રૂપરેખા આ ઠરાવોમાં દોરવામાં આવેલ છે. પ્રમુખશ્રીએજ અધિવેશનની કાર્યવાહી તથા ઠરાવોને એજ આશયના શબ્દમાં વર્ણવેલા છે. "અહીં એક સર્વગ્રાહી અને સંકલિત ચિત્ર દોરવાનો પ્રયત્ન થયો છે" એવી મતલબના એમના શબ્દો હતા.

અધિવેશનનો પ્રારંભ પ્રથા મુજબ સ્વાગત પ્રમુખ તથા પ્રમુખનાં ભાષણોથી થયો. સ્વાગત પ્રમુખનું ભાષણ સામાન્ય રીતે ઔપચારિક હતું. પ્રમુખનું ભાષણ કેવું હશે તે વિષે અનેક કુતુહલપ્રેરક ધરતીકરી સેવી હતી. કારણ કે શ્રી ઢેબરભાઇની મહાસભામાં પ્રમુખ તરીકેની પસંદગી એ એક આકસ્મિક કે આશ્ચર્યજનક ઘટના હતી. ઘણાને માટે એ આનંદ ઉપજાવનારી હતી છતાં આવી વિરાટ સંસ્થાના અધિસ્થાનેથી તેઓ શું કહેશે કે બોલશે તે વિષે ઘણા વિમાસણ સેવી રહ્યા હતાં. તેમનાં પ્રવચનમાં તેમની લાક્ષણિક નમ્રતા તરી આવે છે. જે મહાન અને ભવ્ય સંસ્થાનું સુકાન તેમને સોંપાયું છે તે ફરજ અદા કરવાના પોતાના સામર્થ્ય વિષે તેમણે દાવો કર્યો નથી. માત્ર પ્રાર્થના કરી છે કે તેમનામાં મૂકવામાં આવેલા વિશ્વાસને તેઓ વાજબી ઠેરવી શકે.

તેમના પ્રવચનને ક્રાંતિકારી કહી શકાય નહિ. તેને રાષ્ટ્ર ઉત્થાન માટે પ્રજામાં ઉત્સાહ અને ઉમંગની હેલી ચડાવે એવું પ્રેરણાજનક કહી શકાય નહિ. તેમ જ તેમાં કોઇ નવીન અને માહિતિપૂર્ણ વિચારોને રજુ કરવામાં આવ્યા છે એમ પણ કહી શકાય નહી. પણ તેમનામાં પ્રવાહો અને પરિસ્થિતિનું અવલોકન અને પૃથક્કરણ કરવાની એક વિશિષ્ટ શક્તિ છે તે આ પ્રવચનમાં જણાઇ આવે છે. આઝાદી પછીના દેશનો વિકાસ અને આજ સુધીનાં તબક્કાઓ કેવી રીતે સિધ્ધ કરી શકાય તેનું તેમણે સુંદર મૂલ્યાંકન કર્યું છે. રાષ્ટ્રીય નેતાઓએ અને રાષ્ટ્રીય સરકારોએ કેવી વિકટ પરિસ્થિતિમાં કેવી સલામતીથી દેશનું નાવ હંકાર્યું છે તેનો સચોટ પરિચય તેમણે આપ્યો છે અને હવે શું તેની રૂપરેખા પણ આપી છે. રાજકીય ક્રાંતિ થઇ. રિયાસતી ક્રાંતિ થઇ. વહીવટ સ્થિર અને એકચક્ર થયો, પણ આર્થિક ક્રાંતિ બાકી છે, તે આવવાની છે અને અનિવાર્ય છે એવા તેમના વિચારો ને માન્યતાઓ હતાં તેની તેમણે અહીં સ-તાવાર રજુઆત કરી છે. એક ગંભીર અભ્યાસપૂર્ણ પૃથક્કરણયુક્ત નિબંધ જેવા આ પ્રવચનમાં ભલે કોઈ ચમકારા નહી હોય, પણ એમાં દેશને ઉંચે લાવવામાં જે રચનાત્મક દૃષ્ટિ અને કાર્યની જરૂર છે તેનું તેમણે જરૂર યોગ્ય નિરૂપણ કર્યું છે.

તેમના પ્રવચનના મુખ્ય મુદ્દાઓ વિષે સ-તાવાર ઠરાવો થયા. પણ તેમણે એક બે વાતો કહી તે નોંધવા જેવી છે. સમાજવાદી અર્થ રચના અંગે પ્રવચન કરતા પંડિત જવાહરલાલે જે સ્પષ્ટીકરણ કર્યું તે પ્રમુખશ્રીએ પણ નીચેના શબ્દોમાં વ્યક્ત કર્યું હતું.

"મુડીવાદી કે સામ્યવાદી રચના એમાંથી એકકે રચના આપણા માટે ઉકેલ નથી. તેનું એક બીજું કારણ એ છે કે આપણી જીવન દૃષ્ટિ તદ્દન ભિન્ન છે. આર્થિક બાજુને આપણે ગૌણ નથી ગણતા, છતાં આપણે એમ માનીએ છીએ કે માનવીની મૂળભૂત નૈતિક પ્રકૃતિ ને નૈતિક પ્રેરણા ઉપર જ સમાજની રચના કરી શકાય. એટલે કે આર્થિક સિવાય બીજાં પણ પ્રેરણાબળો છે કે જે આર્થિક અને સામાજિક પ્રગતિ માટે ઉપયોગી છે.

"બધાને સમાન હક મળવા જોઇએ તે વિના આવી સમાનતા અશકય છે. તેનો અર્થ એમ નથી કે જેઓ સમૃધ્ધ છે કે જેઓ પાસે બુધ્ધિ કે જ્ઞાન છે તેમનો એ દરજ્જો આપણે ખુંચવી લેવા માંગીએ છીએ."

તેમણે પોતાનાં પ્રવચનમાં એક બીજી પણ અગત્યની વાત કહી છે. આ રહ્યા એ શબ્દો :–

"દરેક ક્રાંતિને તેનાં હથિયારો હોય છે. અને અહિંસક ક્રાંતિને પણ તેનાં હથિયારો છે. અહિંસાના શસ્ત્રાગારમાં બે પ્રકારનાં હથિયારો છે: એક આંતરિક અને બીજા બાહ્ય. આંતરિક બાજુએ આપણે સેવા અને બલિદાનથી આપણી અંદરની તાકાત સર્જવાની છે. બાહ્ય બાજુએ રચનાત્મક કાર્યદ્વારા જનસમુહ સાથે એકરૂપ બની આપણાં આદર્શ તરફ તેને જીતી લેવાનો છે."

આ ઉપરાંત ભારતની પરદેશ નીતિ ઉપર પણ તેમણે વિસ્તૃત સમજણ આપી છે.

રજુ થયેલા ઠરાવોની ભૂમિકા પ્રમુખશ્રીના પ્રવચનમાંથી મળી રહે છે. હવે થયેલાં મુખ્ય ઠરાવો જોઇએ.

સૌથી મહત્વનો ઠરાવ સમાજવાદી આદર્શ વિષે હતો એ ઠરાવના મહત્વના શબ્દો આ મુજબ છે.

"જ્યાં ઉત્પાદનનાં મુખ્ય સાધનો સમાજની માલિકી કે અંકુશ નીચે હોય, જ્યાં ઉત્પાદન ઝડપી પ્રગતિ કરતું હોય ને જ્યાં રાષ્ટ્રીય દોલતની ન્યાયી વહેંચણી હોય તેવા સમાજવાદી ધોરણયુક્ત સમાજની સ્થાપના કરવાની દૃષ્ટિએ આયોજન કરવું જોઇએ."

આ ઠરાવ આવવાનો હતો તે પહેલાં જ તેને વિષે ચર્ચા જાગી હતી. મહાસભાનાં બંધારણમાં જે આદર્શ છે તેથી આ ઠરાવ જુદો પડે છે એવી સૂચના થઇ હતી અને તે આદર્શને ન ફેરવવો જોઇએ એવો પણ મત વ્યકત થયો હતો. ધ્યેયના આ ઠરાવના પરિણામરૂપ અને તેના ઉપર રચાયેલો એક બીજો ઠરાવ પણ તે પછી પસાર થયો હતો. આ ઠરાવ પંડિત ગોવિંદવલ્લભ પંતે મૂકયો હતો. એ ઠરાવને આર્થિક નીતિનો ઠરાવ એવું નામ અપાયું હતું. ૭૫૦ શબ્દોના આ ઠરાવમાં ભારતની ભાવી આર્થિક નીતિ કેવી હોવી જોઇએ તેનું નિરૂપણ કરવામાં આવ્યું હતું.

તેના મુખ્ય મુદ્દા નીચે મુજબ હતા:–

(૧) જીવન ધોરણ ઉંચે લાવવું,

(૨) ઉત્પાદન વધારવું,

(૩) અને ૧૦ વર્ષમાં સંપૂર્ણ રોજગારી માટે પ્રયત્ન કરવો.

આ બન્ને ઠરાવો ઉપરના પ્રવચનોમાં કેટલીક સ્પષ્ટતા કરવામાં આવી હતી. આ ઠરાવોની કલ્પના અને ઘડતર કરનાર પંડિત જવાહરલાલે પોતાની વિરાટ શૈલિમાં તેનું સુંદર સ્પષ્ટીકરણ કર્યું.

આ ઠરાવોમાં ભારતમાં સમાજવાદની સ્થાપના કરવામાં આવશે તેમ કહેવામાં આવ્યું નથી પણ ભારતીય સમાજની સમાજવાદી ધોરણે રચના થશે એમ કહેવામાં આવ્યું છે સમાજવાદ એટલે શું એનો કોઇ એકજ જવાબ મળી શકશે નહિ. જેમ એક ધર્મના સ્થાપક પછી તરેહ અને ફિરકાઓ ને વાડાઓ ઉભા થાય છે ને મુખ્ય વસ્તુ શું હતી તે વિષે વિભ્રમ ઉભા થાય છે તે મુજબ સમાજવાદનાં ડઝન જેટલાં સ્વરૂપો યુરોપમાં ઉભા થયાં છે. સમાજવાદનું ઉગ્ર સ્વરૂપ સામ્યવાદ છે. રૂટલી અને બીજાં થોડાક દેશોને બાદ કરતાં અન્યત્ર સમાજવાદી સ્વરુપના આર્થિક તંત્રની સ્થાપના બળવો કરવાથી થઇ છે. કેટલાક દેશોમાં તો હિંસાનું સ્વરૂપ ઘણું ક્રારમું અને વિકરાળ હતું. પણ સમાજવાદ વિચારસરણી એક મુખ્ય મુદ્દા ઉપર ચાલે છે. ને તે એ છે કે વસ્તુઓનાં ઉત્પાદનનાં સાધનો કોઇની ખાનગી માલિકીના ન હોવા જોઇએ, પણ સમાજની માલિકીનાં એટલે કે સમાજના પ્રતિનિધિરુપ રાજ્યની માલિકીના હોવા જોઇએ. મૂડીવાદી અર્થતંત્ર અનેક અનિષ્ટો નભાવ્યા છે. એક બાજુ દોલતની વૃદ્ધિ અને બીજી બાજુ ગરીબાઇની વૃદ્ધિ. આવી સ્થિતિને સુધારવા માટે સમાજવાદી વિચાર સરણી ઉત્પન્ન થઇ છે. તેના વિચારકોએ એમ પ્રતિપાદન કરવા પ્રયત્ન કર્યો છે કે સમાજના અર્થતંત્રમાં ઉત્પાદન અને વહેંચણી મુખ્ય ભાગ ભજવે છે. ઉત્પાદન ખાનગી હાથોમાં તેમના અંગત લાભ માટે કેન્દ્રિત થાય છે, જ્યારે વહેંચણી અસમાન અને ન્યાયહીન હોય છે, અને તેથી સમાજમાં અસમાનતા ઉભી થાય છે. તેથી ઉત્પાદનનાં સાધનો રાજ્ય પાસે હોય અને ઉત્પન્નની વહેંચણી પણ ન્યાયી રીતે રાજ્ય કરે તો આર્થિક અનિષ્ટો દૂર થાય. એટલે આ ઠરાવમાં સમાજવાદી શબ્દ અપનાવવામાં આવ્યો છે. તેનો અર્થ એ કે અહીં પુરતકિયા સમાજવાદ સ્થાપવાનો પ્રયત્ન થશે નહીં. તેમજ એ વાત પણ સ્પષ્ટ કરવામાં આવી છે કે અન્ય દેશોમાં જે પ્રકારનો સમાજવાદ છે તેની નકલ કરવામાં આવશે નહિ. આપણે તો આપણા સંજોગો અને ભૂમિકાને અનુરૂપ હોય એવા સમાજવાદી ધોરણનો પ્રયોગ કરવાનો છે. એટલે ઠરાવમાં મુખ્ય નીચેનાં મુદ્દા સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

૧. ઉત્પાદનનાં મુખ્ય સાધનોની માલિકી સમાજની હોવી જોઇએ.

૨ ઉત્પાદનના સાધનો ઉપર સમાજનો અંકુશ હોવો જોઇએ.

૩ ઉત્પાદન વધુને વધુ ઝડપી બનવું જોઇએ.

૪ અને રાષ્ટ્રીય દોલતની સરખી વહેંચણી કરવી જોઇએ.

આપણો આશય બીજા દેશમાં બન્યું છે તે મુજબ સાધન-સંપન્નોનું સાધન અને સંપત્તિ પડાવી લઇ અન્યને વહેંચી આપવાનો નથી. મુખ્ય ભાર રાષ્ટ્રીય ધનની ઉત્પત્તિ ઉપર છે. જ્યાં ધન જ નથી ત્યાં વહેંચવાનો સવાલ નથી. જવાહરલાલે કહ્યું તેમ આજે જો વહેંચણી કરીએ તો તે માત્ર ગરીબાઇની જ સમાન વહેંચણી કરવાની છે. એટલે સૌથી પ્રથમ સવાલ દોલત ઉત્પન્ન કરવાનો છે. તે ઉત્પન્ન થાય પછી જ તેની વહેંચણીનો છે. એટલે બીજા ઠરાવમાં જણાવ્યું તેમ જીવન ધોરણ ઉંચું લાવવાનો પ્રયત્ન કરવામાં આવશે. શ્રીમંતોને ગરીબ નહિ પણ ગરીબોને સંપત્તિવાન બનાવવાનું ધ્યેય રખાયું છે. બેકારી નિવારણ માટે બાહેધરી અપાઇ નથી, પણ દશ વર્ષમાં તેની નાબુદી થાય તેવા પ્રયત્ન કરવાનો આદેશ અપાયો છે.

આ બન્ને ઠરાવો અમલમાં આવશે ત્યારે દેશની આર્થિક સ્થિતિ ઉપર શી અસર થશે તે કહી શકાય નહીં, પણ બે ત્રણ વાતો નોંધવા જેવી છે એક તો એ છે કે નાણામંત્રી શ્રી દેશમુખે કહ્યું કે સમાજવાદી સમાજ રચના વિના બીજે ભાગ સંતોષવો નથી. શ્રી દેશમુખ સામાન્ય રીતે મુડીવાદી વિચારસરણીના પ્રતિનિધિ છે એવું મનાય છે. એટલે તેમના ઉદ્‌ગારો ખૂબ જ મહત્વના છે. બીજા શબ્દો જવાહરના છે. તેમણે કહ્યું કે ઠરાવોની ભાષા સોફ્ટ છે, પણ ખરી રીતે આર્થિક ક્રાંતિનો આ ઠરાવ છે. બીજી ક્રાંતિ આપણી રીતે થશે. બીજા દેશોમાં થયેલાં ધર્ષણ ને હિંસાનો અનુભવ આપણને કરવો નહિ પડે.

૧૯૨૭માં મદ્રાસમાં પૂર્ણ સ્વરાજની ઘોષણા કરવામાં આવી. ૧૯૨૮માં રાવીનદીને કીનારે મુકર્રમિલ આઝાદીનો નાદ ગાજતો થયો. તે પછી તો પ્રચંડ ઝંઝાવાતો આવ્યા અને ગયા. દેશની સુરત પલટાઇ ગઇ. રાવીનો એ પવિત્ર કિનારો આજે તો પરભોમ બન્યો છે, પણ એ સમયની ઘોષણા ગુલામી ફેંડવાની હતી. એક વખત રાષ્ટ્ર આઝાદ બને પછી જ નવઘડતરનું કાર્ય થઇ શકે. અનેક બલિદાનો અને લડતો પછી આઝાદી મળી. વીસમી સદીના ભારતના ઇતિહાસનું એક પ્રકરણ પુરું થયું. પછી રાષ્ટ્રને સ્થિર અને સંગઠિત કરવાનો તબક્કો શરૂ થયો. રિયાસતોનું વિલીનીકરણ જેવી અસામાન્ય સિધ્ધિ જાણે કે આંખના પલકારામાં પ્રાપ્ત થઇ હૈદ્રાબાદનો પ્રશ્ન પણ ઉકલી ગયો અને રાષ્ટ્રવ્યાપી સુતરાજ સ્થપાઇ ગયું. જમીનદારી પણ નાબુદ થઇ એટલે રાષ્ટ્રની આગેકુચનો માર્ગ સરળ બન્યો. હવે આર્થિક નવ રચનાનું ધ્યેય રજુ કરીને આ અધિવેશને એક નવું પ્રકરણ શરૂ કર્યું છે. આર્થિક નવરચનાનો ઠરાવો આ અધિવેશનનો સીમાસ્તંભ બની રહેશે. ૧૯૨૮ની ઘોષણા પછી સૌથી વધારે મહત્વની આ ઘોષણા છે.

આઝાદીની લડત માટે તમન્ના અને જેમ ઉભા કરવા સહેલા હતાં. અહીં તો શાંત રચનાત્મક કાર્ય કરવાનું છે તેને માટે પ્રજાનો સહકાર મળી શકે તેવી કલ્પનાશીલ નીતિ અને વલણ મહાસભા તથા મહાસભાની સરકારો દાખવે તો આ ધારેલી પ્રગતિ શકય બનશે.

**કેશવલાલ એમ. શાહ**

## 'વૈષ્ણવ દર્શન'

(લેખક: શ્રી સોમભાઇ પટેલ; પ્રકાશક: સુન્દર સાહિત્ય પ્રકાશન મંદિર તરફથી શ્રી જયુભાઇ દાણી, તારદેવ મુંબઇ ૩૪ કીંમત રૂ. ૫.)

આ પુસ્તકમાં ભકત કવિ નરસિંહ મહેતાનું જાણીતું પદ 'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઇ જાણે રે' એમાં વૈષ્ણવજનનાં જે ઉત્તરોત્તર લક્ષણો દર્શાવવામાં આવ્યા છે તે દરેક લક્ષણને મૂર્તિમન્ત કરે તેવો એક એક પ્રસંગ આજ સુધીમાં થઇ ગયેલા દુનિયાના જુદા જુદા મહાપુરુષોના જીવનમાંથી તારવીને મોટા ભાગે સંવાદના રૂપમાં આપવામાં આવેલ છે. પ્રથમતા પોતે ભગત નરસિંહ મહેતા ભગવાન શ્રી કૃષ્ણને પ્રાર્થના કરે છે કે મારા અન્તરના ઊંડાણમાં ધબકતું મારું કવિહૃદય કોઇ એવા સંતિયા જનના–વૈષ્ણવજનના–દર્શનને માટે ઝંખી રહ્યું છે કે જે એ દર્શને આત્માનો ઉધ્ધાર થઇ જાય. એ પ્રાર્થના સાંભળીને શ્રીકૃષ્ણ પ્રગટ થાય છે અને નરસિંહ મહેતાના કવિ હૃદયમાં ઉગેલાં વૈષ્ણવ જનનાં લક્ષણોમાંથી એક એક લક્ષણને મૂર્તિમન્ત કરતી ભૂત, વર્તમાન કે ભાવીમાં થયેલી કે થનારી વિશિષ્ટ વ્યકિતઓનાં દર્શન કરવાની નરસિંહ મહેતાને દિવ્ય દૃષ્ટિ આપે છે અને છેવટે એ બધાં લક્ષણોને એકત્રપણે મૂર્તિમન્ત કરતી કોઇ મહાન વિભૂતિ કે જેને ભાવીના ગર્ભમાં છુપાયેલી તેઓ જુએ છે અને જેનું દર્શન કરતા માત્ર દર્શન કરનારનો જ નહિ પણ તેની ઇકોતેર પેઢીનો ઉધ્ધાર થઇ જાય એવા મહા માનવનું દર્શન કરાવવાની પણ આશા આપે છે. ત્યાર બાદ એક એક લક્ષણ લઇને

એક મહાન વ્યક્તિને સંકલિત કરીને લેખક આપણને તેનું દર્શન તેમજ કોઇ એક વિશિષ્ટ પ્રસંગ દ્વારા તેનો આછો એવો પરિચય કરાવે છે. આ રીતે "જે પીડ પરાઇ જાણે રે" એ પંક્તિ સાથે ભગવાન બુદ્ધનાં, "પર દુઃખે ઉપકાર કરે તોયે" એ પંક્તિ સાથે દાનવીર રંતિદેવનાં, 'મન અભિમાન ન આણે રે' એ પંક્તિ સાથે લક્ષ્મણ-ઉર્મિલાનાં, 'સકળ લોકમાં સહુને વંદે' એ પંક્તિ સાથે સન્ત જ્ઞાનેશ્વરનાં, 'નિંદા ન કરે કેની રે' એ પંક્તિ સાથે સન્ત તુકારામનાં, 'વાચા, કાછ, મન નિશ્ચલ રાખે' એ પંક્તિ સાથે ક્રમશઃ પ્રહ્લાદ, શુકદેવ અને ધ્રુવનાં, 'સમ-દૃષ્ટિ' સાથે કવિ જયદેવ તથા ભગવાન ઇશુ ખ્રીસ્તનાં, 'તૃષ્ણા ત્યાગી' સાથે કવિ તુલસીદાસનાં, 'પરસ્ત્રી જેને માત રે' એ પંક્તિ સાથે કબીરનાં, 'જિહ્વા થકી અસત્ય ન બોલે' એ પંક્તિ સાથે હરિશ્ચંદ્રનાં, 'પર ધન ન ઝાલે હાથ રે' એ પંક્તિ સાથે રામદાસ સ્વામીનાં, 'મોહ માયા વ્યાપે નહિ જેને' એ પંક્તિ સાથે મીરાંબાઇનાં, 'દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે' એ પંક્તિ સાથે ભગવાન શંકરાચાર્યનાં, 'રામ નામ શું તાળી લાગી' એ પંક્તિ સાથે શબરીનાં, 'સકળ તીરથ તેનાં તનમાં રે' એ પંક્તિ સાથે ભગવાન મહાવીરનાં, 'વણ લોભી' સાથે ભરતનાં, 'કપટ રહિત છે' એ પંક્તિ સાથે યુધિષ્ઠિરનાં, 'કામ ક્રોધ નિવાર્યા રે' એ પંક્તિ સાથે ભીષ્મ-પિતામહ અને સુરદાસનાં અને છેવટે 'ભણે નરસૈયો એનું દર્શન થાતાં કુળ એકોતેર તાર્યાં રે' એ પંક્તિ સાથે મહાત્મા ગાંધીનાં નરસિંહ મહેતાને અને તેમના ભક્ત જનોને સાક્ષાત્ અને આ ગ્રંથના વાંચનારને કલ્પના વડે દર્શન થાય છે. આ મહાપુરૂષોમાં ગાંધીજી સિવાય અન્ય સર્વ ઐતિહાસિક દૃષ્ટિએ નરસિંહ મહેતાના પૂર્વકાલીન છે, જો કે લેખકે ઐતિહાસિક માહિતીના અભાવે મીરાંબાઇને નરસિંહ મહેતાની સમકાલીન અને સન્ત તુલસીદાસ તથા સ્વામી રામદાસને ઉત્તર કાલીન તરીકે રજુ કર્યા છે.

આ રીતે એક એક વૈષ્ણવ લક્ષણ ધરાવતી એક એક મહાન વ્યક્તિ રજુ કરી એક વિશાળ કાળપ્રદેશને આવરી લેતા ચિત્રપટ મારફત વૈષ્ણવ જનના પદને મૂર્તિમન્ત કરવાનો લેખકે સ્તુત્ય પ્રયત્ન કર્યો છે. નરસિંહ મહેતાને શ્રીકૃષ્ણ દિવ્યદૃષ્ટિ આપે અને તે દ્વારા નરસિંહ મહેતાના સમયની અપેક્ષાએ માત્ર ભૂતકાળનાં જ નહિ પણ ભવિષ્યમાં બનાર મહા પુરૂષની જીવનલીલા નરસિંહ મહેતા જુએ એવી ચમત્કારપૂર્ણ ભૂમિકા ઉભી કરવાને બદલે વર્તમાન કાળમાં વિચરતા કોઇ સૂત્રધાર અને નટી મારફત ભગવાન રામ અને શ્રીકૃષ્ણથી માંડીને મહાત્મા ગાંધીજી સુધીની વૈષ્ણવ જનોની હારમાળા રજુ કરવામાં આવી હોત તો તેવી રચના વધારે ઉચિત અને સ્વાભાવિક લાગત.

ભાષામાં તેમજ સંવાદમાં ઘણે ઠેકાણે વૈષ્ણવી વેવલાપણું નજરે પડે છે. દા. ત. દાસલક્ષ્મા. કેટલાક સંવાદો બહુ સાધારણ લાગે છે. કોઇ કોઇ ઠેકાણે-પ્રસ્તુત લક્ષણ અને નિર્દિષ્ટ મહાપુરૂષની ખરી વિશેષતા વચ્ચે કોઇ મેળ દેખાતો નથી. દા. ત. કુતરાને સાથે લીધા વિના સ્વર્ગમાં દાખલ થવાના યુધિષ્ઠિરના ધનકારમાં કપટરહિત-પણું કોઇ અંશમાં નજરે પડતું નથી. ભીષ્મપિતાહના બ્રહ્મચારી રહે વાના આગ્રહમાં કે સુરદાસની ચિન્તામણિ પાછળની ઘેલછામાં કામ-વિવશતા અથવા કામ વિજય તો જોવા મળે છે પણ ક્રોધવિજય-સૂચક તેમાંથી કશું તત્વ પ્રાપ્ત થતું નથી. તુલસીદાસ અને સુરદાસમાંથી લગભગ એક સરખો બોધપાઠ નીકળતો હોવાથી પુનરાવર્તનનો દોષ આવે છે. તુકારામના જીવનનું વિશેષ તત્વ 'નિંદા ન કરે કેની રે' છે એમ કહી નહિ શકાય. એવી જ રીતે જ્ઞાનેશ્વરના જીવનનું વિશિષ્ટ તત્વ 'સકળ લોકમાં સહુને વંદે' છે એમ કહી નહિ શકાય. આ માટે સન્ત ફ્રાન્સિસને પસંદ કરવામાં આવ્યો હોત તો વધારે યોગ્ય લેખાત. પ્રહ્લાદના જીવનને વાણીસંયમના અપૂર્વ દૃષ્ટાન્ત તરીકે આગળ ધરી નહિ શકાય. કબીરના જીવનનું મુખ્ય લક્ષણ 'પરસ્ત્રી જેને માત રે' એમ કહી નહિ શકાય. રામદાસનું દૃષ્ટાન્ત પણ 'પર ધન નવ ઝાલે હાથ રે' એ લક્ષણ સૂચવવા માટે જોઇએ તેટલું સચોટ નથી. એજ રીતે તૃષ્ણાત્યાગ માટે તુલસીદાસનું દૃષ્ટાન્ત પૂરતું સચોટ નથી. ક્રોધવિજય માટે ભાઇ ઉમાશંકર પોતાની 'વિભૂતિ વન્દના'માં સૂચવે છે તે મુજબ વશિષ્ઠ વિશ્વામિત્રનું દૃષ્ટાન્ત વધારે ઉચિત લેખાત. રંતિદેવ તથા લક્ષ્મણ ઉર્મિલાના નિરૂપણમાં અતિશયતા અથવા તો અસ્વાભા વિકતા દેખાય છે અને ખુંચે છે. 'કાચ સંયમ' એટલે બ્રહ્મચર્યના અપૂર્વ દૃષ્ટાન્ત તરીકે શુકદેવનું દૃષ્ટાન્ત બરોબર છે, પણ તેને લગતો જે પ્રસંગ પુસ્તકમાં આપવામાં આવ્યો છે તે પ્રસંગ બ્રહ્મ-ચર્યની ઉત્કટતા કોઇ અંશમાં સૂચવતો નથી. સમદૃષ્ટિ દાખવવા માટે જયદેવનું દૃષ્ટાન્ત પ્રમાણમાં નબળું દેખાય છે. દૃઢ વૈરાગ્ય સૂચવવા માટે શંકરાચાર્યનો મંડનમિશ્ર સાથેનો પ્રસંગ જોઇએ તેટલો આકર્ષક લાગતો નથી. ખરેખરતો કુળના તારક તરીકે ગાંધીજીનું દૃષ્ટાન્ત બરોબર છે, પણ તેમના જીવનનો કોઇ વિશિષ્ટ પ્રસંગ રજુ કરવામાં આવ્યો નથી એ રીતે તેમાં અધુરાપણું લાગે છે.

આ ગ્રંથનો મુદ્રણ, કાગળ, બાઇન્ડીંગ, છાપણી તેમજ સુશો-ભનની દૃષ્ટિએ ભારે સરસ ઉઠાવ છે. આમ છતાં પણ ચિત્રાલેખન જ્યાં ત્યાં નબળું દેખાય છે. પાને પાને એક બાજુએ નીચે પ્રાર્થના-મગ્ન ગાંધીજી અને બીજી બાજુએ નીચે બંસી બજાવતા શ્રીકૃષ્ણનાં નાનાં નાનાં ચિત્રો મૂકવામાં આવ્યા છે તેમાં શ્રીકૃષ્ણનું ચિત્ર બહુ જ સાધારણ દેખાય છે. ભગવાન મહાવીરની મૂર્તિ વસ્ત્રધારી બનાવી છે તે વસ્ત્ર વિહીન હોવી જોઇએ. જ્ઞાનેશ્વર, કબીર, રામદાસ, અને યુધિષ્ઠિરનાં ચિત્રઆલેખનો બહુ નબળાં છે. એમાં યુધિષ્ઠિર તો ભારે કઢંગા અને અભારતીય જેવા લાગે છે.

આ બધી ત્રુટિઓ છતાં પ્રસ્તુત ગ્રંથ સુવાચ્ય છે, સુદર્શનીય છે, એક ભવ્ય પ્રયત્નનું સુન્દર પરિણામ છે. વિષયની ગહનતા અને વિરાટતા એવી છે કે આ પ્રકારનો પહેલો પ્રયત્ન આવા વિષયને પૂરો ન્યાય આપી ન જ શકે. આજ મયાળા નીચે એક ગ્રંથમાળા પ્રગટ થવી જોઇએ અને લેખકોએ અને ચિત્રકારોએ વૈષ્ણવજનનાં લક્ષણોને મૂર્તિમન્ત કરતા જગતના અનેક મહાપુરૂષોમાંથી પોતપોતાને યોગ્ય અને આદરણીય લાગે તેવી મહદ્ વ્યક્તિઓનાં ચિત્ર તેમ જ શબ્દનાં આલેખનસંગ્રહો પ્રગટ કરવા જોઇએ. 'વૈષ્ણવજન'નો સદેશો ઘેર ઘેર પહોંચાડવાની અવી રીત નિર્માણ કરવી માટે શ્રી સોમાભાઇ પટેલને અનેક ધન્યવાદ ઘટે છે. પરમાનંદ

# સંઘ સમાચાર

## વાર્ષિક સામાન્ય સભા

તા. ૨૨-૧-૫૫ શનીવાર સાંજના ૫-૩૦ વાગ્યે સંઘના કાર્યા-લયમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆના પ્રમુખપણા નીચે મળી હતી. સભામાં સંઘના સભ્યોની હાજરી સારા પ્રમાણમાં હતી. તા. ૩૧-૭-૫૪ રોજ મળેલી અસાધારણ સામાન્ય સભાની નોંધ મંજુર થયા બાદ ગત વર્ષની કાર્યવાહી રજુ કરતો વાર્ષિક વૃતાન્ત તથા સંઘના અને શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-યનાં આવક જાવકનાં હિસાબો અને સરવૈયાં રજુ કરવામાં આવ્યાં હતાં અને તે સંબંધમાં થોડીક ચર્ચા અને સૂચનો થયા બાદ સર્વા-નુમતે મંજુર કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ આગામી વર્ષના સંઘ અને વાચનાલય પુસ્તકાલયને લગતા મંત્રીઓ તરફથી રજુ કરવામા આવેલા અંદાજપત્રો મંજુર કરવામાં આવ્યા

હતા. ત્યારબાદ ચૂંટણીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું જેનું પરિણામ નીચે આપવામાં આવ્યું છે. છેલ્લાં બે વર્ષથી મંત્રી તરીકે કામ કરતા અને આ વર્ષથી નિવૃત્ત થતા શ્રી ટી. જી. શાહનો સંઘના પ્રમુખશ્રી તરફથી ખાસ આભાર માનવામાં આવ્યો હતો. એ એ મુજબ આ વખતથી કોષાધ્યક્ષ તરીકે નિવૃત્ત થતા શ્રી ચીમનલાલ પી. શાહનો પણ આભાર માનવામાં આવ્યો હતો. સંસ્થાના હિસાબ-અન્વેષક તરીકે મેસર્સ શાહ મહેતા એન્ડ ચોકસીને નવા વર્ષ માટે ચાલુ રાખવામાં આવ્યા હતા અને આગળના વર્ષના તેમના કામકાજ બદલ અને આ વાર્ષિક સભાના ચૂંટણી કાર્યમાં મદદરૂપ થવા માટે તેમના વિષે આભારની લાગણી પ્રદર્શિત કરવામાં આવી હતી.

ઉપર જણાવેલ ચૂંટણીના પરિણામે ઉપસ્થિત થયેલી નવી કાર્યવાહક સમિતિ નીચે મુજબ છેઃ-

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ખીમજી માંડણ ભુજપુરિયા | પ્રમુખ |
| ૨ | „ લીલાવતીબહેન દેવીદાસ | ઉપપ્રમુખ |
| ૩ | „ પરમાનંદ કુંવરજી કાપડિયા | મંત્રીઓ |
| ૪ | „ શાન્તિલાલ દેવજી નંદુ | મંત્રીઓ |
| ૫ | „ ચીમનલાલ જે. શાહ | કોષાધ્યક્ષ |
| ૬ | „ ચીમનલાલ ચકુભાઇ શાહ | સભ્ય |
| ૭ | „ ટી. જી. શાહ | „ |
| ૮ | „ જસુમતીબહેન મનુભાઇ કાપડિયા | „ |
| ૯ | „ ચીમનલાલ પી. શાહ | „ |
| ૧૦ | „ રમણીકલાલ એમ. શાહ. | „ |
| ૧૧ | „ રતિલાલ ચીમનલાલ કોઠારી | „ |
| ૧૨ | „ શાન્તિલાલ ઉમેદચંદ બરોડિયા | „ |
| ૧૩ | „ રમણલાલ સી. શાહ | „ |
| ૧૪ | „ ચંદુલાલ સાકળચંદ વકીલ | „ |
| ૧૫ | „ દીપચંદ ત્રીભોવનદાસ શાહ | „ |
| ૧૬ | „ નાનચંદભાઇ શામજી | „ |
| ૧૭ | „ બચુભાઇ પી. દોશી | „ |
| ૧૮ | „ વેણીબહેન કાપડિયા | „ |
| ૧૯ | „ દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી | „ |
| ૨૦ | „ વલ્લભદાસ કુલચંદ મહેતા | „ |

ઉપર મુજબની નવી કાર્યવાહક સમિતિની તા. ૨૯-૧-૫૫ ના રોજ મળેલી સભાએ નીચે જણાવેલ પાંચ સભ્યોની કાર્યવાહક સમિતિમાં પૂરવણી કરી હતી.

૧ શ્રી ખીમજી હેમરાજ છેડા
૨ „ શાંતિલાલ એમ. શાહ
૩ „ જયંતીલાલ નાનચંદ ડેલીવાલા
૪ „ અંબાલાલ ચતુરભાઇ શાહ
૫ „ તારાબહેન રમણલાલ શાહ

તદુપરાન્ત સંઘ હસ્તક ચાલતા વાચનાલય-પુસ્તકાલયને લગતી સમિતિ નીચે મુજબ નકકી કરવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ | ટ્રસ્ટીઓ અધિકારની રૂએ |
| ૨ | „ પરમાનંદ કુંવરજી કાપડિયા | ટ્રસ્ટીઓ અધિકારની રૂએ |
| ૩ | „ રતિલાલ ચીમનલાલ કોઠારી | ટ્રસ્ટીઓ અધિકારની રૂએ |
| ૪ | „ રમણિકલાલ મણિલાલ શાહ | ટ્રસ્ટીઓ અધિકારની રૂએ |
| ૫ | „ પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ | ટ્રસ્ટીઓ અધિકારની રૂએ |
| ૬ | „ દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી | |
| ૭ | „ ચીમનલાલ જે. શાહ | |
| ૮ | „ પ્રો. રમણલાલ સી. શાહ | |
| ૯ | „ શાંતિલાલ દેવજી નંદુ | મંત્રી |

## સંઘના સભ્યો માટે વૈતરણા-તાનસા પર્યટણ

સંઘના સભ્યો અને તેમના કુટુંબીઓ માટે વૈતરણાતાનસાનું તા. ૨૦-૨-૫૫ રવિવાર (મહાશિવરાત્રી) ના રોજ એક પર્યટણ યોજવાનો વિચાર કરવામાં આવ્યો છે. એ પ્રવાસ જતાં આવતા લગભગ ૧૬૦ માઇલનો થશે અને તે માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસો રોકવામાં આવશે. મોટી ઉંમરના ભાઇ બહેનો માટે જણ દીઠ રૂ. ૧૨ લેવામાં આવશે અને દસ વર્ષની નીચેના બાળકો માટે રૂા. ૮ લેવામાં આવશે. આ પર્યટણ દરમિયાન બે વખત ચા પાણીનો નાસ્તો તથા એક વખત ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે. આ પર્યટણમાં જોડાવા ઇચ્છનારા ભાઇ-બહેનોને જરૂર રકમ સાથે પોતાનાં નામ સંઘના કાર્યાલયમાં તા. ૧૦-૨-૫૫ પહેલાં નોંધાવી જવા વિનંતિ કરવામાં આવે છે.

આ પર્યટણ માટે નિયત કરેલી બસો ૨૦-૨-૫૫-ના રોજ **બરોબર સવારના ૭ વાગ્યે** પાયધુની ટી. જી. શાહ બીલ્ડીંગ પાસેથી ઉપડશે, ૬-૧૦ મીનીટે ઓપેરા હાઉસ, ૬-૩૦ વાગ્યે દાદર ખોરદાદ સરકલ અને ૬-૩૫ મીનીટે કીંગ સરકલ ઉપરથી પસાર થશે અને આ સ્થળોએથી પર્યટણમાં જોડાવા ઇચ્છતા ભાઇ બહેનોને લઇને પહેલા સીધી વૈતરણા જશે, અને બપોરના ભાગમાં તાનસા આવશે અને રાત્રે નવ વાગ્યા લગભગ મુંબઇ પહોંચશે.

**મંત્રીઓ, મુંબઈ યુવક જૈન સંઘ.**

## સૌ કોઇ માટે ખુલ્લું જાહેર કરાયેલું જૈન મંદિર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી દર્શનાર્થે આવતા સૌ કોઇને માટે જૈન મંદિર ખુલ્લાં જાહેર કરવાની વિનંતિ કરતો મુંબઇના ભિન્ન ભિન્ન જૈન મંદિરના ટ્રસ્ટીઓ ઉપર મોકલવામાં આવેલ પરિપત્રના જવાબમા માટુંગામાં આવેલ સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રતિલાલ નાગડા જણાવે છે કે "અમારા ટ્રસ્ટ હેઠળના જિનાલયમાં મનુષ્ય માત્રને શુધ્ધ થઇ આવવાની છૂટ છે જેની નોંધ લેશો." આવી શુભ પહેલ કરવા માટે સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન મંદિરના ટ્રસ્ટીઓને ધન્યવાદ ઘટે છે અને આ પગલાંને અનુસરીને અન્ય જૈન મંદિરોના ટ્રસ્ટીઓ પણ આ પ્રકારની વિના વિલંબે જાહેરાત કરશે અને જૈન મંદિર "અભંગ દ્વાર" છે એટલે કે તેમાં નિરપવાદ સૌ કોઇને પ્રવેશાધિકાર છે એ પરાપૂર્વની માન્યતાને સાર્થક કરશે અને એ રીતે જૈન સમાજ અસ્પૃશ્યતાને પોતાના ધાર્મિક તેમજ સામાજિક જીવનમાંથી સદાને માટે નાબુદ કરશે એવી આશા રાખવામાં આવે છે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

## બહેન ગીતા પરીખનું કાવ્યગાન

તા. ૨૯-૧-૫૫ શનીવારના રોજ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમા મળેલી જાહેર સભામાં શ્રી કરસનદાસ માણેકના પ્રમુખપણા નીચે બહેન ગીતા પરીખે પોતાનાં કેટલાંક કાવ્યો ગાઇ સંભળાવ્યા હતા.

**વિષયસૂચિ**


| | | પૃષ્ઠ |
|---|---|---|
| શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત | | ૨૧૫ |
| કોંગ્રેસનું સાઠમું અધિવેશન | કેશવલાલ એમ. શાહ | ૨૧૭ |
| "જૈનુવ દર્શન" અવલોકન, | પરમાનંદ | ૨૧૮ |
| સંઘ સમાચાર | | ૨૨૦ |
| શ્રી મુંબઇ જૈન યુવક સંઘના હિસાબ અને સરવૈયાં | | ૨૨૨ |
| અહિંસા અને પોલીસના ગોળીબાર | પરમાનંદ | ૨૨૫ |

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ.

## શ્રી 'પ્રબુદ્ધ જીવન'નો સંવત ૨૦૧૦ના આસો વદ ૦))ના દિવસે પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ.

| આવક | રૂ. આ. પા. | રૂ. આ. પા. | ખર્ચ | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
|---|---|---|---|---|---|
| **લવાજમના:** | | | માણસોને પગારના ... ... | | ૬૬૦ ૦ ૦ |
| રોકડા આવ્યા ... | ૧૬૨૪ ૧૩ ૬ | | પેપર ખર્ચ ... ... | | ૪૩૪ ૧૧ ૬ |
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને 'પ્રબુદ્ધ જીવન' નિયમ મુજબ મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા ... | ૬૧૬ ૦ ૦ | ૨૫૪૦ ૧૩ ૬ | છપામણી ખર્ચ ... ... | | ૧૮૪૩ ૦ ૦ |
| | | | પોસ્ટેજ ખર્ચ ... ... | | ૪૫૬ ૧૪ ૦ |
| વર્ષ દરમિઆન આવક કરતા ખર્ચના વધારાના શ્રી જનરલ ફંડ ખાતે લઇ ગયા ... ... | | ૧૩૧૭ ૬ ૦ | પરચુરણ ખર્ચ .... ... | | ૧૩૦ ૧૩ ૦ |
| કુલ રૂ. | | ૩૮૫૮ ૬ ૬ | કુલ રૂ. | | ૩૮૫૮ ૬ ૬ |

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો સંવત ૨૦૧૦ ના આસો વદ ૦))ના દિવસે પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ.

| આવક | રૂ. આ. પા. | રૂ. આ. પા. | ખર્ચ | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
|---|---|---|---|---|---|
| **ભેટના:** | | | પગારના ... ... | | ૬૬૦ ૦ ૦ |
| ચાલુ ભેટ ... | ૧૬૪૬ ૦ ૦ | | મકાન ભાડું તથા વીજળી ખર્ચ ... ... | | ૧૫૩ ૧૨ ૦ |
| રજતમહોત્સવ ફંડ નં. ૧ ખાતે | ૧૫૬૩૦ ૦ ૦ | | પ્રીન્ટીંગ અને સ્ટેશનરી ... ... | | ૮૬ ૧૦ ૬ |
| રજતમહોત્સવ ફંડ નં. ૨ ખાતે | ૨૦૧૧ ૦ ૦ | ૧૬૨૮૭ ૦ ૦ | પોસ્ટેજ ખર્ચ ... ... | | ૪૫ ૦ ૦ |
| **લવાજમના:** | | | સંઘના સભ્યોને 'પ્રબુધ્ધ જીવન' નિયમ મુજબ મોકલાવતા એડજસ્ટ કર્યા ... | | ૬૧૬ ૦ ૦ |
| સંવત ૨૦૦૯ ના ... | ૩૯૫ ૦ ૦ | | ઓડીટરોને સંવત ૨૦૦૯ ના વર્ષની ફીના ... ... | | ૫૦ ૦ ૦ |
| સંવત ૨૦૧૦ ના ... | ૧૨૩૭ ૦ ૦ | ૧૬૩૨ ૦ ૦ | પરચુરણ ખર્ચ ... ... | | ૬૨૬ ૪ ૩ |
| વ્યાજના ... ... ... | | ૧૬૨ ૪ ૦ | શ્રી વ્યાખ્યાન માળા ખાતેથી લાવ્યા ... | | ૨૩૩ ૧૨ ૬ |
| જાહેર ખબરની આવક ... ... | | ૧૭૫ ૦ ૦ | **રજતમહોત્સવ ખર્ચ:** | | |
| સરવાયા ફેરના માંડીવાળ્યા ... ... | | ૧ ૧ ૦ | રજતમહોત્સવ સંમેલન ખર્ચ: માણસોના પગારના ૬૫૦-૦-૦ બીજો ખર્ચ ૧૫૩૫-૬-૬ | ૨૪૮૫ ૬ ૬ | |
| | | | મનોરંજન ... | ૬૫૭ ૨ ૦ | |
| | | | નૌકાવિહાર ખર્ચ ... | ૮૨૫ ૬ ૦ | |
| | | | રામાયણ નાટીકા ખર્ચ ... | ૧૩૬૬ ૦ ૦ | |
| | | | સમુહ ભોજન ખર્ચ ... | ૧૦૫૦ ૦ ૦ | ૬૬૮૭ ૪ ૬ |
| | | | | | ૬૪૬૧ ૧૨ ૬ |
| | | | વર્ષ દરમીયાન ખર્ચ કરતાં આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઇ ગયા | | ૧૧,૭૬૫ ૮ ૬ |
| કુલ રૂ. | | ૨૧૨૫૭ ૫ ૦ | કુલ રૂ. | | ૨૧,૨૫૭ ૫ ૦ |

## સંવત ૨૦૧૦ ના આસો વદ ૦)) ના દિવસનું સરવાયું.

### ફંડ અને દેવું

| | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
|---|---|---|
| **શ્રી રીઝર્વ ફંડ ખાતું:** | | |
| ગયા સરવાયા મુજબ બાકી ... | | ૧૧૦૦ ૦ ૦ |
| **સંઘ હસ્તકની મેનેજમેન્ટના ફંડો:** | | |
| **શ્રી પુસ્તક પ્રકાશન ખાતું:** | | |
| ગયા સરવાયા મુજબ બાકી ... | ૩૦૩૩ ૧૦ ૬ | |

### મિલ્કત અને લેણું

| | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
|---|---|---|
| **ઇન્વેસ્ટમેંટસ:** | | |
| ૫½ ટકાના ધી ઇન્ડીયન ઘુમ પાઇપ કું. લી. ના રૂ. ૪૦૦૦ની ફેઇસ વેલ્યુના ડીબેંચરો ... | | ૪૨૩૬ ૬ ૨ |
| **સીકયુરીટીઓ પર લેણું થયેલ વ્યાજ:** | | ૮૧ ૨ ૦ |

| | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
|---|---|---|
| **શ્રી વૈદકીય રાહત ખાતું :** | | |
| ગયા સરવાયા મુજબ બાકી...૨૨૯ ૧૧ ૦ | | |
| **ઉમેરો :** વર્ષ દરમીયાન ભેટના... ૫૫ ૦ ૦ | | |
| | ૨૮૪ ૧૧ ૦ | |
| બાદ વર્ષ દરમીયાન વૈદકીય રાહત ખર્ચના...૧૬૦ ૦ ૩ | | ૧૨૪ ૧૦ ૯ |
| **શ્રી ભાવજત ખાતું :** | | |
| ગયા સરવાયા મુજબ બાકી... ૩૭૫ ૧૦ ૯ | | |
| **ઉમેરો :** વર્ષ દરમીયાન ધસારાના વસુલ આવ્યા ... ૮ ૫ ૦ | | |
| | ૩૮૩ ૧૫ ૯ | |
| બાદ : વર્ષ દરમીયાન ભાવજતના સાધનો અંગે ખર્ચના ... ૯૭ ૪ ૦ | | ૨૮૬ ૧૧ ૯ |
| **શ્રી વ્યાખ્યાનમાળા ખાતું :** | | |
| ગયા સરવાયા મુજબ બાકી ... ૪૬ ૨ ૬ | | |
| **ઉમેરો :** વર્ષ દરમીયાન ભેટના.... ૫૦૮ ૨ ૯ | | |
| | ૫૫૪ ૫ ૩ | |
| બાદ : વર્ષ દરમીયાન ખર્ચના .... ૭૮૮ ૨ ૦ | | |
| | ૨૩૩ ૧૨ ૯ | |
| બાદ : શ્રી આવક ખર્ચ ખાતે લઇ ગયા ૨૩૩ ૧૨ ૯ | ... | ૩૪૪૫ ૧ ૦ |
| **દેવું :** | | |
| ખર્ચ અંગે ... ... | ૧૭૨૧ ૪ ૦ | |
| અગાઉથી આવેલા લવાજમો... (સંવત ૨૦૧૧ અને ૨૦૧૨) | ૫૬૫ ૦ ૦ | |
| ભાવજતના સાધનો અંગે ડીપોઝીટ | ૫ ૦ ૦ | |
| 'પ્રબુધ્ધ-જીવન'ના લવાજમ અંગે એડવાન્સ ... ... | ૨૭૨ ૦ ૦ | |
| પરચુરણ દેવું ... | ૫૭૪ ૮ ૦ | |
| શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક પુસ્તકાલય અને વાચનાલય (રામાયણ કઠ પુતળી નૃત્ય-નાટીકાની આવક અંગે) .... | ૬૬૨ ૦ ૦ | ૧૦૧૫૬ ૧૨ ૦ |
| **શ્રી જનરલ ફંડ ખાતું :** | | |
| ગયા સરવાયા મુજબ બાકી... | ૨૭૬૬ ૭ ૪ | |
| **ઉમેરો :** શ્રી જૈન યુવક સંઘના આવક ખર્ચ ખાતેથી લાવ્યા ૧૧૭૬૫ ૮ ૬ | | |
| | ૧૪૫૬૪ ૧૫ ૧૦ | |
| બાદ : શ્રી 'પ્રબુધ્ધ જીવન'ના આવક ખર્ચ ખાતેથી લાવ્યા ... ૧૩૧૭ ૯ ૦ | | ૧૩૨૪૭ ૬ ૧૦ |
| | કુલ રૂ. | ૨૭૬૫૨ ૩ ૧૦ |

| | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
|---|---|---|
| **લેવું** (સધ્ધર) | | |
| શ્રી મણીલાલ મોકમચંદ શાહ સાર્વજનિક પુસ્તકાલય અને વાંચનાલય ... ... | ૧૦૬૪ ૨ ૩ | |
| ભેટ અંગે ... ... | ૭૫૦ ૦ ૦ | ૧૮૧૪ ૨ ૩ |
| **રોકડ તથા બેંક બાકી :** | | |
| ધી બેંક ઓફ ઇન્ડીઆ લી. ના ચાલુ ખાતે (એકાઉન્ટ નં. ૧)... | ૧૧૭૬૪ ૨ ૮ | |
| ધી બેંક ઓફ ઇન્ડીઆ લી. ના ચાલુ ખાતે (એકાઉન્ટ નં. ૨)... | ૬૬૬૨ ૦ ૦ | |
| રોકડ શીલક ... ... | ૧૬૨૪ ૫ ૬ | ૨૦૩૮૦ ૮ ૨ |
| **શ્રી 'સત્યં શીવં સુન્દરમ્' પુસ્તક પ્રકાશન ખાતું :** | | |
| વર્ષ દરમીયાન ખર્ચના ... | ૧૬૫૩ ૧ ૩ | |
| બાદ : વર્ષ દરમીયાન પુસ્તકોના વેચાણના આવ્યા... ... | ૨૧૩ ૦ ૦ | ૧૪૪૦ ૧ ૩ |
| | કુલ રૂ. | ૨૭૬૫૨ ૩ ૧૦ |

અમોએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુંબઇનું સં. ૨૦૧૦ ના આસો વદ ૦)) ના દિવસનું ઉપરનું સરવાયું મજકુર સંસ્થાના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસ્યું છે, અને બરાબર માલુમ પડયું છે.

**શાહ મહેતા એન્ડ ચોકસી**
મુંબઇ, તા. ૧૭મી જાન્યુઆરી, ૧૯૫૫. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલયનો આવક જાવકનો હિસાબ.

### આવક

| | રૂા. | આ. | પા. | રૂા. | આ. | પા. |
|---|---|---|---|---|---|---|
| **વ્યાજના :** | | | | | | |
| સીક્યુરીટીઓના ... | ૧૫૰ | ૦ | ૦ | | | |
| પબ્લીક લીમીટેડ કંપનીઓના ડીબેંચરોના ... ... | ૬૮૧ | ૪ | ૦ | | | |
| બેંકના ચાલુ ખાતાના વ્યાજના | ૧૯ | ૧૨ | ૦ | | | |
| | ૮૫૧ | ૦ | ૦ | | | |
| બાદ: વર્ષ દરમીયાન સ્ટાન્ડર્ડ વેકયુમ ઓઇલ કું. લી. તથા તાતા લોકોમોટીવ એન્ડ એન્જીનીયરીંગ કું.લી. ના ડીબેંચરો ખરીદતી વખતે ચડેલા વ્યાજના આવ્યા ... | ૧૪૰ | ૧૧ | ૩ | ૭૧૰ | ૪ | ૯ |
| ભેટના ... ... | | | | ૧૧ | ૧૫ | ૦ |
| પુસ્તકોના લવાજમના ... | | | | ૫૮૮ | ૦ | ૦ |
| રામાયણ કઠ-પુતળી નાટીકા અંગે આવક ... ... | | | | ૬૯૬ | ૦ | ૦ |
| **પરચુરણ આવક :** | | | | | | |
| પસ્તીના વેચાણના ... | ૫૩ | ૧૨ | ૦ | | | |
| પાસ બુકના વેચાણના .... | ૨૫ | ૧૨ | ૦ | | | |
| પુસ્તકો મોડા આવવાથી તથા ખોવાઇ જવાથી દંડના ... | ૫૰ | ૧ | ૦ | ૧૨૯ | ૫ | ૦ |
| | | | | ૮૪૩૧ | ૧૨ | ૯ |

### ખર્ચ

| | રૂા. | આ. | પા. | રૂા. | આ. | પા. |
|---|---|---|---|---|---|---|
| **એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ :** | | | | | | |
| સ્ટેશનરી તથા પ્રીન્ટીંગ ... | ૨૩૨ | ૧૩ | ૩ | | | |
| ફરનીચર રીપેરીંગ તથા ડેડસ્ટોક ખર્ચ ... ... | ૧૭૩ | ૮ | ૦ | | | |
| વીમાના પ્રીમીયમના ... | ૪૩ | ૧૨ | ૦ | | | |
| પરચુરણ ખર્ચ ... | ૩૩ | ૪ | ૦ | | | |
| બેંક કમીશન ... | ૧ | ૮ | ૦ | ૩૮૪ | ૧૩ | ૩ |
| ઓડીટરોને સં. ૨૰૦૯ ના વર્ષની ફીના | | | | ૫૰ | ૦ | ૦ |
| **લાયબ્રેરી અંગ ખર્ચ :** | | | | | | |
| પેપરોના લવાજમના ... | ૩૩૫ | ૧૰ | ૦ | | | |
| ગ્રંથપાળને પગારના ... | ૧૩૰૰ | ૦ | ૦ | | | |
| ઘાટીને પગારના ... | ૬૧૫ | ૦ | ૦ | | | |
| મકાન ભાડું તથા વીજળી ખર્ચ | ૫૩૪ | ૦ | ૬ | | | |
| બુક બાઇન્ડીંગ ખર્ચ ... | ૧૰ | ૦ | ૦ | ૩,૦૬૪ | ૧૰ | ૬ |
| | | | | ૩,૫૨૬ | ૭ | ૬ |
| | | | | ૪૯૦૨ | ૫ | ૦ |
| | | | | કુલ. રૂા. | ૮૪૩૧ | ૧૨ ૯ |

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય, સં. ૨૦૧૦ આસો વદ ૦)) ના હિસાબનું સરવાયું.

### ફંડો અને દેવું

| | રૂા. | આ. | પા. | રૂા. | આ. | પા. |
|---|---|---|---|---|---|---|
| **શ્રી સ્થાયી ફંડ ખાતું :** | | | | | | |
| ગયા સરવાયા મુજબ બાકી | | | | ૨૪,૫૬૧ | ૦ | ૦ |
| **શ્રી પુસ્તક ફંડ ખાતું :** | | | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | | | ૫૰૰ | ૦ | ૦ |
| **દેવું :** | | | | | | |
| ડીબેન્ચરો ખરીદી અંગે | ૫૭૭ | ૩ | ૩ | | | |
| **ડીપોઝીટો :** | | | | | | |
| પુસ્તકો અંગે ૨૩૭૫ ૮ ૦ | | | | | | |
| પુસ્તકો અંગે વધારાની ડીપોઝીટ ૬૭ ૦ ૦ | ૨૪૪૨ | ૮ | ૦ | | | |
| **પરચુરણ દેવું :** | | | | | | |
| શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ૧૦૬૪ ૨ ૪ | | | | | | |
| લક્ષ્મીચંદ એમ. મહેતા ... ૬ ૮ ૦ | ૧૦૭૰ | ૧૰ | ૩ | ૪૰૯૬ | ૫ | ૬ |
| **શ્રી આવક ખર્ચ ખાતું :** | | | | | | |
| વર્ષ દર્મીઆન ખર્ચ કરતાં આવકનો વધારો ... | ૪૯૦૨ | ૫ | ૦ | | | |
| બાદ: ગયા સરવાયા મુજબ ઉધાર બાકી ... | ૧૧૧૨ | ૦ | ૬ | ૩૭૯૰ | ૪ | ૬ |
| | | | | કુલ રૂા. | ૩૨,૯૪૧ | ૧૰ ૦ |

### મિલકત અને લેણું.

| | રૂા. | આ. | પા. | રૂા. | આ. | પા. |
|---|---|---|---|---|---|---|
| **ઈન્વેસ્ટમેન્ટસ :** ( ચોપડાઓ પ્રમાણે ) | | | | | | |
| સીક્યુરીટીઓ ફેસવેલ્યુ ૫ ટકાની સને ૧૯૫૬ ની મેમ્બે મ્યુનીપલ લોન ૩૦૦૦ ૦ ૦ | ૩૬૧૫ | ૦ | ૦ | | | |
| પબ્લીક લીમીટેડ કંપનીઓના ડીબેંચરો ૪ ટકાના રાવલગામ સુગર ફાર્મ કું. લી. ના ડીબેંચરો ૧૦૦૦૦ ૦ ૦ | ૧૦૦૦૦ | ૦ | ૦ | | | |
| ૫½ ટકાના ધી સ્ટાન્ડર્ડ વેકયુમ ઓઇલ કું. લી. ના ડીબેંચરો ૫૦૦૦ ૦ ૦ | ૫૨૭૩ | ૦ | ૦ | | | |
| ૫ ટકાના ધી તાતા લોકોમોટીવ એન્ડ એન્જીનીયરીંગ કું. લી. ના ડીબેંચરો ૬૦૦૦ ૦ ૦ | | | | | | |
| | ૨૧૦૦૦ | ૦ | ૦ | ૧૧૬૩ | ૮ | ૦ |
| | | | | ૨૫૦૫૧ | ૮ | ૦ |
| **પુસ્તકો :** ( ખરીદ કિંમતે ) | | | | | | |
| ગયા સરવાયા મુજબ બાકી | | | | ૭૦૧ | ૮ | ૦ |
| **લેણું :** | | | | | | |
| શ્રી મુંબઇ જૈન યુવક સંઘ (રામાયણ કઠ પુતળી નાટીકાની આવક અંગે) ... | ૬૯૬ | ૦ | ૦ | | | |
| ઇન્કમટેકસ રીફંડનું લેણું ... | ૭૩ | ૧૨ | ૦ | ૭૦૬૫ | ૧૨ | ૦ |
| **રોકડ તથા બેંક બાકી :** | | | | | | |
| ધી બેંક ઓફ બ્રહ્મીઆ લી. ના ચાલુ ખાતે ... | ૧૨૰ | ૧ | ૦ | | | |
| રોકડ સીલક ... | ૨ | ૧૩ | ૦ | ૧૨૨ | ૧૪ | ૦ |
| | | | | કુલ રૂા | ૩૨૯૪૧ | ૧૰ ૦ |

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલયનું સં. ૨૦૧૦ના આસો વદ ૦))ના દિવસનું ઉપરનું સરવાયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલમ પડ્યું છે.

**શાહ મહેતા એન્ડ ચોકસી**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

મુંબઇ, તા. ૧૭ મી જાન્યુઆરી ૧૯૫૫.

# અહિંસા અને પોલીસના ગોળીબાર

( પ્રજા સમાજવાદી પક્ષના નેતા અને માજી મંત્રી ડૉ. રામમનોહર લોહીઆએ આ પ્રશ્ન ઉપર પોતાના પક્ષના મંત્રીપદનું રાજીનામું આપીને હિંદની જાહેર જનતાનું ચિત્ત તે વિષે સારી રીતે કેન્દ્રિત કર્યું છે. તાજેતરમાં વાલોડમાં થયેલા ગોળીબારથી આ પ્રશ્ન ઉપર આપણું ધ્યાન વધારે ખેંચાયું છે. આપણા દેશના રાજ્યવહીવટમાં અવારનવાર બનતી આ ઘટનાઓને યથાસ્વરૂપે સમજવામાં નીચેની ચર્ચા ઉપયોગી નીવડવા સંભવ છે. **તંત્રી** )

તા. ૧૫-૧૧-૫૪ના પ્રબુધ્ધ જીવનમાં "અહિંસાની અધુરી સમજણ" એ મથાળા નીચે તેરાપંથી સંપ્રદાયના મન્તવ્યોની સમાલોચના કરતા લેખને અનુલક્ષીને એક મિત્ર પત્ર દ્વારા જણાવે છે કે:- "આજે મેં "અહિંસાની અધુરી સમજણ" એ લેખ એક જ બેઠકે વાંચ્યો. મન પ્રસન્ન થઈ ગયું. કોઇ વર્ષોનું અવાવરૂ ઘર હોય અને તેનાં બારી બારણાં ખોલતાં હવાની લહેર આવે અને જે આનંદ આવે એવો આનંદ આવ્યો. મને લાગે છે કે તેરાપંથી માન્યતાઓએ ઉભી કરેલી અહિંસાતત્વને લગતી ગેરસમજુતિઓ દૂર કરવા તમે જે પુરૂષાર્થ કર્યો છે તે સુક્ષ્મ રીતે સારાયે જૈન સમાજને ઉપકારક થઇ પડશે. એટલું જ નહિ, આ લેખ non-violence reaffeirmed (પુનઃ પ્રતિષ્ઠિત અહિંસા)નો manifesto (જાહેરનામું) થઇ ગયો છે. આમ છતાં તમારી જેવા તટસ્થ અને હાડોહાડ માનવતાવાદી વિચારક "હિંસાપ્રમત્ત ટોળાને અટકાવવા માટે ઉપરીઅધિકારીને અનિવાર્ય ગોળીબાર કરવાની ફરજ પડે" એ ક્રિયાને (જે ગાંધીવાદી હિંદની લોકશાહીની પરદેશમાં સારી રીતે વગોવાયલી ક્ષતિ છે) આંતરિક સ્વરૂપે અહિંસા કહે તે જરા અસ્વસ્થ કરી દે તેવી વાત છે. છેલ્લાં પચ્ચાસ વર્ષમાં બ્રીટનમાં ઘણાં હુલ્લડો-કામદારોના ખાસ કરીને-થયા છે પણ પોલીસે એકકે વાર ગોળીબાર કર્યો નથી; કેમકે ટોળાને દૂર કરવા અશ્રુવાયુ જેવા least violent (અલ્પતમ હિંસા) નાં સાધનો હવે ઉપલબ્ધ છે. ખરી વાત એ છે કે બ્રીટીશ અમલ દરમિયાનના પોલીસ મેન્યુઅલને આપણે એમને એમ વળગી રહ્યા છીએ, જ્યારે ચીને તેમાં સૌથી પ્રથમ ફેરફાર કર્યા છે. તમારી જેવા વિચારકોનું તો આવી રાજ્ય ચલાવવાની crude (અસંસ્કૃત) માન્યતા સામે અહિંસક સમજુતી અને ધીરજનો માર્ગ બતાવવાનું કાર્ય છે એમ મારૂં માનવું છે."

આ લખાણ પોલીસના ગોળીબારને લગતા પ્રશ્ન વિષે મારૂં મન્તવ્ય સ્પષ્ટ કરવાની તક આપે છે. 'અહિંસાની અધુરી સમજણ'-માં અનેક મુદ્દાઓ ચર્ચવાના હોઇને આવા એક મુદ્દા ઉપર વધારે સ્પષ્ટતા કરવાનો અવકાશ નહોતો. જ્યારે હું હિંસાપ્રમત્ત ટોળાને અટકાવવા માટે ઉપરી અધિકારીને કરવા પડતા અનિવાર્ય ગોળીબારને ભાવઅહિંસાની કક્ષામાં મુકું છું ત્યારે આજે જે અવારનવાર સરકારી પોલીસોના હાથે કોઇ પણ તોફાનને અટકાવવા માટે ગોળીબાર કરવામાં આવે છે તે બધા ગોળીબારો વ્યાજબી, અનિવાર્ય અને અહિંસાની ભાવનાથી પ્રેરાયલા છે એમ સૂચવવાની મને કોઈ કલ્પના છે એમ કોઇ ન માને. અલબત્ત આજના પોલીસ મેન્યુઅલની વિગતો હું જાણતો નથી; ચીને તેમાં શું ફેરફાર કર્યા છે તેની મને ખબર નથી; બ્રીટને છેલ્લાં પચ્ચાસ વર્ષમાં થયેલા હુલ્લડોમાં એકકે વાર ગોળીબાર કર્યો નથી એ વિધાન હકીકત રૂપે ખરોબર છે કે કેમ એ મારે મન પ્રશ્ન છે; કારણ કે અશ્રુવાયુનો ઉપયોગ તો છેલ્લાં પંદર વીશ વર્ષથી શરૂ થયો છે. આ બધું જતાં વાતાવરણમાં કાંઇક તોફાનની ગંધ આવે અને ગોળીબાર થાય કરનામાં આવે-આવા ગોળીબારને કોઇ પણ રીતે વ્યાજબી અનિવાર્ય કે અહિંસક કહી શકાય જ નહિ. આવા બેફામ ગોળીબાર કરનાર પોલીસ અને તેવો હુકમ આપનાર સત્તાધીશ બન્ને ગંભીર સજાને પાત્ર લેખાવા જોઇએ.

આ આખો પ્રશ્ન એક બાજુ સમાજમાં સુલેહશાન્તિ જાળવવાની જવાબદારી ધરાવતી રાજ્યસત્તા અને તેના હુકમ અનુસાર વર્તવાને બંધાયલી પોલીસ તથા બીજી બાજુએ કોઇ પણ અમુક બાબત વિષે ઉશ્કેરાયલા અને તોફાને ચઢેલા લોકોનું ટોળું એ બે વચ્ચેનો છે. આ ટોળાને શાન્ત પાડવા અને શાન્ત ન પડે તો વિખેરી નાંખવા સ્થાનિક જવાબદાર સત્તાધીશે અને તેની નીચે કામ કરતી પોલીસે શું કરવું જોઇએ અને તેના હાથમાં રહેલી દંડસત્તાનો કઇ હદ સુધી ઉપયોગ કરવો જોઇએ આ સમસ્યા આપણે વિચારવાની છે. પ્રજા-સમાજવાદી પક્ષના માજી મંત્રી શ્રી રામમનોહર લોહીઆએ આખા દેશનું ધ્યાન આ પ્રશ્ન ઉપર આજે કેન્દ્રિત કર્યું છે. અંગ્રેજી હકુમત દરમિયાન આ પ્રશ્ન ઉપર અંગ્રેજ સરકારે કે પ્રજાના આગેવાનોએ પુરી ઝીણવટથી કદિ વિચાર કર્યો નહોતો. ટોળું તોફાને ચડયું છે અને લાઠીચાર્જથી પણ પાછું હઠતું નથી તો ફાયરીંગ કરવું-ગોળીઓ ચલાવવી-આ અંગ્રેજ સરકારની દૃઢ નીતિ હતી. કોમી હુલ્લડમાં જરૂર પડયે આવું ફાયરીંગ કરવામાં આવતું ત્યારે રાષ્ટ્રવાદી આગેવાનો મોટા ભાગે તે વિષે મૌન સેવતા અથવા અનુમતિ આપતા હતા; આઝાદીની લડતનો સામનો કરવા અંગ્રેજ સરકાર જ્યારે આવું ફાયરીંગ કરતી ત્યારે આપણે અને આપણા આગેવાનો ભારે શોરબકોર મચાવી મૂકતા. અને તેવા ફાયરીંગનો સખ્તમાં સખ્ત વિરોધ કરતા.

આજે હવે આપણા દેશમાં આપણું રાજ્ય સ્થપાયું છે. ઉશ્કેરાયલું ટોળું એ પણ આપણે છીએ અને ગોળી ચલાવનાર પોલીસ પણ આપણે છીએ. આમ આખી પરિસ્થિતિનું સ્વરૂપ હવે મૂળમાંથી બદલાઇ ગયું છે. જવાબદાર સત્તાધીશને પૂર્વકાળમાં ઉપરથી આંધળું રક્ષણ મળતું; આજે આવું રક્ષણ ન જ આપાય જવાબદાર સત્તાધીશ એ વખતમાં પ્રજાજનોથી એક અલગ વ્યક્તિ હતી અને પ્રજા ઉપર સત્તાનો દોર ચલાવવામાં તેને મળેલા અધિકારની ચરિતાર્થતા માનવામાં આવતી હતી. આજનો સત્તાધીશ પ્રજાજનોમાંનો એક છે અને પ્રજાને બને તેટલો સંતોષ આપવામાં જ પોતાને મળેલા અધિકારની ચરિતાર્થતા છે એમ તેણે સમજવાનું છે. આ કારણે પ્રજાનો તેણે પૂરો વિશ્વાસ મેળવવાનો છે અને પ્રજામાં શું શું ચાલી રહ્યું છે તે વિષે તેણે પૂરા વાકેફગાર રહેવું ઘટે છે. આ બદલાયલા સંયોગોમાં પ્રજાની સુલેહશાન્તિમાં ભંગ થાય એ હદ સુધીનું કોઇપણ પ્રશ્ન ઉગ્ર સ્વરૂપ ધારણ ન કરે એની તેણે તકેદારી રાખવી જોઇએ. લોકોનું ઉશ્કેરાયલું ટોળું એટલે કોઇ પરાયું પ્રાણીજુથ છે અને તે સરખાઇથી ન વર્તે તો તેની ઉપર ગમે તેટલી સખ્તાઇથી વર્તી શકાય આવું આપણને અંગ્રેજ હકુમતના વારસામાં મળેલું માનસ હવે મૂળમાંથી બદલવું જ રહ્યું. લોકોનું ટોળું એટલે પોતાનાં જ ભાઇભાડું છે, તે વિફરે, તોફાને ચઢે તો પણ સૌ કોઇના રક્ષણની જવાબદારી ધરાવતી પોલીસથી મગજ ન ગુમાવાય કે પોતાને મળેલી દંડશક્તિનો જેમ તેમ ઉપયોગ ન જ થાય-પોલીસનો આવો માનસપલટો થવો અત્યન્ત જરૂરી છે અને એવો માનસપલટો થશે ત્યારે નરમાશથી કામ લેવાના અનેક રસ્તા પોલીસને તેમ જ સત્તાધીશોને સુઝી રહેશે અને ગોળીબાર કરવાની અનિમત હદ સુધી જવાના પ્રસંગો પોલીસ માટે બહુ વિરલ બની જશે.

આવો જ માનસપલટો પ્રજાપક્ષે થવાની જરૂર છે. જે તે બાબતમાં કાયદો પોતાના હાથમાં લેવાની અને વિરોધનો જંગ ઉભો કરવાની વૃત્તિથી પ્રજાએ મુક્ત થવું ઘટે છે. આજે જે પક્ષ સત્તા ઉપર છે તે પક્ષને સત્તા ઉપર લાવનાર પ્રજા પોતે જ છે, સમયાન્તરે તે જ પક્ષને પ્રજા પોતે પદભ્રષ્ટ કરી શકે છે, પોતાને જે બાબતમાં ફરિયાદનું કારણ હોય, જે બાબત અન્યાયમય અધર્મમય પ્રજાના કોઇ પણ વર્ગને લાગતી હોય તે બાબત સત્તાધીશોના ધ્યાન ઉપર લાવવાના આજે અનેક રસ્તા ઉઘાડા છે, તે બાબતમાં બળવાન પ્રજામત ઉભો કરવાની સૌ કોઇને પૂરી છૂટ છે અને તેમ છતાં પોતાને ન્યાય મળતો નથી, કોઇ અમુક અન્યાય કે અધર્મ ચાલ્યા જ કરે છે તો તે દૂર કરવા માટે શાન્ત અવરોધનો, સવિનય સત્યાગ્રહનો ઉપાય ગાંધીજીએ આપણને શિખવેલો છે. તે માર્ગે જતાં કોઇ તેમને રોકી શકે તેમ નથી. આમ વિનય અને શિસ્તપૂર્વક પ્રજા પોતાનો ઉગ્ર વિરોધ દાખવે તો પોલીસને પણ પોતાનું બળ અજમાવવાની જરૂર તેમજ તક બહુ જ ઓછી રહે. આ પ્રકારની સમજુતી અને તાલીમ પ્રજાએ પ્રાપ્ત કરી લેવી જોઇએ. આમ પોલીસ અને પ્રજા ઉભય પક્ષે જો આવો માનસિક પલટો થાય તો પોલીસના ગોળીબારની પછી કોઇ સંભવિતતા જ રહેતી નથી.

પણ જ્યારે પ્રજા પક્ષે આવું માનસિક સમતોલપણું જળવાતું નથી, અને કોઇ પણ પ્રશ્ન ઉપર હિંસક આવેશ જ્યારે પ્રજામાનસનો કબજો લે છે અને શિસ્ત અને સભ્યતા છોડીને પ્રજામાંનો અમુક વર્ગ બળજબરીથી પોતાનું ધાર્યું સરકાર પાસે સ્વીકારાવવાને ઉદ્યુક્ત થાય છે ત્યારે એ વર્ગે બધારણશાહી સાથે–ભલે થોડા સમય માટે પણ–છુટા છેડા લીધા છે એમ આપણે સ્વીકારવું જ રહ્યું. આમ પ્રજાનો અમુક સમુદાય પ્રમત્ત થઇને, સુલેહ શાન્તિના સઘળા કાનુન છોડીને ચાલે ત્યારે સુલેહ શાન્તિ માટે જવાબદારી સત્તાધિકારી અને પોલીસે કેમ વર્તવું એ સવાલ ઉભો થાય છે. રસ્તા ઉપર કોઇ માણસ તલવાર વીંઝતો કે ગોળાઓ વીંઝતો આમ તેમ ઘુમવા માંડે તો પોલીસે જેને કોઇ પણ રીતે પકડવાનો અને ન જ પકડાય એમ હોય તો તેને ઠાર કરવાનો માર્ગ અખત્યાર કરવો રહ્યો અને એવી રીતે વર્તતા પોલીસને સૌ કોઇ ધન્યવાદ જ આપવાના. આવી જ કોઇક પરિસ્થિતિ અને તત્કાલીન ધર્મ તોફાને ચઢેલા ટોળા સંબંધમાં પોલીસ માટે ઉભાં થાય છે. આવા પ્રસંગે પણ અન્તિમ ઉપાય હાથમાં લીધા પહેલાં બીજા બધા ઉપાયોની અજમાયશ પોલીસ માટે અત્યન્ત જરૂરી છે. આવી કટોકટીના પ્રસંગે જવાબદાર સત્તાધીશે પ્રજાના સ્થાનિક આગેવાનોનો એકદમ સંપર્ક સાધવો જોઇએ અને તેવો સંપર્ક સંધાય તો તેમની દ્વારા અને તે શક્ય ન હોય તો પોતે જાતનું જોખમ ખેડીને તેણે ઉશ્કેરાયલા જનસમુદાયને શાન્ત પાડવા, સમજાવટ, તકરારના મૂળનું નિવારણ કે સમાધાન કરવાનો કંઇને કંઇ માર્ગ શોધવા શક્ય તેટલા પ્રયત્નો કરવા જોઇએ. આમાં સફળતા ન મળે અને ટોળું કાબુમાં નહિ રહે એવી સ્થિતિ દેખાય તો તે ટોળાને લાઠીચાર્જ, બંબાના સૂંઢની સેર, અશ્રુવાયુ જે કાંઇ સુલભ હોય તે સર્વ સાધનોનો તેણે ટોળાને વારવા ખેરવિખેર કરવા ઉપયોગ કરવા જોઇએ. આ બધું કરવા છતાં પણ ટોળું ભારે તોફાને ચઢ્યું છે અને તેવા ટોળાને બેલગામ આગળ વધવા દેવામાં જાનમાલની મોટા પ્રમાણમાં ખુવારી થશે એમ જવાબદાર સત્તાધીશને ચોકકસપણે લાગે ત્યારે તે અવશ બનીને અચકાતે મને ગોળીબાર કરવાનો પોલીસને હુકમ આપે. આ ગોળીબાર પણ શરૂઆતમાં આકાશલક્ષી હોય, પછી પગનું નિશાન તાકેલો હોય અને એમ છતાં પણ ટોળું કાબુમાં ન આવે તો પ્રાણહાનિ કરવા સુધીના ગોળીબારનું તેણે અવલંબન લેવું રહ્યું. આવા પ્રત્યેક ગોળીબારની ઘટના બાદ તેના વ્યાજબીપણા વિષે સામાન્ય પ્રજાને પૂરો સંતોષ થાય એવી તપાસ સમિતિ સરકારે નીમવી જોઇએ અને તેના નિર્ણયના પરિણામે પુરી તકેદારી સિવાય ગોળીબાર કરવામાં આવ્યો છે એમ માલુમ પડતાં તે માટે જવાબદાર સત્તાધીશોને યોગ્ય શિક્ષા કરવી જોઇએ. માત્ર પોલીસ ઉપર બે-પાંચ પથરા ફેંકાયા અથવા તો પોલીસના હુકમ મુજબ લોકો પાછા ન હઠ્યા એટલી જ પરિસ્થિતિ કોઇ પણ ગોળીબારને વ્યાજબી ઠરાવી ન જ શકે. માથા ઉપર આવેલી આફતને તરત ટાળવાના ટૂંકામાં ટૂંકા માર્ગ તરીકે અથવા તો લોકો ઉપર એકાએક ધાક બેસાડવાના હેતુથી કરવામાં આવેલો ગોળીબાર પણ એટલો જ ગેરવ્યાજબી ઠેરવાવો જોઇએ. ઉપર જણાવ્યા મુજબ સમાધાની અને અટકાયતના સર્વ માર્ગો નિષ્ફળ દેખાવાના પરિણામે અવશ બનેલી પરિસ્થિતિને પહોંચી વળવા માટે અન્ય કોઇ વિકલ્પના અભાવે કરવામાં આવતા ગોળીબારને જ વ્યાજબી, અનિવાર્ય અને પ્રસ્તુત ગોળીબાર કરવા પાછળ રહેલો હેતુ મનસ્વીપણે "હિંસા કરવાનો નહિ પણ જાનમાલની મોટા પાયા ઉપરની ખુવારી–હિંસા–થતી અટકાવવાનો છે એ અર્થમાં 'અહિંસક' લેખી શકાય.

આપણો દેશ કે જ્યાં લોકોમાં કેળવણી ઓછી છે અને ઝનૂન વધારે છે અને જ્યાં કોમવાદ, સંપ્રદાયવાદ, પ્રાન્તવાદ અને વર્ગવિગ્રહવાદ પ્રજાજીવનમાં અવાર નવાર અણધાર્યા સંઘર્ષો ઉભા કરે છે ત્યાં ઉપર જણાવ્યા મુજબના અનિવાર્ય ગોળીબારના પ્રસંગો કદિ કદિ ઉભા થવાનો પૂરો સંભવ છે. આવા પ્રસંગોએ જેના માથે સુલેહ શાન્તિ જાળવવાની જવાબદારી છે તેવો સત્તાધિકારી દિલનો ગમે તેટલો દયાળુ અને અહિંસાધર્મનો ઉપાસક હોય તો પણ તેને પોતાની ફરજ બજાવવા ખાતર ગોળીબારનું અવલંબન લીધે જ છુટકો છે.

અલબત્ત આજે અશ્રુવાયુનાં સાધનોએ ગોળીબાર સુધી જવાની સ્થિતિ લગભગ નાબુદ કરી છે એમ કહીએ તો ચાલે. સત્તાધીશોના હાથે એક પણ માનવીનું મૃત્યુ થાય એ અમુક સંયોગમાં અનિવાર્ય હોય તો પણ ઇચ્છવાયોગ્ય તો છે જ નહિ. એ રીતે જીવ લેવાનું કોઇને પણ–સહૃદય સત્તાધીશને પણ–બીલકુલ ગમતું નથી આ માટે પ્રજાની સુલેહ શાન્તિને એકાએક જોખમમાં મૂકતી કોઇ પણ કટોકટીને ગોળીબાર સિવાય પહોંચી શકાય તે માટે અશ્રુવાયુ જેવાં સાધનો ઘણા બહોળા પ્રમાણમાં વસાવવાની અને પોલીસને તેના ઉપયોગને લગતી પૂરી તાલીમ આપવાની ખાસ જરૂર છે.

આ લેખ પૂરો કરવા પહેલાં પ્રસ્તુત વિષય સાથે સીધો સંબંધ નહિ ધરાવતો એમ છતાં પણ પ્રસ્તુત વિષયની વિચારણા સાથે નિકટપણે સંકળાયેલો એક મુદ્દો ચર્ચી લેવો જરૂરી લાગે છે. રાજ્યસત્તાને ગોળીબાર સુધી જવું પડે એ હદ સુધી પ્રજાનો અમુક ભાગ તોફાને ચઢે એ પરિસ્થિતિ પ્રજામાનસનો અસાધારણ ઉલ્કાપ્રાત સૂચવે છે. ગોળીબારથી ટોળું વિખરાઇ ગયું અને શાન્તિ ફેલાઇ ગઇ એટલાથી સરકારે સંતોષ માનવો ન જ જોઇએ. આવો ઉલ્કાપાત પેદા કેમ થયો તેના ઉંડાણમાં ઉતરવાનો પ્રયત્ન જવાબદાર સરકારે તરત જ હાથ ધરવો જોઇએ. આવો ઉલ્કાપાત મોટા ભાગે પ્રજાના અમુક વર્ગના કોઇ તીવ્ર અસંતોષ અથવા તો અસાધારણ આન્તરિક સંઘર્ષમાંથી જન્મે છે. અમુક વર્ગની વર્ષો સુધી દબાયલી અને ધીમે ધીમે દુઃસહ બનતી જતી સ્થિતિ, અથવા તો સરકારી માણસોની ચાલુ રીબામણી કે સરકારી અન્યાય, અથવા તો અમુક સરકારી કરનો અસહ્ય બનેલો બોજો, અથવા તો સાંપ્રદાયિક કે કોમી સંઘર્ષ અથવા તો અન્તર્ગત કોઇ બે વર્ગની અથડામણ–આવાં અનેક કારણો આવા ઉલ્કાપાતની પાછળ કામ કરી રહેલાં માલુમ પડે છે. પોલીસના ગોળીબાર પછી ગોળીબાર વ્યાજબી હતા કે કેમ તે વિષેની તપાસ એક બાબત છે જેનો આગળ ઉલ્લેખ થઇ ચૂક્યો છે. પ્રજામાનસ આટલી હદ સુધી વિહ્વળ કેમ બન્યું તેની તપાસ બીજી જ બાબત છે. આ બાબતના ઉંડાણમાં ઉતરીને પ્રજાના કોઇ પણ વિભાગ કે વર્ગનો અસંતોષ દૂર કરવા લોકશાસિત સરકારે સદા તત્પર રહેવું જોઇએ; જે કોઇ કરવેરો અસહ્ય લાગતો હોય તેને બને તેટલો હળવો કરવો જોઇએ; કોઇ પણ સરકારી જુલમ કે અન્યાય નજર સમક્ષ આવે તો તેને નાબુદ કરવા સરકારે સત્વર પગલાં ભરવા જોઇએ. આવી આગળ તેમજ પાછળની સરકારી તકેદારી જ અમુક કટોકટી દરમિયાન પોલીસને કરવા પડેલી ગોળીબારને વ્યાજબી ઠરાવી શકે. પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: જવાહર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૨૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧૫, ૧૯૫૫, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## તેજોમૂર્તિ ભગિની

પશ્યત્યચક્ષુ: સ શૃણોત્યકર્ણ: । (શ્વેતા૦) : અવાગપિ સા વક્તિ ।

(અમેરિકાની સુવિખ્યાત પ્રજ્ઞામૂર્તિ અંધ બધિર અને અવાક કુમારી હેલન કેલર ચાલુ ફેબ્રુઆરી માસની ચોથી તારીખે ન્યુયોર્કથી ૪૦,૦૦૦ માઈલના લાંબા પ્રવાસ ઉપર નીકળેલ છે અને આ માસની ૨૪ મી તારીખે તે સૌથી પહેલાં હિંદ ખાતે આવે છે અને એ પ્રસંગે મુંબઈની મ્યુનીસીપલ કોરપોરેશન તરફથી તેનું જાહેર સન્માન થનાર છે. તેની ત્રણ ઇન્દ્રિયો ચક્ષુ, શ્રવણ, અને વાણી વિકલ છે, એમ છતાં માત્ર ઘ્રાણ અને સ્પર્શેન્દ્રિયની મદદથી તેણે પોતાનો સર્વ વિકાસ સાધ્યો છે. તે વિદુષી અને તત્વચિન્તક છે; તેણે કાવ્યો લખ્યાં છે અને અનેક પુસ્તકો રચ્યાં છે. તેણે પોતાનું આત્મ-ચરિત્ર બે પુસ્તકોમાં પ્રગટ કર્યું છે. પહેલાનું નામ છે The Story of my Life, જેનો અનુવાદ નવજીવન પ્રકાશન મંદિર તરફથી "અપંગની પ્રતિભા" એ નામથી બહાર પાડવામાં આવેલ છે, આ પુસ્તકમાં હેલન કેલરના ૨૧ વર્ષની ઉમ્મર સુધીનું આત્મચરિત્ર અન્તર્ગત કરવામાં આવ્યું છે. બીજા પુસ્તકનું નામ છે Mid-Stream, જેનો અનુવાદ નવજીવન પ્રકાશન મંદિર તરફથી "મઝધાર" એ નામથી બહાર પાડવામાં, આવ્યો છે. આ પુસ્તકમાં હેલન કેલરના ૨૧ થી ૫૦ વર્ષ સુધીના આત્મચરિત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉભયના અનુવાદક શ્રી મગનભાઇ દેસાઇ છે. આજે હેલન કેલરની ઉમ્મર ૭૫ વર્ષની છે.

"અપંગની પ્રતિભા" બે વિશિષ્ટ વ્યકિતઓના પ્રવેશકો વડે સવિશેષ આકર્ષક બનેલ છે. એક પ્રવેશક 'તેજોમૂર્તિ ભગિની' એ મથાળા નીચે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ લખ્યો છે; બીજો પ્રવેશક 'નેત્રી વિનાની નેત્રી' એ મથાળા નીચે કાકા સાહેબ કાલેલકરે લખ્યો છે. હેલન કેલરની આત્મકથાનો પ્રવેશક લખવા માટે પંડિત સુખલાલજીથી વિશેષ યોગ્ય વ્યકિત અન્ય કોઇ હોઈ ન શકે. પંડિત સુખલાલજીએ પોતાના પ્રવેશકમાં પોતાના તેમ જ હેલન કેલરના પરિસ્થિતિભેદે નિષ્પન્ન થયેલા સામ્ય-વૈષમ્યની જે તુલનાત્મક સરખામણી કરી છે તે ભારે રોચક અને બોધપ્રદ છે. પ્રસ્તુત પ્રવેશક કુમારી હેલન કેલરના અદ્‌ભુત વ્યકિતત્વનો સુન્દર પરિચય આપતો હોઇને અપંગની પ્રતિભામાંથી નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. પ્રસ્તુત પ્રવેશકના પ્રારંભમાં પંડિતજીએ પોતાના વિદ્યાવ્યવસાયને લગતી જીવનસ્મૃતિ કોઇક કાળે પ્રગટ કરવા ઇચ્છા દર્શાવી છે તે જીવનસ્મૃતિ સદ્‌ભાગ્યે તા. ૧–૧૧–૫૪ના પ્રબુદ્ધ જીવનના વિશેષ અંકમાં પ્રગટ થઈ ચુકી છે એ જણાવતાં આનંદ થાય છે. પરમાનંદ)

વીસથી વધારે વર્ષ થયાં હશે. મેં પ્રસિધ્ધ હિંદી પત્રિકા 'સરસ્વતી'માં શ્રીમતી હેલનનું સંક્ષિપ્ત પણ અદ્‌ભુત, પુરૂષાર્થ અને પ્રતિભાનું સૂચક જીવનચિત્ર વાંચેલું, ત્યારે જ એ બહેન તરફ મારૂં આકર્ષણ સહજભાવે થયું. એને વિષે વધારે વિગતવાળી સ્પષ્ટ માહિતીની મારી જિજ્ઞાસા અદ્યાપિ જાગરિત જ હતી. પણ મારા મર્યાદિત જીવન અને કાર્યક્ષેત્રમાં એને સંતોષવાની તક મને મળી ન હતી. તેટલામાં ગત મે માસમાં શ્રીયુત ગોપાલદાસભાઇએ મને એક દિવસ કહ્યું કે, વર્ધાથી મગનભાઇ પુછાવે છે કે, તેમણે શ્રીમતી હેલનની જીવનકથાનો ગુજરાતી અનુવાદ કર્યો છે તે તમને અર્પણ કરવા ઇચ્છે છે, ને જો તે સ્વીકારો તો તેના પ્રારંભમાં તમે સ્વીકારરૂપે કાંઇક લખી આપો એમ પણ ઇચ્છે છે. મેં તરતજ કહ્યું "હું એ વાંચી ગયા પછી હા ના કહું. જો એના વાચન પછી જરા પણ મને મારો અધિકાર જણાશે તો અવશ્ય કાંઇક લખીશ." મને તરત જ અનુવાદના ફરમા મળ્યા. મારૂં ઘણાં વર્ષ પહેલાંનું શ્રીમતી હેલન પ્રત્યેનું આકર્ષણ અને તેના જીવન વિષેની જિજ્ઞાસા એ બંને એટલાં બધાં તીવ્રપણે સજીવ થઇ ગયાં કે, તે વખતના ચાલુ લેખન અને સતત મનનકાર્યના પ્રવાહો મારાં મનને બીજી દિશામાં જતાં રોકી શકયા નહિ. કાંઇક અંશે સમશીલ જીવનકથા સાંભળતાં જ અનેક વિચારો ઊભરાયા, પણ અહીં તો મર્યાદાનુસાર ટૂંકમાં જ પતાવવું ચોગ્ય છે. અનુકુળતા રહી તો કયારેક મારા પોતાના વિદ્યાવ્યવસાય વિષેની જીવનસ્મૃતિ લખવાની ઇચ્છા મૂર્ત થશે.

મેં શ્રીમતી હેલનને 'તેજોમૂર્તિ' અને 'ભગિની' એવાં બે વિશેષણો આપ્યાં છે તે સાભિપ્રાય છે. એની જીવનકથામાં પદે પદે પુરૂષાર્થ અને પ્રતિભાના તેજ સિવાય બીજું કાંઇ જ દૃષ્ટિગોચર નથી થતું. એનાં પુરૂષાર્થ અને પ્રતિભારૂપ તેજના અંબારમાં એની શરીરમૂર્તિ અભિભૂત થઇ જાય છે. અનેક રીતે જુદાઇ હોવા છતાં ઉંમર અને સમાનશીલતાની દૃષ્ટિએ મેં એને આપેલું 'ભગિની' એ વિશેષણ એની સાથેનો મારો સાદૃશ્ય–સબંધ ઠીક ઠીક વ્યકત કરી શકે.

હેલનને દર્શન, શ્રવણ અને વચનની ત્રણે શકિતઓ એક જ સાથે અને તે પણ છેક જ શૈશવકાળથી ગઇ, જ્યારે મારી તો માત્ર દર્શન-શકિત જ ગયેલી અને તે પણ ગ્રામ્યશાળાસુલભ માતૃ-ભાષાના પૂરા અભ્યાસ તેમ જ આજુબાજુના બધા દૃશ્ય પદાર્થોનાં પ્રત્યક્ષ અવલોકન તેમ જ તત્સંબંધી ભાષા અને લેખન વ્યવહાર સિધ્ધ થયા પછી. લગભગ પંદરેક વર્ષની ઉંમરે ઇંદ્રિયવૈકલ્ય અને તે પ્રાપ્ત થવાની ઉંમરની દૃષ્ટિએ હેલન મારા કરતાં અનેક ગણી વધારે લાચાર, વધારે બંધનવાળી ખરી. પણ દેશ, કુટુંબ અને બીજા સંયોગોની દૃષ્ટિએ તેનું સ્થાન મારા કરતાં અનેકગણું વધારે સાધનસંપન્ન અને વધારે સ્વતંત્ર. કયાં અમેરિકા કે જ્યાં જન્મથી રાષ્ટ્ર, સમાજ, અર્થ અને ધર્મનાં બંધનોનો સ્પર્શ જ નહિ, અને કયાં હિંદુસ્તાન કે જ્યાં તેવાં બંધનો વિના બીજો સહજ અનુભવ જ નહિ? કયાં હેલનના કૌટુંબિક સંયોગો અને કયાં મારા? એનાં માતાપિતા એને વાસ્તે દરેક જાતનો માર્ગ તૈયાર કરવા બુદ્ધિપૂર્વક બધું સર્વસ્વ હોમે છે, જ્યારે મારા પ્રત્યે પૂર્ણ સદિચ્છાવાળા પણ મારા વડીલો સ્વયં વિદ્યાવિહીન હોઇ મારા વિકાસ માર્ગની કોઇ પણ દિશા સ્વયં જાણવા તેમ જ કોઇ જણાવે તો તે સમજવા છેક જ અસમર્થ. કયાં ઇંદ્રિયવિકલ માનવબંધુઓને વિવિધ રીતે શિક્ષિત અને સંસ્કારી બનાવવા કામ કરતા અખુટ ધીરજવાળા તપસ્વી શિક્ષકોથી શોભતી તપોભૂમિ જેવી અમેરિકાની અપંગ શિક્ષણ સંસ્થાઓ; અને કયાં અપંગને અનુપયોગી સમજી તેના દુઃખ પ્રત્યેની સાચી સહાનુભૂતિથી બે નિસાસા નાખી બહુ તો તેને દાન આપી સંતોષ માનનાર, પણ એ અપંગની ઉપયોગિતા અને તેના

વિકાસમાર્ગની શક્યતાના વિચારથી છેક જ અજાણ અને અશ્રદ્ધાળુ એવા પૌરુષહીન પુરુષોની જનની કહેવાતી કર્મભૂમિ આર્યાવર્ત ? એક દેશમાં જાતિથી અબળા ગણાતી અને ત્રણ ત્રણ ઇંદ્રિયોથી વિકલ એવી અપંગ વ્યક્તિને પોતાનું સુષુપ્ત બધું બળ પ્રગટાવવાની પૂરી તક મળે છે ને તે એ દ્વારા પોતાની જાતને આખા વિશ્વમાં માન્ય બનાવે છે, ત્યારે બીજા દેશમાં અપંગની તેમ જ અબળાઓની વાત જ શું, પૌરુષવાન ગણાતા પૂર્ણાંગ પુરુષો સુધ્ધાંને, પશુતામાંથી મુક્ત થવાની અને માનવતા પ્રગટાવવાની ઓછી અને નજીવી તક છે. આત્મિક દૃષ્ટિએ નહિ પણ, દેશ અને સંયોગોની દૃષ્ટિએ અમેરિકા અને હિંદુસ્તાન વચ્ચે જે અંતર છે, તે હેલન અને મારા જીવનની અનેક શક્તિઓના આવિર્ભાવમાં વ્યક્ત થાય છે. એટલી નાની ઉંમરે ત્રણ ત્રણ ઇંદ્રિયોથી વિકલ એ બાલિકા ૨૧ વર્ષની ઉંમરે પોતાનું અભ્યાસવિષયક જે જીવનચિત્ર ખેંચે છે તેની તો મને તેથી બમણાં વર્ષે પણ બહુ ઓછી કલ્પના આવી છે.

વિશ્વના અને તેને ગ્રહનાર ઇંદ્રિયના પણ ત્રણ વિભાગ કલ્પી શકાય. દૃશ્ય સ્થૂલ વિશ્વ કે જેને ભૌતિક યા વ્યક્ત વિશ્વ કહી શકાય, તેને નેત્ર આદિ પાંચ બહિરિન્દ્રિયો જાણી શકે છે. દૃશ્ય સૂક્ષ્મ વિશ્વ, કે જેને અવ્યક્ત ભૌતિક વિશ્વ કહી શકાય, તેને અંતરિન્દ્રિય યા મન કલ્પી જાણી શકે છે; બધાથી પર એવા અદૃશ્ય ચૈતન્ય વિશ્વને તો માત્ર પ્રજ્ઞા-ઇંદ્રિય અધ્યાત્મેંદ્રિય જ સ્પર્શી શકે. પ્રત્યેક મનુષ્યમાં તરતમભાવે પણ ત્રિવિધ ઇન્દ્રિયસામાર્થ્ય હોય છે. પૂર્ણપણે બહિરિન્દ્રિય સંપન્ન હોય તે બહિરિન્દ્રિયો દ્વારા ખોરાક મેળવી, પછી તેમાં અંતરિન્દ્રિય દ્વારા પ્રવેશ કરી, વિવિધ ભાવોનું અનુસંધાન અને આકલન કરે છે. મોટે ભાગે બહિરિન્દ્રિયો સ્થૂલ વિષયોમાં જ માણસોને બાંધી રાખતી હોઈ, તેની અંતરિન્દ્રિય શક્તિ પ્રમાણમાં ઓછી ખીલે છે. અલબત્ત એમાં સાધક અને વિશેષ સાધકના અપવાદો તો છે જ. આથી બહિરિન્દ્રિયોની પૂરી સંપત્તિ ધરાવનાર મોટા ભાગને બાહ્ય વિશ્વના બધા વ્યવહાર પૂરતી યથેષ્ટ સગવડ પ્રાપ્ત હોવા છતાં, તેની અંતરિન્દ્રિય શક્તિનું જાગરણ પ્રમાણમાં ઓછું રહે છે. તેથી ઊલટું, એક કે તેથી વધારે બહિરિન્દ્રિયોની વિકલતાવાળા માનવને બાહ્ય વિશ્વ-ગ્રહણ અને તેના આવશ્યક વ્યવહાર પૂરતી પૂરેપૂરી સગવડ હોવા છતાં જો તે તીવ્ર પ્રયત્ન સેવે તો તેની અંતરિન્દ્રિય શક્તિનું જાગરણ પ્રમાણમાં વધારે થાય છે. કારણ, આવી વ્યક્તિને બાહ્ય વિશ્વ સાથેનો બધોજ વ્યવહાર સાધવાની બહિરિન્દ્રિય સંપત્તિ અધુરી હોવાથી તેને તેની ખોટ, અંતરિન્દ્રિયનો વધારે ઉપયોગ કરી પ્રાપ્ત બહિરિન્દ્રિયનો વિશેષ વિકાસ સાધવા દ્વારા, પૂરવી પડે છે. આ પ્રયત્નનાં બે પરિણામ આવે છે. એક તો ખૂટતી ઇન્દ્રિયનું બધું કાર્ય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત ઇન્દ્રિય કે ઇન્દ્રિયોમાં પ્રકટે છે; અને બીજું, અંતરિન્દ્રિયનું સામર્થ્ય પણ કાંઇક જુદી જ પણ વધારે આકર્ષક રીતે આવિર્ભાવ પામે છે. શ્રીમતી હેલનની વિકાસકથા ઉકત સિધ્ધાંતનો પુરાવો છે. બાહ્ય વિશ્વમાં પ્રવેશવાનાં એનાં અગત્યનાં ત્રણ ઇન્દ્રિયદ્વારા બંધ, અને છતાંય એમાં એને પ્રવેશવાનો પ્રબળ ઉત્સાહ તેમજ પુરુષાર્થ, તેથી તેણે એ બધું કામ અંતરિન્દ્રિય ઉપર ભાર મૂકી સાધ્યું. પરિણામે, પ્રાપ્ત ઘ્રાણ અને સ્પર્શન ઇન્દ્રિયદ્વારા જ એણે ભૌતિક વિશ્વમાં પ્રવેશવાનાં એનાં ત્રણે બંધનોને વટાવી માર્ગ કર્યો. એની ઘ્રાણ અને સ્પર્શન-શક્તિમાં એવું જાદુઇ બળ પ્રગટ્યું કે તે એ બે ઇન્દ્રિય દ્વારાજ પાંચે ઇન્દ્રિયોનું કામ લેવા લાગી. બીજી બાજુ, તેણે આ બધું કાર્ય અંતરિન્દ્રિય ઉપર ભાર આપીને જ કરવાનું હોવાથી તેની એ શક્તિ એટલી બધી તીવ્ર ખીલેલી દેખાય છે કે, જ્યારે કોઇ દૃશ્ય, શ્રવ્ય કે સ્પૃશ્ય પદાર્થનું વર્ણન કરે છે અગર તેના ભાવોનું વર્ણન કરે છે ત્યારે તે વાંચતાં એ ઇન્દ્રિય-વિકલ છે એ ભાન ભૂલી જવાય છે. આ ઉપરાંત તેની પ્રજ્ઞાઇન્દ્રિયનો એટલો બધો વિકાસ થયો છે કે, તે દેશકાલાતીત સદા સ્થાયી ભાવોનું જ્યારે ચિત્રણ કરે છે ત્યારે તે જાણે તેનાં ઉપમા અને રૂપક આદિ અલંકારો દ્વારા કવિવર ટાગોરનું અનુગમન કરતી હોય એમ લાગે છે પુરુષાર્થની મૂર્તિ હેલને છેવટે એ વિકાસદ્વારા વાણીનું બંધન તો તોડ્યું જ.

ઇન્દ્રિયો પરસ્પર એકબીજાની શોક જેવી છે. જે જાગતી અને બળવતી તે બાકીની ઇન્દ્રિયોનું સામર્થ્ય પૂર્ણપણે ખીલવવામાં આડી આવે. નેત્ર સૌમાં બળવાન. એનું સંચરણ અને કાર્યપ્રદેશ અતિ વિશાળ, તેથી માણસ નેત્ર હોય તો તેનાથી જ કામ લે, અને સંભવ હોય ત્યાં પણ સ્પર્શન અને ઘ્રાણથી કામ લેવાની માથાફોડમાં ન પડે. પણ દૈવયોગે નેત્રનું સામર્થ્ય જાય ત્યારે બધો બોજો સ્પર્શન, ઘ્રાણ ઉપર પડતાં જ તેની ગુપ્ત શક્તિઓ બહાર આવી તે ઇન્દ્રિયો જ નેત્રોનું પ્રધાનત્વ મેળવી લે છે, અને નેત્રવાનની કલ્પનામાં પણ આવી ન શકે એવાં ચમત્કારી કાર્યો સ્પર્શન ઇન્દ્રિય પણ બતાવી દે છે હેલનની સ્પર્શન ઇન્દ્રિય આ વાતનો પુરાવો છે. એ રૂનાં દલાલો હાથમાંના ગણ્યા ગાંઠ્યાં સંકેતો ઓળખે એટલું જ હસ્ત-લેખનથી નથી જાણતી, પણ હસ્તલેખન દ્વારા એ બધું શ્રવણકાર્ય સાધે છે અને તેની ત્વચા બીજા કોઇના હાથની કે મોઢાની રેખાઓ પારખી શકે છે એ સાંભળતાં તો ભારેમાં ભારે વિચારક પણ થોડીવાર મૂંઝાય ખરો. બોલતા બીજા માણસોના હોઠો ઉપર આંગળી રાખી તેના શબ્દોને ઉકેલવાના તેના ત્વચાસામર્થ્યનો વિચાર કરતાં તો હું આશ્ચર્યમુગ્ધ બની જાઉં છું. માત્ર સ્વરના ભેદવાળા પણ ક્રમિક વ્યંજનની સમાનતાવાળા 'પણ પાણી, માળ માળી, હાય હાથી' જેવા શબ્દો ઉચ્ચારતા મારા પોતાના જ હોઠો ઉપર ભેદ પારખવા આંગળી મૂકી પ્રયત્નો કર્યા અને એ દિશામાં શૂન્યતા જ અનુભવી ત્યારે તો હેલન એક દિવ્ય તેજ રૂપે જ સામે આવી. અલબત્ત, તેજની આ મૂર્તિના સમગ્ર આશ્ચર્યકારી વિકાસનો મૂળ આધાર ઉપાદાન માત્ર તેનો આત્મા જ નથી. તેનો આત્મા ગમે તેવો સામર્થ્યશાળી હોત અને છતાં તેને અમેરિકાસુલભ જડચેતન સગવડ મળી ન હોત તો એ તારો ઉગતાં જ આથમી જાત.

ઇન્દ્રિયખોડની નિબિડતર અને નિબિડતમ બેડીઓ છતાં જ્યારે અભ્યાસમાર્ગમાં આગળ ધપવાની હેલનને તાલાવેલી લાગે છે, તેમ જ ખોડ વિનાના સહચારીઓ સાથે રહેવાની અને તેમનાથી પણ આગળ વધવાની ધૂન લાગે છે, ત્યારે જે મુશ્કેલીઓ અને જે નિરાશાઓ અનુભવાય છે તે ઘણે સ્થળે મારી અને હેલનની એક જેવી છે. એ બધાની સરખામણીનો તો આ સ્થળે અવકાશ નથી. છતાં થોડીક સરખામણીઓ આપવી યોગ્ય થશે. હેલને કૉલેજ વાસ્તેની તૈયારી કરવાનો વિચાર કર્યો, તેની લાચાર સ્થિતિમાં જે મુશ્કેલીઓ સંભવે તેના વિચારથી હેલનના હિતૈષીઓએ એ બાબત ભારે વિરોધ કર્યો. પણ કયાં એ હિતૈષી તીવ્ર વિરોધ અને કયાં એનો દુર્દમ તીવ્રતર કાર્યોત્સાહ ? અંતે હેલન જીતી. મારામાં અણધારી કયારેક કાશી જવાની ભાવના પ્રગટી. બધા જ હિતૈષીઓનો પ્રબળતર વિરોધ, પણ અંતે એ ભાવનાના તીવ્રતમ વેગે મને કાશીમાં જઈ પટકયો, પરીક્ષાનો પ્રસંગ તો અમારા બંનેનો લગભગ એક જેવો છે. હેલન પરીક્ષામાં પ્રથમ બેઠી ત્યારે એને પ્રશ્ન-પત્ર સમજાવનાર કુશળ, ઉત્તર લખવાનો સમય પૂરતો, અને લખ્યા પછી અંત સમયમાં ભૂલ સુધારવાની નિરીક્ષકે કરી આપેલી તક, આ બધી પુરી સગવડ. પણ પછી જ્યારે તે આગલી પરીક્ષામાં બેઠી ત્યારે સગવડનું તંત્ર અગવડમાં પરિણમ્યું અને હેલનને પરીક્ષાની ભયંકરતાનો સાક્ષાત્કાર થયો. મારી પણ એજ દશા. કાશી કવીન્સ કૉલેજમાં પહેલીવાર પરીક્ષા આપવા બેઠો ત્યારે લેખકની ખામીનું ફળ ભોગવવાનો પ્રસંગ આવતાં જ એક ભલા નિરીક્ષક બંગાળી ભટ્ટાચાર્ય એ પામી ગયા, અને નવેસર સગવડ થતાં હું ઉચ્ચ ધોરણે જ પસાર થયો. પણ આગલાં વર્ષોમાં વ્યવસ્થાપક અને પરીક્ષકોની બેપરવાઇ તથા અનાવડત જોઇ મને પણ પરીક્ષાનું મૂલ્ય સમજાયું અને પરીક્ષાનો

(અનુસંધાન પાનું ૨૩૫.)

# માનવતાની દૃષ્ટિથી પ્રાચીન વાર્તાસાહિત્યને રજૂ કરનાર શ્રી. જયભિખ્ખુ

(તા. ૯-૨-૫૫ રવિવારના રોજ અધ્યાત્મ જ્ઞાન-પ્રસારક મંડળ તરફથી દિવાન બહાદુર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના હાથે ચક્રવર્તી ભરતેશ્વર એ પુસ્તક માટે ૨૦૦૬ ની સાલ માટે નિયત કરેલો બુદ્ધિસાગર સૂરિ જૈન સાહિત્ય ચંદ્રક શ્રી બાલાભાઇ વીરચંદ દેસાઈ ઉર્ફે જયભિખ્ખુને અર્પણ કરવામાં આવ્યો હતો તેમનો નીચે પરિચય આપવામાં આવે છે. તંત્રી.)

પ્રાચીન કાળમાં થયેલ મહાન કવિ દંડીએ કહ્યું છે: गद्यं कवीनां निकषं वदन्ति । એવા મધુર ગદ્ય અને મનમોહક શૈલીથી ગુજરાતના એક લોકપ્રિય વાર્તાકાર તરીકેની નામના મેળવનાર શ્રી જયભિખ્ખુ મૂળ સૌરાષ્ટ્રના સાવલા ગામના વતની છે. તેમના પિતાશ્રીનું નામ શ્રી વીરચંદ હેમચંદ દેસાઇ, અને માતાનું નામ પાર્વતીબાઇ. તેમનો જન્મ વિ. સ. ૧૯૬૪ની સાલમાં તેમના મોસાળ વીંછિયામાં થયેલો. તેમનાં ત્રણ નામ છે: કુટુંબમાં તેઓ ભીખાભાઇના નામથી ઓળખાય છે; સ્નેહીઓમાં તેઓ બાલાભાઇ તરીકે જાણીતા છે; અને સાક્ષર તરીકે જનતા તેમને 'જયભિખ્ખુ' ના તખલ્લુસથી ઓળખે છે. તેમનાં લગ્ન રાણપુરના શેઠ કુટુંબનાં પુત્રી શ્રી જયાબેન સાથે સને ૧૯૩૦ માં થયા હતાં. તેમનું તખલ્લુસ તેમના અને તેમની પત્નીના નામના સુમેળથી બન્યું છે.

બચપણમાં જ માતા ગુજરી જવાથી શ્રી જયભિખ્ખુનું બાળપણ તેમના મોસાળ વીંછિયામાં વીત્યું હતું. તેમના પિતાશ્રી સાબરકાંઠાના વરસોડા રાજ્યના અને પાછલાં વર્ષોમાં નાના ભાયાતોના કારભારી હતા. અભ્યાસ તો એમણે સાવ થોડો કરેલો, છતાં કારભારી તરીકે એમણે બારે નામના મેળવેલી. શ્રી જયભિખ્ખુનો પ્રાથમિક અભ્યાસ વીજાપુર પાસે આવેલા વરસોડામાં થયેલો, અને અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનો માધ્યમિક અભ્યાસ અમદાવાદમાં થયેલો. પછી તેઓ મુંબઇ ખાતે સ્વ. વિજયધર્મસૂરિજીએ સ્થાપેલ શ્રી વીરતત્વ પ્રકાશક મંડળમાં દાખલ થયા. આ સંસ્થાની સાથે તેઓ કાશી બનારસ અભ્યાસ કરવા ગયા. ત્યાંથી આગ્રા અને છેવટે ગ્વાલિયર રાજ્યમાંના વનશ્રીના સૌન્દર્યથી ભરપૂર શિવપુરી ગામમાં, સ્વ. આ. શ્રી. વિજયધર્મસૂરિજીની સમાધિ પાસે સ્થિર થયેલ જૈન ગુરુકુળમાં, આઠ-નવ વર્ષ સુધી સંસ્કૃત, હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાનો તેમણે અભ્યાસ કર્યો. જૈનતત્ત્વજ્ઞાન અને જૈન દર્શનનું અધ્યાપન એ આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ હતો. જૈન દર્શનનો અભ્યાસ કરીને તેમણે કલકત્તા સંસ્કૃત એસોસીએશનની 'ન્યાયતીર્થ' ની અને ગુરુકુળની 'તર્કભૂષણ' ની ડીગ્રી મેળવી. સંસ્કૃત કાવ્યો અને નાટકોનો અભ્યાસ પણ આ સમયે જ કર્યો. ગુરુકુળમાં યુરોપીય વિદ્વાનો અભ્યાસ અને નિરીક્ષણ માટે આવતા. ડૉ. ફાઉઝે નામનાં વિદુષી જર્મનબેન વર્ષો સુધી આ સંસ્થામાં રહેલાં. આ બધા પૌર્વાત્ય વિદ્વાનોના સમાગમને કારણે પરદેશી સાહિત્ય ને સંસ્કારના સહજ પરિચયમાં આવવાનું બન્યું. એ રીતે દૃષ્ટિને વિશાળતા લાધી. ગુરુકુળના સ્થાપકનો ઉદ્દેશ ધર્મપ્રચાર માટે યુરોપમાં વ્યાખ્યાતાઓ મોકલવાનો હતો, ને એ માટે તૈયારીઓ ચાલતી હતી, પણ પાછળથી મતભેદના કારણે એમાં કંઇ ન બની શક્યું.

કથા-વાર્તાઓ વાંચવાનો શ્રી જયભિખ્ખુને બાળપણથી જ ભારે રસ. અભ્યાસનું પુસ્તક વાંચવું ભલે પડ્યું રહે, પણ વાર્તાની કોઇ નવી ચોપડી હાથ પડી કે એને પૂરી કર્યે જ છૂટકો. દર્શનોનો માથાફોડિયો અભ્યાસ ચાલતો હોય કે ન્યાયતીર્થની પરીક્ષાની તૈયારી કરવાની હોય, પણ એમનો આ રસ કદી ઓછો ન થાય ગમે ત્યાંથી સમય 'ચોરી' ને આ રસનું પાન કરે ત્યારે જ એમને તૃપ્તિ થાય. અને કેવળ આવું મનગમતું સાહિત્ય વાંચવાથી જ સંતોષ માને એવું પણ નહીં. એ વાંચતાં વાંચતાં જે નોંધવા જેવું લાગે તેની નોંધ પણ કરી જ લે. આવી નોંધોની એમની પાસે નોટોની નોટો ભરેલી છે. બાર-તેર વર્ષની કુમળી વયે તો એમણે 'સરસ્વતીચંદ્ર' એક કરતાં વધુ વાર વાંચી લીધેલ, અને એનાં પાત્રો સાથે તો એમણે જાણે એ બધા સ્વજનો જ ન હોય એવું તાદાત્મ્ય સાધેલું. આમ 'સરસ્વતીચંદ્ર' એમનો પ્રિય ગ્રંથ છે, અને તેમનો સાહિત્યકાર તરીકેનો આદર્શ સાક્ષરવર્ય શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી પરથી ઘડાયેલો છે.

બચપણ વીંછિયાના, કિશોર અવસ્થા વરસોડાના અને વિદ્યાર્થી અવસ્થા શિવપુરીના કુદરતના સૌંદર્યથી ભર્યાભર્યા મુક્ત વાતાવરણમાં પસાર થયેલ હોવાથી શ્રી જયભિખ્ખુને જીવનમાં એક પ્રકારની મુક્તતા ને સાહસિકતા સાંપડી છે. ગમે તેવી ચિંતાજનક પરિસ્થિતિમાં પણ તેઓ આનંદી રહે છે, અને પોતાની આસપાસના વાતાવરણને આનંદથી ભરી દે છે. એમની આ મસ્તીની છાપ એમના સાહિત્યસર્જનમાં પણ સ્પષ્ટ વરતાય છે.

એમની સૌથી પહેલી નાની સરખી સાહિત્યકૃતિ 'ભિક્ષુ સાવલાકર' ના તખલ્લુસથી લખાયેલી, તે સ્વ. શ્રી વિજયધર્મસૂરિજીનું જીવનચરિત્ર હતી. ગુરુચરણે સમર્પણ કરીને ચાલુ કરેલી એમની કલમને સાચે જ ગુરુના અમોઘ આશીર્વાદ લાધી ગયા. અને સંસ્કૃત ભાષા તથા દર્શનશાસ્ત્રનો વિદ્વાન બનીને બહાર પડનાર જુવાન 'પંડિત' કે 'માસ્તર' ના રસહીન અને કસહીન જીવનમાં સપડાઇ જવાને બદલે ગુર્જર ભાષાને સમૃદ્ધ બનાવનાર રસકસભર્યા સાહિત્યનો સર્જક બની ગયો.

આપકમાઇ અને જાતમહેનતથી આજીવિકા રળવાની તમન્ના શ્રી જયભિખ્ખુના દિલમાં નાનપણથી ભરી પડી હતી. 'તું તારો દીવો થા!' એ સૂત્રનું જીવન જીવવાના એ રસિયા હતા. લગ્ન થયું ચૂકયું હતાં, અને ૨૪-૨૫ વર્ષની યુવાન વયે આજીવિકાનો પંથ નક્કી કર્યા વગર છૂટકો ન હતો. વૈશ્યપુત્ર સહેલાઇથી વેપાર તરફ ખેંચાઇ જાય, રજવાડી વાતાવરણ રાજની નોકરીમાં ખેંચે, ગુરુકુળનું શિક્ષણ પાઠશાળાનો નિરુપદ્રવી જીવ (માસ્તર) બનવા પ્રેરે, પણ મા શારદાની સેવા કરવાની જયભિખ્ખુમાં દૃઢ નિષ્ઠા હતી. સ્વમાન, સાહસ અને ભાવનાની તમન્ના તેમના ઉત્કટ સ્વભાવમાં મૂળથી જ ભરેલાં, એટલે અસ્થિર આવકવાળી લેખકની સ્વતંત્ર કારકિર્દી એમણે પસંદ કરી.

કલમને ખોળે માથું મૂકી મા સરસ્વતી જે લખું-લખું કે રસકસભર્યું આપે તેથી જીવનનિર્વાહ કરવાનો શ્રી જયભિખ્ખુએ નિર્ણય કર્યો તે સાલ સને ૧૯૪૩ ની. લેખકનો ધંધો લેવાથી જે કષ્ટ બહુન કરવાનું આવે છે તેનો તેમને ઠીક ઠીક અનુભવ થઇ ગયો છે. તેમનું લેખક-જીવન એકધારી તપશ્ચર્યારૂપ નીવડ્યું છે એમ કહી શકાય. છેલ્લાં બાવીસ વર્ષની કલમની ઉપાસનાએ એમની પ્રતિભાને ઉજાળી છે અને એમના જીવનને સતત વિકાસશીલ બનાવ્યું છે. સરસ્વતીને ખોળે માથું મૂકનાર જો થોડોક સંતોષી અને સહનશીલ હોય તો માતા સરસ્વતી એની પૂરેપૂરી ભાળ રાખ્યા વિના રહેતી નથી, એ વાતની શ્રી જયભિખ્ખુનું જીવન સાખ પૂરે છે.

એમણે ઐતિહાસિક, સામાજિક કે પૌરાણિક નવલકથાઓ, નવલિકાઓ, સાહસકથાઓ, નાટિકાઓ અને મોટા-નાના અનેક જીવનચરિત્રો લખ્યાં છે. પોતાના લખાણનું વસ્તુ પસંદ કરવામાં શ્રી જયભિખ્ખુ મુખ્યત્વે બે વાતનો વિચાર કરે છે: એક તો એમાં રસતત્ત્વ ઝીલવાનું કેટલું બળ છે; અને બીજું, એમાં માનવતાનું દર્શન કેટલે અંશે થાય છે. એ.

આ બે તત્ત્વો મળ્યાં, પછી એ કથા રસભર અને હૃદયસ્પર્શી બની જ સમજો. પૌરાણિક કે કેવળ શ્રદ્ધાને બળે જ ગળે ઉતરી શકે એવા કથાપ્રસંગોને પણ હૃદયસ્પર્શીની ઢબે રજુ કરવાની શ્રી જયભિખ્ખુની રીત સાવ અનોખી છે. મતલબ કે કથાવસ્તુ કે કથાપ્રસંગ

(અનુસંધાન પાનું ૨૩૩)

# મુંબઇ જૈન યુવક સંઘના કાર્યો



તા. ૯-૨-૫૫ બુધવારના રોજ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં સંઘના નિમંત્રણને માન આપીને શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઇ પધાર્યા હતા. આ પ્રસંગે સંઘના સભ્યો સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. પ્રારંભમાં શ્રી કસ્તુરભાઇને આવકારતાં સંઘના મંત્રી **શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ** જણાવ્યું કે "થોડા દિવસો પહેલાં માન્યવર કસ્તુરભાઇના એક ભાષણનો છાપામાં પ્રગટ થયેલા અહેવાલની યથાર્થતા વિષે તેમને પૂછાવતાં સાથે સાથે મેં વિનંતિ કરી કે "આપ અવારનવાર મુંબઇ આવો છો તો આપની અનુકુળતા મુજબ અમારા સંઘના કાર્યાલયમાં પધારો તો આપને જાતે મળીને અમારા સભ્યોને ખૂબ આનંદ થશે." આ પત્રના જવાબમાં ફેબ્રુઆરી માસની ૯ મી તારીખ પોતાને અનુકુળ હોવાનું તેમણે જણાવ્યું અને તેના પરિણામે આજનો પ્રસંગ આપણને પ્રાપ્ત થયો છે.

"તેમને નિમંત્રણ આપતાં મને એ પણ વિચાર આવેલો કે અમુક પ્રશ્નો પરત્વે અમારા સંઘના તથા મારા પોતાના અને કસ્તુરભાઇના વિચારોમાં બહુ મોટો તફાવત છે એ ધ્યાનમાં લેતાં તેમને નિમંત્રણ આપું છું એ બરોબર છે કે નહિ? પણ એ વિષે વિચાર કરતાં તરતજ મનનું સમાધાન થયું કે આપણે એકમેકના વિચારભેદને બહુ મહત્વ આપીને પરસ્પર દૂર અને દુર રહીએ છીએ, આ વિચારભેદનો પ્રમાણસર ખ્યાલ કરવામાં આવે અને સાથે સાથે બીજી અનેક બાબતોમાં વિચારસામ્ય કેટલું છે તેનું પણ માપ ધ્યાનમાં લેવામાં આવે તો વિચારભેદ એકદમ નજીવો બની જાય છે અને આપણી અને અન્યની વચ્ચે રહેલો અન્તરનો પડદો સરી જાય છે. પ્રમાણીક વિચારભેદનો ધનકાર ન કરીએ તો પણ તેને એકમેકની નજીક આવવામાં, પરસ્પર વિચાર વિનિમય કરવામાં અને મતઐક્ય હોય ત્યાં સાથે મળીને કામ કરવામાં આડે આવવા દેવો ન જોઇએ. આમ વિચારીને અમે તેમને બોલાવ્યા છે અને તેઓ પણ એમ સમજીને અહિં આવ્યા છે એમ હું માનું છું.

"શ્રી. કસ્તુરભાઇને જોતાં આજે મને અમુક રીતે સરદાર વલ્લભભાઇનું સ્મરણ થાય છે. વલ્લભભાઇ બળમૂ અમદાવાદના અને અમદાવાદમાં રહીને જ તેઓ સરદાર તરીકે ઓળખાયા અને પંકાયા. પણ પાછળનાં વર્ષો દરમિયાન તેઓ મુંબઇ એટલું બધું આવતા જતા થયા અને અહિંના આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે એટલા બધા મળતા હળતા થયા કે સરદાર વલ્લભભાઇ મુંબઇના જ છે એવી આત્મીયતા મુંબઇના પ્રજાજનો તેમના વિષે અનુભવતા થયા હતા. સરદાર વલ્લભાઇ સાથે કસ્તુરભાઇની તુલના કરવાનો મારો આશય નથી, પણ સરદારનું દૃષ્ટાન્ત આપીને આજના આપણા મહેમાન કસ્તુરભાઇને હું વિનંતિ કરવા માગું છું કે તેઓ મુંબઇની જૈન જૈનેતર સમાજના કાર્યકર્તાઓને વિશેષ હળતા મળતા રહે, આપણી બાજુ શું શું વિચારો ચાલી રહ્યા છે તે જાણતા રહે અને તેમના બહોળા જ્ઞાન અને અનુભવનો આપણને લાભ આપતા રહે, તેમની અને આપણી વચ્ચે જે અપરિચિતતાની દીવાલ ખડી છે તે દુર કરે, સમાજના અનેક પ્રશ્નો વિષે આપણને માર્ગદર્શન આપે તેમજ સહકાર આપે, અને મુંબઇનો જૈન તેમ જ ગુજરાતી સમાજ તેમના વિષે એજ પ્રકારની આત્મીયતા અનુભવતો થાય"

ત્યાર બાદ શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો સંક્ષિપ્ત પરિચય અને સંઘનાં કાર્યક્ષેત્રની વિશેષતા અને મર્યાદાનો ખ્યાલ આપીને તેમણે જણાવ્યું કે "જૈનોની એકતા સાધવી એ અમારા સંઘનો એક મુખ્ય ઉદ્દેશ છે અને તે દિશાએ કરવા યોગ્ય સર્વ કાંઇ કરવાનો અમારો સંઘ તમન્ના સેવે છે. સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ નામની સંસ્થા સાથે અમારો સંઘ અત્યન્ત નિકટ સંબંધ ધરાવે છે. અમારામાંના કેટલાએક તે સંસ્થાના મુખ્ય કાર્યવાહકો છીએ. સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની પ્રવૃત્તિ પાછળ અમને જૈન સમાજની એકતાની ભાવના પ્રેરી રહી છે. આપને આ તકે એ સંસ્થામાં પધારવા અને રસ લેવા હું વિનંતિ કરું છું, આમંત્રણ આપું છું.

"આપ જૈન સમાજના એક અગ્રગણ્ય પુરુષ છો. શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ ઉપર આપનું અનન્ય પ્રભુત્વ છે. દિગંબર શ્વેતાંબરોને અવારનવાર તંગદિલ બનાવતા તીર્થોના પ્રશ્નોના સમાધાનીભર્યા ઉકેલમાં આપ મહત્ત્વનો ભાગ ભજવી શકો છો. એકતા માટે આજે ચોતરફ અનુકુળ વાતાવરણ છે. આપ જેવી વ્યકિત આ બાબત મન ઉપર લે તો આપણુ સર્વને ધ્રુષ્ટ એવી એકતાને ઘણો વેગ મળવા સંભવ છે. એ દિશાએ આ બાજુ ચાલી રહેલા પ્રયત્નમાં આપનો અમે સાથ અને સહકાર માંગીએ છીએ. આટલા નિવેદન સાથે અમારા સંઘ તરફથી આપનું હું હાર્દિક સ્વાગત કરું છું."

# ામાં શેઠ કસ્તુરભાઈ લાલભાઈ



ત્યાર બાદ **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે** જણાવ્યું કે "આપણે બધાએ સાથે મળીને જૈન સમાજના અગત્યના પ્રશ્નો હાથ ધરવાની ખાસ જરૂર છે. આપણે તેને નહિ સંભાળીએ તો આપણો જૈન સમાજ રૂઢિચુસ્તોના હાથમાં સરી જવાનો સંભવ છે. આજે આવો એક પ્રશ્ન હરિજન મંદિર પ્રવેશનો છે. આજે લોકસભા સમક્ષ અસ્પૃશ્યતા ધારાનો ખરડો આવેલો છે, આ બીલની અમુક કલમોએ જૈનોના કેટલાક વિભાગોને ખળભળાવી મુકેલ છે, એજ બીલની એક કલમ જૈનોને હિંદુ તરીકે જાહેર કરે છે આ રીતે જૈનો હિંદુ છે કે નહિ એ પ્રશ્ન ખુબ જોરશોરથી જૈનોમાં ચર્ચાઇ રહયો છે. હિંદુ સમાજથી અલગ ગણાવાની આ વૃતિ આપણને કેટલું નુકસાન કરી રહી છે એ પણ આપણે ધ્યાનમાં લેવું ઘટે છે. આ બાબત સ્પષ્ટ અને સાચું માર્ગ દર્શન આપવાની ખાસ જરૂર છે. કસ્તુરભાઇ શેઠ આપણા સમાજને આ બાબતમાં સાચી દોરવણી આપે એમ હું ઇચ્છું છું.

"પરમાનંદભાઇએ જૈન સમાજની એકતાની વાત કરી તે સબંધમાં જણાવવાનું કે આજે ચોતરફ એકતાની વાતો ઘણી થાય છે પણ મને ઉંડાણથી જોતાં એમ લાગ્યું છે કે આ વાતો બહુધા ઉપર ઉપરની છે. એકતાની વાત ઉંડા દિલથી બહુ ઓછા લોકોને સ્પર્શી છે. એકતાની વાતો કરનારની નજીકમાં આવતાં તેનામાં કટ્ટર સાંપ્રદાયિકપણું માલુમ પડે છે. આ દિશાએ વધારે ભગીરથ પ્રયત્ન અને પ્રચારની જરૂર છે."

ત્યાર બાદ **શ્રી. શાન્તિલાલ હરજીવન શાહે** (મુંબઇ પ્રદેશના મજૂર પ્રધાન) જણાવ્યું કે "દેવદ્રવ્યનો જૈન સ્થાપત્યની જાળવણીમાં ઉપયોગ તો થઇ જ શકે છે, પણ સાથે સાથે શિક્ષણ સંસ્થાઓ, દવાખાનાંઓ, તથા આરોગ્ય કેન્દ્રો તેમાંથી કેમ આપણે ઉભા કરી ન શકીએ ? ખ્રીસ્તી મીશનરીઓ–સાધુઓ–અને સાધ્વીઓ–અનેક કોલેજો અને હસ્પીતાલો ચલાવે છે તો આપણે ત્યાં અનેક સાધુઓ તેમજ સાધ્વીઓ છે અને તેમાં કેટલાક ઉચ્ચ કોટિની વિદ્વતા ધરાવતા હોય છે તો તેઓમાંથી અમુક એકત્ર થઇને એકાદ કોલેજ કેમ ન ચલાવે ? આજે હરિજનોને જૈન મંદિરમાં દાખલ કરવા સામે જે વિરોધ ચાલે છે એ ન સમજી શકાય તેવો છે. મુંબઇ જૈન યુવક સંઘ અને પરમાનંદભાઇ સાથેનો સમાગમ હું જૈન છું એ હકીકતની સદા યાદ આપ્યા કરે છે. જૈનોની કેટલીક વાતો મને ગમતી નથી. દેવદ્રવ્યના સંચય વિષે માણસો તરેહ તરેહની કલ્પનાઓ કરે દા. ત. દિગંબર સાધુઓનું નગ્નત્વ. અપરિગ્રહના વિચારને એ હદ સુધી લઇ જવાની મને કોઇ જરૂર લાગતી નથી. સમાજમાં તેમને રહેવું ફરવું હોય તો સામાજિક સભ્યતાની આ પાયાની બાબત જરૂરી વસ્ત્રાધારણ–તેમણે સ્વીકારવું જ જોઇએ. આ બાબત દિગંબર ભાઇઓને કદાચ નહિ ગમે તો પણ મારે કહેવી જોઇએ. આ કે અન્ય બાબતમાં આપણને મતભેદ હોય તો પણ તે એકતા સાધવાની આડે આવવી ન જોઇએ. આ એકતાની સાધનામાં બને તેટલો મદદરૂપ બનવા કસ્તુરભાઇ શેઠને મારી વિનંતિ છે."

ત્યારબાદ **શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ** આ રીતે મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને મળવાની તક આપવા બદલ સંઘના સંચાલકોનો આભાર માનતાં જણાવ્યું કે "અહિં મારી આગળના વકતાઓએ જે ત્રણ બાબતો વિષે વિચારો રજુ કર્યા તે વિષેના મારા ખ્યાલો હું જણાવું. સૌથી પ્રથમ અહિં જૈનોની એકતા ઉપર ઠીક ઠીક કહેવાયું છે. હું પણ નાનપણથી જૈનોની એકતામાં માનતો અને ઇચ્છતો આવ્યો છું. આ દિશાએ મેં ચાર કે પાંચ વાર ગંભીર પ્રયત્નો કર્યા છે અને તેમાં મને નિરાશા મળી છે. હું માનતો નથી કે જૈનોની એકતા નજીકના ભવિષ્યમાં સાધી શકાય.

"દેવદ્રવ્ય સબંધે હું મક્કમપણે માનું છું કે દેવદ્રવ્યનો ઉપયોગ મંદિરોની જરૂરિઆતો પુરી પાડવા પાછળ અને મંદિરોનાં જીર્ણોધ્ધાર પાછળ જ થવો જોઇએ. મંદિરમાં થતી આવકનો ઉપયોગ મંદિર પાછળ જ થવો જોઇએ. આ પ્રથા માત્ર શ્વેતાંબર મૂર્તિપૂજકોએ સ્વીકારી અને અપનાવી છે અને તેને લીધે તેનાં મંદિરો જેટલાં સુરક્ષિત રહ્યાં છે તેવાં કોઇપણ સંપ્રદાયનાં મંદિરો રહ્યાં નથી. જૈનોનાં તેમ જ જૈનેતરોનાં અનેક મંદિરો હિંદભરમાં ફરીને મેં જોયાં છે અને તેના શિલ્પનો ઉંડો અભ્યાસ કર્યો છે. મદ્રાસ–માયસોર બાજુએ આવેલ એલુર હલેબીડમાં દિગંબર સંપ્રદાયના એક વખત સંખ્યાબંધ મંદિરો હતા. આજે ત્યાં માત્ર બે ત્રણ મંદિરો રહ્યાં છે. આનું કારણ દેવદ્રવ્યની પ્રથાનો અભાવ છે. આની સામે શત્રુંજ્યની ભવ્ય રચના જુઓ! આ દેવદ્રવ્યની

ચાલુ પ્રથાને આભારી છે. હું નથી કહેતો કે નવાં નવાં મંદિરો બાંધો. આજે આપણે સંભાળવા માટે જુનાં મંદિરો એટલાં બધાં છે કે નવાં મંદિરો બાંધવાની હું બીલકુલ જરૂર જોતો નથી. હું તેની વિરૂધ્ધ છું. પણ જે છે તેને તો આપણે સંભાળવા જ જોઇએ. તે માત્ર જૈનોનો જ નહિ પણ હિંદી શિલ્પનો અનુપમ વારસો છે.

દેવદ્રવ્યના સંચય વિષે માણસો તરેહ તરેહની કલ્પના કરે છે. પણ મારો તો આ જાતઅનુભવનો વિષય છે. દેવદ્રવ્યનો બધો મળીને સરવાળો કરવામાં આવે તો એક કરોડ રૂપીઆથી વધારે નહિ થાય એમ હું માનું છું. વધારે ચોકકસ ગણુતરી કરતાં દશ લાખ આમ કે તેમ વધશે કે ઘટશે. એકલા આણુના સમાર કામનો અડસટો કાઢતાં ૩૨ લાખનો અંદાજ આવ્યો હતો. તો પછી ઢગલા-બંધ દેવદ્રવ્ય પડયું છે અને તે સામાજિક કાર્યોમાં વપરાવું જોઇએ એ કલ્પના જ ભૂલ ભરેલી છે એમ આપણે સ્વીકારવું રહ્યું

"તમારે કોલેજો, દવાખાનાંઓ, આરોગ્ય મંદિરો બાંધવા છે તો તે માટે સ્વતંત્ર ફંડ કરો. મેં પણ આવા ફંડ કર્યા છે અને લાખો રૂપીઆ મેળવ્યા છે. પણ આ માટે દેવદ્રવ્ય તરફ નજર શા માટે નાખવામાં આવે છે ? બીજા કાર્યો માટે પૈસા એકઠા કરવાની આળસ છે એટલા માટે દેવદ્રવ્યને સામાજિક કાર્યોમાં વાપરવાની છાતી કરવામાં આવે છે એમ હું માનું છું.

"દેવદ્રવ્ય અન્યથા ન જ વપરાય, માત્ર મંદિરને લગતાં કાર્યોમાં જ વપરાય એમ જે હું કહું છું તે શાસ્ત્રઆજ્ઞા છે એટલા માટે હું નથી કહેતો, પણ આપણાં મંદિરોનો જે અમૂલ્ય વારસો મળ્યો છે તેને ટકાવી રાખવા માટે આ પ્રથાને વળગી રહેવું ખાસ જરૂરી છે એટલા માટે હું કહું છું.

"હરિજન મંદિર પ્રવેશ સંબંધમાં જણાવવાનું કે હું તે હમેશાં માનતો અને કહેતો આવ્યો છું કે જૈન મંદિરના દર્શનાર્થે આવતા કોઇને પણ અટકાવી શકાય નહિ. જૈન મંદિરો સૌ કોઇને માટે ખુલ્લાં હોવા જોઇએ. અસ્પૃશ્યતામાં આપણે કદિ માનતા નથી. હરિજનોને જૈન મંદિરમાં આવવું હોય તો ભલે આવે. તે સામે રૂકાવટ હોવી ન જોઇએ. પણ એમ જે દલીલ કરવામાં આવે છે કે હરિજનો હિંદુ છે અને જૈનો હિંદુ છે તેથી હરિજનોને જૈન મંદિરમાં આવતાં ન અટકાવી શકાય-આ દલીલ મને સ્વીકાર્ય નથી. આ રીતે કાયદો કરીને જૈન ધર્મને હિંદુ ધર્મની શાખા તરીકે લેખાવવાનો જે પ્રયત્ન ચાલે છે તે સામે હું સખ્ત વિરૂધ્ધ છું, જૈન ધર્મ હિંદુ ધર્મથી જુનો અને સ્વતંત્ર ધર્મ છે એમ હું માનું છું અને હિંદુ ધર્મની શાખા તરીકે તેને સ્વીકારવાને હું કોઇ પણ સંયોગમાં તૈયાર નથી. સરકાર પોતાની નિશ્ચિત બહુમતીના આધારે ગમે તે કરી શકે છે, પણ આવું કોઇ પણ વિધાન તે કરશે તો તે મોટી ભૂલ કરશે એમ હું માનું છું."

ત્યાર બાદ ચર્ચા શરૂ થતાં શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે જણાવ્યું કે "કસ્તુરભાઇના ભાષણમાંથી આપણને બે ઉપયોગી મુદ્દા મળે છે. એક તો દેવદ્રવ્યનો મંદિરો પૂરતો મર્યાદિત ઉપયોગ કરવો જોઇએ એમ જે તેઓ કહે છે તે કોઇ શાસ્ત્રઆજ્ઞાના કારણે નહિ પણ આજે તેમ કરવું જરૂરી છે એ માટે તેમનો આ પ્રકારનો આગ્રહ છે. આ રીતે તેમના વિચારની ભુમિકા શાસ્ત્રાધારની નથી પણ બૌધ્ધિક છે અને આ ભુમિકા એવી છે કે જે ભુમિકા ઉપર આપણે બધા મળી શકીએ છીએ અને ચર્ચા કરી શકીએ છીએ. આ ભુમિકા ઉપર વિચાર કરતાં એમ પણ ફલિત થઇ શકે કે જ્યાં મંદિરની જરૂરિયાત ન હોય ત્યાં દેવદ્રવ્યનો અન્યથા ઉપયોગ થઇ શકે છે. આનો જ એક દાખલો આપું. અમુક ફંડનાં નાણાં જીવદયામાં જ વાપરી શકાય એવી તેને લગતાં ટ્રસ્ટની એક કલમ હતી અને જીવ શબ્દનો અર્થ મનુષ્ય નહિ પણ મનુષ્યેતર સર્વ પશુઓ એમ કરવામાં આવતો હતો. એના સ્થાને જીવદયામાં માનવી દયાનો સમાવેશ થાય છે એવો અર્થ સ્વીકારાવીને ઉપરના ફંડની આવકના પચાસ ટકા માનવદયામાં વપરાય અને પચાસ ટકા પશુ દયામાં વપરાય એવો પ્રબંધ મારા સહકાર્યકર્તાઓ પાસે સ્વીકારાવવામાં હું સફળ થયો હતો.

"બીજો મુદ્દો એ કે જૈન મંદિરમાં હરિજનોના પ્રવેશ સામે તેમને બીલકુલ વાંધો નથી અને કોઇ જૈને વાંધો લેવો ન જોઇએ આવું તેમણે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે તે ભારે આવકારદાયક છે. આ રીતે આપણે બધા જૈનો આ બાબતમાં એક થઇ શકીએ તો અસ્પૃશ્યતાને લગતા થનાર ધારામાં જૈન ધર્મને હિંદુ ધર્મ સાથે મેળવી દેવાની બાબતમાં મને આશા છે કે આપણે જરૂર ઘટતો ફેરફાર કરાવી શકીએ."

શેઠ કસ્તુરભાઇએ જણાવ્યું કે "ચીમનભાઇએ જીવદયાની વાત કરી તે જુદી છે અને દેવદ્રવ્યની બાબત તદ્દન જુદી છે. દેવદ્રવ્ય અંગે આવું 'ઇન્ટરપ્રેટેશન' થઇ ન જ શકે"

ભાઇશ્રી વલ્લભદાસ કુલચંદ મહેતાએ પુછ્યું કે "આજ સુધી' એકત્ર થયેલા દેવદ્રવ્યને બાજુએ રાખીએ પણ હવે પછી એકત્ર થનાર દેવદ્રવ્ય વિષે કોઇ પણ સંઘ એમ નકકી કરે કે આ દ્રવ્યનો સામાજિક કાર્યોમાં ઉપયોગ થઇ શકશે તો પછી એવા દેવદ્રવ્યનો વ્યાપક ઉપયોગ થઇ શકે કે કેમ ?"

શ્રી. કસ્તુરભાઇએ જણાવ્યું કે "દેવદ્રવ્યનો તો કદિ અન્યથા ઉપયોગ થઇ ન જ શકે. મંદિરની આવક તો મંદિરમાં જ વપરાવી જોઇએ. બીજા કાર્યો માટે ફંડ કરોને ?"

શ્રી. રતિલાલ કોઠારીએ જણાવ્યું કે "મંદિરમાં બોલાતી બોલીઓ દ્વારા કે અન્યથા થતી આવકનો મંદિર પૂરતો મર્યાદિત ઉપયોગ સમજી શકાય છે, પણ અન્યત્ર બોલાતી બોલીઓની આવક પણ દેવદ્રવ્યમાં લઇ જવામાં આવે છે તે અઘટિત છે અને તેમાં ફેરફાર કરવાની ખાસ જરૂર છે."

શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ પ્રશ્ન કર્યો કે "કોઇ કોઇ ઠેકાણે બોલીની અથવા તો ઉછાણીની આવક ઉપર પચાસ ટકા સરચાર્જ લેવાની અને તે સરચાર્જને સાધારણ ખાતામાં લઇ જવાની પ્રથા શરૂ થઇ છે અને આ રીતે દેવદ્રવ્યની આવકના આધારે સાધારણ ખાતાને તરતું કરવાની પ્રથા સ્વીકારવામાં આવી છે. આ બાબત આપનો શું અભિપ્રાય છે ?"

શેઠ કસ્તુરભાઇએ જણાવ્યું કે "આમાં મને કાંઇ વાંધા પડતું લાગતું નથી."

ત્યારબાદ તાજેતરમાં લોકસભામાં રજુ થનાર અસ્પૃશ્યતા ધારો અને જૈન હિંદુના પ્રશ્ન ઉપર કેટલીએક ચર્ચા થઇ. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે આ પ્રશ્ન ઉપર જૈનોમાં ચાલી રહેલા ઉકળાટને ધ્યાન લઇને જૈનો અને સરકાર ઉભયને માન્ય થાય એવો માર્ગ બધા સાથે મળીને સરકારને સૂચવવા શ્રી કસ્તુરભાઇને વિનંતિ કરી, શ્રી કસ્તુરભાઇએ દિગંબર સમાજને આ બાબતમાં સાથે લેવાની પોતાની મુશ્કેલી રજુ કરી અને શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહને બધાયને માન્ય થાય એવી 'ફોર્મ્યુલા-સમાધાન ભૂમિકા-ઘડવા સૂચવ્યું. છેવટે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે "જો કે જૈન-હિંદુઓ સંબંધમાં અહિં રજુ કરવામાં આવેલા વિચારોથી હું જુદું મન્તવ્ય ધરાવું છું અને જૈનો હિંદુ સમાજનો એક અંગભૂત સમાજ છે અને જૈન ધર્મ હિંદુ ધર્મમાં અન્તર્ગત એવો એક સ્વતંત્ર સંપ્રદાય છે એમ હું માનું છું અને આ સ્વીકારવામાં જૈન સમાજનું અને ધર્મનું શ્રેય રહેલું છે એવો હું અભિપ્રાય ધરાવું છું-એમ છતાં પણ આ પ્રશ્નની લાંબી ચર્ચાને સમયના અભાવે અહિં અવકાશ નથી. તેવી જ રીતે દેવદ્રવ્યની ચર્ચા માટે પણ હાલ વિશેષ અવકાશ નથી. અત્યારે તો શ્રી. કસ્તુરભાઇ સાથે આ રીતે આપણા સમાજને સ્પર્શતા વિષયો સંબંધમાં ચર્ચા અને વિચારોની આપલે કરવાનો આપણને સુયોગ સાંપડયો અને તેઓ અમારા સંઘના

કાર્યાલયમાં પધાર્યા અને પરસ્પર અનુભવાતું અન્તર આજે નાયુદ્ધ થયું એ વિષે મારા દિલના આનંદ પ્રદર્શિત કર્યા છું અને આવા સુભગ પ્રસંગો અવારનવાર યોજાય એવી આશા વ્યક્ત કરું છું."

અન્તમાં સંઘના ઉપપ્રમુખશ્રી લીલાવતી બહેન દલીચંદે શ્રી કસ્તુરભાઈનો આભાર માનતાં આ રીતના વિચાર-વિનિમયના પ્રસંગો અવારનવાર ગોઠવાતા રહે અને કસ્તુરભાઈ શેઠ આપણી વચ્ચે નજીક આવે અને જૈન સમાજના પ્રશ્નો વિષે આપણને માર્ગદર્શન આપતા રહે એવી ઇચ્છા વ્યક્ત કરી અને પુષ્પહારથી શ્રી. કસ્તુરભાઈનું ભાવભર્યું સન્માન કર્યું અને આજના પ્રસંગ અંગે ઉંડી પ્રસન્નતા અનુભવતા સૌ કોઇ છુટા પડ્યા.

## (જયભિખ્ખુ : ચાલુ અનુસંધાન પાનું ૨૨૬ થી)

ઉંમરમાં નાનો કે નજીવો હોય, પણ જો એમાં માનવતાનું તત્ત્વ ભર્યું હોય તો શ્રી જયભિખ્ખુ સહજ રીતે વામનમાંથી વિરાટ સર્જન કરી દે છે. તેમનો વાચકવર્ગ માં જૈનો તથા જૈનેતરો પણ છે. તેનું રહસ્ય એ છે, કે એમનાં લખાણોમાં ક્યાંય પણ સાંપ્રદાયિક અભિનિવેશ જોવા મળતો નથી; તેઓ જૈન, બૌદ્ધ કે બ્રાહ્મણ ધર્મને આર્ય સંસ્કૃતિનાં સમાન અંગ માને છે.

શ્રી જયભિખ્ખુનાં લખાણો મુખ્યત્વે કથાપ્રસંગોને રજૂ કરતાં હોવા છતાં પત્રકાર તરીકેના કસબથી પણ તેઓ કંઇ સાવ અલિપ્ત તો નથી જ રહ્યા. વર્ષો લગી અમદાવાદ ખાતે સ્વ. ધીરજલાલ ટો. શાહ સ્થાપિત 'જૈન જ્યોતિ' સાપ્તાહિકને તેજસ્વી બનાવ્યું હતું, અને મુંબઇના 'રવિવાર' આવૃત્તિ કેમની એમની સંપાદકીય નોંધોએ પણ એમને આમ જનતામાં લોકપ્રિય બનાવવામાં ઠીક ઠીક ફાળો આપ્યો છે. એકવાર તો 'રવિવાર' માની એક નોંધથી ખુશ થઇને એક સાવ અજાણ્યા વાંચકે તેમને રૂા. એકસોની તોર નોટ મોકલીને એમની કલમનું બહુમાન કર્યું હતું. એમના લેખનકાર્યને વેગ આપવામાં 'રવિવાર' સાપ્તાહિકે ફાળો આપ્યો છે એમ અહીં ખાસ નોંધવું જોઇએ.

અને એક બીજું નામ પણ અહીં ખાસ ભારપૂર્વક નોંધવું જોઇએ, કે ગુજરાતની પ્રસિદ્ધ પ્રકાશનસંસ્થા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે શ્રી જયભિખ્ખુને પ્રારંભથી પ્રેમપૂર્વક અપનાવી લીધા છે, ને લગભગ મોટા ભાગનાં તેમનાં પુસ્તકો તેઓએજ પ્રગટ કર્યાં છે. આજે તો 'ગૂર્જર' ને જયભિખ્ખુ સાવ અભિન્ન ને ઓતપ્રોત છે. શ્રી જયભિખ્ખુની પ્રગતિમાં આપ્યું પૂરવામાં, એમની મશાલમાં સદાકાળ ખૂટતું તેલ પૂરવામાં ગૂર્જરનો ફાળો કદી ન ભૂલી શકાય તેવો છે.

શ્રી જયભિખ્ખુની પ્રાણવાન ભાષા અને વિશિષ્ટ શૈલીએ અનેક જૈન ઐતિહાસિક અને પૌરાણિક કથાઓ તેમજ બાળકોને આમ જનતામાં લોકપ્રિય બનાવવાની સાથે સાથે એના લેખકને પણ વિશિષ્ટ લોકપ્રિયતા અપાવી છે. જૈન કથાઓ જોડણે નારી અપ્રસ્તુતતા જેવી અનાવશ્યક વાતો—જેથી સામાન્ય જનતામાં વર્ષોથી ઘેર કરી બેસેલી લાગણીનું પરિમાર્જન કરીને શ્રી જયભિખ્ખુએ જૈન કથાઓને ઘેર ઘેર લોકપ્રિય કરીને સામાન્ય જનતા બન્નેમાં—વંચાતી કરી દીધી છે. શ્રી. જયભિખ્ખુએ સહેજ પણ સાંપ્રદાયિકતા વગર પોતાનું સાહિત્ય સર્જ્યું, બતાવ્યું કે જેમ હિન્દુ સાહિત્ય, બૌદ્ધ સાહિત્ય કે અન્ય સાહિત્ય છે, તેમ જૈન સાહિત્ય પણ પોતાની ખૂબીઓ સાથે મૌજૂદ છે. એનો અભ્યાસ કરતા સહેજ પણ આભડછેટ રાખવાની જરૂર નથી. આર્ય સંસ્કૃતિનાં એ એકમેકનાં પૂરક અંગો છે.

તેઓની નવલો જૈનોમાં હંમેશ આદર પામી છે, પણ તે પહેલાં જૈનેતરોમાં પૂરતો આદર પામી ચૂકી હતી. તેમની એક જ નવલકથા સહજ કે સીસ જગતનો વાંચનારા પણ મળી આવે તેમ છે. શ્રી જયભિખ્ખુનો પોતાનો વાચકવર્ગ છે, જે પુસ્તક માગીને નહિ, પણ ખરીદીને વાંચે છે.

જૈન કથાઓના ચમત્કાર લગી ચમત્કાર અને ચેરાગમનના પડ વચ્ચે છુપાઇ રહેલા સંસ્કારપ્રદ તત્ત્વોને શ્રી જયભિખ્ખુ પોતાની વાતોમાં એવી સરસ રીતે રજૂ કરી શકે છે કે એ વાંચતા જ વાચક એમાં લીન બનતા અને આત્મીયતાનો સહેજ અનુભવ કરવા લાગે છે. આ રીતે આ કથાઓ જૈન સંસ્કૃતિની સર્વકલ્યાણકારી ભાવનાનું સરળ પૂર્વક દર્શન કરાવે છે. જૈન કથાઓને પોતાના લેખનકાર્ય માટે તરીકે પસંદ કરીને શ્રી જયભિખ્ખુએ ગુજરાતી સાહિત્યમાં નવ રસથાળ ઉમેરવાની સાથે સાથે જૈન સાહિત્યની પણ ભારે કીમતી સેવા બજાવી છે.

શ્રી. જયભિખ્ખુએ માત્ર જૈન સાહિત્ય જ નથી રજૂ કર્યું તેમ નથી, આમ સાહિત્ય પણ સારી રીતે પીરસ્યું છે. તેમના પ્રેમલક્ષણા 'જયદેવ' નામના પુસ્તક પરથી 'ગીતગોવિંદ' જેવું ચિત્રપટ બન્યું છે ને રેડિયો નાટિકાઓ પણ સર્જાયેલી છે. તેઓનો અભ્યાસ તેમને જૈનેતર અને સાહિત્યમાં આગળ લઇ જાય તેમ છે. 'બાહુબલી' 'શ્રાવસ્થણી' વગેરે પુસ્તકો એનાં દૃષ્ટાંતો છે. અમદાવાદ ખાતે આચાર્ય શ્રી મહારાજ દ્વારા સંચાલિત 'જન કલ્યાણ' પત્રની સમિતિમાં તેમનું નામ એમનો સર્વધર્મપ્રેમ બતાવે છે.

શ્રી જયભિખ્ખુની કથાઓ હિન્દીભાષી પ્રદેશમાં પણ ખૂબ જ પ્રિય બનતી જાય છે. રાષ્ટ્રભાષામાં તેમના બે કથાસંગ્રહોના અનુવાદો પ્રગટ થઇ ચૂક્યા છે, જેમાંના એકને ડો. અગ્રવાલ જેવાએ પ્રસ્તાવના વધાવ્યું છે. બીજા પુસ્તકોની માગણી પણ ચાલુ જ છે.

શ્રી. જયભિખ્ખુ પાસે જેમ એમનાં વિચારો આબેહૂબ ઉતારી આપી શકે એવી મોતીના દાણા જેવા અક્ષરોની બાનવાની કલા છે. લખાણની લીટી પણ એવી કે જાણે છાપેલી જ વાંચી રહ્યા હોઇએ એવું રસપ્રદ થઇ પડશે કે આજના ફાસ્ટ્ટ્રેન યુગમાં પણ તેઓ હોકર અને બિયારમાંજ રસ ધરાવે છે.

લેખનકળાની જેમ મુદ્રણકળા અને ચિત્રકળાનો પણ શ્રી જયભિખ્ખુને ભારે શોખ છે. છાપકામમાં ગોઠવણી અને રંગસિલાઇમાં તેઓ નિષ્ણાત છે. ચિત્રકળામાં તેઓ ચિત્ર દોરતા નથી, પણ કોઇ છાપકામને ચિત્રકળાથી મંડિત કર્યા વગર એમને નિરાંત વળતી નથી. ચિત્રો માટે સૂચનો આપવામાં અને ચિત્રોની પરખ કરવામાં ખૂબ કાબેલ છે. ગુજરાતના મશહુર ચિત્રકારોનાં આલ્બમોમાંથી તેમણે કયા ને વિષયના મર્મને સમજાવતી પ્રસ્તાવનાઓ એકવાર વાંચી જોવી જેવી છે. કોઇ કોઇ વાર તો મુદ્રણકળા અને ચિત્રકળામાં તેઓ એટલા બધા તન્મય બની જાય છે કે આપણને દહેશત લાગે કે આ બે કળાઓ પ્રત્યેના રસ વચ્ચે લેખનકળા ક્યાંય ઢંકાઇ તો નહીં જાય.

લેખનકળા, મુદ્રણકળા અને ચિત્રકળા પ્રત્યેના આવા પ્રેમને કારણે શ્રી. જયભિખ્ખુએ અનેક કળાકારોને પોતાના અંતરંગ આત્મીય જેવા મિત્રો બનાવ્યા છે અને જેમને માન્યા એમના પ્રેમ તો એ સદા સ્નેહઘેલા જ રહ્યા છે. અને એમનું કામ કરવામાં તો તેઓ અજબ આનંદનો અનુભવ કરે છે. ગમે તે કામ હોય, એને પાર પાડયે જ છૂટકો.

તેમના પિતાશ્રીની મુત્સદ્દીગીરી અને વ્યવહારદક્ષતાનો વારસો પણ શ્રી જયભિખ્ખુને ઠીક ઠીક પ્રમાણમાં મળ્યો છે. કવિના જેવા ઉર્મિશીલ કળાકાર હોવાની સાથે આવી કુનેહ અને વ્યવહારદક્ષતાનો મેળ શી રીતે બેસતો હશે, એ જ સવાલ થઇ પડે એમ છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી ગમે તેવી મૂંઝવણભરી સ્થિતિ હોય તો પણ એમાંથી તેઓ કુનેહપૂર્ણ માર્ગ કાઢી શકે છે. આ બધી અનુકૂળતાઓ વચ્ચે પણ તેઓ પોતાના પ્રાણરૂપ લેખનકાર્યને તો કદી ન જ વિસરે. એ કામ તો ચોક્કસ ચાલુ જ રહે. અને એ ચાલુ રાખીને જૈન સાહિત્ય અને ગુજરાતી સાહિત્યની સમાન રીતે સેવા બજાવવા માટે જયભિખ્ખુ તંદુરસ્તીભર્યું દીર્ઘ જીવન મેળવે, એમ ઇચ્છીએ.

# બહેન ગીતા પરીખનું કાવ્યગાન

શનિવાર, તા. ૧૯-૧-૫૫ ના રોજ સાંજે ૭ વાગે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં ગીતા પરીખનાં કાવ્યોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રોતાઓની હાજરી ઘણી સારી હતી. છેલ્લાં ત્રણ ચાર વર્ષમાં જ ગીતા બહેને ગુજરાતી કવિતા-સાહિત્યના ક્ષેત્રમાં નોંધપાત્ર સ્થાન મેળવી લીધું છે. આટલી નાની ઉંમરે, આટલા ઓછા સમયમાં ગીતા બહેને મેળવેલી સિદ્ધિ અને પ્રસિદ્ધિ આપણને આનંદાશ્ચર્યનો અનુભવ કરાવે છે. ગીતા બહેનની વિશિષ્ટતા એ છે કે એ બુદ્ધિપ્રધાન (અને તેમાંયે હાસ્યરસિક) ઊર્મિપ્રધાન–બંને પ્રકારનાં કાવ્યો લખી શકે છે, અને એમની બીજી વિશિષ્ટતા એ છે એમને કવિતા સાથે મધુર કંઠ પણ વરેલો છે. તેમાં યે વળી સંગીતનું શાસ્ત્રીય જ્ઞાન અને કવિતાગાનમાં સાથ આપનાર એમના પતિ સૂર્યકાન્તભાઇ–આ બધાંએ એમના જીવનને જ કાવ્યમય બનાવી દીધું છે.

શનિવારે સાંજે પ્રથમ મુરબ્બી પરમાનંદભાઇએ શ્રોતાઓને ગીતા બહેનનો પરિચય કરાવ્યો, અને ત્યાર પછી લગભગ દોઢ કલાક ગીતાબહેને પોતાનાં કાવ્યો વડે શ્રોતાજનોને રસતરબોળ કરી દીધા હતા. સાર તો એ હતું કે એમણે શ્રોતાઓ સમક્ષ રજૂ કરવાનાં કાવ્યોની પહેલેથી વિચારણા કરી રાખી હતી. એથી કેટલીકવાર કેટલાક કવિઓ સભામાં એકાદ કવિતા વાંચવા માટે પણ પાનાં જ ઉથલાવ્યા કરતા કરતા હોય છે તેવો અનુભવ અહીં થયો નહિ. વારાફરતી ગેય અને પાઠ્ય એવી રજુ થયેલી કાવ્ય કૃતિઓમાં પણ એક પ્રકારનું વૈવિધ્ય જોવા મળતું હતું.

આ કાર્યક્રમમાં જે કૃતિઓ રજુ કરવામાં આવી હતી તેમાં કેટલીક ચાટૂકિતઓ જેવી હતી, કેટલીક વિચારપ્રધાન હતી અને કેટલીક ઊર્મિગીતના પ્રકારની હતી. ચાટૂકિતઓમાં શરૂઆતની પંક્તિઓમાં જાણે કોઇ ગંભીર વસ્તુની જ વાત કરવામાં આવતી હોય એમ આપણને લાગે, પરંતુ કાવ્યાન્તે આપણને ખબર પડે કે એ પંક્તિઓ તો કોઇ સાધારણ વસ્તુને ઉદ્દેશીને લખાયેલી છે. જેમકે 'સ્થિતપ્રજ્ઞ' કાવ્યમાં આપણને માન થઇ આવે એવા સ્થિતપ્રજ્ઞની વાત કરવામાં આવે છે. પણ અન્તે ખબર પડે છે કે એ સ્થિતપ્રજ્ઞ તે કોઇ વ્યકિત નહિ પણ અરીસો છે. તેવી રીતે 'આપણ વચ્ચે' કાવ્યમાં પતિપત્ની વચ્ચે કોઇ ત્રીજી જ વ્યકિત છે, અને એની ઇર્ષ્યા પતિને આવે છે, પણ અંતે સ્ફોટ થાય છે કે એ ત્રીજી વસ્તુ તે પાનેતરનો પાલવ છે. 'દહાડે યા રાત્રિમાં કોઇ નિરાશાજનક ઉદ્‌ગારોને બદલે આપણે તો સાંભળીએ છીએ 'ના, ના, હું તો નિરખું સહુ ગોગલ્સના કાચમાંથી.' અને મંગલાષ્ટક' કાવ્ય તો ખરેખર એક સુંદર કાવ્ય છે. 'મંગલાષ્ટક'માં શિવપાર્વતી કે રામસીતા કે રાધાકૃષ્ણના યુગલની વાત કરવામાં નથી આવતી, પણ સુખ દુઃખમાં એક બીજાને સાથ આપતાર પગે પહેરવાના જોડાના જોડાંનો આદર્શ યુગલ તરીકે રજુ કરવામાં આવે છે.

ઊર્મિગીતોમાં ગીતાબહેને 'પ્રેમપંથે', 'શું?' 'ભલકાર, 'ગીત અધુરાં', વગેરે કૃતિઓ સુમધુર કંઠે ગાઇ સંભળાવી. એમાં

આયુષ્યની અલ્પ મુસાફરીમાં
મળી ગયાં આપણ બેઉ કયાંથી?

કે

રણમાં ફુલડાં ખીલ્યાં
રે આજે મારા રણમાં ફુલડાં ખીલ્યા.
ધગધગતી ધરણીએ વૈશાખી તાપમાંથી
ફોરાં ઝરમરતાં ઝીલ્યાં.....

જેવી પંક્તિઓમાં કેટલું આશાવાદી જીવનદર્શન જોવા મળે છે! બીજી બાજુ,

મમ પ્રીત તણા લલકાર
ભેદી એઉ હૃદયની સીમા
વહે વિશ્વમાંઝાર

જેવી પંક્તિઓમાં આત્મપ્રેમ વિસ્તાર પામીને વિશાળ વિશ્વ સાથે કેવી એકતા અનુભવવા તલસી રહ્યો છે? અને 'અમૃતત્વ' કાવ્યમાં

મૃત્યુ રહી રહી શરમાય
જોઇ બિચારું કાળકિનારે
જીવનધારા વારે વારે
સભર થઇ છલકાય.....

જેવી પંક્તિઓમાં એમને જીવનમાં કેટલા બધાં આશા ઉલ્લાસ અને શ્રદ્ધા દેખાતાં હશે કે જેથી મૃત્યુ પણ કાળ કિનારે શરમાય છે! આ ઉપરાંત સ્થિતપ્રજ્ઞ અવસ્થાનો પરમ આનંદ વ્યકત કરતું 'તેજોમય અંધત્વ' અને "મ્હેક મ્હેક ઉર થાય પરાગે, પાંખડિયે બંધાયે શે?" જેવી પંક્તિથી શરૂ થતું ઊર્મિગીત ભાવની સઘનતાને વ્યકત કરતું હતું. જેમ દરેક કવિને પોતાની કોઇક ને કોઇક કવિતા પ્રત્યે મમત્વ બંધાઇ જાય છે તેમ ગીતાબહેનને કોઇ નવો જ અનુભવ થાય છે. એમનો અનુભવ છે.

ગીત અધૂરાં મારાં, મુજને અદકાં પ્યારાં પ્યારાં
જ્યમ અધખૂલી પાંપણમાંથી, ડોકાતી જલધારા...
એવાં ગીત અધૂરાં મારાં.

આ ઉપરાંત એકાદ બે પંક્તિમાં જ કોઇ સુંદર ચમત્કૃતિ ભરેલા મુકતક જેવી અત્યંત લાઘવયુત, સચોટ પંક્તિઓ એમણે રજૂ કરી હતી, જેમ કે

સૂકાં પર્ણો વન ગજવતાં, શાંત લીલાં સદા યે!

* * *

ના સાગરો જ્યાં છલકાય ત્યાંયે
રે પલ્વલો કયાં ભલકાઇ જાય?

* * *

એકલું લાગે
તાર વિહોણા સાજ પરે આ
સૂર મધુરો એક ન વાગે.....

આમ લગભગ દોઢ–પોણા બે કલાક ગીતાબહેને પોતાની કાવ્ય-કૃતિઓનો આસ્વાદ કરાવી સૌ શ્રોતાજનોને રસતરબોળ કરી દીધા હતા. ત્યારબાદ પ્રમુખસ્થાનેથી શ્રી કરસનદાસ માણેકે ગીતાબહેનનાં કાવ્યોની પ્રશંસા કરતાં એમનાં કાવ્યોમાં ખાસ કરીને પ્રણયકાવ્યોમાં રહેલા ભાવની અભિવ્યકિતની નિખાલસતાનો નિર્દેશ કર્યો હતો. અન્તે શ્રી સૂર્યકાન્તભાઇએ બુલંદ સ્વરે ભાવભીની પ્રાર્થના ગાઇ સંભળાવી અને ત્યારબાદ સૌ છૂટા પડયા હતા.

રમણલાલ સી. શાહ


| વિષયસૂચિ | | પૃષ્ઠ |
|---|---|---|
| તેજોમૂર્તિ ભગિની | પં. સુખલાલજી સંઘવી | ૨૨૭ |
| માનવતાની દૃષ્ટિથી પ્રાચીન વાર્તાસાહિત્યને રજૂ કરનાર શ્રી જયભિખ્ખુ | | ૨૨૯ |
| મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં | | ૨૩૦ |
| શેઠ કસ્તુરભાઇ લાલભાઇ | | ૨૩૧ |
| બહેન ગીતા પરીખનું કાવ્યગાન | | ૨૩૪ |
| 'સૂતેલો ખંડ જાગે છે' | અવલોકન: પરમાનંદ | ૨૩૫ |
| તત્ત્વદર્શન દ્વારા અન્તર જાગૃતિ | હેલન કેલર | ૨૩૬ |

(તેજોમૂર્તિ ભગિની અનુસંધાન પાનું ૨૨૮)

અધી રસ્તો કાપ્યા પછી પરીક્ષાના એ જ કમરામાં સંકલ્પ કર્યો કે, આજ પરીક્ષા નિમિતે આ અવિચારી ખાનામાં કે કતલખાનામાં ગ્રસ કે પશુ બની દાખલ ન થવું. મને યાદ છે કે એ નિશ્ચય પછી લગભગ ચોવીસ વર્ષે હું ફરી એ ક્વીન્સ કોલેજમાં અભ્યાસક્રમ ઉપર વિચાર કરવાના ત્યાંના રજિસ્ટ્રારના આમંત્રણને સ્વીકારી હિંદુ યુનિવર્સિટિના એક અધ્યાપક તરીકે જ ગયો, પણ પરીક્ષ્ય વિદ્યાર્થી તરીકે કદી નહિ.

હેલન સ્કુલ અને કોલેજના વિદ્યામય વાતાવરણમાંથી જ્યારે જ્ઞાનતૃષા શમાવે છે, ત્યારે એ પોતાની અપંગતાનું ભાન ભુલી ચિત્-શક્તિના અલૌકિક આનંદનો અનુભવ કરે છે ને એમાંથી જીવનકર્યા જેવા મધુર ફળો પીરસે છે. મારી પણ લગભગ એ જ દશા રહી છે. બાહ્ય અને આંતરિક વિક્ષેપોના મૃત્યુને તટે લાવી મુકે એવા સંભાર વચ્ચે મને વિવિધ શાસ્ત્રોના અભ્યાસે, ચિંતને અને લેખને જ બચાવી સ્વસંવેદ્ય અલૌકિક આનંદભૂમિકા ઉપર મૂક્યો છે. હેલન કોલેજમાં યાંત્રિક રીતે શીખવતા અધ્યાપકોની શુષ્ક ટેવોની પોતાની પરિસ્થિતિને કારણે ટીકા કરે છે ત્યારે પણ તેને સમુદ્રમાં મીઠી વીરડી જેવા વિરલ અધ્યાપકો મળે છે, જેઓ હેલનને રસમય શિક્ષણથી તરબોળ કરી દે છે. સાંકડી અભ્યાસ-કોઠમાં સતત પુરાયેલ શાસ્ત્ર-ગ્રંથોના અર્થહીન શબ્દસ્તનોમાંથી દુધને બદલે રક્ત ખેંચી તેને દુધ માની મનાવી પિવરાવનાર પંડિત-ગોપો વચ્ચે મને પણ સતત શુધ્ધ દુગ્ધવર્ષા કામદુધા જેવા વિરલ અધ્યાપક બહુ મોડે મોડે પણ મળેલા અને હજીએ છે. જેમ હેલનનું માનસ વિવિધ વિષય સંચારી શિક્ષણમાં રસ લે છે તેમ મારું માનસ પણ. અભ્યસ્ય ભાષાઓ જુદી છતાં અનેક-એ તત્વ પણ અમારા બન્નેનું સમાન. પ્રેમાણ અને સાધનનો ભેદ બાદ કરતાં વનવિહાર, જલવિહાર, પર્વતપર્યટન, સમુદ્રયાત્રા, પશુ પક્ષી પરિચય આદિનો રસ બન્નેનો સમાન જ. અલબત્ત, એનો સાયકલ-સવારીનો તરંગ મને કદી જ આવ્યો નથી, પણ હું ધારું છું કે મારો અશ્વારોહી તરંગ એને ભાગ્યે જ થયો હશે. સમૂહમાં અને એકલા સેતરજ રમવાની શોધેલી એની નવી રીતે આજે પણ મારું મન લોભાયું. પુસ્તકો અને શિક્ષકો એનાં મારાં સમાન મિત્રો. હેલન અંતમાં લખે છે એમ, "મારી જીવનકથા મારા મિત્રોએ ઘડી છે." એ સત્ય મારા જીવન વિષે પણ પૂર્ણ પણે સત્ય છે. મારા પણ મિત્રોની યાદી ભારે વિશાળ અને તે પણ અનેક આકર્ષક તેજસ્વી નામ અને ગુણના રંગોથી ભૂષિત છે. શ્રુત, પરિશીલિત અને અભ્યસ્ત વિવિધ વિષયોનાં પુસ્તકોની યાદી મારી ખંત પણ બતાવે. અને કાંઈક એકાંગી જડતા પણ. હેલનને પરિચિત ધર્મગુરુઓમાં કોઈ સંકીર્ણ મનનો દેખાતો નથી. તેને જે જે બિશપ વગેરે મળ્યા છે તે બધાયે તેને અસાંપ્રદાયિક સત્યને જ માર્ગે દોરવા યત્નો કર્યા છે. સદભાગ્યે કે દુર્ભાગ્યે મારી બાબતમાં તેમ નથી બન્યું. છેક લઘુ વયથી તે બહુ મોડે મોડે સુધી આપણા દેશની જડ જનતાને સુલભ એવા જ અતિ સાંકડા મનના અને અંધારામાં પ્રકાશ તેમ કૂવામાં સમુદ્ર માની બેઠેલા અનેક ધર્મગુરુઓ એક પેઢી એક મને મળતા જ રહેલા. છતાં તેમનાં ચરણોમાં બેસી ઝીલેલ ધર્મબોધ ઉપર ફરી વિચાર કરવાની ફરજ પાડે અને આખું માનસ બદલી નાખે એવું વ્યાપક ધર્મભાન કરાવનાર ધર્મપ્રાણ પુરુષોનું મારા જીવનમાં સ્થાન મોજૂદ જ છે.

આમ અમારા બંનેનું કેટલું કે સામ્ય છતાં એકવીશ વર્ષ જેટલી નાની ઉંમરે હેલનના-"એવી ક્ષણ હોય છે જ્યારે મને એમ લાગે છે કે, શાયલોક તથા જુડા જેવા લોક અને સેતાન પણ વિશ્વમાં પ્રવર્તમાન સાધુતાના મહાચક્રના ભાંગી ગયેલા આરા છે અને તેઓ યોગ્ય સમયે પાછા સમારી લેવાશે." આ વાક્યમાં જે મહાવીર, બુધ્ધ, ક્રાઇસ્ટ અને ગાંધીજીની સહજ શ્રધ્ધા અને પ્રજ્ઞાઇન્દ્રિયના સ્ફુરણનું ભાન થાય છે તે આઠલી પ્રૌઢ ઉંમરે પણ સ્વાભાવિક રીતે મારા જીવન ક્રમમાં મને દેખાતું નથી. અલબત્ત, આર્યાવર્તનાં વિવિધ દર્શનોના અનેક વિષમરપરી, કામના અને નક્કામા, જટિલ, કંટકિલ અને ગ્રંથિલ વાદ-વિવાદ વચ્ચે પણ મેં તેની પારના પ્રજ્ઞામય, શાંત અને સર્વવ્યાપક ભાવનું વિસ્મરણ કદી કર્યું નથી. પણ એ દિશામાં પ્રજ્ઞાઇન્દ્રિયનું જાગરણ કરવાનું તો હજુ મનોગત જ છે. પં. સુખલાલજી સંઘવી

## 'સૂતેલો ખંડ જાગે છે.'

લેખક: શ્રી નવલભાઇ શાહ, પ્રકાશક: મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, હઠીભાઇની વાડી, અમદાવાદ. કિમ્મત ૩ ૨

"વિશ્વ વાત્સલ્ય"ના ભેટ પુસ્તક તરીકે આ પુસ્તક મહાર પાડવામાં આવ્યું છે. ભાલનલકાંઠામાં મુનિ સન્તબાલજીએ સ્થાપેલ હેતુથી શ્રી નવલ ભાઇ શાહ અને અન્ય ત્રણ વ્યકિતઓની મંડળી આજથી લગભગ બે વર્ષ પહેલાં પૂર્વ આફ્રિકા ગયેલ. એ પ્રવાસ દરમિયાન થયેલા કેટલાક અનુભવો અને સંસ્મરણો આ પુસ્તકમાં સંકલિત કરવામાં આવ્યા છે. "વિશ્વ વાત્સલ્ય"ના વાચકોને તો શ્રી નવલભાઇ શાહ સુપરિચિત છે જ. નવલભાઇ એક ગાંધીનિષ્ટ યુવાન કાર્યકર્તા છે અને ભાલનલકાંઠામાં અનેક રચનાત્મક પ્રવૃત્તિઓનું તેઓ વર્ષોથી સંચાલન કરે છે. તેઓ ચિન્તક અને પ્રાણવાન લેખક છે. આ પુસ્તક તેમની મનોહર લેખિનીનો સુન્દર પુરાવો છે.

પૂર્વ આફ્રિકા ઉપર કાકાસાહેબ કાલેલકરે એક પુસ્તક લખ્યું છે. આ પુસ્તક પણ એ જ પ્રદેશને અનુલક્ષીને લખવામાં આવ્યું છે. સુતેલો ખંડ એટલે પુર્વ આફ્રિકા એક જ વિષય ઉપર બે પુસ્તકો હોવા છતાં બન્નેની ભાતમાં મોટો ફરક છે. કાકાસાહેબ પૂર્વ આફ્રિકાના હિંદના એક સાંસ્કૃતિક પ્રતિનિધિ તરીકે ગયેલા. નવલભાઇ પોતાની એ સંસ્થાના ફંડફાળા માટે ગયેલા. કાકાસાહેબ એક સુવિખ્યાત વ્યકિત. તેમનું ત્યાં જવું આપણા એક રાજ્યદૂતસમું હતું. તેમનો ઉદ્દેશ માત્ર પૂર્વ આફ્રિકાની ત્રિવર્ણી પ્રજાના પ્રશ્નો સમજવા પુરતો જ નહિ પણ હિંદનું સાંસ્કૃતિક હાર્દ એ પ્રજા સમક્ષ રજુ કરવા સાથે તે પ્રજાની અને તેમાં પણ ત્યાં વસતી હિંદી પ્રજાની વિશિષ્ટ પરિસ્થિતિ લક્ષ્યમાં રાખીને તેને સાચું માર્ગદર્શન કરાવવાનો હતો. તેઓ ત્યાં આપણા રાજ્ય-પ્રતિનિધિ શ્રી. અપ્પાસાહેબ પન્તના અતિથિ હતા. ત્યાંના દૃશ્ય-જગતની અદ્ભુતતા વીણા માણવા ઉપરાંત માનસન્માનના મેળાવડા, ભોજન સમારંભો, એરોપ્લેન મારફત એક સ્થળેથી અન્ય સ્થળે સતત ઉડ્યન, તરેહ તરેહની મુલાકાતો, સ્થળે સ્થળે વિવિધ વિષયલક્ષી વાર્તાલાપો-કાકાસાહેબની પ્રવાસની આ વિશેષતાઓ હતી. નવલભાઇ એક નાના માણસ, ત્રીજા વર્ગના મુસાફર, ફંડ માટે શ્રીમાનોનાં દ્વાર ચાલુ ખખડાવતો રહેવાનું. કોઇ ઠેકાણે આદર. તો કોઇ ઠેકાણે અનાદર. આ કાર્યમાંથી જે કાંઇ અવકાશ મળે તે દરમિયાન પુર્વ આફ્રિકામાં સહેલાઇથી જોઇ શકાય તે જોઇ લેવાનું અને જોવાયું તેથી સંતોષ માનવાનો-આ નવલભાઇની પ્રવાસની વિશેષતાઓ હતી. આમ છતાં બન્નેની દૃષ્ટિ ગાંધીવાદી હતી અને ત્યાંની પછાત હબસી પ્રજા પ્રત્યે ઉંડી સહાનુભૂતિ ચિન્તવતી હતી. સૃષ્ટિ-સૌન્દર્ય માણવાના બન્નેને એક સરખા કોડ સાથે સાથે આપણા દેશમાં જે કાંઇ ચાલી રહ્યું છે અને નજીકના ભવિષ્ય અંગે જે સ્વપ્નો અહિં સેવાઇ રહ્યાં છે તે કહેવા સંભળાવવાના પણ ઉભય એક સરખા ઉત્સુક. આ રીતે નવલભાઇનું આ પુસ્તક કાકાસાહેબના પૂર્વ આફ્રિકાની પૂરવણી જેવું લાગે છે અને વિશદ લેખનશૈલિના કારણે આદિથી અન્ત સુધી વાચકનો રસ એકસરખો ટકી રહે તેવું છે. કાકાસાહેબ પીઢ લેખક છે. તેમની પાસે ભારે વ્યાપક દૃષ્ટિ છે, સૃષ્ટિ સૌન્દર્યના તેઓ અત્યન્ત કુશળ પારખુ છે. એટલે 'પૂર્વ આફ્રિકા'ની પ્રતિભા આ પુસ્તક કરતાં વધારે ઉચ્ચ કોટિની હોય એ સ્વાભાવિક છે. એમ છતાં આ પુસ્તકમાં લેખકની ઉંડી જિજ્ઞાસા, ચિન્તનશીલતા, નમ્રતા અને હૃદયગમ સંવેદનશીલતાનો મીઠો પરિચય થાય છે. આ પુસ્તકમાં કોઇ કોઇ ભાગ નબળો નજરે પડે છે. દા. ત. પ્રકરણ ૧૮ મું "ઝંખના." એમ છતાં સમગ્રપણે આ પુસ્તક પૂર્વ આફ્રિકાનું એક સુન્દર અને માહિતીપૂર્ણ ચિત્ર રજુ કરે છે અને વાંચતાં વાંચતાં આપણું દિલ ત્યાં વસતા હિંદીઓ અને હબસી લોકો વિષે સહાનુભૂતિ અને નિકટતા અનુભવે છે. આ પુસ્તકના પ્રકાશને આજની ઉપયોગી અને આકર્ષક સાહિત્ય કૃતિઓમાં એને નોંધવા લાયક ઉમેરણ કરી છે.

પરમાનંદ

# તત્ત્વદર્શન દ્વારા અન્તર જાગૃતિ

(આ નીચેનું લખાણ હેલન કેલરે લખેલ Mid-Stream ના અનુવાદ મઝધારમાંથી ઉધ્ધૃત કરવામાં આવેલ છે. હેલન કેલરની આત્મપ્રતિભાને યથાસ્વરૂપે પીછાણવા માટે આ લખાણ ઉપયોગી છે. તત્વજ્ઞાનનો પરિચય માનવીમાં પ્રસુપ્ત ચૈતન્યને કેવી રીતે જાગૃત કરે છે અને એક અપંગ અંધવ્યક્તિને કેવી 'દૃષ્ટિપૂત' બનાવે છે તેનું આ લખાણ દ્વારા આપણને મધુર દર્શન થાય છે. પરમાનંદ)

**અન્તરમાં આનંદ, જાગે અન્તરમાં આનંદ,**
**ગુંજે ગુંજે રોમ રોમમાં, નવું ગીત નવ છંદ...જાગે.**
**મનમંદિર કેરા દીપકનું, તેજ નહિ અવ મંદ,**
**ઝળહળ સઘળું થાય, અહો હું અંધારે નહિ અંધ ..જાગે.**
**ગીતા પરીખ**

મને તત્વજ્ઞાનના અભ્યાસમાં મજા પડતી. તેને લીધે મને ચાર મુશ્કેલીભર્યાં વર્ષ ત્યાં રહેવા જેવાં લાગ્યાં. વસંતઋતુમાં વરસાદથી જેમ ખેતરો લીલાછમ થાય છે તેમ, તત્વચિંતકોના જાદુઇ શબ્દોમાંથી મળતા નૂતન વિચારોની વર્ષાથી મારૂં અંતર સુશોભિત થતું. મારામાં શ્રધ્ધા અને કલ્પના હતાં. પણ તત્વજ્ઞાને મને શીખવ્યું કે, આંખ કાન વગરના માણસને આ દુનિયામાં જે મર્યાદિત અનુભવો થાય છે અને તેને લીધે જે મુંઝવણો થાય છે, તેની સામે શી રીતે ચેતીને ચાલવું. મારી અંધારામાં અથડાતી માન્યતાઓ માટે મને એ વિચારકો પાસેથી બળ મળ્યું. તેઓ પોતાની આંખવડે જોતા હતા; કાનવડે સાંભળતા હતા; હાથવડે સ્પર્શ કરતા હતાં; અને છતાં પૂરેપૂરી ઇંદ્રિયોવાળા માણસની ઇંદ્રિયો પણ કેટલી અવિશ્વાસનીય છે તેનું તેમને દર્શન થયું હતું. જ્ઞાન, મિત્રતા અને અમરતા ઉપરનાં સોક્રેટીસના સંભાષણો મને અત્યંત રસપૂર્ણ અને પ્રેરણાદાયી લાગ્યાં. "સાચી દુનિયા મનમાંજ રહેલી છે." એ સત્ય અને કાવ્યથી તે ભરપૂર હતાં. પ્લેટોએ મને આંતરિક શકિતથી સારી રીતે માહિતગાર કરી. તે શકિત એ 'પરમતત્વ'માંથી નિપજેલી છે કે જે, આ દુનિયાની સુંદર, સંગીતમય અને સત્ય વસ્તુઓમાં તે તે ગુણોનું સિંચન કરે છે, અને બહારની દુનિયામાં ગમે તે દુઃખ આવી પડે તો પણ આપણામાં વ્યવસ્થા, પ્રકાશ અને ભાન પેદા કરે છે. મને મારા વિશ્વાસની પ્રતીતિ થવાથી આનંદ થયો કે, હું મારી ખંડિત ઇંદ્રિયોની મર્યાદાની પાર જઇ શકું છું અને અદૃશ્યને પૂર્ણ પ્રકાશમાં જોઇ શકું છું, અને નિઃશબ્દ વાતાવરણમાં દિવ્ય સંગીતને સાંભળી શકું છું. મને આનંદમય ખાત્રી થઇ હતી કે, બહેરાપણું અને અંધાપો એ મારા જીવનનાં આવશ્યક અંગ નહોતા, કારણ કે તે કોઇ રીતે મારા અમર માનસનાં અંગ નહોતા.

પણ આ વિચાર, ડેકાર્ટનું 'મન છે, તેથી જ મનુષ્ય છે' એ સૂત્ર મેં જાણ્યું ત્યાં સુધી માત્ર શ્રધ્ધાનો વિષય હતો. તે જાણ્યા પછી મને સમજાયું કે, મારૂં 'પરમ તત્વ' એ ફકત મૂડીરૂપ નહોતું, પણ તે પરમ સુખનું સાધન હતું. હું સચેત રીતે મારી ક્ષુદ્ર મર્યાદાઓથી બહાર આવી અને અંધકારમય શુન્યતાને પ્રકાશમય, ધ્વનિમય દુનિયાના વિચારોથી ભરી દેવાના માર્ગો મને સાંપડયા. બીજી રીતે કહીએ તો બધિર અને બહેરૂં માનવી વસ્તુઓ, લાગણીઓ અને તૂટક તૂટક માનસિક ખ્યાલોના ઢગમાં ફાંફાં મારતું હોય, તેની ઉપર વિજય મેળવવા માટે મેં મારી આંતરિક શકિતઓને વધારે જોરપૂર્વક વાપરી. આ પહેલાં કંઇક જડતાને લીધે હું ઉચ્ચતર ચેતનાને પકડી શકી નહોતી; કે જેના વડે જીવન વિશાળ થાય છે અને અનંતને પહોંચી શકાય છે. પણ ડેકાર્ટનાં સીધાસટ અસરકારક શબ્દોથી મારામાં એવી જાગૃતિ આવી, જે કદી મેં ગુમાવી નથી.

કેન્ટ અને ધર્મદર્શનનાં લખાણોથી મુક્તિપંથે મારૂં પ્રયાણ વધારે થયું. આંખ અને કાનની મારી ઉણપને લીધે મને ઘણી વાર એવી શંકા થતી કે, બીજાઓ જે જોઇ સાંભળી શકે છે તેમના જેવું પૂરતું આકલન કદીય મને થશે કે નહીં. મારી કુંઠિત ઇંદ્રિયો અને હું એક અને અવિભકત લાગતાં અને મને સ્પષ્ટ સમજાતું નહોતું કે મારા વિચારો અને મારા સ્પર્શમાં આવતી વસ્તુઓની કલ્પનાને, લોકો ગંભીરતાથી સ્વીકારશે કે નહીં. મને એમ કહેવામાં આવતું કે માણસે જોયેલી દુનિયામાંથી નવ વસ્તુનો પરિચય તેને આંખ અને કાન દ્વારા થાય છે. આથી મને શંકા થતી કે મારા દેખતા, સાંભળતા મિત્રો અને હું કદીય એકબીજાને સમજી શકીશું કે નહીં. અમારા હૃદય ગમે તેટલાં પ્રેમપૂર્વક એકબીજાને ભેટે પણ અમારી વચ્ચે દુસ્તર ખાડો દેખાતો હતો.

અમારા ભિન્ન ભિન્ન જીવનને લીધે અમારા યોકસંબંધ અનુભવોની પરસ્પર આપ-લે કરવાના અને એકબીજાનું દૃષ્ટિબિંદુ સમજવાના ઘણા માર્ગો બંધ હતા. મને એમ લાગતું કે દુનિયામાં જોઇ શકે, સાંભળી શકે તેવી પ્રબળ ઇંદ્રિયોનું સામ્રાજ્ય પ્રવર્તે છે. તેની આગળ હું તો લગભગ ભૂત જેવી છું. પણ જ્યારે હું તત્વજ્ઞાનની અલૌકિક દુનિયામાં દાખલ થઇ, ત્યારે મને દુનિયાની પરિસ્થિતિનો આનંદમય મૈત્રીકારક ખ્યાલ પુનઃ પ્રાપ્ત થયો.

મને કેન્ટનું કથન સમજાયું કે, વિચાર વગરનું ઇંદ્રિયજ્ઞાન વ્યર્થ છે અને ઇંદ્રિયજ્ઞાન વગરનો વિચાર નકામો છે. મેં મને ઉપલબ્ધ ઇંદ્રિયજ્ઞાનમાં વધારે વિચાર અને લાગણી રેડયાં અને પહેલાં નહોતું કર્યું તેમ ઘ્રાણેંદ્રિય અને સ્પર્શેન્દ્રિયથી થતાં અનુભવોને ઝીણવટથી તપાસ્યા. એમ કરવાથી દેખતી, સાંભળતી દુનિયાની જે ચાવીઓ મને સાંપડી અને જે વિચારો પ્રાપ્ત થયા તેથી મને આશ્ચર્ય થયું. દાખલા તરીકે જે સુગંધથી મને આનંદ થતો તેના પ્રકાર અને તેની કક્ષાઓ મેં તપાસી અને તે ઉપરથી હું કલ્પના કરી શકી કે આંખે જુદા જુદા રંગો અને તેની છાયા જોવાથી કેવી રીતે આનંદ થાય છે. પછી મેં વિચાર-પ્રકાશ અને સૂર્ય-પ્રકાશ વચ્ચે સરખામણી કરી અને તે ઉપરથી હું મનુષ્યજીવનમાં પ્રકાશની કેટલી આગત્ય છે તે વધારે સ્પષ્ટતાથી જોઇ શકી. આ જાતની વિચાર સરણી પછીથી મને ઉપયોગી થઇ પડી. મારા લખાણના ટીકાકારો શંકા કરતા કે, 'પણ તેને જીવનની શી ગમ પડે?...તેને શી ખબર પડે કે એક પ્રૌઢ માણસ આંધળો થાય તેની શી અસર થાય છે? અને જ્યારે તેને પોતાને તેવો ખાસ અનુભવ થયો ન હોય ત્યારે તેવા અંધ માણસને શાની ખાસ જરૂર છે તેની તેને શી ખબર પડે?... જે દૃશ્યો તે જોઇ શકતી નથી તે વિશે લખવાનો તેને શો અધિકાર છે?' આ અને આવી બીજી ટીકાઓ ઉપરથી એમ જણાતું કે, સામાન્ય લોકો સાથે હું કેવા પાયા પર નિકટતર સંબંધો બાંધતી હતી તેની તેમને ખબર નહોતી.

જ્યારે મેં કેન્ટમાં એમ વાંચ્યું કે કાળ અને સ્થળ એ નિત્ય, સ્થિર તત્વો નથી પણ જીવન અનુભવતી પલટાતી વસ્તુઓ છે, ત્યારે મારા જીવન-બાગને લીલોછમ કરનાર બીજી વર્ષા થઇ. ઘણા લોકોની માફક મને પણ ઇંદ્રિયોનો જાદુ એટલો બધો જણાતો હતો કે મને કાળ અને સ્થળની દીવાલો અભેદ્ય અને અટળ લાગતી. અને તેને લીધે જ્યારે મને કંઇક કરવાની તાલાવેલી થઇ હોય ત્યારે શાંત બેસીને રાહ જોયા કરવાનું મારે માટે વધારે અઘરૂં થઇ પડતું. પણ જ્યારે મેં જોયું કે કાળ અને સ્થળથી પાર હું જઇ શકું છું અને વરસોની સ્મૃતિને એક કલાકમાં સમાવી શકું છું અથવા તો એક કલાકને અનંત કાળ સુધી લંબાવી શકું છું, ત્યારે મને શરીર, સ્થિતિ અને ભૌતિક તત્વનાં બંધનોને હવામાં ફેંકી દેનાર સ્વતંત્ર આત્માનાં રૂપમાં, મારા સાચા સ્વરૂપનું દર્શન થયું. હેલન કેલર

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ, ૯.

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

# પ્રબુદ્ધ જીવન

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૨૧

મુંબઇ, માર્ચ ૧, ૧૯૫૫, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## 'વર્લ્ડ-ટીચર' જે. કૃષ્ણમૂર્તિ

### એક રેખાચિત્ર

શ્રી. કૃષ્ણમૂર્તિની વ્યાખ્યાનમાળા ફેબ્રુઆરી મહીનાની ૧૬મી તારીખથી મુંબઇ ખાતે શરૂ થઇ છે. છેલ્લાં પાંચ છ વર્ષથી તેઓ આ દિવસોમાં નિયમિત રીતે મુંબઇ આવે છે અને એકાદ માસ રહે છે તે દરમિયાન તેમનાં વ્યાખ્યાનો અને વાર્તાલાપો ગોઠવાય છે, જે સંખ્યાબંધ યુવાનો તથા શ્રીમાનો બહુ રસથી સાંભળે છે અને પોતાને કોઇક નવું જીવનસત્ય લાધી રહ્યું હોય એવી મુગ્ધતા અનુભવતા દેખાય છે: કૃષ્ણમૂર્તિ એક આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ચિન્તક અને વિવેચક છે. તેમનો પરિચય આપવાનો આ એક પાંગળો પ્રયત્ન છે. પાંગળો એટલા માટે કે તેમનું વ્યક્તિતત્વ અને વક્તવ્ય ઉભયમાં સહજ ગમ્ય નહિ એવી ગૂઢતા–અપારદર્શકતા–ભરેલી છે.

### પૂર્વજીવન

દુનિયામાં આજ સુધીમાં અનેક પયગંબરો–જગદ્‌ગુરુઓ પેદા થયા છે અને જગતના લોકોને ધર્મમાર્ગે દોરતા રહ્યા છે. આ સદ્‌ગુરુઓનું નિર્માણ કોઇ પૂર્વ તૈયારી સિવાય થતું રહ્યું છે. જે કુદરતી રીતે પેદા થતું આવ્યું હોય તે પ્રયત્ન અને યોજનાપૂર્વક નિર્માણ કરવું એ આધુનિક યુગનું એક વિશિષ્ટ લક્ષણ છે. બીજી રીતે કહીએ તો સીંથેટિક ડાયમન્ડ્ઝ અથવા તો કલ્ચર્ડ પર્લ્સ પેદા કરવાનો જ આ યુગ છે. વર્તમાન યુગની આ ખાસિયત મુજબ મીસીસ બીસેન્ટને–તેમને કયો હિંદી જાણતો નથી?–આજથી લગભગ ૪૫ વર્ષ પહેલાં એવો વિચાર આવ્યો કે કોઇ એક બુદ્ધિશાળી તેજસ્વી બાળકને પસંદ કરીને તે ભવિષ્યનો પયગંબર અથવા તો જગદ્‌ગુરુ બને એ ખ્યાલપૂર્વક તેને કેળવવામાં આવે તો આજની ધર્મગ્લાનિના સમયમાં અત્યન્ત જરૂરી એવા એક મહાન જ્યોતિર્ધરની ખોટ પુરી પાડી કહેવાય અને એ રીતે જગતની એક મોટી સેવા કરી લેખાય. આ હેતુથી એક મદ્રાસી થીઓસોફિસ્ટ કુટુંબના બાળકને તેમણે પસંદ કર્યું અને તેની કેળવણીની બધી જવાબદારી મીસીસ બીસેન્ટે પોતાના માથે લીધી. આ બાળક તે આજે અનેકનું આકર્ષણકેન્દ્ર બનેલા શ્રી જિદ્દુ કૃષ્ણમૂર્તિ. કૃષ્ણમૂર્તિ મીસીસ બીસેન્ટ અને શ્રી લેડબીટરની છાયામાં જ ઉછરીને મોટા થયા અને સર્વ શિક્ષણ પામ્યા. વક્તૃત્વની પણ તેમને ખાસ તાલીમ આપવામાં આવી. તેમને મળેલું સર્વ શિક્ષણ અંગ્રેજી માધ્યમનું હતું. આજે પણ તેમનું વાણીમાધ્યમ અંગ્રેજી છે. તેઓ પોતાની માતૃભાષા તામીલ જાણે છે કે કેમ તે એક સવાલ છે.

### વર્લ્ડ-ટીચર તરીકેની આગાહી

એક બાજુએ કૃષ્ણમૂર્તિ મીસીસ બીસેન્ટની સારસંભાળ નીચે મોટા થતા જતા હતા. આમેય તે જન્મથી જ તેઓ બુદ્ધિશાળી હતા, અને તેમાં આવી એક મહાન વ્યક્તિ દ્વારા તેમને સર્વ પ્રકારની તાલીમ મળી. પરિણામે શ્રી કૃષ્ણમૂર્તિમાં એક પ્રતિભાસંપન્ન તેજસ્વી વ્યક્તિતત્વ વિકસતું જતું હતું. બીજી બાજુએ મીસીસ બીસેન્ટે જગદ્‌ગુરુના આગમનની જાહેરાત અને પ્રચારકાર્ય શરૂ કર્યું. Order of the Star in the East–પૂર્વમાં ઉદય પામી રહેલા તારકનો આવકારતા એક તારક મંડળની સ્થાપના કરી. આ ઉદીયમાન તારક તે બાલ કૃષ્ણમૂર્તિ છે એમ તેમણે ઘોષણા કરી અને જ્યારે તેમના જગદ્‌ગુરુ તરીકેના કાર્યનો આરંભ થયો ત્યારે તેમના કાર્યમાં વિશિષ્ટ કોટિના બાર થીઓસોફીસ્ટો એમ્બેસેડર–ગણધર–તરીકે કાર્ય કરશે એવી જાહેરાત કરી અને તેમનાં સાત નામો એજ વખતે જાહેર પણ પાડ્યા.

શ્રી. જે. કૃષ્ણમૂર્તિ
જેમને પરિચિત વર્તુલમાં 'કૃષ્ણજી' ના નામે ઓળખવામાં આવે છે.

### કૃષ્ણમૂર્તિએ વર્લ્ડ-ટીચર હોવાનો કરેલો ઇન્કાર

માનવી ધારે છે કોઇ એવો કાળક્રમે બને છે કોઇ–એ નિયમ મુજબ શ્રી કૃષ્ણમૂર્તિ જ્યારે પુખ્ત ઉંમરના થયા અને તેમનો અપેક્ષિત જીવનકાર્ય તરીકે ઉભા કરવામાં આવેલ તારક મંડળ તથા વ્યાપક પ્રચારકાર્યની તેમને પૂરી સમજ આવી ત્યારે એટલે કે ૧૯૨૯માં આવા કોઇ જગદ્‌ગુરુ હોવાનો કે લેખાવાનો તેમણે સ્પષ્ટ ઇનકાર કર્યો અને પોતાના નામ સાથે જોડાયલી સંસ્થાને તાબડતોબ વિખેરી નાખી વળી વધારામાં સંસારમાં સર્વ સંસ્થાઓ માનવીના વિકાસની રૂંધનારી બેડીઓ છે અને સત્યની રૂકાવટ કરનારી દીવાલો છે એવો પણ એમણે જાહેરાત કરી. આમ પોતાને માથે ધારણ કરવાના મુગટને ફેંકી દેનાર શ્રી કૃષ્ણમૂર્તિએ થીઓસોફીસ્ટોની દુનિયામાં મોટો ભૂકંપ પેદા કર્યો; મીસીસ એની બીસેન્ટને તેનો સખ્ત આઘાત લાગ્યો; સંસ્થા વિરોધી વંટોળના કારણે મીસીસ બીસેન્ટની ગાદી ઉપર આવતા જ્યોર્જ એરન્ડેલ અને શ્રી કૃષ્ણમૂર્તિ વચ્ચે વિસંવાદ પેદા થયો

થીઓસોફીસ્ટ વર્તુલમાં બે ભાગલા પડી ગયા. એક પરંપરાવાદી વર્ગ જે કૃષ્ણમૂર્તિથી વિમુખ બન્યો અને જેણે શ્રી એરન્ડેઇલ પ્રત્યે પોતાની નિષ્ઠા જાહેર કરી અને બીજો એ વર્ગ કે જે વર્લ્ડ-ટીચર હોવાનો ઇનકાર અને તેને લગતી સંસ્થાનું વિસર્જન કરવા છતાં કૃષ્ણમૂર્તિ પ્રત્યે ઉંડો આદર અને પક્ષપાત ધરાવતો રહ્યો. આ રીતે કૃષ્ણમૂર્તિનો થીઓસોફીકલ સોસાયટી સાથે કશો પણ સંબંધ નહિ હોવા છતાં આજે પણ તેઓ અનેક આગેવાન થીઓસોફીસ્ટોના પ્રેમ અને આદરના પાત્ર બની રહ્યા છે અને તેમની સર્વ ભૌતિક જરૂરિયાતો તેમના તરફથી મોટા ભાગે પૂરી પાડવામાં આવે છે.

## કૃષ્ણમૂર્તિની રહેણી કરણી

શ્રી કૃષ્ણમૂર્તિનો જન્મ ઇ. સ. ૧૮૯૫માં થયો હતો. આજે તેમની લગભગ ૬૦ વર્ષની ઉમ્મર થવા આવી છે. આજ સુધી તેઓ અપરિણીત છે. મોટા ભાગે તેઓ યુનાઇટેડ સ્ટેટ્સના પશ્ચિમ વિભાગમાં આવેલ કેલીફોર્નીઆમાં રહે છે; અવારનવાર દુનિયાના પ્રવાસે તેઓ નીકળે છે અને દેશ દેશના પાટનગરોમાં અને મોટાં શહેરોમાં વ્યાખ્યાનો અને વાર્તાલાપો આપે છે. તેઓ ભારે સુઘડ રીતે રહેનારા અને મુલાયમ વસ્ત્રો પહેરનારા છે; ઉપરના વર્ગમાં કે એરોપ્લેનમાં જ તેઓ પ્રવાસ કરે છે; તેમનાં ચરણકમળ ભાગ્યે જ ભૂતળનો સ્પર્શ કરે છે. સાદાઇના વૈવક્ષાપણાંમાં તેઓ માનતા નથી હિંદી હોવા છતાં તેમનો પોશાક બાદ કરીએ તો તેઓ ભારતીય છે એવી કોઇ ખાસ વિશેષતા તેમની રહેણીકરણીમાં જોવામાં આવતી નથી. તેમનો હિંદી પોશાક પણ હિંદનો કિનારો છોડવા સાથે કદાચ બદલાઇ જતો હશે. બહુ ઓછા માણસોને તેમને નજીકથી જોવા જાણવાનું ભાગ્ય પ્રાપ્ત થયું હશે, સામાન્ય જનતાથી તેઓ અલગ-બહુ દૂર-રહે છે. અપોઇન્ટમેન્ટ સિવાય તેમને મળી શકાતું નથી. ખડખડાટ હસતા કે અનેકને છૂટથી મળતા હળતા તેઓ ભાગ્યે નજરે પડે છે. અલગપણું અને એકાન્ત-સેવન-સામાન્યપણે આવી તેમની જીવનવૃત્તિ જોવામાં આવે છે. આપણી અને એમની વચ્ચે જાણે કે અસીમ અન્તર હોય એવી તેમની રીત-ભાત અને રહેણીકરણી દૂરથી તેમને નિરખનારને લાગે છે.

## કૃષ્ણમૂર્તિ એક ભાગ્યશાળી વ્યકિત

શ્રી કૃષ્ણમૂર્તિ એક રીતે ભારે ભાગ્યશાળી વ્યકિત છે. દુધ-ખીરના અનુપાન સાથે તેમનો જન્મ થયો હતો. બાળવયમાં જ તેઓ મીસીસ બીસેન્ટ અને લેડબીટરના પ્રીતિપાત્ર બની ચુકયા હતા અને થીઓસોફીકલ સોસાયટીની સર્વ સગવડો તેમને પ્રાપ્ત થઇ હતી. પ્રૌઢ વયે થીઓસોફીકલ સોસાયટીથી તેઓ અલગ થયા અને તારક મંડળને વિખેરી નાંખ્યું, એમ છતાં પણ થીઓસોફીસ્ટોના લાડીલા તેઓ કદી મટયા જ નહિ. રહેવા જીવવાની રૂંધામણ તેમણે કદિ જોઇ કે જાણી નથી. સુખાસન ઉપર બેઠે બેઠે તેઓ મોટા થયા છે; સુખાસન ઉપર બેઠા બેઠા તેમણે સદા ચિન્તન કર્યું છે; સુખાસન પર બેઠા બેઠા આજ સુધી તેઓ વિમલ વાણીનો વરસાદ વરસાવતા રહ્યા છે અને ઉગતી પેઢીનાં નમણાં નરનારીઓને તેઓ મુગ્ધ કરી રહ્યા છે.

## સંઘર્ષોથી સદા દૂર

દુનિયામાં અનેક ઝંઝાવાતો આવ્યા અને ગયા; હિંદમાં પણ સ્વાતંત્ર્ય યુદ્ધના અનેક તબકકાઓ ઉગ્યા અને આથમ્યા; કોઇપણ ઝંઝાવાતમાં તેઓ સંડોવાયા નહિ; કોઇ પણ લડતના તેઓ કદિ અગ્રણી કે સૈનિક બન્યા નહિ. જરૂર તેઓ એક નિડર વકતા અને વિવેચક છે, પણ પોતે "વર્લ્ડ-ટીચર" હોવાનો ઇનકાર કર્યો તે પ્રસંગ બાદ કરીએ તો તેમને અન્ય કોઇ સંઘર્ષના ભોગ બનવાનું કે નિડરતાની કોઇ કીંમત ચુકવવાનું પોતાના ભાગે કદિ આવ્યું જ નથી. તેઓ કોઇ એક સમાજ કે રાષ્ટ્રના નહિ પણ આન્તરરાષ્ટ્રીય જગતના માનવવિશેષ છે. સંપ્રદાય, ધર્મ, જાતિ કે રાષ્ટ્રના બંધનથી તેઓ પર છે. આન્તરરાષ્ટ્રીય ઉત્થાન તેમનું કાર્યક્ષેત્ર છે અને વિશાળ માનવસમાજ તેમનું કુટુંબ છે.

## તેમની પ્રવચનશૈલિ

અંગ્રેજી ભાષામાં તેમનું ઘડતર થયું છે; જીવનનો મોટો ભાગ તેમણે અમેરિકામાં પસાર કર્યો છે; લેખન અને ભાષણ તેમના મુખ્ય જીવન વ્યવસાય છે; અપૂર્વ તેમનો બુધ્ધિગૈભવ છે; કુશાગ્ર તેમની તર્કશકિત છે. પરિણામે તેમનાં વ્યાખ્યાનો તેમજ તેમનો ભાષાવૈભવ શ્રોતાઓને સહજમાં મંત્રમુગ્ધ કરે તેવાં હોય છે. તેઓ હિંદી હોઇને તેમના અંગ્રેજી ઉચ્ચાર ચોખ્ખા હોય છે. સૌ કોઇને સ્પષ્ટ સમજાય તેવું-સાહિત્યપરિમલથી સુવાસિત બનેલું-અંગ્રેજી તેઓ બોલે છે. ઘણી વખત પ્રવાહબધ્ધ વાકયપંકિતઓ તેમની વાણીમાંથી સરતી લાગે છે. તેમનો અવાજ તીણો હોઇને તેમની વાણી શ્રોતાઓના કાન-દ્વારા દિલમાં સોંસરી ઉતરી જાય છે.

## તેમનો ઉપદેશ તારવવો મુશ્કેલ છે.

તેમના ઉપદેશને તારવીને સ્પષ્ટ આકારમાં રજુ કરવો બહુજ મુશ્કેલ છે. તેમના વિચારને પકડવા એ ઘણી વખત વાયુને હાથની બખોલમાં પકડવા બરોબર લાગે છે. આપણને લાગે કે વાયુ બરોબર પકડાયો છે પણ વસ્તુતઃ પકડાયેલો હોતો જ નથી. આપણને લાગે કે આપણે તેમને બરોબર સમજ્યા છીએ પણ એ જ સમજણનું વિશ્લે-ષણ કરવા જતાં ઘણીવાર એમ અનુભવ થાય છે કે તે આપણી સમજણની પકડમાં આવ્યા જ નથી. આનું કારણ કાંતો સાધારણ બુધ્ધિ માટે અતિગહન એવું તેમનું તત્વજ્ઞાન છે એમ હોઇ શકે, અથવા તો તેઓ પોતે જ ઘણી બાબતોમાં સ્પષ્ટ અથવા નિશ્ચિત ન હોય એમ પણ બની શકે, અથવા તો તેઓ પોતે સ્પષ્ટ થવા માંગતા ન હોય અને શ્રોતાઓને સદા સંદિગ્ધ દશામાં રાખવામાં આનંદ માણતા હોય એમ પણ હોઇ શકે. કોઇપણ મુદ્દા વિષે તેમને ચાલુ સાંભળનારા-ઓને પૂછો તો એ બાબતમાં કૃષ્ણમૂર્તિ આમ કહેવા માંગતા હશે એમ અમને લાગે છે-આવો જ જવાબ મોટા ભાગે મળવાનો. તેમનાં મન્તવ્યો વિષે નિશ્ચિતપણે કહેનાર ભાગ્યે જ કોઇ મળવા સંભવ છે. તેમનાં શબ્દો પણ ચાલુ અર્થથી અન્ય પ્રકારના કોઇ વિશિષ્ટ અર્થમાં વપરાતા માલુમ પડે છે. તેમના જવાબો ઘણી વખત ચાલાકીભર્યા, ઉડાવનારા અથવા અટપટા હોય છે. એક વખત તેમને કોઇએ પૂછ્યું કે "આપ વર્લ્ડટીચર છો?". તેમણે જવાબ આપ્યો કે "હું 'વર્લ્ડ-ટીચર' નથી એમ કહું તો વર્લ્ડ-ટીચર કોણ હોઇ શકે એ હું જાણું છું એવો મેં દાવો કર્યો કહેવાય. આવો દાવો પણ મારે નથી કરવો." પ્રશ્ન પૂછનારે આ ઉપરથી શું સમજવું? આમાં નકારે નથી, હકારે નથી. આવી સંદિગ્ધ પરિસ્થિતિમાં તેમનાં તાત્વિક મન્તવ્યોને શ્રેણીબંધ રજુ કરવા અત્યંત કઠણ છે. એવો પ્રયત્ન કરતાં રખેને આપણે કૃષ્ણમૂર્તિને અન્યથા તો રજુ નથી કરતાને એવી આશંકા અથવા તો ભય રહ્યા જ કરે છે. તેમને મેં કેટલીકવાર જાતે સાંભળ્યા છે, તેમનાં થોડાંક લખાણો વાંચ્યા છે, તેમને સમજવા મથતા કેટલાક મિત્રો સાથે ચર્ચા પણ કરી છે. આસર્વના પરિણામે મારા ચિત્ત ઉપર પડેલી છાપને હાથ ઉપર આવે તેવી ભાષામાં રજુ કરવાનો હું પ્રયત્ન કરું છું. આમ છતાં પણ આ રજુઆત અપૂર્ણ જ હોવાની એ વિષે મને કોઇ સંદેહ નથી.

## ભૌતિક જિજ્ઞાસા

આપણામાં રહેલી જિજ્ઞાસા બે પ્રકારની હોય છે. એક તો આસપાસના જગત વિષે બને તેટલી માહીતી મેળવવાની અને એ રીતે આપણી જ્ઞાનસંપત્તિમાં બને તેટલો વધારો કરવાની વૃત્તિ. બીજું જીવનસત્યો સમજવાં, શ્રેય અને પ્રેયનો ભેદ ગ્રહણ કરવો, જડ ચેતનના ભેદને ઉકેલવા, જીવ, જગત અને ઇશ્વર-એ તત્વત્રયના રહસ્યને પ્રાપ્ત કરવું, હું કોણ અને મારો ધર્મ શું, હું કયાં છું અને મારે શું સાધવું છે, માનવી જીવનનો અંતિમ આદર્શ શું-આવી બાબતોને લગતી જિજ્ઞાસા એ બીજો પ્રકાર છે. આ બન્ને

જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે આપણે ગુરૂને, આપણાથી વધારે જાણકારને શોધીએ છીએ અને તેને લગતા સાહિત્યનું આપણે વાંચન કરીએ છીએ. વિજ્ઞાન માત્રનો સંબંધ પહેલા પ્રકારની જિજ્ઞાસા તૃપ્ત કરવા સાથે છે. આ જિજ્ઞાસા તૃપ્ત કરનાર શિક્ષક યા અધ્યાપક સાથેનો આપણો સંબંધ તે વિષયની માહીતી મેળવવા પૂરતો હોય છે. ધારો કે મારે અમુક ભૌતિક વિષયનું જ્ઞાન મેળવવું છે. તો તે વિષયના જાણકાર પાસે હું જાઉ છું, તેની પાસેથી તે વિષયનું હું જ્ઞાન મેળવું છું, તે હેતુ સિધ્ધ થવા સાથે તેની સાથેનો મારો સંબંધ પુરો થાય છે. તેનું મારા ઉપર બીજું કોઇ પ્રભુત્વ હોતું નથી, તે મારા સ્વતંત્ર વિચારનું કોઇ સંયોગમાં રૂંધન કરતો નથી. માનસિક રીતે તેનો મારી ઉપર કોઇ દબાવ પડતો નથી આ જ્ઞાનપ્રાપ્તિ શ્રી કૃષ્ણમૂર્તિના શબ્દોમાં **Factual Level** ઉપરની-હકીકતલક્ષી ભૂમિકા ઉપરની-હોઇને તેને લગતા ગુરૂગમમાં માનસિક ગુલામીનો કોઇ સંભવ કે જોખમ નથી.

## આત્મલક્ષી જિજ્ઞાસા

બીજો જ્ઞાનપ્રદેશ આત્મલક્ષી અગોચર વિષયોને લગતો છે. તે પ્રદેશમાં આપણું ઘેરું અજ્ઞાન અને વિવશતા આપણને કોઇ યોગ્ય ગુરૂને શોધવા પ્રેરે છે, અને તેને લગતા ધાર્મિક સાહિત્યનાં પરિશીલન તરફ આકર્ષે છે. કોઇ એક વિશિષ્ટ વ્યકિતને આપણે ગુરૂના સ્થાને સ્થાપીએ છીએ. કોઇ એક ધર્મપુસ્તકના અધ્યયન અને પઠન પાઠનમાં આપણા સર્વ સંશયો અને તર્ક વિતર્કનું સમાધાન થયેલું અનુભવીએ છીએ. પરિણામે આવા કોઇ ગુરૂ યા ગીતા કે ઉપનિષદનું આપણા ચિત્ત ઉપર અનન્ય આધિપત્ય સ્થપાય છે. આપણું આખું વિચારતંત્ર તેને અધીન કરીએ છીએ. સ્વતંત્ર વિચારણાનાં દ્વારો પરિણામે બંધ થાય છે.

## મનને પૂર્વગ્રહોથી મુકત કરો

માનવીના મનને આ પ્રકારની **Authority** થી-કોઇ પણ ગુરૂ પરંપરા કે પુસ્તક વિશેષના પ્રભાવથી-મુકત કરવા ઉપર કૃષ્ણમૂર્તિ પોતાના ઉપદેશોમાં સૌથી વધારે ભાર મૂકે છે, કોઇ ગુરૂ કે મૌલાના નહિ, ગીતા, ભાગવત કે ઉપનિષદ નહિ, વેદ, કુરાન કે બાઇબલ નહિ. ચિત્તમાં સત્ય તત્વની જાગૃતિની આડે આવતા આ સર્વ અન્તરાયો છે. સત્યને પ્રગટ થવામાં ભૂતકાળના ખ્યાલો, પૂર્વગ્રહો અને અધ્યાસો મોટી રૂકાવટ કરે છે, સંપ્રદાયો અને ધર્મોના બંધનોથી મુકત થાઓ. આ બધાં આવરણો દૂર કરીને ચિત્તની સપાટી સાફ કરો. આવો તેમનો ઉપદેશ હોય છે.

આવી રીતે તેઓ આપણને ચિત્તસ્વાતંત્ર્ય તરફ વાળે છે, સમ્યફ જ્ઞાનની પ્રાપ્તિ માટે ચિત્તસ્વાતંત્ર્ય કેટલું આવશ્યક છે તે સમજાવે છે. આવી જ રીતે પૂર્વ સંસ્કારોને વશ વર્તીને આ સારૂં અને તે ખરાબ, આ ઇષ્ટ અને અનિષ્ટ, આ ઉતરતું અને તે ચડિયાતું-આવાં આપણા મનમાં જે ચોગઠાં બંધાયલા હોય છે તે નાબુદ કરવા તેઓ આગ્રહ કરે છે. પૂર્વગ્રહો અને અભિનિવેશો જ્યાંસુધી દૂર ન થાય, પક્ષ અને વિપક્ષના ખ્યાલોને જ્યાંસુધી તિલાંજલિ આપવામાં ન આવે ત્યાંસુધી સમ્યફ જ્ઞાનનો ઉદય સંભવિત નથી. **No selections, no preferences, no choices, no judgements**-આ ધ્રુવપદો તેમનાં પ્રવચનોમાં જ્યાં ત્યાં વિખરાયલાં નજરે પડે છે.

## મનનું આમૂલ પરિવર્તન

આ ગુરૂબુધ્ધિ અને ગ્રંથઆસકિત, આ પૂર્વગ્રહો અને માનસિક અભિનિવેશો, આ પક્ષપાતો, પસંદગીઓ અને અભિપ્રાયો-આ સર્વના બંધનથી, પ્રકારથી, અધ્યાસથી વસ્તુતઃ ભૂતકાળના સર્વ વિચાર સંસ્કારોથી મનને મુકત કરો, એટલું જ નહિ પણ વિચારની સર્વ પ્રક્રિયાને સ્થગિત કરો, મનને વિચારના પ્રકારથી મુકત કરો, નિસ્તરંગ બનાવો આ સાધનાના પરિણામે મન **effortless**-પ્રયત્નશૂન્ય બનશે અને એ **effortlessness**-પ્રયત્નશૂન્યતા સહજ બનવા સાથે ચિત્તનું એક એવું આમૂલ પરિવર્તન-**transformation**-થશે કે જે સમ્યફ જ્ઞાનનું આવાહક હશે અને સર્જકતાનું પ્રેરક હશે. ચિત્તના આવા આમૂલ પરિવર્તનના પરિણામે વસ્તુમાત્ર નવો આકાર ધારણ કરશે, સમ્યકદર્શન પ્રાપ્ત થશે, અરૂપ હશે તે રૂપષ્ટ થશે અને રૂપષ્ટ લાગતું હશે તે વધારે વિશદ બનશે. આ સાધનામાંથી નવી કર્તૃત્વશકિત સ્વયં પેદા થશે જે વિશ્વમાત્રની ક્રાન્તિ કરશે અને ભૂમિતલ ઉપર સ્વર્ગને ઉતારશે.

શ્રી કૃષ્ણમૂર્તિના અભિપ્રાય મુજબ સમ્યફજ્ઞાન અને તજ્જન્ય ક્રાન્તિકારી પુરૂષાર્થ માટે અન્ય કોઇ તાલીમ કે 'ડીસીપ્લીન'ની ગુરૂ ઉપાસના કે ગ્રંથના પઠનપાઠનની જરૂર નથી. અન્તર્મુખ બની ચિત્તને વૃતિવિકારથી મુકત કરો, પ્રયત્નશૂન્ય બનાવો, તેનું આમૂલ-પરિવર્તન કરો, તેમાંથી સહજ પણ નવો પ્રકાશ અને નવો આચાર લાધશે.

## સંસ્થાની પ્રગતિરોધકતા

આજ દૃષ્ટિએ તેમના અભિપ્રાય મુજબ આત્મલક્ષી જ્ઞાન જાગૃતિ કરવા માટે કોઇ સંસ્થાની જરૂર નથી. આવી સંસ્થાઓ માનવ પ્રગતિની સાધક નહિ પણ બાધક છે. **No organisations, no gurus, no scriptures, no discipline.** આજના જગતને આ તેમની હાકલ છે, આ તેમનો પડકાર છે.

આવી જ રીતે શ્રી કૃષ્ણમૂર્તિ ભૂત તેમજ ભવિષ્યના સર્વ વિચાર છોડીને વર્તમાનમાં તદ્રુપ બનીને જીવવાનો ઉપદેશ આપે છે. **Live in the persent completely moment to moment**-વર્તમાનમાં તદ્રુપપણાથી પ્રત્યેક ક્ષણને પૂર્ણપણે જીવી બતાવો, પ્રાણમયતાથી ભરચક બનાવો. વર્તમાનને ભૂતકાળના સ્મરણો કે ભવિષ્યની કલ્પનાઓ વડે વિકટ-બેચેનીભર્યું ન બનાવો. વર્તમાન ઉપર ચિતને સર્વથા કેન્દ્રિત કરો અને હળવા મને પૂરા ઉલ્લાસથી જીવન જીવ્યે જાઓ. આમ કરવાથી જીવનમાં સાહજિક પ્રસન્નતા આવશે અને સર્જકતા પ્રગટશે.

## સમધારણયુકત વ્યકિતત્વ

શિક્ષણના પ્રદેશમાં તેમનું ધ્યેય **Integrated Personality** ફલિત કરવાનું છે. **Integrated Personality** એટલે જેનામાં સમધારણ પ્રતિષ્ઠિત થયું છે, ગીતામાં 'સ્થિતપ્રજ્ઞ'નું વર્ણન આવે છે એને કંઇક અંશે મળતું એવું માનવીનું વ્યકિતત્વ. આવું વ્યકિતત્વ વિકાસ પામે એ લક્ષ્યપૂર્વક શિક્ષણની-કેળવણીની-સર્વ યોજના થવી જોઇએ. આજનું શિક્ષણ ઉપરછલ્લું અને માનવીને **Unbalanced**-અસમ પ્રકૃતિનો-બનાવે છે, એકાંગી વિકાસને સાધે છે, અને તથા તેની પેદાશમાં આપણને અધુરાપણું વિકલતા નજરે પડે છે.

## પ્રોબ્લેમ-સમસ્યા-નું નિરસન

દરેક માનવીને કોઇ ને કોઇ **Problem**-મુંઝવતી સમસ્યા-હોય છે. આ પ્રોબ્લેમનું-સમસ્યાનું-નિરાકરણ કેમ કરવું, ઉકેલ કેમ સાધવો, તેનું નિરસન કેમ કરવું તે પ્રશ્નની તેઓ ખૂબ ચર્ચા કરે છે. એક એક પ્રોબ્લેમ લઇને તેનું ઝીણવટથી પૃથકકરણ, વિશ્લેષણ કરે છે. અને આવું સુક્ષ્મ, સુક્ષ્મતર, સુક્ષ્મતમ વિશ્લેષણ કરતાં કરતાં એ પ્રોબ્લેમનું પ્રોબ્લેમ-હોવાપણું સહજમાં નાબુદ થશે એમ તેઓ જણાવે છે.

## વ્યકિતની મુખ્યતા : વ્યકિતવાદની પુનઃ પ્રતિષ્ઠા

આજનો જમાનો વ્યકિતને ગૌણ ગણીને સમાજનો પ્રાધાન્ય આપવાનો છે. સમાજના ઉત્કર્ષ ખાતર વ્યકિતએ ઘસાવું જોઇએ, સાધન સંપત્તિનો ત્યાગ કરવો જોઇએ, પોતાનું બલિદાન આપવું જોઇએ. આવી વિચારણા આજે વ્યાપકપણે પ્રવર્તે છે. વ્યકિતએ પોતાના અભિપ્રાયોનો પણ ભોગ આપવો જોઇએ-પોતાના સ્વત્વનો વિચાર સુધ્ધાં વિસારી મૂકવો જોઇએ-આ હદ સુધી પણ આજની

સમાજવાદી વિચારણા આપણને ખેંચી જાય છે. આજના આવા વિચાર ઝોકને પડકારતા કૃષ્ણમૂર્તિ વ્યક્તિવાદને આગળ ધરે છે. વ્યક્તિનો વિકાસ, ઉત્કર્ષ, અબાધિત વિચાર સ્વાતંત્ર્ય અને તે દ્વારા અનુપમ જ્ઞાન જાગ્રતિ–આ તત્ત્વ જ તેમની સર્વ વિચારણાનો પાયો છે. આજના સમુહવાદ, સમાજવાદ, સામ્યવાદમાં ગૌણ બનતી જતી વ્યક્તિને ઉંચે લાવવા, આઝાદ બનાવવા તેઓ મથી રહ્યા છે. તેમની દૃષ્ટિમાં વ્યક્તિ સર્વસ્વ છે.

તેમના અભિપ્રાય મુજબ સમાજ સ્વતઃ કદિ પોતાનું ઉત્થાન સાધી શકતો નથી. સમાજ એટલે ચોકકસ પ્રકારની સભ્યતા, આચાર વિચાર. વર્તન વ્યવહારની મર્યાદા. સમાજ વ્યક્તિને બાંધે છે, તેના સ્વાતંત્ર્ય ઉપર બંધન મુકે છે, તેની સર્જક શકિતને રૂંધે છે. વ્યકિતએ સમાજનાં બંધનો તોડી છોડીને આગળ ચાલવાનું છે. આવી રીતે મુકત મને આગળ વધનાર અને પોતાના સ્વતંત્ર મન્તવ્યો મુજબ જીવન જીવનાર વ્યક્તિને સત્યનું સમ્યક્ દર્શન થાય છે અને તેમાંથી પેદા થતી નવી કાર્યશકિત સર્જકશકિત સમાજમાં વિપ્લવ નિર્માણ કરે છે; નવો સમાજ પેદા કરે છે. તેમને જોઇએ છીએ પ્રાણવાન, આત્મભાનપૂર્વકની જેના ચિત્તનું આમૂલ પરિવર્તન થયું છે આને પરિણામે સમ્યક દર્શનનો ઉદય થયો છે એવી પુરૂષાર્થપરાયણ, નવસમાજ નિર્માતાવ્યકિત.

### ગુરૂ અને ગ્રંથના બંધનની અનિષ્ટતા

તેમનું એ કહેવું ખરૂં છે કે આપણું મન authority-ridden–સત્તાપ્રભાવિત–હોઇને આપણામાં સમ્યક્ જ્ઞાનનો યથાસ્વરૂપે ઉદય થતો નથી. આપણે કાં તો કોઇ વિશિષ્ટ ગ્રંથને માર્ગદર્શક તરીકે સ્વીકારીને વિચરીએ છીએ. જ્યારે પણ કાંઇ મુશ્કેલી આવે છે ત્યારે આપણે ગુરૂ પાસે દોડીએ છીએ અથવા તો શ્રધ્ધાપાત્ર બનેલા ગ્રંથ ઉપર નજર દોડાવીએ છીએ. અને તેમાંથી જે માર્ગદર્શન મળે છે તે મુજબ આપણો કર્તવ્યમાર્ગ નકકી કરીએ છીએ. આપણી મુશ્કેલીનો સ્વતંત્રપણે વિચાર કરીને કદિ ઉપાય શોધતા જ નથી અને પરિણામે મન પણ પાંગળું બનતું જાય છે. આમ ગુમાવેલી ચિન્તશકિતને પુનઃ પ્રાપ્ત કરવી હોય તો અન્યત્ર નજર ફેરવવાને બદલે આપણે ચિન્તાભિમુખ બનવું જોઇએ, ચિન્તને અન્યના પ્રભાવથી–સત્તાદોરથી–મુકત કરવું જોઇએ. તો જ ચિન્ત સ્વતંત્ર રીતે કામ કરવાની તાકાત મેળવશે અને સમયાન્તરે સમ્યક્ જ્ઞાનનો આવિષ્કાર થશે.

### સંસ્થાઓની અનિષ્ટતા

માનવીના સ્વતંત્ર વિકાસનો સંસ્થાઓ રોધ કરે છે, તેની તાકાત મુજબ આગળ વધવામાં તેનો અવરોધ કરે છે, જેને આગળ વધવું હોય, ઉન્નત ઉડયન કરવું હોય, તેણે સંસ્થાનાં, વર્ગોનાં, રાષ્ટ્રનાં બંધનો તોડીને આગળ ચાલવું જોઇએ–આમ જ્યારે કૃષ્ણમૂર્તિ જણાવે છે ત્યારે તે ખોટું કહે છે એમ આપણે નહિ કહીએ.

### આ મન્તવ્યોમાં પૂર્ણ સત્ય નથી.

પણ આ બધાં મંતવ્યોમાં અંશ સત્ય છે, સંપૂર્ણ સત્ય રહેલું નથી. જેમ ગુરૂ કે ગ્રંથની પકડથી મુકત થયા સિવાયં સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ શકય નથી તેમ જ બીજી બાજુએ દુરેકનું વ્યકિતગત ઘડતર અનેક જ્ઞાનદાતા ગુરૂઓ તેમજ ગ્રંથોને જ આભારી હોય છે. જ્ઞાનના પ્રદેશમાં આગળ વધવામાં અનેક નાની મોટી વ્યકિતઓના અવલંબનની તેમ જ આજ સુધી ખેડાયલા જ્ઞાન સાહિત્યની ખૂબ ઉપયોગિતા છે, આંધળી શ્રધ્ધાપૂર્વકનું સમર્પણ જેમ ઇચ્છવા યોગ્ય નથી તેમ જ આત્મલક્ષી પ્રદેશમાં પૂર્ણ વધારે જાણતા પાસેથી જ્ઞાન મેળવવાનો ઇનકાર પણ હિતાવહ નથી.

આવી જ રીતે સંસ્થાઓની ઉપયોગીતા તેમ જ રોધકતાનો પ્રશ્ન વિચારવો ઘટે છે. કોઇ પણ ઇષ્ટ સાધના કરવા માટે અનેકના સહકારની જરૂર પડે છે. અનેકે સાથે મળીને કોઇ હેતુ સાધવા માટે ઉભી કરેલી યોજના એનું નામ સંસ્થા. આ સંસ્થાના સભ્ય થવું એટલે તેના કાર્યમાં બને તેટલો સાથ આપવો અને તેણે નિશ્ચત કરેલો શિસ્તને અધીન થવું. આવી સંસ્થાઓ જેમ સમાજને આગળ લઇ જાય છે તેમ નવા વિચાર અને નવી પરિસ્થિતિના ઉદય સાથે આવી સંસ્થાઓ પ્રગતિની રોધક પણ બને છે. કાળ બળ સાથે આગેકુચ કરતો સમાજ પ્રગતિરોધક સંસ્થાઓનું વિસર્જન કરે છે. અને પ્રગતિ સાધક સંસ્થાઓનું સર્જન કરે છે. માનવી પણ સંસ્થાના આધારે આગળ વધે છે અને સમયાન્તરે એજ સંસ્થાની પકડના કારણે સ્થગિત બને છે. કઇ સંસ્થાનું કયું બંધન કયાં સુધી સ્વીકારવું અને કયારે તે ફેંકી દેવું એ માટે પૂરી સમજ, વિવેક અને હિંમત હોવા જરૂરી છે. પણ અમુક સંયોગમાં માનવીએ ઉભી કરેલી સંસ્થા અન્ય સંયોગમાં પ્રત્યાઘાતી નીવડે છે એવા અનુભવ ઉપરથી સંસ્થા માત્રનો ધિક્કાર અને બહિષ્કાર આ કેવળ એકાન્તિક વિચારણાનું પરિણામ છે.

### ઉસ્તાદી સંગીત જેવાં કૃષ્ણમૂર્તિનાં પ્રવચનો

કૃષ્ણમૂર્તિને સાંભળવા એ હંમેશા આલ્હાદજનક હોય છે. તેમનાં પ્રવચનો ઉસ્તાદી સંગીત જેવાં હોય છે. ઘણી વખત તેઓ શું કહેવા માગે છે તે સમજાતું હોતું નથી. એમ છતાં પણ જેમ ઉસ્તાદી સંગીતની ટેકનીકને–ખાસ ખુબીઓને–આપણે બરોબર ન જાણતાં છતાં તે સાંભળવું આપણા કાનને મધુર લાગે છે તેમ શ્રી કૃષ્ણમૂર્તિની વાણી સમજાય ન સમજાય છતાં સદા શ્રવણ મધુર હોય છે; 'વાહ કેવું સરસ બોલે છે!' એવો ઉદ્‌ગાર તેમને પહેલે પહેલે સાંભળનાર સૌ કોઇના મોઢામાંથી સ્વાભાવિકપણે સરી પડે છે. તેમની ભાષાને અમુક પ્રકારનો અમેરિકન પોલીશ છે અને તેમની કેટલીક ચેષ્ટાઓ–gestures પણ અમેરિકન ઢબની છે એમ કેટલાએક લોકોનું કહેવું છે. 'Please listen', 'Listen please Listen', Listen as you listen to music', 'It is important, is it not?' 'It is clear, is it not?' 'mustn't you ?' 'Cant you?" આવી તેમની કર્ણપટુ ધ્રુવપંકિતઓ તેમને સાંભળ્યા બાદ કેટલાય સમય સુધી આપણા કાનમાં ગુંજ્યા કરે છે.

### કાર્યપ્રેરણાનો અભાવ

તેમના વિધાનોમાં આપણને ઘણી વખત ઘેરાં જીવનસત્યો અને મોહક ચમત્કૃતિનો અનુભવ થાય છે. આમ છતાં પણ તેમને સાંભળીને આપણામાં કોઇ નવી કાર્યપ્રેરણા જન્મતી નથી. ઘણી વખત એવી છાપ પડે છે કે "આજ સુધી આપણે આ કે તે ગુરૂ પાછળ દોડયા અને એક યા બીજા ધર્મગ્રંથોનું પઠનપાઠન કર્યું, તપજપ કર્યાં તે બધું નકામું હતું. આ બધી દોડાદોડ અને માથાકુટ મૂકીને આપણે જ્યાં છીએ ત્યાં જ ઉભા રહીએ, ન કાંઇ વાંચીએ, ન કાંઇ વિચારીએ અને એમ કરતાં કરતાં શ્રીકૃષ્ણજી કહે છે તેમ વિચાર મુકત દશાને પહોંચી જઇએ તો પછી બાકીનું બધું ઠીક થઇ રહેશે. કારણ કે કૃષ્ણજીનો આ કોલ છે." આ વિચારમુકત દશા કેવી દુર્લભ છે તેનું શ્રોતાજનોને કોઇ ભાન હોતું નથી. આમ તેમને સાંભળીને એક પ્રકારના ભ્રામક આત્મસંતોષ સાથે ઘણાખરા વિદાય થાય છે. પરિણામે પોતાની ચાલુ જીવનચર્યામાં તેમને કશું ફેરફાર કરવા જેવું લાગતું નથી અને કેવળ નિષ્ક્રિયતાની વૃત્તિમાં તેઓ રાચે છે. આ નિષ્ક્રિયતાનું મૂળ કદાચ શ્રી કૃષ્ણમૂર્તિની અકર્મણ્યતામાં રહેલું છે.

### કૃષ્ણમૂર્તિની અકર્મણ્યતા: પ્રવચનોમાં ઓસરતી જતી નવીનતા

શ્રી કૃષ્ણમૂર્તિનાં પ્રવચનોમાં દિનપ્રતિદિન નવીનતાની ઝળક ઓસરતી જતી લાગે છે. તેઓ વર્ષો પર્યન્તના મન ચિન્તનની પરિણામે ચોકકસ પ્રકારના તાત્વિક નિર્ણયો ઉપર આવ્યા છે. એ નિર્ણયો ભાષાના થોડા ફેરફાર સાથે છેલ્લાં પાંચ સાત વર્ષથી દુનિયાને તેઓ સંભળાવી રહ્યા છે. તેમનાં ૧૯૪૯ થી માંડીને આજસુધીના વ્યાખ્યાન સંગ્રહો તપાસો. તે સર્વમાં પુષ્કળ એકસરખાપણું જોવા મળશે.

માનવીના વીચારોમાં ત્રણ કારણસર ફેરફાર થતા નવીનતા પ્રગટતી માલુમ પડે છે. એક તો તેનો પ્રોતાનો જ કર્મપુરૂષાર્થ. કર્મ પુરૂષાર્થ એટલે સંઘર્ષ, અને સંઘર્ષ એટલે નવા અનુભવોનું નિર્માણ. બીજું ભૂતવર્તમાનની વિપુલ તાત્વિક જ્ઞાન સંપતિ જેનું અવગાહન પરિશીલન સ્થગિત વિચારોને નવો સંસ્કાર નવી ચેતના આપે છે. ત્રીજું સામાન્ય જનસમાજ વચ્ચે ખૂબ ફરવું હરવું, મળવું ચાલવું, આવું મીલન બધ્ધ વિચારો ઉપર નવી નવી ભાત પાડયા કરે છે. ઈશુ ખ્રીસ્ત કે મહાત્મા ગાંધી જેવો કૃષ્ણમૂર્તિમાં કર્મયોગ નથી. શ્રી અરવિન્દનો વિપુલ જ્ઞાનયોગ તેમને ઇષ્ટ નથી. સેક્રેટીસ, બુધ્ધ કે મહાવીર માફક તેઓ આમ જનતા વચ્ચે કદિ છૂટથી ફરતા હોતા નથી. તેઓ સાધક નથી; સિધ્ધ છે. આપણી માફક તેમને મહાન લેખાતી વ્યકિતઓમાંથી પ્રેરણા લેવાપણું નથી; તેઓ સ્વયં પ્રેરણા નિધાન છે. તેમની Personality growing નથી, grown up છે. "ગઇ કાલે હું આમ વીચારતો હતો, આજે હવે મને આમ લાગે છે." એમ કદિ તેમને કહેવાપણું નથી. જાણે કે સનાતન જીવન-સત્યો તેમને પ્રાપ્ત થઇ ચુકયાં હોય, અને તેનું ચોતરફ વિતરણ અથવા તો પુનરાવર્તન કરવું એજ અવશેષ કાર્ય રહ્યું હોય એવી તેમની સમગ્ર રજુઆતની ભાત લાગે છે. આ કારણે તેમનાં મન્તવ્યોમાં એકની એક વાતોનું પુનરાવર્તન થતું લાગે એ સ્વાભાવિક છે.

### જેવા વ્યાખ્યાતા તેવા શ્રોતાઓ

જેવા વ્યાખ્યાતા તેવા શ્રોતા-આ કહેવત મુજબ તેમને સાંભળવા એકઠો થતો વર્ગ ઉપલા વર્ગનાં સ્ત્રીપુરૂષો, આરામ-ખુરશી ઉપર બેસીને ચિંન્તન કરતા 'સત્યોપાસકો,' અને આકાશમાં ઉડતા તરણ વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓનો બનેલો હોય છે: વિચારના પ્રદેશમાં સ્વૈરવિહાર અને આગળ પાછળ કશા જ કર્તવ્યનો આગ્રહ કે અપેક્ષા નહિ-આવી સ્થિતિ તેમના શ્રોતાગણની મોટા ભાગે માલુમ પડે છે.

### વિચાર અને આચરણમાં દેખાતો વિસંવાદ

એ એક ભારે પરિસ્થિતિવૈચિત્ર છે અથવા તો સ્વતઃ કૃષ્ણમૂર્તિમાં નજરે પડતું વૈષમ્ય છે કે એક બાજુ માર્ગદર્શક કોઇ ગુરૂ કે પયગંબરના અને વિચારના ટેકા રૂપ બનતા કોઇ ધર્મ કે તત્વના ગ્રંથના અવલંબનનો તેઓ કટ્ટર વિરોધ કરે છે અને બીજી બાજુએ પોતે જ એવા એક ગુરૂનો પાઠ ભજવે છે અને કૃષ્ણમૂર્તિ ફોરપોરેશનદ્વારા પ્રગટ થયેલાં પોતાનાં પુસ્તકો વાંચવાની તેમની પાસ માર્ગદર્શન માગતા મુમુક્ષોઓને ભલામણ કરે છે.

એકવાર તેમની સાથે નકકી કરેલી 'એપોઇન્ટમેન્ટ' મુલાકાતના સમય મુજબ મારા એક મિત્રને મળવા ગયેલા અને પોતાની કેટલીક ધુંચો તેમની સમક્ષ રજુ કરી તેના જવાબમાં શ્રી કૃષ્ણમૂર્તિએ તેમને કહેલું કે "તમે મારાં પુસ્તકો વાંચ્યાં છે ? તે વાંચીને પછી મને મળો અને ત્યારે આપણે તમારા પ્રોબ્લેમ્સનો-ધુંચોનો વિચાર કરીશું, ઉકેલ શોધીશું" આ સાદું સીધું ગુરૂકૃત્ય અને ગ્રંથપ્રતિષ્ટા નહિ તો બીજું શું છે ?

### આ ગુરૂ અને અન્ય ગુરૂઓમાં તફાવત

અલબત્ત આ ગુરૂમાં અને અન્ય ગુરૂઓમાં એક મહત્વનો તફાવત છે જ અને તે એ કે અન્ય ગુરૂઓ આપણી પાસે સર્વ સમર્પણ માગે છે અને આપણી વિચારણા તેમને સર્વથા અધીન કરીને ચાલીએ એની તેઓ અપેક્ષા રાખે છે, જ્યારે આ ગુરૂ એવું સમર્પણ કે અધીનતા સ્વપ્નને પણ ઇચ્છતા નથી, આપણે તેમને ગુરૂ તરીકે માનીએ કે સ્વીકારીએ એમ પણ તેઓ માગતા નથી, તેઓ કહે છે એટલા માટે તેમને સ્વીકારવા એવી પણ તેઓ કોઇ કલ્પના કરતા નથી. ઉલ્ટું આપણને સ્વાધીન બનાવવા, સ્વતંત્રપણે વિચારતા કરવા, આપણામાં સત્યની ખોજ પેદા કરવી અને આપણા પ્રોબ્લેમનું આપણી જાતથી નિરસન કરાવવા તેઓ ખરા દિલથી ઇચ્છે છે, એટલું જ નહિ પણ તે દિશાએ સતત પ્રયત્નશીલ રહે છે. આમ છતાં પણ તેમને કહેવાનું છે, આપણે સાંભળવાનું છે. કહેવા માટે તેમણે ઉંચા આસને બેસવું રહ્યું, આપણે નીચા આસને શ્રધ્ધાપૂર્વક નહિ તો પણ અનુકુળ માનસપૂર્વક તેમને સાંભળવા રહ્યાં; તેમનો સંદેશ શ્રોતાગણથી વધારે વ્યાપક ક્ષેત્રને પહોંચે તે માટે તેમણે પોતે પોતાના ભાષણો અને લેખો પ્રગટ કરવા રહ્યાં, અને દુનિયાએ આ એક દૃષ્ટા છે, અને અનુપમ, અગોચર સત્યના વાહક છે એમ માનીને યા સમજીને તેમનાં પુસ્તકો વાંચવા રહ્યા.

અલબત્ત તેમનો અભિગમ એક સર્વજ્ઞ પરિપૂર્ણ પરમાત્મ સ્વરૂપ હોવાનો દાવો કરતા અન્ય સાંપ્રદાયિક ગુરૂનો નથી. એક મિત્ર, સાથી અને સહચિન્તકનો છે. પણ સાથે સાથે એ પણ ખરૂં કે આ બુધ્ધિપ્રધાન યુગમાં અને શિક્ષિત જનતાના ચિત્તને પકડવા માટે આથી અન્ય પ્રકારનો અભિગમ ચાલે તેમ છે જ નહિ. અસલના ગુરૂઓનો જમાનો અસલની અંધશ્રધ્ધા અને ધર્મઘેલછા સાથે ખતમ થતો જાય છે, બાકી એ વિષે એમત હોઇ ન જ શકે કે મિત્રના-સહચિન્તકના-રૂપમાં પણ તેઓ એક ગુરૂનું જ મિશન ચલાવી રહ્યા છે. આ હકીકત ગુરૂ અને ગ્રંથો સામેના તેમના એકાન્તલક્ષી કટ્ટર વિરોધની અર્થશૂન્યતા પુરવાર કરવા માટે પૂરતી છે. જ્યાં સુધી માણસમાં જીજ્ઞાસા વૃત્તિ છે ત્યાંસુધી ઓછું જાણનાર વધારે જાણનાર પાસે જવાનો જ, અને કોઇક નવી સુઝ મળશે એ આશાએ ઉંચા ગ્રંથ સાહિત્યનું પારિશીલન કરવાનો જ. અને એમ વર્તવામાં તે કશું ખોટું કરતો નથી. પણ સામાન્ય જનતાની અંધશ્રધ્ધા અને ગતાનુગતિકતા સામે લાલબત્તી ધરનાર તરીકે અને કોઇનો પણ આધાર કે અવલંબન છોડીને અન્તર્મુખ બનવાની અને અંદર રહેલી જ્ઞાનજ્યોતને પ્રેગટાવવાની ઉગતી પ્રજ્ઞને હાકલ કરનાર તરીકે શ્રી કૃષ્ણમૂર્તિ કંઇ કાળ સુધી નવી પેઢીના પ્રેરક અને માર્ગદર્શક બની રહેશે એમાં કોઇ શક નથી.

### શું કૃષ્ણમુર્તિ વર્લ્ડ-ટીચર છે ?

કાળની કોઇ ગહન લીલા છે ! રામ, કૃષ્ણ, બુધ્ધ, મહાવીર કે ઇશુ ખ્રીસ્તીની પ્રતિભા સમી પ્રતિભા ધરાવતો એક પયગંબર, તીર્થંકર કે 'વર્લ્ડ ટીચર' દુનિયા સમક્ષ હું રજુ કરૂં એવી ભાવના અને કલ્પનાપૂર્વક કૃષ્ણમૂર્તિને મીસીસ એની બીસેન્ટે તાલીમ આપી તૈયાર કર્યા અને દુનિયામાં તે પ્રકારનું વાતાવરણ પેદા કરવા પ્રયત્ન કર્યો. પણ કૃષ્ણમુર્તિએ સ્વયં એવા કોઇ પયગંબર, તીર્થંકર કે 'વર્લ્ડ-ટીચર' હોવાનો કે લેખાવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો અને તદર્થે ચલાવવામાં આવેલી સર્વ હીલચાલને વ્યર્થ બનાવી દીધી. એ ઘટનાને બન્યાને વર્ષો વીત્યા બાદ એજ કૃષ્ણમૂર્તિને આજે આપણે જેવી અને જે રીતે કામ કરતા જોઇએ છીએ તે ઉપરથી તેમને આપણે એક પયગંબર, તીર્થંકર કે દુનિયાની કાયાપલટ કરનાર મહામાનવ તરીકે ઓળખાવી કે વર્ણવી ન જ શકીએ એમ ઓળખાવવા એ કેવળ અત્યુકિત જ લેખાય. એમછતાં પણ વિચારસ્વાતંત્ર્યનો, વ્યકિત-સ્વાતંત્ર્યનો સ્થળે સ્થળે, રાષ્ટ્રે રાષ્ટ્રે પ્રદીપ પ્રગટાવનાર એક નાના સરખા "વર્લ્ડ ટીચર" લોક શિક્ષક તો તેઓ જરૂર છે જ-એટલું તો હકીકત રૂપે આપણે કબુલ કરવું જ રહ્યું. આમ મીસીસ બીસેન્ટે કલ્પેલા અને માગેલા "વર્લ્ડ ટીચર" કુદરતે ન જ આપ્યા, અને એમ છતાં પણ પૂર્વાકાશમાં ઉદયમાન થયેલા એક તારક સમાન "વર્લ્ડ-ટીચર"ની નાની સરખી આકૃતિ દુનિયાને મળી પણ ખરી. આમ તેમના વિષે કરવામાં આવેલી આગાહી ખોટી પણ પડી અને ખરી પણ પડી. આવી સદ્‌ભાવ અને સુવિચાર પ્રસરાવતી આ માનવવિભૂતિને આપણે યથાસ્વરૂપે ઓળખીએ, આદરપૂર્વક સાંભળીએ, અને તેમના સમગ્ર કથનમાં રહેલા સત્યને આપણા જીવનમાં ઉતારીએ, અને એ રીતે માનવી સમાજને ઉન્નત બનાવીએ.

પરમાનંદ

# 'અહિંસા કી સહી સમજ'

પ્રબુદ્ધ જીવનના વાચકોને યાદ હશે કે ગત નવેમ્બર માસની ૧૫ મી તારીખના અંકમાં 'અહિંસાની અધુરી સમજણ' એ મથાળા નીચે તેરાપંથી સંપ્રદાયની અહિંસા વિષયક માન્યતાઓની એક વિસ્તૃત આલોચના કરવામાં આવી હતી. એ આલોચનાના ઉત્તર રૂપે તેરાપંથી આચાર્યશ્રી તુલસીના શિષ્ય મુનિશ્રી નથમલજીએ કલકત્તાથી નીકળતા તેરાપંથી સંપ્રદાયના સાપ્તાહિક પત્ર 'જૈન ભારતી'ના તા. ૩૦ જાન્યુઆરીના અંકમાં 'અહિંસાકી સહી સમજ' એ મથાળા નીચે એક લાંબો વિદ્વતાપૂર્ણ લેખ લખીને તેરાપંથી માન્યતાઓના હાર્દને સમજાવવા પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત પૂર્વપક્ષના મન્તવ્યોનો વાચકોને ખ્યાલ આવે એ હેતુથી 'અહિંસાની અધુરી સમજણ'નો કલકત્તાથી નીકળતા 'તરૂણ' પાક્ષિકમાં પ્રગટ થયેલ હિંદી અનુવાદ 'જૈન ભારતી'ના એ જ અંકમાં સાદ્યન્ત ઉદ્ધૃત કરવામાં આવ્યો છે. 'જૈન ભારતી'ના સંપાદક શ્રી શ્રીચંદ રામપુરિયાએ પણ એ જ અંકમાં આ વિષય ઉપર એક સવિસ્તર અગ્રલેખ લખ્યો છે, આ રીતે એ આખો અંક માત્ર અહિંસાની આ પ્રકારની ચર્ચાને સમર્પિત કરવામાં આવ્યો છે. 'અહિંસાની અધુરી સમજણ' જેવી પ્રતિપક્ષની વિસ્તૃત આલોચનાને પોતાના પત્રમાં આટલું મોટું સ્થાન આપીને જે ખેલદીલી દર્શાવી છે તે બદલ શ્રીચંદ રામપુરિયાને ધન્યવાદ ઘટે છે. પત્રકારોમાં આવી ઉદારતા ભાગ્યે જ જોવામાં આવે છે.

મુનિશ્રી નથમલજીએ આપેલા ઉત્તરની પણ ખાસ નોંધ લેવી ઘટે છે. મારાં અને એમનાં મન્તવ્યોમાં કેટલોક પાયાનો તફાવત છે. હું કોઇપણ માનવી માટે સંપૂર્ણ અહિંસક જીવન શક્ય માનતો નથી. અલ્પતમ અહિંસા ઉપર રચાયલા જીવનને વ્યવહારની ભાષામાં સંપૂર્ણ અહિંસક જીવન કહો તે જુદી વાત છે. તેઓ માનવી માટે સંપૂર્ણતયા અહિંસક જીવનની સંભાવના કલ્પે છે અને આજનો અહિંસાવ્રતધારી જૈન સાધુ આવું જીવન જીવે છે એમ તેઓ માને છે. અહિંસાની વ્યવહારગત વિચારણામાં માનવી માત્રની રક્ષાને જ નહિ પણ માનવ-સમાજના શ્રેયને પણ અને પછી નીચેની કોટિના જીવોની અપેક્ષાએ ઉપરની કોટિના જીવોની રક્ષાને પ્રાધાન્ય આપવું જોઇએ એવો મારો અભિપ્રાય છે. સર્વ જીવોને સરખા ગણવા જોઇએ અને કોઇની પણ રક્ષાને અન્યની અપેક્ષાએ કશા પ્રકારનું પ્રાધાન્ય આપવું ન જોઇએ એવો તેમનો અભિપ્રાય છે. માનવીની પ્રવૃત્તિઓ પાછળ ત્રણ પ્રકારની વૃત્તિ હોવાનો તેઓ નિર્દેશ કરે છે. સ્વાર્થ, પરાર્થ અને પરમાર્થ અને પરાર્થપ્રેરિત પ્રવૃત્તિને-જે અર્થમાં સમજવામાં આવે છે તે અર્થમાં-પરમાર્થ સાથે કોઇ સંબંધ નથી એમ તેઓ જણાવે છે. મારા મન્તવ્ય પ્રમાણે પરાર્થ સેવા પણ પરમાર્થની સાધક છે. તેમના વિચાર મુજબ ધાર્મિક ગુરૂનું કાર્ય માત્ર અહિંસામૂલક મોક્ષ-ધર્મનું માર્ગદર્શન આપવાનો છે. મારા વિચાર પ્રમાણે મોક્ષધર્મ તેમજ સમાજધર્મ-ઉભયની સાચી સમજણ અને માર્ગદર્શન આપવું એ પ્રત્યેક ધર્મગુરૂનું કર્તવ્ય છે. તેમના મત પ્રમાણે અહિંસા એકાન્ત અને નિરપવાદ ધર્મ છે. મારા મત પ્રમાણે અહિંસા સાપેક્ષ અને સાપવાદ ધર્મ છે. જીવનમાં એવા પણ પ્રસંગો આવે છે કે જ્યારે અહિંસા એટલે કે નિષ્ક્રિયતા અધર્મ બની જાય. તેમની પ્રરૂપણા મુજબ આહંસા આદિ વ્રતોની કલ્પના સમાજધારણને લક્ષ્યમાં રાખીને કરવામાં આવી જ નથી. મારા ખ્યાલ મુજબ આ વ્રતોની કલ્પના સમાજધારણના વિચારમાંથી જ ઉભી થઇ છે અને આત્મસાધના સાથે તેને સંકલિત કરવામાં આવી છે. તેમના મત પ્રમાણે અસંયમમાંથી સંયમ તરફ કોઇને વાળવાનો પ્રસંગ બાદ કરતાં અહિંસાવ્રતધારી માટે કોઇને પણ કશી આફતમાંથી બચાવવાનો, મદદ કરવાનો, રાહત આપવાનો કે તેની પ્રાણ-હાનિ થતી અટકાવવાનો ધર્મ કદિ પ્રાપ્ત થતો જ નથી. મારી વિચારણા મુજબ અહિંસાવ્રતની આ કેવળ એકાંગી અને તેથી અસ્વીકાર્ય કલ્પના છે. તેમનો દૃષ્ટિકોણ અહિંસાના નકારાત્મક સ્વરૂપને સર્વસ્વ ગણવાનો છે. હું અહિંસાનો નિષેધક તેમજ વિધાયક ઉભય ભાવે વિચાર કરવા પ્રયત્ન કરું છું.

આમ અમારા અભિપ્રાય અને વિચારણામાં પાયાનો તફાવત હોઇને ઉભયમાન્ય એવી કોઇ સમન્વયપૂર્વકની વિચારણા નિર્માણ થવાનો સંભવ દેખાતો નથી અને તેથી આ ચર્ચાને વિશેષ લંબાવવી જરૂરી લાગતી નથી. મુનિ નથમલજીએ રજુ કરેલી વિચારસરણિ સ્વીકાર્ય બની શકે તેમ નથી એમ છતાં પણ તેમણે જે ઉદ્દાત્ત શૈલિમાં પોતાના વિચારોની રજુઆત કરી છે તે માટે તેમને હું ધન્યવાદ આપ્યા વિના રહી શકતો નથી. મારી આલોચનામાં કોઇ સ્થળે નાનો સરખો પણ કટાક્ષ કે આક્ષેપ હશે; તેમની રજુઆતમાં આવો કોઇ કટાક્ષ કે આક્ષેપ, આવેશ કે અસભ્યતા નજરે પડતાં નથી. ભાષામાં તેમજ નિરૂપણમાં એક વિદ્વાન અને પ્રસન્નચિત્ત મુનિને શોભે તેવું માધુર્ય, સંયમ, ગાંભીર્ય અને બહુશ્રુતતા નજરે પડે છે. તેમનું લખાણ વાંચીને મેં ઉંડી પ્રસન્નતા અનુભવી છે. વિચારના મતભેદો જો આ ધોરણે રજુ કરવામાં આવે તો પરસ્પર કદિ કટુતા જન્મે નહિ, મત-ભેદમાંથી મનભેદ પરિણમે નહિ અને સમાજના વિચારવૈભવમાં આવકારદાયક તેમજ પુષ્ટ એવી વૃધ્ધિ સદા થતી રહે.

અહિં એક બાબતનો ઉલ્લેખ કર્યા વિના રહી શકાતું નથી. તેરાપંથી લેખકોને પોતાની માન્યતાઓના સમર્થનમાં ગાંધીજીનાં છુટા-છવાયાં વાક્યોનું જ્યાં ત્યાં અવતરણ કરતા જોઇને ભારે આશ્ચર્ય થાય છે. ગાંધીજી અહિંસા ધર્મના એક મહાન આચાર્ય હતા. અહિંસા-ધર્મની વિવિધ દૃષ્ટિકોણથી અને ભિન્ન ભિન્ન સંયોગો વચ્ચે ચર્ચા કરતાં ગાંધીજીએ એવું ઘણું લખ્યું છે જેને ગાંધીજીની સળંગ વિચા-રણામાંથી છુટું પાડીને તેરાપંથીઓની માન્યતા સાથે મળતું કરી શકાય. પણ સમગ્રપણે વિચારતાં કોઇને પણ સહજ માલુમ પડે તેમ છે કે ગાંધીજીની અહિંસાવિષયક જીવનદૃષ્ટિ અને તેરાપંથીની તદ્વિષયક જીવનદૃષ્ટિ વચ્ચે ઉત્તરધ્રુવ જેટલું અંતર છે. એકનો, મુનિ નથમલજી પોતાના લેખના પ્રારંભમાં જણાવે છે તે મુજબ, પ્રવર્તક ધર્મ હતો; અન્યનો કેવળ નિવર્તક ધર્મ છે. એકના જીવનનો પ્રધાન સુર હતો અન્યાયપ્રતિકાર અને આર્તત્રાણ; અન્યની વિચારસરણીમાં આ ઉભયને કશું સ્થાન અપાયલું જોવા મળતું નથી. એકની ભાવના હતી કે "મારે રાજ્ય નથી જોઇતું, સ્વર્ગ નથી જોઇતું, મોક્ષ નથી જોઇતું; મારે તો દુઃખી જનોના દુઃખનું નિવારણ -આર્તિનાશન-જોઇએ છીએ." અન્યને કેવળ આત્મ-મોક્ષની જ ઝંખના છે. એક મુખ્યતયા વિધાયક અહિંસાના ઉપાસક હતા; અન્ય મુખ્યતયા નકારાત્મક અહિંસાના આરાધક છે. એકે અહિંસાની સર્વ વિચારણામાં માનવીના ઐહિક તેમજ આધ્યાત્મિક સુખશ્રયને પ્રાધાન્ય આપ્યું હતું; અન્ય છકાય જીવોની સમાન-ભાવે રક્ષા કરવાનો ઉપદેશ આપે છે. એકે પરાર્થસેવામાં જીવનની પ્રતિકર્તવ્યતા માની હતી; અન્યે પરમાર્થ સાધનામાં જીવનની ચરિતાર્થતા માની છે. એકની વિચારણા સમાજલક્ષી હતી; અન્યની કેવળ વ્યક્તિલક્ષી છે. એક સંયત-અસંયત સર્વ પ્રત્યે દયા, દાન, અનુ-કંપાના પુરસ્કર્તા હતા; અન્યે દયા, દાન, અનુકંપાને સંયત-અસંયતની ધુંચ ઉભી કરીને પાંગળી બનાવી દીધી છે. આવો જ્યાં મૌલિક દૃષ્ટિભેદ અને અભિગમભેદ છે ત્યાં ગાંધીજીનાં વાક્યો આજે ચલણી નાણું છે એમ સમજીને તેમનાં લખાણોનો જ્યાં ત્યાં ઉપયોગ કરવો તે ઉચિત નથી, ન્યાયયુકત નથી, સામાન્ય જનતામાં ગેરસમજુતી પેદા કરવા બરોબર છે. ગાંધીજીનો આ કેવળ દુરૂપયોગ છે. તેરાપંથી વિવેચકોને મારો નમ્રભાવે પ્રશ્ન છે કે શું તેમની માન્યતાઓ અને મન્તવ્યો સ્વતંત્રપણે ઉભા રહી શકે તેમ નથી?

પરમાનંદ

# બાલસંન્યાસદીક્ષા–પ્રતિબંધક બીલ

મુંબઇ પ્રદેશની લેજીસ્લેટીવ કાઉન્સીલના સભ્ય શ્રી પ્રભુદાસ ભાલુભાઇ પટવારીએ નાની ઉમરનાં છોકરા છોકરીઓને અપાતી દીક્ષાની અટકાયત કરવા માગતું એક બીલ તા. ૧૯-૧-૫૫ ના રોજ લેજીસ્લેટીવ કાઉન્સીલ ઉપર મોકલી આપ્યું હતું. તે બીલને કાઉન્સીલના કાર્યક્રમ ઉપર લેવામાં આવેલું હોઇને કાઉન્સીલની ચાલુ બેઠક દરમિયાન તે બીલ ચર્ચા અને નિર્ણય માટે રજુ થવાનો સંભવ છે. શ્રી પ્રભુદાસ પટવારી અમદાવાદના એક બાહોશ વકીલ અને સુપ્રસિધ્ધ સામાજિક કાર્યકર્તા છે. તેમણે આજથી બે વર્ષ પહેલાં અમદાવાદ ખાતે પ્રિયંવદા નામની ૧૪ વર્ષની એક જૈન બાળાને ત્યાંની સીવીલ કોર્ટનો અટકાયતી હુકમ મેળવીને દીક્ષા અપાતી અટકાવી હતી અને ત્યારબાદ આવી બાળદીક્ષાની મનાઇ કરતો સીવીલ કોર્ટનો ચુકાદો મેળવ્યો હતો. બાલદીક્ષા ઉપર સરકારી અદાલતનો આવો ચુકાદો પહેલી જ વારનો હતો અને તે સામે કોઇ પણ પ્રકારની અપીલ કરવામાં આવી નહોતી.

પ્રસ્તુત બીલના હેતુઓ અને કારણો દર્શાવતાં શ્રી પ્રભુદાસ પટવારી જણાવે છે તે મુજબ જે બાળકોને દીક્ષા શું એનું ભાન સરખું હોતું નથી અને દીક્ષાનાં બંધનો અને પરિણામોનો કશો પણ ખ્યાલ હોતો નથી એવાં નાની ઉમ્મરનાં છોકરા છોકરીઓને દીક્ષા આપવા-અપાવવાની કેટલાક ધર્મઘેલા સાધુઓ અને ગૃહસ્થોને લત લાગેલી હોય છે. આવી દીક્ષામાંથી વ્યકિત તેમજ સમાજ ઉપર અનેક અનિષ્ટ પરિણામો તેમજ આઘાત પ્રત્યાઘાતો નીપજે છે. કેટલેક ઠેકાણે દીક્ષા આપવાના હેતુથી માબાપની દેખરેખ નીચેથી છોકરા છોકરીઓને ભગાડવાના અને સંતાડવાના કીસ્સાઓ પણ બને છે. આવી રોજબરોજ બનતી દુર્ઘટનાઓ ઉપર અંકુશ મૂકવાના હેતુથી તેઓ પ્રસ્તુત બીલ રજુ કરવા પ્રેરાયા છે. એ બીલની વીગતો નીચે મુજબ છે:-

**"ભૂમિકા**

બાળકોની કુમળી ઉમ્મરનો દુરૂપયોગ કરવામાં ન આવે અને તેમની ઓછી સમજણનો ગેરલાભ ઉઠાવવામાં ન આવે તેમજ તેમના વિષેની નૈતિક તેમજ આર્થિક જવાબદારીઓની ઉપેક્ષા કે ત્યાગ કરવામાં ન આવે એ હેતુથી ઉગતી ઉમ્મરનાં છોકરાઓ અને છોકરીઓની દીક્ષા ઉપર અટકાયત મૂકવી જરૂરી છે. તે માટે હિંદના પ્રજાસત્તાક રાજ્યના છઠ્ઠા વર્ષ દરમિયાન નીચે મુજબ કાયદો કરવામાં આવે છે:-

**નામ અને હુકુમત પ્રદેશ**

૧. (૧) આ કાયદાને 'મુંબઇ બાલસંન્યાસદીક્ષા–પ્રતિબંધક ધારો' એ રીતે ઓળખવામાં આવશે.

(૨) તે આખા મુંબઇ પ્રદેશને લાગુ પડશે.

(૩) આ કલમ તરત જ અમલમાં આવશે અને આ ધારાનો બાકીનો ભાગ પ્રદેશ સરકાર સરકારી ગેઝેટમાં જાહેરાત કરીને જે દિવસ નક્કી કરે તે દિવસથી અમલી બનશે.

**લક્ષણ**

૨. વિષય યા તો સંદર્ભ અંગે પ્રતિકુળ અર્થ થતો હોય તેવી બાબત બાદ કરતાં,

(૧) 'બાળક' એટલે ગમે તે જાતિની ૧૮ વર્ષ નીચેની વ્યકિત સમજવી.

(૨) "કોર્ટ" એટલે બૃહદ મુંબઇમાં પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટની કોર્ટ અને અન્યત્ર ફસ્ટ કલાસ મેજીસ્ટ્રેટની કોર્ટ સમજવી,

(૩) 'સંન્યાસ દીક્ષા' એટલે કોઇ પણ એક બાળકને અન્ય કોઇ વ્યકિત કોઇ પણ સાધુસંસ્થામાં વિધિપુરઃસર પ્રવેશ કરાવે અને એ રીતે એ બાળક પાસે સાંસારિક વ્યવહારનો ત્યાગ કરાવે અને તેના કુટુંબ સાથેના સર્વ સંબંધો તોડાવી નાંખે. સંન્યાસી, યતિ, મુનિ, સૂરિ, યોગી, વૈરાગી, મહન્ત, ચેલા, બ્રહ્મચારી, સાધુ, ફકીર, શ્રમણ, સન્ત અથવા એવા અન્ય કોઇ નામથી ઓળખાતી હોય એવી સર્વ પ્રકારની સાધુસંસ્થાઓ ઉપર જણાવેલ સાધુસંસ્થામાં સમાવિષ્ટ ગણાશે.

**દીક્ષા આપનારને શિક્ષા**

૩. જે કોઇ વ્યકિત કોઇ પણ બાળકને સંન્યાસ દીક્ષા આપશે, અથવા તો કોઇ પણ બાળકની સંન્યાસ દીક્ષાની વિધિ કરશે, કરાવશે તે માટે ઉત્તેજન આપશે, અથવા તો સંમતિ આપશે તે વ્યકિત ત્રણ મહીના સુધીની સાદી કેદ તેમજ દંડને પાત્ર થશે.

**બાળકના વાલીને શિક્ષા**

૪. (૧) જ્યારે કોઇ પણ બાળકને દીક્ષા આપવામાં આવી હશે ત્યારે માતપિતા તરીકે, વાલી તરીકે કે બીજા કોઇ સંબંધના કારણે તે બાળકની સંભાળ રાખવાની કાયદેસર કે બીન કાયદેસર જવાબદારી ધરાવનાર તરીકે જે વ્યકિત આવી સંન્યાસ દીક્ષાને ઉત્તેજન આપતું કોઇ પણ કાર્ય કરશે, અથવા તો જાણપૂર્વક દીક્ષા અપાવા દેશે અથવા તો બેદરકારીના કારણે એવી દીક્ષા અપાતી અટકાવવામાં નિષ્ફળ નીવડશે તે ત્રણ મહિનાની સાદી કેદ અને દંડને પાત્ર થશે.

(૨) જ્યારે કોઇ પણ બાળકને દીક્ષા આપવામાં આવી હશે ત્યારે અન્યથા પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એમ માની લેવામાં આવશે કે એ બાળકની સંભાળ લેવાની જવાબદારી ધરાવતી વ્યકિત પોતાની બેદરકારીના કારણે એ બાળકને સંન્યાસ દીક્ષા અપાતી અટકાવવામાં નિષ્ફળ નીવડેલ છે.

**આ ગુન્હો 'કોગ્નીઝેબલ' ગણાશે.**

૫. આ કાયદા નીચેના ગુન્હાઓ 'કોગ્નીઝેબલ' એટલે કે પોલીસ પોતા થકી હાથ ધરી શકે એવા ગુન્હાઓ ગણાશે.

**અટકાયતી હુકમ**

૬. આ ધારામાં ગમે તેવું પ્રતિકુળ વિધાન હોય એમ છતાં પણ જો કોર્ટને કોઇની ફરિયાદ દ્વારા અથવા તો અન્ય પ્રકારે મળેલી ખબર દ્વારા એમ માનવાને પુરતું કારણ મળે કે કોઇ બાળકને સંન્યાસ દીક્ષા અપાવાની તૈયારી ચાલી રહી છે તો કોર્ટ સંન્યાસ દીક્ષાની અટકાયત કરતી આ ધારાની ત્રીજી અને ચોથી કલમમાં જણાવેલ વ્યકિતઓમાંથી કોઇની પણ ઉપર અટકાયતી હુકમ કાઢી શકશે.

(૨) કોર્ટ પોતા થકી અથવા તો કોઇની અરજી ઉપરથી હુકમ કરી શકશે કે બાળકનો કબજો ધરાવતી જે કોઇ વ્યકિત હોય તે વ્યકિત તે બાળકને ચોક્કસ સ્થળે, ચોક્કસ સમયે અને કોર્ટ નિયુક્ત કરે તે ચોક્કસ વ્યકિત સમક્ષ તે બાળકને રજુ કરશે અથવા તો રજુ કરાવશે. આવા કોર્ટ બાળકના કબજા માટે તથા રક્ષણ માટે તથા ખર્ચ અંગે પણ જરૂરી હુકમો કાઢી શકશે.

**બાળદીક્ષા રદબાતલ**

૭. બાળકને અપાયેલી કોઇ પણ સંન્યાસ દીક્ષા રદબાતલ ગણાશે.

**કોર્ટનો હુકુમત પ્રદેશ**

૮. ૧૮૯૮ના ક્રીમીનલ પ્રોસીજર કોડમાં ગમે તે કહ્યું હોય તોપણ છતાં પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટની અથવા તો ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટની કોર્ટ કરતાં નીચેના દરજ્જાની કોર્ટ ત્રીજી તથા ચોથી કલમ નીચેના કેસ ચલાવી શકશે નહિ.

૯. ૧૮૯૮ ના ક્રીમીનલ પ્રોસીજર કોડમાં ગમે તે જણાવવામાં આવ્યું હોય એમ છતાં જેના હુકુમત પ્રદેશની સ્થાનિક હદોની અંદર આરોપી મળી આવે તે પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા તો ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ ત્રીજી અને ચોથી કલમ નીચે તે આરોપી સામેનો કેસ ચલાવી શકશે."

બાલદીક્ષાની અનિષ્ટતા સંબંધે આજે શિષ્ટ સમાજમાં બે મત જેવું છે જ નહિ. એમ છતાં હજુ પણ નાની ઉમ્મરના છોકરા છોકરીઓને ભગાડવાના અને તેમનાં માબાપોને પ્રલોભનો આપીને બાળકોને મુંડવાના કીસ્સાઓ અવારનવાર બનતા જ રહે છે. આ માત્ર જૈન સમાજનો જ નહિ પણ આખા હિંદુ સમાજનો પ્રશ્ન છે. વડોદરા સમક્ષ બાલદીક્ષાની અટકાયત કરનારો જે કાયદો કર્યો હતો લગભગ તેજ ધોરણ ઉપર આ બીલ ઘડવામાં આવ્યું છે. આવું બીલ લાવવા માટે શ્રી. પ્રભુદાસ પટવારીને ધન્યવાદ ઘટે છે. શિષ્ટસમાજ આ બીલને અન્તઃકરણથી આવકારશે એમાં કોઇ શક નથી. આપણે આશા રાખીએ કે કોંગ્રેસની પાર્લામેન્ટરી પાર્ટી આ બીલને માન્યતા આપશે અને ધારાસભાના સભ્યો આ બીલને સર્વાનુમતે પસાર કરશે. **પરમાનંદ**

# બે જૈન સાહિત્યકારોનું સન્માન

મુંબઇના શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી તા. ૬-૨-૫૫ ના રોજ શ્રી વીરજલાલ ટોકરશી શાહને વિ. સં. ૨૦૦૮માં પ્રગટ થયેલ 'પ્રતિક્રમણ પ્રબોધ' નામની એક વિશિષ્ટ સાહિત્યકૃતિ માટે અને શ્રી બાલાભાઇ વીરચંદ દેસાઇ (જયભિખ્ખુ)ને વિ. સં. ૨૦૦૯ માં પ્રગટ થયેલ 'ચક્રવર્તી ભરતદેવ' એ નામની એક વિશિષ્ટ સાહિત્યકૃતિ માટે દિવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપણા નીચે સુવર્ણ ચંદ્રક આપવાનો એક સમારંભ યોજવામાં આવ્યો હતો. આ બન્ને સાહિત્યકારોનું શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૧-૨-૫૫ ના રોજ સંઘના કાર્યાલયમાં શ્રીમતી લીલાવતીબહેન દેવીદાસના પ્રમુખપણા નીચે સન્માન કરવામાં આવ્યું હતું. આ બન્ને મિત્રોનો સત્કાર કરતાં સંઘના મંત્રી **શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ** જણાવ્યું કે "આજના આપણા બે બહુમાનોમાંથી એક શ્રી બાલાભાઇને આપમાંના ઘણાખરા પહેલીવાર જોતા હશો. કેટલાંક વર્ષો પહેલાં તેમણે લખેલ મુનિ ચારિત્રવિજયજીનું ચરિત્ર મારા વાંચવામાં આવતાં તેમના પ્રત્યે મારા દિલમાં આકર્ષણ પેદા થયું હતું. તે વખતે જૈન જ્યોતિ કાર્યાલયમાં તેઓ કામ કરતા હતા. તે દિવસોમાં તેમને હું મળેલો. પછી તેમનાં લખાણો અવારનવાર વાંચવામાં આવતાં અને કદિ કદિ તેમને અમદાવાદ અથવા અન્યત્ર મળવાનું પણ બનતું. તેમણે પ્રારંભમાં ઝાંસીની યશોવિજયજી પાઠશાળામાં અને પછી શિવપુરી ખાતે અભ્યાસ કર્યો હતો. અભ્યાસ પૂરો કર્યા બાદ તેમણે સાધુઓને ભણાવનાર શિક્ષક કે માસ્તર થવાને બદલે લેખનનો વ્યવસાય પસંદ કર્યો અને તે દ્વારા દ્રવ્યોપાર્જન કરીને જીવન નિર્વાહ કરવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયને તેઓ આજ સુધી એક સરખી શ્રદ્ધાથી વળગી રહ્યા છે અને સરસ્વતી દેવીએ તેમની સર્વ જરૂરિયાતો પુરી પાડી છે. તેમની વાર્તાઓ માનવતાસ્પર્શી હોય છે. નવા વિચારપ્રવાહોથી તેઓ રંગાયેલા છે. જૈન ધર્મની ઘણી કથાઓને તેમણે અદ્યતન વાર્તાનો રંગ આપ્યો છે. તેમનું જીવન પૂર્ણ પણે સાહિત્યલક્ષી છે.

"ભાઇ વીરજલાલ એ અમારા જુના સાથી અને સહકાર્યકર્તા છે. આજથી વીશ વર્ષ પહેલાં તેઓ જૈન યુવક પ્રવૃતિના એક મુખ્ય સંચાલક હતા. જૈન જ્યોતિ નામનું એક સાપ્તાહિક પત્ર ચલાવતા હતા. નિડરતા આ પત્રનું મુખ્ય લક્ષણ હતું. અમદાવાદ ખાતે ૧૯૩૬ માં સંઘ બહિષ્કાર પ્રકરણ ઉભું થયું તે વખતે તે સામે તેમણે જોરદાર ઝુંબેશ ચલાવી હતી અને બહિષ્કાર વિરોધી હીલચાલને ભારે વેગ આપ્યો હતો. ત્યાદ બાર તેમની દિશા કાંઇક બદલાણી અને કૌટુંબિક જવાબદારી તેમને એક યા બીજી દિશાએ ઘસડતી રહી. આજે તેઓ સ્થિર થયા છે અને દ્રવ્યોપાર્જનની ચિન્તાથી મુક્ત થયા છે એમ હું ધારું છું. આજે તેમને મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં આવકારતાં હું આનંદ અનુભવું છું.

"અમારા મુંબઇ જૈન યુવક સંઘના ઇતિહાસમાં છેલ્લા બે દિવસ દરમિયાન બે આવકારદાયક ઘટનાઓ બની છે. અમે જેમને અમારાથી બહુ દૂર ગણતા હતા અને વિચારના ક્ષેત્રમાં જેમને અને અમારે ઘણું અન્તર છે એમ લાગતું હતું એવા શ્રી કસ્તુરભાઇ લાલભાઇને અમારા સંઘના કાર્યાલયમાં બે દિવસ પહેલાં આવકારવાનો અમને સુયોગ સાંપડયો હતો. એવી જ રીતે એક વખતના અમારા સાથી અને સહકાર્યકર્તા, સમયાન્તરે એક યા બીજા કારણે અમારાથી જુદા પડેલા અને વર્ષોથી વિખુટા પડેલા એવા શ્રી વીરજલાલ ટોકરશી શાહને–અલબત્ત અન્ય નિમિત્ત અને સંયોગો વચ્ચે–આજે અમારી વચ્ચે આવીને બેઠેલ જોઇને મારું દિલ આનંદપુલકિત બને છે.

"ભાઇ બાલાભાઇ અને ભાઇ વીરજલાલ ઉભય પ્રકૃતિથી સાહિત્યાકર છે. પણ એક વ્યવસાયી જીવનના પ્રારંભથી આજસુધી સાહિત્યોપાસનાના માત્ર એક અવધાનને વળગી રહ્યા છે. અન્ય શતાવધાની છે. તેમણે વસ્તુતઃ સો અવધાનોના પ્રયોગો કર્યા છે અને જીવનમાં પણ અનેક અવધાનોની ઉત્તરોત્તર ઉપાસના કરી છે. બન્ને ભાઇઓ આખરે આપણામાંના જ છે. તેમને હું સપ્રેમ આવકારું છું. આ બન્ને ભાઇઓ અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી પોતપોતાની વિશિષ્ટ સાહિત્યકૃતિને અંગે સુવર્ણચંદ્રક મેળવવા ભાગ્યશાળી થયા છે તે માટે તે બન્ને ભાઇઓનું હું અંતઃકરણથી અભિનન્દન કરું છું.

"ભાઇ વીરજલાલમાં ભારે કર્તવ્યશક્તિ રહેલી છે. તેમણે પુરૂષાર્થ વડે જીવન ખેડયું છે અને અનેક ઢાળઢોળાવ જોયા છે. આજે તેઓ એક એવી સાહિત્ય પ્રવૃત્તિમાં પડયા છે કે જેમાં આજની પેઢીને કોઇ ખાસ રસ નથી. તેમનું સ્થાન જુનવાણીની ઉપાસનામાં નથી, પણ નૂતન અને નવલ સાહિત્યના સર્જનમાં છે. તેમના અંગત સંયોગો તેમને ભલે ત્યાં થોડો સમય પકડી રાખે, પણ પહેલી તકે ત્યાંથી તેઓ મુક્ત બને અને સાહિત્યના ક્ષેત્રમાં તેમનો સ્વૈરવિહાર શરૂ થાય એમ હું ઇચ્છું છું.

"ભાઇ બાલાભાઇને વિનંતિ કે દ્રવ્યોપાર્જન સાથે જોડાયેલી સાહિત્ય પ્રવૃત્તિ તેઓ ભલે ચાલુ રાખે, પણ નૂતન જીવન દર્શન આપવાના શુધ્ધ હેતુથી ચલાવવામાં આવતા પ્રબુધ્ધ જીવનને કેવળ યજ્ઞાર્થે ફુલ નહિ તો ફુલની પાંખડી તેઓ આપતા રહે. અમારા પ્રબુધ્ધ જીવનમાં બીજી ત્રુટિ વિશેષતા ગમે તે હો, પણ એક ત્રુટિ અમને ખૂબ સાલે છે. એક કાળે અમારા સાથી અને સહકાર્યકર્તા શ્રી વ્રજલાલ ધરમચંદ મેઘાણી માનવતાસ્પર્શી નવી નવી વાર્તાઓ અને સત્ય ઘટનાઓ પુરી પાડીને અમારા એ વખતના પ્રબુધ્ધ જૈનને નવપલ્લવિત રાખતા હતા. તેમના ગયા પછી અમારી એ ખોટને પુરી પાડનાર અન્ય કોઇ એ કોટિનો વાર્તાલેખક અમને સાંપડયો નથી. બાલાભાઇને અમારા વ્રજલાલ મેઘાણીની ઓછા વધતા અંશે પુરવણી કરવા મારી પ્રાર્થના છે. ઉભય મિત્રોને હું પુનઃ આવકારું છું."

ત્યારબાદ **શ્રી ટી. જી. શાહે** બન્ને ભાઇઓને આવકાર આપતાં જણાવ્યું કે "શ્રી બાલાભાઇ ફકત મારા સ્નેહી નથી, પણ સગા પણ છે અને ઘણા વર્ષો પહેલાં જ્યારે મને તેમના પહેલાં દર્શન થયાં ત્યારથી જ એક ઉંચ કોટિના માનવી તરીકે મેં તેમને ઓળખ્યા છે અને તેમની સાહિત્યઉપાસના વિષે મારું દિલ હમેશાં આદર અનુભવતું રહ્યું છે.

"વર્ષો પહેલાં જ્યારે વિદ્વાન મુનિશ્રી વિદ્યાવિજયજી કરાંચીમાં હતા અને પોતાના ગુરૂ મહારાજની જયન્તી ઉજવવાના હતા ત્યારે તેમણે પંડિત લાલન અને શતાવધાની વીરજલાલ ટોકરશી શાહને ખાસ આમંત્રણ આપી કરાંચી બોલાવ્યા હતા. ભાઇ શ્રી વીરજલાલનો મને એ વખતે પ્રથમ પરિચય થયો હતો. તેઓ શતાવધાની છે એવી ખબર પણ મને વિદ્યાવિજયજી મહારાજના કહેવાથી ત્યારેજ પડી. તેમનો બન્નેનો ઉતારો મારે ત્યાંજ હોવાથી તેમના ૧૮ દીવસના રોકાણ દરમિયાન તેમના સતત સમાગમનો મને લાભ મળ્યો હતો.

"એકવાર કરાંચીમાં જૈન જનતા સમક્ષ શતાવધાનના પ્રયોગો કરી બતાવ્યા બાદ લગભગ આઠ જુદી જુદી સંસ્થાઓએ તેમને શતાવધાનના પ્રયોગો બતાવવા માટે આમંત્ર્યા હતા. આ નવે પ્રસંગે મેં તેમના મંત્રી તરીકે સ્નેહભાવથી કામ કર્યું હતું. સભાઓ ખૂબજ મોટી થતી હતી. કોઇ કોઇ સભામાં તો ૧૦ થી ૧૨ હજાર માણસોની હાજરી થતી હતી. હું તો શું પણ સૌ કોઇ તેમની શતાવધાનની કળા ઉપર મંત્રમુગ્ધ થતા હતા. અને તેમની આવી અસાધારણ શક્તિ માટે તેમને અનેક માનપત્રો, ચાંદ્રો અને ભેટો મળી હતી.

"ભાઇ વીરજલાલ શતાવધાની છે એટલું જ નહિ પણ વિદ્વાન

અને કવિ છે એવી જાણ થતાં મેં તેમને "ટી. જી. શાહ" પ્રથમાક્ષરમાં આવે તેવું ભક્તિરસ બતાવતું એક કાવ્ય રચી આપવા કહ્યું. જવાબમાં એકાદ બે મિનિટમાં તેમણે મને નીચેનું કાવ્ય લખાવ્યું."

ટીલાં ટપકાં શું કરો ?
જીવન સુધારો આપ ;
શાન્તિમય કરણા વિષે
હરી શું હોય મિલાપ .

"ત્યારબાદ "કંચન બ્હેન" પ્રથમાક્ષરમાં આવે તેવું ખાદ્ય પદાર્થ બતાવતું કાવ્ય રચી આપવા કહ્યું તેમણે તરતજ જવાબ આપ્યો કે :-

કંકોડાનું શાક ને ,
ચણા તણું કઠોળ ;
નહિં ભાવે તુજને કહું ,
બ્હેન ભાવે બહુ ગોળ .

"ત્યારબાદ "ચંચલ બ્હેન" પ્રથમાક્ષરમાં આવે એવું ઉચ્ચ ચારિત્ર્ય દાખવતું એક કાવ્ય રચી આપવા મેં કહ્યું, જવાબમાં

ચંદ્ર સમી શાન્તિ સદા ,
ચકવાક શો પ્રેમ, ;
લક્ષ્મીસમ કાન્તિ અહો ,
બ્હેન સમો છે રહેમ .

"આમ ભાઈ શ્રી ધીરજલાલની શીઘ્ર કવિતા સાંભળતા હું બેહદ ખુશ થયો હતો.

"ભાઈ શ્રી બાલાભાઇએ પોતાના જીવનની શરૂઆત બેખિનીથી કરી અને આજ અડતાલીસ વર્ષે પણ એમનો એ પ્રવાહ અણુઅટકયો ચાલુ જ રહ્યો છે, જ્યારે ભાઇ શ્રી ધીરજલાલે તો આજ ૪૯ વર્ષ સુધીમાં અનેક વ્યવસાયો ખેડી નાખ્યા છે. તેમણે શિક્ષક, લેખક, તંત્રી, મંત્રી, વેપારી, શતાવધાની, કવિ, વૈદ્ય, ચિકિત્સક વિગેરે વિગેરે અનેક ધંધા કર્યા છે, પણ જેમ વિદ્વાન અને લક્ષ્મીને મોટે ભાગે આડવેર હોય છે તેમ તેમને લક્ષ્મી સાથે આજદિન સુધી આડવેર જ રહ્યું છે. આ બન્ને ભાઇઓ લક્ષ્યમાં લે તો આપણા પ્રબુધ્ધ જીવનને ખૂબ સમૃધ્ધ બનાવી શકે." આમ કહીને પ્રબુધ્ધ જીવનને તેમની બેખિનીનો લાભ આપવા શ્રી. ટી. જી. શાહે ઉભય બંધુઓને વિનંતિ કરી અને તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય અને વધારે ને વધારે ઉજ્જવળ કારકીર્દી તેમને પ્રાપ્ત થાય એવી શુભેચ્છા વ્યકત કરી.

**શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ** ધીરુભાઇ સાથેનાં જુનાં સ્મરણો તાજાં કર્યાં અને અમદાવાદના મુનિસંમેલન વખતે તેમણે જૈન સમાજની કરેલી સેવાઓ યાદ કરી અને વિશેષમાં જણાવ્યું કે "જૈન સમાજ સાધારણ રીતે સાહિત્ય લેખકની તેના મરણ પછી જ કદર કરે છે એ અનુભવ ધ્યાનમાં લેતાં આ બે ભાઇઓને એક જૈન સંસ્થા તેમની વિશિષ્ટ સાહિત્યકૃતિઓ માટે સુવર્ણસુંદક આપે એ આશ્ચર્ય તેમજ આનંદ ઉત્પન્ન કરે તેવું છે. આપણે ત્યાં સર્વન્ટસ ઓફ ઇન્ડીઆ સોસાયટી જેવી સંસ્થાઓ ઉભી થવી જોઇએ. એક મુનિ પુણ્યવિજયજીને બાદ કરો તો બીજા સાધુઓ જૈન સાહિત્ય તરફ તદ્દન બેધ્યાન છે એ બેદ ઉપજાવે તેવું છે. આ દિશાએ સાધુઓએ વધારે જાગૃત અને પ્રવૃત થવું ઘટે છે."

**શ્રી રતિલાલ દીપચંદ દેસાઇએ** જૈન સમાજમાં વિદ્વાનોની કદરનો ભારે અભાવ નજરે પડે છે તે બાબત તરફ લક્ષ્ય ખેંચતા એક 'વિજયધર્મસૂરી સુવર્ણ ચંદ્રક' જે ભાવનગરની યશોવિજયજી જૈન ગ્રંથમાળા તરફથી જૈન વિદ્વાનોને આપવામાં આવે છે અને બીજો આ વખતે અપાયેલો 'શ્રી બુધ્ધિસાગરસુરિ સાહિત્ય ચંદ્રક' આ બન્ને ચંદ્રકની યોજનાનો ઉદભવ કેમ થયો તેનો ઇતિહાસ રજુ કર્યો અને ત્યારબાદ શ્રી બાલાભાઇ પોતાની વાર્તાની કેમ ગુંથણી કરે છે અને પોતાની વાર્તાના નાયકના ચરિત્રમાંની કોઇ એક વેધક ઘટનાને મધ્ય સ્થાને રાખીને તે આખા ચરિત્રને કેવી રીતે તેઓ ઉઠાવ આપે છે તે જુદા જુદા દ્રષ્ટાન્તો આપીને વિગતવાર સમજાવ્યું અને છેવટે પંડિત સુખલાલજી ચાલુ વર્ષ દરમિયાન ૭૫ વર્ષ પુરાં કરે છે તે ધ્યાનમાં લઇને તેમને આપણે બધાંએ મળીને પોણો લાખની એક થેલી આપવી જોઇએ અને તે રીતે તેમની અપૂર્વ વિદ્વત્તાની અને અનેકવિધ સાહિત્યસેવાઓની કદર કરવી જોઇએ એમ તેમણે જણાવ્યું.

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ** પ્રત્યુત્તર આપવાની શરૂઆત કરતાં આ નિમિ-તે પોતાના જુના સાથીઓને મળવાનો આવો પ્રસંગ ઉપસ્થિત થયેલો જોઇને ગદ્‌ગદિત થયા હતા અને સાધુઓની સત્તાશાહી સામે વર્ષો પહેલાં સાથે મળીને ચલાવેલી ઝુંબેશને તીવ્ર લાગણીપૂર્વક તેમણે યાદ કરી હતી. આ વિષે આગળ બોલતાં તેમણે જણાવ્યું કે "એ દિવસોમાં મેં પણ ભૂલો કરી હશે. મારા મત પ્રમાણે એ દિવસો અને પછીનાં વર્ષો દરમિયાન પરમાનંદભાઇએ પણ કેટલીક ગંભીર ભૂલો કરી હતી, જેના પરિણામે એ વખતની યુવક શકિત સંગઠિત થઇ ન શકી. નહિ તો એ દિવસોમાં આપણે ઘણું કાર્ય કરી શકયા હોત. શ્રી પરમાનંદભાઇને પોતાની ગંભીર ભૂલો વિષે અન્તર્મુખ બનીને વિચાર કરવા હું વિનંતિ કરું છું. આજે પણ આપણે બધા જુના અને નવા કાર્યકર્તાઓ એકત્ર થઇએ અને વ્યવસ્થિત યોજનાપૂર્વક યુવક વર્ગને સંગઠિત કરીએ તો આપણે ઘણું કામ કરી શકીએ તેમ છે એમ મને લાગે છે. પરમાનંદભાઇ વિષે મને હંમેશા ઘણું માન રહ્યું છે. અને તેથી તેમની સાથે કયારે પણ અથડામણમાં આવતાં મારી જાત પુરતો ખુલાસો કરવાથી મેં વિશેષ કદિ પણ લખ્યું નથી. તેમના સાથેથી આજે પણ આપણે ઘણું સાધી શકીએ એમ છીએ એમ હું ધારું છું અને તે માટે હું તૈયાર છું." એમ તેમણે જણાવ્યું.

**શ્રી બાલાભાઇ** (જય ભિખ્ખુ) એ પોતા માટે આવો પ્રસંગ ઉપસ્થિત કરવા માટે સંઘનો આભાર માનતાં જણાવ્યું કે :-

"આજે મુંબઇ યુવક સંઘ તરફથી મારું જે ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું છે, તે માટે આપનો આભારી છું. મારા સાહિત્ય વિષે જે કહેવામાં આવ્યું છે, તેવું તે છે કે નહિ, તે પણ હું જાણતો નથી. મારું સાહિત્ય મારા આનંદ માટે સરજાયું છે. એનો પ્રસવ એક અજાણી વેદનામાંથી થયો છે. ગામડાં ગામમાં રહેતા મને એક સખી મળી હતી. એ નાગર હતી. બાળવિધવા હતી. એણે રામાયણ, મહાભારત મને વંચાવ્યાં. અરેબિયન નાઇટસની સુંદર વાતોનો કલ્પનાસંભાર મને આપ્યો. પછી હું આગ્રા ને કાશી જેટલે ભણવા ચાલ્યો ગયો. ત્યાં સમાચાર મળ્યા કે એ નિર્દોષ પ્રેમની મૂર્તિમાંથી સખી ગુજરી ગઇ. એ વેદના ગુરુકુળના વાતાવરણમાં કોને કહું ? જે રીતે ગોર્કીએ જેમ ઉંદરોને પોતાનું દુઃખ કહી વેદના ઠાલવી કરી હતી એમ મેં કાગળના પૃષ્ઠ પર મારી વેદના ઠાલવી.

"એ મારી પહેલી વાર્તા. હાજી મહમદના વીસમી સદીમાં છપાયેલી. હાજી મહમદ એ વેળા ગુજરી ગયેલા.

"આ તો વાર્તા લખવાના આરંભની વાત થઇ. પણ ભણતર તો જુદું જ હતું. સંસ્કૃત ભાષાની છેલ્લી ઉપાધિ લઇને નીકળ્યો હતો. કોઇ મુનિરાજને ભણાવવાનું કે કોઇ ધાર્મિક પાઠશાળાના માસ્તર થવાનું સરજત મળ્યું હતું. ટુંક અનુભવમાં મને ધાર્મિક માસ્તરનું સ્થાન ખૂબ જ હીણું લાગ્યું. ત્યારે શું કરવું ? વેપાર, રળવાનું, નોકરી બધું તૈયાર હતું, પણ મેં માતા સરસ્વતીનો પલ્લો પકડી લીધો. મેં કહ્યું: "મા તારામાં મારો આનંદ છે. તું મને સંભાળજે !"

"એ દિવસથી આજસુધી મારા પોતાના આનંદ ખાતર, ને સરસ્વતીને ચરણે બેઠો હોવાથી, આજીવિકા ખાતર લખ્યું છે. મનની માન્યતાઓને સાકાર રૂપ આપવા લખ્યું છે. જૈન ધર્મની વિશાળતા બતાવવા 'કામવિજેતા સ્થુલિભદ્ર' લખ્યું. અસ્પૃશ્યતાનો પ્રશ્ન ચર્ચવા 'મહર્ષિ મેતારજ' લખ્યું. માનવધડતરની દૃષ્ટિએ ભગવાન ઋષભદેવ

લખ્યું; બિનમજહબી શાસને માટે 'વિકમાદિત્ય હેમૂ' ના ત્રણ ભાગો લખ્યા. સમાજ સુધારાની દૃષ્ટિએ 'પારકા ઘરની લક્ષ્મી' વગેરે પુસ્તકો લખ્યાં. વાર્તાઓ પણ અમુક માન્યતા કે સિધ્ધાંત વ્યકત કરવા લખી છે. વાર્તા દશ પાનાંની હોય, કહેવાનું ફકત બે લીટીમાં જ આવી જાય.

"અજ્ઞાન જેમ ખોટું છે, તેમ માત્ર જ્ઞાન પણ ખોટું છે. ત્યાં વિવેકની જરૂર છે. આપણા સમાજના મોટા ભાગના ઝઘડા જ્ઞાનીઓએ ઊભા કર્યા છે. મેં કદી ઝઘડામાં રસ લીધો નથી. કોઈ સાથે વાતનો મેળ ન બેસે ત્યારે કહું છું:-

"એક ગામમાં એક નામના બે માણસ હોઈ શકે, તમારા મહાવીર ને મારા મહાવીર નામે એક હશે, વ્યકિત તરીકે કદાચ જુદા હશે."

"મારા સાહિત્ય સામે જૈનોએ ખૂબ વિરોધ કરેલો છે. એક મુનિજને તે સામે આખું પુસ્તક લખી, મારા જેવા લેખકોનાં પુસ્તકોનો બહિષ્કાર કરવા સુચવેલું. અને એની સામે આજે એવા મુનિરાજો છે, જેઓ મારા સાહિત્યનો ગામે ગામ પ્રચાર કરે છે. મારી પ્રગતિમાં આ બંને પ્રકારનાં માનસનો ફિસ્સો છે.

"તમે મને જૈન સાહિત્યસેવા માટે અભિનંદન આપો છો, પણ હું તો આર્ય સંસ્કૃતિના વિશાળ સાહિત્યનો પૂજારી છું જૈન, બૌદ્ધને બ્રાહ્મણ. આ ત્રણે સંસ્કૃતિનો હું આર્ય સંસ્કૃતિમાં સમાવેશ કરું છું તે એ રીતે હું આગળ વધી રહ્યો છું.

"યુવક પ્રવૃત્તિમાં મારો આડકતરો અનુભવ છે. સક્રિય કે સીધો કંઈ રસ નથી, મુંબઈના આગેવાન યુવકોને હું પૂરા જાણતો નથી: પણ શ્રી. પરમાનંદભાઈ જેવાને જ્યારે જોઉં છું, વાંચું છું; ત્યારે મને એક યુવક હૃદય સતત જાગ્રત ચોકીદારી કરતું હોવાનો ખ્યાલ આવે છે. તેમના તરફ મને અંતરમાં હંમેશા ભાવ રહ્યો છે. એ બીજમાંથી ભાવિમાં જરૂર મધુર વડલો ઊગશે.

"છેલ્લે, આપે મને જે માન આપ્યું તે મને નહિ, પણ જેનાં ચરણે મેં સેવ્યાં છે એ માતા સરસ્વતીને આપ્યું છે. એ મારું ને તમારું-ઉભયનું કલ્યાણ કરો!"

અન્તમાં **શ્રી લીલાવતી બહેને** પ્રમુખસ્થાનેથી સરસ્વતીના આ બે લાડીલા બંધુઓને ભાવભરી અંજલિ આપી, જૈન કથાઓ માટેક જૈન નાટિકાઓ રચવા આગ્રહ કર્યો અને સંઘના મુખપત્ર 'પ્રબુધ્ધ જીવન' તથા જૈન મહિલા સમાજના મુખપત્ર 'વિકાસ' માટે લેખો તથા વાર્તાઓ મોકલતા રહેવા વિનંતિ કરી અને હારતોરા વડે બંનને ભાઇઓનું સન્માન કર્યું.

## સંઘર્ષભીરૂ

(એક મિત્ર સાથે અમુક એક વ્યકિતવિશેષ વિષે વાત નીકળતાં તેમનો દંભ, પ્રસિધ્ધિપ્રિયતા, અંગત માન્યતા એક અને ઉપદેશ બીજો, મોટા મોટા માણસોનાં પ્રમાણપત્રો મેળવવાનો મોહ, અને સાધુતાનો ભારે આડંબર-આ બધી બાબતો વિષે વાત નીકળી; આ મિત્રના તે વ્યકિતવિશેષ સુપરિચિત હતા. મેં આ મિત્રને કહ્યું કે "જ્યારે તમે તેમની બહુ નિકટમાં છો તો તેમને આ બધી મુદ્દાઓ વિષે તમારે સ્પષ્ટપણે કહેવું જોઇએ." તે મિત્રે જવાબ આપ્યો કે "હું મુજસે નહિ બન શકતા. **મેં સંઘર્ષકા હામી નહિ હું.** જિસમેં જિતની બાત ઠીક હો ઉસકી ઉતની બાતકા સ્વીકાર કરે. બાકી ઉસકી બાત વહ જાને." આ તેમનો જવાબ સાંભળીને હું એલ્ફીન્સ્ટન કોલેજમાં ભણતો હતો તે સમય દરમિયાન વાંચેલું એક કાવ્ય મને યાદ આવ્યું. એક કાવ્ય મારા મિત્રના સંઘર્ષભીરૂ વલણને સ્પષ્ટ અને સચોટ જવાબ આપે છે. દરેક ભાવનાશાળી યુવાને આ કાવ્યને પોતાનો જીવનમંત્ર બનાવવાની જરૂર છે. આ કાવ્યના ભાવને વિશ્વબંધુત્વની ભાવના સાથે વિરોધ છે એમ કોઇ ન સમજે. વિશ્વમૈત્રીનો સાચો અર્થ એ મૈત્રીનો દ્રોહ કરનાર તત્વોને આ વિશ્વમાંથી નાબુદ કરવામાં રહેલો છે. "મારા સૌ કોઇ મિત્રો છે. તે સારું કરે, બરાબ કરે તે સાથે મારે કશી લેવા દેવા નથી. હું કોઇને કડવું વચન શું કામ કહું?" આવી દેખાવની ભલાઇ પાછળ કેવળ કરપોકતા, સ્વાર્થસાધુતા અથવા ખુશામતખોરી રહેલી હોય છે. આ કાવ્યના ગુજરાતીમાં બે અનુવાદો થયા છે તે અંગ્રેજી નહિ જાણનારને મૂળ અંગ્રેજી કાવ્યનો ભાવ સમજવામાં મદદરૂપ થશે એમ ધારીને મૂળની સાથે સંકલિત કરવામાં આવ્યા છે. **પરમાનંદ**)

**COWARD**

You have no enemies, you say?
Alas; my friend, the boast is poor-
He who has mingled in the fray
Of duty, that the brave endure,
Must have made foes. If you have none,
Small is the work that you have done;
You've hit no traitor on the hip,
You've dashed no cup from perJured lips,
You've never turned the wrong to right,
You've been a coward in the fight.

*Charles Mackay.*

**ભીરૂ**

(ઝૂલણા)

'ધરા પર મારૂ કોઇ શત્રુ નથી'
કાયરો એ અહંકાર ધરતા;
મર્મ કર્તવ્ય-સંગ્રામના જંગમાં
લાખ શત્રુને રકતે નિતરતા.
તું રિપુહીન હોવાની શેખી ન કર,
બંધુ! નિર્વીર્ય એ દર્પ ગાવે;
બ્હાદુરો સત્યને કાજ નિર્ભમ બની
મિત્રની શત્રુતાયે વધાવે!
દેશદ્રોહી તણી કમર પર ત્રાટકી
તેં નથી મિત્ર શું ઘાવ દીધા?
જૂઠડી જીભ પરથી અમી-કટોરા
તેં નથી મિત્ર શું ધૂળ કીધા?
ધર્મને વેશ પાખંડ પૂજાય ત્યાં
બંધુ! શું ખડ્ગ લૈ તું ન ધાયો?
સત્યના સ્વાંગ પ્હેરી ઊભું જૂથ ત્યાં
લડીને મિત્ર શું નવ ઘવાયો?
સૌમ્ય તું! ભલો તું! સંત ભદ્રિક તું!
ભાઇ, એ છે બધી તારી ભ્રમણા;
રંક તું, દીન તું, ભીરુ કંગાલ તું,
સ્વાદ ચાખ્યા નથી તેં જખમના.

**ઝવેરચંદ મેઘાણી**

## નહિ કોઇ દુશ્મન?

મિશ્રોપજાતિ

"મારે ન કો દુશ્મન" તું કહે? અહા
શી રાંક તારી ઇહ શેખી છે ખરે?
જે ઝંપલાવે શૂર જેમ તે મહા-
કર્તવ્ય યુધ્ધે કંઇ દુશ્મનો કરે
છે નિત્ય; તારે યદિ કો' ન દુશ્મન
થોડાં જ તે, આંહિં કરેલ કાર્યો!
તેં ખત્મ કીધો કદી દેશદ્રોહી ન,
મોઢે તમાચો ન કદીય માર્યો
તોડે પ્રતિજ્ઞા પળમાંહી તેને
કે ના જુઠાણાં સહુ તોડવાને
ઝૂઝ્યો કદી; તદ્દન બાયલો ખરે
તું રહ્યો સદા જીવન યુધ્ધમાં અરે!

**ગીતા પરીખ**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૯.
મુદ્રણસ્થાન: જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ, ૯.

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૨૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧૫, ૧૯૫૫, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## શ્રી કૃષ્ણમૂર્તિ અને બૌદ્ધવિચારસરણી

( આ લેખના લેખક શ્રી પદ્મનાભ જૈન મુંબઈ યુનીવર્સીટીના એમ. એ. થયા બાદ બે વર્ષ સીલોન રહ્યા અને બૌદ્ધ ધર્મના મૂળ ગ્રંથોનો તેમણે ઉંડો અભ્યાસ કર્યો હતો. તેઓ બનારસ હિંદુ યુનીવર્સીટીમાં પાલી ભાષા અને બૌદ્ધ સાહિત્યના અધ્યાપક છે. પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં શ્રી જે. કૃષ્ણમૂર્તિના વ્યક્તિત્વ અને વક્તવ્યનો જે પરિચય આપવામાં આવ્યો છે તેમાં ઉપયોગી પૂરવણી થશે એમ સમજીને આ લેખ નીચે પ્રગટ કરવામાં આવે છે

તંત્રી)

શ્રી કૃષ્ણમૂર્તિના તત્વજ્ઞાનનો પરિચય આપનાર એક સરસ લેખ શ્રી પરમાનંદભાઇએ હમણાં જ પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કર્યો છે. આ લેખ વાંચીને કૃષ્ણમૂર્તિના વ્યાખ્યાનો સાંભળ્યા પછી પ્રથમ મારા મનમાં જે ભાવ જાગૃત થયા હતા અને જે તુલના મેં બૌધ્ધ વિચારો સાથે કરી હતી તે લખવાની સ્ફુર્તિ થઇ. મેં પ્રથમવાર એમનું વ્યાખ્યાન સાંભળ્યું તે કોલંબોમાં. પાંચ વર્ષ પહેલાં હું ત્યાં બૌધ્ધ ધર્મના અભ્યાસ માટે ગયેલો. ભ. બુધ્ધના અનાત્મવાદ જેવા ગહન અને સૂક્ષ્મ તત્વજ્ઞાનનો અભ્યાસ કરતો હતો તે પ્રસંગે શ્રી કૃષ્ણમૂર્તિના વ્યાખ્યાનો સાંભળ્યાં હતાં. તે સમયે

મને એમ થયું કે કૃષ્ણમૂર્તિની વિચારસરણી ઘણા અંશે ભ. બુધ્ધના વિચારોને મળતી આવે છે અને આજે ભ. બુધ્ધનું જીવન, તેમનો ઉપદેશ આપવાનો ઢંગ અને તત્વજ્ઞાનનો વિચાર કરું છું ત્યારે એમ જ લાગે છે કે શ્રી. કૃષ્ણમૂર્તિ જાણે બુધ્ધની પરંપરાને આગળ ન ચલાવતા હોય! જો કે પોતે શ્રી કૃષ્ણમૂર્તિ એનો ઇન્કાર કરશે એમ છતાં જે સામ્ય હું જોઉં છું એથી મારી ધારણા સાચી પડતી હોય એમ લાગે છે. શ્રી કૃષ્ણમૂર્તિ વારંવાર એમ કહે છે કે કોઇ ગુરૂ કે ગ્રન્થને પ્રમાણ ન માનવો. એ વિષે વધારે ચર્ચા શ્રી પરમાનંદભાઇએ કરી જ છે. ભ બુધ્ધના જીવનનું–એમણે જે રીતે સત્યની શોધ કરી અને એની પ્રાપ્તિ કરી એ માર્ગનું–અધ્યયન કરતાં એમ જ લાગે છે કે ભ બુધ્ધે કોઇ ગુરૂ કે ગ્રન્થના આધારે સત્ય પ્રાપ્ત કર્યું નથી. પ્રવ્રજ્યા લીધા પછી ભ. બુધ્ધ છ સાત વરસ સુધી જુદા જુદા મતોના ચક્કરમાં પડયા તે કાળમાં જે શ્રમણ અને બ્રાહ્મણ પરંપરાઓ હતી, તેમના જે આચારવિચાર હતા તેની પાલના પણ તેમણે કરી અને આખરે એ બધી તપસ્યાઓની અને તત્વજ્ઞાનોની અસારતા જોઇને એમણે એનો ત્યાગ કર્યો. એમના સાથીઓએ તો એમજ કહ્યું કે આ તો ભ્રષ્ટ થયા. ભ. બુધ્ધે ત્યાર પછી જે માર્ગ લીધો છે એ ન તો વેદમાં વર્ણવ્યો છે કે ન તો ઉપનિષદમાં. અને બૌધ્ધના પૂર્વકાળમાં થયેલા જૈન સંપ્રદાયમાં પણ એ માર્ગનો ઉલ્લેખ નથી. ભ. બુદ્ધ પોતે જ કહે છે કે બીજા બધા માર્ગો જ્યારે અસત્ય છે એમ તેમને લાગ્યું ત્યારે એમણે એ બધાનો ત્યાગ કર્યો અને પોતાનો માર્ગ કાઢયો. એટલા માટે જ તો એમને સ્વયંબુધ્ધ કહેવામાં આવે છે. એમનો દાવો પણ છે કે એમનો કોઇ ગુરૂ નથી. ભ. બુધ્ધે જ્યારે બોધિપ્રાપ્ત કર્યા પછી ધર્મચક્ર પ્રવર્તન (પ્રથમોપદેશ) કરવા સારનાથ આવે છે ત્યારે ઉપક નામનો એક આજીવક એમને મળે છે. ભગવાનની પ્રસન્ન ચર્યા અને પરિશુધ્ધ, ઊજ્જ્વલ તેજ જોઇને એ પૂછે છે કે હે "આયુષ્મન્! આપ કોણ છો? કોની પ્રેરણાથી આપે પ્રવ્રજ્યા લીધી, આપના શાસક કોણ. કોનો ધર્મ આપને રૂચે છે?" ભગવાન કહે છે : "ઉપક! મે તૃષ્ણાના ક્ષયથી, પોતાના પુરૂષાર્થથી જ શ્રેષ્ટજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. હું કોને મારા ગુરૂ તરીકે ઓળખાવું? ન તો મારો કોઇ આચાર્ય છે કે ન શાસક. હું એકલો સમ્યક્ સંબુધ્ધ છું અને હું જ મારો શાસક છું." *

ભગવાનની એ દર્પોક્તિ નથી. સાચે જ એ વસ્તુ છે. ભ. બુધ્ધનો કોઇ ગુરૂ ન હતો અને હોત તો ભગવાને જરૂર એનો ઉલ્લેખ કર્યો હોત.

પણ ગુરૂ કે શાસ્ત્ર ન માનવાં એનો અર્થ શો? આપણે કોઇ અનુભવી પાસે જઇએ કે શાસ્ત્ર વાંચીએ એટલાથી ગુરૂને માન્યા એમ નથી હોતું. એનો ગંભીર અર્થ તો એ જ લેવાનો રહ્યો કે આપણી જે શાસ્ત્રવાસનાઓ હોય છે એનો ત્યાગ. શાસ્ત્રવાસનાનો અર્થ એ છે કે જન્મથી જ માબાપના અને બીજા સમાજમાંથી મળી આવતાં જે જે સંસ્કારો આપણાં મન ઉપર હોય એ સંસ્કારનો પુંજ. એ સંસ્કારો એટલાં પ્રબળ હોય છે કે એનો અન્ત મૃત્યુ સાથે પણ થતો નથી. આ એક inherited–વારસાપ્રાપ્ત–વસ્તુ પણ કહેવાય. આપણે ઘણાં આધ્યાત્મસાધક સંતોના જીવનમાં એવું વાંચીએ છીએ કે અમુકને ભગવાન અમુક રીતે પ્રત્યક્ષ થયા. હવે જે આવી સાધનામાં માને છે એ લોકો પણ ઇનકાર નથી કરતા કે આ તો પોતપોતાની શાસ્ત્રવાસનાને અનુલક્ષીને જે ઇશ્વરદર્શન આદિ થાય છે. આ શાસ્ત્રવાસના માણસને જેમ શ્રધ્ધાનું બળ આપી શકે તેમ જ અન્ધશ્રદ્ધા પણ આપી શકે છે એ અન્ધશ્રધ્ધા શ્રધ્ધા કરતાંયે વધારે શકિતશાળી હોય છે. દાખલા તરીકે જુઓ. શૈવ ઉપાસનામાં જે માનતા નથી તેમને

* सयं अभिञ्ञाय समुद्दिसेय्यं ? न मे आचरियो अत्थि, सदिसो मे न विज्जति । —महावग्ग

શિવલિંગ એ વસ્તુ વિશે કાંઇક વિચિત્ર જેવું લાગશે અને એ જ શિવલિંગ અબોધ હિંદુના મનમાં કોઇ વિકૃતિ પેદા નથી કરતું. જ્યારે એ જ શૈવને દિગંબર મૂર્તિઓ પ્રત્યે ઘૃણા થાય છે એવો અનુભવ છે. આનો અર્થ શો? શાસ્ત્રવાસના એ જ ઉત્તર છે. એ શાસ્ત્રવાસના જેવી હોય એ પ્રકારની સાધના કરવાની સ્વાભાવિક પ્રેરણા થાય છે, એની સાધના કરવામાં શ્રધ્ધા સહજ પ્રાપ્ત થાય છે અને એને અનુકૂળ એવા જ સત્યની ઝાંખી પણ મળે છે. એટલે જે લોકોએ શાસ્ત્રને અનુસરણ કરીને સત્યની શોધ કરી એમણે અંતે જતાં એ સત્યનું વર્ણન એવું જ કર્યું કે જેવું શાસ્ત્રમાં લખેલું હતું. વેદ અને ઉપનિષદમાં સર્વવ્યાપી બ્રહ્મનું જે શબ્દોમાં વર્ણન છે એ જ શબ્દોમાં શંકરાચાર્ય બ્રહ્મની વ્યાખ્યા કરે તો એમ માનવાનું કારણ નથી કે શંકરાચાર્ય તો કેવળ ઉપનિષદમાં જે કહ્યું છે એજ ફરી ફરીને કહે છે. એમની સાધનાનો પાયો ઉપનિષદનો બ્રહ્મવાદ છે એટલે એમણે જે રીતે બ્રહ્મનું દર્શન કર્યું હશે તે વિશે તે બીજા કોઇ શબ્દનો ઉપયોગ જ ન કરી શકે. એવી જ રીતે તે ભ. મહાવીરે ભ. પાર્શ્વનાથની પરંપરામાંથી જે શાસ્ત્રવાસના મેળવી હતી એથી બીજી રીતે તે પરમ સત્યનું વર્ણન કરી શકત એ અસંભવિત છે. આધુનિક યુગના તપસ્વી શ્રીમદ્ રાજચંદ્ર વાંચતાં પણ એમજ લાગે કે ભ. મહાવીરની શાસ્ત્રવાસના લઇને જ શ્રીમદ્ પણ સત્યનું દર્શન કરી રહ્યા છે. પરમ વૈષ્ણવ મહાત્મા ગાંધીજી વિશે પણ એવું જ કહી શકાય. વૈદિક અને જૈન બન્ને દર્શનોમાં જે આત્મતત્વનું વર્ણન છે એ પરંપરાગત અને સનાતન છે, એ બન્નેમાં ગુરૂની માન્યતા છે અને શાસ્ત્રનું પ્રામાણ્ય પણ છે.

જ્યારે ભ. બુધ્ધમાં એથી જુદું જ આપણે જોઇએ છીએ. ભ. બુધ્ધે પોતાનો તત્વજ્ઞાન અને સાધનાનો માર્ગ તદ્દન સ્વતંત્ર કર્યો છે. આત્મા અને બ્રહ્મ વિષે કે પ્રકૃતિ અને પુરૂષ વિશે જે જે જાતની હુજરો કલ્પનાઓ, જે શાસ્ત્રવાસનાની જડ જેવી છે એમનું એમણે ખંડન કર્યું. કોઇ પણ દૃષ્ટિ ન રાખવી, સર્વ દૃષ્ટિઓનો અપરિગ્રહ એ એમના ઉપદેશનો મર્મ છે. "शून्यता सर्वदृष्टीनाम्॥ એ લક્ષકાર આપણે બુધ્ધના ઉપદેશમાં જોઇએ છીએ. એનો અર્થ શો? એનો અર્થ કેવળ તત્વજ્ઞાન પુરતો નથી. કોઇ પણ પૂર્વગ્રહ, (જેને કૃષ્ણમૂર્તિ "Conditioning" એમ કહે છે) મત કે ધારણાનો સર્વથા ત્યાગ કરવો એ ભગવાનનો પ્રથમ ઉપદેશ છે. ભગવાને એમ કહ્યું હતું. કારણ પચ્ચ સ્પષ્ટ છે. એમણે પોતે જ્યારે સૌ કોઇ મતમતાંતરોની અસારતા જોઇને ત્યાગ કર્યો ત્યારે જ તેઓ સત્યનાં દર્શન કરી શકયા, અને ગુરૂ, ગ્રન્થ, મત, દૃષ્ટિ, સાધનાનો અમુક જ માર્ગ, યોગની અમુક જ પ્રક્રિયા એ બધાંનો અને એ વિશેના આગ્રહનો જ્યારે એમણે ત્યાગ કર્યો ત્યારે જ એમનું મન મુકત થયું. બૌધ્ધ ધર્મમાં "चित्तविमुक्ति" નામનો વિશેષ શબ્દ છે એનો અર્થ પણ એ જ છે. "अधिवाविमुक्ति" એવો પણ એક શબ્દ છે જે સામાન્ય અર્હતો માટે ઉપર્યુકત થાય છે. પરંતુ ચિત્તની વિમુક્તિનો અર્થ ચિત્તને વિચારથી પર એવા સ્તરમાં લઇ જવું એ જ છે શ્રી કૃષ્ણમૂર્તિ જે જાતની સાધના કહે છે એ સાધના અને સાધ્ય એ બન્ને ભ. બુધ્ધની સાધના અને સાધ્યથી જુદાં લાગતાં નથી. ભ. બુધ્ધની સાધના હતી "स्मृत्युपस्थापन" એને પાલીમાં સતિપટ્ઠાન કહે છે. ક્ષણ ક્ષણમાં ચિત્તને વિવેકી કરવું અને સમાધિ પ્રાપ્ત કરવી એ જ એ સાધના છે.× "Moment to Moment Living" એ જે કૃષ્ણમૂર્તિ કહે છે એ વાત અને ભગવાન જે સ્મૃત્યુપસ્થાપન કહે છે એમાં મને જરાયે અન્તર લાગતું નથી.

કૃષ્ણમૂર્તિની બીજી વિશેષતા છે એમની સંદિગ્ધતા. એમને શું કહેવું છે, પરમતત્ત્વ વિશે એમનો શો ખ્યાલ છે એ તેઓ કહેતા નથી. "તમે પોતે જ જાણી લો, Ready-made ઉત્તરો શા કામના?" એવી એમની દલીલ હોય છે. એથી વધારે કહેનો એટલું જ કહે છે કે સત્ય તો વાણીથી બોલાય જ નહિ. બોલો એટલે અસત્ય થઇ જાય. ભ બુધ્ધનો ઉપદેશ વાંચનાર જરૂર મુંઝાય એવો છે. ભગવાને નિર્વાણ વિશે કશું કહ્યું નથી નિર્વાણ તો ઠીક, પણ જે તત્વજ્ઞાનની ભૂમિકા સમાન વાતો-જેમ કે આત્મા નિત્ય કે અનિત્ય, જીવ શરીર એક કે અનેક–એવા પ્રશ્નો વિશે ભગવાને જે મૌન સેવ્યું છે એ ખરેખર ગહન છે. પ્રશ્ન એ થાય છે કે આટઆટલો આગ્રહ એમના શિષ્યોએ એમને કર્યો તોયે ભગવાને નિર્વાણ વિશે કશું જ કેમ ન કહ્યું?

સત્યનો કશો જ બોધ એમને થયો નહોતો એમ માનીએ એ પણ બરાબર નથી. તેમના એક શિષ્યે આવો પડકાર એમને કર્યો હતો કે "આપને ઉત્તર આવડતો ન હોય તો એમ કહો કે હું ઉત્તર નથી જાણતો." ભગવાને ના તો ન પાડી. પછી એમ કેમ?*

આનો ઉત્તર એ જ આપી શકાય કે ભગવાન નિર્વાણ સંબંધમાં કંઇ કહ્યું ન કહે એ સ્વાભાવિક જ છે. કેમ કે એમની પાછળ શાસ્ત્રવાસના નહોતી. વેદ કે ઉપનિષદને અનુસરીને એમણે સત્યપ્રાપ્તિ કરી હોત તો એ ચોકકસ એમ જ કહેત કે "તે સચ્ચિદાનંદ કે 'सत्यं शिवं सुन्दरम्' છે. જૈનો પ્રમાણે એમનો આચારવિચાર હોત તો કહેત કે કૈવલ્યસ્વરૂપ અનન્તચતુષ્ટય છે. પરંતુ ભગવાને કોઇ પણ શાસ્ત્ર કે ગુરૂનું કે પરંપરાનું અવલંબન લીધું નહિ અને સર્વ શાસ્ત્રવાસનાઓનું ખંડન કરીને તેઓ આગળ વધ્યા. જ્યારે સત્યનું દર્શન થાય છે ત્યારે તો વર્ણન ન થાય પરંતુ તે પછી જ્યારે 'Retrospection'–પૂન:નિરીક્ષણ-નો કાળ આવે ત્યારે જે જાતનાં વર્ણનો અન્ય સિદ્ધો કરે છે એ રીતે ભગવાન બુધ્ધે ન કર્યું. ખરેખર 'शून्यवाद' એ શબ્દ વધારે માર્મિક લાગે છે. આચાર્ય ચંદ્રકીર્તિ જ્યારે अस्ति–नास्ति–उभय–अनुभय–એ ચારે કોટિઓનો ત્યાગ કરીને બેસે છે ત્યારે કહે છે કે–આનો અર્થ એટલો જ કે सांसारिक मार्गोथी निर्वाणनुं ज्ञान न थइ शके. (न हि सांसारिकेण मार्गेण निर्वाणं अधिगन्तुं शक्यम्.). ભગવાન બુદ્ધને જો કોઇ ગુરૂ હોત કે કોઇ પરંપરા હોત તો તે પરંપરામાં આત્મા–અનાત્મા કે મુકિત વિષે જેવું કહ્યું હોત તે રીતે શબ્દનો ઉપયોગ કરત. પરંતુ ભગવાન તો શાસ્ત્રવાસનાથી મુકત હતા.

એટલે આપણે જોઇએ છીએ કે શ્રી કૃષ્ણમૂર્તિનાં પ્રવચનોમાં જે વાતો વારંવાર આવે છે એમાંની ઘણી ચીજો તો મને ભ. બુધ્ધની જ લાગે છે ઇશ્વરવાદ તો બન્ને માનતા નથી. એટલે એ અધિક પાસે આવે છે. બન્ને પૂર્વકાળથી ચાલી આવતા શબ્દોનો અર્થ પણ જુદો જ કરતા હોય છે. હવે એવો પ્રશ્ન પૂછાશે કે કૃષ્ણમૂર્તિ તો કોઇ Organised Community–સંગઠિત સંસ્થા–માં માનતા નથી જ્યારે ભગવાને સંઘ સ્થાપ્યો. આ ફરક તો રહેવાનો જ. કેમકે ભગવાનને અનન્ય જીવનદર્શન થયેલું તેના પ્રચારની એમનામાં ધગશ હતી. એ ધગશ પાછળ જીવોનાં દુ:ખને જોઇને પ્રગટેલી મહાકરૂણા કાર્ય કરી રહી હતી. આમ છતાં એક વાત યાદ રાખવી જોઇએ કે ભગવાને પોતાને સંઘના મુખ્યાધિકારી નહોતા માન્યા. એટલું જ નહિ પણ નિર્વાણ સમયે કહી ગયા હતા કે પોતે કોઇ વ્યકિતને શાસ્તા–શાસક–કરવાના નથી. આત્મદીપ આત્મશરણ ધર્મદીપ ધર્મશરણ, અનન્ય શરણ એ ભગવાનના ઉપદેશની શ્રી કૃષ્ણમૂર્તિનાં પ્રવચનો સાંભળીને યાદ આવે છે.

પદ્મનાભ જૈન

× एकायनो अयं भिक्खवे मग्गो, यदिदं चत्तारो सतिपट्ठाना।–दीघनिकाय.

* चूलमालुंक्यसुत्त, मज्झिमनिकाय.

# અપંગ છતાં અનુપમ

('અપંગની પ્રતિભા' ના ઉપોદ્‌ઘાતમાં જે સન્નારી વિશેષને 'નેત્ર વિનાની નેત્રી' તરીકે કાકાસાહેબ કાલેલકરે વર્ણવેલ છે એમનાં ડૉ. મીસ હેલન કેલર ફેબ્રુઆરી માસની ૨૪ મીએ મુંબઈ આવ્યા અને અઠવાડીયું ગવર્મેન્ટ હાઉસમાં સરકારી મહેમાન તરીકે રહી ગયાં. તે દિવસોમાં શ્રી મંગળદાસ પકવાસા મુંબઇ પ્રદેશના ગવર્નર હતા અને એ કારણે તેમનાં પુત્રવધૂ શ્રી પૂર્ણિમા બહેન પકવાસાને શ્રી હેલન કેલરના સહવાસનો અસાધારણ લાભ મળ્યો હતો. આ હકીકત ધ્યાનમાં રાખીને શ્રી હેલન કેલર વિષેનાં થોડાંક સ્મરણો લખી આપવા મેં શ્રી પૂર્ણિમા બહેનને વિનંતિ કરી જેના પરિણામ રૂપ મળેલું લખાણ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

જ્યોતિર્મયી હે!
પ્રફુલ્લ ને દીપ્તિભર્યાં મુખામ્બુજે
તમિસ્રના પુંજતણી દીસે નહીં
જરાય કો દુઃખદ કલેશકા લિમા.

પિનાકિન ત્રિવેદી.

આજે સવારનાં પહોરમાં જ્યારે "તમારી આવરદા તો સો વરસની છે." એમ મને કહેવામાં આવ્યું ત્યારે હસતાં હસતાં મારાથી કહેવાઇ ગયું કે "આ કાંઇ આશીર્વાદ ન કહેવાય. સો વરસ તો શું પણ મને તો સિતેર વરસ પણ જીવવું ન ગમે." ડૉ. હેલન કેલર જે દિવસે અમારી સાથે ચહા લેવા આવવાનાં હતા તે સવારનીજ આ વાત છે. આ ચર્ચા ચાલતી હતી ત્યાંજ તેઓ એમનાં સાહેલી મીસ પોલી થોમ્સન સાથે દેખાયાં. હસતાં હસતાં, અભિવાદનો સ્વીકારતાં સ્વીકારતાં અને કેમેરાના કાચમાં કેદ થતાં તેઓ અંદર આવી પહોંચ્યા.

ડૉ. હેલનવિષે ખૂબ સાંભળ્યું હતું, અને બની શકે તેટલું વાંચી પણ લીધું હતું. એટલે એમને મળવાની તીવ્ર ઉત્કંઠા હતી. ખાસ કરીને એક બહેરી, આંધળી અને મુંગી વ્યકિત આટલું બધું ભણીને વિદુષી શી રીતે બની હશે તેનું આશ્ચર્ય થતું હતું. ૭૫ વર્ષની ઉંમરે જગતના બીજાં સમદુઃખી ભાઇ બહેનોની ભાળ કાઢવા અને બની શકે તેટલી મદદ અને સહાનુભૂતિ પહોંચાડવા જેમણે આવડા મોટા પ્રવાસનો શ્રમ ઉઠાવ્યો તે વ્યકિત તરફ મન તો કયારનુંય આદરથી ભરાઇ ગયું હતું. એમને માટે મારી જિજ્ઞાસાનો કોઇ પાર નહોતો. અનેક પ્રશ્નો મનમાં ઉઠતા હતા. તેઓ આવશે એટલે એક સામટું કેટલું બધું પૂછી નાંખીશ એમ થતું હતું. એમનું પ્લેઇન પાંચ કલાક મોડું હોવાથી સાંજે ૫ વાગે ગોઠવેલી મુલાકાત બીજે દિવસે સવાર પર ગોઠવાઇ, આટલા સમયમાં તો એમના વિષે વિચાર કરતાં કરતાં એક કલ્પના-ચિત્ર મનમાં દોરાઇ ગયું હતું. કેવી શાંત અને ઠરેલ એમની ચાલ હશે! તેજસ્વી અને ગંભીર એમનો ચહેરો હશે! વિદ્વતાની ચમક એમનાં મ્હોંપર હશે! ગૌરવાન્વિત એમનું વ્યકિતત્વ હશે! ૭૫ વર્ષની ઉમર સાથે ગંભીરતા અને ઠરેલપણું આદિ ગુણો આપણે બહુ સહજ રીતે ગોઠવી દઇએ છીએ. પણ ના, મારી કેટલીક કલ્પના તો પ્રથમ પરિચયે જ ખોટી પડી. મોટરમાંથી ઉતરતાંજ પોલીનો હાથ પકડીને તેઓ એકદમ સરળતાથી નાનું બાળક માની આંગળીએ હસતું રમતું ચાલ્યું જાય તેમ તેઓ ચાલી આવતાં હતાં. આ ભૂમિ જાણે તેઓને તદ્દન પરિચિત હોય તેવી સાહજિકતાથી તેઓ ટપટપ કદમ ઉઠાવતા હતાં. એમનાં મ્હોંપર કોઇ પ્રકારની અસહાયતા, નિર્બળતા કે દીનપણું નહોતું. એમનો હસતો સદા પ્રસન્ન ચહેરો ખરેખર ખુબ આકર્ષક લાગતો હતો. હું ઉઠીને સામે લેવા ગઇ, એક હાથ પોલીએ પકડ્યો, અને એમ બધાં બેઠકખંડમાં આવ્યાં. પરિચયવિધિ થયો. મારોવારો આવ્યો ત્યારે તેમણે મારા મ્હોંમાથે હાથ ફેરવવાની ઇચ્છા દર્શાવી, જે મેં ખુશીથી સ્વીકારી. હાથ ફેરવતાં ફેરવતાં એમનાં મ્હોંપર બદલાતા જતા ભાવોનું નિરીક્ષણ કરવાની આ સુંદર તક હતી. આનંદથી હસુ હસુ થતાં એમના ચહેરાપર ચિત્રવિચિત્ર ભાવો અંકિત થતા જતા હતા. નાક, કાન બારીકાઇથી તપાસીને પછી મારે માથે ઓઢેલા સાડીના છેડા તરફ એમનું ધ્યાન કેન્દ્રિત થયું. એકદમ તેઓ પોકારી ઉઠ્યા 'સ્કાર્ફ'. પણ પોલીએ જણાવ્યું કે મેં માથે સ્કાર્ફ નહોતો બાંધ્યો પણ સાડીનો છેડો જ માથે ઓઢ્યો હતો. એમણે એ છેડો ખસેડીને માથામાં પહેરેલી વેણી આનંદથી સુંઘવા માંડી. ફુલો તરફ એમને અનહદ પ્યાર છે. એક સુગંધી ફુલગજરો એમને ભેટ આપ્યો ત્યારે હાથનાં સ્પર્શે અને સુંઘી સુંઘીને એમણે કેટલાંક ફુલોનાં નામો કહી આપ્યાં.

પોલીએ એમને સમજણ આપી કે "Look Helen! હેલન જો! આપણે બેઠા છીએ તે નાજભવનના બેઠકખંડ સામે વિશાળ બગીચો છે. એમાં તરેહ તરેહનાં રંગબેરંગી ફુલો ખીલ્યાં છે. બગીચો પુરો થાય છે. ત્યાંજ મોટો મહાસાગર શરૂ થાય છે, એનાં તોફાની ઉછળતા મોજાંઓ અહીં બેઠા બેઠા જોઇ શકાય છે. એમાં કેટલાક નહાના નહાના મછવાઓ પણ તરે છે." આ બધું હેલને ખૂબ ધ્યાન પૂર્વક સાંભળ્યું. અમે પછી બગીચામાં ફરવા નીકળ્યા. બોગન વેલની ઝુલતી કાંટાળી ડાળીઓને એમણે ખૂબ મૃદુતાથી પંપાળી અને એમાં સુગંધવિનાનાં છતાં નયનમનોહર રંગોવાળા ફુલોને પણ એટલીજ મમતાથી સુંઘ્યાં. પછી બગીચાની વચ્ચે ઉભા રહીને પોલીએ આપેલા વર્ણન પ્રમાણે એમણે બગીચો, સમુદ્ર અને હોડકાંઓ વગેરેનું આખું કલ્પનાચિત્ર જાણે મનમાં ઉતાર્યું. લીલી હરિયાળી ગાદી જેવી પોચી પોચી ઘરો (લૉન) નો અનુભવ લેવા માટે એમણે એક પગના બુટને દૂર કર્યો અને સ્પર્શસુખનો આનંદ પણ માણ્યો.

તેઓ વાતો શી રીતે કરતા હશે તે જાણવાનું ખુબજ કુતુહલ હતું. આ પણ જોવા મળ્યું. હેલનની હથેળી અને પોલીની આંગળીઓનું સાહચર્ય અદ્‌ભુત હતું. એમાં કેટલીય ભાષાના શબ્દકોષોનો જાણે સમાવેશ થઇ જતો હતો. આખોવખત દરમ્યાન પોલીની કરામતી આંગળિઓ વિદ્યુતવેગે હેલનની હથેળીમાં ફરતી હતી. અને જાણે કે બીનતારી સંદેશા એમના મગજમાં પહોંચી જતા, જેના જવાબ તો તરત એમના હોઠે આવી ઉભા જ હોય. આમ એક તરફ એમની હથેળીમાં પોલીની આંગળીઓનું નર્તન ચાલતું હોય જ્યારે બીજી તરફ સાથે સાથે જ એના જવાબો પણ અપાતા જતા હોય. એમની વાતો કરવાની એક બીજી રીત પણ હતી પોલી બોલતાં હોય ત્યારે તેના હોઠપર હેલન પોતાની બે આંગળીઓ મૂકે અને હોઠના ફફડાટ માત્રથી એ શું કહે છે તે સમજીને તરત પોતાને મ્હોંએ પોતે જે સમજ્યા તે બોલતા જાય. આ બધું બહુ ઝડપથી થતું હતું, અને બહુજ આશ્ચર્ય પમાડે તેવું હતું, છતાં વધારે આશ્ચર્ય તો ત્યારે થયું કે પૂ. કાકાએ (શ્રી મંગળદાસ પકવાસાએ) જ્યારે આપણા પ્રજ્ઞાચક્ષુ મહાવિદ્વાન સુખલાલજીનો ઉલ્લેખ કર્યો અને એમનાં વ્યકિતત્વ અને એમનાં કાર્યનો ખ્યાલ આપ્યો. પોલી આ વાત હેલનને કહેતાં હતાં તે વખતે જ્યારે પંડિત સુખલાલજીનું નામ આવ્યું ત્યારે મારું કુતુહલ એકદમ વધી ગયું કે તેઓ આ ભારતીય નામને સમજીને કેવો ઉચ્ચાર કરી શકે છે. અને અમારાબધાંના આશ્ચર્ય વચ્ચે તેઓ તરત બોલી ઉઠ્યા કે 'પંડિત સુખલાલ'. એમના આવતાં પહેલાંતો મનમાં કેટલાયે પ્રશ્નો ગોઠવી રાખેલા કે આમ પૂછીશ ને તેમ પૂછીશ, ખૂબખૂબ વાતો કરીશ; પણ એમને મળ્યા બાદ માત્ર એમનાં બાલસુલભ નિર્દોષ હાવભાવ જોવા, એમની તોતડી રમૂજભરી છતાં અર્થગંભીર વાણી સાંભળવી અને એને સમજવાનો પ્રયત્ન કરવો એમાંજ હું તો એટલીબધી તલ્લીન થઇ ગઇ કે મારે પૂછવાના પ્રશ્નો તો કયાંય બાજુએ રહી ગયા, જોકે કેટલાક પ્રશ્નોનાં ઉત્તર જાણે આપોઆપજ મળી જતા હતા.

ઠઠ્ઠા મશ્કરીમાં તો બેઉજણાં એટલાં પાવરધાં કે ગમે તેવી ગંભીર વાત ચાલતી હોય તેમાં એક એવું ટપકું મૂકી દે કે વાતાવરણ

પાછું હળવું ફુલ બની જાય. બીજાની રમુજ પણ એટલી જલ્દી સમજીને તેવોજ રમુજી છતાં બુદ્ધિયુકત હાજર જવાબ એમના હોઠે તૈયારજ હોય. આખો વખત નિર્દોષ મધુર હાસ્ય એમનાં મ્હોંપર વિલસતું જ હોય. જાણે હસીને જીવનને હળવું ફુલ બનાવવાની જીવનકળા એમણે સિધ્ધ કરી હોય તેમ લાગ્યું. એમનો સદા પ્રસન્ન ચહેરો જોઇને થતું કે જાણે જીવનનું સનાતન સત્ય એમને લાધી ગયું છે. અને તે ચિરંતન આનંદ. એમની મસ્તીમાં મશગુલ એ બેઉ સાહેલીઓને જોઇને શ્રી રામનારાયણ પાઠક સાહેબનું કાવ્યં સિંધુનું આમંત્રણ' યાદ આવી જતું. કોલેજમાં આ કાવ્ય શ્રીમતી હીરાબહેન પાઠક સમજાવતા ત્યારે સ્વયં આનંદના સાગરમાં તરતા હોઇએ તેવો અનુભવ થયેલો. એજ અનુભવ આ નિજાનંદમાં મસ્ત જુગલ જોડીને જોઇને થયો. જીવનની એક એક પળ આનંદમાં વિતાવવા માટે છે એ જાણે એમનો મુદ્રાલેખ હોય તેમ લાગ્યું. એમનું નરવું મુકત હાસ્ય અને આનંદ કલ્લોલ જોઇને લાગ્યું કે જીવનને તેમણે જીવી જાણ્યું છે અને માણી જાણ્યું છે. અને તેમ કરતાં કરતાં સમદુઃખીઓનાં દુઃખ હળવાં કરવાનો અવિશ્રાંત પ્રયત્ન કરવા છતાંયે એમનાં મ્હોં પર એવું કોઇ મહત્વનું કાર્ય કર્યાનું ન મળે અભિમાન કે ન મળે ખોટો આત્મસંતોષ.

હિમાલયનાં બરફ ઢાંકયાં પહાડો ખુંદતાં ખુંદતાં ઘણીવાર વિચાર આવતો કે ઔષધિનાં સમૃધ્ધ ખજાના સમા આ પહાડમાંથી કોઇ સંજીવન મુળીયું હાથ લાગી જાય તો કેવું સારૂં! પણ હેલનને જોતાં લાગ્યું કે એમણે તો પોતાનાં પ્રચંડ પુરૂષાર્થ દ્વારા અમૂલ્ય એવી મૃતસંજીવની દ્વારા પોતાનું જીવન જીવવા લાયક અને અનુકરણીય બનાવ્યું છે, એટલું જ નહિ પણ બીજા કેટલાય મૃતપ્રાય ખોળી આંખોમાં નવા પ્રાણોનો સંચાર કર્યો છે. એમની સંજીવની તે અદ્‌ભુત કાર્યશકિત અને અદ્‌ભુત મનોબળ. આજે ૭૫ વર્ષની ઉંમરે પણ તેઓ જે સ્ફુર્તિથી કામ કરી રહ્યાં છે, જે અથાક શ્રમ ઉઠાવી રહ્યાં છે તે ભલ-ભલા યુવાનોને પણ શરમાવે તેવું છે. તેઓ શરીરે ભલે વૃધ્ધ થયાં પણ અંદર રહેલો એમનો આત્મા નિત્ય યુવાન છે.

આટલી બધી keen sense of humour–તીવ્ર વિનોદ વૃત્તિ, આટલી બધી જીવનસભરતા, જીવનની દરેક બાબતો અને વસ્તુઓમાં આટલો ઉંડો રસ અને આત્મીયતા, દરેક વસ્તુ જાણવા સમજવાની આટલી તીવ્ર જિજ્ઞાસા એ બધું એક તરફથી ખૂબ જ આકર્ષણ પેદા કરે તેવું હતું, જ્યારે બીજી તરફથી આપણને વિચાર કરતા કરી મૂકે તેવું એ હતું કે એમનાં જીવનમાં એવા કયા મહાન બળોએ ભાગ ભજવ્યો હશે કે જેથી તેમનામાં આવું દૈવી ચૈતન્ય પ્રગટી શકયું છે. બે આંખો એમનાથી રિસાઇ ગઇ તો અગે અગે બીજી સહસ્ત્ર આંખો પ્રગટી નીકળી. બે કાનોએ એમનો બહિષ્કાર કર્યો તો એમની ત્વચા મદદે આવી પહોંચી અને આખું અંગ જીવન ચેતનાથી પુલકિત બની ઉઠયું. એમના જીવન ઇતિહાસનાં પાનાં ઉથલાવતાં માલુમ પડે છે કે એમની આ શારિરિક ત્રુટીઓ પ્રત્યે એમનાં ઘરના બધા બહુ જ હમદર્દ હતાં. અત્યંત વાત્સલ્ય અને બીજા ભાઇ બહેનો કરતાં વધારે પ્રેમથી એમને ઉછેરવામાં આવેલા. એમને તાલીમ આપવા પાછળ એક ખાસ ધ્યાન રાખવામાં આવેલું કે તેઓ બીજા બાળકો કરતાં કયાંક જૂદા છે, અને ખોડખાંપણવાળા છે, અથવા તો એમને શીખવાનું ઘણું મુશ્કેલ છે એવું એમને ન લાગવા દેવું. જો કે પાછળથી તો પોતે જ સમજી ગયેલાં કે કેવી કેવી મુશ્કેલીઓમાંથી પસાર થતાં થતાં એમણે આગળ વધવાનું છે, છતાં આ બધી વિપરિત પરિસ્થિતિને લઇને ન એમનામાં માનસિક દૈન્ય આવ્યું, ન કોઇ જાતની નિરાશા પ્રગટી, જે સાધારણતઃ આવી જાતની ખોડવાળાં બાળકોમાં સહજ રીતે જ આવી જાય છે એમણે પોતાની માતૃભાષા ઉપરાંત ગ્રીક, લેટીન, જર્મન, અને ફ્રેન્ચ ભાષા પર પ્રભુત્વ મેળવ્યું છે. તેઓ એક મહાન વિચારક અને જગત સાહિત્યના ઉંડા અભ્યાસી છે. એમણે ઘણાં પુસ્તકો લખીને પ્રસિધ્ધ કર્યાં છે. તેમાંય ૨૭ વર્ષની ઉમ્મરે તેમણે લખેલ "The Story of my Life" નું સ્થાન સર્વોચ્ચ છે, જે પુસ્તકનું 'અપંગની પ્રતિભા' એ નામથી ગુજરાતીમાં ભાષાન્તર કરવામાં આવ્યું છે. કહેવાય છે કે દુનિયાભરનાં બધાં પુસ્તકોમાં આનું વેચાણ સૌથી વધારે થયું છે. એની સાત સાત તો આવૃત્તિઓ બહાર પડી છે અને ૫૦ ભાષાઓમાં એનાં ભાષાંતર થયાં છે. એજ એ પુસ્તકની લોકપ્રિયતા અને ઉપયોગિતાનો પુરાવો છે. આપણી ભારતીય ભાષાઓમાં ગુજરાતી, મરાઠી, પુશ્તુ, ઉર્દુ અને તેલુગુમાં પણ એ અનુવાદિત થઇ ચુકયું છે. એમને દેશપરદેશની ઘણી યુનિવર્સિટીઓ તરફથી જાતજાતની ડીગ્રીઓ અને માન અકરામ એનાયત થયાં છે.

એમની આ દૈવી સિધ્ધિઓની પાછળ એમનાં સખી સાહેલી, સાથીદાર, શિક્ષક, ભકત અને માતાસમ મમતા દાખવનાર શ્રીમતી એન. સુલીવાનનો ફાળો નહાનો સુનો નથી કેવી ધીરજ, ખંત, ઉત્સાહ અને પ્રેમથી એમણે હેલનનો વિકાસ સાધવામાં મદદ કરી હતી! એમની એક બીજા પ્રત્યે આત્મીયતા એટલે સુધી વધી ગઇ હતી કે કોઇવાર તો તેઓને લાગતું કે તેઓનાં શરીર માત્ર જુદા જુદા છે પણ આત્મા એકજ છે. આ બધું યાદ કરતાં કરતાં હજુ પણ હેલન ગદ્‌ગદ્‌ થઇ જાય છે અને એ મહાન આત્માને અન્તઃકારણથી પ્રણામ કરે છે. આજની એમની સિદ્ધિઓનું શ્રેય તેઓ સુલીવાનનેજ અર્પે છે, એ સુલીવાને જ એ સંસ્કાર એમનામાં મુકયાં કે આપણી આસપાસની દુનિયા બહુજ સુંદર છે, અને કુદરતે જે જે ચીજોની રચના કરી છે તેમાં નિર્ભેળ સૌન્દર્ય છે. તેમનો ઘણોખરો સમય બગીચાઓમાંજ પસાર થતો. ફળ, ફુલ, છોડવાઓ, વૃક્ષ પતંગિયા પક્ષી સૂર્ય, ચંદ્ર અને તારા આદિની સમજ આપતાં આપતાં એમનાં પાઠો શરૂ થતાં. આવી રીતે રમણીય અને આલ્હાદક વાતાવરણમાં અભ્યાસ કરતાં કરતાં હેલનનું વ્યકિતત્વ ઘડાવા લાગ્યું. કુદરત અને સુંદરતા તરફ એમનો જન્મગત પક્ષપાત આમ સાધારણપણે વધવા લાગ્યો, જીવન પ્રત્યે શ્રધ્ધાપૂર્વક નિરખવાની એમની જે એક ચોકકસ પ્રકારની દૃષ્ટિ છે તેનેજ હું એમનાં જીવન ઘડતરનું એક મહાન બળ કહું છું અને એજ એમની મૃતસંજીવની છે. આપણને કદિ કલ્પના આવે ખરી કે એક બહેરી, અંધ અને મુંગી વ્યકિત ઘોડેસ્વારી કરી શકે, તરી શકે કે બાયસિકલ ચલાવી શકે? અથવા જંગલી પ્રાણીઓનાં

આ ચિત્રમાં અનુક્રમે સૌ. પૂર્ણિમા મીસ પોલી થોમસન અને પૂર્ણિમાં

પીંજરા પાસે જઈને એ પ્રાણીઓ સાથે મિત્રાચારી સાધી શકે? હેલન અચ્છી ઘોડેસ્વારી કરી શકે છે, સુંદર રીતે તરી શકે છે, બાઇસિકલ ચલાવી જાણે છે, અને જંગલી રીંછ જોડે હસ્તધુનન પણ કરી શકે છે. એમની આવી આવી સિદ્ધિઓ મેળવવાની શકિત દુનિયાનું એક મહાન આશ્ચર્ય ગણાય છે.

અને સુલીવાનનાં મૃત્યુ પછી હેલન નાહિમ્મત બની જાય તે સંભવિત હતું. પણ સોનો ભગવાન છે ને? સદ્‌ભાગ્યે એમને પોલી થોમ્સન જેવા પ્રેમલ અને વત્સલ સાથીદાર જડી ગયાં. પોલીને જોતાંજ આપણને રામભકત લક્ષ્મણની યાદ આવે. પોતાનાં સમસ્ત વ્યકિતત્વને હેલનમાંજ સમાવી દઈને કૃતાર્થતા અનુભવનાર પોલીનું વ્યકિતત્વ પણ પણ એટલું જ પ્રભાવશાળી લાગ્યું. એક સમવયસ્ક વૃદ્ધાઓ વચ્ચે આખો વખત હાસ્ય વિનોદ અને ટીખળ તો ચાલતા જ હોય. પહેલે દિવસે હેલને મારી સાડીને બહુજ રસપૂર્વક તપાસેલી અને અભિપ્રાય વ્યકત કરેલો કે સુંદરતા અને કલામયતામાં ગ્રીકીયન પોશાકની પછી જગતમાં બીજું સ્થાન ભારતીય સ્ત્રીઓનાં પોશાકનું આવે. તેમને પૂ. કાકાએ (શ્રી મંગળદાસ પકવાસાએ) સૂચન કર્યું કે 'તમે ભારતમાં આવ્યાં છો તેની સુંદર યાદ ગીરી હંમેશા સાથે રાખવી હોય તો તમારે ભારતીય પોશાક પહેરીને ફોટા પાડાવવી જોઇએ.' તેઓએ આ સૂચનાને આનંદથી વધાવી લીધી. મેં કહ્યું કે હું તમને બંન્નેને તમારા ફ્રોક પર સાડી પહેરાવી દઇશ. પણ ના, એમની ઇચ્છા તો નખશીખ ભારતીય ઢબે સજાવાની હતી, રંગબેરંગી બ્લાઉઝ વગર સાડી શી રીતે શોભે? વાત ખરી હતી. દરજી આવ્યો, કપડાં તૈયાર થયાં, તેમના માટે ગળાની કંઠી બ્રેસલેટ વિ. પણ પસંદ કરી આવી. અને એમને સજાવવાનું કામ ચાલ્યું. સાડીઓ પહેરાવી, કાજળ આંજ્યાં, કંકૂના ચાંદલા કર્યા, વેણી પહેરાવી, અને બેઉને તૈયાર કરી દીધાં. એટલામાં પોલી પોકારી ઉઠયાં કે 'અમારા એડીવાળા બૂટ કોઇ સાડીમાં શોભે ખરાં? અમને તો તમારા જેવા ચંપલ જોઇએ.' ઠીક ભાઇ, માણસ દોડાવ્યો અને બે ચાર દુકાનોમાંથી જેટલા મોટા મોટા કદના ચપ્પલો સેંડલો તે લઇ આવ્યો. પણ એ કોઇમાં એમના પગ પેઠા જ નહીં. બધી ચંપલો એમને નાની પડે. છેવટે તેઓએ ઉઘાડે પગે રહેવાનું જ પસંદ કર્યું. પોલી વારંવાર મોટા અરીસા સામે ઉભાં રહીને પોતાનાં પર ખુશ થતા હતા અને કહેતા હતા કે I am looking like a queen ! (હું એક રાણી જેવી દેખાઉં છું!) આ તમારો સાડીનો પોશાક તો દુનિયામાં સર્વશ્રેષ્ઠ જ મનાવો જોઇએ," મેં રમુજ કરતાં કહ્યું કે "You are looking like a bride in this dress." (તમે આ પોશાકમાં પરણવાને તૈયાર થયેલી કન્યા જેવા લાગો છો.) એમણે તરત જ કહ્યું કે, "Yes, you are right. We have married each other" (હા, તમે કહો છો તે બરોબર છે. અમે એકમેકની પરણેલાં છીએ). હવે તેઓ સર્વાંગે ભારતીય બની ગયાં હતા. માત્ર બાકી રહી ગઈ હતી તેઓનાં વિદેશી નામોની. હેલન અને પોલીના અનુક્રમે અમે હંસા અને પ્રેમા નામ પાડયાં. હંસ જેવા શુભ્ર સ્વચ્છ, સાત્વિક અને સ્વસ્થ વ્યકિતત્વવાળાં હેલનબેનને હંસા નામ ઘણું શોભ્યું અને એમનાં પ્રત્યે અનવરત પ્રેમ અને વાત્સલ્ય વરસાવનાર પ્રેમલ પોલીને માટે પ્રેમા સિવાય બીજું કયું નામ વધારે બંધ બેસતું થાય? મેં જ્યારે એ નામોનો અર્થ એમને સમજાવ્યો ત્યારે એમનો આનંદનો પાર ન રહ્યો. સાડીઓ સાથે તેઓ આમતેમ ફર્યા માથે પણ ઓઢી જોયું, ફોટા ફીલ્મો પડાવ્યાં અને આજ વેશમાં હેલનની ઇચ્છા તો બહારના સમારંભમાં પણ જવાની હતી પણ ચતુર પોલીએ ભય બતાવ્યો કે આદત ન હોવાને કારણે કદાચ સાડીમાં એમને વધારે વખત નહીં ફાવે. સાડીમાં ખરેખર તેઓ ખુબ જ શોભતાં હતાં, અને એમની ઉંમરમાંથી જાણે દસ વર્ષ ઓછા થઇ ગયાં હોય તેવાં નાનાં દેખાતાં હતાં.

તે રાતનું ભોજન તેઓ અમારી સાથે લેવાનાં હતાં. એમની ઇચ્છા સંપૂર્ણ ભારતીય ભોજન લેવાની હતી. મેં એમને પૂછી જોયું કે એમનાં માટે કોઇ ખાસ એમની ઢબની અને સ્વાદની બનાવવાનું જેથી એમને ભુખ્યા ન રહેવું પડે. પણ તેઓએ તો સંપૂર્ણપણે હિંદી વાનીઓ ખાવાનો જ આગ્રહ રાખ્યો. ભોજન પહેલાં વરંડામાં બેઠા બેઠા હેલનને વરંડાની લંબાઇ માપવાની ઇચ્છા થઇ આવી. પોલીનો હાથ પકડીને તેઓ બેઉ છેડા સુધી ફરી આવ્યાં. પગલાં ગણીને માપ કાઢીને હેલને ૧૪૫ ફુટનો અંદાજ આપ્યો. પોલીએ જણાવ્યું કે ઘણીવાર હેલનનો અંદાજ તદન ખરો પડે છે. પણ આજ એમની ગણતરીમાં કયાંક ભૂલ થઇ ગઇ લાગે પણ તેથી જરાપણ નહીં ઓઝપાતાં, જ્યારે પોલીએ તોફાની સ્વરમાં કહ્યું કે "હેલન તારી ગણતરી ખોટી ઠરી," ત્યારે એમનો બુઢ્ઢા હાસ્યનો મધુર ધ્વનિ ચોમેર ગુંજી ઉઠયો. હેલનની ભીંતો કેવી છે, કોતરણીવાળી જાળી કેવી છે વિ. બધું હેલન તપાસે છે. અને દરેક દરેક ચીજને બારીકાઇથી જોવી છે, એની દૃષ્ટિએ નિરખવી છે, પોલી એને અનુભવ સાથ આપે છે. રૂમમાં રહેલું ફરનિચર, દીવાઓ, વિ. નો પોલી જ્યારે ખ્યાલ આપે છે ત્યારે હેલન પોકારી ઉઠે છે કે 'ઇન્ડીકુ.....લ ઇન્ડીકુ.....લ.' જમવાના ટેબલ પર પણ એજ રમુજ, ટીખળ, અને આનંદ કિલ્લોલ જારી રહે છે ને તે વડે ઓરડો ગાજી ઉઠે છે. તદન નવી જ ઢબનું જમણ અને નવી જ ઢબે જમવાનું હતું, છતાં હેલન બહુ જ સ્વાભાવિકતાથી સ્વાદ લઇ લઇને દરેક ચીજની વિશેષતાનાં વખાણ કરતાં કરતાં ખાતાં હતાં. બેઉ જણા સ્વાદિલા ભારે, છતાં હેલનની તબીયતની સતત ચોકીદારી રાખતા પોલી કોઇ કોઇવાર હેલનને વારતા હતા. પણ આજે હેલનને જાણે કોઇની દરકાર નહોતી. દરેક દરેક વાનીઓનાં નામ પૂછી પૂછીને એમણે સંપૂર્ણ ન્યાય આપ્યો. જમવાનું પુરૂ થયા પછી ફ્રુટ મેવો અને ચોકલેટ આવ્યાં ફ્રુટમાં મોટા ચીકુનાં બે ટુકડા કરીને ચમચી વતી બહુજ સીફતથી એની અંદરનો ગર ફોરીને ખાધો ખારા કાજુ એમને ઘણા ગમ્યાં લાગ્યાં. એ વધારે પ્રાતાં અટકાવવા પોલી એક હાથ પકડી રાખે તો હેલને બીજે હાથે ખાવાનું શરૂ કરે. આમ રમુજી ખેંચતાણમાં છેવટે તો હેલનનો જ વિજય થતો. એમની પ્લેટમાં એક ચોકલેટ ઉપર રહી ચોકીક કાગળ ઉખેડીને મુકી, જે એમણે તરત જ ઉપરનો કાગળ

પકવાસા, ડૉ. મીસ હેલન કેલર, તથા પુત્રી કુમારી આરતીબહેન છે.

ઉખેડીને ટપ દઈને મ્હોંમાં મૂકી દીધી. બીજી ચોકલેટ તદન બંધ જ મૂકી, તો એનાં કાગળનો સાંધો શોધતા જરા વાર લાગી. પણ છતાં થોડીવારે એ કાગળ પણ ઉખેડયો અને હસતાં હસતાં ખાઈ ગયાં. કોઈ પણ ચીજ એમને પસંદ પડી જાય તો વન્ડરફુલ એમ પોકારી ઉઠે આ વન્ડરફુલ બોલવાનું માત્ર ઔપચારિક નહોતું લાગતું. પણ એમનાં અંતરમાંથી ઉઠતો અવાજ જ લાગતો હતો. છોકરીઓનાં મ્હોં માથા તપાસીને એમની વાળની ગૂંથેલી સરોને ખૂબ આશ્ચર્ય વિમુગ્ધભાવે પંપાળી, અને એની લંબાઈ માપીને અભિપ્રાય વ્યકત કર્યો કે વાળ લાંબા રાખવાની રીત ઘણી સરસ છે અને એમને ઘણી પસંદ પડી છે.

આ રીતે આ બેઉ પ્રતિભાશાળી વ્યકિતઓને સત્કારવાનું, એમનું આતિથ્ય કરવાનું અને એમનાં સાનિધ્યમાં રહીને એમનાં વિરલ વ્યકિતત્વને યત્કિંચિત પિછાણવાનો જે અવસર પ્રાપ્ત થયો તેને હું મારા જીવનનું એક મોટું સદ્‌ભાગ્ય ગણું છું. ૭૫ વર્ષ એટલે લગભગ જીવનની સંધ્યાએ પહોંચી ગયેલા આ બેઉની અજબ સ્ફુર્તિ, અદ્‌ભૂત કાર્યશકિત, અદ્‌મ્ય ઉત્સાહ અને જીવનપ્રત્યેની એમની સુભગ દૃષ્ટિ જોઈને મને તે દિવસે કાઢેલાં વચનો યાદ આવ્યાં કે "મને તો સો-તેર વરસ પણ જીવવું ન ગમે." વગર કારણે આપણે જીવનપ્રત્યે આટલી ઉદાસીનતા અને નિરાશા શા માટે સેવતા હોઈશું ? ખરેખર એમણે અંધોને તો માર્ગદર્શન કરાવ્યું છે, પણ આપણા જેવા કેટલાય દેખતાઓને પણ તેઓ નવી દૃષ્ટિ આપીને ગયાં છે. મારું અંતર એમને યાદ કરતાં ભાવપૂર્વક નમી પડે છે અને ઉદ્‌ગાર નીકળી પડે છે કે "એમનો પંથ સદા સુખદ હજો ! કલ્યાણકારી હજો !'

પૂર્ણિમા પકવાસા

## વૈતરણા-તાનસા પર્યટણ

રવિવાર તા. ૨૦-૨-૫૫ના રોજ સવારના ૭ વાગ્યે નિયત કાર્યક્રમ મુજબ પાયધુનીના નાકા ઉપર ઉપસ્થિત થયેલા બાઈ બહેનોને લઈને અમારી પર્યટણ બસ ઉપડી. રસ્તામાં ઓપેરા હાઉસ, દાદર તથા માટુંગા રોડ જોતા મિત્રોને પણ લઈ લીધા. ઓપેરા હાઉસથી બીજી ત્રણ મોટરો સામેલ થઈ. આઠ વાગ્યા લગભગ થાણા પહોંચતાં 'રવી ઈન્ડસ્ટ્રીઝ'ની ફેકટરી આગળ અમે થોડો સમય થોભ્યા. અમારા મિત્ર અને થાણાના આગેવાન જૈન બંધુ શ્રી રતિલાલ ઉજમશી શાહે અમને ચા નાસ્તાનું નિમંત્રણ આપ્યું હતું. ત્યાં સંઘના સભ્ય અને મ્યુનીસીપલ કોરપોરેટર શ્રી જીવરાજ ભાણજી શાહ અને અન્ય સ્નેહીઓ ત્રણ મોટરો લઈને અમારી પહેલાં આવી પહોંચેલા તેઓ અમારી સાથે જોડાઈ ગયા. રતિભાઈએ અમને સર્વને બહુ ભાવથી નાસ્તો કરાવ્યો. અને અમારો કાફલો આગળ ચાલ્યો. નાસિક જતો આગ્રા રોડ ઢાળ ઢોળાવ, અને વાળવળાંકને લીધે બહુ રમ્ય લાગે છે. સાડા દશ વાગ્યે અમે વૈતરણા પહોંચ્યા.

મુંબઈ શહેરને આજ સુધી મુંબઈથી લગભગ ૫૫ માઈલ દૂર આવેલ તાનસા સરોવર મોટા ભાગે પાણી પુરું પાડતું હતું. મુંબઈની વધતી જતી વસ્તીના કારણે તાનસાનું પાણી ઓછું પડવા લાગ્યું અને તેમાં પાણીની શી રીતે પુરવણી કરવી એની તપાસમાંથી વૈતરણા બંધની યોજનાનો ઉદ્‌ભવ થયો. ઉંચાણમાંથી વહેતા આવતા અને આસપાસ ટેકરા ટેકરીઓથી ઘેરાયલા જળપ્રવાહના વહેણની આડે એક મોટી દીવાલ બાંધવી એટલે કે નદીઓને આ રીતે નાથવી અને સરોવર પેદા કરવું આનું નામ બંધયોજના. ઉંચેથી આવતા જળપ્રવાહને પાઈપદ્વારા નિયંત્રિત કરી શકાય અને તેને વીજળીના પંખા જેવા ફરતા મોટા પંખા ઉપર ઝીલી શકાય તો તેમાંથી વીજળી પેદા થાય

આજે હિંદમાં ચોતરફ બંધાતા બંધો પાછળ મોટા જથ્થામાં પાણી અને વીજળી એ બન્ને અથવા એમાંથી એક મેળવવાનો આશય હોય છે. વૈતરણા બંધની પાછળ માત્ર જળસંચયનો આશય રહેલો છે. ઉપરવાસથી આવતી વૈતરણા નદીને ૧૮૫૦ ફીટ પહોળો અને ૨૭૦ ફીટ ઉંચો બંધ બાંધીને નાથવામાં આવી છે. આને લીધે ઉભા થતા સરોવરનો વિસ્તાર બહુ મોટો નથી પણ બંધની ઉંચાઈ અસાધારણ હોવાથી જળસંચય અત્યન્ત વિપુલ પ્રમાણમાં થાય છે તાનસા તથા અન્ય તળાવો મળીને મુંબઈ શહેરને દરરોજ ૧૨૦ લાખ ગેલન પાણી પુરું પાડી શકતા હતા. વૈતરણાનો બંધ પુરો બંધાઈ જતાં તે, તાનસા અને અન્ય તળાવો મળીને દરરોજ ૨૩૦ થી ૨૩૫ લાખ ગેલન પાણી પુરું પાડી શકાશે એવી ગણતરી છે. વૈતરણાનો બંધ લગભગ પુરો બંધાવા આવ્યો છે. એમ જણાવવામાં આવે છે કે આટલો ઉંચો બંધ હિંદભરમાં અન્યત્ર નથી. આખો બંધ સીમેન્ટ કોંક્રીટનો બનાવવામાં આવ્યો છે. વૈતરણાથી તાનસા સુધી પાણી લઈ જવા માટે ચાર માઈલ લાંબી અને ૧૨૦ ઈંચ વ્યાસની ટનલ બાંધવામાં આવી છે. આ ટનલ કેટલેક ઠેકાણે પાઈપથી જોડવામાં આવી છે. વૈતરણાથી તાનસાનો સીધો રસ્તો ૧૬ માઈલનો છે. આગ્રા રોડ ઉપર થઈને વૈતરણાથી તાનસા આવતાં ૨૫ માઈલ થાય છે. વૈતરણાનો બંધ તૈયાર થયે બંધ ઉપર થઈને જતી સડક અમદાવાદ રોડને મળી જવાની છે. વૈતરણાનો બંધ માણસ ની કરામતનો એક અદ્‌ભૂત નમુનો છે.

ત્યાંનું દૃશ્ય પણ એટલું જ ભવ્ય અને આંખોને પકડી રાખે તેવું છે. આવો બંધ બાંધવો એટલે પથ્થર અને સીમેન્ટનો ઢગલાબંધ ઉપયોગ. નજીકની ખાણુમાંથી પથ્થર આવે, દળાય અને તેમાંથી નાના મોટા પથ્થરો, કાંકરા તથા રેતી થાય અને સીમેન્ટ સાથે તેને મેળવવામાં આવે અને બંધની જગ્યાએ તેને વ્યવસ્થિત રીતે ઠલવવામાં આવે અને એ રીતે બંધ નીચેથી ઉપર બંધાતો ચાલે. આ બધી રચના નિહાળીને પ્રસન્નતા અનુભવી. વિરામસ્થાન ઉપર પાછા ફર્યા અને નાસ્તો કરીને અમારી સવારી બાર વાગ્યા લગભગ તાનસા તરફ ઉપડી.

બપોરના બે વાગ્યા લગભગ તાનસા પહોંચ્યા. મુંબઈથી વૈતરણા પહોંચતાં રસ્તે ઠંડક હતી. વૈતરણાથી તાનસા જતાં ઠીક ઠીક ગરમી લાગી. હવે શિયાળો ખતમ થયો હતો અને ઉનાળાની શરૂઆત થઈ ચુકી હતી એ હકીકતનું આજે ભાન થયું. તાનસા તરફ જવાનો



શ્રી જીવરાજ ભાણજી શાહ વૈતરણા બંધની યોજના સમજાવે છે.

રસ્તો આગ્યા રોડ ઉપરથી ફંટાય છે. આ પાંચ માઇલનો રસ્તો ઝાડપાનથી ભરેલો છે અને આડા અવળા ઉચાંનીચા આરોહઅવરોહથી ભારે રોમાંચક લાગે છે. તાનસા 'ગેસ્ટ હાઉસ' ઉપર અમે ગયાં અને અમારી આંખો સામે કાદંબરીમાં આવતા અચ્છોદ સરોવરનું સ્મરણ કરાવે એવા નિર્મળ જળથી ભરેલા વિશાળ સરોવરનું અમને દર્શન થયું અને મુગ્ધતાએ અને પ્રસન્નતાએ અમારા ચિત્તને આવરી લીધું. તાનસા પહોંચ્યા બાદ શીતળ જળ વડે હાથ મોઢું ધોયા અને ચાપાણી પીધાં અને થાક અને ગરમીથી ઉપજેલા કંટાળાનું નિવારણ કર્યું. ત્યારબાદ એક બાજુએ રસોઇ તૈયાર થવા લાગી. બીજી બાજુએ કોઇ મંડળી બ્રીજ રમવામાં ગુંથાઇ ગઇ, તો કોઇ મંડળી નાવા ધોવાના વ્યવસાયમાં પડી. કેટલાકે આરામ લેવાનું પસંદ કર્યું તો કેટલાક એક યા બીજા વિષયની ચર્ચામાં સમય પસાર કરવા લાગ્યા. ગમે તે વ્યવસાયમાં રોકાયલા હોઇએ પણ આંખો અવારનવાર આસપાસના ભવ્ય દૃષ્ય તરફ ખેંચાયા જ કરતી હતી ચોતરફ ઉન્નત શિખરો ધરાવતી પર્વતમાળ હતી અને વચ્ચે વિપુલ વિસ્તાર ધરાવતો જળરાશિ હતો. કયાં અહિંની પારાવાર શાંન્તિ અને અનુપમ સૃષ્ટિ-સૌન્દર્ય અને કયાં મુંબઇની પારાવાર ધમાલવાળું અશાન્ત જીવન? આ રીતે મન મુંબઇ અને તાનસાની સરખામણી કર્યા કરતું હતું અને જે બે ઘડી આનંદ અને સૌન્દર્ય માણવાની મળી છે તે માણી લઇએ એમ મન કહેતું હતું. સાંજના ચાર વાગ્યા, સાડા ચાર થયા, સૂર્ય પશ્ચિમ આકાશ ઉપર ઢળવા લાગ્યો. તેના તેજમાં પ્રખરતા ઘટવા લાગી, સૌમ્યતા વધવા લાગી. આસપાસનું દૃષ્ય વધારે સોહામણું બનવા લાગ્યું. ઝાડપાન ઉપર સૂર્યનાં નમણાં કિરણો નાચવા લાગ્યાં. મંદ મંદ પવન-લહરિઓ વહેવા લાગી, ગરમી અને ઉગ્રતા હતી ત્યાં શીતળતા અને સૌમ્યતા પથરાવા લાગી. અમારી મંડળી લગભગ ૮૫-૯૦ ભાઇ બહેનો તથા બાળકોની હતી. સૌ સાથે મળીને ફરવા નીકળ્યા. તાનસાના બંધની નીચે। ભાગમાં ફરીને સરોવરની પાળ ઉપર આવ્યા અને તાનસાની રચનાનો અમે સીધો પરિચય કરવા લાગ્યા.

તાનસાના બંધની પાળનો વિસ્તાર એક માઇલનો છે.. સરોવરનો પટવિસ્તાર ૮ ચોરસ માઇલનો છે. બંધથી ઉંચાઇ ૮૫ ફીટની છે. નીતરણાના બંધમાંથી કાઢેલી પાઇપ તાનસામાં પાણી પુરૂ પાડી શકે છે. તેમ જ તેમાંથી મુંબઇને સીધું પાણી આપી શકાય એવી પણ વ્યવસ્થા છે.

સાંજ પડવા આવી; સૂર્ય પશ્ચિમ ક્ષિતિજ તરફ ધીમે ધીમે ઢળી રહ્યો હતો. ભોજન તૈયાર હતું. શિખંડ પુરીનું જમણ હતું રસોઇને લગતી આખી જવાબદારી અમારામાંના શ્રી જીવરાજભાઇ જેમને અન્નપૂર્ણાના નામે સંબોધે છે તે સંઘના ઉપપ્રમુખ-શ્રી લીલાવતી બહેને માથે લીધી હતી. ખાવાના શોખીનો પણ પુરા ધરાય અને તેમને જરા પણ ઉણપ ન લાગે એવી વિવિધ વાનીઓથી ભરેલું અમારૂં જમણ હતું સૌએ આનંદથી સાથે બેસીને ભોજન કર્યું. દૂર પશ્ચિમ બાજુએ અને પર્વતની કોર ઉપર સૂર્યનું લાલ બિંબ લટકી રહ્યું હતું. દૈનિક ચક્ર પૂરૂં કરીને સુર્ય અમો સર્વની રજા લઇ રહ્યો હતો. ઝાડપાન અને પર્વત શિખરો ઉપર પથરાયલો પ્રકાશ સંકેલાઇ રહ્યો હતો. સંધ્યાકાળનું ગાંભીર્ય અમારા ચિત્તને આવરી રહ્યું હતું. અમે પણ અમારો પડાવ સંકેલીને ત્યાંથી મુંબઇ તરફ જવા ઉપડયા. બસમાં આખે રસ્તે ગાનતાન અને અન્તકડીનો આનંદકલ્લોલ કરતાં રાત્રીના દશ વાગ્યા લગભગ સૌ પોતપોતાના નિવાસસ્થાને પહોંચી ગયા. વહેલી સવારથી રાત સુધી એક સરખી આનંદમસ્તીમાં અમારો આખો સમય એક મીઠા સ્વપ્નની માફક પસાર થઇ ગયો.

પરમાનંદ



તાનસા બં.તે સંસ્થાનું મંડળી

# ભારત સરકારનું અંદાજપત્ર

બ્રિટીશ સરકારના વર્ષો જુના રાજ્યવહીવટમાં આપણે ભારતનાં અંદાજપત્રમાં આવક, ખર્ચ, બાદ અને પુરાંતના આંકડા પુરતો રસ ધરાવવાને ટેવાયેલા છીએ.

સરકારી વહીવટ માત્ર પોતાની સત્તા ટકાવવા, કાયદો અને વ્યવસ્થા જાળવી શાન્તિ સાચવી રાખવા, સ્થિરતા ટકાવી વિશ્વાસનું વાતાવરણ નભાવવા અને પ્રજાના વિકાસની પ્રગતિ શાન્તિ અને સ્થિરતામાંથી આપો-આપ જન્મે તેવી નિતિવાળા રાજ્યવહીટનું ખર્ચ વધે છે કે ઘટે છે અને ખર્ચ વધે તો પ્રજા ઉપર નવા કરવેરા શું પડે છે અને ખર્ચ ઘટે તો પ્રજાને શું રાહત મળે છે તેટલા પુરતો જ પ્રજાને રસ હોય તે સ્વાભાવિક છે.

પણ સ્વતંત્ર દેશોના અંદાજપત્રો જુદી દૃષ્ટિએ અને જુદી નીતિથી તૈયાર થાય છે. પ્રજા પણ અંદાજપત્રને જુદી દૃષ્ટિએ માપે છે

ભારત સ્વતંત્ર થયા પછીના શરૂઆતના બે વર્ષ રાજકીય સ્થિરતા અને સુદૃઢતા મેળવવા માટેની ચિન્તા અને પરિશ્રમના હતા. એટલે તેના અંદાજપત્રો પણ લગભગ જુની ઘરેડના હતા લોકો પણ જુની દૃષ્ટિએ સ્વતંત્ર ભારતના અંદાજપત્રને જોતા રહ્યા.

સ્વતંત્ર ભારતે આર્થિક નીતિની સૌ પ્રથમ સ્પષ્ટતા કલ્યાણકારી રાજ્ય સ્થાપવાની કરી; ૧૯૫૨ની મંદીની આર્થિક કટોકટી પછી ભારત સરકારનું લક્ષ્ય રાજકારણમાંથી ફેરવાઇને અર્થકારણ ઉપર કેન્દ્રિત થયું છે. આઝાદીની લડત પુરી થતાં સ્વતંત્ર ભારત આબાદીની લડતના મંડાણ કરે છે તે નાદ પ્રજામાં ગુંજતો થયો. આયોજનનાં ભગીરથ કાર્યો ઊપાડીને પ્રજાને તેની પ્રતીતિ કરાવવાના પ્રયાસો થયા.

પણ અણખેડાયેલી જમીન ખેડવાની યોજનામાંથી તાત્કાલીક ફળની આશા કેમ રખાય? પ્રજા તે સમજતી હતી છતાં લડાઇ અને લડાઇ પછીની જીવનજરૂરિયાતની હાડમારીએ પ્રજાને પરેશાન કરી હતી. પ્રજા અધીરી બની હતી. સરકારે શરૂઆતના રાજ્યવહીવટમાં ઘણી છેતરામણો અનુભવી હતી એટલે "છાશ પણ ફુંકીને પીએ" તેટલી સાવચેતીથી ધીમાં

પગલાં ભરતી હતી. પરિણામે એક સમયે ભારતની સરકાર અને પ્રજા વચ્ચે જાણે કે એકદીલીનો અભાવ હોય તેવું વાતાવરણ સર્જાતું દેખાતું હતું.

આયોજન કાર્યોમાં અબજો રૂપિયા ખર્ચવાના હતા કોઇ પણ નવી પ્રવૃત્તિ કરતાં પહેલા તેને લગતા આંકડા, હકીકતો, ક્ષેત્ર–તપાસણી, પૂર્વતૈયારી માટેનું ખર્ચ, અણખેડાયેલા ક્ષેત્રોને પહોંચી વળવા નવા વાહનવ્યવહારો સ્થાપવા વિગેરે અનેક પૂર્વતૈયારી કરવાની હતી. આગલા રાજ્યવહીવટનો આ બાબતનો વારસો તદ્દન કંગાળ હતો. એટલે પૂર્વતૈયારીમાં ગયેલ સમય અને થયેલ ખર્ચ એળે ગયાનું લોકોને ભાસવા લાગ્યું. આયોજનની બડી વાતોમાં લોકોની શ્રધ્ધા બેસતી નહિ અને ઉત્સાહનો અભાવ હતો

આવા વાતાવરણમાં પ્રત્યક્ષ પ્રતીતિ વિના લોકહૃદયને જીતવાનું કામ હિમાલય સર કરવા જેવું બન્યે જતું હતું. આયોજન કાર્યોની પ્રગતિ સાથે કુદરતે મહેર કરી અને શ્રી કીડવાઇએ હિંમત કરીને વ્યવસ્થિત રીતે અંકુશો કાઢયા. ધાન્યના ઢગલા થયા. ઘણી ચીજોનું ઔદ્યોગિક ઉત્પાદન વધ્યું. અનેક ચીજોનું નવેસરથી દેશમાં ઉત્પાદન થવા માંડયું, બધું છેલ્લા માત્ર બે વર્ષમાં દેખાયું અને લોકોની આંખ ચમકી. લોકોમાં શ્રધ્ધા અને ઉત્સાહ પ્રગટયા. લોકોના દિલ ઉત્સાહથી ધબકતા જોઇને સાચી લોકશાહીમાં સ્વભાવિક રીતે બને છે તેમ સત્તા ઉપર બેઠેલા પ્રજાના પ્રતિનિધિઓ પણ ઉત્સાહમાં આવી ગયા.

"આરામ હરામ હૈ" નું સૂત્ર બહેનું મુકીને કોંગ્રેસ પક્ષ અને કોંગ્રેસ સરકાર એક ડગલું આગળ વધ્યા, અને તેમણે દેશ માટે સમાજવાદી ધ્યેય અપનાવ્યું.

આ આર્થિક પૂર્વભૂમિકા નજર સમક્ષ રાખીને અંદાજપત્રનો અભ્યાસ કરવો તે હવે પ્રજા માટે જરૂરી બને છે. તો જ જે પ્રજાના હાથમાં રાજ્યની છેવટની સત્તા છે તે પોતાના સત્તા ઉપર બેઠેલા પ્રતિનિધિઓને સાચા માર્ગદર્શક અને ઉત્તેજક બની શકશે.

આ પૂર્વભૂમિકા સમજ્યા પછી સ્વાભાવિક રીતે જ સૌને લાગશે કે અંદાજપત્રની ખાદ કે પુરાંત એ મહત્વની વાત નથી, પણ સરકારની આર્થિક નીતિને અને પ્રજાની પ્રગતિને અનુકુળ અને પ્રતિકુળ તત્વો આ અંદાજપત્રમાં કયા છે તે જ મહત્વની વાત છે.

સરકાર માત્ર કાયદો, વ્યવસ્થા અને શાન્તિ જાળવીને બેસી રહે તેમજ અહિં તહિં થોડી રાહતો આપે તેવા અંદાજપત્રમાં ગમે તેટલી પુરાંત હોય અને એક વ્યક્તિ પાસે મુડી વધે તેમ સરકારની મુડી વધ્યે જાય તેની કોઇ કીંમત નથી.

પ્રજાના પેટે જરૂર પુરતા પાટા બાંધવાનો તત્કાળ પુરતો અપજશ વહોરીને પણ જે સરકાર બને તેટલું ધન, સાધનો, શકિત અને સમય પ્રજાકલ્યાણના પાયાના કામોમાં રેડયે જાય અને લાંબે ગાળે તેના ઉપર આપોઆપ દેશની સમૃધ્ધિની દીવાલ ચક્રવૃધ્ધી વ્યાજ સાથે વધુને વધુ સુદૃઢ અને ઉંચી બની જાય તેવી જોગવાઇવાળા અંદાજપત્રમાં ગમે તેટલી ખાદ હોય તેથી પ્રજા રાચી શકે છે.

આયાતજકાતની આવક તદ્દન ખત્મ થાય, દેશનું ધન ખેંચી જતી પરદેશી માલની આયાત તૂટે, દેશના ઉદ્યોગો ફુલેફાલે અને સાથેસાથ તૂટતી આયાતજકાતની આવક પુરવા દેશી ઉદ્યોગો ખમી શકે તેટલી આપકારી ડયુટી નંખાયે જાય તે અંદાજપત્રને દીવાળીયું કે દુઃખથી નહિં પણ આનંદથી વધાવવા જેવું અંદાજપત્ર ગણી શકાય.

પણ સસ્તી પરદેશી વસ્તુઓ વાપરનારને દેશી મોંઘી વસ્તુઓ ખરીદવી પડે તેવા વેરા આડકતરી રીતે લોકોની કેડ ભાંગે છે અને શ્રીમન્ત ઉદ્યોગપતિઓને વધુ શ્રીમંત બનાવે છે તેનું શું ? લડાઇ દરમ્યાન ઉદ્યોગોના ભોગે ખીસ્સા ભરવાને ટેવાયેલા ઉદ્યોગપતિઓને વધુ સદ્ધર બનાવવાથી પ્રજાના ભોગે દગાખોરીને વધુ ઉત્તેજન નથી મળતું ? આવા પ્રશ્નો સમજવા અને વિચારવા જેટલા લોકો સમજુ થઇ ગયા છે.

આવા એક નહિ પણ અનેક કારણો–જેમાંના કેટલાક પ્રજા પણ નહિ જાણતી હોય–સરકારની સમાજવાદી નીતિના સર્જન માટે જવાબદાર હશે. કંપની એકટના સુધારણાની તૈયારી આજે છે અને તેમાં ક્રમશઃ મેનેજીંગ એજન્ટની પ્રથાને રૂખસદ આપવાની વાતને પણ સ્થાન છે તેનું કારણ પણ આવું કાંઇક હશે તેવી આપણે શ્રધ્ધા રાખવી જોઇએ.

તો સહકારી અને સરકારી ઉદ્યોગો સાથે ખાનગી ઉદ્યોગોના સહઅસ્તિત્વનો અને તેને ઉત્તેજન આપવા રીબેટ જેવી પધ્ધતિનો આ અંદાજપત્રમાં શા માટે સમાવેશ કરવામાં આવ્યો હશે?

દેશની મુડી, બુધ્ધિ, અનુભવ, સાધનો શકિત અને સમયને મર્યાદા છે એક ઝપાટે રાષ્ટ્રીયકરણ હાલ તુરત અશકય દેખાય પણ દેશનો વિકાસ અનિવાર્ય હોય અને બેકારી વધવાનું જોખમ લીધા વિના રોજગારીની શકયતા વધારવી હોય તો જ્યાં બને ત્યાં સરકારી સાહસને પ્રથમ સ્થાન અપાય, સરકાર ન પહોંચી શકે તે ઉદ્યોગો ખાનગી સાહસો મારફત વધુ ને વધુ પ્રમાણમાં સ્થપાય, અને ચાલી રહેલા ઉદ્યોગો પરદેશી હરિફાઇ તેમજ અત્યારના કેટલાક ઉદ્યોગપતિઓની દગાખોરી વૃત્તિ સામે રક્ષણ આપી બને તેટલા સદૃઢ બનાવવા પ્રયાસ થાય તે સિવાય હાલ તુરત બીજો કોઇ વિકલ્પ શકય ખરો?

આવા મુખ્ય ચર્ચાસ્પદ મુદાઓને સમજી લીધા પછી આયોજનનાં ભગીરથ કાર્યો અને તેમાં થતા જંગી ખર્ચનો વિચાર કરીએ. થોડો નિરર્થક વ્યય થાય છે, થોડું લાંચરૂશ્વતમાં ચવાઇ જાય છે, કામ હજુ ધીમું થાય છે, આવડા ખર્ચ લોકો જીરવી શકશે કે કેમ તેવી શંકાઓ રજુ કરવા સિવાય હવે લોકોમાં આયોજન વિષે શ્રધ્ધા, આત્મવિશ્વાસ અને ઉત્સાહ પ્રગટેલાં છે. એટલે આયોજનનું મહત્વ સમજાવવાની હવે જરૂર રહેતી નથી.

જો આયોજન જરૂરી હોય તો તેના ખર્ચ માટે આવક ઉભી કરવી તે પણ તેટલું જ જરૂરી છે. આ આવક ઉભી કરવા માટે કયા વર્ગ ઉપર કેટલો બોજો નાખવો તે સરકારની સમાજવાદી નીતિને અનુકુળ હોય તે રીતે થાય છે કે નહિ તે મહત્વનો પ્રશ્ન છે.

સમાજવાદી નીતિ સરકારે હમણા જ સ્વિકારી છે. સાથોસાથ કરવેરા તપાસ–સમિતિનો અહેવાલ પણ સરકારને હમણા જ મળ્યો છે. ચાલ્યા આવતા અંદાજપત્રના માળખાંને છિન્નભિન્ન કર્યા સિવાય આ બન્ને બાબતોને નજરમાં રાખીને અને બને તેટલી આવક વધારવાની ગણત્રી રાખીને આ વર્ષે થઇ શકે તેટલા ફેરફારો થયા છે તેમ કહી શકાય. અને આર્થિક બાબતોની વાસ્તવિકતા માત્ર ભાવના કે ભાષણોથી ભેદી શકાની નથી તે કહી ભુલવા જેવું નથી. આંકડા, હકીકતો, ચાલુ સ્થિતિ અને વાસ્તવિક સંજોગોની નકકર ભૂમિકા ઉપર ઉભા રહ્યા પછી જ આર્થિક આટાપાટાની રમત નાણાં પ્રધાન પોતાની બુધ્ધિ અને ચાતુર્યના પ્રમાણમાં રમી શકે છે. તે ભૂમિકાની બહાર જરા પગ મુકતા પોતાને અને તે પ્રશ્નને સ્પર્શતા ક્ષેત્રને તદ્દન ઉથલી પડતા વાર લાગતી નથી.

એક સામાન્ય માનવીની દ્રષ્ટિએ થયેલી આ સવિસ્તર સમીક્ષા પછી સ્વાભાવિકપણે સૌને લાગશે કે આમાં કયાંય મધ્યમવર્ગની ગણના નથી તે એક મુદ્દો બાદ કરતા અંદાજપત્રનું ચડતર દેશને સાચી દીશામાં લઇ જઇ રહ્યું છે.

**ભાપાલાલ દોશી**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૬૨, કેશવજી નાયક રોડ, મુંબઇ, ૯.

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૨૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧, ૧૯૫૫, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## અસ્પૃશ્યતા (અપરાધ) ધારો : હિંદુ–જૈન પ્રશ્નની વિચારણા

હિંદમાં રહી સહી અસ્પૃશ્યતા નાબુદ કરવાના હેતુથી 'અસ્પૃશ્યતા (અપરાધ) ધારો'– Untouchability (offences) Bill' લોકસભાની ચાલુ બેઠક દરમિયાન રજૂ થવાનું છે. આ કાયદો માત્ર હિંદુ સમાજને લાગુ પડે છે એમ નથી પણ સમસ્ત પ્રજાને લાગુ પડે છે. જે કોઇ સ્થળ યા સંસ્થામાં હિંદુ લેખાતી અન્ય કોઇ વ્યક્તિને પ્રવેશ, પૂજા યા ભોગવટાનો અધિકાર હોય તે સ્થળ યા સંસ્થામાં અન્ય કોઇ વ્યક્તિને તે અસ્પૃશ્ય ગણાય છે એ કારણસર તે તે અધિકારથી વંચિત રાખી ન શકાય–એ આ બીલનો–વિધેયકનો–ઉદ્દેશ છે. આ વિધેયકમાં રહેલી નીચેની કલમોએ ખાસ કરીને જૈન સમાજના અમુક વર્ગોમાં ઉગ્ર વિરોધ અને ઉહાપોહ પેદા કર્યો છે. એ વિરોધપ્રેરક કલમો નીચે મુજબ છે.

### વિવાદાસ્પદ કલમો

Punishment for enforcing religious disabilities–whoever on the ground of "untouchability" prevents any person.

(a) from entering any place of public worship which is open to other persons professing the same religion or belonging to the same religious denomination or any section thereof as such person; or, (b) from worshipping or offering prayers or performing any religious service in any place of public worship or bathing in or using the waters of, any sacred tanks, well, spring or water course in the same manner and to the same extent as is permissible to other persons professing the same religious denomination or any section thereof, as such person; shall be punishable with imprisonment which may extend to six months, or with five hundred rupees or with both.

Explanation:—For the purpose of this section and section 4, persons professing the Hindu religion in any of its forms or developments including Sikhs, Jains, Buddhists, Virshaivas, Lingayals, Adivasis and followers of the Brahmo, Prarthana or Aryasamaj shall be deemed to profess the same religion.

### એ કલમોનો અનુવાદ

#### ૩. ધાર્મિક અટકાયતો લાગુ પાડવા બદલ શિક્ષા

જે કોઈ વ્યકિત અન્ય વ્યકિતને માત્ર 'અસ્પૃશ્યતા'ના કારણે નીચે જણાવેલ બાબતોમાં અટકાયત કરે:–

(અ) એક જ ધર્મના અનુયાયી હોવાનો દાવો કરતી અથવા તો એક જ ધાર્મિક સમુદાય અથવા તો તેના કોઇ વિભાગ સાથે જોડાયેલી વ્યકિતઓને માટે ખુલ્લું હોય એવા ધાર્મિક પૂજા યા ઉપાસનાના સ્થાનમાં પ્રવેશ કરતાં અટકાયત કરે:

અથવા

(બ) કોઇ પણ જાહેર પૂજા, પ્રાર્થના, કે ઉપાસનાના સ્થાનમાં એક જ ધર્મને અનુસરતી વ્યકિતઓને જે હદ સુધી પૂજા પ્રાર્થના કે ઉપાસના કરવા દેવામાં આવતી હોય તે હદ સુધીની પૂજા, પ્રાર્થના કે ઉપાસના કરતાં અથવા તો કોઇ પણ પ્રકારની ધાર્મિક ક્રિયાઓ કરતાં અથવા તો કોઇ પવિત્ર લેખાતા તળાવ, કુવો, ઝરો કે જળ પ્રવાહમાં સ્નાન કરતાં કે તેના પાણીનો ઉપયોગ કરતાં અટકાયત કરે, તે વ્યકિતને છ મહીના સુધીની કેદની અથવા તો રૂા. ૫૦૦ સુધીના દંડની અથવા તો બન્ને પ્રકારની શિક્ષા કરવામાં આવશે.

**સ્પષ્ટીકરણ :—**

જેમાં શિખો, જૈનો, બૌધ્ધ ધર્મીઓ, વીરશૈવો, લિંગાયતો તથા આદિવાસીઓનો અને બ્રહ્મ સમાજ, પ્રાર્થના સમાજ અથવા આર્યસમાજના અનુયાયીઓનો સમાવેશ થાય છે એવી હિંદુ ધર્મની કોઇ પણ પરંપરા કે તેની શાખા પ્રશાખા દ્વારા હિંદુ ધર્મના અનુયાયી હોવાનો દાવો કરતી વ્યકિતઓને એક જ ધર્મના એટલે કે હિંદુ ધર્મના અનુયાયી તરીકે લેખવામાં આવશે."

ત્યાર બાદ ચોથી કલમમાં કોઇ પણ વ્યકિતને અસ્પૃશ્ય લેખવાના કારણે અન્ય અનેક સ્થળોનો તેમ જ સંસ્થાઓનો લાભ લેતાં જે કોઇ વ્યકિત અટકાયત કરે તેના માટે પણ ઉપર મુજબની શિક્ષા ફરમાવવામાં આવી છે. આ સંસ્થાઓમાં ધર્મશાળા, સરાઇ અથવા તો મુસાફરખાનાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ધારો કોઇ અમુક ધર્મના અનુયાયીઓને લાગું પડતો નથી, એમ છતાં પણ અસ્પૃશ્યતાની રૂઢિ માત્ર હિંદુ સમાજ સાથે જ જોડાયેલી હોઇને આ ધારો માત્ર હિંદુ સમાજને લક્ષ્યમાં રાખીને ઘડવામાં આવેલ છે એમ સ્વીકારીને તેની ચર્ચા કરવી વધારે યોગ્ય લાગે છે.

### હિંદુ–જૈનનો પ્રશ્ન

આપણે સૌથી પ્રથમ હિંદુ–જૈનના પ્રશ્નનો વિચાર કરીએ. આ ધારો હિંદુ ધર્મમાં અન્ય સંપ્રદાયો સાથે જૈન સંપ્રદાયને અન્તર્ગત કરે છે અને તે સામે કેટલાક જૈનોનો સખ્ત વાંધો છે. આ પ્રશ્નને અંગે આપણે એક બાબત જાણી લેવી ઘટે છે કે હિંદુ ધર્મમાં જૈન ધર્મને અન્તર્ગત લેખવાની આ કોઇ નવી વાત નથી. હિંદી બંધારણની ૨૫ મી કલમ સાથે જોડાયેલા ખુલાસામાં પણ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે હિંદુઓ સંબંધે જ્યાં જ્યાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોય ત્યાં ત્યાં તે ઉલ્લેખ શિખો, જૈનો અને બૌધ્ધ ધર્મીઓને લાગુ પડે છે એમ સમજવુ અને હિંદુ સંસ્થાઓને લગતા ઉલ્લેખનો પણ એ મુજબનો અર્થ સમજવો.

## હિંદુ શબ્દની ઉત્પત્તિ ક્યારે થઈ ?

પ્રસ્તુત ધારાની ત્રીજી કલમના સ્પષ્ટીકરણમાં જે કાંઈ કહેવામાં આવ્યું તેનો વિરોધ કેટલાક જૈનો એ કારણે કરે છે કે આ નવો ધારો જૈન ધર્મને હિંદુધર્મની એક શાખા તરીકે જાહેર કરે છે. જ્યારે તેમના મત પ્રમાણે જૈન ધર્મ સૌથી પુરાણો અને સ્વતંત્ર ધર્મ છે. આ અભિપ્રાય બરોબર હોય કે ન હોય પણ સ્પષ્ટીકરણમાંથી આ જ અર્થ નીકળે છે એમ ધારવું બરોબર નથી. સ્પષ્ટીકરણમાં જે સંપ્રદાયોને હિંદુધર્મમાં અન્તર્ગત ગણવાનું કહેવામાં આવ્યું છે તેના બે પ્રકાર સૂચવવામાં આવ્યા છે. (૧) હિંદુ ધર્મની કોઈ પણ પરંપરા (૨) હિંદુધર્મની શાખા પ્રશાખા. હિંદુ શબ્દનો ઉપયોગ શરૂ થયાને વધારેમાં વધારે ૧૦૦૦ વર્ષ થવા આવ્યાં છે. એ પહેલાં હિંદુ શબ્દ કોઈ જાણતું નહોતું. જૂના ધર્મગ્રંથોમાં હિંદુ શબ્દનો કે ઠેકાણે ઉલ્લેખ આવતો નથી. મુસલમાનો હિંદની વાયવ્ય દિશાએથી સીંધુ નદી ઓળંગી ને હિંદમાં આવવા લાગ્યા તે સમય દરમિયાન સિંધુની આ બાજુએ વસતી પ્રજાને હિંદુ શબ્દથી મુસલમાનો ઓળખવા લાગ્યા. એ વખતનો સમાજ એ હિંદુ સમાજ કહેવાયો અને એ સમાજ જે ધર્મ પાળતો હતો તે સમુચ્ચયે હિંદુ ધર્મ તરીકે ઓળખાવા લાગ્યો. આ ધર્મ મુખ્યત્વે ત્રણ પરંપરાનો બનેલો હતો, વૈદિક, જૈન અને બૌદ્ધ. આ રીતે જૈનને પણ મુસલમાનોના આગમન કાળથી હિંદુમાં અન્તર્ગત લેખવામાં આવ્યા છે. આ ઉપરથી હિંદુધર્મમાંથી જૈનધર્મ નીકળ્યો છે એવું જરા પણ ફલિત થતું નથી. મુસલમાનો આવ્યા પહેલાં હિંદમાં જે સંપ્રદાયો–પરંપરાઓ–અસ્તિત્વમાં હતી તે પરંપરાઓને એટલે કે વૈદિક, જૈન તથા બૌદ્ધને અને ત્યારપછી જે સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા એટલે કે શિખો, લિંગાયતો, બ્રહ્મો સમાજ, પ્રાર્થનાસમાજ તથા આર્યસમાજ આદિ શાખાપ્રશાખાઓને હિંદુધર્મમાં નવા ધારાનું સ્પષ્ટીકરણ અન્તર્ગત કરે છે. (વીરશૈવ સંપ્રદાય વિષે મને કશી માહિતી નથી અને આદિવાસીને આ હારમાળામાં કેમ સામેલ કરવામાં આવેલ છે તે સમજાતું નથી, કારણ કે 'આદિવાસી' એવો કોઈ સંપ્રદાય નથી.) હિંદુ ધર્મને આ રીતે વ્યાપક અર્થમાં સ્વીકારવાથી જૈન ધર્મની કે.ઈ હીણપત થતી નથી તેમ જ તેના ગૌરવ કે પુરાતનતાને કશી હાનિ પહોંચતી નથી. આ આપણે સ્પષ્ટ રીતે સમજી લઈએ.

## 'હિંદુ' એટલે 'વૈદિક' નહિ

આપણે ભૂલથી હિંદુ ધર્મને વૈદિક ધર્મ સાથે ભેળવી દઈએ છીએ અને તેથી જૈન ધર્મ હિંદુ ધર્મની શાખા હોવાના ગુંચવાડામાં પડીએ છીએ. જૈન ધર્મ અને વૈદિક ધર્મનો પરસ્પર શો સંબંધ છે, કોણ આગળ અને કોણ પાછળ, કોના વિકાસમાંથી કોનો ઉદ્‌ભવ થયો એ બધા સ્વતંત્ર પ્રશ્નો છે અને ઐતિહાસિક સંશોધનના વિષયો છે. પણ હિંદુ ધર્મમાં જૈન ધર્મને અન્તર્ગત કરવાથી ઉપરના પ્રશ્નો પરત્વે એક યા બીજા પ્રકારનો નિર્ણય લેશમાત્ર ફલિત થતો નથી. અલબત્ત કદિ કદિ હિંદુ શબ્દનો "વૈદિક" અર્થમાં ઉપયોગ સંકુચિત અને વિભ્રમજનક છે. યુનાઇટેડ સ્ટેટ્સ અમેરિકાનો એક વિભાગ છે, એમ છતાં 'અમેરિકા' શબ્દ આપણે યુનાઇટેડ સ્ટેટ્સ પૂરતો સાધારણતઃ વાપરીએ છીએ તે માફક આ "હિંદુ" શબ્દનો પણ 'વૈદિક" શબ્દના મર્યાદિત અર્થમાં કદિ કદિ પ્રયોગ થાય છે, પણ આવો પ્રયોગ નથી તર્કસંગત કે નથી ઇતિહાસસંગત અને અતિવ્યાપ્તિના દોષથી મુક્ત છે. હિંદના બંધારણે પણ હિંદુ શબ્દને સંકુચિત નહિ પણ વ્યાપક અર્થમાં સ્વીકાર્યો છે. આ હકીકત ધ્યાનમાં લઈને હિંદુ શબ્દને વૈદિક, બૌદ્ધ, જૈન આદિને આવૃત કરતા વ્યાપક અર્થમાં સ્વીકારી લેવો અને એ રીતે હિંદુ–જૈનના વિવાદાસ્પદ પ્રશ્નનો અન્ત આણવો એ આપણ સર્વ માટે ડહાપણ ભરેલું અને શ્રેયસ્કર છે. વારંવિકતાનો પણ તેમાં જ સ્વીકાર રહેલો છે.

## અસ્પૃશ્યતાની આત્યંતિક નાબુદી.

પ્રસ્તુત ધારાનો આશય કોઈ પણ વ્યક્તિને તે અસ્પૃશ્ય હોવાના કારણે કોઈ પણ સંસ્થામાંથી બહિષ્કૃત રાખવામાં આવતી હોય, કોઈ પણ સંસ્થાની સગવડોનો અન્ય હિંદુઓને જે લાભ મળતો હોય અને અસ્પૃશ્ય લેખાતી વ્યક્તિને જ તે લાભમાંથી વંચિત રાખવામાં આવતી હોય, કોઈ મનોરંજનના સ્થાનમાં કે ખાનપાનને લગતી હોટેલો કે ઉપાહાર ગૃહોમાં અસ્પૃશ્ય હોવાના કારણે જ તેને પ્રવેશ કરવા દેવામાં આવતી ન હોય–આવા સર્વ પ્રકારના બહિષ્કારને કાયદાથી નિષિદ્ધ કરવાનો છે અને અસ્પૃશ્યતા–નાબુદીને આપણે ધ્યેય તરીકે હિંદના બંધારણમાં નિરપવાદ રીતે સ્વીકારેલ હોવાથી આ આશય ઉચિત અને આવકારપાત્ર છે. પણ સાથે સાથે ધારાશાસ્ત્રીઓએ એ પણ જોવું રહ્યું કે હકક અથવા અધિકાર અસ્પૃશ્ય લેખાતા વર્ગની સમકોટિના અન્ય હિંદુઓને પણ ન મળતો હોય એવો કોઈપણ હકક કે અધિકાર અસ્પૃશ્ય લેખાતા વર્ગને મળવો ન જોઈએ. કારણ કે આમ કરવું તે કરવા ધારેલા ધારાના આશયની બહાર જતું લેખાશે, એટલું જ નહિ પણ અસ્પૃશ્ય લેખાતા વર્ગને વિશિષ્ટ અધિકાર આપીને અસ્પૃશ્યતાની જ બીજે છેડેથી સ્વીકૃતિ કરી લેખાશે, જે સ્વીકૃતિ સર્વ પક્ષે એટલી જ અનિચ્છનીય છે.

કમનસીબે ઉપર જણાવેલ પ્રસ્તુત ધારાની બન્ને કલમોમાં આ દોષ નજરે પડે છે. બન્ને કલમો ભારે અટપટી છે અને તેનો નિશ્ચિત અર્થ શો છે તેનો નિર્ણય કરવો બહુ મુશ્કેલ છે. એમ છતાં પણ એ બન્ને કલમોનો ઝીણવટથી વિચાર કરતાં અને સાર તારવતાં એવો અર્થ ફલિત થતો માલુમ પડે છે કે હિંદુ ધર્મના પેટામાં રહેલા અનેક સંપ્રદાયોમાંના કોઈ એક સંપ્રદાયના મંદિર તથા ધર્મશાળામાં એ સંપ્રદાયની બહારના હિંદુઓને પ્રવેશ કરવાનો, પૂજા–પ્રાર્થના–ઉપાસના કરવાનો કે ઊતરવાનો કાયદાસર ભલે હકક પ્રાપ્ત થતો ન હોય તો પણ એવાં મંદિરમાં તથા ધર્મશાળામાં હરિજનોની કોઈ પણ પ્રકારની અટકાયત થઈ નહિ શકે. આ કેવળ બંધારણીય છે. આને પરિણામે સમાજમાં બિનજરૂરી સંઘર્ષો પેદા થવાનો સંભવ છે. વળી અસ્પૃશ્યતા નાબુદીના તાનમાં ઔચિત્ય અને ન્યાયની સીમા ઓળંગવામાં આવે એ બકરાને કાઢીને ઊંટને દાખલ કરવા બરોબર લેખાશે. આ દલીલનો સાર એ છે કે અસ્પૃશ્યતા નાબુદીને લગતો કાયદો માત્ર એક જ ધોરણ સ્વીકારીને થવો જોઈએ અને તે એ કે હિંદુ ધર્મ નીચે આવતા ભિન્નભિન્ન સંપ્રદાયોના મંદિરો તેમ જ ધર્મશાળાઓમાં જે હકક અધિકાર અને સગવડ એ સંપ્રદાયથી બહારના હિંદુઓ ભોગવતા હોય તે હક અધિકાર અને સગવડ હિંદુ લેખાતા હરિજનોને પણ સંપૂર્ણ રીતે મળવા જોઈએ આ ધોરણ ધ્યાનમાં રાખીને ક્રમશઃ (૧) મંદિર પ્રવેશ, (૨) દેવપૂજા અધિકાર, (૩) ધર્મશાળાઓનો ઉપયોગ એ ત્રણ બાબતોનો આપણે વિચાર કરીએ.

### (૧) મંદિર પ્રવેશ

કોઈ પણ મંદિરમાં પ્રવેશ કરવાનો અધિકાર કોને એનો માત્ર કાયદાની જ ભાષામાં વિચાર કરીએ તો એમ કહેવું પડે કે જે મંદિર જે સંપ્રદાયનું હોય તે મંદિરમાં પ્રવેશ કરવાનો માત્ર તે સંપ્રદાયના અનુયાયીઓને જ અધિકાર હોઈ શકે. પણ વ્યવહારના ક્ષેત્રમાં મંદિરપ્રવેશાધિકાર હંમેશા અતિ વ્યાપક અને નિર્બંધ રહ્યો છે. મંદિરપ્રવેશની આવી સાંકડી મર્યાદા કોઈપણ સંપ્રદાયે આજ સુધી સ્વીકારી નથી અને દરેક સંપ્રદાયનાં મંદિરો સૌ કોઈ હિંદુઓને માટે આજ સુધી ખુલ્લાં રહેલાં છે. માત્ર ધ્રુંચ ઊભી થાય છે હરિજનોને આ મંદિરોમાં દાખલ કરવાની બાબતમાં. હરિજનો સંબંધે ઉપર જણાવ્યા મુજબની નીતિ સર્વમાન્ય બનેલી હોઈને અને રાજ્યના બંધારણે તે નીતિને નિરપવાદપણે સ્વીકારેલી હોઈને હિંદુસંપ્રદાયનાં કોઈ પણ મંદિરમાં હરિજનો સમેત સર્વ હિંદુઓને આ ધારો પ્રવેશાધિકાર આપવા માગે છે તે યોગ્ય છે આ સામે કોઈપણ વર્ગે

કે સંપ્રદાયે હવે ખોલી નાંખવાં જ જોઇએ. હરિજનો આપણા મંદિરમાં દાખલ થઇ જશે અને મંદિરને અભડાવશે. માટે અમારાં મંદિરો માત્ર અમારા સંપ્રદાયના અનુયાયીઓ માટે જ ખુલ્લાં છે એવી જાહેરાત કેટલાક જૈનો તેમ જ જૈનેતરો કરે છે અને એવાં પાટિયાં ચોડે છે એ પાછળ કેવળ અસ્પૃશ્યતાવૃત્તિ જ રહેલી છે જે હવે ચાલવા દેવી ન જ જોઇએ. આવી જાહેરાતો અને પાટિયાંઓ નવા ધારાથી હવે અર્થશૂન્ય બને છે અને તે યોગ્ય જ છે.

### (૨) પૂજા-પ્રાર્થના-ઉપાસના

હવે બીજા મુદ્દાનો વિચાર કરીએ. મંદિરપ્રવેશ જેટલો દેવપૂજનનો અધિકાર સામાન્યતઃ વિસ્તૃત હોતો નથી. જ્યાં અન્ય હિંદુઓને આ અધિકાર સુલભ હોય ત્યાં અસ્પૃશ્યોને જરૂર એ અધિકારથી આપણે વંચિત રાખી ન જ શકીએ. પણ મંદિરપ્રવેશ જેટલો દેવપૂજનનો પ્રશ્ન સરળ નથી. તે પ્રશ્ન ઘણો અળો છે અને તે વિષેની પ્રચલિત રૂઢિને વળગી રહેવા માટે અનુયાયીઓ બહુ જ ઉચ્ચ માનસ ધરાવતા હોય છે. મૂર્તિની પવિત્રતા વિષે અનુયાયી દળોમાં કેટલીક રૂઢ માન્યતાઓ હોય છે જેની ઉપેક્ષા કે અવગણના કરતાં જાત જાતના સંઘર્ષો પેદા થવાનો સંભવ રહે છે. કેટલાક સંપ્રદાયોમાં તે તે સંપ્રદાયના અનુયાયી સિવાય કદિ પણ અન્યને પૂજા કરવા દેવામાં આવતા નથી એટલે કે ઇષ્ટ દેવની મૂર્તિના સીધા સંબંધમાં તેમને આવવા દેવામાં આવતા નથી. કેટલાક સંપ્રદાયોમાં આવા સીધો સંબંધ અધિકાર અનુયાયીઓમાંથી પણ અમુક પૂરતો જ મર્યાદિત હોય છે. આવી જ્યાં રૂઢ મર્યાદાઓ હોય ત્યાં અસ્પૃશ્યે ને તેમ જ અન્ય હિંદુઓને પૂજા કરવાનો અધિકાર આપવો યોગ્ય નથી. આ મર્યાદાનો સ્પષ્ટ રૂપમાં પ્રસ્તુત ધારામાં નિર્દેશ થવો જરૂરી છે.

### સાંપ્રદાયિક ધર્મશાળાઓ

હવે આપણે ત્રીજા મુદ્દા ઉપર આવીએ. હિંદુઓની ધર્મશાળા બે પ્રકારની હોય છે. એક વિશાળ હિંદુસમાજના ઉપયોગ માટે નિર્માણ કરવામાં આવેલી ધર્મશાળાઓ. આવી ધર્મશાળાઓનો લાભ લેતા કોઇ પણ અસ્પૃશ્યને અટકાવી ન જ શકાય. અને અટકાવવો જોઇએ પણ નહિ. પણ કોઇ કોઇ ધર્મશાળા હિંદુ ધર્મમાં અન્તર્ગત એવા એક અથવા ન્યૂન્ય સંપ્રદાયના ઉપયોગ માટે જ બંધાવવામાં આવેલી હોય છે. આવી ધર્મશાળાનો ઉપયોગ મર્યાદિત જ રહેવો જોઇએ. એ સંપ્રદાયનો અનુયાયી ન હોય એવી વ્યક્તિને એ ધર્મશાળાનો લાભ લેવાનો કાયદાથી હકક આપવો એ વ્યાજબી લાગતું નથી

આ મન્તવ્ય બરોબર હોય તો એવી ધર્મશાળાઓમાં અસ્પૃશ્યોને પણ અવકાશ આપવો ન ઘટે. એક સંપ્રદાયની ધર્મશાળાનો અન્ય સંપ્રદાયના લોકો [illegible] ઉપયોગ કરી ન જ શકે એમ અહિં અર્થ છે એમ કોઇ [illegible] મજે. કોઇ પણ સંપ્રદાયની ધર્મશાળાના દરવાજા બને તેટલા વ્યાપક સમુદાય માટે ખુલ્લા થાય એ જરૂર ઇષ્ટ અને આવકારદાયક છે. ખાસ કરીને કોઈ અસાધારણ અવસરના પ્રસંગે તમે અમારા સંપ્રદાયના નથી એમ કહીને ભીડમાં ફસાઈ પડેલા આગન્તુકને અમુક સંપ્રદાયની ધર્મશાળામાં દાખલ થવા કે ઊતરવા દેવાની ના પાડે એમાં આવે એ માનવતાનો વિદ્રોહ કરવા બરોબર છે. પણ અહિં કયા સંયોગોમાં કોણે કેમ વર્તવું જોઇએ તેને લગતો નથી. પણ એક યા બીજા સમાજના હકકની મર્યાદા નકકી કરવાને લગતો છે. આ સંબંધમાં ઉપર જણાવેલી મર્યાદાને નવા ધારામાં સ્પષ્ટપણે અન્તર્ગત કરવી જરૂરી છે.

### મંદિર તથા ધર્મશાળાનો વહીવટી અધિકાર

હવે છેવટનો એક મુદ્દો વિચારવો બાકી રહે છે. કોઇ મંદિરમાં કે ધર્મશાળામાં પ્રવેશ, પૂજા કે ઉતારાનો અધિકાર અમુક વિશાળ સમુદાયને આપવામાં આવે તેનો ઘણીવાર કાયદેસર એવો અર્થ કરવામાં આવે છે કે તે વિશાળ સમુદાયનું તે મંદિર અથવા ધર્મશાળામાં હિત-interest ઉભું થાય છે અને તેથી તે મંદિર કે ધર્મશાળાના વહીવટમાં તે વિશાળ સમુદાયને voice-અવાજ હોવો જોઇએ અને અધિકાર મળવો જોઇએ. જ્યારે વસ્તુતઃ એ મંદિર કે ધર્મશાળા માત્ર અમુક-અમુક સંપ્રદાયની જ હોય છે. કાયદા કાનુનથી પ્રવેશ, પૂજા, ઉતારાના ભોગવટાને આપણે ઠીક લાગે તેટલો જરૂર વ્યાપક બનાવીએ પણ તેના વહીવટને વ્યાપક દખલગીરીનો ભોગ બનાવવો તે ઉચિત નથી. જે મંદિર કે જે ધર્મશાળા જે સંપ્રદાયની હોય, તે મંદિર કે ધર્મશાળાના વહીવટનો અધિકાર તે સંપ્રદાયના સ્થાનિક અનુયાયીઓ હસ્તક અથવા તો તેમણે નીમેલી સમિતિ અથવા ટ્રસ્ટીમંડળ હસ્તક જ રહેવો જોઇએ. અને તેમાં દખલગીરી કરવાનો વ્યાપક સમુદાયને હકક હોવો ન જોઇએ. આ મર્યાદને સુચવતી એક કલમ પ્રસ્તુત ધારામાં ઉમેરાવી જોઇએ.

### આવશ્યક અપવાદો

ઉપરના વિવેચન ઉપરથી પ્રસ્તુત ધારાની ત્રીજી કલમમાં નીચે મુજબના અપવાદો દાખલ કરવા જરૂરી છે:-

**અપવાદ ૧** : હિંદુધર્મના પેટા સંપ્રદાયના જે કોઇ મંદિરમાં તે સંપ્રદાયથી બહારના હિંદુને પૂજા-પ્રાર્થના કે ઉપાસના કરવાનો કે ચોકકસ ધર્મક્રિયાઓ કરવાનો અધિકાર સુપ્રતિષ્ઠિત રૂઢિના કારણે આપવામાં આવતો ન હોય એવા મંદિરમાં અસ્પૃશ્ય લેખાતી વ્યકિતને આ કલમની રૂઇએ તે પ્રકારનો અધિકાર મળી શકશે નહિ.

**અપવાદ ૨.** હિંદુ ધર્મના પેટા સંપ્રદાયના કોઇપણ મંદિરમાં કે ધર્મશાળામાં પ્રવેશનો, પૂજા-પ્રાર્થના-ઉપાસનાનો અથવા તો ઉતારાનો અધિકાર આ કલમ તથા પછીની કલમ ૪ ની રૂઇએ ગમે તેટલા વ્યાપક સમુદાયને આપવામાં આવે એ છતાં એ મંદિર તથા ધર્મશાળાના વહીવટમાં પ્રસ્તુત સંપ્રદાયથી બહારની વ્યકિતને કશો પણ હકક મળશે નહિ.

ચોથી કલમમાં નીચે મુજબનો અપવાદ દાખલ કરવો જોઇએ :-

**અપવાદ ૩.** હિંદુ ધર્મના પેટા સંપ્રદાયની કોઇ પણ ધર્મશાળા, સરાઈ કે મુસાફરખાનું કે જેમાં તે સંપ્રદાયથી બહારની વ્યકિતને ચિરપ્રતિષ્ઠિત રૂઢિથી ઊતરવા વગેરેની સગવડ આપવામાં આવતી ન હોય, તેવી ધર્મશાળા, સરાઇ કે મુસાફરખાનામાં ઊતરવા વગેરેની સગવડનો હકક અસ્પૃશ્ય લેખાતી વ્યકિતને આ કલમની રૂઇએ મળી શકશે નહિ.

આ મુજબના અપવાદો પ્રસ્તુત ધારામાં આમેજ કરીને પ્રસ્તુત ધારાના અમલને સરળ સ્પષ્ટ અને ન્યાયયુકત બનાવવા માટે સરકારને પ્રાર્થના છે અને આ રીતે સુધારવામાં આવેલા ધારાને આવકારીને અસ્પૃશ્યતાની બદીને પ્રજાજીવનમાંથી નાબુદ કરવા પ્રજાજનોને અનુરોધ કરવામાં આવે છે.

પરમાનન્દ

★

## બાલસંન્યાસ પ્રતિબંધક ધારા અંગે સંઘનો ઠરાવ

તા. ૪-૩-૫૫ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ બાલ-સંન્યાસ દીક્ષા પ્રતિબંધક ધારા અંગે નીચે પ્રમાણે ઠરાવ કર્યો હતો :-

"બાલસંન્યાસ પ્રતિબંધક ધારાનો ખરડો મુંબઇની ધારાસભાની કાઉન્સીલમાં રજૂ કરવા માટે મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ શ્રી પ્રભુદાસ બાલુભાઇ પટવારીને ધન્યવાદ આપે છે અને બન્ને ધારાસભાના સભ્યો આ ખરડાને હાર્દિક આવકાર આપીને પસાર કરશે અને એ રીતે બાલદીક્ષાના અનિષ્ટ ઉપર જરૂરી અંકુશ મૂકશે એવી આશા રાખે છે."

# બહુમતી વર્ગની ગુંડાગીરી અને કલેકટરની આપખુદી

(રતલામના જૈન મંદિર સંબંધી છેલ્લા સાત મહિના દરમિયાન બનેલી ઘટનાઓ જૈન સમાજને ખૂબ વ્યગ્ર કરી રહેલ છે. તેને લગતી વિગતો તરફ વિશાળ સમાજના અન્ય વર્ગોએ પણ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે એમ લાગવાથી અહીંયા અહેવાલ મુજબ બનેલ બીનાઓનો સાર નીચે આપવામાં આવ્યો છે.)

ગત વર્ષના સપ્ટેમ્બર માસની મધ્યમાં રતલામના સનાતન ધર્મી હિંદુસમાજમાં એક એવા સમાચાર વહેતા થયા કે ત્યાંના મુખ્ય જૈન મંદિરમાં કેટલાય સમયથી સ્થાપિત થયેલ શિવલિંગને ઉખેડીને ગુમ કરવામાં આવેલ છે. આ સમાચારે કેટલાક સનાતની હિંદુઓમાં ખૂબ ખળભળાટ પેદા કર્યો; શકમંદ માણસોને પકડવા માટે પોલિસમાં ફરિયાદ કરવામાં આવી; અને તેને લગતી સરકારી તપાસ શરૂ થઇ. આ વાત અટકેથી અટકી નહિ. નવેંબર માસના પહેલા અઠવાડીઆમાં આ બાબતમાં સીધા પગલાં ભરવાનો સરકારને આગ્રહ કરતી એક પત્રિકા શ્રી ચંદુલાલ વાગડા અને બાબુલાલ ખંડેલવાલા તરફથી બહાર પાડવામાં આવી. નવેંબરની ૧૧મી તારીખે ગોપાલ મંદિરમાં સનાતન હિંદુઓની એક જાહેર સભા ભરવામાં આવી અને તેમાં જૈન સમાજની વિરુધ્ધ તીવ્ર લાગણી પેદા કરે એવાં ઉગ્ર ભાષણો કરવામાં આવ્યા. ત્યાર બાદ એવી જ એક બીજી પણ જાહેર સભા આઝાદ ચોકમાં ભરવામાં આવી. આ રીતે જૈન સમાજ સાથે વાતાવરણ વધારે ને વધારે તંગ બનતું ગયું. જે જગ્યાએથી શિવલિંગ ખસેડવામાં આવ્યું કહેવામાં આવતું હતું તે જ જગ્યાએ શિવલિંગ ફરીથી મુકાવું જ જોઇએ એ પ્રકારનું આંદોલન જોર શોરથી ચાલુ કરવામાં આવ્યું. સનાતનીઓએ આ હિલચાલને શાન્ત પાડવાનો કશો પણ પ્રયત્ન ન કર્યો અને વાતાવરણ દિવસાનુદિવસ બગડતું ચાલ્યું આમ જૈનો અને જૈનેતરો વચ્ચે વધતી જતી તંગદિલી ધ્યાનમાં લઇને રતલામના એક જૈન વકીલ શ્રી વધીચંદ પોરવાલે આ વસ્તુસ્થિતિ તરફ રતલામના કલેકટર અને ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટનું તાર દ્વારા ધ્યાન ખેંચ્યું અને વેર ઝેર વધાર્યે જતી આ હિલચાલ ઉપર તત્કાળ અંકુશ મૂકવા, સભાઓ બોલાવી જાહેર કરવા અને મોટા સરઘસો નીકળતા અટકાવવા વિનંતિ કરી, પણ તે તરફ કશું ધ્યાન આપવામાં ન આવ્યું એટલું જ નહિ પણ, મળેલા સમાચાર મુજબ ત્યાંના કલેકટર શ્રી. સી. જી. મહાદિકે સનાતનીઓનો પક્ષ લીધો અને નવેંબરની ૨૯મી તારીખે મળેલી જાહેર સભામાં સનાતની હિંદુઓને ઉશ્કેરનારૂં ભાષણ કર્યું. આ સભામાં લગભગ ૧૦૦૦૦ માણસો એકઠા થયા હતા અને ચાર કલાક સુધી આ સભા ચાલી હતી. પોલિસ અધિકારીઓ પણ આ સભામાં હાજર હતા. કલેકટર મહાદિક પોતે રતલામ છોડીને તરતમાં જ જવાના હતા એમ છતાં પોતે જશે એ પહેલાં જૈન મંદિરમાં વિધિપૂર્વક શિવલિંગની સ્થાપના કરવામાં આવશે, એવી લોકોને કલેકટરે એ સભામાં ખાત્રી આપી હતી.

ઉપર જણાવેલ લિંગ પ્રકરણ અંગે શ્રી હીરાલાલ ચૌધરી, સુમેરમલ સુરાણા, તેજરાજજી ગાંધી અને બીજા ૨૫ જૈનોની ધરપકડ કરવામાં આવી અને તેમને જામીન ઉપર છોડવાને બદલે પોલીસ લોકઅપમાં રાખવામાં આવ્યા કેટલાક ખાનદાન જૈનોના ઘરની જડતી લેવામાં આવી. કલેકટર મહાદિકે પોતે કોટવાલીમાં જઇને પકડાયલા ગૃહસ્થોને જુની ધમકી આપી. શ્રી હીરાલાલ ચૌધરી અને સુમેરમલ સુરાણાને હાથકડીઓ પહેરાવીને જાહેર રસ્તાઓ ઉપર થઇને મેજીસ્ટ્રેટની કોર્ટમાં લઇ જવામાં આવ્યા. આ બધી ઘટનાઓથી રતલામનો જૈન સમાજ ભયસ્તબ્ધ બની ગયો. અને લોકોના કોપથી બચાવનાર કોઇ સત્તા ન હોય એવી અસહાયતા અનુભવવા લાગ્યો.

આ દરમિયાન શિવલિંગની પુનઃ સ્થાપના કરાવવા માટે બે ત્રણ સનાતનીઓએ ભુખ હડતાળ શરૂ કરી હતી. કલેકટર પોતે નવેંબર તા. ૨૪મીના રોજ આ ઉપવાસી ભાઇઓ પાસે ગયો, તેમને પોતાની સાથે લીધા, લગભગ ૧૦૦૦ માણસોનું ટોળું તેમની સાથે ચાલ્યું, જૈન મંદિરમાં કલેકટર દાખલ થયો, જ્યાં શિવલિંગ હોવાનું કહેવામાં આવતું હતું ત્યાં એ વખતે મહાવીર સ્વામીની મૂર્તિ પ્રતિષ્ઠિત થયેલી તેના જોવામાં આવી. એ મૂર્તિને તેણે ત્યાંથી ખસેડી અને એ જ જગ્યાએ નવા શિવલિંગની સ્થાપના કરવામાં આવશે એવી તેણે ત્યાં એકઠા થયેલા ટોળાને ખાત્રી આપી.

આના આગળના દિવસે એટલે કે નવેંબરની ૨૩ મી તારીખે ગોપાળ મંદિરમાંથી એક મોટું સરઘસ કાઢવામાં આવ્યું હતું. આ સરઘસમાં હજારો આદમીઓ જોડાયા હતા. જૈનો સામે જાણે કે જેહાદ મંડાઇ ન હોય એમ જૈનો વિરૂધ્ધ લોકપોકારો ગાજી રહ્યા હતા; બજારમાં દુકાનો બંધ કરવાની લોકોને ફરજ પાડવામાં આવી હતી અને વેરઝેરથી ભરચક એવું જૈનો વિરૂધ્ધ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. નવેંબરની ૨૪ મી તારીખે આ વાતાવરણ શાન્ત પાડવા અને તોફાની તત્ત્વોને કાબુમાં લેવા જૈનોએ કલેકટરને અપીલ કરી પણ તેણે આ દિશાએ કશા પણ પગલાં લીધા નહિ એટલું જ નહિ પણ નવેંબરની ૨૫ મી તારીખે પોતાની સહીથી બહાર પાડેલી પત્રિકામાં તેણે જાહેર કર્યું કે બે ત્રણ દિવસમાં શુભ મુહૂર્ત જોઇને જૈન મંદિરમાં શિવલિંગની પુનઃ સ્થાપના કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

આ મુજબ નવેંબરની ૨૫ મી તારીખે કલેકટરે જૈન મંદિરનો કબજો લીધો અને જૈનોને પૂજા કરવા માટે દાખલ થતા અટકાવવામાં આવ્યા. એ જ દિવસે સનાતનીઓની પગલાસમિતિએ જો જૂનું શિવલિંગ હાથ આવશે તો તે અને નહિ તો નવું શિવલિંગ નવેંબરની ૨૭ મી તારીખે પ્રસ્તુત જૈન મંદિરમાં સ્થાપિત કરવાનો નિર્ણય જાહેર કર્યો. આ સમાચાર સાંભળીને રતલામના એક જૈન ગૃહસ્થ શ્રી તેજરાજ ગાંધી અને બીજા કેટલાક જૈનો ઇંદોર ગયા અને ઉપર મુજબ શિવલિંગની સ્થાપના કરવા માંગતા કલેકટર અને અન્ય લોકોને અટકાયત કરતો હુકમ કરવાની ઇંદોરની હાઇકોર્ટને વિનંતિ કરી. નવેંબરની ૨૬ મી તારીખે સંયુકત જૈન સંઘના મંત્રી શ્રી ચાંદમલ લુણીઆએ રતલામના કલેકટર અને તહેસીલદારને જણાવ્યું કે જૈન સમાજ પ્રસ્તુત બાબતમાં કાયદેસર પગલાં લઇ રહી છે અને તેથી ઇંદોર હાઇકોર્ટનો નિર્ણય ન આવે ત્યાં સુધી જેમ છે એમની એમ સ્થિતિ ચાલુ રહેવા દેવા અને શિવલિંગની સ્થાપના ન થવા દેવા તેમને વિનંતિ કરી. આ વિનંતિ માન્ય રાખવાને બદલે નવેંબરની ૨૬ મી તારીખે બપોરના ગોપાલ મંદિરથી શાન્તિનાથજીના જૈન મંદિર સુધી સનાતનીઓને સરઘસ કાઢવા દેવામાં આવશે અને ૨૭ મી એ સવારે નવ વાગ્યે શિવલિંગની સ્થાપના કરવામાં આવશે અને બધું રાખગમાં આવેલું જૈન મંદિર દર્શન માટે ખુલ્લું મૂકવામાં આવશે એવી કલેકટરે જાહેરાત કરી. બીજી બાજુએ ઇન્દોરની હાઇકોર્ટે ઉપર જણાવેલ શ્રી તેજરાજ ગાંધીની પીટીશનના જવાબમાં શિવલિંગની સ્થાપના નહિ કરવાનો કલેકટર તથા તહેસીલદારને નવેંબરની ૨૬ મી તારીખે હંગામી હુકમ કર્યો અને એ જ રાત્રે એ હુકમની કલેકટર અને તહેસીલદાર ઉપર બજાવણી કરવામાં આવી.

ઇન્દોર હાઇકોર્ટના આવા કોઇ હુકમને વ્યર્થ બનાવવાના હેતુથી આગલા દિવસે આપખુદીથી પ્રસ્તુત જૈન મંદિરમાં જે જગ્યાએથી શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ ખસેડવામાં આવી હતી તે જ જગ્યાએ કલેકટરે શિવલિંગની સ્થાપના કરાવી લીધી અને બપોરના ૩ થી ૭ સુધીમાં દર્શન કરવા માટે જવાની જાહેર જનતાને છુટ આપતી જાહેરાત કરી. પરિણામે ૨૭ મી તારીખે ગોપાલ મંદિરથી એક મોટું સરઘસ નીકળ્યું.

અને જૈન મંદિરમાં દાખલ થયું. મંદિરના ચોકમાં મોટો હવન કરવામાં આવ્યો અને ડેપ્યુટી કલેક્ટર શ્રી ભોરાસ્કર અને તેની પત્નીએ હવન કર્યો અને આ રીતે હાઇકોર્ટના હુકમને નિષ્ફળ બનાવવામાં આવ્યો.

આજે હજુ જૈન મંદિર સરકારના કબજામાં છે અને ત્યાં જૈનોને ચાલુ નિયમ મુજબ પૂજા કરવા દેવામાં આવતી નથી. આ બાબતમાં જરૂરી તપાસ કરવા માટે એક તટસ્થ તપાસ સમિતિની નિમણુંક કરવા જૈનો તરફથી મધ્ય ભારત સરકારને અનેકવાર વિનંતિ કરવામાં આવી છે. સાથે સાથે જૈનોને નિયમ મુજબ પ્રસ્તુત મંદિરમાં પૂજા કરવાની છૂટ આપવાની પણ અનેકવાર વિનંતિ કરવામાં આવી છે. પણ હજુ સુધી આ વિનંતિ તરફ કશું પણ ધ્યાન આપવામાં આવ્યું નથી.

આ આખું પ્રકરણ તટસ્થ રીતે જોનાર વિચારનારને ભારે દુઃખ ઉપજાવે તેવું છે. પ્રારંભમાં શિવલિંગ ઉખેડીને ગુમ કરવામાં આવ્યાનાં જે સમાચારમાંથી આ બધો અનર્થ ઊભો થયો તે સમાચાર સાચા હતા કે કેમ એ એક સવાલ છે. એ સાચા હોય તો પણ તે કારણે ત્યાંના બહુમતી વર્ગે સનાતની હિંદુ સમાજે જે અરાજકતા અખત્યાર કરી અને તેને ત્યાંના કલેક્ટરે જે સાથ આપ્યો અને જે આપખુદીભર્યું વર્તન કર્યું તે ભારે શરમાવનારું લેખાય. અલબત્ત પ્રસ્તુત જૈન મંદિરમાંથી શિવલિંગ ઉખેડીને ગુમ કરવામાં આવ્યાની હકીકત પુરવાર થાય તો તે માટે જો કોઇ જવાબદાર વ્યક્તિઓ હોય તેને યોગ્ય શાસન થવું જ જોઇએ પણ આમ બન્યું એટલે મોટી બહુમતી ધરાવતો વર્ગ ત્યાંના નાના સરખા જૈન સમાજની છાતી ઉપર ચઢી બેસે અને કલેક્ટર પણ પક્ષકાર બને અને જૈન મંદિર ઉપર ફાવે તેવું આક્રમણ કરે એ કેવળ અક્ષમ્ય ગુંડાગીરી જ કહેવાય. આજે જૈન સમાજ છે; આવતી કાલે તેની જગ્યાએ બીજો કોઇ અલ્પમતી ધરાવતો સાંપ્રદાયિક સમાજ હોઇ શકે છે. દરેક લઘુમતી સમાજને જે પુરતું રક્ષણ ન મળે તો પછી આપણું રાજ્ય secular છે-અસાંપ્રદાયિક છે એમ કહેવાનો અર્થ શો? આ આખા પ્રકરણની તટસ્થ તપાસ થવી જોઇએ અને જે સત્તાધીશો અને પોલિસના અધિકારીઓ રાજ્ય બંધારણના અસાંપ્રદાયિક આદર્શને નેવે મૂકીને પોતાની ફરજમાંથી ચૂક્યા હોવાનું માલૂમ પડે તેમને યોગ્ય નસિયત ફરમાવવી જ જોઇએ. ધાર્મિક તટસ્થતાનો દાવો કરતી ભારત સરકારને રતલામનું આ નાનું સરખું પ્રકરણ એક ચેલેંજ છે, પડકાર છે. ભારત સરકારે અને તેની પ્રતિનિધિ મધ્ય ભારત સરકારે આ પ્રકરણનો વ્યાજબી ઉકેલ લાવીને ભારતભરના લઘુમતી વર્ગોને સ્વસ્થતાની સહીસલામતીની પૂરી પ્રતીતિ કરાવવી ઘટે છે. આપણે આશા રાખીએ કે આ દિશાએ જે કાંઇ યોગ્ય હશે તે કરવામાં મધ્ય ભારતની સરકાર નિષ્ફળ નહિ નીવડે.

**પરમાનંદ**

---

( છેલ્લા પાનાથી ચાલુ )

પૈસા કમાવાનો નહિ, પણ શાળામાં આવતી બહેનોને ઉદ્યોગો દ્વારા શક્તિશાળી બનાવવાનો, એમનામાં રહેલા વ્યક્તિત્વને વિકસાવવાનો હતો. શાળા માટે કદી એમણે કોઇ પાસે હાથ નહોતો લંબાવ્યો. પોતે એકટંક ખાઇને બચાવેલા પૈસામાંથી અને સાહિત્યકૃતિઓના પ્રકાશનમાંથી જે પૈસા મળતા એમાંથી શાળાનું સંચાલન કરતાં. આ રીતે એઓ આજના સમાજમાં વ્યાપેલી ભીરુતા, નાદાનિયત અને સ્વાર્થપરાયણતાને સંહારી એક એવા નવા સમાજની રચના કરવા ચાહતાં હતાં કે જેમાં હોય નિર્ભયતા, હોશિયારી અને સ્વાર્થહીનતા. આ માટે બહેનોને એઓ નિંદા, પ્રમાદ, કુથલી, વિષયલોલુપતા આદિ વિકારો છોડી નિષ્કામ કર્મ, ભક્તિ અને સેવાનો માર્ગ અપનાવતાં શીખવતાં. તે સાથે જ પશ્ચિમના દેશોનું કે ત્યાંની સંસ્કૃતિનું અંધ અનુકરણ કરતાં પણ એ બહેનોને વારતાં. કોઇકે એમને Ball-Room dancing માટે પૂછ્યું ત્યારે એમણે સચોટ જવાબ આપ્યો કે હિંદની બહેનો માટે જીવન એ સંગ્રામ છે (આસુરી શક્તિઓ સામેનો) એ નૃત્ય ન હોઇ શકે (Life is a battlefield and not a ball-room dance)

આમ આપણા જીવનની જડતા, શિથિલતા, અવ્યવસ્થા અને અસ્વચ્છતાને પિછાણવા છતાં પણ ભગિની નિવેદિતાએ એમાં રહેલા જીવંત તત્ત્વને જ જાણવાનો પ્રયત્ન આદર્યો હતો. ક્ષુદ્રથી પર જઇ શિવં સાથે જ એમણે ભાવૈકરસતા સાધી હતી. શિવને વિષે જ જે સતીનું મન ભાવતો રસ પામ્યું છે તે શું બાહ્ય ધન, યૌવન, રૂપ અને આચારમાં તૃપ્તિ ખોળી શકે? ભગિની નિવેદિતાનું મન તે અનન્ય દુર્લભ સુગભીર ભાવના રસથી સદા પૂર્ણ હતું. એટલા માટે જ તેઓ દરિદ્રમાં ઇશ્વરને જોવા પામ્યાં હતાં અને બહારથી જેનામાં સૌંદર્યનો અભાવ જોઇને રુચિવિલાસીઓ ઘણુંપૂર્વક દૂર ચાલ્યા જાય છે તેમનાજ રૂપથી મુગ્ધ થઇને તેમણે તેમનાજ કંઠે પોતાના અમર જીવનની શુભ્ર વરમાળા પહેરાવી હતી." પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓના શિવ તત્ત્વોનો સમન્વય સાધવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો.

લોકોની સતત સેવા કરતી એ લોકમાતા, ભારતીય જનોની ભીડ ભાંગતી એ ભારતભગિની આર્ય મહિલાના આદર્શના ઉત્કર્ષ માટે આત્મનિવેદન કરનારી એ આદર્શ મહિલા હિંદને હિંદની સંસ્કૃતિ સમજાવનાર અને પશ્ચિમની અને પૂર્વની સંસ્કૃતિનો સુંદર સમન્વય સાધનાર એ સતી, ગુરુ વિવેકાનંદને ચરણે નતમસ્તક થઇ નિવેદન કરનારી એ નિવેદિતાનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરતી ભારતની ભગિનીઓ એટલુંજ કહી શકે કે શક્તિના સજીવ સ્વરૂપ સમી ભગિની નિવેદિતા નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમ: ।

**ઉષા મહેતા**

★

## સત્યં - શિવં - સુન્દરમ્

(શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના લેખોમાંથી ચૂંટીને તૈયાર કરવામાં આવેલો લેખસંગ્રહ)

**પ્રકાશક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**

આ પુસ્તક વિષે પં. સુખલાલજી જણાવે છે કે:—

"પ્રકૃતિ ત્રિલોકિમંડપમાં ત્રિગુણાત્મક રાસ રમ્યા જ કરે છે. સમુદ્ર,—પર્વત, સૂર્ય,—ચંદ્ર, ગ્રહ—નક્ષત્રોના અલંકાર ધારણ કરી, વિવિધ લતાકુંજ, વનરાજિ અને કુસુમ કલિકાની વેષભૂષાથી વિભૂષિત થઇ એ પ્રકૃતિ—નટી કાળપટ ઉપર નિયમિતપણે ફરતા ઋતુચક્રદ્વારા સૌમ્ય અને રૂદ્ર, કોમળ અને પ્રચંડ નૃત્ય કરતી જ રહે છે. પક્ષીઓના કલરવ અને કુંજન દ્વારા, પશુઓના આરામ અને વિરામ દ્વારા તેમજ મનુષ્યોના આલાપ-સંલાપ અને વિલાપદ્વારા એ નવરસવાહી સંગીત રેલાવતી જ રહે છે. છતાં એની લીલામાં સદા વિલસતા લાવણ્યનું પાન કરે એવી કળા-ઇન્દ્રિય ધરાવનાર તો વીરલા જ હોય છે. એ લીલાને તટસ્થપણે પેખનાર પરમ પુરુષ મંગળ મૂર્તિનું સંવેદન કરનાર-તો એથી એ બહુ ઓછા છે. વિરલ ક્ષણોમાં થયેલ આ સૌન્દર્યની ઝાંખી અને એ મંગળમૂર્તિનું સંવેદન જ્યારે આવી કોઇ વ્યક્તિ બોલકી વાણીમાં વ્યક્ત કરે છે ત્યારે એ વાણી સત્ય શિવ અને સુન્દર બની રહે છે. પ્રસ્તુત લેખસંગ્રહના નાના કલેવરમાં એવી જ કોઇ વાણીનો પરિચય-ભવ્ય સંવેદનનું દર્શન-મારી પેઠે વાંચકોને પણ અલ્પાધિક અંશે થશેજ."

**કિંમત : રૂ. ૩. પોસ્ટેજ ૦।=**

**મુંબઇ જૈન યુવક સંઘ અને પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે**

**કિંમત : રૂા. ૨, પોસ્ટેજ ૦।=**

**પ્રાપ્તિસ્થાન**

**(૧) મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩**

**(૨) ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તા, અમદાવાદ ૧**

# માનવીની સાહસિકતા અને એવરેસ્ટનું આકર્ષણ

માનવજાતિ સ્વભાવે પ્રગતિશીલ છે. એની તમામ પ્રવૃત્તિઓનું ઐતિહાસિક દૃષ્ટિબિન્દુથી જો ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવે તો એટલું તો જરૂર જણાશે કે જે જે સમયે જે જે જીવન પોતાને પ્રાપ્ત થયું તે જીવન વધુમાં વધુ સુખી અને વધુમાં વધુ સગવડભરેલું કેમ બનાવવું એ માટે એના સતત પ્રયાસો ચાલ્યા જ કરે છે. એકંદરે એમ કહી શકાય કે દુનિયાના કોઇપણ સામાન્ય માણસની તમામ પ્રવૃત્તિઓ પોતાની કલ્પના પ્રમાણે પોતાના જીવનને વધુ સુખસગવડ-ભરેલું બનાવવા માટેની હોય છે. વળી, પોતાના આ પ્રયત્નમાં જેમ માણસને વધારે સિદ્ધિ મળતી જાય છે, તેમ તેની ઝંખના વધારે ને વધારે જાગ્રત થતી જાય છે, અને કદીક તેનો અસંતોષ પણ વધવા લાગે છે. મનુષ્યની આકાંક્ષાઓને કોઇ મર્યાદા હોતી નથી. એના અસંતોષને બહુ અવરોધો નડતા નથી. અને કોઇકવાર એ અસંતોષ જ્યારે સાચી રીતે 'દિવ્ય અસંતોષ'નું સ્વરૂપ લે છે ત્યારે તો તેની પાસેથી ઘણાં અણધાર્યાં કાર્યો પણ કરાવી જાય છે.

અને કાળની અસર પણ આ પ્રવૃત્તિઓ પર જેવી તેવી નથી. માણસે જે સિદ્ધિ મેળવી હોય તેના પર કાળ બે રીતે અસર કરે છે, અને એ રીતે એને સતત પ્રવૃત્તિશીલ અને પ્રગતિશીલ રહેવાનું સૂચવ્યા કરે છે કાળ એક તો જે સિદ્ધિ મેળવી હોય એને થોડાક જ સમયમાં જીર્ણ અને નષ્ટ કરી નાખે છે. એટલે એની વારંવાર મરામત કરવા માટે માણસને હંમેશાં પ્રવૃત્તિશીલ રહેવું પડે છે, અને જ્યારે સદંતર નષ્ટ કરી નાખે છે ત્યારે ત્યારે એ મેળવવા માટે એને ફરીથી પ્રયત્નો કરવા પડે છે. બીજી રીતે કાળ જે સિદ્ધિ માણસે તદ્દન નવીન જ પ્રાપ્ત કરી હોય, એને થોડાક સમયમાં જ જીર્ણ કે નષ્ટ ન કરે તોપણ, જૂનવાણી કરી નાખે છે. એટલે નવી પ્રજામાં કંઇક નવું જ કરવાનો ઉત્સાહ જાગે છે. એક માણસે પોતાના જમાના અને સંજોગોની દૃષ્ટિએ જે સિદ્ધિ મેળવી હોય તે, જમાનો અને સંજોગો બદલાતાં એનાં જ સંતાનોને અસંતોષકારક લાગે છે એથી સંતાનો પોતાનાં શકિત, બુદ્ધિ ઇત્યાદિનો વિનિયોગ કરી કંઇક નવી જ સિદ્ધિ મેળવવા માટે પ્રયત્નો ચાલુ રાખે છે. આમ પ્રવૃત્તિ અને પ્રગતિનું ચક્ર સદૈવ ફરતું અને ફરતું જ રહે છે. એ બંધ થવું જોઇએ એમ કોઇપણ જમાનાના કોઇપણ માનવીને લાગ્યું નથી અને લાગવાનું પણ નથી.

આદિકાળમાં માણસ જંગલમાં રહેતો હતો. કોઇ વિશાળ, ઘટાદાર વૃક્ષ કે કોઇ કુદરતી ગુફામાં એ આશ્રય લેતો અને આખો દિવસ ખોરાક મેળવવા માટે ભટકયા કરતો. શિકાર માટે એક જંગલમાંથી બીજા જંગલમાં પણ જવું પડતું. બધી જગ્યાએ રહેવા માટે સરખાં સાધનો ન પણ મળે, એટલે માણસે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી, કુદરતી સાધન ન મળે ત્યારે, ટાઢ, તડકો અને વરસાદથી બચવા માટે, તેમ જ રાતને વખતે જંગલી પશુઓથી સુરક્ષિત રહેવા માટે ઝૂંપડી બાંધી. ઉત્તરોત્તર એ ઝૂપડાં પણ વધારે મજબૂત, બે ત્રણ ખંડવાળાં અને બારીબારણાંવાળાં બનવા લાગ્યાં. માણસ જંગલી મટી સાચા અર્થમાં ગૃહસ્થ થયો. બુદ્ધિશાળી માનવીએ માટીનાં ઘરો બાંધવાની કલા પ્રાપ્ત કરી. ઇંટ બનાવતાં આવડયું એટલે પાકાં, મેડીવાળાં મકાનો થવા લાગ્યાં. પથ્થરનો ઉપયોગ કરતાં આવડયું એટલે મોટાં મોટાં મજબૂત મકાનો, વિશાળ રાજમહેલો, સુંદર મંદિરો, મસ્જિદો, દેવળો, અને તોતિંગ કિલ્લાઓ થવા લાગ્યા. જેમ જેમ વિકાસ અને પ્રગતિ સધાતાં ગયાં તેમ તેમ તેમાં સગવડો પણ વધવા લાગી. જુદી જુદી વસ્તુઓ રાખવા મૂકવા, સંતાડવાની વ્યવસ્થા, તેમજ ખાવા, બેસવા, સૂવા માટેની વિશિષ્ટ સગવડો થવા લાગી. મહિનાના મહિના સુધી, માણસ ઘરે તો, ઘરની બહાર પગ મૂકવાની એને જરૂર ન પડે એટલી બધી વ્યવસ્થિત અને સગવડભરેલી બાંધણીવાળાં મકાનો બંધાયાં. ચાર-પાંચ માળનાં મકાનો પણ હવે તો કોઇકિને ત્યાં જમાનાનાં લાગવા માંડયાં હશે. માણસનું ધ્યેય હવા, પાણી, પ્રકાશ વગેરેની દૃષ્ટિએ આધુનિક સાધનોથી સજ્જ એવાં સો સવાસો માળનાં મકાનો તરફ ખેંચાયું છે. આમ, માત્ર એક રહેઠાણની બાબતનો જ આપણે વિચાર કરીએ તો તેમાં કેટલી બધી પ્રગતિ સધાયેલી આપણને જોવા મળે છે! મનુષ્ય સ્વભાવે જો પ્રગતિશીલ ન હોત, અને જે પરિસ્થિતિ પોતાને મળી તેમાં જ સંતોષ માનીને બેસી રહ્યો હોત, તો કદાચ આજે આપણે પણ એવાં જંગલોમાં, ગુફાઓમાં કે ઝાડ નીચે ઝૂંપડાંઓમાં રહેતા હોત.

પરંતુ માણસની બધી જ પ્રવૃત્તિ એક જ પ્રકારની કે એક જ હેતુવાળી નથી હોતી. અન્ય પ્રાણીઓ કરતાં માણસ બુદ્ધિશાળી, જાગ્રત અને ચેતનવંત છે. એટલે કંઇક ને કંઈક નવું કરવાનું એને સૂઝે છે. આથી માત્ર મનને આનંદ મળે એવી નવી નવી વસ્તુઓ બનાવવા કે શોધવા પણ એ પ્રયત્નો કર્યા કરે છે. કેટલીક વાર, જો માત્ર ઉપયોગિતાની દૃષ્ટિએ જ જોઇએ તો એ વસ્તુઓ નિરર્થક લાગતી હોય છે પરંતુ માણસ પોતાની બુદ્ધિશક્તિનો વિનિયોગ કરી કંઈક નવું કરવા માગે છે એ એના પરથી સમજી શકાય છે.

સુખ અને સગવડો માટે પ્રયત્નો કરવા એ તો એક સામાન્ય માણસની પ્રવૃત્તિ ગણાય. પરંતુ દુનિયામાં બીજી એક એવા પ્રકારની વૃત્તિ પણ મનુષ્યમાં રહેલી છે કે જેને માટે એ પોતાના સુખનો ભોગ આપવા તૈયાર થઇ જાય છે. આવી વૃત્તિ એના સામાન્ય સ્વરૂપમાં લગભગ દરેક માણસમાં રહી છે, અને એના ઉત્કટમાં ઉત્કટ સ્વરૂપમાં અત્યંત વિરલ વ્યકિતઓમાં રહી છે એમ કહી શકાય. એ વૃત્તિ તે નવાં નવાં સાહસો, નવાં નવાં પરાક્રમો કરવાની વૃત્તિ. દરેક માણસના જીવનમાં કેટલીક વાર એવા પ્રસંગો આવી પડે છે કે જ્યારે એને સાહસિક બનવાની જરૂર પડે છે. એવે વખતે માણસ ઘડીભર પોતાના સુખનો વિચાર બાજુ પર મૂકી દઇ સાહસિક બની જાય છે. ઘણીવાર પોતાને માથે એકાએક આવી પડતી આપત્તિમાંથી ઊગરી જવા માટે કેટલુંક સાહસ ખેડી લે છે, અથવા તો ભવિષ્યમાં સુખ મેળવવાની આશાથી પ્રેરાઇને વર્તમાનમાં કેટલાંક દુઃખો વેઠવા તૈયાર થઇ જાય છે. વેપારીઓ વેપારધંધામાં જે સાહસો કરે છે તેને આપણે આ વર્ગમાં મૂકી શકીએ. આ તો સામાન્ય માણસોનાં સામાન્ય સાહસોની વાત થઇ. પરંતુ કોઇક વિરલ વ્યકિતઓ જે અદ્‌ભુત સાહસો અને પરાક્રમો કરે છે તેની પાછળ સુખની સ્વાર્થબુદ્ધિ નહિ, પણ કેટલીક વાર કીર્તિની લાલસા રહેલી હોય છે. અને કેટલીકવાર કીર્તિની અપેક્ષામાં માણસ પોતાના જીવનની પણ પરવા કરતો નથી અને મોતને હાથમાં લઇ એ સાહસો ખેડવા નીકળી પડે છે. પરંતુ કેટલીક અત્યંત વિરલ વ્યકિતઓ તો કીર્તિની પણ આશા કે અપેક્ષા રાખ્યા સિવાય સાહસોમાં ઝંપલાવે છે. આવાં કેટલાંક સાહસો, અલબત્ત, પોતાને માટે નહિ પણ માનવજાતિના ઉદયને માટે ઉપયોગી થઇ પડે છે, તો કેટલાંક સાહસો માત્ર નિર્વ્યાજ આનંદને ખાતર જ થતાં હોય છે.

એક વૈજ્ઞાનિક પોતાની પ્રયોગશાળામાં, ખાવાપીવાનું ભૂલીને, કેટકેટલા ઉજાગરાઓ થતા હોવા છતાં મસ્ત બનીને પોતાનું કામ કર્યા જ કરે છે, કોઇક નવી શોધ કરીને નામના મેળવવાની અથવા તો નવી શોધનો આનંદ મેળવવાની અદમ્ય પ્રેરણાને લીધે. કોઇ કવિ કે લેખક દિવસોના દિવસો સુધી એકાદ કૃતિના સર્જન માટે બીજું બધું જ ભૂલીને લખ્યા કરે છે, સર્જન કરવાની અદમ્ય ઇચ્છાથી પ્રેરાઇને; અને એ કૃતિનું સર્જન કરી કોઇ અપૂર્વ આનંદનો લહાવો લૂંટે છે. એવી જ રીતે કોઇ સાહસિક સાહસ ખેડવાની કોઇ અદમ્ય આકાંક્ષાથી પ્રેરાઇને દુનિયામાં કોઇએ ન કર્યું હોય એવું સાહસ ખેડવા તૈયાર થઇ જાય છે અને તે માટે પોતાનો પ્રાણ આપવાની તત્પરતા પણ બતાવે છે. આમ માનવજાતિમાં રહેલાં પ્રગતિશીલતા અને સાહસિકતાનાં પ્રેરક બળો માનવજાતિને આગળ અને આગળ લઇ જાય

છે. એનામાં રહેલાં આ સ્વાભાવિક પ્રેરક બળો જોતાં એમ કહી શકાય કે ભવિષ્યમાં કોઇ દિવસ એવો આવવાનો નથી કે જ્યારે માનવ-જાતિ 'બસ હવે બ[illegible] સિદ્ધ થઇ ચૂક્યું છે, નવું કરવાની હવે કંઇ જરૂર નથી.' એમ કરીને જંપી જાય, કારણ કે નવું કંઇ ન કરે તોપણ કુદરત ઉપર કાળનાં બળની અસર કોઇ દિવસ અટકવાની નથી એટલે જે મેળવ્યું છે તે કાળની સામે ટકાવી રાખવા પણ એને સતત પ્રયત્નશીલ રહેવાની જરૂર પડશે જ.

વારંવાર માંહોમાંહે લડયા કરતી, વરંવાર કુદરતી આફતોનો ભોગ બનતી માનવજાતે પ્રકૃતિનાં કેટકેટલાં તત્ત્વો ઉપર વિજય મેળવ્યો છે! પૃથ્વીના કેટકેટલા ભાગો ઉપર પોતાનું વર્ચસ્વ જમાવ્યું છે! જ્ઞાન અને વિજ્ઞાનની કેટકેટલી શાખાઓ પ્રકાશવંતી બનાવી દીધી છે! દુનિયાના ભિન્ન ભિન્ન ભાગોને, ભિન્ન ભિન્ન પ્રજા અને સંસ્કૃતિને આધુનિક સાધનો વડે એકમીજાની કેટકેટલાં નજીક લાવી દીધાં છે!

આજે માણસ હજારો કુટ ઊંચે આકાશમાં ઊડી શકે છે, [illegible]નના પેટાળમાં હજારો કુટ નીચે સડસડાટ ચાલ્યો જાય છે, ન ત્યાં દિવસોના દિવસો સુધી રહી શકે છે; મહાસાગરને તળિયે જઇને એ બેસે છે, અને ઉત્તર ધ્રુવ કે દક્ષિણ ધ્રુવ સુધી પહોંચી જાય છે, ઘનઘોર જંગલોમાંથી એ રસ્તાઓ કાઢે છે, અને એટલાં જ ભયંકર લાગતાં રણોમાં એ ઘર કરીને રહે છે. કેટલાક લોકો તો એમ જ માનતા કે એવરેસ્ટ તો અજેય છે. પણ માનવજાતે એના ઉપર પણ હવે પોતાનો ધ્વજ ફરકાવી દીધો છે. એટલે આ પૃથ્વી પર સાહસનું જે એક અગત્યનું ક્ષેત્ર બાકી હતું તે પણ હવે સર થઈ ગયું છે, અને હવે એક ગ્રહ પરથી બીજા ગ્રહ પર જવાની માણસની કલ્પના, માત્ર કલ્પના ન રહેતાં, એક દિવસ નકકર હકીકત બની જાય તોપણ નવાઇ નહિ. આજે આપણે એટલી બધી પ્રગતિ સાધી છે કે આદિકાળનો કોઇ માનવી આજે આ દુનિયાને નિહાળે તો પોતાના વારસોની આ દુનિયા છે એમ સ્વીકારવાની જ એ ના પાડે. આધુનિક વિશ્વને જોઇને એ માત્ર આશ્ચર્યમાં ગરકાવ ન થાય, આશ્ચર્યોના અતિરેકથી ગૂંગળાઇ જ જાય.

એવરેસ્ટ પર વિજય મેળવ્યો માટે શું માનવજાતિમાં પ્રગતિ અને પરાક્રમોનો અંત આવ્યો? નહિ જ. હજુ તો આપણે સાહસ અને પ્રગતિનાં વિવિધ ક્ષેત્રોનાં કેટલાંયે શિખરો સર કરવાનાં બાકી છે. અને એ સર થાય તો પણ માનવજાતિ એમ બેસી રહે તેવી નથી. દરેક દરેક ક્ષેત્રમાં રહેલી ક્ષતિઓ, અપૂર્ણતાઓ દૂર કરવી, એટલું જ નહિ એને સરળમાં સરળ અને ઝડપીમાં ઝડપી બનાવવા પ્રત્યે પણ માણસનું ધ્યેય રહેવાનું જ. આપણે એમ કહી શકીએ કે આજે તો માણસે હજુ એવરેસ્ટ પર વિજય મેળવ્યો છે. પરંતુ કદાચ વર્ષો પછી તો, કુદરતી આફતો સામે સર્વ રીતે સુરક્ષિત બની, માણસો એવરેસ્ટ પર સહકુટુંબ સહેલગાહ માટે નીકળશે!

આ તો થઇ તમામ પ્રકારનાં સાહસોની અને પ્રગતિની વાત. પરંતુ કોઇકને પ્રશ્ન થશે કે જેમાં કશું મળતું નથી એવાં નિર્ભેળ શારીરિક સાહસો કરવા માણસ શા માટે પ્રેરાય છે? માણસ ભૂખ અને દુઃખ વેઠીને, અતિશય શારીરિક શ્રમ ઉઠાવીને, પોતાના પ્રાણની પણ પરવા કર્યા વગર આટલી અસહ્ય ઠંડીમાં એવરેસ્ટ પર ચઢવા માટે કેમ પ્રયત્ન કરતો હશે? એવરેસ્ટ પર કંઇ હીરામાણેક નથી, કોઇ દોલતનો ભંડાર નથી. કે કોઇ જાદુઇ જડીબુટ્ટી નથી કે જે લેવા માણસે ઉપર ચઢવું જોઇએ. આટલી આટલી યાતનાઓ વેઠીને, ડગલે ને પગલે મોતની સામે ઝઝૂમીને માણસે શિખર પર વિજય મેળવ્યો. તોપણ અંતે એને મળ્યું શું? કદાચ કોઇક કહે કે વિજય મેળવનારને કેટલી બધી કીર્તિ મળે છે. પરંતુ એવી કીર્તિ બધાંને તો કંઇ મળતી નથી અને એક માણસે કીર્તિ મેળવી, પછી બીજા માણસોએ એવા પ્રયત્નો કરવાની જરૂર શી? કારણ કે પહેલા માણસ જેવી અને જેટલી કીર્તિ બીજાઓને તો હવે નથી જ મળવાની પરંતુ કોઇ પર્વતારોહકને પૂછીએ કે "તમે પર્વતો પર ચઢવા માટે આટલા બધા ગાંડા થાઓ છો તેનું કારણ શું? અમારી જેમ ખાઇ-પીને એશઆરામમાં જીવવાનું શું તમને નથી ગમતું કે જેથી આટલું બધું શારીરિક અને માનસિક કષ્ટ વેઠવા તૈયાર થઈ જાઓ છો? આવાં નિરર્થક સાહસો ખેડી વગર વાંકે કેટલા બધા માણસોએ પોતાના જાન ગુમાવ્યા છે. શું એ પરથી પણ તમને નથી લાગતું કે એવાં અર્થ વગરનાં સાહસો કરવાનું તમારે હવે બંધ કરી દેવું જોઇએ?" આવા પ્રશ્નોનો ઉત્તર આપતાં સાચો પર્વતારોહક તો માત્ર એટલું જ કહેશે, "શા માટે આવાં સાહસો અમે ખેડીએ છીએ એની અમને પણ ખબર નથી. બસ, શિખરો જોઇને એ પર ચઢવાનું અમને મન થઇ જાય છે, અને અમે તેના પર ચઢીએ છીએ. ઉંચાં ઉંચાં શિખરો જોઇને અમારા પગમાં એવી ચળ ઉપડે છે કે બસ, કયારે એ શિખર પર ચઢી જઇએ. અમે જાણીએ છીએ કે શિખરો પર ચઢવું એટલે યુદ્ધમાં ઝંપલાવીને ઝઝુમવા જેવું છે, અને તે છતાં અમે તેમાં ઝંપલાવ્યા વિના રહી શકતા નથી. એક વખત અમે ઉપર ચઢવાનું શરૂ કરીએ છીએ ત્યારે એ બધું જ દુઃખ ભૂલી જઇએ છીએ, અથવા સાચું કહીએ તો એ દુઃખ અમને દુઃખ જેવું લાગતું જ નથી." વસ્તુતઃ આવાં સાહસો કરવા માટે માણસ પ્રેરાય છે તે કોઇ ભૌતિક પદાર્થના લાભની દૃષ્ટિએ નહિ. અલબત્ત, કેટલીક વાર સાહસિકો કીર્તિની વાંછનાથી પ્રેરાતા હોય છે. પરંતુ કીર્તિ એ સાચા સાહસિકોને મન અત્યંત ગૌણ અને આનુષંગિક વસ્તુ છે. સાચા સાહસિક પર્વતારોહકો માત્ર સાહસ કરવાની કોઇ અદમ્ય ઇચ્છાથી પ્રેરાય છે, અને સાહસ કરવાની ખાતર સાહસ કરે છે. એમાં જ એમનો સાહસ અને પરાક્રમનો સાચો આનંદ વસેલો હોય છે.

હિમાલયને પર્વતારોહકોએ અત્યારે પોતાનું ક્ષેત્ર બનાવી દીધું. પરંતુ માનવજાતનું હિમાલય પ્રત્યેનું આકર્ષણ યુગોજૂનું છે. એનું ભવ્ય અને વિરાટ સ્વરૂપ, અને એની અપૂર્વ સૌન્દર્યસમૃદ્ધિ માનવજાતને સનાતન કાળથી પોતાના તરફ આકર્ષે છે. ઠેઠ મહાભારતના કાળથી હિમાલય વિશે આપણે સાંભળતા આવ્યા છીએ. ખુદ ભગવાન વેદવ્યાસે પોતાનો આ ગ્રંથ હિમાલયમાં લખ્યો હતો એમ કહેવાય છે. અનેક ધર્માચાર્યો, અનેક રાજવીઓ, અનેક યાત્રીઓએ પોતાના જીવનની ઉત્તમોત્તમ પ્રવૃત્તિઓ માટે હિમાલયનું જ શરણ સ્વીકારેલું છે. અનેક હતાશ માનવીઓએ હિમાલયમાંથી આશ્વાસન પ્રાપ્ત કરેલું છે. મહાભારતમાં પાંડવો છેવટે હિમાલયમાં જ ચાલ્યા જાય છે. સાક્ષાત શંકર ભગવાનનો વાસ હિમાલયમાં જ મનાય છે, અને પાર્વતીને હિમાલયની પુત્રી તરીકે ઓળખાવવામાં આવી છે. હિંદુ ધર્મ સાથે બદરીનાથ અને કેદારનાથ, ગંગોત્રી અને જમનોત્રી, કૈલાસ અને માનસરોવર ધરાવનાર હિમાલય બહુ ગાઢ રીતે સંકળાયેલો છે, માટે હિંદુઓ તેને અત્યંત પવિત્ર ગણે છે, અને એનાં ઊંચાં ઊંચાં શિખરો પર દેવતાઓનો વાસ છે એટલે કે દુનિયાનું એ સ્વર્ગ છે એમ માને છે. ઠેઠ જૂના વખતથી અનેક સાધુઓએ અને યાત્રીઓએ પોતાનું જીવન હિમાલયમાં પૂરું કર્યું છે. લોકવસતીથી ઘણે દૂર, અનેક ઘોર, વિકટ જંગલોમાંથી ઊંચાનીચા માર્ગે થઇ હિમાલયમાં પહોંચવું અને નિર્જન સ્થળમાં ફળફુલનો આહાર કરી જીવન પૂરું કરવું એ જેવું તેવું સાહસ ન કહેવાય. કેટલાય હિંદુ યાત્રીઓએ અન્નજળનો ત્યાગ કરી, હિમાલયની દિશામાં ચાલ્યા ચાલ્યા કરી પોતાનો પ્રાણ છોડયો છે. હિમાલયમાં જઇને રહેવું અને પોતાનાં હાડકાં ગળી જાય ત્યાં સુધી ત્યાં તપશ્ચર્યા કર્યા કરવી એ ભાવના ઘણા હિંદુ યાત્રીઓએ અમલમાં મૂકી છે. કારણ 'હેમાળે હાડ ગાળવાં' ની ભાવના પ્રાચીન સમયથી હિંદુ ધર્મ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. હિમાલયે અનેક લોકોને પોતાની પાછળ ગાંડા બનાવી દીધા છે, અનેક લોકોનાં જીવન પલટાવી દીધાં છે, અનેક લોકોને જીવનની સાર્થકતાનો સાચો ખ્યાલ અને પરમ સંતોષ આપ્યો છે. આપણા કવિવરો એની અપૂર્વ સૌન્દર્યશ્રીનાં વખાણ કરતાં ધરાતા

જ નથી. સંસ્કૃત કવિઓએ તો એને 'દેવાતાત્મા નાગાધિરાજ' અને પૃથ્વીના 'માનદંડ' તરીકે ઓળખાવ્યો છે.

સંસ્કૃત કવિઓએ જેને 'દેવતાત્મા નગાધિરાજ' તરીકે બિરદાવ્યો છે તે હિમાલય હિંદુસ્તાનની ઉત્તરે, પોતાનો એક પગ તિબેટમાં અને બીજો પગ નેપાલમાં રાખીને ઊભો છે. હિમાલય એટલે એક પર્વત નહિ. પણ અનેક શિખરોનો બનેલો વિશાળકાય પર્વતાધિરાજ. જેમ પર્વત ઊંચો અને વિશાળ તેમ જમીન પર એનો વિસ્તાર પણ વધારે. એક નાનકડા ડુંગર પર આપણે ચઢીએ છીએ ત્યારે એ ડુંગરના ઘણા ઊંચાનીચા ભાગો આપણે જોઇએ છીએ. એમાંના એકાદ ઊંચામાં ઊંચા ભાગને આપણે ડુંગરની ટોચ કહીએ છીએ. એવા નાનકડા ડુંગરને હજારગણો કલ્પીએ અને એવરેસ્ટને એની ટોચ ગણીએ તો પણ આખા હિમાલયની કલ્પના આવવી મુશ્કેલ છે. હિમાલય હિંદુસ્તાનની ઉત્તરે ૧,૧૫૦ માઇલ લાંબા અને ૨૦૦ માઇલ પહોળા વિસ્તારમાં ફેલાયેલો છે. જમીન પરના એના વિસ્તાર પરથી જ એ કેવડો પર્વતાધિરાજ હશે એની કંઇક કલ્પના આવી શકે. એના ઉપર અસંખ્ય નાનાં મોટાં શિખરો આવેલાં છે. માત્ર ૨૦,૦૦૦ ફુટ કરતા ઉંચાં શિખરો પણ ત્યાં સેંકડોની સંખ્યામાં છે જાણે એક વિરાટ હારમાળાની અંદર શિખરરૂપી પુષ્પો વણી લેવામાં આવ્યા હોય એવું એનું દૃશ્ય લાગે છે. આ હારમાળા સીધી નહિ પણ વર્તુળાકાર છે. બંને છેડે પાતળી અને વચ્ચે પહોળી એવી એ હારમાળાને વિમાનમાંથી જો જોવામાં આવે તો જાણે એક વિરાટ ધનુષ્યનો ખ્યાલ આપે છે.

હિમાલય એટલે જાણે એક જુદી જ સૃષ્ટિ, અનેક પ્રકારનાં વૃક્ષો અને ભાતભાતનાં પુષ્પો ઉગે છે. અહીં વણશોધાયેલી ઔષધિઓનો ભંડાર છે. અહીંનાં પશુઓ અને પક્ષીઓ, સ્થૂળસૂક્ષ્મ જીવજંતુઓ, અહીંની આબોહવા, પર્વત પર પડતા બરફની રચના, ભિન્ન ભિન્ન પ્રકારના પથ્થરો અને ભૂમિના થરોની રચના વગેરે સંખ્યાબંધ ક્ષેત્રોમાં ઘણું સંશોધન હજુ થઇ શકે એમ છે. હિમાલય એટલે વૈજ્ઞાનિક સંશોધનોને ઘણોજ અવકાશ આપતો એક અદ્‌ભુત ખજાનો એમ કહી શકાય.

જેમ યાત્રીઓનું, સાધુસંતોનું, વૈજ્ઞાનિકોનું અને સૌન્દર્યભક્તોનું હિમાલય એક વિશાળ ધામ ગણાય છે તેમ સાહસિકોનું પણ હવે એ એક વિશાળ ધામ બની ગયું છે. પર્વતારોહકોનું હિમાલય પ્રત્યેનું આકર્ષણ ઉત્તરોત્તર વધતું જ ચાલ્યું છે. યુરોપના અનેક પર્વતારોહકોને, પોતાની અનેરી આકાંક્ષાઓ માટે આલ્પ્સ હવે નાનો લાગે છે. દર વર્ષે સંખ્યાબંધ આરોહકો હિમાલયમાં આવે છે, અને એનાં આંજી નાખે એવાં ભવ્ય અને ઉત્તુંગ શિખરો જોઇ એમનો ઉત્સાહ અનેકગણો વધી જાય છે; એમના મનોરથો વેગવાન બની જાય છે. કયારે આ બધાં ઊંચાં ઊંચાં શિખરો હું ઝટ ઝટ સર કરી લઉં એવી એને ઝંખના થવા લાગે છે. એક વખત આ શિખરો જોનારને દુનિયાનાં બીજાં શિખરો પછી વામણાં અને ફિક્કાં લાગે છે. અને હવે તો એવરેસ્ટ પર વિજય શકય થઇ ગયો છે એની પ્રતીતિ થતાં એવરેસ્ટની લગની આરોહકોની સૃષ્ટિમાં વધી ગઇ છે. વર્ષ દરમ્યાન ઇંગ્લંડ જર્મની, ઇટાલી, સ્વિટ્ઝર્લંડ, ન્યુ ઝીલંડ, રશિયા, અમેરિકા, જાપાન, પાકિસ્તાન વગેરે કેટકેટલા દેશોમાંથી, અનુકૂળ ઋતુ શરૂ થતાં આરોહકોનાં ટોળેટોળાં હિમાલયમાં ઊમટે છે અને ભિન્ન ભિન્ન શિખરોના આરોહણકાર્યમાં લાગી જાય છે. જેમ જેમ નવા નવા અનુભવો થતા જાય છે, તેમ તેમ આરોહણની કલામાં નવા નવા ફેરફારો, નવાં નવાં સાધનો અને નવી નવી પદ્ધતિઓ અમલમાં આવે છે. ખરેખર એવરેસ્ટ અને એવરેસ્ટના વિજયે પર્વતારોહકોની ઝંખના અને કલ્પનાને પ્રજ્જવલિત અને ઉદ્દીપિત કરી નાખી છે. *

**રમણલાલ સી. શાહ**

* તાજેતરમાં પ્રગટ થનાર પુસ्तક 'એવરેસ્ટનું આરોહણ'માંથી

## "..... આપણે શું ?"

તા. ૧-૩-૫૫ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલી 'સંઘર્ષભીરૂ' ના પ્રારંભમાં મૂકેલી નોંધ મને ખૂબ ગમી. ચાર્લ્સ મેકેનું મૂળ અંગ્રેજી કાવ્ય અને સદ્‌ગત મેઘાણીભાઇ અને ગીતા બહેનના અનુવાદો સુન્દર છે. આ વાંચીને 'Somebody's Darling' એ મથાળાના અંગ્રેજી કાવ્યનો શ્રી મેઘાણીભાઇએ કરેલો મૂળને પણ ટપી જાય એવો અનુવાદ 'કોનો લાડકવાયો' યાદ આવી જાય છે.

આવા 'સંઘર્ષભીરૂ' – "મરવા દોને–આપણે શું?" વૃત્તિવાળા આપણને ઠેર ઠેર જોવા મળે છે. રાજકારણમાં, આર્થિક ક્ષેત્રમાં, ધાર્મિક પ્રસંગોમાં સામાજિક વ્યવહારમાં અને જીવનના રોજબરોજના સંબંધમાં પણ. ત્રણે કાવ્યો અને તંત્રીનોંધ વાંચતાં રહેજે કેટલાય વાંચકોને કેટલીયે આવી વ્યકિતઓની સ્મૃતિ તાજી થઇ હશે. મને યાદ છે કે એક પ્રખ્યાત અંગ્રેજી લેખકે કહ્યું હતું કે વિરૂધ્ધ વિચારસરણીવાળો વિપક્ષે ભલેને પ્રતિસ્પર્ધી સારો, પણ તટસ્થ ખોટો. રાજકારણમાં તે કાવાદાવા અને દેખાવ તથા દંભ હોય એમ આપણે માની લઇ પણ, કેટલાંયે ક્ષેત્રો કે જેમાં "ડરપોકતા, સ્વાર્થસાધુતા અથવા ખુશામતખોરી" ને માટે જરા પણ અવકાશ નથી — જયાં વ્યકિતએ પ્રમાણિકપણે, સ્પષ્ટતાથી પોતાનો અભિપ્રાય જાહેર કરવામાં કોઇ ખાસ જોખમ હોતું નથી–ત્યાં પણ આ કાવ્યોમાં વર્ણવેલા મહાનુભાવો આપણે જોઇએ છીએ.

આપણે રોજબરોજના જીવનમાં જોઇએ છીએ કે જ્યારે જ્યારે અન્યાયનો પ્રતિકાર કરવો જોઇએ, આપખુદીનો સામનો કરવો જોઇએ અને જ્યારે જ્યારે અસત્યને પડકારવું જોઇએ ત્યારે ત્યારે સૌમ્યતા, ભલાઇ અને ભદ્રિકપણાનો આશરો લેવામાં આવે છે અને આવી વ્યકિતઓ પોતાને 'સાચી' કહેવરાવવા કરતાં 'સારી' ખપાવવામાં ગૌરવ લે છે.

હા, એક વાત છે. ઘણીવાર બનાવો અને હકીકતો એટલાં ક્લિષ્ટ હોય છે કે તેને બરાબર ઘટાવવી અને તેમાંથી સાચું–ખોટું તારવવું મુશ્કેલ હોય છે. તટસ્થપણાથી, સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક સાચા અનુમાનો અને અભિપ્રાયો બાંધવાની ક્રિયામાં જરૂર મુશ્કેલીઓ રહેલી છે; પણ આ ત્રણે કાવ્યો આવી જટિલ પરિસ્થિતિને સ્પર્શતા નથી. સ્પર્શે છે–અરે! સીધો ઘા કરે છે– તેમને કે જે જાણે છે કે પોતે ખોટું કરે છે યા ખોટાને ટેકો આપે છે અને છતાં પોતાની પોકળતા ઢાંકવા શાંતિપ્રિયતાનો-સર્વસમભાવનો–માનવમૈત્રીનો સ્વાંગ ધારણ કરે છે. ગીતાબહેનના કાવ્યમાં આવી વ્યકિતઓ માટે જે ઉપાલંભ છે તે સુયોગ્ય જ છે:–

**"મારે ન કો દુશ્મન" તું કહે? અહા**
**શી રાંક તારી બહુ શેખી છે ખરે?**

**કાન્તિલાલ બરોડિયા**

★

## એલિફન્ટા – પર્યટણ

સંઘ તરફથી રવિવાર તા. ૨૪મી એપ્રિલના રોજ એલિફન્ટાનું પર્યટણ યોજવામાં આવ્યું છે. એને માટે ખાસ સ્ટીમલોન્ચની વ્યવસ્થા કરવામાં આવશે. પર્યટણમાં જોડાનાર સંઘના સભ્યે પોતાની સાથે પૂરી અને શાક લાવવાનાં રહેશે. સંઘ તરફથી શીખંડ તથા ચાપાણીની વ્યવસ્થા કરવામાં આવશે પર્યટનમાં જોડાનાર મોટાંઓ માટે રૂપિયા સાડા ત્રણ અને દસ વર્ષની નીચેનાં બાળકો માટે રૂપિયા અઢી રાખવામાં આવ્યા છે. સંઘના સભ્યો, મોટી સંખ્યામાં સહકુટુંબ પર્યટણમાં જોડાશે એવી આશા છે. પર્યટણમાં જોડાવા ઇચ્છનારને પોતાનાં નામ સંઘના કાર્યાલયમાં યોગ્ય રકમ સાથે મંગળવાર, તા. ૧૨મી એપ્રિલ સુધીમાં નોંધાવી જવા વિનંતી છે. ૧૨મી તારીખ સુધીમાં જો પૂરતી સંખ્યા નહિ હોય તો જ વધુ નામો સ્વીકારવામાં આવશે.

સ્ટીમલોન્ચ ઉપડવાનાં સમય અને સ્થળ વિશેની વિગતો આવતા અંકમાં આપવામાં આવશે.

# ❋ ભગિની નિવેદિતા ❋

( ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાન માળામાં શ્રી ઉષાબહેને આપેલા વ્યાખ્યાનની એમણે લખેલી નોંધ. )

**"અનોખી અહ શી તારી પરિવર્તનની કલા**
**ત્યાગ શો ભવ્ય એ તારો! શી દિવ્ય સહિષ્ણુતા!"**
**મનસુખલાલ ઝવેરી**

ભારતની સંસ્કૃતિએ કદિ સંકુચિતતા અપનાવી નથી. એ પોષાઇ છે પારકાંને પોતાનાં કરીને, વિદેશીઓને વહાલાં બનાવીને. ધર્મપરિવર્તનને નામે એણે કોઇ ધતીંગ પોષ્યું નથી; છતાંયે એ સંસ્કૃતિથી આકર્ષાઇ જેઓનું હૃદયપરિવર્તન થયું હતું એવા દેશબંધુઓ અથવા ભારતભગિનીઓના ત્યાગની ભવ્યતાનાં ભારોભાર ગુણગાન ગાવામાં એણે ગર્વ માન્યો છે. તેથી જ આજે પણ ભારતીજનો ગર્વથી કહે છે કે ભારત જેટલું સીતા અને સાવિત્રી કે ગાર્ગી અને મૈત્રેયીનું છે એટલું જ પરદેશી હોવા છતાં જેમણે ભારતને પોતાનું કરીને અપનાવ્યું હતું, જેમણે ભારતનાં પંથભૂલ્યાંને સાચા પંથ પ્રત્યે પ્રયાણ કરવાની પ્રેરણા આપી હતી એવા આર્યહૃદયા એની બેસન્ટ અથવા ભારતહૃદયા ભગિની નિવેદિતાનુ પણ છે.

ભગિની નિવેદિતા એટલે અમળાતું નહિ પણ સમળા કે શકિત-સાચું સ્વરૂપ, સર્વતોમુખી પ્રતિભાની પ્રતિમૂર્તિ કળા અને સંસ્કૃતિના પાસક, અથવા કાદવમાં કમળ જોનારાંવાળી સહસ્રદળનાં કમળ; એમની પાસે કલમ હતી અને એ કલમમાં કમાલ કરવાની શકિત હતી. એમની પાસે વકતૃત્વ હતું અને એ વકતૃત્વમાં દેવી સરસ્વતીનો પ્રસાદ હતો. એમનામાં જ્ઞાન હતું, ભકિત હતી, કર્મ હતું. અને એ ત્રિવેણીના તેજમાં એ તેજસ્વિની સતત્ ઓપતાં રહ્યાં હતાં.

## બાળા માર્ગરેટ

ઓકટોબર ૧૮૬૮ માં ઇંગ્લંડમાં એક પાદરીને ત્યાં બાળા માર્ગરેટનો જન્મ થયો. પિતા પાદરી હોવાને લીધે માર્ગરેટને બાળપણથી જ આધ્યાત્મિકતા પ્રત્યે આકર્ષણ હતું. બાલ્યાવસ્થામાં જ માર્ગરેટે પિતાને ગુમાવ્યા. પરંતુ મરતાં પહેલાં પિતાને આગાહી થઇ હતી કે એની બાળકીને ભવિષ્યમાં કોઇક દૈવી નાદ પોકારશે. તેથી એમણે એમની પત્નીને કહી રાખ્યું હતું જો એવું કંઇ થાય તો એણે દીકરીના પ્રગતિપંથમાં આડખીલીરૂપ ન બનવું.

માર્ગરેટે સમાજશાસ્ત્રનું શિક્ષણ લીધું; શિક્ષાશાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો અને સીમેમ કલબ સ્થાપી. એ દ્વારા શિક્ષણમાં ઘણા અવનવા પ્રયોગો આદર્યા.

૧૮૯૮માં સ્વામી વિવેકાનંદ ઇંગ્લંડમાં હિંદુ ધર્મ પર વ્યાખ્યાન આપવા ગયા. વિવેકાનંદની વિદ્વત્તા અને વાકછટાએ અનેકોને મુગ્ધ કર્યા. માર્ગરેટ પણ એમનાં વ્યાખ્યાનો સાંભળવા જતાં; અનેક અટપટા પ્રશ્નો પર ચર્ચા કરતાં. એમનામાં ધીરે ધીરે પરિવર્તન થવા લાગ્યું. પિતાએ જે અગમ્ય સાદની આગાહી કરી હતી એ એમને સંભળાયો. વિવેકાનંદને એક વિદેશી વિદ્યાર્થિની મળી, સ્વામીને શિષ્યા મળી: હિંદુસ્તાનમાં બહેનોના શિક્ષણનું કામ ઉપાડી લે એવી કોઇ કાર્યદક્ષ વ્યકિતની વિવેકાનંદને જરૂર હતી. અને એના આત્માની અહાલેકને ઓળખી શકે એવા કોઇ આત્મજ્ઞાનીની માર્ગરેટને જરૂર હતી. બન્નેનું મહાન મિલન થયું અને માર્ગરેટે હિંદ આવવા માટે માભોમ છોડી.

## ગુરૂચરણે

હિંદમાં આવી એ ગૌરીએ ગુરૂચરણ સર્વસ્વ નિવેદન કરી ગાયું "મોહે લાગી લટક ગુરૂચરનની" અને એ માર્ગરેટમાંથી નિવેદિતા બન્યાં. ગુરૂમાં એમને રજપૂતની વીરતા, શીખોનો આત્મવિશ્વાસ, મરાઠાઓની હિમ્મત અને સંતોની ભકિત જોવા મળી હતી. ગુરૂચરણે બેસીને એમણે શિક્ષા દીક્ષા લીધી, ભારતીય દર્શન અને સંસ્કૃતિને સમજવા માટે; ગુરૂ સાથે પ્રવાસ કર્યો દેશ અને પરદેશનો; દર્શન કર્યા કૈલાસવાસી શિવનાં અને ખૂણે ખૂણે વસતી સ્ત્રીશકિતનાં. એક પામર માનવીમાં પણ પરમાત્માનાં દર્શન કરતાં શીખ્યાં ક્ષુદ્ર માણસમાં પણ બૃહત માણસને જોતાં શીખ્યાં. વિશ્વમાં વ્યાપીરહેલા વિષ્ણુને ઓળખતાં શીખ્યાં. વિવેકાનંદે પોતાની ઉપર તરાપ મારનાર વાઘમાં વિષ્ણુનાં દર્શન કરી એની વંદના કરવા ખાતર પોતાનું પંદર વર્ષનું મૌન તોડવાવાળા એક સાધુની વાત કરી હતી. આ અને આવી અનેક વાતોની નિવેદિતાના મન પર ઊંડી અસર થઇ હતી. અને એ અદ્વૈતવાદ, વેદાંતદર્શન વગેરેના સિધ્ધાન્તો ખૂબ સારી રીતે સમજી શકયાં હતાં. એઓ પણ જાણે પેલા સાધુની માફક લોકોને સમજાવતાં હતાં કે તારા મારાનો ભેદ વ્યર્થ છે. એજ અજ્ઞાન છે અને એને ભેદ્યા સિવાય પરમાત્માને પહોંચવું મુશ્કેલ છે. નિવેદિતા લોકોને નમી નમીને શીખવતાં હતાં કે.

त्वयि मयि चान्यत्रैको विष्णु, व्यर्थं कुप्यसि सर्वसहिष्णुः ।
सर्वस्मिन्नपि परयात्मानम्, सर्वत्रोसृज भेदाज्ञानम् ॥

એમણે જ્ઞાનદ્વારા બ્રહ્મ સાથે એવું તો તાદાત્મ્ય સાધ્યું હતું કે એમને બસ એક તુંહી નાદ સિવાય બીજું કંઇ સંભળાતું જ નહોતું.

જેવું ઊંડું એમનું જ્ઞાન હતું એવી જ ઉત્કટ એમની ભકિત હતી. અભ્યાસ અને જ્ઞાનોપાસના સાથે જપ, તપ, વ્રત, પૂજા વગેરે આકરા યમનિયમોનું પણ તેઓ સતત પાલન કરતા. નિયમિત ધ્યાન ધરવું, એકાદશી જેવા વ્રતોને દિવસે અલ્પાહાર અને અનાહાર કરવો, તીર્થધામોમાં જઇ ભજનકીર્તન સાંભળવાં, મા મહાકાલિની ઉપાસના કરવી વગેરે એમને માટે અત્યંત સહજ હતું.

## પરમાર્થના પદાર્થપાઠ

એમનાં જ્ઞાન અને ભકિત, કર્મની ઉપેક્ષા કે અવગણના કરીને નહિ, એને અપનાવીને જ આગળ વધતાં હતાં કવિવર ટાગોરે કહ્યું છે કે "તેમના જીવનમાં જે વસ્તુ સૌથી વધુ નજરે ચડે છે તે એ છે કે તેઓ જેવાં ગંભીર ભાવુક હતાં તેવાં જ પ્રબળ કર્મી હતાં." એમની ભાવુકતા એ માત્ર વિલાસ નહિ પણ વિકાસનું સાધન હતું; એ સકામ નહિ પણ નિષ્કામ કર્મ હતું. સ્વરક્ષણના હિત ખાતર નહિ પણ લોક કલ્યાણ માટે થતું કર્મ હતું.

હિંદુસ્તાનમાં આવી એમણે રાજકીય પક્ષકારો અથવા પરદેશી મિશનરીઓની માફક કોઇ માંચડા ન બાંધ્યા કે લોકોના અજ્ઞાનનો લાભ લઇ નેતાગીરી ઝડપી લેવાનો વ્યર્થ પ્રયાસ ન આદર્યો. એમણે તો કલકત્તાની બાગ બજારની એક નાની ગલીમાં નિશાળ ખોલી બહેનોના શિક્ષણનું શાંત પણ સંગીન કામ માથે લઇ સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક આત્મનિવેદન કર્યું. અનેક પ્રલોભનો આવ્યાં પણ એ હિમાલયશી અડગ શકિત ન ડગી કે ન પલળી. ટાગોર–પરિવારમાં એક છોકરીને અંગ્રેજીનું–શિક્ષણ આપવાનો એમણે અસ્વીકાર કર્યો હતો. એ પ્રસંગનો ઉલ્લેખ કરતાં ટાગોર લખે છે કે "મિશનરીની પેઠે માથાં ગણીને પોતાની ટોળી મોટી કરવાની તકને, કોઇ એક પરિવારમાં પોતાનો પ્રભાવ ફેલાવવાના પ્રસંગને તેમણે અવજ્ઞાપૂર્વક જતો કર્યો"

કલકત્તાની જે શેરીમાં એમણે શાળા શરૂ કરી તે શેરી સહેલાઇથી સ્વચ્છતાનો દાવો કરી શકે એમ નહોતી. કલકત્તાની અને હિંદુસ્તાનનાં બીજાં અનેક શહેરોની ગંદી ગલીઓના જેવીજ એ ગંદી હતી. નિવેદિતા એ ગંદકીથી ગભરાય એમ નહોતાં. એમણે ગંદકી સામે યુધ્ધ જગાવ્યું. રોજ શેરીના લોકો જાગે એ પહેલાં એ રસ્તો વાળીઝાડીને સાફ કરી નાંખતાં. થોડા દિવસ તો લોકો પર એની અસર ન થઇ પણ રોજ વહેલી સવારે રાજરાણી જેવી ભગિનીને

ભંગડીનું કામ કરતાં જોઇ લોકોનાં હૈયાં પણ પીગળ્યાં. એમને પોતાની ટેવો માટે શરમ આવવા લાગી અને એમણે શેરીઓ સ્વચ્છ રાખવા માંડી.

શરૂઆતમાં લોકો એમને અપનાવવાને પણ તૈયાર નહોતાં. એક એક નાનકડી ઓરડી રહેવા માટે મેળવવી એ પણ નિવેદિતા માટે મહાભારત કામ હતું. પણ એમણે એ ધીરજ, હિંમત અને સમજથી કામ લીધું ને પ્રતિકૂળ લોકો પણ અનુકૂળ બની ગયા. જે હાથનું અડેલું અન્ન ખાવું એ પાપ ગણાતું એજ હાથોની રાંધેલી રોટલીનો ટુકડો ખાવામાં લોકો કૃતકૃત્યતા માનતા થઇ ગયા. એ નિવેદિતાના કઠોર તપ અને કર્તવ્યનિષ્ઠાને જ પરિણામે બિહાર અને બંગાળના રેલ અને દુકાળ-સંકટના નિવારણમાં પણ નિવેદિતાએ કંઇ મણા ન રાખી. યુવાનોની અનેક ટુકડીઓ ઊભી કરીને પોતે જ એ નવયુવાનોની નેતાગીરી લેતાં. મા બનીને એમની મુખીયગીરી કરતાં. એમના જીવનનો અંત પણ પ્લેગ જેવા મહારોગનો મરણિયો સામનો કરતાં કરતાંજ થયો. પ્લેગના હુમલામાંથી અનેક પીડિતોને તો એ પરદુઃખભંજનોએ બચાવ્યાં, પણ પોતેજ એનો શિકાર બની ગયાં. ઘણાઓએ એમને ભાગગલી છોડી કયાંક બીજે જવાનો ખૂબ આગ્રહ કર્યો પણ પોતાની પ્યારી કર્મભૂમિ છોડવાનું એ તપસ્વિનીને ન રૂચ્યું. બીજે જઇ કર્મચ્યુત થવા કરતાં એમણે કર્તવ્યભૂમિ પર રહી કારમા મોતને આવકારવું વધુ ઇષ્ટ માન્યું અને એ મરણને શરણ થયા.

ભારતની આરત ભરનારી, અમોઘ ચેતનના પુવારા સમી એ ભારતભગિનીએ જીવનમાં જે કંઇ કહ્યું એ કરી પણ બતાવ્યું હતું. એમના જીવનમાં આડંબર લેશમાત્ર પણ નહોતો. જે હતું એ આચરણ જ હતું. એમણે જનતામાં જનાર્દનનાં દર્શન કર્યાં હતાં. હરિજનમાં હરિને નિરખ્યા હતા. લોકમાતા થઇ એમણે લોકો પ્રત્યેની સાચી નિષ્ઠા કેળવી હતી. ભારતની જનતા અને એ જનતા માટેની મમતા એ ભગિની નિવેદિતાના જીવનનું મોંઘામૂલું ધન હતું. તેથી જ તેઓ લોકહિત માટે માત્ર મોટાં ભાષણો આપી સંતોષ ન માનતાં જનતાનો સતત્ સંસર્ગ ચાહતાં. એમની શિષ્યઓને અને ભારતની સ્ત્રીઓને એમણે એકજ શીખ દીધી હતી અને તે સેવાનો દુર્ગમ પણ શ્રેયસ્કર માર્ગ સ્વીકારવાની.

## સંસ્કૃતિની ઉપાસના

હિંદુઓનાં ધર્મ કર્મ, કથા કહાણી, શિલ્પ, સાહિત્ય ટૂંકાણમાં હિંદની સંસ્કૃતિને સમજવાના એમના સહૃદય પ્રયત્નમાં પણ આજ માનવનિષ્ઠા નીતરતી નિહાળી શકાય છે. એમને તુળસીક્યારે મૂકેલા દીવામાં કે બારણે બાંધેલા આસોપાલવના તોરણમાં કળા દેખાતી. એ માટે એમણે કોઇ સુંદરીસાથી શૃંગારો કે મહેલ મ્હોલાતોની રંગબેરંગી દીવાલો જોવાની જરૂર જોઇ નથી. ગામડાંના ઘરોમાં એમને ગંદકી કે કુરિવાજોનો કારમો પ્રકોપ નહિ પણ ઘરને ખૂણે ખૂણે પ્રેમથી પતિના પુનિત આગમનની રાહ જોતી ગૃહલક્ષ્મી દેખાતી. વૈચવ્ય અને ભકિતમાં ભોગ અને વૈવિધ્ય કરતાં વધુ વિમળતાનો અનુભવ કરતી મૃત પતિનાં ગુણગાન ગાઇ જીવનને રીઝવતી વિધવાઓ દેખાતી. સંયુકત કુટુંબમાં એને સાસુ વહુનાં ઝઘડાનાં મૂળ નહિ પણ બાળપણ, યૌવન અને વૃધ્ધાવસ્થાનો સુંદર સમન્વય સાધતી સંસ્થાનાં દર્શન થતાં. સક્ષેપમાં એ સમાજનો વિચાર કરતાં ત્યારે એમાં રહેલા સડાનો નહિ પણ સડા પાછળ રહેલી સુગંધનો જ વિચાર કરતાં.

વૃંદાવન, ભગવાન કૃષ્ણ અને એ પુણ્યભૂમિની પ્રથાઓ માટે એમને એટલું માન હતું કે જ્યારે વૃંદાવનનો એક ભરવાડ એમને પગે પડવા ગયો ત્યારે એમણે એને રોકતાં કહ્યું કે તું તો ભગવાન કૃષ્ણની ભૂમિનો ગોવાળ છે, મારે તારા પ્રણામ સ્વીકારવાના ન હોય, તને પ્રણામ કરવાના હોય. આ સાંભળી કયો કવિ ગાયા વિના રહી શકે કે "ત્યાગ શો ભવ્ય એ તારો ? શી એ પરિવર્તનની કલા !"

ઘણી વખત લોકો-ખાસ કરીને પરદેશી લોકો એમને હિંદુસ્તાનની અનેકવિધતા માટે ટાણાં મારતા ત્યારે એ તરત જ તડુકી ઊઠતાં જો ગ્રેટ બ્રિટનમાં ઇંગ્લંડ, સ્કોટલેન્ડ, આયર્લેન્ડ, સાથે રહી શકે તો હિંદુસ્તાનમાં બંગાળ, પંજાબ, મહારાષ્ટ્ર, ગુજરાત આદિ પ્રદેશો શા માટે એકી સાથે ન રહી શકે ? એઓ કહેતાં કે બંગાળીઓ આઇરીશ લોકો જેવા છે. મરાઠાઓ સ્કોટીશ જેવા છે એને પંજાબીઓ વેલ્શમેન જેવા છે. હિંદની સંસ્કૃતિનાં સર્વ પાસાંને સમજનારી અને સમજાવનારી આ જાતની અનેક ઉકિતઓ એમની "The Master as I Saw Him.' The web of Indian Life, Cradle Tales of India આદિ એમની સાહિત્યકૃતિઓમાં મળે છે.

## નારી તું નારાયણી

સ્ત્રીશકિત એમના પોતાના જીવનમાં તો સોળે કળાએ વિકસી હતી પણ નિવેદિતાને એટલાથી સંતોષ થાય એમ નહોતું. એ ભગિનીની મુરાદ તો ભારતની દરેક ભગિનીમાં એ શકિતને પૂર્ણરૂપે વિકસિત જોવાની હતી. પશ્ચિમની બહેનોને જોઇ ભારતની સ્ત્રીઓ પણ પતિ સાથે પ્રેમનો સોદો કરે અથવા પોતાનું ગૌરવાન્તિત ગૃહરાજ્ઞીપદ છોડી સમાન હકો માટે ઘેર ઘેર ઘૂમતી ફરે એ એમનાથી સહન ન થતું. એ કહેતાં "Love is no Shop-keeping". Struggle-સંગ્રામ નહિ પણ સર્પણ કે Submission માંજ સ્ત્રીની મહત્તા છે એ એનો સિદ્ધાન્ત હતો. સ્ત્રીને પતિવ્રતા બની સંસારે સંન્યાસિની થવાની એઓ સલાહ આપતાં પણ સાથે સાથે પુરુષોને પણ એમ કહી સાવધાન કરતાં કે તમે પુરુષ છો માટે જ સ્ત્રી તમારી પૂજા કરે એ આશા ન રાખશો. સ્ત્રી પૂજે છે પુરુષમાં રહેલા પશુત્વને નહિ પણ દેવત્વને. એ તરફ એ પુરુષોનું લક્ષ ખેંચતાં વળી સધવા તેમજ વિધવા બહેનોમાં માતાની મમતા જોવાની એમની મુરાદ હતી. એમને માતાના સાગર જેવા વિશાળ પ્રેમનું મહત્ત્વ સમજાવી એને કુટુંબ પૂરતો મર્યાદિત ન રાખતાં વિશ્વ-કુટુંબ માટે વિશાળ બનાવવાની સલાહ આપતાં. માતૃપદનો મહિમા જોઇ અને ગાઇ એઓ કૃતાર્થતા અનુભવતાં. પરંતુ આનો અર્થ એ નથી કે એઓ સ્ત્રીને ઘરકુકડીજ રાખવા માંગતા હતા. રાષ્ટ્રીય જીવનમાં પણ સ્ત્રીએ મહત્વનો ભાગ ભજવવાનો છે એ એઓ કબુલ કરતાં. માતૃહૃદયા લલનાઓ જાહેર જીવનમાં ઝંપલાવે અને સ્નેહરૂપી શકિતથી સેવાકાર્યો કર્યા કરે તો આજકાલ થતા ઘણા અનર્થો અટકાવી શકાય એ એમની માન્યતા હતી.

આ માટે સ્ત્રીશિક્ષણ અતિ આવશ્યક છે. તેથી જ એમણે સ્ત્રીઓને શિક્ષણ આપવાના કામને અતિ મહત્ત્વ આપ્યું. એમની શાળાનો ઉદ્દેશ વિશ્વવિદ્યાલયરૂપી કારખાનામાં વધારે મશીનો બનાવવાનો કે શાળામાં સગવડ હોય કે ન હોય તોયે વિદ્યાર્થીઓની સંખ્યા વધારી

(અનુસંધાન પાનું ૨૫૯)


| વિષયસૂચિ | | પૃષ્ઠ |
|---|---|---|
| અસ્પૃશ્યતા અપરાધ ધારો : હિંદુ જૈન પ્રજ્ઞની વિચારણા | પરમાનંદ | ૨૫૫ |
| બહુમતી વર્ગની ગુંડાગીરી અને કલેકટરની આપખુદી | પરમાનંદ | ૨૫૮ |
| માનવીની સાહસિકતા અને એવરેસ્ટનું આકર્ષણ | રમણલાલ સી. શાહ | ૨૬૦ |
| ભગિની નિવેદિતા | ઉષા મહેતા | ૨૬૧ |


મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ, ૯.

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૨૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧૫, ૧૯૫૫, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## મંદિરપ્રવેશ અને વિનોબા ભાવે

(આજે શત્રુંજયમાં હરિજનોના મંદિરપ્રવેશનો પ્રશ્ન જૈન સમાજના અમુક કટ્ટર સ્થિતિચુસ્ત વર્ગોમાં એક પ્રકારનો ચિત્તપ્રક્ષોભ પેદા કરી રહ્યો છે. આ પ્રસંગે સન્ત વિનોબા ભાવે એક ફ્રેંચ મહિલાને લઈને તા. ૨૦–૪–૫૫ ના રોજ જગન્નાથપુરીના મંદિરમાં દર્શનાર્થે ગયેલા અને ત્યાંના મહન્તે એ ફ્રેંચ મહિલાને મંદિરમાં દાખલ થવા દેવાનો ઇનકાર કર્યો અને પરિણામે સન્ત વિનોબા પણ એ મંદિરમાં દર્શન કર્યા સિવાય પાછા ફરેલા, ત્યાર પછીના ઉત્તરોત્તર ત્રણ દિવસની સાયંકાળની પ્રાર્થના પછી તેમણે આજ પ્રશ્ન ઉપર જે મહત્વનાં પ્રવચનો કર્યા હતાં તે સમયસરનાં લાગવાથી તેનો બહેનં શાન્તા ઝોરડિયા તેમજ બહેન ગીતા પરીખે કરેલો અનુવાદ અહિં એક સાથે પ્રગટ કરવા હું આકર્ષાયો છું. જૈન ધર્મ હિંદુ ધર્મનું જ એક અંગ છે અને તેથી પ્રસ્તુત પ્રવચનોમાં હિંદુ ધર્મ પરત્વે જે કાંઇ કહેવામાં આવ્યું છે એ જૈન ધર્મને પણ બહુધા લાગુ પડે તેવું છે. જગન્નાથપુરીમાં ફ્રેંચ મહિલાના પ્રવેશનો જે કારણે વિરોધ કરવામાં આવ્યો હતો તે જ કારણે કેટલાક કટ્ટર જૈન સાધુઓ અને તેમના અનુયાયીઓ શત્રુંજયના મંદિરોમાં હરિજનોના પ્રવેશનો વિરોધ કરી રહ્યા છે. તેમના માટે તેમજ અન્ય જૈન ભાઈ બહેનો માટે આ પ્રવચનો ભારે માર્ગદર્શક નીવડવા સંભવ છે. તેઓ શાન્તિથી આ પ્રવચનોનું મનન કરે અને જે ઉદારતા આજના સમયની અનિવાર્ય માંગ છે તે ઉદારતાને, વિશાળતાને, વ્યાપક આત્મીયતાને પોતાના જીવનમાં અપનાવે, પ્રગટાવે એવી નમ્રભાવે પ્રાર્થના છે. **પરમાનંદ**)

### ૧

### દુઃખદ બનાવ

ઘણા લોકોને ખબર પડી હશે કે આજે સવારે હું જગન્નાથના દર્શન માટે મંદિર સુધી ગયો હતો અને ત્યાંથી દર્શન કર્યા વગર પાછો આવ્યો. હું ખુબ ભક્તિભાવથી ગયો હતો, પરંતુ અમારી સાથે એક ફ્રેન્ચ બ્હેન હતાં, જેમને મંદિરમાં જવાની ના પાડવામાં આવી હોવાથી મને પણ મંદિરમાં ન જવામાં ધર્મ લાગ્યો. બાળપણથી આજ સુધી મેં હિન્દુ ધર્મનું સતત અધ્યયન કર્યું છે. ઋગ્વેદ આદિથી માંડીને રામકૃષ્ણ પરમહંસ અને મહાત્મા ગાંધી સુધી જે ધર્મવિચારની પરંપરા અહિં ચાલુ રહી છે એ બધીનું ઘણા ભક્તિભાવપૂર્વક અધ્યયન કર્યું છે અને મારો નમ્ર દાવો છે કે હું જે રીતે હિન્દુ ધર્મને સમજ્યો છું એ રીતે તેનું નિત્ય આચરણ કરવાનો મારો નમ્ર પ્રયત્ન રહ્યો છે. આજે મને લાગ્યું છે કે એ ફ્રેન્ચ બ્હેનને બહાર રાખીને અમે અંદર જાત તો અમારાથી મોટો અધર્મ થાત. મે ત્યાંના અધિકારીઓને પૂછ્યું કે "અમે સૌ અંદર આવીએ ?" તેમણે જવાબ ઇન્કારમાં આપ્યો. તેથી ભગવાનને બદલે તેમને જ ભક્તિભાવથી પ્રણામ કરીને અમે પાછાં આવ્યાં.

એમણે અમને અંદર આવવાનો જ્યારે ઇન્કાર કર્યો એનો મારા મનમાં વિચાર કરું છું તો તેમના વિષે કઇ જાતનો શબ્દ વાપરવો એ મને નથી સુઝતું એટલું જ કહું કે એમને માટે મારા મનમાં કોઇ પણ પ્રકારનો જુદાઇનો ભાવ નથી. હું જાણું છું કે એમને પણ દુઃખ થયું હશે, પરંતુ તેઓ એક સંસ્કારવશ હતા એથી લાચાર હતા; તેથી એમને હું વધારે દોષ નથી આપતો. પરંતુ એટલું જ કહું કે આપણા દેશ અને ધર્મને માટે આ મોટી દુઃખદાયક ઘટના બની ગઇ. મેં ગઈ કાલના પ્રવચનમાં ગુરૂ નાનકને આ મંદિરમાં જવાની રજા ન મળેલી અને બ્હારથી જ પાછા જવું પડેલું તેનું ઉદાહરણ આપેલું. પણ એ તો જુની ઘટના થઇ. ચારસો સાડાચારસો વર્ષ પહેલાંની એ વાત છે. હું આશા રાખતો હતો કે હવે એનું પુનરાવર્તન નહીં થાય. એ આપણે વિચારવાનું છે કે જે ફ્રેન્ચ બ્હેન અમારી સાથે હતી એ કોણ છે ? તે અહિંસા અને માનવપ્રેમમાં વિશ્વાસ ધરાવનારી, અને ગરીબોની સેવા માટે ભૂદાન-યજ્ઞનું જે કામ ચાલી રહ્યું છે તેને માટે આદર ધરાવનારી એક બ્હેન છે. ભૂદાનકાર્ય જોવા માટે એ અમારી સાથે ફરી રહી છે. તમને ખબર હશે કે યુધિષ્ઠિરને જ્યારે સ્વર્ગના દ્વાર આગળ એમના સાથી જોડે અંદર આવવાની મના કરવામાં આવી, ત્યારે તે પણ અંદર ન ગયા. તો જે બ્હેન અમારી સાથે ફરી રહી છે તેના મનમાં કોઇથી ઓછી ભક્તિ નહોતી. ભાગવત ધર્મનો દાવો છે કે જેના હૃદયમાં ઇશ્વરની ભક્તિ છે તે ઇશ્વરને પ્યારો છે–પછી તે ગમે તે જાતનો હોય. બ્રાહ્મણ હોય અને દુનિયા આખીના ગુણ એનામાં હોય અને ભક્તિ ન હોય એની સરખામણીમાં જેના હૃદયમાં ભક્તિ છે એવો એક ચાંડાલ પણ વધારે ઉત્તમ છે. ભાગવત ધર્મ અને એની પ્રતિષ્ઠા ઓરિસ્સામાં સર્વત્ર છે. ઊડિયા ભાષાનો સર્વોત્તમ ગ્રંથ જગન્નાથદાસનું ભાગવત છે. ગુરૂ નાનકની જુની વાત છોડી દો, પરંતુ અહીંઆ ઉદાર વૈષ્ણવ ધર્મ ચાલે છે એવી પ્રચલિત વાત છે. તમારે સર્વેએ સમજવું જોઇએ કે આ દિવસોમાં દરેક કોમની અને દરેક ધર્મની કસોટી થઇ રહી છે. જે સંપ્રદાય અને જે ધર્મ એ કસોટીમાં ટકશે એ જ સ્થાયી રહેશે. જો આપણે પોતાને ચાર દિવાલોમાં બાંધી દઇશું તો આપણી ઉન્નતિ નહી થઇ શકે અને જે ઉદારતાનો હિંદુ ધર્મમાં વિકાસ થયો છે એ ખલાસ થઈ જશે. ધર્મવિચારમાં ઉદારતા હોવી જોઇએ. જે કોઇ જિજ્ઞાસુ હોય એની સામે પોતાના વિચાર મૂકવા અને પ્રેમથી એની સાથે ચર્ચા કરવી એ ભક્તનાં લક્ષણ છે બીજા ધર્મોની માફક જબરદસ્તીથી પોતાની વાત બીજા પર લાદવાના જે પ્રયત્નો થાય છે તે રીતે આપણે ન કરવું જોઇએ. પરંતુ આપણાં મંદિર, આપણા ગ્રંથો સર્વે જિજ્ઞાસુઓ માટે ખુલ્લાં હોવાં જોઇએ. આપણું હૃદય બધાંને માટે ખુલ્લું થાય એવું મુક્ત હોવું જોઇએ. આ રીતે પોતાનાં ધર્મસ્થાનોને જેલ જેવા બનાવી દેવા એ આપણે માટે બહુ હાનિકર્તા છે અને એમાં સજ્જનોને પ્રવેશની આનાકાની થશે તો મંદિરોને માટે જે કંઇ શ્રધ્ધા બચી છે તે પણ ખતમ થશે.

### ધર્મનું અધ્યયન સૌ માટે

આખરે ધર્મનો સંદેશ કોને માટે છે ? શું તે ફકત થોડા જ લોકો માટે છે કે આખી દુનિયા માટે છે ? હું જ્યારે વેદનું અધ્યયન કરતો હતો ત્યારે સાયણ ભાષ્યની સાથે જ ઋગ્વેદનું ઉત્તમ સંસ્કરણ મેક્સમુલરનું કરેલું મળ્યું. બીજું એક પણ એવું સારું ન મળ્યું. આ વાત તો હું ત્રીસ વર્ષ પહેલાની કરું છું. હવે તો તિલક વિદ્યાપીઠે સાયણ ભાષ્યની સાથે ઋગ્વેદનું સારું સંસ્કરણ પ્રગટ કર્યું છે. પરંતુ

એ દિવસોમાં તો મેક્સમુલરનું જ સૌથી ઉત્તમ સંસ્કરણ મળતું હતું. એક જમાનો હતો કે જ્યારે વેદના અધ્યયન માટે અહિં કેટલાક પ્રતિબંધ મુકવામાં આવેલા હતા. પણ એ દિવસોમાં લેખનકળા નહોતી, છાપવાની કળા તો હતી જ નહીં. એ દિવસોમાં શુદ્ધ ઉચ્ચારણ રહે તથા પાઠભેદ ન થાય તથા વેદોની રક્ષા થાય એ દૃષ્ટિએ એ પ્રતિબંધ મૂકાયો હોવો જોઇએ. એ જમાનાની વાત જો કોઇ આ જમાનામાં કરે અને કહે કે વેદાધ્યયનનો અધિકાર કેવળ બ્રાહ્મણોને જ છે, અન્યને નહીં–તો એ મૂર્ખતાની વાત હોવાની. વેદોનું સારું અધ્યયન જર્મનીમાં થયું છે. રશિયા, ફ્રાન્સ અને ઇંગ્લન્ડમાં પણ થયું છે. ઋગ્વેદનું જ નહીં પણ વેદોનાં સર્વ મંત્રોની યાદી અને સંગ્રહ દુમદ્રિલ્ડ નામના લેખકે બહુ જ સારી રીતે કરેલ છે. એટલો સારો ગ્રંથ બીજો નહીં મળે. અને બીજા આવા વીસ ગ્રંથોના નામ આપી શકું છું. તે બધા ગ્રંથો હાથમાં રાખીને એના આધાર પર ઋગ્વેદનું અધ્યયન કરવામાં અને મદદ મળી છે. જો આ દિવસોમાં કોઇ જૂની વાત કરે તો એનો અર્થ એ થાય કે જમાનો કયો છે. જેમ જેમ જમાનો બદલાય છે તેમ તેમ બાહ્યરૂપ પણ બદલવું પડે છે. પરંતુ આપણા સનાતન-ધર્મી સંકુચિત લોકોએ સનાતન ધર્મને જેટલું નુકસાન કર્યું છે એટલું નુકસાન ભાગ્યે જ કોઇ બીજાએ આ ધર્મને કર્યું હશે!

લગભગ થોડાં વર્ષ પહેલાંની વાત છે. સો વર્ષો પહેલાં મુસ્લીમોએ જબરદસ્તીથી સેંકડો કાશ્મીરી લોકોને મુસલમાન બનાવ્યા હતા. એ વાત જબરદસ્તીની હતી. પરંતુ એ લોકોને પશ્ચાતાપ થયો ને એમણે ફરીથી હિન્દુ ધર્મમાં આવવા ઇચ્છયું, એમણે કાશીના બ્રાહ્મણોને પૂછ્યું તો એમણે એમને અપનાવવાનો ઇન્કાર કર્યો અને કહ્યું કે "એવા ભ્રષ્ટ લોકોને આપણા ધર્મમાં સ્થાન નથી. અમે એમને ન લઇ શકીએ." પરંતુ નોઆખલી વગેરેમાં જે હત્યાકાંડ થયો ત્યાં સેંકડો હિન્દુઓ જબરદસ્તીથી મુસલમાન બની ગયા તો એમને ફરી અપનાવવામાં કાશીના પંડિતોને શાસ્ત્રનો આધાર મળી ગયો અને તેઓ એમને ફરી અપનાવવા માટે ઉત્સુક બની ગયા. આ વાત સો વર્ષ પહેલાં આપણને નહોતી સૂઝી હવે સૂઝી છે. પરંતુ **જેને વખતસર બુદ્ધિ આવે છે એને જ જ્ઞાની કહે છે અને એનાથી જ ધર્મની રક્ષા થાય છે.**

### મહાન ધર્મરક્ષક ગાંધીજી

બહુ આશ્ચર્યની વાત છે કે એ દિવસોમાં હિંદુ-ધર્મનો કદાચ પૂર્ણ જ ઉત્તમ આદર્શ જેમણે પોતાના જીવનમાં અપનાવ્યો એવા મહાત્મા ગાંધીજીને સનાતની લોકો ધર્મ-વિરોધી કહેતા હતા. હું માનું છું કે હિન્દુ-ધર્મનો બચાવ અને બજબત જેટલી ગાંધીજીએ કરી છે એટલી ભાગ્યે જ બીજી કોઇ વ્યકિતએ પાછલાં એક હજાર વર્ષમાં કરી હોય. પરંતુ આવા માણસને સનાતની હિન્દુ-લોકો ધર્મવિરોધી માનતા હતા, અને પોતાને ધર્મના રક્ષક માનતા હતા. તો એ બહુ ભયાનક દશા છે અને આ સનાતનીઓએ સમજવું જોઇએ કે જે ધર્મ સાથે તેઓ પ્રેમ કરે છે એ ધર્મને એમનાં આવાં કૃત્યોથી મોટી હાનિ પહોંચે છે. જ્યારે હિંદુસ્તાનને સ્વતંત્રતા મળી છે, એની દરેક વાત તરફ દુનિયાની શ્રધ્ધા રહી છે, તથા દુનિયાને એની પાસે આશા છે, ત્યારે આવી ઘટના બને તો દુનિયા પર એની કેવી અસર થાય? તમે જરા વિચારો. મનુ મહારાજે આશા પ્રગટ કરી હતી, અને મેં કાલે જ એમનો આ શ્લોક સંભળાવ્યો હતો:

એતદ્ દેશ પ્રસૂતસ્ય, સકાશાદ્ પ્રજન્મના: ।
સ્વં સ્વં ચરિતં શિક્ષેરન્, પૃથિવ્યામ્ સર્વમાનવા: ॥

### જગતની આશા

પૃથ્વીના સર્વ માનવી આ દેશના લોકો પાસેથી શિક્ષણ શું આ રીતે મેળવશે? તેઓ આપણી નજીક આવવા માંગશે તો આપણે નજીક નહીં આવવા દઇએ? જ્યારે મનુ મહારાજે **પૃથિવ્યામ્ સર્વ માનવા:** કહ્યું ત્યારે તો એમણે પોતાના દિલની ઉદારતા પ્રગટ કરી. મનુનો એ ધર્મ માનવધર્મ કહેવાય છે. એ ધર્મ સર્વ માનવીઓને માટે છે. આપણે આપણી વાત બીજા પર લાદીએ એ તો હજીયે ચાલે, પરંતુ બીજા આપણી પાસે આવવા માંગે તેને ઇન્કાર કરીએ એ કેવું વિચિત્ર છે? હું ઇચ્છું છું કે આની પર અહિંના લોકો-સારી રીતે ચિંતન કરે અને ભાગવત ધર્મની પ્રતિષ્ઠા શેમાં છે એ વિચારે

થોડા દિવસો પહેલાં હું સાલવેગનું એક ઉડિયા ભજન વાંચી રહ્યો હતો. એમાં કહ્યું છે કે હું તો હીન જાતિનો યવન છું અને હું શ્રી રંગાની કૃપા ચાહું છું. આવું ભજન જેમાં છે એ ભાગવત ધર્મને માટે શું આ શોભા છે કે એક સ્વચ્છ, શુધ્ધ, નિર્મલ હૃદયની બહેનના આવવાથી તે મંદિર ભ્રષ્ટ થઇ જવાનું? જ્યારે તેમને દાખલ થવા દેવા માટે ઇન્કાર કરવામાં આવ્યો ત્યારે મને કોઇ ક્રોધ ન આવ્યો, પરંતુ દુ:ખ થયું, અત્યન્ત દુ:ખ થયું. આજે આખો દિવસ મારા મનમાં એ વાત હતી. હું નથી માનતો કે આ જાતની સંકુચિતતા જો આપણે રાખીશું તો હિન્દુ ધર્મ પ્રગતિ કરશે કે એની ઉન્નતિ થશે.

### પશુ-હિંસાનો નિષેધ

તમે લોકો જાણો છો કે વૈદિક-યુગમાં પશુ-હિંસાનો યજ્ઞ ચાલતો હતો. પરંતુ ભાગવત ધર્મે તો એનો નિષેધ કર્યો અને બોધ કર્યો. જગન્નાથદાસના ભાગવતમાં પણ આ વાત છે. બુધ્ધ ભગવાને તો રાજા યજ્ઞ-સંસ્થા પર જ પ્રહાર કર્યો હતો. ત્યારે તો એ વાત કંઇક કડવી લાગી હતી, પરંતુ એની પછી હિન્દુઓએ એમની વાત માની લીધી અને વિશેષ કરીને ભાગવત ધર્મે એનો સ્વીકાર કર્યો. આ રીતે આપણે પુરાણી કલ્પનાઓનું સતત સંશોધન કરતા આવ્યા છીએ. આજના હિન્દુધર્મ અને ભાગવત-ધર્મ પ્રાચીન વૈદિક-ધર્મમાં જે કંઇ ખોટી વસ્તુઓ હતી એમાં સુધારા કરીને બન્યા છે. વેદોમાં તો મને આવી કલ્પના માટે કોઇ આધાર નથી મળતો. તો પણ એ જમાનામાં પશુ-હિંસા ચાલતી હતી. યજ્ઞમાં પશુ-હિંસા કરાતી હતી. આ યજ્ઞ-સંસ્થા પર બુધ્ધ ભગવાને એક જાતનો પ્રહાર કર્યો. પરંતુ ગીતાએ તો એનું સ્વરૂપ જ બદલી નાખ્યું અને એને આધ્યાત્મિક સ્વરૂપ આપ્યું. આજ કાલ તો જપ-યજ્ઞ, તપ-યજ્ઞ, દ્રાન-યજ્ઞ, જ્ઞાન-યજ્ઞ આ સર્વ પ્રચલિત બની ગયેલ છે. આજે પુરાણી સંકુચિત કલ્પનાને ધર્મના નામે પકડી રાખવી એ ધર્મનું લક્ષણ નથી.

**હિન્દુધર્મનો તો સતત વિકાસ થતો આવ્યો છે. આટલો વિકાસશીલ ધર્મ બીજો કોઇ નહીં હોય. જે ધર્મમાં પરસ્પરવિરોધી છ છ દર્શનોનો સંગ્રહ છે, જેમાં દ્વૈત-અદ્વૈતને એક પંકતમાં સમાવી લીધા છે, જેમાં ભિન્ન ભિન્ન પ્રકારના દેવતાઓની પૂજાને સ્થાન અપાયું છે અને જેમાં કોઇ પણ પ્રકારના આચારનો આગ્રહ નથી–આથી ઉદાર ધર્મ બીજો કયો હોઇ શકે? હિન્દુધર્મમાં એક જાતિમાં એક પ્રકારનો આચાર છે તો બીજી જાતિમાં એનાથી ભિન્ન આચાર છે. આટલો નિરાગ્રહી, સર્વ-સમાવેશક અને વ્યાપક ધર્મ આપણને મળ્યો છે, છતાં આપણે એને સંકુચિત બનાવી લઇએ છીએ તો એમાં આપણે દેશને જ નુકસાન કરીએ છીએ.**

હું હવે વધારે કહેવા માગતો નથી. મને આશા છે કે કોઇ કટુ ઉકિત મારા મુખેથી નહીં નીકળી હોય, છતાં જો કોઇના મનને આઘાત પહોંચ્યો હોય તો હું એજ ઇચ્છું છું કે આની પર આપ લોકો વિચાર કરો. હું પરમેશ્વરનો ઉપકાર માનું છું કે જે વિચારો પર મારી શ્રધ્ધા છે એ વિચારોનો અમલ કરવાની શકિત તે મને આપે છે. આ રીતે ભગવાન મને નિરંતર સદ્વિચારનું આચરણ કરવાનું બળ આપશે એવી આશા છે. હું માનું છું કે આજે મેં મંદિરમાં જવાનો ઇન્કાર કરીને એક મોટો ભારે લહાવો, એક મોટો લાભ મને મળ્યો હતો એનો ત્યાગ કર્યો છે. એક શ્રદ્ધાળુ મનુષ્યને આજે મંદિરમાં પ્રવેશ

કરતા રોકવામાં આવ્યો છે એ વાતનું હું ભગવાનના દરબારમાં નિવેદન કરવા માગું છું. આપ સર્વ લોકોને મારા ભક્તિભાવથી પ્રણામ.

## ૨

## સાચી ધર્મ-વૃત્તિ કઈ ?

પરમ દિવસે મેં મંદિર પ્રવેશનો લાભ લેવાની ના કહી એ ઘટના બહુ વિચારવા જેવી છે અને તેમાં જે વિચાર રહેલો છે એ તરફ તમારું ધ્યાન ખેંચવા માગું છું. એ વિષયમાં ક્ષોભયુકત મનોવૃત્તિથી વિચારવાને બદલે શાંત ચિત્તથી વિચારવું જરૂરી છે. કારણ કે જેઓએ અમને મંદિર પ્રવેશ કરવાની ના પાડી તેમના મનમાં પણ એક ધર્મવૃત્તિ કામ કરી રહી છે, અને અમે પણ એક ધર્મવૃત્તિથી તેમાં પ્રવેશ કરવાની ના કહી છે. એટલે બંન્ને પક્ષે ધર્મવૃત્તિનો દાવો થઇ શકે છે. પરંતુ આ પરિસ્થિતિમાં કઇ ધર્મની દૃષ્ટિ સાચી છે તે વિચારવું જોઇએ.

### ઉપાસનાનો વિકાસ

એક જમાનામાં ઉપાસનાના સ્થળમાં અમુક લોકોને જ જવાનું મર્યાદિત હતું અને એકાંતને કારણે તેઓ ધ્યાન ધરી શકતા હતા અને એ પણ શકય હતું કે "વેદ"ના રક્ષણને કારણે તેના પઠન પાઠન ઉપર મર્યાદા મૂકવામાં આવેલી. પણ આ જમાનામાં એની કોઇ જરૂર નથી. આજે એમ કરવા જઇએ તો વેદના અધ્યયન પર જ પ્રહાર થાય એ જ ન્યાય સાર્વજનિક ઉપાસનાનાં સ્થળો માટે લાગુ પાડી શકાય. જેમ નદીનો આરંભ એકાંત તેમજ દુર્ગમ સ્થળોથી થાય છે તેમ ધર્મના ઉદયનું પણ છે. વેદની પ્રેરણા કેટલીક વ્યકિતઓના હૃદયના ઉંડાણમાંથી થયેલી. અનાદિ કાળથી કેટલીક વિશેષ વ્યકિતઓ જેમને જીવનનું દર્શન તથા ધર્મદૃષ્ટિ હતી તેઓ પોતાના વિકાસને માટે એકાંતસ્થાન ઇચ્છતા હશે. તે જમાનામાં તેઓએ એમ વિચાર્યું હશે કે લોકોને ધર્મદૃષ્ટિ વિષે ગેરસમજ ન થાય તે રીતે સમજાવવી જોઇએ એટલે કેટલાક ખાસ વર્તુલોમાં જ એ ઉપાસના મર્યાદિત રહી અને એ રીતે એ ઉપાસના સંકુચિત થઇ ગઇ. પણ નદી દુર્ગમ સ્થાનમાંથી બહાર નીકળીને જ્યારે મેદાનમાં વહેવાનું શરૂ કરે છે ત્યારે બધા લોકોને માટે સુગમ થાય છે. એવી જ રીતે આપણે સમજવું જોઇએ કે વૈદિક ધર્મના નદી દુર્ગમ સ્થાનમાંથી ઘણી આગળ વધી ચૂકી છે અને બધા લોકોને માટે તે સુલભ થઇ ગઇ છે. માટે નદીની પવિત્રતાને માટે તેના ઉગમસ્થાન આગળ જે ચિંતા કરવી પડે છે, તે જ્યારે સમુદ્રની પાસે પહોંચે છે ત્યાં નથી કરવા પડતી. એ કારણે મધ્યયુગમાં હિંદુસ્તાનમાં જે વાદ હતો તે ગૂઢ વાદ હતો અને આખરે તે સંકુચિત વાદમાં પરિણમ્યો. ગૂઢ વાદમાંથી એકાંત ધ્યાન અને ચિંતનની જગ્યાએ સમૂહ-ભજન અને પ્રાર્થનાને સ્થાન મળ્યું. તમે સૌ પ્રાચીન ગ્રંથોમાં જોશો તો માલુમ પડશે કે સત્યયુગમાં એકાંત ધ્યાન, ચિંતનને ધર્મ મનાયા છે અને કળિયુગમાં સમૂહભજન અને પ્રાર્થનાને ધર્મ મનાયાં છે. આનું પરિણામ એ આવ્યું કે ભારત પૂરતો તો ભકિત માર્ગ ખૂબ વ્યાપક થઇ ગયો તેથી એમાં બધાનો સમાવેશ થઇ ગયો. ભકિત માર્ગનાં સર્વ પ્રકારો-અદ્વૈત, દ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુધ્ધ અદ્વૈત, કેવલ અદ્વૈત, દ્વૈતાદ્વૈત-બધું આવ્યું એમાં સંકેત, પૂજા, મૂર્તિપૂજા, નામ સ્મરણ, જપતપ એ બધું પણ આવી ગયું. આ રીતે ભકિત-માર્ગના હોય તેટલા બધાં અંગો આખા ને આખા હિંદુધર્મમાં વિકસતા ગયા. અને કોઇપણ રીતે માનવતામાં કયાંય ભેદ નથી એ વાતને ભકિતમાર્ગે દૃઢપણે સ્થાપી અને સ્થાયી કરી. જે ધર્મ કેવળ ધ્યાનમય હતો તેમાં કૃષ્ણાર્પણ વૃત્તિ મહત્વની બની અને તે ધર્મ નિષ્કામ સેવામય થઇ ગયો. એ કારણે ભગવાને કહ્યું છે કે ધ્યાનાત્ કર્મફલત્યાગઃ એટલે કે ધ્યાનમાં પણ સેવામય જીવને ફળત્યાગની ભકિત શ્રેષ્ઠ છે. એક સમય એવો હતો કે જ્યારે ધ્યાનધારણા કરવી જરૂરી હતી, કારણ કે એ વગર ધર્મનો આરંભ થતો નથી. એ ધ્યાનચિંતનને પરિણામે નામ જપનવાળો ભકિતમાર્ગ, નિષ્કામ સેવાનો માર્ગ ખૂલી ગયો. એટલે સંભવ છે કે જે જમાનામા એ મંદિરો થયા હશે એ જમાનામાં કોઇ ખાસ ઉપાસકોને અંદર સ્થાન મળતું હશે. ધર્મદૃષ્ટિથી જોતાં એ જ યોગ્ય છે એવું માનવામાં આવતું હશે. આજે આપણે વિચારવું જોઇએ કે હિંદુસ્તાનનો ભકિતમાર્ગ એટલો વ્યાપક તથા વિકસિત થઇ ગયો છે કે એમાં બધા ધર્મસંપ્રદાય આવી ગયા છે. આ હાલતમાં પોતપોતાનાં ઉપાસનારથાન સૌ માટે ખુલ્લાં કરવા જોઇએ કે નહિ? હું માનું છું કે જે હિંદુધર્મ હવે પણ સીમિત રાખવાનો પ્રયત્ન કરશે, સંકુચિત કરશે અને થોડા લોકો સુધી જ એને મર્યાદિત કરશે તો એ પોતાના ઉપર જ પ્રહાર કરશે અને નાશ પામશે વૈદિક જમાનામાં વૈદિક ધર્મને ગૂઢ રૂપ આપવામાં આવેલુ તે હવે નહિ ચાલે. હવે તે સૌ માટે ખુલ્લો થવો જોઇએ તેથી પ્રાચીન કાળનાં ગુપ્ત મંત્રોને બદલે કલિયુગમાં 'રામ', 'કૃષ્ણ,' 'હરિ.' જેવા ખુલ્લા મંત્રો બોલાય છે ત્યારે આપણે એનો ઉદ્દેશ સમજતા નથી અને વિરોધ કરીએ છીએ. એથી જગન્નાથ મંદિરના અધિષ્ઠાતા તથા જવાબદાર લોકો આ વાત પર વિચાર કરે એવી મારી નમ્ર વિનંતિ છે. જો તેઓ આ દૃષ્ટિથી વિચારશે તો તેમને ખ્યાલ આવશે કે તેઓએ અમને પરમ દિવસે બહુ વિચાર પૂર્વક નહિ, પણ સ્થુળ સંસ્કારને લીધે રોકયા હતા. તેઓ વિચાર કરશે તો તેમને એ પણ ખ્યાલ આવશે કે આ મંદિરોનું ભલું એમાં ભકિતભાવથી આવનાર સૌ કોઇને પ્રવેશવા દેવામાં છે. તો જ એનું પતિતપાવનત્વ સાર્થક થશે.

## ૩

## સર્વોદય વિચારમાં ધર્મનું સ્થાન

મંદિર પ્રવેશના પ્રશ્ન ઉપર હું આપ્યો ભાર આપું છું. કારણ કે માત્ર સર્વોદયની નહિ પણ ધર્મવિચારની દૃષ્ટિએ એ ઘણો મહત્વનો છે એનો સ્પષ્ટ ખ્યાલ આપણા મનમાં નહિ હોય તો કેવળ ધર્મ જ નહિ પરંતુ સર્વોદય પણ ભાંગી પડશે ધારો કે આપણે દેશાભિમાનની વાત કરતા હોઇએ કે દેશપ્રેમ એ બહુ વ્યાપક ચીજ છે, પરંતુ માનવતાની દૃષ્ટિએ એ નાની અને સંકુચિત છે. પણ ધર્મભાવના એ માનવતાથી નાની નહિ પણ મોટી ચીજ છે. તો ધર્મને નામે જ્યારે આપણે માનવતાને પણ બાજુએ મૂકીએ છીએ ત્યારે આપણે ધર્મને પણ સંકુચિત કરી દઇએ છીએ. અને ધર્મનું મુખ્ય તત્વ છોડી દઇએ છીએ ધર્મિષ્ઠની ધર્મભાવનામાં માત્ર માનવ માટે જ પ્રેમ હોતો નથી પણ એની વ્યાપકતા પ્રાણીમાત્ર માટે પ્રેમ જગાવે છે. માણસ આત્મસંતોષ ખાતર પોતપોતાના ખ્યાલ પ્રમાણે જુદી જુદી રીતે ઉપાસના કરે છે. એ રીતે ઉપાસના જુદી જુદી જાતની થાય છે એ ઉપાસનાના મૂળમાં જે ભકિત છે એ સૌથી મોટું તત્વ છે, માનવતાથી પણ વધારે વ્યાપક છે. લોકો મને પૂછે છે કે શું સર્વોદય સમાજમાં કોઇ મુસલમાન નહિ રહે, હિંદુ નહિ રહે, ખ્રિસ્તી નહિ રહે? તો હું જવાબ આપું છું કે એ બધાજ રહેશે. અને એ બધા જ સર્વોદયના અંગો છે. એનો અર્થ એ નહિ કે હિંદુ, મુસલમાન, અથવા ખ્રિસ્તી ધર્મના નામ પર જે ખોટી માન્યતાઓ ચાલી રહી છે એ પણ એમાં આવશે. એ બધું સમાજમાં નહિ રહે. પરંતુ જે ભિન્ન ભિન્ન ઉપાસનાની પ્રણાલિઓ છે અને જે વ્યાપક ભાવના છે તે સર્વોદયમાં અમાન્ય નથી, પણ સર્વોદયમાં કોઇ ઉપાસના કરવાવાળું બીજા ઉપાસના સ્થાનમાં કે મંદિરમા ઉપાસના કરવા માટે જવા ઇચ્છશે તો તેને ઇન્કાર નહિ કરવામાં આવે ભલે એ બીજી જાતની ઉપાસના કરતો હોય, તો પણ એને રોકવો ન જોઇએ. પછી ભલે એ મંદિર હિંદુનું, મુસલમાનનું, ખ્રિસ્તીનુ કે બીજી કોઇ જાતનું હોય. અને જે એક મંદિરમાં ઉપાસના કરવા જવા માગતું હોય તે ઉપાસના માટે બીજા કોઇ મંદિરમાં ન જાય એવું નહિ કહેવામાં આવે. જેની રૂચિ હોય તેવા સ્થળે લોકો જશે. આ રીતે સર્વોદય સમાજમાં લોકો ભિન્ન ભિન્ન ઉપાસના મંદિરમાં જશે. અને એવો કોઇ નિયમ નહિ હોય કે અમુક લોકો અમુક મંદિરમાં જ જઇ શકે. એક મંદિરમાં જઇને પ્રેમથી ઉપાસના કરનાર બીજા મંદિરમાં પણ જવા ઇચ્છે, અને પ્રેમથી એ ઉપાસનામાં સાથ દેવા ઇચ્છે, કે પ્રેમથી એ ઉપાસનાને જાણવા ઇચ્છે

તો એને રોકવું બહુ ભૂલભરેલું છે. તમે લોકોએ રામકૃષ્ણ પરમહંસ દેવનું નામ જરૂર સાંભળ્યું હશે અને તમે જાણતા હશો કે છેલ્લા સો વર્ષમાં હિંદુધર્મમાં જે મહાપુરુષો જન્મ્યા છે એમાંના અગ્રણીઓમાં એમની ગણતરી થાય છે. એમણે સર્વ ધર્મોની ઉપાસનાઓનો અભ્યાસ કર્યો હતો, અને ઉપાસનાઓમાં જે અનુભવો થતા એ ઉપર તેઓ ચિંતન મનન કરતા હતા. હું મારે વિષે પણ એ જ કહેવા માગું છું કે મેં હિંદુ ધર્મનો વધુમાં વધુ અભ્યાસ કર્યો છે અને બીજા ધર્મોનું પણ પ્રેમથી ઊંડાણપૂર્વક અધ્યયન કર્યું છે. એમની વિશેષતાઓ જોવા પ્રયત્ન કર્યો છે અને એમાંથી જે સાર મળે તે ગ્રહણ કર્યો છે. આમ રામકૃષ્ણ પરમહંસે કરેલું તેજ મારા જીવનમાં મેં પણ કર્યું છે અને તે જો ખોટું ન હોય તો તમારે એ સમજવું જોઇએ કે માણસની ઉપાસનાનું અધ્યયન અનુભવ તથા એનો લાભ લેવા ઇચ્છનારને આપણે રોકીએ તે ખોટું છે. હું એમ નહિ કહી શકું કે "તમે એકવાર નકકી કરી લો કે તમારે રામની ઉપાસના કરવી છે કે કૃષ્ણનું નામ લેવું છે કે પછી ઇસ્લામ અથવા ક્રાઇસ્ટના અનુયાયી થવું છે? એ નકકી કરી લો અને પછી બીજા મંદિરમાં ન જાઓ." આમ કહું તો ઉપાસના માનવતાથી પણ સંકુચિત થઇ જાય. ઉપાસના માનવતાથી નાની નથી. માનવતાની અંદર એ ન સમાઇ જાય પણ માનવતાથી યે વિશાળ વસ્તુ છે. આ દૃષ્ટિએ આ ઘટના બહુ અહમ્ ભરી લાગે છે. તેથી પ્રશ્ન મહત્વનો બને છે. અને હું ઇચ્છું છું કે લોકો એની પર બહુ ઊંડાણથી વિચાર કરે.

### વિવિધ રૂપે ભક્તિ

ઓરિસ્સામાં પ્રવેશતાં જ એક ખ્રિસ્તી ભાઇએ મને પ્રેમથી ન્યુ ટેસ્ટામેન્ટ (બાઇબલ) ભેટ આપ્યું. આમ તો મેં ન્યુ ટેસ્ટામેન્ટ ઘણીવાર વાંચ્યું છે. પરંતુ એણે પ્રેમથી આપ્યું એટલે હું એ ફરીથી વાંચી ગયો. અને વાંચ્યુ એટલે એમાંની સારી વાતો ગ્રહણ ન કરવી અથવા એ ઉપાસનાપધ્ધતિનો સાર છે તેનો લાભ ન ઊઠાવવો એવું તો નથી જ. એનો અર્થ એ પણ નહિ કે જે ઉપાસનાપદ્ધતિ આપણે પહેલાંથી કરતા આવ્યા હોઇએ તેના પરિણામથી દૂર થઇ જવું. બીજી ઉપાસના પદ્ધતિનો લાભ નહિ ઊઠાવવો જોઇએ એ ખોટી માન્યતા છે. ઉપાસનાને સંકુચિત નહીં કરવી જોઇએ. નહી તો એમાં ઊણપ જ રહેશે. કેટલાક લોકો એમ કહે છે કે હરિજનોને તો અમે મંદિરમાં પ્રવેશવા દેવા રાજી છીએ, પણ ખ્રિસ્તી કે મુસલમાનોને શા માટે આવવા દઇએ? તો આપણે સમજવું જોઇએ કે ઉપાસનામાં આવી જાતની મર્યાદા ન રખાય. ઉપાસના એક બીજાની પૂરક થાય છે. એક જ માણસ પિતા તરીકે, ભાઇ તરીકે, અને પુત્ર તરીકે પણ જીવનમાં કામ કરે છે. આવા વિવિધ અનુભવો જેને થાય છે તે પરમેશ્વરની ઉપાસના પિતા, ભાઇ ને પુત્ર માનીને કરી શકે છે. એ પરમેશ્વરની પિતા ને માતાના રૂપમાં ઉપાસના કરી શકે છે.

"त्वमेव माता च पिता त्वमेव,
त्वमेव बंधुश्च सखा त्वमेव।"

હવે એને એમ નહિ કહી શકાય કે "તું પરમેશ્વરને પિતા કહે, માતા કહે અથવા પુત્ર કહે". પરમેશ્વર ત્રણે રૂપ સાથે કેમ હોઇ ન શકે? જો એક સામાન્ય માણસ પણ પિતા, પુત્ર અને ભાઇ હોઇ શકે છે તો પરમેશ્વર કેમ ન હોઇ શકે? આમ પરમેશ્વરની પણ અનેક રીતે ઉપાસના થઇ શકે છે. એથી સમન્વયની કલ્પનાને સર્વોત્તમ કલ્પનાના ધોરણ પર સર્વ ધર્મ માન્ય કરે છે. આ રીતે આ દૃષ્ટિથી આપણે આ બનાવને વિચારીએ તો સમજાશે કે આથી સમન્વય પર જ પ્રહાર થાય છે. જ્યાં સમન્વય પર પ્રહાર થાય છે ત્યાં બધી જાતની ઉપાસનાઓ પર પણ પ્રહાર જ થાય છે.

આજે મેં આ વિષયને ત્રીજી રીતે છણ્યો છે અને એ રીતે એક વિષય પરિપૂર્ણ થાય છે.

જગન્નાથપૂરી, ઉત્કલ. વિનોબા

# વિનોબાજીની આર્ષ વાણી

(માર્ચ માસની તા ૨૫, ૨૬, ૨૭ ના રોજ જગન્નાથપૂરીમાં સર્વોદય સંમેલન ભરાયું હતું. આ સંમેલનના પ્રારંભમાં તેમજ અન્તમાં શ્રી વિનોબાજીએ ભવ્ય પ્રવચન કર્યાં હતાં. આ પ્રવચનોમાં એક પ્રકારની પયગંબરી વાણી છે; તેમાં એક ક્રાન્તદર્શી યુગપુરૂષનું ભવ્ય દર્શન છે અને સ્વપ્નદૃષ્ટાની રોમાંચપ્રેરક આગાહી છે, જે જાતે સાંભળીને ધન્યતા અનુભવી તે પ્રબુધ્ધ જીવનના વાંચકો પણ વાંચીને ધન્યતા અનુભવે તેમજ ક્રાન્તિલક્ષી બને એ હેતુથી એ બન્ને પ્રવચનો ક્રમશઃ નીચે આપવામાં આવે છે. આ પ્રવચનોની આધારભૂત નકલો સમયસર પ્રાપ્ત નહિ થવાના કારણે આ અંક પ્રસિધ્ધ કરવામાં થોડો વિલંબ થયો છે જે માટે વાંચકોની ક્ષમા માંગવામાં આવે છે. બન્ને પ્રવચનો મૂળ હિંદીમાં હતાં. પહેલું પ્રવચન વિનોબાજીના મૂળ વ્યાખ્યાનનું સંક્ષિપ્ત રૂપ છે બીજું પ્રવચન મૂળનું શબ્દશઃ અવતરણ છે. પહેલાનો અનુવાદ મેં કર્યો છે; બીજાનો અનુવાદ શ્રી સૂર્યકાન્ત પરીખ અને બહેન ગીતા પરીખે કર્યો છે. પરમાનંદ)

## ૧

પક્ષીઓ હંમેશા દિવસના ભાગમાં અન્ન શોધતાં શોધતાં આકાશમાં પરિભ્રમણ કરતા હોય છે અને સાંજ પડયે વિશ્રાન્તિ માટે અને બીજા દિવસની સવારે નવી પ્રેરણાપૂર્વક પરિભ્રમણ કરવા માટે એક સ્થાન ઉપર એકઠા થાય છે. એ રીતે આપણે બધા વિવિધ કર્મ કરતાં કરતાં પોતપોતાના કર્મક્ષેત્રમાં વિચરણ કરીએ છીએ અને ફરીથી નવો ઉમંગ અને નવી શકિત ઉપાર્જન કરવા માટે તથા આત્મ-પરીક્ષણ કરવા માટે એક સ્થાન ઉપર એકઠા થઇએ છીએ. મહાત્મા ગાંધીના અવસાન બાદ આ સંમેલન અહિંસાનિષ્ઠ વ્યકિતઓ માટે એક વિશ્રામસ્થાન બની ગયેલ છે. દર વર્ષે એક વાર અહિં આપણે એકઠા થઇએ છીએ. જો આવી યોજના કરવામાં આવી ન હોત તો આપણે વ્યકિતરૂપમાં અહિં તહિં ભ્રમણ કરતા હોત, આપણું કામ અને વિચાર-આપણી શકિતઓ-એકમેક સાથે અથડાયા કરતી હોત, અને અહિંસાનુ નામ જપતા હોવા છતાં હિંસામાર્ગ તરફ આપણે ખેંચાયે ગયા હોત. આપણું સૌભાગ્ય છે કે આપણને સત્સંગ કરવાનું એક આશ્રયસ્થાન પ્રાપ્ત થયું છે.

### સામ્યવાદીઓની માન્યતા

આપણા પ્રયત્નો દ્વારા સમાજવિકાસની કલ્પનામાં એક એવા મુકામ ઉપર આપણે પહોંચી જવા ધારીએ છીએ કે ત્યાર બાદ બળના આધાર ઉપર શાસન ચલાવવાની જરૂર ન રહે. આ અન્તિમ ધ્યેયને સામ્યવાદીઓ પણ સ્વીકારે છે. પરંતુ તેમનો વિશ્વાસ એ પ્રકારનો છે કે એ ધ્યેય પ્રાપ્ત કરવા માટે પહેલાં અધિકમાં અધિક કેન્દ્ર સત્તા હોવી જોઇએ. એ સત્તાના આધાર ઉપર રાજ્યની સર્વ સત્તાઓ સમાપ્ત થઇ શકશે.

### અન્ય વિચાર

બીજા એવા લોકો પણ છે કે જેઓ સ્વીકાર કરે છે કે હર હાલતમાં શાસન કાયમ રહેશે અને તેથી દંડની જરૂરિયાત પણ કાયમ રહેશે. કારણ કે સત્વગુણ, રજોગુણ તથા તમોગુણવાળી વ્યકિતઓ સમાજમાં સદા રહેવાની. એ સંભવિત નથી કે રજોગુણ તથા તમોગુણ કદિ પણ સર્વથા નષ્ટ થઇ જાય. તેથી ઓછી વધતી દંડવ્યવસ્થાની આવશ્યકતા સમાજમાં સદા રહેવાની.

## અહિંસક સમાજમાં દંડશક્તિનું રૂપ

અહિંસક સમાજમાં પણ દંડશક્તિ કાયમ રહેશે. પરંતુ અહિંસક સમાજમાં સેવાની પ્રમુખતા રહેશે અને દંડશક્તિ ગૌણ હશે. સૌથી મોટી સંસ્થા સેવાસંસ્થા હશે. આજે આ દેશમાં સૌથી મોટી સંસ્થા કૉંગ્રેસ છે. તે ચૂંટણી-પ્રધાન છે, જેની આજની પ્રવૃત્તિ છે ચૂંટણી દ્વારા સત્તા અને સત્તા દ્વારા સેવા કિંતુ તેનું તંત્ર જ સમાજસેવામાં ભારે બાધક છે. જેને ભાવી સમાજનું દર્શન હતું તેની ઇચ્છા હતી કે કૉંગ્રેસ લોકસેવક સંઘ બની જાય. તેમાં એક વિચાર હતો કે દેશની સૌથી મોટી સંસ્થા સેવાનિષ્ઠ સંસ્થા બને. અહિંસક સમાજમાં તો સેવાપ્રધાન સંસ્થાની કલ્પના છે જ. કારણ કે સેવા સાર્વભૌમ હોય છે, દંડરહિત હોય છે, અને સત્તા તેની સેવિકા હોય છે. સત્તાને નિયંત્રિત કરવાની શક્તિ સેવાનિષ્ઠ જમાતમાં આવે છે.

## સેવાપ્રધાન સંસ્થાના અભાવમાં હિંસાનો વિસ્તાર

આજે સેવાપ્રધાન સંસ્થાઓના અભાવમાં સર્વત્ર સત્તાનું અનુસરણ કરવાવાળી સંસ્થાઓ જોવામાં આવે છે જેને લીધે ચોતરફ હિંસા અને ભયનું સામ્રાજ્ય પ્રવર્તે છે. સ્થિતિ ભારે ભયાનક છે અને જો આવી હાલત ચાલુ રહે તો હિંસાના વિસ્તાર માટે વધારે ને વધારે અનુકૂળ વાતાવરણ પેદા થતું રહેશે. આ માટે આપણ સર્વ લોકોએ સંગઠિત બનીને હિંસાની વિરુધ્ધ મોરચો માંડવો જોઇએ. ભગવાન બુધ્ધે કહ્યું હતું કે જો પુણ્ય આચરણ ધીરે ધીરે ચાલે છે તો પાપ શીઘ્ર ગતિથી વધવા માંડે છે-જો અહિંસા દ્વારા સમાજ-પરિવર્તન ધીરે ધીરે કરવામાં આવશે તો હિંસા અધિક શક્તિથી વધશે. આપણે નહિ ઇચ્છીએ તો પણ વધતી જ જશે આ ટાળવા માટે આપણે સેવાનિષ્ઠ સંસ્થાને અધિક અશક્ત બનાવવી જોઇએ.

## સર્વનાશ દુનિયાની દિશા

રાજાજીએ દુનિયાની સામે એક વિચાર રજુ કર્યો છે, કે અણુબોંબ, હાઇડ્રોજન બોંબ, ન્યુક્લીઅર બોંબ-આ દુનિયામાં સુલેહ શાન્તિ સ્થાપિત કરવા માટે આ સર્વ બોંબે-દરિયામાં ડુબાડી દો. તેઓ તત્વજ્ઞાની છે, શબ્દશાસ્ત્રના પણ જ્ઞાતા છે, પ્રવીણ છે. તેથી આ વિચાર પ્રગટ કરવાને તેઓ સમર્થ છે. પણ આ પધ્ધતિ એકપક્ષીય સજ્જનતાની છે. જો તું એક માત્રા સજ્જન બનીશ તો હું હિસાબ ગણીને એટલો સજ્જન બનીશ. આ પધ્ધતિ ખોટી છે. સજ્જનતા તો સ્વયમેવ વધે છે. અમેરિકા વિદ્વાનોનો દેશ છે, કારણ કે આપણા દેશથી ત્યાં ૬૦ ગણા કાગળ વધારે ખપે છે. આમ છતાં પણ વિદ્વાન લોકોએ પોતાના દેશની રાજ્યધુરા યુધ્ધપ્રવીણ વ્યક્તિઓના હાથમાં સોંપી છે. તેમનો આદેશ છે કે ફોર્મોસા ઉપર અધિકાર ધારણ કરો અને તે માટે બ્રહ્માસ્ત્રનો ઉપયોગ પણ તમે કરી શકો છો. તેઓ રાજાજી જેવા તત્વજ્ઞાનીની વાત માને એ કેમ બની શકે? કારણ કે તેમણે તો પોતાના લોકો પાસેથી મેન્ડેટ-અધિકાર-પ્રાપ્ત કરેલો છે. દુનિયાનું આ દુર્દૈવ છે. આમ છતાં પણ અમેરિકા સામે આ મુજબ કહેવા માટે આપણે શું ખરેખર યોગ્યતા ધરાવીએ છીએ? આપણા દેશમાં આ મુજબ કહેવા માટે ભૂમિકા છે ખરી? પાકીસ્તાન સૈન્યશક્તિ વધારી રહ્યું છે, તેથી આપણે પણ આપણા બજેટમાં સેનાનો ખર્ચ વધારી રહ્યા છીએ. શું આપણે પણ ભયપીડિત નથી? આમ કરવાથી આપણે અહિંસાની પ્રતિષ્ઠા વધારી નહિ શકીએ.

## લોકશાહીમાં સત્યાગ્રહની આવશ્યકતા

આજકાલ સત્યાગ્રહ શબ્દથી પણ સતાનિષ્ટ લોકો અને રાજકારણી આગેવાનો ડરવા લાગ્યા હોય એમ જણાય છે. સત્યાગ્રહનો મંત્ર નવો અને સાધનાપૂર્ણ છે. ઇતિહાસમાં સૌથી પહેલો સામૂહિક સત્યાગ્રહનો પ્રયોગ અહિં થયો છે અને તેથી અહિંસાની ભાવના બલવાન બની છે. કિન્તુ આપણે ત્યાં સત્તાનિષ્ટ લોકો એમ માનવા લાગ્યા છે કે લોકશાહીમાં સત્યાગ્રહની આવશ્યકતા રહેતી નથી. આપણું એમ કહેવું છે કે સત્યાગ્રહની આવશ્યકતા ત્યાં નથી કે જ્યાં બધા નિર્ણયો સર્વાનુમતિથી કહેવામાં આવે છે. આપણે વારંવાર કહ્યું છે કે જ્યાં સુધી શાસનપધ્ધતિ દ્વેષમય છે ત્યાં સુધી સત્યાગ્રહ માટે સ્થાન રહેવાનું છે.

## ભૂદાન વિધાયક તેમજ ક્રાન્તિકારી માર્ગ છે

બાબા જમીન માંગતા ફર્યા કરશે કે ફરીથી અહિંસાનું કોઇ રામબાણ અસ્ત્ર બહાર કાઢશે એમ લોકો પૂછે છે. ગાંધીજીના જમાનામાં જે સત્યાગ્રહનું કાર્ય ચાલ્યું હતું તે નિષેધાત્મક હતું એમ છતાં પણ પોતાની પ્રતિભાને અનુસરીને એ કાર્યને એમણે કેવળ નિષેધાત્મક રહેવા ન-દીધું, બલકે તેની સાથે સાથે વિધાયક પ્રવૃત્તિઓ તેમણે જોડી દીધી હતી. એ સમયમાં સત્યાગ્રહની સાથે ચરખા ઉપર જોર દેવાનો તેમનો વિચાર આપણી સમજમાં આવતો નહોતો. આજના સંયોગોમાં આપણા કાર્યમાં સત્યાગ્રહનું રૂપ ભિન્ન પ્રકારનું રહેશે, અને તે અધિક શક્તિશાળી અને વિધાયક બનશે. ભૂદાનનાં કામને પણ એ રૂપમાં સમજવું જોઇએ. આ એક રચનાત્મક સત્યાગ્રહ છે. આ માટે જો આપણે આપણી પુરી શક્તિ નહિ લગાડીએ અને પુરી તાકાત નહિ અજમાવીએ તો ૧૯૫૭ પછી આપણે કોઇ પણ પગલું ઉઠાવવાને પાત્ર નહિ રહીએ. આમાં પૂરી તાકાત જોડીને આની શક્યતા-અશક્યતાને આપણે સિધ્ધ કરવાની છે.

મારો પૂરો વિશ્વાસ છે કે ભૂમિદાન એક ક્રાન્તિકારી તેમ જ સમ્યક ઉપાય છે અને પૂરી તાકાત લગાડવાથી સફળ થઇ શકે તેવો છે. આ માટે જો પૂરી શક્તિ જોડવા છતાં પણ અસફલ થઇશું તો આપણને આગળ ઉપર વિચાર કરવાની સગવડ રહેશે. આ માટે આપણે અધુરી શક્તિ નહીં પણ નિર્ણાયક શક્તિ સંકલિત કરીને આને સફળ બનાવવું જોઇએ.

## સર્વસામાન્યની સેવા એજ આપણું વ્રત છે

કેટલાક લોક કહે છે કે ભૂદાનનો વિચાર એકાંગી છે, સર્વાંગી નથી. હું કહું છું કે સર્વાંગી વિચારના વિષયમાં વિચારવાની તેમની ફરજ છે કે જેમને લોકોએ પોતાનો મત આપ્યો છે, અને જેમણે સર્વાંગીણ વિકાસનું લોકોને વચન આપ્યું છે. આપણી પાસે હાલ એટલો સમય નથી કે આપણે આપણો સર્વાંગીણ પ્રયોગ દીલ્હી જઇને કરીએ. આપણું કામ સર્વસામાન્યની સેવા કરવાનું છે. અને અહિંસાને સર્વોપરી બનાવવાનું છે અને તે માટે બે વર્ષ માટે એકાગ્ર બનીને વિચાર કરવાનું છે.

## નોકર નહિ માલીકને અપીલ

કેટલાક લોકો કહે છે કે અમારે સંસદના સદસ્યો તથા વિધાન સભાના સદસ્યો પાસે જવું અને તેમને આ કામ કરવાનું કહેવું. કિન્તુ હું પૂછું છું કે નોકરોની પાસે અમે શું કામ જઇએ? અમારે તો તેમની માલીક એવી જનતાની પાસે જવું જોઇએ અને લોકમત જાગૃત કરવો જોઇએ. અમે તો એમને કહીએ છીએ કે સમાજ-પરિવર્તનનું આ કામ છે. જો તેમને એમ લાગતું હોય કે ત્યાં રહીને તેઓ અમને વધારે મદદ કરી શકે છે તો તેઓ ત્યાં રહે. અન્યથા અમારી પાસે આવે અમારી સાથે જોડાઇ જાય, અહિં તેમનું અમે અધિક સ્વાગત કરીશું, સત્કાર કરીશું.

## દેશમાં સામાન્ય ઉપાસનાની આવશ્યકતા

લોકો અમને કહે છે કે સાત્વિક લોકો ચૂંટણીમાં ઉભા રહેતા નથી. અમે તમને જવાબ આપીએ છીએ કે ચૂંટણીની પધ્ધતિ જ એવી છે કે એવા લોકો એમાં ઉભા રહેવાનું પસંદ ન કરે. કારણ કે ચૂંટણી એક એવી વસ્તુ છે કે જેમાં વિરોધ બલવાન હોય તો પણ ડર રહે છે અને વિરોધ કમજોર હોય તો પણ ચિન્તા કરવામાં આવે

છે. આ માટે સાત્વિક લોકો ચૂંટણીની પ્રક્રિયા દ્વારા આવી જ શકતા નથી. આ માટે હું કહું છું કે હવે એ અવસર આવ્યો છે કે સર્વ લોકો અમારા આ કામમાં બને તેટલી મદદ કરે, અને સત્તાથી મુકિત દેવાવાળા આ આન્દોલનના વિચારને અજમાવે અને તેને જોર આપે. મીરાંએ કહ્યું હતું કે મારો અને ગિરધર-નાગરનો સંબંધ કાચા તાંતણાથી બંધાયલો છે અને એ તાંતણો એટલો મજબુત છે કે હું ખેંચાઇ રહી છું. દેશની સાથે સમરસ કરવાવાળી આજે એવી ઉપાસનાની જરૂર છે, જેમાં રાષ્ટ્રનું દરેક બાળક લાગી જાય અને મનથી સમજે કે પોતે પોતાના દેશ અને સમાજ માટે કાંઇને કાંઇ કરી રહેલ છે.

## સૂતાંજલિ અને કોંગ્રેસ

એક વાત મારા મિત્રોને આગ્રહપૂર્વક હું કહેવા માંગું છું કે ગાંધીજીમાં આપનિષ્ઠા ધરાવતા હો તો તેમની સ્મૃતિમાં આપના હાથે કાંતેલી એક આંટી શા માટે અર્પણ કરતા નથી? કોંગ્રેસવાળા એક એક આંટી તેમની શ્રધ્ધાંજલિમાં કેમ અર્પણ ન કરે? મારી આપને વિનંતિ છે કે તેમને મારી વાત સમજાવો. તેથી સદ્‌ભાવનાને બળ મળશે.

૨

(આ વિનોબાજીનું અન્તિમ પ્રવચન છે. આ પ્રવચન જનશકિતના ગેલીપ્રુફ ઉપરથી કંપોઝ કરવામાં આવેલ હોવાથી જોડણીની અનેક ભૂલો રહી જવા પામી છે જે સમયના અભાવે સુધારી લેવાનું શકય બન્યું નથી વાંચકો એ માટે ક્ષમા કરે. **તંત્રી**)

આજે આ સંમેલનની અંતિમ વાતો કરીશું. આજે, કાલ અને પરમ દિવસે અનેક ચર્ચાઓ થઇ; અનેક સવાલો પુછાયા અને મારી પાસે કેટલીક લેખિત શંકાઓ પણ આવી પહોંચી છે. પરંતુ આ બધા સવાલો અને શંકાઓના જવાબ આપવાની પ્રેરણા નથી થતી. કદી વાતમાં એનો ઉત્તર મળી પણ જશે. પરંતુ આજનો જે મુખ્ય આહ્વાહનનો પ્રસ્તાવ સર્વ સેવા સંઘે દેશ સામે મુકયો છે એને ધ્યાનમાં રાખીને આપણે આપણું કર્તવ્ય વિચારીએ. એ દિશામાં કરેલું કેટલુંક ચિંતન-પ્રકટ ચિંતન-તમારી સામે રજુ કરવા ઇચ્છું છું:

## હિંસાનો વિકાસ-દંડશકિત સુધી

આપણો આ માનવસમાજ જ્યારથી અસ્તિત્વમાં આવ્યો છે, -કોઇ જાણતું નથી કે કયારથી,-ત્યારથી એમાં પ્રેમ સાથે લડાઇઓ પણ થતી આવી છે. અને જ્યારથી માનવસમાજનો આરંભકાળ મનાય છે તે જમાનામાં સ્વૈરહિંસાઓ ચાલતી હતી, અને એ હિંસાનો સામનો કરવા એવીજ હિંસા કરવામાં આવતી. આથી સમાજની હાલત કંઇક બગડતી ગઇ અને કંઇક સુધરતી ગઇ. અંતે સમાજને એક યુકિત સુઝી કે સ્વૈરહિંસાને બદલે વ્યવસ્થીત હિંસા કરવામાં આવે તો સ્વૈરહિંસા રોકી શકાય. પરીણામે આપણે જેને દંડશકિત અથવા શાસન કહીએ છીએ એનો આરંભ થયો. વ્યવસ્થીત હિંસા અથવા દંડશકતી સારી રીતે કામ આવી. એનાથી સ્વૈર-હીંસા રોકાઇ અને થોડા દીવસો સુધી એ મર્યાદીત સ્થીતીમાં રહી તેની લાભદાયી પુરવાર થઇ. આથી માણસે એને ધર્મનો અંશ માન્યો અને આપણને સંસ્કૃતનાં સ્મૃતીમાં એવું વાકય પણ મળે છે કે **દંડ ધર્મ વિદુર્બુધાઃ** એ જમાનાના બુદ્ધિશાળી લોકોએ ધર્મને દંડ માન્યો પરતું જેનાં આરંભમાં મર્યાદિત હિંસા હતી અને જેમાં વ્યવસ્થિત હિંસા આવી એવી દંડશકિત મર્યાદિત રહી શકી નહી. અને ધીરે ધીરે એની સીમા વીસ્તૃત થવા લાગી. એ વ્યવસ્થિત તો રહી અને જો એ વ્યવસ્થિત ન રહેત તો એને શાસન ન કહેવાત, દંડ નહી કહેવાન માટે વ્યવસ્થિત રહી પણ સીમીત બનીને વીસ્તૃત બનતી ગઇ, ચાર ગણી થતી ગઇ અને વધતાં વધતાં આજે એણે અતિ હિંસાનુ રૂપ લઇ લીધું છે. વ્યવસ્થિત અને સમીત હિંસા અર્થાત દંડશકિતનું રૂપાન્તર આજે અતિ હિંસામાં થયું છે. આજે માનવ ભયભીત છે અને આ સમયે માનવ-સમાજ જેટલો ભયભીત છે એટલો કદાચ માનવ ઇતીહાસમાં કદી નહીં થયો હોય એમ કહેવામાં કોઇ જાતની અતીશયોકતી નહીં થાય. કારણ કે હું જ્યાં સુધી જાણું છું, ત્યાં સુધી એટલા વ્યાપક પ્રમાણમાં માનવ ફેલાયેજ નહોતો અને દુનીયામાં આટલી વ્યાપક શકતી એને હાંસીલ થઇ નહોતી. એટલા માટે માનવની આજે જે ભયભીત હાલત છે એની સંરખામણીમાં પ્રાકૃતીક કારણોથી પણ જે ભય પેદા થયો હોય તે એટલો નહીં હોય.

## હિંસાને મર્યાદિત બનાવવાનો પ્રયત્ન

પહેલાં જે મોટા ભુકમ્પ અને પ્રલય ઇત્યાદી થયા એની સરખામણીમાં આજે માનવની હીંસાથી જે અતીભય પ્રાપ્ત થયો છે એવો એની પહેલાં એને કદી અનુભવ થયો હશે એમ દેખાતું નથી હવે ભયભીત માનવ કંઇક વિચાર કરવા લાગ્યો છે કે આ જે હીંસાની અતીશયતા છે તે કેમ તોડી નંખાય, અને ફરીથી સીમીત વ્યવસ્થીત હીંસા કેમ કાયમ કરાય, એ પ્રકારનો પ્રયત્ન પણ થઇ રહ્યો છે.

## પ્રગતિચક્ર આગળ જ જાય છે

જ્યાં વૈજ્ઞાનીક પણ બધા નહીં તો કેટલાક કહેવા લાગ્યા છે કે આ અણુશકતી રોકવામાં આવે અને રાજ્યજી જેવા મહર્ષી ઉદ્‌ગાર પ્રગટ કરી રહ્યા છે કે એને રોકવી જોઇએ, ત્યાં માનવનો પ્રયત્ન સ્પષ્ટ દેખાય છે. તે ઇચ્છે છે કે એ-ી અતીશકત સ્થીતી નષ્ટ કરાય અને જેન મધ્યકાલીન જમાનામાં તે સીમીત અને વ્યવસ્થીત રહી-દંડશકતીના રૂપમાં-એવીજ એ રખાય; પરંતુ પ્રગતીનો ક્રમ જોતાં જે માનસશાસ્ત્ર સમજે છે તેઓ આ વાતને જરા વિચારશે તો એમના ધ્યાનમાં આવશે કે પ્રગતીચક્ર કદી પાછું નથી ફરતું. તે આગળ જ જાય છે. અને જે સીમીત હીંસામાં તે ઉત્તરોઉત્તર વિસ્તૃત થતી ગઇ તે અતી હીંસાના રૂપમાં પ્રગટ થઇ છે. અને એથી પાછળ તે નથી આવી શકતી. યંત્રમાં એવી શકતી નથી. સામુહીક માનસ-યંત્ર એવુ નથી કે એને કોઇ એક વ્યકતીગત માનવ રોકી શકે અને પાછળ લઇ જઈ શકે. કારણ કે તે સામુહીક માનવના માનસનું યંત્ર બની ગયું છે અને જે ગતીમાં તે આગળ વધ્યુ છે એવી જ ગતીથી એને વધુ આગળ વધવું છે. કાં તો આગળ વધીને એને પોતાનું રૂપ અહીંસામાં વીસર્જીત કરવું છે, અથવા તો એનાથી પણ વિકરાળ રૂપ ધારણ કરીને મનુષ્ય-સમાજની સમાપ્તી કરવા કટીબધ્ધ થવું છે. આ બંનેમાથી કોઇ એક તો એને કરવું જ છે એ સમજવું જરૂરી છે. એટલા માટે ભયભીત માનવનો આ જે પ્રયત્ન છે કે એનો અતીરેક રોકવામાં આવે એ સંભવિત નથી. આ વાત જો ધ્યાનમાં આવશે કે એથી આગળ બે જ પરીણામો એના હોઈ શકે છે. એકમાં માનવનો પૂર્ણ વિનાશ થશે અને બીજામાં માનવને પૂર્ણ વિકાસનો મોકો મળશે. અહિંસા લાવવી હોય તો આપણે જરા બળ પ્રતિત કરવું જોઇએ. હમણાં ટંડ જીએ કહ્યું હતું, રાયફલ કલબ વિશે તેમણે ઠંડક બચાવ પણ કરી લીધો હતો. એમાં પણ કંઇક સાર છે. રહસ્ય છે. એને થોડી હિંમત કહે છે. એ હિંમતને સુક્ષ્મ રીતે વિચારીએ તો તે ભયજનક રૂપ થાય છે, તે નિષ્ક્રિય નિર્ભયતા નથી હોતી અથવા તો ઉત્તમ નિર્ભયતા નથી હોતી. અને તે **ડરવાવાળી નીર્ભયતા** હોય છે તેમાં કંઇક **સાહસ** હોય છે આ જાતનો એનો કંઇક બચાવ કરી શકાય છે, ઇતિહાસમાં પણ કરાયા છે. પરંતુ જો આપણે આની પર વિચાર કરીએ કે આવી નાની નાની હીંસા પોતાનો રૂઆબ જમાવી શકે છે તો એ સંભવીત નથી. જો સમાજ પર કોઇ સત્તા ચાલશે તો પૂર્ણ હીંસા કરવાવાળી અતી હીંસાની સત્તા ચાલશે અથવા તો એ વીસર્જીત થઇને અહીંસામાં પરીણમશે.

## હાઇડ્રોજન બોંબની પ્રેરણા

આપણે જુની કલ્પના છોડીને મધ્યકાલીન જમાનામાં એના જે ગુણોનું લોકોએ સન્માન કર્યું એ જ ગુણોમાં સીમીત રહેવાને બદલે હવે જરા હીંમત કરીને થોડું બળ પ્રતીત કરવું જોઇએ. આપણામાં આ અતી હીંસાને સમાપ્ત કરીને પૂર્ણ અહીંસાની તૈયારી કરવી જોઇએ. એનો અર્થ બીજી ભાષામાં જે આપણે દંડમુકત શાસનમુકત સમાજની વાત કરીએ છીએ એને માટે કમર કસવી જોઇએ. એને માટે બુદ્ધી તૈયાર કરવી જોઇએ, એને માટે હૃદયમાં પ્રાણ ભરવો જોઇએ. આ મારી નીષ્ઠા આજની નથી. કેટલાક અનુભવથી મારામાં સ્થિર થઇ છે. વર્ષોથી હું માનું છુ, પરંતુ મને લાગતું હતું કે એમાં કંઇક સમય લાગશે દંડમુકત સમાજ બનાવવામાં, શાસન મુકત સમાજ બનાવવામાં કંઇક સમય લાગશે, ઘણો સમય લાગશે એવું પણ લાગતું હતું. પરંતુ જ્યારથી આ અતીહીંસાનું સ્વરૂપ પ્રગટ થઇ ગયું છે, ત્યારથી મારામાં બહુ ભારે ઉત્સાહ આવ્યો છે અને આશા આવી ગઇ છે કે દંડમુકત સમાજ હવે જલ્દી લાવી શકાશે. આવી મને આશા આવી છે અને એ આશા હું તમને સમજાવી શકું તો એનો સ્પર્શ તમારા હૃદયને થઇ જશે. અને આપણા બધાનું રૂપાન્તર પરીશુધ્ધ, પરીનીષ્ટ, આત્મમય માનવતામાં થશે. એટલા માટે જ્યારે એટમ અને હાઇડ્રોજન બોમ્બની વાત ચાલે છે તો મને લાગે છે કે એક ઇશ્વરી પ્રેરણા થઇ રહી છે અને આખી સમાજરચના હવે મારા હાથમાં આવવાની છે. અને વધુ વેગથી તે મારી તરફ આવી રહી છે. એ કહે છે પુકાર કરીને કે અહીંસા દેવી તું આવ અને આને બચાવી લે. તો એ હવે આપણે માટે વીચારવાની વાત છે કે આપણું કામ એની આગળ સહેલું છે કે મુશ્કેલ છે. મને લાગે છે કે આ કામ આપણે માટે સહેલું છે. એ ધ્યાનમાં આવવું જોઇએ કે કાળચક્ર આને સહેલું બનાવી રહ્યું છે. અને એ દ્રષ્ટિથી હીંમત કરીને આગળની સર્વ યોજના બનાવવી જોઇએ. શાસનમુકત સમાજ માટે હવે તૈયારી થઇ રહી છે. મને તો કદી કદી લાગે છે કે પાંચ કરોડ એકર ભૂમી પ્રાપ્ત થશે જ. એક સમસ્યાના ઉકેલનું દર્શન થશે અથવા નહી થાય એવી મુંજવણમાં આપણામાંથી કેટલાક લોકોને છે. એ મુંઝવણ મને સ્પર્શતી નથી. મને તો લાગે છે કે ૧૯૫૭ માં આખી દુનીયામાં શાસનમુકત સમાજની સ્થાપના કેમ નહીં થાય? આ કેવળ એક કલ્પના નથી, પણ જો આપણે પૂરી હિંમત રાખીને આ દ્રષ્ટિ પ્રમાણે ઉંડાણમાં ઉતરીએ તો માણસ પોતાની જાતનો નાશ કરવા માગતો નથી એ દેખાશે. માણસ એવી હદ સુધી જાય એવો મુર્ખ નથી. ઇશ્વરની ઇચ્છાની તો આપણને ખબર નથી, પરંતુ જે આખી લીલા દેખાય છે તે પરથી એમ નથી જ લાગતું કે આમાં આખી માણુસજાતનો નાશ કરવાની યોજના હોય. ઇશ્વર અત્યારે માણસને હાથે માણુસનો નાશ કે પ્રલય કરાવવા ઇચ્છતો નથી એ શા પરથી જાણી શકાય છે ? એ તો આવી પ્રેરણા મને થઇ રહી છે. તે જો એમ નહી હોત તો ભગવાન આપણને સૌને મુર્ખ બનાવત અને આપણે સૌ અહીં મળીને દન્ડમુકત કે શાસનમુકત સમાજની વાતો કરવાં એકઠાં ન થાત. જ્યારે પ્રલય કરવો હતો ત્યારે યાદવને શું સુઝયું ? એકેક જણે શરાબ પીને હાથમાં લાઠી લીધી અને એકબીજાને મારવા લાગ્યા. અંતે ભગવાને કહ્યું કે ચાલો હું પણ તમારાથી જુદો કેમ રહું ? એ માટે પ્રહાર કરી અને ચાલી ગયા. એમ કહે છે કે ત્યારે એ સહુનો સંહાર થઇ ગયો. જો ભગવાન આવું ઇચ્છતા હોત તો આપણને દન્ડમુકત-શાસનમુકત સમાજ રચવાની પ્રેરણા કેમ થાત ? આપણે અહીં એકઠા કેમ થાત ? કોઇ એવો અહંકાર રાખે કે અમે ઇશ્વરની ઇચ્છાની વીરૂદ્ધ એક કામ કરવા જઇએ છીએ, ઇશ્વર કમબખ્ત તો પ્રલય ઇચ્છે છે પરંતુ અમે પ્રલય નહીં કરવા દેવાનો નીર્ણય કર્યો છે-આમ આપણે ઇશ્વરની મરજી વિરૂદ્ધ કંઇ કરવા જઇએ છીએ એવું અસંભવીત છે એટલે આપણે સમજવું જોઇએ કે જ્યારે આપણને બધાને આવી પ્રેરણા થઇ રહી છે ત્યારે ઇશ્વર હમણાં પ્રલય લાવવા ઇચ્છતો નથી એ નીશ્ચીત છે. અને જો પ્રલય ન ઇચ્છતો હોય તો એ એ માનવજાતને બને તેટલું જલ્દી મુક્ત કરવા ઇચ્છતો હોવો જોઇએ. અતિહીંસાથી આ સ્પષ્ટ છે. એથી જ હું કહું છું કે આપણે શ્રદ્ધા રાખવી જોઇએ કે બહુ જ જલ્દીથી સતયુગ નજીક આવી રહ્યો છે.

જ્યારે કળીયુગનો અતીરેક થાય છે, જ્યારે એનો ઘડો ભરાઇ જાય છે, ત્યારે એની પાછળ સતયુગ આવે છે. એ સમજી લેવું જોઇએ કે જ્યારે આટલી અતીહીંસા સમાજમાં ફેલાઇ જાય અને સમાજ ભયભીત થઇ જાય ત્યારે એની પછી તરત જ સતયુગ આવી રહ્યો હોય છે. તો મારા પ્યારા ભાઇઓ, આજે આપણને અહીં શું દર્શન થઇ રહ્યું છે ? આપણને ચાર વર્ષમાં કેટલી જમીન મળી છે વીગેરેનું ગણીત કરીને આપણે વીચારીએ છીએ. આપણે એ વીચારવું જોઇએ કે આખી દુનીયામાં ઇશ્વરની પ્રેરણા કામ કરી રહી છે. આપણે એ પ્રેરણાના નીમીત્ત થયાં છીએ અને એ પ્રેરણા આપણી દ્વારા કંઇક કરાવવા ઇચ્છે છે એ જાણી લેવું જોઇએ. ઇતિહાસમાં એ દેખાય છે કે દૈવી પ્રેરણાથી આખો ઇતિહાસ પ્રેરીત છે. એક જમાનો હતો, એક યુગ હતો-તમે જોશો કે-ત્યારે અહીં બુધ્ધ ભગવાન હતા, ત્યારે કનફ્યુસેસ હતા અને થોડા દીવસ ઝરથુષ્ટ હતા. થોડા દીવસ પછી ઇશુ પણ આવ્યા હતા. તો પાંચસો વર્ષમાં આપણે એક સાથે અનેક પયગમ્બર જ જોઇએ છીએ. પછી સમાજમાં એવી સ્થિતી આવી કે જેમાં તમે જોશો કે અહીંયાં વૈષ્ણવ છે, ફલાણા સાધુ છે વિગેરે વિગેરે સંતો દેખાય છે. આજે જ્યાં દેખો ત્યાં આઝાદીની વાત થઇ રહી છે, માનવમાં સામ્યવાદની સ્થાપના કરવી છે, કોઇને કોઇ સ્વરૂપમાં સમરત સ્થાપવી છે. સમતા જોઇએ, આઝાદી જોઇએ એવી પ્રેરણા કેટલાક દેશોમાં થઈ રહી છે. એનો અર્થ એ છે કે પ્રેરણા થયા કરે છે અને માનવ તેનાથી પ્રેરીત પણ થાય છે, પ્રવૃત્ત પણ થાય છે-એટલે અત્યારે જે પ્રેરણા છે તે અત્યાર સુધી થયેલી પ્રેરણાના જેવી જ છે. આપણને એ ભાન સતત થવું જ જોઇએ કે ઇશ્વર આપણો તેના હથીયાર તરીકે ઉપયોગ કરે છે. આ ભાન થાય તો આપણે થોડી તાકાતવાળા નહિ રહીએ. 'એટમે' તો એ સાબીત કર્યું છે કે અણુમાં પણ ભયંકર વિનાશક શકતી છે. એથી આપણી શ્રધ્ધા અનંત ગણી વધવી જોઇએ. જો સાધારણ ભૌતીક પદાર્થોમાં આટલી અસાધારણ શકિત હોય તો આપણે સમજવું જોઇએ કે ચૈતન્ય અને જ્ઞાનયુકત પરિણામોમાં કેટલી મહાન શકિત હશે. એટલા જ માટે હું ઇચ્છું છુ કે આ ભુદાનયજ્ઞ તરફ આપણે સંકુચિત નજરથી ન જોઇએ. જો તે પ્રમાણે કરીશું તો આપણે ગોથાં જ ખાઇશું. પરંતુ વ્યાપક દ્રષ્ટિથી જોઇશું તો જણાશે કે એક મોટો ખેલ જગતમાં થઇ રહ્યો છે અને ભારત તેનું મધ્યબિન્દુ બની રહ્યું છે. એ કારણથી જ મને આ પ્રેરણા મળી છે. તમે જોશો તો જણાશે કે એક તરફ જગતમાં શાંતી સ્થપાય તેના પ્રયાસો પંડીત નેહરૂ કરી રહ્યા છે. તેમને તેવી પ્રેરણા મળી રહી છે. તેઓ જે પદ્ધતિથી તે કરે છે તે ઉત્તમ પધ્ધતી છે. તે પ્રેરણા પણ હીન્દુસ્તાનમાંથી જ નીકળી છે અને ભુદાનયજ્ઞની પ્રેરણા પણ હીન્દુસ્તાનમાંથી નીકળી છે તેમજ આઝાદી માટેની વીશીષ્ટ રીત પણ હીન્દુસ્તાનમાંથી જ નીકળી છે. આ રીતે સમગ્રપણે જોતાં એમ લાગે છે કે જગતમાં અત્યારે એક પ્રેરણા-શકતી કામ કરી રહી છે તેના માટે ફરીથી ભારત જ નીમીતરૂપ બની રહ્યું છે. આ વીશાળ ભાવના ધ્યાનમાં રાખીએ તો સાધારણ લશ્કર શા માટે વધારીએ ? તેનો ઉપયોગ કે ગેરઉપયોગ, પાકીસ્તાન સામે તેની જરૂરીયાત તથા રાયફલ કલબ વગેરે બાબતો તો ઘણી જ ક્ષુદ્ર થઇ જાય છે, તેનો વીચાર કરવાની કોઇ જરૂરત જણાતી નથી. એટલે આપણે એ જ રીતે વીચારીએ કે બે વર્ષ માટે આપણા સારામાં સારાં કામો પણ બાજુએ મુકીને ઠરાવ પ્રમાણે ભુદાનકાર્યમાં લાગી જઇએ. શંકરરાવજીએ કહ્યું તેમ તેનો અર્થ એવો નહી કે અમુક તારીખથી અમુક તારીખ સુધી કામ કર્યું અને પછી ઢીલા પડયા. પરંતુ બે વર્ષની વાત જેઓએ ઠરાવમાં મુકી તેઓએ સમજી વીચારીને તે કર્યું છે તેવું નથી,

તેમાં બારીક વિચાર કરાયો છે એવું નથી, પણ એક સ્થુલ વિચારથી એમ નક્કી કર્યું કે '૫૭ સુધી આ કામ કરવું અને તેમાં બે વર્ષ બાકી છે તેથી બે વર્ષ કામ કરવું. તેનો અર્થ એટલો જ છે કે જે બે વર્ષ બાકી રહ્યા છે તેમાં આપણે પુરું જોર અજમાવીએ. તેમાં આપણે ફક્ત હીંદુસ્તાનવાસીઓને જ આવ્હાહન નથી આપતા. તેમજ સર્વોદયપ્રેમી લોકોને જ નથી કહેતા. આ આવ્હાહન તો આખી દુનીયાના લોકોને છે કે બે ત્રણ વર્ષ જોર અજમાવી દંડમુકત સમાજ રચનાની ૧૯૫૭માં સ્થાપના કરો.

આજે આપણે છુટા પડીશું. કેટલાક લોકો પગપાળા આવે છે અને ટ્રેનમાં પાછા જાય છે. કેટલાક પગપાળા આવે છે અને પગપાળા પાછા જાય છે. જો પગપાળા જવાની યોજના હોય તો ઓછામાં ઓછું એક વખત પગપાળા જવું જોઇએ, કારણ કે આ વખતે એક એવો સંદેશો લઇ જવાનો છે કે જે દરેક જગ્યાએ સંભળાવવાનો છે. જે કોઇ ઠેકાણે આ રીતે ઉત્કર્ષ થયો છે ત્યાં માનવીએ ઘણી તીવ્રતાથી માની લીધું છે કે પોતાની મુકિત ઘણી નજીક છે જ્યારે પોતાની મુકિત માટે માનવીને એવી તીવ્રતા આવી ત્યારે જ ધર્મનો ઉત્કર્ષ થયો અને બહુ મહાન કાર્યો થયા એ આપણે સહુ જાણીએ છીએ. તો બે વર્ષમાં ફક્ત અહીંના જ લોકો પ્રયત્ન કરશે અને થોડી જમીન મેળવી મુકિત પામશે એવો વીચાર ન કરતાં બે વર્ષમાં જગતના બધા શસ્ત્રોને નકામાં બનાવીને એક નવા સમાજ માટે તેને પ્રેરીત કરવાની કોશીષ કરવી જોઇએ આ વસ્તુ આજે અસંભવીત માનવાની જરૂરત નથી કે જ્યારે પહેલાના સો સો વર્ષ બરાબર આજનું એક વર્ષ થાય છે. આપણે એવી આશા રાખીને જઇએ અને જ્યાં ભુમી માગવા જઇએ ત્યાં કહીએ કે તમારૂં દાનપત્ર વીશ્વ-શાંતી માટે છે. શું તમે વીશ્વશાંતી નથી ઇચ્છતા ? જો વીશ્વ-શાંતી ઇચ્છતા હો તો ભુમીદાન અને સંપત્તીદાનની યોજનામાં પુરો સહકાર આપો. તમારો છઠ્ઠો ભાગ એ વીશ્વશાંતી માટેનો વોટ હશે. આપણે આ કામ આવી જ ભાવનાથી કરીએ અને જોઇએ કે તેમાં કેટલી શક્તી પડી છે. કેટલાક હીસાબ કરનારા ભાઇઓને આ કામ જે ચાલ્યું તે રીતે ભાગ્યેજ ૧૯૫૭ સુધી પુરૂં થવાનું લાગે છે, માટે આપણે બીજો રસ્તો શોધીએ એમ તેમનું કહેવું છે, પણ હું કહું છું કે ઉપાયની કીંમત એટલી નથી કે જેટલી શ્રધ્ધાની-વીચાર શ્રધ્ધાની-કીંમત છે. જો આપણામાં શ્રધ્ધા-ભાવનાની ખામી હશે તો ગમે તેટલા સારા ઉપાયો શોધીએ તો પણ ભુમીસમસ્યાનો ઉકેલ નહી આવી શકે.

આ સમસ્યાનો જે ઉકેલ આવશે તો તેની સાથે માનવીનો એ નીશ્ચય પણ થયો હશે કે તેણે શાસનમુકત અને દંડમુકત થવું છે. એવો નીશ્ચય જો થયો હશે તો આ સમસ્યા અહીંસાથી જ ઉકેલાઇ હશે. મને લોકો પુછે છે કે શું દરેક મનુષ્ય છઠ્ઠો ભાગ આપશે તે પર તમને વીશ્વાસ છે ? આવો સવાલ થાય છે તેનો અર્થ જ એ કે તમારૂં દર્શન મર્યાદીત છે. પરંતુ સૌ વ્યાપક રીતે જુએ અને ભાવનાથી લોકો પાસે પહોંચે તો આ સવાલ હિન્દુસ્તાનની ભુમી-સમસ્યા ઉકેલવા જેટલો નાનો નથી તેમજ થોડા ભુમીહીનોને જમીન આપી તેમની ભુખ સંતોષી શાંતી સ્થાપીત કરવા જેટલી નાની વાત નથી. મુખ્ય વાત તો એ છે કે હીંદુસ્તાનની નૈતીક શક્તી એવી થાય કે તેના પરીણામરૂપે આખી દુનીયામાં શાંતી સ્થપાય. આ વાત ધ્યાનમાં આવે તો અત્યાર સુધી આપણી જે રીત છે તે સફળ ન થઇ હોય તો તેમાં સંશોધન કરવું જરૂરી છે. તેમાં જે ત્રુટીઓ હોય તે કયાં તો વાણીના દોષ હશે, મનના દોષ હશે કે કર્મના દોષ હશે. એટલા માટે જ તેમાં પુરી શક્તી નહી આવી હોય એમ આપણે સમજવું જોઇએ.

જ્યારે હું સત્યાગ્રહ માટે વીચારૂં છું ત્યારે તમારી આગળ તે અંગે વિચારો મૂકીશ. જેઓ સત્યાગ્રહ અંગે વીચારે છે તેઓ માને છે કે માનવીએ નાની હીંસાથી મોટી હીંસામાં અને તેમાંથી અતીહીંસા તરફ પ્રગતી કરી છે. તેઓ વીચારે છે કે પહેલાં તો સૌમ્ય સત્યાગ્રહ કરીશું. આજે મારી જે પદયાત્રા ચાલી રહી છે તે પણ એક સત્યાગ્રહ છે એમ હું કહું છું ત્યારે લોકો તેને સૌમ્ય સત્યાગ્રહ માને છે અને તેનાથી કામ ન થયું તો તીવ્ર સત્યાગ્રહથી કામ કરીશું એમ તેઓ માને છે. તેનાથી પણ કામ ન થયું તો વીશેષ તીવ્ર સત્યાગ્રહથી કરવાનું તેઓ વીચારશે. એ રીતે ઉત્તરોત્તર તેની તીવ્રતા વધારતાં જશું. પરંતુ હકીકતમાં આપણું ચીંતન એનાથી બીલકુલ ઉલ્ટું હોવું જોઇએ. આપણે સૌમ્ય સત્યાગ્રહ શરૂ કર્યો છે. તેનાથી કામ ન થાય તો એથી વીશેષ સૌમ્ય સત્યાગ્રહ શોધીશું અને તેનાથી પણ કામ ન થયું તો એવો સૌમ્ય સત્યાગ્રહ શોધીશું કે જેથી તેમાં વીશેષ તાકાત આવે. તમને ખબર હશે કે હોમીયોપેથામાં એવી વિદ્યા શીખવવામાં આવે છે કે દવાનું પ્રમાણ ઓછું હોય તો પણ એને વારંવાર ઘુંટીને એને બદ્ધ કરી શકાય. જે ભાવનાથી પ્રભાવીત થાય છે તે સુક્ષ્મ-તમ થઇને પણ વધુ અસરકારક થઇ શકે છે. પરંતુ હીંસાની દૃષ્ટિએ વીચારતાં લાગે છે કે જો સૌમ્ય શસ્ત્રથી કામ પુરૂં ન થાય તો એથી તીવ્ર શસ્ત્ર વાપરવાથી તાકાત વધશે અને કામ યશસ્વી થશે. આપણી પ્રક્રીયા હીંસાની આ પ્રક્રીયાથી બીલકુલ ઉંધી જોઇએ, અને આ વાત પણ ધ્યાનમાં હોવી જોઇએ કે તેમાં સફળતા કે યશ ન મળે તો માનવું જોઇએ કે આપણી સૌમ્યતામાં ખામી છે. એટલા માટે આપણે સૌમ્યતા વધારવી જોઇએ. ભાઇઓ, સત્યાગ્રહનું આ સ્વરૂપ છે. આજ સુધી આઝાદી માટે જે સત્યાગ્રહ થયા તેમાં દ્રષ્ણાથી અંગ્રેજ સત્તાને કાઢવાની વાત હતી એટલું જ એનું નકારાત્મક કાર્ય હતું. એ સમય અને અવસ્થામાં જ્યારે લોકો ભ્રમમાં નાની મોટી હીંસા કરતા અને નીરાશ થઇને બેઠેલા હતા ત્યારે અહીંસાનો વીચાર પ્રગટ થયો અને લોકોએ જેટલી માત્રામાં તેને ગ્રહણ કરી શકે તેટલી માત્રામાં ગ્રહણ કર્યો. એટલે એ દીવસોમાં જે થયું તે સત્યાગ્રહની એક પરીપુર્ણ પ્રક્રીયા હતી એમ ન મનાય. એ ઉપાધીયુકત વીશીષ્ટ પરીસ્થિતિમાં જે પ્રક્રીયા થઇ એ એક પ્રક્રીયા હતી એમ માનીને સ્વરાજ્ય બાદ લોકશાહીની આજની હાલત જોઇને તથા આખી દુનિયામાં જે શકિતઓ કામ કરી રહી છે તેનું સુક્ષ્મ દર્શન કરીને આપણે સમજવું જોઇએ કે સત્યાગ્રહની માત્રા ઉત્તરો-તર સૌમ્ય કરવી જોઇશે. સત્યાગ્રહ જો સૌમ્યતર તથા સૌમ્ય-તમ થતો જશે તો તે વધારે શકિતશાળી અને કારગત નીવડશે. તુલસીકૃત રામાયણમાં સુરસા રાક્ષસીની કથા છે 'સુરસા નામ અહીન કી બાતા" એ હનુમાન સામે આવીને ઉભી રહી, અને જ્યારે એણે પોતાનું મોઢું એક જોજન જેવડું પ્હોળું કર્યું ત્યારે હનુમાન બે જોજનના બની ગયા. જ્યારે સુરસાએ બે જોજનનું મોઢું કર્યું ત્યારે હનુમાન ચાર જોજનના થઇ ગયા. જ્યારે હનુમાન ચાર જોજનના થયા ત્યારે સુરસા આઠ જોજનની થઇ ગઇ અને જ્યારે હનુમાન સોળ જોજનના બની ગયા, ત્યારે સુરસા બત્રીસ જોજનની થઇ. ત્યારે હનુમાન સમજ્યા કે આની પાસે ગુણાકારની ક્રીયાથી કામ નહીં ચાલે, બત્રીસના ચોસઠ અને ચોસઠના એકસો અઠ્ઠાવીશ બનાવવામાં કોઇ સાર નથી. આનો કોઇ અંત નહીં આવે, એ ન્યુકલીયરશસ્ત્ર સુધી પહોંચી જશે આમાં કંઇ સાર નથી. એમ સમજીને હનુમાને બહુ નાનું રૂપ ધારણ કર્યું અને તેના મોમાં દાખલ થઇને નાસીકામાંથી બ્હાર નીકળી ગયા, અને ત્યાં મામલો જ પુરો થઇ ગયો.

આ કથાથી આપણે સમજવું જોઇએ કે સુરસા આવું ભયાનક રૂપ ધારણ કરીને એટમ અને હાઇડ્રોજન બોંબના રૂપમાં આપણી સામે ઉભી છે, તો આપણે અતી લઘુ રૂપ ધારણ કરીને એની અંદર ચાલી જઇને નાસીકામાંથી પાર નીકળી જવું જોઇએ. આપણને એ માટે પ્રેરણા મળે છે. ગુજરાતના એક ભાઇએ કહ્યું કે હમણાં ત્યાંનું કામ ઘણું ઢીલું પડી ગયું છે. મેં કહ્યું અરે, એ ઢીલું નથી પડયું. ઢીલું નથી પડયું તેમ બહારથી જુઓ છો, અંદર તો જુઓ તમારી છાતી પર હાથ રાખીને જુઓ અને જુઓ કે શું નાડી મંદ પડી છે ? જો છાતી પર તમારો હાથ રાખો તો અનુત્સાહ નહીં દેખાય. બાબા (વીનોબા)ને તો ઉત્સાહ જ દેખાય છે. હું ચાલી રહ્યો હતો ત્યારે પેટમાં જોરથી દર્દ શરૂ થયું, મને થયું કે વાહ, આ પણ ખરૂં છે પરંતુ તેની લાંબી વાત નહીં કહું. સવારથી તે રાત સુધી પેટ દુઃખતું હતું. પહેલાં તો ઉંઘ સારી આવતી હતી, પણ આ દીવસોમાં તે દર્દને કારણે ઘણીવાર તુટી જતી હતી. મેં વીચાર્યું કે એમાં

પગનો શો વાંક છે અને યાત્રા ચાલુ રાખી. લોકોએ બહુ આગ્રહ કર્યો એટલે ત્રણ દીવસ બધું મળીને સાત–આઠ માઇલ પાલખીમાં બેઠા તો પણ રોજ પાંચ છ માઇલ તો ચાલતો જ હતો. છેવટે દર્દ એવું ગયું. આ વીચારનો ચમત્કાર છે. એક નાની પરીક્ષા ભગવાને લીધી. મને લાગ્યું કે જ્યાં સુધી મારી યાત્રા બંધ કરવાનો તેનો વીચાર નથી ત્યાં સુધી તેણે મારા પગ નથી તોડ્યા. તેમાં તેનો સંકેત અને સ્પષ્ટ સંદેશ મેં સમજી લીધો. લોકો કહે છે કે ગયા વર્ષ કરતાં આ વર્ષમાં ત્રણ–ચાર લાખ એકર જમીન ઓછી મળી છે, પણ તેની કોઇ ચીંતા નહી. એ પર વીચાર કર્યા વગર અહીંથી પોત-પોતાના હૃદયમાં તીવ્ર ભાવના લઇને જાઓ એ જ મારે કહેવું છે. આજે સર્વ સેવા સંઘે જે ઠરાવ તમારી સામે રાખ્યો તેને શું સૌને આદેશ આપવાનો અધીકાર છે ? સર્વ સેવા સંઘ આદેશ નથી આપી રહ્યો. માટે જ તેની પાસે આજ્ઞા કરવાની શકિત નથી. સર્વ સેવા સંઘ જો કંઇક કરી શકે છે તો તે આદેશ નહી પણ પ્રાર્થના કરી શકે છે અને સર્વ માટે કરે છે. એ કારણે આજનો ઠરાવ ઘણો નમ્ર છે. તે પ્રસતાવમાં આખી દુનીઆને પ્રાર્થના કરવામાં આવી છે કે બે વર્ષ જોર લગાવો. તે દરમ્યાન આપણા સમાજને શાસનમુકત કરવાની કોશીષ કરો; જ્યારે આપણે સમાજને શાસનમુકત કરીશું ત્યારે જ અહીંસામાં પ્રવેશ કરી શકીશું. પરંતુ આપણે ફકત એવી જ કોશીશ કરીએ કે હીંસા મર્યા-પ્રાંત બને અને તેના અતીરીકત શસ્ત્ર જ નાશ પામે તો ઘટના–ચક્રમાં એ વાત બેસવાની નથી. એટલે આ ઠરાવનો અર્થ હું એવો સમજું છું. કે આપણે બધા લોકો સારી દુનીઆ માટે અને વીશ્વના હીત માટે બોલી રહ્યા છીએ. મહારોગી સેવા મંડળના પુસ્તકની પ્રસ્તાવના લખતાં લખતાં હું વીચારી રહ્યો હતો કે આપણા પૂર્વજોએ આપણને શું શીખવાડયું? મેં લખ્યું કે માનવતાનો વીકાસ ખ્રીસ્તી ધર્મમાં થયો હોવાથી કૃષ્ઠ રોગીઓની સેવા વગેરે ચાલે છે. પૂર્વકાળમાં 'હ્યુમેનીટી'-માનવ-દયા–જેવો કોઇ શબ્દ જ નહોતો. જે શબ્દ હતો તે 'ભૂતદયા' હતો. પરંતુ અહીં તો 'માનવદયા' જોઇતી હતી. આપણે 'માનવદયા' જેવી મર્યાદીત કોઇ વસ્તુ નથી બનાવી. આપણે તો ભૂતદયા નામ લીધું છે અને કહ્યું છે કે "सर्वभूतहितेहताः" આટલો વીશાળ શબ્દ બીજે કયાંય નહીં મળે. સર્વ કહ્યું, ભુત કહ્યું અને હીત કહ્યું. પછી કહેવાનું શું બાકી રહ્યું ? એટલે મનુષ્ય જેટલું ઉચે ઉડી શકે એમ છે તેટલી ઉંચાઇ તેમાં બતાવાઇ છે. 'सर्वभूतहितेहताः" એનો ભગવાન ભાષ્યકર "अहिंसक इत्यर्थ" એવો અર્થ કરે છે એટલે કે અહીંસા તેનો અર્થ છે એ એક શબ્દમાં બતાવ્યું. આપણે અત્યારે 'हितेहताः" એ શબ્દને લઇને જઇએ છીએ.

ફકત અહીંની ભુમીસમસ્યા જ ઉકેલવાની નથી, પરંતુ જગતની બધી સલ્તનત જે હીંસાને મર્યાદીત કરતી નથી તેને નીર્મૂળ કરવી છે. તેને નીર્મુળ કરવાને માટે જે અહીંસાને સ્થાપીત કરવી છે તેને માટે અને વીશ્વશાંતી માટે હું તમારી પાસે જમીનનો છઠ્ઠો ભાગ દાનમાં માગું છું શું તમે વીશ્વશાંતી માટે જમીનનોછઠ્ઠો ભાગ નહીં આપી શકો ? ભાઇઓ, હું તમારો વધુ સમય નહીં લઉં. કેટલાય પ્રશ્નો પુછવામાં આવ્યા છે, પરંતુ થોડામાં મેં તમારી સમક્ષ મારી વાત કહી છે આપણા કેટલાય ભાઇઓ બીજા સારા કામોમાં પડયા છે. હું તેઓને જરા પ્રેમની વાત કહેવા માંગુ છું. મારો એક દાવો છે જે તમારી સમક્ષ રાખવા માંગુ છું. મારૂં માનવું છે કે જેટલી નીષ્ઠાથી મેં રચનાત્મક કાર્ય કર્યુ છે તેનાથી અધીક નીષ્ઠાથી હું તે ન કરી શકત. કારણ કે તેનાથી વધુ નીષ્ઠા મારી પાસે છે નહીં. મેં ત્રીસ–બત્રીસ વર્ષ સુધી નાના નાના રચનાત્મક કાર્યો પુરી નીષ્ઠાથી કર્યા છે. મારો આત્મા કહે છે કે જો આજે ગાંધીજી હયાત હોત તો નાના રચનાત્મક કાર્યો ચાલતાં જ રહેત. તેમાંથી જે સંતોષ મળતો તે નાનો ન હતો. તેમાંથી વીશાળ સંતોષ મળતો. ત્યારે હું એટલો મસ્ત હતો કે જો કોઇ મારી સમક્ષ આવે તો પણ પરવા નહોતો કરતો. પરંતુ આજ હું જ તમારી સામે બેસીને પ્રાર્થના કરી રહ્યો છું કે જે કામો મેં કર્યાં તેવાં તમારા કામો બે સાલ માટે બાજુએ મુકી દો તેનાથી તે કાર્યોને નુકસાન નહીં થાય. આપણું નહીં તેમજ દેશનું પણ નુકસાન નહીં થાય. કારણ કે આગળ એટલું કામ પડયું છે તે પુરૂં કરવાને માટે આપણે પુરા જ નહીં પડી શકીએ. જે ભાઇઓ રચનાત્મક કામોમાં બહુ જ શ્રદ્ધા રાખે છે તે સૌને મારી નમ્ર પ્રાર્થના છે અને હું વીશ્વાસ આપવા માંગુ છું કે આ આંદોલનમાં તમે તે કામો છોડશો તો કોઇ નુકસાન નહીં થાય–ન તો તે કામોને કે ન આપણને એનાથી વીશેષ તમારો સમય લેવા નથી માંગતો આગળ સંમેલનમાં ફરીથી મળીશું ત્યાંસુધી નીરંતર પ્રતીક્ષણ આ કામમાં લાગી રહીશું. વિનોબા

## શત્રુંજય અને હરિજન મંદિર પ્રવેશ

તા. ૧૬–૪–૫૫ ના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ શત્રુંજય અને હરિજન મંદિર પ્રવેશ અંગે સર્વાનુમતે મંજુર કરેલું નિવેદન નીચે પ્રગટ કરવામાં આવે છે :–

આજથી છ મહીના પહેલાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્ય-વાહક સમિતિએ દર્શનાર્થે આવતા સૌ કોઇ માટે જૈન મંદિરો ખુલ્લાં જાહેર કરવામાં આવે એ હેતુ સિધ્ધ કરવા પાછળ જરૂરી પ્રચારકાર્ય હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. તે વખતે આટલા ટુંકા ગાળામાં આ હીલચાલ શત્રુંજયના મંદિરો હરિજનો સમેત સૌ કોઇ માટે ખુલ્લાં મુકાવા સુધી પહોંચી જશે એવી કોઇ કલ્પના નહોતી. પણ જે પ્રવૃત્તિને કાળબળ અનુકુળ હોય છે તે પ્રવૃત્તિ ધાર્યા કરતાં પણ વધારે ઝડપથી મૂર્ત સ્વરૂપ ધારણ કરવા માંડે છે. પ્રારંભમાં સંઘ તરફથી તા. ૧૫–૧૨–૫૫ના રોજ એક વિજ્ઞાપના જાહેર પાડવામાં આવી હતી અને તેમાં જૈન મંદિરોના ટ્રસ્ટીઓને પોતપોતાના હસ્તક રહેલા જૈન મંદિરો દર્શનાર્થે આવતા સર્વ કોઇ માટે ખુલ્લાં જાહેર કરવાની વિનંતિ કરવામાં આવી હતી અને આ અપીલની નકલો મુંબઇમાં આવેલા જૈન મંદિરોનાં ટ્રસ્ટીઓ ઉપર મોકલવામાં આવી હતી. સંઘની આ અપીલને સૌથી પહેલો આવકાર મુંબઇ માટુંગા ખાતે આવેલા સહસ્ત્રા-ફણા પાર્શ્વનાથ જૈન મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રતિલાલ નાગડા તરફથી મળ્યો હતો. તેમણે પોતાના ટ્રસ્ટ હસ્તકના જૈન મંદિરને તા. ૧–૨–૫૫ ના રોજ દર્શનાર્થે આવતા સૌ કોઇ માટે ખુલ્લું જાહેર કર્યું હતુ.

આ દરમિયાન સંઘમા નિમંત્રણને માન આપી શેઠ કસ્તુરભાઇને લાલભાઇ સંઘના કાર્યાલયમાં તા. ૯–૨–૫૫ ના રોજ પધાર્યા હતા અને પ્રસ્તુત બાબતમાં તેમણે પોતાનો અનુકુળ અભિપ્રાય જાહેર કર્યો હતો. ત્યાર બાદ એ અભિપ્રાયને અનુસરીને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કે જેના તેઓશ્રી પ્રમુખ છે અને જે પેઢી શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોનો વહીવટ ચલાવે છે તે પેઢી તરફથી શત્રુંજય અને ગિર-નારનાં મંદિરો દર્શનાર્થે આવતા સૌ કોઇ માટે ખુલ્લાં જાહેર કરવામાં આવે એવી સંઘના મંત્રી તરફથી શેઠ કસ્તુરભાઇને વિનંતિ કરવામાં આવી હતી. તેના જવાબમાં એ બાબત વિષે પ્રતિનિધિઓ સાથે જરૂરી વાટાઘાટ ચાલી રહી છે એમ શેઠ કસ્તુરભાઇ તરફથી જાણવા મળ્યું હતું

બીજી બાજુએ ગત માર્ચ માસ દરમિયાન ભાવનગર મ્યુનીસી-પાલીટી હસ્તક ચાલતા હરિજન સંસ્કાર કેન્દ્રના ૨૫ થી ૩૦ બાળકો શત્રુંજયની યાત્રાએ ગયા હતા પણ તેમને શત્રુંજયનું પ્રવેશદ્વાર લેખાતી રામપોળની બારી પાસે અટકાવવામાં આવ્યા હતા અને ત્યાંના ચોકી-યાતોએ તેમને અંદર દાખલ થવા દીધા નહોતા. આ માટે સંસ્કાર–કેન્દ્રના સંચાલકોએ આણંદજી કલ્યાણજીની પેઢીના ચોકીદારોને તેમજ ત્યાં ઉપસ્થિત થયેલા શ્રાવકો તથા સાધુઓને ખુબ વિનવણી કરી હતી. પણ તેમની વિનવણીને કોઇએ ધ્યાનમાં લીધી નહોતી. આથી હરિજન સંસ્કારકેન્દ્રના સંચાલકો અને બાળકો રામપોળની બારી પાસે જ રામધુન ગાઇને શાન્તિથી નીચે ઉતરી ગયા હતા. આ ઘટનાના આખા સૌરાષ્ટ્રમાં ભારે પ્રત્યાઘાતો નીપજ્યા હતા અને વાતાવરણ તીવ્ર બનવા લાગ્યું હતું અને આગામી મહાવીર જયન્તી એટલે કે એપ્રીલ માસની પાંચમી તારીખે સૌરાષ્ટ્રની ધારાસભાના હરિજનસભ્યો શ્રી કાનજીભાઇ રેવાર, શ્રી હરિભાઇ રાણા વગેરેની આગેવાની નીચે ૪૦ થી ૫૦ હરિજનો શત્રુંજયની યાત્રાએ આવનાર છે અને એમને પ્રવેશવા દેવામાં નહિ આવે

તો સત્યાગ્રહ કરનાર છે એ પ્રકારના સમાચાર વહેતા થયા હતા. આ પરિસ્થતિમાં શું કરવું એ વિષે તત્કાળ નિર્ણય લેવાનું આણંદજી કલ્યાણજીની પેઢી માટે અતિ આવશ્યક બન્યું હતું. પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ પાલીતાણાના મુનીમને શત્રુંજય ઉપર દર્શનાર્થે આવતા કોઇને પણ નહિ રોકવા તત્કાળ સૂચના આપી દીધી હતી અને તા. ૨૬-૩-૫૫ના રોજ મળેલી સમગ્ર હિંદના પેઢીના પ્રતિનિધિઓની સભાએ વહીવટદાર પ્રતિનિધિઓના નિર્ણયને અનુમતિ આપી હતી. આ સંબંધમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી નીચે મુજબનું છાપા જોગ નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું :—

"શેઠ આણંદજી કલ્યાણજી હિંદુસ્તાનના સમસ્ત શ્વેતાંબર મૂર્તિ-પૂજક જૈન કોમના પ્રતિનિધિ અમદાવાદ તરફથી આજે નીચે મુજબનું નિવેદન બહાર પાડવામાં આવ્યું છે આ નિવેદનમાં જણાવ્યું છે કે કેટલાક વખત પહેલાં શત્રુંજયનાં મંદિરોના દર્શનાર્થે જતાં કેટલાક જૈનેતર ભાઇઓને પાછા વાળવામાં આવેલા એવી હકીકત જ્યારે શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટદાર પ્રતિનધિઓના ધ્યાન ઉપર લાવવામાં આવી ત્યારે તેમના તરફથી સૂચના મોકલવામાં આવેલી કે જૈન આચારને અનુસરીને દર્શનાર્થે જનાર કોઇને પણ રોકવા નહિ.

" તાજેતરમાં શેઠ આણંદજી કલ્યાણજીની સમસ્ત હિંદુસ્તાનના પ્રતિનિધિઓની એક સભા મળી હતી ત્યારે તેમના ધ્યાન ઉપર આ હકીકત લાવવામાં આવી હતી. તેમાં શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટદાર પ્રતિનિધિઓએ લીધેલું પગલું સમગ્ર રીતે વિચાર કરતાં યોગ્ય છે તેવો સામાન્ય અભિપ્રાય હતો."

આ રીતે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિઓએ આ બાબતમાં જે મકકમ વળણ ધારણ કર્યું છે અને વિશાળ જૈન સમાજને પ્રસ્તુત પ્રશ્ન પરત્વે જે સ્પષ્ટ માર્ગદર્શન કરાવ્યું છે તે માટે તેમને અને ખાસ કરીને તેમના અગ્રણી શેઠ કસ્તુરભાઇ લાલભાઇને જૈન સમાજના અનેક ધન્યવાદ ઘટે છે. આ બાબતમાં પેઢી ઉપર આ પગલા માટે ચોતરફથી ધન્યવાદના સંદેશાઓ અવતરી રહ્યા છે. લગભગ દરેક દૈનિક પત્રે આ પગલાને આવકાર્યું છે. મુંબ-ઇની ધારાસભાના સ્પીકર શ્રી કુન્તેએ અને શ્રી રવિશંકર મહારાજે પેઢીનું આ માટે હાર્દિક અભિનન્દન કર્યું છે અને પેઢીના સંચાલકોએ દાખવેલી મુત્સદ્દીગીરી અને સમયસૂચકતાના વખાણ કર્યા છે શ્રી મુંબઇ જૈન યુવક સંઘે તેમ જ કચ્છી વીશા ઓશવાળ દેરા-વાસી જૈન મહાજને પેઢી ઉપર ધન્યવાદના તારો પાઠવ્યા છે એટલું જ નહિ પણ આ કચ્છી દેરાવાસી મહાજનના ટ્રસ્ટીઓએ પોતાની હસ્તકના દેરાસરો સંબંધમાં આણંદજી કલ્યાણજીની પેઢીને અનુસરીને નીચે મુજબ ઠરાવ કર્યો છે:—

"શ્રી મુંબઇ કચ્છી વીશા ઓશવાળ દેરાવાસી મહાજન હસ્તકનાં દેરાસરોમાં જૈન ધર્મના નિયમો પ્રમાણે સર્વેને દર્શનાર્થે આવવાની છૂટ છે એમ અમારી માન્યતા જાહેર કરીએ છીએ."

આમ જૈન મંદિરો પૂરતો હરિજન પ્રવેશનો પ્રશ્ન ઠીક ઠીક સરળ બની રહ્યો છે એ આનંદજનક છે. આમ છતાં એમ કોઇ ન માની લે કે આ બાબતમાં કોઇ પણ વ્યકિત કે પક્ષ તરફથી કશો પણ વિરોધ કરવામાં આવ્યો નથી. હિંદુ સમાજના અંગભૂત અથવા તો તે સાથે ગાઢપણે સંકલિત એવા જૈન સમાજના હાડમાં, જૈન ધર્મ સ્વતઃ અસ્પૃશ્યતાનો અને નાતજાતના ઉંચા-નીચાપણાનો ગમે તેટલો વિરોધી હોય તો પણ, અસ્પૃશ્યતાની જડ કંઇ કાળથી અન્ય સમુદાય જેટલી જ જામેલી હોઇને અમુક જુનવાણી સાધુઓ કે શ્રાવકો આવી એકાએક બની રહેલી ઘટનાથી ભડકી ઉઠે અને ઉગ્ર વિરોધ ઉભો કરે એ સ્વાભાવિક છે કલકત્તા ખાતે જુના જાણીતા બાલદીક્ષાથેલા વિજય-રામચંદ્રસૂરીએ આ બાબતમાં આગેવાની લીધી છે અને શત્રુંજયમાં થનાર હરિજન મંદિર પ્રવેશ સામે ભારે ઉગ્ર હીલચાલ ઉપાડી છે. એ જ રીતે પટણા ખાતે મુનિ ધર્મસાગરજી જૈનોને આ બાબતમાં સત્યાગ્રહ કરવાની હાકલ કરી રહ્યા છે. પાલણપુરથી શ્રી ચીમનલાલ હાથીભાઇ આજ પ્રકારના વિરોધના સમર્થનમાં ગાંધીજીએ યરોડા જેલમાંથી ૧૯૩૨ના સપ્ટેમ્બર માસની ૨૩મી તારીખે કોઇ વ્યકિતના તારનો જવાબ આપેલ કે "મંદિરોમાં બળજબરીથી પ્રવેશ કરવાનો કોઇને પણ અધિકાર નથી અને ખાસ કરીને જે ધર્મના અનુયાયીઓ માટે મંદિર બંધાયેલું હોય તે ધર્મમાં નહિ માનનારાઓને તો બીલકુલ હકક નથી એમ હું ખાત્રીપૂર્વક કહું છું" આ પ્રકારના ગાંધીજીના શબ્દો આગળ ધરે છે. આમ કરીને જનતામાં ગેરસમજુતી ઉભી કરવાનો પ્રયત્ન કરનાર આ ગૃહસ્થે ધ્યાનમાં લેવું જોઇએ કે ૧૯૩૨ અને ૧૯૫૫ વચ્ચે ૨૩ વર્ષનાં વહાણાં વાયાં છે અને આ લાંબા ગાળા દરમિયાન આપણે ઘણા તબકકાઓ પસાર કર્યા છે અને દેશની ભારે કાયાપલટ થઇ ચૂકી છે. આજે આપણને આઝાદી મળી છે; હિંદના નવાં બંધા-રણે અસ્પૃશ્યતા—નાબુદીની પ્રતિજ્ઞા લીધી છે; પ્રદેશે પ્રદેશે હરિજન મંદિર પ્રવેશ ધારો પસાર થયો છે. વળી પ્રસ્તુત પ્રશ્ન હરિજનોના બળ-જબરીથી જૈન મંદિરમાં દાખલ થવાનો છે જ નહિ, પણ જે જૈન મંદિરમાં કશા પણ ભેદભાવ સિવાય હિંદુ, મુસલમાન, પારસી અને યુરોપીયનોને દાખલ થવા દેવામાં આવે છે ત્યાં અમુક વ્યકિત હરિજન છે માત્ર એ જ કારણસર તેની પ્રવેશ-અટકાયત કરવામાં આવે તે વ્યાજબી છે કે નહિ તેને લગતો છે. અમુક સાધુઓ એમ કહે છે કે જો કોઇ હરિજન જૈન ધર્મ ધારણ કરે તો તેના પ્રવેશ સામે અમે વાંધો નહિ લઇએ. આ વિધાન ન સમજી શકાય તેવું છે. હરિજન સામેનો વાંધો તેના વિષે કલ્પાયલી અસ્પૃશ્યતામાં જ રહેલો હોય તો પછી તેની અસ્પૃશ્યતા નાબુદ શી રીતે થાય? દુઃખની વાત તો એ છે કે આ એ જ ધર્માચાર્યો છે કે જેઓ જ્યારે જૈન ધર્મને વૈદિક ધર્મ સાથે સરખાવવાનો પ્રસંગ આવતો હતો ત્યારે એક અવાજે પોકારતા હતા કે અમારો જૈન ધર્મ સૌથી ઉંચો છે, કારણ કે તેમાં નાત જાતનો, ઉંચાનીચાનો, સ્પૃશ્યઅસ્પૃશ્યનો કોઇ ભેદ નથી, તે સર્વ માનવીને સરખા ગણે છે અને મોક્ષના અધિકારી લેખે છે, અમારે ત્યાં ચંડાલો અને ચમારો જૈન ધર્મનું અવલંબન લઇને મોક્ષપદને પામ્યા છે. અને આવી શેખી કરનારા એના એ જ ધર્મોચાર્યો સામે જ્યારે હરિજનોને જૈન મંદિરમાં પ્રવેશ આપવાનો સવાલ સીધેસીધો ખડો થાય છે ત્યારે મંદિરની આભડછેડ અને આશાતનાને તેઓ નિર્લજ્જપણે આગળ ધરે છે. અલબત્ત સમાજમાં કંઇકાળથી ઘર કરી રહેલી રૂઢિની જડ ઉખેડવાનો પ્રશ્ન હોય ત્યારે તે સામે એક યા બીજી દિશાએથી વિરોધના સુરો ઉઠે એ સ્વાભાવિક છે, પણ તાત્વિક, દૃષ્ટિએ વિચારતાં કોઇને પણ કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી કે જેમ વિનોબા કહે છે કે ઉપાસના અર્થે આવતી કોઇ પણ વ્યકિતની જે કોઇ મંદિરવાળા અટકાયત કરે છે તેઓ મંદિરમાં પ્રતિષ્ઠિત ભગવાનનો ધનકાર કરે છે તેમ અસ્પૃશ્યતાનું કોઇ પણ આકારમાં સમર્થન કરતો જૈન સાધુ કે શ્રાવક વસ્તુતઃ જૈન ધર્મનો—જૈન ધર્મના આત્માનો—સીધો ધનકાર કરે છે. અને આજની દુનિયામાં પોતાના ધર્મને હાંસીપાત્ર બનાવે છે

જૈન સમાજનો મૂર્તિપૂજક વર્ગ બે વિભાગમાં વહેંચાયલો છે એ શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ અને બીજો દિગંબર મૂર્તિપૂજક વિભાગ. શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગને સ્થિતિચુસ્ત વર્ગ ઉપર વિપુલ પ્રભુત્વ ધરાવતા શેઠ કસ્તુરભાઇ લાલભાઇ અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સ્પષ્ટ અને સમયોચિત દોરવણી આપેલી હોઇને સર્વ કોઇ શ્વે. મૂ મંદિરોનાં દ્વારો બહુ થોડા સમયમાં સૌ કોઇ માટે ખુલ્લા જાહેર થઇ જશે એવી નિશ્ચિત આશા રહે છે. પણ દિગંબર સમાજમાં આ બાબતમાં હજુ કટ્ટર વિરોધ પ્રવર્તતો માલુમ પડે છે. તે સમાજમાં પણ ધર્મતત્વ સમજનારા અને કાળને પરખનારા વિદ્વાનો અને આગે-વાનો છે. આ સહધર્મી બંધુઓને આગ્રહભરી વિનંતિ કે તેઓ આ વિષયમાં કાર્યતત્પર બને અને પોતાની સમાજના ભાઇ બહેનોને સાચી દિશા તરફ વાળે, અને અસ્પૃશ્યતાના વહેમને નાબુદ કરે અને સૌ દર્શનાર્થી માટે દિગંબરો મંદિરોનાં ખુલ્લાં જાહેર કરવાનો યશ પ્રાપ્ત કરે. આ રીતે આપણે આશા રાખીએ કે જૈન સમાજમાં જ્યાં જ્યાં હજુ આવો વિરોધ હોય ત્યાં ત્યાંના વિચારમાં જલ્દીથી પરિવર્તન થાય અને જૈન ધર્મના પાયના તત્વોનો તેમજ આજની વાસ્તવિકતાનો પૂરો ખ્યાલ કરીને ગ્રામનગરનાં જૈન મંદિરો સૌ કોઇ માટે ખૂલ્લાં છે એવી ચોતરફથી જાહેરાત કરવામાં આવે અને એ રીતે આજનો જૈન સમાજ પોતાના ધાર્મિક તેમ જ વ્યવહારિક આચાર વિચારને અસ્પૃશ્યતાના દોષથી સદાને માટે મુકત બનાવે. એ જ પ્રાર્થના!

૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ
મુંબઇ ૩. તા. ૧૬-૪-૫૫

**પરમાનંદ કુંવરજી કાપડિયા**
**શાન્તિલાલ દેવજી નંદુ**
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ,

# ❋ વિભૂતિ વિનોબા : મમતામાંથી સમતાતરફ ❋

(શ્રી વિનોબા ભાવેની જન્મ-જયન્તી પ્રસંગે પં. સુખલાલજીએ લખેલો અને તા. ૧૫-૯-૫૪ ના "ભૂમિપુત્ર"માં પ્રગટ થયેલો આ લેખ એક સુન્દર અને વિચારપ્રેરક સમાલોચના રજુ કરતો હોઇને પ્રબુદ્ધ જીવનના વાચકો માટે અહીં પુનઃ પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

પરિવ્રાજક, જૈન અને બૌદ્ધ એ ત્રણ જીવિત મુખ્ય પરંપરાઓમાં ભારતની બધી જ ત્યાગલક્ષી પરંપરાઓનો સમાવેશ થઇ જાય છે. તૃષ્ણા, પરિગ્રહ કે સંચયવૃત્તિના ત્યાગને એ બધી પરંપરાઓએ જુદી જુદી શૈલીમાં પણ એકસરખી રીતે મહત્ત્વ આપ્યું છે.

પરિવ્રાજકપણું સ્વીકારી વનમાં જવા ઇચ્છતા ઋષિ યાજ્ઞવલ્કયની એક પત્ની મૈત્રેયીના જે ઉદ્ગારો બૃહદારણ્યક ઉપનિષદમાં નોંધાયેલા છે તે સમગ્ર પરિવ્રાજક-પરંપરાના વિચારનો એક પડઘો માત્ર છે. યાજ્ઞ-વલ્કયે મૈત્રેયીને કહ્યું કે તને અને કાત્યાયનીને સમ્પત્તિ વહેંચી આપી હું એનો નિકાલ કરવા ઇચ્છું છું. મૈત્રેયીએ પતિને જવાબમાં કહ્યું કે સુવર્ણથી પરિપૂર્ણ પૃથ્વી મળે તો શું હું તેથી અમર થાઉં ખરી? યાજ્ઞવલ્કયે જવાબમાં જણાવ્યું છે કે એથી તો તારું જીવન એવું જ રહેવાનું જેવું કે સાધનસામગ્રીમાં રચ્યાપચ્યા રહેનાર ઇતર લોકોનું જીવન છે. સંપત્તિથી અમૃતત્વની આશા નકામી છે, ઇત્યાદિ.

તથાગત બુદ્ધે છ વર્ષની કઠોર સાધના અને ઊંડા મનન પછી પોતાના તેમ જ જગતના કલ્યાણનો માર્ગ શોધ્યો તે ચાર આર્ય-સત્યનો. તેમાં બીજું આર્યસત્ય એટલે વૈયક્તિક કે સામૂહિક દુઃખમાત્રનું કારણ તૃષ્ણા કે મમતા છે તે; અને ચોથું આર્યસત્ય એટલે તૃષ્ણાનું-આસક્તિનું નિર્વાણ તે. દીર્ઘતપસ્વી મહાવીર આત્મૌપમ્ય પૂરેપૂરું જીવનમાં ઊતરે એ માટે બાર વર્ષ સાધના કરી અને છેવટે એના ઉપાય લેખે એમને અહિંસા લાધી. પણ જ્યાં લગી પરિગ્રહ કે સંચયવૃત્તિ હોય કે તે જેટલા પ્રમાણમાં હોય, ત્યાં લગી અને તેટલા પ્રમાણમાં અહિંસા એના ખરા અર્થમાં કદી સિદ્ધ થઇ ન જ શકે. આમ આપણે ત્રણેય પરંપરાના સારરૂપે એક જ વસ્તુ નિહાળીએ છીએ, અને તે તૃષ્ણા, પરિગ્રહ યા સંચયવૃત્તિનો ત્યાગ.

ઉપનિષદોમાં અમરજીવનની સિદ્ધિ ધનવૈભવ વડે નથી થતી એમ કહેવામાં આવ્યું ત્યારે એનો અર્થ એ હરગિઝ નથી કે પાર્થિવ સમ્પત્તિનું જીવનમાં કોઇ મૂલ્ય જ નથી, અથવા એ માત્ર સ્વાપ્નિક છાયા છે. પણ એનો અર્થ, જે આખા ઇતિહાસકાળમાં સિદ્ધ થયો તે તો, એ છે કે પાર્થિવ સમ્પત્તિ એ માત્ર સાધન છે. એને જ જીવનસર્વસ્વ માની જે પોતાની જાતને ભુલી જાય છે તે સ્વતઃસિદ્ધ અમરપણાને વીસરી વિનાશી અને મર્ત્ય વસ્તુને અમર માની પોતે દુઃખી થાય છે ને બીજાને દુઃખ ઉપજાવવામાં નિમિત્ત પણ બને છે. બુદ્ધે તૃષ્ણાત્યાગની વાત કહી, અગાર (ઘર) છોડી અનગાર બનવાની હાકલ કરી ત્યારે એ ઘર, બાહ્ય વસ્તુ, કુટુંબ અને સમાજ એ બધાનું મૂલ્ય નથી જ આંકતાં એમ માનવું તે બુદ્ધને પોતાને અને તેમના ધર્મને અન્યાય કરવા બરાબર છે. બુદ્ધનું તાત્પર્ય એટલું જ છે કે અંગત સુખની લાલસામાં ઇતરના સુખ દુઃખની પરવા જ ન કરવી અને અંગતમમતા પોષવી એ વ્યક્તિ તેમજ સમાજ માટે બન્ધનરૂપ છે. મહાવીરે પરિગ્રહત્યાગની વાત કહી ત્યારે પણ તેઓ એટલું તો જાણે જ છે કે વૈયક્તિક અને સામૂહિક જીવનમાં ધનધાન્ય જેવી બાહ્ય વસ્તુઓનું પણ સ્થાન છે જ. તેમ છતાં જ્યારે તેઓ સુદ્ધાં અનગારપદની વાત કરે છે ત્યારે કોઇ પણ જાતના અંગત પરિગ્રહમાં બંધાવાનો જ નિષેધ કરે છે. સાચો ત્યાગી અને સાચો વિચારક હોય તે એટલું તો જાણે જ છે કે કોઇ પણ વ્યક્તિનું જીવન ભોજન, આશ્રય અને બીજી એવી જરૂરી વસ્તુઓ વિના કદી ચાલી શકે જ નહિ. એટલું જ નહિ પણ સ્થૂળ અને જડ કહેવાતી બાહ્ય સામગ્રીની ઉચિત મદદ વિના જીવનનું ઉર્ધ્વીકરણ પણ શક્ય નથી. આ રીતે જોતાં બધી જ પરંપરાના મુખ્ય પ્રવર્તકોનો સૂર મમતાત્યાગનો છે; એટલે કે અંગત અને વૈયક્તિક મર્યાદિત મમતાને વિસ્તારી એ મમતાને સાર્વજનિક કરવાનો છે. સાર્વજનિક મમતા એટલે બીજા સાથે અભેદ સાધવો કે આત્મૌપમ્ય સાધવું તે. એનું જ બીજું નામ સમતા છે. મમતા સંકુચિત મટી વ્યાપક બને ત્યારે જ તે સમતારૂપે ઓળખાય છે. બન્નેના મૂળમાં પ્રેમતત્વ છે. એ પ્રેમ સંકીર્ણ અને સંકીર્ણતર હોય ત્યારે તે મમતા અને એ નિર્બન્ધપણે વિકસે ત્યારે તે સમતા. આ જ સમતા ધર્મમાત્રનું અંતિમ સાધ્ય છે.

મમતાનો ત્યાગ એ શ્રેય માટે આવશ્યક હોવા છતાં જે તે સમાજનાં વિવિધ અંગોમાં સમતાને મૂર્ત કરવામાં પરિણામ ન પામે તો અંતે એવો ત્યાગ પણ વિકૃત બની જાય છે. પરિગ્રહત્યાગની ભૂમિકા ઉપર જ સન્યાસીસંઘ અને અનગારસંઘો અસ્તિત્વમાં આવ્યા. એના ત્યાગને લીધે જ અશોક જેવા ધર્મરાજે સાર્વજનિક હિતનાં કામો કર્યાં. એવા ત્યાગમાંથી જ દાન-દક્ષિણા જેવા અનેક ધર્મો વિકસ્યા. કવિ કાલીદાસે જેમાં સર્વસ્વ દક્ષિણારૂપે અપાય છે એવો યજ્ઞ રઘુને હાથે કરાવ્યો અને માત્ર માટીનું પાત્ર જ હાથમાં બાકી રહ્યું હોય એવા રઘુને રઘુવંશમાં વર્ણવી ગુપ્તકાલીન દાન-દક્ષિણાધર્મનું મહત્વ સૂચવ્યું. હર્ષવર્ધને તો એકત્ર થયેલ ખજાનાને દર ત્રણ વર્ષે દાનમાં ખાલી કરી કર્ણનું દાનેશ્વરીપણું દર્શાવી આપ્યું. દરેક ધર્મ-પંથના મઠો, વિહારો, મંદિરો અને વિદ્યાધામો જ નહિ પણ સેંકડો, હજારો અને લાખોની સંખ્યામાં અગાર છોડી અનગાર થયેલ ભિક્ષુ કે પરિવ્રાજકોની સંપૂર્ણ જીવનયાત્રા એ બધું પરિગ્રહત્યાગ અને દાનધર્મને જ આભારી રહ્યું છે. તેની સાક્ષીરૂપે અનેક દાનપત્રો, અનેક પ્રશસ્તિઓ આપણી સામે છે.

જે મઠો, વિહારો, મન્દિરો અને ધર્મસંઘો પરિગ્રહત્યાગની ભાવનામાંથી જ અસ્તિત્વમાં આવ્યાં હતાં અને જે દાનદક્ષિણાને લીધે જ પોષાયે જતાં હતાં તેઓ દાનદક્ષિણા દ્વારા મેળવેલ અને બીજી અનેક રીતે વધારેલ પૂંજી અને પરિગ્રહની માલિકી ધરાવવા છતાં સમાજમાં ત્યાગીની પ્રતિષ્ઠા પામતાં રહ્યાં અને સાથે સાથે ઉત્પાદક શ્રમનું સાર્વજનિક મૂલ્ય સમજવાની બુદ્ધિ ગુમાવવાને લીધે એક રીતે અકર્મણ્ય જેવાં બનતાં ચાલ્યાં. બીજી બાજુ સાચી-ખોટી ગમે તે રીતે ધનસમ્પત્તિ કે ભૂમિસમ્પત્તિ મેળવનાર વ્યક્તિઓ પણ, દાનદક્ષિણા દ્વારા પોતાના પાપનું પ્રક્ષાલન થાય છે એમ માની દાનદક્ષિણા આપતા રહ્યા અને સમાજમાં વિશેષ અને વિશેષ પ્રતિષ્ઠા પામતા પણ રહ્યા. આમ સમાજમાં પ્રતિષ્ઠા પામનાર મુખ્યપણે બે વર્ગ અસ્તિત્વમાં આવ્યા : એક ગમે તેટલું અને ગમે તે રીતે અપાયેલું દાન લેનાર, એનો સંગ્રહ અને વધારો કરનાર છતાં ત્યાગી મનાતો બ્રાહ્મણ-શ્રમણવર્ગ અને બીજો ન્યાયઅન્યાય ગમે તે રીતે મેળવેલ સંપત્તિનું દાન કરનાર ભોગી વર્ગ. આ બે વર્ગ વચ્ચે એક ત્રીજો વર્ગ પણ રહ્યો કે જેના આધારે ઉપરના બન્ને વર્ગોનું અસ્તિત્વ હોવા છતાં સમાજમાં જેનું આવશ્યક ગૌરવ લેખાતું નહિ. તે વર્ગ એટલે નહિ કોઇના દાન ઉપર નભનાર કે નહિ કોઇ દાન-દક્ષિણા દ્વારા નામના મેળવનાર, પણ માત્ર કાંડાબળે જાત-શ્રમ ઉપર નભનાર વર્ગ.

અહિંસા અને મમતાત્યાગનો જે ધર્મ મૂળે સમાજમાં સર્વક્ષેત્રે સમતા આણવા અસ્તિત્વમાં આવ્યો હતો તે જ ધર્મ અવિવેકને લીધે સામાજિક વિષમતામાં અનેક રીતે પરિણમ્યો. એની વિષમતા નિવારવા અને કર્મયોગનું મહત્વ સ્થાપવા કેટલાક દૃષ્ટાઓએ અનાસક્ત કર્મ-યોગ તેમ જ સમત્વયોગની સ્થાપના માટે સબળ વિચારો રજુ કર્યા. દક્ષિણ અને ઉત્તર હિન્દુસ્તાનમાં થયેલ અનેક સંતોએ એ વિચારનું પોષણ પણ કર્યું. જ્યાં ત્યાં એની સારી અસર પણ થઇ. પરન્તુ એ અસર છેવટે ન તો સ્થાયી બની અને ન સર્વદેશીય. તેથી કરીને સમાજમાં છેવટે રાજસત્તા અને ધનસમ્પત્તિનો મહિમા, તથા દાન અને ત્યાગનો મહિમા એ જેવા ને તેવા ચાલુ જ રહ્યા અને સાથે સાથે ગરીબી તેમ જ જાત-મહેનત પ્રત્યેની સૂગ પણ ચાલુ રહી.

ઊંચ-નીચના ભેદની, સંપત્તિ અને ગરીબીની, નિરક્ષરતા અને સાક્ષરતાની, તેમ જ શાસક અને શાસિતની-એમ અનેકવિધ વધતી જતી વિષમતાને લીધે દેશનું સામૂહિક બળ ક્ષીણ જેવું થયું અને અંને વિદેશી રાજ્ય પણ આવ્યું. એણે પહેલાની વિષમતામાં અનેક નવી વિષમતાઓ અને સમસ્યાઓ ઉમેરી. ચોમેરથી પ્રજા ત્રાહિ ત્રાહિ

પોકારવા લાગી. કવિઓ ઈશ્વરનું આહ્વાન કરવા લાગ્યા. જ્યારે આ વિષમતા નિવારવાનું કામ શસ્ત્રબળ અને શાસ્ત્રબળ બન્ને માટે અસાધ્ય જેવું દેખાતું હતું ત્યારે પાછો એ જ જૂનો અપરિગ્રહ અને અહિંસાનો માર્ગ એક વિશિષ્ટ વ્યક્તિને સૂઝ્યો.

અહિંસા અને અપરિગ્રહની અધૂરી તેમ જ અવિવેકી સમજણથી જે અનિષ્ટ પરિણામો માનવજાતે અનુભવ્યાં છે તેમ જ રંગભેદ, આર્થિક અસમાનતા અને જાતિ કે રાષ્ટ્રના મિથ્યા અભિમાનને લીધે પેદા થયેલાં જે દુઃસહ અનિષ્ટો માનવજાત ભોગવી રહી છે તે બધાનો સામટો વિચાર કરી તે વિચારના પ્રકાશમાં બધાં જ અનિષ્ટોના ઉપાય ક્ષેત્રે એ વિશિષ્ટ વ્યક્તિએ અહિંસા અને અપરિગ્રહનું નવેસર મૂલ્ય આંકયું ને તેમાંથી જ માનવજાતના ઉદ્ધારનો કે સર્વાંગીણ સમતા સ્થાપવાનો માર્ગ શોધી કાઢયો. સઘળાં અનિષ્ટો નિવારવાનો આ નવો માર્ગ હતો તો રામબાણ જેવો, પણ શરૂઆતમાં એના ઉપર ભાગ્યે જ કોઈની શ્રદ્ધા સમજણપૂર્વક બેઠી. તેમ છતાં એ અહિંસા અને અપરિગ્રહના નવા પેગંબરે પોતાનું દર્શન આફ્રિકામાં જ સફળ કરી બતાવ્યું લોકો ચમકયા અને ક્રમે ક્રમે એ ઋષિની આસપાસ એક નવું શિષ્ટમંડળ એકત્ર થયું.

જે સત્તા સામે પડકાર ફેંકવાની દુનિયામાં લગભગ કોઈની પ્રગટ હિંમત ન હતી તે જ સત્તા સામે એ ઋષિએ પોતાનું અહિંસક શસ્ત્ર ઉગામ્યું અને અહિંસામાં માનનાર કે નહિ માનનાર બધા જ એકાએક ઉઘાડ થઈ ગયા. જે અહિંસા અને અપરિગ્રહ માત્ર વ્યક્તિગત ધર્મ બની ગયો હતો અને જે માત્ર નિવૃત્તિની એક જ જુઠ્ઠી બાજુને રજૂ કરતો હતો તે ધર્મે અસહકારની નિવૃત્તિબાજુ અને સત્યાગ્રહની પ્રવૃત્તિબાજુ–બન્ને બાજુ સ્પષ્ટ સમજાય તે રીતે અને સર્વક્ષેત્રે લાગુ કરી શકાય એ રીતે રજૂ કરી. પ્રજાને, દરેક બાબતમાં દબાએલી અને લાચાર પ્રજાને, શસ્ત્ર અને શાસ્ત્ર વિના પણ પોતાની જ પાસે રહેલું પણ આજ સુધી અજ્ઞાત એવું એક સહજ અમોઘ બળ લાધ્યું. પ્રજા જાગી અને કલ્પનામાં ન આવે એ રીતે એ નવા અમોઘ બળે સ્વરાજ્ય મેળવી આપ્યું. જે શસ્ત્ર રાજકીય વિજય અને રાજકારણમાં સફળતા આણનાર સિદ્ધ થાય છે તે શસ્ત્ર ઇતિહાસ-કાળથી સર્વોપરિ મનાતું આવ્યું છે. અત્યાર અગાઉ શસ્ત્રબળ અને કાવાદાવાના શાસ્ત્રબળને એવી પ્રતિષ્ઠા મળેલી જ્યારે આ નવા ઋષિએ એ પ્રતિષ્ઠા અહિંસા અને અપરિગ્રહના નવા શાસ્ત્રને આપી અને એક રીતે એ પ્રતિષ્ઠા માત્ર ભારતમાં નહિ પણ દેશદેશાન્તરમાં વિસ્તરવા લાગી.

ગાંધીજીએ રાજકારણ ઉપરાંત જીવનમાં લગભગ તમામ ક્ષેત્રોમાં પોતાના એ આધ્યાત્મિક બળનો પ્રયોગ કર્યો અને એનાં મધુર ફળો સમજદાર લોકોની સામે જોતજોતામાં આવ્યાં. સામાજિક જીવનના ખૂણેખૂણામાં સમતા સ્થાપી વિષમતા નિવારવાનો કાયાકલ્પ પૂરજોશમાં ચાલતો જ હતો અને લોકો પણ એને સાથ આપતા હતા, ત્યાં તો ગાંધીજીએ વિદાય લીધી. જેઓ પાછળ રહ્યા અને જેઓ તેમના સાથી હતા તેમને એ આધ્યાત્મિક બળ વિષે શ્રદ્ધા નથી એમ તો ન કહી શકાય, પણ તે શ્રદ્ધા કાંઈક બહારથી આવેલી અને કાંઈક અંદરથી ઊગેલી. એટલે એને સંપૂર્ણ જીવતી હતી એમ તો ભાગ્યે જ કહી શકાય. તેમ છતાં સ્વરાજ્ય મળ્યા પછી રાજ્યતંત્ર તો એ શ્રદ્ધાના પાયા ઉપર જ ચાલતું આવ્યું છે.

પરકીય સત્તા ગઈ. દેશમાં જે એકહથ્થુ સત્તા જેવાં નાનાં મોટાં રાજ્યો હતાં તે પણ વિલય પામ્યાં. બીજા પણ કેટલાક સુધારાઓ આકાર અને આવકાર પામતા ગયા. પણ સામાજિક વિષમતાનો મૂળ પાયો જે આર્થિક વિષમતા તે તો જુનાં અને નવાં અનેક સ્વરૂપે કાયમ જ છે એ વિષમતાની નાબૂદી થયા સિવાય બીજી રાજકીય કે સામાજિક ક્ષેત્રે લીધેલી સિદ્ધિઓ પણ બેકાર જેવી છે. એ દરેક દરેકને વધારે ને વધારે સમજવા લાગ્યું, અને સૌનું ધ્યાન આર્થિક સમતાની ભૂમિકા ભણી વળ્યું. આવી સમાનતા સ્થાપવાના પ્રયત્નો ભારત બહાર પણ થયા છે. પરન્તુ તે અહિંસાના પાયા ઉપર નહિ, જ્યારે ભારતી પ્રજાનો અન્તરાત્મા એવી કોઈ વ્યક્તિને ઝંખી રહ્યો હતો કે જે તેના અહિંસક સંસ્કારને અનુરૂપ અને ગાંધીજીએ તૈયાર કરેલ ભૂમિકાને જ અનુસરી આર્થિક સમાનતાનો પ્રશ્ન ઉકેલે. એ ઝંખનાનો જવાબ ગાંધીજીના જ અનુગામી વર્તુલમાંથી એવી વ્યક્તિએ વાળ્યો કે જેણે આખી જિંદગી ધર્મ તેમ જ કર્મનો સુમેળ સાધવામાં અને શાસ્ત્રીય જ્ઞાનરાશિને પ્રજ્ઞાનરૂપે પરિણમાવવામાં ગાળી છે. તે વ્યક્તિ બીજી કોઈ નહિ પણ જેના ઉપર આખા દેશની અને કેટલેક અંશે દેશાન્તરની પણ નજર ચોંટી છે તે વિભૂતિ વિનોબા.

વિનોબાએ જોયું કે પરંપરાગત સામંતો અને રાજાઓ ગયા પણ મૂડીવાદને પરિણામે દેશમાં અનેક નવા રાજાઓ અસ્તિત્વમાં આવ્યા છે અને આવ્યે જાય છે. વિનોબાએ એ પણ જોયું કે લોકતંત્ર સ્થપાયા છતાં એમાં જૂની જ અધિકારશાહી અને અમલદારશાહી કામ કરી રહી છે. તેમાં સેવાનું સ્થાન સત્તાની હરીફાઈએ લીધું છે. એમણે એ પણ જોયું કે ભિન્નભિન્ન રાજકારણી પક્ષોમાં પુરાઈ રહેલો બુદ્ધિમાન વર્ગ પણ પોતપોતાના પક્ષની નબળાઈ અને અકર્મણ્યતા જોવા કરતાં સામા પક્ષની ત્રુટિઓ તરફ જ વધારે ધ્યાન આપે છે અને પરિણામે એ પક્ષોની સાઠમારીમાં જનતાનું હિત બહુ ઓછું સધાય છે તેમ જ કોઈક સારું કરવાની વૃત્તિવાળા એવા બુદ્ધિમાન લોકોની શક્તિનો પ્રજાના ઉત્કર્ષમાં બહુ ઓછો ઉપયોગ થાય છે. વિનોબાની પ્રજ્ઞાએ અર્થોપાર્જન અને અર્થરક્ષણના જુદા જુદા માર્ગોમાં પ્રવર્તતી અન્યાયપૂર્ણ તેમ જ અસામાજિક ગેર-રીતઓનું પણ આકલન કર્યું. એમણે એ જોઈ લીધું કે જો તત્કાળ વિધાયક અહિંસાને રસ્તે લોકોની બુદ્ધિ વાળવામાં નહિ આવે તો અત્યારલગી થયેલું બધું કામ ધૂળધાણી થઈ જશે અને લોકો હિંસા ભણી વળશે. આ મથામણમાંથી તેમને ભૂમિ-દાનનો માર્ગ લાધ્યો. જોતજોતામાં એને કેટલી સફળતા મળી અને કેટલી મળી રહી છે તે ઉપરથી જ આપણે તે માર્ગનું મૂલ્ય આંકી શકીએ છીએ. રાષ્ટ્રપતિ હોય કે મહાઅમાત્ય હોય, ઉપરાષ્ટ્રપતિ હોય કે રાજાજી હોય, દરેક આ ભૂદાન-પ્રવૃત્તિને જીવનનાં નવાં મૂલ્યો સ્થાપનાર પ્રવૃત્તિ ક્ષેત્રે આવકારી રહ્યા છે એ નાનીસૂની બાબત નથી. વિનોબાજીની પ્રવૃત્તિ માત્ર ભૂમિના દાનમાં જ નથી સમાતી. એ તો સામાજિક, આર્થિક અને રાજકીય એમ બધાં ક્ષેત્રે માનવીય સમતા સ્થાપવાના પ્રયત્નનું પહેલું પગથિયું છે. એ પ્રવૃત્તિનો આત્મા વિનોબાજી જેટલો જ વિશાળ છે. એમાં સંપત્તિનું દાન, બુદ્ધિનું દાન, શ્રમનું દાન અને જીવનનું દાન સુધ્ધાં સમાઈ જાય છે કે જેની જીવંત મૂર્તિ પોતે વિનોબા જ છે.

ગાંધીજીએ અહિંસાની સર્વાંગીણતાનું જે દર્શન અને આચરણ કર્યું હતું તેનો જ વિકાસ અને વિસ્તાર વિનોબાજીના યજ્ઞમાર્ગ દ્વારા થઈ રહ્યો છે એવી મારી દૃઢ પ્રતીતિ છે તેથી જ વિનોબા કોઈ આ કે તે પક્ષના વાડામાં પુરાઈ શકતા નથી, સમાતા નથી. ઊલટું, એમની પ્રવૃત્તિ બધા જ પક્ષોના અવિરોધનો દૃઢ પાયો નાખી રહી છે ભૂમિદાન પ્રવૃત્તિ પક્ષાતીત પણ સર્વપક્ષસંગ્રાહી હોઈ, સાચી સમજણ ધરાવનાર સેવાકાંક્ષી વર્ગ તેમને સાથ આપવા ચોમેરથી એકત્ર થઈ રહ્યો છે.

જ્યાં તથાગત બુદ્ધે બોધિ પ્રાપ્ત કરેલ ત્યાં જ જીવનદાનના પીપળાનું બીજ રોપાયું છે. એની શાખા-પ્રશાખાઓ બોધિવૃક્ષની શાખા-પ્રશાખાઓની પેઠે જ જગ્યાએ જગ્યાએ વિસ્તરવાની એમાં લેશ પણ સંદેહ નથી. જે ઉત્તર બિહારમાં અહિંસામૂર્તિ મહાવીરે જન્મ લીધેલો અને જ્યાં તથાગત બુદ્ધનાં પગલાં પડેલાં ત્યાંનો વિનોબાજીનો વિહાર એ અત્યારના જલસંકટ પ્રસંગે એક આશીર્વાદરૂપ છે. ગાંધીજીએ વિચારેલ અને શરૂ કરેલ અનેક પ્રવૃત્તિઓમાંથી કોઈ એક યા બીજી પ્રવૃત્તિને વરેલા પણ માત્ર તેને જ સર્વસ્વ માની બેઠેલા એવા હરકોઈ સેવકને માટે વિનોબાજીનું જીવન બોધપ્રદ નીવડે તેવું છે તેથી તેમની જન્મજયન્તી પ્રસંગે આપણે સૌ તેમનાં વિવિધ લખાણો, વિવિધ પ્રવૃત્તિઓ,–એ બધાનું આકલન કરીએ અને તેઓ શતાયુ થાઓ એવી હાર્દિક પ્રાર્થના કરીએ!

પં. સુખલાલજી.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન: જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઈ, ૯.

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧, ૧૯૫૫, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ★ આઈન્સ્ટાઈન ★

આ જમાનાની એક મ્હોટામાં મ્હોટી દવા પેનિસિલિનને શોધી કાઢનાર સર અલેગ્ઝાન્ડર ફ્લેમિંગને મરી ગયે માંડ એક માસ થયો છે, ત્યાં તો વિજ્ઞાનના બીજા એક મ્હોટામાં મ્હોટા માણસ આઈન્સ્ટાઇનના મરણના સમાચાર આપણને મળ્યા છે. ચાલુ વર્ષના એપ્રિલની ૧૮ મી તારીખે આ મહાનુભાવ એક અમેરીકન હોસ્પિટલમાં મરણ પામેલ છે. "ગૉલ બ્લેડરના સોજાથી" એવું છાપાં કહે છે. આવો સોજો તો બીજા ઘણાઓને થાય છે–મ્હને પોતાને સન ૧૯૫૪ માં આકરેવાર એની બીમારી થઈ હતી–પણ તે આવી અમૂલ્ય જીંદગીનો પણ અન્ત આણી શકે એનો તો મ્હને ખ્યાલ પણ ન હતો.

અરે, સુધરેલા જગતમાં પેનિસિલિન તથા આઈન્સ્ટાઇન એ બન્નેથી જરાય વાકેફ ન હોય તેવા તો થોડા જ માણસ હશે. આઇન્સ્ટાઇન એક મ્હોટામાં મ્હોટો, ગણિત–ભૌતિકશાસ્ત્રનો મુખ્ય આચાર્ય હતો; એની જોડમાં મૂકવાને માટે આપણે ત્રણ સૈકાથીય વધુ પાછળ જઈ સર ઐસાક ન્યૂટનને ખોળવો પડશે. આઈન્સ્ટાઇનની ૭૬ મી વર્ષગાંઠ ગયા માર્ચની ૧૪ મી તારીખે, જરા ય ધામધૂમ વગર, શાન્તિથી પ્રિન્સ્ટનમાં ઉજવવામાં આવી હતી; એના સમાચાર છાપામાં લગભગ હમણાં જ આવ્યા.

જન્મથી આઈન્સ્ટાઇન એક યાહૂદી જર્મન હતો. ૧૮૭૯ માં જર્મનીના એક નહાના ગામમાં તે જન્મેલ. વીજળીના ઈજનેર તરીકે એનો બાપ નિષ્ફળ થયેલ, ને આઈન્સ્ટાઇન પણ નહાનપણમાં જરાય અસાધારણ બાળક ન હતો. પછીથી આ કુટુમ્બ સ્વિટઝરલેન્ડ ગયું, ને ત્યાં ઝુરિકની યુનિવર્સિટિમાં પ્રવેશ કરવા પ્રવેશક પરીક્ષામાં આઈન્સ્ટાઇન બેઠો. પહેલી વાર નાપાસ થયા પછી એ બીજે વર્ષે પાસ થયો, ને ૧૮૯૬ માં તે યુનિવર્સિટિમાં દાખલ થયો. પછી ગ્રેજ્યુએટ પણ થયો. તરતજ એક કારકુનની જગ્યા તેને મળી, સરકારી પેટન્ટ ઑફિસમાં. કામ થોડું હતું, ને ફુરસદ ઘણી હતી, તેનો આઇન્સ્ટાઇને પોતાની શોધોની ગણતરીઓ કરવામાં ઉપયોગ કર્યો.

સન ૧૯૦૫ માં, ૨૬ વર્ષની વયે તે યુનિવર્સિટિમાં ડૉકટરની પદવી પામ્યો, ત્યારે તથા તે પછી એણે જે ગણિત–ભૌતિકશાસ્ત્રમાં શોધો પ્રકટ કરી હ્હેણે ખળભળાટ કરી દીધો, આનું વિગતવાર વર્ણન અપાઈ ચૂકયું છે.*

૧૬ વર્ષ પછી, જ્યારે એ ૪૨ વર્ષનો હતો ત્યારે દુનિયાનું એક મ્હોટામાં મ્હોટું ઇનામ, નોબેલ પારિતોષિક, એને ભૌતિકશાસ્ત્રને માટે અપાયું. અમેરિકન પ્રોફેસર મિલિકન જે પોતેય પહેલાં આ ઇનામ મેળવી ચૂકયો હતો ને જે ઇનામ કોને આપવું હ્હેને નિર્ણય કરનારી સમિતિમાં હતો, હ્હેણે કહ્યું છે કે "આઈન્સ્ટાઇનની જુદી જુદી ચાર મોટી શોધો અમારી સમક્ષ હતી, જેમાંની કોઇ એકની ઉપર એને નોબેલનું ઇનામ આપી શકાય." જે શોધ સૌથી વધુ પરિપકવ લાગી હતી હ્હેને માટે પછી એ ઇનામ અપાયું. હું તે વખતે લન્ડનમાં હતો, અને આ ખબરથી અમને રોમાંચ થયો હતો.

આઇન્સ્ટાઇન પ્રોફેસરના પદ ઉપર તો ક્યારનો હતો. આ વખતે હ્હેને જર્મનીમાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસરનું બહુ ઉંચું પદ મળેલ હતું. પછીનાં થોડાં વર્ષોમાં, ૧૯૨૯ ના માર્ચમાં, એની રજત-જયન્તી બહુ સારી રીતે ધામધૂમથી ઉજવાઇ. જર્મની દેશ તથા બર્લિન શહેરની સંસ્થાઓએ આઈન્સ્ટાઇનનું બહુ જ સન્માન કર્યું. પણ આ જર્મનીમાં એનો છેલ્લો ઉત્સવ હતો. પછીથી ધીમે ધીમે હીટલરની સત્તા વધી, ને નાત્સીવાદ તથા કાવાદાવાઓ એવા વધ્યા કે ૧૯૩૨ માં આઇન્સ્ટાઇન અમેરિકા ગયો હતો, ત્યાંથી જર્મની પાછો ફર્યો જ નહિ. દેશ દેશ તરફથી સારાં આમંત્રણો હતાં કે 'અહીં આવીને રહો.' બેલ્જિયમ, ફ્રાન્સ, ઇંગ્લન્ડ વગેરેમાં થઈ છેવટે અમેરિકાને પસંદ કરીને યુનાઇટેડ સ્ટેટ્સની એક નવી સંસ્થા પ્રિન્સ્ટનમાં સ્થપાયલી તેમાં તે જોડાયો. મૂળ જર્મનશહેરી તે સ્વિટ્ઝરલેન્ડનો શહેરી થયો, પાછો જર્મન થયો, ને સને ૧૯૫૦ માં તે અમેરિકાનો શહેરી થયો.

૬૬ વર્ષની વયે તે નિવૃત્ત થયો, છતાં કામ કરતો જ રહ્યો: ને ૧૯૩૩ થી ૧૯૫૫ લગી એણે ઘણી મ્હોટી શોધો કરી. Relativity–સાપેક્ષત્વનો વાદ એ એની સૌથી મ્હોટી અને સૌથી વધુ મશહુર સેવા છે. ખગોળશાસ્ત્ર, ગણિત ને ભૌતિકશાસ્ત્રની મ્હોટી મ્હોટી શોધો એને નામે છે. જાણે કે એણે વિશ્વની ઉપર નવો જ પ્રકાશ નાંખ્યો, અને વિશ્વમાં ચાલતી કુદરતની ઘણી ક્રિયાઓ વધારે સત્યતાપૂર્વક સમજાવી. ન્યૂટનની ઉપર પણ એણે સુધારા કર્યા, કાળનું મહત્વ સ્વીકારાવ્યું અને આખરે Mass (પિંડ) અને Energy (શકિત) એક જ છે એ નવી પણ બહુ મ્હોટી વાત આપણને સમજાવી. સાપેક્ષત્વનું વિશેષ ક્ષેત્ર તથા સામાન્ય ક્ષેત્ર પ્રકટ કરી, ભૌતિકશાસ્ત્રમાં પ્રગટી રહેલા બે સમર્થ વિરોધી વાદોમાંથી ઐકય તારવી કાઢયું.

વળી અણુ-બૉમ્બનો તે એક પિતા હતો; બીજુ વિશ્વયુધ્ધ ચાલતું હતું, ત્યારે સન ૧૯૩૯ માં યૂનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખ, પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટને પત્ર લખીને અણુની લગભગ અનન્ત શકિત તરફ ધ્યાન ખેંચ્યું તથા તે શકિત ઉત્પન્ન કેમ થઈ શકે તે બતાવ્યું. આઇન્સ્ટાઇનતો આ અણુ-બૉમ્બ બનાવીને એક ધમકી તરીકે જ હ્હેને વપરાવવા ચાહતો હતો; પણ તેથી આગળ વધીને આ રાક્ષસે જ્યારે જાપાનનાં બે મ્હોટાં શહેરોનો અણુ-બૉમ્બ વાપરીને નાશ કર્યો, કેટલાંય નિર્દોષ માણસોના જાનમાલનું પુષ્કળ નુકશાન કર્યું ત્યારે આઇન્સ્ટાઇનને બહુ

* જુઓ લેખકના "વિજ્ઞાનમન્દિર" ભાગ ૧માં પૃ. ૧૨૬–૨૧૮

# મારી યાત્રા

## જંગમ તીર્થ વિનોબા

### પૂર્વ ભૂમિકા

જ્યારથી જગન્નાથપૂરી ખાતે માર્ચ માસના આખર ભાગમાં સર્વોદય સંમેલન ભરાવાનું છે એમ જાણવામાં આવ્યું ત્યારથી જેમના વિષે છેલ્લાં ત્રણ ચાર વર્ષથી સતત સાંભળતો રહ્યો છું અને જેમનાં લખાણો અને પ્રવચનો તરફ મન સતત આકર્ષાતું રહ્યું છે તેમને જોવા તથા સાંભળવાની આ તકનો લાભ લેવાની ઇચ્છા મન અનુભવી રહ્યું હતું. આમ છતાં આટલે દૂર કયાં જવું, ખર્ચ પણ ઠીક ઠીક થાય, ત્યાં જે થશે તેની બધી વિગતો તો જાણવા મળવાનીજ છે એવા વિચારોથી એ ઇચ્છા દબાયા કરતી. વળી પાછો વિચાર આવતો કે આ યુગના લોકોત્તર પુરૂષ ગાંધીજીને નજરે જોવા જાણવાનું તો સદ્‌ભાગ્ય મળ્યું. એમની પાછળ એવીજ એક વિભૂતિનો જાણે કે ઉદય થઇ રહ્યો ન હોય એમ જેના વિષે મન કહ્યા કરે છે તેમને–જે દેશમાં વહેતા વિચારપ્રવાહો સાથે એકરૂપતા કેળવવી હોય, દેશમાં ઉઠતાં નવાં નવાં આન્દોલનો સાથે હૃદય અને બુધ્ધિને ગતિમાન રાખવી હોય તો–એક વખત પ્રત્યક્ષ જોવા જ જોઇએ. આ વિચારનું બળ વધતું ગયું અને જગન્નાથપુરી મારે જવું જ છે એવો એક દિવસ સવારે મેં નિર્ણય કરી લીધો.

### માર્ચની ૧૯ મી તારીખે પુરી જવા ઉપડયા.

પુરી જવા તૈયાર થયેલી અમારી મંડળી આઠ સ્વજનોની બનેલી હતી. તેમાં ભાઇઓ પણ હતા, બહેનો પણ હતી. અમારામાંનાં ત્રણ માર્ચ માસની ૧૮ મીએ મુંબઇથી ઉપડયા અને સીધા જગન્નાથપુરી પહોંચ્યાં. બાકીના ૧૯ મીએ અલ્હાબાદ મેલમાં નીકળ્યા અને ૨૧ મી તારીખની સવારે કલકત્તા પહોંચ્યા. ત્યાંથી બીજે દિવસે રાત્રે જગન્નાથપુરી જવા નીકળ્યા અને માર્ચની ૨૩ મી તારીખે સવારે પુરી સ્ટેશને ઉતર્યા. નહાવા ધોવા વગેરેની વધારે સગવડ રહેશે એમ ધારીને સર્વોદય નગરમાં ન રહેતાં શહેરમાં આવેલી મુંબઇવાળા શેઠ ધનજી મૂળજીની ધર્મશાળામાં ઉતરવાનું અમે નક્કી કર્યું. અહિં અમે રાત રહેતા અને સવારના નિત્યકર્મ પતાવીને સર્વોદય નગરમાં પહોંચી જતા અને આખો દિવસ ત્યાં પસાર કરતા અને મોડી રાતે ધર્મશાળામાં પાછા ફરતા.

પહેલો દિવસ ધર્મશાળામાં સ્થિર થવામાં, સર્વોદય નગરની વ્યવસ્થા અને સર્વોદય સંમેલનના કાર્યક્રમથી વાકેફગાર થવામાં અને સંમેલન ઉપર આવેલા અનેક મિત્રોને મળવામાં ગાળ્યો.

### પહેલું પ્રાર્થના પ્રવચન

અમે પુરી પહોંચ્યા ત્યારે વિનોબાજી શહેરમાંના એક સરકારી મકાનમાં–સરકીટ હાઉસમાં–રહેતા હતા. પછીના દિવસે તેઓ સર્વોદય નગરમાં રહેવા આવેલા. પહોંચ્યા તે દિવસની સાંજની પ્રાર્થના સરકીટ હાઉસની બાજુએ ગોઠવાયલી હતી. અમે તેમાં જોડાયા અને વિનોબાજીને લગભગ વીશ વર્ષના ગાળે મેં જોયા અને સાંભળ્યા. પ્રાર્થના પૂરી થયા બાદ ધર્મોપાસના અંગે છેલ્લા બે દિવસથી તેઓ જે કહી રહ્યા હતા તેજ વિષયને લંબાવીને તેમણે એ દિવસે પણ પ્રવચન કર્યું (આ ત્રણે પ્રવચનો પ્રબુધ્ધ જીવનના છેલ્લા અંકમાં પ્રગટ કરવામાં આવ્યા છે.) તેમની વાણી સાંભળીને મન પ્રસન્ન થયું. અને રાત્રીના ધર્મશાળામાં આવીને આરામ શોધ્યો.

૨૪ મીના રોજ સર્વોદય સંમેલનનો કોઇ ખાસ કાર્યક્રમ નહિ હોવાથી અમે એક મોટી ટેકસી કરીને નજીકના પ્રદેશમાં આવેલ કોનારક, ઉદયગિરિ–ખંડગિરિ તથા ભુવનેશ્વર ફરી આવ્યા. આ સ્થળો વિષે આપણે આગળ ઉપર વાતો કરીશું. હાલ તો આપણે વિનોબાજી ઉપરજ આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ.

### સર્વોદય સંમેલન અને વિનોબાજીનાં પ્રવચનો

૨૫ મીની સવારે સર્વોદય સંમેલનની શરૂઆત થઈ. સમૂહ કાંતણ, પ્રાર્થના તેમજ કેટલીક ઉપચારવિધિબાદ વિનોબાજીએ પ્રવચન શરૂ કર્યું. આ પ્રવચન સંક્ષિપ્ત આકારમાં પ્રબુધ્ધ જીવનના છેલ્લા અંકમાં પ્રગટ કરવામાં આવ્યું છે પણ તે પ્રવચનનો અક્ષરશઃ સવિસ્તર અનુવાદ ભૂમિપુત્રના તા. ૧૫–૪–૫૫ ના અંકમાં પ્રસિધ્ધ થયેલો છે જે જિજ્ઞાસુને મેળવી લેવાની અને જોઈ જવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. મુંબઇથી પુરી જવા ઉપડયો ત્યારથી વિનોબાજી, તેમણે આરંભેલું ભૂદાન આંદોલન, દેશની ભાવી રચના વિષે તેમનું વિશિષ્ટ દર્શન, આધુનિક લોકશાહી વિષેના તેમના કેટલાક ખ્યાલો આ બધું મનમાં ઘોળાયાજ કરતું હતું. તેમના જે વિચારો વિષે મનની ધડ બેસતી નથી તે વિષે તેમને કેમ વધારે સમજું એ પ્રકારની ઊંડી આતુરતા વડે તેમને હું પ્રથમ દર્શનથીજ નિહાળી રહ્યો હતો, તથા તેમના શબ્દોને, તેના ભાવને ઝીલી રહ્યો હતો. પ્રથમ દિવસનું તેમનું પ્રારંભિક પ્રવચન આ બાબતમાં ઘણો પ્રકાશ પાડે તેવું હતું. આથી વધારે મહત્વનું ભાષણ સંમેલનના અંત ભાગમાં તેમણે આપ્યું હતું. બન્ને ભાષણ સંપૂર્ણપણે વ્યવસ્થિત, મુદ્દાસરના, આગળથી પૂરો વિચાર કરીને તૈયાર કરેલા અને પ્રત્યેક બાબતને સ્પષ્ટપણે રજુ કરતા હતા. જેવો વિચાર ભવ્ય તેવીજ તેમની ભાષા ભવ્ય હતી. અન્તભાગનું પ્રવચન સાંભળતાં એમજ થતું કે આ બોલનાર એક સામાન્ય કોટિની વ્યક્તિ નથી પણ દૃષ્યા પુરૂષ છે અથવા તો ભાવીને ભાખતો કોઈ પેગંબર છે, અને તેથીજ આપણને જે શકય લાગતું નથી તેને તે શકય–સહજ શકય–જાહેર કરે છે અને જે હજુ આપણે સિધ્ધ કરવાનું છે તે જાણે કે સિધ્ધ થઈ ચુકયું હોય એવી પ્રતીતિપૂર્વક તેઓ બોલે છે.

### વિનોબાનો ઉગમ એક અપૂર્વ કાળઘટના છે.

આપણને આઝાદી મળ્યા બાદ ત્રણ ચાર વર્ષમાં વિનોબાજીનો એક રાષ્ટ્રવ્યાપી કાર્યના સૂત્રધાર તરીકે આપણી વચ્ચે ઉગમ થયો

---

ક્ષોભ થયો. શાન્તિવાદી એના હૃદયને બહુ આઘાત થયો ને તે ખૂબ દિલગીર થયો.

વિજ્ઞાન તથા ભૌતિક-ગણિતમાં હેનું આવું અદ્વિતીય સ્થાન છે, છતાં એનામાં અનુપમ માનવતા હતી. આખી દુનિયાનું હિત તે ચ્હાતો ને તે ઉપર નજર રાખતો. ટાગોર અને ગાંધીજીનો તે ખરો પ્રશંસક હતો. ગાંધીજી માટેનાં એનાં વચનો "ભવિષ્યની પ્રજા જાણશે કે આવો માણસ પણ એક વાર પૃથ્વી ઉપર ફરતો હતો" એ તો કદી ભૂલાશે નહિ.

એનું જીવન એક ખરેખરા ઋષિ જેવું હતું. તદ્દન સાદાઈ, બાહ્ય દેખાવો તથા આડંબરનો સંપૂર્ણ ત્યાગ, પૂરેપૂરી પવિત્રતા, સત્ય અને અભય એના જીવનમાં હતાં. પેલેસ્ટાઈનિના યાહૂદી રાજ્યનો તે જ ધુરંધર થઈ શકયો હોત, પણ એમ કરવાની વિનંતિઓ એણે પાછી ઠેલી; જો કે યાહૂદી તથા બીજા બધા કચરાયલા-પીડાતા લોકોનો એ હમેશ પક્ષ લેતો.

જેમ ન્યુટનના વાદોમાં સુધારા થયા, તેમ બે ત્રણ સૈકામાં આઇન્સ્ટાઇનની ઉપર પણ સુધારા થાય, ને એનું કામ એમ આગળ વધે, એ તદ્દન સંભવિત છે. પણ માનવતાની, નીતિની, ભૂમિકા ઉપર તો એનું પદ અદ્વિતીય છે એમાં જરાય સંદેહ નથી.

ખાર
૨૫–૪–૫૫

**કાન્તિલાલ છગનલાલ પંડયા**

અને તેમનું આન્દોલન જોસભેર આગળ ચાલવા લાગ્યું. કોઇથી પણ ઇનકાર ન થઈ શકે એવું પ્રભુત્વ વિનોબાજીએ શરૂ કરેલી હીલચાલ આજે દાખવી રહી છે, તે દ્વારા રાષ્ટ્રના ફલક ઉપર આજે નવું ચિત્ર ચિતરાઈ રહ્યું છે. અને તેમાં દિન પ્રતિદિન નવા નવા રંગો પુરાવા લાગ્યા છે. તેમના વિષે વધારે ને વધારે વિચાર કરતાં એમ લાગે છે કે વિનોબા માત્ર પ્રભાવશાળી વ્યક્તિ નથી, પણ હિંદે આઝાદી મળ્યા બાદ કઇ દિશા એ પ્રયાણ કરવાનું છે એ સૂચવનાર કાળપુરૂષ છે, એક Phenomenon છે. અથવા તો જે થયું છે તે ઘણું થયું છે, અને હવે કોઈ વિશેષ કર્તવ્ય રહેતું નથી અને દેશનાં રૂપ રંગમાં જે થોડા ઘણા ફેરફારો કરવાના બાકી છે તે કાળક્રમે થઈ રહેશે—આવી જે ભ્રામક કૃતકૃત્યતાની વૃત્તિ—self-complesance ની ભાવના—આપણામાંના ઘણાના ચિત્તને આવરી રહી હતી અને આપણને પ્રમાદશીલ બનાવી રહી હતી, તે સામે પ્રજામાનસનો વિનોબાના ઉગમના રૂપમાં એક બળવો છે અને ધાર્યું ધ્યેય સિધ્ધ ન થાય અને રાજ્યક્રાન્તિ પાછળ અત્યન્ત જરૂરી અને એટલેજ અનિવાર્ય એવી આર્થિક અને સામાજિક ક્રાન્તિ ન થાય ત્યાં સુધી જંપ વાળીને બેસવાનો આપણને અધિકાર નથી એવો આપણને આ બળવો પડકાર કરી રહેલ છે.

## આપણી ગતિમન્દતા અને સામ્યવાદનું જોખમ.

અલબત્ત સ્વરાજ્ય પ્રાપ્ત થયા બાદ શાસનારૂઢ કોંગ્રેસ દેશને આગળ લઈ જવા માટે, દેશનાં શક્તિ સામર્થ્ય વધારવા સારૂં કંઈકંઈ યોજનાઓ અજમાવી રહેલ છે, અને તરેહ તરેહના કાયદાકાનુન ઘડી રહેલ છે. પંચવર્ષીય યોજનાઓનો પણ આજ હેતુ છે. દેશમાં સમાજવાદી ભાતની નવ રચના પેદા કરવી—એ ધ્યેયને આ વર્ષ દરમિયાન ભરાયલી આવડી કોંગ્રેસે પોતાના ધ્યેય તરીકે સ્વીકારેલ છે. આમ છતાં પણ આપણી ગતિ બહુ ધીમી હતી અને આપણી વૃત્તિમાં મન્દતા વધતી જતી હતી. બીજી બાજુએ દેશમાં સામ્યવાદી પક્ષનું પ્રભુત્વ ફેલાતું જતું હતું અને દુષ્કાયલો છુંદ્રાયલો ભૂમિહીન અર્થહીન પ્રજા સમુદાય જરૂરી આર્થિક કે સામાજિક ક્રાન્તિ માટે તેની તરફ નજર નાંખી રહ્યો હતો. પણ આ સામ્યવાદી પક્ષ જે કાંઈ કરશે તે હિંસાનિર્ભર હોવાનું એ નિશ્ચિત હતું. આ હિંસાના ઝંઝાવાતમાંથી દેશને બચાવી લેવો અને દેશમાં જેમ બને તેમ જલ્દિથી આર્થિક સમાનતા ઉભી કરવી—આવી ઉત્કટ ભાવનાથી પ્રેરાઇને આજથી ત્રણ વર્ષ પહેલાં વિનોબાજીએ ભૂદાન પ્રવૃત્તિ શરૂ કરી. આ પ્રવૃત્તિનો હેતુ દેશ આખામાં એવું તીવ્ર વાતાવરણ ઉભું કરવાનો છે કે જેને પોતાની માલેકીનું ગણવામાં આવે છે તે કેવળ પોતાનું નથી, તે સમાજમાં વહેંચીને ભોગવવાનું છે—આ વિચાર પ્રજાજનોએ સ્વીકારવો પડે એટલુંજ નહિ, પણ તેનો હમેશા પોતાના જીવનમાં અમલ પણ કરવો પડે. આ વિચારસરણી સામે બીજો વિચારપક્ષ ઉભોજ છે અને તે એમ કહે છે કે આમ સૌ કોઈ પોતાનો માલેકી હક્ક જતો કરે અને પોતાનું હોય તે સમાજમાં વહેંચી દેવાને તૈયાર થાય એ કોઈ કાળે શક્ય નથી. આ માટે તો પ્રથમ કાયદો અને તે પાછળ દંડસત્તાનો ઉપાય છે. તેમના મતે માનવી માત્ર સ્વાર્થી છે અને તે સ્વેચ્છાએ સમર્પણ કરે એવી કોઇ વૃત્તિના અસ્તિત્વને તેઓ સ્વીકારતા નથી. પણ અનુભવ આ એકાન્તિક વિચારને ખોટો પાડતો જાય છે. માનવીમાં જેમ સ્વાર્થ ભર્યો છે તેમ જ તેમાં ઉદાત્ત લાગણીઓ પણ ભરેલી જ છે અને તેને સ્પર્શ થતાં સમાજ ખાતર તે સ્વેચ્છાએ અનેક પ્રકારનો ત્યાગ કરતો આવ્યો છે. ગાંધીજીની સિધ્ધિમાંથી આ જ અનુભવ તારવી શકાય છે. છેલ્લા ત્રણ વર્ષમાં વિનોબાજી જે સાધી શકયા છે તે પણ આ જ વિચારનો અથવા તો શ્રધ્ધાનો પુરાવો છે. આઝાદી બાદ જ્યાં સુધી આર્થિક ક્રાન્તિ પેદા ન થાય ત્યાં સુધી આઝાદી પ્રાપ્તિનો આમપ્રજા માટે બહુ અર્થ નથી અને એ આર્થિક ક્રાન્તિ જો અહિંસક રીતે નિર્માણ કરવી હોય તો આપણ સર્વેએ સત્વર સક્રિય થવું જોઇએ અને લોકમાનસને સ્વેચ્છાસમર્પણના સંસ્કારથી રંગી લેવું જોઇએ. નહિ તો હિંસા તો રાહ જોતી બેઠી છે અને પોતાના અનર્થકારક પરિણામો સાથે આર્થિક ક્રાન્તિ પેદા કરવાની જ છે—આ વિનોબાનો સંદેશ છે અને તે સિધ્ધ કરવા પાછળ તેઓ પોતાની સર્વ શક્તિઓ કેન્દ્રિત કરી રહ્યા છે અને આમજનતાને પોતાના આ મહાન કાર્યમાં જોડાવાનું નિમંત્રણ આપી રહ્યા છે.

## વિનોબાજીનો પડકાર

ઉપર જણાવ્યું તેવી આપણામાં ઘર—કરતી જતી આત્મસંતોષની ભ્રામક વૃત્તિ, કોંગ્રેસી કાર્યકર્તાઓની સત્તાલોલુપતા, અને પ્રતન—અભિમુખતા, અને ગાંધીજીના ખ્યાલથી વિપરીત માર્ગે ગતિ કરી રહેલ શાસનતંત્ર અથવા તો આજની લોકશાહી—આ સર્વને વિનોબાજી પડકારી રહેલ છે અને ગતિની દિશા બદલો, નહિ તો વિનાશ નોતરશો એવી સાફસાફ ચેતવણી આપી રહેલ છે.

## આપણે ત્યાં આવેલી લોકશાહી

સ્વરાજ્ય આવ્યું એટલે આપણે ત્યાં લોકશાહી આવી અને એ લોકશાહી પશ્ચિમે આપણને જેવી શિખવી તેવી આવી અને આપણે કૃતકૃત્યતા અનુભવી. વિનોબાને પણ લોકશાહી તો ખપે જ છે પણ તેમાં રહેલાં કેટલાંક દૂષણો સામે તેઓ કમકમી ઉઠયા છે અને તે દૂષણો દૂર કરવામાં ન આવે તો તે લોકશાહી જ નથી આવો તેમનો મકકમ અભિપ્રાય છે.

## લોકશાહીનું પૃથક્કરણ વિનોબાની દૃષ્ટિએ

આપણે ત્યાં સ્થપાયલી લોકશાહીનાં મુખ્ય લક્ષણો આ મુજબ છે:—દેશવ્યાપી ચૂંટણી દ્વારા ઉભી કરવામાં આવતી ધારાસભાઓ અને પ્રધાનમંડળો, રાજકારણી પક્ષોનું અસ્તિત્વ, કેન્દ્રીભૂત રાજ્યરચના, બહુમતીદ્વારા ચલાવવામાં આવતું રાજ્યશાસન, કેન્દ્રીભૂત મોટા પાયાના ઉદ્યોગો, રક્ષણ અર્થે વિપુલ સૈન્યનું આયોજન. આ બધા સામે વિનોબાજી ચોકકસ મન્તવ્યો ધરાવે છે. તેમના કહેવા મુજબ જાત જાત અને ધર્મસંપ્રદાયના જે ભેદો પ્રસુપ્ત હતા અને મૃતપ્રાય બની રહ્યા હતા તેજ ભેદોને અને કોમકોમના સાંકડાપણાને મોટા પાયા ઉપરની ચૂંટણીઓએ ઉત્તેજિત કરેલ છે, તેમને નવું જીવન આપ્યું છે જે, દેશની પ્રગતિ માટે ભારે ખતરનાક નીવડવા સંભવ છે. આના સ્થાને જેને અંગ્રેજીમાં indirect election કહે છે તે પધ્ધતિને તેઓ આગળ ધરે છે. આજે મધ્યવર્તી સરકારને દેશનું શાસન કરવા માટે પાર વિનાની સત્તાઓ સુપ્રત કરવામાં આવી છે અને એ જ પરિસ્થિતિ પ્રાદેશિક સરકારની છે. આના સ્થાને તેમના મતે પ્રત્યેક ગામડાને નાનું સરખું રાજકારણી એકમ—political unit—બનાવવું જોઇએ અને તેને બને એટલું સ્વાયત્ત અને જીવનની મુખ્ય જરૂરિયાતો પૂરતું સ્વાવલંબી બનાવવું જોઇએ. આ હેતુ સિધ્ધ કરવા માટે પાયામાં રહેલા એકમને બને તેટલી સત્તાઓ સુપ્રત કરવી જોઇએ અને આ રીતે નીચેથી સત્તાની વહેંચણી કરતાં કરતાં બહુ ઓછી સત્તાઓ મધ્યવર્તી સરકારહસ્તક રહેવી જોઇએ. તેમના મતે આજે આપણે જેને લોકશાહી કહીએ છીએ તે વસ્તુતઃ સાચી લોકશાહી નથી, કારણ કે ચાલુ લોકશાહીના પરિણામે બહુમતી ધરાવતા પક્ષનું અલ્પમતી ધરાવતા પક્ષ ઉપર રાજ્ય ચાલતું હોય છે અને ઘણી વખત ૫૧ વિરૂધ્ધ ૪૯ ના પ્રમાણ ઉપર આવી વ્યવસ્થા ચાલ્યા કરતી માલુમ પડે છે. બહુમતીના નામે આ એક પ્રકારની આપખુદી છે. વિનોબાજીની માંગણી એ છે કે રાષ્ટ્રને લગતી મહત્વની બાબતોના નિર્ણયો એકમતીથી અથવા તો અન્ય પક્ષની સહમતી મેળવીને લેવાવા જોઇએ. આમ તેઓ નિષ્પક્ષ લોકશાહીની કલ્પના તરફ લોકોને વાળી રહ્યા છે. નાના ગૃહોદ્યોગો અને ગ્રામોદ્યોગોના ભોગે મોટા પાયાના ઉદ્યોગો આજે નિર્માણ થઈ રહ્યા છે તેમાંના વિજળી, લોખંડનું ઉત્પાદન, વાહનવ્યવહારના સાધનો, જળ-

સચ્ચાઇના ક્રમો—એવા કેટલાક અપવાદો સિવાય અન્યનો તેઓ સખ્ત વિરોધ કરે છે. આજ સુધી આપણી સરકારે ગ્રામોદ્યોગ તરફ પારવિનાનું દુર્લક્ષ્ય સેવ્યું છે અને આજે જે કે ખાદી, ગ્રામોદ્યોગ ખાતું સરકાર તરફથી ઉભું કરવામાં આવેલ છે, એમ છતાં તેને પણ પુરતું મહત્ત્વ આપવામાં આવતું નથી અને સાવકા છોકરા જેવો તેની સાથે વ્યવહાર કરવામાં આવે છે—આ હકીકતથી વિનોબાજીનું દિલ ખૂબ દુભાયલું રહે છે. સૈન્ય પાછળ જે અનર્ગળ ખર્ચ કરવામાં આવે છે તે પણ વિનોબાજીના મતે બીનજરૂરી અને અક્ષમ્ય છે.

## નિષ્પક્ષ લોકશાહી શાસનમુક્તસમાજ

આમ તેમની આખી કલ્પના આ દેશમાં નિષ્પક્ષ લોકશાહી ઉભી કરવાની અને શાસનમુક્ત, શોષણવિહીન, વર્ગવિહીન અહિંસકસમાજ નિર્માણ કરવાની છે. લોકશાહીના આપણે આજ સુધી જે ખ્યાલો સેવતા આવ્યા છીએ તેની સાથે આ કલ્પનાનો મેળ મેળવવો અતિ મુશ્કેલ છે. લોકશાહી એટલે જ પક્ષવાદી રાજ્યરચના એવી આપણી સમજણ છે તો નિષ્પક્ષ લોકશાહી શી રીતે સંભવી શકે? આનો જવાબ વિનોબાજી એમ આપે છે કે તેમણે કલ્પેલી સમાજરચનામાં આડકતરી ચૂંટણી—indirect election—ના પરિણામે આજે જે જુદા જુદા રાજકીય પક્ષોનું મહત્ત્વ છે તે ઘટી જશે, અને એમ છતાં મધ્યવર્તી કે પ્રાદેશિક સરકારોએ જે નિર્ણયો લેવાના હોય તે કેવળ બહુમતીના જોરે ન લેવાય પણ અન્ય પક્ષના આગેવાનો સાથે વાટાઘાટ અને બાંધછોડ કરીને સર્વાનુમતિએ લેવાવા જોઇએ, એમ જ્યાં શક્ય ન હોય ત્યાં પણ અન્ય પક્ષ તટસ્થ રહે અને એટલા પુરતી સહમતી આપે એવી વ્યવસ્થા સ્વીકારાવી જોઇએ. ભિન્ન ભિન્ન વિચારસરણીને અંગે રાજકીય પક્ષો હોય તેનો તેમને વાંધો નથી, પણ તેમને વાંધો છે પક્ષોના રાગદ્વેષ સામે અને આજે ચાલી રહેલા કેવળ બહુમતીના તાંડવ સામે. આવી જ રીતે લોકશાહી કે સરમુખત્યારશાહી, રાજાશાહી કે સામંતશાહી—ગમે તે પ્રબંધ હોય તો પણ તેમાં કોઇને કોઇ પ્રકારનું શાસન તો રહેવાનું જ. તો પછી શાસનમુક્ત સમાજની કલ્પના શી રીતે સંભવે? આનો વિનોબાજી જવાબ આપે છે કે શાસનનો સર્વથા લય—એ ગાંધીવાદનું તેમ જ સામ્યવાદનું પણ એક અન્તિમ સ્વપ્ન છે જ. પણ આજની વાસ્તવિકતામાં શાસનનો સર્વથા લય શક્ય ન હોય તો પણ આજે આપણું આખું જીવન વ્યક્તિગત તેમજ સમષ્ટિગત શાસનની બેડીઓથી જકડાયલું છે. આજનું કલ્યાણરાજ લોકોનું કલ્યાણ કેટલું કરે છે તે સવાલ છે અને —એમ છતાં ભારે કલ્યાણ કરે છે એમ માની લઇએ તો પણ—એ રાજ્યશાસન કલ્યાણ સાધના સાથે લોકજીવનને કાયદાકાનુનની અનેક શૃંખલાઓથી બધી બાજુએથી બાંધતું જાય છે. કોઈ પણ સેવાપરાયણ સંસ્થા ચલાવવી હોય તો ત્યાં પણ શાસનનું નિયંત્રણ હોવાનું જ. આવું વ્યાપક અને ઘેરું રાજ્યશાસન લોકશાહીનો જ એક પ્રકારે પ્રતિકાર છે અને એ દુઃસ્થિતિ જો સાચી લોકશાહી નિર્માણ કરવી હોય તો આપણે નાબુદ કરવી જ રહી. તેમના મતે શાસન એવું હોવું જોઇએ કે વહેતી હવાની માફક જેનું શાસનપણું જનતાને લાગે નહિ અને પ્રજાજનો પોતપોતાના ઉત્કર્ષની પ્રવૃત્તિઓ મુક્ત મને અને સહજપણે સાધી શકે.

## આજની ચૂંટણીપ્રધાન સત્તાલક્ષી કોંગ્રેસ

આજની કોંગ્રેસનું ચૂંટણીપ્રધાન અને સત્તાલક્ષી સ્વરૂપ તેમને ખૂબ સાલે છે. આમ કરીને ગાંધીચીંધ્યા માર્ગથી આપણે ખૂબ દૂર જઈ રહ્યા છીએ એમ તેઓ માને છે. તેઓ સર્વોદય સંમેલનના પ્રાથમિક પ્રવચનમાં જણાવે છે કે "તેઓએ (એટલે કે ગાંધીજીએ) વિચાર્યું હતું કે આ દેશને માથે બોજારૂપ બનેલી પરદેશી હકુમતને ફેંકી દેનારી કોંગ્રેસ—જે દેશની સૌથી મોટી સંસ્થા છે તે—એનું એટલું કાર્ય પૂર્ણ થતાં લોક સેવક સંઘને રૂપે વિકસિત થઈ જાય. જરા વિચારીએ છીએ તો સમજાય છે કે એ વિચારની પાછળ કેટલી કુશળ બુધ્ધિ પડેલી હતી. જો એવું થાત તો દેશની સૌથી મોટી સંસ્થા સેવક સંસ્થા હોય એવી સ્થિતિ આજે હોત. પણ આજે એવી હાલત નથી." તેઓ આગળ ચાલતાં જણાવે છે કે "અહિંસક સમાજમાં તો એવું હોવું જોઇએ કે જે સેવામય સંસ્થા હોય તે જ સૌથી મોટી સંસ્થા હોય. સેવાપ્રધાન એટલે સેવા જેનું મુખ્ય કાર્ય છે એવી સંસ્થા એટલું કહેવાથી મને સંતોષ નથી થતો. તેથી હું કહું છું કે જે સેવામય હોય એટલે સેવા જ જેનું કાર્ય હોય તેવી સંસ્થા. બીજું લોક સેવક સંઘની કલ્પનામાં સત્તા ઉપર સત્તા ચલાવવાની વાત હતી. રાજ્યશાસન કરનારી એક સત્તા રહેત અને આજની જરૂરિયાત મુજબ રાજ્ય કરત. એના હાથમાં દંડશક્તિ રહેત અને એના હાથમાં દંડ સોંપીને બાકીનો આખો સમાજ દંડહીન બનત. પણ દંડસત્તા હાથમાં રાખનારી એ સંસ્થાની ઉપર પણ સત્તાથી અલિપ્ત રહેનારા સમાજની સત્તા ચાલત.—અર્થાત્ સેવા સાર્વભૌમ બનત અને સત્તા સેવિકા બનત."

વિનોબાજીનું આ કલ્પનાચિત્ર વ્યવહારમાં શી રીતે અમલી બને એ આપણી કલ્પનામાં જલ્દિથી ઉતરે તેવું નથી. પ્લેટોનું કહેવું હતું કે જો તત્વજ્ઞાનીઓ રાજ્યસત્તા ઉપર આવે અથવા તો સત્તાધીશો તત્વાજ્ઞાનીઓ હોય તો આદર્શ રાજ્યશાસન નિર્માણ થઈ શકે. 'સેવા સાર્વભૌમ બને અને સત્તા તેની સેવિકા બનીને દંડસત્તાનો અમલ કરે—' આ પણ આવું જ કાંઈક વિધાન છે. કલ્પનામાં સુન્દર છે; વ્યવહારમાં વિકટ અથવા અશક્ય જેવું લાગે છે.

## વિનોબાજીને સમજવા આપણે પ્રયત્ન કરીએ.

આમ વિનોબાજીના કેટલાક વિચારો અને કલ્પનાઓ સાથે આજની વાસ્તવિકતા સાથે સંકલાયેલા આપણા મનની ઘડ ન બેસે એ સ્વાભાવિક છે. લોકશાહીનાં દૂષણો તેઓ જે કાંઈ જણાવે છે તેમાંનાં અમુક દૂષણો આપણને પણ ખૂબ ખુંચે છે અને એમ છતાં આ બધાં દૂષણોને અનિવાર્ય ગણીને આપણે સ્વીકારીએ છીએ; કારણ કે એથી અન્ય પ્રકારની લોકશાહીનો નકશો આપણી આંખ સામે હજુ દેખાતો નથી. પક્ષાપક્ષના ભેદો આપણને પણ સાલે છે, પણ સરમુખત્યારશાહી સિવાય નિષ્પક્ષ લોકશાહીનું બીજું કોઈ ચિત્ર પૂર્ણ સ્વરૂપે હજુ આપણા મન ઉપર ઉઠતું નથી. આમ છતાં પણ વિનોબાજી જેવી વ્યક્તિ કે જે બુધ્ધિમત્તામાં કોઇથી ઉતરે તેમ નથી, જેની જ્ઞાનસમૃધ્ધિ પણ ભારે વિપુલ છે, જે ચોવીશે કલાક આ પ્રશ્નોનું ચિન્તન, મનન અને અનેક રાજનીતિજ્ઞો સાથે પારાયણ કરે છે તે જ્યારે આપણી સામે ઉપર જણાવેલ કોટિના વિચારો રજુ કરે છે ત્યારે એ બધું ખોટું છે, અવ્યવહારૂ છે, કેવળ આદર્શવાદ છે, સ્વપ્નસૃષ્ટિની વાતો છે એમ કહીને એ વિચારોને આપણે હસી કે અવગણી શકતા નથી. જ્યારે વિનોબાજી પુરી પ્રતીતિપૂર્વક આપણી સામે સાચી લોકશાહી કેવી હોવી જોઇએ તે વિષેનું એક બીજું જ ચિત્ર રજુ કરી રહેલ છે ત્યારે—અલબત્ત તેમાં હજુ ઘણી વિગતો પુરાવી બાકી છે અને તે ન બને ત્યાં સુધી તેની વ્યવહારૂતા વિષે આપણું ચિત્ત સંશયગ્રસ્ત રહેવાનું એમ છતાં પણ—તે ચિત્ર ગંભીર વિચારણા માંગે છે એમ કબુલ કર્યા સિવાય ન જ ચાલે. સાથે સાથે એ પણ જણાવવું રહ્યું કે આપણું મન એવી શ્રધ્ધાપૂર્વકની શુભેચ્છા પણ ચિન્તવે છે કે અનુભવગોચર બની રહેલાં પ્રસ્તુત અનિષ્ટોથી મુક્ત અને સર્વોદયકારી એવી કોઈ વ્યવહારૂ લોકશાહીને આપણે ત્યાં અવતારી શકીએ તો કેવું સારું? એમ આપણે કરી શકીએ તો લોકશાહીના વિષયમાં દુનિયાના દેશોને આપણે મૌલિક દોરવણી આપી લેખાશે.

વિનોબાજીના પ્રવચનો સાંભળ્યાં, અન્ય મિત્રો સાથે તેમણે ઉપરની બાબતો વિષે કરેલી ચર્ચા જાતે સાંભળવાની અણધારી તક સાંપડી, થોડો સમય જાતે મળવાનો સુયોગ પણ પ્રાપ્ત થયો, અન્ય આગેવાન

કાર્યકર્તાઓના આઘાત પ્રત્યાઘાતો જાણવા મળ્યા–તે સર્વ ઉપરથી વિનોબાજીની વિચારસરણી જે હું જાણી સમજી શક્યો તેનો અહિં કેટલોક ખ્યાલ આપવા પ્રયત્ન કર્યો છે. તેમાં મનોમન ચાલતું ચિન્તન પણ પરોવાયલું છે. તેમની વિચારસરણી એટલા બધા વ્યાપક પ્રદેશોને સ્પર્શે છે કે તેને સર્વાંગ સ્વરૂપે આટલી ટુંકી નોંધમાં રજુ કરવું અશકય છે.

## વિનોબાજીના વ્યક્તિત્વની ભવ્યતા

વિનોબાજી જે પ્રકારની રાજ્ય તેમજ સમાજની રચના કલ્પી રહ્યા છે તે નજીકના ભાવીમાં મૂર્ત સ્વરૂપ ધારણ કરશે કે કેમ તે વિષે મનમાં હજુ સ્પષ્ટ માર્ગદર્શન થતું નથી. પણ એ વિષે કોઈ શક નથી કે ગાંધીજી હજુ આપણા સ્મરણમાં જીવતા જાગતા છે, એટલામાંજ રાષ્ટ્રના સદ્‌ભાગ્યે એક એવી વ્યકિતનો આપણી વચ્ચે ઉદય થઈ રહ્યો છે કે જે ગાંધીવિચારને સંપૂર્ણતયા અપનાવીને દેશને આગળ દોરી રહેલ છે અને આઝાદી પછી જે આર્થિક અને સામાજિક ક્રાન્તિ પેદા થવી જોઈતી હતી તે ક્રાન્તિને અણધાર્યો અહિંસાલક્ષી વેગ આપી રહેલ છે. ભારતીય સંસ્કૃતિનો જાણે કે નિષ્કર્ષ ન હોય એવું તેમનું ભવ્ય વ્યકિતત્વ છે; તેમના જીભના ટેરવે વેદ, ઉપનિષદ અને ગીતા રમ્યા કરે છે. સર્વાંગસુંદર, પ્રમાણબધ્ધ અને વિમલ વાણીથી યુકત એવાં તેમનાં પ્રવચનો હોય છે; ભાષા ઉપર તેમને અદ્‌ભુત પ્રભુત્વ અને અલૌકિક સંયમ છે; તેમની વિચારણામાં પ્રજ્ઞા અને શ્રધ્ધાનો અનુપમ સમન્વય માલુમ પડે છે. અહિંસાના તેઓ પરમ ઉપાસક છે. અહિંસક સમાજરચના કરવી–અને તે માત્ર ભારતમાંજ નહિ પણ આખા વિશ્વમાં–આવું તેમનું સ્વપ્ન છે. દિવસો જાય છે તેમ તેમની અધીરાઇ વધતી જાય છે. પોતાને તેઓ ઇશ્વરપ્રેરિત માને છે. 'ક્વીટ ઇન્ડીઆ' બાકૃક આજે તેમણે ભારતના યુવાન તેમજ વૃધ્ધ નરનારીઓને હાકલ કરી છે કે બે વર્ષ માટે આ ભૂદાન હીલચાલને તમારી સર્વ શકિત સમર્પિત કરો. તેઓ ભારતની જનતાના આત્માને ચોતરફથી સ્પર્શી રહ્યા છે. લોકશાહીના તેમના ખ્યાલો સાથે આપણી પુરી સંમતિ હોય યા ન હોય, પણ દેશમાં જે આર્થિક સમાનતા તેઓ ઉભી કરવા માંગે છે અને સર્વોદયનું જે સ્વપ્ન તેઓ સિધ્ધ કરવા માંગે છે તેના ઔચિત્ય અને અનિવાર્ય આવશ્યકતા વિષે બે મત હોવા સંભવ છે જ નહિ.

## પૂર્વકાળના જ્યોતિર્ધરો અને વિનોબાજી

જ્યારે જ્યારે કોઈ પણ પ્રજ્ઞાસંપન્ન સત્યનિષ્ટ મહાપુરુષ કોઈ એક ભવ્ય જીવનદર્શન પામીને ધરતીના કોઈ પણ ભાગ ઉપર ઘુમવા માંડે છે ત્યારે ત્યારે તેની પાછળ ક્રાન્તિ હંમેશા દોડતી આવી છે. એ કોટિના ક્રાન્તિકારી મહામાનવો–ભગવાન બુધ્ધ, મહાવીર અને ઇશુખ્રીસ્ત–બે હજાર વર્ષ પહેલાના ભૂતકાળમાં બીરાજે છે. આવીજ કોટિના શ્રીમદ્‌ શંકરાચાર્યે એક હજાર વર્ષ પહેલાં હિંદભરમાં ઘુમીને હિંદુ ધર્મને અદ્વૈત દર્શનની અણમોલી ભેટ ધરી હતી. આધુનિક કાળમાં દાંડીકુચથી દુનિયાએ જેમને જાણ્યા તેવા ગાંધીજીએ હિંદને પરદેશી હકુમતથી મુકત કર્યું અને ભારતવાસીઓને જીવનનાં નવાં મૂલ્યો આપ્યાં. આજે કોઈ વિરાટ શકિતને પોતાના વામન સ્વરૂપમાં સમાવતો એક અભ્યુત યોગી હિંદની પગપાળા મુસાફરી કરી રહ્યો છે; નિરાશામાં ડુબેલી જનતાના દિલમાં નવી આશાનો સંચાર કરી રહેલ છે; જેની પાસે કંઇક છે તેને પોતાની સંપત્તિને અન્ય સાથે વિભાજિત કરવા પ્રેરી રહેલ છે; જેની પાસે કાંઇ નથી તેને કાંઈ મેળવી આપવાનો તે કોલ આપે છે; બુધ્ધિમાનોને નવી દૃષ્ટિ બક્ષે છે; સહૃદય નરનારીઓના દિલમાં વિરાટ સમાજ વિષે સમસંવેદના પ્રગટાવે છે; પદે પદે કાળને સરજે છે; વાયુમંડળમાં નવી ચેતના વહેતી કરે છે; ભારતનો સમસ્ત આત્મા તેની મારફત બોલી રહ્યો છે, વ્યકત થઈ રહ્યો છે; તેના શબ્દે શબ્દે પ્રેરણા ઉદ્‌બોધન નીતરી રહેલ છે; ભારતમાં નૂતન સમાજ નિર્માણ કરવા તેણે ભેખ લીધો છે; તે નથી જાણતો આરામ કે નથી જાણતો વિરામ; સવારના ત્રણ વાગ્યે ઉઠે છે અને ચાર વાગ્યે તેની પદયાત્રા શરૂ થાય છે; આંતરડાના અલ્સરથી પીડાતા સુકલકડી શરીરે તે એક ગામથી બીજે ગામ, એક શહેરથી બીજે શહેર નિરન્તર ભટકે છે અને પોતાના ભિક્ષાપાત્રમાં માગે છે ભૂમિદાન, સંપત્તિદાન, બુધ્ધિદાન, શ્રમદાન. અદ્‌ભુત આશાવાદ તેના વિચારોમાં અણુકલ્પ્યું બળ પુરે છે, તેના પગમાં અવનવી ગતિ પ્રેરે છે; ખરેખર તે એક જીવન્ત મહાકાવ્ય છે. તેણે ટેલ નાંખી છે દેશની સંપત્તિનું સમવિભાજન કરવાની, દેશની ભૂમિનું ન્યાયપુરઃસરનું વિતરણ કરવાની, ભારતભરમાં સર્વોદય સમાજની સ્થાપના કરવાની. આ મૂર્તિમન્ત ક્રાન્તિને કોણ ધનિકારી શકવાનું છે? આવતી આંધીને કોણ અવગણી શકવાનું છે? તેને સાંભળ્યે તેમ જ સ્વીકાર્યે જ આપણુ સર્વનો છૂટકો છે. આવા આ પુરૂષમાં પૂર્વોકત જ્યોતિર્ધરોની પરંપરા પુનર્જીવિત થતી આપણે નિહાળીએ છીએ અને તેની પુનિત પદપંકિતથી વસુંધરાને આપણે પાવન થતી અનુભવીએ છીએ.

## આપણી ફરજ, આપણો ધર્મ

આપણી ફરજ છે, આપણો ધર્મ છે કે આ લોકોત્તર પુરૂષને આપણે બને તેટલો સાથ આપીએ, તેમના સહયાત્રી બનીએ. તેમને સાથ આપવો એટલે તેમને સમ્યક્‌ પ્રકારે સમજવા ગ્રહણ કરવા, તેઓ આપણી પાસેથી અપેક્ષા રાખે છે તેવો ત્યાગભાવ કેળવવો અને ભકિત, કર્મ અને જ્ઞાનની એ વહેતી ગંગામાં પોતાની જાતને વહેતી કરીને આત્માને કૃતકલ્ય બનાવવો.

## આ એક વિશિષ્ટ પ્રકારની યાત્રા

પ્રવાસ સાથે મારા ચિત્તનું ઉર્ધ્વીકરણ જોડાયલું હોઇને કોઈપણ પ્રવાસ મારા માટે એક પ્રકારની યાત્રા જ બને છે. તેમાં પણ આ પ્રવાસ એક સાથે બે તીર્થોનો સંપર્ક સધાવાને લીધે વિશેષ પ્રકારે યાત્રારૂપ બન્યો છે. એક તો આપણુ સર્વ માટે જંગમ તીર્થરૂપ બનેલા વિનોબાજી. તેમના વિષે તેમજ તેમના સમાજદર્શન માટે મારા મન ઉપર પડેલી છાપને યાત્રાવર્ણનના આ હકૃતામાં ત્રુટક ભાષામાં રજુ કરવાનો–આલેખવાનો મેં પ્રયત્ન કર્યો છે. હવે પછીના હકૃતામાં જગન્નાથપુરી આસપાસ થોડુંક ઘુમીને કલકત્તા થઇને પુરાણપ્રસિધ્ધ તીર્થાધિરાજ હિમાલયમાં આવેલા દાર્જીલીંગ તરફ આપણે ઉડ્યન કરીશું.

અપૂર્ણ

પરમાનંદ

# સંઘની સામયિક પ્રવૃત્તિ

## સતરમા વર્ષમાં પ્રવેશ કરે છે

### વાંચકોને સહકારપ્રાર્થના

તા. ૧૫–૪–૫૫ ના અંક સાથે મુંબઈ જૈન યુવક સંઘે તેની નવરચના થયા બાદ શરૂ કરેલી સામયિક પ્રવૃત્તિ પ્રબુધ્ધ જૈનનાં ૧૪ વર્ષ અને પ્રબુધ્ધ જીવનનાં ૨ વર્ષ–એમ કુલ ૧૬ વર્ષ પુરાં કરે છે અને આ અંક સાથે ૧૭ મા વર્ષમાં પ્રવેશ કરે છે. આગળનાં વર્ષો કરતાં ગતવર્ષના પ્રબુધ્ધ જીવનની અનેક વિશેષતાઓ ખાસ ધ્યાન ખેંચે તેવી છે. ગત વર્ષ દરમિયાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પોતાનો રજત મહોત્સવ ઉજવ્યો હતો અને તેના અનુસંધાનમાં પ્રબુધ્ધ જીવનનો ૬૪ પાનાનો એક સચિત્ર વિશેષ અંક કાઢવામાં આવ્યો હતો. આ અંકમાં રજત મહોત્સવના કાર્યક્રમની સંપૂર્ણ વિગતો આપવામાં આવી હતી. એજ અંકમાં લેખસામગ્રીનું પણ સારૂં વૈવિધ્ય હતું અને તેમાં પણ પંડિત સુખલાલજીના 'મારૂં અધ્યયન' એ મથાળાના લેખે શિષ્ટ જનતાનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. પંડિત બેચરદાસ જીવરાજ દોશીની આત્મકથા સમી 'મારી કહાણી' એ વિશેષ અંકથી શરૂ થઇ હતી અને બાકીના હકૃતાઓ પછીના ચાર અંકમાં ક્રમશઃ પ્રગટ કરવામાં આવ્યા હતા. આ તેમની જીવનસાધનાનો ઇતિહાસ એક નાના પુસ્તકમાં છાપવા યોગ્ય બન્યો છે. તા. ૧–૬–૫૪ ના અંકમાં જીવદયા–પશુદયા–વિષેનાં મૂળ ચીની ચિત્રો, અને ચીની કાવ્યો તેના અંગ્રેજી તથા ગુજરાતી અનુવાદો સાથે પ્રગટ કરવામાં આવ્યાં હતાં અને તે દ્વારા પશુદયાના પ્રશ્નને બહુ આકર્ષક રીતે રજુ કરવામાં આવ્યો હતો. તા. ૧–૭–૫૫ તથા તા. ૧૫–૭–૫૫ ના અંકોમાં એમ બે હકૃતે–પ્રગટ થયેલ સંતતિનિયમન ઉપરનો લેખ અન્ય અનેક સામયિકોમાં

ઉધ્ધૃત કરવામાં આવ્યો હતો અને હિંદી પાક્ષિક 'તરૂણ'માં તેનો અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો હતો. 'વર્લ્ડ-ટીચર શ્રી કૃષ્ણમૂર્તિ' એ મથાળાના લેખને અનેક વિદ્વાનો અને ચિન્તકો તરફથી સારો આવકાર મળ્યો હતો. 'દિગંબર સાધુઓનું નગ્નત્વ અને અન્ય આચાર-વિશેષતાઓ' એ મથાળાના લેખે દિગંબર સમાજમાં ભારે પ્રક્ષોભ પેદા કર્યો હતો. બાર માસ દરમિયાન સૌથી વિશેષ ધ્યાન તેરાપંથી સંપ્રદાયની અહિંસા વિષયક માન્યતાઓની વિસ્તૃત સમાલોચના કરતા 'અહિંસાની અધુરી સમજણ' એ મથાળાના લેખે ખેંચ્યું હતું. અને તે લેખને બહુજ વ્યાપક પ્રસિધ્ધિ મળી હતી. આ પ્રકારની વિવિધ લેખસામગ્રી ગત વર્ષના પ્રબુધ્ધ જીવન દ્વારા ગુજરાતી વાંચકોને પીરસવામાં આવી હતી. પ્રબુધ્ધ જીવનનું નિયમ મુજબનું કદ આઠ પાનાનું એટલે વર્ષના ૧૯૨ પાનાનું છે. આને બદલે ગત વર્ષમાં પ્રગટ થયેલ વિશેષ અંક સાથે પ્રબુધ્ધ જીવન મારફત ૨૮૦ પાનાનું વાંચન પુરૂં પાડવામાં આવ્યું હતું અને પ્રસંગોચિત ચિત્રો અને છબીઓ દ્વારા તેને આકર્ષક બનાવવામાં આવ્યું હતું.

આજે નવા વર્ષમાં પ્રવેશ કરતાં પ્રબુધ્ધ જીવનના વાંચકો સમક્ષ અમારી મુંઝવણ અને સહકારપ્રાર્થના નમ્રભાવે કરીએ છીએ. પ્રબુધ્ધ જીવન દ્વારા જે માહીતી અને વિચારસામગ્રી પુરી પાડવાનો અમારો મનોરથ છે તેના પ્રમાણમાં બહુ ઓછી સામગ્રી પુરી પાડી શકાય છે એનું અમને પુરૂં ભાન છે. એમ છતાં પણ સાથે સાથે એમ પણ જણાવવું જ જોઇએ કે સંઘના આર્થિક ગજાને વટાવીને પ્રબુધ્ધ જીવન આજ સુધી ચલાવવામાં આવ્યું છે અને તેની ખોટને પહોંચી વળવાની ચિન્તા સંઘના સંચાલકોના શિર સદા ઉભેલી હોય જ છે. કોઈ વર્ષે આ ખોટ પર્યુષણ જેવા વ્યાખ્યાન-સપ્તાહમાં પુરી થાય છે તો કોઈ વખત બીજા વર્ષ ઉપર તેને ખેંચવી પડે છે. વાંચકો જોઈ શકશે કે આઠ પાનાનો નિયમ હોવા છતાં સાધારણ રીતે પ્રબુધ્ધ જીવન દશ પાનાનું અને કદિ કદિ બાર પાનાનું આપવામાં આવે છે. અમુક બાબતો આ વખતે આપવી જ જોઇએ, અમુક પ્રવચનો તો પ્રબુધ્ધ જીવનના વાંચકોને વખતસર મળવાં જ જોઇએ-એ તમન્નામાં પાનાની મુકરર કરેલી સંખ્યાને વળગી રહેવાનું બનતું જ નથી. જાહેરખબર એ એક અસત્ય પ્રચારનો જ હળવો યા ભારે પ્રકાર છે એમ સમજીને પ્રારંભથી અમે તેથી દૂર રહ્યા છીએ અને તે ટેકને હજુ પણ અમે વળગી રહેવા માંગીએ છીએ. પરિણામે અન્ય સામયિકો માફક તે આડકતરી આવકનો કોઈ લાભ પ્રબુધ્ધ જીવનને મળતો નથી. પ્રબુધ્ધ જીવને પોતાના ટકાવ માટે સંઘના સભ્યો પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો અને તેથી પુરૂ ન પડે તેટલા પૂરતો પોતાના શુભેચ્છકો-પ્રેશંસકો ઉપર આધાર રાખવાનો રહે છે. પ્રબુધ્ધ જીવનની બીજી ત્રુટિ-વિશેષતા ગમે તે હો-પણ તેણે સત્ય અને ન્યાય સિવાય આજ સુધી અન્ય કોઈની ઉપાસના કરી નથી; માનવી માનસમાં રહેલી સંકુચિતતા અને રાગદ્વેષની વૃત્તિને પંપાળીને લોકપ્રિય બનવાની કદિ આકાંક્ષા સેવી નથી; વિવેક અને સંયમની ઉપેક્ષા કરીને તેણે કદિ પણ પોતાની લેખિની ચલાવી નથી. સમાજના પ્રશ્નો વિષે સ્પષ્ટ, નિડર અને સમ્યક દર્શન આપવું એ હંમેશા તેનું ધ્યેય રહેલું છે. એ ધ્યેયને પહોંચી વળવામાં અમારી અધુરી સમજણ, અપુરતી તાકાત તેમ જ વિદ્વાનો અને ચિન્તકોનો પુરતો સહકાર ન મળવાના કારણે અમે અવારનવાર અસમર્થ નીવડ્યા હોઇશું. આમ છતાં અમારી ભાવના સતત એ ધ્યેયને યથાશક્તિ પહોંચી વળવાની જ રહી છે. આ ઉદ્ગારમાં જેને કેવળ દર્પોક્તિ ન ભાસે પણ તેની પ્રમાણીકતામાં જેને પ્રતીતિ પડે તેવાં પ્રબુધ્ધ જીવનના દરેક વાંચકને-પછી તે સંઘનો સભ્ય હોય, પત્રનો ગ્રાહક હોય કે લાઇબ્રેરીનો પાઠક હોય-અમારી વિનંતી છે કે જો તે લેખક અને ચિન્તક હોય તો જે કોટિનું સાહિત્ય પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવે છે તે કોટિના લેખો અમારી ઉપર મોકલતો રહે, તે સામાન્ય વાંચક હોય તો પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો બને તેટલા વધારી આપે, તે સ્થિતિસંપન્ન હોય તો પોતા તરફથી વાર્ષિક લવાજમો ભરીને પોતાના મિત્રો તથા સ્વજનોને પ્રબુધ્ધ જીવન મોકલવાનો પ્રબંધ કરે, અથવા તો પ્રબુધ્ધ જીવનના નિભાવ અર્થે યથાશક્તિ દ્રવ્ય મોકલે અને અમારી ચિન્તા હળવી કરે. આમ ભિન્ન ભિન્ન બાજુઓથી સહકાર વહેવો શરૂ થાય તો અમને શ્રધ્ધા છે કે અધખીલી પાંખડીઓ-વાળા કમળ જેવું આજનું પ્રબુધ્ધ જીવન આવતી કાલે સહસ્રદળ કમળનું રૂપ ધારણ કરે અને શાસક વર્ગ અને શાસિત વર્ગ-ઉભયનું વિચારશાસન કરતી એક ભવ્ય શક્તિનો પ્રબુધ્ધ જીવનદ્વારા આવીર્ભાવ થાય. અમારા આ સ્વપ્નને-મનોરથને-મૂર્તિમન્ત કરવાનું બળ તેમ જ યોગ્યતા અમને વિશ્વવ્યાપી ચૈતન્ય શક્તિમાંથી પ્રાપ્ત થાઓ એ જ પ્રાર્થના!

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ તા. ૨૮-૪-૫૫

ખીમજી માડણ ભુજપુરીઆ, પ્રમુખ
પરમાનંદ કુંવરજી કાપડિયા, મંત્રી
શાન્તિલાલ દેવજી નંદુ ,,

# શત્રુંજય હરિજન પ્રવેશને મળેલું હાર્દિક અનુમોદન

## મુંબઇના જૈનોની જાહેર સભા

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ તાજેતરમાં શત્રુંજ્યનાં મંદિરો સૌ કોઈ દર્શનાર્થી માટે ખુલ્લાં જાહેર કર્યાં એ સંબંધે તેમને અભિનન્દન આપવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૨૮-૪-૫૫ ગુરૂવારના રોજ હીરાબાગની વ્યાખ્યાનશાળામાં મુંબઈ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી. એસ્. કે. પાટીલના પ્રમુખપણા નીચે જૈનોની એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. સભામાં જૈન સમાજના આગેવાનોએ ઠીક પ્રમાણમાં હાજરી આપી હતી. શ્રી. એસ્. કે. પાટીલને સભાનું પ્રમુખસ્થાન સ્વીકારી કામકાજ શરૂ કરવાની વિનંતિ કરતાં મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ **શ્રી. ખીમજી માડણ ભુજપુરીઆએ** જણાવ્યું હતું કે "મુંબઈમાં આજે પાટીલ સાહેબની ઓળખાણ આપવાની કોઈ જરૂર જ ન હોય. છેલ્લાં ૨૦ વર્ષથી તેમની સાથે મારો પરિચય છે. મુંબઇ શહેરની, મુંબઈ કોંગ્રેસની, મુંબઇની કોરપોરેશનની તેમણે અનેકવિધ સેવાઓ કરી છે અને મુંબઇ શહેરને વિકસાવવામાં તેમનો બહોળો ફાળો છે. મુંબઇ વિષે તેમને અપાર મમતા છે અને મુંબઇને અન્ય પ્રાન્તોથી અલગ અને સ્વતંત્ર રાખવા તેઓ મથી રહ્યા છે. રાજકીય ક્ષેત્ર માફક સામાજિક ક્ષેત્રે પણ તેમની પુષ્કળ પ્રવૃત્તિ રહી છે. આજે આંધ્રમાં કોંગ્રેસને જીતાડીને અખિલ હિંદમાં તેમણે અપૂર્વ પ્રતિષ્ઠા અને નામના મેળવી છે. આવી એક વિશિષ્ટ વ્યક્તિને આજની મહત્વની સભાના પ્રમુખસ્થાન માટે મેળવીને મુંબઈ જૈન યુવક સંઘ ભાગ્યશાળી અને તેમનું ઋણી બન્યું છે. આ સભાનું પ્રમુખસ્થાન લેવા અને કામકાજ શરૂ કરવા હું તેમને વિનંતિ કરૂં છું."

શ્રી. એસ્. કે. પાટીલે પ્રમુખસ્થાન સ્વીકાર્યા બાદ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના મુખ્ય મંત્રી **શ્રી. નાથાલાલ ડી. પરીખે** શત્રુંજ્ય મંદિર પ્રવેશ સંબંધે લેવાયલા આવા મહત્વના નિર્ણયનું અનુમોદન કર્યું હતું, તેનો વિરોધ કરનારા સાધુઓને સમય ઓળખવા અનુરોધ કર્યો હતો અને અસ્પૃશ્યતાને આપણા સામાજિક તેમ જ ધાર્મિક જીવનમાંથી નામુદ કરવા જૈન સમાજને આગ્રહ કર્યો હતો.

### ઠરાવની રજુઆત

ત્યાર બાદ **શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ** જૈન મંદિરો અને હરિજનપ્રવેશ અંગે આજ સુધીની કાયદાની સ્થિતિ શું છે તેનો ખ્યાલ આપ્યો હતો અને મુંબઈ પ્રદેશને લાગુ પડતું હરિજન મંદિર પ્રવેશ બીલ, જૈન મંદિરો માટે અપવાદ સૂચવતો ચાર વર્ષ પહેલાંનો મુંબઇની હાઇકોર્ટનો ચુકાદો, તે અપવાદને રદ કરવા માંગતો લોકસભા સમક્ષ આવેલો અસ્પૃશ્યતા અપરાધ ધારો, હિંદુ-જૈન પ્રશ્ન, રાજ્યબંધારણમાં તે સંબંધે સ્પષ્ટતા વગેરે બાબતોનો તેમણે વિગતવાર ઉલ્લેખ કર્યો હતો અને આગળ બોલતાં જણાવ્યું હતું કે "કાયદાથી હરિજનોને જૈન મંદિરમાં દાખલ થવાની છુટ મળે કે ન મળે એ મુદ્દાને હું બહુ મહત્વ આપતો નથી. મારે મન પ્રશ્ન તો એ છે કે જૈન મંદિરોમાં પ્રવેશ કરતાં આજ સુધી હિંદુ, મુસલમાન, પારસી કે

કોઈપણ પરદેશીને રોકવામાં આવ્યા નથી, એટલું જ નહિ પણ અન્ય-ધર્મીઓને હંમેશા આપણાં મંદિરોમાં આવકારવામાં આવ્યા છે; 'સવી જીવ કરું શાસનરસી' એવી આપણી હંમેશા ભાવના રહી છે. આ મંદિરોમાં અમુક વ્યક્તિ અસ્પૃશ્ય છે એમ કહીને તેને પ્રવેશ કરતી અટકાવવાનો આપણને શું હક્ક છે? હિંદુસમાજમાં જૈન સમાજને અન્તર્ગત લેખો કે ન લેખો, પણ અસ્પૃશ્યતાની રૂઢિ આપણે ત્યાં હિંદુ સમાજના ગાઢ પરિચયના કારણે કંઈ કાળથી ઘર કરી બેઠી છે. આમ છતાં વૈદિક ધર્મશાસ્ત્રોમાં અસ્પૃશ્યતાનું સમર્થન કરતાં અનેક ઉલ્લેખો મળે તેમ છે જ્યારે જૈન ધર્મ શાસ્ત્રોમાં આવો એક પણ ઉલ્લેખ મળવા સંભવ નથી. હિંદુ સમાજમાંથી અસ્પૃશ્યતા વિદાય લઈ રહી છે, તેમનાં પુરાણપ્રસિદ્ધ મંદિરો અને તીર્થસ્થાનો હરિજનો માટે ખુલ્લાં થઇ રહ્યાં છે, જ્યારે અન્ય પાસેથી ઉછીની લીધેલી અસ્પૃશ્યતા આપણું ગળું પકડીને બેઠી છે અને આપણા કેટલાક જાણીતા ધર્માચાર્યો આણંદજી કલ્યાણજીની પેઢીએ લીધેલા આ પગલાને જોરશોરથી વખોડી રહ્યા છે અને અસ્પૃશ્યતાને ધાર્મિકતાનું રૂપ આપી રહ્યા છે. આ અત્યન્ત દુઃખદ અને શરમાવનારી બીના છે. આ ધર્માચાર્યો કાળ-બળને ઓળખવાનો ઇનકાર કરે છે, એટલું જ નહિ પણ નાત જાત, છુત અછુત, ઉંચ નીચ એવા કોઈ પણ ધોરણને નહિ સ્વીકારતાં ધર્મોપાસના માટે સર્વ માનવીઓને સરખા લેખતા જૈન ધર્મનું અપમાન કરી રહ્યા છે અને જૈન ધર્મને વિશાળ સમાજ સમક્ષ વિકૃત આકારમાં રજુ કરી રહ્યા છે. આવા પ્રક્ષોભની હિમતભેર સામે થઇને અને પૂર્વ પરંપરા અને આધુનિક વિચાર વાતાવરણને લક્ષ્યમાં લઇને હરિજન મંદિરપ્રવેશના વિષયમાં આણંદજી કલ્યાણજીએ જૈન સમાજને સાચી દોરવણી આપી છે, જેનું પરિણામ અન્ય જૈન મંદિરો સૌ કોઈ માટે ખુલ્લાં થવામાં જ માત્ર નહિ પણ જૈન સમાજમાંથી અસ્પૃશ્યતાને સદન્તર નાબુદ કરવામાં આવશે એવી આપણે આશા રાખીએ. આમ જણાવીને તેમણે નીચે મુજબનો ઠરાવ રજુ કર્યો હતો:–

**"જૈન મંદિરોનાં દ્વાર હંમેશા સૌ કોઇ માટે ખુલ્લાં રહ્યાં છે અને જૈન ધર્મમાં સ્પર્શ્ય અસ્પર્શ્યના ભેદને કોઈ સ્થાન નથી અને ધર્મોપાસનાના ક્ષેત્રમાં સૌ માનવીને સરખા ગણવામાં આવ્યા છે– એવી પરંપરાને લક્ષ્યમાં લઇને, શત્રુંજયના તીર્થ ઉપર હરિજનોના પ્રવેશનો પ્રશ્ન થોડા સમય ઉપર જ્યારે ઉભો થયો ત્યારે શત્રુંજય ઉપર જે કોઈ જૈન આચારને અનુસરીને દર્શનાર્થે આવે તેને રોકવામાં નહિ આવે એવી હિંમતભરી જાહેરાત કરવા માટે તે તીર્થના વહીવટ-કર્તા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇને તથા અન્ય વહીવટદાર પ્રતિનિધિઓને મુંબઇમાં આજ રોજ મળેલી જૈનોની જાહેર સભા હાર્દિક ધન્યવાદ આપે છે અને એ નીતિને અન્ય જૈન તીર્થોના વહીવટદારો અને જૈન મંદિરોના ટ્રસ્ટીઓ અપનાવશે, પોતપોતાની હસ્તકનાં જૈન મંદિરો બહુજનસમાજ માટે ખુલ્લાં જાહેર કરશે અને એ રીતે જૈન સમાજમાં કેટલાક કાળથી રૂઢ બનેલી અસ્પૃશ્યતાની વૃત્તિને સદાને માટે રુખસદ આપશે એવી આ સભા આશા રાખે છે."**

## પ્રાસંગિક વિવેચનો

આ ઠરાવને બોમ્બે જૈન ડીલર્સ એસોસીએશનના ઉપપ્રમુખ કચ્છી સમાજના આગેવાન **શ્રી. વીરજી નરશી સાલીઆએ** અનુમોદન આપ્યું હતું અને આણંદજી કલ્યાણજીના આ ઠરાવથી સંતોષ નહિ માનતાં આ લડતને આગળ ચલાવવાની અને અસ્પૃશ્યતાને જૈન સમાજમાંથી સદાને માટે નાબુદ કરવાની હાકલ કરી હતી.

વિશેષ સમર્થનમાં બોલતાં જૈન શ્વે. મુ. કોન્ફરન્સના મુખ્ય મંત્રી **શ્રી. રતીલાલ ચીમનલાલ ઝવેરીએ** જૈન સમાજના જાણીતા આચાર્ય સદ્‌ગત શ્રી બુધ્ધિસાગરસૂરિએ અસ્પૃશ્યોને જૈન ધર્મ તરફ કેવી રીતે આકર્ષ્યા હતા અને તેમની પ્રેરણાથી કેટલાક અસ્પૃશ્યોએ જૈન ધર્મ અંગીકાર કર્યો હતો તેની વિગતો રજુ કરી હતી અને જણાવ્યું હતું કે "તાજેતરમાં વિદેહ થયેલા શ્રી વિજયવલ્લભસૂરિએ પણ અનેકવાર કહ્યું હતું કે આપણા ધર્મમાં કોઇ અસ્પૃશ્ય છે જ નહિ. સૌ માનવી સરખા છે અને ધર્મારાધનાના અધિકારી છે. વળી આપણે તીર્થંકરોના સમવસરણની વિગતો વાંચીએ છીએ તો માલુમ પડે છે કે એ સમવસરણમાં ભગવાનને સાંભળવા નાના મોટા–ઉંચ નીચ સૌ કોઇ આવતા હતા એટલું જ નહિ પણ પશુપંખીઓ પણ એકઠાં થતાં હતાં– ત્યાં કોઈ કોઇનો ટાળો કરવામાં આવતો નહોતો. આપણી ધર્મની આવી ઉદાર માન્યતાઓ છે અને ઇતિહાસ પણ આવા ઉદાર દૃષ્ટાન્તોથી ભરેલો છે. આમ છતાં કલકત્તા બેઠેલા શ્રી વિજયરામચંદ્રસૂરિ અને અન્ય સાધુઓ આણંદજી કલ્યાણજીનો આ બાબતમાં આવો કટ્ટર વિરોધ શા માટે અને કેવી સમજણથી કરી રહ્યા છે તે કોઈ કલ્પનામાં આવતું નથી. તેઓ જૈન સમાજને ઉશ્કેરી રહ્યા છે કે આણંદજી કલ્યાણજીને કરેલો ઠરાવ પાછો ખેંચી લેવાની ફરજ પાડો અને આમ છતાં પણ શેઠ કસ્તુરભાઈ લાલભાઈની દોરવણી નીચે આણંદજી કલ્યાણજી પોતાના ઠરાવને વળગી રહે તો કસ્તુરભાઈ લાલભાઇને એ પેઢીના પ્રમુખસ્થાન ઉપરથી ઉખેડી નાંખો. આવી સમજણવગરની જેહાદ પોકારનારા આચાર્યોને હું ચેતવણી આપું છું કે કસ્તુરભાઈને આ પ્રશ્ન ઉપર ઉખેડી નાખવા જતાં તેઓ પોતે ઉખડી ન જાય એ ધ્યાનમાં રાખે."

ભારત જૈન મહામંડળના કાર્યાધ્યક્ષ **શ્રી. તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી**એ વિવેચન કરતાં જણાવ્યું કે "આ પ્રશ્ન ઉપર શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ કરતાં દિગંબર મૂર્તિપૂજક સમાજમાં વધારે કટ્ટરતા જોવામાં આવે છે. ઇન્દોર બાજુએ હરિજનો સરઘસ કાઢીને ગાજતે વાજતે જૈન મંદિરમાં દાખલ થવા જાય છે અને ત્યાંના જૈનો મંદિરને તાળાં લગાવીને ભાગી જાય છે અથવા તો બહારથી તાળું મારીને અંદરથી પૂજાપાઠ ચાલુ રાખે છે. જૈનોનું આ વર્તન ભારે હાસ્યાસ્પદ લાગે છે અને અંદર પુરી દેવામાં આવતા ભગવાનની દયા આવે છે. જૈન ધર્મની આ તે કેવી સમજણ? હું પોતે થોડા દિવસ પહેલાં કલકત્તા ગયો હતો અને રામચંદ્રસૂરિને મળ્યો હતો. તેમણે આ વાત કાઢી અને પોતે ઉપાડેલી લડતની વાતો કરી. મેં કહ્યું કે મહારાજ, તમારા એ દિવસો ગયા છે. આ પ્રશ્ન ઉપર આજે તમે જૈન સમાજને ઉશ્કેરી નહિ શકો અને તમારી લડતમાં જૈન સમાજનો સાથ મેળવી નહિ શકો. જૈન સમાજે છેલ્લાં ૩૦ વર્ષમાં ખૂબ વિચારપ્રગતિ સાધી છે એ તમારે ધ્યાનમાં લેવી જોઇએ."

જૈન મહિલા સમાજના મંત્રી અને મુંબઈ જૈન યુવક સંઘના ઉપ-પ્રમુખ **શ્રી. લીલાવતીબહેન દેવીદાસે** પ્રસ્તાવને ટેકો આપતાં જણાવ્યું કે આણંદજી કલ્યાણજીની પેઢીના આ ઠરાવે વર્ષોથી ચાલી આવતું અસ્પૃશ્યતાનું પાપ ધોવાનો પ્રસંગ આપણા માટે ઉભો કર્યો છે અને તે માટે આપણે જેટલો સંતોષ અને આનંદ માનીએ તેટલો ઓછો છે. અસ્પૃશ્યતાને ટેકો આપતા આચાર્યો જે કુળમદનું ભગવાન મહાવીરને ભારે પ્રાયશ્ચિત કરવું પડ્યું હતું તે જ કુળમદની ભાવનાને પોષી રહ્યા છે. આવી વાતો કરવાનું જો આ સાધુઓ ચાલુ રાખશે તો તેમનું કોઈ પણ જૈન ઉપાશ્રયમાં સ્થાન નહિ રહે એ તેમણે સમજી લેવું જોઇએ."

## પ્રમુખનો ઉપસંહાર

સમગ્ર ચર્ચાનો ઉપસંહાર કરતાં મુખ્યસ્થાનેથી માન્યવર **શ્રી. એસ. કે. પાટીલે** જણાવ્યું કે "હિંદુસમાજથી હું જૈનસમાજને અલગ ગણતો જ નથી. બન્ને વચ્ચે પરાપૂર્વથી ઘનિષ્ટ સંબંધ રહેલો છે. હું હિંદુ ધર્મને સનાતન ધર્મ તરીકે ઓળખું છું. હિંદુ શબ્દ તો બહુ પાછળથી આવેલ છે. આપણાં ધર્મશાસ્ત્રોમાં હિંદુ જેવી કોઈ ચીજ નથી. આ સનાતન ધર્મમાં પણ અસ્પૃશ્યતા કોઈ બનાવટી ચીજ માફક દાખલ થઈ છે. હિંદુ ધર્મ અથવા તો સનાતન ધર્મની એ વિશેષતા છે કે તે ધર્મ માણસને આગળ વધવાનો–ઉંચે ચઢવાનો–રસ્તો માત્ર બતાવે છે. તેના માટે કોઈ અમુક ધર્મગ્રંથને જ માન્ય રાખવાનું બંધન નથી. બાઇબલમાં શ્રધ્ધા હોય તે ખ્રીસ્તી કહેવાય, કુરાનને ઇશ્વરપ્રણીત સ્વીકારે તે મુસલમાન કહેવાય. હિંદુ ધર્મમાં તો વેદને માને અને ન માને એ બધાનો સમાવેશ થાય છે. ઉપાસનાના અનેક માર્ગો એક જ ધર્મના નામ નીચે કોઈ ધર્મ રજુ કરતો હોય તો તે માત્ર હિંદુધર્મ છે. આજે હું વૈદિક છું; આવતી કાલે હું મારી જાતને જૈન કહી શકું છું. એમ છતાં મારા હિંદુપણાને કે મારા સનાતન

ધર્મને કશી આંચ આવતી નથી. આવો વિશાળ આપણો સનાતન ધર્મ છે અને એ જ ભાત જૈન ધર્મની છે.

"અસ્પૃશ્યતા હિંદુધર્મના પાયામાં રહેલી કોઈ વસ્તુ નથી. તે તો પાછળથી એકઠો થયેલો કચરો છે; સંચિત થયેલું માલિન્ય છે. હિંદુ ધર્મમાં મૂળેય તે અસ્પૃશ્ય એવો શબ્દ જ ન હતો. તે શબ્દ તો પાછળથી નિર્માણ કરવામાં આવ્યો છે. મૂળ શબ્દ હતો અન્ત્યજ આ વિષે ગરુડપુરાણ જોશો તો માલુમ પડશે કે અન્ત્યજ શબ્દમાં સાત પ્રકારના વર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દાખલા તરીકે ધોબી, ચમાર, નટ, બરુડ (એક પ્રકારની વર્ણસંકર પ્રજા) ભીલ, મચ્છીમાર અને મહાર, હવે આ વર્ગોમાંથી આજે આપણે ધોબી, ચમાર, નટ, ભીલ, કે મચ્છીમારને અસ્પર્શ્ય લેખતા જ નથી. નટો તો આજે પુજાય છે. આ બતાવે છે કે અસ્પર્શ્યતાનો ખ્યાલ હંમેશા બદલાતો રહ્યો છે. અને આજે એ ખ્યાલને મૂળમાંથી નાબુદ કરવાનો આપણે પ્રયત્ન શરૂ કર્યો છે. માનવતાના આજના ખ્યાલ સાથે અસ્પૃશ્યતા હવે કોઈ રીતે ટકી શકે તેમ છે જ નહિ એ આપણે સમજી લેવું જોઇએ.

"હિંદુ ધર્મ આજે આટલો જીવન્ત લાગે છે તેનું કારણ એ છે કે તે કદિ સ્થગિત રહ્યો જ નથી. તેનામાં સદા પરિવર્તન નીપજાવે એવી એક ચેતના રહેલી છે–તે સતત dynamic છે. એ ધર્મની એવી કોઈ વિશાળતા છે કે તેના મૂળ આકારમાં જેને અવતાર તરીકે સ્વીકારવામાં આવેલ નથી દા. ત. ઈશુખ્રીસ્ત તેને પણ આપણે સહજ ભાવે હિંદુધર્મના એક અવતાર તરીકે સ્વીકારી શકીએ છીએ અને એક રીતે હિંદુ ધર્મનું ગૌરવ કરી શકીએ છીએ.

"ધર્મનો અર્થ ધારણ કરવું એ છે. ધારણા ઇતિ ધર્મઃ. આનો અર્થ જ એ છે કે ધર્મનું સ્વરૂપ સદા પરિવર્તનશીલ હોવું જોઇએ; દેશકાળને અનુરૂપ ધર્મના ખ્યાલો નિર્માણ થવા જોઇએ. ધર્મમાં ગ્લાનિ થાય અને ઈશ્વરનો અવતાર થાય એ કલ્પના પણ ધર્મની પરિવર્તનશીલતાનું સમર્થન કરે છે.

"પ્રત્યેક મંદિર પરમેશ્વરનું મંદિર છે. તે મંદિરમાં દર્શનાર્થે આવતા કોઇને પણ અટકાવી શકાય જ નહિ. જે મંદિરમાં અટકાયત કરવામાં આવે છે તે મંદિર અન્ય કોઇનું હોઈ શકે છે, પણ પરમેશ્વરનું તો નહિ જ.

"માનવી માનવી વચ્ચે પવિત્ર અપવિત્રતાનો કોઇ ભેદ હોઈ ન શકે. માનવી માત્ર સરખા છે, માનવી હોઇને જ તે પવિત્ર છે. આમ છતાં પણ અસ્પૃશ્ય લેખાતી વ્યક્તિ આપણે અપવિત્ર છે એમ સ્વીકારી લઇએ તો પણ તેને પવિત્ર કરવાનો ઉપાય મંદિરમાં બીરાજેલા ઈશ્વરનું દર્શન તેને સુલભ કરવામાં જ રહેલો છે. ભગવાનના દર્શનથી સૌ કોઈ પવિત્ર થાય છે, કોઇના પણ દર્શનથી ભગવાન અપવિત્ર થતા નથી.

"દેવમંદિરો સૌ કોઈ માટે ખુલ્લાં હોવા જોઇએ એનો અર્થ એવો કોઈ ન કરે કે દરેક મંદિર અંગે જે સાંપ્રદાયિક સભ્યતા અને સ્વચ્છતાના ખ્યાલોને તે સંપ્રદાયના અનુયાયીઓ અનુસરતા હોય તેની અન્ય કોઈ પ્રવેશકથી ઉપેક્ષા થઈ શકે છે. તે સભ્યતા અને સ્વચ્છતાનો આચાર સંપ્રદાય બહારની વ્યક્તિએ પણ સ્વીકારવો જ જોઇએ. હિંદુ મંદિરમાં હું ચંપલ પહેરીને જઈ ન શકું તો અન્ય કોઇ પણ ચંપલ પહેરીને ન જ આવી શકે. આ સ્વચ્છતા અને શુધ્ધિની આવશ્યકતા એટલા માટે છે કે મંદિરનું વાતાવરણ શુધ્ધ ઉન્નતગામી હોવું જોઇએ એ સર્વધર્મના અનુયાયીઓનો સ્વાભાવિક રીતે આગ્રહ હોય છે અને તે આગ્રહ તદ્દન વ્યાજબી અને જરૂરી છે. પણ આ હલકો છે, આ નીચો છે, આ અન્ત્યજ છે એમ કહીને જે પોતાનાં મંદિરના દરવાજા આગન્તુકની સામે બંધ કરે છે તે વસ્તુતઃ પોતાના ધર્મને જ તાળું મારે છે. બધા ધર્મોથી ઉપર રહેલો જે માનવધર્મ છે તે આવા કોઈ ભેદભાવને–પ્રવેશબંધીને–તાળાબંધીને–કદિ પણ સહન નહિ કરે. આવી વિશાળ અને દીર્ઘદૃષ્ટિ વાપરીને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યવાહકોએ શત્રુંજય તીર્થનાં દ્વારો હરિજન ઇતરજન સૌ કોઈ માટે ખુલ્લાં જાહેર કર્યા છે તે હકીકતને હું આનંદપૂર્વક આવકારું છું અને તે માટે તે કાર્યવાહકોનું હું બહુમાન કરું છું."

ત્યારબાદ સભા સમક્ષ રજુ કરાયલા શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિઓને તેમણે ભરેલા હીંમતભર્યા પગલા માટે મુંબઇના જૈનસમાજ તરફથી ધન્યવાદ આપતા ઠરાવ વિષે મત લેવાતાં સર્વાનુમતે એ ઠરાવને વધાવી લેવામાં આવ્યો હતો. પછી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી **શ્રી શાન્તિલાલ દેવજી નંદુએ** અનેક રોકાણો વચ્ચે વખત કાઢીને આ સભાનું પ્રમુખસ્થાન લેવા માટે અને ધર્મતત્વ અને મંદિરપ્રવેશ સંબંધે આવું સુન્દર માર્ગદર્શન આપવા માટે માન્યવર એસ્. કે. પાટીલનો ઉપકાર માન્યો હતો અને તેમનું પુષ્પહાર વડે સન્માન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સભા વિસર્જિત કરવામાં આવી હતી.

**પરિપૂર્તિઃ** આ સભાવૃતાન્તના અનુસંધાનમાં જણાવવાનું કે આ સભામાં જૈન શ્વે. મૂ. વિભાગના આગેવાન શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ અને દિગમ્બર સમાજના આગેવાન શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન હાજર રહેવા અને સભાએ મંજુર કરેલા પ્રસ્તાવના સમર્થનમાં પોતાના વિચારો રજુ કરવા ઇચ્છતા હતા, પણ સભા માટે મુકરર કરવામાં આવેલો દિવસ અને સમય ઉભયના તે દિવસના પૂર્વનિશ્ચિત રોકાણ આડે આવતાં હોવાથી તેઓ હાજર રહી શક્યા નહોતા. આમ હાજર રહી નહિ શકવા બદલ દિલગીરી વ્યક્ત કરતાં **શ્રી. શ્રેયાંસપ્રસાદ જૈન** મુંબઈ જૈન યુવક સંઘના મંત્રીને તા. ૨૮–૪–૫૫ ના પત્રમાં જણાવે છે કે "શત્રુંજયના મંદિરોનાં દ્વાર પ્રત્યેક વ્યક્તિ માટે ખુલ્લાં જાહેર કરવામાં આવ્યા છે એ જાણીને હું પ્રસન્નતા અનુભવું છું અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના અધિકારીઓનું આવો નિર્ણય લેવા માટે હું અભિનન્દન કરું છું. આ પગલું ખરેખર સાચી દિશામાં ભરવામાં આવ્યું છે. અન્ય રથાનોમાં પણ આ બાબતનું અનુકરણ કરવામાં આવે એવી મારી ભાવના છે. આ પ્રસંગ ઉપર આજકાલ જે વિષમ વાતાવરણ ફેલાઇ રહ્યું છે તેનો અન્ત આવે એવી મારી અભિલાષા છે. આશા રાખું છું કે આપણો સમાજ દેશની આ સમસ્યાને યથાસ્વરૂપે સમજશે અને પ્રગતિમાં સહાયક બનશે. આજની સભામાં અનિવાર્ય કારણને લીધે હાજર રહી નથી શકતો તે માટે હું દુઃખ અનુભવું છું. ક્ષમા કરશો."

## ગત વર્ષનો દશમો અંક જોઇએ છીએ.

પ્રબુધ્ધ જીવનના ગત વર્ષના અંકોની ફાઇલો બંધાવવામાં **૧૯૫૪ સપ્ટેંબર** માસની ૧૫મી તારીખના ૧૦ નંબરના અંકની પુરતી નકલો નથી. તો જે સભ્ય યા ગ્રાહક પ્રબુધ્ધ જીવનના અંકો ભેગા કરતા હોય છતાં ફાઇલ બંધાવતા ન હોય, તેમને ઉપર જણાવેલ અંકની નકલ અમારી ઉપર સત્વર મોકલી આપવા વિનંતિ છે.

## શ્રી પ્રેમચંદભાઇ વેલજી મહેતાનું દુઃખદ અવસાન

તા. ૧૭–૪–૫૫ ના રોજ જાણીતા કચ્છી જૈન આગેવાન અને મુંબઈ કોરપોરેશનના સભ્ય શ્રી પ્રેમચંદભાઈ વેલજી મહેતાના કરુણ અવસાનની નોંધ લેતાં દિલ ઉંડી ગ્લાનિ અનુભવે છે. તેઓ મુંબઈ જૈન યુવક સંઘના તેમ જ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના સભ્ય હતા. બે વર્ષ પહેલાં તેઓ ભાયખલાના પશ્ચિમ વિભાગમાંથી મ્યુનીસીપાલીટીમાં ચુંટાયા હતા અને તાજેતરમાં તેઓ ઈમ્પ્રુવમેન્ટ કમીટીના ચેરમેન નિમાયા હતા. તેઓ સેવાવૃત્તિ ધરાવતા એક સજ્જન હતા અને પ્રકૃતિથી અતિ નમ્ર અને મીલનસાર સ્વભાવના હતા. તેમની ઉમ્મર ૫૫ વર્ષની હતી. તેમના જવાથી અનેક જૈન સંસ્થાઓએ એક ઉદ્ધાર દિલનો કાર્યકર્તા ગુમાવ્યો છે. તેમના આત્માને પરમ શાન્તિ પ્રાપ્ત થાઓ એ જ પ્રાર્થના !

# એક રસિક અહેવાલ

**( શત્રુંજયમાં હરિજન પ્રવેશ અંગે તેમજ બીજી કેટલીએક બાબતો વિષે તા. ૧૧-૪-૫૫ ના મુંબઈ સમાચારમાં કલકત્તા ખાતે બીરાજતા શ્રી. વિજયરામચંદ્રસુરિ અને આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રી. કસ્તુરભાઈ લાલભાઈ વચ્ચે ચાલેલા પત્રવ્યવહારની કેટલીક વિગતો પ્રગટ થઇ છે. એ પત્રવ્યવહારમાં કાળબળને ઓળખવાની બીલકુલ દરકાર નહિ કરતું એવું એક કદર જુનવાણી માનસ ધરાવતા ધર્માચાર્યના આપણને પરિચય મળે છે. એમાં પ્રગટ થતાં હાસ્યાસ્પદ વળણને સમજવવા માટે કોઇ ટીકા ટીપ્પણીની જરૂર નથી. મુંબઇ સમાચારમાંથી એ અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી )**

અમારી છેલ્લી જૈન ચર્ચા પ્રગટ થઇ તે વખતે અને તે અગાઉ કલકત્તામાં અને અમદાવાદમાં કેટલાક બનાવો બની રહ્યા હતા એ વિષે જૈન જનતાને માહીતી આપવાની જરૂર છે. તા. ૨૩ મી માર્ચના મુંબઈ સમાચારની સીટી એડીશનમાં અને તે પછીની તા. ૨૪મી માર્ચના મુંબઈ સમાચારની ડાક એડીશનમાં જૈન ચર્ચા પ્રગટ થઈ તે અગાઉ શ્રી શત્રુંજયના પહાડ ઉપર હરિજનોને પ્રવેશ કરાવવા માટે મુંબઈ અને સૌરાષ્ટ્રના કેટલાક ધારાસભાના સભ્યો હીલચાલ કરી રહ્યા હતા અને તેને લગતી હકીકત મુંબઈના એક પત્રમાં પ્રગટ પણ થઈ હતી. એ હકીકત પ્રગટ થતાં કલકત્તામાં બિરાજતાં જૈનાચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિજીએ અમદાવાદના જૈન સંઘ ઉપર અને શેઠ આણંદજી કલ્યાણજી ઉપર વિરોધનો એક તાર તા. ૧૮મી માર્ચે કર્યો હતો.

ગઈ તા. ૧૮મી માર્ચે કલકત્તાથી જૈનાચાર્ય શ્રી. વિજય રામચંદ્ર સૂરિજીએ તાર મોકલવા સાથે શેઠ કસ્તુરભાઈ લાલભાઈ ઉપર એક પત્ર લખ્યો હતો અને તેમાં તેઓએ નવાં અને જુનાં જૈન મંદિરો સંબંધમાં, દેવદ્રવ્ય સંબંધમાં અને હરિજન મંદિર પ્રવેશ બીલ સંબંધમાં મુંબઈ જૈન યુવકસંઘની સભામાં શ્રી પરમાનંદના આમંત્રણથી હાજર થઇને જે વિચારો શેઠ કસ્તુરભાઇએ જણાવ્યા હતા તે વિચારોનો હવાલો આપી શ્રી વિજય રામચંદ્રસૂરિજીએ જણાવ્યું હતું કે "એ વિચારો તમારા નામથી છપાયાને એક મહીનો થવા છતાં તમારા તરફથી એ વાતનો નિષેધ થયો નથી. એથી સમજાય છે કે તમારા નામે જે વાતો પ્રસિદ્ધ થઈ છે તે વાતો તમારા હૃદયમાંની છે. આથી મને ઘણું દુઃખ થયું છે અને હું માનું છે કે શાસનના અનેક ધર્માચાર્યો આદિને પણ પારાવાર દુઃખ થયું હશે. આજે પણ જ્યાં જ્યાં નવાં જૈન મંદિરોની જરૂર હોય ત્યાં નવાં મંદિરો અવશ્ય કરવાં જોઇએ એવી શાસ્ત્રાજ્ઞા છતાં તમારા જેવા તેની વિરૂદ્ધમાં હોય એ કાંઈ સામાન્ય વાત નથી. દેવદ્રવ્ય અન્યથા ન જ વપરાય, માત્ર મંદિરને લગતા કાર્યમાંજ વપરાય—આવી વાત તમે તેવી શાસ્ત્રાજ્ઞા છે માટે નથી કરતા, પણ મંદિરના વારસાને ટકાવી રાખવા માટે દેવદ્રવ્ય દેવમંદિરનાં કાર્યો સિવાય ન વપરાય એમ તમે કહો છો એ તમારા જેવા સ્થાને બેઠેલા માટે કોઈ પણ રીતિએ બરાબર નથી. આવી સ્થિતિ હરિજન મંદિર પ્રવેશ સંબંધી તમે બોલ્યા છો તે સંબંધમાં પણ છે. તમારા જેવા માણસે આવી બાબતોમાં શાસ્ત્રાજ્ઞાઓ જે જે હોય તેને વળગી રહીને બોલવાનું અને વર્તવાનું હોય એમ હું માનું છું. માટે તમારી પાસે આ સંબંધમાં વાસ્તવિક ખુલાસાઓની હું અપેક્ષા રાખું છું.

"વળી તા. ૧૬-૩-૫૫ ના મુંબઈ સમાચારના આઠમા પાના પર 'બાલ સંન્યાસ દિક્ષા પ્રતિબંધક બીલ' આ હેડીંગ નીચે છપાયેલી હકીકત તમે જોઈ હશે. આવા ધર્મશોધક બીલને ઉગતું જ દબાવી દેવા માટે તમારા જેવાએ સત્વર પ્રયત્નો કરવાનું તમે શરૂ કર્યું છે એમ જાણવાની હું આશા રાખું છું.

"હરિજનો માટે ખુલનારા શત્રુંજયના દેરાશરોના દ્વારો" એ હેડીંગ નીચે એક પત્રમાં પ્રગટ થયેલા સમાચાર અંગે આજે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર એક તાર કરાયેલ છે અને એ તારની નકલ તમારા ઉપર પણ મોકલી છે.

"રતલામ પ્રકરણ અંગે પણ તમારાં જેવા કેમ ઉપેક્ષા સેવી રહ્યા છે એ હું સમજી શકતો નથી. આ કાળમાં તમારા જેવા શક્તિ-સંપન્ન માટે સાશન સેવાનો ઘણો બોજ રહેલો છે અને સાશનના ગણાતા તમારા જેવાએ એ બોજને ખુબજ પ્રેમપુર્વક વહેલો જોઇએ.

"પ્રભુશાસન પામી આ લોક અને પરલોક સુધારી આત્માને શ્રી સિદ્ધિ પદ ખુબ ખુબ નજદીક બનાવો એજ એકની એક શુભાભિલાષા."

શેઠ આણંદજી કલ્યાણજી અને શેઠ કસ્તુરભાઈ લાલભાઈ ઉપર કલકત્તાથી શ્રી વિજયરામચંદ્રસૂરિશ્વરજીએ તાર અને પત્ર મોકલ્યા બાદ તેનો જવાબ નહી મળવાથી આચાર્ય દેવે કલકત્તાથી તા. ૨૬મી માર્ચે એક વધુ તાર કરીને શેઠ આણંદજી કલ્યાણજી અને શેઠ કસ્તુરભાઈ લાલભાઇને તેની યાદ આપી હતી, પણ તેનો પણ જવાબ ન મળ્યો. તે પછી એમ જણાય છે કે તા. ૨૬મી માર્ચે શેઠ આણંદજી કલ્યાણજીની એક સભા મળી હતી અને તેમાં આશરે ૪૦ સભ્યો હાજર હતા. શેઠ કસ્તુરભાઈ લાલભાઇએ એ વખતે પોતે હરિજનો માટે જૈન મંદિરોનાં દ્વાર ખુલ્લા મુકવા માટે સખ્ત શબ્દોમાં વિવેચન કર્યું હતું અને માત્ર એક સભ્ય રમણલાલ સિવાય બીજા કોઇએ તેમનો વિરોધ કર્યો નહતો અને એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. એ ઠરાવને અનુસરીને શેઠ આણંદજી કલ્યાણજીએ એક નિવેદન બહાર પાડ્યું હતું અને જણાવ્યું હતું કે "કેટલોક વખત પહેલાં શત્રુંજય મંદિરના દર્શનાર્થે જતા કેટલાક જાત્રિતર ભાઈઓને પાછા વાળવામાં આવ્યા હતા. એવી હકીકત જ્યારે શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટદાર પ્રતિનિધિઓના ધ્યાન પર લાવવામાં આવી ત્યારે તેમના તરફથી સુચના મોકલવામાં આવેલી કે જૈન આચારને અનુસરીને દર્શનાર્થે જનાર કોઇને પણ રોકવા નહી. તાજેતરમાં શેઠ આણંદજી કલ્યાણજીની સમસ્ત હિંદુસ્તાનના પ્રતિનિધિઓની એક સભા મળી હતી ત્યારે તેમના ધ્યાન ઉપર આ હકીકત લાવવામાં આવી હતી જેમાં શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટદાર પ્રતિનિધિઓએ લીધેલું પગલું સમગ્ર રીતે વિચાર કરતાં યોગ્ય છે એવો સામાન્ય અભિપ્રાય હતો." ઉપરોક્ત નિવેદન બહાર પડ્યા પછી શેઠ આણંદજી કલ્યાણજી તરફથી શેઠ નાગરદાસે તા. ૨૮મી માર્ચે એક પત્ર કલકત્તા ખાતે આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિજી ઉપર લખ્યો હતો અને તેમાં જણાવ્યું હતું કે "તા. ૧૮મી માર્ચના તાર તથા કાગળ પહોંચ્યા છે, પણ આ બાબતમાં માહિતી મેળવવામાં તથા શેઠ શ્રી કસ્તુરભાઈ બહારગામ હોવાથી આપના તારનો જવાબ અમો તુરત આપી શક્યા નથી તેથી દિલગીર છીએ." એ પત્રનો જવાબ ચૈત્ર સુદ ૮ ને ગુરૂવારે આપતાં કલકત્તાથી શ્રી વિજય રામચંદ્રસૂરિશ્વરજીએ જણાવ્યું હતું કે, "મારા તા. ૧૮મી તથા તા. ૨૬મી માર્ચના તારોનો તમે જવાબ ન આપી શક્યા એ બરાબર છે. પણ તા. ૨૬મી માર્ચે તમારી પેઢીએ હરિજનોને મંદિર પ્રવેશ કરતા નહિ અટકાવવાનો ઠરાવ કર્યો છે તેવા સમાચાર પેપરમાં પણ આવી ગયા છે એનું શું ? ખરેખર, પેઢીએ એવો ઠરાવ કર્યો હોય તો ઘણુંજ ખોટું કર્યું છે. પેઢી આવું કેમ કરી રહી છે તે નથી સમજાતું. પેઢી રતલામ પ્રકરણ અંગે કંઈ કરે છે એવું બહાર નથી આવતું અને હરિજનોને મંદિર પ્રવેશ કરતા નહી અટકાવવાનો ઠરાવ કરે છે એવું બહાર આવે છે એથી ભારે દુઃખ થયું છે. આવા બનાવ અંગે પણ તા. ૩૦મી માર્ચે એક તાર કર્યો છે જે મળ્યો હશે. શાસ્ત્રવિરૂદ્ધ જે થયું છે તે સુધારી લઈ તીર્થને આશાતનાથી બચાવવાની અનુપમ સેવા કરવાનું કર્તવ્ય આપ અદા કરો એવી એકની એક શુભાભિલાષા."

આચાર્ય શ્રી વિજય રામચંદ્ર સૂરિશ્વરજીએ તા. ૩૦મી માર્ચે ઉપર જણાવ્યા પ્રમાણે બીજો વિરોધનો તાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પર કર્યો હતો. તા. ૩૦મી માર્ચના દિવસે શેઠ કસ્તુરભાઈ લાલભાઇએ અમદાવાદથી

કલકત્તાથી તા. ૧૮મી અને તા. ૨૬મી માર્ચના દિવસોએ આચાર્ય દેવ શ્રી વિજય રામચંદ્રસૂરિજીએ કરેલ અને લખેલ પત્રના ઉતરમાં નીચલો જવાબ લખ્યો હતો. "વંદના સાથે લખવાનું જે આપના તા. ૧૮મી અને તા. ૨૬મી માર્ચના તાર તથા ફાગણ વદ ૯ નો કાગળ મળેલ છે. હું બહારગામ હોવાથી આપને તાત્કાલિક જવાબ આપી શકયો નથી તે સારૂ ક્ષમા ચાહું છું. અમદાવાદમાં તા. ૨૬મી માર્ચને શનીવારના રોજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના સ્થાનિક પ્રતિનિધિ સાહેબોની એક સભા મળી હતી. તેમાં મંદિરોમાં જૈનેતરોને દાખલ કરવા વિષેના પ્રકરણની જુદા જુદા દૃષ્ટિબિંદુથી પુરેપુરી છણાવટ કરવામાં આવી હતી. અને ત્યાર બાદ આજરોજ શેઠ આણંદજી કલ્યાણજી તરફથી એક નિવેદન જાહેરમાં પાડવામાં આવ્યું છે તેની નકલ આ સાથે આપની જાણ માટે મોકલ્યું છે. સમસ્ત વસ્તુસ્થિતિનો પુરેપુરો વિચાર કરી આ પગલું લેવામાં આવ્યું છે તેની આપને ખાત્રી આપું છું."

ઉપલા પત્રના અને નિવેદનના જવાબમાં ચૈત્ર સુદ ૯ ને શુક્રવારે તા. ૧ લી એપ્રીલે કલકત્તાથી આચાર્ય શ્રી. વિજયરામચંદ્રસૂરિજીએ નીચેનો જવાબ મોકલ્યો હતો. "તા. ૩૦ મી માર્ચ ૧૯૫૫ નો તમારો પત્ર આજે મળ્યો. પત્ર સાથે તમે જે જાહેર પાડેલા નિવેદનની નકલ મારી જાણ માટે મોકલી છે તે પણ મળી. આવું પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી જેવી સંસ્થા બહાર મુકે એ અમારી દૃષ્ટિએ બિલકુલ બરાબર નથી. આ નિવેદન સંબંધમાં જે કહેવાનું છે તે બાકી રાખી અત્યારે તો માત્ર જેમાં તમારૂં નિવેદન વિકૃતરૂપે પ્રગટ થયેલ છે તેમાંના માત્ર જન્મભૂમિ અને મુંબઈ સમાચારના માર્ચ માસના પેપરોની કાપલીઓ તમારૂં ધ્યાન ખેંચવા મોકલી આપું છું. મને મોકલેલું નિવેદન જ્યારે વિકૃતરૂપે બહાર આવેલ છે ત્યારે તમારૂં નિવેદન જેવું છે તેવું દરેક પેપરમાં બહાર આવે અને તે પણ શબ્દે શબ્દ બહાર આવે એવું કરવાની પ્રથમ તમારી ફરજ છે. એજ ધર્મ આરાધનામાં અવિરત ઉજમાળ રહો એજ એકની એક શુભાભિલાષા."

તારીખ ૧લી એપ્રીલ ઉપલો પત્ર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર તેમજ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ ઉપર લખાયો હતો. તેજ દિવસે કલકત્તામાં ૯૬ ક્રેનીંગ સ્ટ્રીટમાં જૈન સંઘની એક જાહેર સભા આચાર્ય શ્રી. વિજય રામચંદ્રસૂરિશ્વરજીના પ્રમુખપણા નીચે મળી હતી, જેમાં શ્રી. આણંદજી કલ્યાણજીએ હરિજન અને જૈનેતર મંદિર પ્રવેશ સંબંધમાં જે પગલું ભર્યું હતું અને જે નિવેદન બહાર પાડયું હતું તેનો વિરોધ દર્શાવનારો ઠરાવ કરવામાં આવ્યો હતો અને તે સાથે એવો આગ્રહ કરવામાં આવ્યો હતો કે તેઓએ હાથ ધરેલી પ્રવૃત્તિનો મજબૂતમાં મજબૂત વિરોધ કરવો અને જો તેમ નહિ કરવામાં આવશે તો ભવિષ્યમાં ખરાબ પરિણામ આવશે." એ પછી આચાર્ય શ્રી. વિજય રામચંદ્રસુરેશ્વરજીએ નીચલો આદેશ આપ્યો હતો:-"વર્તમાન પત્રોમાં પ્રગટ થયેલ સમાચારોએ સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ શ્રી ચતુર્વિધ સંઘમાં મહાવિક્ષોભને શાન્ત કરવા માટે શું કરવું જોઈએ એનો વિચાર કરી શ્રી સંઘ કોઈ નિર્ણય પર આવે તે પહેલાં એવા સમાચાર સાંભળવા અને વાંચવા મળે છે કે શ્રી. સંઘની પ્રતિનિધિરૂપ શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢીએ હરિજનોને પ્રવેશ કરતા અટકાવવા નહિ એવો ઠરાવ કર્યો છે. આવો શાસ્ત્રવિરૂદ્ધ ઠરાવ પેઢીએ કર્યો જાણી સારાયે શ્રી સંઘે ભારે આંચકો અનુભવ્યો છે. શ્રી સંઘ માને છે કે શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢીને આવો ઠરાવ કરવાનો કોઈજ અધિકાર નથી. ખરેખર પેઢીએ આવો ઠરાવ કર્યો હોય તો શ્રી સંઘના વિશ્વાસનો ભયંકર દ્રોહ કર્યો છે. આથી સકળ સંઘને મારી ભલામણ છે કે હિંદ ભરના શ્રી. સંઘોએ અમદાવાદના સરનામે શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢીના શ્રી સંઘ (શ્રી સંઘ) ના તારના સરનામાંથી તાર કરવો કે "હરિજન પ્રવેશ અટકાવવા માટે જલદી પગલાં ભરો અને તમારી મેનેજીંગ કમિટિમાં જે ઠરાવ કર્યો છે તેને રદ કરીને વિરોધનો ઠરાવ પસાર કરો." શ્રી. સૌરાષ્ટ્રની સરકારે અને મધ્યસ્થ સરકારે પણ આવા અનધિકૃત અને તેવાજ શિસ્તભંગનાં પગલાંને અટકાવવામાં સારા વિશ્વનું કલ્યાણ ઇચ્છનાર અને શાંતિથી જીવનાર શ્રી સંઘને આપત્તિમાંથી બચાવવાનાં પગલાં પોતાની ફરજની રૂએ ભરવા જોઇએ." શ્રી. રામચંદ્ર સૂરિશ્વરજીના ઉપલા સંદેશાનો ભારતના જૈન સંઘો કેવો જવાબ આપે છે તે હવે પછી જ જણાશે. જૈન

# પુરી સર્વોદય સંમેલનનો ઠરાવ

ત્રણ દિવસની ચર્ચા અને વિવેચનોના અન્તે જગન્નાથપુરીમાં મળેલા સર્વોદય સંમેલને તા. ૨૭-૩-૫૫ ના રોજ નીચે મુજબ ઠરાવ પસાર કર્યા હતો:-

"છેલ્લા ચાર વર્ષોમાં ભૂદાન આંદોલને જે પ્રગતિ કરી છે તેથી જનતા અજાણ નથી. દેશના દરેક ભાગમાં જો સંઘન કાર્ય કરવામા આવ્યું હોત તો એથી પણ જોરદાર પ્રગતિ થઈ હોત. જ્યાં જ્યાં જનતાને ભૂદાનનો સંદેશ સારી રીતે પહોંચાડી શકાયો છે ત્યાં ત્યાં જનતાએ એનું ઘણી શ્રદ્ધાથી સ્વાગત કર્યું છે, આ જ કારણથી ભૂદાન જન-આંદોલન થઈ શકે છે.

"પરંતુ આપણા લક્ષ્યની સિદ્ધિ હજુ દૂર છે. સન ૧૯૫૭ સુધીમાં ભૂમિક્રાંતિ સફળ કરવાનો આપણે સંકલ્પ કર્યો છે. હવે બે વર્ષ જ બાકી રહ્યાં છે. આ આપણી કસોટીનો કાળ છે. આખી દુનિયા આ આંદોલનની ગતિવિધિ તરફ બહુ આશા અને ઉત્કંઠાથી મીટ માંડી રહી છે. એમાં એ સંકેત છૂપાયેલો છે કે આ વખતે અહિંસક પ્રક્રિયાની કસોટી થઈ રહી છે.

સર્વોદય-વિચારમાં વિશ્વાસ રાખવાવાળા ઘણાં ભાઈ-બહેનો દેશમાં છે જેઓ રાજતંત્રમાં, રાજનૈતિક પક્ષોમાં, રચનાત્મક તથા અન્ય ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે. એમનો કંઈક સહયોગ ભૂદાન-આંદોલનને પ્રાપ્ત થયો છે. પરંતુ એમની વધારે શક્તિ પોત-પોતાના કાર્યોમાં જ લાગી રહી છે. એમાં શંકા નથી કે એમનાં કાર્યો પણ આમ તો દેશ માટે ઉપયોગી અને સારાં છે. પરંતુ હવે સમય આવી ગયો છે કે સર્વોદયને માનવાવાળા સર્વ ક્ષેત્રો ગંભીરતાથી વિચારે કે શું વર્તમાન સમાજ-વ્યવસ્થાનું બધું તેટલું જલદી પરિવર્તન કરવું આવશ્યક નથી? સર્વોદયમાં વિશ્વાસ રાખવાવાળા ક્ષેત્રો વર્તમાન સમાજના અન્યાય તથા અનીતિની સામે ચૂપ રહી શકે તેમ નથી, તેમજ તેઓ વર્તમાન સ્થિતિ વિષે નિષ્ક્રિય બની શકે એમ પણ નથી. સર્વોદયની પ્રક્રિયા અનુસાર સાચું સમાજપરિવર્તન ત્યારે જ થાય છે કે જ્યારે વિચાર અને મૂલ્યોમાં પરિવર્તન થાય છે. સર્વોદયની સ્થાપના એ વગર અસંભવિત છે, પછી ભલે સમાજમાં ગમે તેટલો પલટો આવી જાય. આપણે એ પણ જાણીએ છીએ કે મૂલ્યો અને વિચારોનું પરિવર્તન શાસન દ્વારા નથી થઈ શકતું. આ કામ લોકો પાસે જઈને અને પ્રેમથી સમજાવીને જ થઈ શકે છે. ભૂદાન તથા ગ્રામ સાથે થતાં બીજા આંદોલનો આ પ્રક્રિયાનાં જ અંગો છે. ક્રાન્તિની આ પ્રત્યક્ષ અને પરિપૂર્ણ પ્રક્રિયા છે.

અહિંસા એ આ જમાનાની માંગ છે. શું અહિંસાનિષ્ઠ વ્યક્તિ આ સમયે આ આવશ્યકતાને અવગણી શકે? સન ૧૯૫૭ નો સંકલ્પ આ આવશ્યકતાનો જવાબ છે. આ સંકલ્પમાં અમને દૃઢ વિશ્વાસ છે કે આ યુગની સમસ્યાઓનું અહિંસા દ્વારા જ સમાધાન થઈ શકે છે. અહિંસક પ્રક્રિયાની કસોટીના કટોકટીભર્યા અવસરે સર્વોદય તથા અહિંસામાં નિષ્ઠા રાખવાવાળી સહુ વ્યક્તિઓને સર્વસેવાસંઘ વિનયપૂર્વક આહ્વાહન કરે છે કે તેઓ બધાં કાર્યો છોડીને ઓછામાં ઓછાં બે વર્ષ માટે ભૂદાન યજ્ઞમાં પોતાની સર્વ બુધ્ધિ, શક્તિ અને કાર્યકુશલતા સમર્પિત કરે!

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન: કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯.

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧૫, ૧૯૫૫, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ભગવાન મહાવીરે ઉપદેશેલો ધર્મ.

[ભગવાન મહાવીરની છેલ્લી જન્મજયન્તી તા. ૫–૪–૫૫ ના પ્રસંગ ઉપર 'ઑલ ઇન્ડીઆ રેડીઓ (મુંબઈ) ના મથકેથી શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહે ઉપરના વિષય ઉપર ચૌદ મીનીટ માટે એક પ્રવચન કરેલું તે ઑલ ઇન્ડીઆ રેડીઓ (મુંબઈ) ની અનુમતિથી નીચે પ્રકટ કરવામાં આવે છે. આ પ્રવચન તૈયાર કરવામાં અમદાવાદની "શ્રી પુંજાભાઈ ગ્રન્થમાળા" માં પ્રગટ થયેલ 'દશવૈકાલિક સૂત્ર" ના અનુવાદનો તથા ભાવનગર "શ્રી જૈન ધર્મ પ્રસારક સભા" તરફથી પ્રગટ થયેલ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય રચિત "ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર" પર્વ ૧૦ માં શ્રી મહાવીર ચરિત્રના અનુવાદનો જરૂરી ઉપયોગ કરવામાં આવ્યો છે એમ વાચકવર્ગની જાણ માટે પ્રવચનકાર જણાવે છે.—તંત્રી.]

આજે ચૈત્ર શુદિ ૧૩ ના દિને હિન્દભરમાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની જન્મતિથિ અર્થાત્ જયંતી ઉજવાય છે. આ પ્રસંગે ભગવાન મહાવીરનું તથા તેમણે ઉપદેશેલા ધર્મનું શબ્દોથી વાર્તાલાપની રીતે સ્મરણ કરીએ તે યોગ્ય થશે.

લગભગ ૨૪૮૧ વર્ષ પૂર્વે [illegible]ના છેડે ભગવાન મહાવીર સ્વામીએ બિહારમાં પાવાપુરીમાં પોતાની ૭૨ વર્ષની છેલ્લી સંસારયાત્રા હમેશ માટે પૂરી કરી. ક્ષત્રિય રાજકુળમાં ભગવાને ત્રીશ વર્ષનો ગૃહસ્થાશ્રમ પૂરો કરી માતાપિતાના અવસાન પછી વડીલબન્ધુની હાજરીમાં શ્રમણ માર્ગ સ્વીકાર્યો હતો. તેમાં સાડાબાર વર્ષ ઘોર તપ કરી દેહ તથા અન્તઃકરણ વિશુધ્ધ કરી, પૂર્વ જન્મનાં કર્મોનો ક્ષય કરી, પોતે જે માર્ગની પ્રતીક્ષા કરી જે જે મેળવ્યું તે તેમણે અન્ય શ્રમણો તથા ગૃહસ્થો માટે કહ્યું. આજે તેમનો ઉપદેશેલો માર્ગ "જૈન" ધર્મ તરીકે જાણીતો છે અને તેને અનુસરનારાની હિન્દમાં સારી સંખ્યા છે.

"ધર્મ" એટલે શું ને તેનો ઉદ્ભવ કેમ થાય તેનું નિરૂપણ હિન્દુ ધર્મની "મનુસ્મૃતિ" ના બીજા અધ્યાયના પહેલા શ્લોકમાં છે અને તે નિરૂપણ સર્વ ધર્મોને તથા તેના પ્રવર્તકોને લાગુ પડે છે. શ્લોક આ પ્રમાણે છે :–

"विद्वद्भिः सेवितः सद्भिः नित्यमद्वेषरागिभिः ।
हृदयेनाभ्यनुज्ञातो यो धर्मस्तं निबोधत ॥" मनु २. १.

"સર્વ વિદ્યાયુકત અને હમેશ રાગ તથા દ્વેષથી વિમુકત તેમજ અન્તઃકરણથી સર્વ પ્રકારે જેમને પ્રતીતિને સ્વીકાર થયો હોય એવા સંત પુરુષોએ જેનું સર્વદા આચરણ કર્યું હોય તેને ધર્મ જાણો અને તેને ધર્મ તરીકે સમજો." મનુસ્મૃતિ–અ. ૨, શ્લોક ૧.

શ્લોકમાં દર્શાવેલ તત્ત્વોને અનુસરતું મહાવીરસ્વામીનું જીવનચરિત્ર છે. બાલ્યકાળથી કુમાર વય સુધી અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરી તેનાં વર્ણનો મળે છે. આગળ ઉપર શ્રમણ જીવનમાં રાગ તથા દ્વેષથી છૂટા થયાનાં અનેક પ્રસંગો આવે છે અને તે માટે ઘોર તપ અને સાધના સાથે અન્તઃશુધ્ધિ ઉત્તરોત્તર વધતી ગઈ છે. ભારતવર્ષનાં તમામ ધર્મનાયકો અને સંતપુરુષોનાં જીવનના આ પ્રકારો સહેજે દેખાય છે. ધર્મનું મૂળ પોતામાં રોપાયેલ હોય છે, તેનો આરંભ પોતા થકી કરણમય જીવનથી થયો હોય છે; તેનું આચરણ એજ પોતાનું પ્રથમ કર્તવ્ય જીવનભર રહેલું હોય છે. પોતાની પ્રતીતિ અને પોતાનો આચાર એજ અન્ય માટે ઉપદેશ અને દાખલો બને છે. "કાંઠે ધા લેવો" એ ન્યાય અહિં સર્વતઃ દેખાય છે. તે માટે પોતાની સંપત્તિનો ત્યાગ એ પહેલું પગથીયું થાય છે–પછી સંપત્તિ કે ઉપભોગથી દૂર રહેવાનું થાય છે. તે રીતે પરિગ્રહ દૂર કરતો કરતો સંયમ ને નિયમનો માર્ગ ઉઘડે છે. દરમ્યાન લક્ષ્યપર રહેલી ઇષ્ટ પ્રાપ્તિ માટેની સાધના અવિરત ચાલુ રહે છે.

ધર્મનું ઉપર કહેલ આચરણમય સ્વરૂપ હિન્દુધર્મ–બૌધ્ધધર્મ–જૈનધર્મ તથા હિન્દના અન્ય દર્શનોનું છે. તેમાંના કોઇને પણ અંગ્રેજી ભાષામાં લગાડાતો 'ઇઝમ' પ્રત્યય (Suffix–'ism') લગાડી ઓળખવાથી ભ્રમમાં પડવાનું થાય છે એટલે અહિં યોકુંક 'ઇઝમવાદ' અંગેનું વિવરણ યોગ્ય થશે. 'ઇઝમ' પ્રત્યયથી પોતાની જાતને પર અને તટસ્થ રાખી માત્ર "મંતવ્ય"–માન્યતાનું–સૂચન થાય છે. તેની પાછળ પોતાનું જીવન હોતું નથી, તેની પાછળ કલ્યાણબુદ્ધિ હોતી નથી. જેને જેને 'ઇઝમ–'ism–પ્રત્યય લાગે છે તેનાં પ્રકારો એ રીતે ધર્મથી ભિન્ન અને ઘણીવાર અવળા પ્રવાહોથી યુકત હોય છે. તેનાં પ્રકારોમાં વ્યકિતઓ આવે છે પરંતુ તેમને ઉંડી વિદ્યાનો આગ્રહ નથી હોતો, આચરણનો આગ્રહ નથી હોતો, રાગદ્વેષ છોડવાની વાત હોતી નથી, સ્વ–પર માટે કલ્યાણ બુદ્ધિ હોતી નથી–હૃદયની પ્રતીતિની વાત તો ક્યાંથી હોય? કારણ કે વ્યાકરણની ભાષાની રીતે કહીએ તો 'પહેલા પુરુષ એકવચન'ની પ્રાયઃ બાદબાકી હોય છે; પોતાના પરિગ્રહો ને ઉપભોગો કેન્દ્રમાં રાખેલા હોય છે તેમજ પોતાની જાત સાથે જોડેલા હોય છે. 'ઇઝમના–વાદના–તેવા પ્રકારોમાં વ્યકિત એક હોય કે તેવી અનેક વ્યકિતઓ જોડાઇ સમુહ થતો હોય તે બધા સમષ્ટિ માટે કુચ કરતા હોય છે. તેમના પ્રકારોમાં (પુનઃ વ્યાકરણની ભાષાની રીતે કહીએ તો) પહેલા પુરુષ એકવચનથી માંડી બહુવચન પર્યન્ત સર્વવ્યકિતઓ જાતે વ્યકિતશૂન્ય રહી, સમષ્ટિપર ભાર દઈ, બીજા પુરુષ અને ત્રીજા પુરુષ વર્ગનાં સર્વ માટે, (એકવચનથી બહુવચન પર્યન્ત સર્વ માટે) માત્ર ઉપદેશો કરનારા હોય છે. બીજા, ત્રીજા વર્ગને આગ્રહ કરવાના હોય છે અને તે માટે વળી રાજ્ય અને તેના અમલના કાયદા તથા દંડના આગ્રહો સાથે 'ઇઝમની રીતના પ્રેરણાના કે ઉપદેશના માર્ગો હોય છે. તે 'ઇઝમના પ્રકારોમાં ઇતર જનોને એક વાડામાંથી બીજા વાડામાં પશુઓની જેમ હાંકી જવાની વૃત્તિ અને પ્રકારો હોય છે. 'ઇઝમવાળા બીજાના કે બીજા દેશોના દાખલા આગળ ધરે તે પણ ડામાડોળ રહેતી વણજારો જેવી બીજી સમષ્ટિના હોય છે, સંયમની વાત પડદે પડેલી હોય છે અને સંદિગ્ધ પ્રકારો કે અસ્પષ્ટ પ્રકારો ગુણરૂપ બની રહે છે. 'ઇઝમવાળાની ભાષામાં આવેશ–આક્રોશ–ક્રોધ–ધમકી–ભય–શંકા–મત્સર–દ્વેષ–ઇ. ભારોભાર હોય છે અને પોતાના જીવનમાં પોતાનાં "મંતવ્યો" નું પોતે જાતે પાલન કરી છુટયાના પ્રકારની ગણના હોતી જ નથી કારણ કે તેનો કદી આગ્રહ હોતો નથી. આવી જાતના 'ઇઝમના પ્રકારો

ભારતવર્ષમાં ઉદ્‌ગમ પામેલા ધર્મો કે દર્શનોનાં નથી એટલે કોઈ પણ ઇઝમથી તેમને ન ઓળખવામાં બુધ્ધિની નિર્મળતા રહેશે. ઇઝમમાંથી કશું મંતવ્ય પોતાને આવ્યું–કેમ, કેવી રીતે તે નહિ–પણ આવ્યું તે મંતવ્ય, પારકાને માટે; છાપામાં છાપવા વંચાવવા માટે અને કાયદો કરાવી અમલ કરાવવા માટે પૂરતું થાય છે, તથા તેના થર ઉપર થર જામે તેમાં સંતોષ મનાય છે. એટલે આવા કોઇ ઇઝમવાદ અને મંતવ્યોનાં સ્વરૂપ આર્યધર્મમાં–આર્ય દર્શનોમાં, જૈન ધર્મમાં, મહાવીર સ્વામીના જીવનમાં કે તેમના ઉપદેશમાં નહિ દેખાય પરન્તુ પ્રેરણાનું બળ પોતાના દ્રાખલામાંથી, તપમાંથી અને આચારમાંથી ઉપજતું દેખાશે. તેમાં રાજ્યબળ, સમૂહબળ, કે દંડનો આશ્રય નથી; ધર્મપ્રવર્તક સંત, કે અનુયાયી પોતે જાતે કલ્યાણ બુદ્ધિપૂર્વક આચરણ કરી છૂટે છે ને પોતાને કોઈ અનર્થ કરે તો તે સહન કરી લે છે. મહાવીરજીવનમાં આવા દ્રાખલા પુષ્કળ છે. કશેક રાજા કે અધિકારી આવે છે તે પ્રેરણા મેળવવા માટે આવેલા હોય છે અને અન્યનો ભોગ લેવા કે તેમને હાંકવા–હંકારવા માટે નહિ. ઉપરોકત રીતે ધર્મને ઇઝમો વચ્ચે રહેતું ઉત્તર–દક્ષિણ અંતર છે તે માપી મહાવીર જીવન અને તેમાં રહેલા ને પછી સ્ફુટ કરેલા ઉપદેશો વિષે આજે વાત કરીએ. તેમ કરવામાં પોતાની માન્યતા–મંતવ્ય–બીજા પર લાદવાની વાત નથી તે સ્પષ્ટ થશે. "માને તેનો ધર્મ"–"પાળે તેનો ધર્મ"–એ વચનોની યથાર્થતા સ્પષ્ટ થશે.

વિદ્યાભ્યાસ અને ગૃહસ્થાશ્રમનો કેટલોક કાળ ગયા પછી પહેલું કાર્ય–વર્ષપર્યન્ત પોતાની સંપત્તિનું વિસર્જન કરવાનું કાર્ય મહાવીર ભગવાને કર્યું. પરિગ્રહ છોડવાનો આ પ્રકારે આરંભ થયો; અને ધર્મનું તે આવશ્યક અંગ અને આચરણ થયું. વર્ષને અન્તે પોતે શ્રમણમાર્ગ સ્વીકાર્યો ત્યારે ખભે માત્ર એક કંબળ (બીજાની આપેલી) રહી. તે સમયે એક દીન બ્રાહ્મણ યાચના કરવા આવ્યો તેને દાનમાં આ કંબળનો અર્ધ ભાગ આપી દીધો. પાછળથી આ બ્રાહ્મણને કંબળના બાકી રહેલા અર્ધ ભાગની અપેક્ષા જાગી. તે માટે મહાવીર ભગવાનને ગોતી તેમની પાછળ પાછળ ગયો. કાળાન્તરે તેટલું દેહપરનું બાકીનું વસ્ત્ર કોઇ ઝાડમાં ભરાતાં મહાવીર ભગવાને તેનો પણ ત્યાગ કર્યો (તે બ્રાહ્મણને બાકીનો ભાગ પ્રાપ્ત થયો). આ રીતે રહીસહી વસ્ત્રસંપત્તિનો પરિગ્રહ–જે શરીર અર્થે હતો અને તેની મૂર્ચ્છા હતી નહિ એટલે સમય આવતાં તે અદૃશ્ય થયો હવે પરિગ્રહ માત્ર શરીર પૂરતો મર્યાદિત થયો. તેને તપથી અને વિશુદ્ધ ચિન્તનથી વધુ વિશુદ્ધ કરી અનેક જન્મના કર્મના ભારથી હળવો કરવાનો હતો. તેમાં રાગદ્વેષથી પર થવાનું મુખ્ય હતું. દર્ભાન, પોતાની વિહારયાત્રામાં વનમાં તાપસોનો સમાગમ થયો. તેમણે ઉપકારબુદ્ધિથી એક ઝુંપડી બનાવી મહાવીર ભગવાનને નિવાસ અર્થે આપી. આ નવો સ્વીકાર પણ દૃઢ થનાર આત્માને પરિગ્રહરૂપ થઇ પડયો. ઝુંપડી પોતાની ગણાઇ એટલે તેની સારસંભાળ–રક્ષણ પોતાને કરવાનું થયું. એક વખત ગાયોનાં ટોળાં આ ઝુંપડીનાં ઘાસ–તણખલાં–પાંદડાંને વીંખીપીંખી ખાઇ ગયા ને ઝુંપડી વીંખાઇ ગઇ એટલે તે પણ ગઈ. બીજા તાપસોના હિસાબે આ નવીન તાપસ પોતાનું પણ પશુથી સંભાળી ન શકે તેવો અસમર્થ ગણાયો જ્યારે આ નવા તાપસને નિવાસસ્થાનનો પરિગ્રહ અંતરાયરૂપ હતો તે હમેશ માટે ગયો. પછી વિહાર કરતાં કરતાં આત્મરમણ અને તપમાં બાર વર્ષ વ્યતીત કર્યાં તે બધી કથા શ્રી મહાવીર ચરિત્રમાં છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે "ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રના દશમા પર્વમાં બહુ સુંદર સંસ્કૃત સરળ કાવ્યમાં મહાવીર ચરિત્ર ને ઉપદેશો આલેખ્યા છે અને કાળાન્તરે પણ આ કાવ્યમાં મહાવીર ચરિત્રની બહુ થોડી પણ ઉપયોગી માહીતી સંગ્રહીત થયેલી મળે છે. ઉપદેશોના જૈન આગમ–ગ્રન્થોનાં સુંદર અનુવાદો થયા છે તે પણ જીજ્ઞાસુ વર્ગને ઉપકારક છે એટલે ચરિત્રનો વધુ વિસ્તાર ન કરતાં ધર્મનાં–ઉપદેશના–ભાગનું થોડું વિવેચન કરશું.

બાર વર્ષનાં તપ દર્ભાન અનેક ઉપસર્ગો સહન કરી તપ વધ્યું તેની શાન્તિ દર્ભાન એક વખતે પ્રાતઃકાળે મહાવીર સ્વામીને સ્વપ્નમાં બે માળા દેખાણી. નિમિત્તશાસ્ત્રની રીતે તેનો એમ અર્થ થયો કે ભગવાન પોતે ગૃહસ્થધર્મ અને યતિધર્મ એમ બે પ્રકારે ધર્મ કહેશે. જૈન ધર્મને "વીતરાગ ધર્મ" કહેલ છે તેનો અર્થ વીતરાગે જોયેલો ને જાણેલો તેમજ આચરેલો ધર્મ છે. તે માત્ર મુનિવર્ગ પુરતો જ નહિ પરન્તુ સમાજના પાયા અને સ્તંભરૂપ ગૃહસ્થવર્ગ તથા મુનિવર્ગ માટેનો ધર્મ સમજાય છે જેમાં લક્ષ્ય રાગદ્વેષથી દૂર થઈ, તપ સ્વીકારી, દેહદમન (ઇંદ્રિયનિગ્રહ) સ્વીકારી, સંયમ નિયમને પુષ્ટિ ગણી, આચરી, પંચમહાવ્રતના પાલનમાં બંને વર્ગ એકબીજાને ઉપકારક રહે તેમ સમજાય છે. સ્વાભાવિક રીતે પ્રવૃત્તિમય ગૃહસ્થવર્ગનાં અને નિવૃત્તિ-પરાયણ મુનિવર્ગનાં–બન્નેનાં પ્રકારોમાં વિશિષ્ટતા જુદીજુદી રહે અને કેટલાંક તત્વો સામાન્ય રહે, પ્રવૃત્તિમય ગૃહસ્થવર્ગને વિશુદ્ધિ માટે ગુણસ્થાનકમાં ક્રમે ક્રમે આગળ વધવાનાં ઉપદેશો છે અને કદી કદી નિવૃત્તિ મેળવી સિંહાવલોકન કરવાનું રહે છે તેનાં માર્ગદર્શનો નિવૃત્તિ-પરાયણ મુનિજનદ્વારા થતાં રહે છે.

હવે જૂદાં જૂદાં અવતરણોથી ધર્મ ને ઉપદેશોની ઝાંખી કરીએ. જીવનને આચરણની ધર્મ સાથે સળંગસૂત્રતા જોઈ તેથી હવે ઉપદેશો સમજવાનું સુલભ રહેશે. નીચેનાં સર્વ અવતરણો "દશવૈકાલિક સૂત્ર"ના અનુવાદમાંથી લીધા છે. ચોથા અધ્યયનમાંથી આપણને સમજાય છે કે—

* ....."શ્રમણ ભગવાન મહાવીરે આ અધ્યયન પોતાના જ્ઞાનના પ્રભાવથી જાણીને દેવમનુષ્યાદિને ઉપદેશ્યું છે; તથા પોતે પણ ભલે પ્રકારે આચર્યું છે. તે અધ્યયન ધર્મનું જ્ઞાન કરાવી ચિત્તશુદ્ધિ કરાવનાર હોવાથી તે સાંભળવું અને વિચારવું અતિ શ્રેયસ્કર છે..." (અ. ૪. પા. ૩૪)

આર્યધર્મો જન્મ જન્માન્તરને ખાસ માને છે. તે જ રીતનું જૈન ધર્મનું વિશિષ્ટ સ્વરૂપ છે, જેમાં પૂર્વજન્મનાં બન્ધને ઢીલા કરવાનું રહે છે. મહાવીર ભગવાનનાં પૂર્વભવો, બુદ્ધ ભગવાનનાં જાતકકથામાં પ્રાપ્ત થતાં બોધિસ્વરૂપો અને હિન્દુ ધર્મમાં યોગી પુરૂષોનાં પૂર્વ-જન્મોનાં પોતાનાં સંસ્કારોને વીંખી વીંખી ખંખેરી નાંખવાના પ્રયત્નો–એ સર્વ એકજ દિશામાં જતાં સન્તયાત્રીઓનાં વિવિધ સ્વરૂપો છે. અનેક જન્મોમાં આત્માનો ઉત્કર્ષ થાય કે તે નીચો પડે તે આત્માનાં કલ્યાણ અર્થે વિવિધ નિદર્શનો મહાવીર ભગવાને કર્યાં છે તેમાંના થોડાંક આજે યાદ કરીએ:—

* ધર્મ એ પરમમંગલ છે.

અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મમાં જેનું મન સદા લાગેલું છે તેને દેવો પણ નમસ્કાર કરે છે. (અ. ૧. પાનું ૩)

* પ્રથમ જ્ઞાન અને પછી દયા. એ સંયમી પુરૂષની સ્થિતિ છે. જે અજ્ઞાની છે, તે શું આચરે, તથા હિત–અહિત કેમ કરી જાણે? (અ. ૪. પાનું ૪૬)

* જ્ઞાની પાસેથી સાંભળીને જ 'કલ્યાણ શું છે' તથા 'પાપ શું છે' તે જાણી શકાય છે. તે બંનેને જ્ઞાની પાસેથી જાણીને, જે કલ્યાણકારી હોય તે આચરવું. (અ. ૪. પા. ૪૬)

* આપણું જીવિત અધ્રુવ છે, અને આયુષ્ય પરિમિત છે; માટે જ્યાં સુધી વૃદ્ધાવસ્થાથી પીડિત થવાય નહીં, રોગો વધે નહીં, અને ઇંદ્રિયોની શકિત કાયમ હોય, ત્યાં સુધી ભોગોમાંથી નિવૃત્ત થઈ, સિદ્ધિ-માર્ગનું જ્ઞાન પ્રાપ્ત કરવું, તથા પોતાનું બળ, સામર્થ્ય, શ્રદ્ધા અને આરોગ્ય તપાસી, તથા ક્ષેત્ર અને કાળ વિચારી, આત્માને ધર્મમાં યોજવો. (અ. ૮. પા. ૬૦)

* આ લોક અને પરલોકમાં હિતકર એવા ધર્મનું જ્ઞાન મેળવવા માટે શાસ્ત્રજ્ઞ ગુરૂને વિનય અને આત્મનિગ્રહપૂર્વક સેવવા, તથા તેમને પદાર્થોનો નિર્ણય પૂછવો. (અ. ૮. પા. ૬૦)

* મૂળમાંથી જેમ વૃક્ષનું થડ થાય છે, થડમાંથી શાખાઓ થાય છે, શાખાઓમાંથી પ્રશાખાઓ (ડાળો) થાય છે, પ્રશાખાઓમાંથી પાન થાય છે, અને પછી પુષ્પ, ફળ અને રસ થાય છે, તેમ–ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય એટલે કેળવણી (અર્થાત્ જ્ઞાન અને ચારિત્ર માટે દેહ તથા મનનું શાસન) છે. તેના વડે શીઘ્ર કીર્તિ તથા સંપૂર્ણ શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત થાય છે. અને અંતે ફળના રસરૂપ મોક્ષ પણ પ્રાપ્ત થાય છે. (અ. ૯. પા. ૧૦૪/૫)

* પોતાનું હિત ઇચ્છનાર મુમુક્ષુએ ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે દોષોનો ત્યાગ કરવો.

ક્રોધથી પ્રીતિ નાશ પામે છે; માન વિનયનો નાશ કરે છે; માયા (છળકપટ) થી મિત્રતા તૂટી જાય છે; અને લોભ સર્વનો નાશ કરે છે.

શાન્તિવડે ક્રોધને હણવો, મૃદુતાથી માનને હણવું; સરળતાથી માયાને જીતવી; અને લોભને સંતોષથી જીતવો. ઉચ્છૃંખલ થયેલા ક્રોધ અને માન, તથા વૃદ્ધિંગત થયેલાં માયા અને લોભ એ ચારે મલિન-વૃત્તિઓ પુનર્જન્મરૂપી વૃક્ષના મૂળની સિંચક છે. (અ. ૮. પા. ૬૩)

* જગતમાં નાનાં મોટાં સ્થાવર કે જંગમ જે કોઈ પ્રાણીઓ છે તે બધાં જીવવા ઇચ્છે છે, મરવાં ઇચ્છતા નથી. માટે જાણતાં કે અજાણતાં પોતે કે બીજા મારફત તેમની હિંસા ન કરવી. (અ. ૬. પા. ૭૨)

* સર્વ જીવોને પોતાની બરાબર ગણનારા અને જોનારા તથા ઇંદ્રિયનિગ્રહી રહીને હિંસાદિ પાપકર્મો ન આચરનારા મનુષ્યને પાપકર્મ બંધાતું નથી. (અ. ૪. પા. ૪૬)

* આ લોકમાં સર્વ સાધુપુરુષોએ અસત્ય વચનની નિન્દા કરી છે, વળી તે બધાં ભૂતપ્રાણીઓના વિશ્વાસનો ભંગ કરવા રૂપ છે; માટે અસત્યનો ત્યાગ કરવો. (પા. ૧૪૧. અ. ૬. પા. ૭૨)

* મોટા કે વડીલનું દિલ દુભાય એવી કઠોર વાણી સાચી હોય તો પણ ન બોલવી; કારણ કે તેથી પાપ બંધન થાય છે. (અ. ૭. પા. ૮૨)

* મુનિવર્ગને સંયમ તથા તપયુક્ત રહીને જૂનાં પાપકર્મનો હ્રાસ કરવાનો તથા નવા પાપને ઉભું ન થવા દેવાનું રહે. (અ. ૪. પા. ૪૨)

* સાચો ભિક્ષુ હંમેશાં સંયમમાં જ લયલીન રહે છે તથા અનાકુળ-પણે વિચરે છે. (અ. ૧૦. પા. ૧૧૮)

* ભિક્ષુ જે ઉત્તમ શ્રદ્ધા વડે પ્રવ્રજિત થયો હોય, તે શ્રદ્ધાનું તેણે આચાર્યસંમત મહાવ્રતો આદિ ગુણોની બાબતમાં યત્નપૂર્વક અનુપાલન કરવું.

તપ સંયમ અને સ્વાધ્યાયને સદા આચરનારો તે સાધુ ઇંદ્રિયો, વિકારો વગેરે શત્રુસેનાથી નિરુદ્ધ થવા છતાં, તપ વગેરે પોતાની શસ્ત્ર-સામગ્રીથી બરાબર પૂરો પડે છે.

સ્વાધ્યાય અને સદ્ધ્યાનમાં સદા રત, વિકારો વગેરેમાંથી પોતાનું રક્ષણ કરનાર, નિર્મળ અંતઃકરણયુક્ત તથા તપ આદિમાં પરાયણ એવા તે સાધુનો પૂર્વજન્મનો કર્મમળ અગ્નિથી સોનાનો મેલ જેમ નાશ પામી જાય તેમ નાશ પામી જાય છે.

પરિગ્રહોનો જય કરનારો, જીતેંદ્રિય, વિદ્વાન, મમત્વવિનાનો, તથા અકિંચન એવો તે સાધુ કર્મરૂપી વાદળ દૂર થતાં, મેઘ વિના શરદ્ ઋતુનો ચંદ્ર જેમ શોભે તેમ શોભે છે, એમ હું કહું છું. (અ. ૮. પા. ૬૯-૧૦૦)

[ નોંધ :–ધર્મનું મૂળ "નવકારમંત્ર" સૂત્રથી કહ્યું છે. તેના અનુસન્ધાન રૂપે મુનિજનનું સ્વરૂપ (બાહ્ય તથા આભ્યન્તર ઇંદ્રિયોના નિગ્રહ વગેરે સ્વરૂપ) "પંચેન્દ્રિય સંવરણો" ઈ. સૂત્રથી કહ્યું છે. ]

* જ્ઞાન અને શ્રદ્ધાયુક્ત તથા સંયમ અને તપમાં પરાયણ એવા પ્રયત્નશીલ પુરુષને જ સાધુ કહે છે. (અ. ૭. પા. ૮૮)

* ભગવાને આસક્તિ–મમતાને જ પરિગ્રહ કહેલ છે. (અ. ૬. પા. ૭૩)

* મુનિજન વસ્ત્ર, પાત્ર, કંબળ ને રજોહરણ રાખે છે તે સંયમ અને લજ્જાના નિવારણ અર્થે જ હોય છે. (અ. ૬. પા. ૭૩)

ઉપરની રીતે વિવિધ ઉપદેશ કરેલો ભગવાન મહાવીરનો ધર્મ અપરિગ્રહ, તપ, સત્ય, જ્ઞાન, અહિંસા, દયા, સંયમ, ઇંદ્રિયનિગ્રહનો છે અને તે ગૃહસ્થવર્ગને મુનિવર્ગદ્વારા પણ પ્રાપ્ત થાય છે. અર્થાત્ બીજી રીતે કહીએ તો જૈનધર્મને "ગુરુમાર્ગ" પણ કહી શકાય. ગૃહસ્થ-જીવનને અનેક મર્યાદા ઉભી હોય તેમાં તટસ્થભાવે વિશુદ્ધિ માટે પ્રેરણા કરનારૂ યોગી–સંત–ગુરુ વર્ગનું તત્ત્વ જૈન ધર્મમાં છે અને તે માટે થોડો કાળ મુનિચર્યાની નજીક પહોંચવાની ગૃહસ્થવર્ગને ચાલુ પ્રેરણા થતી રહે છે.

"પાળે–પળાવે પંચાચાર, તે મુનિ વન્દુ ગુણમણિમાળ" એમ ગૃહસ્થવર્ગ પોતાની સ્તુતિથી પોતાને પ્રેરણા દેનારા મુનિવર્ગને વધાવે છે અને તેવા પરમ મુનિજન શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની આજે જયંતી છે.

૬૯, મરીન ડ્રાઇવ, મુંબઈ,૧. **હીરાલાલ અમૃતલાલ શાહ**

# મુક્તાત્મા આ ન માનવી?

## ( પૂજ્ય વિનોબાજીને ઉદ્દેશીને )

[ અનુષ્ટુપ ]

અંધારાં ચિંતવો જાયે કો મહા તેજપુંજ શો,
વેરાન ચિત્તવાડીએ શીતલ આમ્રકુંજ શો.
હિંસાની કાળી રાત્રિમાં અહિંસાની ઉષાતણી
લાલિમા સર્જવા જતો શ્રદ્ધાથી ધ્યેયની ભણી.

રોમેરોમે લહી રામ સામુ અદ્વૈત સ્થાપવા
ભૂમિના સામ્યનીદ્વારા સૌ આત્માની સમાનતા–
કાજે ઘૂમી રહે ગામે ગામે એ વિસરે વ્યથા
પોતાની–રે અદેહિ શો!–અન્યનાં દુઃખ ટાળવા.

સ્વયમ્ જે અન્નદાતા ને જગત્તાત ગણાય તે
પોતાને આંગણે દાણા વિના લાચાર થાય છે,
ચૂસાયલા કંઈ એવા ને શોષાય હજીય જે
તેમને કાજ એ માંગે દાન સ્વાશ્રયનું બધે.

"જનયા સૌ ધરણીકેરા, સૌને હક્ક સમાન છે
ખૂંદવા ગોદ માતાની. શ્રમ સૌનું સ્વમાન છે.
એકે તે ખાય, ને બેસે તે સર્વનાશ પામતો."
પોકારી ભૂમિહીનોને કાજે એ ભોમ માંગતો.

ભોમનો અંશ ના માત્ર, માંગે એ અંશ પ્રેમનો,
સંપત્તિદાન ના માત્ર, યાચે એ ત્યાગ સ્વાર્થનો,
જીંદગીદાન ના માત્ર–'શુધ્ધિ આત્માની હો–' કહે,
દાનના પત્રકોમાં એ પલટો હાર્દનો ચહે.

આચાર ના વિચારોથી જેનો દૂર થતો કદી,
શ્રેય ને પ્રેયની વૃત્તિ જે હૈયામાં નથી જુદી;
ન્યાળતો નિજમાં સૌને ને પોતાને બધાયમાં
વિશ્વપ્રેમી રૂપે ઇશ વસ્યો એ કૃશ કાયમાં.

સત્ય છે જેહના કાર્યે, શિવ હૈયામહિં સદા,
ધીર ગંભીર વાણીમાં છે સૌંદર્યની ભવ્યતા;
જીંદગી સાધના આખી અનંત પ્રેમપંથપે
બ્રહ્મચર્યતણાં તેજ ને માયામુક્તિથી દીપે.

કળિયુગની કાલિમા વિશ્વને રૂંધતી તદા
એ કાન્તદર્શી જુએ છે ઉષા દૂર પૂર્વમાં;
વિના સ્વાર્થ, વિના દંડ, વિના કૈં શસ્ત્ર-શાસને
દોરતો વિશ્વને આખું સત્યુગના દિવ્ય પ્રાંગણે.

આંખોમાં જ્ઞાનની દીપ્તિ, ભક્તિભાવ ભર્યો મુખે,
તાત્પર્ય કર્મનું સર્વે અંગોમાં–નવલે રૂપે
ત્રિવેણી મળતી એના આત્મામાં ત્રણ યોગની
પ્રશ્ન થાયે 'સદેહે છે મુક્તાત્મા આ ન માનવી?'

**ગીતા પરીખ**

## સભ્યોને પ્રાર્થના

સંઘના સભ્યોનું લવાજમ વર્ષની પ્રારંભમાં વસુલ થવું જરૂરી છે. આ માટે જે સભ્યોનાં લવાજમો વસુલ થયાં નથી તેમને તે વિષે યાદ આપતો પત્ર લખવામાં આવ્યો છે. આ બાબતમાં ધ્યાનમાં લઇને બાકી લવાજમવાળા સભ્યોને વિના વિલંબે પોતપોતાનું લવાજમ રૂા. ૫ સંઘના કાર્યાલયમાં પહોંચતું કરવા વિનંતિ છે.

# સમુચિત જાહેરાતને મળી રહેલો આવકાર

શ્રી. આણંદજી કલ્યાણજીએ શત્રુંજય તીર્થનાં મંદિરો જૈનેતરો માટે ખુલ્લાં મૂક્યાનું જે શકવર્તી જાહેરનામું બહાર પાડ્યું છે, તે માટે પેઢીના વહીવટ કર્તાઓને હાર્દિક અભિનંદન ઘટે છે. જૈન તીર્થોની શ્રી. આણંદજી કલ્યાણજીએ અત્યાર સુધી જે અનુપમ સેવા કરી છે, તેના ઉપર આ જાહેરનામાથી કળશ ચઢાવ્યો છે. જૈન ધર્મને તેનું મૂળ સ્વરૂપ આપવાનું આ પહેલું પગથિયું છે. જીનબિંબ અને આગમ જે આપણાં મુખ્ય આલંબનો છે, તેનો લાભ જે આખું જગત લે, અને તે માટે આપણા તરફથી હાર્દિક પ્રયત્નો થાય તો આજે જગતમાં નૈતિક, આર્થિક, અને સામાજિક ગુંચોનો સહેલાઈથી નિકાલ આવી શકે.

શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢીને જેટલાં અભિનંદન ઘટે છે, તેટલાંજ અથવા તો તેથી વધારે અભિનંદન વીશ હરિજન વિદ્યાર્થીઓને ઘટે છે કે જેમણે શત્રુંજય તીર્થના દર્શનની અભિલાષા સેવી, અને તેમાં નિષ્ફળતા મળતાં શાન્ત ભાવે પાછા ફર્યા. પરમાત્માનો વાસ મોટે ભાગે કચરાયેલા અને દુઃખી માનવોમાં વધારે હોય છે. પૃથ્વી અને તીર્થના પ્રથમ નાથ એવા શ્રી. આદિનાથ પ્રભુ આ વીશ વિદ્યાર્થીઓ દ્વારાજ આપણને સાચા માર્ગે જવાની પ્રેરણા આપી રહ્યા હોય તેમ મારું માનવું છે. નહીં તો આવા નાના પ્રસંગમાંથી આવો ઐતિહાસિક ફેરફાર થવાનું સંભવે જ નહીં. મારી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે કે આવતા કાળમાં આપણા આ મહાન અહિંસા ધર્મને જગત સમક્ષ તેના સાચા સ્વરૂપમાં રજુ કરી શકીએ તેવી તેઓ આપણને પ્રેરણા આપે. **કાન્તિલાલ ઈશ્વરલાલ**

આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી પોતાના વહીવટ તળે ચાલતાં જૈન મંદિરોમાં માનવ માત્રને પ્રવેશ કરવાનો અધિકાર માન્ય રાખતી ઘોષણા કરવામાં આવી છે તેને હું ઘણી જ આવકારદાયક ગણું છું. વૈદિક સંપ્રદાયોના વિકાસમાંથી બૌધ્ધ અને જૈન બન્ને મુખ્ય સંપ્રદાયો હસ્તીમાં આવ્યા છે. એ બન્નેમાં નાત જાતને ઠેકાણે ગુણ કર્મ દ્વારા જ ઉચ્ચ નીચપણું લેખવામાં આવ્યું છે. તેમાંય જૈન ધર્મે તો પ્રથમથી જ સ્ત્રી, શુદ્રો સુધ્ધાં સર્વને મોક્ષ લગીના સમાન અધિકારી સ્વીકાર્યા છે. ગુણ સિવાયની કશાની પૃચ્છા જૈન ધર્મને મંજૂર નથી. એમ છતાં બીજા સંપ્રદાયોની માઠી અસરથી જૈન સંપ્રદાયો પણ મુક્ત નથી રહી શક્યા. તેમાંની એક વાત અસ્પૃશ્યતાની હતી. પ્રત્યેક જન વિચારકને તે ખટકે તેવી હતી. જે વસ્તુ મહર્ષિ દયાનંદ અને ગાંધીજીને સૂઝી તે વસ્તુ સૌથી પહેલી જૈનોને સૂઝવી જોઈતી હતી. જૈન સાધુઓની એ પ્રથમ ફરજ હતી કે આ પ્રાચીન કાળથી ચાલી આવેલી પ્રણાલિ જૈનોને તેઓ સૂઝાડે અને બીજા સંપ્રદાયોની આવી માઠી અસરથી જૈન સંપ્રદાયોને બચાવી લે! દુર્ભાગ્યે તેમાંના બહુ થોડાને આ વસ્તુ સૂઝી હતી; જેમને સૂઝી હતી તેઓ પણ સામુદાયિક રીતે આવું સૂઝાડી શકયા નહોતા. તેને બદલે આજે જૈન શ્રાવકોનાં પવિત્ર મંદિરોનો વહીવટ કરતી એક મોટી પેઢી જાતે જ આ વસ્તુ સ્વીકારે છે, તેથી મોડું થવા છતાં આવી ઘોષણાની કિંમત મારે મન ઘણી મોટી છે. અલબત્ત કાયદો તો એમ કહેતો જ હતો, પરંતુ 'જૈનો હિંદુ નથી.' એ ઊહાપોહને કારણે ત્યાં કાયદો નિરૂપાય પણ કદાચ બની શકત. એટલે જ સ્વેચ્છાએ જે થયું તે વધુ આવકારદાયક બને છે. હું પોતે સ્પષ્ટપણે માનું છું કે 'જૈન ધર્મ વિશ્વધર્મ છે. વૈદિક ધર્મ તથા બૌદ્ધ ધર્મનું વિકસિતરૂપ છે.' આથી જૈનોમાં માનવ માનવ વચ્ચે રોટીબેટી વ્યવહારનો પણ ભેદ ન હોવો જોઈએ. હમણાં મેં મુંબ્રામાં સાંભળ્યું કે 'નોકારસી જમણ' (કે જેમાં નમસ્કાર મંત્ર ઉચ્ચારનાર સર્વ કોમો સહભોજન કરી શકે તે) માં ભેદ રખાયો હતો. કોઇ પણ સાચો જૈન વિચારક આવા ભેદભાવનો વિરોધ કર્યા વિના રહી જ ન શકે. માનવ માત્ર માટે જૈન મંદિરપ્રવેશની આ ઘોષણા હવે આવી અનેક દિશામાં ક્રાન્તિકારક ફેરફારો કરવામાં નિમિત્ત રૂપ બનશે એવી હું આશા રાખું છું. જૈનોનાં છાત્રાલયો કે આશ્રમો વિષે પણ નાતજાતના ભેદ વહેલી તકે નામુદ્દ થશે એમ પણ માનું છું. માટે જ તે દૃષ્ટિએ આ ઘોષણાને ફરી ફરીને આવકાર છું.

'વિશ્વવાત્સલ્ય'માંથી. **'સન્તબાલ'**

* * * *

શ્રી. ડીસા જૈન સંસ્કાર મંડળની તા. ૧૭-૪-૫૫ ના રોજ મળેલી સામાન્ય સભા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ જૈન મંદિરોમાં જૈનેતરોને દર્શનાર્થે પ્રવેશ કરવાની છુટ આપતો જે નિર્ણય કર્યો છે તેને વધાવી લે છે અને પેઢીના ટ્રસ્ટીઓ તેમજ પ્રતિનિધિઓને જૈન જગતને હિંમત ભર્યું માર્ગદર્શન આપવા બદલ અભિનંદન આપે છે.

જૈનેતર (હરિજન સહિત)-જૈન મંદિર પ્રવેશ વિરૂધ્ધ ચાલતાં આંદોલનો પ્રત્યે આ સભા ખેદ દર્શાવે છે અને સાથે સાથે જૈન સમાજને વિનંતિ કરે છે કે વિશાળ ભાવના અને ઉદાર હૃદયથી પાયાના સિધ્ધાન્તોને અનુસરીને જે પગલું લેવાયું છે તેને અમલી બનાવી જૈન સમાજ ભારત વર્ષના અન્ય ધર્મો અને જાતિઓને દાખલારૂપ બને.

* * * *

(સૌરાષ્ટ્રની ધારાસભાના બે હરિજન સભ્યો શ્રી. હરિભાઈ રાણાભાઈ ભાસ્કર અને શ્રી. કાનજીભાઈએ નીચે મુજબનું નિવેદન મોકલ્યું છે. **તંત્રી**)

ભારતભરમાં અને તેમાંયે સૌરાષ્ટ્રમાં મંદિરોનાં દ્વાર હરિજનો માટે ખૂલ્લાં મૂકવાની જે પ્રવૃત્તિ ચાલી રહી છે, તેથી સ્વાભાવિક જ અમને આનંદ થાય છે.

જૈન ધર્મે સૈધ્ધાન્તિક દૃષ્ટિએ કદી અસ્પૃશ્યતાનો સ્વીકાર કર્યો નથી, છતાં કેટલાંક સ્થળે જૈનો તરફથી હરિજનોમાં મંદિર પ્રવેશનો વિરોધ થતો હોવાનું જાણ્યું ત્યારે અમને ઉંડું દુઃખ થયું હતું.

આવા સંજોગોમાં પાલીતાણામાં સુવિખ્યાત જૈન મંદિરોમાં હરિજનોને સમાન ભાવે પ્રવેશ આપવાની નીતિને શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢીએ સ્વીકારી અને ભારતનાં આ ભવ્ય મંદિરોમાં હરિજનોને દાખલ થવાનો અધિકાર આપ્યો તેને અમે ઘણું મહત્વનું પગલું ગણીએ છીએ અને આવું હિંમત ભર્યું પગલું ભરવા માટે શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢીના સંચાલકોને હાર્દિક અભિનંદન આપીએ છીએ.

શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી કરવામાં આવેલી જાહેરાતને પરિણામે હરિજન સમાજમાં એક આનંદની લાગણી ફેલાણી છે. અને ઉત્સાહી હરિજનો વર્ષોથી જે મંદિરોનાં દ્વાર એમને માટે બંધ હતાં અને આજે એ દ્વાર પોતાને માટે ખુલ્યાં છે ત્યારે એના દર્શનાર્થે જવા અધીરા બન્યા છે. બીજી બાજુથી શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢીની આ જાહેરાતથી સ્થાનિક તેમજ કેટલીક જગ્યાના જૈન સમાજના મોવડીઓ થોડા નારાજ થયા હોવાનું પણ જાણવા મળે છે. અમને શ્રધ્ધા છે કે શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી જે યોગ્ય અને સ્તુત્ય પગલું ભરવામાં આવ્યું છે એને સમગ્ર જૈન સમાજ પહેલી તકે આવકારશે અને પોતાના હરિજન ભાઇઓને જૈન મંદિરમાં દર્શનાર્થે આવવા માટે નિમંત્રણ આપશે. જે હરિજન ભાઇઓ જૈન મંદિરોનાં દર્શનાર્થે જવા અધીરા થયા છે એમને પણ અમારી વિનંતિ છે કે શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢીની હરિજન ભાઇઓ માટે જૈન મંદિરમાં દ્વાર ખુલ્લા હોવાની સ્તુત્ય જાહેરાત પછી પણ જૈન સમાજના જે મોવડીઓ એને સમજીને આવકારી શકયા નથી તેઓને શાંતિથી આ પગલાં અંગે વિચારવાની તક મળે એટલા માટે થોડો વખત ધીરજ ધરે. અમને શ્રધ્ધા છે કે અન્ય મંદિરોમાં પ્રવેશ માટે આપણે મંદિરના ટ્રસ્ટીઓ અને અનુયાયીઓ તરફથી નિમંત્રણ મેળવી શકયા છીએ એમ થોડા સમયમાં આ મંદિરોમાં પણ દર્શનાર્થે જવાનું નિમંત્રણ મેળવી શકીશું.

શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢીએ લીધેલા સ્તુત્ય નિર્ણય બદલ હરિજન સમાજ વતી અમે ફરી એમને અભિનંદન આપીએ છીએ. જૈન સમાજના મોવડીઓને શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢીનું આ પગલું સમજીને વહેલી તકે આવકારવાની વિનંતિ કરીએ છીએ અને હરિજન ભાઇઓને થોડો વખત ધીરજ ધરવાની આગ્રહ ભરી ભલામણ કરીએ છીએ. **હરિભાઇ રાણાભાઇ ભાસ્કર**
**કાનભાઇ રેવાર**

રાજકોટ, તા. ૬-૫-૫૫ (હરિજન ધારાસભ્યો)

# સેવાદ્વારા ચિત્તશુદ્ધિ ?

ભારત જૈન મહા મંડળવાળા શ્રી રિષભદાસ રાંકા વર્ધાથી લખે છે:—

"……मेरी आचार्य तुलसीजीसे जो कुछ बातें हुई या होती रहती हैं उसके अनुसार लिख रहा हूँ:– दान दया में वे दो भेद करते हैं:– (१) एक तो वह कि जिसमें संयम या अहिंसा की वृद्धि होती है (२) दूसरी दानदया वह. (कि) जो कौटुंबिक या सामूहिक करनी पडती है..... उनका (दूसरीका) विरोध करना पाप है परंतु साधुओंकी जो मर्यादा है उसके अनुसार जिसमें हिंसा या असंयम होता है उनका (साधु) अनुमोदना नहीं करते ! वे (तो) आत्मशुद्धि, त्याग, और संयम पर अधिक जोर देते हैं। ...अभी अभी वे पुना आये थे तब मैंने एक प्रश्न किया था 'एक व्यक्ति कुटुंबसे समाज का बनता है, अपनी आत्मीयता का विस्तार कर समाजकी सेवा करता है. क्या इस तरह आत्मीयता को उदार बनानेसे चित्त शुद्धि नहीं होती ?' उन्होंने कहा कि 'हो भी सकती है' इससे आप देखेंगे कि तेरापंथी समाजकी जो मान्यताएँ थी उनमें उन्होंने समयानुकूल परिवर्तन किया है ...तो फिर हम शब्दों की झंझटमें या वाद–विवाद में क्यों पडें ? मेरा ५–६ वर्षोंसे उनसे संपर्क हुआ. उन के विचार असांप्रदायिक, उदार और व्यापक बनाने का मैंने जो प्रयत्न किया उस का मैं प्रत्यक्ष फल देख रहा हूँ ...यदि उनका उदार दृष्टिकोनवालोंसे संपर्क बढे तो उसमें मैं श्रेय ही देखता हूँ। आपके विषयमें मेरी उनसे बात हुई थी। वे तथा उनके विद्वान शिष्य नथमलजी आपके प्रति बडी सद्भावना रखते हैं और आपकी विचार-पद्धति में गहराई पाते हैं; भले ही मतभेद रहे, पर एक दूसरों के गुणों के प्रति आदर रखनेमें मैं श्रेय ही पाता हूँ। वे जिस तरह अपनी प्रवृत्ति को व्यापक बनाते जा रहे हैं वहाँ संकुचितता चल नहीं सकता ॥

આચાર્ય તુલસી જૈન સંપ્રદાયોમાંના એક તેરાપંથી સંપ્રદાયના આજના આચાર્ય છે. ભૂતકાળમાં આ સંપ્રદાયના આચાર્યોએ વટાળ-વૃત્તિમાં રસ લીધો છે. એ સંપ્રદાયનાં સાધુ સાધ્વીઓએ પોતાના સંપ્રદાયની જ સરસાઈ એવી રીતે બતાવ્યાના દાખલાઓ છે કે જેથી જૈનોના બીજા સંપ્રદાયોને અન્યાય થયો હોય ! બાળદીક્ષાની હિમાયત આ સંપ્રદાયે આંજ પહેલાં ઠીક ઠીક કરી છે. દીક્ષાને ન રોકવાની પ્રતિજ્ઞાઓ એ સંપ્રદાયનાં સાધુસાધ્વીઓ આપતાં હોવાનાં પ્રમાણ પણ આ પહેલાં સાંપડયાં છે. આવા આ સંપ્રદાયના તાજા ભૂતકાળ લગીના ઇતિહાસને ખરેખર સાફ કરવા માટે આ ત્રણ બાબતોની ઘોષણા મારા નમ્ર મતે જરૂરી લાગે છે:—

(૧) અમો આજના સંજોગોમાં બાળદીક્ષા નહીં આપીએ. બાળક અને એનાં વાલીઓ દીક્ષા ઇચ્છશે તો પણ એ બાળકને પુખ્ત વયનો અને આજના વિશ્વ અંગે અનુભવ પામેલો થવા દઈશું. (૨) અમો કોઇપણ સંપ્રદાયને હલકો ચીતરવાની કોશીષ મન, વચન અને કાયાથી નહીં જ કરીએ. (૩) સમકિત આપવાને બહાને કોઇને વટલાવીશું નહીં. જો કે ઓછે વધતે અંશે પ્રકારાંતરે તો આ વાત સર્વ સંપ્રદાયોને લાગુ પડે છે, પણ આચાર્યશ્રી જ્યારે જૂનાને ચોખ્ખું કરવા, વ્યાપક થવા અને પોતાના જૂથને વ્યાપક બનાવવા ઇચ્છે છે, તો તેમણે તો આમ પ્રથમ જ કરવું કરાવવું રહ્યું ! ભાઇશ્રી રાંકાને લાગ્યું છે કે ઉદાર દૃષ્ટિવાળા મહાનુભાવોના પરિચયથી તુલસીગણી અને એમનો સંપ્રદાય આગળ વધશે અને અમુક અંશે તેમની નજરે વધ્યાં પણ છે તો તે સારી વાત છે. પુનાના પ્રશ્નના ઉત્તરથી તેમને સંતોષ થયો તેમ તેમના પત્ર પરથી દેખાય છે. હું શ્રી રાંકાજીને હવે એટલું વિનવું કે ગણીજી આવી ચિત્તશુધ્ધિ થતાં થતાં ગૃહસ્થાશ્રમીને જો મોક્ષ સ્વીકારતા હોય તો તેમણે સાધુને માટે મોક્ષધર્મ અને ગૃહસ્થોને માટે લૌકિક ધર્મ એવી એકાંગી પ્રરૂપણા છોડી દઇ કોઇ દ્વારા પણ ચિત્ત શુધ્ધિથી થયેલાં કામોને મોક્ષ માર્ગ સાધક લેખી લેવાનું નિરૂપણ કરતાં અચકાવું ન જોઇએ. ભલે પછી એ ચિન્તશોધક ગૃહસ્થાશ્રમી હો અથવા સાધુ–સંન્યાસી હો! ભૂતકાળની શુદ્ધિ માટેની આટલી નવઘોષણા અને વર્તમાન માન્યતાની આવી ચોખ્ખવટ નહીં થાય, ત્યાં લગી તટસ્થ એવા ઊંડા જૈન વિચારકોની અંતરની સહાનુભૂતિ તેમને પલ્લે આવવી બિલકુલ અશકય લાગે છે. મને આશા છે કે રાંકાજી આ બે વાત ઉપર ગંભીરપણે વિચારશે અને આચાર્ય તથા તે સંપ્રદાયને વિનવશે.

તા. ૧૬-૪-૫૫ ના 'વિશ્વવાત્સલ્ય'માંથી **'સન્તબાલ'**

સાભાર ઉધ્ધૃત

**પરિપૂર્તિ :** શ્રી રિષભદાસ રાંકા એકાન્ત ગુણદર્શી હોઇને "હો ભી સકતી હૈ" એ પ્રકારના આચાર્ય તુલસીના જવાબમાં એક મહાન સાંપ્રદાયિક પરિવર્તન તેમને દેખાય એ સ્વાભાવિક છે. પણ એ ઉત્તરને બારીકાઇથી તપાસતાં કોઇને પણ માલુમ પડશે કે પ્રસ્તુત જવાબમાં પરિવર્તન જેવું કશું નથી પણ સામાન્ય વાંચનાર ભ્રમમાં પડે એવી વાકપટુતા રહેલી છે. એ તો દેખીતું જ છે કે 'હો ભી સકતી હૈ' એ જવાબના ગર્ભમાં 'ન ભી હો સકતી હૈ' એ પ્રકારનું વિધાન રહેલું જ છે, અને આચાર્ય તુલસી પોતાના ઉત્તરમાં સરળપણે ઉમેરી શકે છે કે "ચિન્તશુદ્ધિનો આધાર સેવા કયા પ્રકારની છે તેના ઉપર રહેલો છે. અન્યને સંયમ માર્ગે લઇ જાય એવી આ સેવા હોય તો એ સેવા કરનારની ચિન્તશુદ્ધિ જરૂર સંભવિત છે; પણ અન્ય પ્રકારની સેવા હોય તો તેવી સેવામાંથી ચિન્તશુદ્ધિની આશા રાખવી વ્યર્થ છે. એવી સેવાથી સેવ્ય તેમ જ સેવક ઉભયની સંસારવૃદ્ધિ જ થવાની." ઉપર આપેલ આચાર્યશ્રીના જવાબમાં પરિવર્તન નિહાળીને ખુશ થવામાં આપણે જ છેતરાઇએ છીએ. આચાર્યશ્રીની સ્થિતિમાં કશો ફરક પડતો નથી. **પરમાનંદ**

## પ્રબુદ્ધ જીવનનો આગામી અંક

શત્રુંજય ઉપર પુંડરીકજી મંદિરમાં અથવા તો એવા કોઈ યોગ્ય સ્થળે મૂકવા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ ચિત્રકાર શ્રીમતી ટાગોર અને શ્રી. ગોપેન રોય પાસે ભગવાન ઋષભદેવના ચરિત્રના છ જીવન પ્રસંગોનું અતુલક્ષીને મોટા કદનાં ચિત્રો તૈયાર કરાવ્યા છે. થોડા સમય પહેલાં એ પેઢી તરફથી અમદાવાદ ખાતે આ ચિત્રોનું એક જાહેર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રબુધ્ધ જીવનના વાંચકોને આ ચિત્રોનો કાંઈક ખ્યાલ આવે એ હેતુથી આ ચિત્રો તેમ જ તેમાંના કેટલાક પેટાચિત્રો એકવર્ણી ( black & white ) બ્લોકસ ઉપરથી છાપીને પ્રબુધ્ધ જીવનના આગામી તા. ૧–૬–૫૫ ના અંકમાં પ્રગટ કરવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. આ ચિત્રો છાપવા માટે ખાસ આર્ટપેપર પસંદ કરવામાં આવેલ છે. પ્રસ્તુત અંકની થોડીક વધારે નકલો કાઢવામાં આવનાર છે અને તે દરેકની આઠ આના કીંમત નક્કી કરવામાં આવી છે. આ ચિત્રો એવી રીતે છાપવામાં આવશે કે તેને સ્વતંત્ર રીતે ફ્રેમ કરાવીને ઘરમાં ટાંગી શકાશે. આ નકલો પોસ્ટમાં મોકલતાં તેમાં ઘડી પડવાનું અને ચોળાઇ જવાનું જોખમ રહે છે. તેથી છુટી નકલ મેળવવાની ઇચ્છા ધરાવનારને સંઘના કાર્યાલયમાંથી સત્વર મેળવી લેવા વિનંતિ છે.

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, **વ્યવસ્થાપક, પ્રબુધ્ધ જીવન**
મુંબઈ ૩.

## 'મારી યાત્રા'

તા. ૧–૫–૫૫ થી શરૂ થયેલી આ લેખમાળાના હવે પછીના હપ્તા તા. ૧૫–૬–૫૫ ના અંકથી આપવામાં આવશે.

## સત્યં, શિવં, સુન્દરમ્

( શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના લેખોમાંથી ચૂંટીને તૈયાર કરવામાં આવેલી લેખસંગ્રહ )

પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

કાકાસાહેબ કાલેલકર તથા પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે.

**પ્રગટ થઇ ચૂકયો છે.**

કીંમત : રૂ. ૩ પોસ્ટેજ ૦।=,

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે

કીંમત : રૂ. ૨ પોસ્ટેજ ૦।=

પ્રાપ્તિસ્થાન :

(૧) મુંબઇ જૈન યુવક સંઘ ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
(૨) ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધી રસ્તા, અમદાવાદ, ૧.

# મહાવીરનો વિશ્વધર્મ

(મહાવીર જયન્તીના નિમિત્તે દીલ્હીમાં કાકાસાહેબ કાલેલકરે તા. ૭–૪–૫૫ ના રોજ આપેલું વ્યાખ્યાન).

ભગવાન મહાવીરસ્વામી પ્રત્યે મારી શ્રધ્ધા તથા ભક્તિ પ્રદર્શીત કરવાનો મને આ અવસર મળ્યો તેને હું મારૂં અહોભાગ્ય માનું છું. મહાત્મા ગાંધીજીના સાબરમતી આશ્રમમાં રહીને ગાંધીજીની અહિંસા સમજવાની મેં પુરી કોશિષ તેમજ સાધના કરી. અને હિંસાત્મક ક્રાન્તિનો માર્ગ છોડીને અહિંસાત્મક સત્યાગ્રહ તરફ હું વળ્યો. મારૂં અહિંસાનું અધ્યયન કેવળ દાર્શનિક નહોતું. હું મારૂં જીવન અહિંસામય બનાવવાની કોશિષ કરતો હતો. એ સ્વાભાવિક હતું કે ગુજરાતના અનેક જૈનો સાથે મારો પરિચય વધ્યો. તેમણે મને પોતાના મિત્ર-મંડળમાં દાખલ કર્યો. એટલે સુધી કે પર્યુષણ પર્વમાં વ્યાખ્યાન દેવા માટે મારા મુંબઇના મિત્રો વર્ષોથી મને બોલાવતા આવ્યા છે. અમદાવાદ, ઈદ્દોર, કલકત્તા, બનારસ વિગેરે અનેક ઠેકાણે મેં અહિંસા ઉપર વ્યાખ્યાનો આપ્યાં છે. ક્ષુલ્લક ગણેશીલાલ જેવા જૈન ધર્મના પ્રચારકને અભિનંદનગ્રંથ અર્પણ કરવા માટે મને બોલાવવામાં આવ્યો હતો. આ રીતે જૈન સ્નેહીઓ મને અપનાવતા ગયા અને હું પણ ધીમે ધીમે માનવા લાગ્યો કે હું જૈન છું. એક જૈન કન્યાએ મારી પુત્ર-વધૂ બનીને આ ભાવનાને સુદૃઢ બનાવી છે. હું અનેક જૈન મંદિરોમાં શ્રધ્ધા–ભક્તિ પૂર્વક ગયો છું અને પ્રેમ તથા આદર પૂર્વક મારૂં સ્વાગત કરવામાં આવ્યું છે. પાલીતાણાની પાસે આવેલા શત્રુંજય પહાડ ઉપરનાં જૈન મંદિરોની મેં યાત્રા કરી છે. આબુનાં જૈન મંદિરોની શિલ્પ કળાનો મેં આસ્વાદ લીધો છે.

આમ છતાં પણ હરિજન અને દેવદ્રવ્યના સવાલો સંબંધમાં જૈનોમાં, સંભવ છે કે, કાંઇક વિચિત્ર પરિવર્તન થઈ રહ્યું છે. કેટલાએક દિવસ પહેલાં હું અજમેરમાં જૈનોના સુવર્ણ મંદિરમાં ગયો હતો. આ પહેલાં પણ એક વાર ત્યાં ગયો હતો. આ વખતે જોયું તો માલુમ પડયું કે જૈનેતરોને અંદર દાખલ થવા દેવામાં આવતા નથી. આ પ્રકારની ત્યાં નોટીસ લગાડવામાં આવી હતી. મેં કહ્યું કે નોટીસ મુજબ કદાચ હું અંદર જઇ ન શકું પણ મને દર્શનની અભિલાષા છે. મને અંદર જવા ન દીધો. મારી સાથે પદ્મચંદ સિંધી હતા. તેઓ અંદર જઈ શકતા હતા. છતાં તેઓ પણ અંદર ન ગયા. અજમેરમાં મને અનુભવ કરાવવામાં આવ્યો કે હું જૈનેતર છું.

આજકાલ કેટલાક જૈનો કહેવા લાગ્યા છે કે તેઓ હિંદુ નથી. તેમની જેવી મરજી. હું તો તેને હિંદુ કહું છું કે જેનું ચિત્ત હિંસાથી દુઃખી છે. હું જાણું છું કે હિંદુ શબ્દ સિંધુમાંથી આવ્યો છે. એ તો છે હિંદુ શબ્દની વ્યાખ્યા. વ્યાખ્યા અને નિરૂક્તિ અલગ અલગ હોય છે. નિરૂક્તિમાં શબ્દોના અક્ષરોમાંથી કોઇ અર્થ શોધવામાં આવે છે અને તે ઉપરથી શબ્દોનો ભાવ પ્રગટ કરવામાં આવે છે. 'હિં' અને 'દૂ' (હિંદી ભાષામાં 'હિંદુ' નહિ પણ 'હિંદૂ' એવી જોડણી કરવામાં આવે છે.) એ બે શબ્દોમાંથી હિંદુ શબ્દ બનેલો છે. હિં એટલે હિંસા અને દૂ એટલે દુઃખ–હિંસયા દૂયતે ચિત્તં યસ્યાસૌ હિંદૂરીરિતઃ–હિંસાથી જેનું ચિત્ત દુઃખિત છે તે સાચો હિંદુ છે. તો શું જૈન હિંદુ નથી?

અહિંસા મનુષ્ય જાતિના મનમાં ધીરે ધીરે પ્રગટ થાય છે, પહેલાં સ્થૂળ રૂપમાં, પછી તે સૂક્ષ્મ બનતી જાય છે. દરેક યુગમાં અહિંસા કંઇક આગળ વધે છે. ભગવાન મહાવીર જ એક એવા પુરૂષ હતા કે જેમણે પોતાના જમાનાથી બહુ આગળ વધીને સૂક્ષ્માતિ-સૂક્ષ્મ અહિંસાનો ઉપદેશ આપ્યો.

એ જમાનામાં કોઈ કોઇ મનુષ્યનું માંસ ખાવાવાળા લોકો પણ હતા, મનુષ્યોને ગુલામ બનાવીને વેચવામાં આવતા હતા, સૈન્યોમાં અરસપરસ યુધ્ધો ચાલતાં હતાં, અને પશુમાંસનો આહાર તો લગભગ સાર્વત્રિક હતો. એ જમાનામાં પાણીમાં અને હવામાં જે સૂક્ષ્મ જંતુઓ હોય છે તેમની પ્રત્યે આત્મીયતા દાખવવી અને સમગ્ર વિશ્વમાં અહિં-સાની સ્થાપના કરવાનો અભિપ્રાય ધરાવવો તેમજ એવો વિશ્વાસ રાખવો કે આટલી વ્યાપક અહિંસા પણ મનુષ્યહૃદય કબુલ કરશે અને કોઈ એક કાળે એને સિધ્ધ પણ કરશે–આ ઉચ્ચ કોટિની આસ્તિકતા છે. ઈશ્વર અથવા તો શાસ્ત્ર ઉપર વિશ્વાસ રાખવો તે ગૌણ વસ્તુ છે. મનુષ્યહૃદય પર વિશ્વાસ રાખવો કે તે વિશ્વાત્મૈક્ય તરફ જરૂર આગળ વધશે–એ સૌથી મોટી આસ્તિકતા છે. આ કારણથી હું ભગવાન મહાવીર સ્વામીને આસ્તિકશિરોમણિ તરીકે ઓળખાવું છું. એમનો જમાનો કોઇ ને કોઇ દિવસ જરૂર આવશે જ.

આપ હિંદુ શબ્દનો સંકુચિત અર્થ શા માટે કરો છો? સનાતની, વૈદિકધર્મી, રૂઢિવાદી સુધી હિંદુ ધર્મ સીમિત નથી. શ્રમણ અને બ્રાહ્મણ, બૌધ્ધ અને જૈન, લિંગાયત, શિખ, આર્યસમાજી, બ્રહ્મ-સમાજી વગેરે સર્વ મળીને હિંદુ સમાજ બનેલો છે. આ વિશાળ હિંદુ પરંપરામાં જીવનને અખંડ અને અનુસ્યૂત માનવામાં આવેલ છે. જીવનની આ અખંડ ધારા પવિત્ર છે. સૌ પ્રત્યે આત્મીયતા ધારણ કરવી એ તેનો મુખ્ય ભાવ છે.

**समं पश्यन् हि सर्वत्र, समवस्थितमीश्वरम्।**
**न हिनस्ति आत्मनात्मानं, ततो याति परां गतिम्॥**

ગીતાનો આ શ્લોક પણ આ ભાવનાનો જ ઉદ્ગાર છે. આવી વ્યાપક આત્મીયતામાં ઉંચ–નીચ ભાવ તેમ જ અસ્પૃશ્યતાને કોઈ અવકાશ હોઈ ન જ શકે. સનાતનીઓમાં જે મલીનતા આવી ગઈ હતી તે દૂર કરવા માટે ગૌતમ બુધ્ધ અને મહાવીર જેવા ધર્મ સુધારકોએ મોટો પુરૂષાર્થ કર્યો. તેમના જ અનુયાયીઓ જો સંકુચિત બની જાય તો કેમ ચાલે?

એક વખત હું નાગપુરની પાસે રામટેક ગયો હતો. ત્યાંના એક જૈન મંદિરના દરવાજા ઉપર મેં બંદુક, તરવાર અને સિપાઈ જોયાં. દુઃખની સાથે મને આશ્ચર્ય પણ થયું. અહિંસાના પરમ પ્રચારક મહાવીર સ્વામીના મંદિરની રક્ષા માટે હિંસાના શસ્ત્ર અને પ્રતિનિધિ કેમ આવી ગયા? જવાબ મળ્યો કે મંદિરમાં મહાવીરની સાથે તેમનાં આંગી આભૂષણ પણ છે. એટલે કે ત્યાં કુબેરની ઉપાસના થઇ રહી છે. (સંપત્તિને હું લક્ષ્મી તરીકે નથી ઓળખતો. લક્ષ્મી તો કુદરતની સમૃદ્ધિ છે, પવિત્રતાની શોભા છે, લક્ષ્મી તો પરમ મંગળકારી સૌભા-ગ્યની પ્રસન્નતા છે, સ્વયં શુભ અને પાવન છે.) અહિં ધન દૌલત મોટા પેટમાં સમાયલો સામાજિક દ્રોહ છે. તેનું પ્રતીક તો કુબેર જ થઈ શકે છે.

આ કુબેરની ઉપાસના આખી દુનિયામાં ચાલે છે. તેના માટે જ એટમબોંબ અને હાઈડ્રોજનબોંબ સુધીના શસ્ત્રાસ્ત્રોની તૈયારી કરવી પડે છે. આવી દુનિયામાં વિશ્વવ્યાપી અહિંસાનો આગ્રહ ભારતે રાખ્યો છે. ભારતની સરકાર દુનિયાના સર્વ દેશોમાં કૌટુંબિક ભાવ પેદા કરીને હિંસાને અટકાવવા ચાહે છે.

હરિજનો તો શું પણ દુનિયાના કોઈ પણ દેશના અને જાતિના, પંથના કે વંશના મનુષ્યનો આપણે બહિષ્કાર કરવો નથી.

અને જૈન મંદિરોમાં ભોગ અને પ્રસાદ, કાચી રસોઇ કે પાકી રસોઇની કોઈ ઝંઝટ નથી. કોઈ અજૈન જૈન મંદિરમાં જાય તો તેને અહિંસાની દીક્ષા મળવાની સંભાવના વધારે છે. મંદિર અથવા તો મંદિરની મૂર્તિ ભ્રષ્ટ શી રીતે થઈ શકે છે? જ્યારે આખું ભારત, આપણા પૂજ્ય રાષ્ટ્રપતિ તથા પ્રધાનમંત્રી વિશ્વમાં પરમ ધર્મ અહિંસાનો પ્રચાર કરી રહ્યા છે, એવા સમયે જૈનોનું કર્તવ્ય શું હોઈ શકે? જૈન શાસ્ત્રોનું સંપાદન કરવું, તેની ઉપર વ્યાખ્યાન અને ટીકાટીપ્પણી લખવાં, પ્રાચીન જૈન ગ્રંથોનું સંશોધન તથા અધ્યયન કરવું–આ બધું સારૂં છે. પણ એટલાથી સંતોષ ચિન્તાવવો ન જોઈએ. સમસ્ત દુનિયાની સામે જે મહાન આર્થિક, રાજનૈતિક, સામાજિક તેમ જ વાંશિક સવાલ ઉભો છે તેનો ઉકેલ અહિંસાદ્વારા, પ્રેમધર્મદ્વારા કેવી રીતે લાવી શકાય તેમ છે, તે માટે કેવી તપશ્ચર્યા આવશ્યક છે, તેનું ચિન્તન કરવું જરૂરી છે. આપણે પ્રાર્થના કરીએ કે આપણી આ સાધનામાં ભગવાન મહાવીરનો પ્રસાદ તથા આશીર્વાદ આપણ સર્વને પ્રાપ્ત થાય અને આપણી અહિંસાવૃત્તિ સૌ કોઇને અપનાવે!

'મંગળ પ્રભાત'માંથી **કાકા કાલેલકર**

સાભાર ઉધ્ધૃત તથા અનુવાદિત.

# નગ્નતા

(તા. ૧-૧-૫૫ ના પ્રબુદ્ધ જીવનમાં 'દિગંબર સાધુનું નગ્નત્વ અને અન્ય આચારવિશેષત્તાઓ' એ મથળા નીચે પ્રગટ થયેલા લેખને અનુલક્ષીને લખાયલા અને ૧૯૫૫ ના માર્ચ માસના 'જૈન જગત' માં પ્રગટ થયેલા મહાત્મા ભગવાનદીનજીના હિંદી લેખનું શ્રી. મેનાબહેને કરી આપેલું સંક્ષિપ્ત રૂપ નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

જીવ માત્ર જન્મે છે ત્યારે નગ્ન હોય છે. પશુ પંખી નગ્ન જન્મે છે અને જીવનભર નગ્નાવસ્થામાં જ રહે છે. મનુષ્યે બુદ્ધિનો ઉપયોગ કરી વસ્ત્રો વડે અંગ ઢાંકવાનો પ્રયત્ન કર્યો. છતાં આજેય ક્યાંક ક્યાંક એવી અલગ વસાહતો છે કે જ્યાં સ્ત્રી પુરૂષો નગ્નાવસ્થામાં જ રહે છે. આ વસાહતોના મનુષ્યો વસ્ત્રધારીની દુનિયામાં આવે છે ત્યારે કપડાં પહેરીને આવે છે. આસામની ઉત્તરે પહાડી પ્રદેશમાં વસતી પ્રજા "નાગા" જાતિ કહેવાય છે. આ પ્રજા નગ્ન રહે છે તે ઉપરથી જ કદાચ "નાગા" જાતિવાચક નામ બન્યું હશે. હિંદુઓમાં કેટલાક સાધુઓ પણ નાગા સાધુ કહેવાય છે, કેમકે તેઓ પણ નગ્ન રહે છે. આ સાધુઓને વસ્ત્ર પહેરવાથી સાધુધર્મમાં કંઈ દોષ નથી લાગતો, પણ હજારો નરનારીઓની વચ્ચે નગ્ન ઉભા રહેવામાં જરાયે ખચકાટ કે શરમ ન લાગવી જોઇએ એ એમની માન્યતા છે.

વસ્ત્રોથી ભરચક રહેવા છતાં પણ "દિગંબર" નામે ઓળખાતો એક સંપ્રદાય આપણે ત્યાં છે. તેમના સાધુઓને આપણે શિખાઅરી કે ભીતાંબરી કહીએ તો યે હરકત નથી. કેમકે અગ્નિશિખા કે ઓરડાની ચાર ભીંતો વડે જ તેઓ પોતાના શરીરનું ટાઢતડકાથી રક્ષણ કરે છે. આ સાધુઓ ક્રોધ માનની બાબતમાં કદાચ બીજા સાધુઓ જેવા જ હોય, પણ બ્રહ્મચર્યની બાબતમાં બહુ કડક નિયમ પાળનારા હોય છે. જો કોઈ સાધુને કચ્છ પહેરવો પડે તો તેમાં તેને હિણપત લાગે છે. કેમકે તેના ચારિત્રમાં કંઈ દોષ લાગ્યો હોય તો જ તેને કચ્છ પહેરવાની ગુરૂઆજ્ઞા મળે છે.

હિંદુસ્તાનમાં નિર્વસ્ત્ર રહેવું એ તપસ્યાનું એક અંગ મનાયું છે. બહુજ પ્રાચીન કાળથી આ રિવાજ ચાલ્યો આવે છે. સિકંદરને સાધુ "ડાયોજિનસ" નો મેળાપ થયો હતો. તે નગ્ન હતા. શાહજહાનના સમયમાં એક સાધુ સર્મદ બહુ પ્રખ્યાત હતા. તે જન્મે યહુદી હતા અને વ્યાપારાર્થે હિંદુસ્તાન આવ્યા હતા. પાછળથી તે નગ્ન સાધુ થઈ ગયા. તેમનું રાજદરબારમાં પણ ખુબ માન હતું. હિંદુ મુસલમાન વગેરે બધી જ કોમમાં તેમના અગણિત ભક્તો હતા. જુમા મસીદની સીડી ઉપર બીજા ભીખારીઓની જોડે તેઓ પડયા રહેતા, પણ ધર્મે મુસલમાન ન હોવાથી મૌલવીઓએ તેમને દિગંબર મુનિની કક્ષામાં મૂકી ઔરંગઝેબ દ્વારા ફાંસી અપાવી દીધી.

## સાધુમાર્ગમાં નગ્નતાનું સ્થાન

આજે આપણે ત્યાં નગ્ન સાધુઓ છે, પણ નગ્નતાની ભાવનાના પ્રાણ તેમનામાં નથી. જે નગ્નતા અપરિગ્રહ-નિર્મોહતા-નું નિશાન હતી તે નગ્નતા આજે હેતુવિહીન થઇ ગઇ છે. મનુષ્ય ગૃહસ્થધર્મ છોડી સાધુધર્મ સ્વીકારે છે, તે એટલા માટે કે પોતે નિર્દ્વન્દ્વ થઈ સત્ય, આત્મા, પરમાત્માના ચિંતનમાં મગ્ન રહી શકે. આ હેતુ સાથે નગ્નતાને શું સંબંધ છે તે આપણે જોઇએ.

ધર્મગ્રન્થ અને પુરાણોએ જનક અને ભરતરાજાના દૃષ્ટાન્તો આપી સાફ સાફ શબ્દોમાં કહ્યું છે કે પરમાત્મચિંતનના માર્ગમાં નગ્નતા અવશ્ય હોવી જોઇએ એવું નથી.

જે ધર્મ નગ્નતા વિના મુક્તિ નથી માનતો, અને નગ્ન ન રહી શકવાના કારણે સ્ત્રીની મુક્તિ નથી સ્વીકારતો, તે ધર્મના ગ્રંથો મેં સારી રીતે વાંચ્યા છે અને મને ખાત્રી છે કે આ ધર્મગ્રંથો પણ સ્ત્રીમુક્તિ કે શુદ્રમુક્તિનો વિરોધ નથી કરતા.

નિર્વસ્ત્ર સાધુપણું એક મુખ્ય માર્ગ છે. બધા એ માર્ગે ચાલી શકે છે. પહેલા માર્ગ જેટલો એ સંકુચિત નથી પણ કાંટાળો તો છે જ. આ માર્ગમાં પણ એટલી મુશ્કેલીઓ ભરી પડી છે તેને કોઈ જીતી શકતું નથી. જે નગ્નતાને લક્ષમાં રાખીને મેં આ ચર્ચા ઉપાડી છે. તે નગ્ન સાધુઓની હું આ વાત કરૂં છું. હિંદુઓના "નાગા" સાધુઓએ નગ્નતા સ્વીકારીને સ્વતંત્રતા હાંસલ કરી છે, પણ આ સાધુઓએ નગ્નતા સ્વીકારીને પોતાની સ્વતંત્રતા ખોઇ છે. બદલે પરાધીનતાની બેડી અપનાવી છે.

હમણા જ મુંબઇમાં એક દિગંબર મુનિના સ્વાગતનો વરઘોડો નીકળ્યો હતો. સંભળાય છે કે આ વરઘોડો કાઢવાની પરવાનગી સરકારે પહેલાં તો નહોતી આપી, પણ પછી કેટલાક શ્રીમંત આગેવાનોની લાગવગથી રજા મળી અને વરઘોડો કાઢવામાં આવ્યો.

આ ઘટનાને ઉદ્દેશીને એક સ્વાધીન વિચારકે બહુ જ વિચારયુક્ત એક લેખ લખ્યો છે. તેમાં એમણે એમ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે "વર્તમાન દુનિયા એટલી સભ્ય બની ગઈ છે કે આજે કોઇ નગ્ન રહે એ જંગલીપણાની નિશાની ગણાય. પ્રાચીનકાળમાં સાધુઓ નગ્ન ફરતા હતા ત્યારે સાધારણ જનસમુદાય પણ લગભગ અર્ધનગ્નાવસ્થામાં રહેતો હતો. ત્યારે નગ્ન સાધુ વિષે જનતા એટલી બધી અસહિષ્ણુ નહોતી. પણ આજની સભ્ય દુનિયાને આ હજારો વર્ષ પીછેહઠ કર્યા જેવું લાગે. આજ સુધીની સાધેલી આપણી સભ્યતા ઉપર પાણી ફેરવી નાંખ્યા જેવું થાય."

## નગ્ન રહેવું એ પીછેહઠ નથી

જો ઉપલક દૃષ્ટિએ આજની દુનિયાને જોઇને કહેવું હોય તો હું પણ એ સ્વાધીન વિચારકની સાથે સહમત થઈને કહી દઉં કે "નગ્ન રહેવું એ જંગલીપણાની નિશાની છે. પણ જો બનતા અને બની ગયેલા બનાવોને વધારે ઉંડાણથી વિચારીએ તો અનેક પ્રશ્નો ઉભા થાય. બહુજ ઓછાં કપડાંએ ચલાવવું, પાણકોરા જેવી જાડી ખાદી પહેરવી, અને ચરખો ચલાવવો એ પણ શું ત્યારે નગ્નતાના યુગ તરફ પાછા ફરવા જેવું નથી ? ગ્રામ ઉદ્યોગોને સજીવ કરવા એ પણ પીછેહઠ ગણાશે. ચુસ્ત ગાંધીભક્તો અને વિનોબાજીની હા માં હા મેળવનારાઓ પણ એ જ કોટિમાં ગણાશે. ત્યારે પ્રશ્ન આવીને એ ઉભો રહે છે કે આગળ વધીએ છીએ કે પીછેહઠ કરીએ છીએ તેની સીમારેખા કયાં ગણવી ?

એ સ્વાધીન વિચારકની કલ્પના પ્રમાણે સમયની સડક ઉપર જો આપણે આગળ ચાલ્યા જઇએ તો મને લાગે છે કે આજની સભ્યતા એ આપણા આદર્શ સુધી પહોંચવાના માર્ગમાં વચમાં આવતો એક વિસામો છે. જેમ ચઢઉતર મોતીની એક માળામાં શરૂઆતમાં ઝીણા મોતી હોય, વધતાં વધતાં બરાબર મધ્યમાં સૌથી મોટું મોતી હોય અને પાછું ઉતરતાં છેક છેડે શરૂઆતના જેવું ઝીણું મોતી હોય–તે મુજબ મનુષ્યનો વિકાસ પણ જંગલી અવસ્થાની નગ્નતાથી શરૂ થઈ આજની સભ્યતાએ પહોંચ્યો છે, અને ધીમે ધીમે બાહ્ય આડંબર ઠાઠમાઠ વગેરે પાછાં ઘટતાં ઘટતાં જ્યાંથી શરૂ થયો હતો ત્યાં જ આવીને અટકશે.

જેમ વિજળીનો પ્રવાહ જ્યાંથી શરૂ થાય છે ત્યાં જ પાછો પહોંચ્યા વિના (સરકીટ કંપલીટ થયા વિના) પ્રકાશ નથી આપતો, તે મુજબ આપણી સભ્યતા પણ જ્યાંથી શરૂ થઇ હતી ત્યાં પાછી નહીં પહોંચે ત્યાં સુધી માનવસમાજ પોતે પોતાને ઓળખી શકવાનો નથી અને વિશ્વબંધુત્વની ભાવના પણ ફેલાવાની નથી. ફરક એટલો જ રહેશે કે શરૂઆતની નગ્નાવસ્થા તમસાવિષ્ટ હતી; અંતની નગ્નાવસ્થા તેજસ્પૂર્ણ હશે.

આપણી શરૂઆતની નગ્નાવસ્થા હતી બાળકના જેવી અજ્ઞાનપૂર્ણ. બાળકની નિર્વિકારતાને આપણે પૂજ્ય અર્ધ્ય નથી અર્પતા. પણ આપણી અંતની નગ્નાવસ્થા હશે જ્ઞાનપૂર્ણ. તે નગ્ન સાધુની વીતરાગતા સમાજમાં વ્યવસ્થા લાવશે. તેની સમતા સમાજમાં શાંતિ સ્થાપશે. તેની સાધુતા વધારેમાં વધારે શ્રમ અને ઓછામાં ઓછું લેવાને તૈયાર હશે. તેની હરએક ક્રિયા સમાજને કોઇને કોઈ પાઠ આપનારી હશે. જ્ઞાનપૂર્ણ આ નગ્નતાને કોઈ નગ્નતા કહેશે જ નહીં. એ તો પ્રકૃતિનો પૂજારી કહેવાશે.

આ પ્રમાણે નગ્નતા એ કોઈ બિહામણી કે પતન તરફ લઈ જનારી વસ્તુ નથી. અને આપણે જંગલીપણા તરફ જઈ રહ્યા છીએ એવો ડર રાખવાની પણ જરૂર નથી.

આ બધી મારી ચર્ચા ઉપરથી કોઈ એમ ન સમજે કે હું એ વિચારશીલ લેખકનો વિરોધ કરું છું, અથવા તો મુંબઈમાં જે વરઘોડો નીકળ્યો તે યોગ્ય હતું એમ હું માનું છું. હું તો માત્ર આ પ્રસંગને લઈને નગ્નતાનું સર્વાંગીણ વિશ્લેષણ કરું છું.

દિગંબર મુનિઅવસ્થાનો હું વિરોધ નથી કરતો તે એટલા માટે નહીં કે મને કોઈનો ડર છે. મને પોતાને ઘણી વખત નગ્ન જીવન જીવવાનો વિચાર થઇ આવે છે. નગ્નતા મને ગમે છે, પણ નગ્નતાના દેખાવનો હું દુશ્મન છું. આજ સુધીનું મારું તમામ જ્ઞાન અને અનુભવ મને જે સત્ય લાગે તેને તેના નગ્ન સ્વરૂપમાં સમાજ સમક્ષ મૂકવાની ફરજ પાડે છે. કદાચ એક સમય એવો હશે કે જ્યારે નગ્નસત્ય સમાજ આગળ મૂકવામાં ભય હોય, પણ આજે તેમ નથી. આજ તો નગ્નસત્ય જાહેરમાં મૂકવું એ ઉપયોગી છે—આવશ્યક—છે.

### સભ્યતા અને સચ્ચાઇ સાથે નથી રહી શકતા

હું એ નિર્ણય ઉપર આવ્યો છું કે સભ્યતા અને સચ્ચાઈ સાથે નથી રહી શકતા. ધર્મોમાં જે ધર્મ દેખાવમાં વધારે અજ્જડ લાગતો હોય તેના અનુયાયીઓ વધારે સાચા અને અપરિગ્રહી હોય છે. અચૌર્ય કે બ્રહ્મચર્યમાં પણ તેઓ કમ નથી હોતા. મારા વિચાર પ્રમાણે તેઓ હિંસક પણ ઓછા હોય છે. કેમકે જે ધર્માચાર્યોએ હિંસામાં પાપ કહ્યું છે તેમની અહિંસા ડરયુક્ત હોય છે. તેમના અનુયાયીઓમાં હિંસા કરતાં વધારે નીચતા, બદલાની ભાવના અને વેરનું પોષણ થતું હોય છે. જ્યારે જડ ધર્માનુયાયીઓમાં આ બધી બુરાઇઓ ઓછી હોય છે.

સભ્ય સમાજ કે પોતાને સંસ્કારી માનતા ધર્મના અનુયાયીઓ દેખાવમાં સરળ લાગતા હોય છે પણ તેમનું દિલ કાળું હોય છે. બાહ્ય દેખાવ અને પૂજા પ્રતિષ્ઠાના આડંબરથી પોતાનું અંતર છુપાવવામાં તેઓ નિષ્ણાત બની ગયા હોય છે. મતલબ કે ઘણીવખત તો તેઓ પોતે પણ પોતાના અંતસ્તલને જાણી શકતા નથી.

### નિયમોની પકડ

સભ્ય કહેવાતા ધર્મોએ પોતાના ભક્તોને એવા તો નિયમોની જાળમાં ફસાવી રાખ્યા છે કે તેઓ સત્ય ઉચ્ચારી શકતા નથી. સત્ય બોલવા જાય તો વ્યવહાર ચાલી શકે નહિ.

આજના સરકારી નિયમો પણ એવા છે કે કોઇને સાચું જીવન જીવવા નથી દેતા. જો કાયદો તોડયો એ પાપ છે—અને જરૂર તે પાપ છે કેમકે તેમાં ચોરી અને જૂઠ બન્ને છે—તો હું કહું છું કે આજનો પ્રત્યેક મનુષ્ય દિવસમાં કેટલીએવાર કાયદાનો ભંગ કરે છે. અરે! કેટલીક વાતો તો એવી છે કે કાયદો તોડવો એ જાણે રીવાજ થઈ ગયો છે. દાખલા તરીકે ટાંગામાં કાયદા કરતાં એક માણસ વધારે બેસે તો પોલીસ તેના ઉપર કેસ કરે છે પણ એજ પોલીસ રેલ્વેના ડબ્બામાં નિયમ કરતાં અનેકગણા વધારેને બેઠેલા જુએ છે છતાં કંઈ કરતી નથી. આ રીવાજી ચોરી છે. આવી અનેક રીવાજી ચોરીઓ ગણાવી શકાય, અને તેમાંથી પોલીસ કે પ્રધાન કોઈ બાકાત નથી.

વધારે કફોડી સ્થિતિ છે તે બ્રહ્મચારીઓની, કે જેઓ સાધુની જેમ—ભગવાનની જેમ—પૂજાય છે. સાધુત્વનો નિયમ તો તેઓ એકવાર લઇ લે છે અને પછી અકળાય છે. પછી તો સાધુત્વ છોડે તો એ નિંદાય અને ન છોડે તોયે નિંદાથી ન બચે. ખરી વાત એ છે કે કડક નિયમોનું પાલન સચ્ચાઇથી થઈ શકતું નથી. સુધરેલા કહેવાતા ધર્મના સાધુઓ ઉપર વારંવાર છાપાઓમાં ટીકાઓ આવ્યા જ કરે છે. દિગંબર સાધુના નિયમો તો એટલા કડક છે કે કોઈ તેનું સચ્ચાઇથી પાલન કરી શકે જ નહિં. મને તો એવું લાગે છે કે જેમણે દિગંબર સાધુના નિયમો ઘડયા તેમની ઇચ્છા જ એવી હશે કે કોઈ સાધુ બને જ નહિં. આ જ કારણે શરૂ શરૂમાં દક્ષિણમાં કોઈ એકાદ સાધુ દેખા દેતા હતા, કેમકે ત્યાં ઠંડી ઓછી પડે છે. પણ હવે લોકોએ રીવાજના બળ ઉપર એટલા બધા ફેરફાર કરી નાંખ્યા છે કે ઠંડા પ્રાંતોમાં પણ લોક ઠીક પ્રમાણમાં દિગંબર સાધુનાં વ્રત લઈ બેસે છે.

### સાધુ થવું એટલે પરાધીન બનવું

આજે દિગંબર સાધુ કોઈ રીતે સ્વતંત્ર નથી. તેને સમાજની ઇચ્છા પ્રમાણે ચાલવું પડે છે. નાનામાં નાની બાબત વિષે પણ તે સમાજને આશ્રિત છે. સાધુનો અર્થ એ કે પરાધીન બનવું.

અંતમાં મારું કહેવું એટલું જ છે કે નગ્નતા એ માનવ સમાજનો આદર્શ હોવા છતાં આજની નગ્નતાનું કોઈ રીતે સમર્થન થઇ શકે તેમ નથી. તે બધી રીતે આત્માને પરાધીન બનાવે છે. સંભવ છે કે કોઈ સાધુ મારી આ વાત સાંભળીને હસશે અને કહેશે કે "હું તો કેટલો સુખી છું? મારા સુખનો અનુભવ કર્યા વિના આ માણસ મારા ઉપર ટીકા કરે છે." તો તેને હું એટલું જ કહીશ કે "ભાઈ! જેમ એક શરાબી શરાબના નશામાં પોતાને પરમ સુખી માને છે તેના જેવું તમારું સુખ છે."

**મૂળ હિંદી : મહાત્મા ભગવાનદીનજી**
**સંક્ષિપ્ત અનુવાદ : મેનાબહેન નરોત્તમદાસ**

## શ્રાવિકાશ્રમ શરૂ થયુ છે.

વિધવા, ત્યકતા અને અનાથ સ્થાનકવાસી જૈન બહેનોને સ્વાશ્રયી સંયમી અને સેવાપરાયણ બનાવવા માટે મુંબઈ, ઘાટકોપર ખાતે આગ્રા રોડ ઉપર આ મે માસથી શ્રાવિકાશ્રમ શરૂ કરવામાં આવ્યું છે. તેમાં દાખલ થવા ઇચ્છતી બહેનોએ નીચેના સરનામેથી પ્રવેશપત્રો મંગાવી બરાબર ભરી તુરત પાછા મોકલી આપવા.

**ટી. જી. શાહ, મંત્રી, પાયધોની, મુંબઈ ૩**

## ગ્રાહકોને વિનંતિ

જ્યારે જ્યારે પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોનું લવાજમ પુરૂં થાય છે, ત્યારે ત્યારે તેમને વખતસર ખબર આપવામાં આવે છે. એ મુજબ ગ્રાહક તરીકે ચાલુ રહેવું હોય તો તેમણે વાર્ષિક લવાજમ રૂા. ૪ મનીઓર્ડરથી મોકલી આપવા ઘટે છે અને ચાલુ રહેવું ન હોય તો તે મુજબ તરત જ પોસ્ટકાર્ડથી સંઘના કાર્યાલયને જણાવી દેવું ઘટે છે. જેના તરફથી આ મુજબ કશું કરવામાં આવતું નથી તેમની ઉપર વી. પી. કરવામાં આવે છે, જે કદિ કદિ પાછું ફરે છે અને સંઘને વિનાકારણ વી. પી. નો ખર્ચ થાય છે. આ પરિસ્થિતિ ધ્યાનમાં લઇને નવું લવાજમ મોકલી આપવામાં અથવા ચાલુ રહેવાની નામરજી લખી મોકલવામાં કોઈપણ ગ્રાહક પ્રમાદ ન કરે એટલી ગ્રાહકબંધુઓને નમ્ર વિજ્ઞપ્તિ છે.

## સરનામાં સુધરાવો, સરખાં કરાવો !

સંઘના સભ્યો તથા પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને વિનંતિ કે પ્રા. જી. ના લેબલ ઉપર કરેલાં તમારા સરનામાં જોતા રહો અને જ્યારે જ્યારે તેમાં કાંઇ પણ ભૂલ હોય અથવા તો ફેરબદલી કરવાની હોય ત્યારે કાર્યાલયને વખતસર જણાવતા રહો.

**વ્યવસ્થાપક, પ્રબુધ્ધ જીવન**

### વિષય સૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ભગવાન મહાવીરે ઉપદેશેલો ધર્મ | હીરાલાલ અ. શાહ | ૧૧ |
| મુક્તાત્મા આ ન માનવી? (કાવ્ય) | ગીતા પરીખ | ૧૩ |
| સમુચિત જાહેરાતને મળી રહેલો આવકાર | | ૧૪ |
| સેવાદ્વારા ચિત શુધ્ધિ ? | સન્તબાલ | ૧૫ |
| મહાવીરનો વિશ્વધર્મ | કાકા કાલેલકર | ૧૬ |
| નગ્નતા | મ. ભગવાનદીનજી | ૧૭ |
| દાનવીર શ્રી મેઘજી પેથરાજ શાહને હાર્દિક ધન્યવાદ | પરમાનંદ | ૧૯ |
| 'મહાવીર વાણી' (અવલોકન) | ફુલસુખ માલવણિયા | ૨૦ |

# દાનવીર શ્રી. મેઘજી પેથરાજ શાહને હાર્દિક ધન્યવાદ

આફ્રિકાવાસી શેઠ મેઘજી પેથરાજ શાહે કરેલ રૂપીઆ પંદર લાખની બાદશાહી સખાવતના પરિણામે જામનગર ખાતે આગામી જુન માસથી શરૂ થનાર શ્રી. મેઘજી પેથરાજ શાહ તબીબી કૉલેજના મકાનની શિલારોપણવિધિ તા. ૧૨-૪-૫૫ ના રોજ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના શુભ હસ્તે થવાની હતી. પણ નાદુરસ્ત તબિયતના લીધે તેઓ આવી ન શકયા અને તેમના બદલે સૌરાષ્ટ્રના રાજપ્રમુખ નામદાર જામસાહેબના હાથે એ જ દિવસે એ શિલારોપણવિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે મેઘજીભાઇને અંજલિ આપતાં નામદાર જામસાહેબે જણાવ્યું હતું કે "શ્રી. મેઘજીભાઈ કરણ દાનેશ્વરી અને બલિરાજાની યાદ આપે છે." શ્રી. જામસાહેબ, કોંગ્રેસપ્રમુખ શ્રી ઢેબરભાઈ તથા સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી. રસિકલાલ પરીખ તરફથી મળેલાં અભિનન્દનનો જવાબ આપતાં શ્રી. મેઘજીભાઇએ જણાવ્યું હતું કે:—

"સ્વરાજ્ય આવ્યા પછી સૌરાષ્ટ્ર સરકારે સૌરાષ્ટ્રને સમૃધ્ધ બનાવવા માટે યોગ્ય પ્રયત્નો કર્યા છે અને આ કૉલેજ પણ એ પ્રયત્નોના એક પરિણામરૂપ છે. સરકાર તો પોતાની ફરજ બજાવે એ સ્વાભાવિક છે. પણ જનતામાંથી સૌ કોઇ પોતાની શકિત પ્રમાણે રાષ્ટ્રધડતરમાં ફાળો આપે તો જ એ ધડતર એક દિવસ સંપૂર્ણ થાય અને એ રીતે જ આજે હું પણ મારી શકિત પ્રમાણે કાંઈક ફાળો આપીને કૃતાર્થ થાઉં છું.

"હું તો એક ગામડામાંથી આવું છું. વર્ષો પહેલાં આજીવિકા માટે પરદેશ ગયેલો અને ઇશ્વરકૃપાથી વ્યાપારિક પ્રવૃત્તિમાં ફૂલીભૂત થયો. હું માનું છું કે મારી કમાણી એ માત્ર મારી નથી પણ મારા રાષ્ટ્રના ભાઈ બહેનોનો તથા જે દેશમાં મેં મુખ્યત્વે આર્થિક વ્યવસાય કરેલો છે તે દેશના વતનીઓનો પણ તેમાં હિસ્સો છે. આજે આ મેડીકલ કૉલેજ માટે મારી શકિત મુજબ મદદ આપીને તેઓનો હિસ્સો જ હું ચુકવી રહ્યો છું. એમાં કોઇનો પર ઉપકાર નથી કરતો પણ મારી ફરજ જ બજાવી રહ્યો છું. આ મેડીકલ કૉલેજ એક દિવસ સમગ્ર હિન્દુસ્તાનમાં એક વિશિષ્ટ સંસ્થા થશે તે દિવસે હું જ્યાં હોઇશ ત્યાં ખુબ પ્રસન્ન થઇશ.

"હવે હું ધંધાકીય બધી પ્રવૃત્તિઓમાંથી સદંતર નિવૃત્ત થઇ ગયેલ છું. મને કોઈ વ્યાપારમાં રસ નથી તેમ કોઈ જગ્યાએ અંગત આવક નથી, અને મારી બાકીની જીંદગીમાં કોઈ વ્યાપારિક પ્રવૃત્તિમાં નહિં પડવાનો મેં નિર્ણય કર્યો છે. લોકોપયોગી સેવાકાર્યમાં મારી શકિત મુજબ તન-મન-ધનથી ફાળો આપીને બાકીની જીંદગી વીતાવવાની મારી જિજ્ઞાસા છે.

"આફ્રિકામાં "એમ. પી. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ" નામનું એક ટ્રસ્ટ મેં કરેલું છે અને અહિંઆ પણ "મેઘજી પેથરાજ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ" નામનું ટ્રસ્ટ બનાવેલ છે. એ ટ્રસ્ટોના આશ્રય નિચે પરમેશ્વરની કૃપા હશે તો જુદી જુદી કેળવણી-વૈદકીય અને બીજી જરૂરી સામાજીક પ્રવૃત્તિઓમાં દશ વર્ષ દરમ્યાન લગભગ એક કરોડથી વધુ રૂપિયા ખર્ચવાની યોજના વિચારી છે. સૌરાષ્ટ્રના ગામડાઓમાં-પ્રાથમિક શાળાઓ-બાલમંદિરો-વિકાસગૃહો-હાઇસ્કુલો, વાંચનાલયો, વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો, કન્યાગુરૂકુળ, કૉલેજો, શિષ્યવૃત્તિઓ, દવાખાનાંઓ, પ્રસુતિગૃહો, ટી. બી. હોસ્પીટલ, ગરીબ લોકોને અન્ન, વસ્ત્ર નાણાંની સાધારણ મદદો વીગેરે વીગેરે અનેક લોકોપયોગી પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રીતે હાથ ધરવા માટે દશ વર્ષની એક યોજના નક્કી કરેલી છે અને તેમાં સૌરાષ્ટ્ર સરકારનો સંપૂર્ણ સહકાર છે. ખાસ કરીને ગઈ સાલથી આ પ્રવૃત્તિઓ વેગમાં મૂકેલી છે અને અત્યાર સુધીમાં લગભગ ૩૭ પ્રાથમિક શાળાઓનાં મકાનો ફરનીચર સાથે તૈયાર કરીને સરકારને સોંપેલાં છે અને ૧૦૦ થી ૧૨૫ પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે છાત્રાલય તથા હુન્નરશાળાનું મકાન પણ તૈયાર થઈ ગયેલ છે, જે સરકારે સંભાળી લીધેલ છે, અને જેનું નામ "મહાત્મા ગાંધી સર્વોદય છાત્રાલય" રાખેલ છે. ઉપરાંત આજે આ મેડીકલ કૉલેજનો પાયો નંખાય છે. વળી સેંકડો વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ અને સાધારણ રાહતનાં અનેકવિધ કામો અત્યાર સુધીમાં કરેલાં છે અને ચાલુ છે. આફ્રિકન વિદ્યાર્થીઓને પણ ભારત સરકારની ભલામણ અનુસાર શિષ્યવૃત્તિઓ અપાય છે. વળી એક પ્રસૂતિગૃહ અને હોસ્પીટલ તથા ૧૪ પ્રાથમિક શાળાઓના મકાનોનું કામ અત્યારે ચાલે છે. આફ્રિકામાં પણ એ જ પ્રમાણે કેળવણી અને વૈદકીય ક્ષેત્રે જુદીજુદી કલ્યાણકારી પ્રવૃત્તિઓ ચાલે છે."

આ નિવેદનમાં જણાવેલ એક કરોડની સખાવત સમયાન્તરે અઠી કરોડ સુધી પહોંચવા સંભવ છે. આવી અસાધારણ ઉદારતા દાખવનાર શ્રી. મેઘજીભાઇને માત્ર જૈન સમાજના જ નહિ પણ વિશાળ જનસમાજના અનેક ધન્યવાદ ઘટે છે. પોતાને મળેલી સંપત્તિનો દીર્ઘદૃષ્ટિપૂર્વક અને વ્યવસ્થિત યોજના વડે તેમણે જે સદુપયોગ કર્યો છે તે આજના શ્રીમાનોને અનુકરણ કરવાયોગ્ય છે. પોતે કરેલા દાનમાંથી ઉભી થયેલી અને પોતાના નામ સાથે જોડાયલી કોઈ પણ સંસ્થાને તેના ચાલુ નિભાવ માટે કદિ પણ બહાર હાથ લંબાવવો ન પડે એવો શ્રી. મેઘજીભાઈ ખાસ આગ્રહ ધરાવે છે અને તેથી આવી દરેક સંસ્થાઓના નિભાવની કુલ જવાબદારી સૌરાષ્ટ્ર સરકારને શિરે રહે-એ પ્રકારની ગોઠવણ તેમણે સરકાર સાથે કરેલી ઉપર મુજબની યોજનામાં સમાવિષ્ટ કરી છે. સૌરાષ્ટ્રમાં આટલા મોટા પાયા ઉપરની સખાવત સૌથી પહેલી છે. શ્રી. મેઘજીભાઇને આપણુ સર્વના અન્તરના અભિનન્દન હો અને તેમના હાથે આવાં અનેક દાનો અને તે દ્વારા જનસેવાનાં કાર્યો વિવિધ ક્ષેત્રે થતા રહે એવી આપણી શુભેચ્છા અને પ્રાર્થના હો !

**પરમાનંદ**

## શ્રી જવાહિર પ્રીન્ટીંગ પ્રેસ પ્રત્યે આભારનિવેદન

છેલ્લાં દોઢ વર્ષથી પ્રબુધ્ધ જીવન શ્રી. જવાહિર પ્રીન્ટીંગ પ્રેસમાં છપાતું હતું. તે પ્રેસમાં બહુ કામ રહેતું હોવાને લીધે પ્રબુધ્ધ જીવન વખતસર છાપી આપવાનું તેમને બહુ મુશ્કેલ પડતું હતું-આર્થિક દૃષ્ટિએ પણ, સંભવ છે કે, તેમને કદાચ પરવડતું ન હોય. પરિણામે તે પ્રેસ છોડવાના સંયોગો ઉભા થયા. તા. ૧-૫-૫૫ ના અંકથી શ્રી કચ્છી વીશા ઓશવાળ પ્રીન્ટીંગ પ્રેસમાં પ્રબુધ્ધ જીવન છપાવવું શરૂ કર્યું છે. આ પ્રસંગે છેલ્લાં દોઢ વર્ષ દરમિયાન પ્રેસના માલીક શ્રી જેઠાલાલભાઈએ તથા મેનેજર શ્રી કેશવજીભાઈએ અનેક અગવડો વેઠીને અમારું પ્રબુધ્ધ જીવન સાચવ્યું અને ખાસ કરીને ગયા નવેમ્બર માસમાં પ્રબુધ્ધ જીવનનો વિશેષ અંક રાત દિવસ પ્રેસ ખુલ્લો રાખીને અને ખૂબ તકલીફ વેઠી તેમણે છાપી આપ્યો તે માટે આ રીતના તેમના સતત સદ્‌ભાવભર્યા વર્તન અને વ્યવહાર માટે અમે તે ઉભય બંધુઓ પ્રત્યે ઊંડા આભારની લાગણી પ્રગટ કરીએ છીએ.

**તંત્રી : પ્રબુધ્ધ જીવન**

# 'મહાવીર વાણી'

[સંપાદક–પં. શ્રી બેચરદાસ દોશી. પ્રકાશક–શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, નેપચ્યુન એસ્યોરન્સ કંપની, ૧૦૪ એપોલો સ્ટ્રીટ, મુંબઈ–૧, કીંમત રૂા. દોઢ.]

મહાવીર વાણી એ પુસ્તકની આ પાંચમી આવૃત્તિ છે, એજ તેની ઉપયોગીતા સિધ્ધ કરે છે. આ પહેલાંની બધી આવૃત્તિઓમાં મૂળ પ્રાકૃતનો હિન્દી અનુવાદ આપવામાં આવ્યો હતો અને આ પાંચમીમાં ગુજરાતી અનુવાદ છે. આ આવૃત્તિની વિશેષતા તેમાં ઉમેરેલાં નવાં ટિપ્પણો અને વિવેચનમાં છે. ઉપરાંત આમાં ભગવાન મહાવીરનું સંક્ષિપ્ત જીવન પણ પંચોતર પાનામાં આપવામાં આવ્યું છેઃ અને સ્વામી આનંદે લખેલ 'વીતકોની રાત વીતી' એથી તો પ્રબુધ્ધ જીવનના વાંચકો પરિચિત જ છે.

જૈનોનું બાઇબલ, જૈનોની ગીતા, જૈનોનું ધમ્મપદ કયું એવા પ્રશ્નોના ઉત્તરમાં જૈન આગમોમાંથી સંકલિત કરીને 'મહાવીર વાણી' રૂપે આ પુસ્તક પં. શ્રી. બેચરદાસજીએ તૈયાર કરેલ, તેનો પ્રચાર પણ ઠીક ઠીક થયો. એટલે હવે આ ગુજરાતી આવૃત્તિ વખતે પંડિતજીએ નવેસરથી તેથી વ્યાખ્યા કરવાની આવશ્યકતાનો અનુભવ કર્યો. ગીતાની અનેક વ્યાખ્યાઓ હતી જ, છતાં પણ જેમ શ્રી તિલકને તેની સમયાનુકૂલ વ્યાખ્યાની આવશ્યકતા જણાઇ અને ગાંધીજીને પણ પોતાની માન્યતાઓને પ્રકટ કરવાનું વાહન ગીતાને બનાવવાનું યોગ્ય લાગ્યું તો આ જૈનોની ગીતા પણ આધુનિક વ્યાખ્યા વિના રહેવી ન જોઇએ એમ પંડિતજીને લાગ્યું હશે. તેથી તેમણે પણ આ મહાવીર વાણીને આજની સર્વોદયલક્ષી વિચારસરણીને પચાવીને તેની વ્યાખ્યા અને વિવિધ ટિપ્પણો સર્વોદયના સમર્થનરૂપે લખ્યાં છે. પરિણામે ભગવાન મહાવીરનાં વચનોનો જે સંકુચિત અર્થ આધુનિક જૈનોમાંના કેટલાક કરે છે અને લોકોપયોગી શુભ પ્રવૃત્તિનો જે વિરોધ કરે છે તેને આ વ્યાખ્યા પડકારરૂપે છે. આજથી અઢી હજાર વર્ષ પહેલાંના ભગવાનના વચનોમાં પણ આવી સર્વોદયકારી વ્યાખ્યાની શકયતા છે એની પ્રતીતિ વિવેચન વાંચનારને થયા વિના રહેશે નહિ. મૂળવચનો જે આપવામાં આવ્યા છે તેની આસપાસ તે તે ગ્રન્થોમાં એવું ઘણું મળી આવવા સંભવ છે, જે આવી સર્વોદયકારી વ્યાખ્યાના વિરોધમાં ઉપસ્થિત કરી શકાય એમ છે. અને એથી જ તો આજના સોનગઢના સંતને કે આચાર્ય તુલસીને ભગવાનનો ઉપદેશ અહિં બતાવેલ વિચારસરણીના વિરોધમાં જ હોય એમ લાગે છે. પણ એ બધામાં મૂળ શું અને પછીનું શું એની ચકાસણીમાં પડવા જઇએ તો કોકી ધોઈ કાઢવ કાઢવા જેવું જ બને. એટલે ભગવાન મહાવીરને જો આપણે સર્વોદયકારી પ્રવૃત્તિના અગ્રદૂતરૂપે જોવા માગતા હોઇએ તો અહિં આપેલ વ્યાખ્યાને સ્વીકાર્યા વિના બીજો રસ્તો નથી. કાં તો આપણે ભગવાન મહાવીરને એકાંત નિવૃત્તિના ઉપદેશક માનવા રહ્યા અને કાં તો સર્વોદયકારી પ્રવૃત્તિનાં અગ્રદૂત. જેને જે રૂપ ગમતું હોય તે ભગવાનના તે રૂપનો પ્રચાર કરી શકે છે. પણ આજની આમ પ્રજા તો સર્વોદયને સ્વીકારે છે એટલે તેને તો ભગવાનનું સર્વોદયકારી રૂપ જ ગમશે એમાં સંશય નથી.

વેદ પછીના કાળમાં ઉપનિષદોમાં આપણને આધ્યાત્મિક સાધનોનો ઉષઃકાળ દેખાય છે. પણ એ સમગ્ર આધ્યાત્મિક સાધનાનું વ્યાવહારિક રૂપ સમગ્ર ભારતવર્ષમાં અને સમગ્ર માનવજાતિમાં વ્યકત કરવાનું શ્રેય શ્રમણોને છે. એની પ્રતીતિ આપણને જૈન આગમો કે પાલિપિટકોના અધ્યયનથી થાય છે. ભગવાન મહાવીર અને બુધ્ધનો પ્રયત્ન, આધ્યાત્મિક સાધનાની ગૂઢતાને દૂર કરી, તેનો સમગ્ર લોકવ્યાપી પ્રચાર કરવો હોય તો કેવી રીતે કરી શકાય એના માર્ગની શોધનો હતો. બન્ને મહાપુરુષોએ જે માર્ગ શોધ્યો તે પ્રત્યેક માનવ સ્વીકારી શકે, સમજી શકે અને આચરી પણ શકે–એવી શકયતાવાળો હતો. એમાં કાંઈ રહસ્ય કે ગુરુગ્રન્થિની વાત ન હતી. આ જ આ માર્ગની વિશેષતા છે અને એથી જ એ માર્ગનો પ્રચાર એટલો બધો તીવ્ર ગતિથી થયો કે વેદાનુયાયીઓમાં તેની પર્યાપ્ત અસર થઇ અને એને પરિણામે જ વૈદિક ધર્મે ગીતા જેવો ગ્રન્થ પ્રાપ્ત કર્યો છે. એ છે તો વૈદિક ગ્રંથ, પણ તેના ઉપર શ્રમણ વિચારધારાનો પુટ હોવાથી તે લોકભોગ્ય થયો છે. એટલું જ નહિ પણ એનું પરિણામ એ પણ આવ્યું છે કે આજે ગીતાપાઠી ઘરે ઘરે મળશે, પણ વેદપાઠી આખા ભારતવર્ષમાં પણ ગણ્યાં ગાઠયાં જ મળશે. પરિસ્થિતિ આવી હોવાથી મહાવીર વાણીમાં ઉપસ્થિત કરેલ વચનોને મળતાં જ વચનો ધમ્મપદ કે ગીતા કે મહાભારતમાં મળે તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. ન મળે તો એ જ આશ્ચર્ય ગણાય. પંડિતજીએ એવા વચનોની તુલના પોતાના ટિપ્પણોમાં આપી છે તે જોતાં કોઈ પણ વાચક સમજી શકશે કે તેમાં માત્ર વિચારનું જ સામ્ય નથી પણ વચનોનું પણ સામ્ય અત્યધિક છે. એ જ બતાવે છે કે એ બધાનું મૂળ સુત્ર એક જ છે અને તે છે શ્રમણોની વિચારપ્રણાલી. આ ઉપરાંત પંડિતજીએ ખ્રીસ્તી ધર્મનાં અને ઈસ્લામનાં વચનો પણ સરખામણીમાં આપ્યાં છે; એ સિધ્ધ કરે છે કે જે કોઈ ધર્મસાધના લોકવ્યાપ્ત થવા માગે છે તે કેવી એક જ માર્ગ જાય છે.

વેદો એ જો બ્રાહ્મણ પરંપરાનું કાવ્ય છે તો મહાવીર વાણી એ શ્રમણ પરંપરાનું મહાકાવ્ય છે અને ગીતા બ્રાહ્મણ–શ્રમણના સમન્વયનું મહત્તર કાવ્ય છે. આ તથ્ય આપણા સાંપ્રદાયિક અભિનિવેશને કારણે લગભગ આપણે ભૂલી ગયા છીએ. મહાવીર વાણીની આ નવી વ્યાખ્યા એ તથ્યને આવિર્ભૂત કરે છે. અને એ દૃષ્ટિએ ધાર્મિક ગ્રન્થોની ચકાસણી કરવા અંગુલિનિર્દેશ કરે છે.

સમયે સમયે આવા પ્રયત્નો થયા જ છે અને આવશ્યક પણ છે. અન્યથા સાંપ્રદાયિક વિદ્વેષનો અગ્નિ સતત સળગ્યા જ કરે. એ અગ્નિને ઓલવવાનું કાર્ય આવી વ્યાખ્યાઓનું છે. સાંપ્રદાયિક આચાર્યો સતત એ જ પ્રયત્નમાં રહે છે કે તેમના ધર્મમાં જે કાંઈ છે તે અન્યત્ર નથી અને તેથી તેમનો ધર્મ શ્રેષ્ઠ છે એવું લોકો–માનતા જ રહે. તેમના એવા ખોટા અહંભાવને વારવા આવી વ્યાખ્યાઓ આવશ્યક છે. આવી વ્યાખ્યાઓ આજની નથી. ઉપલબ્ધ સાહિત્યમાં પ્રાચીનતમ વેદમાં પણ જ્યારે એમ કહેવામાં આવ્યું કે–'एकं सद् विप्रा बहुधा वदन्ति'–ત્યારે એ પણ આ પ્રકારની જ વ્યાખ્યા કરવાનો એક પ્રકાર જ હતો એમ માનવું પડે છે. કારણ એ સમયમાં પણ એટલા બધા દેવોની માન્યતા વધી ગઈ હતી કે સૌ પોતાના દેવને સર્વશ્રેષ્ઠ કહેતું. ત્યારે આપણા પંડિતજીની જેમ કોઈ ઋષિને કહેવું પડયું કે ભાઈ, તત્ત્વ તો એક જ છે, પણ તેનાં જ આ બધાં વિવિધ નામો છે. મધ્યકાળમાં જિનસહસ્રનામ, શિવસહસ્રનામ કે વિષ્ણુસહસ્રનામ જેવાં સ્તોત્રો રચવાનું પ્રયોજન પણ એ જ છે કે આપણે જે પરમ તત્ત્વ વિષે પરસ્પર લડીએ છીએ તે વસ્તુતઃ એક જ છે, નામ માત્ર ભિન્ન છે. એ પરંપરામાં આ મહાવીર વાણીની નવી વ્યાખ્યા જેસે છે. એ બદલ આપણે પંડિતજીના ઋણી છીએ. અને તેવી વ્યાખ્યા લખવાની તેમને પ્રેરણા કરનાર ભાઇ મનસુખલાલ મહેતાના પણ. પુસ્તકના કહ્યા પ્રમાણમાં તેની કીંમત ઓછી જ છે. એટલે હરકોઇ જિજ્ઞાસુભાઈ એ ખરીદી પણ શકે છે.

**દલસુખ માલવણિયા**

**તા. ક. :**–આ પુસ્તકમાં રહી ગયેલ હકીકતદોષ તરફ પંડિતજીએ સ્વયં મારું ધ્યાન દોર્યું છે તે સુધારી લેવા વાચકોને વિનંતી ૭. પૃ. ૫૯ માં ગોશાળા ઉપર શીત લેશ્યા મૂકી ઇત્યાદી વાકય છે તે અનાવશ્યક છે. એને મળતી ઘટના ભગવાનના છદ્મસ્થકાળમાં બની હતી.

## પ્રબુધ્ધ જૈન તથા પ્રબુધ્ધ જીવનની જુની ફાઇલો

પ્રબુધ્ધ જૈન તથા પ્રબુધ્ધ જીવનની જુની ફાઇલોનો જેને ખપ હોય તેને સંઘના કાર્યાલયમાંથી મળી શકશે. દરેક ફાઇલની કીંમત રૂા. ૬ અને પોસ્ટેજ રૂા. ૦–૧૧–૦ પડશે.

૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯.

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧, ૧૯૫૫, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : આઠ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ઋષભદેવ ચરિત્ર–ચિત્રાવલિ

ચારેક મહીના પહેલાં 'કુમાર' માસિકમાં પ્રગટ થયેલી કેટલીક વિગતો અને સાથે નમુનાનાં થોડાંક ચિત્રો ઉપરથી પ્રસ્તુત ચિત્રાવલિ તરફ મારું સૌથી પ્રથમ ધ્યાન આકર્ષાયેલું. પછી તો ખબર પડી કે એ દિવસોમાં આ ચિત્રોનું શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી અમદાવાદ ખાતે એક જાહેર પ્રદર્શન ગોઠવાયું હતું અને એ ચિત્રો પાછળ બહેન શ્રીમતી ટાગોર અને પ્રસિધ્ધ બંગાળી ચિત્રકાર શ્રી ગોપેન-રોયની લગભગ ત્રણ વર્ષની મહેનત હતી અને રૂા. ૩૦૦૦૦, જેટલી મોટી રકમ પેઢી તરફથી આ ચિત્રો તૈયાર કરાવવા પાછળ ખરચવામાં આવી છે. આવો જેની પાછળ શ્રમ લેવામાં આવ્યો છે અને આવો જેની પાછળ દ્રવ્યનો વ્યય કરવામાં આવ્યો છે તે ચિત્રોનો વિશાળ જનસમાજને પરિચય કરાવવાના હેતુથી મેં પેઢીના પ્રમુખ શેઠ કસ્તુર-ભાઇ લાલભાઈ પાસે એવી માંગણી કરી કે પ્રસ્તુત ચિત્રોના બ્લોકસ પેઢી તરફથી પૂરા પાડવામાં આવે તો પ્રબુધ્ધ જીવનમાં અમે એ ચિત્રોને સારા કાગળ ઉપર અને સુન્દર રીતે છાપીને યોગ્ય પ્રસિધ્ધિ આપીએ. એ ખાતર એક આખો અંક રોકવો પડે તો તેમ કરવા સુધીની પણ મેં તૈયારી બતાવી. શ્રી કસ્તુરભાઇએ અમારી આ માંગણીને સદ્‌ભાવપૂર્વક સ્વીકારી.

ત્યાર બાદ પ્રસ્તુત અંકના આયોજનનો પ્રશ્ન સામે આવીને ઉભો રહ્યો. શેઠ કસ્તુરભાઇએ અમારી માંગણી મંજુર તો કરી પણ મોટાં ચિત્રોની છબીઓ ઉપરથી ચોક્કસ સાઇઝના બ્લોક તૈયાર કરવા, તેને સુયોગ્ય રીતે ગોઠવવા, અને તેની શૈલિ અને વસ્તુની યોગ્ય સમજણ આપતા ઉલ્લેખો તથા લેખો યથાસ્થાને મૂકવા–એ મારા માટે અતિ મુશ્કેલ કામ હતું. જ્યારે બ્લોક પુરા પાડવાની જવાબદારી પેઢી લે છે તો તેની ગોઠવણી અને છાપણી પણ કોઇ મુદ્રણનિષ્ણાતને હાથે જ થવી જોઇએ એમ મને લાગ્યું, અને તે માટે મારા મિત્ર શ્રી બચુભાઈ રાવત–કુમારના તંત્રી–ને મેં યાદ કર્યાં. તેમણે આ આખી જવાબદારી પ્રેમભાવે માથે ઉપાડી લીધી અને અનેક રોકાણો વચ્ચે આ કાર્ય સફળતાપૂર્વક પાર પાડયું. તેમણે આ કામ માથે લીધું ન હોત તો આવું સુન્દર આયોજન થઈ ન જ શકત.

આ રીતે મુંબઇ જૈન યુવક સંઘની સામાયિક પ્રવૃત્તિમાં એક સીમાચિહ્ન રૂપ લેખાય એવા આ અંકનું નિર્માણ શકય બન્યું. આ માટે આણંદજી કલ્યાણજીની પેઢી તથા તેના પ્રમુખ શેઠ કસ્તુરભાઈનો હું જેટલો ઋણી છું તેટલો જ શ્રી બચુભાઈનો હું ઋણી છું. એ બન્નેનો સંઘના મંત્રી તરીકે અને પ્રબુધ્ધ જીવનના તંત્રી તરીકે આ સ્થળે અન્તઃકરણપૂર્વક આભાર માનું છું.

આ સુયોગ અને સહકારના પરિણામે પ્રબુધ્ધ જીવનના ફલક ઉપર જૈનોના આદિ તીર્થંકર શ્રી ઋષભદેવના જીવનના વિશિષ્ટ પ્રસંગો ચિત્રાકારે રજુ કરતાં હું અત્યન્ત આનંદ અનુભવું છું. પૃષ્ટ ૨૪–૨૫ ઉપર આપેલાં ડાબી બાજુનાં ૧, ૨, ૩ અને જમણી બાજુનાં ૪, ૫, ૬ એવી સંખ્યાંકવાળા ૬ ચિત્રોમાંના ઘણા ખરા પ્રસંગો સર્વ તીર્થંકરોને લગભગ સમાન છે. ૧૪ સ્વપ્નોનું દર્શન, જન્મ બાદ મેરૂપર્વત ઉપર ભગવાનનો ઇન્દ્રાદિ દેવો વડે કરવામાં આવતો અભિષેક, લગ્નપ્રસંગ, દીક્ષાગ્રહણ, અને કેવળજ્ઞાનપ્રાપ્તિ, તથા સમવસરણની રચના–આ પ્રસંગોની કલ્પના અને વર્ણન અન્ય સર્વ તીર્થંકરોના ચરિત્રમાં એક-સરખાં જોવામાં આવે છે. ત્રીજા ચિત્રમાં નીચેના ભાગમાં કુંભકારાદિ કળાનું શિક્ષણ, પાકકળાનું શિક્ષણ અને ત્યાર બાદ લિપિવિજ્ઞાન, ગણિત શાસ્ત્ર આદિ વિદ્યાઓનું શિક્ષણ આપતાં ત્રણ પેટાચિત્રો ભગવાન ઋષભદેવના ચરિત્રની એક વિશિષ્ટ બાજુ રજુ કરે છે. જૈન શાસ્ત્રો મુજબ માનવી જીવનની સભ્યતાનો પાયો નાંખનાર ભગવાન ઋષભદેવ છે. તેઓ ઐતિહાસિક યુગની કોઇ વ્યકિત નથી. પુરાણોતમ કાળ સાથે તેમના અસ્તિત્વને સંકલિત કરવામાં આવ્યું છે. માંસાહાર, ઝાડપાન અને ફળફુલ ઉપર નભતા માનવસમાજના જીવનમાં ખેતી આવી, ઠામવા-સણ પેદા થયાં, રસોઇ પકવવાની સમજણ આવી, અગ્નિના ઉપયોગનું ભાન થયું. રહેવાનાં ઘર ઉભાં થયાં, લિપિ સરજાણી, લેખન અને ગણિતનો પ્રારંભ થયો, લગ્નસંસ્થાની શરૂઆત થઈ, અને માનવી સ્વેચ્છા-ચારી મટીને સંયમી બન્યો–આવી સમાજરચના ઉભી થતાં સદીઓ પસાર થઈ હશે. સદીઓના આ ઇતિહાસને જૈન શાસ્ત્રાકારોએ એક જ વ્યકિતવિશેષમાં કેન્દ્રિત કર્યો છે, આજની સભ્યતાના તેમને નિર્માતા કલ્પ્યા છે, અને વિરાટ પ્રભુત્વ અર્પણ કરેલ છે અને તેમને આપવામાં આવેલ આદિનાથ અથવા તો આદીશ્વર નામ આ રીતે સાર્થક કર્યું છે. ભગવાન ઋષભદેવના ચરિત્ર સાથે જોડાયલી આ વિશિષ્ટ કલ્પના તેમને અન્ય તીર્થંકરોથી જુદા પાડે છે અને એ વિશિષ્ટ કલ્પનાનું સૂચન ત્રીજા નંબરના ચિત્રના નીચેના ભાગમાં રહેલાં ત્રણ પેટાચિત્રોમાં કરવામાં આવ્યું છે. તદુપરાન્ત પહેલા ચિત્રની બન્ને બાજુએ ૭ ૭ નાના પેટા-ચિત્રોમાં ભગવાન ઋષભદેવના પૂર્વ ભવના પ્રસંગો આલેખવામાં આવ્યા છે. આટલું બાદ કરતાં પ્રસ્તુત ચિત્રાવલિમાં રજુ કરવામાં આવેલા સર્વ પ્રસંગો અન્ય તીર્થંકરોને લગભગ એકસરખા લાગુ પડે છે.

કલ્પસૂત્રની અનેક હસ્તલિખિત પ્રતોમાં ચોક્કસ શૈલિનાં ચિત્રો જોવા મળે છે. આને સાધારણ રીતે જૈન શૈલિ તરીકે અથવા તો જૈન કળા તરીકે ઓળખવામાં આવે છે. આનું વિશેષ વિશ્લેષણ આ અંકમાં અન્યત્ર આપેલા મારા મિત્ર શ્રી રવિશંકર રાવળના લેખમાં કરવામાં આવ્યું છે. આ શૈલિમાં માનવીની મુખાકૃતિનું દોઢ ચક્ષુવાળુ આલેખન આપણું ખાસ ધ્યાન ખેંચે છે. આ ચિત્રોમાં રજુ કરવામાં આવતા પાત્રો આપણી સામે નહિ પણ બાજુએ જોતા હોય એવી રીતે મોટા ભાગે ચિતરવામાં આવે છે. જેને અંગ્રેજીમાં 'પ્રોફાઇલ' કહે છે. એ રીતે જોનાર માણસની પરસ્પેકટીવ–પ્રત્યક્ષ પરિમાણ–ના ધોરણે આપણને એક આંખ દેખાવી જોઇએ. પણ કલ્પસૂત્રના લહીયાઓ અથવા ચિત્રકારો એક આંખની બાજુએ નાકના ખૂણા આગળ એક બીજી અડધી આંખ દોરીને પાછળ રહેલી આખી આંખનું સૂચન કરતા હોય છે. આને દોઢ ચક્ષુની શૈલિ તરીકે ઓળખવામાં આવે છે. તદુપરાંત કલ્પસૂત્રનાં ચિત્રો દ્વિપરિમાણવાળાં હોય છે એટલે તેમાં વસ્તુની ઘનતા દર્શાવવામાં આવતી નથી અને

(અનુસંધાન પાનુ ૨૮)

આ અંકમાં અન્યત્ર આપેલા ભગવાન ઋષભદેવના જીવનપ્રસંગોનાં ચિત્રો પૈકી ચિત્ર નં. ૧માં તેમના પૂર્વજીવનની જે બાર તકતીઓ આપેલી છે, તેમાંની એક તકતી અહીં મોટી કરીને બતાવી છે. એમાં ભગવાનના છઠ્ઠા ભવના પ્રસંગનું આલેખન છે, જેનું વિગતવાર વર્ણન આ અંકના પૃષ્ટ ૨૬ ઉપર પહેલા કોલમના નીચેના ભાગમાં આપવામાં આવ્યું છે.

પૃ. ૨૪ ઉપરના પહેલા જ ચિત્રમાં ડાબી-જમણી બાજુએ રેખાંકનમાં ભગવાન ઋષભદેવના પૂર્વજન્મની તકતીઓ આપી છે તે પૈકી ત્રણ જન્મની તકતીઓ મોટી કરીને તેના વર્ણન સાથે એ જ પૃષ્ઠ પર આપી છે. તેને અનુસંધાને આગળ જન્મની ચાર તકતીઓ આ નીચે આપી છે. તેમાં ડાબી તરફની પહેલી તકતીમાં ભગવાન ચોથા ભવે ભોગવિલાસમાં મગ્ન રહેતા મહાબલ રાજા હતા ત્યારે એમનું એક માસનું આયુષ્ય બાકી રહેતાં ધર્મમંત્રી સ્વયંબુદ્ધનો ધર્મોપદેશ એમને સમજાઇ જાય છે અને પોતે પ્રવ્રજ્યા લે છે તેનું ચિત્ર છે. તેની જોડે, ભગવાન પાંચમા ભવે લલિતાંગ દેવ તરીકે જન્મેલા ત્યારનું શ્રીપ્રભ વિમાનમાં પત્ની સ્વયંપ્રભાદેવી સાથેનું તેમનું ચિત્ર છે. નીચે ડાબી તરફ, સ્વયંપ્રભા ગુજરી જતાં ચિંતામગ્ન રહેતા લલિતાંગને એનો મંત્રી લાવિ સ્વયંપ્રભા બતાવે છે, જે અત્યારે અંબરતિલક પર્વત ઉપર યુગંધર મુનિ પાસે ધર્મજ્ઞાન લેતી દરિદ્રપુત્રી નિર્નામિકા છે. તેની જોડેના ચિત્રમાં ભગવાનના છઠ્ઠા ભવનો પ્રસંગ છે, જેમાં સુખમય લગ્નજીવન ગાળ્યા પછી પતિપત્ની વજ્રજંઘ અને શ્રીમતીને પ્રવ્રજ્યા લેવાની ઇચ્છા કરતાં દેખાડ્યાં છે.



## શેઠ આણંદજી કલ્યા

# ભગવાન શ્રીઋષભ

### પ્રાચીન ગ્રંથચિ

### ચિત્રકાર : શ્રી શ્રીમતી

આ ચિત્રમાળા જે મુખ્ય જ ચિત્રે આપ્યાં છે. અહીં તો તેમાંના કેટલા કલમની વિશદતા તથા પ્રાચીન શૈલી આ કૅાલમમાં નીચે પહેલું ચિત્ર ભાગ છે, જેમાં માતા મરુદેવાની પ્રાપ્ત એવા જીવનસિદ્ધ ભગવાનનું છે. જોડેનાં કૅાલમનાં બાકીનાં



# જૈન ગ્રન્થચિત્રોની કળાનો વિસ્તાર

શત્રુંજય ઉપર પુંડરીકજી મંદિરમાં અથવા એવા કોઈ યોગ્ય સ્થળે મૂકવા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ ચિત્રકાર શ્રીમતીબહેન ટાગોર તથા શ્રી ગોપેન રાય પાસે ભગવાન ઋષભદેવના ચરિત્રના છ જીવનપ્રસંગોને અનુલક્ષીને જે મોટા કદનાં ચિત્રો તૈયાર કરાવ્યાં છે તે, એ પેઢીના સૌજન્યથી, આ અંકમાં ચાર પૃષ્ઠોના વિસ્તાર પર આપીએ છીએ. મૂળ લગભગ ૬×૪ ફૂટના કદનાં, અને પ્રાચીન જૈન ગ્રંથચિત્રોની પરંપરાએ પૂર્ણરંગમાં કરેલાં એ ચિત્રોની આ એકવર્ણી છાપ, ભગવાન-ની જીવનકથાનો પવિત્ર ઉન્મેષ તો રજૂ કરે જ છે. આજે 'ગુજરાત-કળા' તરીકે ઓળખાતી એ પ્રાચીન કળાની ઐતિહાસિક રૂપરેખા સાથેનો પરિચય, ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકાર અને કલાગુરુ શ્રી રવિશંકર રાવળે (આ ચિત્રો અમદાવાદમાં પ્રદર્શિત થયાં ત્યારે) કરાવેલો તે આ નીચે આપીએ છીએ. –તંત્રી]

ભારતના પ્રત્યેક ધર્મસંપ્રદાયની કથાઓમાં અને લોકસાહિત્યમાં ચિત્રનો વિષય ખૂબ પરિચિત હતો. બૌદ્ધ અને જૈન સાહિત્ય તમજ કથાઓ ચિત્રયુક્ત વર્ણનોથી ભરપૂર છે, તેથી જ જૈન ગ્રંથો જેટલી ચિત્રોની પ્રચૂરતા બીજે નથી. આ ચિત્રપ્રકાર ઉપર ઈ. ૧૯૨૩માં જર્મનીના વિદ્વાન ડૉ. હરમનનું પ્રથમ ધ્યાન ખેંચાયું; પછી ૧૯૧૪માં ા. આનંદ કુમારસ્વામીએ તેને વ્યાપક પ્રસિદ્ધિ આપી.

આ ચિત્રશૈલીના પ્રથમ નમૂના જૈન કલ્પસૂત્રો અને કાલકકથામાં મણે જોયા એટલે તેને પ્રથમ 'જૈન કલા' તરીકે ઓળખાવી; પરંતુ .૯૨૫માં સ્વ. કેશવલાલ ધ્રુવ સંપાદિત રસિક કાવ્ય 'વસંત વિલાસ'ના ચિત્રપટમાંનાં એ જ શૈલીનાં પંદરમા સૈકાનાં ચિત્રો પરથી શ્રી નાનાલાલ હેતાએ પ્રતિપાદન કર્યું કે એ શૈલી માત્ર સાંપ્રદાયિક નહિ, પણ જનસાધા-ણમાં જાણીતી થએલી ગુજરાતની વિશિષ્ટ શૈલી હતી. તે પૂર્વે ૧૯૨૬માં ા લેખકે પણ તે ચિત્રોને ગુજરાતની તળપદી શૈલી તરીકે 'ભાજ-ભારક-ગ્રંથ'ની એક નોંધમાં ઓળખાવેલાં. તે પછી તો 'બાળગોપાળ તુતિ', 'ચંડીપાઠ' વગેરે અનેક ચિત્રયુક્ત ગ્રંથો મળી આવતાં એ હકી-તને પૂરો ટેકો મળી ગયો. પરંતુ તે સાથે બંગાળ, નેપાળ અને દક્ષિણ-ાંની ૧૧માથી ૧૬મા સૈકાની જે ચિત્રપ્રતો મળી તેમાં પણ એ જ શૈલી-ા વિસ્તાર દેખાયો; અને હવે એ શૈલી મુઘલ કળાના ઉદય પહેલાંની ાશ્ચિમ ભારતમાં ખૂબ જ પ્રચલિત લોકકળા તરીકે સર્વમાન્ય થઇ છે.

આ કળાનું સ્વરૂપ મૂળ કયાંથી ઉદ્ભવ્યું તે વિષે અનેક તર્ક ાયા છે. ગુજરાતમાં જે જૂના નમૂના મળે છે તે જૈન ગ્રંથાગારોમાં ાચવાએલા તેરમા સૈકાનાં તાડપત્રો પર છે, પરંતુ 'નિશીથચૂર્ણી' વગેરે ોથેના ઉલ્લેખ પ્રમાણે નવમા સૈકામાં એવા ગ્રંથો હતા અને નકલો તારનારાઓએ પરિપાટી સાચવી રાખવા ખાતર તેમાં કશો પણ સુધારો ફેરફાર કર્યો નહોતો. તેરમા સૈકાની પ્રતોનાં અને પંદરમા સૈકાની તોનાં ચિત્રો વચ્ચે ચિત્રસંકલના, ચિત્રવિધાન કે આલેખન-પ્રકારમાં શો પણ ફરક પડતો નથી તેથી એ પ્રથાની સાબિતી મળે છે.

એટલે એમ મનાય કે સિદ્ધરાજ અગર તે પહેલાંના સમયમાં એ ચિત્રકળાના મૂળ સંસ્કાર ખીલ્યા હશે અને રૂઢિપરંપરાએ તેમાં અપ-ંશ પ્રકાર આવ્યો હશે; છતાં કેટલીક પ્રતોમાંની સંસ્કારી કલમ અને ખાલાલિત્યથી લાગે છે કે એક વખત ઘણા નિષ્ણાત હાથોએ તેને જન્મ આપ્યો હશે. મળી આવતી પ્રતોમાં મોટે ભાગે દ્વેાઢ ચક્ષુવાળાં ાત્રો અને કથાપ્રસંગને લગતી ંતર ચિત્રસામગ્રી બધાંમાં એકસરખી ાગે છે, છતાં તેમાં કથનશક્તિ મોળી પડતી નથી.

આ ચિત્રકળાને અજંતાની પ્રૌઢ શૈલી સાથે સરખાવી શકાય નહિ, ણ આઠમા સૈકામાં અજંતાનો પ્રભાવ લોપ થયા પછી ભારતમાં એની ાંકળી રૂપે જે કોઈ શૈલી હોય તો આ જ મળે છે. અજંતા ઘણો વખત જયિનીના ગુપ્તોના અધિકાર નીચે હતી. એ જ અરસામાં માળવામાં ાધ-ગુફાનાં ચિત્રો પણ થયાં છે; એટલે માળવા, ગુજરાત અને લાટ ચિત્રકળાના સંપર્કથી વંચિત હોઈ ન શકે. અજંતાના છેવટના કાળનાં ચિત્રોમાં પણ ઊતરી ગએલી રૂઢ શૈલી અને રુક્ષ આલેખન જોવા મળે છે. તે સાથે કૈલાસની એક છતમાં દ્વેાઢ ચક્ષુવાળાં પાત્રોનું ચિત્ર છે જેની નજીક મોજ પ્રમાર લખેલું છે. આ 'ભોજ પરમાર' અગિયારમા સૈકાનો સિદ્ધરાજનો પુરોગામી સંસ્કારસ્વામી ભોજ હોય તો તેની સ્પર્ધા કરતા સિદ્ધરાજે ગ્રંથો તથા ચિત્રોનો પણ પૂર્ણ સમાદર કર્યો જ હોય.

જૈન ગ્રંથાગારોમાંની કેટલીક જૂનામાં જૂની ચિત્રપાટલીઓમાં અજંતાના મરોડ દેખાય છે. તેના સ્વરૂપમાં અજંતાના અંગભંગો કે લાલિત્ય નથી, પણ અક્ષરલેખનની પેઠે ઝડપથી આકાર લેતી કડક અને એકસરખી રેખાઓથી બનતી અર્થવાહી રૂઢિબદ્ધતા છે. એ રૂપો અને આકારોનાં ખોખાં કોઈ ઉસ્તાદ હાથે તૈયાર થયાં હોય અને પછીના ચિત્રકારોએ તેની પ્રાચીનતા અને સાંપ્રદાયિકતા સાચવવા તે પ્રમાણે જ હાથ ઘૂંટી લીધો હોય એમ સ્પષ્ટ લાગે છે. વખત જતાં ચિત્રોનાં પાનાં પર હાંસિયામાં નાનાવિધ વેલબુટ્ટિ, જનાવરો અને પંખીઓ વગેરેનાં સુશોભનોથી વિવિધતાવાળા ગ્રંથો થયા છે, છતાં પાત્રો કે પ્રસંગોનાં ચિત્રો બદલાયાં નથી. રંગો પરિમિત હોય છે, પણ તે બધા-નો સરસ મેળ કરવામાં આવ્યો છે. પાછળના સમયમાં જોકે સુવર્ણથી તેનું અલંકરણ વધ્યું છે, પણ પહેલાંનાં ચિત્રોની સ્વસ્થતા અને લય તેમાંથી ઓસર્યા છે. છતાં આ ચિત્રોની ખૂબી એ છે કે સામાન્યમાં સામાન્ય માણસ તે જોઇને તેનું વસ્તુ ગ્રહણ કરી શકે છે. વાસ્તવિક દર્શન કરતાં લાક્ષણિક દર્શન આ ચિત્રણાના નિયમોમાં પ્રધાનપદે છે.

ભારતીય ચિત્રકળાના ઇતિહાસમાં ગુજરાતનો નામોલ્લેખ નહોતો, પરંતુ મધ્ય યુગની આ ચિત્રકળાના નમૂના બહુ પ્રમાણમાં ગુજરાત-માંથી જ મળ્યા હોવાથી ગુજરાતને તેનું ગૌરવ પ્રાપ્ત થયું છે. એની સર્જક અને પ્રેરક શક્તિ દ્વારા ગુજરાતની કળામાં નવસર્જનના પાયા મંડાતા જોઈ કોઈ પણ ગુજરાતપ્રેમીને આનંદ થશે. શ્રી. શ્રીમતી બહેન ટાગોર તથા શ્રી ગોપેન રાયે આ કળાનું હાર્દ અપનાવી ભગવાન ઋષભ-દેવજીના જીવનપ્રસંગો પર પોતાની કલમ વિકસાવીને જે ચિત્રપટો કર્યા છે તેની પાછળ જૈન ચિત્રકળાના સૈકાઓના વૈભવ અને સંસ્કારની બિછાત પ્રત્યક્ષ દેખાય છે. એમાંની ચિત્રસંકલના, પ્રતીકો, વેશભૂષા, અભિનયો અને રંગાવટ પ્રાચીન ગ્રંથચિત્રોના નવા અવતાર લાગે છે. પરંપરા કે પરિપાટીનો જરા પણ ભંગ કર્યા વિના તેમણે તેમાં સજીવતા અને ભાવસંનિવેશ આણીને કલાના મૂળ આચાર્યોના સંકલ્પો પ્રત્યક્ષ કરી બતાવ્યા છે. આધુનિકતાનો પંડછાયો પણ નથી, છતાં આધુનિક કલાભિરુચિને પૂર્ણ સંતોષે એવી રીતે પટવિસ્તારમાં પ્રસંગોનું નિરૂપણ કર્યું છે તેમજ કથાનું અપૂર્વ નાટ્ય તત્ત્વ અને પવિત્ર ઉન્મેષ સાદ્યંત સાચવી રાખ્યાં છે. જૈન સંસારમાં જ નહિ પણ ભારતીય કલાના ઇતિહાસમાં તેમની આ કૃતિઓ પ્રગતિશાળી પ્રદાન ગણાશે.

**રવિશંકર રાવળ**

ભગવાન શ્રી ઋષભદેવજીના જીવનનાં છ પ્રસંગચિત્રોનો પરિચય અનુસંધાન પૃષ્ઠ ૨૬થી

નેક આકારમાં બનાવાતા, અને તે 'સમવસરણ' નામથી ઓળખાતા. ા સમવસરણમાં ત્રણ વિભાગો રહેતા. બહારના વિભાગમાં લોકોને ાટે કુદરતી હાજતોની સગવડ રહેતી, જ્યાં સામાન્ય વર્ષા ચરી શકતા ને પોતાની વસ્તુઓને સાચવીને મૂકી દેતા. કેટલોક પ્રાણીવર્ગ જે ોગાદિ કારણથી ઠેઠ સુધી જઈ ન શકે તેમના માટે વચલા વિભાગમાં વસ્થા રહેતી; અને અંદરના ભાગમાં ત્યાગી, સંસારી સ્ત્રી-પુરુષો, ષ-દેવીઓ, અસુર-અસુરીઓ આદિને ધર્મોપદેશ-શ્રવણ માટે વ્યવસ્થિત વા-આવવાની અને બેસવા-ઊઠવાની સગવડ રહેતી. આ ત્રણ વિભાગ ણ ગઢ તરીકે ઓળખાતા. આ સમવસરણમાં કેટલીક વાર જન્માંતરના શુભસંસ્કારવાળાં પશુ-પક્ષી વગેરે પ્રાણીઓ પણ ભગવાનના ઉપદેશને સાંભળવા આવે છે, જેમને માટે મુખ્યત્વે બીજા વિભાગમાં સગવડ રહે છે. સામાન્ય રીતે સમવસરણમાં ઉપદેશશ્રવણ માટે બાર પ્રકારની પર્ષદા ગણ-વામાં આવે છે. નિર્ગ્રંથ નિર્ગ્રંથી, શ્રાવક શ્રાવિકા, વૈમાનિક જ્યોતિષ્ક, ભવન-પતિ વ્યન્તર દેવ ને દેવીઓ. જન્મસંસ્કારસંપન્ન પશુ-પક્ષી નર-માદા આવે તો બારને બદલે સોળ પ્રકારની પર્ષદા થાય છે. પણ આવા પ્રસંગો વિરલ હોવાથી સામાન્યરીતે ભગવાનની શ્રોતા પર્ષદા બાર પ્રકારની જ ગણાય છે.

અંતમાં દેહધારી તરીકેની પોતાની જીવનકથા પૂરી થતાં દેહમુક્ત થઈ ભગવાન શ્રી ઋષભદેવ નિર્વાણમાં–મોક્ષમાં જાય છે.

**શેઠ આણંદજી કલ્યાણજીના પ્રબંધથી યોજાએલી ભગવાન ઋષભદેવજીના જીવનપ્રસંગોની ચિત્રમાળાનાં છયે ચિત્રો આ પૃષ્ઠ**

નીચે : **ચિત્ર નં. ૧** : ગર્ભધારણ પહેલાં માતા મરૂદેવા શુભસૂચક ચૌદ સ્વપ્નો જુએ છે; જમણી બાજુ તેમના પતિ એ મંગલ ચિહ્નોનો અર્થ સમજાવે છે. ચિત્રની ડાબી-જમણી બે કિનારો પર નાની તકતીઓમાં ભગવાનના પૂર્વજન્મોની કથાનાં ચિત્રો છે. વચ્ચે **ચિત્ર ૨**માં ભગવાનના જન્મનું અને છેડે **ચિત્ર ૩**માં ભગવાનના રાજ્યાભિષેકનું તથા પ્રજાશિક્ષણનું આલેખન છે.

ચિત્ર નં. ૧ ની બંને કિનારો ઉ
તકતીઓ આપી છે તે પૈકીની
તકતીમાં, પ્રથમ ભવનું ધૃતદાન
ઉપદેશ સાંભળતા ભગવાનનું આ
બલ રાજા તરીકે જન્મેલા ભગ



જુએ ત્રણત્રણના સમૂહમાં આપ્યાં છે. વચ્ચેના કૉલમમાં એમના પૂર્વજીવનના ત્રણ પ્રસંગોનાં રેખાંકન મોટાં કરી બતાવ્યાં છે.

પૂર્વભવના પ્રસંગોની જે બાર
ા નીચે આપી છે. મથાળાની
ા વચ્ચેની તકતીમાં મુનિશ્રીનો
ી તકતીમાં, ચોથા જન્મે મહા-
ાર મંત્રીઓ સાથે દર્શાવ્યા છે.





**ચિત્ર નં. ૪** : સુનંદા-સુમંગલા સાથે ભગવાનના લગ્ન-પ્રસંગે સૌધર્મ ઇન્દ્રની સપત્ની હાજરી. **ચિત્ર નં. ૫**માં ભગવાનના વાર્ષિક દાનના, નિષ્ક્રમણના, કેશલુંચનના અને કેવલજ્ઞાનની પ્રાપ્તિનાં દશ્યો છે. છેલ્લા **છઠ્ઠા** ચિત્રમાં પૂર્ણ જ્ઞાનદશાને પ્રાપ્ત જીવનસિદ્ધ ભગવાનને સમવસરણમાં બાર પર્ષદાઓ સમક્ષ સૌને પારમાર્થિક માર્ગનું દર્શન કરાવતા આલેખ્યા છે.





# ભગવાન શ્રી ઋષભદેવજીના જીવનનાં છ પ્રસંગચિત્રોનો પરિચય

લેખક : મુનિશ્રી પુણ્યવિજયજી

[આ અંકમાં ચાર પૃષ્ઠોના વિસ્તાર પર છાપેલાં ઉપર્યુક્ત છ ચિત્રોનું જાહેર પ્રદર્શન થોડા સમય પર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી અમદાવાદમાં યોજાએલું. તે પ્રસંગે બહાર પડેલી પત્રિકા માટે મુનિશ્રી પુણ્યવિજયજીએ તેને માટે ખાસ લખેલો પરિચયલેખ અહીં સાભાર ઉધ્ધૃત કરીએ છીએ. –તંત્રી]

**ચિત્ર ૧ : ભગવાન ઋષભદેવના પૂર્વ ભવો અને ચ્યવન કલ્યાણક**

**અ**નાદિ સંસારચક્રમાં પરિભ્રમણ કરતા જીવોની ઉન્નતિનો સમય આવી પહોંચતાં તેને કોઈ ને કોઇ મહાવિભૂતિનું દર્શન પ્રાપ્ત થાય છે. આ નિયમ પ્રમાણે ભગવાન શ્રી ઋષભદેવનો જીવ બાર પૂર્વભવમાં ઉત્ક્રાન્ત થતો આવ્યો છે. પ્રસ્તુત ચિત્ર નં. ૧માં ડાબી બાજુએ ભગવાન શ્રી ઋષભદેવનું ગર્ભાવતરણ અને મરૂદેવા માતાનું સ્વપ્નદર્શન આલેખ્યું છે, અને જમણી તરફ મરૂદેવા પોતાના પતિ નાભિકુલકરને એ સ્વપ્નોનું નિવેદન કરીને તેનું ફળ પૂછતાં દર્શાવ્યાં છે. ચિત્રને ડાબે તથા જમણે પડખે છ છ તકતીઓમાં ભગવાનના પૂર્વ ભવોના કથાપ્રસંગો આપ્યા છે.

સૌ પહેલાં ભગવાન ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં ધન નામે સાર્થવાહ (સંઘપતિ) તરીકે જન્મેલા. એક સમયે તે સાર્થ લઈ જતા હતા, તેમાં થોડા જૈન શ્રમણો પણ હતા. વચ્ચે ચોમાસું આવી જતાં સાર્થ રસ્તામાં રહી ગયો, ત્યાં તેમને યાદ આવ્યું કે પોતે મુનિવરોની ખબર તો લીધી જ નથી. આથી મુનિ પાસે જઈ દિલગીરી દર્શાવી તે પોતાને ત્યાં ગૌચરી માટે લઈ ગયા. દૈવયોગે ઘરમાં મુનિઓને આપવા જેવી કશી વસ્તુ હાથ ન આવતાં ઘીના કુપ્પા તરફ નજર જાય છે અને તેમને તે ઘીનું દાન આપે છે તથા તેમનો ઉપદેશ સાંભળે છે. (પૃ. ૨૪-૨૫ વચ્ચેની તકતી ૧-૨)

બીજા ભવે ભગવાન ઉત્તર કુરુક્ષેત્રમાં યુગલિક પુરુષ તરીકે, ત્રીજા ભવે સૌધર્મ દેવલોકમાં મહર્દ્ધિક દેવ તરીકે અને ચોથા જન્મમાં શતબલ રાજાના પુત્ર મહાબલ તરીકે ઉત્પન્ન થાય છે, અને તેમાં ભોગવિલાસમાં જ લીન રહે છે. તેને સ્વયંબુદ્ધ, સંભિન્નમતિ, શતમતિ અને મહામતિ નામે ચાર મંત્રીઓ હતા (પૃ. ૨૪-૨૫, વચ્ચે તકતી-૩). મંત્રી સ્વયંબુદ્ધને એક સમયે જાણ થઈ કે હવે રાજાનું માત્ર એક જ મહિનાનું આયુષ્ય બાકી છે, આથી તે રાજા પાસે આવી તેને ધર્મોપદેશ-તત્ત્વ સમજાવે છે અને રાજા પોતાનું આયુષ્ય અતિઅલ્પ જાણી ચરમ પ્રવ્રજ્યા–અનશન દીક્ષા સ્વીકારે છે. (પૃ. ૨૨-૨૭ ઉપર ડાબી બાજુ મથાળે તકતી-૧).

પાંચમા ભવે ઋષભદેવજી ઈશાનદેવલોકના શ્રીપ્રભ વિમાનમાં લલિતાંગ દેવ તરીકે જન્મે છે (પૃ. ૨૨-૨૭, તકતી-૨). ત્યાં તેમની દેવી સ્વયંપ્રભાના ચ્યુત થયા પછી ચિંતાતુર રહે છે. તે વખતે તેનો પૂર્વજન્મનો ધર્મમંત્રી સ્વયંબુદ્ધ, જે એ જ દેવલોકમાં જન્મ્યો છે તે આવીને ધીરજ આપે છે અને ભવિષ્યમાં નવી થનાર સ્વયંપ્રભાદેવી બતાવે છે કે જે અત્યારે નિર્નામિકા નામે દરિદ્રપુત્રી તરીકે અંજનતિલક પર્વત ઉપર યુગંધર મુનિ પાસેથી ધર્મ જાણે છે (પૃ. ૨૨-૨૭ : તકતી-૩).

છઠ્ઠા જન્મે ભગવાન લોહાર્ગલ નગરના રાજા સુવર્ણજંઘને ત્યાં વજ્રજંઘ નામે પુત્ર થાય છે, અને સ્વયંપ્રભા પુંડરીકિણી નગરીના રાજા વજ્રસેનને ત્યાં શ્રીમતી નામની પુત્રી તરીકે અવતરે છે. એક વાર દેવતાઓને આકાશમાર્ગેથી ઊતરતા જોતાં શ્રીમતીને પોતાનો પૂર્વજન્મ તથા લલિતાંગ દેવ યાદ આવે છે અને એ સ્વામી મનુષ્યલોકમાં ક્યાં જન્મ્યો હશે એ ચિંતામાં તે મૂંગી બની જાય છે. શ્રીમતીની માતાના અનેક ઉપચારો છતાં કશી અસર ન થતાં તેની ધાવમાતા શ્રીમતીને એકાંતમાં વાત્સલ્યભાવે તેનું કારણ પૂછે છે. શ્રીમતી પોતાની વેદના તેને જણાવી પૂર્વજન્મની હકીકત દર્શાવતું એક ચિત્રપટ તૈયાર કરે છે. તે સમયે જ રાજા વજ્રસેનની વરસગાંઠ હોવાથી ઘણા રાજાઓ ત્યાં આવ્યા હોય છે, એટલે ધાવમાતા પંડિતા એ ચિત્રપટ ખુલ્લો કરી જાહેર માર્ગ પર એવી રીતે મૂકે છે, જેને જોવા ઘણા રાજાઓ સાથે વજ્રજંઘ રાજકુમાર પણ આવે છે (જુઓ પહેલા પાના પરનું ચિત્ર) અને આ ચિત્રપટ જોઈ મૂર્છિત થાય છે. ભાનમાં આવી પોતાની સંપૂર્ણ કથા તે પંડિતાને જણાવે છે. આ પરથી વજ્રસેન પોતાની પુત્રીને તેની સાથે પરણાવે છે અને રાજા સુવર્ણજંઘ પણ વજ્રજંઘને રાજ્ય સોંપી દીક્ષા લે છે. સમય વીતતાં વજ્રજંઘ પણ પ્રવ્રજ્યા લેવાનો વિચાર કરે છે; પરંતુ બંને પુત્રે કરેલા વિષપ્રયોગથી મરીને તે સાતમો જન્મ ઉત્તર કુરુક્ષેત્રમાં યુગલિક તરીકે લે છે, અને ત્યાંથી સૌધર્મદેવલોકમાં મહર્દ્ધિક મિત્રદેવ તરીકે આઠમો જન્મ લે છે.

નવમા ભવે ભગવાન જીવાનંદ નામે રાજવૈદ્ય, અને સ્વયંબુદ્ધ કેશવ નામે શ્રેષ્ઠિપુત્ર થાય છે. બંનેને એ જ નગરમાં રાજપુત્ર મહીધર, મંત્રીપુત્ર સુબુદ્ધિ, સાર્થવાહ-પુત્ર પૂર્ણભદ્ર અને શ્રેષ્ઠિપુત્ર ગુણાકર સાથે મૈત્રી જામે છે. એ છ યે જણા કોઈ કુષ્ઠરોગી મુનિની સેવા કરી રોગ મટાડે છે (પૃ. ૨૨-૨૭ ઉપર જમણી બાજુ મથાળે : તકતી ૧-૪) દશમા જન્મે છ યે મિત્રો અચ્યુત દેવલોકમાં ઇન્દ્રના સામાનિક મિત્રદેવો તરીકે ઉત્પન્ન થાય છે. અગિયારમા ભવે ભગવાન પુંડરીકિણી નગરીમાં વજ્રસેન તીર્થંકરની ધારણી રાણીના પુત્ર વજ્રનાભ તરીકે જન્મે છે. છેલ્લે તે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં નાભિકુલકરની પત્ની મરૂદેવાની કૂખે ભગવાન શ્રીઋષભદેવ તરીકે અવતરે છે. ભગવાન જ્યારે માતાના ગર્ભમાં આવે છે ત્યારે માતા વૃષભ, ગજ આદિ ચૌદ સ્વપ્નો જુએ છે અને એ સ્વપ્નોની હકીકત પોતાના પતિ નાભિકુલકરને જણાવી તેનું ફલ પૂછે છે, અને નાભિકુલકર તે જણાવે છે. (પૃ. ૨૪ : મથાળે પહેલું ચિત્ર)

**ચિત્ર નં. ૨ : ભગવાનનો જન્મ અને દેવકૃત જન્માભિષેક**

ઉચિત સમયે ભગવાનનો જન્મ થાય છે અને ઇંદ્ર જન્માભિષેક માટે તેમને મેરુપર્વત પર લઈ જાય છે, જ્યાં અન્ય દેવો ભગવાનની ભક્તિ માટે હાજર થાય છે. કેટલાક ગંગાદિ નદીઓમાંથી પાણી-માટી લાવે છે કેટલાક વિવિધ પર્વતો પરથી ફૂલફળ આદિ પૂજાસામગ્રી લાવે છે, કેટલાક ગાનતાન દ્વારા ભગવાનના ગુણ ગાય છે. (પૃ. ૨૪ : વચલું ચિત્ર)

**ચિત્ર નં. ૩ : રાજ્યાભિષેક અને કળાઓનું શિક્ષણ**

વયમાં આવ્યે ભગવાનનો રાજ્યાભિષેક થાય છે. (પૃ. ૨૪ : નીચલું ચિત્ર) ચિત્રના ઉપરના ભાગમાં ભગવાનને રાજ્યાભિષેક માટેના સ્વપ્નો અને પછી રાજ્યાભિષેકનું દૃશ્ય છે. નીચેના ભાગમાં હાથીની પીઠ પર બેસીને કુંભકારાદિ શિક્ષણ, તે પછી પાકકલાનું શિક્ષણ, તથા ત્યાર બાદ લિપિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર આદિ વિદ્યાઓનું શિક્ષણ પ્રજાને ભગવાન આપે છે તેનાં દૃશ્યો છે. તે યુગની પ્રજા કુદરત પર નિર્ભર હોઈ પાક શાસ્ત્ર, લિપિવિજ્ઞાન આદિ કોઈ પણ જ્ઞાનનો પરિચય તેને ન હોવાથી ભગવાન જાતે સૌને વિવિધ વ્યાવહારિક અને પારમાર્થિક કલાઓનું શિક્ષણ આપે છે; અને પ્રજા ભગવાનને પોતાના રાજા બનાવે છે.

**ચિત્ર નં. ૪ : ભગવાનનું પાણિગ્રહણ** (પૃ. ૨૫ : મથાળાનું ચિત્ર)

ભગવાન સુનંદા–સુમંગલા નામની કન્યાઓને પરણે છે. ઉપર કહ્યું તેમ ત્યારે પ્રજા કુદરતી જીવન જીવતી હોઈ તેમના જીવનમાં રીતરિવાજો વગેરે કશું ન હોવાથી પ્રજાને એ વસ્તુ શીખવવાના ઉદ્દેશથી સૌધર્મેન્દ્ર અને તેની પત્નીઓ ઇન્દ્રાણીઓ લગ્નવિધિ કરવામાં મુખ્ય ભાગ લે છે. પ્રજાના મન પર આ વિધિની અસર થાય છે અને સૌ એ વિધિને અપનાવે છે. પોતાના રાજ્યકાલ દરમ્યાન ભગવાન એક મહાપ્રતાપી રાજા તરીકે પ્રજા ઉપર વ્યવસ્થિત શાસન ચલાવે છે.

**ચિત્ર નં. ૫ : પ્રવ્રજ્યા–દીક્ષાકલ્યાણક** (પૃ. ૨૫ : વચલું ચિત્ર)

અનુક્રમે, વાર્ધક્યે મુનિવૃત્તિનાં નીતિને સિદ્ધ કરવા માટે ભગવાન સૌ પ્રથમ વાર્ષિક દાન આપે છે અને પાલખીમાં બેસી નિષ્ક્રમણ (દીક્ષા) માટે ચાલી નીકળે છે. નગર બહારના ઉદ્યાનમાં જઈ, કેશલુંચન કરી તથા આભૂષણ વગેરે ઉતારીને નિર્ગ્રંથ શ્રમણ બની ભગવાન ધ્યાનસમાધિલીન થાય છે અને પરિપૂર્ણ જ્ઞાનદશા(કેવલજ્ઞાન)ને પ્રાપ્ત કરે છે.

**ચિત્ર નં. ૬ : સમવસરણ અને બાર પર્ષદા** (પૃ. ૨૫ : છેલ્લું ચિત્ર)

પૂર્ણ જ્ઞાનદશા પ્રાપ્ત થયા પછી ભગવાન કૃતકૃત્ય એટલેકે જીવન્મુક્ત સિદ્ધ બનાય છે, જે દશામાં સહજભાવે જ પ્રજાના પરિચયમાં આવતા સૌને પારિમાર્થિક માર્ગનું દર્શન કરાવે છે. આ માટે પ્રજા મોટા સમૂહમાં આવતી હોઈ તેની યોગ્ય વ્યવસ્થા જાળવવા તે માટે વ્યાખ્યાન-મંડપ બનાવવાની આવશ્યકતા રહેતી. આ વ્યાખ્યાન-મંડપો જગાની સગવડ મુજબ ગોળ,ચોરસ,લંબગોળ,લંબચોરસ,પટ્કોણ, અષ્ટકોણ વગેરે(જુઓ પૃ.૨૬)

## ંબંધથી ચોળ્યેલી
## ા જીવનપ્રસંગોની
### ાએ આલેખેલી
### ા
### ર તથા શ્રી ગોપેનરાય

ા આ સાથેનાં પૂ. નં. ૨૪-૨૫ ઉપર
ોને દર્શાવ્યા છે, જેથી ચિત્રકારોની
ની તેમની કુશળતાનો ખ્યાલ આવે.
(જન્માભિષેક)નો મોટો કરેલો એક
ો છે. તેની નીચે, પૂર્ણ જ્ઞાનદશાને
ચિત્ર નં. ૬માંથી મોટું કરી બતાવ્યું
ત્યાં તેમને મથાળે આપી છે.



આ નીચેની મથાળાની ચાર તકતીઓમાં ભગવાનના પૂર્વજીવનની કથાઓના વિશેષ ચાર પ્રસંગોનાં રેખાંકનો છે, જેમાં મથાળે ડાબી તરફના ચિત્રમાં ભગવાનના નવમા જન્મનું ચિત્ર છે. ત્યારે ભગવાન જીવાનંદ નામે રાજવૈદ્ય તરીકે તથા મંત્રી સ્વયંબુદ્ધ શ્રેષ્ઠિપુત્ર કેશવ તરીકે જન્મે છે. બંનેને એ જ નગરમાં રાજપુત્ર મહીધર, મંત્રીપુત્ર સુબુદ્ધિ, સાર્થવાહ-પુત્ર પૂર્ણભદ્ર અને શ્રેષ્ઠિપુત્ર ગુણાકર સાથે મિત્રાચારી જામે છે. એક વખત છ યે જણા કોઇ કુષ્ઠરોગી મુનિની સેવા કરી રોગ મટાડે છે તેનું ચિત્ર જમણી તરફની તકતીમાં છે, અને પછીની તકતીમાં એ સર્વ મિત્રો મુનિ પાસેથી ધર્મજ્ઞાન પ્રાપ્ત કરે છે તેનું ચિત્ર છે. ચોથી તકતીમાં દશમા જન્મે એ છ મિત્રો અચ્યુત દેવલોકમાં ઇન્દ્રના સામાનિક મિત્રદેવો તરીકે ઉત્પન્ન થયા છે તેનું આલેખન છે. પૂર્વભવની આ ચારચાર તકતીઓની નીચે બંને બાજુ જે બે મોટાં ચિત્રો આપ્યાં છે તે ભગવાનના જીવન-પ્રસંગોનાં મોટાં કરી બતાવેલાં ચિત્રો છે. સામે પૃ.૨૧ ઉપર રાજ્યાભિષેક બાદ પ્રજાને શિક્ષણ આપતા ઋષભદેવનો, ચિત્ર નં. ૩ વાળો ભાગ છે; અને આ પૃષ્ઠ ઉપર છેલ્લે દીક્ષા કલ્યાણકના ચિત્ર(નં. ૫)માંથી ભગવાનનું કેશલુંચનનું દૃશ્ય મોટું કરી બતાવ્યું છે.



(ઋષભદેવ ચરિત્ર–ચિત્રાવલિ ચાલુ પાનુ ૨૧ થી)

એક સાથે આગળ પાછળની અનેક ઘાટનો એક જ ચિત્રમાં રજુ કરાતી હોઇને પરસ્પેકટીવ–પ્રત્યક્ષ પરિમાણુ–ના નિયમોનું પાલન શકય રહેતું નથી. આવી કેટલીક અનિયમિતતાઓ હોવા છતાં આ ચિત્રો ભારે ભાવવાહી હોય છે અને પોતાના વિષયનું સચોટ નિરૂપણ કરતા લાગે છે.

પ્રસ્તુત ચિત્રોના હાર્દને પકડવા માટે કલ્પસૂત્રની પ્રતો સાથે સંકળાયલી આ વિશિષ્ટ જૈન શૈલિને જિજ્ઞાસુએ બરોબર અન્તરમાં ઉતારવી જોઇએ. આ ચિત્રો સામેની કેટલીક ટીકા આ શૈલિના અજ્ઞાનમાંથી અથવા તો એ શૈલિ પ્રત્યેના અણગમામાંથી પેદા થાય છે. આ શૈલિનું ધોરણ ધ્યાનમાં રાખીને વાંચકો આ ચિત્રો જોશે તો આ ચિત્રોની ખુબીઓ જોતાં તેમ જ માણતાં તેઓ થાકશે જ નહિ.

આ ચિત્રો મૂળ રંગીન અને પુરૂ ૬×૪ ના કદનાં છે. એ મૂળ ચિત્રોની ભવ્યતાને આ નાનાં અને એકવર્ણી ચિત્રોમાં અવતારવી–દાખવવી–અશકય છે. એમ છતાં પણ આપણને આ છપાયલાં ચિત્રોમાં જે કાંઈ જોવા મળે છે તે પણ કાંઈ ઓછું મોહક નથી. પ્રત્યેક ચિત્રનું આયોજન–કોમ્પોઝીશન–ભારે આકર્ષક છે. પવિત્રતા અને ભક્તિમયતાના, નૃત્ય અને સંગીતના વાતાવરણથી પ્રત્યેક ચિત્ર ગુંજી રહ્યું છે. ચિત્રકારોની કલ્પનાપ્રચુરતા આપણને મુગ્ધ કરે અને વિસ્મય પમાડે તેવી છે. બીજા ચિત્રમાં મેરૂ પર્વત ઉપર ઇન્દ્રના ખોળામાં બાલસ્વરૂપ ભગવાનના દેવદેવીઓ વડે થઈ રહેલા અભિષેકનું દર્શન આપણને કોઇ અપાર્થિવ પ્રદેશમાં ઉડ્ડયન કરાવે છે. છઠ્ઠા ચિત્રમાં ભગવાનના સમવસરણ-રચનાની ભવ્યતા અને આયોજનકુશળતાનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. પાંચમા ચિત્રમાં નીચે એક બાજુએ ભગવાન ધ્યાનસ્થ બેઠા છે અને બન્ને બાજુએ ધ્યાનને જાણે કે તાલ આપતા ન હોય એવાં બે સુઘટિત વૃક્ષો છે. આ નાનું છતાં કેટલું સંવાદી હૃદયંગમ આલેખન છે? આમ ચિત્રે ચિત્રે કંઈ ને કંઈ કહેવા મન થઈ આવે છે અને ચિત્રકારોની પીંછીમાં રહેલી રેખાવિશદતા, આલેખનકુશળતા અને ભાવવાહિતા પાછળ દિલ વારી જાય છે.

આમ આ ચિત્રો ઉપર ભરપુર પ્રશંસા વેરતાં તેમાં દેખાતી એક ત્રુટિ તરફ ચિત્રપ્રયોજકોનું ધ્યાન ખેંચવું અસ્થાને નહિ ગણાય. આ ચિત્રોમાં માત્ર કલ્પસૂત્રનું કળાશૈલિનું અનુકરણ નથી; તેમાં અજંટાના ચિત્રોનું છાયા પણ અનુભવગોચર થાય છે. આ જ પ્રમાણે અજંટાના પાત્રોનું લાવણ્ય અને સુરૂપતા પણ આ ચિત્રોમાં ઉતારવામાં આવી હોત તો આ ચિત્રકૃતિઓ જરૂર વધારે સફળ અને આકર્ષક બની હોત. ખાસ કરીને છઠ્ઠા ચિત્રમાં ભગવાનની ઉપદેશ આપતી મૂર્તિની મુદ્રા આપણા દિલમાં પ્રસન્નતાના સ્થાને નિરાશા ઉપજાવે છે. પ્રશમરસગ્યા મુદ્રાનું મુખ્ય લક્ષણ હોવું જોઇએ. ઉપદેશ આપતી મૂર્તિની મુદ્રા ભારે ગંભીર રૂક્ષ–કઠોર–લાગે છે. આ જ ટીકા ચિત્રાવલિમાં રહેલી અનેક આકૃતિઓને લાગુ પડે તેમ છે. હજુ પણ આમાં સુધારો થઈ શકે તેમ હોય તો તે તરફ ચિત્રપ્રયોજકોનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

કેવળ સાંપ્રદાયિક દ્રષ્ટિએ જોનારને અને પરંપરાના ધોરણે વિચારનારને સંભવ છે કે, આ ચિત્રો પૂરતો સંતોષ ન આપે. દિગંબર મતે ભગવાન નગ્ન વિચરતા હતા. શ્વેતાંબર મત ગમે તે હોય પણ જે પુરાતનતમ કાળ સાથે ભગવાનના અસ્તિત્વને સાંકળવામાં આવે છે તે કાળનો વિચાર કરતાં ભગવાન નગ્નપણે વિચરતા હોય એ વધારે સંભવિત છે. કારણ કે સભ્યતાનાં ઘણાં સિમાચિહ્નો સર કર્યા પછી વણાટવિધાનો ઉગમ થયો હોવો જોઇએ, એમ છતાં પણ આ ચિત્રોમાં ભગવાનને વસ્ત્રધારી રજુ કરવામાં આવ્યા છે. આ ફેરફારના ઔચિત્ય વિષે બે મત હોવા સંભવ છે. મારા અભિપ્રાય પ્રમાણે આ ફેરફાર આવકારયોગ્ય છે; કળાનિરૂપણની દૃષ્ટિએ અનિવાર્ય છે. સાંપ્રદાયિક મતે નગ્નતાનું ગમે એટલું મહત્વ હોય, પણ વસ્ત્રધારણથી આપણી આંખ એટલી બધી ટેવાયલી છે અને નગ્નતા સામેની ધૃણા આપણા મનમાં એવી જડાઇ ગયેલી છે કે નગ્નતાને આપણે આકૃતિસૌષ્ઠવની વિરોધી માનતા થઈ ગયા છીએ અને આકૃતિસૌષ્ઠવ એ કળાનિરૂપણનું અતિ અગત્યનું અંગ છે. તેથી મૂર્તિવિધાન કે ચિત્રવિધાનમાં પાત્રને સુડોળ દેખાડવા માટે વસ્ત્રપરિધાન અનિવાર્ય મનાય છે. શ્રી ગોકુળદાસ કાપડિયા નામના જાણીતા ચિત્રકારે ભગવાન મહાવીરના ચરિત્રની ચિત્રમાળા શરૂ કરી છે અને ભગવાને દીક્ષા લીધી ત્યાં સુધી તે પહોંચી છે. હવે ક્રમ આગળ વધવું એ પ્રશ્ન ચિત્રકારને મુંઝવે છે. દિગંબર શ્વેતાંબર ઉભય સંપ્રદાયના મતે દીક્ષાગ્રહણ બાદ ભગવાન મહાવીર નગ્ન વિચરતા હતા. એમ છતાં એમનું એવું ચિત્રામણ કળામય ન જ બની શકે એમ ચિત્રકારનું માનસ કહી રહ્યું છે. એવું ચિત્રામણ લોકપ્રિય પણ બની ન જ શકે. હું તો તે મિત્ર-ચિત્રકારને કહું છું કે દીક્ષિત મહાવીરને વસ્ત્રધારણ કરાવો અને ચિત્ર-માળા પુરી કરો. આ જ વિચારસરણીના ધોરણે ચાલતાં પ્રસ્તુત ચિત્રોમાં ભગવાનને વસ્ત્રધારી આલેખ્યા છે તે મૂળથી ફેરફાર હોય તો પણ મને આવકારયોગ્ય લાગે છે.

હસ્તલિખિત કલ્પસૂત્રની પ્રતોમાં શકય હતી એટલી જૈન ચિત્રકળા વિકસી. એ પ્રતો લખાવી બંધ થઇ તે સાથે કંઈ કાળથી એ ચિત્રકળાનો અન્ત આવ્યો. આ ઉપરાંત પૂર્વકાળનાં જૈન મંદિરોમાં પણ પ્રાચીન શૈલિનું સ્થળે સ્થળે ચિત્રામણ કરવામાં આવેલું, પણ પાછળના કાળમાં જૈન સમાજ આ વિષયમાં કેવળ કળાબધિર બની ગયો. જુનાનું તેને કશું મૂલ્ય ન રહ્યું; નવું સરજવાની તેનામાં કોઈ સમજણ ન ઉગી. જીર્ણ થતાં મંદિરોમાંના જુનાં ચિત્રકામોનો નાશ થતો ગયો; જીર્ણોધ્ધારના નામે ઘણા ખરા કેકાણે એ ચિત્રકામો ઉપર ચુનાનો કુચડો ફરી વળ્યો અને તે ઉપર ચાલુ ચિતારાઓ કે જેમની પાસે કોઈ વિશિષ્ટ શૈલિ નહોતી, જેમને મૂળ કથાઓ કે પ્રતિહાસનું ભાન નહોતું, જેની પાસે રંગોની ચકમક સિવાય કોઈ કળાદૃષ્ટિ નહોતી–તેમની પાસે જ્યાં ત્યાં જુની ધર્મકથાઓને લગતાં ચિત્રો ચિતરાવવાનું શરૂ થયું. આવો જ એક ચિત્રપ્રકાર તીર્થપટોના નામે શરૂ થયો. આ ઉભયમાં કોઈ કળાનું તત્વ ન રહ્યું; માત્ર કળાવિકૃતિ જ વિકસતી ગઈ. આશાતનાના વિચિત્ર ખ્યાલોએ આધુનિક કળાકારોના હાથે જૈન કથાઓને લગતાં નવાં ધાર્મિક ચિત્રો નિર્માણ થવા ન દીધાં, આજે રામકૃષ્ણની જ માત્ર નહિ, ભગવાન બુધ્ધની અને પ્રભુ ખ્રીસ્તની સરસ સરસ છબીઓ તેમજ સુન્દર મૂર્તિઓ મળે છે. ઋષભદેવ, પાર્શ્વનાથ કે મહાવીર સ્વામીની આપણી આંખો ઠરે અને ભક્તિભાવ ઉત્તેજિત થાય એવી–એક પણ છબી કે મૂર્તિ મળતી નથી. જૈન સમાજમાં આવો કળાહ્રાસ પ્રવર્તી રહેલો નજરે પડે છે, ત્યારે શેઠ કસ્તુરભાઇને ભગવાન ઋષભદેવના ચરિત્રને કલ્પસૂત્રની શૈલિને કેન્દ્રસ્થાને રાખીને ચિત્રાંકિત કરાવવાનું સુઝયું એટલું જ નહિ પણ કુશળ ચિત્રકારોને રોકીને એ કાર્ય આટલું યશસ્વી રીતે પાર પાડ્યું અને આબુ અને રાણકપુરના જીર્ણોધ્ધારનું કાર્ય હાથમાં લઈને જેમ તેમણે જૈનોને એક નવી અને સાચી દૃષ્ટિ આપી છે કે "મંદિરો સમરાવવા હોય તો મૂળ સાથે વિસંવાદી હોય એવાં થીગડાં મૂકીને નહિ પણ મૂળ સાથે સર્વાંશે અનુરૂપ હોય તે રીતે પ્રાચીન મંદિરોનાં સમારકામ કરો" આવું જૈનોને તેમણે અતિ ઉપયોગી શિક્ષણ આપ્યું છે, તે રીતે જૈન ધર્મના ચરિત્રવિષયોને ચિત્રાંકિત કેમ કરવા તે વિષે તેમણે પ્રસ્તુત ચિત્રાવલિદ્વારા સમુચિત માર્ગદર્શન કરાવ્યું છે. આ માટે જૈન સમાજના તેમને અનેક ધન્યવાદ ઘટે છે.



ચિત્ર નં. ૫ માં નીચેના ખૂણામાં આપેલ ભગવાન ઋષભદેવની ધ્યાનસ્થ મૂર્તિનું મોટું કરેલ ચિત્ર

પ્રસ્તુત ચિત્રાવલિ ચિત્રકલાના પ્રદેશમાં એક લોકોત્તર પુરૂષના ચરિત્રનું નિરૂપણ કરતું ભવ્ય નિર્માણ છે. ભિન્ન ભિન્ન ધર્મના સંસ્થાપકો અને પ્રવર્તકોનાં ચરિત્રો ચિત્રાંકિત થઈને વિશાળ જનસમાજ સમક્ષ રજુ થતા રહ્યાં છે અને ભાવનાભુખી જનતાને ઉન્નત જીવનની પ્રેરણા પાઇ રહ્યાં છે. જૈન સમાજની સંકીર્ણ મનોદશાને લીધે તેની પાસે જે ચરિત્રો અને કથાનકોનો અખૂટ ખજાનો છે તે આજ સુધી અગોચર રહ્યો છે, જનતા તેના અનુપાનથી વંચિત રહી છે. પ્રસ્તુત ચિત્રાવલિને આ રીતે પ્રસિધ્ધિ આપવા પાછળ એ શુભેચ્છા રહેલી છે કે દુનિયાના સંસ્કાર-ધનમાં વિપુલ વૃધ્ધિ કરે તેવી જૈન સાહિત્યના ખજાનામાં રહેલી અનેક કીંમતી વસ્તુઓને ચિત્રોદ્વારા બહાર લાવવામાં પ્રસ્તુત ચિત્રનિર્માણ બળવાન નિમિત્ત બનો!

પરમાનંદ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯.

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર જૈન વર્ષ ૧૪-પ્ર. જીવન વર્ષ ૩
અંક ૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧૫, ૧૯૫૫, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## મુક્તિ મંગલ

(સ્વામી વિવેકાનંદના "The Song of the Free" ના બહેન ગીતા પરીખે કરેલો કાવ્યાનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

( શાલિની )
છંછેડેલા સર્પની ફેણ ઉંચી
થાતાં જ્વાળા ધૂંધવાતી ભભૂકે,
( વંશસ્થ )
ઘવાયલા સિંહની ગર્જનાના
દશે દિશામાં પડઘા પડે શા !
( શાલિની )
ને છાતી પે વીજની ઝાળ લાગે
ત્યાં ગાજે શા જોરથી વાદળાંઓ !
( મંદાક્રાન્તા )
આત્માનાં સૌ સ્તર હૃયમધ્યે તીવ્ર ઉંડી વ્યથાએ
પાતાળેથી પ્રગટ સરવાણી થતી શ્રેષ્ઠ ત્યારે !
( મિશ્રોપજાતિ )
છો આંખના તારક ઝંખવાયે
ને અંતરે હામ રહે ન લેશ,
છો મૈત્રી, છો પ્રેમ બધુંય ભાંગે,
આપત્તિઓ છો વિધિ લાખ સર્જે;
ને પંથ રૂંધે ઘન અંધકાર,
નિસર્ગ આખી
ક્રોધે ભરી ભીંસ તને ભલે દે,
—તોયે ન, આત્મા મુજ ! તું ભૂલીશ
કે 'દેવી તું !'
— આગળ જા, ધપ્યે જા,
ના ઉત્તરે, દક્ષિણમાં ન, કિન્તુ
જા ફક્ત આદર્શ ભણી સદા તું !
( વસંતતિલકા )
ના દેવદૂત, નહિ માનવી, ના હું પ્રાણી,
ના દેહ, માનસ નહીં, ન પુરૂષ કે સ્ત્રી;
મારૂં સ્વરૂપ કથતાં સહુ ગ્રંથ મૂક
આશ્ચર્યસ્તબ્ધ બનતાં :—
હું છું એ જ ઈશ !
આ સૂર્ય, ચંદ્ર, પૃથિવી સહુની પહેલાં
ને તારલા લખ અને ધૂમકેતુ મુકત,
રે કાળનોય નહિ જન્મ થયેલ ત્યારે
— ત્યારેય હું
— હું તો હતો, હજીય છું જ, સદા હઈશ !

( શાલિની )
પૃથ્વી આ સોહામણી, દિવ્ય સૂર્ય,
ને ઇન્દુ આ શીત મીઠો; સુહાગી
રંગે ભીનું આભ — સર્વે સૂજતાં
કૈં કાર્યોનાં કારણે, નિયમે એ
જીવે છે સૌ, ને શમે મૃત્યુખોળે.
( મિશ્રોપજાતિ )
ને એ બધાંયે મન માનસિક
સ્વપ્નાસમી ભ્રામક જાળ પાથરી
દે જોરથી શા જકડી લિયે સહુ !
( વસંતતિલકા )
રે તર્કના ક્ષણિક તંતુથકી વણેલાં
છે સ્વર્ગ, નર્ક, પૃથિવી,
ઉત્કૃષ્ટ—નીચતમ સૌ મનનાં જ સર્જન !
તું જાણ, એ સઘળું છે સ્તર બ્હારનું જ
સૌ કાળ ને સ્થળ અને સહુ કાર્ય—કારણ,
ઇંદ્રિયકેરી અનુભૂતિ—વિચારથી પર
હું તો છું પ્રેક્ષક જ વિશ્વતણો ખરેખર !
( મિશ્રોપજાતિ )
હું બે નહીં, નહિ બહુ છું, હું કિન્તુ એક,
ને તેમ મારામહિં સર્વને લહું;
ધિક્કારૂં કે હું તરછોડું કેમ
મને જ મારાથકી ?
— માત્ર ચાહું !
( વસંતતિલકા )
રે જાગ સ્વપ્નભ્રમથી, બન બંધનોથી
તું મુકત, નિર્ભય, કદી નહિ તારી છાયા
—માયાસમી જ – ગભરાવી શકે તને જ;
તું જાણ નિત્ય બસ 'સોઽહમ્' 'હું છું તે જ !'

મૂળ અંગ્રેજી : સ્વામી વિવેકાનંદ
અનુવાદક : ગીતા પરીખ

# એકાંત પાપ અને પુણ્ય

જીવન એ એવી સંકુલ વસ્તુ છે કે તેમાં લૌકિક અને અધ્યાત્મિક જીવનની સીમા નક્કી કરવી એ અત્યંત કઠણ છે. જીવનમાં સામાન્યિકતા એટલી બધી વ્યાપ્ત છે કે ક્યાં જઇને આપણું લૌકિક જીવન સમાપ્ત થાય છે અને કયાંથી આધ્યાત્મિક અથવા અલૌકિક જીવનનો પ્રારંભ થાય છે એ કહેવું કઠણ છે. જેને આપણે આધ્યાત્મિક જીવન કહીએ છીએ એમાં લૌકિક જીવનને અથવા સામાન્યિક જીવનનો કયારે સર્વથા લોપ થાય છે એ સૂક્ષ્મતાથી વિચારીશું તો જણાશે કે જીવનની અંતિમ ઘડી સુધી જેને આપણે તીર્થંકર જેવા પરમ આધ્યાત્મિક પુરૂષ ગણીએ છીએ તેઓ પણ સામાન્યિક જીવનનો ત્યાગ કરી શકયા નથી, તો બીજા આધ્યાત્મિક પુરૂષોની તો વાત જ શું કરવી ? આવી સ્થિતિમાં લૌકિકધર્મ અને આધ્યાત્મિકધર્મ એવા પરસ્પરથી અત્યંત વ્યાવૃત્ત ધર્મની કલ્પના કરવી અને તેના આધારે પાપ–પુણ્યની વ્યવસ્થા કરવી કે ધર્માધર્મની વ્યવસ્થા કરવી એ બહુ જ સૂક્ષ્મ–વિચારણા માગે છે. કોઇ પણ અનુષ્ઠાનો સહસા લૌકિક ગણી તેમાં પાપ અને બીજા કોઇ અનુષ્ઠાનો અલૌકિક કે આધ્યાત્મિક ગણી તેમાં ધર્મની કલ્પના કરવી એ મનસ્વી બની જાય છે. મનુષ્ય એ સંસ્કારોનું પૂતળું છે એમ કહીએ તો ખોટું નથી. કોઈ પણ વખતે તે તેના પૂર્વસંસ્કારોથી સર્વથા મુકત થઈ શકતો હોય તો તે વીતરાગાવસ્થા છે, પણ ત્યાર પહેલાની સૂક્ષ્મસંપરાય સુધીની અવસ્થાઓમાં તે તેના પૂર્વ સંસ્કારોના પરિણામરૂપ તેના અધ્યવસાયો હોય છે. એટલે તેના તેવા અધ્યવસાયો માત્ર પુણ્યજનક કે માત્ર પાપજનક હોય અથવા માત્ર નિર્જરાજનક હોય એ સંભવે નહિં. સંભવે છે માત્ર પ્રાધાન્યનો. એવા અધ્યવસાયો સંભવે છે જેમાં પાપનું પ્રાધાન્ય હોય અને એવા પણ અધ્યવસાયો હોય છે જેમાં પુણ્યનું પ્રાધાન્ય હોય છે છે. અને એવા પણ હોય છે જેમાં નિર્જરાનું પ્રાધાન્ય હોય. આ જૈન દર્શનના કર્મશાસ્ત્રની દૃષ્ટિ છે. એને આધારે એમ કહી શકાય કે વીતરાગઅવસ્થા ન આવે ત્યાં સુધી જીવનની એવી એક પણ ક્ષણ ન સંભવે કે જેમાં તે માત્ર પાપ જ કરે કે માત્ર પુણ્ય જ કરે કે માત્ર નિર્જરા કરે. એટલે એમ કહી શકાય કે અવીતરાગી જીવનની પ્રત્યેક ક્ષણ એવી હોય છે જેમાં તે પાપ અને પુણ્ય બન્નેનું ચયન (સંગ્રહ) કરે છે, પણ જો પાપચયનનું બાહુલ્ય હોય તો કહેવાય કે તેનું તે કાર્ય પાપ છે અને જો પુણ્યનું બાહુલ્ય હોય તો તેનું તે કાર્ય પુણ્ય છે. સકષાયજીવન એ એક અને અખંડ છે. તેમાં એવા અંશો નથી કલ્પી શકાતા કે અમુક અંશે તે સર્વથા ધાર્મિક જ બની જાય અને અમુક અંશે તે અધાર્મિક જ બને. જ્યાં સુધી વ્યકિત વીતરાગ નથી ત્યાં સુધી તેના જીવનની પ્રત્યેક ક્ષણ મિશ્રિત છે. વીતરાગઅવસ્થામાં તે કેવલ ધાર્મિક બને છે, અથવા તો કેવલ આધ્યાત્મિક બને છે. ત્યાર પહેલાની ક્ષણોમાં તે કષાયનું પૂતળું હોઈ તેની એવી કોઇ પણ ક્ષણ સંભવે નહિ જેમાં તેના કષાયનો સૂક્ષ્મ પણ અંશ કામ ન કરતો હોય. એવી સ્થિતિમાં માત્ર નિર્જરા કે માત્ર પુણ્ય કમાવાની વાત એ શાસ્ત્રમાં લખી હોય તો પણ તેના વિશેષ અર્થનું અનુસંધાન, પૂર્વાપર સિધ્ધાન્તો સાથે સુમેળ કરીને જ કરવું જોઇએ. અન્યથા જૈનોના સમગ્ર કર્મશાસ્ત્રને આધારે સ્થપાયેલી ગુણસ્થાનોની વ્યવસ્થા જે તર્કસંગત પણ છે તેને પણ છોડવી જોઇએ.

દયા, દાનના તેરાપંથ વિષેના સમગ્ર વિચારોમાં જો કોઈ પણ દોષ હોય તો તે એક માત્ર એ છે કે સકષાયજીવનમાં પણ એવી ક્ષણો તે કલ્પે છે જે માત્ર પાપજનક કે માત્ર પુણ્યજનક કે માત્ર નિર્જરાજનક છે. આગમના અમુક પાઠો તેના સમર્થનમાં મળી રહે છે તે સાચું, પરંતુ આગમના પ્રત્યેક વાકયનો અર્થ કરવામાં માત્ર શબ્દાર્થ જ લેવામાં આવે તો તો ઘણો જ અનર્થ થવા સંભવ છે. સમગ્ર ભાવે જૈનદૃષ્ટિ શી છે એના પ્રકાશમાં જ આગમ વાકયનો અર્થ કરવો જરૂરી છે. જૈન ધર્મ એ આધ્યાત્મિક ધર્મ છે, પણ તેને સમાજ વચ્ચે અને તે પણ વિરોધી સમાજ વચ્ચે જીવવું પડયું છે. એ સ્થિતિમાં આગમમાં એવાં ઘણાં વિધાનો મળી આવે જેનો તેની આધ્યાત્મિકતા સાથે કશો જ મેળ ન બેસે. એક તરફ જો આપણે ગૃહસ્થલિંગી કે અન્યલિંગીને સિદ્ધ થવાની યોગ્યતા માનીએ અને બીજી તરફ અસંયતીને દાન દેવામાં પાપ માનીએ તો વિચારવું એ પ્રાપ્ત થાય છે કે આપણે સંયતી કોને માનવો? શું જેણે લિંગ ધારણ કર્યું હોય તેને? અહિં જ વ્યવહાર આવીને ઉભો રહે છે કે જેણે જૈનલિંગ ધારણ કર્યું હોય તેને સંયતી માનવો. જૈનલિંગ ધારણ કર્યા છતાં વસ્તુતઃ કોઈ અસંયતી હોય તો તેને દાન કરવામાં પાપ થાય કે પુણ્ય? અને ગૃહસ્થલિંગ છતાં તે વસ્તુતઃ સંયમી હોય અને આપણે તેને ન આપ્યું તો તે ઉચિત કર્યું કે અનુચિત? સંયમ એ આધ્યાત્મિક વસ્તુ છે. તેનો બાહ્યવેશ સાથે બહુ જ ઓછો સંબંધ છે. એટલે વેશને આધારે કોઇના સંયમનો નિર્ણય કરી જ શકાતો નથી. તો શું જ્યાં સુધી સંશય હોય ત્યાં સુધી દાનની પ્રવૃત્તિથી વિરત થવું? આપણો જો એવો જ આગ્રહ હોય કે સંયતીને આપવાથી પુણ્ય જ થાય છે અને અસંયતીને આપવાથી પાપ જ થાય છે તો આપણે આપતા પહેલાં એ વસ્તુ નક્કી કરવી જ જોઇએ કે આ સંયતી છે કે અસંયતી? પણ આપણે છીએ છદ્મસ્થ. તો શું કદી સાચો નિર્ણય કરી શકીશું? અને શું હમેશા સંશય નહિ રહે કે આ મારું દાન ખોટે ઠેકાણે તો નથી ગયું? એટલે વસ્તુસ્થિતિ એ ઉભી થવી જોઇએ કે દાન દેવું જ નહિં. જો આમ બને તો સંયમમાર્ગ કેટલા લિવસ ટકે? આનો સીધો અને સરલ રસ્તો તો એ જ છે કે દાનનું ફળ મુખ્યત્વે દેનારની ભાવના ઉપર છે, દેનારના અધ્યવસાય ઉપર છે. લેનારની યોગ્યતા અયોગ્યતા ઉપર નહિ. આ સિધ્ધાન્તની વાત થઈ. એ સિધ્ધાન્તને સામે રાખીને શાસ્ત્રના વચનોનો અર્થ ઘટાવીએ અને મુખ્ય–ગૌણભાવ વિચારીએ તો તો કાંઇક માર્ગ મળી આવે. અન્યથા તો અદાન એ જ શ્રેષ્ઠ માર્ગ છે અને જો તેમ બને તો ભિક્ષુઓ માટે એ પણ શ્રેષ્ઠ માર્ગ છે કે તેમણે પણ ભિક્ષાજીવી ન થતાં કાંઇક આપકમાઈ કરવી. સંયતીને આપવું એનો અર્થ એ કરવો કે જૈન સંયતીને આપવું અને જૈન સંયતીમાં પણ અમુક પંથના લોકો જ સાચા સંયતી છે માટે તેમને આપવું, આ વ્યવહારની વ્યવસ્થા છે. પણ એમાં તો માત્ર બાહ્યવેશની જ મુખ્યતા થાય. પણ આવી બાહ્યઆચારની વ્યવસ્થાને પણ જો સનાતન સત્ય માનવામાં આવે અને એને આધારે ધર્માધર્મનો નિર્ણય કરવામાં આવે તો જેમ આધ્યત્મિક ધર્મનું પોષણ નથી, તેમ, આણે તો જૈનધર્મનું લિંગધારણ કર્યું નથી માટે તેમાં સંયમ ન હોઇ શકે એમ માની જો દાનથી વિરત થવામાં આવે તો પણ આધ્યાત્મિકધર્મની પુષ્ટિ થતી નથી, પણ જો જૈનલિંગને બિલકુલ મહત્વ દેવામાં ન આવે તો પણ જૈનધર્મનો જે વિશેષ પ્રચાર આવશ્યક હતો તે સંભવિત નહોતો. એટલે વ્યવહારમાં જૈન લિંગ એ સંયમનું જ ચિહ્ન માનીને દાન આપવું એવી વ્યવસ્થા કર્યા વગર છૂટકો ન હતો. અને અજૈન લિંગધારીને વ્યવહારમાં અસંયમી માની તેને મદદ કરવામાં ઉપેક્ષા કરવી એ પણ વ્યાવહારિક વ્યવસ્થા જ છે. એવી વ્યવસ્થા ઉપરથી આપણે જો તારવણી કરીએ કે અસંયમીને આપવાથી પાપ અને તે પણ એકાંત પાપ થાય છે, તો તો દેનારની ભાવનાનું–દેનારના અધ્યવસાયનું કશું જ મહત્વ ન રહે. અને ધારો કે સંયમી છે એમ ધારીને આપ્યું પણ તે અસંયમી હોય તો શું થાય ? પાપ જ થાય એમ માનવું પડે. કારણ કે પાપ–પુણ્યનો અંતિમ નિર્ણય આપણા દેનાર આત્મા ઉપર રહ્યો નહિ પણ લેનારના આત્મા ઉપર રહ્યો. અને લેનાર આત્માનો સાક્ષાતકાર તે પૂર્વે કહ્યા પ્રમાણે અસંભવ જ છે. એટલે જ સિધ્ધાન્ત છે કે શુભ ભાવનાથી આપવું એ શ્રેયસ્કર છે. લેનાર ભલે ને પાપીમાં પાપી હોય. કર્મશાસ્ત્રમાં આવું માન્યા વિના બીજો માર્ગ નથી.

દાન વિષે જ શા માટે ? અહિંસામાં પણ શું નક્કી કરવું પડયું એનો વિચાર કરીએ. સાધુએ સંપૂર્ણ અહિંસાનું વ્રત લીધું છતાં શું એ સંભવ છે કે તેના કારણે જીવોનું મૃત્યુ ન થાય? સાધુ ભલેને કહે કે

અમે તો કોઈ જીવની હિંસા કરતા નથી, પણ વસ્તુતઃ શું હિંસાથી એ બચી શકે છે ? સાધુજીવનમાં અપ્રમાદ હોય એટલે શું સૂક્ષ્મજીવનું મૃત્યુ થતું અટકી જાય છે ? કદી નહિ. એ હિંસા થાય જ છે. તો શું એવી હિંસાથી બચી શકાય છે ? કદી નહિ. એટલે છેવટે માની લીધું કે અપ્રમાદીને હિંસાના પાપબંધ નથી. સારાંશ એ છે કે એ હિંસા અટકી શકે તેવી છે જ નહિ. આપણી અહિંસાની ભાવના છતાં એ હિંસા થાય છે જ એટલે અનિવાર્ય રીતે માનવું પડયું કે બાહ્ય જીવની હિંસા થાય કે ન થાય–પ્રમાદ એ પાપજનક છે અને અપ્રમાદ એ પાપજનક નથી. અપ્રમાદીનું જીવન હિંસક છતાં પાપજનક ન હોવાથી અહિંસક છે અને પ્રમાદી બાહ્ય હિંસા ન કરે તો પણ તે પોતાના રાગદ્વેષના કારણે સદૈવ હિંસક છે અને પાપજન્ય બંધ કરે છે. આ પ્રમાણે જો હિંસા–અહિંસાના વિચારમાં બાહ્યહિંસાને છેવટે છોડીને ભાવહિંસા એટલે કે પોતાના આત્માના દુષ્ટ પરિણામોને આધારે જો હિંસાની પાપજનકતા નક્કી કરવામાં આવી છે તો એ જ ન્યાયે દાનમાં પણ અંતિમ માર્ગ એ જ હોઈ શકે છે. દાનનું પાત્ર ગમે તે હોય પણ છેવટે દાતાના અધ્યવસાયોને આધારે જ દાનની પાપજનકતા યા પુણ્યજનકતાનો નિર્ણય કરવો જોઈએ.

ભગવાન બુધ્ધ જેવાનું મૃત્યુ અંતિમ ભિક્ષામાં મળેલ માંસના દોષને કારણે થયું તો ત્યાં શું દાતાને બુધ્ધઘાતક માનવો ? સ્વયં બુધ્ધે એ દાતાને એ દોષથી મુકત કર્યો છે. તેનું કારણ બીજું કોઇ નથી પણ તે દાતાના શુભાધ્યવસાયો સાથે જ છે. એટલે દીધેલ દાનનું અંતિમ પરિણામ શું આવશે એ કાંઈ પ્રથમથી વિશેષરૂપે નક્કી નથી કરી શકાતું. સામાન્યપણે કહી શકાય કે સંયમીને આપવાથી એનો ઉપયોગ સારો થશે. પણ સંયમીને જ આપવાથી પુણ્ય થાય એવી માન્યતાને કારણે એમ પણ બને કે સંયમીને આવશ્યકતાથી પણ અધિક મળે અને તેનું પરિણામ એ પણ આવે કે તેનાં સંયમનો ઘાત થાય. તો અહિં દાતાને પુણ્ય માનવું કે પાપ એ પ્રશ્ન ઉપસ્થિત થાય. અહિં પણ સંયમીને દેવાથી તો પુણ્ય જ થાય એમ માનીએ તો એ સ્વીકારવું પડે કે એ દાન સંયમીને આપ્યું એટલે ઉચિત કર્યું, પણ સંયમીને એનું ફળ ગમે તે મળે એ આપણે જોવાનું નહિ. આપણા પોતાના અધ્યવસાયો એવા હતા, કે મારા આ દાનથી તેના સંયમની વૃદ્ધિ થાય. પછી ભલે તેણે તે દાન મેળવી પોતાના સંયમનો ઘાત કર્યો. તેની જવાબદારી દાતાની નથી. તે જ પ્રમાણે અસંયમી વિષે પણ શા માટે ન વિચારી શકાય કે ભૂખ્યો માણસ શું શું પાપ ન કરે ? માટે તેને તો પેટ ભરવું એ એના સંયમનું પહેલું પગથિયું છે. પેટ ભરાયું હશે તો અનેક પાપોમાંથી નિવૃત થઈ સન્માર્ગે ચડશે. આમ વિચારી કોઇ દાન દે તો તેને શા માટે પુણ્ય ન થાય? અહિં પણ એના દાનનું ફળ લેનારને સંયમમાં પરિણમે કે અસંયમમાં પરિણમે એવો સંભવ છે. પણ દાતા તેનો નિર્ણય પ્રથમથી કરી શકતો નથી. તેની ભાવના એવી જરૂર છે કે મારા આ દાનનો સદુપયોગ થાય. તો પ્રથમ દૃષ્ટાંતમાં સંયમનો ઘાત છતાં જો તે પુણ્યજનક હોય તો અહિં અસંયમની વૃદ્ધિ છતાં શા માટે પુણ્ય ન થાય? બન્ને ઠેકાણે અંતિમ નિયામક ભાવના દાતાની ભાવના જ છે. ભાવનાના મૂળમાં વિવેક જરૂરી છે જ. પણ એ વિવેકનું ક્ષેત્ર પ્રથમથી નક્કી કરી લેવું કે સંયમીને વિષે દાન દેવામાં વિવેકનો ઉપયોગ કરવો અને અસંયમી તો પાત્રની કોટિમાં જ નથી તો એવી વિવેકના ક્ષેત્રની મર્યાદા સંકુચિત જ છે.

મુનિશ્રી નથમલજીએ જૈન ભારતીમાં દાન વિષેનું સુંદર શાસ્ત્રીય નિરૂપણ કર્યું છે. ( વર્ષ ૩ અંક ૮ ) પણ એ આખા વિવેચનમાં દૃષ્ટિ આચાર્ય ભીખણજીની છે એટલે એકાંગી વિવેચન થઈ ગયું છે. અને અંતમાં જે તેમણે લખ્યું કે થોડું પાપ અને અધિક પુણ્યની ક્રિયાને ઠીક માનવામાં આવે તો પછી યાન્ત્રિક હિંસાને વિરોધ કરવાનો કોઈ આધાર રહેતો નથી. આ તેમનું વકતવ્ય માનવ જીવનમાં અહિંસા અને હિંસા કેટલી વણાયેલી છે અને વ્યકિત દ્વારા ભલે કરે પણ મોક્ષ વિના સર્વથા બાહ્યવધથી બચી શકતો જ નથી, અને એથી જ હિંસાથી બચવાના જે ક્રમિક પગથિયા છે તેનું અજ્ઞાન જ સૂચવે છે. તેમના કથનનું તાત્પર્ય એ જણાય છે કે માણસ યા તો હિંસક છે કે અહિંસક. તેમના મતે વચ્ચેનો કોઈ માર્ગ હોઈ શકે જ નહિ. આ તેમનું તાત્વિક મન્તવ્ય શાસ્ત્રથી વિરૂધ્ધ તો છે જ, પણ લોકવ્યવહારથી પણ વિરૂધ્ધ છે જ. મનુષ્ય જો સંપૂર્ણ અહિંસાની જ વાત કરે અને વચલા માર્ગને માર્ગ જ ન માને તો જીવનવિકાસના જે ક્રમિક પગથિયાં છે એનો કશો જ અર્થ રહેતો નથી, સંસ્કૃતિ જેવી કોઇ વસ્તુ રહેતી નથી, અને તેને અર્થે પ્રચાર કે પ્રચારનાં સાધનો ઉભા કરવાનો પણ અર્થ રહેતો નથી. મનુષ્ય ધર્મને સમજવો એટલે જંગલમાં જઈ જીવનનો અંત કરવો એ એક જ માર્ગ શેષ રહે છે. પણ આવા માર્ગને કોઇ પણ ધર્મસંઘે અપનાવ્યો નથી, અપનાવ્યો તો લાંબા કાળ સુધી પકડી રાખ્યો નથી. એજ બતાવે છે કે સાધના કાળમાં, તે સાધુની સાધના હોય કે શ્રાવકની, જીવન સંકુલ જ છે,–અહિંસા અને હિંસા–મિશ્રિત જ છે. તો પછી એકાંત પુણ્ય અને એકાંત પાપ જેવી વસ્તુને જીવનમાં સ્થાન મળી શકે જ નહિ. મોટી હિંસા છોડીને નાની હિંસા કરવી અને તે પણ ઉત્તરોત્તર ઘટાડતા જવી એ જ સાધનામાર્ગ હોઈ શકે. અને સાધનામાં પાપે થાય અને પુણ્ય પણ થાય.

**દલસુખ માલવણિયા**

## દાનનું બહુમાન

તા. ૧૫-૫-૫૫ ના પ્રબુધ્ધ જીવનમાં જેમનો પરિચય આપવામાં આવ્યો છે તે દાનવીર શેઠ મેઘજીભાઈ પેથરાજ શાહનું બહુમાન કરવા માટે તા. ૨૮-૫-૫૫ ના રોજ મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં એક સન્માન સંમેલન યોજવામાં આવ્યું હતું. સંમેલનમાં સંઘના સભ્યો ઉપરાંત જૈન સમાજના કેટલાક આગેવાનો ઉપસ્થિત થયા હતા. વિધાન સભાના સભ્ય શ્રી શ્રેયાંસપ્રસાદ જૈનને સંમેલનનું પ્રમુખસ્થાન લેવાની વિનંતિ કરતાં મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ **શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆએ** તેમની અનેકવિધ સામાજિક તેમજ રાજકીય પ્રવૃત્તિઓના ખ્યાલ આપ્યો હતો. તેમણે પ્રમુખસ્થાન સ્વીકાર્યું ત્યાર બાદ સંઘના મંત્રી **શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ** શ્રી મેઘજીભાઇનો પરિચય આપતાં જણાવ્યું કે "આજના આપણા માન્યવર મહેમાન શ્રી મેઘજીભાઇનું નામ દૈનિક છાપાઓ દ્વારા આપમાંના ઘણાયે જાણ્યું હશે, પણ આપમાંના ઘણા થોડાને તેમનો સીધો પરિચય હશે. ગયા વર્ષે સંઘના રજત મહોત્સવ પ્રસંગે કાકાસાહેબ કાલેલકર મુંબઇ આવેલા ત્યારે કાકાસાહેબ પાસે મેં તેમને પહેલી વાર જોયેલા. ત્યાર પછી આપણી કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી દીપચંદભાઇ મારફત તેમનો પ્રત્યક્ષ પરિચય થયો અને તેમની દાનયોજનાની અને જામનગર મેડીકલ કોલેજને તેમના તરફથી ૩પીચ્યા પંદર લાખ અપાયાની વિગતો જાણીને મને બહુ આનંદ થયો અને આવી વ્યક્તિનો સંઘના સભ્યોને પરિચય થાય એ હેતુથી મેં તેમને સંઘમાં આવવાનું નિમંત્રણ આપ્યું. તેમણે કહ્યું કે આગામી એપ્રીલ માસમાં જામનગર મેડીકલ કોલેજનો પાયો નખાવાનો છે અને તે વખતે મારી આખી યોજનાની હું જાહેરાત કરવાનો છું. તે પછી જોઇશું. એ મુજબ જામસાહેબના હાથે ગયા એપ્રીલની બારમી તારીખે જામનગરમાં મેડીકલ કોલેજનો પાયો નખાઇ ગયો અને તે કોલેજને 'શેઠ મેઘજી પેથરાજ શાહ મેડીકલ કોલેજ' એમ નામ આપવામાં આવ્યું. ત્યાર પછી આપણા નિમંત્રણને માન આપીને તેઓ અહિં આજે પધાર્યા છે તે માટે આપણે તેમના ખૂબ આભારી છીએ.

"તા. ૧૫-૫-૫૫ ના પ્રબુદ્ધ જીવનમાં તેમનો ટુંકો પરિચય આપવામાં આવ્યો છે તેથી તેનું હું અહિં પુનરાવર્તન નહિ કરૂં. તેમણે જે રીતે તૃષ્ણાને જીતીને પોતાની સંપત્તિ તેમજ આવકને લોકોપયોગી કાર્યમાં નિયુક્ત કરી છે તે જાણીને આપણાં હૃદયમાં તેમના માટે સ્વાભાવિક રીતે માન ઉપજે છે.

"ગાંધીજી કહેતા હતા કે આપણા ધનિકોએ પોતાના ધનમીલ્કતના પોતાની જાતને માલીક ગણવાને બદલે ટ્રસ્ટી ગણવા જોઇએ અને એ રીતે પોતાની ધન સંપત્તિનો લોકકલ્યાણ અર્થે ઉપયોગ કરવો જોઇએ. આ વાત તેઓ કહેતા હતા અને આપણે સાંભળતા હતા, પણ આમ બનવું આપણે સંભવિત નહોતા માનતા. આજે ગાંધીજીની કલ્પનાને મેઘજીભાઇએ ખરેખર મૂર્તરૂપ આપ્યું છે અને તેથી આ હકીકત આપણા આનંદ તેમજ આશ્ચર્યનો વિષય બને છે.

"આપણે આશા રાખીએ કે મેઘજીભાઇનો શું વ્યવસાય હતો, તેમાંથી આ વિચાર તેમને કેમ સુઝયો અને તેને શી રીતે અમલી બનાવ્યો તેની વિગતો આપણને તેમની પાસેથી જાણવા મળે."

"અહિં આપણે જ્યારે મેઘજીભાઇને ધન્યવાદ આપીએ છીએ ત્યારે અહિં ઉપસ્થિત થયેલાં તેમનાં સહધર્મચારિણી શ્રી મણિબહેન પણ, મારે અહિં જણાવવું જોઇએ કે, એટલા જ ધન્યવાદના અધિકારી છે. મેઘજીભાઇ મારફત હું જાણી શકયો છું કે મેઘજીભાઇએ આ જે મહાભારત કાર્ય કર્યું છે તેમાં તેમના પત્નીનો પુરો સાથ એટલું જ નહિ પણ પુરું પ્રોત્સાહન છે. મેઘજીભાઇને તથા તેમનાં પત્નીને અમારા સંઘ તરફથી હું હાર્દિક અવકાર આપું છું."

ત્યાર બાદ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના મુખ્ય મંત્રી **શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી**એ શ્રી મેઘજીભાઇને આવકારતાં જણાવ્યું કે "ભૂતકાળમાં જૈન સમાજમાં ઘણા દાનવીરો થઇ ગયા છે અને આજે પણ કેટલાક વિદ્યમાન છે, પણ તેમાંના ઘણા ખરાનાં દાન માત્ર જૈન કોમનું ભલું કરવા પુરતાં મર્યાદિત માલુમ પડે છે અને તેમની ખ્યાતિ કોમ પુરતી હોય છે, જ્યારે મેઘજીભાઇનું દાન બીનકોમી સૌ કોઇના ભલા માટે યોજાયલું છે. છેલ્લા પાંચ પચ્ચાસ વર્ષમાં આવો ઉદાર અને વિશાળ દૃષ્ટિવાળો દાતા જોવામાં આવ્યો નથી. જૈનો આજ સુધી જીવી શક્યા હોય અને હવે પછી જીવવાના હોય તો આવા દાનવીરો અને વિશાળ દૃષ્ટિ ધરાવતા આગેવાનો વડે જ જીવી શકશે. તેમના પગલે અન્ય શ્રીમાનો ચાલે અને પોતાની મીલ્કતના ટ્રસ્ટી બની જાય તો આ દેશમાં સામ્યવાદના ફેલાવા માટે કોઇ કારણ ન રહે."

**શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલે** જણાવ્યું કે "મને મેઘજીભાઇનો આજે પહેલી વાર પરિચય થાય છે. અલબત્ત બે મહિના પહેલાં તેમના વિષે મેં 'જન્મભૂમિ'માં વાંચ્યું હતું. પરમાનંદભાઇ મારફત જ્યારે હું જાણું છું કે મેઘજીભાઇ જૈન છે ત્યારે મારા આનંદનો પાર રહેતો નથી. આવી વ્યકિતઓને લીધે જૈન સમાજ વિશેષ ગૌરવવન્તો બને છે. આપણા મહા અમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રના ઉત્થાન માટે શ્રીમાનોનો જે પ્રકારનો સાથ ઇચ્છે છે, માંગે છે તેવો સાથ મેઘજીભાઇએ પુરાવ્યો છે. દાન તો ઘણાય કરે છે પણ તે પોતાની મુડીના અમુક ભાગનું, પણ મેઘજીભાઇએ પોતાની વહેતી વિપુલ આવકનું દાન કર્યું છે. આ માટે તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે."

**શ્રી ગોકુળદાસ મગનલાલ શાહે** જણાવ્યું કે "પૈસો કમાવો સહેલો છે, પણ પોતાની હયાતી દરમિયાન તેના સદ્વ્યયનો આવો સુન્દર પ્રબંધ કરવો તે ઘણું અઘરૂં કામ છે. મેઘજીભાઇએ પોતાની હયાતી દરમિયાન દાનની જે યોજના કરી છે તેથી તેમના એક રૂપીઆનું દશ રૂપીઆ જેટલું ફળ ઉગવાનું છે."

હીરાના પ્રમુખ વેપારી અને ભારતીય આરોગ્ય નિધિના પ્રયોજક **શ્રી હીરાલાલ ભોગીલાલ શાહે** મેઘજીભાઇના દાનકાર્યની પ્રશંસા કરતાં અને તે વિષે પોતાને થયેલ અત્યન્ત આનંદ વ્યકત કરતાં જણાવ્યું કે "હું મેઘજીભાઇને સાથે સાથે વિનંતિ કરૂં કે તેમના દ્રવ્ય મારફત જે પ્રવૃત્તિઓ ચાલી રહી હોય તેમાં તેઓ ખૂબ રસ લેતા રહે અને મને ખાત્રી છે કે તેઓ જરૂર રસ લેતા હશે જ. એમ કરશે તો તેમનું ઇચ્છિત કાર્ય વધારે સુન્દર અને સફળતા ભર્યું થશે અને તેમને પોતાને પણ તે દ્વારા ખૂબ આનંદ મળશે અને અનેક લોકોના સંપર્કમાં આવવાની તેમને તક મળશે."

શ્રી કાન્તિલાલ નથ્થુભાઇ પારેખે મેઘજીભાઇ સાથેના અંગત પરિચયને અનુલક્ષીને જણાવ્યું કે " મારી જાત માહીતી ઉપરથી હું જણાવું છું કે શ્રી મેઘજીભાઇ જે ધન કમાયા છે તે સટ્ટાની ઉથલ-પાથલ કરીને કે વેપારના કાળાધોળા કરીને નહિ પણ વર્ષોભરના સતત ઉદ્યોગ દ્વારા અને સવારથી રાત સુધીની જેને કાળી મજુરી કહે છે તે મજુરી કરીને કમાયા છે,

"અને તેમનું ધન તે કેવળ પરસેવાનું ધન છે અને શૂન્યમાંથી તેમણે ધનનો મેરૂ જાત મહેનતથી નિર્માણ કર્યો છે. આ હકીકત તેમના ત્યાગને વધારે યશસ્વી બનાવે છે."

ત્યાર બાદ શ્રી મેઘજીભાઇ તથા તેમના પત્નીનું પુલહારથી સન્માન કરવામાં આવ્યું. શ્રી મેઘજીભાઇએ તેમનું કરવામાં આવેલ સન્માન અને પ્રશંસાનો ઉત્તર આપતાં નીચે મુજબ જણાવ્યું.

## શ્રી મેઘજીભાઇનો ઉત્તર

"મારી જેવા એક નાના માણસ માટે આપ ભાઇઓ આવું સન્માન ગોઠવો એ આપની મોટાઇ છે. જે મારા કાર્યની આપ આટલી બધી પ્રશંસા કરી રહ્યા છો તે તરફ હું કેમ આકર્ષાયો તે વિષે આપ કાંઇક જાણવા ઇચ્છો એ સ્વાભાવિક છે. મારા ધંધા વિષે જણાવતાં મારે એટલું જ કહેવાનું કે મેં મારું જીવન શૂન્યથી શરૂ કર્યું છે. હું જે કમાયો છું તે કોઇ સટ્ટાથી કે વ્યાપારની ઉથલપાથલથી નહિ પણ કેવળ ઉદ્યોગ અને પરિશ્રમથી અને ઔદ્યોગિક પ્રવૃત્તિદ્વારા. શરૂઆતમાં છુટા છવાયા ધણા ધંધા કર્યા, પણ પાછળથી બાવળની છાલના રસમાંથી ચામડાને કેળવવાનું એક રસાયણ બનાવવામાં આવે છે તે મારો મુખ્ય વ્યવસાય બન્યો. આ રસાયણની હિંદુસ્તાનમાં તેમજ આખી દુનિયામાં ખૂબ માંગ રહે છે. વિશેષ માંગ અને વિશેષ ઉત્પન્ન એ ન્યાયે પૂર્વ આફ્રિકા ખાતે મારો ઉદ્યોગ વિકસતો ગયો અને તેના પરિણામે કમાણી પણ વધતી ચાલી. હિંદમાં પણ એ રસાયણને લગતા જ ધંધાની મેં જમાવટ કરી.

"સને ૧૯૪૮ માં મને એક દિવસ વિચાર આવ્યો કે જ્યાં જ્યાંથી હું આ રીતે ધન રળી રહ્યો છું તે તે દેશની પ્રજાના કલ્યાણ માટે મારે કાંઇક કરવું જોઇએ. આ શુભ વિચારનું પરિણામ મારા તરફથી પૂર્વ આફ્રિકામાં તેમજ હિંદમાં એક એક સ્વતંત્ર ધર્માદા ટ્રસ્ટ ઉભું કરવામાં આવ્યું.

"ત્યાર બાદ ૧૯૫૧ માં મને એકાએક એવો વિચાર આવ્યો કે આમ ચોતરફ મેં ધંધો બહોળા વિસ્તારમાં પાથર્યો તો છે, પણ કાલ સવારે મારી આંખ મીંચાઇ જાય તો આ ઉદ્યોગવિસ્તારનું શું થાય? એને પાછળથી કોણ સંભાળે અને કોણ સંકેલે? આ બધું ભવિષ્ય ઉપર છોડવાને બદલે હું પોતે જ આ બધા વ્યવસાયમાંથી શા માટે નિવૃત્ત ન થાઉં અને મારી આવકનો લોકોપયોગી કાર્યોમાં ખાસ કરીને વૈદ્યકીય અને શૈક્ષણિક સંસ્થાઓ ઉભી કરવામાં ઉપયોગ થાય એવો પ્રબંધ ન ગોઠવું? આ વિચાર વધારે ને વધારે સુદૃઢ થતો ગયો અને પરિણામે ૧૯૫૩ માં હું મારા અહિંના તેમ જ ત્યાંના ધંધામાંથી સર્વથા નિવૃત્ત થયો અને મારી સારી આવકવાળા ધંધાઓ ૧૯૪૮ માં કરેલા ટ્રસ્ટને સુપ્રત કર્યા. આ સમગ્ર યોજનાના પરિણામે પૂર્વ આફ્રીકામાં ઉભા કરેલા ટ્રસ્ટ તરફથી આજ સુધીમાં શૈક્ષણિક તથા વૈદ્યકીય ક્ષેત્રે આશરે ૧૦ લાખ રૂપીઆ ખરચાયા છે અને હિંદમાં ૧૫ લાખ રૂપીઆ જામનગરની મેડીકલ કોલેજ ઉભી કરવા માટે સૌરાષ્ટ્ર સરકારને અપાયા છે અને એ ઉપરાંત આશરે બીજા ૧૫ લાખ રૂપીઆ લોકકલ્યાણની અન્ય સંસ્થાઓ ઉભી કરવા પાછળ ખરચાયા છે.

"મજકુર ટ્રસ્ટોમાંથી ઉભી કરવામાં આવતી સંસ્થાઓ સંબંધે એ બાબતો લક્ષ્યમાં રાખવામાં આવી છે. આવી સંસ્થાઓ સ્થાયીપણે ચાલવી જોઇએ અને તેના નિભાવની જબાબદારી ટ્રસ્ટીઓના માથે હોવી ન જોઇએ તેમજ તે માટે વારે ઘડિએ ફંડફાળા કરવાપણું પણ રહેવું ન જોઇએ. આ હેતુથી સૌરાષ્ટ્ર સરકાર સાથે મેં વાટાઘાટ

કરી અને માંગણી મૂકી કે અમારા ટ્રસ્ટમાંથી જે સંસ્થાઓ ઉભી કરવામાં આવે તે સંસ્થાને નીભાવવાની જવાબદારી સૌરાષ્ટ્ર સરકારે લેવી જોઇએ. અને આ ટ્રસ્ટોની આવકની રકમ સૌરાષ્ટ્રમાં જ ખરચાય એ સરત સાથે લાંબી વાટાઘાટોના પરિણામે સૌરાષ્ટ્ર સરકારે મારી માંગણી કબુલ કરી.

"આના પરિણામે જામનગરમાં મેડીકલ કોલેજ તાજેતરમાં ઉભી થઇ શકી છે અને એ ઉપરાંત આજ સુધીમાં અમારા ટ્રસ્ટ તરફથી ૫૧ શાળાઓ, પછાત વર્ગ માટે એક છાત્રાલય તથા હુન્નર શાળા; ૬ મેટર્નીટી હોમ તથા નાના પાયા ઉપરની હોસ્પીટલ–આટલી સંસ્થાઓ સૌરાષ્ટ્રમાં ઉભી થઈ શકી છે અને નજીકના ભવિષ્યમાં ૧૦૦૦ ગામડાંઓમાં વાચનાલયો શરૂ કરવામાં આવનાર છે. આ બધી સંસ્થાઓને સૌરાષ્ટ્ર સરકારે સંભાળી લીધી છે. સૌરાષ્ટ્ર સરકાર સાથેની સમજુતીના પરિણામે તે સમજુતી થઈ ત્યારથી દશ વર્ષ સુધીમાં અમારા ટ્રસ્ટ તરફથી આશરે એક કરોડ રૂપીઆ ખરચાશે એવી મારી ગણતરી છે. આ સમજુતી માત્ર દશ વર્ષ પૂરતી જ નથી. આ ટ્રસ્ટ પણ અમુક મર્યાદિત મુડીમાંથી ઉભું કરવામાં આવ્યું નથી પણ સતત વહેતી અને વધતી જતી આવકવાળું આ ટ્રસ્ટ છે અને તેથી આગળ ઉપર આથી પણ વધારે મહત્વનાં કલ્યાણકાર્યો આ ટ્રસ્ટમાંથી ઉભા થવાનો સંભવ રહે છે.

"પૂર્વ આફ્રિકામાં કરેલા ટ્રસ્ટ અંગે ત્યાંની સરકાર સાથે પણ આવી જ યોજના કરવામાં આવી છે. તે સરકાર કેપીટલ ખર્ચમાં પણ પચાસ ટકા આપે છે. તે યોજનાનો લાભ કાળા, ગોરા કે હિંદીના કશા પણ ભેદભાવ વિના સૌ કોઇને મળે એવી ગોઠવણ કરવામાં આવી છે.

"આ મારા વિચારોને પાર પાડવામાં મારા ધંધાદારી સાથીઓ, મિત્રો અને સ્વજનોનો મારે ખાસ આભાર માનવાનો રહે છે. તેમના સાથ અને સહકાર વિના આ ટ્રસ્ટો આવી સહેલાઇથી યોજવાનું અને અમલમાં મૂકવાનું શકય ન જ બનત. અહિં મારે મારી પત્નીનો પણ ખાસ ઉલ્લેખ કરવો જોઇએ. આ બધા પગલા ભર્યા તેમાં તેણે પૂરી સમજણપૂર્વક મને સાથ અને સંમતિ આપેલ છે, મારા વિચારોને તેણે પુરા ભાવથી આવકાર્યા છે, અમારા ટ્રસ્ટમાં તે એક ટ્રસ્ટીનું સ્થાન ભોગવે છે, અને આ રીતે મારા શુભકાર્યની તે બધી રીતે સહભાગિની બની છે.

"આજે મારી ઉમર ૫૬ વર્ષની છે; હું પણ બચરવાળ કુટુંબી છું. બધા ધંધામાંથી મેં આજે નિવૃત્તિ લીધી છે. આફ્રીકાનો વર્ષોનો વસવાટ મેં સંકેલી લીધો છે. કોઈ ધંધામાં આજે હું કશું પણ હિત ધરાવતો નથી. હિંદમાં મુંબઈ વધારે અનુકુળ પડશે એમ સમજીને મુંબઈ આવીને વસ્યો છું. અહિં સુખરૂપ રહી શકાય અને છોકરાંઓને સારૂં શિક્ષણ આપી શકાય એટલી રકમ મેં મારા માટે અલગ રાખી છે અને નિવૃત્તિનો અને નિશ્ચિન્તતાનો આનંદ આજે હું ભોગવું છું. ટ્રસ્ટમાં સંચિત થયેલી અને થતી જતી રકમનો કેમ સદુપયોગ થાય, સૌરાષ્ટ્રના ગામડાંઓની શિક્ષણ અને આરોગ્યને લગતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે ક્યાં શું કરવું જરૂરી છે અને શું થઈ રહ્યું છે તે વિચાર અને તે ચિન્તા સિવાય બીજી કોઈ મારા માથે ઉપાધિ નથી. મેં જે કાંઈ કર્યું છે તેથી હું પુરો સંતોષ અને કૃતકૃત્યતા અનુભવું છું. આપ ભાઇઓએ આ બાબતની આટલી કદર કરી અને આ રીતે આપનો મને પરિચય થયો તેથી મને ખૂબ આનંદ થાય છે. આપનો હું આ માટે ફરીથી આભાર માનું છું."

ત્યાર બાદ સન્માનસંમેલનના પ્રમુખ **શ્રી શ્રેયાંસપ્રસાદ જૈને** જણાવ્યું કે "હું પણ આજના મહેમાન શ્રી મેઘજીભાઇને પહેલીવાર મળું છું અને આવી સુન્દર તક ઉભી કરવા માટે મુંબઈ જૈન યુવક સંઘનો હું ખૂબ આભારી છું. શ્રી મેઘજીભાઇએ જે પ્રકારે દાન આપ્યું છે અને જે દીર્ઘદૃષ્ટિપૂર્વક તેના સદ્વ્યયની યોજના કરી છે અને તે પાછળ તેમણે કોમી ભેદભાવ રાખ્યા વગર સર્વાંગી લોકકલ્યાણની જે ઉદાત્ત ભાવના દાખવી છે તે માત્ર પ્રશંસનીય જ નહિ પણ સૌ કોઇના માટે એટલી જ અનુકરણીય છે. શ્રી મેઘજીભાઈ જૈન સમાજના હોય એ આપણ સર્વ માટે અત્યન્ત ગૌરવ લેવા જેવી કકીકત છે. તેમણે પ્રસ્તુત ધર્માદા ટ્રસ્ટની દ્વારા દેશના ધનિકોને અનુપમ માર્ગદર્શન કરાવ્યું છે અને તેમને દેશના અન્ય શ્રીમાનો અનુસરે તો દેશની પ્રગતિ ભારે સરળ અને ખૂબ ઝડપી બને. મારી તરફથી તેમજ આપ સર્વ તરફથી શ્રી મેઘજીભાઇનું હું હાર્દિક અભિનન્દન કરૂં છું અને આ સન્માન સંમેલનમાં ભાગ લેવાની તક આપવા બદલ આપનો હું ઉપકાર માનું છું."

અન્તમાં **શ્રી વેણીબહેન કાપડિયાએ** આજના સંમેલનના પ્રમુખ શ્રી શ્રેયાંસપ્રસાદનો, સંઘના અતિથિવર શ્રી મેઘજીભાઇનો તેમજ અન્ય ઉપસ્થિત મિત્રોનો આભાર માન્યો અને પુષ્પહાર વડે પ્રમુખશ્રીનું સન્માન કર્યા બાદ સંમેલન વિસર્જિત કરવામાં આવ્યું.

# પ્રકીર્ણ નોંધ

## અનશન વિસર્જન

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ શત્રુંજય ઉપર દર્શનાર્થે જનાર હરિજન સમેત કોઇને પણ રોકવા નહિ એ મતલબની તા. ૨૬–૩–૫૫ ના રોજ જાહેરાત કરેલી. તેના વિરોધમાં તે જાહેરાત પેઢી તરફથી પાછી ખેંચી લેવામાં ન આવે ત્યાં સુધી પાલીતાણા ખાતે મુનિશ્રી પ્રીતિવિજયજીએ અને મુનિશ્રી મનમોહનવિજયજીએ તા. ૮–૫–૫૫ ના રોજ આમરણાન્ત ઉપવાસ શરૂ કરેલા. ત્યાર બાદ પેઢીના પ્રતિનિધિ શેઠ કેશવલાલ લલ્લુભાઈ, શેઠ કાન્તિલાલ નાણાવટી અને શેઠ નરોત્તમદાસ મયાભાઈ આ બન્ને મુનિવરોને સમજાવવા પાલીતાણા ગયેલા અને તેમના તથા પેઢીના સ્થાનિક મુનીમ શ્રી ઠાકરશીભાઇના શુભ પ્રયાસથી તા. ૧૮–૫–૫૫ ના રોજ આ બન્ને મુનિઓએ નીચેની શરતે અનશનવ્રત સંકેલી લીધું અને પારણાં કર્યા.

"આણંદજી કલ્યાણજીની જાહેરાતમાં 'જૈનાચારને અનુસરીને દર્શનાર્થે જનાર કોઇને પણ રોકવા નહિ' એવા જે શબ્દો છે તેમાં સૂચિત 'જૈન આચાર' નો નિર્ણય તમામ આચાર્ય મહારાજાઓ પાસે કરાવવો અને તે નક્કી થયેલ નિર્ણયનો પેઢીએ અમલ કરવો. આ નિર્ણય એક માસની અંદર જાહેર થઈ જવો જોઇએ."

જેની પાછળ કશો વિવેક કે સમજણ નહોતી તેવા આ આમરણાન્ત ઉપવાસો પાછા ખેંચી લેવાયા એ આનંદ અને રાહત આપે એવી બીના છે. આપણે આશા રાખીએ કે આ ઉપરથી બોધ લઇને બીજા જૈન સાધુઓ આવા એવકુરીભર્યા નાટકો ભજવતા અટકશે. આ ઉપવાસનો પ્રારંભ શત્રુંજયમાં થનાર હરિજન પ્રવેશ કોઇ પણ રીતે અટકાવવો અને એ માટે એ પ્રવેશને સંમત કરતી આણંદજી કલ્યાણજીની જાહેરાત પાછી ખેંચી લેવાની ફરજ પાડવી એ હેતુથી કરવામાં આવ્યો હતો, જ્યારે ઉપવાસ પાછા ખેંચી લેવામાં કોઈ જુદી જ શરત જોવામાં આવે છે. આ એમ સૂચવે છે કે મૂળ જેનો વાંધો હતો તે હરિજન પ્રવેશને આ મુનિઓ હવે સંમત કરે છે અને માત્ર જૈન આચારની જ તેઓ સ્પષ્ટતા ઇચ્છે છે. વળી આનો નિર્ણય જૈનાચાર્યોએ એક માસમાં કરવાનો છે જે બનવાની કોઈ શકયતા છે જ નહિ એ દીવા જેવું સ્પષ્ટ એ વખતે હતું અને આજે પણ છે. આ ઉપવાસમાંથી સાર એ નીકળે છે કે, આવેશમાં ને આવેશમાં આ મુનિઓ અનશન ઉપર દોડી ગયા હતા જેમાંથી લાજભેર નીકળવાનું કોઈ બહાનું યા નિમિત્ત તેમને જોઇતું હતું. પેઢીના પ્રતિનિધિઓએ શાણી વાતો કરીને આ મુનિઓને આમરણાન્ત અનશનની પ્રતિજ્ઞામાંથી લાજભેર બહાર નીકળવાનો માર્ગ કરી આપ્યો. કશી પણ ઉંડી સમજણ કે ઉંચા સિધ્ધાન્તને અનુલક્ષીને નહિ પણ માત્ર કેવળ આવેશ ઉપર ઉભા થયેલા ઉપવાસોનો હંમેશા આવો જ હાસ્યાસ્પદ છેડો આવે છે. આ અન્ત એક રીતે સુખદ છે, પણ બીજી રીતે જૈન સાધુઓની વિશાળ જનતામાં હાંસી કરાવનારો હોઇને દુઃખદ બને છે. આ અન્ત

શોભાસ્પદ તો તો જ બની શકયો હોત કે જે ઉપવાસ ઉપર જનારા મુનિઓએ પોતાની ભૂલ સમજ્યાનો સ્પષ્ટ એકરાર કર્યો હોત અને હરિજનોને તેમણે પોતે જૈન મંદિરમાં આવકારવાની હીંમત દાખવી હોત. અથવા તો પ્રસ્તુત પ્રશ્ન અંગે આ બન્ને સાધુઓના વળણમાં ફેરફાર ન થયો તો પણ તેમણે એટલો એકરાર કર્યો હોત કે અમારો હેતુ સિધ્ધ કરવા માટે અમે જે આમરણાન્ત અનશન ઉપર જવાનો વિચાર કર્યો તે યોગ્ય નહોતો.

કલકત્તાથી આવેલા એક મિત્ર જણાવે છે કે આ મુનિઓએ ઉપવાસ પાછા ખેંચી લીધા એ બહુ ખોટું થયું છે અને આ બાબતમાં તેમને કેવળ ભોળવી લેવામાં આવ્યા છે એમ કલકત્તા ખાતે બીરાજતા શ્રી વિજયરામચંદ્રસૂરિ માને છે અને સૌ કોઇને એ મુજબ કહે છે. એ ધર્મધુરંધર આચાર્યશ્રીને આપણે કહી શકીએ છીએ કે આ મુનિઓએ કરેલી ભૂલ આપ સુધારી શકો છો અને આપ પોતે જૈન સમાજના માથે ઝઝુમી રહેલા અધર્મને અટકાવવા આમરણાન્ત અનશન ઉપર જરૂર જઈ શકો છો; માત્ર એટલી વિનંતિ કે આ ઉપવાસ મૂળ પરંપરા અને સરકારી કાયદા કાનુન અનુસાર જાહેરાત કરનાર આણંદજી કલ્યાણજીની પેઢી સામે હોઈ ન શકે, પણ સર્વ અનર્થનું મૂળ એવી ભારત સરકાર સામે જ હોઈ શકે. યોગીઓની તપશ્ચર્યાથી બ્રહ્માંડો ડોલ્યા છે તો આ નાની સરખી ભારત સરકારનું શું ગજું છે? આ ધર્મધમંડી આચાર્યને બીજું શું કહેવું?

### અસ્પૃશ્યતા (અપરાધ) ધારા વિષે કેટલીક સ્પષ્ટતા

જે અસ્પૃશ્યતા (અપરાધ) ધારો ભારતની પાર્લામેન્ટમાં થોડા સમય પહેલાં રજુ થયો હતો અને પસાર કરવામાં આવ્યો હતો તેના મૂળ રૂપમાં જૈન ધર્મને હિંદુધર્મના એક અંગભૂત ધર્મ તરીકે વર્ણવવામાં આવ્યો હતો. આ સામે કેટલાક જૈન આગેવાનોએ વાંધો ઉઠાવ્યો હતો. જૈન ધર્મ અત્યન્ત પુરાણો ધર્મ છે અને હિંદુધર્મ સાથે તેને કશો સંબંધ નથી અને હિંદુધર્મના અંગભૂત તરીકે તેને વર્ણવવામાં જૈન ધર્મનું અપમાન રહેલું છે–આવી તેમની માન્યતા હતી. આ માન્યતાને લક્ષ્યમાં રાખીને શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન અને પાર્લામેન્ટના અન્ય જૈન સભ્યો તેમ જ દિગંબર સમાજના આગેવાનો ભારતના ગૃહસચિવ શ્રી ગોવિંદ વલ્લભ પન્તને મળેલા. તેના પરિણામે પ્રસ્તુત ધારામાં જૈનોનું મન સંતોષાય એવો ફેરફાર કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત ધારાની ત્રીજી કલમ સાથે નીચે મુજબનું Explanation–ખુલાસો–જોડવામાં આવ્યો હતો:—

**For the proposes of this section and section 4, persons professing the Hindu religion in any of its forms or developments including Shikhs, Jains, Buddhists, Virashaivas, Lingayats, Adivasis and followers of the Brahmo, Prarthana or Arya-Samaj, shall be deemed to profess the same religion.**

અર્થાત્–આ કલમ તેમ જ ચોથી કલમ માટે, જે વ્યકિતઓ હિંદુ ધર્મને એના કોઈ પણ આકારમાં કે વિકસિત રૂપમાં માનતી હોય જેમાં શિખો, જૈનો, બૌધ્ધો, વીરશૈવો, લિંગાયતો, આદિવાસીઓ અને બ્રહ્મો સમાજ, પ્રાર્થના સમાજ કે આર્ય સમાજીઓનો સમાવેશ થાય છે તે સર્વ વ્યકિતઓ એક જ ધર્મને માને છે એમ ગણવામાં આવશે.

આ ખુલાસાને ઉપર જણાવ્યું તે મુજબ આ રીતે સુધારવામાં આવ્યો છે:—

**For the purposes of this section and section 4, persons professing the Buddhists, Sikhs or Jain religions and persons professing the Hindu religion in any of its forms or developments including Virshaivas, Lingayats, Adivasis and followers of the Brahmo, Prarthana or Aryasamaj or Swami Narayan Sampradaya shall be deemed to be Hindus.**

અર્થાત્–આ કલમ તેમજ ચોથી કલમ માટે જે વ્યકિતઓ બૌધ્ધ, શિખ, કે જૈન ધર્મમાં માનતી હોય તેમ જ જે વ્યકિતઓ હિંદુધર્મને એના કોઈ પણ આકાર કે વિકસિત રૂપમાં માનતી હોય જેમાં વીરશૈવો, લિંગાયતો, આદિવાસીઓ, બ્રહ્મો સમાજ, પ્રાર્થના સમાજ આર્ય સમાજ કે સ્વામીનારાયણ સંપ્રદાયનો સમાવેશ થાય છે–તે સર્વને હિંદુઓ ગણવામાં આવશે.

પરિણામે આ ખુલાસામાં ધર્મ તરીકે જૈન, બૌધ્ધ અને શિખ ધર્મને હિંદુધર્મથી અલગ ગણવામાં આવ્યા છે. અને એમ છતાં આ ધર્મોના અનુયાયીઓને પ્રસ્તુત ધારા માટે હિંદુ તરીકે લેખવામાં આવ્યા છે. આ સુધારાથી જે જૈનો હિંદુધર્મથી અલગતા માંગતા હતા તેઓ સંતોષાયા છે, પણ જે જૈનો પોતાના ધર્મસ્થાનકોને હરિજન–પ્રવેશથી અસ્પૃષ્ટ રાખવા માંગતા હતા તેઓ નિરાશ થયા છે.

તર્કની દૃષ્ટિએ વિચારતાં આ સુધારો બીલકુલ યુકિતસંગત નથી. આ ધારાનો મૂળ હેતુ એ હતો કે એક જ ધર્મના સ્થાનકોમાં તે ધર્મના કોઇ પણ અનુયાયીને તે અસ્પૃશ્ય ગણાય છે એ કારણસર આવતાં અટકાવવો ન જોઇએ. એ ઉપરથી એમ પણ ફલિત થાય છે કે જ્યાં ધર્મ અલગ હોય ત્યાં એક ધર્મના સ્થાનકમાં ઇતર ધર્મીઓને પ્રવેશ આદિનો હક્ક કાયદાથી અપાવો ન જોઇએ. આમ છતાં આ સુધારાના પરિણામે જૈન, બૌધ્ધ કે શિખ જેને હિંદુધર્મના અંગભૂત લેખવામાં આવતા નથી તે ધર્મોના સ્થાનકોમાં ઇતર ધર્મી એવા હરિજનોને પ્રવેશાદિ અધિકાર મળે છે. અને એ અધિકાર આપવા ખાતર તેમને આ ધારા પૂરતા હિંદુ લેખવામાં આવશે એવું વિધાન કરવામાં આવ્યું છે. વસ્તુતઃ આનું મૂળ રૂપ હતું તે સાચું, વ્યાજબી અને યુકિતસંગત હતું, પણ તેથી ધર્માભિનિવેશધારી જૈનો કે શિખો સંતોષાય તેમ નહોતું, આ ધારાનું અખિલહિંદવ્યાપી જે એક પરિણામ જૈન સમાજ પુરતું આવે છે તે જરૂર આવકારદાયક છે અને તે એ છે કે જૈનો પોતાના ધર્મ-સ્થાનકોમાં હરિજનોને હવે આવતા અટકાવી શકશે નહિ. અસ્પૃશ્યતાની બદીનો ભોગ બનેલા જૈન સમાજમાંથી તે બદી દૂર કરવામાં આ ધારો આ રીતે મદદ રૂપ થશે એવી આશા રહે છે.

તા. ૧–૪–૫૫ ના પ્રબુધ્ધ જીવનમાં આ ધારાની મૂળ કલમો જે રીતની હતી તે કલમોની ઝીણવટભરી ચર્ચા કરવામાં આવી હતી, અને તેમાં આ ધારાની ત્રીજી તથા ચોથી કલમનો એવો એક અર્થ પણ સુચવવામાં આવ્યો હતો કે હિંદુ ધર્મના કોઈ એક સંપ્રદાયના અનુયાયીને પ્રવેશ, પૂજા તથા ધર્મશાળાના ઉપયોગ સંબંધમાં જે અધિકાર મળતો હોય, પણ તે સંપ્રદાય બહારનાને જે અધિકાર તે હિંદુ લેખાતો હોવા છતાં મળતો ન પણ હોય તેવો અધિકાર હરિજનોને આ કલમોનો કેવળ શાબ્દિક અર્થ કરીએ તો મળી જાય છે. પણ આ સંબંધે વધારે વિચાર કરતાં તથા ધારાસભ્યો સાથે ચર્ચા કરતાં એવા અભિપ્રાય ઉપર આવવું યોગ્ય લાગે છે કે આગળના લેખમાં દર્શાવવામાં આવેલી ભીતિને બહુ અવકાશ નથી. કોઈ પણ સંપ્રદાયના મંદિર કે ધર્મશાળામાં એ સંપ્રદાયથી બહારનો હિંદુ જે અને જેટલો અધિકાર યા હકક ભોગવે છે તે અને તેટલો જ અધિકાર આ ધારાથી હરિજનોને મળે છે. જૈન સમાજ પુરતો આ પ્રશ્નનો વિચાર કરીએ તો જૈન મંદિર યા ઉપાશ્રયમાં જૈનેતર હિંદુઓ આવી શકતા હોય તો હરિજનો નિરાબાધ રીતે આવી શકે છે, જૈનેતર હિંદુઓ પૂજા કરી શકતા હોય તો તેવી પૂજા કરવા માંગતા હરિજનોને અટકાવી શકાતા નથી અને એ જ રીતે જૈન ધર્મશાળામાં જૈનેતર હિંદુઓને ઉતરવા દેવામાં આવતા હોય તો ત્યાં ઉતરવા માગતા હરિજનોને ટાળી શકાશે નહિ. આ ધારા વિષે અનેક ગેરસમજુતીઓ પ્રવર્તે છે તે દૂર કરવાના હેતુથી આટલી સ્પષ્ટતા કરવી જરૂરી ધારી છે.

### બાલદીક્ષાનો વધતો જતો અનર્થ : યુવકો ચેતે!

આજે કેટલાએક સમયથી વળી પાછા બાલદીક્ષાના કીસ્સાઓ સ્થળે સ્થળે બની રહેલા સાંભળવામાં આવે છે. તેરાપંથીઓ બાલદીક્ષાના

મૂળથી સમર્થક છે જ અને તેમના આચાર્ય શ્રી તુલસી નાના છોકરાઓને મુંડવામાં કશું અનુચિત કે વાંધાપડતું દેખતા જ નથી. શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના સાધુઓ પણ ખુણે ખાંચરે કે નાના મોટા ગામડાઓમાં છોકરાઓ મુંડતા જ જાય છે. એક ઉગતી ઉમરના બાળકના જીવનને બાળપણથી એક પ્રકારના ચોગઠામાં–અને તે એવું ચોગઠું કે તેમાંથી જીવનના અન્ત સુધી ન છુટી શકે કે છટકી શકે–એવા ચોગઠામાં જકડી દેવામાં તેઓ એક મહાન ધર્મકાર્ય સમજે છે. હમણાં એક મિત્રનો કલકત્તાથી કાગળ છે. તેમાં તેઓ જણાવે છે કે "શ્રી રામવિજયજી મહારાજે અહિં બે બાળકોને દીક્ષા આપી છે. તેમાં એક ૧૪ થી ૧૫ વર્ષના છોકરાને થોડા સમય પહેલાં અને બીજા ૮ થી ૧૦ વર્ષનાને તા. ૨૬-૫-૫૫ ના રોજ દીક્ષા આપવામાં આવી છે. પહેલી દીક્ષા વખતે તો થોડી જાહેરાત થયેલી. બીજી દીક્ષા વખતે ૨૪ કલાક પહેલાં માત્ર બાપ દીકરો દીક્ષા લેવાના છે એટલું જ જાહેર કરેલ. બાપ દીકરો કલકતા તા. ૨૫-૫-૫૫ ના બપોરે બાર વાગ્યે આવેલ અને બીજે દહાડે સવારે ૮ વાગ્યે દીક્ષા આપી દીધી. આમ તો દીક્ષા આપવાનો સમય સવારના ૧૦॥ નો હતો, પરંતુ કંઈ કારણસર દીક્ષા બે કલાક વહેલી આપી દીધી. આગલી રાત્રે છોકરાનાં સગાંઓએ અને બીજા બહારના કેટલાક લોકોએ તે સામે વાંધો લીધેલો; પણ મહારાજશ્રીએ સામ, દામ, દંડ અને ભેદ વગેરેની નીતિથી બધાને સમજાવી લીધાનું સાંભળ્યું છે. આ ઉપરાંત રામવિજયજી તરફથી બીજા ત્રણ બાળકોને થોડા સમયમાં દીક્ષા અપાવાની છે એવા સમાચાર વહેતા થયા છે. આથી ચોતરફ અરેરાટી પેદા થઈ છે અને આ સંબંધમાં કંઈક થવું જોઈએ એમ અહિંનો જનસમૂહ વિચારતો થઈ ગયો છે. આ બાબતમાં અમારે શું કરવું તે વિષે કાંઈક માર્ગદર્શન કરાવશો."

આમ ચોતરફથી સમાચારો આવે છે અને આ દીક્ષાઘેલાપણું જોઈને ભારે આશ્ચર્ય થાય છે. એક બાજુએ આ સામાજિક અનર્થ વધતો ચાલ્યો છે; બીજી બાજુએ સમાજ ઉદાસીનપણે આ બધું જોયા કરે છે. આ સામાજિક અનર્થનો સામનો કરવા યુવાનોએ કટિબધ્ધ થવું જોઈએ, અને લાગવગનો ઉપયોગ, જાહેર મતનું દબાણ, દીક્ષા થતી હોય ત્યાં સત્યાગ્રહ, બાલદીક્ષાવિરોધી ઉગ્ર પ્રચાર અને જ્યાં શક્ય ત્યાં અદાલતનો આશ્રય લઈને આવી દીક્ષાની અટકાયત કરવા સમાજના યુવકોએ ઉદ્યુક્ત થવું જોઈએ. સદ્‌ભાગ્યે આ બાલદીક્ષા અટકાવનારો ધારો આવી રહ્યો છે અને મુંબઈની ધારા સભાની આગામી બેઠકમાં તે રજુ થવાનો છે. તે પહેલાં પણ આવી એક બાલદીક્ષા આજથી બે વર્ષ પહેલાં અમદાવાદની સીવીલ કોર્ટ દ્વારા અટકાવવામાં આવી છે. એ કેસની વિગત આ મુજબ છે. પ્રિયંવદા નામની તેર વર્ષની છોકરીને દીક્ષા આપવા માટે મુંબઈ લઈ આવવા તેનો બાપ તલકચંદ લાલચંદ તૈયારી કરતો હતો એવામાં ત્યાંના જાણીતા સામાજીક કાર્યકર બહેન સરોજબહેન વેણીભાઈ પટેલે તે છોકરીને મુંબઈ લઇ જતી અટકાવવાનો કોર્ટનો હુકમ મેળવ્યો હતો અને પોતાને તે છોકરીની વાલી નીમવાની અને તેને દીક્ષા અપાતી અટકાવવાની કોર્ટ સમક્ષ માંગણી કરી હતી. તે કેસ અમદાવાદની સીવીલ કોર્ટના આસીસ્ટન્ટ જજ શ્રી એમ ટી. વિજયકર સમક્ષ અમદાવાદના સુપ્રખ્યાત એડવોકેટ શ્રી પ્રભુદાસ બાલુભાઈ પટવારી કે જેમના તરફથી મુંબઈની વિધાન સભામાં બાલ દીક્ષા અટકાયત બીલ રજુ કરવામાં આવ્યું છે તેમણે ચલાવ્યો હતો, અને તા. ૩-૨-૫૩ ના રોજ નામદાર કોર્ટે પ્રિયંવદા પરિપક્વ ઉમરની ન થાય ત્યાં સુધી તેને દીક્ષા આપવાની અટકાયત કરનારો ચુકાદો આપ્યો હતો. આ ચુકાદાની નકલ જૈન યુવક સંઘના કાર્યાલય (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૧) માંથી મળી શકશે અને આ બાબતમાં જેને સલાહની જરૂર હોય તેને શ્રી પ્રભુદાસ બાલુભાઇ પટવારી (પ્રીતમનગર, એલીસ બ્રીજ, અમદાવાદ ૫) ઉપર લખવાથી જરૂરી સલાહ તથા માર્ગદર્શન મળી શકશે. જૈન સમાજના યુવકો અને કાર્યકરોને બાલદીક્ષાનો આ સામાજિક અનર્થ જ્યાં જે રીતે શક્ય હોય તે રીતે અટકાવવા પ્રાર્થના છે.

પરમાનંદ

# શાસનમુક્તિ: સમાજનો ધ્રુવ તારક

વિનોબાજીએ શાસનમુક્ત સમાજની વાત કહી ત્યારથી એ તો એક અવ્યવહાર આદર્શ છે અને આ દુનિયામાં એ ચાલી ન શકે એવો એક સૂર સંભળાવા લાગ્યો છે.

જે પુરૂષે લાખો અને કરોડો માણસોને આકર્ષ્યા છે એટલું જ નહિ પણ અનેકને એમણે ઉપાડેલી પ્રવૃત્તિમાં જોડ્યા છે એ એકાએક સાવ ફેંકી દેવા જેવી અવ્યવહાર વાત તો ન જ કહે એવું આપણે સમજવું જોઇએ. એમની જે વાત ન સમજાઈ હોય તે વધારે ઉંડા ઉતરીને સમજવા પ્રયાસ કરવો જોઇએ.

શાસનમુક્ત સમાજમાં કશું શાસન ન હોય–રાજતંત્ર ન હોય–એનો અર્થ અંધાધુંધી–આવો ભય સામાન્ય રીતે શાસનમુક્ત સમાજ શબ્દ સાંભળી જ માણસના મન સામે ઉભો થતો હોય છે. પણ શાસનમુક્ત સમાજ એ તો ધ્રુવ તારક સમો આદર્શ છે. ઉત્તર દિશામાં જવા માગતું વહાણ ધ્રુવ તારકે ભલે એ ન પહોંચે પણ ઉત્તર દિશામાં તો ચાલે જ છે. એમ શાસનમુક્ત સમાજનો આદર્શ રાખનાર ભલે પૂર્ણ રીતે ત્યાં સુધી ન પહોંચે પણ એ તરફની દિશામાં તો એની ગતિ થવાની જ.

વિનોબાજી શાસનમુક્ત સમાજ સ્થાપવા માગે છે. એનો અર્થ તેઓ એવો નથી કરતાં કે આજે ને આજે રાજ્ય સત્તાનો સંપૂર્ણ લોપ થઇ જવો જોઇએ. એને માટે તેઓ સુંદર ઉદાહરણ આપે છે કે રેલ્વે ગાડીમાં સંકટ સમયની સાંકળ હોય છે એનું સ્મરણ આપણને ચોવીસે કલાક નથી થયા કરતું. એ તો સંકટ સમયે જ યાદ આવે છે એમ રાજ્યનું શાસન હોય પણ એ એવું હોય કે રોજ બરોજના વ્યવહારમાં જ્યાં ત્યાં એનું દર્શન ન થાય, પણ અમુક આવશ્યક પ્રસંગોએ એનો આશ્રય જરૂર મળી રહે.

એનો અર્થ એ થયો કે આપણા સમાજનું ઘણું ખરું શાસન અથવા વહિવટ આપણે સ્વેચ્છાએ આપઉકલતથી કરી લેતા હોઇએ. જે કામ આપણાથી ન ઉકલે એવાં હોય એમાં જ બહારના શાસનની મદદ લઇએ.

શાસનમુક્ત સમાજ એટલે શાસન વિહીન સમાજ નહિ પણ સ્વ–શાસિત સમાજ. શાસન મુકત સમાજ એટલે અવ્યવસ્થિતતા અને બેરશિસ્ત નહિ પણ સ્વેચ્છાએ અને સમજણપૂર્વક સ્વીકારેલી શિસ્ત અને વ્યવસ્થા. આવું સ્વશાસન અને સ્વેચ્છાએ સ્વીકારેલી શિસ્ત પ્રજામાં સમજદારી અને જવાબદારી વધે તો જ પેદા થાય. લોકો પોતાનો વહિવટ પોતાની મેળે કરી શકે એવી વિકેન્દ્રિત રચના હોય તો જ એ થાય.

ગામડું એકમ હોય, ગામડું અન્ન વસ્ત્રની બાબતમાં સ્વાવલંબી હોય, ગામડામાં ગામની એકેએક વ્યકિતનો વિચાર થતો હોય, દરેકને રક્ષણ મળતું હોય, દરેકને વિકાસ કરવાની સમાન તક મળતી હોય, દરેકને ન્યાય મળતો હોય અને આ સ્થિતિ પેદા કરવામાં ગામના દરેક દરેકનો ફાળો હોય,

આવો સમાજ વ્યકિત અને સમાજ વચ્ચે સુમેળ રહે એવા વ્યવહાર વર્તન રાખવાથી જ પેદા થઈ શકે, હરામનું નહિ પણ પરસેવાનું અન્ન ખાવાની વૃત્તિ વધે તો જ પેદા થઈ શકે, અતિ સંગ્રહથી નહિ પણ યોગ્ય વહેંચણીથી જ થઈ શકે.

વિનોબાજી ભૂદાન યજ્ઞ મારફત પ્રેમ અને સમજણ વધારીને આવા શાસન મુકત સમાજ તરફ વળવાની આપણને સૌને પ્રેરણા આપી રહ્યા છે.

સાચું પંચાયત રાજ્ય સ્થપાય, સમજણપૂર્વકનું પંચાયત રાજ્ય સ્થપાય તો ગામનો લગભગ બધો વહિવટ અને ગામની લગભગ બધી જરૂરિયાતો ગામ લોકો જ પેદા કરી લે. જે ગામથી ન થાય એવું હોય એમાં જ એ ગામ બહારનાઓનો સહકાર માગશે.

બબલભાઈ મહેતા

# મારી યાત્રા

## ભૂતકાળમાં પર્યટણ

( તા. ૧-૫-૫૫ ના પ્રબુદ્ધ જીવનથી અનુસંધાન )

( આ પાનું તથા સામેના પાના ઉપર છાપેલા ફોનારકની વિશેષતા સૂચવતા ચાર બ્લોક માટે 'સાધના' કાર્યાલયના અમે આભારી છીએ. તંત્રી)

આગળ ઉપર જણાવ્યું છે તે મુજબ અમે માર્ચ માસની ૨૩મી તારીખે જગન્નાથપુરી પહોંચ્યા હતા. ત્યાર બાદ ૨૪મી તારીખે સર્વોદય સંમેલનને અંગે કોઈ અગત્યનો કાર્યક્રમ નહોતો; તેથી પુરી આસપાસનાં

કોનારક મંદિરની સૂર્યપ્રતિમા

જોવા લાયક સ્થળો—કોનારક, ભુવનેશ્વર અને ઉદયગિરિ—ખંડગિરિ જોઈ લેવાનો અમે નિર્ણય કર્યો. સવારના એક મોટી મોટર ભાડે કરીને સૌથી પહેલાં કોનારક જવા અમે નીકળ્યા. કોનારક પુરીથી લગભગ ૫૫ માઇલ થાય. તેમાં અડધા રસ્તા સુધી પાકી ડામરની સડક છે; પછીના રસ્તે કાચી સડક છે, ઓરીસ્સા પાણીથી ભરેલો ફળદ્રુપ પ્રદેશ છે. ઋતુ ઉનાળાની હોવા છતાં ઘણું ખરૂં લીલુંછમ હોય છે અને પુષ્કળ પ્રમાણમાં દેખાતાં ઝાડપાન આંખોને ઠંડક આપે છે. અમારી મોટોર, મોટી જીપ હોય છે, લગલગ તેને મળતી હતી. મોટોર જુની હતી અને એકંદર બહુ સાંકડી હતી. મોટોરની આગળના ભાગમાં પાણીની ટાંકી ભરવાના કાણા ઉપર પેચવાળું ઢાંકણું હોય છે તે આ મોટરને હતું જ નહિ. લુગડાના ડુચાથી એ કાણું ઢાંકવામાં આવતું. અંદરનું પાણી વારે વારે ગરમ થઇ જતું; ડુચો વારે વારે ઉછળી પડતો; અને બાજુના નદીનાળામાંથી ઠંડુ પાણી વારે વારે ભરવું પડતું. આ તકલીફને લીધે અમારી ગતિ બહુ ધીમી રહેતી અને જોવા લાયક સ્થળો પતાવવામાં દોડાદોડ કરવી પડતી. સવારના સાત વાગ્યે અમે ઉપડેલા, નદી, નાળાં, સુકા તેમજ ઝાડપાનથી ભરેલા પ્રદેશો તથા નાનાં મોટાં ગામડાંઓ પસાર કરતાં લગભગ ૧૧ વાગ્યે અમે કોનારક પહોંચ્યાં. મોટોર પાછળથી તદ્દન ખુલ્લી હતી; પડદા કે કાચની બારી જેવું કશું રક્ષણ નહોતું; અમે બધાં રસ્તાની ધુળથી ખૂબ છવાઇ ગયાં. મોટોરમાંથી ઉતરીને કોનારકના સુપ્રસિધ્ધ સૂર્યમંદિર સમીપ અમે જઈ પહોંચ્યા. ઘાયલ અને બેહોશ થયેલો જાણે કે ઐરાવત હાથી ન હોય, આકાશમાંથી એકાએક કોઇ મોટું ઝેપલીન—એરોપ્લેનનિ નહિ—અંદરના કોઈ અકસ્માતથી જાણે કે ધબ્બ દઈને પૃથ્વી ઉપર પડયું ન હોય—એવા આ કાળ જર્જરિત વિપુલકાય મંદિરને આનંદ અને વિસ્મયની ચિત્રવિચિત્ર લાગણીઓપૂર્વક અમે જોઈ રહ્યા. મંદિરની સામે એક વિશાળ ઝાડ નીચે મોટો ચોતરો હતો. ત્યાં અમે પડાવ નાંખ્યો. બાજુના કુવામાંથી પાણી લાવીને અમે સાફસુફ થયા અને નાસ્તો કરીને તાજા થયા. ત્યાર બાદ મંદિરનાં અંગઉપાંગ નિહાળવા અમે ગતિમાન થયાં.

હિંદુસ્થાનમાં ગણ્યાગાંઠ્યાં સૂર્યમંદિરો છે. એક પાટણની બાજુએ આવેલું મોઢેરાનું સૂર્યમંદિર; બીજું એક સૂર્યમંદિર કાશ્મીરમાં છે; ત્રીજું જાણીતું સૂર્યમંદિર આ કોનારકનું છે. અન્ય બે સૂર્યમંદિરો મેં જોયા નથી. પણ ત્રણે મંદિર જેણે જોયા છે તેમના અભિપ્રાય મુજબ કોનારકના સૂર્યમંદિરની તોલે કોઇ આવે તેમ નથી. ચંદ્રભાગા નદી બંગાળના ઉપસાગરને મળે તે સંગમસ્થાન ઉપર આ મંદિર કલિંગના રાજા નરસિંહદેવે ઈ. સ. ૧૨૩૮ થી ૧૨૬૪ ની વચ્ચે બંધાવેલું. આજે ચંદ્રભાગા અને ઉપસાગરનું મીલનસ્થાન મંદિરથી એકાદ માઇલ દૂર ગયું છે અને વચ્ચે રેતીના ઢગલા પથરાયલા પડયા છે. આ સૂર્યમંદિર ત્રણ માળનું છે. તેને પુરૂં કરતાં ૧૬ વર્ષ લાગેલાં અને કિંવદન્તી મુજબ આ મંદિરને તૈયાર કરવામાં ૧૨૦૦૦ કડિયા અને સલાટો કામે લાગ્યા હતા.

આ મંદિરનો આકાર એક અશ્વરથને મળતો છે, આગળ તેને પથ્થરમાં કોરેલા સાત ઘોડા જોડેલા છે; બન્ને બાજુએ પથ્થરમાં કોરેલા છ છ પૈંડા છે; દરેક પૈંડાને આઠ નાના, આઠ મોટા આરા છે. સાત ઘોડા એટલે અઠવાડીઆના સાત દિવસ; બાર પૈડાં એટલે બાર રાશી અથવા તો બાર મહીના; અને આઠ આઠ આરા એટલે દિવસ તેમ જ રાતના આઠ આઠ પ્રહર અથવા તો ચોઘડિયાં.

આ વિશાળ મંદિર ત્રણ વિભાગમાં વહેંચાયેલ છે. પ્રથમ વિભાગને ગર્ભાગાર અથવા તો એ બાજુના શિલ્પની પરિભાષામાં વિમાન કહે છે. ગર્ભાગારમાં મુખ્ય દેવમૂર્તિ બિરાજમાન હોય છે. વિમાન એટલે ગર્ભાગારના પાયાથી માંડીને શિખર સુધીનો મંદિરવિભાગ. આ મંદિરના વિમાનનો શિખર વિભાગ તુટી ગયેલો છે, પણ અવશેષોના માપ ઉપરથી આ વિમાન ૨૨૮ ફીટ ઉંચું હોવું જોઈએ એવું અનુમાન કરવામાં આવે છે. વિમાનની ટોચે એક ગોળાકાર પથ્થર હોય છે જેને કળશ કહે છે. આ મંદિરનો કળશ ત્યાં બાજુએ પડેલો છે. તેની જાડાઈ ૨૫ ફુટ છે અને વજન ૨૦૦૦ ટન છે.

કોનારકના સૂર્યરથનું એક ચક્ર

વિમાનથી આગળનો ભાગ જેને આપણે રંગમંડપ તરીકે ઓળખીએ છીએ તેને આ બાજુએ 'જગમોહન' શબ્દથી ઓળખવામાં આવે છે. તેની ઉંચાઈ ૧૨૮ ફુટ છે. તેનાથી આગળ બીજો એક વિશાળ મંડપ છે, જેને 'નાટમંડપ' કહેવામાં આવે છે. એના દરવાજા આગળ બન્ને બાજુએ એક એક ભવ્યાકૃતિવાળો સિંહ છે; તેણે પગ નીચે હાથીને દબાવેલો છે અને તેના પગ નીચે છુંદાયલો માનવી પડયો છે. આવા લાક્ષણિક સિંહો અન્યત્ર કોરાયલા જોવા મળતા નથી, આ

મંદિરના પૂર્વ દરવાજે ઉપર વર્ણવેલા અદ્‌ભુત સિંહો ઉભા છે; ઉત્તર બાજુએ બે હાથી ઉભા છે; દક્ષિણ બાજુએ બે લાક્ષણિક ઘોડાઓ છે. મંડપની ત્રણે બાજુએ સૂર્ય અથવા તો અરૂણની એક એક ભવ્ય મૂર્તિ છે. આખું મંદિર ખંડિયેર જેવું દેખાય છે; તેમાંથી છુટા પડેલા અવશેષો અને ક્ષોખંડનાં બિંબો ચોતરફ વિખરાયલા પડયા છે. મંદિરમાં પાયાથી માંડીને ઉપર સુધી પાર વિનાનું સુન્દર કોતરકામ છે. હાથી, ઘોડા, સિંહ, ગણપતિ, કાર્તિકેય, મહાદેવ, વિષ્ણુ, લક્ષ્મી, અન્ય દેવદેવીઓ, કિન્નર કિન્નરીઓ, એક યા બીજા આસનમાં મૈથુનમગ્ન સ્ત્રીપુરૂષો, પશુઓ, પક્ષીઓ, ઝાડ પાન અને વેલબુટીઓ, અનેક પ્રકારનો વ્યવસાય કરતા સ્ત્રીપુરૂષો– એ જમાનાનું એક નાનું સરખું મ્યુઝીયમ અહિં આપણને જોવા મળે છે. મંદિરના બીજા કે ત્રીજા માળ ઉપરથી જરા દૂર નીલવર્ણી સાગર-પટ નજરે પડે છે અને તેના મર્મરનો આછો આછો અવાજ આપણા શ્રવણને સ્પર્શતો રહે છે. દિવસાનુદિવસ જર્જરિત બની રહેલું– કોઈ ભવ્ય દેવવિમાનની ઝાંખી કરાવતું–આ મંદિર આઠસો વર્ષના હવામાન સામે, વર્ષા અને વાયુના અનેક ઝંઝાવાતો સામે અર્ધ મૃતપ્રાય અર્ધ જીવંત દશામાં પડેલું છે. મંદિરમાંથી ખરી પડેલા કેટલાક અવશેષોનો બાજુએ એક નાના સરખા મકાનમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. તેમાં મૂળ મંદિરના પૂર્વ દરવાજાના મોભમાંથી છુટો પડેલો ૧૯ ફુટ લાંબો અને ૩ ફુટ પહોળો એવો એક પથ્થર ખાસ ધ્યાન ખેંચે છે. આ પથ્થરમાં નવગ્રહની મૂર્તિઓ કોરેલી છે. કલકત્તાં મ્યુઝીયમમાં લઈ જવા ધારેલો આ પથ્થર અતિ વજનના કારણે અહિં જ પડી રહેવા પામ્યો છે.

કોનારકના મંદિરનું આ સ્થુળ વર્ણન તેની ખરી ભવ્યતાનો ખ્યાલ આપી શકે તેમ છે જ નહિ. તેના ગર્ભમાં ભૂતકાળનો ઈતિહાસ પડેલો છે; આઠસો વર્ષ પહેલાં આપણો દેશ શિલ્પકળાની કઇ ટોચે પહોંચ્યો હતો તેની આ ભગ્નકાય મંદિર જોતાં આપણને ઝાંખી થાય છે. આ મંદિર જોવું એટલે કલ્પનાના ભવ્ય પ્રદેશમાં ભ્રમણ કરવું. દેશવિદેશના સમુદ્રપ્રવાસીઓ આને 'બ્લેક પેગોડા' ના નામથી ઓળખે છે. આ મંદિર જોતાં આપણી આંખોદ્વારા મનમાં ભુતકાળનું એક રમ્ય રંગ-બેરંગી ચિત્ર જડાઈ જાય છે. અમારે એક દિવસમાં ત્રણ સ્થળ જોવાનાં હતાં. તેથી કંઈક અવનવું અપૂર્વ જોયાની તૃપ્તિ અને તેમાંનું ઘણું જોવાનું રહી ગયાની અતૃપ્તિ–એવી લાગણીઓ સાથે કોનારકની અમે બપોરના બે વાગ્યા લગભગ વિદાય લીધી અને ભુવનેશ્વર તરફ ઉપડયા.

ભુવનેશ્વર તરફ રસ્તામાં ગરમી અને ધુળ–બન્નેનો ઠીક ઠીક આસ્વાદ મળ્યો; મોટાર પણ વારે ઘડીએ તરસી થતી હતી અને તેને બે ત્રણ માઇલે પાણી પુરં પાડવું પડતું હતું. આમ મંદગતિએ ભુવનેશ્વર પહોંચતાં લગભગ સાંજ પડી ગઈ. ભુવનેશ્વરની બાજુએ એક મંદિર જોયું. તેનું નામ અત્યારે યાદ નથી. એ મંદિર નાનું, નાજુક અને એ પ્રદેશની વિશિષ્ટ શિલ્પશૈલિનો એક સુન્દર નમુનો હતું. ભુવનેશ્વરના મુખ્ય અને સુપ્રસિધ્ધ મંદિર તરફ જતાં પહેલાં ભુવનેશ્વરથી પાંચેક માઇલ દૂર ઉદયગિરિ–ખંડગિરિ નામની પડખે પડખે આવેલી બે ટેકરીઓ છે અને ત્યાં જાણીતી જૈન ગુફાઓ છે તે તરફ અમે મોટાર હંકારી.



કાળજર્જરિત થયા પહેલાંનો કોનારક–મંદિરનું કલ્પનાચિત્ર

## ઉદયગિરિ–ખંડગિરિ

અજન્ટા, એલોરા, કાર્લા, કેનેરી, ભાજા, નાસિક, અને અન્ય અનેક સ્થળોએ આવેલી વિશાળ બૌધ્ધ ગુફાઓ સુપ્રસિધ્ધ છે. તેના પ્રમાણમાં જૈન ગુફાઓ નાની, વિરલ અને ઓછી પ્રસિધ્ધ છે. ઉદયગિરિ–ખંડગિરિ આવું એક સ્થળ છે અને આ ઉપરની ગુફાઓ ઇસ્વીસન પૂર્વે ૧૦૦ થી ૪૦૦ વર્ષના ગાળાની હોઈને તેમજ તેમાં પ્રાચીન ઈતિહાસની અનેક ઉપયોગી સામગ્રી ઉપલબ્ધ થતી હોઈને આ સ્થળનું ઐતિહાસિક મહત્વ ઘણું મોટું છું. ઉદયગિરિ–ખંડગિરિ ઉપરાંત બીજાપુર જીલ્લામાં આવેલ બદામી, ખાનદેશમાં આવેલ પાટના, એલોરા, એકાઇ, સૌરાષ્ટ્રમાં આવેલ જુનાગઢ તેમજ અન્ય સ્થળોએ જૈન ગુફાઓ વિદ્યમાન છે.

કોનારકની એક સુન્દર શિલ્પાકૃતિ

આશરે ૫૦૦ ફીટથી વધારે ઊંચી નહિ હોય એવી આ બે ટેકરીઓ સામે ઉભા રહેતાં આપણી જમણી બાજુ આવેલી ટેકરી ઉદયગિરિ ઉપર ૪૪ ગુફાઓ છે; ડાબી બાજુએ આવેલ ખંડગિરિ ઉપર ૨૧ ગુફાઓ છે. આ ઉપરાંત ખંડગિરિની ટોચ ઉપર એક દિગંબર જૈન મંદિર છે. આ મંદિરની મુખ્ય મૂર્તિ પદ્માસનસ્થ છે અને તેનો ઉઠાવ અને આકૃતિ ભારે ભાવવાહી છે. બાજુએ બાહુબલીની દશથી પંદર ફુટની શ્યામ આરસની એક ઉભી ભવ્ય મૂર્તિ છે. બન્ને ટેકરીની ગુફાઓમાં છુટીછવાઈ દિગંબર જૈન મૂર્તિઓ અને વિવિધ પ્રકારનું કોતરકામ છે. આ ટેકરીઓનું દર્શન આપણને બે હજાર વર્ષ પહેલાના ઇતિહાસમાં પ્રવેશ કરાવે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ ઉદયગિરિની ગુફાઓ ખંડગિરિ કરતાં વધારે પ્રાચીન છે. તેમાં પણ હાથીગુંફાના મોભ ઉપર એક સત્તર લીટીનો આશરે ૧૬૦૦ શબ્દોનો લાંબો શિલાલેખ છે, જેણે એ કાળના ઇતિહાસ ઉપર બહુજ મહત્વનો પ્રકાશ પાડયો છે. જે પથ્થર ઉપર આ લેખ કોતરાયલો છે તેની લંબાઈ પહોળાઈ મળીને ૮૪ સ્કવેર ફુટ થાય છે. આ લેખ મૂળ ૧૮૨૦ માં મી. એસ્ટલીંગે શોધી કાઢયો હતો. પણ એને ઉકેલવાનું કામ વીસમી સદીના પ્રારંભમાં થઈ ગયેલા શ્રી. કે. પી. જયસ્વાલે કર્યું હતું; આ લેખની લિપિ ઉત્તર પ્રદેશમાં પ્રચલિત એવી બ્રાહ્મી લિપિ છે અને ભાષા અપભ્રંશ પ્રાકૃત છે.

આ શિલા લેખ ઈ. સ. પૂર્વે બીજી સદીમાં થઈ ગયેલા કલિંગના રાજા ખારવેલે કોરાવ્યો છે અને તેમાં તેના પ્રથમ ૧૩ વર્ષના રાજ્યની અગત્યની વિગતો આપવામાં આવેલી છે. અહિં જણાવવું અસ્થાને નહિ ગણાય

કે આજનું ઓરીસ્સા એ પૂર્વ કાળના કલિંગ, ઉત્કલ અને ઓડ્રા એ ત્રણ ભૌગોલિક વિભાગોનો બનેલો છે. પ્રસ્તુત લેખનો અરિહન્ત અને સિધ્ધને નમસ્કાર કરવા સાથે પ્રારંભ થાય છે. આ હકીકત રાજા ખારવેલ જૈનધર્મી હોવાનું સવિશેષ સમર્થન કરે છે. મહારાજા અશોક પછી [ઈસ્વીસન પૂર્વે ૨૬૩ થી ૨૨૬ સુધી] આશરે એકાવન વર્ષ બાદ રાજા ખારવેલ કલિંગ દેશની ગાદીએ આવ્યો. ખારવેલના રાજ્યનું ૧૩ મું વર્ષ એટલે મૌર્ય વંશનું ૧૬૫ મું વર્ષ એટલે ઈસ્વીસન પૂર્વે ૧૫૫. આમ મૌર્યવંશ અને ખારવેલને જોડતી ઇતિહાસની કડીઓ નકકી થયેલી છે. અશોકે પોતાના દિગ્વિજયના ક્રમમાં કલિંગ દેશ ઉપર ચઢાઈ કરેલી અને તેને પરાસ્ત કરતાં પાર વિનાની કતલ કરેલી. આ હિંસાએ તેના દિલ ઉપર ભારે આઘાત પેદા કર્યો અને પછી હિંસાના માર્ગથી તે પાછો વળ્યો અને બુધ્ધ ધર્મના અનુપાલન તથા પ્રચાર તરફ તેનું મન ઢળ્યું. આ હકીકતો ઇતિહાસપ્રસિધ્ધ છે. ઈ. સ. પૂર્વે ૧૬૮ માં ખારવેલ ૨૪ વર્ષની ઉમરે કલિંગની ગાદી ઉપર આવ્યો. ત્યાર પછીના ૧૩ વર્ષના ગાળામાં તેણે પ્રજાકલ્યાણના તથા લોકરંજનનાં અનેક કામો કર્યાં, અતુલ પરાક્રમો વડે એક પછી એક દેશો સર કર્યા, મથુરા ઉપર રાજ્ય કરતા ગ્રીકરાજા ડેમેટ્રીઓસને ભગાડયો, બારમા વર્ષ દરમિયાન અંગ અને મગધને તાબે કર્યા, મગધરાજ બૃહસ્પતિમિત્ર પાસે શરણાગતિ સ્વીકારાવી. મગધનો રાજા અંગરાજ વર્ષો પૂર્વે કલિંગ ઉપર ચઢાઇ કરીને કલીંગમાંથી અમુક વિશિષ્ટ જૈન મૂર્તિ અને બીજી કેટલી અમૂલ્ય વસ્તુઓ ઉપાડી લાવેલા; રાજા ખારવેલે આ બધું પાછુ મેળવ્યું, જૈન મૂર્તિની મૂળ જ્યાં હતી ત્યાં તેની પૂનઃ પ્રતિષ્ઠા કરી અને આ રીતે રાજા અશોકની કતલથી દીનહીન બનેલા કલિંગ દેશને ખારવેલ ઉંચે લાઈ આવ્યો અને ઉત્તર દક્ષિણ પૂર્વ પશ્ચિમ આવેલા આસપાસના સર્વ દેશોને જીતીને ચક્રવર્તીપદને પામ્યો. આવી ઉજ્વળ કારકીર્દી બાદ તેનું ચિત્ત ધર્મારાધન તરફ વળ્યું, શ્રાવકના બાર વ્રત તેણે ધારણ કર્યા, અને ધાર્મિક અધ્યયનમાં નિમગ્ન થયો. તેની પ્રજા ખારવેલને શાન્તિ અને ઉત્કર્ષના અધિપતિ તરીકે, ભિક્ષુરાજા તરીકે અથવા તો ધર્મરાજા તરીકે સંબોધતી હતી. આ અને બીજી અનેક ઉપયોગી હકીકતો ઉપર જણાવેલ શિલાલેખમાં અન્તર્ગત કરવામાં આવી છે. આ ઉપરથી પ્રસ્તુત શિલાલેખને આપાતું અસાધારણ ઐતિહાસિક મહત્વ સહેજે સમજી શકાય તેમ છે.

કોનારક-મંદિરનું આજનું ભગ્નાવશેષ રૂપ
'કુમાર'ના સૌજન્યથી

ઉપર જણાવેલ રાજા ખારવેલે ત્યાર બાદ બીજા ત્રીશથી ચાલીશ વર્ષ પુરી આબાદીપૂર્વક રાજ્ય કર્યું હોય એમ અન્ય ગુફાના એક શિલાલેખ ઉપરથી માલુમ પડે છે. હાથીગુંફા ઉપરાંત ઉદયગિરિ ઉપર રાણી ગુંફા અને ગણેશ ગુંફા સવિશેષ મહત્વની છે. આ ગુફાઓમાંનું વૈવિધ્યભર્યું કોતરકામ એ કાળના જીવનનું એક માહીતીપૂર્ણ ચિત્ર રજુ કરે છે.

પૂર્વ કાળમાં આ બન્ને ગુફાઓ સંયુકતપણે 'કુમારગિરિ' ના નામથી ઓળખાતી હતી. આ જૈન ગુફાઓ જોઇને ચિત્ત ખુબ પ્રસન્ન થયું. જન્મે અને સંસ્કારે જૈન હોઇને જૈનોને ગૌરવ આપતા આ સ્થળના દર્શનથી મનમાં રહેલા જૈન તરીકેનું અભિમાન જાગૃત થયું. ઉદયગિરિ–ખંડગિરિ નામ તો સાંભળેલાં અને ખારવેલના પ્રસિધ્ધ લેખ વિષે પણ સાંભળેલુ, પણ તે જગન્નાથપુરીની નજીકમાં છે, અને તે જોવાની આ રીતે તક મળશે એવી કોઇ કલ્પના નહોતી. અણધાર્યું કોઇ મહત્વનું સ્થળ જોવા મળે તો આપણને કોઈ જુદો જ આનંદ થાય છે એવો અહિં અનુભવ થયો. વસ્તુતઃ આવા સ્થળે આખો દિવસ ગાળવો જોઇએ, અને બધી વસ્તુઓ ઝીણવટથી જોવી જોઇએ. પણ અમારા માટે એ શકય નહોતું. આ પવિત્ર ગિરિયુગલની અમારા માટે આ કેવળ દોડાદોડની મુલાકાત હતી. પશ્ચિમ ક્ષિતિજ તરફ સૂર્ય ઝડપથી ઉતરી રહ્યો હતો. હજુ ભુવનેશ્વરનું મુખ્ય મંદિર જોવું બાકી હતું. ઉદયગિરિ–ખંડગિરિને નમસ્કાર કરીને અમે ભુવનેશ્વરના મુખ્ય મંદિર લિંગરાજ તરફ દોડયા.

અપૂર્ણ

પરમાનંદ

## આવું સુન્દર પરિણામ લાવવા માટે ધન્યવાદ

છેલ્લી એસ. એસ. સી.ની પરીક્ષામાં શ્રી શકુન્તલા કાન્તિલાલ જૈન ગર્લ્સ હાઇસ્કુલ તરફથી ૭૫ વિદ્યાર્થીનીઓ બેઠી હતી અને તેમાંથી ૭૪ વિદ્યાર્થીનીઓ પસાર થઈ છે. આવું સુ દર પરિણામ પ્રાપ્ત કરવા માટે એ હાઇસ્કુલના સંચાલકોને અને ખાસ કરીને તેના પ્રીન્સીપાલ શ્રી શીલાબહેનને જૈન સમાજના ધન્યવાદ ઘટે છે. આ હાઇસ્કુલમાં આજે મુંબઇની અનેક હાઇસ્કુલમાં પ્રથમ હરોળની ગણાય છે અને દિન પ્રતિ દિન તે અનેકવિધ પ્રગતિ સાધતી જાય છે. આમ પ્રગતિના ઇતિહાસમાં તેણે આ નવું સીમાચિન્હ સર કર્યું છે.

## વિષય સૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| મુક્તિ મંગલ : અનુવાદ | ગીતા પરીખ | ૨૯ |
| એકાન્ત પુણ્ય અને પાપ | દલસુખ માલવણિયા | ૩૦ |
| દાનનું સન્માન | | ૩૧ |
| **પ્રકીર્ણ નોંધ :** અનશન વિસર્જન, અસ્પૃસ્યતા (અપરાધ) ધારા વિષે કેટલીક સ્પષ્ટતા, બાલદીક્ષાનો વધતો જતો અનર્થ; યુવકો ચેતે ! | | ૩૩ |
| શાસનમુક્તિ : સમાજનો ધ્રુવ તારક | બબલભાઈ મહેતા | ૩૫ |
| મારી યાત્રા | પરમાનંદ | ૩૬ |



## સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કીંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।=

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે

કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।=

## પ્રબુધ્ધ જૈન તથા પ્રબુધ્ધ જીવનની ફાઇલો

કીંમત રૂા. ૬, પોસ્ટેજ ૦।=

## ઋષભદેવ–ચરિત્ર ચિત્રાવલિ અંક

કીંમત રૂા. ૦।।, પોસ્ટેજ ૦।।

પ્રાપ્તિસ્થાન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ,

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩



મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯.

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪-પ્ર. જીવન વર્ષ ૩
અંક ૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઈ ૧, ૧૯૫૫, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## જૈન–હિંદુ વિષે એક વિચિત્ર વિચારણા

કલકત્તાથી શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખે "હિંદુ અને જૈનઃ જીવન–મરણ જેવો પ્રશ્ન" એ મથાળાનો એક લેખ પ્રબુધ્ધ જીવનમાં પ્રકાશનાર્થે મોકલ્યો છે. તે લેખના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

(૧) સિંધુ નદીથી ઉપલક્ષિત પ્રજાનું પરદેશીઓએ આપેલું નામ તે હિંદુ પ્રજા છે. હિંદુ પ્રજાનો પ્રવૃત્તિનિમિત્તક અર્થ ભારતની આર્યપ્રજા છે. હિંદુ એટલે ભારતીય આર્યપ્રજા–હિંદુ પ્રજા એવો અર્થ સ્વીકારવો જોઇએ.

(૨) હિંદુ પ્રજાનો માત્ર એક વૈદિક ધર્મ જ નથી, પણ જૈન ધર્મ બૌધ્ધ ધર્મ, વૈદિક ધર્મ–એ ત્રણેય મુખ્ય ધર્મોને હિંદુપ્રજાના ધર્મો કહી શકાય, પરંતુ હિંદુ ધર્મ એ નામથી સમુચ્ચયે એ ત્રણે ધર્મોને ઓળખાવી ન શકાય.

(૩) હિંદુ એ પ્રજાનું નામ છે. હિંદુ એવો કોઈ ધર્મ આ જગતમાં છે જ નહિ.

(૪) એવી રીતે જૈન કોમ કે જૈન સમાજ એ પણ અર્થ વિનાનો શબ્દસમાસ છે. જૈન એવી કોઇ પણ કોમ કે સમાજ અસ્તિત્વ ધરાવતી જ નથી. હા, જૈન ધર્મ પાળનારી હિંદુ કોમો કે હિંદુ સમાજો અસ્તિત્વ ધરાવે છે. કોઇ જૈનને એમ પૂછવામાં આવે કે તમે કોણ છો? તો તેણે પોતાની જાતને એવી રીતે વર્ણવવી જોઇએ કે હું પ્રજાએ 'હિંદુ (ભારતીય આર્ય) છું અને ધર્મે જૈન છું.

હિંદુ શબ્દની સિંધુ શબ્દમાંથી ઉત્પત્તિ થઈ અને સિંધુ બાજુ-એથી આજથી ૮૦૦–૧૦૦૦ વર્ષ પહેલાં મુસલમાનો હિંદુસ્તાનમાં આવવા લાગ્યા ત્યારે સિંધુની આ બાજુએ વસતી પ્રજાને મુસલમાનો 'હિંદુ' શબ્દથી ઓળખવા લાગ્યા એટલી વાત ભાઇશ્રી પ્રભુદાસ સ્વીકારે છે, પણ સાથે સાથે તેમણે એ પણ સ્વીકારવું જ રહ્યું કે સિંધુની આ બાજુએ વસતા લોકોની ધાર્મિક માન્યતાઓ કે જેમાં વૈદિક, જૈન અને બૌધ્ધનો સમાવેશ થતો હતો તે સમુચ્ચયે હિંદુ ધર્મના નામથી ઓળખાવા લાગી અને એ વખતની પ્રજાની રહેણી કરણી, રીતરીવાજ સભ્યતા વગેરેને હિંદુ સંસ્કૃતિ નામ આપવામાં આવ્યું. અને સાથે સાથે તેમણે એ પણ સમજી લેવું જોઇએ કે પછી તો હિંદુસ્તાનમાં સંખ્યાબંધ મુસલમાનો આવ્યા, અહિં પણ અનેક હિંદુઓ મુસલમાન થયા, અંગ્રેજો આવ્યા, ખ્રીસ્તીધર્મ પણ સારી રીતે ફેલાયો. એટલે સમયાન્તરે હિંદુ શબ્દ પ્રજાવાચક મટી ગયો અને ધર્મ અને સંસ્કૃતિવાચક બની ગયો અને પ્રજાવાચક હિંદુ શબ્દનું સ્થાન 'હિંદી' શબ્દે લીધું.

હિંદુ ધર્મ પરસ્પરવિરોધી મન્તવ્યો ધરાવતા અનેક સંપ્રદાયોનું સમુચ્ચયવાચક નામ હોઇને તેનું કોઈ એક ચોક્કસ લક્ષણ બાંધવું મુશ્કેલ છે, અશકય છે. એમ છતાં પણ આ બધા સંપ્રદાયોમાં ચૈતન્ય-તત્વનો સ્વીકાર, આત્માનું અસ્તિત્વ, કર્મવાદ, મોક્ષની કોઈ એક કલ્પના અને માનવીસમાજમાં ઉચ્ચ નીચની ભાવના–આ પાયાની માન્યતાઓ મોટા ભાગે સળંગ એક સૂત્રરૂપે નજરે પડે છે અને તે વડે હિંદુધર્મ સમયરૂપે અન્ય ધર્મોથી જુદો તરી આવે છે. આ રીતે સદીઓથી પ્રચલિત થયેલો 'હિંદુધર્મ'–એ પ્રકારનો શબ્દસમાસ ભાઇશ્રી પ્રભુદાસને ગમે તેટલો અર્થહીન અને કે અવાસ્તવિક લાગતો હોય તો પણ તે શબ્દસમાસનો ઉપયોગ ચોક્કસ અર્થમાં કંઇ કાળ સુધી ચાલુ રહેવાનો જ છે.

તેઓ હિંદુ શબ્દથી જે અર્થ સૂચવવા માંગે છે તે અર્થ આજે હિંદી શબ્દથી સર્વત્ર સૂચવાઈ તેમજ સ્વીકારાઈ રહ્યો છે. 'ભારતીય' શબ્દ જરૂર 'હિંદી'નો શબ્દપર્યાય છે, પણ 'આર્ય' શબ્દ ભારતીય, હિંદી કે હિંદુવાચક બની શકતો નથી. તે શબ્દનો સ્વતંત્ર ઇતિહાસ અને અર્થ છે. આર્યો પરભોમમાંથી હિંદમાં એક સમયે ઉતરી આવેલા હોઇને મૂળમાં હિંદવાસી હતા જ નહિ. વળી દક્ષિણમાં વસતી દ્રાવીડ પ્રજા જે હિંદુ જરૂર છે તેને આર્ય તરીકે ઓળખાવી નહિ જ શકાય. ભારતીય યા હિંદીમાં હિંદુ તેમ જ મુસલમાન તેમ જ હિંદમાં વસતી અન્ય જાતિઓનો સમાવેશ થાય છે. આમ દરેક શબ્દનો ઐતિહાસિક ભાવ અને અર્થ અલગ અલગ છે.

આવી જ રીતે તેઓ કહે છે કે જૈન એવી કોઈ કોમ કે સમાજ હોઈ ન શકે. આ કેવળ હાસ્યાસ્પદ વાત છે. જૈન ધર્મને સ્વતંત્ર અને પુરાણો ધર્મ માનીએ તો પણ તે ધર્મને જે વર્ગ અનુસરે છે તે વર્ગ જૈન સમાજ જ કહેવાય–આ એક ને એક બે જેવી વાત છે. કોમ શબ્દ તો એક અથવા બીજા ધર્મના અનુયાયી વર્ગ માટે જ સર્વત્ર વપરાઈ રહ્યો છે. હિંદુ કોમ, મુસલમાન કોમ એવી જ રીતે જૈન ધર્મ હિંદુ ધર્મનો પેટાવિભાગ હોય કે ન હોય તો પણ જૈન કોમ એ જૈન ધર્મને અનુસરતા વર્ગને ઓળખવા માટે યોગ્ય અને સુપ્રચલિત શબ્દસમાસ છે.

શ્રી પ્રભુદાસ પારેખની વિચારસરણી પાછળ કેવળ એક જ વૃત્તિ કામ કરી રહેલી જણાય છે અને તે એ કે હિંદુ શબ્દ સાથેનું સગપણ તેમને છોડવું નથી, કારણ કે તેથી થતા લાભો છોડયા પાલવે તેમ નથી અને જૈન ધર્મની અલગતાનો અને પ્રાચીનતમતાનો ખ્યાલ તેઓ છોડી શકે તેમ નથી, કારણ કે તે સાથે તેમનું ધર્માભિમાન જોડાયેલું છે. આ વળણ માત્ર તેમનું જ નથી; અન્ય અનેક જૈનો આવું વળણ ધરાવતા માલુમ પડે છે. પણ કોઇએ 'ધર્મ' શબ્દ સાથે 'હિંદુ' શબ્દને જોડવો નહિ અથવા તો 'સમાજ' કે 'કોમ' શબ્દ સાથે 'જૈન' શબ્દને જોડવો નહિ એમ હજુ સુધી કહ્યું નથી. આવી વાતો કરનારતો પોતાની તેમ જ જૈન સમાજની કેવળ હાંસી જ કરાવે છે,

અને વળી 'જૈન–હિંદુ' ના પ્રશ્નને જીવનમરણના પ્રશ્ન તરીકે વર્ણવવો એ તો કેવળ બાલીશતા જ છે અથવો તો નરી ધર્માંધતા છે. કમનસીબે આજે ગમે તે પ્રશ્ન–પછી તે એક સંપ્રદાયનો હોય, નાત જાતનો હોય, કોમનો હોય કે પ્રાન્તનો હોય–જીવનમરણનો પ્રશ્ન બની જાય છે. આ રીતે વિચારવું અને વર્ણવવું એ આજના પ્રચારકોની ચાલુ ઢબ થઈ પડી છે. આ પરિસ્થિતિ વિચારના સમધારણનો અભાવ સૂચવે છે.

પરમાનંદ

# હિંદુ લગ્નનો નવો કાયદો

( તાજેતરમાં ભારતની પાર્લામેન્ટે Hindu Marriages Act હિંદુ લગ્નનો કાયદો પસાર કર્યો છે અને આ કાયદો ભારતમાં વસતી સમસ્ત હિંદુ પ્રજાને લાગુ પડે છે. હિંદુ લગ્નને લગતા જે કાંઇ કાયદા આજ સુધીમાં કેન્દ્રસ્થાનેથી કે કોઇ એક પ્રદેશમાં કરવામાં આવેલ હોય તે બધા કાયદા હવે રદ થાય છે અને તેનું સ્થાન આ કાયદો લે છે. આ કાયદાની વિગતો દરેક હિંદુ સ્ત્રી પુરૂષે અવશ્ય જાણવી જોઇએ તે હેતુથી શ્રી કેશવલાલ એમ. શાહે, તા ૧૯-૬-૫૫ ના 'જન્મભૂમિ-પ્રવાસી'માં સામાન્ય વાંચનાર સહજમાં સમજી શકે એ રીતે સવિસ્તર આપી છે તે અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. આવો જ એક બીજો કાયદો કેટલાક સમય પહેલાં ભારતની પાર્લામેન્ટે પસાર કરેલ છે જેને Special Marriages Act.-'ખાસ લગ્નનો ધારો' એ નામથી ઓળખવામાં આવે છે. આ ધારાની વિગતો અને તે હિંદુ લગ્નના નવા કાયદાથી કઇ કઇ બાબતોમાં જુદો પડે છે તેને લગતી સમજુતી આપતો સ્વતંત્ર લેખ હવે પછીના અંકમાં શ્રી કેશવલાલ એમ. શાહ તરફથી આપવામાં આવશે ત.ંત્રી. )

૧૮ મી મે ૧૯૫૫ ના રોજ ભારતના રાષ્ટ્રપ્રમુખે એક કાયદા પર સહી કરીને તેને ધારાપોથી ઉપર મૂક્યો. ૧૯૫૫ ની સાલનો ૨૫ નંબરનો એ કાયદો છે 'હિંદુ લગ્ન ધારો.'

હિંદુ લગ્ન અંગે આજ સુધી જેને કાયદાઓ કહેવામાં આવતા હતા તે કોઇ ધારાસભાએ પસાર કરેલા ન હતા અને આજની ધારાપોથી પર કલમવાર જે જે કાયદાઓ હોય છે તેવા ન હતા. હજારો વર્ષથી મહાન પુરૂષો અને પંડિતોએ જે આજ્ઞાઓ ફરમાવી હતી તથા શાસ્ત્રો લખ્યાં હતાં તેને કાયદો ગણવામાં આવતો હતો. જુદા જુદા પ્રાંતમાં ભિન્ન ભિન્ન નિયમો પ્રવર્તતા હતા. આ કાયદો એ બધું નાબુદ કરીને સમસ્ત હિંદની હિંદુ કોમ માટે લગ્નનો એકસરખો ધારો સ્થાપિત કરે છે.

## કોને કોને લાગુ પડે છે ?

આ કાયદો હિંદુઓને કે જેમાં વિરશૈવ, લિંગાયત, બ્રાહ્મો, પ્રાર્થનાસમાજ અને આર્યસમાજનો સમાવેશ થાય છે તેને લાગુ પડે છે. તે ઉપરાંત તે બૌદ્ધધર્મી, જૈન અને શીખને લાગુ પડે છે. તે ઉપરાંત મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસી ન હોય તેવી દરેક વ્યકિતને લાગુ પડે છે, સિવાય કે તે એમ સાબિત કરી શકે કે આ કાયદા પહેલાં તેને હિંદુ કાયદો લાગુ પડતો ન હતો.

ઔરસ કે અનૌરસ બાળક-જેનાં માતાપિતા હિંદુ, બૌદ્ધ, જૈન કે શીખ હોય તે હિંદુ, બૌદ્ધ, જૈન કે શીખ ગણાશે.

જેનાં મા અગર બાપ એમાંથી એક હિંદુ, બૌદ્ધ, જૈન કે શીખ કુટુંબના સભ્ય તરીકે ઉછેરવામાં આવ્યા હોય તે તે ધર્મનાં ગણાશે. જેણે હિંદુ, જૈન, બૌદ્ધ કે શીખ ધર્મ અંગીકાર કર્યો હશે તેને પણ આ કાયદો લાગુ પડશે.

આ કાયદા મુજબ સપિંડની સગાઈ એટલે માતૃપક્ષે ત્રણ પેઢી અને પિતૃપક્ષે પાંચ પેઢીની ગણવામાં આવી છે.

## સપિંડની સગાઇ

આ કાયદા મુજબ બે હિંદુઓ વચ્ચે નીચેની શરતો પૂરી થતી હોય તો જ લગ્ન થઇ શકશે.

(૧) લગ્ન વખતે પુરૂષને કોઇ પત્ની કે સ્ત્રીને કોઈ પતિ ન હોવો જોઇએ.

(૨) લગ્ન વખતે બેમાંથી કોઇ ગાંડો-ચક્રમ્ ન હોવો જોઇએ.

(૩) પુરૂષે ૧૮ વર્ષ પૂરા કર્યાં હોવાં જાઈએ.

અને સ્ત્રીએ ૧૫ વર્ષ પૂરાં કર્યાં હોવાં જોઇએ.

(૪) બન્ને પક્ષો એવી સગાઇનાં ન હોવાં જોઇએ કે જેમના વચ્ચે લગ્ન ન થઈ શકે. સિવાય કે રિવાજથી તેમ થઈ શકતું હોય. દા. ત. મામા-ફોઇનાં ભાઇબહેન અમુક કોમમાં વરે છે.

(૫) પક્ષકારો 'સપિંડ'ની સગાઇનાં ન હોવાં જોઇએ, સિવાય કે રિવાજથી તેમ થઈ શકતું હોય.

(૬) જો કન્યાએ ૧૮ વર્ષ પૂરાં ન કર્યાં હોય તો તેના વાલીની સંમતિ મેળવવી જોઇએ.

કન્યાનાં લગ્ન માટે સંમતિ આપનાર વાલીઓ નીચેના અનુક્રમે નક્કી કરવામાં આવ્યાં છે. પિતા, માતા, પિતામહ, મા, સગો મોટોભાઈ, ઓરમાન મોટોભાઇ (જો કન્યા સાથે રહેતાં હોય તો), સૌથી મોટો કાકો, માતામહ, માતામહી, મામા (જો કન્યા તેની સાથે રહેતી હોય તો, પણ આવા વાલીની વય ૨૧ વર્ષથી ઓછી ન હોવી જોઇએ. જો આમાંનાં કોઈ વાલી ન હોય તો પછી વાલીની સંમતિની જરૂર રહેશે નહિ.

હિંદુ લગ્નની વિધિ માટે એમ ઠરાવ્યું છે કે વરકન્યા એમાંથી કોઇની પણ કોમમાં લગ્ન માટે જે વિધિ ઠરાવી હોય કે રીતરિવાજ હોય તેવું જ લગ્ન થઇ શકશે. જ્યાં સપ્તપદીનો રિવાજ હોય ત્યાં સાતમું પગલું પુરું થતાં લગ્ન પાકાં થયાં ગણાશે.

પતિ પત્નીથી કે પત્ની પતિથી વાજબી કારણ વિના અલગ રહેતાં હોય ને લગ્નના હક્ક પુરા ન કરતા હોય તો લગ્નના હકક પુરા કરવાનો દાવો કરી શકાય છે ને જો તેમાં હુકમનામું થાય તો અદાલત એક પક્ષને બીજાને ત્યાં ફરજીયાત રહેવા મોકલી શકતી નથી. પણ તેથી જેની તરફેણમાં હુકમનામું થયું હોય તેને છૂટાછેડા માટે દાવો કરવાનો હકક રહે છે.

આ કાયદો અમલમાં આવ્યા પહેલાં કે પછી જેનાં લગ્ન થયાં હોય તેવા લગ્નના કોઈ પણ પક્ષકાર અદાલતમાં જઇને કાયદા મુજબ જુદા રહેવાના હુકમ માટે અરજી કરી શકે છે. જેને છૂટાછેડા ન લેવા હોય અગર છૂટાછેડા લેવાનું કારણ ન હોય તેઓ આ કલમ નીચે જુદા રહેવાનો અધિકાર માગી શકે છે ને નીચેનાં કારણો સાબિત થાય તો અદાલત તે આપે છે; આનો અર્થ એ કે લગ્ન કાયમ રહે છે, પણ બન્ને કાયદાથી જુદાં રહે છે.

### જુદા થવા માટે કારણો

(૧) એક પક્ષે બીજાને બે વર્ષથી તજી દીધેલ છે.

(૨) અરજદાર પ્રત્યે એવો ક્રૂર વર્તાવ કરવામાં આવે છે કે અરજદારને એમ લાગે છે કે સામા પક્ષ સાથે રહેવું નુકશાનકારક છે.

(૩) સામો પક્ષ એક વર્ષથી ભયાનક રકતપિત્તના રોગથી પીડાય છે.

(૪) સામો પક્ષ ચેપી રોગથી પીડાય છે. આ રોગનો ચેપ અરજદારે ન આપેલો હોવો જોઇએ.

(૫) સામો પક્ષ બે વર્ષથી ગાંડો છે.

(૬) લગ્ન પછી સામા પક્ષે વ્યભિચાર કર્યો છે.

### લગ્ન રદ કરવા બાબત

હિંદુ લગ્નમાં પહેલી વાર છૂટાછેડાનો તથા લગ્ન રદ કરવાનો હકક આ કાયદાથી આપવામાં આવ્યો છે. આ બાબતમાં કાયદામાં બે ત્રણ ભેદ તે સમજવા જેવો છે.

૧ ગેરકાયદેસર લગ્નઃ જ્યાં લગ્ન ગેરકાયદેસર હોય એટલે એ લગ્ન જ ન હોય તે રદ કરાવવા અરજી થઈ શકે છે. આનું મહત્ત્વ એ છે કે પ્રથમથી જ લગ્ન થયાં જ ન હતાં તે રીતે આવા લગ્નનાં બાળકો કાયદેસર ગણાય નહિ. જો કે આ કાયદા નીચે આવાં બાળકોને કાયદેસર ગણવામાં આવ્યાં છે.

૨ રદ થઈ શકે તેવાં લગ્ન એટલે કે લગ્ન થયાં પણ તેમાં સંપૂર્ણ કાયદેસરતા ન હતી, એટલે એ કારણે એક પક્ષ ધરાવે તો લગ્ન રદ કરાવવા દાવો કરી શકશે.

૩ છૂટાછેડા એટલે કે લગ્ન કાયદેસર છે, પણ લગ્ન પછી એવું કારણ ઉપસ્થિત થયું છે કે લગ્ન રદ કરવાં જોઇએ.

આ ત્રણે પ્રકારો આ કાયદામાં નકકી કરવામાં આવ્યા છે.

આ કાયદો અમલમાં આવ્યા પછી જે કોઇ લગ્ન નીચેના સંયોગોમાં થયેલ હોય તે મૂળથી જ ગેરકાયદેસર ગણાશે ને કોઈ પણ પક્ષ તે રદ કરવા દાવો કરી શકશે.

૧ લગ્ન વખતે પુરૂષને બીજી પરિણિત પત્ની કે સ્ત્રીને બીજો પરિણિત પુરૂષ હયાત હોય.

૨ વરકન્યા સપિંડ સગાઇના હોય.

૩ વરકન્યા આ કાયદામાં નિર્દિષ્ટ કરેલ પ્રતિબંધિત સગાઇનાં હોય.

આ કાયદો અમલમાં આવ્યા પહેલાં કે પછી થયેલાં લગ્ન નીચેનાં કારણોસર રદ કરાવવાનો એક પક્ષને અધિકાર રહે છે.

૧ લગ્ન વખતે સામો પક્ષ પુરૂષત્વહીન કે સ્ત્રીત્વહીન હોય.

૨ લગ્ન વખતે સામો પક્ષ ગાંડો કે મૂઢ હોય.

૩ અરજદાર અગર તેના વાલીની સંમતિ દગાફટકાથી કે બળજબરીથી લેવામાં આવી હોય.

૪ સામો પક્ષ લગ્ન વખતે અરજદારથી અન્ય એવા પુરૂષથી સગર્ભા હોય.

### દાવા માટેની મુદત

ઉપરની ત્રણ કલમ નીચે એક વર્ષ પછી દાવો થઈ શકશે નહિ.

કલમ ચાર નીચે અરજદાર એ હકીકતથી લગ્ન વખતે અજ્ઞાત હોવો જોઇએ. લગ્ન પછી એક વર્ષની અંદર દાવો કર્યો હોવો જોઇએ અને આ હકીકત જાણ્યા પછી તેણે તે સ્ત્રી સાથે સંબંધ રાખ્યો ન હોવો જોઇએ.

આ કાયદો અમલમાં આવ્યા પરેલા કે પછી જે કોઈ લગ્ન થયા હોય તેમાં તો કોઈ પણ પક્ષ છૂટાછેડા માટે નીચેનાં કારણોસર દાવો કરી શકે છે.

### છૂટાછેડાનાં કારણો

સામો પક્ષઃ

૧ વ્યભિચાર સેવે છે.

૨ હિંદુ મટી અન્ય ધર્મમાં દાખલ થયો છે.

૩ ત્રણ વર્ષથી ન સુધરે એવું ગાંડપણ ધરાવે છે.

૪ ત્રણ વર્ષથી ઉગ્ર અને ન સુધરે તેવા રક્તપિત્તના રોગથી પીડાય છે.

૫ ત્રણ વર્ષથી ચેપી ગુપ્ત રોગથી પીડાય છે.

૬ કોઈ ધાર્મિક સાધુવૃંદમાં દાખલ થઈ સંસારનો ત્યાગ કર્યો છે.

૭ સાત વર્ષથી તેનો પત્તો નથી કે તેના વિષે કાંઇ જાણવામાં આવ્યું નથી.

૮ લગ્નના હકક પૂરા કરવાના દાવામાં હુકમનામું થયા પછી બે વષ કે વધુ વખત તે હુકમનામું પાળ્યું નથી.

૯ કાયદેસર છૂટા રહેવાનું હુકમનામું મેળવ્યા પછી બે વર્ષ કે વધુ વખતથી પતિપત્નીનો સંબંધ રહ્યો નથી.

### સ્ત્રીના બે હક્કો

ઉપરનાં કારણો પુરૂષ તથા સ્ત્રી બંને માટે છે. તે ઉપરાંત છૂટાછેડાનો દાવો કરવા માટે સ્ત્રીને નીચેના બે હકકો આપવામાં આવ્યા છે.

(૧) આ કાયદો થયા પહેલાં પતિએ બીજી પત્ની કરી છે અને અરજી કરતી વખતે પત્ની જીવતી છે.

(૨) પતિ બળાત્કાર, પાશવતા કે અકુદરતી કૃત્યો માટે ગુનેગાર ઠર્યો છે.

પરંતુ લગ્ન પછી ત્રણ વર્ષ સુધી છૂટાછેડા માટે કોઈ અરજી થઈ શકશે નહિ. હાઇકોર્ટે કરેલા નિયમો અનુસાર કોઈ પક્ષ એમ બતાવે કે અસાધારણ મુશ્કેલી અને યાતનાનો આ કિસ્સો છે તો કોર્ટ ત્રણ વર્ષ પહેલાં આવી અરજી કરવા દેવી.

લીધેલા છૂટાછેડાના હુકમનામાને એક વર્ષ પસાર થયા પહેલાં છૂટાછેડા લેનાર પુનર્લગ્ન કરી શકશે નહિ.

જ્યાં લગ્ન ગેરકાયદેસર ઠરીને રદ થાય ત્યાં તે લગ્નનાં બાળકો ખરી રીતે ગેરકાયદેસર ગણાય. પણ આ કાયદા નીચે પતિ અને પત્ની પૂરતા અગર તેમની મિલકત પૂરતાં આ બાળકો કાયદેસર ગણાશે. જ્યારે અન્ય સગાઓ અને અન્ય મિલકત તથા હકકો પૂરતાં તેઓ ગેરકાયદેસર ગણાશે.

આ લેખના પ્રારંભમાં હિંદુ લગ્નની છ શરતો જણાવી છે તેમાં ૨ થી ૬ કલમોનો ભંગ કરનારને માટે દંડની જોગવાઈ છે; જ્યારે પહેલી કલમનો ભંગ તે હિંદી ફોજદારી ધારાની ૪૫૪ અને ૪૯૫ કલમ મુજબ ગુનો છે.

### દાવો કયાં કરવો ?

છૂટાછેડાનો દાવો જીલ્લામાં ડીસ્ટ્રીક કોર્ટમાં અને મુંબઇ, કલકત્તા, મદ્રાસમાં સિટી સિવિલ કોર્ટમાં તથા જ્યાં તે ન હોય ત્યાં હાઇકોર્ટમાં થઈ શકશે. આ દાવો ચલાવવા માટે કોર્ટનો અધિકાર નીચે મુજબ નક્કી કરવામાં આવ્યો છેઃ

(૧) જે અદાલતની હકુમતમાં લગ્ન થયાં હોય.

(૨) પતિ અને પત્ની રહેતાં હોય.

(૩) પતિ અને પત્ની પતિ અને પત્ની તરીકે છેલ્લાં રહ્યાં હોય.

આ કાયદા નીચેના કોઈ પણ કેસની સુનાવણી જે કોઈ પણ એક પક્ષ ઇચ્છે તો બંધબારણે ચલાવવા અદાલત બંધાયેલી છે. તે ઉપરાંત અદાલત પોતે પણ બંધબારણે ચલાવવા હુકમ આપી શકે છે. આવા બંધબારણે ચાલેલા કેસની કોઇ વિગત કોઈ પ્રસિદ્ધ કરશે તો તે ગુનો ગણાશે ને તેને સજા થશે.

### ખાસ જોગવાઈ

આ કાયદા નીચે એક ખાસ જોગવાઈ એ છે કે કોઈ પણ મુકર્દમામાં પછી ભલે તે એકતરફી હોય તો પણ અદાલતને એમ લાગે કે અરજદાર પોતાનાં જ અયોગ્ય કૃત્યનો ગેરલાભ લેવા માંગે છે તો અદાલત તેને રાહત આપી શકશે નહિ. તેમજ વ્યભિચારના કિસ્સામાં બીજે પક્ષે આંખ આડા કાન કર્યા ન હોવા જોઇએ.

આ કાયદા નીચેના દરેક કિસ્સામાં બન્ને પક્ષ વચ્ચે સમાધાનના પ્રયત્નો કરવાની ફરજ પણ કોર્ટ ઉપર નાખવામાં આવી છે.

### ભરણપોષણનો હકક

આ કાયદા નીચે મુકર્દમો ચાલતો હોય તે દરમિયાન અને તે પૂરો થાય તે પછીનાં કામ માટે પણ પુરૂષ પત્નીને કે પત્ની પુરૂષને ભરણપોષણ આપે તેવો હુકમ કરવાની કોર્ટને સત્તા છે. આ કાયદાની એ નવીનતા છે કે આમાં પુરૂષ પણ પત્ની પાસેથી ભરણપોષણ માગી શકે છે. પણ પુરૂષ કે સ્ત્રી ફરી પરણે અગર તો સ્ત્રી ચારિત્ર્ય સારૂં ન રાખે તો આ ભરણપોષણનો હુકમ અદાલત રદ કરી શકે છે.

આ કાયદા નીચેના કેસોમાં બાળકોનો કબજો કોનો હોવો જોઇએ કે રહે તે અદાલત નકકી કરી શકે છે, ને તે માટે બાળકોની ઇચ્છાને પણ લક્ષમાં લઇ શકે છે.

આ કાયદો છતાં કોઈ ખાસ રિવાજથી કે ખાસ કાયદાથી છૂટાછેડાનો હકક કોઇને હોય તો તે રદ થતો નથી.

ખાસ લગ્નના કાયદા નીચે કોઇ હિંદુએ કરેલાં લગ્નને આ કાયદાની કલમો અસર કરતી નથી.

આ કાયદો અમલમાં આવ્યાથી મુંબઈ અને સૌરાષ્ટ્ર રાજ્યનાં દ્વિપત્ની પ્રતિબંધક ધારાઓ તથા છૂટાછેડાના કાયદાઓ આપોઆપ રદ થાય છે.

**કેશવલાલ એમ્. શાહ**

× × × ×

આ કાયદામાંથી શ્રી કેશવલાલ એમ્. શાહ નીચેના મુદ્દાઓ તારવે છે.

(૧) આ કાયદો અમલમાં આવતાં મુંબઇ અને સૌરાષ્ટ્ર રાજ્યના દ્વિપત્ની પ્રતિબંધક તથા છૂટાછેડાના કાયદાઓ રદ થાય છે.

(૨) આ કાયદો મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસી ન હોય તેવા દરેકને લાગુ થાય છે.

(૩) આ કાયદાથી હિન્દભરમાં એક વખતે એક પત્નીનો નિયમ અમલમાં આવે છે.

(૪) આ કાયદાથી 'હિન્દુ કાયદા'ના બધા નિયમો, રીત રિવાજો, પુરાણો, શાસ્ત્રો લગ્ન પૂરતાં રદ થાય છે.

(૫) પુરૂષ ૧૮ વર્ષ પહેલાં ને સ્ત્રી ૧૫ વર્ષ પહેલાં પરણી શકતા નથી ને ૧૮ વર્ષની નીચેની વયની કન્યાનાં લગ્ન માટે વાલીની સંમતિ જરૂરી છે. આ વાલીની ઉમર ૨૧ વર્ષથી નીચે ન હોવી જોઇએ.

(૬) હિન્દુ લગ્નોની નોંધણી માટે દરેક રાજ્યને જોગવાઈ કરવાની સૂચના અપાઇ છે. (મુંબઇમાં એ કાયદો અમલમાં આવી ગયો છે.)

(૭) હવે ચાર વર્ષ સુધી પતિ કે પત્ની એકબીજાને તજી દે તે કારણે છૂટાછેડા લઇ શકાતા હતાં તે બનશે નહિ, પણ એ વાત બીજી રીતે અહીં નકકી કરવામાં આવી છે. તજી દેનાર સામે લગ્નના હકક પૂરા કરવાનો દાવો કરવો જોઇએ. તેમાં હુકમનામું થાય ને તે સામો પક્ષ ન પાળે તો હુકમનામાં પછી બે વર્ષે છૂટાછેડાનો દાવો થઈ શકે. અગર તો આ કાયદાની કલમો મુજબ કોર્ટથી જુદા રહેવાનો હુકમ મેળવ્યા પછી બે વર્ષે પતિ–પત્નીનો સંબંધ ફરી ન બંધાય તો છૂટાછેડાનો દાવો થઇ શકે.

(૮) એક પક્ષ હિંદુ મટી જાય તો બીજો પક્ષ છૂટાછેડા માટે દાવો કરી શકે. આજ સુધી માત્ર એમ હતું કે એક પક્ષ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરે ને બીજો પક્ષ તેની સાથે રહેવા ઇન્કાર કરે તો તો છૂટાછેડા થઇ શકતા. આ કાયદો નીચે ધર્મપરિવર્તન થતાં છૂટાછેડાનો હકક મળે છે.

(૯) સંસાર તજી સાધુ બને તો છૂટાછેડાનો હકક મળે છે.

(૧૦) આ કાયદો અમલમાં આવ્યા પહેલાં કોઈએ બે લગ્ન કર્યાં હોય તો કોઈ પણ પત્નીને છૂટાછેડાનો હકક મળે છે.

(૧૧) લગ્ન પછી ત્રણ વર્ષ સુધી ખાસ કારણ સિવાય છૂટાછેડાનો દાવો થઈ શકતો નથી.

(૧૨) છૂટાછેડા પછી એક વર્ષ સુધી કોઇ પણ બીજા લગ્ન કરી શકતું નથી.

(૧૩) જે કોર્ટની હકુમતમાં લગ્ન થયાં હોય, અગર બન્ને રહેતાં હોય કે છેલ્લાં રહ્યાં હોય ત્યાં દાવો થઈ શકે છે.

(૧૪) આ કાયદા નીચે પુરૂષ પણ સ્ત્રી પાસેથી ભરણપોષણ માગી શકે છે.

# મારી યાત્રા

## ભૂતકાળમાં પર્યટણ

(ગતાંકથી ચાલુ)

[ અહિં છપાયલા બ્લોકસ કુમાર કાર્યાલય તરફથી અમને મળ્યા છે જે માટે અમે કુમાર કાર્યાલયના ઋણી છીએ. પહેલું ચિત્ર જગન્નાથ પુરીના મુખ્ય મંદિરનું છે. તેમાં લેખમાં સમજાવ્યા મુજબ વિમાન, જગમોહન, નાટમંડપ અને ભોગમંડપ અનુક્રમે નજરે પડે છે. બીજું ચિત્ર ભુવનેશ્વરના લિંગરાજ મંદિરના જગમોહનના ઉપરના ભાગનું શિલ્પનું છે. ત્રીજું ચિત્ર બિંદુસાગરના એક કિનારા ઉપરથી દેખાતાં ભુવનેશ્વરનાં મંદિરોનું છે.

તંત્રી ]







### ભુવનેશ્વર

ભુવનેશ્વર ઓરીસ્સાનું નવું પાટનગર છે. આ કારણે અનેક નવાં સરકારી મહાલયો ભુવનેશ્વરના ઉપાન્તભાગને શોભાવી રહ્યાં છે. ભુવનેશ્વરમાં સંખ્યાબંધ શિવાલયો તેમ જ વિષ્ણુમંદિરો છે. આમાં પરશુરામેશ્વર, મુક્તેશ્વર, સારીદેવળ, મૈત્રેશ્વર તથા લિંગરાજ મુખ્ય છે. તેમાં પણ લિંગરાજ તેના ઉત્તુંગ બાંધકામ અને શિલ્પવિધાન માટે જગવિખ્યાત છે.

આપણી બાજુનાં મંદિરોથી પૂર્વ તથા દક્ષિણમાં આવેલાં મંદિરો શિલ્પરચનામાં બહુ જુદાં પડે છે. દક્ષિણમાં ચાર દરવાજે અનેક માળ વાળા ગોપુર હોય છે. તેના ગર્ભાગાર ઉપર કે રંગમંડપ ઉપર મોટાં શિખરો કે ઘુમ્મટો હોતા નથી. પૂર્વ બાજુનાં મંદિરોમાં ગર્ભાગાર ઉપર જ ગગનચુંબી શિખર હોય છે જેને વિમાન કહેવામાં આવે છે. તેની આગળ રંગમંડપ હોય છે જેને જગમોહન કહેવામાં આવે છે. તેની આગળ એક નાનો મંડપ હોય છે તેને નાટમંડપ કહેવામાં આવે છે.

આ મંદિરોને આપણી બાજુના મંદિરો માફક મોટા ગોળ ઘુમ્મટ હોતા નથી; દરવાજા પરના અનેક માળવાળા ગોપુરને બદલે ગર્ભાગાર ઉપર ગોળ યા અષ્ટકોણ ઉત્તરોત્તર ઘેરાવાવાળું નાનું થતું જતું શિખર હોય છે. વળી મંદિરની અંદર આપણાં મંદિરો માફક થાંભલા હોતા નથી. ઓરીસ્સાના મંદિરોનો ખાસ કરીને તેમાંના વિમાનનો ઘાટ ઉંધા લાંબા પ્યાલાને કેટલાક અંશે મળતો હોય છે,

લિંગરાજ મંદિરના નામ ઉપરથી માલુમ પડે છે કે તે શિવાલય જ હોવું જોઇએ. આ મંદિર કલિંગના રાજા લલાટેન્દ્ર કેશરીએ ઈ. સ. ૬૪૦ માં બંધાવ્યું એવી ઐતિહાસિક માન્યતા છે. આમ ૧૩૦૦ વર્ષ જુનું હોવા છતાં આ મંદિરનું બાંધકામ એટલું નક્કર છે અને સળંગ પથ્થરનું હોઇને સદીઓના વાવંટોળ સામે એવું અકબંધ ટકી રહ્યું છે કે ૫૦–૧૦૦ વર્ષ પહેલાં જ જાણે કે આ મંદિર બાંધવામાં આવ્યું ન હોય એવી પ્રથમ દર્શને જોનારને ભ્રાન્તિ થાય છે. પાયાથી ટોચ સુધી આગળ પાછળ કે અંદર મંદિરનો ખૂણેખૂણો કળાપૂર્ણ કોતરકામથી ભરેલો છે. આખા મંદિરની ૨૧૦ ફુટ લંબાઈ છે, તથા ૬૦ થી ૭૫ ફુટ પહોળાઇ છે. વિમાન વિભાગની ઉંચાઈ ૧૮૦ ફુટ છે. તેની આગળ મનોહર જગમોહન શોભી રહેલ છે. તેની આગળ કોનારકની માફક નાટમંડપ છે અને તેથી પણ આગળ એક નાનો મંડપ છે, જેને ભોગમંડપ કહેવામાં આવે છે. મુખ્ય મંદિરની આસપાસ ભિન્ન ભિન્ન દેવદેવીઓથી અધિષ્ઠિત–કુટુંબના વડિલ આસપાસ બાળકોનો ઘેરો હોય એમ–નાનાં નાનાં મંદિરો સમસ્ત દૃષ્યની ભવ્યતામાં વધારો કરી રહ્યાં છે. આ બધું વિગતે જોવાની તૃષ્ણા મનની મનમાં રહી ગઈ. કારણ કે સૂર્ય અસ્ત પામી ચુકયો હતો; દિવસના અજવાળાં સંકેલાતાં જતાં હતાં. આ પરિસ્થિતિમાં આંખો ખેંચી ખેંચીને, અહિંથી તહીં, ત્યાંથી અન્યત્ર એમ ટુંક સમયમાં કરાય તેટલું ફરીને, ઉંચે ચડીને, અને નીચે ઉતરીને જોવાય તેટલું જોઈ લીધું અને આખું મંદિર ઘુમી વળ્યાં. મુખ્ય લિંગના દર્શનથી અમે વંચિત રહ્યા, કારણ કે તે માટે અમારે બીજો એક કલાક ખોટી થવુ પડે તેમ હતું. અનેક સુન્દર કળાપૂર્ણ લાવણ્યભરી મૂર્તિઓ અને તરેહ તરેહનાં કોતરકામ જોતાં અને સહજ કલ્પનામાં ન આવે એવું અદ્‌ભુત ભવ્ય બાંધકામ નિહાળતાં ભવ્યતા જ અહિં સ્વતઃ મૂર્તિમન્ત થઈ રહી ન હોય એવી અમારા મન ઉપર ઉંડી છાપ પડી. અને આખુંય દૃષ્ય સુસ્પિષ્ટ-પણે સ્મરણ ઉપર કોરાઇ ગયું. અહિંથી આગળ ચાલ્યા સિવાય છુટકો નહોતો. ઘણું જોવાનું રહી ગયું એવા અસંતોષ સાથે અમે મંદિરની બહાર નીકળ્યા અને અટકતી અને ખચકતી મોટરે રાત્રીના નવ વાગ્યે અમને પુરી પહોંચાડયા.

### જગન્નાથજીનું મંદિર

પુરીમાં આવ્યાને અમને પાંચ દિવસ થયા હતા પણ પુરીનું મુખ્ય મંદિર જોવાનો સમય હજુ સુધી અમને મળ્યો નહોતો. માર્ચની ૨૫, ૨૬ તથા ૨૭ તારીખ એમ ત્રણ દિવસ અમે સર્વોદય સંમેલનની કાર્યવાહીમાં રોકાયા. ૨૮ મીની સવારે બીજો કોઈ કાર્યક્રમ નહિ હોવાથી અમે જે ધર્મશાળામાં ઉતર્યા હતા તેની બહુ નજીકમાં આવેલા ભારતપ્રસિધ્ધ જગન્નાથજીનું મંદિર જોવા ઉપડયા.



આ મંદિર તો ભારતનું મોટું તીર્થધામ છે. આ સ્થળે દર વર્ષે હજારો યાત્રાળુઓ આવે જાય છે અને જગન્નાથજીના દર્શનથી પોતાને ધન્ય થયેલા માને છે. પંડ્યાઓનો આ એક મોટો અડ્ડો છે. ભોળા યાત્રાળુઓ પાસેથી એક યા બીજા નિમિત્તે પૈસા કેમ કઢાવવા એ જ તેમનો વ્યવસાય હોય છે. આ તેમનો એક મોટો બજાર છે અને ભક્તિ પણ અહીં બજારૂ ચીજ બની ગઇ છે. મંદિરમાં ન મળે શાન્તિ કે ન મળે પવિત્રતાનું વાતાવરણ. ચોતરફ ધૂળ ધાંધલ, ધમાલ અને પારવિનાનો ઘોંઘાટ. અહીં કયાં આવ્યા એમ મન બે ઘડિ વ્યાકુળતા અનુભવે. માણસોની પણ પુષ્કળ ભીડ. મંદિરમાં દાખલ થાઓ કે પંડ્યાઓ પાછળ લાગે. આ દેવનાં દર્શન કરો અને આ દેવીને કંકુકિ ધરો. એક અહીં બોલાવે, બીજો ત્યાં ખેંચી જાય. આપણને પુણ્ય ઉપાર્જન કરાવવાની બધાંને પારવિનાની ચિન્તા. આ તે તીર્થ છે કે શાકમાર્કીટ છે એવી આપણને ભ્રાન્તિ થઇ આવે. જ્યાં યાત્રાળુઓનાં મોટાં ટોળાં એકઠાં થાય છે અને માનવી અને દેવ વચ્ચે દલાલી કરતા પંડ્યાઓની સંસ્થા વિદ્યમાન હોય છે–મથુરા, કાશી, ગયા, પુરી કે હરદ્વાર–ત્યાં બધે જ લગભગ આવો અનુભવ થાય છે.

મુખ્ય મંદિર લાંબુ ખૂબ, પહોળું ઓછું છે; અંદર પ્રકાશની વ્યવસ્થા અલ્પ પ્રમાણમાં છે. જગન્નાથજીનાં દર્શન માટે રંગમંડપમાં થઈને ગર્ભાગાર તરફ જવાનું હોય છે. ગર્ભાગારમાં તો દીવાના પ્રકાશ વિના કશું દેખાય જ નહિં. દર્શનાર્થીઓની લંગાર લાગેલી હોય. રંગ-મંડપમાંથી ગર્ભાગારનો ઉમરો ઓળંગીએ–બે પગથીઆ ચઢીએ અને પાછા ઉતરીએ એટલે જગન્નાથજી સમીપ પહોંચીએ. આ મંદિરમાં ભોગ ધરાવાતો હોઇને સ્વચ્છતા જળવાવી અશકય હોય છે. જ્યાં ત્યાં તેલ તેમ જ પાણી પણ ઢોળાયલાં હોય. એટલે જમીન ચીકણી–લપસણી હોઇને દર્શનાર્થી વિના આયાસે સાષ્ટાંગ દંડવત્ કરી બેસે છે. ભક્તજનો પગથીયાં ચડતાં ઉતરતાં ભુલ ન કરે અને લપસી ન જાય એ માટે પંડ્યાઓ દર્શનાર્થી ભાઇઓ તેમ જ બાઇઓના હાથ પકડી પકડીને અંદર લઈ જતા હોય છે અને આ જગન્નાથજી, આ સુભદ્રા, આ બલરામ એમ બતાવતા હોય છે. આપણને આ ભારે કઢંગું–મર્યાદા ઓળંગતું–ભાસે છે. આખું વાતાવરણ આપણને ગુંગળાવતું લાગે છે. બહાર નીકળીએ અને હવા પ્રકાશ વચ્ચે આવીએ ત્યારે જ આપણે મોટી રાહત અનુભવીએ છીએ.

ભુવનેશ્વરનું લિંગરાજ મંદિર જોયા બાદ આ મંદિરમાં કંઈ નવીનતા કે વિશેષતા નથી લાગતી. આ મંદિરનું મંડાણ અને શિલ્પનિર્માણ ભુવનેશ્વરને ઘણા અંશે મળતું છે. લંબાઈ પહોળાઈ તથા ઉંચાઇમાં આ મંદિર થોડુંક મોટું છે, પણ શિલ્પકળાની દૃષ્ટિએ તે કરતાં ઉતરતું છે. અહિં ફોતરકામ બહુ ઓછું છે અથવા તો અવારનવાર કરવામાં આવેલા ચુનાના પ્લાસ્ટરે ઘણું ઢાંકી દીધું છે. ભવ્યતાનો અંશ બન્નેનો સમાન છે, પણ ભુવનેશ્વરની ભવ્યતા શાન્તિનો અનુભવ કરાવે છે; અહિંની ભવ્યતા અશાન્ત બનાવી દે છે. આ મંદિરની એક વિશેષતા એ છે કે તેને બે ગઢ છે. બહારનો ગઢ ૬૭૦ ફુટ લાંબો અને ૬૪૦ ફુટ પહોળો છે. અંદરનો ગઢ ૪૨૦ ફુટ લાંબો અને ૩૧૫ ફુટ પહોળો છે. વિમાન અથવા તો શિખર ૧૯૩ ફુટ ઉંચુ છે. ભુવનેશ્વર માફક આ મંદિર પણ ક્રમશઃ વિમાન, જગમોહન, નાટમંડપ અને ભોગમંડપમાં વહેંચાયલું છે. ગંગદેવ ચોલા નામના રાજાએ ઇ. સ. ૧૦૮૦ થી ૧૧૪૦ ના ગાળામાં આ મંદિર બંધાવેલું છે.

ભુવનેશ્વરનું 'લિંગરાજ' શિવાલય હતું; આ વિષ્ણુની ઉપાસનાનું ધામ છે. આ મંદિરમાં મુખ્ય સ્થાને ત્રણ મૂર્તિઓ છે. તે અનુક્રમે જગન્નાથજીની (એટલે કે શ્રીકૃષ્ણની), સુભદ્રાની અને બલરામની છે એમ કહેવામાં આવે છે. સુભદ્રા એટલે શ્રીકૃષ્ણની બહેન જેનું અર્જુને અપહરણ કરેલું અને પછી જેની સાથે તેણે લગ્ન કરેલું. મંદિરના મુખ્યસ્થાને બે ભાઇ અને એક બહેન–આવો ત્રિપુટીસંયોગ હિંદના અન્ય મંદિરોમાં ભાગ્યે જ જોવામાં આવે છે. આ મૂર્તિઓ લગભગ માણસના કદની અને લાકડાની બનાવેલી છે. આવી મૂર્તિઓ લાંબા વખતની હોઈ ન શકે અને લાંબો સમય સુધી ટકી પણ ન જ શકે એ સહજ કલ્પી શકાય તેવું છે. બાર વર્ષે આવતા અધિક વૈશાખ માસ દરમિયાન ચોક્કસ પ્રકારના ઝાડના લાકડામાંથી ચોક્કસ કુટુંબોના કારીગરો પાસે મૂળ મુજબ નવી મૂર્તિઓ તૈયાર કરાવવામાં આવે છે. જુની મૂર્તિઓને સમુદ્રમાં પધરાવવામાં આવે છે અને નવી મૂર્તિઓ તેના સ્થાને ગોઠવવામાં આવે છે. આ ફેરબદલી કરતાં પહેલાં એક એવી પરંપરા પ્રવર્તે છે કે જુની જગન્નાથજીની મૂર્તિના પેટાળમાં મૂકેલી અમુક વસ્તુ મંદિરનો પુજારી આંખે પાટા બાંધીને કાઢે છે અને નવી મૂર્તિના પેટાળમાં મૂકી દે છે અને પછી તેનું દ્વાર બંધ કરવામાં આવે છે. આ ગુપ્ત વસ્તુ વિષે ભારે ગૂઢતા સેવવામાં આવે છે. કોઈ કહે છે કે તે ભગવાન શ્રીકૃષ્ણનું અસ્થિ છે; કોઇ કહે છે કે તે ભગવાન બુદ્ધનો દેહાવશેષ છે; વળી કોઈ કહે છે કે તે નીલવર્ણનું શિવલિંગ છે. તે વિષે નિશ્ચયપૂર્વકની કોઇ માહીતી આપતું નથી. અને તેનું રહસ્ય કોઇ સમજાવી શકતું નથી.

ઉપર જણાવેલ ત્રણે મૂર્તિઓમાં નથી કશું રૂપ કે કળામયતા; તેના હાથ પગ ઠુંઠા અને આકૃતિ બેડોળ ઢંગધડા વગરની છે. બાળકોને રમવાના ઢીંગલા ઢીંગલીઓને માનવીનું

કદ આપીને આ મૂર્તિઓ બનાવવામાં આવી હોય એવી લાગે છે. જો દશ બાર વર્ષે આ મૂર્તિઓ બદલવામાં આવે છે તો તેમને સરસ સુન્દર આકારની બનાવીને કેમ મૂકવામાં નહિ આવતી હોય એવો આપણને સહજ પ્રશ્ન થાય છે. આ સંબંધમાં કાકાસાહેબ કાલેલકર સાથે વાત કરતાં તેમણે કરેલ અનુમાન વિચારવાયોગ્ય એટલું જ નહિ પણ સ્વીકારવાયોગ્ય લાગે છે. આ મૂર્તિઓને આજે કૃષ્ણ, સુભદ્રા અને બલરામના નામે ઓળખવામાં આવે છે, પણ વસ્તુતઃ આ મૂર્તિઓ તેમના મત મુજબ પ્રાગ્‌ઐતિહાસિક કાળની એ સમયે પૂજાતા કોઈ દેવદેવીની હોવી જોઈએ અને આ મૂર્તિઓનું માહાત્મ્ય વધી જતાં તેને મધ્યસ્થાને રાખીને આજે છે તે મંદિર બંધાવવામાં આવ્યું હોય એમ બનવા સંભવિત છે. માણસનો સ્વભાવ પરંપરાપ્રિય છે. એમાં પણ ધાર્મિક બાબતમાં તે ભારે સ્થિતિસુસ્ત હોય છે. મૂળ લાકડાની મૂર્તિઓ એટલે બદલવી તો જોઇએ જ, પણ તેનો આકાર મૂળને સોએ સો ટકા મળતો રહેવો જોઇએ એવો આગ્રહ ઉત્તરોત્તર આ બાજુની પ્રજાએ સેવ્યો હોવો જોઇએ. પરિણામે અન્યત્ર કોઈ પણ મંદિરમાં જોવામાં ન આવે એવી આ મૂર્તિઓનાં રૂપ અને શણગાર સદીઓથી એકસરખાં જળવાતાં રહ્યાં લાગે છે અને મૂળ દેવદેવીઓને ભુલીને લોકો કંઇ કાળથી આ મૂર્તિઓને કૃષ્ણ, સુભદ્રા અને બળરામના નામથી ઓળખતા આવ્યા હોય એમ અનુમાન થાય છે. શ્રીનાથજીની મૂર્તિના વિચિત્ર અને કઢંગા રૂપનો પણ આવો જ કોઇ ખુલાસો કલ્પવામાં આવે છે. પંઢરપુરમાં વીઠોબાની મૂર્તિ મૂળ બુધ્ધની મૂર્તિ હોય એવી સંશોધકોની કલ્પના છે. બદ્રીનાથની મૂર્તિના આકાર અને મૂળ રૂપ વિષે પણ આવી જ કોઈ કલ્પના પ્રવર્તમાન છે.

એવી પણ એક માન્યતા પ્રચલિત છે કે પ્રારંભમાં આ મંદિર બૌધ્ધ ધર્મનું હતું; પછી તે તાંત્રિક ઉપાસનાનું સ્થાન બન્યું. સમયાન્તરે વિષ્ણુમંદિરમાં તે ફેરવાઇ ગયું. આ માન્યતાને ઇતિહાસ સાથે કેટલો સંબંધ છે તે વિષે કશી ચોક્કસ માહિતી નથી. જગન્નાથપુરીના આ મંદિરનું હિંદભરમાં ભારે માહાત્મ્ય છે. રામાનુજ, નાનક, ચૈતન્ય અને વલ્લભાચાર્ય અહિં આવી ગયા છે. કહેવાય છે કે મુસલમાનો પણ આ ભગવાનને પૂજે છે. આંધળી શ્રધ્ધા લાખો માણસોને અહિં ખેંચી લાવે છે અને પંડયાઓને પૈસા આપી પોતપોતાની તાકાત મુજબ ધર્મ ખરીદીને તેઓ પાછા ઘેર જાય છે.

કોનારકમાં તથા ભુવનેશ્વર અને જગન્નાથપુરીનાં મુખ્ય મંદિરોમાં આપણી નૈતિક લાગણીને સખ્ત આઘાત પહોંચાડે તેવાં અશ્લીલ કોતરકામ જ્યાં ત્યાં નજરે પડે છે. ખજુરાના મંદિરમાં પણ આવું જ ખૂબ ભર્યું છે. કળાકારીગીરીની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ નમુનાઓ લેખાય એવાં આ કોતરકામમાં જુદી જુદી રીતે વિષયસંભોગ કરતાં સ્ત્રીપુરૂષનાં મિથુનયુગલો બહુ મોટા પ્રમાણમાં નજરે પડે છે. આ ધર્મસ્થાનોમાં આ બધું કેમ દાખલ થયું, તે પાછળ શું હેતુ હતો તે વિષે અનેક તર્કો કરવામાં આવે છે; પ્રતીતિ ઉપજાવે તેવો કોઈ ખુલાસો મળતો નથી. તાંત્રિક પૂજા જ્યારે દેશમાં ખૂબ ફેલાવો પામી ત્યારે આ બધું મંદિરશિલ્પમાં દાખલ થયું હશે એમ લાગે છે. સમયાંતરે તાંત્રિક પૂજા ગઇ, પણ શિલ્પમાં સંકલિત થઈ ગયેલા અશ્લીલ કોતરકામની પરંપરા એકસરખી ચાલુ રહી, એટલું જ નહિ પણ વધારે વ્યાપક બની; પરિણામે વિષયવાસનાપ્રેરક આવાં બિભત્સ કોતરકામ અહિં ઘણા મોટા પ્રમાણમાં અને અન્યત્ર ઓછા વધતા પ્રમાણમાં આપણે જોઇએ છીએ. શત્રુંજયના મંદિરોમાં પણ કોઇ કોઇ ઠેકાણે ખુણેખાચરે આવું સંભોગ-પરાયણ યુગલ જોવામાં આવે છે. કોઇ પણ મંદિરમાં અગોચર ખુણે પણ આવું સદોષ કાંઈક હોવું જ જોઇએ–સર્વાંગશુધ્ધ મંદિર ઉપર કોઇની માઠી નજર પડે અને એ મંદિર લાંબો વખત ટકે નહિ, આવો વહેમ અથવા તો માન્યતાની પરંપરા પૂર્વકાળના સલાટોમાં હતી અને આજે પણ કેટલાક સલાટો આવી માન્યતા ધરાવે છે.

પ્રાચીન મંદિરોમાં આવું કોતરકામ જોતાં એ વખતની પ્રજાના જીવનની નૈતિકતા કે સદાચારશીલતા વિષે કોઈ એકાન્ત અભિપ્રાય બાંધી લેવો તે ઉચિત નથી, કારણ કે તે સંબંધી બીજી કોઇ વિશેષ માહીતી કે સામગ્રી આપણને ઉપલબ્ધ નથી. મંદિરના મૂળ શિલ્પ સાથે આ બિભત્સતા આરપાર જોડાયલી હોઇને તેનો નાશ કે ઉચ્છેદ કરવાનો વિચાર ઉચિત નથી–કદાચ શક્ય પણ નથી. કારણ કે આ તોડવા જતાં મૂળનો પણ અંશતઃ નાશ થવાનો જ. આજની આપણી નૈતિક દૃષ્ટિ અને પવિત્રતાના ખ્યાલો સાથે આ જરા પણ સંગત નથી એ વાત ચોક્કસ છે. આધુનિક શિલ્પનિર્માણોમાં આવું અશુચિ તત્ત્વ દાખલ થવા ન દઇએ અને એ સિવાયના પ્રાચીન શિલ્પમાં રહેલા અનેક શિશિષ્ટ અંશોની અને કલ્પનાને વેગ આપતા તત્ત્વોની આજના શિલ્પ-નિર્માણમાં સુભગ મેળવણી સાધીને ભૂતકાળની યાદ આપે અને ભૂલાવે એવી ભવ્યતર શિલ્પકૃત્તિઓ આપણે સરજીએ એટલો સાર આપણા માટે પૂરતો છે.

ભૂતકાળના ઇતિહાસને તાજો કરતાં આ ભવ્ય શિલ્પનિર્માણો નજરે નિહાળતાં અમે જાણે કે ભૂતકાળમાં જ થોડો સમય પર્યટણ કર્યું હોય એમ લાગ્યું. કોનારક મંદિર કલિંગના રાજા નરસિંહદેવે ઇ. સ. ૧૨૩૮ થી ૧૨૬૪ના ગાળામાં બંધાવ્યું. જગન્નાથપુરીનું મંદિર ગંગદેવ ચોલા નામના રાજાએ ઈ. સ. ૧૦૮૦ થી ૧૧૪૦ના ગાળામાં બંધાવ્યું. ભુવનેશ્વરનું લિંગરાજ કલિંગના લલાટેન્દ્રે ઈ. સ. ૬૪૦ માં બંધાવ્યું. ઉદયગિરિ–ખંડગિરિ આપણને ઇસ્વીસન પૂર્વની ચાર સદીઓમાં લઈ જાય છે, આમ આ સ્થળોનાં વર્ણન દ્વારા આજથી ૭૦૦ વર્ષ પહેલાના ૧૫૦૦ વર્ષના વિશાળ ઇતિહાસફલક ઉપર આપણે જાણે કે બે ઘડી સ્વૈરવિહાર–સ્વપ્નવિહાર કર્યો. આ સ્થળોનાં દર્શન દ્વારા અમને અપૂર્વ શિલ્પસૌન્દર્યનો પરિચય થયો અને સાથે સાથે અમારું મન ઐતિહાસિક ગૌરવની અનુભૂતિ વડે પરિતૃપ્ત બન્યું.

× × × × ×

ઉપર જણાવ્યા મુજબ માર્ચની ૨૮ મી તારીખે સવારના જગન્નાથપુરીનું મંદિર જોઈ લીધા બાદ સવારના સાડા દશ વાગ્યા લગભગ અમે સર્વોદયનગર પહોંચ્યા; સંમેલન પુરૂ થયું હતું; આગલી રાતથી માણસો વિદાય લઈ રહ્યા હતા; પહેલાંની ભીડ ઓછી થઈ ગઈ હતી. અમે સર્વોદયનગરમાં ફરતા હતા એ દરમિયાન એક મિત્રે ખબર આપી કે ભાઇ મોહનલાલ સોપાનની વિનોબાજી સાથે ચર્ચા ચાલી રહી છે અને ત્યાં એકઠા થયેલા બીજા કેટલાક મિત્રો માફક અમે પણ તેમાં જોડાઇ શકીએ છીએ. આ સાંભળી અમે ત્યાં ગયા. હિંદમાં અમલી બનેલ ફ્રેંગ્રેસ પ્રવર્તિત લોકશાહી કેવી છે અને વિનોબાજી તેમાં કેવા ફેરફારો ઇચ્છે છે અને શોષણવિહીન, શાસનમુક્ત, નિષ્પક્ષ લોકશાહી અને અહિંસક સમાજરચના અંગે તેમના શું ખ્યાલો છે–આ વિષયો ઉપર ચાલી રહેલી ચર્ચા સાંભળવાનું સદ્‌ભાગ્ય અમને સાંપડયું. મારા મનમાં પણ આ જ ધુંવો હતી. કલાકેક એ ચર્ચા ચાલી હશે. તે ઉપરથી હું જે કાંઇ સમજ્યો તેનો સાર આ યાત્રાવર્ણનના પહેલા હપ્તામાં આપ્યો છે. બપોરના ભાગમાં વિનોબાજીને પંદરેક મીનીટ જાતે મળવાનું ભાગ્ય અમારી મંડળીને પ્રાપ્ત થયું. ઘણા પ્રશ્નોની છણાવટ સવારના પ્રસંગ દરમિયાન થઈ ગયેલી હતી, તેથી તેનું પુનરાવર્તન કરવાની કોઇ જરૂર નહોતી. મારે તેમની સાથે જે વાતચિત થઈ તેમાંના બે મુદ્દા અહિં આપવા યોગ્ય ધારૂં છું.

અઠવાડીઆ પહેલાં સવારે વિનોબાજી એક ફ્રેંચ બાઇને લાઇને જગન્નાથજીનાં દર્શન કરવા ગયેલા, પણ ત્યાંના મહન્તે તે ફ્રેન્ચ બાઇને મંદિરમાં દાખલ થવા દેવાની ના કહી એટલે વિનોબાજી પણ દર્શન કર્યા સિવાય પાછા ફર્યા હતા. આ બનાવે ત્યાંના વાતાવરણમાં ક્ષોભ પેદા કર્યો હતો. આજે સવારે હું પણ જગન્નાથજીનું મંદિર જોઈ આવ્યો હતો અને ત્યાંના અશ્લીલ કોતરકામની મારા મન ઉપર તાજી છાપ હતી. આ અનુભવને લક્ષ્યમાં રાખીને મેં વિનોબાજીને પૂછ્યું કે "જગન્નાથજીના મંદિર પ્રવેશને લગતો આપનો અનુભવ આગળ ધરીને આપે ૨૧, ૨૨ અને ૨૩ મીના સાયંકાલીન પ્રવચનોમાં જે કાંઈ કહ્યું તે મેં જાણ્યું તેમ જ સાંભળ્યું. આજ સવારે હું પણ ત્યાં જઇ આવ્યો અને ત્યાંનું અશ્લીલ કોતરકામ જોતાં મને એ વિચાર આવ્યો

કે આવાં મંદિરમાં લોકોને ધર્મોપાસના નિમિત્તે જતા ખરી રીતે અટકાવવા જોઇએ તેને બદલે તેમાં પ્રવેશ કરવાની બાબત ઉપર આપ આટલો બધો આગ્રહ શા માટે ધરતા હશો?" વિનોબાજીએ જવાબ આપ્યો કે "એ મંદિરમાં તમે જણાવો છો તેવા અશ્લીલ કોતરકામની મને કોઇ માહીતી નહોતી. પછીથી એ વિષે મને ટેન્ડનબાબુએ વાત કરી ત્યારે મને તેનો ખ્યાલ આવ્યો અને તે જાણીને હું દુઃખી થયો. પણ મારી સામે પ્રશ્ન અમુક મંદિરમાં શું છે કે શું નથી તે નહોતો. જે કોઈ સ્થળને ભગવાનના મંદિર તરીકે ઓળખાવવામાં આવતું હોય ત્યાં ધર્મોપાસનાના હેતુથી આવવા ઇચ્છતા કોઇ પણ માનવીને અટકાવવો ન જોઇએ. આવી અટકાયત કરવામાં આવે તે સ્થળ ભગવાનનું મંદિર ન કહેવાય."

ત્યાર પછી મેં એક બીજો પ્રશ્ન પૂછ્યો કે "આપનાં પ્રવચનોમાં આપ પૌરાણિક દૃષ્ટાન્તોનો અને સાંપ્રદાયિક પરિભાષાનો ખૂબ ઉપયોગ કરો છો, જે traditional mind–પરંપરાપ્રિય માનસનું સૂચક છે. બીજી બાજુએ આપ આખા સમાજમાં પાયાની ક્રાન્તિ લાવવા માંગો છો અને રૂઢ માનસની કાયાપલટ કરવા ઉમેદ રાખો છો. જો આપનો આ હેતુ હોય તો આપની પરિભાષા પણ મૌલિક હોવી જોઇએ. જુનાં દૃષ્ટાન્તો અને જુની પરિભાષાથી જુનવાણી વૃત્તિ જ સુદૃઢ થાય છે એમ આપને નથી લાગતું?" તેમણે જવાબ આપ્યો કે "અલ્પમત્ત માત્ર સામાજિક નહિ પણ માનસિક ક્રાન્તિ નિર્માણ કરવી એ અવશ્ય મારૂં ધ્યેય છે. સમાજને હું જરૂર નવાં મૂલ્યો શિખવવા માંગું છું, પણ આમ જનતા સાથે કામ લેવામાં નવા વિચારો રજુ કરવા માટે નવા શબ્દોનું આયોજન કરવાને બદલે જુના શબ્દો કે જેથી તેઓ સુપરિચિત હોય છે તેમાં નવા અર્થો ભરવાનું અને પૌરાણિક કથાઓને પણ નવું interpretation–નિરૂપણ આપીને તે દ્વારા લોકોને નવી દૃષ્ટિ તરફ લઈ જવાનું હું વધારે પસંદ કરૂં છું. આખરે આપણે ભૂતકાળને કદિ ભૂંસી શકવાના નથી. તેમાંથી પ્રેરણાનો લાભ લઇને આપણે આગળ વધવાનું છે. તે સંસ્કારને નવી ચેતના આપવાની જરૂર છે અને તે રીતે જ લોકોને હંમેશા નવી દિશાએ લઇ જવાનો પ્રયત્ન થતો આવ્યો છે. દા. ત. 'યજ્ઞ' શબ્દનો મૂળ અર્થ અમુક પ્રકારનો ક્રિયાકાંડ થતો હતો અને તે માટે પારવિનાની હિંસા પણ થતી હતી. આજે એ શબ્દનો અર્થ પરાર્થે સ્વનું અર્પણ એ સર્વત્ર સ્વીકારાઈ ચુક્યો છે અને એ દ્વારા આપણે જે ભાવનું સૂચન કરીએ છીએ તેવું સૂચન અન્ય કોઈ શબ્દથી આપણે કરી નહિં શકીએ. 'અહિંસા' શબ્દ પણ આજે આ રીતે વધારે ને વધારે અર્થઘન થઈ રહ્યો છે. નવા શબ્દો કે પરભાષાના શબ્દો આ કામ આપી નહિ શકે." બીજી કેટલીક વાતો સાથે અમારૂં મીલન પૂરૂં થયું.

અપૂર્ણ

પરમાનંદ

# ભારત અને રશિયા વચ્ચેનું ઐતિહાસિક સંયુકત નિવેદન

( ભારતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ અને રશિયાના વડા પ્રધાન માર્શલ બલ્ગેનીને તા. ૨૨-૬-૫૫ ના રોજ જે ઐતિહાસિક સંયુકત નિવેદન ઉપર સહી કરી છે, તે નીચે અક્ષરશઃ આપવામાં આવ્યું છે. જે પંચશીલના સિધ્ધાન્તોનો ભારત અને ચીન વચ્ચેની સમજુતીમાં સ્વીકાર કરવામાં આવ્યો હતો, જેનો થોડા વખત પહેલાં ઇન્ડોનેશીઆમાં આવેલ બાંડુંગ ખાતે મળેલી અનેક રાષ્ટ્રોની પરિષદે લગભગ સ્વીકાર કર્યો હતો તેનો આ નિવેદનમાં પણ સંપૂર્ણપણે સ્વીકાર કરવામાં આવ્યો છે. આ પંચશીલના સિધ્ધાન્તો આ મુજબ છે. (૧) Mutual respect for each other's territorial integerity–બન્ને પૈકી પ્રત્યેક દેશની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વ માટે આદરભાવ, (૨) Non-agression–અનાક્રમણ (૩) Non-interference in each other's internal affairs for any reasons of an economic political or ideological character–આર્થિક, રાજકીય કે ભાવનાત્મક અથવા આદર્શલક્ષી કોઈ પણ કારણસર એક બીજાની આન્તરિક બાબતમાં દરમિયાનગીરી ન કરવી. (૪) Equality and mutual benefit–સમાનતા તથા પરસ્પર લાભ (૫) Peaceful Co-existence–શાન્તિભર્યું સહઅસ્તિત્વ. ત્રીજું વિશ્વયુધ્ધ દુનિયાના માથે તોળાઈ રહેલું હતું એવી છેલ્લા પાંચ વર્ષની કટોકટીમાંથી પંડિત નેહરૂના ભવ્ય પ્રયાસના પરિણામે દુનિયા ધીમે ધીમે ઉંચે આવી રહી છે. વિશ્વને યુધ્ધના ભયમાંથી મુકત કરવાની અને સ્થિર પાયા ઉપર શાન્તિની સ્થાપના કરવાની જે અદ્‌ભુત સાધના પંડિત નહેરૂ કરી રહ્યા છે, તેમાં ભારત અને રશિયા વચ્ચેનું આ સંયુકત નિવેદન એક ભારે આવકારદાયક સીમાચિહ્ન લેખાશે. આ દૃષ્ટિપૂર્વક નીચેનું નિવેદન પ્રબુધ્ધ જીવનના વાંચકો વાંચે અને તેના હાર્દને યથાસ્વરૂપે ગ્રહણ કરે એવી અપેક્ષા છે.

પરમાનંદ )

રશિયન સરકારના આમંત્રણથી ભારતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ સોવિયેટ સંઘની મુલાકાત લીધી. તેઓ મોસ્કોમાં રહ્યા એ દરમિયાન એમણે સોવિયેટ સંઘના વડા પ્રધાન માર્શલ બલ્ગેનીન અને સોવિયેટ સરકારના બીજા સભ્યો સાથે કેટલીક મંત્રણાઓ કરી હતી. આ મંત્રણાઓ મૈત્રીભર્યા અને ઐખલાસભર્યા વાતાવરણમાં યોજાઈ હતી. બંને દેશોને સ્પર્શતી પરસ્પરના હિતની બાબતો અને આંતરરાષ્ટ્રીય હિતના વ્યાપક પ્રશ્નો તેમજ વર્તમાન વિશ્વસ્થિતિમાંથી ઉપસ્થિત થતી વિચારણાઓ જેવી ઘણી બાબતોને આ મંત્રણાઓમાં આવરી લેવામાં આવી હતી. સોવિયેટ સંઘ અને ભારતના સંબંધો મૈત્રી તેમજ પરસ્પર સમાજદારીના સુખદ, મજબૂત પાયા પર સ્થપાયેલા છે.

## પાંચ સિધ્ધાંતો

વડા પ્રધાનો એવા નિર્ણય પર આવ્યા છે કે આ સંબંધો નીચેના સિદ્ધાંતોને આધારે ચાલુ રહેશે.

(૧) એક બીજાની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વનો પરસ્પર સ્વીકાર, (૨) અનાક્રમણ, (૩) આર્થિક, રાજકીય કે વિચારસરણીને લગતા કોઈ કારણો માટે એક બીજાની કોઈ આંતરીક બાબતોમાં બીનદરમ્યાનગીરી, (૪) સમાનતા અને પારસ્પરિક લાભ અને (૫) શાંતિમય સહઅસ્તિત્વ. બંને વડા પ્રધાનોને એ બાબત પ્રતીતિ થઈ છે કે આ સિધ્ધાંતો જેને હમણાં હમણાં વધુ પ્રમાણમાં માન્યતા મળી રહી છે એનો વ્યાપક અમલ થઇ શકે તેમ છે અને બધાં રાષ્ટ્રો પરસ્પરના સંબંધોમાં આ સિધ્ધાંતોનું પાલન કરે તો એને લીધે એ રાષ્ટ્રોનાં મનમાંથી ભય અને અવિશ્વાસનો અંત આવવાની તેમજ એ રીતે વિશ્વતંગદિલી ઘટવાની મહાન આશા રહે છે.

## નાનાં રાષ્ટ્રોનો ભય

આ સિદ્ધાંતો વ્યાપક રીતે સ્વીકારાતાં શાંતિનો વિસ્તાર વિકસશે, રાષ્ટ્રોમાં એકબીજા વિશે વિશ્વાસ સ્થપાશે અને વધુ આંતરરાષ્ટ્રીય સહકાર માટે માર્ગ મોકળો બનશે. આ રીતે સર્જાયેલા શાંતિભર્યા વાતાવરણમાં મંત્રણા અને સમાધાનની પદ્ધતિઓ દ્વારા આંતરરાષ્ટ્રીય પ્રશ્નોના શાંતિમય ઉકેલ સાધવાનું શકય બનશે.

બંને વડા પ્રધાનો એ હકીકત સ્વીકારે છે કે વિશ્વના જુદા જુદા ભાગમાં નાનાં રાષ્ટ્ર મોટા રાષ્ટ્રોનો અનિશ્ચિત અને સંભવતઃ નિરર્થક ભય સેવી રહ્યા છે. આ ભયનું શકય તેટલા સઘળા માર્ગે નિવારણ કરવામાં આવે એ આવશ્યક છે એમ વડા પ્રધાનોને લાગે છે. અહીં પણ ઉપર રજુ કરવામાં આવેલ સહઅસ્તિત્વના સિદ્ધાંતને અચળપણે વળગી રહેવામાં આવે એમાં જ એનો શ્રેષ્ઠ ઇલાજ રહેલો છે.

## બાંડુંગ પરિષદ

ગયા એપ્રિલમાં બાન્ડુંગ ખાતે મળેલી એશિયન–આફ્રિકન પરિષદનાં પરિણામોને બંને વડા પ્રધાનો વધાવી લે છે. આ પરિષદ ઐતિહાસીક મહત્વની હતી, કેમકે બે ખંડોના ભિન્ન રાજકીય અને સામાજીક પદ્ધતિઓવાળા સ્વતંત્ર રાષ્ટ્રો સંપૂર્ણ આર્થિક, સાંસ્કૃતિક તેમજ રાજકીય સહકાર સાધવાના માર્ગો અને સાધનો વિચારવાના સમાન હેતુથી મળ્યા હોય એવો આ પ્રથમ પ્રસંગ જ હતો. પરિષદનાં પરિણામો નોંધપાત્ર છે અને એમાં ભાગ લેનાર દેશો પૂરતું જ નહિ પણ વિશ્વશાંતિના સર્વ સામાન્ય કાર્યો માટે એનું ઉંડું મહત્વ છે. વડા પ્રધાનો ખાસ કરીને પરિષદે સ્વીકારેલ વિશ્વશાંતિ અને સહકાર માટેનું ઘોષણાપત્ર જેમાં શાંતિમય સહઅસ્તિત્વના સિદ્ધાંતને સમજાવવામાં અને સમાવવામાં આવેલ છે એને વખાણવાયોગ્ય ગણે છે.

## વિશ્વ-તંગદિલી

બન્ને વડા પ્રધાનો એ હકીકતની નોંધ લે છે કે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં સામાન્ય સુધારો થયો હોવાનાં ચિન્હો દેખાય છે. ખાસ કરીને દૂરપૂર્વમાં ઘટેલી તંગદિલીને, ઑસ્ટ્રીઆને મળેલી સ્વતંત્રતાને, સોવિયેટ સંઘ અને યુગોસ્લેવીયા વચ્ચે સુધરેલા સંબંધોને, અણુયુગમાં યુદ્ધના રહેલા ભયની સર્વ સ્થળે દેખાતી વધુ ઊંડી સમજણને બને વડા પ્રધાનો આવકારે છે. આમ છતાંયે ઘણા મોટા પ્રદેશોમાં હજુ રાષ્ટ્રો અને માનવીઓના મન પર ભય અને શંકાનું સામ્રાજ્ય છે અને એથી આંતરરાષ્ટ્રીય સંબંધો બગડે છે. દૂરપૂર્વમાં તંગદિલીનાં કારણો મોજૂદ છે.

## ચીનને યુનો. માં લો

બન્ને વડા પ્રધાનો ઉત્કટપણે એવી આશા રાખે છે કે તાઈવાન (ફોર્મોસા) સંબંધમાં ચીનના પ્રજાસત્તાકના કાયદેસરનાં હકોને શાંતીમય સાધનો વડે સંતોષી શકાશે. સાથે સાથે તેઓ દૂરપૂર્વમાં અને બીજા સ્થળોએ ઘણી મુશ્કેલીઓનું મૂળ પ્રજાસત્તાક ચીનને યુનોના સભ્ય બનવાની સતત ના પાડવામા રહેલું છે એવા પોતાના મતનું ભારપૂર્વક પુનરુચ્ચારણ કરવા માંગે છે. તેઓ માને છે કે યુનોમાં પ્રજાસત્તાક ચીનને તેનું યોગ્ય સ્થાન અપાવું જ જોઇએ અને તો યુનોની સત્તા અને ગૌરવ વધશે. તેઓને એમ પણ લાગે છે કે યુનોના મતપત્ર અનુસાર જે રાજ્યો યુનોના સભ્ય બનવાની લાયકાત ધરાવતાં હોય તે બધાને યુનોના સભ્ય બનાવવાં જોઇએ.

## હિંદી-ચીન

હિંદી ચીનમાંના ત્રણ આંતરરાષ્ટ્રીય પંચના બે પ્રમુખોમાંના એક પ્રમુખ આપનારા દેશ તરીકે સોવીયેટ સંઘે જીનીવા કરારોના અમલ-સંબંધમાં પોતાને શિરે ખાસ જવાબદારી લીધી છે. આંતરરાષ્ટ્રીય અથડામણોનો ઉકેલ લાવવા માટે વાટાઘાટોની પદ્ધતીનો ઉપયોગ કરવા સંબંધમાં આ કરારોએ એક ઉત્તમ દૃષ્ટાંત પુરું પાડયું છે અને આ કરારોના વાસ્તવીક અમલમાં જે ગણનાપાત્ર સિદ્ધિ મળી છે તે વાટાઘાટોની પદ્ધતિનું સાચું મહત્વ પુરવાર કરે છે.

આથી બન્ને વડા પ્રધાનોએ હિંદી ચીનમાંની પરિસ્થિતિ સંબંધમાં ખાસ કાળજીભરી વિચારણા ચલાવી હતી. પ્રસંગોપાત્ત ગંભીર પ્રકારની મુશ્કેલીઓ ઉભી થવા છતાં એકંદર રીતે આ કરારોનો અમલ અત્યાર સુધી તો સંતોષકારક રીતે થતો આવ્યો છે. આ કરારોના અમલની પ્રગતી હવે કંઇક પ્રમાણમાં ભયમાં આવી પડી છે અને નવી તથા અણધારી ઘટનાઓએ કેટલાક અવરોધો પણ ઉભા કર્યા છે.

આમ બન્ને વડા પ્રધાનો આગ્રહપૂર્વક એમ જાહેર કરવા માગે છે અને સંબંધ ધરાવતી બધી સરકારોને ભારપૂર્વક વિનંતી કરે છે કે તેઓ પોતાની જવાબદારીઓ સંપૂર્ણપણે અદા કરવા માટે પોતાના શ્રેષ્ઠ પ્રયાસો કરે જેથી આ કરારોના હેતુઓ સંપૂર્ણપણે સીદ્ધ થઈ શકે. ખાસ કરીને તેઓ ભારપૂર્વક વિનંતી કરે છે કે જ્યાં રાજકીય સમાધાનની પૂર્વપ્રથમ જરૂરીઆત તરીકે ચૂંટણીઓ કરવાનું જરૂરી હોય ત્યાં તે સરકારો આ કરારોની જોગવાઇઓનો પૂરેપૂરો અમલ કરવા માટે પોતાનાથી શક્ય તેટલા બધા જ પ્રયાસો કરે.

રાષ્ટ્રોને ઊંડી ચિંતામાં નાખી દેનાર આંતરરાષ્ટ્રીય પ્રશ્નો પૈકી કોઈ પણ પ્રશ્ન નિઃશસ્ત્રીકરણના પ્રશ્ન કરતાં વધારે મહત્વનો નથી અથવા યુદ્ધ કે શાંતિની બાબત અંગે વધારે ગંભીર પરિણામોથી સંકળાયેલો નથી. અત્યારે નવાં નવાં શસ્ત્રો, પરંપરાથી વપરાતાં આવતાં શસ્ત્રો તેમજ અણુશસ્ત્રોની જમાવટ કરવાની જે વલણ જણાય છે તેણે રાષ્ટ્રોની અંદર પ્રવર્તતી ભય અને શંકાની લાગણીને વધારી મૂકી છે અને રાષ્ટ્રીય સાધનસંપતિનો વાજબી હેતુસર ઉપયોગ થવો જોઇએ–દા. ત. પ્રજાની ઉન્નતિ માટે થવો જોઇએ તેને બદલે જુદી જ દિશામાં ઉપયોગ થઇ રહ્યો છે, વડા પ્રધાનો એમ માને છે કે યુદ્ધ માટેનાં અણુશસ્ત્રો તેમજ થર્મોન્યુક્લીઅર શસ્ત્રોના ઉત્પાદન, પ્રયોગો અને ઉપયોગ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવાના માર્ગમાં કોઈ બાબતને અથવા મુદ્દાને વચ્ચે આવવા દેવો જોઇએ નહીં. તે સાથે વડા પ્રધાનો એમ માને છે કે પરંપરાથી વપરાતાં આવતાં શસ્ત્રોમાં પણ સાથોસાથ સારો જેવો ઘટાડો થવો જોઇએ અને શસ્ત્રોના ઉત્પાદન તેમજ ઉપયોગ પર અસરકારક આંતરરાષ્ટ્રીય અંકુશ મુકાવો જોઇએ, એટલું જ નહી પણ, એ અંકુશ ચાલુ રહેવો જોઇએ. આ સંબંધમાં આવા નિઃશસ્ત્રીકરણ અને પ્રતિબંધનો અમલ કરવા માટે તાજેતરમાં નિઃશસ્ત્રીકરણ અંગે સોવીએટ તરફથી જે દરખાસ્તો કરવામાં આવી હતી તે શાંતિની સ્થાપનામાં સહર ફાળો આપનાર તરીકે સ્વીકારવામાં આવી હતી.

## સિધ્ધાન્તોને ટેકો મળે તો–

વડા પ્રધાનો માને છે કે નિવેદનમાં સ્પષ્ટ કરવામાં આવેલા પાંચ સિધ્ધાન્તોને ટેકો મળતાં ભારત અને રશિયા વચ્ચે સાંસ્કૃતિક, આર્થિક તેમજ ટેકનિકલ સહકાર નિર્માણ થવા સંબંધમાં પૂરતો અવકાશ રહેશે. દરેક દેશ પોતાની બુદ્ધિ, પ્રણાલી અને વાતાવરણથી ઘડાયેલી તંત્રપદ્ધતિને અનુસરે છે એ હકીકત જોતાં આ પ્રકારના સહકારને કોઇ અવરોધ નડવો ન જોઇએ.

અલબત્ત સાચું સહઅસ્તિત્વ જેમાં બંને વડા પ્રધાનોને ઊંડી શ્રધ્ધા છે તેનું સત્ત્વ એ છે કે ભિન્ન ભિન્ન સામાજિક માળખાં ધરાવતાં રાજ્યો શાંતિપૂર્વક અને સંવાદપૂર્વક સાથોસાથ હસ્તી ધરાવી શકે અને થોડાક વખત પૂર્વે કરવામાં આવેલા વેપારી કરારની મદદથી પરસ્પરના સમાન શ્રેય માટે કાર્ય પણ કરી શકે. સાંસ્કૃતિક અને આર્થિક ક્ષેત્રોની અંદર બંને દેશ વચ્ચે સહકારની દૃષ્ટિએ સારો જેવો વિકાસ થયો છે. ભારતમાં સોવીએટ સહકારની મદદથી એક પોલાદનો પ્લાન્ટ નિર્માણ કરવા સબંધમાં જે કરાર થયો છે તે આ પ્રકારના સહકારનું એક નોંધપાત્ર ઉદાહરણ છે.

બન્ને વડા પ્રધાનો આ પ્રકારના સહકારથી અરસપરસ થતા લાભને લક્ષમાં રાખીને આર્થિક તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રો તેમજ વૈજ્ઞાનિક અને ટેકનીકલ સંશોધનને લાગેવળગે છે ત્યાં સુધી બન્ને દેશો વચ્ચેના સંબંધો મજબુત કરવાની કોશીશ કરશે. બંન્ને વડા પ્રધાનોને રૂબરૂ ચર્ચા કરવાની અને પરસ્પરનાં હિતને લગતી બાબતો અંગે વિચારોની આપલે કરવાની જે તક મળી છે તેથી તેમને સંતોષ થયો છે અને એવો વિશ્વાસ રાખે છે કે પોતાની મંત્રણાને પરિણામે બન્ને દેશ વચ્ચેના મૈત્રીભર્યા સંબંધો વધુ મજબુત બનશે અને વિકસશે તેમજ વિશ્વશાંતિ સ્થાપવામાં ઉપકારક બનશે.

# પ્રકીર્ણ નોંધ

### સ્વ. દુર્ગાબહેન મહાદેવભાઇ દેસાઇ

સદ્‌ગત મહાદેવભાઈનાં જીવનસહચરી શ્રી દુર્ગાબહેને તા. ૨૦ મી જુનની રાત્રે અચાનક હૃદય બંધ પડતાં દેહ છોડયો. દુર્ગાબહેન મહાદેવભાઇનાં સહતપસ્વિની હતાં. અને આ તપસ્યા કેટલી આકરી હતી તે મહાદેવભાઈની જીવનકારકીર્દીને જે જાણતા હોય તેને સહેજે ખ્યાલમાં આવે તેમ છે. મહાદેવભાઇને તેમણે પૂરેપૂરો સાથ આપેલો એટલું જ નહિ પણ તેમણે પોતે પણ અનેક સેવાકાર્યોમાં ભાગ લીધેલો. આ કાર્યની શરૂઆત ૧૯૧૮ થી થાય છે જ્યારે ચંપારણમાં ગાંધીજીએ સેવાશ્રમો ખોલેલા અને ત્યાં પહોંચેલી આશ્રમની અનેક બહેનોમાં દુર્ગાબહેન પણ જોડાયા હતાં. ત્યાર બાદ મહાદેવભાઇ સાબરમતીમાં હતા ત્યારે ત્યાં અને ગાંધીજી જોડે વર્ધા અને સેવાગ્રામ ગયા ત્યારે ત્યાં દુર્ગાબહેન આશ્રમ જીવનમાં ઓતપ્રોત થઇને રહેલાં. મહીનાઓના મહીનાઓ સુધી તેમને કેટલીયવાર મહાદેવભાઈથી છુટા રહેવું પડેલું. ૧૯૪૨-માં મહાદેવભાઈ તેમનાથી દૂર પૂનાના આગાખાન મહેલમાં પરલોક સીધાવ્યા. અને તેમના નસીબે વસમો વિયોગ આવ્યો જે એકના એક પુત્ર ચિ. નારાયણને લઇને તેમણે ધૈર્યપૂર્વક જીરવ્યો. દુર્ગાબહેન ગાંધીયુગની સતીસાધ્વીઓમાનાં એક હતાં. હિંદ સ્વરાજ્યનો પાયો દુર્ગાબહેન જેવી બહાદુર બહેનોના તપદ્વારા ગાંધીજીએ નાંખ્યો હતો. દુર્ગાબહેને માત્ર મહાદેવભાઈની જ નહિ પણ મહાદેવભાઇના જીવનધ્યેયની અનુપમ ઉપાસના કરીને પોતાના જીવનને સફળ કર્યું છે અને ભારતની નારી સમાજને એક ઉત્તમ અનુકરણીય દૃષ્ટાન્ત પુરું પાડયું છે. વળી ભાઈ

નારાયણ જેવો એક ભવ્ય રાષ્ટ્રસેવક આપીને મહાદેવભાઈ સાથેનો જીવનસહચાર તેમણે ચરિતાર્થ કર્યો છે. ભાઇ નારાયણને આપણ સર્વની આ વિષમ પ્રસંગે ઉંડા દિલની સહાનુભૂતિ હો ! દુર્ગાબહેનના પવિત્ર આત્માને આપણાં અનેક વન્દન હો !

### સ્વ. શેઠ મોહોલાલ મગનલાલ

તા. ૧૪-૬-૫૫ ના રોજ નીપજેલ શેઠ મોહોલાલ મગનલાલના અકાળ અવસાનથી જૈન સમાજે એક ઉદાર દિલના શ્રીમાન સજ્જનને ગુમાવેલ છે. તેઓ એક બાહોશ વ્યાપારી હતા અને નવસારી બીલીમોરા વગેરે ચાર મીલોના તેઓ સેલીંગ એજન્ટ તરીકે વર્ષોથી કામ કરતા હતા. તેમની ઉદારતા વડે અનેક જૈન-ખાસ કરીને શ્વે. મૂ. વિભાગની-સંસ્થાઓ સારી રીતે દ્રવ્યસીંચિત બની હતી. ચિતોડ ખાતે તેમણે પોતે જ 'શ્રી કેસરીયાજી જૈન ગુરૂકુળ' નામની સંસ્થા ઉભી કરી હતી. પાલીતાણાના જૈન ગુરૂકુળના તેઓ પ્રમુખ હતા અને તે સંસ્થાને સારી સખાવત વડે તેમણે નવાજી હતી. અને સાર્વજનિક કાર્યો તરફ પણ તેમણે પોતાનો ઉદાર હાથ લંબાવ્યો હતો. જૈન ધર્મ વિષે તેઓ ઊંડી શ્રધ્ધા ધરાવતા હતા અને અનેક ધાર્મિક ક્રિયાકાંડમાં પણ તેઓ સારો ફાળો આપતા હતા, તેઓ સ્વભાવે સૌમ્ય અને પ્રસન્ન હતા. કોઈ પણ સારા કામ માટે જાઓ અને પોતાથી બનતું કરવા તેઓ સદા તત્પર રહેતા, સુન્દર આકૃતિ અને મધુર વાણી વડે તેમનું સૌજન્ય શોભતું હતુ. અનેક જૈન સંસ્થાઓના તેઓ આધારભૂત સ્તંભ હતા. પોતાની પાછળ પત્ની અને બાળકોનું બહોળું કુટુંબ તેઓ મૂકી ગયા છે. તેમના કુટુંબીજનો પ્રત્યે જૈન સમાજ ઉંડી સહાનુભૂતિ અનુભવે છે, તેમના આત્માને પરમ શાન્તિ ઇચ્છે છે.

### હરિજન મંદિર પ્રવેશ અને જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ

તા. ૧૯-૬-૫૫ ના રોજ મળેલી જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સની સ્થાયી સમિતિએ શત્રુંજયમાં હરિજન પ્રવેશ અંગે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ કર્યો છે:—

"તા. ૨૬-૩-૫૫ ના રોજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ શત્રુંજય મંદિર પ્રવેશ અંગે જે જાહેરાત કરી છે તેનું આ કૉન્ફરન્સ અનુમોદન કરે છે."

આવું અનુમોદન આપવા માટે જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સને ધન્યવાદ ઘટે છે. આવી જવાબદાર સંસ્થાના અનુમોદનને લીધે પ્રસ્તુત જાહેરાતને સવિશેષ સમર્થન મળ્યું છે અને હવે શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં આ જાહેરાત સામેનો વિરોધ લગભગ નામશેષ થઈ ગયો છે, એમ માનવાને આપણે પ્રેરાઈએ છીએ.

આ પ્રસંગે આજથી આઠેક વર્ષ પહેલાંના એ દિવસો યાદ આવે છે કે આ જ કૉન્ફરન્સની સ્થાયી સમિતિએ મુંબઈ સરકાર તરફથી રજુ થયેલા હરિજન મંદિર પ્રવેશ ધારાનો સખ્ત વિરોધ કર્યો હતો અને આખી સમિતિ સામે માત્ર મારા એકના ભાગે આ ધારાનું સમર્થન કરવાનું આવ્યું હતું. આજે સ્થિતિચુસ્તોના શિરોમણિ લેખાતા એવા શ્રી જીવતલાલ પરતાપસીએ પણ સ્થાયી સમિતિની આ સભામાં ઉપરના ઠરાવને ટેકો આપ્યો છે અને કશા પણ વિરોધી સૂર કે ઉદ્‌ગાર સિવાય આ ઠરાવ સર્વાનુમતે પસાર થવા પામ્યો છે. આખરે કાળ બળવાન છે અને જે ગઈ કાલે શક્ય ન લાગતું હોય તે આજે શક્ય બને છે એ પણ કાળની જ એક લીલા છે !

### બાલદીક્ષા અને આચાર્ય તુલસી

જૈન જગત્‌ના જુન માસના અંકમાં આચાર્ય તુલસી સાથે ગાઢ સંપર્ક ધરાવતા શ્રી રિષભદાસ રાંકા દીક્ષાના પ્રશ્ન સંબંધમાં આચાર્ય તુલસીનાં મન્તવ્યો નીચે મુજબ રજુ કરે છે:—

"તેઓ અયોગ્ય દીક્ષાની સખ્ત વિરુદ્ધ છે. શિષ્યના લોભથી કોઇને બહેકાવીને કે લાલચ આપીને જે દીક્ષા આપવામાં આવે છે તે અયોગ્ય છે. એવી દીક્ષા અપાવી જ ન જોઇએ અને ગમે તે સાધુ કોઇને પોતાનો શિષ્ય બનાવી લે તે પણ ઠીક નથી, પણ યોગ્ય અધિકારીને જ પાત્ર જાણીને દીક્ષા અપાવી જોઇએ. કોઈ સાધુ શિષ્યના મોહથી અયોગ્ય દીક્ષા આપતો હોય તો શ્રાવકોએ તેનો વિરોધ કરવો જોઇએ. એવી દીક્ષા અપાવી જ ન જોઇએ. પણ કાનુનથી દીક્ષા રોકવી તે ઉચિત નથી. એક રીતે ધર્મ માટે તેમ જ સાધુઓને માટે શરમાવનારી વાત છે. ઉપર સંબંધમાં તેમનું કહેવું છે કે બાલદીક્ષા આજે ઉચિત ગણવામાં આવતી નથી, પણ સાચા વૈરાગ્ય માટે ઉમરની મર્યાદા બાંધવી ઉચિત નથી. પણ દીક્ષા દેવાવાળાએ સમયને ઓળખીને જનતાની ભાવનાનો ખ્યાલ રાખવો ઘટે. તેઓ આ વિષયમાં જનમાનસનો ખ્યાલ રાખે જ છે."

નિરૂપણમાં વિશાળતા પણ વિચારોમાં સંકીર્ણતા એ આચાર્ય તુલસીની ખાસ વિશેષતા છે. દાન દયા કે સમાજસેવાના સંબંધે પણ તેમને સાંભળો તો પ્રથમ દર્શને એમ જ લાગે કે દાન દયા કે સમાજસેવાના તેઓ વિરોધી નહિ પણ સમર્થક છે. પણ જરા ઉંડાણથી તેમને ચકાસો તો તરત જ માલુમ પડે કે આત્મિક ધર્મ અને લૌકિક ધર્મ એવા બે કૃત્રિમ ભેદનું ઓહું ઉભું કરીને તેઓ આપણે જેને દાન દયા કે સમાજસેવા તરીકે ઓળખવામાં અને સન્માનવામાં આવે છે તેનો સ્પષ્ટપણે વિરોધ કરે છે. આવી જ રીતે ઉપરનું નિવેદન વાંચતાં પ્રથમ દર્શને એવી છાપ ઉઠે છે, કે તેઓ દીક્ષાના આજે અયોગ્ય લેખાતા બધા પ્રકારના વિરોધી છે પણ એ જ નિવેદનને ઝીણવટથી વિચારતાં આપણને માલુમ પડે છે કે બાલદીક્ષા ન જ થવી જોઇએ અને તે અટકાવવા માટે કોઇ કાનુની વ્યવસ્થા ઉભી થવી જ જોઇએ—આવો આજનો બહુજનસ્વીકૃત અભિપ્રાય તેમને બીલકુલ સંમત નથી. નિવેદન એવું ગોળમટોળ છે કે તેમાંથી બાલદીક્ષાનો વિરોધ પણ દેખાય અને સમર્થન પણ દેખાય. દા. ત. એ નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે "ઉમર સંબંધમાં તેમનું કહેવું છે કે બાલદીક્ષા આજે ઉચિત ગણવામાં આવતી નથી, પણ સાચા વૈરાગ્ય માટે ઉમરની મર્યાદા ઉચિત નથી. પણ દીક્ષા દેવાવાળાએ સમયને ઓળખીને જનતાની ભાવનાનો ખ્યાલ રાખવો ઘટે." આ પણ-પણ-અને પણવાળા કેવળ પરસ્પર વિરોધી વિધાનો છે. આમ જણાવીને શ્રી રિષભદાસ રાંકા આચાર્ય તુલસીને સર્ટીફીકેટ આપે છે કે " તેઓ આ વિષયમાં જનમાનસનો ખ્યાલ રાખે જ છે." આ વાંચીને વળી જરૂર કોઈ એમ માનવા પ્રેરાય કે આચાર્ય તુલસી જનમાનસનો ખ્યાલ રાખીને બાલકોની બીલકુલ દીક્ષા આપતા નહિ હોય. પણ વસ્તુસ્થિતિ કમનસીબે આથી ઉલટી છે.

### બાલદીક્ષાના સમર્થનમાં એક વિચિત્ર દલીલ

જ્યારથી શ્રી પ્રભુદાસ પટવારીએ મુંબઈની વિધાનસભામાં બાલદીક્ષા અટકાયતને લગતું બીલ રજુ કર્યું છે ત્યારથી તેરાપંથી સંપ્રદાયના મુખપત્ર 'જૈન ભારતી' માં એ બીલનો અનેક રીતે વિરોધ કરતા લેખો ચાલુ પ્રગટ થઈ રહ્યા છે. આ લેખોમાં કરવામાં આવતી એક વિચિત્ર દલીલ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. અને તે આ મુજબ છે. જેવી રીતે આજે બાળકોને ભિન્ન ભિન્ન પ્રકારે શિક્ષા આપવામાં આવે છે તેમ કોઇ પણ બાળકને નાનપણથી પાંચ મહાવ્રતની શિક્ષા અને તાલીમ આપવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેમાં ખોટું શું ? આ કાચી સમજના લોકોને છેતરવા માટેની દલીલ છે. પાંચ મહાવ્રતની કોઇને પણ શિક્ષા કે તાલીમ આપવામાં આવે તેનો કોઇને વાંધો છે જ નહિ, પણ શિક્ષા કે તાલીમ આપવી એ એક વાત છે અને કોઇ બાળકની મૂઢ અવસ્થાનો લાભ લેવો અને ચોકકસ પ્રકારની જીવનપધ્ધતિથી તેને આજીવન બાંધી લેવો તે તદ્દન જુદી વાત છે. બાલદીક્ષા એ કેવળ શિક્ષા કે તાલીમ નથી પણ ગમાર બાળકના આખા જીવનને જકડી લેવાની અમાનુષી પ્રથા છે. અને આ બુરી પ્રથાનો બળવાન લોકઅભિપ્રાય વડે તેમ જ કાયદા કાનુનથી સત્વર અન્ત આણવો ઘટે છે. **પરમાનંદ**

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

સામાન્યતઃ શ્વે. મૂ. વિભાગ અને સ્થાનકવાસી વિભાગના પર્યુષણ મોટા ભાગે એક એક દિવસના ફેરફારપૂર્વક સમાન દિવસોમાં આવતા હતા. આ વખતે બે ભાદ્રપદ છે તેમાં પહેલો ભાદ્રપદ અધિકમાસ લેખાનાર છે. પ્રત્યેક સંપ્રદાયની રૂઢિ મુજબ સ્થાનકવાસી સંપ્રદાયના પર્યુષણ શ્રાવણ અને અધિક ભાદ્રપદની સંધિમાં આવે છે; શ્વે. મૂ. વિભાગના પર્યુષણ ઉભય ભાદ્રપદની સંધિમાં આવે છે. આ પરિસ્થિતિમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા ક્યારે ગોઠવવી એ પ્રશ્ન તા. ૧૦-૬-૫૫ ના રોજ મળેલી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભામાં નિર્ણય માટે રજુ થતા, તે વ્યાખ્યાનમાળા ઉભય ભાદ્રપદની સંધિના ગાળામાં એટલે કે તા. ૧૩ મી સપ્ટેમ્બરથી ૨૦ મી સપ્ટેમ્બર સુધીના આઠ દિવસો દરમિયાન ગોઠવવી એમ નિર્ણય કરવામાં આવ્યો છે.

મંત્રીઓ : **મુંબઇ જૈન યુવક સંઘ**

# લેખક-મિલન ઉપર ઉડતી નજર

(વડોદરા ખાતે જુન માસની ૧૧ મી તથા ૧૨ મી તારીખે મળેલા લેખક-મિલનનાં કેટલાંક સ્મરણો નીચેના લેખમાં આપવામાં આવ્યા છે. **તંત્રી**)

લેખક-મિલનમાં લેખક-લેખક તથા લેખક-વાંચક-વિવેચકો બધાંને નિકટ પરિચય અને વિચાર વિનિમય થાય એવું સ્નેહભર્યું ને આડંબર વિનાનું વતાવરણ લાગ્યું. કેટલીક ચર્ચાઓ સહુ કોઇ માટે ખુલ્લી હોવાથી સામાન્યમાં સામાન્ય માણસને પણ પોતાના વિચારો વ્યકત કરવાનો ખૂબ અવકાશ હતો. આને લીધે વાંચકવર્ગના તેમજ ગ્રંથાગાર પાલકોના કેટલાક સારા વિચારો જાણવા મળ્યા, જ્યારે કેટલાકની તદ્દન નકામી વાતોએ પણ વખત લીધો.

ચાર ચર્ચાસભાઓમાં થયેલાં ભાષણો રસથી સાંભળ્યાં પણ પરિણામ તારવવા જતાં એવું લાગ્યું કે આમાંનું માત્ર ચોથા ભાગનું જ કંઇકે તથ્ય છે. બાકીનું કાં તો વિષયાંતર ને કાં તો પુનરાવર્તન છે. દરેક વકતા આગલા વકતાના મુદ્દાઓ ફરીથી રજુ કરે ત્યારે કંટાળો આવે. વળી શ્રી અંબાલાલ પુરાણી ને શ્રી સુન્દરમ્ ગમે તે વિષયમાં શ્રી અરવિન્દનું તત્વજ્ઞાન ગોઠવવા પ્રયત્ન કરતા હતા તે બહુ અનુચિત લાગતું હતું. સુન્દરમ્‌નું કેટલુંક કહેવાનું ખૂબ સરસ પણ હતું. છતાં 'મારૂં પ્રિય પાત્ર' એ ચર્ચામાં તે તદ્દન નિષ્ફળ ગયેલા. શ્રી અરવિંદની એક અંગ્રેજી વાર્તામાં કૃષ્ણના અવતાર સમા એક બાળકને-શ્યામ-સુંદરને-એમણે પ્રિય પાત્ર ગણ્યું, પણ એમની ચમત્કારોવાળી કથા (કે જે આજના બુદ્ધિપ્રધાન વર્ગને જરાય આકર્ષે નહીં) લગભગ અડધો કલાક ચાલી અને ખૂબ કંટાળાજનક થઇ. એમાં જ એટલો સમય ગયો કે એ પાત્ર શા માટે પ્રિય છે તે કહેવાનો કોઇ અવકાશ જ ન રહ્યો.

એ ચર્ચાસભામાં આકર્ષે એવું વકતવ્ય માત્ર જ્યોતિન્દ્ર દવે ને કંઇકે અંશે બકુલ ત્રિપાઠીનું હતું. ઇશ્વર પેટલીકરનું ઠીક ને રસપ્રદ હતું. જ્યોતિન્દ્ર દવે એમના જરા ચવાઇ ગયેલા humour-વિનોદ ને બદલે આ વખતે નવો ને જરા બુદ્ધિશાળી humour-વિનોદ-લાવેલા. એના ઊંડાણમાં કંઇક ગાંભીર્ય હતું. શ્રીમતી હીરાબહેન પાઠક વિષયને બરોબર વળગેલા, રજુઆત સારી હતી, પણ એમના કે વિનોદિની નિલકંઠના પ્રવચનમાં નવીનતા નહોતી, એટલે આકર્ષક ન થયાં. રાજેન્દ્ર શાહ ને 'દર્શક' ગેરહાજર હતા, એટલે એમનું 'દર્શન' જ ન થયું.

ત્રણ ચર્ચાસભાઓ (૧) છેલ્લા બે વર્ષનું સાહિત્ય, (૨) સાહિત્યનું મુલ્યાંકન (૩) 'બેંતાળીશ પછીનાં પરિબળો' પર હતી. બધાનો પ્રધાન સૂર અત્યારના સાહિત્ય પર નિરાશાજનક હતો. નિરંજન ભગત ને ચુનીલાલ મડિઆ તો વધુ પડતા નિરાશાવાદી ને ટીકાકારી લાગ્યા. મને છેક એવું લાગતું નથી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું પ્રવચન ખૂબ ચિન્તનીય ને ગંભીર લાગ્યું. એ ઘણું સારૂં બોલ્યા. પાઠક સાહેબ સાહિત્યના મૂલ્યાંકન પર ખૂબ અભ્યાસ ધરાવે છે, છતાં એમનું પ્રવચન કંઇ નવીનતાવાળું કે અપેક્ષા પૂરી પાડે એવું ન લાગ્યું. એમના એક બે મુદ્દા ઠીક હતા. પ્રો. ભટ્ટના કહેવા મુજબ આપણા સાહિત્યકારો યુગના પરિબળોને ઝીલી શકતાં નથી. આ સાચું છે. મને લાગે છે કે આપણું સાહિત્ય હજી આરામખુરશીમાંથી જ લખાય છે, ત્યાં સુધી એમાં જીવનના ધબકાર નથી આવવાના. ભાષાને અલંકારો ચડાવાય છે, પણ આત્મા સમૃદ્ધ નહીં થાય ત્યાં સુધી ઉત્તમ કૃતિઓ કેમ સર્જાય?

કિસનસિંહ ચાવડાની "અમાસના તારા" ને ચંદ્રવદન મહેતાની "બાંધ ગઠરિયા" ખૂબજ વખણાઇ.

નવાઇ તો એ લાગી કે સાહિત્યની આટલી બધી ચર્ચા થઇ, પણ ગાંધી સાહિત્યની નવી કૃતિઓનો ઉલ્લેખ સુદ્ધાં ન થયો. "મહાદેવ ડાયરી" ને પારિતોષિક મળ્યું તો પણ આ આરામપ્રિય સાહિત્યકારો એને યાદ કરવી પણ ભૂલી ગયાં! આ જ બતાવે છે કે એમનાં જીવન એમનાં લખાણોથી ને દેશથી કેટલાં દૂર છે! ધરણીની ધૂળ સ્પર્શે નહીં ત્યાં સુધી એમાં વિશેષ સ્પર્શ નહીં આવે. વિનોબાજીની જીવનના ઊંડા તત્વજ્ઞાનને સ્પર્શતી ને સ્વભાવના ઉદ્દાન્ત તત્વો દેખાડતી ભૂદાનક્રાંતિની તો ચિનગારી પણ એમને લાગી નથી. આ પરિસ્થિતિ દુઃખદાયક છે.

પ્રારંભમાં શ્રીમતી હંસાબહેન મહેતા અને સાહિત્યના મૂલ્યાંકન અંગે શ્રી ઉમાશંકર જોષી શું બોલ્યા તે પર નહી લખી શકું, કારણ કે અમે બહાર ગયાં ને રસ્તો ભૂલ્યા એટલે મોડાં પડયાં હતાં.

કાકાસાહેબે મુખ્ય મહેમાન તરીકે કેટલીક નવી વાતો કરેલી. સમાજ પલટાય છે, નવાં મૂલ્યો સ્થપાય છે, જીવન-પરિવર્તન થઇ રહ્યું છે. એ બધું જો સાહિત્યકાર નહીં પીછાણે ને પોતાનામાં નહીં ઉતારે તો એ પાંગળો થઇ જશે આ એમનો મુખ્ય સુર હતો. કાકાસાહેબનું વ્યકિતત્વ માત્ર સાહિત્યમાં નહીં પણ વિવિધ ક્ષેત્રોમાં વિકસ્યું છે તે એમના પ્રવચનમાં પ્રતિપાદિત થયું. એમણે દરેક સાહિત્યકાર સંસ્કૃત શીખે એ વાત પર પણ ઠીક ને ઉચિત ભાર મૂકયો. એમના કેટલાક મુદ્દા સારા હતા, પણ એ સાથે સાહિત્ય કરતાં સર્વોદય પર વધુ મહત્વ મૂકાતું હતું એ જરા અનુચિત લાગ્યું.

આ સભામાં મરાઠી સુપ્રસિધ્ધ કવિ બોરકરે એમના 'મહાત્માયાન' ના કાવ્યમય શ્લોકો સુંદર કંઠે સંભળાવ્યા. એમણે મધુર રીતે પોતાનું વાતાવરણ સર્જી દીધેલું.

રાતના રેડિયો કવિ-સંમેલનમાં કેટલીક કૃતિઓ સારી હતી. મનસુખલાલ ઝવેરીની જીંદગીને ગણિતના દાખલા સાથે સરખાવતી કલ્પના ખૂબ નવીન હતી. પિનાકિન ઠાકોરની ગઝલો ને નિરંજન ભગતના સોનેટો સારાં હતાં. ચંદ્રવદન મહેતાનું નબળું ને મન વગર રજુ થયેલું કાવ્ય નકામું લાગ્યું. સુંદરમ્‌નું એક કાવ્ય ન ગમ્યું. બીજું "પુષ્પ થૈ આવીશ..." સારૂં હતું. શ્રી પાઠક અને શ્રી ઉમાશંકર પણ સામાન્ય લાગ્યાં. એટલે કવિ-સંમેલન સંતોષકારક ન થયું. ઉશનસ્ ઠીક હતા, પણ વિશેષ નહીં.

આ કરતાં સંમેલનના નિવાસસ્થાનમાં થયેલાં કેટલાક તદ્દન અનૌપચારિક કાવ્યગાન-સમારંભો ખૂબ આનંદજનક થયા. એમાં કવિઓને બહુ નિરાંતે સાંભળવા મળ્યા. ચર્ચા ને વાતો પણ સરસ થઇ.

આમ લેખક મિલનની વિધવિધ છાપ લઇને ખૂબ આનંદ છતાં કંઇક અસંતોષ સાથે અમે પાછાં ફર્યાં, જો કે બીજા લેખક-મિલનમાં ફરીથી આવવાનું આકર્ષણ તો રહ્યું જ.

**ગીતા પરીખ**


## સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કીંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।=

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે

કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।=

## પ્રબુદ્ધ જૈન તથા પ્રબુદ્ધ જીવનની ફાઇલો

કીંમત રૂા. ૬, પોસ્ટેજ ૦।≡

## ઋષભદેવ-ચરિત્ર ચિત્રાવલિ અંક

કીંમત રૂા. ૦।, પોસ્ટેજ ૦⅂

પ્રાપ્તિસ્થાન:

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.


## વિષય સૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| જૈન-હિંદુ વિષે એક વિચિત્ર વિચારણા | પરમાનંદ | ૩૯ |
| હિંદુ લગ્નનો નવો કાયદો | કેશવલાલ શાહ | ૪૦ |
| મારી યાત્રા | પરમાનંદ | ૪૨ |
| ભારત અને રશિયા વચ્ચેનું ઐતિહાસિક સંયુકત નિવેદન | | ૪૫ |
| **પ્રકીર્ણ નોંધ:** | પરમાનંદ | ૪૬ |
| સ્વ. દુર્ગાબ્હેન મહાદેવભાઇ દેસાઇ. સ્વ. શેઠ મોહોલાલ મગનલાલ, હરિજન મંદિર પ્રવેશ અને જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ, બાલદીક્ષા અને આચાર્ય તુલસી, બાલદીક્ષાના સમર્થનમાં એક વિચિત્ર દલીલ. | | |
| લેખક-મિલન ઉપર ઉડતી નજર | ગીતા પરીખ | ૪૮ |


મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઇ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪-પ્ર. જીવન વર્ષ ૩
અંક ૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઈ ૧૫, ૧૯૫૫, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## મારી યાત્રા

### કલકત્તા

(ગતાંકથી ચાલુ)

રાત્રીના પુરીથી નીકળીને અમે ૨૯મીની સવારે કલકત્તા પહોંચ્યા. કલકત્તા આ વખતે ૧૯ વર્ષના ગાળે નવું આવ્યું. એ ગાળા દરમિયાન મુંબઈ માફક કલકત્તા પણ વસ્તીના ભરાવાથી ખૂબ ફૂલેલું ફુલેલું હતું. કલકત્તા વિષે ઘણા લોકો ઘણું જાણે છે તેથી તેના વિસ્તૃત વર્ણનની કોઈ ખાસ ઉપયોગીતા નથી. માત્ર બેલુર મઠમાં ઉભું કરવામાં આવેલ શ્રી રામકૃષ્ણ પરમહંસનું ભવ્ય દેવાલય કે જે મેં આ વખતે પહેલીવાર જોયું તેનો થોડોક ખ્યાલ આપવાનું પ્રલોભન થઇ આવે છે.

### શ્રી રામકૃષ્ણનું મંદિર

અમે પહોંચ્યા તે દિવસ સાંજના સમયે અમે દક્ષિણેશ્વર ગયા. આ એ સ્થળ કે જ્યાં શ્રી રામકૃષ્ણ પરમહંસ રહેતા હતા અને જ્યાંના કાળી મંદિરના તેઓ પુજારી હતા. દક્ષિણેશ્વર હુગલી નદીના–શહેર બાજુના–કિનારે છે; સામેના કિનારે બેલુર મઠ છે જ્યાં રામકૃષ્ણ મીશનનું કાર્યાલય અને આશ્રમ છે. દક્ષિણેશ્વરથી બેલુર મઠ પહોંચ્યા ત્યારે સૂર્ય પોતાની રક્ષતા સંકેલી રહ્યો હતો અને સંધ્યા પોતાની નમણી છાયા ભૂતળ ઉપર પાથરી રહી હતી. બેલુર મઠમાં અમે દાખલ થયા અને એક ભવ્ય મંદિર સમીપ આવીને ઉભા. એક અમેરિકન બાઇએ આ મંદિર બંધાવવા માટે રામકૃષ્ણ મીશનને સાત લાખ રૂપિયા આપ્યા હતા. આ મંદિર બંધાયાને આજે લગભગ ૧૯ વર્ષ થવાઆવ્યા છે. જાણે કે દેવ-વિમાન ન હોય એવું આ ભવ્ય મંદિર ભારતીય સ્થાપત્યના પ્રત્યેક અંશને એક યા બીજી રીતે મૂર્તિમન્ત કરી રહ્યું છે. હિંદી કલાના એક વિવેચક જણાવે છે કે "આપણે તે મંદિરના પ્રવેશદ્વાર આગળ ઉભા રહીએ છીએ અને અંદરનાહૉલમાં દાખલ થઇએ છીએ ત્યારે કોઈ પ્રાચીન ગુફામાં આવેલા પુરાણા બૌદ્ધ મંદિરમાં આપણે દાખલ થતા હોઇએ એવી લાગણી અનુભવીએ છીએ. બારીઓ અને અનેક કમાનોવાળા ઝરૂખાઓ રાજપુત અને મોગલ સ્થાપત્યની યાદ આપે છે. વિશાળ હૉલ અથવા તો ઉપાસનામંડપ કે જ્યાં લોકો ભક્તિ ઉપાસના માટે એકઠા થાય છે તે જોતાં ખ્રીસ્તી ચર્ચનું સ્મરણ થાય છે. ગર્ભ-મંદિર ઉપરનું શિખર અને આસપાસના ઘુમટો બંગાળાના એક હિંદુ મંદિરને મળતા આવે છે." આખું મંદિર ચુનાર પથ્થરનું બનાવેલ છે. પૌર્વાત્ય સ્થાપત્યના અનેક અંશોનો અહિં આપણને સુભગ સમન્વય જોવા મળે છે.

આ મંદિર કુલ ૨૩૩ ફુટ લાંબું છે. હોલ અથવા ઉપાસના મંડપની લંબાઇ ૧૫૨, પહોળાઇ ૭૨ અને ઉંચાઈ ૪૮ ફુટ છે. અંદરના સમચોરસ ગર્ભમંદિરની લંબાઈ પહોળાઈ ૧૦૯ ફુટ અને ઉંચાઇ ૧૧૨ ફુટ છે. ઉપાસના મંડપના ભૂમિતલ ઉપર સુન્દર ચકચકિત સંગેમરમરની તખ્તીઓ બેસાડેલી છે. આ મંડપની બન્ને બાજુએ રૂપાળા દળદાર અને બૌધ્ધ મંદિરમાં હોય છે તેવા ઘાટના થાંભલાઓની હારમાળા આવેલી છે અને તે મંડપની ભવ્યતામાં કોઈ જુદો જ વધારો કરે છે. ઉપાસના મંડપમાં આગળ ચાલતાં આપણે ગભમંદિર સમીપ પહોંચીએ છીએ. આ ગર્ભમંદિર વિશાળ અને સુપ્રકાશિત છે. કમલાસન ઉપર બેઠેલા એવા શ્રી. રામકૃષ્ણ પરમહંસની આરસપ્રતિમા મધ્યમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. મૂર્તિનું દર્શન કરતાં આપણું દિલ ભક્તિપ્રણુત બને છે, આપણી આંખો આપુણ્યપુરૂષને અનિમેષ ભાવે જોયા કરે છે, અને ઊંડી પ્રસન્નતા અનુભવે છે. આ મંદિરમાં આગળ પાછળ ઉપર નીચે સર્વ બાજુએ અમે ફરી વળ્યા અને તેનું



બેલુર મઠમાં આવેલું રામકૃષ્ણ મંદિર

ડીઝાઇન, પ્લાનીંગ જોઇને અમે અત્યન્ત મુગ્ધ બન્યાં. તેનું આયોજન કરનાર કુશળ સ્થપતિને અમે અન્તરથી ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા. જેટલું મંદિર આકર્ષક છે એટલી જ પરમહંસની મૂર્તિ આકર્ષક છે. એક સ્થાપત્યનો તો અન્ય શિલ્પકળાનો અત્યુત્તમ નમુનો છે. મંદિર ભવ્યતાને મૂર્તિમન્ત કરે છે; મૂર્તિ ત્યાગ, વૈરાગ્ય, પવિત્રતા, દિવ્યતા, બાલોચિત નિર્મળતાને મૂર્તિમન્ત કરે છે. મંદિરની સાયંકાલીન પ્રાર્થના આરતિ ઉપાસના સાંભળીને અન્તર્મુખતા અનુભવતા રાત્રીના અમે અમારા નિવાસસ્થાને પાછા ફર્યા.

## બાબુ બદ્રીદાસજીનું જૈન મંદિર

બીજે દિવસે બાબુ બદ્રીદાસજીએ બંધાવેલ સુપ્રસિદ્ધ જૈન મંદિર અમે જોવા ગયા. આ મંદિર તો પહેલાં પણ મેં અનેકવાર જોયેલું. આજથી લગભગ પચાસ વર્ષ પહેલાં બાબુ બદ્રીદાસનું નામ હિંદના એક નામી ઝવેરી તરીકે મશહુર હતું. તેમણે પુષ્કળ દ્રવ્ય ખરચીને આ મંદિર અરધી સદી પહેલાં બંધાવ્યું છે. તેની અંદર કાચ અને મીણાકારીનું ભારે અજાયબી પમાડે તેવું પુષ્કળ કામ કરવામાં આવ્યું છે. શિખરો ઉપર પણ મીણાકારી કામ ચમકે છે. મંદિરને પોતાની દૃષ્ટિ પ્રમાણે સુશોભિત બનાવવા પાછળ દ્રવ્ય ખરચતાં તેમણે પાછું વાળીને જોયું નથી. આજે કમનશીબે એ મંદિરની ભીતો તથા થાંભલા ઉપરનું કાચ અને મીણાકારી કામ ખરવા માંડયું છે; જે એક વખત ઝાકઝમાળ લાગતું હતું તેમાં આજે ઝાંખપ આવવા લાગી છે. કોઇ કોઈ ઠેકાણે પોપડા ઉખડવા માંડયાં છે. આજે તેનું સમારકામ કરવા માટે દ્રવ્ય નથી; દ્રવ્ય હોય તો પણ મૂળ સાથે એકરૂપ લાગે એવું સમારકામ કરવું શકય નથી. કેટલેક ઠેકાણે ખરી પડેલા ભાગ ઉપર સાદું ચુનાનું પ્લાસ્ટર જોતાં ચિન્ત ગ્લાનિ અનુભવે છે.

બદ્રીદાસ બાબુએ આ મંદિર પાછળ એટલા જ પૈસા ખરચ્યા હશે જેટલા ઉપર જણાવેલ શ્રી રામકૃષ્ણના મંદિર પાછળ ખરચવામાં આવ્યા છે. પણ રામકૃષ્ણના મંદિરના આયોજકોમાં જે એક વિશિષ્ટ દૃષ્ટિ જોવામાં આવે છે એ બાબુ બદ્રીદાસજીમાં નહોતી એમ સખેદ કહેવું પડે છે. રામકૃષ્ણ પરમહંસનું મંદિર નીતાન્ત નકકર પથ્થરનું હોઇને કંઇ કાળ સુધી એક સરખું એવું ને એવું જ ટકી રહેવાનું એમાં કોઈ શક નથી, જ્યારે બદ્રીદાસજીના મંદિરની બીજા પચ્ચાસ વર્ષના ગાળામાં શું સ્થિતિ હશે એ જ એક પ્રશ્ન છે. જોનારની આંખોને ઝાકઝમાળથી આંજી દેવી અને વિશાળ જનસમાજ સમક્ષ જૈન સમાજની જાહોજલાલીનું પ્રદર્શન કરવું—આવી જ કોઈ ભાવના બદ્રીદાસજીના મંદિરની સમગ્ર રચના પાછળ રહેલી હોય એવો આપણને ભાસ થાય છે, જ્યારે ભવ્યતા સાથે સાદાઇનું સુસંવાદી મીશ્રણ કરવું એવી ભાવના રામકૃષ્ણ પરમહંસના મંદિરની યોજના પાછળ આપણે અનુભવીએ છીએ. આ બન્ને મંદિરો જોતાં આવા ચિત્રવિચિત્ર પ્રત્યાઘાતો આપણા મન ઉપર પડે છે.

## શ્રી રામકૃષ્ણની ઉપાસનાવિધિ

રામકૃષ્ણ મીશન વિષે વિસ્તારથી લખવાને અહિં અવકાશ નથી. પણ તેના અનુસંધાનમાં શ્રી રામકૃષ્ણની જે રીતની ઉપાસના આજે ચાલે છે તે વિષે એક વિચાર મનમાં કેટલાક સમયથી ઘોળાતો રહ્યો છે તે અહિં રજુ કરવા મન થઈ આવે છે. શ્રી રામકૃષ્ણનું આ મંદિર બનાવ્યું અને તેમાં તેમની મૂર્તિની સ્થાપના કરી—એ બધું સમજી શકાય તેવી વાત છે, કારણ કે જે વ્યકિતવિશેષ માટે સામુદાયિક આદર હોય અને ભકિતભાવ હોય તેની મૂર્તિ બનાવવામાં આવે અને તેનું મંદિર ઉભું કરવામાં આવે એ માનવ સ્વભાવને સર્વથા અનુરૂપ છે. પણ તેમને ભગવાન તરીકે સ્વીકારીને તેમની આસપાસ એક પ્રકારનો વૈષ્ણવી ક્રિયાકાંડ ઉભો કરવામાં આવ્યો છે—તેમની આરતી ઉતરે, ભોગ ધરવામાં આવે, ચરણામૃત આપવામાં આવે, પ્રસાદ વહેંચવામાં આવે, શયન માટે એક બાજુએ નાનો સરખો પલંગ અને તે ઉપર ગાદી તકીયા બિછાવવામાં આવે—આ બધું શ્રી રામકૃષ્ણની—તેમણે સાધેલા સર્વ ધર્મ સમભાવની—આપણા મનમાં જે કલ્પના છે તે સાથે એકદમ વિસંવાદી લાગે છે. જેમના જીવન ચરિત્રની વિગતો જાણીને રોમે રોમાં જેવો પશ્ચિમનો એક પ્રમુખ જીવનદૃષ્ટા વિસ્મયમુગ્ધ અને આદરપ્લુત બન્યો હતો તે આજે જીવન્ત હોય અને શ્રી. રામકૃષ્ણની આ પ્રકારની ચાલી રહેલી ઉપાસના નજરે નિહાળે તો તેમને કેવો આઘાત લાગે ? શ્રી રામકૃષ્ણ એક એવા સન્તપુરૂષ હતા કે જેમને જોઇને જાણીને માત્ર હિંદુઓ જ નહિ પણ અનેક મુસલમાનો ક્રીસ્તીઓ તેમજ બૌધ્ધો પણ આજે આદર ઉંડો ભકિતભાવ અનુભવે છે. આ જ પુરૂષની મૂર્તિ આસાપાસ આવો વૈષ્ણવી ઠાઠ ઉભો કરીને રામકૃષ્ણ મીશનના સંચાલકોએ બહુજન સમાજ અને શ્રી રામકૃષ્ણ વચ્ચે એક દીવાલ ઉભી કરી છે. આ મીશન કેવળ માનવ સેવાના ધ્યેય ઉપર ઉભું કરવામાં આવ્યું છે અને તે દિશાએ આ મીશને દેશભરમાં પુષ્કળ કાર્ય પણ કર્યું છે. આવા મીશનમાં સેવાલક્ષી અનેક યુવાનો હિંદુ, મુસલમાન કે ક્રીસ્તી—વિના સંકોચે મુકત મને જોડાય એ ઇચ્છવા યોગ્ય છે. પણ આવી રીતે જે જોડાવા ઇચ્છે તેણે આ ઉપાસનાનો પ્રકાર સ્વીકારવો જ રહ્યો. શ્રી રામકૃષ્ણની મૂર્તિ આસપાસ આવી પૂજા અને પ્રક્રિયા ઉભી કરીને મીશને પોતાનું દ્વાર વિના કારણ અત્યન્ત મર્યાદિત બનાવ્યું છે. મુંબઇ બાજુએ ખારમાં રામકૃષ્ણ આશ્રમ છે. ત્યાં કેટલાએક સમય પહેલાં હું ગયેલો અને આ બધું જોઇને મેં પ્રતિકુલ આઘાત અનુભવેલો. ત્યાંના રહેતા એક સ્વામીજીને મેં આ વિષે પ્રશ્ન પણ કરેલો અને આમજનતાને આવું ગમે છે—તેઓ આશ્રમ પ્રત્યે આકર્ષાય તે હેતુથી આ ક્રિયાકાંડ ચલાવવામાં આવે છે એમ તેમણે મને જવાબ આપેલો. આથી મને સંતોષ થયો નહોતો. આવું લોકોને ગમે છે માત્ર એ ખ્યાલથી પ્રેરાઇને શ્રી રામકૃષ્ણની કલ્પના અને મીશનની ભાવનાનો જે સાથે કશો મેળ નથી એવું આ બધું કેમ ચાલવા દેવાય ? એ જ માનસિક આઘાત એ જ બાબતનું અહિં વિસ્તૃત સ્વરૂપ જોતાં વધારે સુદૃઢ થયો. અલબત્ત જ્યાં મૂર્તિ ત્યાં ક્રિયાકાંડ આવે જ છે; પણ આધુનિક સમયના આ સન્ત પુરૂષની મૂર્તિને આ ક્રિયાકાંડથી બચાવી શકાઈ હોત તો કેવું સારૂ થાત એવું સંવેદન આજે પણ મન તીવ્રપણે અનુભવે છે.

## દાર્જીલીંગ તરફ

મુંબઇથી આટલે દૂર વારેઘડિયે અવાતું નથી. અહિં સુધી આવ્યા છીએ તો દાર્જીલીંગ પણ જોઇ આવીએ. આ વિચાર અમો સહપ્રવાસીઓના દિલમાં ઉદ્‌ભવ્યો અને તે મુજબ નિર્ણય થતાં અમે એપ્રીલ માસની પહેલી તારીખે સવારે સાડાદશ વાગ્યે ઉપડતી ટ્રેનમાં દાર્જીલીંગ જવા ઉપડયા. પાકીસ્તાનનું નિર્માણ થયા પહેલાં કલકત્તાથી ટ્રેનમાં રાત્રે બેસીએ અને સવારે સીલીગુરી કે જ્યાંથી પહાડી ટ્રેન શરૂ થાય છે ત્યાં પહોંચીએ એવી સગવડ હતી. પાકીસ્તાન ઉભું થયા બાદ એ રસ્તો બંધ થયો અને ભારતીય સીમાની અંદર રહીને સીલીગુરી પહોંચાય એવો લાંબો રસ્તો યોજવો પડયો. એ ઉપરાંત સાહેબગંજ જંકશનથી ચારેક માઈલ દૂર શકરીગલી ઘાટ નામના સ્ટેશને ઉતરવાનું, ગંગા ઓળંગવાની અને પાંચ છ માઈલ ઉપરવાસ સામા કીનારે મણિયારી ઘાટ ઉતરીને ત્યાં ઉભેલી ટ્રેનમાં બેસવાનું—આમ સામાન્ય પ્રવાસીઓની દૃષ્ટિએ એક નવી વિટંબણા ઉભી થઈ છે. આ અગવડને લીધે ખરચનો જેમને પ્રશ્ન નથી હોતો તેઓ મોટે ભાગે કલકત્તાથી એરોપ્લેનમાં જાય છે અને દાર્જીલીંગની તળેટી આગળ ઉતરે છે અને મોટરમાં બેસીને દાર્જીલીંગ પહોંચી જાય છે. અમે રેલ્વે માર્ગની આ અગવડને ઉલટી સગવડરૂપ લેખી અને તે આ રીતે કે મોટા ભાગનો પ્રવાસ દિવસના કરવાનો હોઇને બંગાળાના એ પ્રદેશો નજરે જોવા મળશે અને એથી પણ વિશેષ ગંગાજીમાં નાના સરખા જળવિહારનો અપૂર્વ લાભ મળશે. આમ અન્યને જે કંટાળારૂપ લાગે છે તે અમારા માટે આનંદ અને ઉલ્લાસ વધારનારૂં થઈ પડયું.

કલકત્તા છોડયું અને ગરમી વધવા લાગી. વાતાવરણ ઉપર ઉનાળાનું પ્રભુત્વ જામતું જતું હતું. ઉષ્ણ હવામાન વચ્ચે અમારી ટ્રેન ઉત્તરપ્રદેશ તરફ આગળ વધી રહી હતી. પ્રારંભનો ભૂમિપ્રદેશ મોટા ભાગે સપાટ હતો. મધ્યાકાશ વટાવીને સૂર્ય પશ્ચિમાકાશ તરફ ધીમે ધીમે ઉતરી રહ્યો હતો. ગરમી ઠીક ઠીક અકળાવતી હતી. સમય જતાં તાપનું

એ ઉપરાંત પત્ની નીચેનાં કારણસર છૂટા છેડા માંગી શકે છે:

લગ્ન પછી પતિ બળાત્કાર, અકુદરતી સંબંધ કે પાશવતા માટે ગુનેહગાર છે.

આ કાયદા નીચે પુરૂષ તથા સ્ત્રીને બીજા બે હકકો આપવામાં આવે છે.

(૧) લગ્નના હકક પુરા કરવાનો દાવો કરવાનો.

(૨) કાયદેસર છુટા રહેવાનો દાવો કરવાનો.

પતિ કે પત્ની બ્યાજબી કારણ વિના અન્યની સાથે ન રહેતાં હોય તો બન્ને પક્ષ લગ્નના હકક પુરા કરવાનો દાવો કરી શકે છે. બ્યાજબી કારણ શું તેની વ્યાખ્યા કાયદાએ કરી નથી, પણ તે દરેક કેસના ગુણદોષ ઉપર આધાર રાખે છે.

તદુપરાંત આ કાયદા નીચે એક પક્ષકાર બીજા પક્ષથી કાયદેસર રીતે અલગ રહેવા માટે દાવો કરી શકે છે. છૂટા છેડા માટેના ૧ થી ૮ નંબરમાંના કોઇપણ કારણસર આ દાવો થઈ શકે છે અગર તો લગ્નના હકક પુરા કરવાના હુકમનામાનો અમલ કરવામાં નિષ્ફળ જાય તો પણ આ દાવો કરી શકે છે.

આ કાયદા નીચેનો દાવો જે કોર્ટની હકુમતમાં લગ્ન થયાં હોય ત્યાં, અગર તો બન્ને છેલ્લાં પતિપત્ની તરીકે રહ્યાં હોય ત્યાં થઈ શકે છે. તે ઉપરાંત જે કોર્ટના વિસ્તારની પત્ની રહેવાસી હોય ને જ્યાં છેલ્લાં ત્રણ વર્ષથી રહેતી હોય તે કોર્ટમાં પણ છૂટા છેડાનો કે લગ્ન રદ કરવાનો દાવો થઇ શકે છે.

ભરણપોષણ તથા બાળકોનાં કબજા અંગે કોર્ટને બ્યાજબી હુકમો કરવાની સત્તા છે. આ કાયદા નીચે છૂટા છેડાની અરજી લગ્નના ત્રણ વર્ષની અંદર થઈ શકતી નથી, સિવાય કે અસાધારણ સંયોગોમાં અદાલત તેમ કરવાની રજા આપે. જીલ્લામાં ડીસ્ટ્રીકટ કોર્ટમાં તથા જ્યાં સીટી સીવીલ કોર્ટ હોય ત્યાં એ કોર્ટમાં આ કાયદા નીચે દાવો થઇ શકે છે. છૂટા છેડા લીધા પછી એક વર્ષ સુધી બંન્નેમાંથી કોઈ ફરી લગ્ન કરી શકતા નથી.

આ કાયદામાં એક વિશિષ્ટ કલમ છે અને તે છે સંમતિથી છૂટા છેડા લેવાની. તે મુજબ બન્ને પક્ષકારો અદાલતને અરજી રજુ કરે કે તેઓ બંને એક વર્ષથી છૂટા અલગ રહે છે અને હવે સાથે રહી શકે તેમ નથી ને તેથી છૂટા છેડા કરવા માંગે છે. આ અરજી રજુ કર્યા પછી એક વર્ષનો સમય વીતી ગયા પછી અને બે વર્ષ પહેલાં તેઓ ઇચ્છે તો અદાલત તેમને છૂટા છેડાનું હુકમનામું કરી આપે છે.

### હિંદુ કાયદો અને આ કાયદો

(૧) હિંદુ લગ્ન ધારો હિંદુ, બૌદ્ધ, જૈન, શિખ વગેરેને લાગુ પડે છે; આ કાયદા નીચે કોઈ પણ કોમ કે ધર્મની વ્યકિત સાથે લગ્ન કરી શકે છે.

(૨) હિંદુ લગ્ન ધારામાં સંમતિથી છૂટા છેડાની જોગવાઇ નથી.

(૩) આ ધારા નીચે ૧૮ વર્ષની નીચેની સ્ત્રી અને ૨૧ વર્ષની નીચેનો પુરૂષ લગ્ન કરી શકતો નથી; હિંદુ કાયદામાં તે મર્યાદા અનુક્રમે ૧૫ અને ૧૮ ની છે. પણ સ્ત્રી ૧૮ વર્ષ નીચે હોય તો વાલીની સંમતિ હોવી જોઇએ.

(૪) આ કાયદા નીચે પ્રતિબંધિત સગા કોણ કહેવાય તેની યાદી છે. હિંદુ કાયદા નીચે પ્રતિબંધિત સગાની યાદી અલગ છે. તે ઉપરાંત સપિંડ સગાઈ હોય તો લગ્ન ન થઈ શકે તેવી હિંદુ કાયદામાં જોગવાઈ છે.

(૫) છૂટા છેડાનાં કારણોમાં તજી દેવાનું કારણ હિંદુ કાયદા નીચે નથી, તેમ જ સાત વર્ષની સજા થઇ હોય તો છૂટાછેડા મળી શકે એવું કારણ પણ હિંદુ લગ્ન ધારા નીચે નથી.

(૬) આ કાયદા નીચે બીજી પત્ની થઈ શકતી જ નથી. એક પત્ની હોય તો બીજું લગ્ન ગુન્હો છે અને ગેરકાયદેસર છે. હિંદુ લગ્ન ધારા નીચે તે કાયદો અમલમાં આવ્યાં પહેલાં બે પત્નીઓ હોય તો એક પત્ની છૂટા છેડા માંગી શકે છે.

(૭) હિંદુ લગ્ન ધારા નીચે સ્ત્રી પાસેથી પણ પુરૂષ ભરણપોષણ માંગી શકે છે.

**કેશવલાલ એમ. શાહ**

# પ્રકીર્ણ નોંધ

### જવાહરલાલનો દિગ્વિજય

હિંદના મહાઅમાત્ય શ્રી જવાહરલાલ નહેરૂ યુરોપનો ઐતિહાસિક પ્રવાસ પુરો કરીને આ બારમી તારીખે પાછા ફર્યા છે. પૂર્વકાળમાં દરેક શકિતશાળી સમ્રાટ દિગ્વિજય કરવા નીકળતો અને શસ્ત્ર-પ્રભુત્વનાં જોરે આસપાસના અનેક દેશો તાબે કરીને ચક્રવર્તીપદને ધારણ કરતો. આ રીતે અશોક અને ખારવેલનાં નામો પ્રાચીન ઇતિહાસમાં બહુ જાણીતાં છે. સીકંદરે પણ આવો જ દિગ્વિજય સાધેલો. આવો જ દિગ્વિજય આધુનિક કાળમાં અંગ્રેજોનો હતો કે જેમની શહેનશાહત ઉપર એક કાળે સૂર્ય કદિ અસ્ત પામતો નહોતો. આ દિગ્વિજય કેવળ ભૌતિક હતો. એક પ્રતાપી રાજા પ્રચંડ સૈન્ય લઇને દેશો જીતવા નીકળતો અને નાના નાના નબળા રાષ્ટ્રપતિઓ એક મોટા વાવાઝોડા સામે નાનાં છોડવાં જેમ નમી પડે તેમ તેનું શરણ સ્વીકારતા અને તે તે રાષ્ટ્રો ઉપર આ મહા સમ્રાટની ધજા ફરકતી. આ કેવળ પશુબળનું તાંડવ હતું. સબળ સામે નિર્બળ નમી પડે એ કુદરતના કાનુનને અનુરૂપ આ ઘટનાઓ હતી.

આવા ભૌતિક દિગ્વિજય ઉપરાંત એક બીજા પ્રકારનો દિગ્વિજય ભારતના ઇતિહાસમાં નોંધાયેલો છે. બિહારમાં બૌધ્ધ ધર્મની સ્થાપના થયા બાદ બૌધ્ધ ભિક્ષુઓ હિંદના અન્ય વિભાગોમાં તેમ જ હિંદની બહારના દેશોમાં ચોતરફ ધર્મ પ્રચારાર્થે નીકળી પડયા અને તેમણે હિંદમાં બૌધ્ધ ધર્મનાં અનેક થાણાંઓ નાંખ્યાં. એટલું જ નહિ પણ સીલોન, બર્મા, ચીન, જાપાન વગેરે દેશોને બૌધ્ધ ધર્મની દીક્ષા આપી. આ હતો એક પ્રકારનો ધાર્મિક દિગ્વિજય. એમાં નબળાને દબાવવાની કોઇ વાત નહોતી. એમાં તો જુદા જુદા દેશની પ્રજાઓને નવું જીવન-દર્શન આપીને સબળ બનાવવાની-સપ્રાણ બનાવવાની-પ્રક્રિયા હતી.

પંડિત જવાહરલાલજી પણ આજે એવી જ કોટિનો એક અદ્‌ભુત દિગ્વિજય સાધી રહ્યા છે. એ દિગ્વિજયમાં અન્ય દેશો ઉપર કોઈ સત્તા જમાવવાનો પ્રશ્ન જ નથી. વિજ્ઞાનની નવી નવી શોધોએ દુનિયાની હિંસક શકિતને અસીમ અને અમર્યાદિત બનાવી છે અને પરિણામે દુનિયાનું અસ્તિત્વ જોખમમાં આવી પડયું છે. આ ભયાનક કટોકટીમાંથી દુનિયાને બચાવવી અને સુલેહ શાન્તિનું સ્થાયી સામ્રાજ્ય સ્થાપવું અને ભિન્ન ભિન્ન વિચારસરણી અને જીવનપધ્ધતિ ધરાવતા પ્રજા સમુદાયો સૌ સાથે હળી મળીને રહે એવું વાતાવરણ પેદા કરવું-જવાહરલાલની આ તમન્ના છે, અને તત્પ્રેરિત પુરૂષાર્થ તેઓ આજે દાખવી રહ્યા છે. એ સુલેહ શાન્તિનો પેગંબર દુનિયાના એક પછી એક દેશમાં વિચરે છે અને તે તે દેશની પ્રજાનાં દિલને જીતતો જાય છે. થોડા વખત પહેલાં તે ચીન જઈ આવ્યા અને ત્યાંની પ્રજાએ તેમનું હાર્દિક સ્વાગત કર્યું. તાજેતરમાં રશીઆ, પોલાન્ડ, ઓસ્ટ્રીઆ, યુગોસ્લાવીઆ, ઇટલી, અને ઇંગ્લાંડ જઈ આવ્યા અને દરેક દેશની પ્રજાએ તેમને કોઈ જુદા જ ઉમળકાથી આવકાર્યા. આન્તરરાષ્ટ્રીય રાજકારણમાં આજે તેમણે અપ્રતિમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. દરેક તેમને બોલાવે છે અને તેમની સલાહ લે છે. તેમની નિઃસ્વાર્થ શાન્તિ-નિષ્ઠામાં દરેક રાષ્ટ્રને પૂર્ણ પ્રતીતિ છે. તેમની વાણીમાંથી અમૃત ઝરે અને શાન્તિનું સ્મિત વરસે છે. દુનિયાની પ્રજાઓ પણ તેમની ઉપર અમિત પ્રેમ વરસાવી રહી છે. માથા ઉપર ઝઝુમતા પ્રલયાગ્નિમાંથી કોઈ બચાવી શકે તેમ હોય તો જવાહરલાલ જ છે એવા વિશ્વાસપૂર્વક તેમના ઉપર આશાની મીટ માંડીને બેઠી છે. જવાહરલાલજીનો આ અપૂર્વ અને અહિંસક દિગ્વિજય છે. આપણો તેમને સર્વ પ્રકારે સાથ હો! તેમના જીવનલક્ષ્યને સંપૂર્ણ સફળતા મળો એવી આપણા ઊંડા દિલની પ્રાર્થના હો !

### 'સર્વસ્વદાન'

ભૂદાન પ્રવૃત્તિ અંગે એ પ્રવૃત્તિના પ્રારંભથી ગયા મે માસની દશમી તારીખ સુધીના આંકડાઓ પ્રગટ થયા છે. આ આંકડાઓ મુજબ ભૂદાન દ્વારા કુલ ૩૮૨૬૮૧૦ એકર જમીન પ્રાપ્ત થઈ છે; ૪૪૨૭૨૨

દાનપત્રો મળ્યાં છે; ૧૯૨૨૭૫ એકર જમીનની વહેંચણી થઇ છે; ૫૨૧૩૪ કુટુંબોને આનો લાભ મળ્યો છે; અને ૧૬૪૬ જીવનદાની નોંધાયા છે. ભૂદાનમાં સૌથી મોટો ફાળો બિહારનો છે. બિહારે ૨૩૨૯૩૧૬ એકર જમીન આપી છે. બીજા નંબરે આવતા ઉત્તર પ્રદેશે ૫૩૬૪૩૪ એકર અને ત્યારબાદ ક્રમશઃ રાજસ્થાને ૩૪૫૮૧૬ એકર, ઓરિસ્સાએ ૧૨૮૪૬૪ એકર અને હૈદ્રાબાદે ૧૦૬૮૯૮ એકર જમીન આપી છે. સૌરાષ્ટ્રે ૪૧૦૦૦, ગુજરાતે ૩૭૫૭૮, મહારાષ્ટ્રે ૨૮૦૦૦ અને મુંબઈ શહેરે ૧૨૩ એકર જમીન આપી છે.

આ ઉપરાંત આ જ પ્રવૃત્તિના અનુસંધાનમાં 'સર્વસ્વદાન'ની પ્રવૃત્તિ શરૂ થઇ છે. 'સર્વસ્વદાન' એટલે એક ગામડાના લોકો પોતાની માલિકીની બધી જમીન દાનમાં આપી દે અને તેમાંથી એ જ ગામના લોકોને કાં તો તેનું પુનર્વિતરણ કરવામાં આવે અથવા તો બધા સાથે મળીને ગામની જમીન ખેડે અને પેદાશને વહેંચી લે. વિનોબાજી ઓરીસ્સામાં હતા ત્યારે ૧૨૫ ગામોએ આવું 'સર્વસ્વદાન' કર્યું હતું. આજે આંધ્રમાં વિચરતા વિનોબાજીને ૬૦ ગામોએ 'સર્વસ્વદાન' કર્યાં છે. ભૂદાન પ્રવૃત્તિમાં આ એક નવી, અસાધારણ, અનેક ભવ્ય પરિણામોની શક્યતા ધરાવતી ઘટના છે. સાધારણ રીતે જમીન ધરાવતો માણસ પોતાની જમીનમાંથી અમુક એકર જમીન દાનમાં આપતો અને એથી કાંઇક કર્યાનો સંતોષ માનતો. બાકી રહેલી જમીન પોતે ખેડતો અને તેનાં ફળ પોતે ભોગવતો. આવા દાનનું તે જે ગામમાં રહેતો હોય તેના સમગ્ર જીવન ઉપર દાનની ભાવના ફેલાવવા ઉપરાંત કોઇ વિશેષ પરિણામ જોવામાં આવતું નહોતું. હવે જ્યારે એક ગામના બધા જમીનદારો પોતાની જમીન સહિયારી કરે છે ત્યારે એ ગામડું પોતે જ એક કુટુંબમેળા જેવું બની જાય છે અને ત્યાંના લોકો સાથે મળીને ખેતી કરે અને નીપજતો પાક વહેંચી લે એટલાથી જ આ ઘટના પર્યાપ્ત બનતી નથી. પણ આ ગામના સમગ્ર જીવનસૂત્રો ગામના લોકોના હાથમાં આવે છે અને તે ગામડાના જીવનનું આખું ઘડતર તેઓ સ્વયં કરે એવી શક્યતા ઉભી થાય છે. આ સર્વસ્વદાનમાં રહેલું અતિ મહત્વનું પરિણામ છે. આપણે જે ઇચ્છી રહ્યા છીએ કે દરેક ગામડું **autonomous unit**–સ્વયંશાસિત એકમ–બને એ શુભ પરિણામ આમાંથી સ્વાભાવિક રીતે પેદા થાય છે.

આવા સર્વસ્વદાનની ઘટનાઓ કેમ બની રહી છે તેનું વર્ણન કરતાં સ્વામી આનંદ પોતાના એક લેખમાં જણાવે છે કે "સંતના (વિનોબાજીના) શબ્દોમાં ગામેગામ આ સર્વસ્વદાનનો 'અગ્નિ' ફેલાઈ રહ્યો છે. ગામનાં ગામ સ્ત્રીપુરુષો બાળક બુઢ્ઢાં સૌ ટોળે વળીને પદયાત્રાને માર્ગે ઉભા રહે છે. જંગલી વાઘો સાથે ભજન–ભક્તિ અને રામનામની ધૂન મચે છે અને સન્તની ઝોળીમાં ગામનાં ગામ પડયે જાય છે. અકેક ગામનો ચેપ પડોશના ગામને લાગે છે અને રાતોરાત ગામેગામના દિલપલટા થઈ સાંજના કે અકોણા સવારના પહોરે પોતપોતાના ગામનાં 'સર્વસ્વદાન' કરવા જોડેલે હાથે સંતની વાટ રોકીને લોકો ઉભા રહે છે. આ બાળાભોળાં વનવાસીઓમાં સાક્ષાત્ પરમેશ્વરનું દર્શન થાય છે. ગામના રહીશોની જાતમાલિકી મટે છે. દરેકની બ્યાજબી જરૂરિયાત મુજબ ગામની તમામ જમીનની સન્તના હાથે નવેસર વહેંચણી થાય છે. ગામની તમામ વસતીને સન્ત મુબારકબાદીના આશીર્વાદ આપે છે, ને શિખામણના બોલ સંભળાવે છે. વેણે વેણે ફૂલડાં ઝરે છે ને અમૃતનાં કુડાં ઠલવાય છે: "આજે આ ગામમાંથી માલિકી મૂઈ અને માણસાઇ આવી. સાચી આઝાદીનો, સાચી સમાજભાવનાનો આજે જનમ થયો. હવે આ બાળકને જીવની પેરે જતન કરીને ઉછેરજો. આજે ગામ વસતિ મટયું અને કુટુંબ થયું. સુખદુઃખ, મજૂરી ને રોટલો આજથી ગામ આખાનાં સહિયારાં થયાં. ગામની નીપજ, ગામની દોલત, તમામની માલિકી એકેકની નોખી નોખી મટીને સહિયારી થઈ. ગરીબી અને અમીરી બેઉ વહેંચાઇ ગઈ. ખાંડા ટેકરા ભરાઇ બોદાઇને સરખા થયા. હવે કાપડ, કેળવણી, ખરીદ વેચાણ, ધંધો, રોજગાર. કજિયા–દન્સિાફ ગામના તમામ કારભાર ને વહેવાર જાતે જ સંભાળી લેજો. એનું જ નામ સ્વરાજ અને એનું જ નામ સાચી આઝાદી." આ સર્વસ્વદાનની પ્રક્રિયાના ગર્ભમાં ન્યાય, નીતિ અને સમતાના ધોરણ ઉપર રચાનારી ભવ્ય ક્રાન્તિનાં બીજો પડેલાં છે એ સૌ કોઇ જાણે, પીછાણે અને અન્તરથી આવકારે એજ પ્રાર્થના!

### વિનોબાજી વિષે ડૉ. હરેકૃષ્ણ મહેતાબ

આજે ચાલી રહેલ ભૂદાન પ્રવન્તિ સંબંધે તેમ જ વિનોબાજી વિષે મુંબઈ પ્રદેશના રાજ્યપાલ ડૉ. હરેકૃષ્ણ મહેતાબે તાજેતરમાં વિસ્મિત કરે તેવા કેટલાક વિચારો પ્રગટ કર્યા છે. તેમના અભિપ્રાયોનો સાર નીચે મુજબ છેઃ–

આ દેશનો સૌથી મોટો અને કટોકટીનો પ્રશ્ન જમીનને લગતો નથી, પણ ગરીબાઈ–નાબુદીને લગતો છે. આ જમીનનો પ્રશ્ન ભૂદાનથી નહ પણ મુંબઇ સરકારે રજુ કરેલ ટેનન્સી એમેન્ડમેન્ટ એકટ અને એવા ધારાઓ વડે વધારે સહેલાઇથી ઉકેલી શકાશે. ભૂદાન પ્રવૃત્તિનો આશય જમીનવિહોણા લોકોને વધારે જમીન મેળવી આપવાનો નથી, પણ જમીન–માલિકીનો હકક એકના નામ ઉપરથી અન્યના નામે કરવાનો છે. આજે જમીનનો પ્રશ્ન વધારે મહત્વનો લાગે છે તેનું કારણ એ છે કે ગૃહોદ્યોગો અને ગ્રામોદ્યોગો ભાંગી પડવાને લીધે ગામડાના લોકો માટે માત્ર જમીન જ દ્રવ્યોપાર્જનનું અનન્ય સાધન રહ્યું છે. જો બરેખરા ખેડુતને પોતાની મહેનતનો પુરો બદલો મળી રહેતો હોય તો પછી જમીનની માલિકી બહુ થોડા માણસોના હાથમાં છે એ બાબતનું કોઇ ખાસ મહત્વ રહેતું નથી. દેશમાં કે ગામડામાં રહેનાર દરેકને જમીન મળવી જ જોઇએ એ જરૂરી નથી તેમ જ શક્ય પણ નથી. જે લોકો પોતાની જવાબદારીથી જમીન ખેડવા માંગતા હોય તેમના કબજામાં જમીન હોવી જોઇએ. એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે જમીનની ખેતી અર્થક્ષમ હોવી જોઇએ અને તેમાંથી પુરતી કમાણી થવી જોઇએ. એમ નહિ હોય તો કોઈ સાહસિક લોકો માટે ખેતીનું કશું આકર્ષણ રહેશે નહિ. તેથી જેમનામાં ખેતીની આવડત હોય અને તે ઉપરાંત જમીનમાંથી પૂરો પાક મેળવી શકે એવી જેની પાસે સાધન શકિત અને વ્યવસ્થા શકિત હોય તેમના કબજામાં જ જમીન હોય એ યોગ્ય છે. એ ઉપરથી એમ ફલિત થાય છે કે અર્થક્ષમતાના ધોરણ ઉપર જમીનનો કબજો નકકી થવો જોઇએ. આ ધોરણ પ્રદેશે પ્રદેશે અને જમીને જમીને ભિન્ન ભિન્ન પ્રકારનું હોવાનું. જો ખેતી કરનારના હકકોને પૂરતું રક્ષણ આપવામાં આવશે તો જમીનના પ્રશ્નનો સહેલાઇથી નીકાલ આવી શકશે. આ માટે જ્યાં ટેનન્સીને સુરક્ષિત બનાવવાના કાયદાઓ કરવામાં આવ્યા નથી ત્યાં જ માત્ર ભૂદાન પ્રવૃતિ વધારે જોર પકડી શકે છે. ગરીબાઇનો અને જમીન ઉપર લોકોના ધસારાનો પ્રશ્ન જમીનની પુનર્વહેંચણીથી અને તેના નાના નાના ટુકડાઓ કરવાથી નહિ ઉકલે પણ રોજગારીનાં નવાં સાધનો અને નવી તકો ઉભી કરવાથી જ ઉકલી શકે તેમ છે.

આ પ્રમાણે આજે ચાલતી ભૂદાન પ્રવૃતિ પ્રત્યે પોતાનો વિરોધ દાખવીને નામદાર રાજ્યપાલ ગરીબાઇ–નાબુદીની સમસ્યા પરત્વે ગાંધીજી અને આચાર્ય વિનોબા ભાવેની કાર્યપધ્ધતિ અને વિચારોની સરખામણી કરતાં જણાવે છે કે "(૧) બાપુજીએ ગરીબાઇની નાબુદી માટે પ્રયત્ન કર્યો હતો; વિનોબાજી ગરીબાઇની વહેંચણી કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. (૨) બાપુજીએ પૈસાદારો સર્વસામાન્ય કલ્યાણ સાધવા અર્થે પોતાના ધનના ટ્રસ્ટી છે એ વિચારને આગળ ધર્યો હતો; વિનોબાજી જેને પોતે લોકોનું ભલું માને છે તે સાધવા માટે પ્રમાણમાં ગરીબ લોકોને પોતાની જમીનનો ત્યાગ કરવાનું કહી રહ્યા છે. (૩) બાપુજીએ ટ્રસ્ટીપણાના સિધ્ધાન્ત દ્વારા ગરીબ અને પૈસાદારો વચ્ચે સહાનુભૂતિની જીવતી કડી નિર્માણ કરવા માટે પ્રયત્ન કર્યો હતો; પણ વિનોબાજીએ ભૂદાન મેળવવાની અને વહેંચવાની જવાબદારી પોતે જાતે સ્વીકારીને આપનારને લેનારથી જુદો પાડવાનું કામ કર્યું છે. આ કડીના અભાવ માંથી અનિવાર્યપણે હિંસા ફાટી નીકળશે અને ગામડાના જીવનને ભિન્ન ભિન્ન કરી નાંખશે જે પરિણામ ગાંધીવાદથી તદ્દન જ બીજી દિશાનું હોવાનું."

જોર શમવા લાગ્યું. જે માર્ગે અમારી ટ્રેન પસાર થતી હતી તેનું ભૂમિતળ અસમ બનવા લાગ્યું. ટેકરા ટેકરીઓની હારમાળા વચ્ચે ગાડી પસાર થવા લાગી. પશ્ચિમાકાશમાં લટકી રહેલું સૂર્યબિંબ ટેકરા ટેકરી પાછળ ઘડીમાં સંતાતું હતું અને ઘડીમાં પ્રગટ થતું હતું. સૂર્ય અસ્ત થવાની અણી ઉપર હતો એવામાં અમે શકરીગલી ઘાટ પહોંચ્યા. સામાન ઉતારીને ગંગા નદીના કીનારે આવ્યા. સામો કીનારો જલ્દી ન દેખાય એવો વિશાળ ગંગાપટ જોઈને મનમાં આનંદની લહરિઓ ઉઠવા લાગી. ગંગા નદી પ્રત્યે ભારતીય સંસ્કૃતિમાં ઉછરેલ સૌ કોઈનાં દિલ જુદું જ આકર્ષણ અનુભવતાં હોય છે. ગંગા નદી પાછળ જે ધાર્મિક, સાંસ્કૃતિક તેમજ સામાજિક નવનિર્માણની પરંપરાનો ઇતિહાસ છે એવો ઇતિહાસ અને એવી ભૂમિકા પૃથ્વીતળ ઉપરની અન્ય કોઈ નદી ભાગ્યે જ ધરાવે છે. ગંગા નદી એટલે ભારતીય સંસ્કૃતિની જનની. તેના કિનારે સ્થિર થઈને ઋષિમુનિઓએ આપણને એવા અણમોલ સંસ્કારધનનો વારસો આપ્યો છે, એવી કોઇ અદ્‌ભુત જીવન ચેતના આપી છે કે તેના બળ વડે આજે સદીઓ બાદ પણ આપણે એક પ્રજા તરીકે, ચોક્કસ પ્રકારની સંસ્કૃતિના પુરસ્કર્તા તરીકે અનેક વાવંટોળ અને ઝંઝાવાતો સામે ટકી રહ્યા છીએ.

### ગંગા-બ્રહ્મપુત્રા

કોઇ એક મિત્રે બ્રહ્મપુત્રાને ગંગા સાથે સરખાવતાં જણાવેલું કે બ્રહ્મપુત્રા ગંગાથી ક્ષેત્રફળની દૃષ્ટિએ વધારે લાંબી અને પહોળી નદી છે, પણ ગંગા જનતાનું ભૌતિક તેમજ આધ્યાત્મિક અનેકવિધ કલ્યાણ કંઈ કાળથી સાધતી આવી છે, જ્યારે બ્રહ્મપુત્રાનો લાંબો પ્રવાહ અડધા માર્ગ સુધી તો હિમાલયમાં જ અટવાતો રહ્યો છે અને સપાટ પ્રદેશ ઉપર આવી ત્યાર પછી પણ તેણે આજ સુધીમાં અનેક જલપ્રલયો કર્યા છે, પારવિનાની ખુવારી કરી છે અને કંજુસના ધનની માફક તેનો વિપુલ વારીરાશિ જનકલ્યાણ સાધ્યા સિવાય કાળની માફક સાગરના મોઢામાં ઠલવાતો રહ્યો છે.

અમે સમીપ ઉભેલી એક નાની સરખી સ્ટીમર ઉપર આરૂઢ થયા અને વિશાળ જળપટ ઉપર અમારી સ્ટીમર ડોલવા લાગી, ચાલવા લાગી. આ સમયે આઠમ નોમનો ચંદ્રમા આકાશને તેમજ નીચેના જળપ્રવાહને અજવાળી રહ્યો હતો અને અમારા ગંગાવિહારને રૂપેરી ઝાંપ વડે સુરમ્ય બનાવી રહ્યો હતો. એકાદ કલાક બાદ અમે સામે કિનારે પહોંચ્યા. ટ્રેનમાં જગ્યા મેળવી લીધી. પાંચ છ કલાક આરામ લીધો, સવાર પડી અને સીલીગુરી જંકશન આવ્યું.

### હિમાલય આરોહણ

અહિંથી પહાડ ઉપર ચઢનારી નાની ટ્રેનમાં અમે બેઠા. મોટરમાં પણ ઉપર જઈ શકાય છે અને રેલ્વે ટ્રેન કરતાં મોટરને દાર્જીલીંગ પહોંચવામાં ઓછો સમય લાગે છે. સીલીગુરી દરિયાની સપાટીથી ૧૦૦૦ ફુટ ઉંચાઈએ છે. દાર્જીલીંગ પહોંચતાં પહેલાં ઘુમ સ્ટેશન આવે છે એ ૭૪૦૦ ફુટ છે. ત્યાંથી થોડું નીચે ઉતરતાં દાર્જીલીંગ આવે છે જેની ઉંચાઈ આશરે ૭૦૦૦ ફુટ છે. આ હિસાબે અમારી ટ્રેનને ૬૪૦૦ ફુટ ચઢીને પછી આશરે ૪૦૦ ફુટ ઉતરવાનું હતું. ઉંટી તેમજ સીમલા જવા માટે પણ આવો જ રેલ્વે માર્ગ છે. પણ ત્યાં જ્યાંથી આ ટ્રેનો શરૂ થાય છે તે કલકા કે મેટાપલીયમ આશરે ૩૦૦૦ ફુટ સીલેવલ ઉપર હોવાથી એ ટ્રેનોને આશરે ૪૦૦૦ ફુટથી વધારે ચઢવું પડતું નથી. મોક્ષાર્થી જીવ જેમ એક એક ગુણસ્થાનક સર કરતો જાય તેમ અમારી ટ્રેન પણ ૫૦૦, ૧૦૦૦, ૧૫૦૦ એમ એક પછી એક ઊંચાઈનો આંક સર કરતી આગળ ચાલી. એક સાથે વધારે ઊંચાઈ સર કરવા માટે ≧ આ રીતે ટ્રેન આગળ ચાલે, પાછળ ચાલે વળી, આગળ ચાલે અને પાછી પાછળ ચાલે.—આવી રીતે કેટલાક ઠેકાણે રેલ્વે લાઇન બાંધવામાં આવી છે. એક પછી એક પર્વતો વીંધતી અને ઊંચાઈના નવા આંક સર કરતી અમારી ટ્રેન હિમાલયના અન્તર્ભાગમાં પ્રગતિ સાધી રહી હતી અને સપાટ પ્રદેશ અમારાથી દૂર જઈ રહ્યો હતો. ઉપર ઉપર ચઢતા ગયાં એમ હવા પણ ઠંડી થતી ગઈ અને ઘુમ પહોંચ્યા ત્યારે તો સારી પેઠે ટાઢ લાગવા માંડી. બપોરે સાડાબાર લગભગ અમે દાર્જીલીંગ પહોંચ્યા. સ્ટેશન નજીકની એક હિંદુ ધર્મશાળામાં ઉતર્યા અને નજીકમાં આવેલી એક મારવાડીની વીશીમાં અમે ખાવાનો પ્રબંધ કર્યો. કલકત્તાના મિત્રો પાસેથી અહિંના એક બે વ્યાપારીઓ ઉપર ઓળખાણ ભલામણના પત્રો લઇ આવેલા. તેમને મળ્યા. સાંજ પડી અને ત્યાંની ઠંડી અમને થોડીક અકળાવવા લાગી. આવી ઠંડી જો ચાલુ રહેશે તો દાર્જીલીંગમાં કેમ રહેવાશે અને શી રીતે ફરાશે એવા વિચારો આવવા લાગ્યા. ઠંડી, થાક, ઇત્યાદિના કારણે રાત્રે અમે ખાધું ન ખાધું અને વહેલા સુઇ ગયા.

અપૂર્ણ

**પરમાનંદ**

# યાત્રા — સત્ય સૌન્દર્યની

[૧૯૪૮ થી ૧૯૫૨ સુધી એમ પાંચ વર્ષ દરમિયાન પ્રગટ થયેલાં કાવ્યસંગ્રહો પૈકી સર્વોત્તમ કાવ્યસંગ્રહ તરીકે ગુજરાતના જાણીતા કવિ શ્રી. સુન્દરમ્‌ના 'યાત્રા' નામના કાવ્યસંગ્રહને 'સુરતની નર્મદ સાહિત્ય સભાએ જાહેર કર્યો હતો અને તે માટે તેમને નર્મદ સુવર્ણ ચંદ્રક અર્પણ કરવાનો સમારંભ એ સંસ્થા તરફથી ગયા જુન માસની ૨૦મી તારીખે સાક્ષરવર્ય શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી. સુન્દરમે કાવ્યકળાના મર્મનું નિરૂપણ કરતું એક અત્યન્ત પ્રસાદપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી. સુન્દરમ્‌ કેવળ કવિ નથી પણ અધ્યાત્મક્ષેત્રના એક નિષ્ઠાવાન ઉપાસક છે અને વર્ષોથી પોંદીચેરી ખાતે આવેલ અરવિન્દ આશ્રમમાં વસે છે. પ્રસ્તુત વ્યાખ્યાન કાવ્યતત્વના નિવેદન સાથે તેમની અધ્યાત્મ સાધનાનો પણ કાંઇક આછો પરિચય આપે છે. સાધક કવિની આ અનુપમ પ્રસાદી પ્રબુધ્ધ જીવનના વાચકો સમક્ષ રજુ કરતાં હું પ્રસન્નતા અનુભવું છું.

**પરમાનંદ** ]

મારા કાવ્ય સંગ્રહ 'યાત્રા' ને તમારી સંસ્થાએ 'નર્મદ સુવર્ણ ચંદ્રક' ના બહુમાનથી નવાજ્યો છે તે માટે તમારો આનંદપૂર્વક આભાર માનું છું. આ સુવર્ણમૂર્તિ જેવી સૂરત નગરીએ પોતાના એક વીર સંતાનની સ્મૃતિ જે રીતે સાચવી રાખી છે અને આ સુવર્ણચંદ્રક દ્વારા ગુજરાતના સર્જંતા સાહિત્ય સાથે આ મહાન કલમબાજનું જે અનુસંધાન યોજ્યું છે તે બન્ને ખૂબ જ અભિનંદનીય વસ્તુઓ છે. આજે પણ કદાચ આપણો આ જ્વલંત વીરપૂર્વજ એના કોઇને કોઇ સૂક્ષ્મ સ્વરૂપે કોઇક પર્વત ઉપરથી આપણા સાહિત્ય ઉપર જ નહિ પણ આપણા વિમુકત બનેલા આખાયે જીવન ઉપર પોતાની આશિષો વરસાવી રહ્યો હશે! આ સુવર્ણચંદ્રક દ્વારા તમે આ પ્રેમ-શૌર્યના ગાયક સાથે મારૂં અનુસંધાન કરી આપો છો એ મારે માટે બહુ આનંદનો વિષય છે.

આજના પ્રસંગે આ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરવા ઉપરાંત મારૂં બીજું કોઇ કર્તવ્ય હોઈ શકે કે કેમ તે હું વિચારી રહ્યો છું. તમારા પ્રમુખશ્રીએ થોડા દિવસો ઉપર વડોદરાના લેખકમિલનમાં સાચી આધ્યાત્મિકતા પ્રત્યે પોતાનો અનુરાગ વ્યકત કર્યો હતો. તેને જો અનુસરીએ તો આધ્યાત્મિકતાના હરકોઈ ઉપાસકે ગીતાકારના આદેશ મુજબ તુલ્યનિન્દાસ્તુતિઃ થઈને પછી મૌની બની જવાનું રહે છે. પરંતુ મારી આધ્યાત્મિકતાનો મેં હજુ પાકો હિસાબ કાઢયો નથી. એટલે મૌની બનવાના એ આદેશને ન અનુસરૂં અને કાંઇક વાચાળ બનું તો તમને ગમશે તો ખરૂં જ એટલી ખાતરી છે, જો કે ત્યાં પણ ગીતા આપણો કાન પકડવા પાછી તૈયાર જ ઉભેલી જણાય છે. તે આપણને રૂચિઅરૂચિથી પણ પર જવાનું કહે છે. એટલે તમને ન રૂચે તેવું કાર્ય હું ન કરૂં તો પણ ચાલે. પણ ગીતા આપણને આનંદ અને શાંતિનો ત્યાગ કરવાનું કહેતી નથી. એટલે આપણો આજના આ મિલન પ્રસંગને આપણે રૂચિઅરૂચિથી પર એવો કોઇ શાંતિદાયક આનંદનો સર્જક બનાવવા પ્રયત્ન કરીએ તો તે અનાધ્યાત્મિક નહિ બને એવી આશા રાખીએ.

પ્રથમ તો મને આ નિંદા-સ્તુતિ શબ્દોએ જ બહુ વિચાર કરતો કરી મૂકયો છે. નિંદા ન કરાય એ તો જાણે સમજાય એવી વાત છે.

પણ સ્તુતિ કેમ ન કરાય? નિંદા અને સ્તુતિ શું બન્ને સરખી કોટિની, એક સરખી ત્યાજ્ય વસ્તુઓ છે? ભર્તૃહરિએ પણ 'નિન્દન્તુ નીતિ-નિપુણા યદિ વા સ્તુવન્તુ' એમ કહ્યું છે. અને એ બન્ને વસ્તુઓને એક સરખી કોટિમાં મૂકેલી છે. અને આ બન્નેને સમાનભાવે શા માટે જોવાં તેનો ખુલાસો પણ 'ન્યાય્યાત્ પથઃ પ્રવિચલન્તિ પદં ન ધીરાઃ' એ પંક્તિમાં કરી દીધો છે. અર્થાત્ નિંદા-સ્તુતિ એ ન્યાય્ય વસ્તુથી કાંઇ જુદી હોઇ શકે છે. નિંદા તેમ જ સ્તુતિ એ બન્ને સત્યથી વિમુખ હોઇ શકે છે. નિંદા તો સત્યપ્રતિષ્ઠિત વસ્તુ નથી જ; પરંતુ સ્તુતિનું પણ એવું જ છે. આપણા બ. ક. ઠાકોરની કાવ્યશક્તિની એક જણે પ્રશંસા કરેલી ત્યારે તેમણે છંછેડાઇને કહેલું કે આ માણસ જે શબ્દોમાં મારી પ્રશંસા કરે છે તે જ શબ્દોમાં કવિ લલિતનાં પણ વખાણ કરે છે! વારૂ. પણ તમે જો એમ કહો કે આ ચંદ્રક એ સ્તુતિનો વાચક નથી પરંતુ તમને 'યાત્રા' માં દેખાયલા કાવ્યકળાના સત્યનો વાચક છે તો પછી મારા હાથ હેઠા પડી જાય છે. અને પછી આપણે મૌનની આદર્શ સ્થિતિનો સ્વીકાર કરીને પણ આપણી વાચાને આ સત્યના અન્વેષણમાં પ્રેરી શકીએ છીએ.

આજે મારે જો કાંઇ કર્તવ્યરૂપે કહેવા જેવું હોય તો તે આ કાવ્યકળાના સત્ય પરત્વે હોઇ શકે. આ યાત્રા કઠિન વિષય છે. સત્યનું—હરકોઇ પદાર્થ પાછળના સત્યનું અવગાહન એ ઘણી અઘરી ક્રિયા છે. દુર્ગં પથસ્તત્ કવયો વદન્તિ—એ ઉકિતમાં કહ્યા મુજબનો આ દુર્ગમ પથ છે. આપણે જે કાંઇ કળા વિવેચન કરીએ છીએ તે આ દુર્ગમ પથની યાત્રા છે. આપણા એક કવિએ કહ્યું છે તેમ આ ભોમિયા ભૂલે તેવી ભોમકા છે. આ મુસીબતનો કાંઇક ઉકેલ કવિ કાલિદાસે એક ઠેકાણે બતાવ્યો છે. શકુન્તલાની આસપાસ ઉંડી રહેલા ભ્રમરને તેણે કહ્યું છે, વયં તત્ત્વાન્વેષાન્ મધુકર હતાસ્ત્વં ખલુ કૃતી। આ અમે સૌન્દર્ય તત્ત્વનું અન્વેષણ કરનાર તો ખલાસ જ થઈ ગયેલા છીએ, ધન્ય તો એક માત્ર તું જ છે કે જે સીધેસીધો રસનો જ ભોગ કરી શકે છે. આમ કાવ્યકલાનું ગહન સત્ય આ તત્વાન્વેષકની રીતે નહિ પણ મધુકરની રીતે વધુ સુલભ બને. પરંતુ આ મુસીબત મધુકરને માટે પણ સાવ મટી જતી નથી. તેમજ આગળ વધીને કહીએ તો ખુદ કવિને માટે પણ મટી જતી નથી. આ જગતમાં સત્ય અને સૌન્દર્યનું દર્શન તેમ જ સર્જન તેમ જ ગ્રહણ એ કોઇ હસ્તામલકવત્ સુલભ સુદૃશ્ય વસ્તુ નથી. એ તત્વો જગતમાં કયાંક નિહિતં ગુહાયામ્—ગુફામાં જ્યાં ખાસ મુકાયેલાં છે ત્યાંથી તેને શોધવાનાં છે. આ શોધની ક્રિયા એ જ માનવ માટે મહા પુરૂષાર્થનો વિષય છે. એ પુરૂષાર્થ ખેડવો એમાં માનવજીવનની વીરતા છે અને ચરિતાર્થતા છે.

આ શોધમાં આપણે પહેલી વસ્તુ તો એ જોઇએ છીએ કે આપણે આ સત્ય—સૌન્દર્યના અનશુદ્ધ અનાવિલ આદિમ રૂપમાં પહોંચીએ તે પહેલાં આપણે અલ્પ સત્યોના, અર્ધસત્યોના, આભાસોના કેટલાયે પ્રદેશોમાંથી પસાર થવાનું રહે છે, સૌન્દર્યના અને રસોનાં કેટલાંયે મૃગજળો અને મરીચિકાઓમાંથી પસાર થવાનું રહે છે. આ મિથ્યારૂપ જગતમાં થઇને જ આપણે સત્યરૂપ બ્રહ્મમાં પહોંચીએ છીએ. કાવ્યનો વિવેચક તેમજ કાવ્યનો વાચક જ નહિ પણ ખુદ કવિ પણ આ સૌન્દર્યના અને રસના આભાસોમાં, અલ્પ અને અર્ધસત્યોની આંધીમાં અટવાય છે.

પેલી વાર્તામાં ત્રણ ઠગો બ્રાહ્મણના બકરાને આ કૂતરું છે, કૂતરું છે, કૂતરું છે એમ માત્ર વિધાનાત્મક પુનરૂચ્ચારના બળે બ્રાહ્મણના મગજમાં ઠસાવી દે છે તેવી ઘટના કળા જગતમાં પણ ઘણી વાર બને છે; એટલું જ નહિ, આથી ઊલટી ઘટના કૂતરાને બકરું ઠરાવવાની વાત પણ બને છે. આમ છતાં આ આભાસોને ભેદીને આપણે નક્કર સત્યમાં પહોંચીએ—પહોંચવાનો પ્રયત્ન કરતા રહીએ એ જ આપણું કર્તવ્ય છે.

આ પરિસ્થિતિના દર્શનમાંથી આપણે રસની સાપેક્ષતાનો સિદ્ધાન્ત સ્વીકાર્યો છે. રસની, સત્યની નાની મોટી કોટિઓ છે. રસગ્રહણની પણ વધુ ઓછી શક્તિ હોય છે, એ આપણે કબૂલ્યું છે. પણ આમાં એક વસ્તુ એ પણ ધ્યાનમાં રાખવાની છે કે આ સાપેક્ષતાથી સ્વતંત્ર એવું નિરપેક્ષ સત્ય પણ છે. બેશક. હરેક સત્ય આપણી સાથે સંપર્કમાં આવતાં આપણી ગ્રહણશક્તિની મર્યાદા મુજબ તે સાપેક્ષ રીતે અનુભવાય છે, અને આ મર્યાદાઓની બનેલી સૃષ્ટિમાં બધી અનુભૂતિઓ સાપેક્ષ રૂપની જ રહેવાની. છતાં આપણે એટલું યાદ રાખી શકીએ કે જે નર્યું સત્ય છે તે આપણા ઇન્કાર કે સ્વીકારથી પર છે. અમુક વસ્તુ જો છે જ તો પછી આપણા 'નથી, નથી' કહેવાથી તે મટી જવાની નથી. તેમ જ જો તે વસ્તુ નહિ હોય તો તેને 'છે, છે' કહેવાથી તે હસ્તીમાં આવવાની નથી. કોઈ કળાકૃતિમાં ખરેખર જો કળા તત્વ હશે, કોઇ કૃતિ જો મહાકાવ્યની કોટિની હશે, તો તે કોઇના પણ ઇનકાર કે સ્વીકારથી સ્વતંત્ર રીતે જ હસ્તીમાં રહેલી છે અને રહેવાની છે, અને આ વાત સમજીને જ ભવભૂતિએ ગાયું છે કે :—

उत्पत्स्यतेऽस्ति मम को ऽपि समानधर्मा।
कालोऽह्ययं निरवधि विपुला च पृथ्वी॥

ભવભૂતિના આ વચનમાં કાવ્ય કળાનો—સત્ય અને સૌન્દર્યના દર્શન-ગ્રહણ અને સર્જનના વિવિધ પ્રશ્નનો એક ઉકેલ મળી આવે છે—સમાનધર્મા, સમાનધર્મિત્વ. કવિ પોતે સત્યનો અને સૌન્દર્યનો સમાનધર્મા બનીને જ તેનું દર્શન અને સર્જન કરી શકે અને વાચક કે વિવેચક પણ આ સમાનધર્મિત્વ પ્રાપ્ત કરીને જ આ પરમ રસરૂપ તત્વોનું ગ્રહણ અને દર્શન કરી કરાવી શકે. જ્યાં લગી આ સમાનધર્મિત્વ આપણને મળ્યું નથી ત્યાં લગી આપણે સાપેક્ષ દર્શનની, સાપેક્ષ અનુભૂતિની ભૂમિકામાં જ રહેવાના અને વિચરવાના. માનવ માટે આ મર્યાદા સાહજિક છે એ વાત સ્વીકારીને નમ્રતાપૂર્વક આપણે આ સાપેક્ષતામાંથી નીકળીને નિરપેક્ષ સત્યના, પરમ સૌન્દર્યના પ્રદેશ તરફ આપણી ગતિ વધારતા રહીએ.

આખુંયે જગત, જગતની એક એક વ્યકિત આ સત્ય સૌન્દર્યના ધામની યાત્રાએ નીકળેલું છે. હું પણ એમાંનો એક યાત્રી છું. મારામાં રહેલા આ યાત્રીને કંઈ વાચા મળી છે. એ વાચામાં મારી, તમારી અને સૌની આ મહાયાત્રાની કાંઇક કથા છે. જો કે વિશેષે તો એ મારી જ યાત્રાની કથા છે. આ મારી 'યાત્રા' છે. તે આ 'યાત્રા' ને આજે સત્કારો છો એ ઘટનાથી તમે મારી યાત્રાના ભાગીદાર બનો છો, સાથી બનો છો. એ 'યાત્રા' વિષે તમને કંઇક કહેવાનું મન થાય છે. પણ વળી પ્રશ્ન થાય છે કે હું કહી કહીને કેટલું કહીશ? કેમકે આ તો 'યતો વાચો નિવર્તન્તે'—એવી વાત થઇને રહેલી છે.

'કાવ્યમંગલા'ને રણજિતરામ સુવર્ણચંદ્રક અપાયો ત્યારે એ સભામાં હું ખાલી હાથે ગયેલો અને જવાબરૂપે બોલતાં બોલતાં સહજ રીતે એક ચિત્ર મારી આગળ પ્રગટ થયેલું અને તેનું વર્ણન મેં આપી દીધેલું (જે કેટલાકને બહુ પસંદ નહિ પડેલું) કે મારી સામે એક મોટી સીડી દેખાઈ રહી છે અને આ સુવર્ણચંદ્રક મને તેના પહેલા પગથિયા ઉપર મુકાયેલો દેખાડે છે. હજી મારે કેટલાંયે પગથિયાં ચડવાનાં છે. આજે 'યાત્રા'ને મળતો નર્મદ સુવર્ણચંદ્રક મને આ સીડીના કયા પગથિયાં ઉપર મુકાયેલો દેખાય છે? જવાબ આપવો મુસ્કેલ છે. માત્ર એક જવાબ આપી શકું છું. રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો તે પહેલાં એક બીજો ચંદ્રક પણ મને મળ્યો હતો. અને આ ચંદ્રકોનો ઇતિહાસ યાદ કરું છું ત્યારે સહેજ વિનોદની રીતે જોતાં પણ એવું દેખાય છે કે મારાં ઘણાં કામોમાં, મારે રસ્તે આવતા બધા ચંદ્રકો અને પારિતોષિકોને ભેગાં કરવાનું પણ એક કામ મારે માથે આવ્યું હોય તેમ લાગે છે. મારી શાળાઓમાં જે જે ઇનામો હતાં તે મેળવવાનું કાર્ય પણ મારે કરવું પડેલું! અમારા 'સાબરમતી' દ્વિમાસીકનો હું એક વર્ષ તંત્રી હતો, વરસે વરસે તેના તંત્રી બદલાતા. એમાંના શ્રેષ્ઠ લેખ માટેનો 'તારાગૌરી રૌપ્ય ચંદ્રક' મારા પહેરણ ઉપર સ્વહસ્તે પહેરાવતાં ગાંધીજીએ કહેલું કે 'આ ચંદ્રકને શોભાવજો.' આ શાંત પ્રેરક શબ્દોમાંની શુભાશિષ હું થોડીઘણી પણ સિધ્ધ કરી શક્યો હોઉં તો મારે મન ઘણું છે.

અપૂર્ણ

સુન્દરમ્

# સ્વેચ્છાચારને પંથે

એક યુવાને બાપૂને નીચે પ્રમાણે લખ્યું:-

"દુનિયાને પલટવા માટે દરેક જણે નીતિમાન થવું જોઇએ એમ આપ ઇચ્છો છો. નીતિનો આપ શો અર્થ કરો છો—આપ સ્ત્રીપુરુષ વચ્ચેના પ્રણયને જ એ લાગુ પાડો છો કે એમાં મનુષ્યના આખા આચરણનો સમાવેશ થાય છે—એની મને ચોક્કસ ખબર નથી. મને શક છે કે આપની માન્યતા પહેલા પ્રકારની છે, કેમકે આપના મૂડીદાર અને જમીનદાર મિત્રો મજૂરો અને ખેડુતોને ચૂસીને જે અઢળક નફા કરે છે ને એ રીતે જે ઘોર અન્યાય ને નુકસાન કરી રહ્યા છે તે વિષે આપ એમને કંઈ કહેતા દેખાતા નથી; પણ પ્રણય સંબંધમાં જુવાન સ્ત્રીપુરુષોના નૈતિક પતનને માટે એમને ઠપકો આપતા ને એમની આગળ બ્રહ્મચર્યના ગુણગાન કરતાં આપ કદી થાકતા નથી. આપ હિન્દી જુવાનોનું માનસ સમજો છો એવો આપનો દાવો છે. હું કોઇના પ્રતિનિધિ તરીકે બોલવાનો દાવો નથી કરતો, પણ એક જુવાન તરીકે આપનો દાવો ખોટો છે એમ કહેવાની હું હામ ધરું છું. આજનો મધ્યમ વર્ગનો જુવાન કેવા સંજોગોમાંથી પસાર થઈ રહ્યો છે—લાંબી બેકારી, જીવનને કચડનારા સામાજિક રીતરિવાજો અને સહશિક્ષણે પેદા કરેલાં પ્રલોભનો એની કેવી દુર્દશા કરે છે એની આપને ખબર હોય એમ લાગતું નથી. એ બધો જુના અને નવા વિચારો વચ્ચેનો સંઘર્ષ છે, ને એને પરિણામે સામાન્ય રીતે જુવાનને ભાગે હાર અને દુઃખ આવી પડે છે. મારી આપને નમ્ર વિનંતી છે કે આપ જૂવાનો પ્રત્યે દયાભાવ રાખો, રહેમની નજરે જુઓ, ને આપના ચોખલિયા વિચારોની કસોટીથી એમને ન કસો. હું તો માનું છું કે સંભોગ જ્યારે સ્ત્રી-પુરુષની પરસ્પર સંમતિથી ને પરસ્પર પ્રેમથી થાય ત્યારે તે નૈતિક જ છે, પછી તે પોતાની સ્ત્રી સાથે હો કે પરસ્ત્રી સાથે હો, ગર્ભાધાન-નિરોધનાં કૃત્રિમ ઉલાજોની શોધ પછી લગ્નની પ્રથામાં સંભોગની મર્યાદાનો જે પાયો હતો તે ઉડી જ ગયો છે. હવે લગ્ન એ કેવળ બાળકોના રક્ષણ અને હિત માટેની એક સગવડ થઈ પડી છે. આપને કદાચ આ વિચારોથી આઘાત થશે. હું આપને હિંમત કરીને એટલું કહું છું કે આજના જુવાનો વિષે મત બાંધતા આપ આપના જુવાનીના દિવસો ભૂલી ન જશો, આપ અતિશય વિષયાસકત હતા, ને તેને લીધે આપના મનમાં સંભોગને વિષે એક જાતની સૂગ પેદા થઈ લાગે છે, ને તેથી જ આપને વૈરાગ્ય આવ્યો છે ને આપ જ્યાં ત્યાં પાપ જુઓ છો. મને લાગે છે કે આપની સરખામણીમાં આજનાં ઘણાં જુવાનો આ બાબતમાં સારા છે."

આ જાતના કાગળોનો આ એક નમૂનો છે. હું જાણું છું કે, આ લેખકની સાથે મારે ગયા ત્રણ મહિનાથી ઓળખ થઇ છે. એટલા વખતમાં એનામાં કેટલાય ફેરફાર થયા છે. એ હજુ પણ કટોકટીની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. જે ઉતારો મેં આપ્યો છે એ એના એક લાંબા કાગળમાંથી છે. એ કાગળ અને એનાં બીજાં ઘણાં લખાણો એ મારી પાસે પ્રસિધ્ધ કરાવવા રાજી છે. પણ મેં જે ઉતારો આપ્યો છે તે જ ઘણા જુવાનોની મનોદશાનું પ્રતિબિંબ પાડે છે.

યુવકો અને યુવતીઓ પ્રત્યે મને સમભાવ તો છે જ. મારી પોતાની જુવાનીના દિવસોનું મને તાદૃશ સ્મરણ છે અને મને દેશનાં યુવક યુવતીઓ વિષે શ્રધ્ધા છે. તેથી જ તો હું એમની સામે આવી પડેલા પ્રશ્નોની ચર્ચા કરતાં કદી થાકતો નથી.

નીતિ અને ધર્મ એક જ અર્થના શબ્દો છે. ધર્મશૂન્ય નીતિમય જીવન રેતી પર બાંધેલા ઘર સમાન છે. અને નીતિરહિત ધર્મ એ કથીર જેવો છે. નીતિમાં સત્ય, અહિંસા અને બ્રહ્મચર્યનો સમાવેશ થાય છે. મનુષ્યજાતિએ કેળવેલો એકેએક ગુણ આ ત્રણ પ્રાથમિક ગુણો સાથે સંબંધ ધરાવે છે ને એમાંથી જ ઉતરી આવેલો છે એમ કહી શકાય. અહિંસા અને બ્રહ્મચર્યની ઉત્પત્તિ પણ સત્યમાંથી છે, ને સત્ય એ મારે મન પરમેશ્વર છે.

બ્રહ્મચર્ય વિના પુરુષ કે સ્ત્રીના બાર વાગી જવાના. ઇન્દ્રિયો પર જરાયે અંકુશ ન રાખવો એ સુકાન વિનાના વહાણમાં હંકારીને પહેલો જ ખડક આવે તેના પર અથડાઇને ભુક્કા થઈ જવા જેવું છે. તેથી હું હંમેશાં બ્રહ્મચર્ય પર ભાર મૂકું છું. આ પત્રલેખકે સાચું કહ્યું છે કે, ગર્ભાધાન નિરોધના કૃત્રિમ ઉલાજોના આવવાથી સ્ત્રીપુરુષોના ભોગસંબંધ વિષેનાં વિચારો બદલાઈ ગયા છે. સ્ત્રીપુરુષની પરસ્પર સંમતિને લીધે સંભોગ—પછી તે સ્વસ્ત્રી સાથે હો કે પરસ્ત્રી સાથે, અને એ જ દલીલને લંબાવીને કહીએ તો એક જ જાતિ વચ્ચે હો—નીતિમય બનતો હોય તો સ્ત્રીપુરુષ સંબંધ વિષેની નીતિમત્તાનું આખું મંડાણ ભાંગી પડે છે, ને દેશના જુવાનો માટે 'દુઃખ ને હાર' સિવાય બીજું કશું રહેવાનું નથી. હિંદુસ્તાનમાં એવાં ઘણાં યુવકયુવતીઓ મળી આવશે જે પરસ્પર સંભોગની વાસનાના પાશમાં સપડાયેલાં હોઈ તેમાંથી છૂટવા રાજી છે. માણસને કોઈ પણ કાળે ગુલામ બનાવનાર જલદમાં જલદ કેરી વસ્તુ કરતાંયે આ કામવાસના વધારે જલદ હોય છે. કૃત્રિમ ઉલાજોનો ઉપયોગ કેવળ સંતાનોની સંખ્યા મર્યાદિત કરવા પૂરતો જ થશે એવી આશા રાખવી ફોગટ છે. જ્યાં લગી સંભોગનો ચોકકસ સંબંધ મહામૂલા જીવની ઉત્પત્તિ સાથે છે ત્યાં લગી જ સુધડ ને નીતિમય જીવનની આશા રાખી શકાય. એમાં વિપરીત થઈ ગયેલી ભોગવૃત્તિ અને તેથી ઓછે અંશે સ્વપરસ્ત્રીનાં ભેદ વિનાનાં સ્વચ્છાચારને જરાયે અવકાશ રહેતો નથી. સંભોગમાંથી એનાં કુદરતી પરિણામો કાઢી નાખવામાં આવે તો બેહૂદા સ્વેચ્છાચારને માટે, ને અકુદરતી સંભોગ વિષે સંમતિ નહીં તો આંખમીચામણાને માટે રસ્તો ખુલ્લો થઈ જાય છે.

સ્ત્રીપુરુષસંબંધના પ્રશ્નના વિચારમાં મારા પોતાના અનુભવ પ્રસ્તુત છે, એટલે મારી આત્મકથા જેમણે ન વાંચી હોય એવા વાચકો મારાં વિષયભોગના પાપ વિષે આ પત્રલેખકે બાંધ્યાં છે એવાં અનુમાનો ન બાંધે એ માટે ચેતવણી આપી દઉં. મારો જે કંઇ અતિ-સંભોગ હતો તે કેવળ મારી સ્ત્રી સાથે જ હતો. વળી હું મોટા સંયુકત કુટુંબમાં રહેતો. ત્યાં રાતે થોડા કલાક સિવાય એકાંત ભાગ્યે જ મળતું. વાસનાતૃપ્તિને માટે જ સંભોગ કરવામાં રહેલી મૂર્ખતાનું મને છેક ત્રેવીસ વરસની ઉમરે ભાન થયેલું; અને ૧૮૯૯ માં, એટલે કે હું ત્રીસ વરસનો હતો ત્યારે, મેં પૂર્ણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધેલી. મને વૈરાગી કે સંન્યાસી કહેવો એ ખોટું છે. જે આદર્શોને અનુસરીને મેં મારા જીવનને ઘડયું છે તે સર્વ મનુષ્યો અનુસરે તેટલા માટે મેં તેમની સામે રજૂ કર્યા છે. ધીમા વિકાસક્રમથી મને એ આદર્શોનું દર્શન થયું છે. એ માર્ગમાનું એકે એક પગલું બહુ જ વિચારપૂર્વક, ચિંતનપૂર્વક, અને પૂરેપૂરું જાણીબુજીને લીધેલું છે. મારૂં બ્રહ્મચર્ય ને મારી અહિંસા બન્ને જાતઅનુભવમાંથી ઉદ્‌ભવ્યાં, ને સમાજસેવાને અર્થે આવશ્યક થઈ પડયાં હતાં. દક્ષિણઆફ્રિકામાં ગૃહસ્થ તરીકે, વકીલ તરીકે, સમાજસુધારક તરીકે, રાજ્યપ્રકરણમાં ભાગ લેનાર તરીકે મારે જે એકલવાયું જીવન ગાળવું પડેલું, તેમાં મારે જો એ બધાં કર્તવ્યોને બરોબર પહોંચી વળવું હોય, તો મારે વિષયભોગ પર કડકમાં કડક મર્યાદા મૂકવી, અને મારા દેશભાઇઓ હો કે ગોરાઓ હો, સર્વ મનુષ્યની સાથેના વ્યવહારમાં સત્ય અને અહિંસાનું પાલન કરવું એ આવશ્યક હતું. હું સામાન્ય કોટિના માણસ કરતાં ચડિયાતો છું એવો મારો દાવો નથી. સામાન્ય માણસમાં હોય એનાથીયે ઓછી શકિત મારામાં છે. તેમજ જે કંઇ અહિંસા કે બ્રહ્મચર્યને હું પરિશ્રમ-પૂર્વક સંશોધન કરીને પહોંચી શકયો છું તેને માટે પણ હું વિશેષ યશ લઈ શકું એમ નથી. મને તો છાંટાભાર શંકા નથી કે, કોઇ પણ પુરુષ કે સ્ત્રી એટલો જ પ્રયાસ કરે અને એવી જ આશા અને શ્રધ્ધા કેળવે તો, જેટલી સિધ્ધિ મેં પ્રાપ્ત કરી છે તેટલી તેઓ પણ પ્રાપ્ત કરી શકે. શ્રધ્ધા વિનાનું કર્મ એ અગાધ સમુદ્રને તળિયે પહોંચવાના પ્રયત્ન જેવું છે.

**ગાંધીજી**

પ્યારા બાપૂમાંથી સાભાર ઉધ્ધૃત.

**પૂરક નોંધ :** માનવીના જીવનવ્યવહાર સાથે સંબંધ ધરાવતી વિજ્ઞાનની જે કોઈ શોધ થાય તેનો વિવેક વિના ઉપયોગ કરવામાં આવે તો તે મહાન અનર્થનું નિમિત્ત બની શકે છે. સંતતિનિયમનનાં સાધનોના ઉપયોગ વિષે મારા વિચારો ગાંધીજીથી જુદા પડે છે, એમ છતાં તે સાધનોનો અસાધારણ સંયોગોમાં વિવેકપૂર્વક ઉપયોગ નહિ થાય તો તેમાં જે ભયંકર જોખમ રહેલું છે તેનો એક યુવાનના બાપુજી ઉપરના પત્ર ઉપરથી આપણને સ્પષ્ટ ખ્યાલ આવે તેમ છે. બાપુજીનો જવાબ પણ એટલો જ વેધક છે. એ વાંચીને આપણે વિવેકલક્ષી બનીએ અને ઊંડો વિચાર કરતાં જે કાંઇ અનિષ્ટ લાગે તેનો જરૂર ત્યાગ કરીએ અને જે ઇષ્ટ લાગે તેની પણ ઉચિત મર્યાદા વિષે પુરા જાગ્રત રહીએ.

**પરમાનંદ**

# સ્પેશિયલ મેરેજીઝ એકટ

## ( ખાસ લગ્ન ધારો )

આજ સુધી જેને સમાજ 'રજીસ્ટરથી લગ્ન' તરીકે પીછાનતો આવ્યો છે તે ખાસ લગ્ન ધારો (Special Marriages Act 1954) ૧૯૫૪ ની નવમી ઓકટોબરથી અમલમાં આવ્યો. મૂળ આ કાયદો ૧૮૭૨ માં થયો હતો. તેની કલમો થોડીક જ હતી. અને તે કાયદા નીચે જેઓ કોઈ હિન્દુ મુસ્લીમ વિ. પોતે નથી તેમ જાહેર કરે તેઓ જ લગ્ન કરી શકતાં.

આ નવા કાયદા નીચે કોઈ પણ કોમ કે ધર્મની વ્યકિત પોતાની કે અન્ય કોમ કે ધર્મની વ્યકિત સાથે લગ્ન કરી શકે છે.

આ કાયદા નીચે જુદાં જુદાં વિસ્તારમાં લગ્ન નોંધનાર અધિકારીઓની નીમણુંક કરવામાં આવી છે. લગ્ન કરવા ઇચ્છિનાર બંને પક્ષકારોએ પોતે લગ્ન કરવા ધ્યચ્છે છે એવી લેખિત નોટીસ તે અમલદ્વારને આપવી જોઇએ. અમલદ્વારે તે નોટીસની માહીતી તેની કચેરીમાં જાહેરને માટે ચોડવી જોઇએ. જે લગ્ન નોંધનાર અમલદ્વારનાં વિસ્તારમાં લગ્ન કરવા ઇચ્છતી કોઇ પણ એક વ્યકિત એક મહીનાથી રહેતી હોય તે વિસ્તારના અમલદ્વારને તે વ્યકિત નોટીસ આપી શકે છે. પણ તેણે તેમના કાયમી નિવાસસ્થાનના અમલદ્વારને તેની નકલ મોકલવી જોઇએ ને ત્યાં પણ તે ચોંટાડવી જોઇએ.

આ નોટીસ ચોંટાડયા પછી ૩૦ દિવસની અંદર લગ્ન સામે કોઇને વાંધો હોય તો તે પોતાનો વાંધો નોંધાવી શકે છે. આ વાંધો માત્ર નીચેના ચારમાંથી કોઈ એક જ મુદ્દાનો હોઈ શકે.

૧ લગ્ન કરનાર પુરૂષની વય ૨૧ વર્ષથી નીચે છે અગર સ્ત્રીની વય ૧૮ વર્ષથી નીચે છે.

૨ લગ્ન કરનાર સ્ત્રી યા પુરૂષ આ કાયદામાં નક્કી કરેલ પ્રતિબંધિત સગાઇનાં છે.

૩ લગ્ન કરનાર ગાંડા યા ગાંડી અથવા તો સાનહીન (Idiot) છે.

૪ લગ્ન કરનાર સ્ત્રીને બીજો પતિ કે પુરૂષને બીજી પત્ની છે.

( આ ચાર પ્રતિબંધો લગ્ન માટે આ કાયદા નીચે નક્કી કરવામાં આવ્યા છે. )

લગ્ન નોંધનાર અમલદ્વાર આ વાંધાઓની તપાસ કરી તે સાચો લાગે તો લગ્ન નોંધવા ના પાડે છે. તે ખોટો લાગે તો રદ કરે છે. ૩૦ દિવસ પછી કોઇ વાંધો ન હોય તો લગ્ન નોંધવામાં આવે છે.

આ લગ્ન ત્રણ સાક્ષીઓની હાજરીમાં નોંધવુ જોઇએ. તે વખતે સ્ત્રી પુરૂષ અને સાક્ષીઓએ એક જાહેરાત પર સહી કરવી પડે છે. લગ્ન વખતે પુરૂષ સ્ત્રીને કહે છે. "હું તને મારી કાયદેસરની પત્ની તરીકે સ્વીકારૂં છું" ને સ્ત્રી પુરૂષને કહે છે "હું તમને મારા કાયદેસરના પતિ તરીકે સ્વીકારૂં છું."

આ શબ્દો બોલવા બન્ને માટે ફરજીયાત છે. લગ્નની નોટીસ આપ્યા પછી ત્રણ મહીનામાં લગ્ન ન થાય તો તે નોટીસ રદ ગણાય છે ને લગ્ન કરવા હોય તો ફરી નોટીસ આપવી પડે છે.

આ કાયદા નીચે એક વિશિષ્ટ જોગવાઈ એ છે કે જેઓ આ કાયદો અમલમાં આવ્યો તે પહેલાં બીજી કોઇ વિધિથી લગ્નથી જોડાયા હોય તેઓ આ કાયદા નીચે ફરીથી લગ્ન નોંધાવી શકે છે.

હિંદનો કોઇ પ્રજાજન પરદેશમાં રહેતો હોય ને ત્યાં તે આ કાયદા નીચે લગ્ન કરવા માંગતો હોય તો પરદેશના હિંદી એલચીને આ કાયદા નીચેના લગ્ન–અમલદ્વારની સત્તા આપવામાં આવી છે.

આ કાયદા નીચે લગ્ન કરનાર જો સંયુકત કુટુંબનો સભ્ય હોય તો આપોઆપ તેમાંથી જુદો થયેલો ગણાશે, અને તેને તથા તેના આ લગ્નના સંતાનને હિંદુસ્તાનનો વારસાનો કાયદો લાગુ પડશે. પણ તેના સંતાનના સંતાનને તે કાયદો લાગુ નહિ પડે. આ કાયદા નીચે એક ધર્મનો પુરૂષ અન્યધર્મી સ્ત્રીને પરણે તો તેના સંતાનનો ધર્મ પતિના ધર્મ મુજબ છે એમ માની લેવામાં આવે છે.

આ કાયદા નીચે લગ્ન છુટા કરવા માટે ત્રણ પ્રકારનાં વિભાગો છે (૧) ગેરકાયદેસર લગ્ન (Null & Void Marriage) (૨) રદ કરવાને પાત્ર લગ્ન ( Voidable Marriage ) (૩) છૂટા છેડા (Divorce).

ઉપર જે ચાર પ્રતિબંધોનો નિર્દેશ કર્યો છે, તેના ભંગરૂપ જો લગ્ન થયા હોય તો પ્રથમથી જ ગેરકાયદેસર છે. તે ઉપરાંત લગ્ન વખતે પુરૂષ અગર સ્ત્રી પુરૂષત્વમાં કે સ્ત્રીત્વમાં ન હોય તો તે લગ્ન ગેરકાયદેસર ઠરાવી રદ થઈ શકે છે. આવા લગ્ન ગેરકાયદેસર જાહેર કરવાનો દાવો કોઇ પણ વ્યકિત કરી શકે છે.

'રદ કરવાને પાત્ર' લગ્નનો કાયદાથી અર્થ એ છે કે આ લગ્ન રદ ન થાય ત્યાં સુધી પુરૂષ અને સ્ત્રી પતિ પત્ની ગણાય છે ને તેમના સંતાનો ઔરસ ( Legitimate ) ગણાય છે. જ્યારે ગેરકાયદેસર લગ્ન એ લગ્ન જ નથી એટલે પ્રથમથી જ પુરૂષ અને સ્ત્રી પતિ પત્ની ગણાતા નથી ને તેમનાં સંતાનો કાયદેસર ગણાતાં નથી.

નીચેનાં કારણોસર થયેલાં લગ્ન રદ થવાને પાત્ર બને છે ને એક પક્ષ તે માટે દાવો કરી શકે છે.

(૧) સામા પક્ષે ઇરાદાપૂર્વક લગ્ન પછી પતિ કે પત્નીનો ધર્મ પ્રથમથી જ બજાવ્યો નથી. ( Non-consumation of a Marriage. )

(૨) સ્ત્રી લગ્ન વખતે પતિ સિવાય અન્ય પુરૂષથી ગર્ભવતી હતી, પણ આ કલમ નીચે લગ્ન તો જ રદ થઈ શકે જો (૧) અરજદાર લગ્ન વખતે આ હકીકતથી અજ્ઞાત હોય, (૨) લગ્ન પછી એક વર્ષમાં જ દાવો કર્યો હોય અને (૩) તેને આ વાતની ખબર પડયા પછી પતિ તરીકે સંબંધ ન રાખ્યો હોય,

(૩) લગ્નની સંમતિ દબાણ કે દગાફટકાથી મેળવવામાં આવી હોય. આ કલમ નીચે પણ દબાણ કે દગા ફટકા પછી એક વર્ષમાં દાવો કરવો જોઇયે અને દબાણ થયા પછી કે દગોફટકો માલુમ પડયા પછી અરજદાર રાજીખુશીથી પતિ કે પત્ની તરીકે ન રહેલ હોય.

લગ્ન ન કરવાનો ત્રીજો પ્રકાર છૂટા છેડા છે. છૂટા છેડાનો અર્થ એ કે લગ્ન થયા ત્યારે તે બધી રીતે કાયદેસર હતા, પરંતુ લગ્ન પછી કાયદાએ નક્કી કરેલાં એક અગર વધુ કારણો ઉપસ્થિત થાય છે જેને કારણે એક પક્ષને છૂટા છેડા લેવાનો હક્ક મળે છે. આ કાયદા નીચે થયેલા લગ્નમાં નીચેનાં કારણોસર છૂટા છેડા મળી શકે છે:—

(૧) એક પક્ષે વ્યભિચાર કર્યો છે.

(૨) એક પક્ષ કોઈ પણ કારણ વિના ત્રણ વર્ષથી બીજા પક્ષને તજી ગયેલ છે.

(૩) સામા પક્ષને હિંદી ફોજદારી ધારા નીચે સાત વર્ષની સજા થઈ છે. પણ અરજી કરતી વખતે સજા ભોગવ્યાને ત્રણ વર્ષ થયાં હોવા જોઇએ.

(૪) લગ્ન થયા પછી ધાતકી વર્તન ચલાવ્યું હોય.

(૫) ત્રણ વર્ષથી સુધરી ન શકે તેવું ગાંડપણ હોય.

(૬) ત્રણ વર્ષથી ગુપ્ત ચેપી રોગ હોય પણ આ રોગ અરજદારે તેને આપેલો ન હોવો જોઇએ.

(૭) ત્રણ વર્ષથી રક્તપીત્ત હોય, પણ એ રોગ અરજદારે આપેલો ન હોય.

(૮) સાત વર્ષથી પત્તો જ ન હોય.

(૯) કાયદેસર જુદા રહેવાનું હુકમનામું થયા પછી બે વર્ષ સુધી પતિપત્ની તરીકેનો સંબંધ ન રહ્યો હોય.

(૧૦) લગ્નના હકક પુરા કરવાનું હુકમનામું થયા પછી બે વર્ષ સુધી એ હુકમનામું પાળ્યું ન હોય.

ભૂદાન પ્રવૃત્તિ કેવી રીતે અમલી બની રહી છે તેનો તેમને કાંઇ જાત અનુભવ છે કે નહિ અને આચાર્ય વિનોબા સાથે તેમણે કદિ આ જમીનના પ્રશ્નની ચર્ચા કરી છે કે નહિ તેના જવાબમાં ડૉ. મહેતાએ જણાવ્યું તે "ઓરીસ્સામાં વિનોબાના પ્રવાસની વિગતો હું જાણું છું. એ પ્રવાસ પાછળ કેટલો પૈસો ખરચવામાં આવ્યો છે અને રાજ્યે કેવી મોટા પાયા ઉપરની ગોઠવણો કરી હતી તે જાણીને મને સખ્ત આઘાત લાગ્યો હતો." જમીનના પ્રશ્ન વિષે તેમણે ૧૯૫૩ માં એક લાંબો પત્ર લખ્યાનું અને વિનોબાજી તરફથી સ્વીકૃતિ ઉપરાંત વિશેષ કાંઈ જવાબ નહિ મળવાનું ડૉ. મહેતાએ જણાવ્યું હતું.

દેશમાં ચાલતી આ ભૂદાન પ્રવૃત્તિ વિષે આપણા અગ્રગણ્ય રાજકારણી આગેવાનોમાં મતભેદ હોય એ કોઇ આશ્ચર્યનો વિષય નથી. એ આંદોલન પ્રત્યે પુરી સહાનુભૂતિ દાખવનારના દિલમાં પણ તેને લગતી અનેક વિગતો વિષે કંઇ કંઇ પ્રકારની ધુંચો રહેલી જ છે. જમીનનું વિભાજન અર્થક્ષમતાના ધોરણ ઉપર થવું જોઇએ એ વિચાર સાથે ભૂદાન પ્રવૃત્તિમાંથી ઉભા થતા જમીનના નાના નાના ટુકડાઓમાં થઈ રહેલા વિભાજનનો કેવી રીતે મેળ મળશે એ આજે પણ અનેકને ધુંચવતો પ્રશ્ન લાગે છે. આમ છતાં પણ વિનોબાજી એ ગાંધી–વિચારસરણીની વિસ્તરતી આવૃત્તિ છે, અહિંસાની દૃષ્ટિએ ફરજિયાત ત્યાગ કરતાં સ્વેચ્છાએ ત્યાગ કરવામાં આવે એ અત્યન્ત આવકારદાયક છે, ભૂદાનથી જમીનનો પ્રશ્ન અન્તિમ રીતે ઉકલે કે ન ઉકલે એમ છતાં પણ આપણી જમીન અને આપણી સંપત્તિના કેવળ આપણે માલીક નથી, એમાંથી અન્ય માટે ભાગ આપ્યે જ છૂટકો છે એવી આબોહવા છેવટના ઉકેલમાં પૂરી મદદરૂપ નીવડવાની છે–આ લગભગ સર્વસ્વીકૃત બાબતો ડૉ. મહેતાબના ધ્યાન ઉપર કેમ આવતી નથી એ સમજાતું નથી. આજે શ્રીમન્ત અને ગરીબ વચ્ચે જે અસીમ અન્તર છે તે દૂર કરીને ઉભય વચ્ચે સમાનતા ઉભી કરવામાં જ આજની ગરીબાઇનો ઉકેલ રહેલો છે એ સૌ કોઈ સ્વીકારે છે. આનો ઉપાય જેની પાસે જે કાંઇ હોય તેમાંથી સર્વસમુદાય માટે કાંઇક આપે તેમાં જ રહેલો છે. આને શ્રીમન્તાઇનું વિભાજન કહો કે ગરીબાઇનું વિભાજન કહો–બન્નેનો અર્થ અને પરિણામ એક જ છે. વિનોબાજી સાધારણ સ્થિતિના માણસોને કાંઇક આપવાનું કહે છે ત્યારે શ્રીમન્તોની ટ્રસ્ટીશીપના સિધ્ધાન્તનો કોઈ અંશમાં પણ ઇનકાર કરતા જ નથી. સંપત્તિદાનની માંગણીના પાયામાં જ એ વાત રહેલી છે. આમ છતાં ગાંધીજી અને વિનોબાજીની કાર્યપધ્ધતિમાં અને વિચારસરણીમાં ઘણો મોટો તફાવત છે એમ જ્યારે રાજ્યપાલની જવાબદારી ધરાવતો આવો મોટો માણસ અને આજ સુધીના વિચારપ્રવાહથી સારી રીતે રંગાયલો માણસ કહે છે ત્યારે ભારે આશ્ચર્ય થાય છે અને આ બધું કહેવા જણાવવામાં વિનોબા સામેનો કોઇ પૂર્વગ્રહ તો કામ કરી રહ્યો નહિ હોય એવી આશંકા મન અનુભવે છે. આવું જ આશ્ચર્ય વિનોબાનો ચાલી રહેલો પ્રવાસ અત્યન્ત ખર્ચાળ હોવાનું જાહેર કરતા ડૉ. મહેતાબ પેદા કરે છે. સામાન્ય રીતે ૨૫–૫૦ માણસોનો પ્રસ્તુત આન્દોલન અર્થે પ્રવાસ ચાલતો હોય અને એમાં પણ વિનોબાજી જેવી વ્યકિત કે જેમની પાસે આજે સંખ્યાબંધ બહેનો તથા ભાઇઓ માર્ગદર્શન માટે આવતાં જતાં રહે છે એ સંયોગમાં તેમના કારણે અનેક આગન્તુકોની પણ સ્થળે સ્થળે અમુક વ્યવસ્થા કરવાની હોય જ અને તે માટે અમુક ખર્ચ તો થાય જ. પણ આ ખર્ચ વાંધા પડતો તો ત્યારે જ લેખાય કે જ્યારે તે અંગે દેખાવ અને દમામ પાછળ અથવા તો માલમિષ્ટાન્ન ખાવાખવરાવવા પાછળ વિવેક વિનાનો અર્થવ્યય થતો હોય. ગાંધીજી અને તેમના પરિવારને નિભાવવા તેમજ તેઓ આવા પ્રવાસે નીકળતા ત્યારે તે પ્રવાસને લગતી જરૂરિયાતોને પહોંચી વળવા કેટલો મોટો ખર્ચ થતો હતો તે ડૉ. મહેતાબ શું નથી જાણતા ? આમ છતાં આ ખર્ચને તેમણે કે કોઇએ કદિ પણ ઉડાઉગીરી તરીકે વર્ણવેલ નથી–એવો વિચાર સ્વપ્નમાં પણ કદિ કોઇએ ચિન્તવ્યો નથી. વિનોબાજી ઉપર આવો આક્ષેપ આવું જવાબદાર સ્થાન ધરાવતી વ્યકિત તરફથી કરવામાં આવે તે અત્યન્ત દુઃખદ છે અને વિનોબાજીને ભારે અન્યાય કરનારૂં છે. ગાંધીજી અને વિનોબાજીની વિચારણામાં કે કાર્યપધ્ધતિમાં કશો પણ તફાવત હોઈ જ ન શકે એમ કહેવું કે વિચારવું યોગ્ય ન ગણાય; કારણ કે બે વિશિષ્ટ વ્યકિતઓ બધી બાબતમાં સમાન હોઈ ન જ શકે. પણ ડૉ. મહેતાબ તે બે વચ્ચે જે રીતે તફાવત તારવે છે તે વસ્તુતઃ ભેદ વિનાનો તફાવત લાગે છે અને તેથી હાસ્યાસ્પદ ભાસે છે.

## હાઇડ્રોજન બોંબની અપાર વિનાશકતા વિષે વૈજ્ઞાનિકોની ચેતવણી

સુવિખ્યાત બ્રીટીશ તત્વવેત્તા અર્લ બર્ટ્રાન્ડ રસેલ જેની આજે ૮૦ વર્ષ ઉપરની ઉમ્મર છે તેમણે જુલાઇ માસની નવમી તારીખે દુનિયાના ખૂબ જાણીતા અને તેમાંના કેટલાક નોબેલ પ્રાઇઝ ધરાવનાર આઠ વિજ્ઞાનશાસ્ત્રીઓની સહી સાથેનું એક ભારે મહત્વનું નિવેદન બહાર પાડયું છે. આ નિવેદન અણુશસ્ત્રોની ભયંકર સંહારશકિત તરફ ભિન્ન ભિન્ન રાષ્ટ્રના શાસકોનું અને આખી માનવ જાતનું ધ્યાન ખેંચે છે. અને અણુશસ્ત્રો પેદા કરવા માત્રથી સંતોષ નહિ માનતા આ દુનિયા ઉપર યુધ્ધને તદ્દન અસંભવિત બનાવવા તેઓ અત્યન્ત ઉત્કટતાપૂર્વક અપીલ કરે છે. આ નિવેદન ઉપર તાજેતરમાં જેનું અવસાન થયું છે, એ અધ્યાપક આલબર્ટ આઇન્સ્ટીને અવસાનના અઠવાડીઆ પહેલાં ગયા એપ્રીલ માસની ૧૧ મી તારીખે સહી કરી છે. આ ઉપરાંત જાણીતા સામ્યવાદી અધ્યાપક જુલીઅટ કયુરીએ પણ આ નિવેદન ઉપર સહી કરી છે.

જ્યારે ચાર રાષ્ટ્રના મુખ્ય સન્તાધીશો ચાલુ માસની ૧૮ મી તારીખે મળી રહ્યા છે, ત્યારે તેમનું તેમજ આખી દુનિયાનું આ ભયંકર કટોકટી તરફ ધ્યાન કેન્દ્રિત કરવા માટે બર્ટ્રાન્ડ રસેલને અનેક ધન્યવાદ ઘટે છે. બર્ટ્રાન્ડ રસેલના આ નિવેદનની વિશેષ મહત્તા એ માટે છે કે આજથી છ વર્ષ પહેલાં ૧૯૪૯ માં આ જ બર્ટ્રાન્ડ રસેલે પોતાના એક વાયુપ્રવચનમાં જાહેર કરેલું કે સોવિયટ રશીઆનું દુનિયા ઉપર પ્રભુત્વ સ્થપાય તે કરતાં તો એક અણુ યુદ્ધ થઇ જાય તો વધારે સારૂં એટલું જ નહિ પણ રશીઆનો વધતો જતો પ્રભાવ પશ્ચિમની સભ્યતાને ભારે ખતરનાક નીવડવા સંભવ છે એમ જણાવીને રશીઆને ભાગી નાંખે એવા એક અટકાયતી યુધ્ધ–preventive war–ની તેમણે હિમાયત કરી હતી. પાંચ વર્ષના ગાળે આજે તેમની વલણમાં મહત્વનો ફેરફાર થયેલો માલુમ પડે છે અને કોઈ પણ પ્રકારના યુદ્ધના તેઓ સખ્ત વિરોધી બન્યા છે. પ્રસ્તુત નિવેદન નીચે મુજબ છે:–

"ભવિષ્યના કોઈ પણ યુધ્ધમાં અણુશસ્ત્રો (nuclear weapon) જરૂર વપરાશે અને આ શસ્ત્રોનો ઉપયોગ માનવ જાતિના ચાલુ અસ્તિત્વને જોખમમાં મૂકશે એ હકીકત ધ્યાનમાં લઇને દુનિયાની સરકારી હકુમતોને અમો આગ્રહપૂર્વક જણાવીએ છીએ કે તેમની કોઈ આકાંક્ષાઓ વિશ્વયુદ્ધથી સિદ્ધ થવાનો લેશમાત્ર સંભવ નથી એ તેઓ ગંભીરપણે ધ્યાનમાં લે અને જાહેર રીતે સ્વીકારે અને તેથી તેમના ઝગડાઓની પતાવટ માટે શાન્તિમય ઉપાયો અખત્યાર કરવાનું કબુલ કરે. માનવી માનવીને અપીલ કરે એ સંબંધના આધાર ઉપર સમગ્ર માનવજાતને અમે અપીલ કરીએ છીએ. તમારી માનવતાને યાદ રાખો અને બીજું બધું ભુલી જાઓ. એમ જો તમે કરશો તો આ દુનિયામાં તમે સ્વર્ગને સમીપ લાવી શકશો. જો એમ નહિ કરો તો સંપૂર્ણ વિનાશનું જોખમ તમે નોતરશો, એક યા અન્ય રાષ્ટ્રના કે ખંડના પ્રજાજન તરીકે અથવા તો કોઇ એક ધર્મના અનુયાયી તરીકે નહિ પણ માનવ તરીકે, જેનું ચાલુ અસ્તિત્વ આજે શંકાસ્પદ બન્યું છે એવી માનવી નામની એક જાતિના સભ્ય તરીકે અમે આ જાહેરાત કરી રહ્યા છીએ.

"હાઇડ્રોજન બોંબના ઉપયોગ સાથેના યુદ્ધમાં મોટાં શહેરો ખલ્લાસ થઈ જશે એમાં તો કોઇ શક છે જ નહિ, પણ આ તો પ્રમાણમાં એક નાની આફત હોવાની કે જેનો આપણે સામનો કરવો

પડશે. લંડન, ન્યુયોર્ક અને મોસ્કોમાં વસતો દરેક આદમી ખલ્લાસ થઈ જાય તો પણ થોડી સદીઓના ગાળામાં એ આફતમાંથી દુનિયા કદાચ ઊંચી આવે. પણ બીકીના ટાપુ ખાતે કરવામાં આવેલા પ્રયોગ ઉપરથી હવે અમને માલુમ પડે છે કે અણુબોંબો તે વિષે પહેલાં ધારવામાં આવતું હતું તે કરતાં ઘણા વધારે વ્યાપક ક્ષેત્ર ઉપર ધીમે ધીમે વિનાશને ફેલાવી શકે છે. આ વિષયમાં પ્રમાણભૂત લેખાતી વ્યકિતઓ આજે એક મતથી જણાવે છે કે હાઇડ્રોજન બોંબના ઉપયોગ સાથેનું યુધ્ધ, સંભવ છે કે, આખી માનવ જાતનો અન્ત લાવવામાં પરિણમે. એવો ભય સેવવામાં આવે છે કે એક સાથે સંખ્યાબંધ હાઇડ્રોજન બોંબનો ઉપયોગ કરવામાં આવશે તો તેથી સર્વવ્યાપી સંહાર થવાનો, દુનિયાની વસ્તીનો થોડો ભાગ એકાએક નાશ પામશે અને બાકી રહેતો મોટો ભાગ રીબાઈ રીબાઇને મરશે. જેઓ આ વિષયના ખૂબ જાણકાર છે તેઓ આ બાબતમાં સૌથી વધારે ચિન્તા સેવી રહ્યા છે.

"સામાન્ય પ્રજાને આ બાબતનું હજુ બહુ ઓછું ભાન છે કે તેઓ પોતે અને જેમને તેઓ ચાહે છે તે સર્વ રીબાઇ રીબાઇને મરવાના તત્કાળ જોખમમાં આજે બેઠેલા છે. અમો ચેતવીએ છીએ કે આધુનિક શસ્ત્રોની મનાઈ કરવાથી આપણે સહીસલામત રહીશું એવી આશા કેવળ ભ્રામક છે. લડાઇના સંયોગોમાં આવી મનાઈને કોઈ બંધનકારક લેખવાનું નથી અને જેવી લડાઇ ફાટી નીકળી કે બન્ને પક્ષો હાઇડ્રોજન બોંબ બનાવવા અને ફેંકવા મંડી પડવાના છે. અમો પ્રમાણભૂત માહીતી ઉપરથી ચેતવીએ છીએ કે જે બોંબથી હીરોશીમાનો નાશ થયો હતો તેથી ૨૫૦૦ ગણી વધારે સંહારશકિત ધરાવતો બોંબ આજે બનાવી શકાય તેમ છે. આવો બોંબ જમીન કે દરિયામાં ફોડવામાં આવે તો તેમાંથી ઉપરના હવામાનમાં રેડીઓ-એકટીવ રજકણો ફેંકાશે. એ રજકણો વિનાશક વર્ષાના આકારમાં ધીમે ધીમે દુનિયાની સપાટી ઉપર પસરી જશે અને ચોતરફ સંહારની આંધી ફેલાવશે. આ એજ રજકણો હતાં કે જે જાપાનીઝ માછીમારો માટે તેમજ તેમણે પકડેલી મચ્છીઓ માટે જીવલેણ નીવડયાં હતાં."

આ વિચારનો વિશેષ પ્રચાર કરવા માટે વિશ્વના વિજ્ઞાનશાસ્ત્રીઓની બર્ટ્રાન્ડ રસેલ થોડા સમયમાં એક પરિષદ ભરવાનો વિચાર કરી રહ્યા છે. દુનિયાએ આ જોખમ વિષે પુરા સજાગ બનવાની જરૂર છે અને દુનિયાના શાસકોએ પણ પોતાની વાણી અને વર્તન વિષે અપૂર્વ સંયમ ધારણ કરવાની એટલી જ જરૂર છે. પોતાનો એક ઉદ્‌ગાર-પોતાનું એક પણ પગલું-દુનિયાને રખેને યુદ્ધસન્મુખ ન બનાવે એવી સાવચેતી દુનિયાના દરેક જવાબદાર માનવીએ દાખવવી ઘટે છે. પંડિત જવાહરલાલ નહેરૂ આજે દુનિયાને જે ચેતવણી આપી રહ્યા છે તેનું આ જગવિખ્યાત વૈજ્ઞાનિકોનું નિવેદન સંપૂર્ણતયા સમર્થન કરે છે. યુધ્ધને ખાળવાના અને શસ્ત્રસરંજામને નિરૂપયોગી બનાવવાના-દુનિયામાં સુલેહ શાન્તિને સ્થાયી બનાવવાના-આ ભગીરથ પ્રયત્નની સફળતામાં જ આપણ સર્વનું સ્વાસ્થ્ય અને કલ્યાણ રહેલું છે.

### ઉદારચરિત શેઠ ભોગીલાલ દોલતચંદને ધન્યવાદ

શ્રી પાટણ જૈન મંડળ હસ્તક પાટણ ખાતે ચાલતા શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયના દશ વર્ષીય રસોત્સવ નિમિત્તે તા. ૩-૭-૫૫ ના રોજ મુંબઈ ખાતે ભારતીય વિદ્યાભવનમાં 'રામશબરી' નામનું નાટક ભજવવામાં આવ્યું હતું અને આ નાટક સમારંભને મુખ્ય અતિથિ તરીકે દાનવીર શેઠ મેઘજી પેથરાજ શાહે શોભાવ્યો હતો. પ્રસ્તુત વિદ્યાલયની સ્થાપના શેઠ ભોગીલાલ દોલતચંદે કરેલા રૂા. ૬૧૦૦૦ ના દાનમાંથી કરવામાં આવી હતી. આજે આ વિદ્યાલય પોતાનું સ્વતંત્ર મકાન ધરાવે છે અને તેનો ૬૫૦ વિદ્યાર્થીઓ લાભ લે છે, મુંબઇ સરકાર તરફથી તેને રૂા. ૨૦૦૦૦ ની ગ્રાન્ટ મળે છે. શેઠ ભોગીલાલ દોલતચંદ તરફથી આ વિદ્યાલયને લગતા જુદા જુદા ફંડોમાં આજ સુધીમા મળેલી રકમોનો સરવાળો રૂા. ૧૪૧૨૦૧ નો થવા જાય છે. પ્રસ્તુત રસોત્સવ પ્રસંગે તેમના તરફથી વિદ્યાલયના મકાનમાં હોલ બાંધવા માટે રૂા. ૧૫૦૦૦ આપવામાં આવ્યા છે અને વિદ્યાલયના વિદ્યાર્થીઓને માફી આપવામાં વ્યાજ વાપરવું એ શરતે રૂા. ૩૫૦૦૦ નું એક ટ્રસ્ટ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ સંસ્થાના આત્મા જાણીતા હીરાના વ્યાપારી-શ્રી ભોગીલાલભાઇના પુત્ર-શ્રી હીરાલાલ ભોગીલાલ શાહ છે. તેમના તરફથી ચલાવવામાં આવતી લોકકલ્યાણની અન્ય પ્રવૃતિ ભારતીય આરોગ્ય નિધિમાં શેઠ ભોગીલાલે રૂા, ૧૦૦૦૦ ની રકમ આપી છે. આ રીતે આ રસોત્સવ પ્રસંગે કુલ રૂા. ૬૦૦૦૦ ની ઉદાર સખાવત કરવા માટે શેઠ ભોગીલાલ દોલતચંદને ધન્યવાદ ઘટે છે. પ્રસ્તુત રામશબરી નાટકની ટીકીટોના વેચાણમાંથી રૂા. ૩૩૦૦૦ ની વિદ્યાલયને આવક થઈ છે. આ સાર્વજનિક વિદ્યાલય આ રીતે આર્થિક મદદો વડે સતત સીંચાતું રહે અને શિક્ષણના ક્ષેત્રમાં અનેક દિશાએ વિકસતું રહે એવી આપણી તે પ્રત્યે શુભેચ્છા હો ! **પરમાનંદ**

## વજ્રેશ્વરી પર્યટણ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા તેમના કુટુંબીજનો માટે મુંબઇથી આશરે ૬૦ માઇલ દૂર આવેલ વજ્રેશ્વરીનું એક પર્યટણ યોજવામાં આવ્યું છે. પર્યટણ મંડળી ચાલુ માસ જુલાઇની ૨૩ મી તારીખ શનીવારે સાંજે બરોબર ચાર વાગ્યે પાયધુની ટી. જી. શાહ બીલ્ડીંગથી ઉપડશે; રોયલ ઓપેરા હાઉસ ચીમનલાલ માનચંદની શોપ બાજુએ, દાદર ખોરદાદ સરકલ ડાબી બાજુના બસ સ્ટોપ આગળ તથા માટુંગા કીંગ સરકલ જૈન મંદિર પાસે આટલાં સ્થળોએ અટકીને સીધી વજ્રેશ્વરી જશે. ૨૩ મી તારીખની રાત્રી અને ૨૪ મી તારીખ રવિવારનો દિવસ વજ્રેશ્વરી અકલોલી છેડા આરોગ્ય ભવનમાં ગાળશે અને સાંજના ત્યાંથી મુંબઈ તરફ પાછી ફરશે. રાત્રીના સુવા માટે જરૂરી પાગરણ પુરૂ પાડવામાં આવશે. ફકત ઓઢવાનું સાધન સાથે લેતા આવવું. પર્યટણમાં જોડાનારે વ્યકિતદીઠ રૂા. ૭) આપવાના રહેશે, ૧૨ વર્ષની નીચેના માટે રૂા. ૫) લેવામાં આવશે. આ પર્યટણમાં જોડાવા ઇચ્છનારે તા. ૧૯ મી મંગળવાર સાંજ પહેલાં સંઘના કાર્યાલયમાં પોતાનુ નામ નોંધાવી જવું પડશે. મર્યાદિત સંખ્યા માટે પર્યટણ યોજાયલું હોઇને જે સભ્યની પર્યટણમાં જોડાવાની ઇચ્છા હોય તેણે વિના વિલંબે નામઠામ સાથે જરૂરી રકમ સંઘના કાર્યાલયમાં ભરી જવી એજ વિનંતિ.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**
મુંબઈ, ૩

## સ્થા. જૈનો માટે વૈદકીય રાહત

શ્રી શ્વે. સ્થા. જૈન યુવક મંડળની દવા સમિતિના મંત્રી જણાવે છે કે આ મંડળ તરફથી મુંબઈ તથા ઉપનગરોમાં રહેતા મધ્યમ વર્ગના સ્થા. જૈન કુટુમ્બોને ડૉકટરોએ લખી આપેલ પેટન્ટ દવાઓ તથા ઈંજેકશનો વિના મૂલ્યે અપાય છે, તો જે કુટુમ્બોને એવી જરૂર હોય તેઓએ નીચે જગ્યાએથી ફોર્મ લઇ જવા.

૧ અમૃતલાલ એન્ડ બ્રધર્સ, ૫૮, ગુલાલવાડી, મુંબઇ, ૪
૨ કે. ડી. વિરાણીની કું. ૨૨૪, જવેરી બજાર, મુંબઇ, ૨
૩ ડૉ. છબીલદાસ સંઘવી, ઘોડબંદર રોડ, મલાડ
૪ બચુભાઇ પી. દોશી; ૧૪, મર્ઝબાન રોડ, મુંબઇ, ૧
૫ વનમાળી ભીખા એન્ડ કું. ૧૫, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨
૬ મનહરલાલ પારેખ, ખટાઉ બિલ્ડીંગ, ફામા લેન, ઘાટકોપર
૭ રસીકલાલ એન્ડ કું. કાલબાદેવી મંદીર સામે, મુંબઇ, ૨

ઉપરની કોઇપણ એક જગ્યાએથી ફોર્મ મેળવી તે ફોર્મ અમૃતલાલ એન્ડ બ્રધર્સમાં આપવાથી દવાઓ વગેરે મેળવી શકાશે.


## સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કીંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।=
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે
કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।=

## પ્રબુદ્ધ જૈન તથા પ્રબુદ્ધ જીવનની ફાઇલો

કીંમત રૂા. ૬, પોસ્ટેજ ૦।=

## ઋષભદેવ-ચરિત્ર ચિત્રાવલિ અંક

કીંમત રૂા. ૦।, પોસ્ટેજ ૦।-
પ્રાપ્તિસ્થાન:
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.

# ભૂમિદાન વિષે મોરારજીભાઈ

( ભૂદાન આન્દોલન સંબંધમાં મુંબઇ પ્રદેશના મુખ્ય સચિવ શ્રી મોરારજીભાઇ કેવું વલણ ધરાવે છે એ વિષે કંઇ કંઈ તર્ક વિતર્કો ચાલી રહ્યા હતા. તા. ૧૦ મી જુને સાબરકાંઠામાં કરવામાં આવેલ ભૂમિ વિતરણમાં ભાગ લેતાં તેમણે કરેલું નીચેનું પ્રવચન ઉપરની બાબતમાં સંતોષકારક સ્પષ્ટતા કરે છે, અને બીજી રીતે પણ માર્ગદર્શક છે. આ પ્રવચન ભૂમિપુત્રમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યું છે. **તંત્રી** )

આ ભૂમિવિતરણ સભામાં હાજર રહેતાં અને ભૂમિ મેળવનારાઓને પ્રમાણપત્ર આપતાં મને ઘણો આનંદ થાય છે. આ પૂણ્યકાર્યમાં મને હિસ્સો આપવા માટે ભૂદાનમાં કામ કરનારા જે ભાઇબહેનોએ મહેનત કરી છે તેઓનો હું આભાર માનું છું. મારે માટે ગૂજરાતમાં ભૂમિવહેંચણીનો પહેલો પ્રસંગ છે. એટલે એ વિશે હું જે સમજું છું તે રજૂ કરું તો કેટલાક સંશયો દૂર થવા સંભવ છે.

## વિશ્વ-ક્રાંતિ

માણસ એની બુદ્ધિને કારણે બધાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે. પણ બુદ્ધિનો ઉપયોગ તો ધારીએ તો ભલા માટે થાય અને ધારીએ તો બૂરા માટે થાય. નકામી વસ્તુ પણ સારી બુદ્ધિથી વપરાય તો લેખે લાગે, અને સારામાં સારી વસ્તુનો પણ કુબુદ્ધિથી દુરૂપયોગ થઇ શકે. માણસ શ્રેષ્ઠ યોનિમાં જન્મ્યો છતાં માનવ-સમાજમાં છે તેટલાં દુઃખો પ્રાણી-સમાજમાં ભાગ્યે હશે. જગત શરૂ થયું ત્યારથી માણસ બુદ્ધિના દાવપેચ ઊભા કરીને સુખી થવાનાં ફાંફાં મારતો રહ્યો છે. દરેક જણ પોતાનું સુખ ઝંખે છે, પણ દુઃખને જ સુખ માની એની પાછળ દોડે છે. આમ સુખ મેળવવા જતાં દુઃખ પામે છે. પણ આજે હવે હું આખા જગતમાં એક ક્રાંતિ થઇ રહેલી દેખું છું. પહેલાં દુનિયામાં ઝાંઝાં દુઃખી હોય અને થોડાં સુખી હોય તો તેના પર ધ્યાન નહોતું અપાતું. હવે તો માણસ માત્ર દુઃખમાંથી કઈ રીતે મુક્ત થાય એનો વિચાર બધા દેશમાં ચાલે છે. સાચું સુખ શેમાં છે એ બધાં સમજી લે અને એમાં ભરોસો રાખી પારકે દુઃખે દુઃખી થાય અને સૌના સુખમાં સુખી થાય તો ઘણી મુશ્કેલીઓનો અંત આવી જાય.

## બાપુએ બતાવેલો રસ્તો

આજે જગતમાં ઘણા વાદ ચાલે છે. દરેકનો દાવો લોકોને સુખી કરવાનો છે. હું વાદના ઝઘડામાં નથી પડતો. હું તો એટલું જ જોઉં છું કે તેઓ સાધન કયું વાપરે છે. કારણ સારા ધ્યેય માટે પણ ખોટો રસ્તો લેવાય તો પરિણામ નઠારાં આવે છે. બાપુએ એક ખૂબ સરળ માર્ગ બતાવ્યો છે, પણ જગત વિચિત્ર છે. જે સરળ છે તે જ એને મુશ્કેલ લાગે છે, ને મુશ્કેલ છે તે સરળ ભાસે છે. એ જ માયા છે. બાપુએ ચીંધ્યું તે છે તો સરળ, પણ આપણને વર્તનમાં મુશ્કેલ લાગે છે. સારામાં સારી જમીન મળે, પણ ખેડ, ખાતર, બી ને પાણુ-નિંદામણનો ખ્યાલ ના રાખીએ તો હાથમાં કાંઈ ના આવે. વાપરતાં ન આવડે તો ઓજાર શા કામનું ? તેમ બાપુના ઉપદેશનો ઉપયોગ ન કરીએ તો એ ઉપદેશ શાં કામનો ? થોડાંકે ઉપયોગ કરી જાણ્યો તેથી સ્વરાજ્ય મળ્યું. ઇતિહાસમાં કદી નહોતું બન્યું એવું બન્યું. આપણી મહેનતના પ્રમાણમાં બહુ મોટું પરિણામ આવ્યું. એ બાપુના તપનું ફળ છે. હવે જો એ ફળને લાયક ના થઇએ તો આપણા જેવા અભાગીઆ ને દુઃખી કોઈ નહીં હોય. બાપુ જેવા નેતા મળ્યા છતાં એને ચીંધ્યે રસ્તે ન જઇએ તો આપણા દેશનો ધર્મબુદ્ધિનો દાવો પોકળ છે. ભણેલી પ્રજામાં ધર્મબુદ્ધિ ઓછી છે. અજ્ઞાન જનતામાં ધર્મબુદ્ધિ વધારે છે, પણ તે પૂરી સમજશક્તિવાળી નથી, તેથી તેમાંથી ખમીર પેદા થતું નથી. વળી કમબખ્તી એ છે કે ખમીર પેદા કરવાનું કામ ભણેલા-ભટકેલાઓએ કરવાનું છે.

## ભૂદાન અને કાયદો

આવી વિષમ દશામાં વિનોબાજીએ ભૂદાનનું આંદોલન શરૂ કર્યું છે. બાપુની કલ્પનાનો સમાજ રચવા માટેનું એ મોટામાં મોટું સાધન છે. અલબત્ત ભૂદાનથી જ આપણા બધા પ્રશ્નોનો નિકાલ થઈ જશે એવો કોઈનોય દાવો નથી, પણ જે એમ કહે છે કે ભૂદાનથી બધા પ્રશ્નોનો નિકાલ નહીં થાય તેથી ભૂદાન પર ધ્યાન ન આપો, તેઓનું કહેવું સાવ અયોગ્ય છે. એક સાધન શુદ્ધ રહેશે તો બીજાં શુધ્ધ થશે જ. ભૂદાનથી ભૂમિના બધા પ્રશ્નો પતી જશે એવો દાવો નથી, પણ કાયદાથી જમીનની વ્યવસ્થા થઇ શકે એવું કહેનારા પણ ભૂલમાં છે. કારણ કે, જ્યાં સુધી સારા કાયદાને પચાવવાની અને અમલ કરવાની બુદ્ધિ ના હોય, ત્યાં સુધી એ કાયદાથી સમાજનું કલ્યાણ થવું મુશ્કેલ છે, અશકય છે એમ કહું તોય અતિશયોક્તિ નથી. યોગ્ય કાયદા માટે સદ્‌બુદ્ધિ મળે એવી શકિત સમાજમાં આવે એની ખરી જરૂર છે. એ કામ રાજ્યના કરતાં પણ વધારે જરૂરી છે એટલા માટે આ આંદોલનને હું ખૂબ જ મહત્ત્વનું સમજું છું. કેટલીકવાર ગેરસમજ થાય છે કે હું ભૂદાનના પક્ષમાં નથી, અગર તો મારી નિષ્ઠા મોળી છે. હું કમભાગ્ય કે સદ્‌ભાગ્યમાં નથી માનતો, ભાગ્યમાં માનું છું. ભાગ્ય માણસના કર્મ પર રચાય છે. તેથી મારા વિષે થતી ગેરસમજૂતીને હું કર્મનાં ફળ ગણું છું.

## સદ્‌બુદ્ધિ અને દુર્બુદ્ધિ

ભૂદાન ત્યાગ શીખવનારી મોટામાં મોટી શકિત છે. ત્યાગ વિના માણસાઇનો દીવો પેટે નહીં. ત્યાગ ન કરે ત્યાં સુધી માણસ માણસ કહેવાય નહીં. આવી ત્યાગબુદ્ધિ ભૂદાનમાંથી પેદા થાય છે એ વાત દીવા જેવી સ્પષ્ટ છે. ઘણા માણસો એમાંથી લાભ લેતા હોય, અગર તો ખોટું કરતા હોય અને ખોટો જશ રળતા હોય તો એ દોષ ભૂદાનયજ્ઞનો નથી, પણ મારો ને તમારો છે. એવા દોષો હોય જ નહીં એવું માનનારા સાથે ચર્ચા જ ન હોય. જગતમાં કોઈ પ્રવૃત્તિ દોષમુકત નથી. પૂર્ણતા તો ઈશ્વરમાં જ મળે છે. અપૂર્ણ માણસની અપૂર્ણતામાંથી પૂર્ણ થવાની વૃત્તિ એ જ એની સદ્‌બુદ્ધિની નિશાની છે સત્કાર્યમાંથી ખોડખાંપણ શોધી શોધીને એની સામે આંગળી ચીંધ્યા કરવી એ દુર્બુદ્ધિની નિશાની છે. એ ખોડ દૂર કરવા પોતે શું કર્યું એ વિચારવામાં હિત છે.

આજ જો હું રાજ્ય ના ચલાવતો હોત તો ભૂદાનમાં પડયો હોત એમાં શંકા નથી. તો હું કેમ પડતો નથી એ પ્રશ્નનો જવાબ આપું તો તે કોઇના ગળે ઊતરે ના ઊતરે એટલે હું આપતો નથી. હું સંગઠન, શિસ્ત ને નિયમમાં માનું છું. અને એમ પણ માનું છું કે સંગઠન સિવાય માણસ કોઈ કામ પૂરું કરી શકતો નથી. હવે જે સંસ્થામાં હું માનું છું એ કોંગ્રેસ સંસ્થા મને જે સોંપે તે કરવા હું બંધાયેલો છું અને એને સફળતાથી પૂર્ણ કરવામાં મારો ધર્મ માનું છું. અને તેથી હવે મારે શું કરવું શું ના કરવું તેનો નિર્ણય હું મારા નેતા પર છોડું છું. એ જે કામ આપે તે મારે કરવું જોઇએ અને તેથી હું મારે આ કરવું શું ના કરવું તેનો વિચાર કરતો નથી. જો હું મુખ્ય પ્રધાન તરીકે ભૂમિ લેવા જઉં તો લોકો મુખ્ય પ્રધાનને ખુશ કરવા કે કંઈક મેળવવા માટે જમીન આપે. એમાં ત્યાગનો સંભવ ઓછો છે. ગમે તે પ્રકારે જમીન મળવી જ જોઇએ તેવું મુખ્ય પ્રધાન માને જ. સત્તામાં રહી શુદ્ધ રહેવું એ ખાંડાની ધાર પર ચાલવા જેવું છે. એમાં હું પણ બચ્યો નથી. બચવાનો દાવો પણ કરતો નથી પણ રાતદિવસ બચવા માટે મહેનત કરું છું. અને તેથી જ આ વસ્તુમાં સીધો પડી શકતો નથી. જે કામ જે રીતે થવું જોઇએ એ રીતે ના થાય તો પરિણામ સારાં આવતાં નથી. દરેક જગ્યાએ એ વાત મેં સાફ કહી છે કે આ ક્રાંતિમાં સૌએ શકય તેટલી મદદ કરવી જોઇએ. ભૂદાનયજ્ઞ સફળ કરવામાં આળસ ના કરવું જોઇએ. બાપુએ ખાદી વિષે એ જ કહેલું કે જો ખાદી પાછળ ભેખ લેશો તો જ સ્વરાજ્ય આવશે. ખાદી પાછળ ભેખ ના લીધો તેથી સ્વરાજ્યમાં ખોટ લાગે છે, અનેક પ્રકારનાં દૂષણો લાગે છે. જે પ્રમાણે થવું જોઇએ તે પ્રમાણે ના થાય તો દાવાનળ પણ શરૂ થાય. ભૂમિદાનના સંકલ્પ પ્રમાણે પાંચ કરોડના કોટા પૂરા થાય. પણ તે શુદ્ધ રીતે ના થાય એ અનિચ્છનીય છે. પણ જો ઓછું થાય એ પણ શુદ્ધ રીતે થાય તો એ ઘણું છે. એથી સમાજ રચવા જે સદ્‌બુદ્ધિ જોઇએ તે જન્મ્યા સિવાય રહેવાની નથી. સમાજ અંગેનું દર્શન પણ

થઈ જશે. ગૂંચવાડા પણ નીકળી જશે. જ્યાં એ કામ થતું હોય ત્યાં શક્ય મદદ આપવાને હું હંમેશ ધર્મ સમજી તૈયાર રહીશ. તેથી આજે વિતરણમાં આવ્યો છું. હું તો સાધન બનું છું, ઊલટાનું બીજાની મહેનતનું ફળ મેળવું છું. પણ સારી વસ્તુ યોગ્ય પ્રસંગે કહેવાની તક મને મળી છે એટલો મને આનંદ છે. રાજ્યકર્તા તરીકે હું ધર્મની વાતો કરું તો લોકોને ગળે ના ઊતરે, પણ જો આવા પ્રસંગોએ આવી વાત કરું તો એનો વિચાર જરૂર થાય. એટલે નારાયણે જ્યારે પૂછ્યું કે 'તમને ભૂમિવિતરણના કાર્યક્રમમાં આવવામાં વાંધો છે?' ત્યારે મેં તેને કહ્યું, 'તેમાં વાંધાનો સવાલ જ ક્યાં ઊઠે છે?' મારું જે કામ હું કરું છું તે છોડીને બીજું કરવા જાઉં તો "ध्रुवाणि परित्यज्य अध्रुवं परिसेवते, ध्रुवाणि तस्य नश्यन्ति" જેવી મારી દશા થાય.

## વિવેકી અસંતોષ

અનેક ચડતી પડતીમાં અધોગતિમાં પણ આપણા હિંદમાં સ્થિરતા ઠીક રહી છે. આજે જગતમાં સૌને અસંતોષી બનાવવાનો એક પ્રયત્ન થઈ રહ્યો છે. અસંતોષ એ જ વિકાસની નિશાની છે, સંતોષી વિકાસ કરી શકતો નથી, તેવી માન્યતા ભૂલભરેલી છે. બીજી રીતે જોતાં સાચી પણ છે. સંતોષ અસંતોષ એ અલગ સત્તા નથી, એ સાપેક્ષ છે. કેટલીક વસ્તુઓ અંગેના અસંતોષથી ફાયદો પણ થાય, અને કેટલીક વસ્તુ અંગેના અસંતોષથી ગેરફાયદો પણ થાય. આપણને જે કાંઈ ઐહિક સુખ મળે તેનાથી સંતોષ માનીએ અને આપણી બુદ્ધિશક્તિથી અસંતુષ્ટ રહીએ તેમાં આપણને ફાયદો છે.

પણ જો, તેનાથી ઊલટું જ થાય તો એમાં માણસ જાતને નુકસાન છે. દુઃખ થવાનો પૂરેપૂરો સંભવ છે. હિંદુસ્તાનમાં આપણી ધર્મભાવના અંગેનો જે સંતોષ છે તે ખોટો છે. માણસ પરિસ્થિતિનો ગુલામ નથી. જે માણસ પરિસ્થિતિથી પર થઈને સત્યાચરણ કરે છે તે જ માણસ માણસ થઈ શકે છે. બાપુએ આપણને એ શીખવ્યું પણ આપણે ગ્રહણ ના કર્યું. ભૂદાન એવું જ એક સાધન છે અને એટલે જ જેટલી નમ્રતાથી કોઈનો તિરસ્કાર કર્યા વગર ભૂદાન કરીશું તેટલો ફાયદો છે. ભૂદાનની પાછળ સંપત્તિદાન છે, શ્રમદાન છે, એટલે માત્ર ભૂમિવાળાજ દાન કરી શકે તેવું નથી. સંપત્તિવાન સંપત્તિ આપે, શરીરધારી શ્રમ આપી શકે. શરીર સૌની પાસે છે તેથી જેનાથી ત્રણે થઈ શકે તેમ હોય તે ત્રણે કરે. ખોટો અસંતોષ ન લેવો જોઈએ. પોતાને જેટલું કરવાનું છે તેટલું કરી છૂટાય તો જ આ કામ થઈ શકે.

## કાર્ય-પદ્ધતિ

મને જાણવા મળ્યું કે આ જિલ્લામાં બીજા જિલ્લાના પ્રમાણમાં ઓછી જમીન મળી છે. કાર્યકર્તા ઓછા છે એ જ એનું કારણ હશે. પણ આ જિલ્લામાં જમીન ખૂબ મળે એવો સંભવ છે. અને જો લોકોમાં ધર્મભાવના જાગ્રત થશે તો એ પણ શક્ય બનશે. જે ભાઈઓ પાસે જમીન છે તે લોકો આ કામમાં સક્રિય મદદ કરે તેવી આશા રાખું છું અને એમ પણ કહું કે હું ઇચ્છું છું એનો અર્થ એમ નહીં કરું કે જે નહીં કરે તેની સામે મને દ્વેષ થશે. જે ભૂમિ નહીં આપે તે પોતાને તો નુકશાન કરશે જ પણ દેશને પણ નુકશાન કરશે. બીજાને નુકશાન કરવામાં આપણે ભાગીદાર છીએ એનું દુઃખ માણસને લાગવું જોઈએ. જે માણસ કષ્ટ વેઠવા તૈયાર નથી તેની અધોગતિ સૌથી વધારે છે. પોતાના કષ્ટનો ડર રાખ્યા વગર કષ્ટ સહવાથી આગળ વધાશે. એટલા માટે ભૂમિદાનમાં જમીન આપીને કષ્ટ વેઠી પરમાર્થ સાધીએ. પરમાર્થ એ જ સાચો સ્વાર્થ છે. એ જ્યાં સુધી નહીં સમજે ત્યાં સુધી સાચા માણસ નહીં થઈ શકાય. આજના મનુષ્યમાં તો ૯૦ ટકા પશુનો અંશ છે એમ હું માનું છું. આપણે સો ટકા માણસ થવું છે. પશુપણું છાંડવા માટે ત્યાગ સિવાય કોઈ રસ્તો નથી. જીવનમાં એ સિદ્ધ કરી બતાવીએ તો જ એ શક્ય છે. ભારત એ માટેની ભૂમિ છે. અહીં સદીઓથી ત્યાગનું શિક્ષણ મળ્યું છે. એટલે એ પ્રમાણે અનુસરવા પ્રયત્ન કરવો જોઈએ. અધીરાઈ પણ નુકશાનકારક છે. પોતાની સાથે માણસ અધીરો થાય એ બરાબર છે પણ બીજાની સાથે એ અધીરો થાય તે ઠીક નથી. મને મારા દોષો દેખાતા નથી, બચાવ કરું છું પણ બીજાના દોષને મોટું સ્વરૂપ આપું છું. આમ જ્યારે કાર્યકર્તાઓમાં થાય ત્યારે વિખવાદ પેદા થાય છે. કોણ વધારે કરે છે અને કોણ ઓછું એ ગણતરીમાં સત્કર્મોનું નુકશાન થાય છે. મેં જે કર્યું છે તે સારું કર્યું છે એમ કહી શકાય નહીં. જે કર્યું છે તે અધૂરું છે એમ માનીએ તો જ આગળ વધાય. ભૂમિદાનના કામ અંગે આપણે આવી વૃત્તિ રાખવી જોઈએ.

## રાજ્ય અને ધર્મ

આજના પ્રસંગે જીવન શુદ્ધ બનાવવાના વિચાર કરીએ. શુદ્ધ જીવન જ સમૃદ્ધ જીવન છે. સંપૂર્ણ જીવન સત્યાચરણ સિવાય શક્ય નથી. લોભ છોડ્યા વગર, નીડર બન્યા વગર એ શક્ય નથી. અને કશું જ છોડ્યા વગર નિર્ભય થઈ શકાતું નથી. અને એટલે ત્યાગ સિવાય જગતમાં સત્યાચરણ શક્ય નથી. ત્યાગની ભાવના જ્યાં જ્યાં જે જે રીતે કરી શકાય તે રીતે કેળવવી જોઈએ. રાજ્ય નિર્ભયતા ના લાવી શકે, રાજ્ય ભય પર ઊભું થયું છે. રાજ્ય ભય સિવાય ચાલતું નથી. રાજ્ય સંપૂર્ણતઃ કોઈને નિર્ભય નહીં બનાવી શકે. જો રાજ્યકર્તાઓ અને ધર્મ શીખવનારાઓ બરાબર એક બીજા સાથે સદ્ભાવનાથી કામ કરે તો જ સફળતા મળે. એ રીતે કામ કરવાનો મારો પ્રયાસ છે. એ કેટલા અંશે ફળીભૂત થાય તે જોવાનું કામ મારું નથી. એ પ્રયાસ શુદ્ધ થાય તેટલું મારે તો જોવાનું. તેમાં તમારી સહાય હો એવું ઇચ્છું છું. પોતાનું મુખ પોતાથી જોઈ શકાતું નથી. આરસાની જરૂર પડે છે. તેમ પોતાના સત્યદર્શન માટે બીજાની જરૂર પડે છે. જો કે એ વાત સાચી છે કે ઘણી વખત ઘણા આરસામાં મોઢું લાંબું પહોળું દેખાય છે છતાંય આરસાની જરૂર તો પડે જ છે. એટલે આપણે એક બીજાને મદદકર્તા થવું જોઈએ. સ્પષ્ટતાથી પ્રેમપૂર્વક વાત થવી જોઈએ. તો જ ભૂદાનયજ્ઞ સફળ થશે.

આથી વધારે સ્પષ્ટતાથી શ્રદ્ધા રજૂ કરવાની મારી શક્તિ નથી. પોતે શુદ્ધ થવા પ્રયત્ન કરીએ. બીજાની સેવા વધારે થઈ શકે એ જ સાચી સેવા. સૌએ આજે આ રીતે સમજીને મદદ કરવી જોઈએ એમાં શંકા નથી. વિનોબાજીના આ સાધનનો સુંદર ઉપયોગ કરીએ, શુદ્ધ થઈએ. સાચા જીવનને બનાવનાર સાધનમાં રાજ્ય એક સાધન છે. લોકરાજ્ય બનાવવા શહેરીઓએ પણ આમાં ભાગ લેવો પડશે. એ રીતે પણ શક્ય તેટલી મદદ આપવી રહી. કોઈ કોઈનું કાજી ન થાય. જાહેર રીતે કોઈને શરમાવવાથી કંઈ પ્રાપ્ત થતું નથી. કોઈને નફ્ફટ ના કરવો, તેનામાં શરમ રહેવા દેવી એ પહેલું કામ છે. કોઈને ઉઘાડો ન પાડવો જોઈએ. તેથી તો એ પશુ બને છે. શરમ પ્રેમથી વધે છે, તિરસ્કારથી ઘટે છે.

આજે મને સંતોષ થયો. આભાર માની નારાયણને શરમાવીશ નહીં કારણ એ મને મુરબ્બી ગણે છે. અંતે આ કાર્યમાં જેટલો ફાળો આપી શકાય તેટલો આપજો એવી મારી પ્રેમભરી વિનંતી છે.

મોરારજી દેસાઈ

## વિષય સૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| મારી યાત્રા | પરમાનંદ | ૪૯ |
| યાત્રા—સત્ય સૌન્દર્યની | સુન્દરમ્ | ૫૧ |
| સ્વેચ્છાચારને પંથે | ગાંધીજી | ૫૨ |
| સ્પેશિયલ મેરેજીઝ એક્ટ | કેશવલાલ શાહ | ૫૩ |
| **પ્રકીર્ણ નોંધ** | પરમાનંદ | ૫૭ |
| જવાહરલાલનો દિગ્વિજય, 'સર્વસ્વદાન', વિનોબાજી વિષે ડૉ. હરેકૃષ્ણ મહેતાબ, હાઇડ્રોજન બૉંબની અપાર વિનાશકતા વિષે વૈજ્ઞાનિકોની ચેતવણી, ઉદ્ગારચરિત શેઠ ભોગીલાલ દોલતચંદને ધન્યવાદ. | | |
| ભૂમિદાન વિષે મોરારજીભાઇ | મોરારજી દેસાઈ | ૫૮ |


મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૫૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑગસ્ટ ૧, ૧૯૫૫, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## યાત્રા – સત્યની, સૌન્દર્યની

( ગતાંકથી ચાલુ )

'કાવ્ય મંગલા' પછી 'વસુધા' આવ્યું. 'વસુધા' પછી 'યાત્રા.' 'વસુધા' અને 'યાત્રા'ની વચ્ચેના ગાળામાં મેં 'અર્વાચીન કવિતા' તૈયાર કર્યું. એ વિવેચન ગ્રંથ માટે ગુજરાતી કવિતાનો સમગ્ર પ્રવાહ જોતાં જોતાં કાવ્ય અને અકાવ્યનો ભેદ મને બહુ સ્પષ્ટ રીતે સમજવા લાગ્યો અને સ્વાભાવિક રીતે જ આ જ્ઞાનનો લાભ મારી કવિતાને આપવા મેં પ્રયત્ન કર્યો. 'કાવ્ય મંગલા' અને 'વસુધા'ની નવી આવૃત્તિઓ કરવાના પ્રસંગ આવતા ગયા ત્યારે એમાં કેટલું બધું તો અકાવ્ય આવી ગયેલું હતું તે જોઈને હું ચોંકી ઉઠ્યો હતો. ઘણીયે વાર અતિ ઉમળકાથી લખાયેલી કૃતિઓ, તત્કાલ પૂરતો ઘણો સંતોષ આપી ગયેલી કૃતિઓ અમુક વખત પછી સંતોષ આપતી અટકી ગઇ છે. મારાં જેટલાં કાવ્યોને મેં ગ્રંથસ્થ કર્યાં છે તેટલાં જ કાવ્યોને કે તેથી પણ વિશેષને મેં ખૂદ કરેલાં કાવ્યોની ફાઇલમાં રાખેલાં છે. ઘણાને જાણીને આનંદ થશે કે એમાં મેં ઘણા ઉત્સાહથી લખેલું 'નગરી એક પોંડીચેરી'નું કાવ્ય પણ આવે છે ! અર્થાત્ કવિતા એ જાણે કે એક સનાતન સાધનાની વસ્તુ જ હોય તેમ લાગે છે. અમુક કૃતિ તમારે હાથે સાંગોપાંગ ઉતરી હોય એનો અર્થ એવો નથી કે હવેની બીજી કૃતિઓ એવી જ ઉત્તમ ઉતરશે. હરેક નવું કાવ્ય કવિને માટે એક નવેસરથી આદરવાની સાધના રહે છે.

આ સાધના શી છે, કેવી રીતે થાય છે, ક્યારે પૂર્ણ બને છે. એ કવિએ પોતે શોધવાનું રહે છે. કવિની પાસે છંદ પદ્યની પૂરી સામગ્રી હોય, વિચારો અને ઊર્મિઓનો પૂરતો ભંડોળ હોય, કલ્પના હોય, બાની હોય, શબ્દની છટા અને વાકૂપાટવ હોય, ચાતુર્ય અને ચમત્કૃતિ હોય, છતાં કાવ્ય કાવ્ય બનતું અટકી જાય છે. અને એમ કેમ થતું હશે ? એનો હમણા તો એક જ જવાબ સૂઝે છે. **કવિની કૃતિમાં જીવનનું અને જગતનું જો કોઇ મૂલતમ તત્વ, કોઇક સત્ય, કોઇક સૌન્દર્ય ઝડપાય તો જ તે રચના જીવનને તેના મર્મ સુધી સ્પર્શી શકે તેવી, જીવનમાં જીવન બનીને રહી શકે તેવી બને છે.** કવિની ચિન્તનૃત્તિ, તેની અંતરતમ પ્રેરણા આમ જેટલી સત્ય સૌન્દર્યના મૂલતમ તત્ત્વને અડીને ગતિ કરવા લાગે છે તેટલી તે સત્ય અને સૌન્દર્યની સર્જક બને છે. એ મૂલતમના સ્પર્શમાંથી એ મૂલતમને સાકાર કરે તેવી વાણી રચાય છે. એવા સ્પર્શ વિનાની વાણી ખાલી વાણી રહી જાય છે. પરંતુ એવો સ્પર્શ લઈ આવતી વાણી વાચકને પેલા મૂલતમ સુધી પહોંચાડી પણ આપે છે.

'યાત્રા'ની કવિતા આ કેટલું કરી શકે છે તે કહેવાનું મારું કામ નથી. એની કવિતાને નિષ્ફળ કહેનારા પણ નીકળ્યા છે, તો તેને સફળ કહેનારા પણ નીકળ્યા છે. આવતી કાલે વળી કોક કાંઇક જુદું કહેનારા પણ નીકળે. પરંતુ ઉપર હું કહી ગયો તેમ 'યાત્રા'માં તેમજ કવિએ મંજુર કરેલી હરેક કૃતિમાં જે કાંઈ છે તે તો તેવું જ રહેશે. એના સમાનધર્મીઓ હશે તે તેને પોતાની રૂચિ મતિ પ્રમાણે અધિક વખાણશે કે અધિકી વખોડશે, અને કવિ કરતાં જો કોઇ બૃહદ્ધર્મિયો હશે તો તેઓ કવિની સૌન્દર્ય સાધનાને, તેના સત્ય દર્શનને વધુ ગતિ મળે તેવું પણ કોઈ પ્રતિકાય કરશે.

અર્વાચીન કવિતા એ આત્મલક્ષી કવિતા રહી છે, વિશેષે આત્મગત ઉર્મિની કવિતા રહી છે એ સૌને જાણીતી વાત છે. ગાંધીયુગના સમાજાભિમુખ જનતાપરાયણ યુગના કવિઓમાં આ આત્મગત ઉર્મિ ઉપરાંત સમાજના હાર્દની ગતિ પણ ઉમેરાય છે. એમાંથી 'વિશ્વશાંતિ' 'ત્રણ પાડોશી' 'બુધ્ધનાં ચક્ષુ' અને 'કડવી વાણી' નો જન્મ થયો છે. આ યુગની સંસ્કારિતાને અનુરૂપ એવી, હરેક વિષયને ન્યાય કરે તેવી, સાદી સરળ તેમજ શિષ્ટ અને પ્રૌઢ, સાલંકૃત અને નિરલંકૃત, ઉર્મિલ અને સ્વસ્થ, રંગમયી અને વાસ્તવિક બાની પણ કવિને મળતી રહી છે. બેશક, હરેક યુગની કવિતાને જેમ અમુક નિષ્ફળતા મળતી હોય છે તેવી રીતે આજની કવિતાની પણ નિષ્ફળતાઓ છે જ. છતાં તેનાં સફળ સર્જનોની પણ એક મનોહર શ્રેણી આપણી પાસે પડેલી છે. આ નિષ્ફળતાઓને લાલબત્તી રૂપે રાખી, સફળ કૃતિઓની લીલી ધજાઓના ઇશારે આપણે આપણી રસયાત્રાને આગળ ધપાવવાની છે.

આજના કવિની અને કવિને તમે જેટલા અંશમાં લોકનો પ્રતિનિધિ ગણતા હો તેટલા પ્રમાણમાં લોકચિત્તની વૃત્તિ આંતરસંવેદન ઉપર વધુ કેન્દ્રિત રહેલી છે. અને જગતમાં છેવટે સંવેદનાનું કેન્દ્ર તો વ્યક્તિ જ છે. વ્યક્તિમાં સંસ્થાપિત થતું એ સંવેદન જેમ જેમ વધુ સૂક્ષ્મ થતું જાય, ગહન અને ઉન્નત થતું જાય, સુસંસ્કૃત અને તેજોમય થતું જાય તેમ તેમ વ્યક્તિમાં રહેલી ચેતનાનું સ્ફુરણ, એ ચેતનાની ગતિ અને શક્તિ, એનાં આનંદ અને સામર્થ્ય વધુ ને વધુ વિશાળ અને ઉર્ધ્વગતિક થતાં જાય છે. મારી તેમ જ આજના અન્ય કવિઓની કૃતિઓ તેમની આ આંતર ચેતનાના સ્ફુરણનો નકશો છે. કેટલાક મંદપ્રતિભ કવિયશઃપ્રાર્થીઓની વાત બાજુએ મૂકીએ તો આજનો હરેક સાચો સમર્થ કવિ પોતાની સાચી અનુભૂતિને–સાચા સંવેદનને–જ ગાય છે. કેવળ કલ્પિત સંવેદનોની લીલા રચવાથી કશો સાર નથી એટલું સત્ય તો આજના ભૌતિકવાદના અને વાસ્તવવાદના યુગમાં જીવતો કવિ સમજે જ છે. એટલે કવિ જો સામાન્ય પ્રાકૃત સંવેદનોનું ક્ષેત્ર મૂકી આગળ જવા પ્રયત્ન કરતો દેખાય તો એનો અર્થ એ જ છે કે તે એક વધુ સઘન વાસ્તવિકતાની શોધમાં નીકળ્યો છે. ભૌતિકતાને જન્મ દેનાર કોઇ પરમ ભૂતાર્થની શોધમાં નીકળ્યો છે એમ જ કહેવું પડશે. આપણી–સામાન્ય જનની–સંવેદનશીલતાને આ ઉડ્ડયનો અવાસ્તવિક લાગે તેની ના નથી. ૪૦ હજાર ફુટ ઊંચે ઉડ્ડયન કરતું વિરાટકાય લોકવિમાન જમીનપરથી જોનારને એક મગતરા જેવું લાગે તેમાં દૃષ્ટિનો વાંક નથી. આ વિમાન ઉડાડનારાઓ ભૂમિનો સ્પર્શ તજી ગયા છે, ગગનવિહારી બની ગયા છે એમ પણ કહી શકો છો. પણ તેથી એ વિમાનની વિરાટતા જરીકે ઘટતી નથી. બેશક એ વિમાન આકાશમાં અધ્ધર ફાટી જશે, તુટી જશે એમ તમે ચેતવણી આપી શકો છો. પરંતુ એ જો સફળ રીતે ઉડી શકયું છે તો તેમાંથી પારાવાર શક્તિનો લાભ છે. એમાંથી એક દિવસે અવકાશયાનની–સ્પેશશિપની–આંતરગ્રહ ગતિની શક્યતા છે એ વાત આપણે સ્વીકારવાની છે. ગુજરાતી કવિતામાં જે એક નવી સંવેદનશીલતા પ્રગટી છે–ખાસ કરીને યોગદ્વારા ઉર્ધ્વ અને આંતર જગતના સ્પર્શો આપણને થવા લાગ્યા પછી–તેની કથા

કંઈક આવી છે. આપણા રૂઢ અરૂઢ કાવ્યરસજ્ઞો આ નવી સંવેદનશીલતા સાથે આજે ને આજે પોતાનો મેળ મેળવી ન શકે એ સમજાય તેવું છે. પરંતુ આવી દશા તો હરેક યુગમાં કવિતાએ જ્યારે જ્યારે નવાં પ્રસ્થાન આદર્યાં છે ત્યારે ત્યારે થતી રહેલી છે. આજની આપણી રસજ્ઞતા પોતાની વર્તમાન સ્થિતિમાં હંમેશને માટે નિષ્પંધ રહી જાય એટલી દુર્બલ છે એમ હું નથી માની શકતો. તેમ જ પોતાની અગત સંવેદનશીલતામાં જ સંવેદકતાની ચરમ સીમા આવેલી છે એમ માનવા જેટલી એ રસજ્ઞતા અજ્ઞ છે એમ પણ હું નથી સ્વીકારતો. એટલે ગુજરાતી કવિતાની યાત્રા, તેના સર્જકો અને ભાવુકો, તેના વિવેચકો અને રસજ્ઞો, તેના વાચકો અને હિતચિંતકો આદિ સર્વનો કાફલો નવાં રસતીર્થો તરફ જ ગતિ કરી રહ્યો છે, કવિતાના જીવાતુભૂત એવા સૌન્દર્ય અને આનંદના નવા નવા ઉન્મેષો પ્રત્યે અભિસાર આદરી રહ્યો છે એમ કહેવું પડશે.

હા, આ નવા સંવેદનોએ હજી નવી ભાની નવો દેહ પ્રાપ્ત કરવાનાં છે, પરંતુ એ નવી ભાની પંણ આવશે. બાળક જેવી રીતે ભાષા મેળવે છે તેવું જ કાવ્ય માટે પણ છે. 'બાર ગાઉએ બોલી બદલાય' તેવી રીતે બાર બાર વર્ષે પણ બોલી બદલાય છે એમ કહી શકાય. અમારી અને અમારી પહેલાંની પેઢીની ભાનીમાં જે ફેર છે તે અમારી પછીની પેઢીની ભાનીમાં પણ આવેલો છે. ભાની તો છે જ એના ગૂઢ પ્રેમમંદિરમાં બેઠેલી. માત્ર તેને જાગૃત કરીને' ક્રિયમાણ કરવાની છે.

આથી વિશેષ હવે આજે વધુ કહેવાનુ રહેતું નથી. કવિતા અને કલાની અગમ નિગમની ઘણી ઘણી વાતો છે. પણ જેમ બગીચામાં બેસીને આપણે રસાયનશાસ્ત્રના પ્રયોગો ન કરી શકીએ એવી રીતે આજના જેવા સમારંભમાં બેસીને ન થઇ શકે. કલાનું, કાવ્યનું ઉદ્ગમ સ્થાન શું ? એ એક હંમેશાં રસિક ગવેષણાનો વિષય રહેલો છે. કાવ્યના સર્જનના મૂળમાં પ્રેરણા, પ્રતિભાશકિત, આદિ વસ્તુઓની વાતો આપણે કરતા રહ્યા છીએ. આજના બહિર્મુખતાના યુગમાં કાવ્યની પ્રેરણાને આપણે બાહ્યજગતની સાથે, બાહ્યજગતની સ્થૂળ બાહુલ્યવાળી ઘટનાઓની સાથે સાંકળવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ આ તો સ્થૂળ અને એકાક્ષ દૃષ્ટિ છે. જો ક્રાંતિમાંથી ક્રાંતિના ગાયકો સરજાય છે કે સરજાવા જોઇએ એમ આપણને લાગે છે તો સામી બાજુએ એ પણ એક સાચી બીના છે કે ગાયકોમાંથી ક્રાંતિ સરજાયેલી છે. કવિ તે ક્રાંતિનું માત્ર સંતાન જ નથી રહ્યો. કવિ ક્રાંતિનો પિતા પણ બનેલો છે અને બની શકે છે. એક 'આનંદમઠ' એક 'વંદેમાતરમ્'નું ગીત અનેક ક્રાંતિકારોને આપણે ત્યાં સરજાવી શકયું છે. પરંતુ આવા પિતાપુત્રના કે જન્મજનેતાના સંબંધો એ સ્થૂલ દૃષ્ટિ છે. બાળક અને તેની માતા એ બન્નેને જન્મ આપનાર કોઇક ત્રીજી જ વસ્તુ છે. અને આ જન્મની ક્રિયા–તે જન્મ પછી કવિતાનો હો, કે ફૂલની કલીનો હો, કે ક્રાંતિનો હો–તે જીવનના જન્મની ક્રિયા જેવો જ અગમ્ય છે. આ અંગે માત્ર એક જ સ્પષ્ટ ઇશારો આપણે મેળવી શકીએ છીએ અને તે એ કે ઉર્ધ્વમૂલમ્ અધઃશાખમ્–આ જગતના વટવૃક્ષનાં મૂળ ઉર્ધ્વમાં છે, કવિ અને ક્રાંતિ બંને કયાંય ઉર્ધ્વમાંથી આવે છે. એ ઉર્ધ્વમાંથી જો કશું કે નીચે નથી આવતું તો પછી ગમે તેટલા કવિઓ પાકે, છતાં ક્રાંતિઓ સરજાતી નથી અને ગમે તેટલી ક્રાંતિઓ જન્મે છતાં કવિઓ પાકતા નથી.

પણ ક્રાંતિ અને કાવ્યને જોડાયેલાં જોવાની પાછળ એક સાચી ઝંખના છે નવસર્જનની, નવા શબ્દની, નવા સૌન્દર્યની, જીવનને ઘડતા કોઇ સમર્થ ઉદ્ગારની ઝંખના. એમાં વસ્તુમાત્ર એટલી જ છે કે આ ઝંખનાએ પોતાની પૂર્તિ માટે બીજે કયાંક નજર નાખવાની રહે છે. આજના ભાવનાવાદીઓને જગતમાં નવા જીવનનું અને નવા કાવ્યનું સર્જન જોઇએ છે. પણ એ સર્જન માટે, એ સર્જનના વિધાયક બળ માટે તેમણે જ્યાંથી આ ક્રાંતિઓ આવે છે, જ્યાંથી આ આખી માનવજાતિ આવેલી છે, જ્યાંથી આ બધાં સંવેદનો અને તેના ગાયકો આવે છે, એ સર્વના આદિમૂલ પ્રત્યે દૃષ્ટિ નાખવાની છે. એ આદિમૂલ આજે ન દેખાતું હોય તો આવતી કાલે દેખાશે.

'યાત્રા'ના વાચકોએ જોયું હશે કે યાત્રાના કવિની બાની અને સંવેદના આ મૂલ તરફ જવાનો કંઈક પ્રયત્ન કરી રહેલ છે. 'કાવ્ય-મંગલા'માં ધ્રુવપદની શોધમાં નીકળેલી આ કવિતા 'આ છે ધ્રુવપદ' કહેવા સુધી પહોંચી છે. 'કાવ્ય પ્રણાશ'થી અકળાયેલી કવિતા 'નાચીજ'ને મળેલી કબરરૂપ ફૂલકયારી સુધી પહોંચેલી છે. 'દશા ભાગ્યની' જોઇ નિત્ય ખિન્ન રહેતો કવિ 'મનુજપ્રણય'માં એક જન્મની ગતિ પૂરી કરી, પોતેજ પોતાની ઉત્તરક્રિયા કરી, કોઈ 'અમીરી આંખો'ના અમૃતમય પ્રીતિપરસના પરમ રસની વાત કરે છે. એનાં નયનોને એક તૃપ્તિ મળી ચૂકી છે, અને છતાં એક નવી તૃષા પાછી જાગેલી છે. આમ આ એક તૃપ્તતરસ્યાં ચરણોની યાત્રા ચાલવા લાગેલી છે.

તમે સર્વે એ 'યાત્રા'ને વધાવી રહ્યા છો એ મારે માટે ધન્યઘડી છે. પણ તમે જાણતા હશો કે આ યાત્રાના આરંભમાં, આવી ઘણીએક યાત્રામાં બને છે તેમ લાકડી લઇને નીકળી પડનાર આપણા આજના સાહિત્યજગતમાં તો હું એકલો જ હતો.

'ખુટ્યા ભરખ ભૂમિના'–કહી ગગનના અમીકૂપની
દિશે નયન માંડી આતુર અગાધ ઝંખી રહું'

એ ઝંખના મારી એકલાની જ હતી. તે વખતે તો ઘડીક મરણિયા બની

'મેં તો મેરે જાતે, મેં તો મેરે જાતે
ચલો કોઇ આતે, મેં તો મેરે જાતે!'

એમ કહીને હું નીકળી પડયો હતો. અને તે સમયે મારી સાથે આવનાર કોઇ ન હતું. આજે મારી એ સૂક્ષ્મ યાત્રાના અનેક સાક્ષીઓ છે, તેમજ કાવ્યયાત્રાના પણ સાથીઓ છે. આ બંને યાત્રાઓની કેટલીક મોંઘી મંજિલો સર કરવાની બાકી પણ છે. કેટકેટલુંયે કામ બાકી છે. કેટકેટલુંય કામ હાથપર પડેલું છે. પણ હવે ચિત્તમાં અને અંતરમા વ્યગ્રતા નથી. આ અવ્યગ્ર દશામાં અનેક કાર્યદિશાઓ ખૂલી રહી છે. અને તેમાં મારું એક પ્રિયતમ કાવ્ય મનમાં પુનઃ પુનઃ સ્ફુરાયમાણ થતું રહે છે :–

**અહિં રહ્યું ચિત્ત કૂટસ્થ શાન્ત**
**પ્રતીક્ષતું મૂક સુસજ્જ બીન શું,**
**આકાશશાયી મરતોની નવ્ય**
**કો રાગિણીના અવતાર રમ્ય**
**સંકામવા ભૂતલનાં તલોમાં.**

એ રાગિણીના રમ્ય અવતાર થશે ત્યારે તેને સાંભળવા આપણે ફરી પાછા ભેગા મળીએ એટલી જ આશા!

૨૦-૬-૫૫ સૂરત. સમાપ્ત. સુન્દરમ્


## સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કીંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।૮

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે

કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।૮

## પ્રબુદ્ધ જૈન તથા પ્રબુદ્ધ જીવનની ફાઇલો

કીંમત રૂા. ૬, પોસ્ટેજ ૦।૮

## ઋષભદેવ–ચરિત્ર ચિત્રાવલિ અંક

કીંમત રૂા. ૦।૧, પોસ્ટેજ ૦।૧

પ્રાપ્તિસ્થાન:

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.

# શિખર-મીલનની પીઠિકા

[ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે આન્તરરાષ્ટ્રીય રાજકારણ ઉપર હિંદી પાર્લામેન્ટના સદસ્ય શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તા. ૨૦-૭-૫૫ બુધવારના રોજ સંઘના કાર્યાલયમાં એક જાહેર વ્યાખ્યાન આપ્યું હતું જે સંક્ષિપ્તમાં નીચે મુજબ હતું. ]

છેલ્લાં બે વર્ષથી આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે એક ભયંકર સ્ફોટક પરિસ્થિતિ ચાલી રહી હતી. એ પરિસ્થિતિનો ખ્યાલ કરતાં આજે જીનીવા ખાતે ચાર મહારાષ્ટ્રોના મુખ્ય સત્તાધીશો આજની જટિલ સમસ્યાઓનો ઉકેલ શોધવા માટે મળી રહ્યા છે એ અત્યન્ત આવકારદાયક ઘટના છે. આ શિખરમીલનનું મહત્વ યથાસ્વરૂપે ધ્યાનમાં આવે તે માટે યુધ્ધવિરામ બાદ આજ સુધીમાં બનેલી કેટલીક આન્તરરાષ્ટ્રીય ઘટનાઓનું વ્યાપક અવલોકન જરૂરી છે:-

યુધ્ધ વિરામ બાદ બનેલી નીચેની ઘટનાઓ આપણું ખાસ ધ્યાન ખેંચે છે.

(૧) કોરીયન યુધ્ધ. આ યુધ્ધ વસ્તુતઃ યુનાઇટેડ સ્ટેટસ અને ચીન વચ્ચે હતું, એમ છતાં આ યુધ્ધ કોરીઆ પૂરતું સીમિત રહ્યું તે પાછળ બે કારણોએ ભાગ ભજવ્યો હતો. એક તો આ યુધ્ધ તાત્વિક દૃષ્ટિએ યુનાઇટેડ સ્ટેટસ અને ચીન વચ્ચે નહિ પણ સંયુક્ત રાષ્ટ્રસંસ્થા-યુનાઇટેડ નેશન્સ-અને ઉત્તર કોરીઆ વચ્ચે હતું. યુનાઈટેડ નેશન્સે દક્ષિણ કોરીઆનો પક્ષ લીધો અને ઉત્તર કોરીઆ સામે લડાઇ જાહેર કરી. કોઈ પણ નબળા રાષ્ટ્રની વહારે જવાનો યુનાઇટેડ નેશન્સ માટે તેના ઉદ્‌ભવ બાદ આ પહેલોજ પ્રસંગ હતો. યુનાઇટેડ નેશન્સે આ નિર્ણય લીધો તે સમય દરમિયાન રશિઆએ યુનાઇટેડ નેશન્સનો બહિષ્કાર કર્યો હતો અને તેથી જ યુનાઇટેડ સ્ટેટસ યુનાઇટેડ નેશન્સ પાસે આવો મહત્વનો નિર્ણય લેવરાવી શકયું હતું. આ યુધ્ધ કોરીઆ પૂરતું સીમિત રાખવામાં અને તેનો છેડો લાવવામાં ભારતે પણ જે અગત્યનો ભાગ ભજવ્યો હતો તે સૌ કોઈ જાણે છે.

(૨) ગયે વર્ષે જીનીવા ખાતે ઈન્ડોચાઇના અને ફ્રાન્સ વચ્ચે ચાલી રહેલા ધર્ષણનો તત્કાળ અન્ત આવ્યો અને આખો પ્રશ્ન લવાદી ઉપર લઈ જવામાં આવ્યો. આજે આ પ્રશ્ન પૂરો પતી ગયો છે એમ ન જ કહેવાય, એમ છતાં હાલ તુરત ત્યાં ચાલતી લડાઇ તો અટકી જ છે. ઉપર જણાવ્યું તેમ લવાદી દ્વારા ઉકેલ લાવવાની ઘટના નિર્માણ કરવામાં પડદા પાછળ રહીને આપણા ભારતના પ્રતિનિધિ શ્રી વી. કે. કૃષ્ણમેનને ભારે કુશળ કાર્યવાહી બજાવી હતી એ બાબતની અહિં નોંધ લેવી ઘટે છે.

(૩) ફોર્મોસા અથવા ટાઇવાન અંગે ગયા વર્ષે અને ચાલુ વર્ષ દરમિયાન એક મોટો ભડકો થતો થતો રહી ગયો. ચીનના કીનારા નજીક આવેલા બેટો-કુસ્લેમોય અને મેત્સુ-ઉપર વૈજ્ઞાનિક આક્રમણો પણ થઈ ચુકયાં હતાં. પણ ત્યાર બાદ બન્ને પક્ષોએ એકાએક શસ્ત્રો મ્યાન કર્યાં અને અમેરિકાએ ચાંગ કાઇ શેક ઉપર મર્યાદા જાહેર કરી કે ફોર્મોસાથી તેને આગળ વધવા દેવામાં અમેરિકા તેને કશી પણ મદદ નહિ કરે.

(૪) ચાલુ વર્ષ દરમિયાન બાન્ડુંગ ખાતે એશિયન-આફ્રિકન પરિષદ મળી અને તેમાં એશિયા અને આફ્રિકાના મળીને લગભગ ૩૦ દેશોએ ભાગ લીધો. આ પરિષદ હિંદ, ઈન્ડોનેશીઆ, બર્મા, સીલોન તથા પાકીસ્તાન એમ 'સીલોન પાવર્સ' તરીકે ઓળખાતા પાંચ રાષ્ટ્રો તરફથી બોલાવવામાં આવી હતી. આ પરિષદે ભારતે ઉભા કરેલ પંચશિલના સિધ્ધાન્તોનું અનુમોદન કર્યું અને યુધ્ધવિરોધી તટસ્થ એવો એક બળવાન રાષ્ટ્રસમુદાય ઉભો કર્યો. ઉપર જણાવેલ પાંચ સીલોન પાવર્સમાં આન્તરરાષ્ટ્રીય બાબતોમાં હિંદ, ઇન્ડોનેશીઆ અને બર્મા લગભગ એકમતથી કાર્ય કરે છે; સીલોનનું વલણ ઇંગ્લાંડ તરફ વધારે ઝુકેલું છે; અને પાકીસ્તાન યુનાઇટેડ સ્ટેટસ તરફ ઢળેલું છે.

આજની પરિસ્થિતિ ત્રણ બાબતોના કારણે ભારે સ્ફોટક બની રહી છે.

(૧) કોલોનિઆલીઝમ-સંસ્થાનવાદ. સદ્‌ભાગ્યે એશિયામાંથી પરદેશી હકુમતોનાં થાણાંઓએ લગભગ વિદાય લીધી છે. થોડાં વર્ષો પહેલાં ભારત, બર્મા, સીલોન અને ઈન્ડોચાઇના તેમજ તાજેતરમાં ઇજીપ્ત અને સુદાન પરદેશી હકુમતોથી મુકત થયા છે; જપાન પણ લગભગ સ્વતંત્ર થયું છે. આજે માત્ર મલાયામાં અંગ્રેજો અને ઇન્ડોચાઇનામાં ફ્રેંચો હકુમત ચલાવી રહ્યા છે, પણ એ હકુમતો લાંબો વખત ટકે તેમ નથી. બીજી બાજુએ આફ્રિકાના ઘણા મોટા ભાગ ઉપર યુરોપીય સત્તાઓ પોતાનો પંજો પાથરીને બેઠી છે અને ત્યાં પોતાનો પગદંડો જમાવી રહી છે.

(૨) રંગદ્વેષ. આ રંગદ્વેષ આફ્રિકામાં-ખાસ કરીને દક્ષિણ આફ્રિકામાં-ખૂબ જોર પકડતો જાય છે અને વાતાવરણને વધારે ને વધારે તંગ કરતો જાય છે.

(૩) શસ્ત્રસરંજામની વધતી જતી હરીફાઈ. પૂર્વકાળનાં શસ્ત્રાસ્ત્રો જેને Conventional weapons કહે છે અને આધુનિક કાળના અણુશસ્ત્રો જેને Nuclear weapons કહે છે-આ બન્નેની અનર્ગળ વૃધ્ધિ આખી દુનિયાના અસ્તિત્વને જોખમમાં મૂકી રહેલ છે.

આજની દુનિયા ત્રણ વર્ગમાં વહેંચાઈ ગઈ છે. (૧) અમેરિકન બ્લોક (૨) રશિયન બ્લોક. (૩) તટસ્થતા-Non allignment-નીતિ ધારણ કરેલ બ્લોક. અમેરિકા રશીયા વિષે ભારે ભય સેવી રહેલ છે અને સામ, દામ, દંડ અને ભેદ વડે પોતાના પ્રભાવ નીચે અનેક દેશોને લાવીને નાટો, સેટો, ઈ. ડી. સી. એવાં વર્તુલો રશિયા આસપાસ ઉભાં કરી રહેલ છે. રશિયા પણ અમેરિકા વિષે એટલું જ ભયવ્યાકુલ છે અને પોતાની આસપાસના દેશો પોલાન્ડ, પૂર્વ જર્મની, ઝેકોસ્લેવાકીઆ, બલ્ગેરીઆ, ઓસ્ટ્રીઆ વગેરે દેશો ઉપર પોતાનો લોખંડી પંજો જમાવી બેઠેલ છે. હાલ તુરતમાં ઓસ્ટ્રીઆએ સંપૂર્ણપણે સર્વ સંયોગોમાં તટસ્થ રહેવું એ શરત ઉપર ઓસ્ટ્રીઆને રશીઆએ પોતાના નિયંત્રણથી મુકત કર્યું છે. યુગોસ્લાવીઆ આમ તો સામ્યવાદી દેશ છે પણ રશિયા સામે તેણે કેટલાય સમયથી માથું ઉંચકેલું છે અને પોતાનું તંત્ર સર્વ પ્રકારે સ્વાધીન બનાવ્યું છે. તેની સાથે રશિયાએ ઠીક ઠીક માંડવાળ કરી છે. પૂર્વ તેમ જ પશ્ચિમ જર્મનીને એકત્ર કરવાની વાતો થોડાક સમયથી ચાલી રહી છે પણ એવું એકત્ર જર્મની તટસ્થ રહેશે એવી પ્રતીતિ ન થાય ત્યાં સુધી આ બાબતમાં રશિયા નમતું આપવાને તૈયાર નથી.

આજ સુધી આ દુનિયા ઉપર બળવાનનું રાજ્ય ચાલ્યું છે અને જ્યારે જ્યારે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે ધર્ષણ થયું છે ત્યારે ત્યારે તેનો નિકાલ Force-પશુબળ-દ્વારા કરવાનો જ પ્રયત્ન થતો રહ્યો છે, આજ સુધીમાં બે મોટાં વિશ્વયુધ્ધો થયાં. તેમાં ભારે ખુવારી થઈ અને સરવાળે જે વધારે બળવાન નીવડયું તેનો વિજય થયો લેખાયો અને આવી મોટી પછાડમાંથી પણ દુનિયા ઉંચે આવી શકી અને થયેલી ખુવારીની દુરસ્તી પણ કરી શકી. પણ હવે પછી જો ત્રીજું વિશ્વયુધ્ધ ફાટી નીકળે તો તેનો છેડો એક પક્ષ જીત્યો અને બીજો પક્ષ હાર્યો એવાં સ્થુળ પરિણામમાં નથી આવવાનો, પણ સર્વવિનાશમાં જ આવવાનો છે. કારણ કે આજે શોધાયલાં અણુશસ્ત્રો આ દુનિયા ઉપર ફેલાઇ વળે એવી કાતિલ શકિત ધરાવે છે. તે પરાજિત કે વિજેતાનો કોઇ ભેદ કરે તેમ નથી. આ હકીકત તરફ આજના વૈજ્ઞાનિકોએ આખી દુનિયાનું ખાસ ધ્યાન ખેંચ્યું છે અને તેથી અણુશસ્ત્રો બનાવવા બંધ કરો એવી-હવે અર્થ વિનાની બનેલી-માંગણી તેમણે નથી કરી, પણ આ દુનિયા ઉપરથી યુધ્ધને સદાને માટે નાબુદ કરો એવો તેમણે દુનિયા સમક્ષ પોકાર કર્યો છે. કારણ કે આજ સુધીનો અનુભવ છે કે યુધ્ધની પરિસ્થિતિમાં કોઈ પણ બંધન કે મર્યાદા યુધ્ધે ચઢેલા પક્ષને કદિ બાંધી શકી નથી. મહાભારતના યુધ્ધમાં આમ અવારનવાર બનતુ આપણે જોયું છે અને પછી પણ આપણો એ જ અનુભવ ચાલુ છે.

( અનુસંધાન પૃષ્ટ ૬૮ )

# દાર્જીલીંગ મારી

( ગતાંકથી ચાલું )

બીજે દિવસે સવારે ઉઠયા ત્યારે આગલા દિવસનો થાક, ઠંડી, અકળામણ બધું ભુલાઈ ગયું. નિત્યકર્મ પતાવીને પુરી તાજગી સાથે દાર્જીલીંગમાં જે કાંઇ જોવા લાયક હોય તે જોવા અમે નીકળી પડયા. ઠંડી સુસહ્ય હતી. સૂર્યનો તાપ મીઠી ઉષ્મા આપતો હતો. આકાશ નિર્મળ હતું. દાર્જીલીંગની મુખ્ય બજારમાંથી અમે પસાર થયા અને એક છેડે ઉંચાણમાં 'મહાબલ' નામનું એક હિંદુ મંદિર છે ત્યાં અમે પહોંચ્યા. આ મંદિરના મુખ્ય દેવતા મહાદેવ છે એમ અમને કહેવામાં આવેલું. પણ જેની પૂજા થતી હતી તે કોઈ મૂર્તિ નહોતી, પણ સામાન્ય પત્થરને દેવ માનીને તેના ઉપર ચંદન પુષ્પ ચડાવવામાં આવતા હતા અને તેની આસપાસ બધો ક્રિયાકાંડ ચાલતો હતો. અહિંથી આસપાસ દૂર સુધી દૃષ્ટિ પડતી હતી અને અનેક ગિરિશિખરોને આંખો આંબરી શકતી હતી. જો સમગ્ર આકાશ સ્વચ્છ હોય તો અહિંથી કંચનજઘાનું ધવલ શિખર જોઈ શકાય છે. પણ સાધારણ રીતે ગ્રિષ્મઋતુમાં હોય છે તેમ આ વખતે પણ ક્ષિતિજ પ્રદેશો લગભગ બધો સમય ધુલિધુસર–ધુંધળા–રહેતા હતા અને તેથી એ સનાતન હિમશિખરોને અમે જોવા પામ્યા નહોતા.



દાર્જીલીંગમાં

જેના બે છેડે ઉંચાણનો ભાગ છે એવી લાંબી પહોળી ટેકરીના ઢોળાવ ઉપર દાર્જીલીંગ મોટે ભાગે વસેલું છે. મહાબળથી નીચે ઉતરતાં બાજુએ નીચાણમાં આવેલા એક મકાન ઉપર અમે પહોંચ્યાં. આ મકાન અથવા તો બંગલામાં દેશબંધુ ચિત્તરંજન દાસે છેલ્લા શ્વાસ પુરા કરીને પરલોકગમણ પ્રયાણ કર્યું હતું. અહિં આવતાં દાસબાબુનું તીવ્ર સ્મરણ થાય એ સ્વભાવિક છે. આ મકાનનો આજે પુસ્તકાલય અને મેટર્નીટી ક્લીનીક તરીકે ઉપયોગ કરવામાં આવે છે. અહિંથી ટેકરીના બીજા છેડાના મથાળાવાળો ભાગ જેને જલપહાડ કહે છે ત્યાં અમે પહોંચ્યા. આ સ્થળ ઉપરથી દાર્જીલીંગને પાણી પહોંચાડવાની વ્યવસ્થાછે. ઠીક ઠીક ફરીને થાકયા પાકયા બપોરે ધર્મશાળામાં આવ્યા, ખાધું, પીધું, આરામ કર્યો. સાંજના બજારમાં આમતેમ જરાક ફર્યા.

બીજે દીવસે સવારે ત્યાંનો 'લોટેનીકલ ગાર્ડન' જોવા ગયા. અહિં આપણે કદી ન જોયા હોય એવાં અનેક વૃક્ષો, ફળ તેમજ ફુલ જોવા મળે છે; ત્યાંથી આમતેમ ફરતાં બપોર પડી અને જમવા ગયા; આરામ કર્યો. સાંજના ધર્મશાળાની બીજી બાજુએ નીચાણમાં વિકટોરીયા ફોલ્સ નામનો એક ધોધ છે તે જોવા ગયા. ઉનાળાને લીધે આ ધોધ નાનાસરખા ઝરણા જેવો ક્ષીણકાય બની ગયો હતો. પાછા ફરતાં રસ્તામાં રામકૃષ્ણ મીશનનો આશ્રમ આવે છે ત્યાંના મંદિરમાં આરતીના સમયે અમે પહોંચી ગયાં. એ ચૈત્ર શુદ ૧૩ એટલે મહાવીર જન્મ જયન્તીનો દિવસ હતો. એ જ દિવસે આ ઉપાસનામાં હાજર રહેવાનું બનતાં મનમાં કોઈ વિશેષ આનંદનો અનુભવ થયો. એક સ્વામીજી આરતી ઉતારતાં હતા. અન્ય સ્વામીજી આરતીને લગતું ઉપાસના ગીત હાર-મોનીયમ સાથે ગાતા હતા. મંજીરાં તેમાં સુર પુરાવતાં હતાં. રાત્રીનું અંધારું ચોતરફ ફેલાઈ ગયું હતું અને ત્રયોદશીનો ચંદ્રમા એ અંધારાને અજવાળામાં પલટાવી રહ્યો હતો. ચોતરફ અગાધ શાંતિ હતી. ઠંડા પવનનો સુસવાટ કદી કદી એ શાન્તિને સશબ્દ બનાવતો હતો. અડ-ધાથી પોણો કલાક એ ઉપાસના ચાલી. અમારાં ચિત્ત ઉંડી પ્રસન્નતા વડે પ્રફુલ્લ બન્યાં; ઉન્નત વાતાવરણમાં ચાલુ જીવનની આધિવ્યાધિ તથા ઉપાધિ એ ઘડી સાવ ભુલી ગયાં. પ્રસન્ન ચિત્તે ધર્મશાળા તરફ અમે પાછા ફર્યાં.



ત્રિષ્ટા નદી

### કાલીમપોંગના રસ્તે

બીજા દિવસે સવારે અમે અહિંથી કાલીમપોંગ જવાનો પ્રબંધ કર્યો હતો. સીરીગુલીથી રેલ તથા મોટરનો એક માર્ગ દાર્જીલીંગ તરફ જાય છે જે બાવન માઈલ લગભગ છે; બીજો રસ્તો કાલીમપોંગ જાય છે જે પણ આશરે એટલોજ લાંબો છે. ત્રીજો રસ્તો સીધો દાર્જીલીંગથી કાલીમપોંગ જાય છે જે ૩૨ માઈલ લગભગ છે. આમ પર્વતની તળેટીમાં ૧૦૦૦ ફુટની ઉંચાઈ પર આવેલું સીલીગુરી, ૭૦૦૦ ફુટ ઉંચે દાર્જીલીંગ અને આશરે ૪૦૦૦ ફુટ ઉંચે કાલીમપોંગ એમ આ ત્રણે સ્થળો ત્રિકોણાકારે આવેલા છે. દાર્જીલીંગથી કાલીમપોંગ જવા માટે આશરે ૨૨ માઈલના ઉતરાણ દ્વારા ૬૦૦ ફુટ નીચે ઉતરવાનું, ત્રિષ્ટા નદી ઓળંગવાની અને પછી દશેક માઈલના ચઢાણદ્વારા આશરે ૩૦૦૦ ફુટ ચઢવાનું રહે છે.

દાર્જીલીંગથી અમે સવારે ૮॥ વાગ્યે ઉપડયા. ઘુમ સ્ટેશનની બાજુએ થઈને આગળ ચાલ્યા. સર્પાકારે વહેતો આખો રસ્તો ભારે મનોહર લાગે છે. આ રસ્તા ઉપર પ્રવાસ કરતાં હિમાલયને જુદા જુદા ખુણેથી નિહાળવાનો રોમાંચક આનંદ પ્રાપ્ત થાય છે. ઘડિમાં ગીચ ઝાડી, ઘડિમાં ખુલ્લો પ્રદેશ; એક બાજુ નીચાં ઉંચા શિખરોની હારમાળા દેખાય; બીજી બાજુ દૂર દૂર ક્ષિતિજને સ્પર્શતા સપાટ પ્રદેશો નજરે પડે. વળી ચાના બગીચા તો જ્યાં ત્યાં દેખાયા જ કરે. આવા માઈલોના માઈલો સુધી વળાંકરમ્ય પર્વતમાર્ગ ઉપર વિચરવું અને હિમાલયની ભવ્ય-તાનેધરાઈ ધરાઈને માણવી એ જીવનનો એક લ્હાવો લાગ્યો.

### ત્રિષ્ટા નદી

અમારી મોટર ઉત્તરોત્તર નીચે માર્ગ કાપ્યે જ જતી હતી. એવામાં સમીપમાં આવેલો ખીણમાં થઇને વહી રહેલો એક જળપ્રવાહ નજરે પડયો. આંખોમાં કુતુહલ ઉછળવા માંડયું. જોત જોતામાં અમારી મોટર ત્રિષ્ટા નદીના પુલ આગળ આવીને ઉભી રહી. અહિં અમારી આંખોએ જે દૃશ્ય જોયું તેની ભવ્યતાનો શબ્દોદ્વારા ખ્યાલ આપવો મુશ્કેલ છે. થોડે દૂર બે પર્વતોની ખીણમાંથી નીકળીને વળાંક લેતી ત્રિષ્ટા નદી વહી રહી હતી. તેનાં નિર્મળ વારિ પુર જોસમાં દોડી રહ્યાં

હિંદુ મંદિર

# યાત્રા

હતાં. હિમાલયનું આ એક લાક્ષણિક દૃશ્ય હતું. પ્રવાહ સારી પેઠે ઊંડો હોવા છતાં નીચેનું ભૂમિતળ સ્પષ્ટ દેખાય એવું નિર્મળ તેનું પાણી હતું. નીચે થાંભલા-વિનાનો એક મોટો પુલ ત્રિષ્ટાના બન્ને કિનારાને સાંધી રહ્યો હતો. આ દૃશ્ય જોતાં મન ભારે આનંદ-ઉન્માતા અનુભવી રહ્યું હતું. ઉંચાણમાં આવેલી સડક ઉપરથી અમે નીચે ઉતર્યાં. કિનારે ગોઠણપુડ પાણીમાં ઉભા રહીને હાથપગ ધોયાં, પાણી પીધું અને નવી તાજગી મેળવી, જાણેકે હિમ તાજેતાજું ગળીને ચાલ્યું ન આવતું હોય એવું ઠંડુ આ પાણી હતું. વહેતા પ્રવાહને જોતાં અને ચોતરફના દૃશ્યને નિહાળતાં આંખો થાકતીજ નહોતી, મન તૃપ્ત થતું જ નહોતું. વિસ્મય અને આનંદના આવેગ વડે મન છલોછલ ભરાઇ ગયું. કાલીમપોંગમાં તો જોવાનું હોય તે ખરૂં. ત્રિષ્ટાવેલીના આ સુભગ દર્શન વડે જ અમારો પ્રવાસ કૃતાર્થ થયો એવી લાગણી અમે અનુભવવા લાગ્યા.

## કાલીમપોંગ

ક્રમને અહિંથી અમે આગળ ચાલ્યાં. થોડીવારમાં કાલીમપોંગ પહોંચ્યાં. કાલીમપોંગ પણ સીલીગુરી સાથે પહેલાં રેલ્વે લાઇનથી જોડાયેલું હતું. આસામના છેલ્લા ધરતીકંપ વખતે આ રેલ્વે લાઇન છિન્ન ભિન્ન થઇ ગઈ હતી. ત્યાર પછી એ લાઇનનું સમારકામ કરવામાં આવ્યું જ નથી અને હાલ માત્ર મોટર રસ્તો જ સીલીગુરીથી અહિંઆ આવવા જવામાં કામ આપે છે. કાલીમપોંગ ટીબેટ અને હિંદ વચ્ચેનું-ખાસ કરીને ઉનના વ્યાપારનું-મોટું મથક છે. ટીબેટથી ઉંચી જાતનું ઉન કાલીમપોંગ આવે છે અને તેમાંથી હલકું, ભારે, કાળું, ધોળું, પીળું, ભુખરૂં એમ જુદું જુદું છણાઇને આ બધું ઉન ગાંસડીઓમાં લોદ્દાખને મોટા ભાગે અમેરિકા નિકાસ થાય છે. આ વેપાર કરનારી અહિં મારવાડીઓની બે ત્રણ મોટી પેઢી છે. અમે આવીજ એક પેઢીના મહેમાન થયાં હતાં.

કાલીમપોંગ હવાખાવાનું ઠેકાણું ગણાય છે. દાર્જીલીંગમાં ઠંડી સખ્ત પડે; શિયાળામાં બરફથી બધું ઢંકાઈ જાય. અહિં ઠંડી સાધારણ, ભાગ્યેજ બરફ પડે અને એમ છતાંય હિમાલયનું વાતાવરણ મળે. કાલીમપોંગ સારા વિસ્તારમાં વસેલું શહેર છે. અહિં ટીબેટના લોકો વધારે પ્રમાણમાં જોવા મળે છે.

અહિં પહોંચતાં અમને સાડા અગીઆર વાગી ગયા હતા. ઉતારા પર ગયા, હાથમોઢું ધોઇને સ્વસ્થ થયા, જમ્યા, અને જરાક આરામ લઇને કાલીમપોંગ જોવા નીકળ્યાં. પહેલ વહેલાં અમારા યજમાનનો ઉનનો પ્રેસ જોયો અને ટીબેટી ઉનના બહોળા વેપારનો ખ્યાલ આવ્યો. બાર બાદ ગ્રેહામ્સ પૉપર હોમ જોયું. આ એક ખ્રીસ્તી મીશન સંસ્થા છે. પર્વતમાંના ગરીબ નિરાધાર બાળકોને ખ્રીસ્તી બનાવીને અહિં ઉછેરવામાં તેમજ ભણાવવામાં આવે છે, અને ખ્રીસ્તી ધર્મનો એ રીતે ફેલાવો કરવામાં આવે છે. આ હોમનું જ એક ભવ્ય રોમન કેથોલીક ચર્ચ હતું. આ ચર્ચમાં રોમના ખ્રીસ્તી દેવળોમાં હોય છે એવી, રંગબેરંગી કાચના ટુકડાની છ બારીઓ અથવા તો 'સ્ક્રીન' ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. આ છ બારીઓમાં ભગવાન ઇશુખ્રીસ્તના જીવનના છ પ્રસંગો અદ્‌ભુત રીતે આલેખવાનાં આવ્યા હતા. આ ચિત્રશૈલિને 'મોઝેઇક આર્ટ' તરિકે ઓળખવામાં આવે છે. ત્યાંથી આગળ ચાલતાં એક બૌધ્ધ મઠ અને તેની અંદરનું મંદિર જોયું. આ મંદિરમાં ભગવાન બુધ્ધની તેમ જ અન્ય અધિદેવતાઓની બહુ મોટી અને ભવ્ય મૂર્તિઓ તેમ જ દિવાલ ઉપર કલાપૂર્ણ ચિત્રકામ-ફ્રેસ્કો-પેઇન્ટીંગ-અમે જોયાં. આ બૌધ્ધ મંદિરોમાં નજરે પડતી અનેક જુની પુરાણી વસ્તુઓ, સરસ ભીત્તિચિત્રો, તેમ જ ભાવવાહી મૂર્તિઓ આપણું ખૂબ ધ્યાન ખેંચતી હોય છે. આમ છતાં ખ્રીસ્તી ચર્ચ કે જૈન મંદિરમાં જે સુઘડતા અને સ્વચ્છતા આપણને જોવા મળે છે તેનો અહિં અભાવ માલુમ પડે છે, બૌધ્ધ ધર્મના ગુરૂઓ જેમને 'લામા'ના નામથી ઓળખવામાં આવે છે. તેઓ પણ મોટા ભાગે ગંદા અને ગંધાતા હોય છે.

અહિંથી અમે આગળ ચાલ્યા અને કલા કારીગીરી અને વણાટ ઉદ્યોગ શિખવતી એક ઇન્સ્ટ્રીયલ સ્કુલમાં અમે ગયાં. આ સ્કુલની વ્યવસ્થા નમુનેદાર હતી. અહિં કપડાંના રંગીન ટુકડાઓ વડે ચોકકસ ઢબના સુન્દર ચિત્રો બનાવવામાં આવતાં હતાં. આ માત્ર કન્યાઓની જ શાળા હતી. અહિં સંખ્યાબંધ બહેનોને વણાટ તથા કલા કારીગીરીમાં રોકાયેલી જોઈ આપણને સહેજે આનંદ થઈ આવે છે. ત્યારે બાદ કાલીમપોંગનો સમગ્રપણે ખ્યાલ આવે તે માટે તેની આસપાસ અમે એક મોટું ચક્કર માર્યું. સાંજ પડવા આવી હતી; અને તેટલાં વહેલા દાર્જીલીંગ પહોંચવાનું હતું. કાલીમપોંગની આમ ઉડતી મુલાકાત લઇને અમે દાર્જીલીંગ જવા ઉપડ્યા.

## દાર્જીલીંગ તરફ પાછા ફર્યા.

સાયંકાળના સમયે ત્રિષ્ટાવેલી વધારે આકર્ષક લાગતી હતી, પણ અહિં હવે રોકાવાનો સમય નહોતો. આગળ ચાલ્યા અને રસ્તામાં ઉંચાણમાં એક ખુણેથી અમે રંગત નદી અને ત્રિષ્ટાનદીનો સંગમ થતો નિહાળ્યો. રંગત નીલવર્ણી છે; ત્રિષ્ટા આછા લીલા રંગની છે. આ કારણે ઉભયનો સંગમ ત્રિવેણી સંગમ જેવો આકર્ષક લાગે છે. સમય હોત તો ત્રિષ્ટા નદીની આજુએ થઇને અમે આ સંગમસ્થાન ઉપર જઈ શકયા હોત અને એ દર્શનીય સ્થળને ખૂબ નજીકથી નિહાળી શકયા હોત. પણ અત્યારે તો તે સંગમની કેવળ ઝાંખીથી અમારે સંતોષ માનવાનો હતો. રાત્રે નવેક વાગે અમે દાર્જીલીંગ પહોંચ્યાં.

બીજે દિવસે સવારે નેપાળના રાજાએ બાંધેલું, નેપાલી ઢબનું-નજીકમાં આવેલું નાનું છતાં ભારે નમણું એવું હિંદુ મંદિર જોયું. પછી નેચરલ મ્યુઝીયમ તરફ ગયા અને મોટા ભાગે આ બાજુનો મસાલો ભરીને રાખેલાં જંગલી પ્રાણીઓ, સર્પો, પશુપંખીઓ જોયાં, અત્રેજ સરકારના વખતનું ગવર્મેંટ હાઉસ પણ જોઈ લીધું.



બૌદ્ધ મઠ

## સાયંકાળની આશ્રમ પ્રાર્થના

સાંજના વખતે અમે બીજીવાર વિક્ટોરીયા ફૉલ્સ તરફ ગયા. કોઇ ઉંચા સ્થાનપર બેસીને આથમતા અને પશ્ચિમ આકાશમાં અધ્ધરથી અલોપ થતાં સૂર્યનારાયણને શાન્તિપૂર્વક નિહાળ્યા અને ઊંડી પ્રસન્નતા અનુભવી. જેમ સમુદ્રમાં તેમ જ પર્વતપ્રદેશમાં સૂર્યોદય તેમ જ સૂર્યાસ્તનો કોઈ જુદો જ મહિમા હોય છે. કારણ કે આ બન્ને, પ્રસંગોએ વાતાવરણ કોઇ અવનવી ગંભીરતા ધારણ કરે છે, અને કુદરત પોતાની આગવી રંગલીલા પ્રગટ કરે છે.

પાછા ફરતાં અમે રામકૃષ્ણ આશ્રમ આગળ રોકાયા, અને પરમહંસની આરતી ઉપાસનામાં ભાગ લીધો. આજે ચૈત્રી પૂર્ણિમા હતી. ચંદ્ર પર્વતની એક બાજુએથી ઉંચો આવી રહ્યો હતો. થોડી-વારમાં આખા પ્રદેશ ઉપર તેનું સામ્રાજ્ય સ્થપાવાનું હતું. ચોતરફ અદ્ભુત શાન્તિ હતી. મંદિરમાં ચાલી રહેલી આરતી અને ગવાતી પ્રાર્થનામાં અમે તલ્લીન થઇ ગયા. પ્રાર્થનાના અન્તભાગમાં સ્વામીજી અન્તરના ઊંડાણમાંથી ગાઇ રહ્યા હતા.

या देवी सर्वभूतेषु, मातृरुपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै, नमस्तस्यै नमो नमः ॥
या देवी सर्वभूतेषु, शक्तिरुपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै, नमस्तस्यै नमो नमः ॥
या देवी सर्वभूतेषु, शान्तिरुपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै, नमस्तस्यै नमो नमः ॥

આ नमस्तस्यै, नमस्तस्यै નો રણકાર અમારા અન્તસ્તળને સ્પર્શી રહ્યો હતો અને અમારું ચિત્ત એ માતૃરૂપ, શક્તિરૂપ, શાન્તિરૂપ દેવીને–વિશ્વમાત્રની ધારક ચેતના શક્તિને–પ્રણત ભાવે નમી રહ્યું હતું. આજે પણ એ નમસ્કાર મંત્રોનો રણકાર કાનમાં ગુંજતો લાગે છે, અને એ પ્રસંગના મધુર સ્મરણને જગાડે છે.

આરતિ ઉપાસના પુરી થઇ અમે બહાર નીકળ્યા. પૂર્ણિમાનો ચંદ્ર પૂર્વાકાશમાં ટેકરીની પાછળથી ઊંચે આવી ચૂક્યો હતો. અને સમસ્ત પ્રદેશનો રૂપેરી રંગે રંગી રહ્યો હતો. મન બાહ્યાન્તર પ્રસન્નતા વડે પ્રફુલ્લ હતું. ધર્મશાળા પર પહોંચ્યા અને વહેલી સવારે સાડાત્રણ વાગ્યે ઉઠીને દાર્જીલીંગથી નવ માઇલ દૂર આવેલી ટાઇગર હીલ ઉપરનો સુપ્રસિદ્ધ સૂર્યોદય જોવા જવાના હતા તેને માટે તૈયારી કરીને સુઇ ગયા.

## ટાઇગર હીલ ઉપરનો સૂર્યોદય

સવારે સાડા ત્રણ વાગ્યે નક્કી કરેલી મોટરો ધર્મશાળા સમીપ આવીને ઉભી અને અમે ગરમ વસ્ત્રોમાં સજ્જ થઇને ટાઇગર હીલ તરફ જવા ઉપડ્યા. પશ્ચિમાકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર પ્રકાશી રહ્યો હતો, અને ચોતરફના પ્રદેશને અને અમારા દિલને અજવાળી રહ્યો હતો. ચોતરફ પારાવાર શાન્તિ હતી. ત્યાનું નાનું જગત કડકડતી ઠંડીના કારણે સ્તબ્ધ બની ગયું ન હોય એમ ઘોર નિદ્રામાં નિમગ્ન હતું. સૂર્યોદય આજે અમને જોવા મળશે કે કેમ તે વિષે અમારું મન જાતજાતના તર્ક વિતર્ક કરી રહ્યું હતું. ઘુમ સ્ટેશનને વટાવીને અને આગળ ચાલ્યા. ટાઇગર હીલના નાકા આગળ પહોંચ્યાં. અહિંથી બાકી રહેલ ચઢાણ વધારે વિકટ હોઇને અમે મોટરમાંથી ઉતરી પગે ચાલીને ચઢી ગયા. ટેકરીની ટોચ ઉપર રેલિંગવાળો એક ઉંચો ચોતરો બાંધેલો હતો અને તે ઉપર બેસવાના બાંકડા હતા. અમે ઉપર ગયા અને અમારામાંના કોઈ બેઠાં, કોઈ ઉભા રહ્યાં. બીજા પણ અનેક સ્ત્રીપુરુષો આ હેતુથી પ્રેરાઇને ત્યાં એકઠા થયાં હતાં. સૌ કોઈ એકીટશે પૂર્વાકાશ ભણી જોઇ રહ્યા. આપણી બાજુ કરતાં આ બાજુએ સૂર્યોદય એક કલાક વહેલો થાય છે. સવારના સાડા ચાર લગભગ થયા હતા. પૂર્વ દિશાના આકાશમાં ઉષાનો ઉદય થઇ ચૂક્યો હતો; ધીમે ધીમે અજવાળું વધતું ચાલ્યું. અરૂણનો ઉદય થયો, પણ ક્રમનસીબે પૂર્વાકાશ વાદળોથી છવાયેલું હતું ઉત્તર દક્ષિણનો ભાગ પણ ધુંધળો હતો. સામે મોટાં ગિરિશિખરો ડોકીયાં કરી રહ્યા હતાં. આકાશ ચોખ્ખું હોય તો ઉગતા સૂર્યની અહિં અપૂર્વ તેજલીલા જોવા મળે. એક બાજુએ કંચનજંઘાના શ્વેત શિખરોની હારમાળા સ્પષ્ટપણે નજરે પડે અને સદ્ભાગ્ય હોય તો માઉન્ટ એવરેસ્ટનું શિખર પણ કદી કદી અહિંથી દેખાય. સૂર્યોદય તો થઇ ચૂક્યો હતો, પણ વાદળાંનાં આવરણોને લીધે ચક્ષુપ્રત્યક્ષ હજુ થયો નહોતો. કંચનજંઘાની બાજુ પણ વાદળ અથવા તો ધુમામવડે ઢંકાયેલી હતી. ધીમે ધીમે સૂર્ય વાદળોના આવરણોને હઠાવીને ઉપર આવ્યો અને તેનો પ્રકાશ ચોતરફ રેલાઈ ગયો. ત્યાંની કડકડતી ઠંડીમાં તેની ઉષ્મા ભારે આલ્હાદક લાગી, પણ જે અનુપમ સૂર્યોદય જોવાની આશા રાખીને અમે આટલી જહેમત ઉઠાવી હતી તે ફળીભૂત ન થઈ.

આ દિવસોમાં હંમેશ સવારે આમ અનેક પ્રવાસીઓ આવતા હતા અને મોટે ભાગે નિરાશ બનીને પાછા જતા હતા. આ અદ્ભુત દૃશ્ય જોવા માટે વર્ષારૂતુ બાદ આકાશ જ્યારે અત્યન્ત નિર્મળ હોય અને ક્ષિતિજ પ્રદેશો પ્રાતઃકાળના સમયે સ્પષ્ટ દેખાતાં હોય એવો ઓકટોબર માસ વધારે અનુકુળ લેખાય છે. જેનું વર્ણન સાંભળીને અનેક કલ્પનાઓ સેવેલી એવો સૂર્યોદય જોવા અમે ભાગ્યશાલી ન થયા. પણ આ વર્ણનને રસથી વાંચતાં વાંચકોને મારે નિરાશ કરવા ન જ જોઇએ. મેં જોયુ કે અન્ય વ્યકિતએ જોયું–તેમના તે માટે એ સરખું જ છે. ઈ. સ. ૧૯૨૬ માં પ્રીન્સીપાલ રતિલાલ મોહનલાલ ત્રિવેદી શેઠ અંબાલાલ સારાભાઇના કુટુંબ સાથે દાર્જીલીંગ ગયેલા તે પ્રસંગે તેઓ આ સૂર્યોદય જોવાને બે વખત ભાગ્યશાલી થયેલા. તેમના પુસ્તક 'પ્રવાસના સ્મરણો'માં આ અનુભવને તેમણે બહુ સુન્દર રીતે શબ્દમૂર્ત અહિં તે વર્ણનને ઉધ્ધૃત કરતાં હું આનંદ અનુભવું છું.

અપૂર્ણ

પરમાનંદ

# પ્રકીર્ણ નોંધ

## વર્ષાની જમાવટ

જુન માસ પસાર થયો; જુલાઇ પણ પુરો થવા આવ્યો. આ વખતે છુટાં છવાયાં ઝાપટાં સિવાય સરખા વરસાદનાં કોઇ ચિહ્નો દેખાતાં નહોતાં. મુંબઇની જેવી સ્થિતિ એવી જ ગુજરાત અને સૌરા-ષ્ટ્રની હતી. વરસાદનો અભાવ અથવા તો ખેંચ દરેકના મનમાં ચિન્તા પેદા કરી રહી હતી. અનાજ અને અન્ય વસ્તુઓના ભાવ વધતા જતા હતા. આગામી દુષ્કાળની ભડક દિલને સતાવી રહી હતી. એવામાં જુલાઈ માસની ૨૫ મી તારીખથી મુંબઈ ઉપર મેઘ રાજાની કૃપા ઉતરી છે અને અન્યત્ર પણ ઓછો વધતો વરસાદ આવ્યાના શુભ સમાચાર છાપાઓમાં ચમકી રહ્યા છે અને વરસાદને લગતી ચિન્તા હાલ તુરત ઓસરી ગઇ છે.

મુંબઇમાં વર્ષા રૂતુની પુરી જમાવટ થઈ ચુકી છે. આકાશ ચોવીશે કલાક ઘનઘોર રહે છે અને વાતાવરણમાં વર્ષાનું ગાંભીર્ય વ્યાપી રહ્યું છે. રૂતુઓની ચક્રમાળા એક સરખી ચાલ્યા કરે છે. સાધારણ રીતે એક રૂતુનું અન્ય રૂતુમાં થતું પરિવર્તન આપણે એકાએક અનુ-ભવતા નથી. શીયાળો પુરો થવા આવે; ઠંડી ધીમે ધીમે ઓછી થાય; ગરમી ધીમે ધીમે વધે. આથી આસપાસ દૃષ્ટિગોચર થતા પ્રદેશમાં કોઈ મહત્વનો ફેરફાર થતો માલુમ પડતો નથી. એનું એજ આકાશ અને એનું એજ ભૂમિતળ; એનો એજ શાન્ત સ્વસ્થ સમુદ્રપટ અને એના એજ સુકા ટેકરા ટેકરીઓ અને ઝાડપાન. પણ ચોમાસું આવ્યું કે નાટકમાં જેમ દૃષ્ય બદલાઇ જાય તેમ આંખના પલકારામાં સર્વ કાંઈ એકાએક પલટાતું દેખાય છે. સ્વચ્છ આકાશ વાદળથી છવાઇ જાય છે; સમુદ્રના ઉછળતા પર્વત સમા મોજાંઓ જોસભેર કીનારા સાથે અથડાય છે. દિવસ ભુખરો લાગે છે, અને રાતનો અંધકાર વધારે ગાઢ ભાસે છે. નદી નાળામાં પાણી ખળખળ વહેવા લાગે છે અને પહેલાં સુકું હતું ત્યાં બધે લીલી હરિયાળી પથરાઈ જાય છે. કુદરતમાં નવું યૌવન પ્રગટે છે અને સર્વત્ર આનંદનો, ઉલ્લાસનો, પ્રફુલ્લતાનો અનુભવ થાય છે. આ રીતે વર્ષા રૂતુ બાહ્યાન્તર જીવનમાં નાની સરખી ક્રાન્તિ પેદા કરે છે અને સૃષ્ટિને નવી તાજગી બક્ષે છે. આવી અનુપમ વર્ષારૂતુનું આપણે અન્તરથી અભિનન્દન કહીએ અને તે દ્વારા પ્રગટ થતા અભિ-નવ સૃષ્ટિસૌન્દર્યનું મને તેટલું અનુપાન કરીએ.

## મંગળમય શિખરમીલન

અમેરિકા–યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખ જનરલ આઇઝનહોવર, રશિયાના મુખ્ય પ્રધાન માર્શલ બલ્ગેનીન, ઇંગ્લાંડના મુખ્ય પ્રધાન સર એન્થની ઇડન અને ફ્રાન્સના મુખ્ય પ્રધાન મોન્સ્યર એડગર ફૌર–દુનિયાના આ ચાર પ્રમુખ રાષ્ટ્રોના મુખ્ય સૂત્રધારો જીનીવા ખાતે ગયા જુલાઈ માસની ૧૮ તારીખથી ૨૩ મી તારીખ સુધી મળ્યા અને આજની દુનિયાની શાન્તિ જોખમાવતા અતિ મહત્વ ધરાવતા રાજકારણી પ્રશ્નોની તેમણે ક્રમશઃ ખૂબ વિગતવાર ચર્ચા કરી, આલોચના કરી, કયા પ્રશ્નમાં કોણ કોણ કયાં સુધી એકમતી ધરાવે છે અને કયાંથી જુદા પડે છે આ સંબંધમાં પરસ્પર સ્પષ્ટતા કરી, હસતા મળ્યા, હસતા વાતો કરી અને હસતા હસતા છૂટા પડયા. આવું મંગળમય શિખરમીલન દુનિયાના ઇતિહાસમાં એક અપૂર્વ–અભૂતપૂર્વ–ઘટનાસમું નિર્માણ થયું છે. તેનું જેટલું મહત્વ આંકવામાં આવે અને તેને જેટલું અભિનન્દન આપવામાં આવે તેટલુ ઓછું છે.

આટલા ટુંક સમયના મીલનમાં દુનિયાના બધા પ્રશ્નોનો નીકાલ આવી જાય એ શકય નહોતું. એવી આશા કદિ કોઇએ સેવી નહોતી. આ મીલન દરમિયાન જર્મનીનું એકીકરણ, યુરોપની સહીસલામતી, નિઃશસ્ત્રીકરણ અને યુરોપના પૂર્વ પશ્ચિમ વિભાગમાં આવેલા દેશોમાં પરસ્પર સંપર્ક વિકાસ–આમ યુરોપની સુલેહશાન્તિ સાથે સંબંધ ધરાવતા પ્રશ્નો પૂરતી તેમણે પોતાની ચર્ચા મર્યાદિત કરી હતી. આ ચાર પ્રશ્નો ઉપર પણ કોઈ ચોક્કસ નિર્ણય ઉપર આવી શકાયું નથી. આમ છતાં પણ એકમેકના દૃષ્ટિબિન્દુઓની ભારે નિખાલસતાપૂર્વક સ્પષ્ટતા થઈ શકી એ ઓછું આવકારદાયક નથી. પ્રસ્તુત બાબતોનો શાન્તિપૂર્વક વાટાઘાટ દ્વારા નિકાલ આજે નહિ તો આગળ ઉપર લાવવો જ છે એવા નિરધારપૂર્વક તેઓ સુખદ હસ્તધુનનપૂર્વક હસતા મોઢે છૂટા પડયા છે. ઔપચારિક તેમ જ અનૌપચારિક અનેક મેળાપો આ ચાર વ્યકિતવિશેષો વચ્ચે ગોઠવાયા; ભોજનસમારંભો થયા; વાર્તાવિનોદ પણ સારા પ્રમાણમાં સધાયો. છ દિવસના મીલન દરમિયાન ન કોઇએ આંખ લાલ કરી કે ન કોઈ ઉંચે સાદે બોલ્યું. આવું આ મંગળમીલન ભારે આશાસ્પદ ભાવીની આગાહી આપે છે.

આજ પાના ઉપર 'ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ'ના સૌજન્ય–પરિણામરૂપ જનરલ આઇઝનહોવર અને માર્શલ બલ્ગેનીનની સંયુકત છબી આપવામાં આવી છે. તેની અંદર ચિરકાલીન મિત્રો માફક આ બન્ને સૂત્રધારો બાજુબાજુએ ખુરશી ઉપર બેઠા છે બન્નેના મોઢા ઉપર મીઠું નિખાલસ હાસ્ય ઝળકી રહ્યું છે અને આપણુ સર્વને–આજની દુનિયાને–અભય આપતા હોય એમ હાથ ઉંચો કરીને તેઓ આપણને બોલાવી રહ્યા છે. ગઈ કાલ સુધી કટ્ટર લેખાતા આ બે પ્રતિપક્ષીઓમાં માનવતાનું–સૌહાર્દનું–એકસરખું મીઠું ઝરણું વહી રહેલું આપણી નજરે પડે છે. આ છબીને–આ ચિત્રને–શાન્તિ–સ્થાપનાના પ્રતીક તરીકે આપણે લેખીએ અને આ બન્ને મહાશયો કોઈ પણ સંયોગોમાં એકમેક સામે શસ્ત્રો ઉગામી ન જ શકે એવી શ્રધ્ધા આપણે કેળવીએ. દુનિયાના ભાવીમાં શું લખેલું છે તે તો કોણ કહી શકે તેમ છે? પણ એ વિષે કોઇ શક નથી કે દુનિયા માથે ઝઝુમતા વિશ્વયુધ્ધનો ભય બહુ દૂર ઠેલાયો છે; આસપાસનું વાતાવરણ ભારે હળવું થયું છે; જેઓ હાલતાં ચાલતાં અણુશસ્ત્રોની ધમકી આપતા હતા તેઓ આજે શાન્તિપૂર્વક, સ્વસ્થતાપૂર્વક, વિવેક અને સદ્‌ભાવપૂર્વક વાટાઘાટ કરવાની ભૂમિકા ઉપર આવ્યા છે. આ જ આગેવાનો કદિ યુધ્ધતત્પર નહિ જ બને એમ કેમ કહેવાય? પણ સાથે બાધું, પીધું, મહોબ્બત અનુભવી, હસ્યા, ખેલ્યા અને ગંભીર ચર્ચાઓ પણ જેમણે સદ્‌ભાવ અને સૌજન્યપૂર્વક કરી તેમના માટે યુધ્ધ તરફ મોઢું ફેરવવું એ હવે સહેલી વાત નથી. આ શુભ મીલનનું સીધું અને સચોટ એ પરિણામ આવ્યું જ છે કે આજે યુધ્ધની પરિભાષાનું સ્થાન વાટાઘાટોએ લીધું છે અને નાટો, સેટો, ઇ. ડી. સી. કે વોરસો પેક્ટની સ્થિતિ રજોટિયામાં સંધરવા લાયક ભંગાર માલ જેવી હાલ તુરત થઇ છે. સ્થાયી શાન્તિ અને શાશ્વતી તરફ દુનિયાએ આજે એક વિરાટ પગલું ભર્યું છે. ચિરંજીવ શાન્તિની આશા આજે પુનર્જીવિત થઇ છે, દુનિયાની સીકલ ઉપર મધુર શાન્તિનું સ્મિત ફરકી રહ્યું છે. આમીન!

## સુકા હાસ્ય

માર્શલ બલ્ગેનીન : જનરલ આઇઝનહોવર

## ગોવા સંબંધે ભારત સરકારે કરેલી ગંભીર જાહેરાત

ગોવા સંબંધમાં તાજેતરમાં ભારત સરકાર તરફથી અત્યન્ત મહત્વનો અને દુરગામી પરિણામ નીપજાવે એવો એક સિધ્ધાન્ત સ્થાપિત કરવામાં આવ્યો છે. ભારત સરકાર જણાવે છે કે "પોર્ચુગલ ગોવાનો કબજો કરીને બેઠું છે તે હિંદમાં સ્થાપવામાં આવેલ રાજ્યશાસનમાં દખલગીરી કરવા બરોબર છે અને કોઇ પણ બીજી રાજ્યસત્તા આવી દખલગીરી કરશે તો તે પણ હિંદના રાજ્યશાસનમાં દખલગીરી કરવા બરોબર લેખવામાં આવશે."

આજ સુધી ભારત સરકાર, પોર્ચુગલના શાસકો દીવ, દમણ અને ગોવાનો ફ્રેંચ શાસકો માફક સમજુતીભર્યો નીકાલ લાવશે એ આશાપૂર્વક, પૂરી કસોટી થાય એવી ખામોશ ધારણ કરીને બેઠી હતી, અને હિંદમાંથી જતા સત્યાગ્રહીઓનું થઈ રહેલું પાશવી દમન ઊંડા અન્તઃક્ષોભપૂર્વક નિહાળી રહી હતી. પણ જેમ જેમ ભારત સુલેહ શાન્તિભરી વાટાઘાટોની વાત કરતું જતું હતું તેમ તેમ પોર્ચુગલના શાસકો દમનનો કોરડો વધારે ને વધારે જોશપૂર્વક નિઃશસ્ત્ર સત્યાગ્રહીઓ સામે વીંઝયે જતા હતા, અને દુનિયાભરમાં ભારત વિરૂધ્ધ અસત્યભર્યો પ્રચાર કર્યે જતા હતા. ધીરજની પણ હદ હોય છે. છેવટે ભારત સરકારને ઉપર જણાવ્યા મુજબની ગંભીર જાહેરાત કરવી પડી છે. આ જાહેરાતની જો હજુ પણ પોર્ચુગલ અવગણના કરે તો તેનું એક જ પરિણામ આવે કે ભારત સરકારને પોલીસ પગલું લેવાની ફરજ પડે. ઘરમાં પેઠેલા ડાકુને આખરે બળજોરીથી કાઢવો પડે તેવી જ રીતે પોર્ટુગલને હિંદની ભૂમિ ઉપરથી ઉપાડીને ભારત સરકારે સમુદ્રપારથી

કરવું રહ્યું. ઉપરની ભૂમિકા ઉપર લેવું પડનાર આ પગલાને કોઈ આક્રમક પગલું કહી નહિ શકે. હજુ પણ આશા રાખીએ કે પોર્ટુગલ લાજભેર પોતાનો કબજો દીવ, દમણ અને ગોવા ઉપરથી ઉઠાવી લેશે અને શાન્તિને વરેલા ભારતને અશાન્તિ પેદા કરે એવું પગલું ભરવાની ફરજ નહિ પાડે. અધીરા બનેલા ગોવાના સત્યાગ્રહીઓ અને ગોવા-આઝાદીના વાંચ્છુકો ભારત સરકારની આ જાહેરાતથી વિશ્વાસ અનુભવશે કે ભારત સરકાર હવે લાંબો સમય નિષ્ક્રિયતા સેવી નહિ જ શકે.

### ભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિ

"એકી સાથે આધ્યાત્મિક અને ભૌતિક ઉન્નતિ થઈ શકે ખરી ?" એ પ્રશ્નના જવાબમાં વિનોબાજી જણાવે છે કે "આધ્યાત્મિક ઉન્નતિ અને ભૌતિક ઉન્નતિમાં કશો વિરોધ નથી, બલ્કે બન્ને મળીને એક જ વસ્તુ બને છે. માની લો કે આપણે કોઇક ભૂખ્યાંઓને માટે તેમને ખાવાનું મળે તેવો પ્રબંધ કરી દીધો. તેમને રોજગાર અપાવ્યો, એટલે ભૌતિક ઉન્નતિ તો સ્પષ્ટ થઈ જ અને એની સાથે સાથે અધ્યાત્મિક ઉન્નતિ પણ થઇ, કેમ કે, બીજાંઓને માટે મદદ આપવી એ મોટું ધર્મકાર્ય છે અને એથી ચિત્તની શુધ્ધિ થાય છે. માની લો કે આપણે બીમારોની સેવા કરી. બીમાર સાજા થઈ જશે અને દેશના કાર્યમાં લાગી જશે. એટલે ભૌતિક ઉન્નતિ જરૂર થશે, પરંતુ એની સાથે સાથે જનસેવા કરવાથી ચિત્તની શુધ્ધિ થાય છે, એટલે અધ્યાત્મિક ઉન્નતિ પણ થશે. આ વાત જેમ વ્યક્તિઓને લાગુ પડે છે, તેમ સમાજને પણ લાગુ પડે છે. માની લો કે હિન્દુસ્તાન એમ વિચારે છે કે, અમે બીજા દેશોને લૂંટીને અમારા દેશને સમૃધ્ધ બનાવીશું. ત્યારે તત્કાળ દેખાવની ભૌતિક ઉન્નતિ સાથે આધ્યાત્મિક પતન થશે, પણ અધ્યાત્મિક પતન થશે ત્યાં ભૌતિક ઉન્નતિ પણ વધુ દિવસ ટકી નહિ શકે. પછી દેશદેશની વચ્ચે લડાઈઓ શરૂ થશે અને તેનું પરિણામ ભૌતિક અવનતિમાં જ આવશે. આ રીતે ભૌતિક ઉન્નતિ અને આધ્યાત્મિક ઉન્નતિ વચ્ચે ઘણો જ નિકટનો સંબંધ છે એ આપણે બરોબર સમજી લઇએ."

આમ ભૌતિક ઉન્નતિ અને આધ્યાત્મિક ઉન્નતિ વચ્ચે ઘણો અંતલગનો સંબંધ હોવા છતાં આપણે ત્યાં એવી અનેક એકાન્તવાદી વિચારસરણીઓ પ્રચલિત છે-દા. ત. વેદાન્તીઓ તેરાપંથીઓ, શ્રી કાનજી મુનિના અનુયાયીઓ-જેઓ ભૌતિક ઉન્નતિને કશું મહત્વ આપતા નથી, અથવા તો ભૌતિક ઉન્નતિને આધ્યાત્મિક ઉન્નતિની કેવળ વિરોધી માને છે અને તેનું દુર્લક્ષ્ય કરવાનો ઉપદેશ આપે છે. આવી વિચારણા ધરાવતા ભાઈ બહેનો વિનોબાજીના ઉપર આપેલા જવાબને ગંભીરતાથી વિચારે અને તેમાંથી સાર ગ્રહણ કરે. **પરમાનંદ**

**(શિખર-મીલનની પીઠિકા : પૃષ્ટ નં. ૬૩ થી ચાલુ)**

સદ્‌ભાગ્યે છેલ્લાં બે વર્ષ દરમિયાન દુનિયાની આબોહવા સુધરતી ચાલી છે. કોરીઆમાં તેમજ ઇન્ડોચાઇનામાં યુધ્ધ સ્થગિત થઇ શકયુ છે; ફોર્મોસામાંથી દાવાનળ સળગતો સળગતો અટકી ગયો છે; સ્ટેલીનના જવા બાદ રશિયાની નીતિમાં તેમજ વલણમાં ફેરફાર થઈ રહ્યો છે; યુગોસ્લાવીઆ સાથે રશિયાનું સમાધાન ભર્યું વળણ પેદા થયું છે; ઓસ્ટ્રીઆ તથા જાપાન સ્વતંત્ર થયાં છે અને જર્મની પણ એકત્ર થવાની અણી ઉપર છે. આ સુલેહ શાન્તિ અને શાશ્વતી-security-ની આબોહવા પેદા કરવામાં હિંદ અને તેના પ્રમુખ સૂત્રધાર જવાહરલાલ નહેરૂ બહુ મહત્વનો ભાગ ભજવી રહેલ છે એ બીના આપણા માટે આનંદજનક તેમજ ગૌરવપ્રદ છે. ચીન આપણને સારી રીતે અનુકૂળ છે. ત્યાંના મુખ્ય પ્રધાન ચાઉ-એન-લાઈ શાણપણની મૂર્તિ છે. ઇંગ્લાંડ અને ફ્રાન્સનો આપણી આ શાન્તિસાધનામાં આડકતરો પણ સારો એવો ટેકો છે. એશિયામાં ખૂણે ખૂણે જાગૃતિ ચમકી રહી છે. યુરોપના હકૂમતપ્રિય અને સંસ્થાનવાદી રાષ્ટ્રોએ પણ આજ સુધીનું વળણ હવે બદલ્યે જ છૂટકો છે. આફ્રિકાની ઉપેક્ષા કરવી હવે પરવડે તેમ નથી. અમેરિકા પછાત દેશોને ઉંચે આવવામાં ઠીક ઠીક મદદ કરી રહેલ છે. આજ હજુ આપણે એમ કહેવાની સ્થિતિમાં જરૂર નથી કે આ દુનિયા ઉપરથી યુધ્ધ સદ્ધાને માટે નાબુદ થયું છે. પણ એટલું તો ચોક્કસ લાગે છે કે આજને તબકકે યુધ્ધ જરૂર આઘે હેલાયું છે. આવા દશ વર્ષ પણ જો યુધ્ધ વિનાનાં પસાર થાય તો પણ આપણા માટે ઘણું છે. યુધ્ધનું દૂર અને દૂર જવું એ જ યુધ્ધની આત્યન્તિક નાબુદી કરવામાં ભારે મદદરૂપ બને તેમ છે.

આજે અમેરિકા માંગે છે (૧) રશિયાની એડી નીચેના દેશો પોલાન્ડ વગેરેની મુક્તિ (૨) રશિયાથી અન્ય પ્રકારની સમાજરચના ધરાવતા દેશોમાં દખલગીરી અને વીખવાદ પેદા કરતી કોમીનફોર્મ-રશિયા સંચાલિત આન્તરરાષ્ટ્રીય સામ્યવાદી સંસ્થા-નું વિસર્જન અને (૩) જર્મનીનું સ્વતંત્ર એકીકરણ.

રશિયા માંગે છે (૧) નાટો એટલે ઉત્તર આટલાન્ટિક રાષ્ટ્રોની સંસ્થા, સેટો એટલે કે પેસીફિકના ફીલીપાઇન્સ વગેરે પૂર્વ પ્રદેશોની સંસ્થા અને ઈ. ડી. સી. એટલે જર્મનીને અન્તર્ગત કરતા યુરોપના પશ્ચિમ રાષ્ટ્રોની સંસ્થા-આ ત્રણે સંસ્થાઓ કે જે રશિયાના આક્રમણનો સામનો કરવાના લક્ષ્યપૂર્વક ઉભી કરવામાં આવેલ છે તેનું વિસર્જન અને (૨) આખા યુરોપની શાન્તિ અને સહીસલામતીને સુરક્ષિત રાખે એવી એક યુરોપવ્યાપી સંસ્થાનું નિર્માણ.

પોતાને અનુકુળ શરતો અને સમજુતીપૂર્વકનું જર્મનીનું એકીકરણ કરવાને પણ રશિયા હવે તૈયાર છે. આ સંબંધે ઇંગ્લાંડના મુખ્ય પ્રધાન એન્થની ઇડને ચોક્કસ યોજના રજુ કરી છે. આ યોજના ઉપરની વિશેષ વાટાઘાટોમાંથી, સંભવ છે કે, સર્વ પક્ષોને માન્ય એવો જર્મનીના એકીકરણનો ઉકેલ નીકળે.

તાજેતરમાં હિંદના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂ રશિયાના પ્રવાસે જઈ આવ્યા અને ભારત અને રશિયા ઉભય તરફથી સંયુકત નિવેદન બહાર પાડવામાં આવ્યું તે પણ એક અગત્યનો બનાવ છે. ત્યાંના લોકોએ નહેરૂને જે ઉમળકાભર્યો આવકાર આપ્યો તે કેવળ સ્વયંપ્રેરિત હતો એમાં કોઈ શક નથી. રશિયાની પ્રજા માટે આ પહેલો જ પ્રસંગ હતો કે જ્યારે સામ્યવાદી નહિ એવા દેશના એક આગેવાન નેતાની આટલા નજીકમાં આવવાનો અવસર એ પ્રજાને પ્રાપ્ત થયો. રશિયા અને બહારની દુનિયા વચ્ચે જે અભેદ્ય પડદો હતો તે આ ઘટનાથી થોડો ઉંચકાયો છે અને હિંદની સક્રિય તટસ્થતાની નિતિની અને નિઃસ્વાર્થ શાન્તિસાધનાની રશિયાને તેમજ અન્ય દેશોને પૂરી પ્રતીતિ થઈ છે. હિંદ આ રીતે ઉપર જણાવેલ પરસ્પરવિરોધી બે બ્લોક-વર્તુલ-વચ્ચે સમન્વય ઉભો કરતી મધ્યવર્તી કડીનું કાર્ય કરી રહેલ છે અને શાન્તિને ઝંખતી દુનિયાની પ્રજાઓ જવાહરલાલ ઉપર ભારે આશાની મીટ માંડીને બેઠી છે.

આ પીઠિકા ઉપર રચાયલું અને આજે ગતિમાન બનેલું ચાર મહાન રાષ્ટ્રોના સૂત્રધારોનું શિખર મીલન કેટલું મહત્વપૂર્ણ છે તેનો આ વિહંગાવલોકન દ્વારા આપને હું કાંઇક ખ્યાલ આપી શકયો હોઉં તો આજની મારી મહેનત લેખે લાગી એમ હું સમજીશ.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

## સ્વ. મણિભાઇની સ્મૃતિમાં

તા. ૨૫-૭-૫૫ ને સોમવારની રાત્રિના નવા વાગતાં સયુંકત જૈન વિદ્યાર્થીગૃહના નિયામક પંડિત સૂરજચંદ્ર ડાંગીજીની અધ્યક્ષતા નીચે છાત્રસંઘની પ્રાર્થના સભા ભુવનમાં મળી હતી. પ્રાર્થના થયા બાદ વિદ્યાર્થીગૃહનાં સંસ્થાપક સ્વર્ગસ્થ શ્રીયુત મણિલાલ મોકમચંદ શાહની પુણ્યતિથિ નિમિત્તે છાત્રસંઘના અધ્યક્ષશ્રીએ તેમના જીવનની તેજસ્વી ઝાંખી આપી હતી. તેમની સામાજીક એકયની ભાવના, શિક્ષણ પ્રત્યેની લાગણી અને પ્રત્યેક સંપ્રદાય વિષે સમાન આદરની અસાધારણ વૃત્તિનો અસરકારક ખ્યાલ આપ્યો હતો. છાત્રસંઘના સભ્યોએ આજના પુણ્ય દિવસે સામુદાયિક રૂપથી તેમની સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ અર્પિત કરતાં એવો સંકલ્પ પ્રગટ કર્યો કે તેમના નિર્દિષ્ટ આદર્શોથી પ્રેરિત થઇને, પરસ્પર બંધુભાવથી અમારા જીવનને સર્વદૃષ્ટિથી વિકાસના પગલે લાઈ જઈશું.

# સ્વધર્મ, પરધર્મ, અધર્મ

(જગન્નાથપુરી ખાતે સર્વોદય સંમેલન ભરાયું તે દિવસોમાં તા. ૨૬-૩-૫૫ ના રોજ સાયંકાલીન પ્રાર્થના પ્રસંગે શ્રી વિનોબાજીએ કરેલું એક લાક્ષણિક મર્મસ્પર્શી પ્રવચન નીચે આપવામાં આવે છે. તંત્રી)

સારાયે ભારતવર્ષમાં ગ્રામ્યજનોની સેવા કરનારા સેવકો સર્વોદય સમાજ સંમેલનમાં એકત્ર થાય છે. આ સેવકો તરફ હું સાધકની દૃષ્ટિએ જોઉં છું, એટલે એમની સંખ્યાના વત્તા-ઓછાપણા ઉપર ધ્યાન નથી આપતો. છતાં સાધકોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે એ ખુશી થવા જેવું છે.

## સાધક અને દુર્જન સંગતિ

આ સેવકોની સેવાકાર્યની શકિત સંખ્યા ઉપર વિર્ભર નથી, પણ તેમની સાધકવૃત્તિ ઉપર નિર્ભર છે. સાધકને પોતાના મન તરફનું જોખમ સૌથી વધારે હોય છે. જેનું મન નબળું તેણે દુર્જનની સોબતથી દૂર રહેવું જોઈએ એમ સામાન્ય રીતે મનાય છે. પણ સાધકોનું મન એટલું બધું નબળું હું નથી માનતો કે જેથી મારે તેમને દુષ્ટ સોબતથી દૂર રહેવાનું કહેવું પડે. જે સાધક છે તેનું મન સ્વભાવથી જ સજ્જનતા તરફ રૂચિવાળું હોય છે. કદાચ જો તે કોઇ દુર્જનના સહવાસમાં આવી જાય તોયે તેના તરફ તે અરૂચિ નથી કેળવતો પણ એક સેવાનું ક્ષેત્ર મળી ગયું એમ માને છે. સાધકને દુર્જન તરફનો કોઈ ભય નથી. બલ્કે અગર જો કોઇ દુર્જન દુર્જન જ રહેવા ઇચ્છતો હોય તો તેને સાધકની સંગતિનો ભય ખરો. એટલે દુર્જનની સોબતથી દૂર રહેવાની સાધકને બહુ અગત્ય નથી.

## સ્વજન-સંગતિ

પણ સાધકને જે સંગતિથી બચવાનું છે, જેના સહવાસથી ખાસ સાવધાન રહેવાનું છે તે તો છે સ્વજન સંગતિ. સ્વજનો તેના પ્રત્યે જે પ્રેમ રાખે છે તે પ્રેમ બન્ને વચ્ચે એક પ્રકારનું બંધન બની જાય છે. આ પ્રકારનું બંધન જ્યાં પેદા થયું ત્યાં મિથ્યા કર્તવ્યની ભાવના ચિત્ત ઉપ આરૂઢ થઈ જાય છે. આ કારણે જ સાધકને પ્રેમ અને નિર્વૈરતાની સાથે અનાસકિતનો ઉપદેશ આપવામાં આવે છે.

## સ્વધર્મ જ્ઞાન અને સર્વ સાથે એકરૂપતા

આપણા અનેક સ્વજનો મિત્રો ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં કામ કરી રહ્યાં છે, અનેક પક્ષોમાં વહેંચાઈ ગયાં છે. તે બધાની સેવા કરવી એ આપણું કર્તવ્ય છે, બધા સાથે પ્રેમથી રહેવું તે આપણો સ્વભાવ છે, છતાં સાથે એ પણ ખરૂં કે એમના સહવાસમાં રહેવાથી સત્ત્વહાનિ થવાની સંભાવના છે તે લક્ષ બહાર રહેવું ન જોઇએ. મહાત્મા ગાંધીજીના પ્રયાણ પછી એમના અનેક સાથીઓ અને અનુયાયીઓ જુદા જુદા પક્ષમાં વહેંચાઈ ગયા છે. આમ જે વહેંચાઈ ગયા, એમના મન પણ જુદાં થઈ ગયાં, જેમનાં મન જુદા નથી પડયાં તેઓ પણ એકબીજાથી અલગ તો રહે છે જ. પરંતુ સાધકે કોઇની સાથે દૂરીભાવ ન રાખવો જોઇએ, સૌ સાથે સ્નેહભાવથી વર્તવું જોઇએ. બધાં સાથે હળીભળીને રહેવાનો અને હૃદયની એકતા સાધવાનો સાધકનો ધર્મ છે. આ એકરૂપતા સાધવા છતાં બુદ્ધિપૂર્વક સ્વધર્મનું જ્ઞાન સતત જાગ્રત રાખવું અત્યંત આવશ્યક બને છે.

## ભય અધર્મનો નહિ પણ પરધર્મનો

સર્વોદય વિચારને માનવાવાળા હંમેશા કોઇને કોઇ સેવાકાર્યમાં નિમગ્ન રહેશે. પંણ તે સાથે એમનામાં એ વિવેક હોવો જોઇએ કે જે સેવાકાર્ય થાય તે સમાજપરિવર્તનમાં ઉપયોગી હોય. યથાશકિત સેવા કરવા છતાં જનશકિત નિર્માણ કરવી તે એ સેવાનો ઉદ્દેશ હોવો જોઇએ. જો આ પ્રકારનો વિવેક જાગ્રત નહિ હોય તો સાધક એકાય નહિ થઈ શકે અને અણજાણતા પણ અન્ય માર્ગે ચાલ્યો જશે. તેથી જ ભગવાને ગીતામાં કહ્યું છે કે 'વ્યવસાયાત્મિકા બુદ્ધિ' હોવી જોઇએ. 'વ્યવસાયાત્મિકા બુદ્ધિ' અર્થાત્ નિશ્ચયરૂપિણી બુદ્ધિ સાબુત હશે તો રક્ષણ થશે. સાધકને અધર્મનો એટલો ભય નથી જેટલો પરધર્મનો છે. અધર્મ તરત દેખાઇ આવે છે, તેથી તેનાથી તે દૂર રહે છે; પરંતુ પરધર્મ ધર્મરૂપ દેખાતો હોવાથી સાધક જો સભાન ન હોય તો તે તરફ ખેંચાઇ જવા સંભવ છે.

## લક્ષ્મણનું ઉદાહરણ

રામચંદ્રજીએ જ્યારે વનવાસની તૈયારી કરી ત્યારે લક્ષ્મણે પણ સાથે જવાનો નિરધાર કર્યો. સ્વજનોએ એમને સમજાવ્યા કે "ઘરમાં રહીને પિતાની સેવા કરવી એ તારો ધર્મ છે." પિતાની સેવા કરવા રહેવું કે ભાઇની સેવા કરવા જવું એ પ્રશ્ન લક્ષ્મણ સામે ઉપસ્થિત થયો. આવા પ્રસંગોએ સાધકની ધર્મબુદ્ધિ-વ્યવસાયાત્મક બુદ્ધિ-ની કસોટી થાય છે. ધર્મની જ્યારે કસોટી કરવામાં આવે ત્યારે ઓછા વત્તા લાભનું પ્રમાણ નથી જોવાતું, કે કોણ મોટું અને કોણ નાનું તે પણ નથી જોવાતું. જેમ એક કોટની ખરીદી કરવી હોય તો જાડો પાતળો નથી જોવાતું પણ શરીરને બંધબેસતો થાય છે કે નહિ તે જોવાય છે તેમ પિતાની સેવા શ્રેષ્ઠ કે ભાઈની સેવા શ્રેષ્ઠ તેનો ત્રાજવામાં તોલ કરીને ધર્મનો નિર્ણય નહોતો થઇ શકતો. લક્ષ્મણે પોતાની વ્યવસાયાત્મક બુદ્ધિનો આશ્રય લીધો, અને નિર્ણય કર્યો કે અત્યારે દશરથના પુત્ર તરીકેની નહિ પણ રામના ભાઇ તરીકેની મારી ફરજ છે. આ પ્રમાણે રામનો ભાઈ કે દશરથનો પુત્ર, એમાંથી કયો ધર્મ સ્વીકારવો તેનો નિર્ણય કરવાનો પ્રસંગ આવે ત્યારે એક મોટું ધર્મસંકટ ખડું થઈ જાય છે. તેવે સમયે મનુષ્યની વ્યવસાયાત્મિક બુદ્ધિ સમ્યક્ નિર્ણય આપવાવાળી થાય છે. આ કારણે જ ગીતામાં જે ઉત્તમ નિર્ણય આપી શકે છે એવા સ્થિતપ્રજ્ઞને ઉત્તમ આદર્શ તરીકે સ્વીકાર્યો.

## પરધર્મથી બચાવનારી નિર્ણયશકિત

કોઈ મહાપુરૂષ અત્યંત દયાળુ હોય તો તે ભકત કહેવાય છે. અલિપ્તપણે કામ કરનાર કોઈ સાધક કર્મયોગી કહેવાય છે. જગતનાં વિવિધ વિષયોનું ચિંતન કરનારો કોઇ શ્રેષ્ઠ પુરૂષ જ્ઞાની કહેવાય છે. ચિન્તની સમતા રાખવાવાળો કોઇ યોગી કહેવાય છે. આમ કર્મ કરવાની શકિત, દયાળુતા, જ્ઞાન, ચિંતનશકિત, ચિન્તની સમતા વગેરે ગુણોનું મહત્વ છે, પણ આ બધાથી વધારે ઉચ્ચ ગુણ છે "નિર્ણયશકિત. ઉપરનાં બધા ગુણોનો ઉપયોગ છે, છતાં જેનામાં નિર્ણયશકિત છે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. તેના ગુણ આપણે સૌ સાધકો દરરોજ ગાઇએ છીએ. મહાત્મા ગાંધીજીએ આપણને શીખવ્યું છે કે જો પોતાને આવી નિર્ણયશકિત પ્રાપ્ત ન થઈ હોય તો જે પુરૂષને તે શકિત પ્રાપ્ત થઈ છે તેને શરણે જવું તે સાધકનો ધર્મ છે. જો સાધકમાં નિશ્ચયરૂપિણી બુદ્ધિ હોય તો તે સ્વાવલંબી રહી શકે છે. જો તેવી સાધકમાં ન હોય તે જેનામાં તે શકિત હોય તેવા પુરૂષનો આશ્રય સ્વીકારવાથી પણ રક્ષા થઈ શકે છે. પરંતુ જે સ્થિતપ્રજ્ઞ નથી અને સ્થિતપ્રજ્ઞનો આશ્રય પણ જેને મળ્યો નથી તેવી વ્યકિતએ છેવટે ઈશ્વરનું શરણ સ્વીકારવું ઘટે છે. ભગવાને પ્રજ્ઞાશકિત અને શ્રદ્ધાનો મહિમા ગયો છે તે આ કારણે જ. ભગવાને કહ્યું છે કે જેનામાં પ્રજ્ઞાશકિત નથી અને અન્યમાં પ્રજ્ઞાશકિત છે કે નહિ તે સમજવાની પણ શકિત નથી તેવો આત્મા સંશયાત્મા કહેવાય છે. એવા સંશયાત્માથી ધર્મકાર્ય થઈ શકતું નથી. તો સ્થિતપ્રજ્ઞના લક્ષણ, જે આપણે રોજ ગાઇએ છીએ તે સમજીને અંતરમાં ઉતારતા જઇએ તો ધીરે ધીરે નિર્ણયશકિત આપ મેળે આવી જશે. જો આપણામાં નિર્ણયશકિત છે તો આપણે પરધર્મથી બચ્યા સમજવા.

પરમાનંદ

## વિષય સૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| યાત્રા-સત્યની, સૌન્દર્યની | સુન્દરમ્ | ૬૧ |
| શિખર-મીલનની પીઠિકા | ચીમનલાલ શાહ | ૬૩ |
| મારી યાત્રા | પરમાનંદ | ૬૪ |
| **પ્રકીર્ણ નોંધ :** વર્ષાની જમાવટ, મંગળમય શિખરમીલન, ગોવા સંબંધે ભારત સરકારે કરેલી ગંભીર જાહેરાત | પરમાનંદ | ૬૬ |
| સ્વધર્મ, પરધર્મ, અધર્મ | વિનોબાજી | ૬૮ ક |
| મહાત્મા જ્યોતિરાવ ફુલે | રતિલાલ દેસાઇ | ૬૮ ખ |

# મહાત્મા જ્યોતિરાવ ફુલે

**[ મહારાષ્ટ્રના એક સુધારક ગૃહસ્થ સંતનો ટૂંક પરિચય ]**

સ્ત્રીઓ, દલિતો, પતિતો, અભણો, મજુરો, ખેડૂતો વગેરે દુઃખી જનોની સેવામાં પોતાનું આખું જીવન વિતાવનાર જ્યોતિરાવ ફુલે મહારાષ્ટ્રના એક કર્મવીર સંત પુરુષ થઈ ગયા.

### જન્મ, કુળ, માતાપિતા

તેમનો જન્મ ૧૮૫૭ ના બળવાથી ૩૦ વર્ષ પહેલાં સને ૧૮૨૭ ની સાલમાં, મહારાષ્ટ્રની ખડતલ ધરતીમાં થયો હતો. તેમનું ગામ સાતારા જિલ્લાનું કડગુણ નામનું નાનું સરખું ગામડું. તેમના પિતાનું નામ ગોવિંદરાવ અને માતાનું નામ ચિમનાબાઈ. પિતા ભારે નિયમ પાળવાવાળા અને માતા પણ સદાય શાંતિ અને શીલથી શોભતાં; કોઇનું કામ કરવામાં એવાં હોંશિલાં કે બધાયને એમના ઉપર હેત જાગે. એમના કુટુંબની મૂળ અટક 'ગોરે', પણ પૂર્વજોએ ફૂલોના હાર–ગજરાનો વેપાર કરતા હોવાથી તે 'ફુલે' કહેવાયા. તેઓની જાત માળીની. આ જાત ઉચ્ચ વર્ણના લોકોની દૃષ્ટિએ હલકી ગણાય. એમનું નામ જ્યોતિરાવ, પણ એમનાં સેવાકાર્યોથી લોકો એમને જ્યોતિબા એવા માન અને હેતસૂચક નામથી બોલાવતા.

જ્યોતિરાવ નવ મહિનાના થયા ત્યાં તેમનાં માતા ચિમનાબાઈ સ્વર્ગવાસી બન્યાં. મરતાં મરતાં એમણે પોતાના પતિ ગોવિંદરાવને ભલામણ કરી કે "મારા જ્યોતિને બરાબર સાચવજો." અને ગોવિંદરાવ પણ એવા ટેકીલા કે બાકીની આખી જિંદગી એમણે વિધુર રહેવાનું પસંદ કર્યું, પણ ફરી લગ્ન ન કર્યાં. પિતાનું આ ખમીર અને માતાનાં શીલ અને સદાચાર જ્યોતિબાને બહુમૂલા વારસરૂપ થઇ પડયાં. એની અસર એમના આખા જીવન ઉપર થઈ. ગોવિંદરાવે વિચાર્યું: મા વગરના છોકરાની સંભાળ કોણ રાખશે ? અને ઘણો વિચાર કર્યા બાદ એમણે એક દાઇ રાખી. દાઇ પણ કેવી ? જાણે પન્નાદાઇનો અવતાર! હેતભર્યાં દૂધ પાઇને એણે સગા દીકરા કરતાં સવાયા ભાવથી જ્યોતિ-રાવને મોટા કર્યા. અને જ્યોતિરાવે પણ જનસેવામાં પોતાનું આખું જીવન ધરબી દઇને ધાઇમાના દૂધને ઊજળું બનાવ્યું.

### વિદ્યાભ્યાસ

દોઢસોએક વર્ષ પહેલાંના સમયમાં ભણતર તો નામનું જ. તેમાંય નીચલા વર્ણના લોકોનાં છોકરાંના ભણતરની તો વાત જ શી કરવી ! પૂના જેવા શહેરમાં પણ ત્યારે એકાદ જ નિશાળ ! પિતા વિચારે છેઃ જ્યોતિરાવને ભણતર કેમ કરી મળે ? ભણતર વગર આખું કુટુંબ કેવી બેહાલ દશા ભોગવે છે; પણ હલકી કોમના છોકરાને ભણાવે કોણ ? પણ અંગ્રેજી રાજ્યે આવીને બધી જાતિના વિદ્યાર્થીઓ માટે નિશાળોનાં બારણાં ઉઘાડી દીધાં અને મોટાં મોટાં શહેરોમાં નિશાળો સ્થાપી. જ્યોતિરાવના પિતાએ એને આવી એક નિશાળમાં ભણવા મૂક્યો. ભણવાનું મળ્યું એટલે પિતા અને પુત્ર બન્ને રાજી રાજી થયા. એમને થયું હાશ ! હવે આ અજ્ઞાનમાંથી ઉદ્ધાર થશે ખરો ! જ્યોતિરાવ પણ એવી ચીવટથી ભણે કે ન પૂછો વાત. અક્ષર તો જાણે મોતીના દાણા જ જોઈ લ્યો. થોડાંક વર્ષોમાં જ એ વાંચવા–લખવામાં એવો હોંશિયાર બની ગયો કે શિક્ષકો અને બીજા બધા એના ઉપર ખુશ ખુશ રહેવા લાગ્યા.

પણ અભ્યાસનું આ કામ ઝાઝો વખત ન ચાલ્યું. ઊંચ વર્ણના લોકોને એ વાત હમેશાં ખટકયા જ કરે કે નીચ વર્ણના લોકો ભણવા માંડશે તો આપણું શું થશે ! એટલે એમણે તો જાત જાતની વાયકાઓ ફેલાવી કે આ રીતે ભણાવીને સરકાર લોકોને વટલાવશે અને પછી જમીન તેમજ ઉદ્યોગ–ધંધો આંચકી લેશે. કેટલાકને ધાકધમકી પણ આપી અને કેટલાકને મુશ્કેલીમાં પણ મૂક્યા. પરિણામે ઘણા લોકોએ પોતાના છોકરાઓને નિશાળેથી ઉઠાવી લીધા. જ્યોતિરાવના માથે પણ એ આફત વરસી. દુભાતે દિલે એમને નિશાળને રામરામ કરવા પડયા, અને સ્લેટ–પેન છોડીને હાથમાં પાવડો અને ખરપડી લઇને બાગમાં કામે લાગવું પડયું.

પણ જ્યોતિરાવનું નસીબ જોર કરે. તેમની પાડોશમાં રહેનાર ગફારબેગ મુનશી અને લેજીર સાહેબનું ધ્યાન એના તરફ ગયું. એક મુસલમાન અને બીજા ખ્રિસ્તી. તેમની મહેનતથી જ્યોતિરાવ ફરી નિશાળે બેઠા, પણ વળી પાછી એક મુશ્કેલી નડી; તેની ઉંમર ત્યારે પંદર વર્ષની અને બેસવાનું નાનાં બાળકો જોડે ! તેને ભારે શરમ આવવા લાગી. પણ ભલા શિક્ષકે આનો તોડ કાઢયો અને એને સીધો પહેલી અંગ્રેજીના વર્ગમાં બેસાડયો. જ્યોતિ ભણતરમાં એવો લાગી ગયો કે એકવીસમે વર્ષે સાતમી અંગ્રેજી પાસ કરી ત્યારે જ જંપ્યો.

જ્યોતિરાવને કસરતનો ભારે શોખ; પોતે તો નિયમિત કરે જ, સાથે સાથે બીજા છોકરાઓને પણ ભેગા કરીને એમને કસરત કરાવે. વાંચવાનો પણ એને ખૂબ રસ. અભ્યાસનાં પુસ્તકો ઉપરાંત એ ઘણું ઘણું વાંચે. આ વાંચનથી એને એક તરફ દેશભક્તિનો પાઠ મળ્યો, તો બીજી તરફ મૂઠીભર લોકો આખા લોકસમૂહ ઉપર સરસાઈ ભોગવીને બધાને દુઃખમાં ડુબેલા રાખે છે એ વાતનું પણ ભાન થયું.

### એક કડવો પ્રસંગ

આ અરસામાં ઊંચવર્ણની જોહુકમીનો જ્યોતિરાવને એક ભારે કડવો જાતઅનુભવ થયો. તેના બ્રાહ્મણ મિત્રનાં લગ્ન. મિત્રે ખૂબ આગ્રહ કર્યો એટલે પ્રેમથી ખેંચાઇને જ્યોતિરાવ લગ્નમાં હાજર થયો. પણ ત્યાં જુએ તો જુદો જ રંગ ! લોકો ઘૂસપૂસ કરવા લાગ્યા કે બ્રાહ્મણના લગ્નમાં તે શુદ્રનું શું કામ ? શું બ્રાહ્મણપણું રસાતળ જવા બેઠું છે ? કોઇકે તો ગાળો દઇને કે માર મારીને ભગાડી મૂકવા સુધીની પણ વાત કરી. છેવટે એક શાણા ગૃહસ્થે સમજાવીને એને ઘરભેગો કરી દીધો. પણ જ્યોતિરાવના દિલમાં ત્યારથી જાણે આગ લાગી ગઈ. ઊંચ–નીચપણાના અનિષ્ટનો એમને એવો સખ્ત બોધપાઠ મળ્યો, કે એમણે જીવન સુધી એની સામે ઝઝૂમવાનો સંકલ્પ કરી લીધો.

× × × ×

### છોકરીઓની નિશાળની સ્થાપના

ભણતર તો હજી હમણાં જ પૂરું થયું છે, અને ઉંમર પણ માંડ એકવીસ વરસની છે. પણ જ્યોતિરાવને લોકસેવા કરવાના કેવા કેવા વિચારો આવે છે! એનું કર્મવીર મન પણ જાણે એને સેવાના કામે વળગી જવાની હાકલ કરી રહ્યું છે.

દીન–દુનિયા માટે એના દિલમાં ભારે કરુણા ભરી છે. પહેલું ધ્યાન એનું સ્ત્રીઓની ગુલામ દશા અને અજ્ઞાનતા તરફ ગયું. અને જ્યારે છોકરાના ભણતરનાં પણ પૂરાં ઠેકાણાં ન હતાં તેવે વખતે, પોતાની એકવીસ વર્ષની સાવ પાંગરતી ઉંમરે, એણે પૂના શહેરમાં છોકરીઓ માટેની નિશાળ ઉઘાડી. ૧૮૪૮ ની એ સાલ. કદાચ આખા હિંદમાં છોકરીઓ માટેની એ પહેલી નિશાળ હશે.

નિશાળ તો સ્થાપી, પણ ભણાવનાર શિક્ષક લાવવા ક્યાંથી ? લોકોમાં તો એવી હલચલ મચી ગઈ કે ન પૂછો વાત. પણ મુસીબતથી પાછા હઠે એ બીજા. જ્યોતિબાએ પોતે જ શિક્ષકનું કામ ઉપાડી લીધું. પણ ધીરે ધીરે છોકરીઓની સંખ્યા વધતી ગઈ અને કામને પહોંચી વળવું મુશ્કેલ બનતું ગયું. પણ આનો રસ્તો પણ જ્યોતિબાએ પોતે જ કાઢયો.

તેમનાં પત્નીનું નામ સાવિત્રીબાઈ. જેમ નામે સાવિત્રી તેમ ગુણે પણ જાણે સતી સાવિત્રીનો જ અવતાર. પતિ માટે પ્રાણ પ્રાથરે અને પતિના કામમાં એના પડછાયાની જેમ સાથે ને સાથે જ રહે. જ્યોતિ-બાએ ત્રણ વર્ષ મહેનત કરીને એમને ભણાવીને હોંશિયાર કરેલાં. સ્વભાવ તો એમનો એવો મીઠો કે જાણે સાકરનો કકડો. જ્યોતિબાએ સાવિત્રીબાઈને છોકરીઓને ભણાવવાનાં કામમાં રોકી લીધાં. પતિ-પત્ની જાણે અનેક છોકરીઓનાં પ્રેમાળ મા–બાપ બનીને એમનાં ભવિષ્યને સુધારવામાં લાગી ગયાં.

ઊંચ વર્ણમાં આથી ભારે ખળભળાટ મચી ગયો. જ્યોતિબા પોતાનું આ કામ પડતું મૂકે એ માટે તરેહ તરેહની યુક્તિઓ યોજવા લાગી અને જાતજાતની ધમકીઓ એમને મળવા લાગી. ઘરના વડીલોએ પણ સાથ છોડયો; અને ત્યાં આ કામ પડતું ન મૂકે તો ખાલી કરવા કહ્યું. પતિ-પત્નીએ રાજી થઇને વડીલોના ઘરનો ત્યાગ કર્યો, પણ લીધેલા કામને ન છોડયું તે ન જ છોડયું.

## અસ્પૃશ્યોની શાળા

આ પછી એમનું ધ્યાન ઢેઢ, ભંગી, ચમાર વગેરે અસ્પૃશ્ય ગણાતા લોકો તરફ ગયું. એમની બેહાલ દશા જોઇને એમનું દિલ દ્રવી જતું. એમનું અજ્ઞાન દૂર કરવા એમણે અસ્પૃશ્યો માટે પણ પૂનામાં એક નિશાળ સ્થાપી, અને પોતે જ એના શિક્ષક બન્યા. આથી તો ઊંચ વર્ણનો કોલાહલ ઓર વધી ગયો. જાહેર સભામાં જ્યોતિબા અને એમના સાથીઓનો બહિષ્કાર કરવામાં આવ્યો એટલું જ નહીં, જ્યોતિબાને ખુનની ધમકી પણ આપવામાં આવી. પણ જેનું ધ્યાન બહુમૂલાં મોતી ઉપર હોય એ મરજીવો સાગરના અગાધ જળમાં ડૂબતા કદી ડરે ખરો? જ્યોતિબાનું ધ્યાન તો જનતાનાં દુઃખ દૂર કરવા તરફ જ હતું. તે આવી ધમકીઓની પરવા કરે ખરા?

આ શાળાનું પરિણામ આવ્યું ત્યારે લોકો છક થઈ ગયા. પરીક્ષકે જાહેર કર્યું કે ઊજળા વર્ણના છોકરાઓ કરતાં અસ્પૃશ્ય વર્ણના છોકરા વધારે હોશિયાર નિવડયા છે! સાંભળનારા તો મોંમા આંગળી જ નાખી ગયા.

## વિધવાવિવાહ

પછી તો જાણે સમાજ-સુધારાનાં બધાં કામો જ્યોતિબાએ અપનાવી લીધાં. એમણે વિધવાવિવાહનું છડેચોક સમર્થન કર્યું અને સને ૧૮૬૦ માં એક વિધવાવિવાહ પણ કરાવી દીધો. પુરુષોની વાસનાનો શિકાર બનેલી સ્ત્રીઓ, સમાજનિંદાથી બચવા, લાચાર બનીને, બાળહત્યા કરવા પ્રેરાતી, તે માટે તેમણે બાળહત્યા પ્રતિબંધક ગૃહની સને ૧૮૬૪માં સ્થાપના કરી. વિધવા સ્ત્રીઓને વિરૂપ બનાવવા માટે એમના માથે મૂંડો કરાવવાની પ્રથાની સામે પણ એમણે પોતાનો વિરોધ જાહેર કર્યો.

## એકપત્ની વ્રત

સ્ત્રીઓને ફરજિયાત વૈધવ્ય ભોગવવું પડે અને પુરુષો ગમે તેટલી સ્ત્રીઓ કરી શકે-અરે, એક પત્નીની હયાતીમાં પણ બીજી પરણી શકે-એ વાત જ્યોતિબાને મંજૂર ન હતી. પણ એ સમયે બીજી સ્ત્રી પરણવાનો પ્રતિબંધ કરતો કાયદો બને એમ ન હતું; એટલે એમણે પોતાના આચરણથી જ એ નિયમનું પાલન કરી બતાવ્યું. તે આ રીતે-

જ્યોતિબા અને સાવિત્રીબાઈનાં લગ્ન થયાં ઘણાં વર્ષ વીત્યાં, છતાં એમને એકે સંતાન ન થયું. જ્યોતિબા તો જનસેવામાં એવા મસ્ત કે એમને આનો વિચાર પણ ન આવે. પણ બિચારાં સાવિત્રીબાઈને આનું દુઃખ લાગ્યા કરે. પિતા તેમજ અન્ય કુટુંબીઓને પણ આ વાતનું ભારે દુઃખ. પિતાએ, પત્નીએ અને છેવટે તેમના સસરા સુધ્ધાએ, સંતાન પ્રાપ્તિને માટે, બીજી પત્ની કરવાનો આગ્રહ કર્યો. પણ જ્યોતિબા પોતાના આદર્શથી જરા પણ ન ડગ્યા. છેવટે તેમણે પોતાનાં સ્વજનોના આ દુઃખનું નિવારણ કરવાનો માર્ગ પણ પોતાની લોકસેવાને શોભા આપે એવો અનોખો શોધી કાઢયો. તેમણે પોતે સ્થાપેલ બાલહત્યા પ્રતિબંધક ગૃહમાંથી કાશીબાઈ નામની એક બ્રાહ્મણ વિધવાના દીકરાને ખોળે લીધો અને એને લાલન પાલન કરીને ઉછેર્યો. આ દત્તક પુત્ર તે ડૉ. યશવંતરાવ પ્રુલે.

## અસ્પૃશ્યોની સેવા

અસ્પૃશ્યોની પાણી માટેની હાલાકી તો આજે પણ ઘણી જ છે; તો પછી એ વખતનું તો કહેવું જ શું? આ જોઇને જ્યોતિબાનું હૈયું કકળી ઊઠયું: અરે, માણસ જેવા માણસ; અને એને પૂરતું ચોખ્ખું પાણી પણ ન મળે? ગમે તેવું મેલું ગંદુ પાણી જ એના નસીબમાં? ઉચ્ચ વર્ણની આ તે કેવી જોહુકમી? અને કકળીને માત્ર એસી જ ન રહેતા એ પુરુષે તરત જ એનો ઇલાજ શોધી કાઢયો. તેમણે પોતાનો જ કૂવો અસ્પૃશ્યો માટે ખુલ્લો મૂકી દીધો. છતાં સેંકડો વર્ષોથી દબાતા ચંપાતા આવેલ અસ્પૃશ્યોની સ્ત્રીઓની એ કૂવા સુધી પહોંચવાની અને પાણી ભરવાની હિંમત ન ચાલી. જ્યોતિબા આ વાત તરત સમજી ગયા, અને એ સ્ત્રીઓના ઘડા પોતાના હાથે ભરી ભરીને એમના માથે ચડાવવા લાગ્યા. વિચારવા, બોલવા કે ઉપદેશ દેવાને બદલે આચરણને જ જ્યોતિબાએ પ્રથમ સ્થાન આપ્યું તેનો આ જ્વલંત પુરાવો છે. આ યાદગાર ઘટના સને ૧૮૬૮ માં બની.

અસ્પૃશ્યો અને શુદ્રોને માટે જ્યોતિબાના મનમાં દિવસે દિવસે વધુ ને વધુ લાગણી જન્મતી હતી, અને એને એ તરત જ અમલમાં મૂકતા જતા હતા. સને ૧૮૭૩ ની સાલમાં તેમણે એક જાહેરનામું બહાર પાડયું કે-"શુદ્ર કે બીજો જે કોઈ માનવી પોતાના ઈશ્વરને માનીને, નીતિને અનુસરીને, ચોખ્ખો ઉદ્યોગ ધંધો કરવાનો નિશ્ચય કરીને એ પ્રમાણે આચરણ કરશે, અને મને એ પ્રમાણે ખાતરી કરાવી આપશે તો, તેને હું મારા કુટુંબના ભાઈ સરખો ગણીને, એની સાથે બેસીને જ ભોજન વ્યવહાર કરીશ-પછી ભલે તે ગમે તે જ્ઞાતિ કે દેશનો હોય."

જ્યોતિબાનું આ જાહેરનામું એમની માનવપ્રેમની અવધિરૂપ લેખાવું જોઇએ.

સને ૧૮૬૪ ની સાલમાં એમના પિતા ગોવિંદરાવ ગુજરી ગયા. જ્યોતિબાના સુધાર-કાર્યોથી એમના ઉપર ખીજે ભરાયેલા સગાસંબંધીઓએ બરાબર લાગ જોયો અને તેઓ કોઈ શબ ઉપાડવા ન આવ્યા. પણ જ્યોતિબાને મન એનું કશું દુઃખ ન હતું. એમણે તો મરણ પછીની ક્રિયાનો આખો ક્રમ જ બદલી નાખ્યો. અને શ્રાધ્ધ કરવા માટે ધર્મવિધિ અને જમણવારમાં ખર્ચ કરવાને બદલે એમણે આંધળા-પાંગળાઓને જમાડીને અને ગરીબ તેમજ અસ્પૃશ્યોને ભણવા માટે પાટી, પેન્સીલ, પુસ્તકો વગેરે આપીને આત્મસંતોષ મેળવ્યો.

## શિવાજી પ્રત્યેની ભક્તિ

જ્યોતિબાને છત્રપતિ શિવાજી મહારાજ પ્રત્યે ભારે માન. લાંબા વખતથી એમની ઇચ્છા રાયગઢના કિલ્લામાં એમની સમાધિનાં દર્શન કરવાની હતી; પણ કામનું દબાણ એટલું કે વખત મળે નહીં અને તેઓ જઈ શકે નહીં. સને ૧૮૬૯ માં આ ભાવના એટલી પ્રબળ થઈ ગઇ કે છેવટે એમણે શિવાજી મહારાજનો એક વીરરસપૂર્ણ પોવાડો લખ્યો ત્યારે જ કંઈક જંપ વળ્યો. છતાં મનને પૂરી શાંતિ તો ન થઈ. પણ તે વખતે વાહન વ્યવહાર ભારે મુશ્કેલ એટલે મુસાફરી સહેલી નહિ. છતાં એક દિવસ એ પગપાળા ઉપડયા અને રાયગઢ પહોંચ્યા. જઈને જુએ તો શિવાજી મહારાજની સમાધિની એવી બેહાલ દશા કે જોઇને રોવું જ આવે. ચારે કોર ભંગાર જ ભંગાર પડેલો! પૂજારી પણ અઠવાડિયે એક વાર આવી જેમ તેમ પૂજા કરી જાય. આ હાલત જોઇને તેમને પારાવાર દુઃખ થયું. અને એના ઇલાજ તરીકે તેમણે પોતાના હાથે બધું સાફ કર્યું અને વનફૂલો વીણી લાવીને એની પૂજા કરી. એટલામાં બ્રાહ્મણ પૂજારી આવી ચડયો. હલકા વર્ણના માણસે પૂજા કરી જાણીને એનો ગુસ્સો ફાટી નીકળ્યો. એણે લાત મારીને સમાધિ ઉપરનાં ફૂલ દૂર ફેંકી દીધાં અને પૂજા કરનારને બે-ચાર ગાળો ચોપડાવી દીધી. પૂના પાછા આવીને જ્યોતિબાએ આ દુર્દશાની કથની લોકોને પહોંચાડી દીધી. પરિણામે થોડા વખતમાં જ ત્યાં સુવ્યવસ્થા થઈ ગઇ.

## મજૂરો અને ખેડૂતો પ્રત્યેની લાગણી

જ્યોતિબાને સેવાકાર્ય અંગે રળવાની ફુરસદ કયાં? પણ પૈસા વગર ચાલે પણ કેમ? એટલે કોઈ કોઇ વખતે એમને તળાવ, પૂલ વગેરેના કોન્ટ્રેક્ટ રાખવા પડતા. આ વખતે એમને મજદૂરોની હાલાકીનો જે પરિચય થયો તેથી તેમના દિલમાં મજૂરોના કલ્યાણના વિચારો કાયમને માટે ઘર કરી બેઠા.

ખેડૂતોને માટે તો જ્યોતિબાને હમેશાં લાગણી. 'ખેડૂત સુખી તો જગ સુખી' એ એમનું સૂત્ર અને હિંદુસ્તાન તો ખેડૂતોનો જ દેશ.

છતાં એની કેવી દુર્દશા ! આ દુર્દશા તરફ દેશના આગેવાનોનું ધ્યાન દોરવા એમણે એક વેળા ભારે યુક્તિ કરી. સને ૧૮૮૫ ની કોંગ્રેસનું અધિવેશન મુંબઈમાં ભરાવાનું તે વખતે કોંગ્રેસના મંડપના પ્રવેશદ્વાર આગળ એમણે ખેડૂતનું પૂતળું ખડું કરીને ખેડૂતોની ગરીબી તરફ સૌનું ધ્યાન દોર્યું અને વધુમાં સંભળાવ્યું કે "જ્યાં લગી દેશની વસ્તીમાં મોટી સંખ્યા ધરાવતા ખેડૂત વર્ગને પ્રતિનિધિત્વ નહીં આપવામાં આવે ત્યાં સુધી તમો આગેવાની કરવાને માટે લાયક ન ગણાઓ."

જુન્નેર જિલ્લાના શાહુકારો અને જમીનદારો ખેડૂતોને બહુ રંજાડતા. જ્યોતિબાએ તેમની આગેવાની લઈને આની સામે મોરચો જમાવ્યો અને છેવટે જમીનદારોને સંતોષકારક સમાધાન કરવું પડે એવી સ્થિતિ ઉભી કરી દીધી. સને ૧૮૮૫ ની આ ઘટના.

## પ્રાથમિક શિક્ષણ સંબંધી વિચારો

સને ૧૮૮૪ માં અંગ્રેજ સરકારે દેશના પ્રાથમિક શિક્ષણની તપાસ માટે હંટર કમીટી નીમી હતી. કમીટીએ જુદાં જુદાં સ્થળોની મુલાકાત લીધી પણ કોઈ એને સાચી વાત કરવાની હિંમત ન કરે. પણ જ્યારે જ્યોતિબાનો બોલવાનો વારો આવ્યો ત્યારે એમણે દેશને આગળ વધારવો હોય તો બાર વર્ષ સુધીનાં બાળકો માટે સરકારે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત કરવું જોઈએ, એવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો. આટલાં વર્ષો પહેલાં જ્યોતિબાએ કરેલું આ સૂચન સમાજકલ્યાણની એમની સાચી દૃષ્ટિ અને એમના દ્રષ્ટાપણાનું સૂચન કરે છે. એ વખતે આવું કહેનારા આ એક જ નીકળ્યા.

## સત્યશોધક સમાજ

જ્યોતિબા સત્યને જ પરમેશ્વર માનતા. એટલે સત્યને જાણવાની અને એનો પ્રચાર કરીને સમાજમાંથી અજ્ઞાન અને અંધશ્રધ્ધાને દૂર ફેંકવાની એમને ભારે તાલાવેલી લાગેલી. આથી એમણે સને ૧૮૭૩ માં સત્યશોધક સમાજની સ્થાપના કરી. આ સમાજનો સંદેશ 'સત્ય–સમતા–સ્વાતંત્ર્ય' એ ત્રણ શબ્દોમાં સમાઈ જાય છે. શરૂઆતમાં તો જુદાં જુદાં ગામોનાં ફકત સાઠ જેટલા જ માણસોએ મળીને આ સંસ્થાની સ્થાપના કરી હતી. પણ પછી તો મહારાષ્ટ્રમાં ઠેર ઠેર એની શાખાઓ સ્થપાઈ. સત્યશોધક સમાજમાં ઊગતી પ્રજાને રસ લેતી કરવા માટે લોકશાળાઓ સ્થાપન કરવામાં આવી અને શિષ્યવૃત્તિઓ આપવાની ગોઠવણ પણ કરવામાં આવી. મહારાષ્ટ્રના નવસંસ્કાર ઘડતરમાં આ સંસ્થાએ નોંધપાત્ર ફાળો આપ્યો છે.

## 'દીનબંધુ' સાપ્તાહિક

પોતાના સેવાકાર્યનો અવાજ ઠેર ઠેર જનતા સુધી પહોંચી જાય તે માટે એમણે સને ૧૮૭૭ માં 'દીનબંધુ' નામનું સાપ્તાહિક પણ શરૂ કર્યું. એનાં લખાણો સડેલા સમાજને માટે ચાબખારૂપ થઈ પડતા. વખત જતાં આની લોકપ્રિયતા એટલી તો વધી ગઈ કે 'દીનબંધુ' વાંચી શકાય એટલા માટે જ કેટલાક પ્રૌઢોએ અક્ષરજ્ઞાન મેળવી લીધું. પોતાના સેવાકાર્યને વેગ આપવા માટે અને એનો પ્રચાર કરવા માટે વર્તમાનપત્ર કાઢવા સુધી નજર પહોંચવી એ જ્યોતિબાની દૃષ્ટિ કેવી ચોતરફ જાગતી રહેતી એના પુરાવારૂપ છે.

## ત્રિરંગી ઝંડો

સને ૧૮૮૫ માં જનતામાં વધુ જાગૃતિ અને ઉત્સાહ આવે એ દૃષ્ટિએ એમણે સત્યશોધક સમાજને માટે લીલા, લાલ અને પીળા રંગનો ત્રિરંગી ઝંડો નક્કી કર્યો અને તેનો મોટો ઉત્સવ કર્યો. આ વખતે સત્યશોધક સમાજને બાર વર્ષ પૂરાં થયાં હતાં એટલે એ રીતે પણ આ ઉત્સવમાં જનતાએ વિશેષ ઉત્સાહ દાખવ્યો.

## 'મહાત્મા' નું બિરુદ

સન ૧૮૮૭ માં જ્યોતિબાને ૬૦ વર્ષ પૂરાં થતાં હતાં. લોકસેવા કરવામાં એમણે પોતાનાં ૪૦ વર્ષ લગાવી દીધાં હતાં, અને સમાજમાં હલકા ગણાતા વર્ગની ભારે સેવા બજાવી હતી, જનતાને થયું કે જ્યોતિબાનો હીરક મહોત્સવ ઉજવીને એમના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી દર્શાવવી જોઇએ. આ કાર્યક્રમ મુંબઈમાં રાખવાનું નક્કી થયું. અને સને ૧૮૮૮ ના મે મહિનાની ૧૯ મી તારીખે રાત્રે માંડવીમાં આ સમારંભ ભારે દબદબાથી ઉજવાયો અને જ્યોતિબાને જનતા તરફથી 'મહાત્મા'નું બિરુદ આપવામાં આવ્યું. આ વખતનાં ભાષણો અને સંદેશાઓ જ્યોતિબા પ્રત્યે જનતામાં કેવી આદરની લાગણી અને પૂજ્યબુદ્ધિ પ્રવર્તતી હતી તે બતાવે છે. વડોદરાના મહારાજા સર સયાજીરાવે તો પોતાના સંદેશામાં એમને 'મહારાષ્ટ્રના યુકર ટી. વોશિંગ્ટન' તરીકે નવાજ્યા હતા. આ વખતે જ્યોતિબાનો જવાબ પણ મનને સ્પર્શી જાય એવો હતો. એમણે અંતમાં કહ્યું: "મિત્રો, આવી પદવી આપીને મને માણસ તરીકે દૂર ન કરશો. આપણે બધાય પરમાત્માનાં સંતાનો છીએ. એ જ ખરો મહા આત્મા છે."

## ગરીબ હિંદુસ્તાનનો પ્રતિનિધિ

૧૮૮૫ નો એક પ્રસંગ ખાસ યાદ રાખવા જેવો છે. ત્યારે મહારાણી વિકટોરિયાના પુત્ર ડયૂક ઓફ કોનોટ હિંદુસ્તાનમાં આવેલા. પૂનામાં તેમના સન્માન સમારંભ રાખવામાં આવેલો. આ વખતે બધા સારાં સારાં કપડાં પહેરીને આવેલા. ત્યારે મહાત્મા ફુલે ફાટેલાં તુટેલાં કપડાં અને પગરખાં પહેરીને ત્યાં ગયા. અને જ્યારે એમને બોલવાનો વખત આવ્યો ત્યારે તેમણે નીડરપણે કહ્યું કે, "તમારા સ્વાગત માટે અહીં બની ઠણીને આવેલા આ લોકો હિંદુસ્તાનના સાચા પ્રતિનિધિ નથી. આમને જોઇને રખે માની લેતા કે હિંદુસ્તાનની સ્થિતિ સારી છે. રાણીના રાજ્યમાં બધું સારૂં છે; પણ અહીંના લોકોની દશા કેવી થઈ ગઈ છે તે મારા આ વેશ ઉપરથી તમને સમજાશે. મરતાં સુધી હેરાન થવું પણ પેટ ભરીને ન તો ખાવા મળે કે ન તો રહેવાને ઘર મળે ! લોકોની આવી સ્થિતિ થઇ છે એ તમે જઇને રાણીને કહેજો." વાહરે, ગરીબોના સાચા પ્રતિનિધિ જ્યોતિબા !

## માંદગી અને ડાબા હાથે લેખન કાર્ય

કદી માંદા નહીં પડેલા જ્યોતિબાનું શરીર જાણે ૬૧ મે વર્ષે થાકવા લાગ્યું. સને ૧૮૮૮ ના સપ્ટેમ્બરમાં તેઓ માંદા પડયા અને પક્ષઘાતના ભોગ બન્યા. તેમનું જમણું અંગ બેઠું પડી ગયું. હવે બહાર જવાનું અને હરવા ફરવાનું તો બંધ થઈ ગયું, પણ મન બેઠું જ વિચાર કરવાનું છોડી દે છે. મનમાં અનેક વિચારો આવતા હતા, અને કંઈ કંઈ લખવાનું મન થતું હતું. પણ જમણો હાથ કલમ ધરવાની ના પાડતો હતો ત્યાં શું થાય ? પણ ગમે તેવી મુશ્કેલીમાં પણ માર્ગ કાઢે તો જ જ્યોતિબા ખરા. એમણે ડાબા હાથે લખવાનું શરૂ કર્યું અને ખૂબ ધીરજ રાખીને એને એ કામમાં પાવરધો બનાવી દીધો.

જ્યોતિબાનું સાહિત્ય–સર્જન પણ ખાસ નોંધપાત્ર છે. એમણે લખવા ખાતર નહીં પણ જનતાને જાગ્રત કરવા ખાતર હમેશાં લખ્યું છે. 'સાર્વજનિક સત્યધર્મ' નામનો એમનો ગ્રંથ તો સુધાર પ્રવૃત્તિ માટે તેમ જ સત્યશોધક સમાજ માટે ધર્મગ્રંથરૂપ બની ગયો છે. એમાં એમણે ધાર્મિક અને બીજી જાતની અંધશ્રદ્ધા, વહેમ વગેરે સામે સખ્ત કલમ ચલાવી છે. એમના બીજા લખાણો પણ ચીમકી આપે એવા છે. એમણે કદી કદી કવિતા–ભજન પણ લખ્યાં છે. શિવાજીનો એ પોવાડો તો ખૂબ લોકપ્રિય છે.

વખત વીતતો હતો એમ એમનો આત્મા જાણે હવે નવા કલેવર માટે ઝંખતો હતો. સને ૧૮૮૯ ના નવેમ્બર મહિનામાં જ્યોતિબા વધુ બિમાર થઈ ગયા. બિમારી દિવસે દિવસે વધતી ચાલી તેમ જનતાની ચિંતા પણ વધતી ચાલી. ૨૭ મી નવેમ્બર જાણે જ્યોતિબા માટે ધરતીનો છેડો આવી ગયો. રાતના બાર વાગી ગયા હતા. બધા ચિંતાગ્રસ્ત બેઠા હતા. ડૉકટરો ઉપચાર કરતા હતા. જ્યોતિબાએ જોઇ લીધું કે હવે પ્રયાણનો સમય પાકી ગયો છે. તેમણે પોતાની પત્નીને અને બીજા બધાને કહ્યું. "હવે ઉપચારો બધા છોડી દો. હવે માનવીના ઉપચારો કામ લાગવાના નથી. મિત્રો, દુઃખ લાગડશો નહીં. મારો આ લોકનો વાસ પૂરો થયો છે. સત્ય એ જ પરમેશ્વર છે, માનવતા એ જ ધર્મ છે અને સહકાર્ય એ જ નીતિ છે. મેં આખા જીવન લગી સત્યનું અનુસરણ કર્યું છે. તેથી મને આજે પૂર્ણ શાંતિ મળે છે. એ સત્યનો જ આખરે વિજય છે."

અને સત્યનો મહિમા વર્ણવતા આ શબ્દો સાથે રાતના બે અને વીસ મિનિટે જ્યોતિબા આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા.

એમની સ્મશાન યાત્રામાં હાજર રહીને બાકીની જનતાએ પોતાનું જીવન ધન્ય માન્યું.

દીન–દુઃખી જનતાને માર્ગ બતાવવા આવેલા જ્યોતિબાની જ્યોત અનંતની જ્યોતમાં સમાઈ ગઈ ! **રતિલાલ દીપચંદ દેસાઈ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૮

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑગસ્ટ ૧૫, ૧૯૫૫, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## વિજ્ઞાન અને ધર્મ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૨–૮–૫૫ મંગળવારના રોજ સંઘના કાર્યાલયમાં બહેન વાસન્તી દેસાઇનું 'વિજ્ઞાન અને ધર્મ' ઉપર એક વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાન જાણીતા સાક્ષર અને વિજ્ઞાનવિશારદ શ્રી કાન્તિલાલ છગનલાલ પંડ્યાએ શોભાવ્યું હતું. સભામાં ભાઈ બહેનોની સારી હાજરી હતી. શરૂઆતમાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ વાસન્તી બહેનનો પરિચય આપ્યો હતો. બહેન વાસન્તી વિદુષી શ્રીમાન હીરાલાલ અમૃતલાલ શાહની પુત્રી થાય. તેઓ ફીઝીકસનો વિષય લઇને 'મુંબઈ યુનીવર્સીટીનાં એમ. એસ. સી. થયેલાં છે. ત્યાર બાદ એ વિષયના વિશેષ અભ્યાસ અર્થે તેઓ અમેરિકા ગયાં હતાં અને ત્યાં દોઢ વર્ષ રહ્યાં હતાં. શ્રી રમણ મહર્ષિથી તેઓ ખૂબ પ્રભાવિત છે. વિજ્ઞાન ઉપરાંત તત્વજ્ઞાન અને અધ્યાત્મશાસ્ત્રનું તેઓ સારૂં જ્ઞાન ધરાવે છે. તેઓ પ્રકૃતિથી ચિન્તનશીલ છે. આવી બહેનના વિજ્ઞાન અને ધર્મ જેવા એક ગહન વિષય ઉપરના વ્યાખ્યાનને યોગ્ય ન્યાય આપે એવી વ્યક્તિ આપણને પ્રમુખસ્થાન માટે મળેલ છે એમ જણાવીને શ્રી કાન્તિલાલભાઇને સભાનું કાર્ય શરૂ કરવા શ્રી પરમાનંદભાઇએ વિનંતિ કરી. શ્રી કાન્તિલાલભાઇએ આ રીતે વાસન્તીબહેનને સાંભળવાની તક મળવા બદલ અને મુંબઇ જૈન યુવક સંઘ જેવી એક જાણીતી સંસ્થાના પરિચયનો આ રીતે સુયોગ પ્રાપ્ત થવા બદલ પોતાને થયેલો આનંદ વ્યકત કર્યો અને વાસન્તીબહેનને પોતાનું વ્યાખ્યાન શરૂ કરવા કહ્યું. ત્યાર બાદ વાસન્તીબહેને જે વ્યાખ્યાન આપ્યું તે સંક્ષેપમાં નીચે મુજબ હતું:–

"વિજ્ઞાન એટલે શું? જ્ઞાન ઉપરાંત એક દ્રષ્ટિબિન્દુ. જે સામાન્ય જીવનમાં બનતા બનાવો હોય તેને જ જુદી રીતે જોવાથી એનું રહસ્ય ઘણી વધારે સારી રીતે સમજાય છે. તે કેમ બને છે? તેના નિયંત્રણ પાછળ કયા નિયમો છે? કઇ શક્તિઓ–કુદરતી અથવા માનવયોજિત–થી એનું સંચાલન થાય છે? એ નિયમોને ગણિતની ભાષામાં મૂકીને એને એક ફોર્મ્યુલાના–સૂત્રાત્મક રચનાના–આકારમાં યોજી શકાય તો તે એક વિશ્વવ્યાપી નિયમનું સ્થાન પામી શકે કે નહિ? આપણું પ્રયોગક્ષેત્ર એક અણુની અંદર હોઈ શકે છે જે અણુ એક ઇંચનો હજાર, લાખ કે કરોડમો ભાગ હોય અથવા તો એક નેબ્યુલા–નિહારિકા–હોઇ શકે છે જે કરોડો અથવા અબજો માઇલોના અવકાશમાં વ્યાપેલ હોય. દાખલા તરીકે ગુરુત્વાકર્ષણનો નિયમ જે આ બન્નેને એક સરખી રીતે લાગુ પડે છે. સૂર્યની આસપાસ પૃથ્વી અને અન્ય ગ્રહો ફરે છે અને તેવી જ રીતે અણુની અંદર પણ સૂર્યની જગ્યાએ ન્યુટ્રોન્સ, ગ્રહોની જગ્યાએ ઇલેકટ્રોન્સ તથા પ્રોટોન્સ ગોઠવાયલા છે. આ બધું જોતાં એક બાબત આપણા ધ્યાન ઉપર સચોટ રીતે આવે છે અને તે એ કે કુદરતની વિરાટ યાંત્રિક રચનાના ઉપયંત્રો પોતાની મેળે ચાલતા નથી. એની પાછળ ચોક્કસ નિયમો છે અને નિયમો પાછળ પણ એક દૈવી શક્તિ છે, જેને આપણે Guiding Force–નિયામક તત્વ–તરીકે સ્વીકારવુ જ રહ્યું. વિજ્ઞાનમાં પણ એનર્જી–શક્તિ–તત્વની વિચારણાને ખૂબ અગત્ય આપવામાં આવે છે. દા. ત. ઇલેકટ્રીક એનર્જી–વિદ્યુત શક્તિ, મેગ્નેટિક એનર્જી–લોહચુંબકસમી શક્તિ, હીટ એનર્જી–ઉષ્માશક્તિ, લાઇટ એનર્જી–પ્રકાશશક્તિ. આપણે જે વિજ્ઞાનનિર્મિત વસ્તુઓ જોઇએ છીએ દા. ત. વીજળીની બત્તી, ગ્રામોફોન, ઇલેકટ્રીક પંખો, ટેલીફોન વગેરે–તે બધાની પાછળના નિયમોનું નિરીક્ષણ કરવામાં આવે તો બધે એક શક્તિનું અન્ય શક્તિમાં રૂપાન્તર થતું માલુમ પડે છે. બીજી બાજુએ આપણા યોગીઓ સ્વાનુભવ વડે કહી ગયા છે કે આપણામાં જે આધ્યાત્મિક શક્તિ છે એ જો આપણે સાધનાની મદદથી જાગૃત કરી શકીએ તો અનેક ભૌતિક બળો ઉપર કાબુ મેળવી શકીએ છીએ. જો આપણે આપણા મનમાં રહેલી શક્તિને જાગૃત કરીને ઉંચી આધ્યાત્મિક કક્ષા ઉપર લઈ જઇ શકીએ તો એમાંથી આપણી અંદર સાધારણ રીતે કલ્પનામાં ન આવે એવું જ્ઞાન પ્રગટ થઈ શકે છે–પછી એ જ્ઞાન વિજ્ઞાનને લગતું હોય કે બીજા કશા વિષયને લગતું.

"ધર્મનો વિશાળ અર્થ કરીએ તો તેમાં પણ અનેક નિયમો માલુમ પડે છે. વિજ્ઞાન અને ધર્મ વચ્ચે ભેદ પાડવો હોય તો એમ કહી શકાય કે વિજ્ઞાનના નિયમો કુદરતે ઘડેલા છે, જ્યારે ધર્મના નિયમો માણસે ઘડેલા છે. પણ અહિં પ્રશ્ન એ થાય છે કે પશુઓમાં નિયમોનું ભાન શી રીતે પેદા થયું? બાળકને જન્મ આપી તેનું પોષણ કરવાની માતાની ફરજ છે એમ માતા પોતાની બુદ્ધિથી સમજે છે, પણ આ ફરજનું ભાન પશુઓમાં શી રીતે પેદા થયું? માનસશાસ્ત્રીઓ કહેશે કે એ તો Natural Instinct–કુદરતી પ્રેરણા છે. જ્યારે વૈજ્ઞાનિકો કોઈ બાબતને પૂરેપૂરી વૈજ્ઞાનિક રીતે સમજાવી શકતા નથી ત્યારે તેઓ કોઇ એક ગૂઢ શબ્દ વાપરીને પતાવી દે છે. જો તેઓ આમ કરે છે તો પછી સાધારણ જનતા 'દેવ', 'ઇશ્વર' એવા શબ્દો વાપરે તો તેમાં ખોટું શું કરે છે? જેટલી ગૂઢતા sub-conscions mind–નિમ્ન ચેતસમાં છે તેટલી જ ગૂઢતા પૂર્વજન્મના સિધ્ધાન્તમાં રહેલી છે, હિંદુશાસ્ત્રો કહે છે કે ધર્મ પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમજાવી શકાય એવો એક વિષય છે, જ્યારે વૈજ્ઞાનિકો ધર્મ અજ્ઞાન માણસોએ ઉભું કરેલું એક તુત છે એમ કહીને ધર્મને હસી કાઢે છે.

"કોઈ પણ વિષયનું રહસ્ય આપણે જાણવું હોય, એને પૂરેપૂરૂં સમજવું હોય તો તેના વિષે આપણો સાચો અભિગમ–right approach–હોવો જોઇએ. શંકાથી શરૂઆત કરવી એ વૈજ્ઞાનિક રીત છે; શ્રધ્ધાથી શરૂઆત કરવી એ ધર્મને સમજવાની રીત છે. શ્રધ્ધાથી વિજ્ઞાન ન શીખાય; તેવી જ રીતે શંકાથી ધર્મનું રહસ્ય ન સમજાય. આપણા જગતમાં આટલા બધા સન્તો થઈ ગયા છે. તેમણે જે અનુભવ્યું છે તે બુધ્ધિથી અને ઇન્દ્રિયોથી પર હોય છે. આ તેમનો અનુભવ ખોટો છે અથવા તો એ અનુભવની મદદથી જેના અસ્તિત્વનું તેઓ પ્રતિપાદન કરે છે તે ખોટું જ છે, અસત્ છે એમ આપણે કેમ કહી શકીએ? કદાચ તે કેવળ અનુભવગમ્ય જ હોય, શબ્દોદ્વારા અવર્ણનીય જ હોય. વૈજ્ઞાનિક સત્યો માફક આધ્યાત્મિક સત્યો પણ આપણામાં રહેલી જિજ્ઞાસાને પૂરો સંતોષ આપી શકે એ રીતે ગ્રહણ કરવાનો આપણે આગ્રહ રાખીએ એમાં કશું ખોટું નથી, પણ જેવી રીતે વિજ્ઞાનને સમજવા માટે ચોક્કસ પ્રકારનો માનસિક વિકાસ

આવશ્યક છે તેવી જ રીતે અધ્યાત્મિક સત્યો સમજવા માટે આપણામાં ચોક્કસ પ્રકારનું અધ્યાત્મ પણ કેળવાવું જોઇએ. આજે કોઈ પણ એક વૈજ્ઞાનિક એક પશુ પાસે જઇને પોતે શોધેલા વૈજ્ઞાનિક સિધ્ધાન્તો કેમ સંભળાવતો નથી ? તેનું કારણ એ છે કે તે અને આપણે જાણીએ છીએ કે તે પશુમાં આપણા જેટલી બુધ્ધિશકિત કેળવાઈ નથી. આ ઉપરથી તો આપણે ત્યાં કહેવત છે કે ભેંસ આગળ ભાગવત નકામું છે. આવી જ રીતે આધ્યાત્મિક સત્યો સમજવા માટે આપણામાં વિશિષ્ટ દૃષ્ટિનો ઉગમ અપેક્ષિત છે.

"આ દૃષ્ટિ કેળવવા માટે હિંદુઓ ચાર હજાર વર્ષથી પ્રયત્ન કરતા રહ્યા છે અને રાજયોગનું આખું વિજ્ઞાન આપણી સામે મોજુદ છે. રાજયોગ ધાર્મિક સાધનાનું વિજ્ઞાનશાસ્ત્ર છે. બધા ધર્મોમાં તરેહ-તરેહનો ક્રિયાકાંડ હોય છે અને તે બધા પાછળ આપણામાં રહેલી આધ્યાત્મિક શકિત કે જેને યોગીઓ કુંડલિની શકિત કહે છે તે જાગૃત કરવાનો ઉદ્દેશ રહેલો હોય છે. એક વખત આધ્યાત્મિક ચેતના જાગૃત થાય પછી મનનાં અજ્ઞાન-પડળો એક પછી એક ઓસરવા માંડે છે અને વેદાન્તમાં જે સાત ભૂમિકાઓનો ક્રમ દર્શાવવામાં આવ્યો છે તે ભૂમિકાઓ ઉપર મનનું ઉત્તરોત્તર આરોહણ શરૂ થાય છે.

"આજે ફીઝીકસ-ભૌતિક શાસ્ત્ર-મેટાફીઝીકસમાં બદલાઈ રહ્યું છે. એટમ-અણુ એનર્જી-શકિતમાં વિલીન થઈ રહ્યું છે. સ્પેશ અને ટાઇમ-આકાશ અને કાળના પાયા ઉપર બધી વૈજ્ઞાનિક કલ્પનાઓ અને સિધ્ધાન્તો ઉભા કરવામાં આવ્યા હતા. આઇન્સ્ટીનના આપેક્ષવાદે આ બન્નેના સ્વતંત્ર અસ્તિત્વને ઉડાડી મૂકયું છે. આમ વિજ્ઞાન અને ધર્મ બન્ને એક જ છેડે જઈ રહ્યા છે. બન્ને mental evolution-માનસિક વિકાસની પરમ કોટિ તરફ ભિન્ન ભિન્ન દિશાએથી આપણને લઈ જાય છે. વિજ્ઞાનમાં એક પછી એક શકિત એક બીજામાં ભળી જઈ છેવટે ઇથર નામના તત્વમાં સમાઈ જાય છે, પ્રકાશને પણ છેવટે ઇલેકટ્રો મેગ્નેટિક રેડીએશન અને વાઇબ્રેશન-મોજાનો એક પ્રકાર ગણી ઇશ્વરમાં જ સમાવિષ્ટ કરવામાં આવે છે. ઇલેકટ્રોન પણ એક ઇથરનું જ મોજું ગણાવાનું છે અને આસ્તે આસ્તે તેમાં મળી જવાનું છે. વસ્તુતઃ વિજ્ઞાન પણ આખરે જેને સાદા અજ્ઞાન લોકો ઈશ્વરના નામથી ઓળખે છે તે એક પરમ વિશ્વવ્યાપી તત્ત્વ તરફ જ ધસડાઇ રહ્યું છે. કાળ અને આકાશનું હવે સ્વતંત્ર અસ્તિત્વ રહ્યું નથી. આકાશને ત્રણ નહિ પણ ચાર પરિમાણ-ડાયમેન્શન-વાળું હવે લેખવામાં આવે છે, બીજી બાજુએ સ્વામી વિવેકાનંદે 'રાજયોગ'માં પતંજલિના સૂત્રોની જે વ્યાખ્યા કરી છે તેમાં પણ આકાશ અને પ્રાણના પ્રકરણમાં લખ્યું છે કે કુદરતની બધી શકિતઓમાં જે હલન ચલન-Mobility-છે તે પ્રાણ છે, વિચાર પણ 'પ્રાણક્રિયા' છે. ભૌતિક શકિતઓ પણ પ્રાણ છે. આકાશ અને કાળ કેવળ કલ્પનાત્મક તત્વો અથવા તો ઔપચારિક દ્રવ્યો છે. માણસ જ્યારે આ પ્રાણ ઉપર કાબુ મેળવે છે ત્યારે બધી શકિતઓ એના કાબુમાં આવે છે, યોગીઓ જ્યારે માનસિક સમાધિમાં પહોંચે છે ત્યારે પ્રાણ ઉપર જ્ઞાનપૂર્વકનો કાબુ મેળવી શકે છે, ક્લેરવોયન્સ-(અદૃષ્ટ દર્શન), ટેલીપથી (અન્યમાં પોતાના વિચારો તથા અનુભવને યોગશકિત દ્વારા સંક્રમાણ તેમ જ અન્યના વિચારો તથા અનુભવને યોગશકિત દ્વારા જાણવાની શકિત) વગેરે સિધ્ધિઓ તેને મળે છે. આજ કાલના વિજ્ઞાનની-ટેલીફોન, ટેલીવીઝન વગેરેની-એને જરૂર જ નથી. એ તો યોગશકિતના બળ વડે સ્વતઃ પ્રાપ્ત કરી શકે છે.

"વિજ્ઞાનિકો મેટર-પુદ્ગળ પરથી માઇન્ડ-મન તરફ ગયા છે જ્યારે યોગીઓના કહેવા મુજબ માઇન્ડ-મન ઉપરથી મેટર-પુદ્ગળનું જ્ઞાન મેળવવું ઘણું સહેલું છે.

"ઇન્દ્રિયો અને બુધ્ધિનો પ્રદેશ મર્યાદિત છે અને બન્નેને બરોબર સમજવા માટે બન્નેની ઉપરની કક્ષાને પ્રાપ્ત કરવાની રહે છે. માણસની ચેતના ત્રણ પ્રકારની છે (૧) Instinct-પશુસામાન્ય સાહજિક સુજ દ્વારા પ્રાપ્ત થતી ચેતના (૨) બુધ્ધિ દ્વારા પ્રાપ્ત થતી ચેતના (૩) દિવ્ય ચેતના. માણસે પશુસામાન્ય સુજ દ્વારા બુધ્ધિના પ્રદેશમાં થઈને છેવટે દિવ્યતાને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ જેને જ્ઞાનયોગ કહેવામાં આવે છે. આ વિશ્વ આપણા પોતાના મનનું જ વિસ્તરીકરણ છે અને આપણા વિચારનું જ સર્જન છે. જ્ઞાનની મર્યાદા જાણવી અને આપણા અજ્ઞાન વિષે સભાન બનવું એ ફીલોસોફી-તત્વજ્ઞાનનો છેડો છે અને તત્વજ્ઞાન અથવા તો બૌદ્ધિક મર્યાદાથી આગળ ચાલવું એ આધ્યાત્મિકતાનો પ્રારંભ છે. ચિતનું ઉર્ધ્વીકરણ અથવા તો ઉર્ધ્વ ચેતનાનો ઉદય એ ધ્યાનનો અન્તિમ હેતુ છે. માણસ અણુબોંબ જેટલી ગંજાવર શકિત પોતાની બુધ્ધિથી મેળવી શકયો, છતાં તેનો સદુપયોગ કરવાની શકિત કેમ નથી મેળવી શકયો ? તેનું કારણ એ છે કે તેનું અધ્યાત્મ કેળવાયું નથી. તેને પોતાને માટે જીવવું છે, સંપાદન કરવું છે અને ઉત્તરોત્તર વધતી જતી જરૂરિયાતોને પોષવી છે, ત્યાગપૂર્વક જીવનને શકિતવાળું બનાવવું નથી. જીવન એક કળા છે, કેવળ ઉપયોગીતાની ઉપાસના નથી. જીવન એ સ્વાર્થસાધના નથી, સ્વાર્થત્યાગ છે. શરીરથી આત્માને જુદો જાણવો, અનુભવવો અને તેના નિર્માતામાં સમાવી દેવો એ હેતુથી આપણને પ્રાપ્ત થયેલા પરમ ધર્મની સાધના એ જ જીવનનો અન્તિમ હેતુ છે."

ત્યાર બાદ પ્રસ્તુત વિષયને વધારે વિશદ કરતાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવ્યું કે "આ વિજ્ઞાન અને ધર્મ વિષેનો પ્રશ્ન આજે હવે જુનો થઈ ગયો લેખાય. એક કાળે આ પ્રશ્નની ખૂબ ચર્ચા થતી હતી અને એ ત્યારે કે જ્યારે ડાર્વીને મનુષ્ય જાતિની ઉત્પત્તિ સંબંધે ખ્રીસ્તી ધર્મની માન્યતાથી તદ્દન વિપરીત પ્રકારના સિદ્ધાન્તની પ્રરૂપણા કરી અને પૃથ્વી સૂર્યના પરસ્પર સંબંધ અને પૃથ્વીની રચના વિષે ચાલુ ધાર્મિક માન્યતાથી જુદા જ પ્રકારના ખ્યાલો ખગોળશાસ્ત્રીઓએ જગત્ સમક્ષ રજુ કર્યા. આ રીતે આધુનિક વિજ્ઞાન અને પરંપરાગત ધાર્મિક માન્યતાઓ વચ્ચે ભારે ધર્ષણ પેદા થયું હતું અને એક અન્યને ખોટા પુરવાર કરવા માટે દલીલો અને વાદવિવાદ કરતાં થાકતું નહોતું. આના મૂળમાં હકીકત એ હતી કે એક અન્યના ક્ષેત્રમાં માથું મારતા હતા અને પોતાના વિચારો અન્ય ઉપર લાદવાનો પ્રયત્ન કરતા હતા. વિજ્ઞાનનો પ્રદેશ મુખ્યત્વે કરીને ભૌતિક જગત્ છે અને ત્યાં પણ પ્રત્યક્ષ અનુભવ સાથે સંબંધ ધરાવતી માનસિક ભૂમિકા પૂરતો મર્યાદિત છે, જ્યારે ધર્મનો પ્રદેશ આધ્યાત્મિક જગત્ છે. ભૌતિક જગતનું સ્વરૂપ સમ્યક્ પ્રકારે રજુ કરવું અને તેનું નિયમન કરતા નિયમોને તારવવા એ કાર્ય વિજ્ઞાનનું છે. વ્યકિતનો સમાજ સાથેનો સંબંધ કેમ સંવાદી બની રહે અને વ્યકિતગત જીવનનો આધ્યાત્મિક ઉત્કર્ષ કેમ થાય એને લગતું માર્ગદર્શન આપવું એ કાર્ય ધર્મનું છે. ધર્મશાસ્ત્ર તરીકે લેખાતા અનેક ગ્રંથો ભૌતિક જગતની મિમાંસા કરતા હોય છે; એમ છતાં પણ ધર્મતત્વને એ મિમાંસાના સત્યાસત્ય સાથે સીધો સંબંધ નથી. પૃથ્વી ગોળ હોય કે સપાટ હોય, તે સૂર્ય આસપાસ ફરતી હોય કે સૂર્ય તેની આસપાસ ફરતો હોય, મનુષ્ય પ્રાણીનો વાનર જાતિમાંથી ઉગમ થયો હોય કે ઈશ્વરનું તે એક સ્વતંત્ર નિર્માણ હોય-આમ છતાં મનુષ્યના વ્યકિતગત કર્તવ્યાકર્તવ્ય જે કાંઇ હોય તેમાં કશો મહત્વનો ફરક પડતો નથી. જ્યારથી વૈજ્ઞાનિકો પોતાના પ્રત્યક્ષ પ્રમાણના માપદંડથી અદૃષ્ટ-અપ્રત્યક્ષ-એવા સુક્ષ્મ-આધ્યાત્મિક પ્રદેશોને માપવા માંડયા અને એ માપદંડથી જે કાંઇ ન મપાય એ સર્વના અસ્તિત્વનો ઇનકાર કરવા માંડયા અને એવી રીતે ધર્મશાસ્ત્રકારો ભૌતિક જગતને લગતી પોતાની કાળજુની માન્યતાઓને આગળ ધરીને નવી શોધો અને નવા વૈજ્ઞાનિક સિધ્ધાન્તોને ખોટાં જાહેર કરવાની-પુરવાર કરવાની-મથામણમાં પડયા ત્યારથી ધર્મ અને વિજ્ઞાન વચ્ચે ઝગડો શરૂ થયો છે. આજે પ્રત્યેકના પ્રદેશની મર્યાદા સમજાઈ ગઇ છે, સ્વીકારાઇ ગઈ છે એટલું જ નહિ પણ એક બાજુએ વિજ્ઞાનની છેલ્લી શોધો વિજ્ઞાનનું જ તત્વજ્ઞાનમાં-મેટાફીઝીકસમાં-રૂપાન્તર કરી રહેલ છે અને બીજી બાજુએ ભૌતિક જગતને લગતી અનેક ધાર્મિક માન્યતાઓ ખોટી પડવા છતાં પણ માનવી જીવન સાથે ગાઢપણે સંકળાયલા ધર્મ-તત્વનું મહત્વ આજે સર્વસ્વીકૃત બની રહ્યું છે અને એ રીતે ઉભય વચ્ચે કશો વિસંવાદ ન રહેતાં સમન્વય નિર્માણ થયો છે."

ત્યાર બાદ સભાપતિ શ્રી કાન્તિલાલભાઇએ બહેન વાસન્તીને વિજ્ઞાન અને ધર્મ જેવા ગંભીર વિષય ઉપર એક ચિન્તનપ્રેરક વ્યાખ્યાન આપવા બદલ ધન્યવાદ આપતાં જણાવ્યું કે 'માત્ર ધર્મ અને વિજ્ઞાન નહિ પણ ધર્મ, વિજ્ઞાન અને કળાને એક વખત પરસ્પરવિરોધી વિષયો લેખવામાં આવતા હતા અને એકનું અન્યથી વિશેષ મહત્વ આંકવામાં આવતું હતું પણ આજે પ્રત્યેક વિષય સંબંધે સમજણ અને અનુભવનો ખૂબ વિકાસ થવાના પરિણામે સિદ્ધ થઇ ચુકયું છે કે માનવીના સર્વતોમુખી વિકાસ માટે એ ત્રણેની એક સરખી જરૂર છે અને એ ત્રણે ધર્મ, વિજ્ઞાન અને કળા એકમેકના વિરોધી નથી પણ પૂરક છે અને ત્રણે વચ્ચે સમન્વય સહજ શકય છે. વસ્તુતઃ એ ત્રણેના સમન્વય વડે જ પૂર્ણ માનવીનું નિર્માણ થવાનું છે. આ રીતે આપણા જીવનમાં આ ત્રણે અંગોને આપણે વિકસાવીએ અને પૂર્ણતા તરફ આપણે પ્રગતિ કરીએ."

સંઘના ઉપ-પ્રમુખ શ્રી લીલાવતી બહેને વાસન્તી બહેનનો આવું પ્રેરક વ્યાખ્યાન આપવા માટે, શ્રી ચીમનભાઇનો વ્યાખ્યાન વિષયની આવી સરસ છણાવટ કરવા માટે અને શ્રી કાન્તિલાલભાઇનો આજની સભાનું પ્રમુખસ્થાન સ્વીકારવા માટે તેમ જ આવો સુન્દર ઉપસંહાર કરવા માટે ઉપકાર માન્યો અને આવા મહત્વના વિષયોની ચર્ચા અને વિચારવિનિમય કરવા માટે આપણે અવાર નવાર મળતા રહીએ એવી ઇચ્છા પ્રગટ કરી.

## શું જૈનો હિન્દુ નથી ?

હરિજનોને મંદિર પ્રવેશનો અધિકાર આપતો અપેક્ષિત અસ્પૃશ્યતા નિવારણ ધારો પાર્લામેંટમાં તાજેતરમાં પસાર થઈ ગયો છે. એ ધારામાંથી બચવા આપણે જૈનોએ 'અમે હિન્દુ નથી' એવો નાદ વહેતો કર્યો હતો. પરિણામે જૈન ડેપ્યુટેશનની માંગણીને માન આપી એ કાયદામાં છેક છેલ્લી ઘડીએ એવો સુધારો કરવામાં આવ્યો છે કે જેથી જૈન-ધર્મ એ હિન્દુધર્મની શાખા નથી પણ એક સ્વતંત્ર ધર્મ છે એનો સ્વીકાર થયો છે અને એને પરિણામે જૈનો હિંદુ નથી એ માન્યતાને પણ આધાર મળવાનો સંભવ ઉભો થયો છે.

અત્યાર સુધી આપણે જૈનો હિંદુ જ હતા, છીએ અને હિન્દુ મુસ્લીમ સંઘર્ષકાળમાં તો પકકા હિંદુ તરીકે જ ઓળખાતા હતા. એટલું જ નહી કોઇ પણ જૈન 'તમે હિન્દુ છો?' એ પ્રશ્નનો પ્રત્યુત્તર 'શું ત્યારે અમે મુસલમાન છીએ?' થી વાળી એ પોતાનું હિંદુપણું-વ્યકત કરતો હતો. પણ હરિજન મંદિર પ્રવેશ ખીલમાંથી બચવા આપણે 'હિંદુપણું' ફગાવી દેવા તૈયાર થયા. જોકે એથી કાયદાની ભાષામાં તો એ ધારામાંથી આપણે મુકિત મેળવી શકયા નથી એમ છતાં પણ હિન્દુધર્મથી માગેલા છુટા છેડા મળવાને કારણે આપણે ખૂબ ખુશી થયા છીએ.

બાકી ઇતિહાસના થરો ઉકેલી જોઇએ તો આપણે કદી જૈન જેવી સ્વતંત્ર કોમ નિર્માણ કરી જ નથી. પણ પોતાની જાતને આર્ય કહેવડાવવામાં-આર્યધર્મી તરીકે ઓળખાવવામાં ગૌરવ લીધું છે અને આજ પણ એ માટે આપણે મગરૂર છીએ. જો આમ આપણે આર્ય છીએ, આર્યસંસ્કૃતિની પેદાશ છીએ, આર્યધર્મી કહેવડાવવામાં ગૌરવ લઇએ છીએ તો પછી આર્યના પર્યાયવાચક 'હિન્દુ' શબ્દનો વિરોધ શા માટે એ નથી સમજાતું. ઇતિહાસ જણાવે છે કે આ દેશમાં આક્રમણકાર તરીકે આવેલા ગ્રીકો અને મુસ્લીમો તેમના માર્ગમાં આવતી સિંધુ નદીને ઉચ્ચારભેદને કારણે 'હ્ન્દુ' અને 'હિન્દુ' કહેતા અને એથી આ દેશના વતનીઓને પણ તેમણે 'હિંદુ' સંજ્ઞાથી જ સંબોધવા શરૂ કર્યા. બાદમાં એ શબ્દ એટલો પ્રચલિત બની ગયો કે આ દેશના વતનીઓ-ભલે પછી એ આર્ય હો, દ્રવિડ હો કે દસ્યુ હો-બધા જ હિન્દુ કહેવાવા લાગ્યા. અને તેમનો ધર્મ પણ 'હિન્દુધર્મ' તરીકે ઓળખાવા લાગ્યો, જે જૈન, બૌધ્ધ અને વૈદિક એવી ત્રણ પરંપરારૂપે પ્રવર્તમાન હતો. બાકી એ જમાનામાં જ્યારે જૈન, બૌધ્ધ અને વૈદિક ત્રણે ધર્મો સરખી હરિફાઇમાં હતા ત્યારે ફકત વૈદિકોને જ વીણી વીણીને એમનામાં 'હિન્દુ' શબ્દની લહાણી કરવામાં આવી હોય એ માનવું મૂર્ખાઈ ભરેલું છે. એટલું ખરૂં કે એ ત્રણે ધર્મો એક બીજાથી સ્વતંત્ર હતા, દરેકને પોતાનું વિશિષ્ઠ વ્યકિતત્વ હતું, છતાં એ ભારતીય સંસ્કૃતિમાંથી પેદા થયેલા હોઈ એ ત્રણે ધર્મો આર્યધર્મો તરીકે ઓળખાતા હતા ને આજ પણ ઓળખાય છે. છતાં આજે 'હિંદુ' શબ્દ પ્રત્યે આપણો અણગમો છે.

આ અણગમાનું કારણ એટલું તો સમજી શકાય છે કે બૌધ્ધો નષ્ટ થવાથી અને આપણે જૈનો અલ્પસંખ્ય બની જવાથી હિંદુઓમાં મોટે ભાગે વૈદિકો જ રહ્યા હતા, જેથી હિંદુ અને વૈદિક પર્યાયવાચી શબ્દો બની જવાને કારણે વૈદિક ગણાવાનો આપણામાં ભય પેદા થયો હતો અને એથી આપણું સ્વતંત્ર વ્યકિતત્વ લોપાતું હતું. પણ એ માટે તો આપણે 'હિંદુ અને કેવળ વૈદિક જ નહી પણ ભારતીય સંસ્કૃતિમાંથી ઉપજી આવેલા જૈન-બૌદ્ધ-શીખાદિ ધર્મો પણ હિન્દુધર્મો છે-જે આર્યધર્મોનું જ બીજું નામ છે અને છતાં એ ધર્મો કોઇ પણ રીતે વૈદિક ધર્મ કે એની શાખાનું પરિણામ નથી' આવી સ્પષ્ટ વ્યાખ્યા સરકાર પાસે માગવી જોઇતી હતી પણ એ માર્ગ લેવાને બદલે આપણે આપણું 'હિન્દુ' વસ્ત્ર જ ફેંકી દઇ ઉઘાડા થવાનું કેમ પસંદ કર્યું હશે? એ નથી સમજાતું. સમાજના ડાહ્યા વિચારકોને પણ આ નથી સૂઝયું એ પણ એક આશ્ચર્ય છે. તેમ જ સરકારની પણ જો જૈન-બૌદ્ધ-શીખાદિ ભારતીય સંસ્કૃતિમાંથી ઉપજી આવેલા આર્યધર્મોને એક જ ચોકઠામાં સમાવવાની ઇચ્છા હતી તો 'હિન્દુધર્મ'ને સ્થાને 'ભારતીય ધર્મ' કે 'આર્યધર્મ' જેવો શબ્દ વાપરવાને બદલે અથવા તો હિન્દુધર્મના વ્યાપક અર્થની વ્યાખ્યા આપવાને બદલે જૈન-બૌદ્ધાદિ ધર્મોને હિન્દુધર્મથી અલગ સ્વીકારવા જેવો 'હિન્દુધર્મ'નો વૈદિક ધર્મ પુરતો જ સંકુચિત અર્થ કેમ સ્વીકાર્યો હશે એય નથી સમજાતું. એથી તો એવી શંકાને સ્થાન મળે છે કે જો ઉપરોકત ધર્મો હિન્દુધર્મ કે તેની શાખાનું પરિણામ નથી તો પછી હિન્દુધર્મથી સ્વતંત્ર એવા ઇસ્લામ, / ખ્રીસ્તિ આદિ પંથો જેમ આ કાનુનમાંથી મુકત રહી શકે છે તેમ પછી આ ધર્મો પણ એ કાનુનમાંથી કેમ મુકત ન બની શકે? તેમજ અસ્પૃશ્યતાની બદી એ વૈદિકધર્મમાંથી નીપજી આવેલો દોષ છે તો એ બદી દૂર કરવા વૈદિકધર્મમાં સુધારાની જરૂર ગણાય પણ એથી અવૈદિક પંથો પર આ કાનુન શા માટે લાદવો જોઇએ કે જે ધર્મમાં અસ્પૃશ્ય વર્ગ જ નથી આવો પણ વિકલ્પ ઉઠવા સંભવ છે જે કદાચ આ કાયદાને નિષ્ફળ બનાવી દેવાની પ્રવૃત્તિ હાથ ધરે. સમાજ તથા સરકાર પર આના શા પ્રત્યાઘાતો પડશે તથા એમાંથી કેવા પરિણામો નીપજશે એ કહેવું અત્યારે કવખતનું છે. પણ આપણી દૃષ્ટિએ વિચારીએ તો ઉત્સાહના પુરમાં આજે આપણને આપણી ભૂલ નહી દેખાય પણ ભાવિ ઇતિહાસ જ કહેશે કે હિન્દુપણું ફગાવી દેવા માટે આપણે ભારે ભૂલ કરી બેઠા હતા.

જે ધર્મમાં અસ્પૃશ્યતા માટે શાસ્ત્રાધારો પણ છે એ ધર્મમાં ક્રાંતિકારક સુધારાઓ થઈ રહ્યા છે. છેલ્લે ભાવનગરમાં દશનામી-ગોસ્વામી અતીત સાધુઓની પરિષદે મંદિરમાં હરિજન પુજારી રાખવાનો, મંદિરની આવકનો ૧/૩ રાષ્ટ્રીય કેળવણી પાછળ ખર્ચ કરવાનો તેમ જ મંદિર ભોગવટાની જમીન ભૂદાન યજ્ઞમાં આપી દેવાનો ઠરાવ કરી સુધારાને જે વેગ આપ્યો છે એ અપેક્ષાએ જે ધર્મે અસ્પૃશ્યતા-ઉચ્ચ નીચનાં ભેદભાવ સામે લડત ચલાવી સ્ત્રી-શુદ્રાદિ સર્વ વર્ગ માટે પોતાના ધર્મદ્વાર ખોલી નાખ્યા હતા એ ધર્મમાં આજે આ બદી કેવી જડ ઘાલી બેઠી છે અને એ બદીને ટકાવવા કેવા કેવા ઉલટા માર્ગો લેવાઈ રહ્યા છે એ જાણી ભારે ખેદ અને આશ્ચર્ય થાય છે.

જૈનધર્મ એ એક સ્વતંત્ર પુરાણો ધર્મ છે. વૈદિકધર્મ કે તેની શાખાનું એ પરિણામ નથી એમ છતાં એ હિંદુ અર્થાત્ આર્ય ધર્મનો જ એક ભાગ છે, ને તેથી આપણે કેમી દૃષ્ટિએ હિંદુઓ જ છીએ. આશા છે કે સમાજ આ પ્રશ્ન પર ફરી વિચાર કરશે.

**રતિલાલ મફાભાઈ શાહ**

કાંચનજંઘા : નજીકનું દૃશ્ય



આ બન્ને બ્લૉક માટે જન્મભૂમિ કાર્યાલયના અમે ઋણી છીએ.

# મારી યાત્રા

## દાર્જીલીંગ

( ગતાંકથી ચાલુ )

પ્રીન્સીપાલ રતિલાલ મોહનલાલ ત્રિવેદી પોતાના 'પ્રવાસનાં સંસ્મરણો'માં ટાઇગર હીલ ઉપરથી દેખાતા સૂર્યોદયને આ રીતે વર્ણવે છે:—

### એક રમણીક પ્રભાત

પાછલી રાતના સાડાત્રણેક વાગ્યા હશે. હિમાલયના એક ઉંચા શિખર ઉપર હું ઉભો હતો. ઘોર અંધકાર મને ચોતરફ વીંટી વળ્યો હતો. અંધકારમાં દૂર દૂર નજર ફેંકતો, પણ પ્રત્યેક વાર દૃષ્ટિ અફળ જતી. પહાડો અને ખીણો વચ્ચેનું અંતર અંધારામાં ડુબી ગયું હતું. એટલું જ નહિં પણ ઉંચા ગિરિશૃંગો અને વૃક્ષોમાંથી કાંઇ નજરે પડતું નહિં. આકાશની ગુહાને ઘેરીને ઊંડો અંધકાર સુતો હતો. સર્વત્ર નિઃશબ્દ શાંતિ હતી. માનવતાના શાંત અને કરૂણ સંગીત પેઠે—'Still sad music of humanity'—ના સતત સંવેદનની પેઠે—ઝરણાનું શાન્ત અને કરૂણ સંગીત માત્ર ચાલી રહ્યું હતું. પવન પણ નિદ્રસ્થ હતો. એટલે પાસેના ગાઢ વનમાંથી એક પાંદડું પણ ફરકતું નહોતું. પક્ષીઓ શાન્ત હતાં. આવી અપૂર્વ શાન્તિમાં 'આન્તરશ્રુતિ' જાગૃત થાય તો ? ત્યાં તો દૃષ્ટ અને અદૃષ્ટ જગત વચ્ચેનો સંધિકાળ ઉદય પામ્યો. ક્ષણવારમાં અંધકારનો પડદો એકાએક ઉપડ્યો. પૂર્વાકાશમાં વાદળાના ઘેરા થરો વિખરાવા લાગ્યા. અદ્‌ભુત તેજવાળી ઉષા પ્રગટી—જાણે તપતેજ ભરી યોગિની ! એનો ગેરૂથી રંગેલો ભગવો સાળુ વિસ્તરતો ગયો. એની તેજસ્વી મૂર્તિ અધિક દીપવા લાગી. એ પ્રભાવશાળી આકૃતિ નિહાળવા મેં મીટ માંડી ત્યાં તો એણે ક્ષણે ક્ષણે રંગ બદલવા માંડ્યા. મનોહર ઉષાના તેજથી અંજાઇને પહાડો, વૃક્ષો અને પંખીઓ જાગ્યાં. પવન પણ ઉઠીને મંદ મંદ વહેવા લાગ્યો. શાન્તિમાં ભંગ પડ્યો. દરમિયાન વીજળીના ચમકારાની પેઠે ઉષા ઉડી ગઇ. ઉષાના આ દર્શનની સાથે જ સવિતાદેવનું દર્શન થયું. ગાયત્રીના પ્રાચીનમંત્રના ઉદ્‌ગારનું આજ પરમ સાર્થક્ય થયું એમ અંતરથી જણાયું. સૂર્યદેવનું એ ખંડદર્શન હતું, પણ ધીમે ધીમે વાદળાને આરપાર ભેદીને એમનાં કિરણો ચારે દિશામાં પ્રસરવા લાગ્યા. એમના તેજના વિસ્તારથી અગણિત પદાર્થો ઉપસી આવ્યા. થોડી વારમાં તો એ કિરણો ઉત્તરમાં આવેલી કાંચનજંઘાની શ્વેત પર્વતમાળા ઉપર પડ્યા, અને બરફથી છવાયેલાં શૃંગો તેજઅંબારથી ઝળહળવા લાગ્યા. એ ગગનસ્પર્શી શિખરોની આસપાસ નાની વાદળીઓ કોઈ કોઇ વાર સ્વચ્છંદ—વિહાર કરતી અને કેટલાક ભાગને ઢાંકી દેતી. આ ક્ષણિક વિઘ્ન પણ મનોહર લાગતું. પણ એટલામાં તો સમસ્ત ગિરિપ્રદેશ તેજોકાય થઇ રહ્યો અને સુવર્ણભૂમિ સમાન દીપવા લાગ્યો. પ્રકૃતિ આનંદ—મહાસાગરમાં નહાવા લાગી. મારૂં અલ્પ હૃદય પણ આ ઉલ્લાસમાં ભાગ્યું

### માઉન્ટ એવરેસ્ટનું દર્શન

એક બીજું અવિસ્મરણીય સહવાર સ્મૃતિપટ પર તરી આવે છે. એના 'ચિત્રવિક્ષેપન' પછી આજ પણ—" 'दृष्टिं नंदयति संस्मरणीयशोभा —એની સુન્દરતાનું સંસ્મરણ દૃષ્ટિને આનન્દ આપે છે. હિમાલયની કડકડતી ઠંડીવાળી એક રાત્રિ હતી. રાત્રે બે વાગ્યે એક નાનું મિત્રમંડળ એવરેસ્ટના સર્વોન્નત ગિરિશૃંગના દર્શન અર્થે નીકળી પડ્યું. વાદળામાં છૂપાએલો ચન્દ્ર તત્કાળ બહાર નીકળી અમારી સાથે થયો અને શાન્ત શીતળ ચાંદની વર્ષાવવા લાગ્યો. અમારી જમણી બાજુએ રહેલી કાંચનજંઘાની બરફથી છવાએલી ભવ્ય અદ્રિમાળા પર સુન્દર ચાંદની ઝળકવા લાગી. આકાશમાં તારાઓનું સનાતન નૃત્ય ચાલતું હતું. રૂના ઢગલા જેવા સ્વચ્છ સફેદ મેઘશકલ આમતેમ દોડતા હતા. આસપાસનાં અને દૂર દૂરનાં ભવ્ય અને ઉન્નત વૃક્ષો ઉર્ધ્વ દૃષ્ટિ રાખી સનાતનતા જોવા દેદીપ્યમાન વ્યોમપટ નિહાળતાં હતાં. રસ્તાની ચારે બાજુએ આવેલી ઊંડી ખીણોમાં સૂતેલી વનસ્પતિ ચન્દ્રિકાના વિસ્તારમાં કોઈ મનોહર ભૂમિનું દર્શન કરાવતી હતી. અનેક 'નતોન્નત ભૂમિભાગો'ને વટાવતું અમારૂં મંડળ દૂર દૂરના એક પહાડ તરફ ચાલ્યું. એટલામાં આકાશમાં વાદળાના થરના થર પથરાવા માંડ્યા. આકાશના ધુમ્મટમાં લટકતો ચંદ્રદીપ જોતજોતામાં અદૃષ્ય થઈ ગયો. થોડીવારમાં સર્વત્ર અંધકાર છવાઈ ગયો. માર્ગમાં ડાબી બાજુએ વિશાળ શિલાખંડો પડેલા હતા અને જમણી બાજુએ ઘનઘોર વન હતું. દિવસે પણ બિહામણું લાગે એવું આ વન રાત્રે ઊંડા અંધકારમાં સવિશેષ ભયાનક લાગતું હતું. વચ્ચે વચ્ચે આગીઆ અંધકારને ઉજાળતાં હતા. પેલા પહાડ પરના ગન્તવ્યસ્થાને

ટાઇગર હીલ ઉપરથી દેખાતી કાંચનજંઘાની શિખરમાળા

પહોંચવા ઊર્ધ્વ પ્રયાણ કરવાનું હતું. માર્ગમાં ધમણની પેઠે શ્વાસોચ્છ્વાસ લેતાં આશરે ચારેક વાગે 'ટાઇગર હિલ' ઉપર અમે પહોંચ્યા, અને બેઠક પર ગોઠવાઈ ગયા. ઉત્સુક હૃદયે અને લગભગ અનિમિષનયને સૂર્યદેવનું પૃથ્વીપરનું પ્રથમ કિરણ નિહાળવા અમારામાંના પ્રત્યેક તત્પર થઈ રહ્યાં હતા. પ્રથમની એક યાત્રા મેઘમાળાને લીધે અફળ થઈ હતી, એટલે આજે ધડકતે હૈયે ઉત્તર તરફ અમે મીટ માંડી હતી. આજ પણ આકાશ નિરભ્ર નહોતું. પરંતુ થોડી વારમાં જ દૂર દૂર ક્ષિતિજ પર ધગધગતા અંગારા જેવું દૃશ્ય એકાએક જણાયું. જોત-જોતામાં સમસ્ત પ્રદેશ લાલ અને પીળા રંગની દીપ્તિથી ઝળકી ઉઠ્યો. એ પરિવેષની મધ્યમાં તપ્તકાંચનની શંકુઆકૃતિ જેવું એવરેસ્ટનું ભવ્ય શિખર ઉપરથી આવ્યું. ક્ષણવાર 'નેત્ર નિર્વાણ' પ્રાપ્ત થયું એમ ઊંડા અન્તરથી અમે અનુભવ્યું. સૂર્યદેવનું એ પ્રિય સિંહાસન, 'શુભ્ર તુષાર' થી સદા આચ્છાદિત, દીપ્તિમન્ત કિરણોથી સુશોભિત અદ્‌ભુત દૃશ્ય હતું. સૂર્યના પ્રકાશમાં એ દિવ્યતાનું દર્શન હતું.

× × × ×

## કેવેન્ડર્સ ડેરી, સેંચલ લેઇક, બૌદ્ધમઠ

આમ પ્રસ્તુત સૂર્યોદયને ત્રિવિધ વંદન કરીને (ત્રણ પ્રકારે વર્ણવીને) આપણે હવે આગળ ચાલીએ. આગળ ઉપર જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ટાઇગર હીલથી અમે નજીકમાં આવેલી સુપ્રસિદ્ધ કેવેન્ડર્સ ડેરી જોવા ગયા. ત્યાંના કર્મચારીએ જુદા જુદા અલમસ્ત સાંઢો તેમજ વિપુલ દેહધારી ગાયો બતાવી અને કઈ ગાય કેટલું દૂધ આપે છે તેનું વર્ણન કરી સંભળાવ્યું. મોટા કદની અને સારા પ્રમાણમાં દૂધ આપતી ગાયો જોઇને અમે રાજી થયા. સાથે સાથે તેઓ હુક્કરનો પણ ઉછેર કરે છે એમ જણાવી તે કર્મચારી હુક્કરો જોવા લઈ ગયો. ધોળા તેમજ કાળા, સ્વચ્છ તેમજ રૂપાળા અને સાધારણ ગાય જેટલા કદના હુક્કરો જોઇને અમને ભારે આશ્ચર્ય થયું. હુક્કરોની આવી સુઘડ અને આવી મોટા કદની જાત હોઇ શકે છે તેની ત્યાં જ પહેલીવાર ખબર પડી. ક્રોસબ્રીડના પરિણામે આવા વિપુલકાય હુક્કરો પેદા થઇ શકે છે એ પણ ત્યાંથી જ જાણ્યું. પણ આ હુક્કરોનો આખરે ઉપયોગ શો? તેની કતલ કરીને તેના માંસના ડબ્બા તૈયાર કરી દેશપરદેશ મોકલવા તે. આ જોઈ જાણી મન ગમગીન બની ગયું. આ તો કોઇ દયાધર્મથી પ્રેરાઇને કામ કરતી ગોરક્ષક સંસ્થા નહોતી. કેવળ ધંધાદારી વૃત્તિથી આ પેઢીનો વહિવટ ચાલતો હતો. દયા કરુણા કે અનુકંપા સાથે તેને કોઈ નિસ્બત નહોતી, ગાયો દૂધ માટે અને હુક્કર માંસ માટે તે ઉછેરતી હતી. ગાયો પણ દૂધ દેતી બંધ થતી હશે ત્યારે તેની પણ એ જ દશા થતી હશેને? તે કર્મચારી અમને બીજું ઘણું બતાવવા આતુર હતો, પણ અમે તો ચાર પાંચ હુક્કરનાં દર્શન કરીને પાછા ફર્યા. જેની આખરે કતલ જ થવાની હતી તે જોવામાંથી અમારો રસ ઉડી ગયો.

ત્યાંથી જ્યાં સંચય કરીને ફીલ્ટર કરીને દાર્જીલીંગને પાણી પુરૂ પાડવામાં આવે છે તે સ્થળ સેંચલ-લેઇક તરફ અમે ઉપડ્યા. આસ-પાસના પ્રદેશોમાં વહેતા અનેક ઝરાઓના પાણીને આ બાજુ વાળ-વામાં આવેલ છે અને એ રીતે એકત્ર થતું પાણી નાના સરખા સરોવરમાં ઠાલવવામાં આવે છે. ત્યાંથી બે ત્રણ ગાળામાં પાણી ફીલ્ટર થતું આગળ ચાલે છે. આ સરોવરનો વિભાગ ઝાડપાનથી ખૂબ ભરેલો છે. અહિંથી અમે ઘુમમાં આવેલા એક બૌધ્ધમઠમાં ગયા અને ત્યાંનું ભવ્ય બૌધ્ધમંદિર જોયું. આ મંદિરો જોતાં આ ધર્મના અનુયાયી ટીબેટી લોકોની સભ્યતાનો અને સંસ્કૃતિનો આપણને ટૂંકોલોક ખ્યાલ આવે છે. મંદિરનું વિશિષ્ટ પ્રકારનું સ્થાપત્ય, મૂર્તિઓનું કળાપૂર્ણ શિલ્પનિર્માણ અને ધાર્મિક ચિત્રોની વિશિષ્ટ શૈલી—આ બધું આપણું ખૂબ ધ્યાન ખેંચે છે. આ મઠ અને મંદિર જોઇને અમે દાર્જીલીંગ પાછા આવ્યા.

આટલે સુધી આવીએ તો એવરેસ્ટવીર શેર્પા તેનસીંગને મળી લેવાનું મન થયા વિના કેમ રહે? એણે અમને સાડાદસ વાગ્યાનો સમય આપેલો, ટાઇગર હીલથી પાછા ફરતાં થોડો વધારે સમય થયો, બપોરે દોઢ વાગ્યે ઉપડતી ટ્રેઇનમાં અહિંથી નીકળવાનું હતું. સામાન પેક કરીને અમે તેનસીંગને મળવા ગયા. પણ અમને થોડું મોડું થવાથી તેમની સાથે અમારો મેળાપ થઈ ન શક્યો. તેમના મકાનમાં ગત-વર્ષના એવરેસ્ટ આરોહણમાં જેનો ઉપભોગ કરવામાં આવેલો તે ખીલાવાળા બુટ, લાકડી, દોરડા હવાથી ફુલતા બિછાના, ઓક્સીજનની કોથળીઓ વગેરે અનેક ચીજો જોઇને અમે સંતોષ માન્યો.

## અહિંની અભિનવ પ્રજા

આ રીતે દાર્જીલીંગનો અમારો ૭ દિવસનો પ્રવાસ પુરો થયો. દાર્જીલીંગ અને સીમલામાં હીલ સ્ટેશન તરિકે બહુ ફરક નથી. એજ

સુધડ રસ્તાઓ, એજ મકાનો, રહેણીકરણીની એ જ રીતરસમ. આમ છતાં દાર્જીલીંગમાં જે ચિત્રવિચિત્ર વસ્તી અમને જોવા મળી તે સીમલામાં નહોતી. અહિં નેપાળી ટીબેટી અને ભૂતિયા લોકોની ઘણી મોટી વસ્તી છે. આપણી અપરિચિત આંખો એકને અન્યથી જલદી છુટા પાડી શકતી નથી. પણ આપણે આપણા પ્રદેશમાં નથી જોતાં એવી કોઈ અભિનવ પ્રજાને જોઇ રહ્યા છીએ એમ આપણને લાગે. આ લોકોને જોતાં મારૂં તો કુતુહલ જ તૃપ્ત થતું નહોતું. સ્ત્રી પુરૂષો કદાવર, મજબુત બાંધાના અને નમણાં લાગે. આપણે ત્યાં મોટા પેટવાળા મોટી ઉમરનાં સ્ત્રી પુરૂષો જોઇએ છીએ. અહિં એવું કદાચ-પણું ભાગ્યે જ જોવા મળે. કેટલીક સ્ત્રીઓ બહુ રૂપાળી અને તેજસ્વી લાગે, દરેકના પગમાં ખૂબ જોર દેખાય. સહુ કોઈ ચાલે પણ પૂરી ચપળતાથી. બાળકોને જોઇ આપણી આંખો ખૂબ ઠરે. આપણે ચાલ્યા જતાં હોઇએ અને નિશાળમાંથી છુટેલા નાના છોકરા છોકરીઓનું ટોળું સામું મળે તો આપણે એકને જોઇએ અને એકને ભુલીએ. ગોરા ગુલાબી ગાલવાળા, નમણી આંખોવાળા—એ ઘડી એમ લાગે કે આ ભારત નથી પણ અન્ય કોઇ પ્રદેશ છે. આ લોકોને આપણે વધારે જોઇએ જાણીએ, સમજીએ તેમની સાથે પરિચય કેળવીએ એમ મન થયાં કરે.

## હીલ સ્ટેશનોમાં સર્વોત્તમ લેખાતું દાર્જીલીંગ

બધાં હીલ સ્ટેશનોમાં દાર્જીલીંગ સર્વોત્તમ લેખાય છે તેનું એક કારણ કદાચ ઉપર જણાવ્યું તે હોય. બીજું કારણ અહિંથી સ્વચ્છ આકાશે કાંચનજંઘા જેવું ભવ્યતમ શિખર અને અન્ય શ્વેતશિખરો હાલતાં ચાલતાં જોવા મળે છે. ઉચ્ચતમ હિમશિખર એવરેસ્ટના દર્શનની પણ અહિં કદી કદી સંભાવના રહે છે. હિમાલયનાં અતિ ઉન્નત હિમ શિખરો મોટા ભાગે દાર્જીલીંગની નજીકમાં જ આવેલાં છે. આ કારણે અહિં આપણે અવારનવાર જે અદ્‌ભુત સૃષ્ટિસૌન્દર્ય જોવા પામીએ છીએ તે તેટલા પ્રમાણમાં અન્યત્ર જોવા પામતા નથી.

## ટીબેટના મહાયાનનું આછું દર્શન

બૌધ્ધ ધર્મના બે સંપ્રદાય છે: એક મહાયાન બીજો હીનયાન. મહાયાન એટલે અનેક દેવદેવીઓથી ભરેલો, બ્રાહ્મણ, વૈષ્ણવ અને શાકત સંપ્રદાયના મીશ્રણ જેવો, તરેહ તરેહના ક્રિયાકાંડના કારણે રંગ-બેરંગી લાગતો પંથ. હીનયાન એટલે આવી જટિલ રચના વિનાનો કેવળ ભગવાન બુધ્ધનો પૂજક અને બુધ્ધ ધર્મની વધારે નજીકનો પંથ. ટીબેટ, ચીન, જાપાન અને બ્રહ્મદેશ મહાયાન સંપ્રદાયના અનુયાયી દેશો છે; સીલોનમાં હીનયાન સંપ્રદાય પ્રવર્તે છે. દાર્જીલીંગમાં આ મહાયાન સંપ્રદાયનો—ખાસ કરીને ટીબેટમાં તેની જે ભાત છે તેનો—આપણને તેનાં મઠો, મંદિરો, અને જ્યાં ત્યાં ફરતાં દેખાતા ટીબેટી લામાઓ દ્વારા ખ્યાલ આવે છે. એક રીતે દાર્જીલીંગ ટીબેટનું પ્રવેશદ્વાર છે.

## હિમાલયનું કાળજીનું આકર્ષણ

હિમાલય વિષે નાનપણથી હું સાંભળતો આવ્યો છું અને ત્યારથી તે આજ સુધી તે સંબંધે હું ઊંડી ઝંખના અનુભવતો રહ્યો છું, સ્વામી આનંદનો પ્રથમ પરિચય ૧૯૧૧ માં થયેલો. તે પહેલાં તેઓ હિંદુસ્તાનમાં સારૂં ફરેલા, પછી તેઓ હિમાલય ગયેલા. ત્યાં તેમણે લગભગ વર્ષેક ચાલે તેવું પુરશ્ચરણ વ્રત કરેલું. બદ્રીનાથ, કેદારનાથ, જમ્નોત્રી, ગંગોત્રી તેમ જ કૈલાસ—માનસસરોવર સુધી તેઓ જઈ આવેલા; ત્યાર બાદ કાશ્મીરમાં અમરનાથની યાત્રા પણ તેમણે એક સંન્યાસી માફક ઉઘાડા પગે કરેલી. એક યા બીજે પ્રવાસ કરીને તેઓ મુંબઈ બાજુ આવે ત્યારે તેમની પાસે હિમાલયની વાતો ધરાઈ ધરાઈને હું સાંભળતો. સંસ્કૃત સાહિત્યના વાંચને પણ હિમાલય વિષેની આતુરતાને વધારે તીવ્ર બનાવેલી. આમ હિમાલય નજરે જોયા પહેલાં હિમાલયનાં અનેક ચિત્રો કલ્પનાપટ ઉપર આલેખાયલાં પડયાં જ હતાં. ૧૯૧૩ માં હું પહેલીવાર સીમલા ગયો; ૧૯૩૧ માં સીમલા બીજીવાર જવાનું બનેલું. બન્નેં વખત ત્યાં ઠીક ઠીક રહેલો અને હિમાલયનું આછું દર્શન પામેલો. ત્યાર પછી ૨૪ વર્ષના ગાળે આજે ફરીથી હિમાલયનું ભૂમિતળ સ્પર્શવાનો સુયોગ પ્રાપ્ત થયો. દાર્જીલીંગમાં છ દિવસ ગાળ્યા તે દરમિયાન 'હું અત્યારે હિમાલયમાં છું' એ ખ્યાલ ક્ષણે ક્ષણે મારા દિલમાં રોમાંચ પેદા કરતો હતો. બીજાં પર્વતોનું ક્ષેત્રફળ મર્યાદિત હોય છે. આમથી તેમ જાઓ અને સપાટ ભૂમિતળ નજરે પડયા વિના ન રહે. 'અગાધ' શબ્દ માત્ર હિમાલયને જ લાગુ પાડી શકાય. તેના ઉંડાણમાં પ્રવેશ કર્યા બાદ સપાટ પ્રદેશોનું દર્શન વિરલ બની જાય છે. વળી હિમાલયના ઉન્નત ગિરિશિખરો પાસે ભારતના અન્ય ગિરિશિખરો ઠીંગણા લાગે છે. ધર્મોપાસના, યોગસાધના, તપશ્ચર્યાનાં સંસ્કારો અને સ્મરણો હિમાલય સાથે જેટલા સંકળાયલા છે તેટલા દુનિયાના અન્ય કોઈ પર્વત સાથે જોડાયલા જાણવામાં આવ્યા નથી. હિમાલય એટલે અગાધતા, વિશાળતા, ભવ્યતા અને ભીષણતા. હિમાલય એટલે અનુપમ સૃષ્ટિસૌન્દર્યનો ખજાનો, ભવ્યતાનો ભંડાર, ભીષણતાનું ભવસ્થાન. અગણિત સનાતન હિમશિખરો હિમાલયની અનેરી વિભૂતિ છે. બદ્રીનાથ, કેદારનાથ, પશુપતિનાથ, અમરનાથ, ગંગોત્રી, જમ્નોત્રી, માનસસરોવર, કૈલાસ આ તો મુખ્ય તીર્થો અને બીજાં પેટાતીર્થો પારવિનાનાં—હિમાલય ભારતવાસીઓનું મહત્તમ તીર્થ-સ્થાન છે. ભાવીમાં નિર્મિત છે કે નહિ તેની ખબર નથી પણ સમયનો કોઇ લાંબો ગાળો લઇને હિમાલયમાં યથેચ્છ પરિભ્રમણ કરવાની કંઈ લાંબા કાળની અભિલાષા આજે પણ જીવતી જાગતી પડેલી છે. આમ આ વખતે અણધાર્યો દાર્જીલીંગ આવવાનું બન્યું અને હિમાલયના દર્શનની ભુખ ભાંગી. ઉંડી પરિતૃપ્તિપૂર્વક અમે સાતમી એપ્રીલની બપોરે દાર્જીલીંગની વિદાય લીધી.

## દાર્જીલીંગથી પાછા ફર્યા

ટ્રેન ઉપડવાના સમય સાથે વરસાદ શરૂ થયો. દાર્જીલીંગમાં જેટલા દિવસ રહ્યા તે દરમિયાન આકાશ લગભગ સ્વચ્છ રહેલું. વરસાદની જરા પણ બાધા નડેલી નહિ. એમ છતાં એ અનુભવ પણ થવો જ જોઇતો હતો. એટલે દાર્જીલીંગ છોડવાના વખતે પણ વરસાદનું આગમન અત્યન્ત મધુર લાગ્યું. એકેક માઇલ આગળ ચાલ્યા અને એન્જીન ખોટકાયું; ટ્રેન ઉભી રહી; વરસાદ વધવા લાગ્યો. સાથે કરા પણ પડવા માંડયા. પહેલાં મગ બાજરી જેવા પડતા હતા; પછી તો રમવાના લગોઠા જેવડા તડતડ જમીન ઉપર ટક્કર ખાવા લાગ્યા. ચોતરફ—સામેના ઢાળઢોળાવ ઉપર સર્વત્ર કરા પથરાઈ ગયા. જાણે કે નાના મોટા સફેદ મોતી પાથરી દીધા ન હોય એવું મનોહર દૃશ્ય નિર્માણ થઇ ગયું. ગાજવીજ, વરસાદ, કરા, વાદળોનું અણધાર્યું આક્રમણ, તડકાનાં ઠેકાણે વાદળઘેરૂં આકાશ અને સાયંકાળ જેવું આછું અજવાળું, પવન પણ સુસવાટાભેર વાઇ રહ્યો હતો; હવામાન સર્માશતોષ્ણ હતું તે એકદમ ઠંડુ થઇ ગયું. થર્ડ કલાસના ડબામાં ખીચોખીચ બેઠેલા છતાં બધાને ટાઢ વાવા લાગી. ગાડી તો ઉભી જ હતી. નીચેથી એન્જીન આવે ત્યારે ગાડી ચાલે. બે અઢી કલાકે એન્જીન આવ્યું. ગાડી ચાલી અને અમારી ચિન્તા થોડી હળવી થઇ. પવન અને વરસાદ તો ચાલુ હતા. સાંજ પડી. રાત્રીના અંધકારની જમાવટ થઈ ગઇ. સીલીગુરી છએક વાગ્યે પહોંચીને કલકત્તા જવા માટે જે ગાડી પકડવાની ધારણા હતી તે ગાડી પકડાવાનો તો હવે સંભવ રહ્યો જ નહોતો. રાત્રીના આઠેક વાગ્યા હશે અને પાછી ગાડી અટકી. તપાસ કરતાં માલુમ પડયું કે આગળ ઉપર માલગાડીના ડબા ઉથલી પડયા છે. તેને ઉપાડીને બાજુએ કરવામાં આવે ત્યારે અમારી ગાડી ચાલી શકે. વરસાદ ધીમો પડયો હતો પણ પવન જોસભેર વાઈ રહ્યો હતો. અમે અધવચ્ચ અટકી પડયા હતા. ડબામાં બાથરૂમની પણ સગવડ નહોતી. ઉથલી પડેલા ડબા કયારે ઉપડે અને અમે કયારે આગળ ચાલીએ? કોને ખબર છે? અહિં સવાર પણ પડી જાય. અમારી મંડળીમાં વાર્તાવિનોદ ચાલતો હતો, પણ દરેકના દિલમાં ઉંડી ચિન્તા હતી કે આ આફતમાંથી કયારે છુટીશું. સદ્‌ભાગ્યે એકેક કલાકમાં ડબા ઉંચા થયા અને અમારી ગાડીનો માર્ગ સરળ થયો. રાત્રે સાડાબાર વાગ્યે સીલીગુરી પહોંચ્યા. વેઇટીંગ રૂમમાં રાત પસાર કરી. સવારે સાત વાગ્યે કલકત્તા તરફ જતી ગાડી પકડી. સાંજના સમયે મણિયારી ઘાટ

પહોંચ્યા. વળી પાછી સામાનની ફેરબદલી; અને વળી પાછો ગંગાવિહાર. પહેલા ગંગાવિહાર વખતે આઠમ નોમની અજવાળી રાત હતી. આ વખતે સૂર્યાસ્તનો સમય હતો. પશ્ચિમાકાશમાં નિમ્નગામી સૂર્યનો નમણો આતપ ગંગાના વિશાળ પટને સોનેરી રંગે રંગી રહ્યો હતો. સ્ટીમર ચાલી અને આ મનોહર દૃશ્ય અમે મહાલી રહ્યા. શકરીગલી પહોંચ્યા તે સમયે સૂર્યબિંબ ક્ષિતિજની કોરને સ્પર્શી રહ્યું હતું અને દિવસનાં અજવાળાં સંકેલાઈ રહ્યાં હતાં. શકરીગલીથી નવી ટ્રેનમાં બેઠા. ચારેક માઇલ બાદ આવતા સાહેબગંજ જંકશને વળી પાછી ટ્રેન બદલવી પડી. સવારના દશ સાડાદશ વાગ્યે કલકત્તા પહોંચ્યા. ત્યાંથી બીજે દિવસે એપ્રીલની ૧૦ મી તારીખે રાત્રે અમે મુંબઈ જવા ઉપડ્યા.

## કલકત્તાથી મુંબઈ

કલકત્તાથી મુંબઇનો રેલમાર્ગ એટલે બે રાત તો ખરી જ. પાછા ફરતાં ગ્રીષ્મની ઉગ્રતા થોડી વધી હતી. ઘણાને આવી લાંબી રેલની મુસાફરી કંટાળાભરી લાગે છે. નાની મુસાફરીઓ કરવાના અનેક પ્રસંગો આવે છે પણ મન તો આવી લાંબી મુસાફરીઓથી જ ભરાય છે. કલકત્તાથી મુંબઇ આવવું એટલે ભારતના પૂર્વ છેડેથી પશ્ચિમ છેડે જવું. અમે અલ્હાબાદનો રસ્તો લીધો હતો. રસ્તામાં અનેક નદીઓ અને પર્વતો, જંગલો અને મેદાનો, ગામડાંઓ અને શહેરો ઓળંગવાના, વિશાળ રાષ્ટ્રના એક પછી એક પ્રદેશો વીંધવાના અને વટાવવાના. આવો પ્રવાસ એટલે એક મહાકાવ્યનું એક બેઠકે વાંચન, અથવા તો એક વિરાટ ચિત્રપટનું એકસામટું દર્શન. આવા લાંબા પ્રવાસથી થાક તો જરૂર લાગે, પણ ભૂતળ ઉપરનો આ લગભગ હજાર માઇલનો અભંગ પ્રવાસ જાણે કે સમગ્ર ભારતને આપણી સમક્ષ સંક્ષેપમાં રજુ કરતો હોય એમ લાગે છે અને આંખો, મન અને કલ્પના ત્રણે ધરાઇ જાય એવી વિપુલ સામગ્રી પુરી પાડે છે. ચિત્તમાં તેની ખુમારી જામે છે અને તે કેટલાય દિવસ સુધી ઓસરતી નથી. આ સોનનદી, આ ગંગા, આ યમુના, આ નર્મદા, આ તાપી; આ વિંધ્ય આવ્યો; હવે સાતપૂડા પર્વત નજરે પડે છે; થોડીવારમાં પશ્ચિમ ઘાટ આવશે; ગયા, મોગલસરાઈ, અલ્હાબાદ પસાર થયા; જબલપુર આવ્યું અને ગયું; બુરહાનપુર, ભુસાવલ, મનમાડ, નાસીક વટાવ્યાં અને આ મુંબઇ આવ્યું—આમ સ્મરણ પટ ઉપર કંઇ દિવસો સુધી આ નદીઓ, પર્વતો અને મોટાં મોટાં રેલ્વે સ્ટેશનોનાં અવનવાં ચિત્રો ઉપસતા રહે છે અને પ્રવાસ પૂરો થવા છતાં પ્રવાસ જાણે કે ચાલુ હોય એવો મનમાં ઠીક ઠીક સમય સુધી ભ્રમ પેદા થયા કરે છે.

આવાં અનેક મીઠાં સ્મરણોથી ભરેલો અને ઉદ્બોધક પ્રસંગોથી ચિરસ્મરણીય બનેલો અમારો આ સુખમય આનંદમય પ્રવાસ એપ્રીલની બારમી તારીખે પૂરો થયો અને તે દિવસે બપોરે અમે સુખરૂપ મુંબઇ આવી પહોંચ્યા.

સમાપ્ત

પરમાનંદ

# પ્રકીર્ણ નોંધ

## પંચશીલ

આજે દુનિયાનાં રાષ્ટ્રો સામ્યવાદી અને અસામ્યવાદી એમ બે વર્ગમાં વહેંચાઇ ગયેલ છે. અસામ્યવાદી વર્ગનું આગેવાન યુનાઇટેડ સ્ટેટ્સ એક એવા આન્દોલનનો પ્રચાર કરી રહ્યું હતું કે આવી બે પ્રકારની સમાજરચના આ દુનિયામાં એક સાથે ચાલી શકે જ નહિ અને એકે જીવવું હોય તો અન્યને ખતમ કરવી જ રહી. આ નારા ઉપર અસામ્યવાદી દેશોનું તે સેટો, નાટો, અને ધ. ડી. સી. ના નામ ઉપર એક મોટું સંગઠન કરી રહ્યું હતું. આ સામે પંડિત નહેરૂએ સહઅસ્તિત્વનો સિધ્ધાન્ત દુનિયા આગળ રજુ કર્યો અને તે દ્વારા જણાવ્યું કે કોઇ પણ રાષ્ટ્રની અન્તર્ગત સમાજરચના ગમે તે પ્રકારની હોય પણ પોતપોતાની વિશિષ્ટ સમાજરચનાપૂર્વક દરેક રાષ્ટ્ર અન્ય રાષ્ટ્રો સાથે સુખશાન્તિપૂર્વક જીવી શકે છે અને પોતાનો વિકાસ સાધી શકે છે.

ગયા વર્ષે જીનીવા ખાતે ઇન્ડોચાઇનાના પ્રશ્નનો ઉકેલ લાવીને પાછા ફરતા ચીનના મુખ્ય પ્રધાન શ્રી ચાઉ-એન-લાઇ હિંદ ખાતે આવ્યા અને ઉપરના સહઅસ્તિત્વના સિધ્ધાન્તમાં બીજા ચાર સિધ્ધાન્તોનો ઉમેરો કરીને ઉભયમાન્ય એવા એ પાંચ સિધ્ધાન્તોની ભારત અને ચીનના મુખ્ય સચિવોએ દુનિયા સમક્ષ જાહેરાત કરી. આ સિધ્ધાન્તો નીચે મુજબ છે.

(૧) પ્રાદેશિક અખંડિતતા અને સમાન સાર્વભૌમત્વ માટે આદર.
(૨) અનાક્રમણ.
(૩) આન્તરિક બાબતોમાં બીનદખલગીરી.
(૪) પારસ્પરિક લાભ થાય એવી પ્રવૃત્તિ.
(૫) શાન્તિમય સહ-અસ્તિત્વ.

આ પાંચ સિધ્ધાન્તોને 'પંચશીલ' નામ આપવામાં આવ્યું જેને આજે કેટલાક છાપાવાળાઓ ભૂલથી 'પંચશિલા' એ નામથી ઓળખાવે છે. આ 'શીલ' શબ્દ મૂળ બૌદ્ધ પરિભાષાનો છે. બૌદ્ધ ધર્મના પાંચ પ્રકારના આ શીલનો પણ નાનો સરખો ઇતિહાસ છે. જૈનોના ૨૩ મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથે ચતુર્યામ ધર્મની પ્રરૂપણા કરી. આ ચાર યામ એટલે અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ. આ ચતુર્યામ ધર્મની પરંપરા પાર્શ્વનાથ બાદ આશરે ૨૦૦ વર્ષ બાદ થયેલા ભગવાન બુદ્ધને અને ભગવાન મહાવીરને વારસામાં મળી. આ પ્રત્યેકે જે નવા ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું તેમાં ચારને બદલે પાંચ યામને અન્તર્ગત કરવામાં આવ્યા.

ભગવાન બુધ્ધે અપનાવેલા પાંચ યામ તે આ મુજબ છે: (૧) અહિંસા, (૨) સત્ય (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય (૫) સુરામદ્યાદિ વર્જન અને તે પાંચ યામને 'પંચશીલ' એવું નામ આપ્યું.

ભગવાન મહાવીરે આપનાવેલા પાંચ યામ તે આ મુજબ છે. (૧) અહિંસા, (૨) સત્ય (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ. અને તે પાંચ યામને પંચવ્રત અથવા પંચ મહાવ્રત એવું નામ આપ્યું.

આ ઉપરથી જોઈ શકાશે કે ભગવાન બુધ્ધે મૂળ ચાર યામમાંથી અપરિગ્રહને કાઢીને તેમાં બ્રહ્મચર્ય અને સુરામદ્યાદિવર્જન એમ બે ઉમેર્યાં. ભગવાન મહાવીરે, પૂર્વપરંપરા મુજબ બ્રહ્મચર્યને અપરિગ્રહમાં સમાવિષ્ટ કરવામાં આવતું હતું, તેનો અસ્વીકાર કરીને. બ્રહ્મચર્યને અપરિગ્રહમાંથી છુટું પાડયું અને તેને એક સ્વતંત્ર વ્રતનું સ્થાન આપ્યું. આ રીતે બ્રહ્મચર્યનું એક વિશિષ્ટ વ્રત તરીકેનું મહત્વ ઉભયે સ્વીકાર્યું પણ એકે અપરિગ્રહના સ્થાને માદક પદાર્થોના ત્યાગને વધારે મહત્વ આપ્યું; અન્યે મૂળ પરંપરામાં રહેલા અપરિગ્રહનું મહત્વ ચાલુ રાખ્યું.

જૈન ધર્મના પાંચ વ્રતને પતંજલ યોગદર્શનમાં મૂળરૂપે જ સ્વીકારવામાં આવેલ છે. પણ તેને 'યમ' એવું નામ આપવામાં આવ્યું છે. પંચશીલ શબ્દ આજે જ્યારે અનેકના મોઢે બોલાઇ રહ્યો છે ત્યારે તે પંચશીલની આટલી ઐતિહાસિક આલોચના, આશા છે કે, એ વિષયમાં રસ લેનાર માટે ઉપયોગી નીવડશે.

## માનવતાલક્ષી લેખકોની માનવતા!

થોડા સમય પહેલા ભરાયેલા એક સાહિત્ય-સંમેલનમાંથી પાછાં ફરતાં થયેલા અનુભવ વિષે લખતાં એક મિત્ર જણાવે છે કે:

"ટ્રેઇનમાં પાછાં ફરતાં એક બે એવા બનાવો બન્યા કે જેમાં અમુક સારા ગણાતાં સાહિત્યકારોની સ્વાર્થવૃત્તિ છતી થતાં મને દુઃખ થયું. ડબ્બાના મોટા અને નાના વિભાગને જોડતાં બારણાને બંધ કરીને અમે દસેક સાહિત્યરસિકો નાના વિભાગમાં નિરાંતે બેઠેલાં. સાથે બીજા લોકો પણ હતા. વચલું બારણું બંધ અને લોકો અમારી બાજુ આવે તો ભીડ થાય એ બીકે સાથેના લેખકભાઇઓ કોઇને એ બારણું ખોલવા દેતા નહોતા.

એવામાં એક ઉતારુએ અમારા વિભાગમાંથી બીજી બાજુએ જવા માટે વચલું બારણું ખોલવા માંડયું. તેનો આ ભાઇઓએ સખ્ત વિરોધ કર્યો. રખે ને એકદમ ગીરદી થઇ જાય ને પોતાની ત્રણ કલાકની મુસાફરીમાં હેરાન થઇ જવાય તો! પણ પેલા ઉતારુએ પોતાનો આગ્રહ પકડી રાખ્યો. લેખકોએ પણ પોતાની જીદ ન છોડી. અને તકરાર વધુ ઉગ્ર સ્વરૂપ લેવા માંડી. લેખકભાઇઓએ બારણું

એટલા જોરથી પકડી રાખ્યું કે પેલા ભાઇનો પગ એ બારણા નીચે ઠીક સમય સુધી છૂંદાઇ રહ્યો તોયે કોઇનાં દિલ ન હલ્યાં. ઉલ્ટાનું એમને એમાં પોતાનું પરાક્રમ લાગ્યું ! અંતે પેલો ઉતાર બારણું છોડીને ડબ્બામાંથી ઉતરી ગયો. ત્યારે આમાંના એક સુપ્રસિધ્ધ સાહિત્યકાર બોલ્યા કે, "અમારે તો આવા ગુંડાઓ સાથે જ હંમેશાં રહેવાનું હોય છે !"

"ટ્રેન આગળ વધી રહેલી. નિયત સ્ટેશને પહોંચવાને હવે દસ મિનિટ પણ નહોતી રહી, ને પ્રવાસ જરા પણ અગવડ વગર પૂરો થવા આવેલો. ત્યાં એક આંધળો ભિખારી અમારી તરફના ડબ્બામાં ચડયો. અમારી પાસેથી કંઈ ન મળતાં એ બીજી બાજુ જવા માટે વચ્ચેનું બારણું ખોલવા ગયો. પરંતુ છેલ્લી દસ મિનિટમાં પણ ગીરદી વધતાં હેરાન થઇ જવાની બીકે આલેખકોએ એને એ બારણું ખોલવાની 'ના' કહી. એમને એ વિચાર ન આવ્યો કે હવે ગાડીનું છેલ્લું સ્ટેશન આવી રહ્યું છે એટલે એને ભીખ મેળવવાનો પણ થોડો જ સમય છે. એમને એમ પણ ન થયું કે બિચારા આંધળાને નીચે ઉતરીને પાછું ચડવામાં કેટલી તકલીફ પડે !

"મેં એમને સમજાવ્યા, પણ તેઓ ન માન્યા ત્યારે મેં જાતે જઇને બારણું ખોલી નાંખ્યું. મને નવાઇ અને દુઃખ થયું કે માનવતાની વાર્તાઓ લખનારા ( અને એ પર ઇનામો મેળવનારા ! ) લેખકો જ જો આટલી માનવતા પણ ન ધરાવે તો એમની કલમમાં પ્રાણ કયાં સુધી રહે ?"

સાધારણ રીતે સહૃદયી લેખાતા મનુષ્યો રેલ્વેની મુસાફરીમાં પોતાની સગવડમાં જરા પણ આંચ ન આવે એ હેતુથી એકદમ બદલાઇ જતાં દીઠા છે. આમ છતાં સાહિત્યલેખકો તો સહૃદયતાનો એક યા બીજી રીતે સતત ઉપદેશ આપતા હોય છે. એમને પણ જો આપણે રેલ્વે પ્રવાસ દરમ્યાન આવા હૃદયહીન થતા જોઇએ તો પ્રશ્ન થાય કે બિચારી માનવતાનો હવે કોણ હાથ ઝાલશે ?

### સદ્‌ગત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી

તા. ૪–૮–૫૫ ના રોજ ભાવનગરના જૈન સમાજના એક જાણીતા કાર્યકર્તા શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધીનું ૭૮ વર્ષની ઉમ્મરે અવસાન થયું. ભાવનગરમાં જુની અને જાણીતી બે જૈન પ્રકાશન સંસ્થાઓ છે. એક શ્રી જૈન ધર્મ પ્રસારક સભા અને બીજી શ્રી જૈન આત્માનંદ સભા. એક તરફથી જૈન ધર્મ પ્રકાશ ૭૨ વર્ષથી અને અન્ય તરફથી આત્માનંદ પ્રકાશ ૫૩ વર્ષથી–એમ બે માસિકો પ્રગટ થાય છે અને બન્ને સંસ્થાનાં પ્રકાશનોની સંખ્યા ઘણી મોટી છે. શ્રી જૈન આત્માનંદ સભાના લગભગ સ્થાપનાકાળથી શ્રી વલ્લભદાસભાઈ સભ્ય હતા અને તે સભાના પ્રમુખ સ્થાપક સ્વ. મૂળચંદ નથ્થુભાઈ વકીલ લગભગ પચ્ચાસેક વર્ષ પહેલાં અવસાન પામ્યા ત્યાર બાદ પ્રસ્તુત સભાની સમગ્ર કાર્યવાહીની જવાબદારી શ્રી વલ્લભદાસભાઇએ સ્વીકારી હતી અને એ સંસ્થાના કામકાજ સાથે તેમણે એવું તાદાત્મ્ય સાધ્યું હતું કે 'આત્માનંદ સભા એટલે વલ્લભદાસ' એ રીતે જ તેમને સૌ કોઇ ઓળખતા હતા. જીવનનિર્વાહ અર્થે તેઓ બીમાનું કામકાજ કરતા હતા, પણ તેમનું મુખ્ય લક્ષ્ય આત્માનંદ સભાના ઉત્કર્ષ તરફ જ રહેતું હતું. અનેક શ્રીમાનોને તેમણે સભાની પ્રકાશનપ્રવૃત્તિ તરફ ખેંચ્યા હતા અને પ્રકાશનકાર્ય માટે પુષ્કળ આર્થિક મદદ તેઓ મેળવી શકયા હતા. ભાવનગર જેવું એક ખુણાનું સ્થળ અને તેમાં એક સંપ્રદાયની જૈન આત્માનંદ સભા જેવી એક નાની સરખી સંસ્થા–આમ એક નાના વર્તુળ સાથે તેમનું સમગ્ર જીવન સંકળાયલું હતું, એમ છતાં એ સંસ્થા સાથે ઓતપ્રોત બનીને જૈન સાહિત્ય પ્રકાશનમાં તેમણે ઘણો મોટો ફાળો આપ્યો હતો. તેઓ વિદ્વાન નહોતા, પણ એક સફળ યોજક હતા અને અનેક વિદ્વાન સાધુઓની કૃતિઓ તેમની મારફત પ્રગટ થઈ શકી હતી. એમના અવસાનથી જૈન આત્માનંદ સભાને કંઈ કાળ સુધી ન પુરાય એવી ખોટ પડી છે; જૈન સમાજે પણ એક વર્ષોજુનો સાહિત્યસેવક ગુમાવ્યો છે. તેમના આત્માને શાશ્વત શાન્તિ મળો એવી પ્રાર્થના !

**પરમાનંદ**

## પંડિત સુખલાલજી સન્માનવિચારણા

ભારતીય દર્શનોના સુપ્રસિદ્ધ વિદ્વાન પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી સંઘની આગામી ડીસેંબર માસમાં ૭૫ વર્ષ પૂરાં કરે છે એ પ્રસંગને લક્ષ્યમાં લઇને તત્વ સાહિત્યની તેમણે કરેલી અનેક વિધ સેવાઓની કદરરૂપે તેમનું ઉચિત સન્માન કરવા વિષે વિચારણા કરવા માટે તા. ૧૦–૮–૫૫ બુધવારના રોજ ભારતીય વિદ્યાભવનમાં પંડિત સુખલાલજીના મિત્રો અને પ્રશંસકોની એક સભા મળી હતી. આ સભામાં શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી મોહનલાલ સોપાન, શ્રી નાનાલાલ ચમનલાલ મહેતા, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, શ્રી રતીલાલ ચીમનલાલ ઝોઝારી, શ્રી તારાચંદ લક્ષ્મીચંદ ઝોઝારી, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી, શ્રી. હરિવલ્લભ ભાયાણી, શ્રી સુરજચંદ્ર ડાંગી, અધ્યાપિકા તારાબહેન શાહ, શ્રી મણિબહેન સવચંદ કાપડિયા શ્રી વેણીબહેન કપાડિયા વગેરે ભાઇબહેનો ઉપસ્થિત થયાં હતાં.

આ પ્રસંગે આ જ હેતુથી ઉભી કરવામાં આવેલી અમદાવાદની કામચલાઉ સમિતિના મંત્રી શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ પણ અમદાવાદથી ખાસ આવી પહોંચ્યા હતા.

પ્રારંભમાં શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે ભારતીય દર્શનશાસ્ત્રીઓમાં પંડિત સુખલાલજીનું અગ્રગણ્ય સ્થાન, તેમની સાહિત્ય ઉપાસના, મૌલિક વિચારણા, નિડર માર્ગદર્શન તથા જૈન સાહિત્યની તેમણે કરેલી અનેકવિધ સેવાઓનો ખ્યાલ આપીને તે સર્વની કદરરૂપે આપણે કાંઇક કરવું જોઇએ એમ જણાવીને પંડિતજીના સન્માન સંબંધે કેટલાક વિચારો રજુ કર્યા અને તે ઉપર કેટલીએક ચર્ચા અને વિચારવિનિમય થયા બાદ નીચે મુજબ નિર્ણયો લેવામાં આવ્યા હતા :–

(૧) પંડિત સુખલાલજીના સન્માનાર્થે અખિલ ભારતીય ધોરણે એક સન્માનનિધિ એકઠો કરવો.

(૨) આ સન્માનનિધિમાંથી પંડિત સુખલાલજીના લેખોનો એક સંગ્રહ બહાર પાડવો.

(૩) તે જ નિધિમાંથી આગામી ડીસેંબર માસ બાદ મુંબઇમાં યોગ્ય સમયે પંડિત સુખલાલજી અંગે એક ભવ્ય સન્માન સમારંભ યોજવો.

(૪) બાકી રહેલ સન્માનનિધિની રકમ પંડિતજીની ઇચ્છા મુજબ કોઇ પણ વિદ્યાવૃદ્ધિના કાર્યમાં તેનો ઉપયોગ કરવા માટે ઉપર જણાવેલ સન્માન સમારંભ પ્રસંગે પંડિતજીને થેલીના આકારમાં અર્પણ કરવી.

(૫) આ યોજનાને પાર પાડવા માટે અમદાવાદ ખાતે એક પંડિત સુખલાલજી સન્માન મધ્યસ્થ સમિતિ ઉભી કરવી અને તેનું મુખ્ય કાર્યાલય અમદાવાદમાં રાખવું.

(૬) આ જ હેતુ પાર પાડવા માટે મુંબઇ, કલકત્તા તેમ જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં એક એક સ્થાનિક સમિતિ ઉભી કરવી અને આ સ્થાનિક સમિતિના સર્વ સભ્યોને મધ્યસ્થ સમિતિના સભ્યો લેખવા.

(૭) આવી સ્થાનિક સમિતિ ન ઉભી કરવામાં આવેલ હોય તેવા સ્થળની વિશિષ્ટ વ્યકિતઓને પણ મધ્યસ્થ સમિતિમાં સામેલ કરવી.

(૮) આ મધ્યસ્થ સમિતિનું પ્રમુખસ્થાન સ્વીકારવા દાદાસાહેબ માવળંકરને વિનંતિ કરવી.

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતે આગામી સપ્ટેંબર માસથી તા. ૧૩ મંગળવારથી તા. ૨૦ મંગળવાર સુધી એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. શરૂઆતના ૭ દિવસની સભાઓ ફ્રેંચ બ્રીજ ઉપર આવેલા ગ્લેવાટસ્કી હોલમાં અને છેલ્લા બે દિવસની સભાઓ લેમીંગ્ટન રોડ ઉપર આવેલા રોકસી થીએટરમાં ભરાશે. વ્યાખ્યાનસભા હંમેશા સવારના ૮॥ વાગ્યે શરૂ થશે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

# 'महावीर का अन्तस्तल'

( લેખક : સ્વામી સત્યભક્ત, પ્રકાશક : સત્યાશ્રમ, વર્ધા, મૂલ્ય રૂા. ૪ )

ભગવાન મહાવીરના જીવનની સામગ્રીનો વિચાર કરીએ તો બાળપણની કેટલીક ઘટનાઓ ચરિત્રગ્રન્થોમાં નોંધાઈ છે, પણ તે ઘટનાઓમાંથી મૂળ આગમમાં કોઈ નથી. તેમના ગૃહસ્થ જીવનની કોઈ ખાસ ઘટનાઓ પ્રાચીન આગમ શાસ્ત્રમાં મળતી નથી. ભગવાન બુદ્ધના જીવનમાં તેમનાં વૈરાગ્યનાં કારણોમાં જે પાંચ દૃશ્યો બતાવવામાં આવ્યા છે કે તેમને એકાંત વનમાં જઈને જે ધ્યાન ધરતા ચીતરવામાં આવ્યા છે, તેવું પણ ભગવાન મહાવીરના ગૃહસ્થજીવનમાં કશું બન્યાનું નોંધાયું નથી. એ સ્થિતિમાં તેમના ત્યાગી જીવનથી જ તેમના જીવનની કથા શરૂ થાય છે એમ સમજવું રહ્યું. ત્યાગી જીવનમાં પણ તેમની તપસ્યા અને યાતના તથા ગોશાલક સાથેનો સંબંધ એમાં જ તેમના જીવનની ઇતિશ્રી થાય છે. તીર્થંકરજીવનમાં તેમના કેટલાક અનુયાયીઓના જીવનપ્રસંગોએ જ મુખ્ય ભાગ ભજવ્યો છે. કહેવાતા અગિયાર ગણધરોમાંથી પણ ગૌતમ સાથેના જ પ્રશ્નોએ આગમનો મોટો ભાગ રોકયો છે. તેમના પૂર્વભવની કોઈ પણ ઘટના આગમમાં આવતી નથી. આવી સ્થિતિમાં ભગવાન મહાવીરના સમગ્ર જીવનની આગમપ્રમાણને આધારે કથા લખવી એ એક રીતે સહેલું છતાં કઠણ છે. સામગ્રી બહુ થોડી એટલે જે કાંઈ મળે તેને સજાવીને રજુ કરવામાં ખાસ મુશ્કેલી ન પડે એટલે એ કાર્ય સરલ ગણાય. પણ તેમાંથી સમગ્ર-ભાવે ભ. મહાવીરના જીવનનો ઉઠાવ આપવો અને તેમના મહાન વ્યક્તિત્વને વ્યક્ત કરવું એ અત્યન્ત કઠણ થઈ પડે છે.

પૂર્વકાળના જૈન આચાર્યોએ આસપાસની પરિસ્થિતિ અને ભ. મહાવીરની કોટિના બીજા તીર્થંકરોના જીવનની ઘડાતી કથાઓનો ઉપયોગ કરીને ઉપર્યુક્ત મુશ્કેલીનું નિવારણ બહુ જ સરળભાવે કરી દીધું છે. પરિણામે આવશ્યક ચૂર્ણિમાં ભગવાન મહાવીરનાં જીવનનું એક નિશ્ચિતરૂપ આપણને મળી જાય છે. એનો જ ઉપયોગ ત્યાર પછીના જૈન પુરાણોમાં થયો છે. પુરાણકારોએ પણ એ જીવનને તત્કાલમાં પ્રચલિત થાલ્ય એવી કથાઓનો સમાવેશ કરીને પૂર્ણ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આ રીતે આજે આપણી સામે પુરાણોમાં મહાવીરચરિત જે મળે છે તે અંતિમ છે. એ પુરાણો પછી ભગવાન મહાવીરના જીવન સંબંધી કોઈ નવો પ્રયત્ન વીસમી સદીના પ્રારંભ સુધીમાં થયો નથી.

વીસમી સદીના લેખકોમાં બે પ્રવાહો કામ કરે છે. એક ઐતિહાસિક સંશોધન કરી સત્યઘટનાઓની તારવણી કરી તેને જ યથાવત્ રજુ કરવાનો અને બીજો પ્રવાહ એવો છે જે લલિતકળાનો આશ્રય લે છે એટલે કે તેમને મન વ્યક્તિ અને તેના જીવનની સાચી ઘટનાઓ એટલામાં જ એ વ્યક્તિની ઇતિશ્રી નથી, પણ વ્યક્તિ એ અમુક કાળના ઇતિહાસની એક કડી છે અને તેથી એ વ્યક્તિ જો તીર્થંકર હોય તો તેના જીવનમાં યુગઘડતરનું કામ તે કેવી રીતે કરી શકે એનું માનસિક ચિત્ર સમગ્ર ઇતિહાસને ધ્યાનમાં રાખીને ઊભું કરે છે અને પછી એ ચિત્રને કલમમાં ઉતારે છે. આમાં વ્યક્તિના જીવનની ઘટનાઓ તો હોય જ છે. પણ તેનું સ્પષ્ટીકરણ લેખકની પોતાની કલ્પનાશક્તિ, ઇતિહાસમાંથી તે કાળની પરિસ્થિતિ તારવવાની શક્તિ અને તેને ઉચિત રીતે રજુ કરવાની શક્તિ એ બધા ઉપર આધાર રાખે છે, અને વસ્તુતઃ બનેલ ઘટનાઓ ઉપરાંત લેખકના મનશ્ચક્ષુએ કલ્પેલી ઘટનાઓ પણ તેના જીવનમાં જાણે બની જ હોય એવી રીતે વર્ણવવામાં આવે છે. ન બનેલી ઘટનાઓ પણ જો પૂર્વાચાર્યો આપણા પુરાણોમાં આપી શકતા હોય તો આજનો લેખક જે નવલકથા લખી રહ્યો છે તે એવી છૂટ લે તેમાં કશું જ આશ્ચર્ય ન હોવું જોઇએ. ભગવાન મહાવીરના જીવનને કેન્દ્રમાં રાખીને આવી નવલકથા આ વીસમી સદીમાં એક શ્રી જયભિખ્ખુએ મત્સ્યગલાગલ લખી. પણ તે તેમણે મહાવીરજીવનને નામે નથી લખી અને તેમાં સમગ્ર ભાવે મહાવીરજીવનને આપવાનો ઉદ્દેશ પણ નથી. પણ તે યુગમાં ધાર્મિક ચળવળમાં ભ. મહાવીરે અહિંસા અને મૈત્રીના પ્રચારમાં કેવો ફાળો આપ્યો છે તે માત્ર બતાવવાનો પ્રયત્ન છે.

બીજો પ્રયત્ન શ્રી સત્યભક્તનો છે. તેમણે 'महावीर का अन्तस्तल' નામે હિન્દીમાં એક પુસ્તક લખ્યું છે. તેમાં તેમણે આગમમાં ઉપલબ્ધ થતી સામગ્રીનો સંપૂર્ણ ઉપયોગ કર્યો છે; પણ તે ઇતિહાસ નથી, નવલકથા છે. ગ્રન્થકારે ભગવાન મહાવીરે પોતે પોતાના જીવનની ડાયરી લખી હોય તે પ્રકારે સમગ્ર પુસ્તક લખ્યું છે. એક ઐતિહાસિક જીવન લખનાર વ્યક્તિ આવું ન કરે, પણ આને ઐતિહાસિક જીવન ન કહેતાં ઐતિહાસિક નવલકથા જ કહેવી જોઇએ. એક જ સિદ્ધરાજને વિષે ગુજરાતીમાં બે નવલકથાઓ લખાઈ છે. શ્રી મુનશીની 'ગુજરાતનો નાથ' અને ધૂમકેતુની 'જયસિંહ સિદ્ધરાજ'. આ બન્નેમાં લેખકોએ પોતાની કલ્પનાના સિદ્ધરાજને રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે. બન્નેએ સિદ્ધરાજની જે કાંઈ ઇતિહાસસિદ્ધ ઘટનાઓ છે તેનો આશ્રય લીધો છે, છતાં પણ એ ઇતિહાસની પાછળ જે યુગબળ હતું તેનો ઉઠાવ એ બન્ને લેખકોએ પોતાની રીતે આપ્યો છે. તે જ પ્રમાણે 'अन्तस्तल'માં પણ સ્વામી સત્યભક્તે ઇતિહાસસિદ્ધ મહાવીરને કેન્દ્રમાં રાખીને આ નવલકથા લખી છે અને પોતાની કલ્પનાના મહાવીરને આપણી સમક્ષ ઉપસ્થિત કર્યા છે. આને ઇતિહાસ માનવાની જરૂર નથી અને એ દૃષ્ટિએ આને મૂલવવાની પણ જરૂર નથી. આ જ વસ્તુ લક્ષમાં રાખે જો 'જયભિખ્ખુ' નવલકથા લખે તો વળી બીજા પ્રકારનું ચિત્ર આપણી સમક્ષ ઉપસ્થિત થાય. એક જ પાત્ર વિષેની ભિન્ન ભિન્ન લેખકોની નવલકથાઓ વિષે આવું બનવાનું જ. ન બને એ જ આશ્ચર્ય. ઐતિહાસિકો જ્યાં ઇતિહાસ લખવા બેસે છે ત્યાં પણ એક જ ઘટનાનો ખુલાસો અનેક રીતે આપે છે અને પ્રમાણો આપીને સ્પષ્ટ પણ કરે છે. તો જ્યાં માત્ર કલ્પનાનો જ આશ્રય લેવાનો હોય અને પોતાની કલ્પનાની પુષ્ટિમાં પ્રમાણ આપવાની જરૂર પણ ન હોય ત્યાં કલ્પનાનો દોર છૂટો મૂકવામાં કવિતાર્કિકને શું આડું આવે ? આ ઐતિહાસિક નવલકથા વાંચવા માંડો, નાનાં નાનાં પ્રકરણો, ઘટનાઓ સાદી છતાં રોચક શૈલીમાં લખાયેલી, તર્કથી પુષ્ટ થયેલી કવિની કલ્પના, ઘટનાના અન્તસ્તલમાં જઈને તેના રહસ્યને શોધી લાવવાની સ્ફુટ થતી શક્તિ, અને ભવ્ય તથા માનવકલ્યાણકારી દૃષ્ટિ-આ બધું મળીને આપણી સમક્ષ ભગવાન મહાવીર અને તેમની આસપાસની દુનિયા એટલી તાદૃશ રૂપે લેખક રજુ કરે છે કે ઘડીભર તો એમ થઈ જાય કે આ બધી ઘટનાના આપણે પણ સાક્ષી છીએ અને ચલચિત્રની જેમ એ બધુ આપણી સમક્ષ બનતું હોય એમ જોઈ રહ્યા છીએ. ચલચિત્ર જોતાં જેમ આપણી લાગણી ઉછાળા મારે છે-ઘડીમાં આનંદ, ઘડીમાં શોક, ઘડીમાં વ્યાકુળતા અને ઘડીમાં શાંતિ-તેમ આ વાંચતાં પણ આપણી લાગણીઓ ઉછળે છે અને આપણને પણ ઘડીક તન્મય બનાવી દે છે. લેખકની આ શક્તિની પ્રશંસા કર્યા વિના ચાલે તેમ નથી. શર્ત એક જ છે કે પોતાના મનમાં કલ્પેલ મહાવીરને ઘડીભર ભૂલી જ જવા જોઇએ.

પણ આવી તન્મયતા જગવવામાં લેખકની શક્તિએ જ્યાં સુધી કવિત્વનો આશ્રય લીધો છે ત્યાં સુધી તો સમસંવેદન જાગી શકે છે, પણ જ્યાંથી કથામાં ભગવાન મહાવીરના ત્યાગી જીવનની કથા શરૂ થાય છે ત્યાંથી લેખકમાં રહેલ કવિ નહિ, પણ તાર્કિક આત્મા જાગી ગયો છે અને તેને કારણે ત્યાર પછીનો ભાગ કેટલાક અપવાદ બાદ કરતાં નિરસ થઈ જાય છે. ભવ્ય કે ઉદાત્ત નહિ પણ ક્ષણે ક્ષણે મહાવીરના આત્માને એવો ચીતરવામાં આવ્યો છે કે મારે તો તીર્થંકર થવાનું છે અને આ વસ્તુને હું આ રીતે લોકોને સમજાવીશ અને અમુક વસ્તુને હું અમુક રીતે લોકોને સમજાવીશ-આ મહાવીરના મનની ગ્રન્થી લેખકના પોતાના મનની ગ્રન્થીનું જ પ્રતિબિમ્બ હોય એમ લાગે છે. લેખકને મહાવીરના આત્માને સ્વ-પરકલ્યાણકારી ચીતરવો છે એ સાચું, પણ એમની એ ભાવનાને સાધનાકાળમાં ચિત્રિત કરવાનું આ કથામાં જે રૂપ તેમણે અપનાવ્યું છે તે હૃદયંગમ નથી જ. મહાવીરનો પાપભીરુ આત્મા, જેવો આગમોના અધ્યયનને પરિણામે

આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે, તેવા આત્માને આ કથામાં પોતાના તીર્થંકરત્વની રક્ષા ખાતર ભોળી જનતાને કેમ ઊંધા પાટા–પોતે જે વસ્તુને ન માનતા હોય તે વસ્તુને પણ કહીને–બંધાવવા તેની યોજના કરતો ચિત્રિત કરવામાં આવ્યો છે. આ સત્યભક્તની પોતાની તીર્થંકર ગ્રન્થીનું પરિણામ જણાય છે. આ માટે ત્યાગીજીવનના અનેક પ્રકરણો પ્રમાણરૂપે ઉપસ્થિત કરી શકાય તેમ છે. પણ તેની પરાકાષ્ઠા ૬૭ અને ૬૮ માં પ્રકરણમાં જોવા મળે છે. આ ઉપરથી ભગવાન મહાવીરના આત્માનું એક ભવ્ય અને ઉદાત્ત રૂપ નહિં, પણ એક લૌકિક ચાલાક આત્માનું સ્વરૂપ આપણી સામે સ્ફુટ થાય છે. જે રૂપ માટે કશો જ પૂરાવો આપી શકાય તેમ છે જ નહિ. પુરાવો સત્યભક્તના લૂખા તર્કમાંથી જ મળી શકે તેમ છે અને મહાન પુરૂષના આત્માને સમજવામાં કેવળ તર્કબળનો આશ્રય લેવામાં આવે તો કેવું ભયંકર પરિણામ આવે તેનો નમુનો આ કથા પૂરો પાડે છે.

શ્રી સત્યભક્તજીએ પ્રારંભમાં જ પ્રત્યેક પ્રકરણમાં મૂળ આધાર કેટલો મળે છે અને તે આધારનો તેમણે કેવો ઉપયોગ કર્યો છે તે સ્પષ્ટ કર્યું છે. એટલે કે તેમની દૃષ્ટિ તે તે ઘટનાના સ્પષ્ટીકરણમાં પરંપરાપ્રાપ્ત ઘટનાઓના વર્ણનમાં કેટલી જુદી પડે છે તે સ્પષ્ટ કર્યું જ છે. એવો તો સંભવ રહે જ છે કે તે તે ઘટનાઓના તેમણે કરેલ રહસ્યોદ્ઘાટનને બીજો કોઇ લેખક જુદી જ રીતે સ્ફુટ કરે. અને આ કાંઈ તથ્યકથા નથી એટલે તેમાં વર્ણવેલ બધું તથ્ય જ હોય. જેમકે તેમણે પ્રારંભના પૃષ્ઠોમાં ભગવાન મહાવીર અને યશોદાના ગાર્હસ્થ્ય જીવનની ઝાંખી પુત્રી પ્રિયદર્શનાના જન્મ પછીની વર્ણવી છે. આમાં તથ્ય શું હશે એ કહેવું કઠણ છે, પણ તેમાં તેમણે વૈરાગ્યોન્મુખ મહાવીર અને તેમને પકડી રાખવા માગતી યશોદા તથા અન્તે યશોદાનું સમજણપૂર્વક મહાવીરના માર્ગનું અનુમોદન–આટલી વસ્તુને માનસશાસ્ત્રીય દૃષ્ટિએ જે ઉઠાવ આપ્યો છે તે ભલે તથ્ય ન હોય તો પણ કલ્પના તો ભવ્ય છે અને કલ્પનાજગતમાં સત્ય પણ સંભવે છે. આનો શાસ્ત્રાધાર કશો નથી, છતાં આવું કાંઇક ન બને તો મહાવીરના જીવનની એ કડી અધૂરી જ ગણાય. એટલે સ્વામી સત્યભક્તે આ કડીને સાંધવાનો તેમની દૃષ્ટિએ પ્રયત્ન કર્યો છે અને તેમાં તેમને સફળતા મળી છે. યશોદા સાથેના પ્રસંગો સંયત અને એક મહાપુરુષને છાજે એ રીતે જ ચીતરવામાં આવ્યા છે.

સામાન્ય રીતે આપણે ભગવાન મહાવીર વિષે ઘણું જ જાણીએ છીએ, પણ યશોદાના પાત્ર વિષે કશું જ જાણતા નથી. લક્ષ્મણના ત્યાગ વિષે આપણે ઘણું જાણીએ છીએ, પણ ઉર્મિલા વિષે કશું જ જાણતા નથી. જેમ રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તે ઉર્મિલાના પાત્રને ઉઠાવ આપી એ પાત્રને પણ હિન્દી સાહિત્યજગતમાં ચમકતું કર્યું છે તેમ આ અન્તસ્તલમાં શ્રી સત્યભક્તે યશોદાના પાત્રની ભવ્યતા અને ઉદાત્તતાનો જે ઉઠાવ આપ્યો છે તે અપૂર્વ છે, મનોહર છે.

મહાપુરુષોની જીવનકથાના લેખનનો એક કાળ એવો આવ્યો છે જ્યારે મહાપુરુષોના જીવનમાં ચમત્કારો અને દેવાગમનને પણ સ્થાન મળ્યું, એટલું જ નહિ પણ લેખકોએ તેમાં હોડ કરી છે. પોતાને માન્ય મહાપુરુષને પરને માન્ય મહાપુરુષથી ચડીયાતો કેવી રીતે ચીતરવો એ ધ્યેયને લઇને સંગતિ–અસંગતિનો વિચાર કર્યા વિના લેખકો જ્યાં ત્યાં દૈવિ ચમત્કાર દેખાડવામાં જ માન્ય પુરુષની મહત્તા માનવા લાગી ગયા હતા. આના વિરોધમાં આચાર્ય સમન્તભદ્રને કહેવું પડયું હતું કે:–

**देवागम–नभोयान–चामरादि विभूतयः ।**
**मायाविष्वेपि दृश्यन्ते नातस्त्वमसि नो महान ॥**

( દેવોનું આગમન, આકાશમાં ગમન કે ચામરાદિની વિભૂતિ એ બધું તે માયાવીમાં પણ દેખાય છે. હે ભગવાન ! આપ એ બધા કારણે અમારે મન મહાન નથી. )

દેવો આવતા હતા કે નહિ અને આવતા હતા તો તે કયા દેવો હતા એ બધા પ્રશ્નોનો ઉકેલ આ જમાનામાં આપી દેવાના સાધનો છે જ નહિ. એટલે સત્યભક્તજીએ એ દૈવી ઘટનાઓને માનવીય ઘટનાઓ માનીને ચિત્રણ કર્યું છે અને જ્યાં દેવોનું આવવું નિરર્થક જ નહિ પણ ઉલટું મહાવીરજીવનની મહત્તા ઓછી કરનાર હતું તેને ટાળવાનો પ્રયત્ન કર્યો છે.

ભગવાન મહાવીરના નામે જે જે ઉપદેશ ચડયો છે તે બધાને આ નવલકથામાં વિચિત્ર રીતે સંધરવામાં આવ્યો છે. સાધનાકાળમાં કોઈ એક ઘટના સાથે પોતાના તે તે ઉપદેશને જોડી દેતા મહાવીરને વર્ણવ્યા છે. આમાંનું ઘણું અસંગત જ નહિ પણ અપ્રતીતિકર લાગે છે. આમ કરી સત્યભક્તજીએ સાધક મહાવીર કરતાં એક યોજક મહાવીરનું ચિત્ર જ આપણી સામે સાધકને નામે ખડું કર્યું છે. અને એમ થવાથી જગદુદ્ધારક મહાવીરના સ્વરૂપને ઉપસાવવા જતાં એક હાસ્યજનક પાત્રને આપણી સમક્ષ ખડું કર્યું છે.

જૈન આગમોએ અને પછીના સાહિત્યકારોએ ગોશાલકને વિરોધી સમજીને જે રીતે નિન્દ્યો છે તેવી જ નિન્દા આ પુસ્તકમાં પણ વાંચી ત્યારે સત્યભક્તનો સર્વધર્મસમભાવી આત્મા ક્યાંયક ખોવાઈ ગયો હોય તેમ લાગ્યું, એટલું જ નહિ પણ અત્યાર સુધીમાં ગોશાલક વિષે થયેલું સંશોધન તેમને સાવ અજ્ઞાત જ રહ્યું હોય એમ જણાયું. આશા છે કે બીજી આવૃત્તિમાં આટલી વસ્તુ તો તેઓ અવશ્ય સુધારી જ લેશે, અને એક મહાન આત્માની નિન્દાના પ્રચારમાં પોતે ભાગી નહી જ બને.

હું જ્યારથી સત્યભક્તજીના લખાણો વાંચતો થયો છું ત્યારથી તેમનો પ્રશંસક રહ્યો છું. છેલ્લે છેલ્લે જે તેમની તીર્થંકર બનવાની પ્રવૃત્તિ વધી ગઇ છે તે તરફ ઉપેક્ષાભાવે જ જોઉં છું. અને આથી મારી વિનંતી છે કે આ અવલોકનને તેઓ સ્વપરિચિંતોની ઇર્ષ્યા તો નહી જ લેખે. એવી સ્વપરિચિંતોની ઇર્ષ્યાનો મહાવીરની ડાયરીમાં અનેકવાર ઉલ્લેખ છે એટલે અહિં મારે આટલું સ્પષ્ટીકરણ કરવું પડયું છે.

અવલોકનકાર : **દલસુખ માલવણિયા**

**વિષય સૂચિ**


| | | પૃષ્ઠ |
|---|---|---|
| વિજ્ઞાન અને ધર્મ | | ૭૧ |
| શું જૈનો હિન્દુ નથી ? | રતિલાલ મફાભાઈ શાહ | ૭૩ |
| મારી યાત્રા | પરમાનંદ | ૭૪ |
| **પ્રકીર્ણ નોંધ :** પંચશીલ, માનવતાલક્ષી લેખકોની માનવતા !, સદ્‌ગત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી. | પરમાનંદ | ૭૭ |
| પંડિત સુખલાલજી સન્માનવિચારણા | | ૭૮ |
| 'महावीर का अन्तस्तल' | દલસુખ માલવણિયા | ૭૯ |



## सत्यं शिवं सुन्दरम्

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કીંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।=
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે
કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।=

## પ્રબુદ્ધ જૈન તથા પ્રબુદ્ધ જીવનની ફાઇલો

કીંમત રૂા. ૬, પોસ્ટેજ ૦।=

## ઋષભદેવ–ચરિત્ર ચિત્રાવલિ અંક

કીંમત રૂા. ૦।, પોસ્ટેજ ૦।–
પ્રાપ્તિસ્થાન:
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.



મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧, ૧૯૫૫, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## બાલદીક્ષા અટકાયતી ધારાને જૈનોનું સમર્થન

મુંબઇ પ્રદેશની વિધાનસભામાં શ્રી પ્રભુદાસ બાલુભાઇ પટવારીએ બાલસંન્યાસ દીક્ષાની કાયદેસર અટકાયત કરનારૂં જે બીલ તાજેતરમાં રજુ કર્યું છે તે બીલને ટેકો આપવાના હેતુથી તા. ૨૭–૮–૫૫ શનીવારના રોજ મુંબઈ ખાતે હીરાબાગની વ્યાખ્યાનશાળામાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે જૈનોની એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. એ આખા દિવસે સતત વરસાદ હોવા છતાં જૈનો સારા પ્રમાણમાં ઉપસ્થિત થયા હતા. પ્રારંભમાં મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી શાન્તિલાલ નન્દુએ પ્રસ્તુત સભા બોલાવવાનું પ્રયોજન જણાવીને આ સભાનું સંચાલન કરવા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી બીમજી માડણ ભુજપુરીઆને વિનંતિ કરી હતી. સભાનું કામ શરૂ કરતાં **શ્રી ભુજપુરીઆએ** જણાવ્યું હતું કે "આ બાલદીક્ષાનો પ્રશ્ન કોઇ નવો પ્રશ્ન નથી. છેલ્લાં ત્રીશ વર્ષથી આ પ્રશ્ન ચર્ચાતો અને વગોવાતો આવ્યો છે અને બાલદીક્ષાની અનિષ્ટતા હવે લગભગ સર્વત્ર સ્વીકારાયા જેવી છે. આવી પરિસ્થિતિમાં આવું બીલ સમયની માંગને પુરી કરે છે. આ બીલ કશા પણ વિરોધ સિવાય સરળપણે ધારાસભામાંથી પસાર થઇ જવું જોઇએ એવી આપણે આશા રાખતા હતા. આમ છતાં આપણે જોઈ રહ્યા છીએ કે જૈન સમાજનો અમુક વર્ગ તે સામે જોરશોરથી પોકાર ઉઠાવી રહ્યો છે અને ધર્મ જોખમમાં છે એવી વાતો કરીને જૈન સમાજને ભડકાવી રહ્યો છે. જૈન સમાજનું આ વલણ ભારે આશ્ચર્યજનક છે. આ એમ બતાવે છે કે જૈન સમાજ હજુ પણ જમાનાને ઓળખતો નથી.

"કેટલાક ભાઇઓ આને ધાર્મિક સવાલ તરીકે જાહેર કરીને સરકારે આવી બાબતમાં ન પડવું જોઇએ એમ જણાવે છે. પણ આમ કહીને ભોળા લોકોમાં તેઓ એક ગેરસમજુતી અને ઉશ્કેરાટ પેદા કરે છે. આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે આપણે ત્યાં ધર્મના નામે અનેક સામાજિક અસંગતતાઓ ચાલતી આવી છે અને જો સમાજે આગળ ચાલવું હોય, પ્રગતિ સાધવી હોય તો સમાજપ્રગતિની રોધક જે કાંઇ બાબતો હોય તે સત્વર નાબુદ થવી જ જોઇએ. ઘણાં વર્ષો પહેલાં અંગ્રેજ સરકારે સતી થવાની મનાઇ કરતો કાયદો કર્યો ત્યારે પણ આવો જ પોકાર ઉઠાવવામાં આવ્યો હતો. બાળલગ્નના કાયદા સામે પણ આવો જ વિરોધ કરવામાં આવ્યો હતો. આપણને આઝાદી મળ્યા બાદ તો હરિજન મંદિર પ્રવેશ, પબ્લીક ચેરીટી ટ્રસ્ટ એક્ટ, અસ્પૃશ્યતા-નિવારણ ધારો, લગ્નવિચ્છેદ, એક પત્નીવ્રત ધારો, સમાજ બહિષ્કાર ધારો આવા કંઈ કંઈ કાયદાઓ થઇ ગયા. આ બધા સામે સ્થિતિચુસ્ત સમાજે ધર્મના નામે જ પ્રતિકુળ આંદોલનો ચલાવ્યા હતા. શું આજે કોઈ એમ કહી શકે એમ છે કે આવા કાયદાઓ થવાની જરૂર નહોતી? આપણા સમાજજીવનમાં ધર્મના નામે ચાલી રહેલી આવી અસંગતતાઓ આપણે દૂર કરવી જ રહી. વસ્તુતઃ સમાજે આગળ આવીને આ બધી સાફસુફી કરવી જોઇએ. સમાજ જ્યાં આગળ આવવાને તૈયાર ન હોય ત્યાં સરકારની ફરજ છે કે ધર્મના નામે ચાલતાં સામાજિક અનિષ્ટો દૂર કરે. બાલદીક્ષા આવું જ એક અનિષ્ટ છે. જે બાળક હજુ ઉગીને ઉભું થયું છે અને માંડ માંડ સામાન્ય વાંચતાં લખતાં શિખ્યું છે તે પાંચ મહાવ્રતના રહસ્યને તો શું પણ તેના કક્કા બારાખાને સમજે છે અને સમજણપૂર્વક દીક્ષા લે છે એમ કહેવું એ આપણી બુદ્ધિની હાંસી કરાવવા બરોબર છે. આવા બાળકને જીંદગી સુધી દીક્ષિત જીવનના ચોગઠામાં જકડી લેવાનો કોઇપણ માબાપને કે સાધુ સમાજને અધિકાર નથી. આ સાદી સીધી વાત જૈનો સમાજે કંઈ કાળ પહેલાં સખ્ત પ્રબંધ કરવો જોઇતો હતો અને એમ છતાં આજ સુધી એમ કરવા નિષ્ફળ નિવડેલ છે તે કરવા માટે આજે સરકારને કહેવામાં આવે છે અને આવો પ્રબંધ કરવાની સરકારની ખાસ ફરજ છે.

"આ બાલદીક્ષાનું અનિષ્ટ માત્ર જૈન સમાજમાં અને તેમાં પણ અમુક ફીરકામાં ઘર ઘાલી બેઠું છે અને તે દૂર કરવા માટે આપણા પોપટલાલ રામચંદ શાહ જેવા કોઈ જૈન સભ્યે જ આગળ આવવું જોઇતું હતું. આને બદલે એક જૈનેતર ભાઇ આ બીલ લઈ આવ્યા છે તે માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે. આ બીલ પાછું ખેંચી લેવરાવવા માટે તેમના ઉપર તરેહ તરેહનું દબાણ લાવવામાં આવે છે. એમ છતાં તેઓ પોતાના ઇરાદાને મક્કમપણે વળગી રહ્યા છે. આપણે આ બીલને ટેકો આપવો અને તે સામેના વિરોધી આન્દોલનનો સામનો કરવો એ આપણું ખાસ કર્તવ્ય છે. આપ ભાઇઓ અને બહેનો આ સંબંધમાં પૂરી દૃઢતાપૂર્વક જે કાંઇ કરવું ઘટે તેમાં પાછા નહિ પડો એવી હું આશા રાખું છું."

ત્યાર બાદ **શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ** સભા સમક્ષ નીચે મુજબ ઠરાવ રજુ કર્યો હતો :–

### ઠરાવ

**"બાલદીક્ષાની કાયદેસર અટકાયત કરવા માંગતા શ્રી પ્રભુદાસ બાલુભાઈ પટવારીના બીલને ટેકો આપવા માટે મળેલી જૈનોની આ સભા જાહેર કરે છે કે કંઈ કાળથી ચાલી આવતા બાલદીક્ષાના આ સામાજિક અનિષ્ટને સદન્તર નાબુદ કરવા માટે માત્ર મુંબઇ પ્રદેશમાં નહિ પણ ભારતભરમાં આવો કાયદો થવાની ખાસ જરૂર છે અને આ સભા વિશેષમાં જાહેર કરે છે કે નાનાં અણસમજુ બાળકોને આવા અત્યન્ત કઠણ અને ગંભીર જવાબદારી ભરેલા આજીવન દીક્ષાવ્રતથી બાંધી લેવાનો કોઇ સાધુને તેમ જ તેમ કરવા દેવાનો કોઇ માબાપને કે તેના વાલીને કે સંઘોને હક્ક નથી અને દીક્ષા કોને આપવી અને કોને ન આપવી તે વિષય એક પ્રકારના સામાજિક નિયમનને લગતો છે અને આવા નિયમનને કાયદાનું રૂપ આપવાથી કોઈ ધાર્મિક બાબતમાં હસ્તક્ષેપ થતો હોય એમ આ સભા માનતી નથી."**

એ ઠરાવનું સ્પષ્ટીકરણ કરતાં તેમણે જણાવ્યું કે "આજથી પચ્ચીસ ત્રીસ વર્ષ પહેલાં આ બાલદીક્ષાનો પ્રશ્ન જૈન સમાજમાં શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં બહુ જોરશોરથી ઉપડ્યો હતો. એ દિવસોમાં વિજયરામચંદ્ર સૂરિ–એ વખતનાં મુનિ રામવિજયજી

બાલદીક્ષાના પ્રખર હિમાયતી હતા. એ કાળે નાનાં બાળકોને સમજાવી ભગાડીને ચોરી છુપીથી દીક્ષા આપવાની પ્રવૃત્તિ ખૂબ જોસભેર ચાલી રહી હતી, આ ઉપરાંત પોતાની સાંસારિક અને સામાજિક જવાબદારીઓ ફેંકી દઇને મોટી ઉમ્મરના પુરૂષો અને કદિ કદિ સ્ત્રીઓ પણ સાધુવેશ ધારણ કરી લેતી હતી. આ બધા સામે ઝુંબેશ ચલાવવા માટે આજથી સત્તાવીશ વર્ષ પહેલાં મુંબઈ જૈન યુવક સંઘની મુંબઇ ખાતે સ્થાપના કરવામાં આવી હતી. અમદાવાદ ખાતે પણ બાલદીક્ષા સામે એક મોટો મોરચો મંડાયો હતો અને તેના આગેવાન શ્રી ધીરજલાલ ટોકરશી શાહ હતા જેઓ આજે સામા પક્ષે બેસીને પોતાનો વનપ્રવેશ ઉજવી રહ્યા છે. એ પ્રચંડ આન્દોલનનું પરિણામ વડોદરા રાજ્યે કરેલા બાલદીક્ષા પ્રતિબંધક કાનુનમાં આવ્યું હતું અને સાથે સાથે ચોરી છુપીથી ભગાડીને અને લાંચ રૂશ્વતોથી જવાબદાર માણસોનાં મોઢાં ભરીને અપાતી બાલદીક્ષાઓનો લગભગ છેડો આવ્યો હતો.

"આજે પચ્ચીસ ત્રીશ વર્ષના ગાળે આ બાલદીક્ષા અટકાયતનો પ્રશ્ન મુંબઈ પ્રદેશની ધારાસભા સમક્ષ ઉપસ્થિત થતાં એ સામે એનો એ જ જૈન શ્વે. મૂ. સમાજનો સ્થિતિચુસ્ત વર્ગ ખળભળી ઉઠ્યો છે અને એના એ પ્રેમવિજય અને રામવિજય આ સંબંધમાં જૈન સમાજને ઉશ્કેરી રહ્યા છે. એ દિવસોમાં તેરાપંથી સમાજ રણક્ષેત્રમાં નહોતો. આજે તો એ સંપ્રદાય પણ બાલદીક્ષા–અટકાયતી ધારા સામેના વિરોધી પ્રચારમાં પોતાની વિપુલ આર્થિક તાકાત સંયોજિત કરી રહેલ છે. કહેવામાં આવતું હતું કે તેમના આચાર્ય શ્રી તુલસી જમાનાને ઓળખનાર એક સન્ત પુરૂષ છે અને જૈન સમાજને સાચું માર્ગદર્શન આપે અને નવનિર્માણને રસ્તે લાઇ જાય એવી એક સમર્થ વ્યક્તિ છે. પણ દિલગીરી સાથે કહેવું પડે છે કે તેઓ અને તેમનો અનુયાયી ગણ અને તેમનું મુખપત્ર જૈન ભારતી બાલદીક્ષાની જોરદાર હિમાયત કરી રહેલ છે અને જુની માન્યતાઓને નવો લેબાશ આપવો એ જ માત્ર તેમની વિશેષતા છે.

"આ બાલદીક્ષા જૈન સાધુ સંસ્થામાં કાળજુની બદી છે. અન્ય સમાજમાં બાલસંન્યાસીઓ નથી હોતા એમ નથી, પણ કવચિત્ અપવાદ રૂપે. સંન્યાસ સાધારણ રીતે ઉત્તરાવસ્થા સામે જોડાયલો અને પરિપકવ ઉમ્મરમાંથી સ્વાભાવિક રીતે ઉભો થતો ધર્મ છે. પણ બાળકોને ફસાવવા, ભમાવવા, ભગાડવા, મૂંડવા–આ વ્યવસાય જૈન પરંપરામાં કંઈ કાળથી ચાલતો આવ્યો છે. કહેવામાં એમ આવે છે કે બાળકોને અમે નાનપણથી ઉચ્ચ કોટિના ધર્મની અને શિસ્તની તાલીમ આપીએ છીએ, પણ વસ્તુતઃ તે ઓઠા પાછળ બાળકની અજ્ઞાન મનોદશાનો લાભ લઇને તેને સાધુ બનવા પ્રેરવો અને શિષ્યસમુદાય યેન કેન પ્રકારેણ વધારવો એવી–જૈન સાધુને પરંપરાપ્રાપ્ત–નરી ઘેલછા માલુમ પડે છે. તેણે સાંસારિક પરિગ્રહ છોડ્યો હોય છે પણ એ જ પરિગ્રહની વાસના શિષ્યો વધારવાના આકારમાં તેને પાછી વળગે છે. ૧૦૮ શિષ્યો મેળવીને સાધુસમુદાયમાં સૂરિસમ્રાટ બનવાની–ચક્રવર્તીપદ ધારણ કરવાની–મહત્વાકાંક્ષાથી બહુ ઓછા જૈનાચાર્યો મુક્ત હોય છે. સાધુવૃધ્વિમાં જ ધર્મવૃધ્વિ માનનાર જૈન સમાજ પણ યેન કેન પ્રકારેણ ચેલાઓ મુંડવાની સાધુઓની આ પ્રવૃત્તિને ટેકો આપતો જોવામાં આવે છે. આમ જૈન સમાજમાં અયોગ્ય દીક્ષાનું અનિષ્ટ ખુબ ખુબ વ્યાપેલું છે. ખ્રીસ્તીઓમાં પણ જૈન સમાજ જેવી જ શ્રમણપરંપરા પ્રચલિત છે, પણ અયોગ્ય દીક્ષા જેને કહેવાય એવી એક પણ ઘટના તે સમાજમાં બનતી સાંભળવામાં આવતી નથી.

"પ્રસ્તુત બીલ માત્ર જૈન સમાજને જ નહિ પણ જૈન–જૈનેતર સમગ્ર હિંદુ સમાજને લાગુ પડે છે. આમ છતાં જૈનેતર હિંદુ સમાજમાં આ બીલ સામે નાનો સરખો પણ અવાજ સંભળાતો નથી. જૈન સમાજમાં પણ દિગંબર સમાજમાં કદિ પણ બાલદીક્ષા અપાયાનું જાણવામાં આવ્યું નથી. સ્થાનકવાસી સમાજે સ્વતઃ પ્રસ્તુત બીલમાં સૂચવેલી ૧૮ વર્ષની વયમર્યાદા દીક્ષા આપવા માટે સ્વીકારી છે અને તે સ્થા. સાધુસમાજ માટે બંધનકર્તા છે. બીલ સામે વિરોધ માત્ર શ્વેતાંબર સમાજના અમુક ભાગનો અને તેરાપંથીઓનો છે. તેરાપંથીઓનો વિરોધ સ્વાભાવિક છે, કારણ કે તેમના દિક્ષિત સાધુઓમાં ૭૫ ટકાથી વધારે બાલદીક્ષિતો છે અને આ બીલ પસાર થાય અને સમયાન્તરે હિંદની પાર્લામેન્ટ પણ જો આવું બીલ પસાર કરે તો સાધુભરતીનું એક મોટું ક્ષેત્ર તેમના માટે બંધ થાય. આ તેમને કેમ પાલવે ?

"ભોળી જનતાને એમ કહેવામાં આવે છે કે આજે બાલ પ્રજાને શિક્ષણ આપવાની અનેક પ્રથાઓ મોજુદ છે અને નવી નવી પ્રથાઓ પ્રજા સમક્ષ રજુ કરવામાં આવે છે તો આ પણ પાંચ મહાવ્રતની તાલીમ આપવાની એક અનોખી પ્રથા છે. બીજી પ્રથાઓનો આદર કરવામાં આવે તો સ્વપર–ઉપકારક એવી આ પ્રથાનું દ્વાર શા માટે બંધ કરવામાં આવે છે ? કેવી સાદી સીધી અને વિના આયાસે ગળે ઉતરી જાય તેવી દલીલ ? પણ આ સામે અમારો એ જવાબ છે કે કોઈ પણ ઉછરતા બાળકને તમને યોગ્ય લાગે તેવી જરૂર તાલીમ આપો, પણ તેને સાધુ જીવનના એક સાંકડા ચોગઠામાં જીંદગીભર માટે બાંધી લેવાનો તમને શું અધિકાર છે ? પાદરીઓ તૈયાર કરવા માટે ખ્રીસ્તી સમાજ ઠેકઠેકાણે કોલેજો ચલાવે છે, પણ ઉમેદવાર પુખ્ત ઉમરનો ન થાય ત્યાં સુધી તેને કદિપણ દીક્ષાનું આજીવનવ્રત આપવામાં આવતું નથી અને તે પણ કેટલીયે પરીક્ષાઓ અને કસોટીઓમાંથી આબાદ પાર ઉતર્યા બાદ. સ્થિતિચુસ્ત ભાઇઓ અને સાધુઓ, આવ્યું તેને મુંડી નાખવાની અને ભોળા બાળકોને ફસાવવાની પ્રવૃત્તિ છોડીને આવું કાંઇક કરોને કે જેથી સમાજને સારા પ્રાણવાન સાધુઓ તો મળે !

"ભોળા લોકોને ભમાવવા માટે, જ્યારે જ્યારે આવા કોઈ સુધારાની બાબત ધારાસભામાં રજુ થાય છે ત્યારે ધર્માચાર્યો ધર્મના નામની બાંગ પોકારે છેઃ 'ધર્મ જોખમમાં', 'ધર્મ જોખમમાં', 'ધર્મ ઉપર હસ્તક્ષેપ' 'ધર્મ ઉપર હસ્તક્ષેપ'. આ બાંગ સુધરેલા અને આગળ વધેલા સમાજ માટે આજે હવે જુની અને પુરાણી છે, પણ જુનવાણીમાંથી માંડ માંડ માથું ઉંચકી રહેલા સમાજ માટે ભારે કામયાબ નીવડે છે. આપણા સમાજને આ વિષયમાં સ્પષ્ટ માર્ગદર્શન કરાવવું અત્યન્ત જરૂરી છે. આપણા સમગ્ર સામાજિક જીવનને કંઇ કાળથી ધાર્મિકતા સાથે એટલું બધું ગાઢપણે સાંકળી લેવામાં આવ્યું છે કે ધાર્મિક નહિ અને શુધ્ધ સામાજિક એવી બાબતો ભાગ્યે જ જડી આવશે. જન્મ, લગ્ન, અને મરણ, ખાવું, પીવું, અને પહેરવું, ચાલવું, દોડવું અને ઉડવું–દરેક બાબતમાં ધર્મના નામે કાંઇને કાંઈ કહેવાનું હોય જ છે. તો પછી આપણી રહેણી કરણીમાં, આચાર વિચારમાં, રીત રીવાજમાં કશો પણ ફેરફાર ન કરવો ? આમ વિચારીએ તો સમાજ આગળ કેમ ચાલે ? સામાજિક અને કૌટુંબિક જીવનથી અને જવાબદારીઓથી અળગા થવું એનું નામ દીક્ષા છે. આ પ્રશ્ન શુધ્ધ સામાજિક છે અને આ સંબંધમાં નિયમન હોવું એ એટલું જ આવશ્યક છે. દીક્ષા લીધા બાદ તેના આચાર વ્યવહાર ભલે ધર્મ નકકી કરે પણ તે પહેલાં દીક્ષિત થનાર વ્યક્તિ સમાજનું એક અંગ છે અને તેણે સામાજિક નિયમન મુજબ ચાલવું તે તેના માટે અનિવાર્ય ધર્મ છે. આ જ બાબતને બીજી રીતે કહીએ તો જેનો દેખાવ ધાર્મિક છે પણ વસ્તુતઃ જે બાબતો સામાજિક છે તેવી બાબતોમાં સમાજ અને રાજ્યને જરૂર પડે ત્યારે નિયમન અને કાયદાઓ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. આમ બને ત્યારે ધાર્મિક બાબતમાં હસ્તક્ષેપ, હસ્તક્ષેપ એવા ધુમધરાડા પાડવા તે પાછળ લોકમાનસમાં રહેલા ધાર્મિક ઝનુનને ઉશ્કેરવા સિવાય બીજો કોઈ ઉદ્દેશ હોતો નથી. અક્ષબત સામાયિક પ્રતિક્રમણ કેમ કરવા, પૂજા પ્રતિષ્ઠા કેમ કરવી, ઉપધાન અઠ્ઠાઇ મહોત્સવ કેમ ઉજવવા, શું ખાવું શું ન ખાવું, સાધુએ કયો આચાર પાળવો અને કયા અનાચાર કે અતિચારથી દૂર રહેવું–એ બધી ધાર્મિક બાબતો છે અને આવી બાબતમાં કોઇ સરકાર માથું મારે અને કોઇ હસ્તક્ષેપની ધુમ પાડે તો તે વ્યાજબી અને સમજી શકાય એવી છે.

"સાધુ માર્ગ વિષે આપણામાં એક એવો દૃઢ ખ્યાલ છે કે જીવન સફળ અને સાર્થક કરવા માટે સાધુમાર્ગ એક ઉત્તમ અને અજોડ માર્ગ છે અને સંસાર રૂપી દાવાનળમાંથી બચવાનો અનન્ય ઉપાય છે. પચાસ વર્ષ પહેલાં આપણને સાધુઓ તરફથી આવું શિક્ષણ મળતું અને આપણે એ અનન્ય શ્રધ્ધાથી સ્વીકારતા હતા. આજે આપણા વિચાર અને અનુભવમાં ઘણો વિકાસ થયો છે અને દૃષ્ટિકોણમાં પણ ઘણું પરિવર્તન થયું છે. સાધુજીવનનાં ભયસ્થાનોનું એ વખતે કોઈ ભાન નહોતું અને ગૃહસ્થાશ્રમના ભવ્ય રાજમાર્ગની પણ કોઇ ઉંડી સમજણ નહોતી. આજે પણ આપણે જરૂર સાંપ્રદાયિક દીક્ષિત જીવનના વિરોધી નથી; જીવનનો ચોક્કસ પ્રકારનો ઉત્કર્ષ સાધવા માટે એ પણ એક જીવનપધ્ધતિ છે. પણ અકાળે અને અપરિપકવ ઉંમરે દીક્ષા લેનાર માટે આ પધ્ધતિમાં પારવિનાનાં જોખમ છે. મનોવૃત્તિઓનું અકુદરતી દમન ઘણી વખતે તરેહ તરેહની વિકૃતિઓમાં પરિણમે છે. અન્ય જીવનપધ્ધતિઓમાં રહેલી આત્મવિકાસ સાધવાની શક્યતાઓનાં દ્વાર પોતા માટે બંધ થયેલાં છે અને ઇચ્છાએ–અનિચ્છાએ અમુક ચોગઠામાં રહીને જ પોતાનું જીવન પુરૂં કરવાનું છે–આવી અસહાયતાનો સતત અનુભવ સાધુજીવનધારી માનવીને ઘણી વાર હતાશ, મૂઢ અને abnormal–સ્વાભાવિકતાવિહોણો–બનાવે છે. ચોગ્ય ઉમરે જોર કરતી કામવાસનાને કોઈ અવકાશ જ ન મળે અને બ્રહ્મચર્યનું ફરજિયાત પાલન કરવું પડે તેનું પરિણામ ઘણું ખરૂં માનવી માનસને રૂંધાયલું, કુંઠિત અને Cynic–કેવળ નિરાશાવાદી–બનાવવામાં આવે છે. આ રીતે સંન્યાસ–એમાં પણ જૈન ત્યાગી સાધુનું જીવન–તે જ વ્યકિત પચાવી શકે કે જેનો સંસારત્યાગ જ્ઞાનપ્રેરિત પરિપકવ વૈરાગ્યમાંથી અને દુનિયાના સારા માઠા અનુભવોમાંથી પરિણમ્યો હોય. આજે સંખ્યાબંધ સાધુ સાધ્વીઓનો નેવું ટકાથી વધારે ભાગ નિર્માલ્ય, નિષ્પ્રાણ, દિશાશૂન્ય, દર્શનશૂન્ય, ગતાનુગતિક અને યાંત્રિક જેવો લાગે છે તેનું કારણ પાત્રાપાત્રનો વિવેક કર્યા વગર અપાયલી ઢગલાબંધ દીક્ષાઓ છે.

"અઠવાડીઆ પહેલાં આ બીલના વિરોધીઓની મુંબઇમાં સભા મળી હતી. તેમાં માત્ર શ્વે. મૂ. વિભાગના અને તેરાપંથના કેટલાક આગેવાનોએ ભાગ લીધો હતો. તેમાં એવા પણ કેટલાક હતા કે જેઓ આજથી ૨૫ વર્ષ પહેલાં બાલદીક્ષા સામેની ઝુંબેશમાં અમારા સાથીદાર હતા. બીજા સમાજો કાળ બળની સાથે આગળ ચાલે છે, જ્યારે જૈન સમાજના કેટલાક આગેવાનો કાળબળની સામે ઊંધા મોઢે પાછળ ગતિ કરતા માલુમ પડે છે. આ સભાએ પ્રસ્તુત બીલ સામે પોતાનો કટ્ટર વિરોધ જાહેર કર્યો હતો અને આજથી વીશેક વર્ષ પહેલાં જૈન શ્વે. મૂ. વિભાગના કેટલાક આચાર્યો અમદાવાદ ખાતે એક સંમેલનના આકારમાં મળેલા અને દીક્ષા સંબંધે અમુક ઠરાવો કરેલા (જે અન્યત્ર આ અંકમાં આપવામાં આવ્યા છે) તે મુનિસંમેલનના ઠરાવો આજના જૈનાચાર્યો પાસે પળાવવા જરૂરી પ્રબંધ કરવા માટે ૧૧ ગૃહસ્થોની એક સમિતિ નીમવામાં આવી હતી. આ મુનિસંમેલનના ઠરાવો પણ એક પ્રકારનું તુત છે. જ્યારે પણ અયોગ્ય દીક્ષા સામે કોઈ પણ ઠેકાણે કાંઈક માથું ઉઠાવવામાં આવે છે ત્યારે આ મુનિસંમેલનનો સધિયારો અને હવાલો આપવામાં આવે છે અને એ રીતે પ્રતિપક્ષને દબાવવામાં આવે છે. થોડાં વર્ષો પહેલાં જૈનોમાં એકતા સ્થપાય એ હેતુથી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સે અયોગ્ય દીક્ષા સંબંધે કરેલા બધા ઠરાવો રદ કરવાની શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ ભલામણ કરી હતી અને એ વખતે પણ મજકુર મુનિસંમેલનના ઠરાવોનો તેમણે હવાલો આપ્યો હતો. પ્રસ્તુત બીલના જવાબરૂપે જે મુનિ સંમેલનના ઠરાવો આગળ ધરવામાં આવે છે તેમાં એવું તે શું જાદુ છે ? પ્રસ્તુત બીલ ૧૮ વર્ષની વયમર્યાદા રજુ કરે છે તો તેમાં ૧૬ વર્ષ, ૧૪ વર્ષ, ૧૨ વર્ષ એવી કોઈ મર્યાદા તો હશે જ ને ? ના, તેમાં પણ આઠ વર્ષ પછીના કોઈ પણ બાળકને દીક્ષા આપવાની અનુમતિ દર્શાવવામાં આવી છે, માત્ર પહેલાં ભગાડી, નસાડી, માબાપ અને સંઘ સમુદાયથી છુપી રીતે દીક્ષા અપાતી હતી તેવી રીતે હવે દીક્ષા ન આપવી એવી સૂચના કરવામાં આવી છે. વાહ, આ નિયમો અને મર્યાદાનું તો તે ઠરાવ ઉપર સહી કરનારા આચાર્યોએ ત્યારથી બરોબર પાલન કર્યું હશે ને ? એ ઠરાવો ઉપર કરેલી સહી સુકાણી નહોતી ત્યારથી તે આજ સુધી તે ઉપર સહી કરનારામાંના કેટલાક આચાર્યો છડે ચોક ભંગ કરતા આવ્યા છે. આજે પણ આ પ્રમત્ત આચાર્યોને બાંધવાની કોની તાકાત છે ? અને એ તો શ્વે. મૂ. આચાર્યો પુરતો ઠરાવ છે. તેરાપંથીનું શું ? સ્થાનકવાસી કે દિગંબર સાધુને બાંધવાની આ કમીટીમાં કઈ યોગ્યતા કે તાકાત છે? અહિં આપને યાદ આપવાની જરૂર છે કે એ ઠરાવો પણ વડોદરા સરકારનો કાયદો અટકાવવાના હેતુથી જ કરવામાં આવ્યા હતા. એ વખતની મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહીએ એ ઠરાવો બીલકુલ અપુરતા ગણીને વખોડી કાઢયા હતા અને વડોદરા સરકારે આ વર્ગના સખ્ત વિરોધને અવગણીને બાલદીક્ષાની અટકાયત કરતો કાયદો કર્યો હતો. મુનિસંમેલનના દીક્ષાવિષયક ઠરાવોનો આ ઇતિહાસ છે. આજે પણ એ જ વર્ગના નાયકો મુનિસંમેલનના ઠરાવોના નામે સમાજની આંખે પાટા બંધાવવા નીકળ્યા છે. દુનિયા આજે છેલ્લાં પચ્ચાસ વર્ષ દરમિયાન વધારે દેખતી થઇ છે. સમાજ હવે છેતરાય એવી જે કોઈ આશા રાખે તેને જ નિરાશા સાંપડવાની છે. આટલી આલોચના સાથે શરૂઆતમાં રજુ કરેલ ઠરાવને આપના અનુમોદન અને સમર્થન માટે રજુ કરું છું."

શ્રી જૈન મહિલા સમાજના મંત્રી **શ્રી લીલાવતીબહેન દેવીદાસે** પ્રસ્તુત ઠરાવનું અનુમોદન કરતાં જણાવ્યું કે "દીક્ષા એ તો કાચો પારો છે. તેને પચાવવો એ સાધારણ માણસનું કામ નથી. આવી અતિ કઠણ અને અનેક ગંભીર જવાબદારીઓથી ભરેલી દીક્ષા એક ગરીબ ઘેટા જેવા બાળકને આપવામાં આવે તે પાછળ શું સમજણ કે દીર્ઘદૃષ્ટિ હશે તે મારી કલ્પનામાં આવતું નથી. આપણે સાધુસંસ્થાના જરૂર પક્ષકાર છીએ અને દીક્ષાના આપણે કોઈ અંશમાં વિરોધી નથી. પણ આપણને જોઇએ છીએ સાચા, પ્રાણવાન તેજસ્વી સાધુઓ. નિર્માલ્ય સાધુઓની પાંજરાપોળ જેવી સાધુસંસ્થા અમને ખપતી નથી, આ માટે પરિપકવ ઉમરની યોગ્ય વ્યકિતઓને પૂરી તૈયારી બાદ દીક્ષા અપાય તે અત્યન્ત જરૂરી છે."

ત્યાર બાદ **શ્રી રસિલાલ ચીમનલાલ કોઠારીએ** બાલદીક્ષા સામે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ૨૫ વર્ષ પહેલાં ચલાવેલી ઝુંબેશના કેટલાંક સ્મરણો રજુ કરતાં જણાવ્યું કે "ધર્મના નામે અસ્પૃશ્યતા, બાળલગ્ન, સતી, અને બાલદીક્ષા જેવી અનિષ્ટ રૂઢિઓ સદીઓ સુધી ચાલી શકતી હોય તો મારો પ્રશ્ન છે કે આવો ધર્મ એ ખરેખર ધર્મ જ છે કે માનવવિકાસને રૂંધી નાખતું ઝેર છે ? ધર્મના સાચા સ્વરૂપને સમજવા માટે આપણે ધર્મની કહેવાતી વાતો અને ધર્મના હાર્દમાં રહેલી સાચી વાતોનો વિવેક કરવો જોઇએ અને જે ચોખ્ખી સામાજિક બાબતો હોય તેને ધર્મ સાથે જોડવી ન જોઇએ.

"મુનિ સંમેલનના ઠરાવોનું પાલન કરાવવા માટે ૧૧ ભાઇઓએ માથે લીધું છે એ જાણીને મને આશ્ચર્ય થાય છે. આ ૧૧ ભાઇઓને આ મુનિરાજોનો શું અનુભવ નથી ? તેમણે કયે દિવસે કોઇની પણ વાત સાંભળીને જમાનાને અનુરૂપ બોલવા, ચાલવાની કે વર્તવાની બાબત સ્વીકારી છે ? અને આ મુનિસંમેલનના ઠરાવમાં બીજું જે કાંઈ હોય તે ખરૂં પણ બાલદીક્ષાની અટકાયતનું તો તેમાં નામનીશાન નથી. આવી વાતથી કોઇએ પણ છેતરાવાની જરૂર નથી. આ બીલને મકકમપણે ટેકો આપવા અને તે સંબંધમાં જરૂરી લોકમત સંગઠિત કરવા આપ ભાઇબહેનોને મારી પ્રાર્થના છે."

અમદાવાદ જૈન યુવક સંઘના પ્રમુખ **શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહે** પ્રસ્તુત ઠરાવને અનુમોદન આપતાં જણાવ્યું કે "આ બીલના વિરોધીઓ તરફથી એક એવું વાતાવરણ ઉભું કરવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે કે જેથી બહારથી જોનારને એવી જ છાપ પડે કે આખો જૈન સમાજ આ બીલને અત્યન્ત પ્રતિકુળ છે. થોડા સમય

પહેલાં આ બીલ રજુ કરનાર શ્રી પટવારી અમદાવાદમાં મને મળ્યા હતા અને કાગળોનો એક મોટો ઢગલો તેમણે મારી આગળ ધરીને જણાવ્યું કે જુઓ તો આ લોકો એકસરખા તારો અને કાગળો લખવા મોકલવા પાછળ પૈસાનું કેટલું બધું પાણી કરે છે? આ બધો ઢગલો તેમને તેરાપંથી સમાજ તરફથી મળ્યો હતો. આવું શ્વેતાંબર સમાજના ચોકકસ વર્ગ તરફથી પણ ચાલી રહ્યું છે અને શ્રી પટવારી ઉપર દબાણ લાવવાના અઢળક પ્રયત્ન થઈ રહ્યા છે. આમ છતાં પણ જૈન સમાજના સીધા સંપર્કમાં જેઓ આવેલ છે તેઓ એકમતે કહી શકે તેમ છે કે આ વિરોધને વિચારક વર્ગનો બહુ ઓછો ટેકો છે.

"આ વિરોધીઓ હેમચંદ્રાચાર્ય કે એવા અન્ય કોઇ વિશિષ્ટ આચાર્યનો દાખલો આપીને બાલદીક્ષાની હિમાયત કરે છે; પણ આવા એકલ અટુલા દાખલાથી કશું પુરવાર થતું નથી. આ પ્રમાણે કોઇ બાળવયમાં લગ્નથી જોડાયેલ હોય અને એમ છતાં જેણે નામ કાઢયું હોય એવા કેટલાક દાખલાઓ રજુ કરીને બાળલગ્નનું પણ સમર્થન કરી શકાય છે અને શું એ ઉપરથી આપણે બાળલગ્નનો કાયદો સરકારને ભુંસી નાખવા કહીશું? પ્રશ્ન તો એ છે કે કોઇપણ બાળકને તેની બાળવયથી જેમાંથી કદિ ન ચસકી શકે એવા આજીવન દીક્ષાવ્રતથી બાંધી લેવાનો કોઇને પણ અધિકાર છે ખરો? હરગીજ નહિ.

"અમે આજ સુધી અનેક બાલદીક્ષિતોને દીક્ષાના બંધનથી મુક્ત કર્યા છે. એમ છતાં પણ આજે જૈન સમાજના આગેવાનો બાલદીક્ષાની હિમાયત કરવા નીકળ્યા છે તે જોઇને તેમને પૂછવાનું મન થાય છે કે તમે ૧૯૫૫માં જીવો છો કે ૧૯૨૫ની સાલમાં?"

**શ્રી પ્રવીણચંદ્ર શાહે** જણાવ્યું કે "આ બીલના વિરોધ કરનારા એમ જણાવે છે કે અમે બાલદીક્ષાના વિરોધી છીએ, પણ સરકાર આપણા ઉપર આવો અંકુશ મૂકે એ અમને પસંદ નથી એટલા માટે અમે આ બીલનો વિરોધ કરીએ છીએ. પણ આ તેમનું કહેવું જરા પણ વિશ્વાસયોગ્ય નથી. અંદરથી તેઓ બાલદીક્ષાના પક્ષકાર છે પણ પોતે જુનવાણી વિચારના ન લેખાય એટલા માટે તેઓ આમ કહેતા હોય છે.

"આ બીલમાં ૧૮ વર્ષની વયમર્યાદા જણાવેલી છે, પણ મારી દૃષ્ટિએ એ હજુ કાચી ઉમ્મર છે. કાયદામાં ૨૧ વર્ષને પુખ્તવય ગણે છે અને મારા અભિપ્રાય મુજબ આ બીલને પણ એ મુજબ સુધારીને ઉમ્મર વધારવી જોઇએ."

ત્યાર બાદ મુંબઇની પ્રાન્તિક મહાસભા સમિતિના સભ્ય અને કચ્છી સમાજના એક આગેવાન **શ્રી લીલાધરભાઈ પાસુ શાહે** જણાવ્યું કે "આજે આ બીલનો આપણા સમાજમાં જે વિરોધ ચાલી રહ્યો છે તેનો આપણે પૂરેપૂરો સામનો કરવો જોઇએ, મોટા પાયા ઉપર પ્રચારકાર્ય હાથ ધરવું જોઇએ અને આ બીલની આજે પૂરી જરૂર છે એમ સરકાર સમક્ષ આપણે પુરવાર કરી આપવું જોઇએ."

શ્રી સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહના મંત્રી અને સ્થાનકવાસી સમાજના આગેવાન **શ્રી ટી. જી. શાહે** આવી બાલદીક્ષા કેવા અનર્થો અને છળ પ્રપંચથી ભરેલી હોય છે અને દીક્ષા લેનારની કૌટુંબિક કટોકટીભરી પરિસ્થિતિ વિષે કેવળ નિષ્ઠુર બનીને નાની તેમ જ મોટી ઉમરની વ્યકિતઓને કેવળ શિષ્યો એટલે કે પોતાની સેવા કરનાર ગુલામો વધારવાની અને અન્ય સમાજ ઉપર એ રીતે પ્રભાવ પાડવાની વૃત્તિથી દીક્ષાઓ આપવામા આવે છે તે સંબંધમાં પોતાના જાતઅનુભવના કેટલાક દાખલાઓ આપીને પ્રસ્તુત બીલનું સમર્થન કર્યું.

**શ્રી શાન્તિલાલ સાલદ્દા**એ જણાવ્યું કે "આ કાયદો દીક્ષાનો કોઇ પણ પ્રકારનો રોધ કરનારો નથી, પણ માત્ર વયમર્યાદા નકકી કરી આપે છે અને તે પાછળ એટલો જ હેતુ છે કે દીક્ષા લેનાર વ્યકિતમાં આત્મનિર્ણય કરવાની યોગ્યતા હોવી જ જોઇએ જે આઠ દશ વર્ષના બાળકમાં કદિ પણ સંભવે જ નહિ. મને તો ૧૮ વર્ષની ઉમ્મર પણ આ માટે પૂરતી લાગતી નથી."

**શ્રી વેણીબહેન કાપડિયા**એ જણાવ્યું કે "કોઈ એક અપવાદજનક દાખલા ઉપરથી બાલદીક્ષાની નિર્દોષતા કે અનાવશ્યકતા પુરવાર થઇ ન જ શકે અને ગમે તે ઉમ્મરના બાળકને દીક્ષા આપી ન શકાય. આવી અનિષ્ટ પરિસ્થિતિ જ્યાં ચાલતી હોય અને સમાજ તે સામે આંખ આડા કાન કરતો હોય ત્યાં રાજ્યે વચ્ચે પડવું જ જોઇએ અને બાલ પ્રજાને પૂરું રક્ષણ આપવું જોઇએ. પ્રસ્તુત બીલનો માત્ર આજ આશય છે અને તેને આપણ સર્વેએ પૂરો ટેકો આપવો જોઇએ."

**શ્રી સારાભાઈ શાહે** અનુમોદન આપતાં સ્વર્ગસ્થ સાક્ષર શ્રી વાડીલાલ મોતીલાલ શાહને અને તેમણે લખેલા 'જૈન દીક્ષા' નામના પુસ્તકને યાદ કર્યાં અને જણાવ્યું કે "આવા અગત્યના બીલ સામે વિરોધ અથવા તો સમાજની ઉદાસીનતા જોઇને મને બહુ દુઃખ થાય છે. જૈન સમાજ જેવી નિષ્ક્રિયતા કોઇ સમાજમાં હું જોતો નથી. આ બીલ આજે પસાર થાય કે આવતી કાલે—બાલદીક્ષાના અનિષ્ટનો અન્ત આવવો જ જોઇએ. આ વિષયમાં હું બહુ ચિન્તા કરતો નથી, કારણ કે આ હકીકત દીવાલ ઉપર લખાઈ ચૂકી છે—કોઇ એ વાંચે યા ન વાંચે. માત્ર બાલદીક્ષા જ શા માટે? આજે ભારરૂપ બનેલી સાધુ સંસ્થા પણ જો પોતામાં મૌલિક ફેરફાર નહિ કરે અને પોતાના ચારિત્રને ઉન્નત અને સાચા અર્થમાં સમાજોપયોગી નહિ બનાવે તો તેની પણ હયાતીના દિવસો લખાઇ ચૂકયા છે. તેમણે અને આપણે પણ જો પોતાનો ઉધ્ધાર કરવો હોય તો તેમણે અને આપણે વિનોબાજીમાંથી જીવનદર્શન પ્રાપ્ત કરવું જોઇએ, એ ધોરણ ઉપર આખા સમાજનું નવઘડતર કરવું જોઇએ અને એ રીતે સમાજમાં નવી વીજળી—નૂતન કાર્યશકિત—પેદા કરવી જોઇએ."

ત્યાર બાદ અન્તમાં શ્રી સૂરજચંદ્ર ડાંગીએ પ્રસ્તાવનું અનુમોદન કરતાં હજુ હમણાં જ દીક્ષા લેવાને તૈયાર થયેલી એક દશ વર્ષની છોકરીને સમજાવીને કેવી રીતે તેને દીક્ષાથી પાછી વાળી અને આ સંબંધમાં તે છોકરી કેટલું બધું અજ્ઞાન અને ગેરસમજણ ધરાવતી હતી તેનું બયાન રજુ કર્યું.

ત્યાર બાદ પ્રસ્તુત ઠરાવ તે વિષે મત લેવાતાં સર્વાનુમતે પસાર થયેલો પ્રમુખ સાહેબ તરફથી જાહેર કરવામાં આવ્યો અને સભા વિસર્જન કરવામાં આવી.

## બાલસંન્યાસ-દીક્ષા-પ્રતિબંધક ધારો

સન ૧૯૫૫ ના ફેબ્રુઆરી મહિનાની ૨૩મી તારીખે મુંબઈ વિધાનપરિષદની મિટિંગમાં શ્રી પી. બી. પટવારી, વિ. સ. સ. ને હેઠળનો જે વિધેયક રજૂ કરવાની રજા આપવામાં આવી હતી તે વિધેયક મુંબઇના વિધાનપરિષદના નિયમોના નિયમ ૮૮ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે:—

### સન ૧૯૫૫નો વિધાનપરિષદનો વિધેયક નંબર ૩૦નો.

### બાળકને અપાતી સંન્યાસ દીક્ષા ઉપર પ્રતિબંધ મૂકવા માટે ઠરાવ કરવા બાબતનો વિધેયક

બાળકોની કુમળી વયનો દુરુપયોગ ન થાય અને બાલ્યાવસ્થા તથા યુવાનીને શોષણ વિરૂદ્ધ અને નૈતિક તથા ભૌતિક ત્યાગ વિરૂદ્ધ સંરક્ષણ મળે તેટલા માટે તરૂણ છોકરાઓ અને છોકરીઓને અપાતી સંન્યાસ દીક્ષા ઉપર પ્રતિબંધ મુકવા માટે ઠરાવ કરવો જરૂરી છે; વાસ્તે આ ઉપરથી ભારતના ગણરાજ્યના છઠ્ઠા વર્ષમાં હેઠળ લખ્યા પ્રમાણે કાયદો કર્યો છે:—

**૧. ટુંકું નામ, વ્યાપ્તિ અને શરૂઆત**

(૧) આ અધિનિયમને સન ૧૯૫૫નો મુંબઇનો બાળકોની સંન્યાસ—દીક્ષા—પ્રતિબંધક અધિનિયમ કહેવો.

(૨) તે આખા મુંબઇ રાજ્યને લાગુ પડશે.

(૩) આ કલમ તરતજ અમલમાં આવશે અને બાકીનો અધિનિયમ, રાજ્યની સરકાર સરકારી ગેઝેટમાં અધિસૂચના પ્રસિદ્ધ કરીને નકકી કરે તે તારીખે અમલમાં આવશે.

**૨. વ્યાખ્યાઓ**

આ અધિનિયમમાં વિષય અથવા સંદર્ભ ઉપરથી બીજો આવતો હોય તે સિવાય,—

(૧) "બાળક" એટલે, અઢાર વર્ષની ઉંમર કરતાં ઓછી ઉંમરની કોઇપણ સ્ત્રી અથવા પુરૂષ;

(૨) "કોર્ટ" એટલે, બૃહદ મુંબઇના પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટની કોર્ટ અને બીજી જગાએ પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટની કોર્ટ;

(૩) "સંન્યાસ દીક્ષા" એ સંજ્ઞાનો અર્થ કોઇપણ બાળકે દુન્યવી બાબતોનો ત્યાગ કરવો અને પોતાના કુદરતી કુટુંબના સભ્યો સાથેના સંબંધો તોડી નાંખવા અને કોઇપણ બાળકને કોઇપણ શખ્સે કોઇપણ નામે ઓળખાતા કોઇપણ ધાર્મિક પંથમાં સંન્યાસી યતિ, મુનિ, સૂરિ, યોગી વૈરાગી, મહંત, ચેલા, બ્રહ્મચારી, સાધુ, ફકીર, તપસ્વી, સંત તરીકે અથવા બીજા કોઇ પણ નામે દીક્ષા અપાવવી.

**૩. સંન્યાસ દીક્ષા અપાવવા બદલ અથવા સંન્યાસ દીક્ષાની વિધિ કરવા, ચલાવવા વગેરે બદલ શિક્ષા**

જે કોઇપણ શખ્સ કોઇપણ બાળકને સંન્યાસ દીક્ષા અપાવે અથવા કોઇપણ બાળકને સંન્યાસ દીક્ષા આપવાની વિધિ કરાવે, ચલાવે, સંચાલન કરે, ઉત્તેજે અથવા પરવાનગી આપે તેને ત્રણ મહિના સુધીની સાદી કેદની અને દંડની શિક્ષા થશે.

**૪. સંન્યાસ દીક્ષાવાળા સંબંધે ધરાવતા બાળકનો હવાલો ધરાવતા શખ્સ માટેની શિક્ષા**

(૧) જ્યાં કોઇપણ બાળકને સંન્યાસ દીક્ષા અપાવવામાં આવી હોય ત્યાં તે બાળકનો કાયદેસર અથવા ગેરકાયદેસર કબ્જો ધરાવનાર જે કોઇપણ શખ્સ, માબાપ અથવા વાલી તરીકે અથવા બીજા કોઇપણ દરજ્જામાં, સંન્યાસ દીક્ષાને ઉત્તેજન મળે તેવું કોઇપણ કૃત્ય કરે અથવા તે વિધિ કરવામાં પરવાનગી આપે અથવા તે વિધિ થતી અટકાવવામાં બેદરકારીભરી રીતે નિષ્ફળ જાય તેને ત્રણ મહિનાની સાદી કેદની અને દંડની શિક્ષા થશે.

(૨) આ કલમના હેતુ સારૂ વિરૂદ્ધમાં કોઇપણ પૂરવાર કરવામાં આવે તે સિવાય અને ત્યાંસુધી એમ અનુમાન કરવું કે જ્યાં કોઇપણ બાળકને સંન્યાસ દીક્ષા અપાવવામાં આવે ત્યાં એવા બાળકનો હવાલો ધરાવનાર શખ્સ સંન્યાસ દીક્ષા વિધિ થતો અટકાવવામાં બેદરકારીભરી રીતે નિષ્ફળ ગયો છે.

**૫. અધિનિયમ અન્વયેના ગુનાઓ બિન-વારંટી ગણવા**

આ અધિનિયમ અન્વયેના ગુનાઓ બિન-વારંટી ગણવા.

**૬. આ અધિનિયમનું ઉલ્લંઘન કરીને અપાતી સંન્યાસ દીક્ષાનો પ્રતિબંધ કરતો મનાઈ હુકમ કરવાનો અધિકાર**

(૧) આ અધિનિયમમાં વિરૂદ્ધમાં ગમે તે મજકુર હોય તે છતાં, કોર્ટને ફરિયાદ અથવા બીજી રીતે તેની સમક્ષ મૂકવામાં આવેલી માહિતી પરથી એમ ખાતરી થાય કે કોઇપણ બાળકની સંન્યાસ દીક્ષા ગોઠવવામાં આવી છે અથવા તે વિધિ કરવામાં આવનાર છે તો તે આ અધિનિયમની કલમો ૩ અને ૪માં જણાવેલા કોઇપણ શખ્સની સામે સંન્યાસ દીક્ષાનો પ્રતિબંધ કરતો હુકમ કરવાને મુખ્યત્યાર છે.

(૨) કોર્ટ, પોતાની ઇચ્છાથી અથવા કોઇપણ શખ્સની અરજી ઉપરથી એમ ફરમાવવાને મુખ્યત્યાર છે કે બાળકનો હવાલો ધરાવનાર કોઇપણ શખ્સ હોય તો તેણે, તે નક્કી કરે તે સ્થળે અને સમયે અને તેવા શખ્સ સમક્ષ એવા બાળકને રજૂ કરવું અથવા રજૂ કરાવવું અને તે બાળકની જાતના હવાલા અને સંરક્ષણ માટે તથા ખર્ચ માટે આદેશ કરવાને મુખ્યત્યાર છે.

**૭. બાળકની સંન્યાસ દીક્ષા રદબાતલ ગણવી**

બાળકની દરેક સંન્યાસ દીક્ષા રદબાતલ ગણવી.

**૮. કલમો ૩ અને ૪ અન્વયેના ગુનાઓ માટેની હકૂમત**

સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટની અથવા પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટની કોર્ટ કરતાં ઉતરતી કોર્ટે કલમ ૩ અથવા ૪ અન્વયેના ગુનાઓનો ઇન્સાફ આપવો નહિ.

**૯. કલમો ૩ અને ૪ અન્વયેના ગુનાઓ માટે પ્રદેશ બહારની હકૂમત**

સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટની અથવા પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટની કોર્ટ, બેમાંથી જેની હકૂમતની સ્થાનિક હદમાં આરોપ મૂકાયેલ શખ્સ મળી આવે તે કલમ ૩ અથવા ૪ અન્વયેના ગુનાઓનો ઇન્સાફ આપવાને મુખ્યત્યાર છે.

**ઉદ્દેશો અને કારણોનું નિરૂપણ**

કેટલાક અતિ ઉત્સાહી શખ્સો તરૂણ છોકરાઓ અને છોકરીઓને સાધુઓ અને સાધ્વીઓના પંથમાં દીક્ષા અપાવવાની પ્રવૃત્તિઓમાં, તે બાળકો એવી દીક્ષાનો ફલિતાર્થ અને પરિણામો સમજી ન શકતા હોવા છતાં અથવા તેનું તેમને ભાન ન હોવા છતાં, મચી રહે છે. કેટલાક કિસ્સાઓમાં આવી દીક્ષા, સમાજને ગંભીર પ્રત્યાઘાતો કરીને વ્યકિતઓ માટે અનિચ્છનીય પરિણામો ઉપજાવે છે.

વધુમાં કેટલાક કિસ્સાઓમાં તરૂણ છોકરાઓ અને છોકરીઓનું, શકમંદ ખ્યાતિ ધરાવતા શખ્સો, દીક્ષાના ઓઠા હેઠળ માબાપના સંરક્ષણમાંથી અપહરણ કરી જાય છે.

બાળકોની કુમળી વયનો દુરુપયોગ કરવામાં ન આવે અને શોષણ વિરુદ્ધ તથા નૈતિક અને ભૌતિક ત્યાગની વિરુદ્ધ બાલ્યાવસ્થા અને યુવાનીને સંરક્ષણ મળે એવી ખાતરી આપવા માટે આવી પ્રવૃત્તિઓ ઉપર અંકુશ રાખવા સારૂ તાત્કાલિક ઉપાય ઇચ્છનીય છે. બાળકને સંન્યાસ દીક્ષા અપાવવા બદલ અથવા તેની સંન્યાસ દીક્ષાની વિધિ કરવા, ચલાવવા, વગેરે બદલ શિક્ષા કરવાનો તેમજ સંન્યાસ દીક્ષાવાળા સંબંધે ધરાવતા બાળકનો હવાલો ધરાવતા શખ્સ માટે પણ શિક્ષા કરવાનો ઠરાવ આ વિધેયક કરવા ધારે છે. સંન્યાસ દીક્ષાને રદબાતલ ગણવા માટે પણ તેમાં ઠરાવ કરવામાં આવ્યો છે. બાળકની સંન્યાસ દીક્ષાની વિધિ થતી અટકાવવા માટેનો હુકમ કાઢવા માટે અને બાળકના હવાલા, સંરક્ષણ, વગેરે માટે આદેશ કાઢવા માટે પણ ઠરાવો કરવામાં આવ્યા છે.

# દીક્ષા અંગે મુનિ સંમેલનના ઠરાવો

(ઈ. સ. ૧૯૩૪ ના માર્ચ માસમાં અમદાવાદ ખાતે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના આચાર્ય શ્રી વિજય નેમિસૂરિના પ્રમુખપણા નીચે મળેલ જૈન શ્વે. મૂ. સાધુઓના સંમેલને દીક્ષા પ્રકરણ અંગે નીચે મુજબ ઠરાવો કર્યા હતા. તા. ૨૦-૮-૫૫ ના રોજ મુંબઈ ખાતે મળેલા બાલદીક્ષા પ્રતિબંધક બીલના વિરોધી જૈનોની સભાએ આ બીલ પડતું મૂકવાની માંગણી કરતાં મુનિ સંમેલનના આ ઠરાવોનો બીલના પ્રયોજક શ્રી પટવારીને સધિયારો આપ્યો છે અને એ ઠરાવોનું અનુપાલન જૈન સાધુઓ પાસે કરાવવા માટે અગિયાર આગેવાન જૈન શ્વે. મૂ. આગેવાનોની એક સમિતિ નીમી છે. પ્રસ્તુત બીલ અને મુનિ સંમેલનના ઠરાવો વચ્ચે રહેલ અસીમ અન્તરનો આ ઠરાવો જોતાં પ્રબુદ્ધ જીવનના વાંચકોને સ્પષ્ટ ખ્યાલ આવશે. **તંત્રી**)

આઠથી સોળ વર્ષ સુધી માતાપિતાની અથવા જે સમયે જે વાલી હોય તેની રજા સિવાય દીક્ષા આપી શકાય નહિ, કારણ કે ત્યાં સુધી 'શિષ્ય નિષ્ફેટિકા' લાગે છે.

આઠ વર્ષથી સોળ વર્ષવાળાની દીક્ષામાં દીક્ષા લેનારના માબાપ અથવા તો વાલીની લેખીત સંમતિ લેવી. જે ગામમાં દીક્ષા આપવાની હોય, ત્યાંના સ્થાનિક પ્રતિષ્ઠિત બે શ્રાવકો દ્વારા લેખિત સંમતિ પ્રમાણે લેખિત સંમતિ આપનાર—દીક્ષા લેનારના—ખરા માબાપ અથવા તો વાલી છે, તેનો નિર્ણય જે ગામનો તે હોય ત્યાં આદમી મોકલી નિર્ણય કરાવે અને નિર્ણય થયા પછી દીક્ષા આપવી. દીક્ષા લેનારની યોગ્યતાની પરીક્ષા સામાન્યરૂપે પોતે કર્યા પછી વધારે સંમતિને માટે ગચ્છવાળાએ

પોતાના સંઘાડા સિવાયના બીજા સંઘાડાના બે આચાર્યો અથવા તો વડીલોની પાસે યોગ્યતાની પરીક્ષા કરાવી સંમતિ મેળવી દીક્ષા આપવી.

(૧) દીક્ષા લેનારને દીક્ષા આપી ગ્રહણ શિક્ષા તેમ જ આસેવન શિક્ષા માટે સોળ વર્ષ પર્યંતની ઉમ્મર સુધી શ્રુત પર્યાયસ્થવીર સાધુઓની પાસે રાખવો યોગ્ય છે. જો તેના પિતાદિ નિકટ સંબંધી સાધુ થયેલ હોય અને તે તેની બરાબર રક્ષા કરી શકે તેમ હોય તો સાધુને એના પિતાદિની પાસે પણ રાખવામાં વાંધો નથી.

(૨) સોળ વર્ષ પછી દીક્ષામાં શાસ્ત્રોક્ત નિષ્ફેટિકા લાગતી નથી, તો પણ હાલનું આ આખું બંધારણ કેટલાક અંશે થયેલ અનિચ્છનીય વાતાવરણને લઇને ઠરાવરૂપે બાંધવામાં આવ્યું છે તેને જ અનુસરતું ઠરાવવામાં આવે છે કે સોળથી અઢાર વર્ષ સુધીના દીક્ષા લેનારને પણ તેના વાલીની રજા સિવાય હાલમાં દીક્ષા આપવી નહિ.

(૩) અઢાર વર્ષની પછીની ઉમ્મરવાળો દીક્ષા લેનાર માતા, પિતા, ભગિની, ભાર્યા વગેરે જે નિકટ સંબંધી હોય તેની અનુમતિ મેળવવા માટે તે તે પ્રયત્નો કર્યા છતાં પણ અનુમતિ ન મળે તો દીક્ષા લઇ શકે છે.

(૪) દીક્ષા લેનારને પોતાની સ્થિતિને અનુસારે પોતાના વૃધ્ધ માતાપિતા, સ્ત્રી અને નાનાં પુત્ર પુત્રીના નિર્વાહનો પ્રબંધ કરેલો હોવો જોઇએ.

(૫) દીક્ષા દેનારે દીક્ષા લેનારમાં અઢાર દોષ પૈકીના કોઇ દોષ ન હોય એ ધ્યાનમાં રાખવું.

(૬) દીક્ષા ઋતુ બધ્ધકાળમાં, તીથિ, નક્ષત્રાદિ મુહૂર્ત જોઈ શુભ દિવસે આપવી.

(૭) વયની અપેક્ષાએ અતિ વૃધ્ધાવસ્થા ન થાય ત્યાં સુધી દીક્ષા આપવી.

(૮) પદસ્થ; વડિલ કે ગુરૂ ત્રણમાંથી ગમે તે એકના પૂછ્યા સિવાય દીક્ષા આપવી નહિ.

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલુ માસની ૧૩ મી તારીખ અને મંગળવારથી શરૂ થશે અને ૨૦ મી તારીખ સુધી ચાલશે. હંમેશા સવારે ૮॥ વાગ્યે સભા શરૂ થશે અને હંમેશનાં બે વ્યાખ્યાનો ગોઠવવામાં આવશે. શરૂઆતના છ દિનસની સભાઓ ચોપાટી–ક્રેંચ બ્રીજ પાસે આવેલ બ્લેવાટ્સ્કી લોજમાં અને છેલ્લા બે દિવસની સભાઓ ક્વીન્સ રોડ ઉપર આવેલ રોક્સી થીએટરમાં ભરવામાં આવશે. આ વખતે ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદી, શ્રી મનુભાઈ પંચોળી, શ્રી નવલભાઇ શાહ, શ્રી યશવન્ત શુકલ, શ્રી ઉષાબહેન મહેતા, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, ડૉ. હીરાલાલ જૈન, શ્રી વીઠ્ઠલદાસ જેરાજાણી, ડૉ. મોતીચંદજી, શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ, ડૉ. આર્ડતિયા, પં. સુખલાલજી–આટલા વ્યાખ્યાતાઓ નિશ્ચિત થયા છે. છેલ્લા દિવસે મુંબઇ પ્રદેશના રાજ્યપાલ ડૉ. હરેકૃષ્ણ મહેતાબ 'સર્વોદય સમાજ રચના' ઉપર વ્યાખ્યાન આપશે. વિગતવાર કાર્યક્રમ હવે પછી દૈનિક પત્રોમાં વખતસર પ્રગટ કરવામાં આવશે. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

## પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને

આપને સવિનય વિજ્ઞપ્તિ કે આપનું વાર્ષિક લવાજમ જ્યારે જ્યારે પૂરું થાય છે ત્યારે પખવાડીઆ પહેલાં તે વિષે આપને યાદ આપવામાં આવે છે કે કાં તો આપનું લવાજમ રૂા. ૪ મનીઓર્ડરથી૨ મોકલી આપવું અથવા તો ગ્રાહક તરીકે ચાલુ રહેવાની ઇચ્છા ન હોય તો તુર્તજ પોસ્ટકાર્ડથી અમને જણાવવું. આમ છતાં કેટલાક ગ્રાહકો તરફથી નથી મનીઓર્ડર આવતો, નથી પત્ર બંધ કરવાનો કાગળ આવતો અને કાર્યાલય તરફથી વી. પી. કરવામાં આવે છે ત્યારે પાછું ફેરવવામાં આવે છે. પરિણામે વી. પી.નો ખર્ચ અને વહીવટી તકલીફ નકામી જાય છે. ત્રણ પૈસાનું કાર્ડ લખવાની ગ્રાહકોની આળસ અમને આ રીતે ભારે અગવડકર્તા અને નુકસાનકર્તા બને છે. તો આ સંબંધ ગ્રાહકો અમને વી. પી. કરવાની તકલીફ અને ખર્ચથી બચાવે એવી અમારી તેમને વિનંતિ છે. **વ્યવસ્થાપક, મુંબઇ જૈન યુવક સંઘ**

## 'कुछ' सुनता, 'कुछ' कहता जाऊँ !

( વજ્રેશ્વરી–પર્યટણ દરમિયાન રાત્રીના મળેલા સંગીત સંમેલનમાં જે કાવ્યે સૌને મુગ્ધ કર્યા હતા તે શ્રી સૂરજચંદ્ર ડાંગીએ સંભળાવેલું સ્વરચિત કાવ્ય ).

'कुछ' सुनता, 'कुछ' कहता जाऊँ !
विनिमय का संसार बना 'कुछ', लेता देता रहता जाऊँ !
'कुछ' सुनता 'कुछ' कहता जाऊँ !
इस 'कुछ' को 'कुछ' सब में पाऊँ,
'कुछ' माया को ब्रह्म बनाऊ;
'कुछ' कल्पित, 'कुछ' सत्य भावमें, 'कुछ' तिरता, 'कुछ' बहता जाऊँ !
कुछ सुनता, कुछ कहता जाऊँ ! ॥१॥
निज को ही 'कुछ' पर में खोऊं,
'कुछ' पर को निज ऊपर ढोऊं;
उस 'सब-कुछ' पर छोड सभी 'कुछ', 'कुछ' सुखदुःख तो सहता जाऊँ !
कुछ सुनता, कुछ कहता जाऊँ ! ॥२॥
'कुछ' रो लूँ, 'कुछ' लड लूँ मिल लूँ,
'कुछ' मन ही मन हस लूँ खिल लूँ;
चित की 'कुछ' चंचलता तज कर, 'कुछ' गहरापन गहता जाऊँ !
कुछ सुनता, कुछ कहता जाऊँ ! ॥३॥
'कुछ' तो करुणा का भूखा बन,
'कुछ' विराग से भी रूखा बन;
'कुछ' सपना-सा जग अपना लख, हिय* रस में लहलहता जाऊँ !
कुछ सुनता, कुछ कहता जाऊँ ! ॥४॥
'निज कुछ' को क्यों 'सब कुछ' मानूँ ?
द्रोह मोह क्यों मन में ठानूँ ?
जाति धर्म कुल वर्ग व्यूह के, दुःखद्वन्द्व सब दहता जाउँ !
कुछ सुनता, कुछ कहता जाऊँ ! ॥५॥
'कुछ' श्रुति से, 'कुछ' स्मृति से पाऊँ.
अनुभव के 'कुछ' धर्म बताऊँ;
सब शास्त्रों में सत्य दिखा 'कुछ' सबसे स्नेह निबहता जाऊँ !
कुछ सुनता, कुछ कहता जाऊँ ॥६॥
बस 'कुछ' ही 'कुछ' रहूँ सदा हीं,
'अति' न करूं क्यों हो विपदाही ?
सीधा सच्चा प्रेमी बनकर, मध्यमार्ग 'कुछ' गहता जाऊँ !
कुछ सुनता, कुछ कहता जाऊँ ॥७॥
सब 'कुछ' हो, पर निरतिरेक हो,
बस अपनी ही नहीं टेक हो;
ऐसा 'कुछ' सन्देश सुनाकर, संकट के गिरि ढहता जाऊँ !
कुछ सुनता, 'कुछ' कहता जाऊँ ॥८॥
जग में स्वार्थों का प्रचार है,
विषम भाव का अन्धकार है;
सूर्यचन्द्रकी दिव्य ज्योति में पंछी बन चहचहता जाऊँ !
कुछ सुनता, कुछ कहता जाऊँ ! ॥९॥
विनिमय का संसार बना 'कुछ', लेता देता रहता जाऊँ !
कुछ सुनता, कुछ कहता जाऊँ !

सूरजचंद्र डांगी

* हिय=हृदय

# સાહિત્યસ્વામી શ્રી રામનારાયણ પાઠકનું દુઃખદ અવસાન

તા. ૨૧–૮–૫૫ રવિવારના રોજ બપોરના દોઢ વાગ્યા લગભગ ગુજરાતના સુપ્રસિધ્ધ સાહિત્યકાર શ્રી રામનારાયણ પાઠક તેમનાં પત્ની શ્રી હીરાબહેન સાથે ચોપાટી ઉપર બસમાંથી ઉતર્યા અને હાર્વે રોડ ઉપર થઈને ચોપાટી રોડ ઉપર લેડી હિંદુ નોર્થકોટ ઓર્કનેજના કંપા-ઉન્ડમાં આવેલા પોતાના મકાન સમીપ આવતાં જરા ચક્કર આવતાં રસ્તામાં બેસી ગયા અને બેસવા સાથે તેમનો જીવનપ્રદીપ ઓલવાઇ ગયો. આવા–અકાળ નહિ, કારણ કે તેમની ઉમર ૬૮ વર્ષની હતી પણ–અચાનક અવસાનથી માત્ર તેમનાં પત્નીએ જ નહિ પણ ગુજરાત સૌરાષ્ટ્રભરમાં પથરાયલા તેમના અનેક મિત્રોએ અને સ્વજનોએ એક સખ્ત આઘાત અનુભવ્યો. બે વર્ષ પહેલાં તેઓ હૃદયરોગની લાંબી બીમારીમાંથી ઉગર્યા હતા અને ત્યાર બાદ તેમનું સ્વાસ્થ્ય એકસરખું સારૂં અને સૌ કોઇને નિશ્ચિન્ત બનાવે તેવું ચાલતું હતું અને આમ ને આમ ચાલે તો પાઠકને દશ વર્ષ સુધી જરા પણ વાંધો ન આવે એવી કલ્પના તેમના મિત્રો સેવતા હતા. તેમની સાહિત્યપ્રવૃત્તિ અખંડપણે ચાલતી હતી. જેની ગુજરાત રાહ જોઈ બેઠું હતું તે બૃહત્ પિંગલનો મહાગ્રંથ તૈયાર થવા આવ્યો હતો. બીજી અનેક જવાબદારીઓ તેઓ માથે લઇને બેઠા હતા. લેખક મીલનની દરેક સભામાં તેઓ નિયમિત હાજરી આપતા હતા. બીજાં પણ અનેક સંમેલનોમાં અને સભાઓમાં જ્યાં શક્ય હોય ત્યાં–તેઓ હાજર થતા હતા. અમદાવાદમાં હતા ત્યાં સુધી અમદાવાદના સાહિત્યકારોમાં તેઓ પ્રમુખસ્થાન શોભાવતા હતા; મુંબઈમાં સ્થિર થયા બાદ મુંબઇના સાહિત્યકારોના પણ તેઓ પ્રમુખ, વડિલ, મિત્ર અને માર્ગદર્શક બન્યા હતા. હજુ ત્રણ અઠવાડિયા પહેલાં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સભ્યો માટે વજ્રેશ્વરીનું એક પર્યટણ યોજવામાં આવ્યું હતું અને આ પર્યટણમાં તેમને તથા હીરાબહેનને સંઘના મહેમાન તરીકે નિમંત્રવામાં આવ્યા હતા. આ પર્યટણ રાતવાસા-પૂર્વકનું હતું. અગવડ સગવડનો કશો પણ વિચાર કર્યા સિવાય એક યુવાનના ઉલ્લાસથી તેઓ અમારી સાથે જોડાયા હતા. રાત્રીના નાસ્તો કરીને અમે એક મોટા હોલમાં એકઠા થયા ત્યારે પાઠક સહજસુલભ પ્રમુખસ્થાને ગોઠવાઈ ગયા હતા અને રાત્રીના સાડાબાર વાગ્યા સુધી ગીત ગાન અને વાર્તાવિનોદમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો. એ વખતે સ્વપ્ને પણ કોઇના મનમાં કલ્પના સંભવે ખરી કે આ અંકમાં પ્રગટ થતા એ વજ્રેશ્વરી પર્યટણના આનંદવર્ણન સાથે તેમના અવ-સાનકારણને આલેખવાનું પણ મારા નસીબમાં સર્જાયું હતું?

શ્રી રામનારાયણ પાઠક (જન્મભૂમિ)

શ્રી પાઠકને પહેલી વાર ભાવનગરમાં મળ્યાને આજે ૪૬ કે ૪૭ વર્ષ થવા આવ્યાં. તેઓ, શ્રી ગિજુભાઇ બધેકા, તથા શ્રી હીરાલાલ હરગોવિંદ પંડ્યા (સ્વ. અનંત પંડ્યાના પિતા)ના સમવયસ્ક હતા. ત્યાર બાદ મુંબઇમાં તેઓ એલ્. એલ્. બી.નો અભ્યાસ કરતા હતા અને ગીજુભાઇ અને મહાદેવભાઇ સાથે પરેલમાં રહેતા હતા ત્યારે પણ તેમને મળવાનું બનેલું. ત્યાર પછી તેમણે સાદરામાં કેટલોક સમય વકીલાત કરી અને પછી તો ગુજરાત વિદ્યાપીઠની સ્થાપનાએ તેમને અમદાવાદ બોલાવી લીધા અને શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રને ત્યારથી તે આજ સુધી તેઓ અખંડપણે વરેલા રહ્યા. અમદાવાદ જાઉં ત્યારે તેમને ભાગ્યે જ મળ્યા વિના રહેતો. વચ્ચગાળે કેટલોક સમય તેઓ મુંબઇ વીલેપારલે રહેલા ન્યારે તો તેમને ખૂબ મળવાનું બનતું. પાછા તેઓ અમદાવાદ ગયા. આજથી દશ વર્ષ પહેલાં તેમણે હીરાબહેન સાથે લગ્ન કરેલાં. આ લગ્ન ચોતરફ ભારે ટીકાને પાત્ર બનેલું. મેં પણ એ દિવસોમાં તે વિષે પ્રબુધ્ધ જૈનમાં એક પ્રતિકુળ નોંધ લખેલી. આમ છતાં તેમની સાથેનો મારો સંબંધ અસ્ખલિત સ્નેહભરેલો રહેલો. તેમને મળવાનું અને તેમની સાથે વાતો કરવાનું મને સતત આકર્ષણ રહેતું. કારણ કે તેઓ માત્ર સાહિત્યકાર નહોતા; તેઓ તત્વજ્ઞ અને ચિન્તક હતા; લલિતકળા-ઓના–ખાસ કરીને નૃત્ય અને સંગીતના–તેઓ મર્મજ્ઞ હતા. કાવ્ય–સાહિત્યના તો તેઓ અજોડ વિશારદ હતા. સામાજિક પ્રશ્નો વિષે તેઓ ઊંડું સંવેદન ધરાવતા હતા. તેઓ વિદ્વાન હતા અને એમ છતાં આજીવન વિદ્યાર્થી હતા. તેઓ એક વહેતી જ્ઞાનગંગાસમા હતા. તેમની પાસે બેસવું અને વાતો કરવી એટલે જ્ઞાનચિન્તનના પ્રવાહમાં ડુબકી મારવી. તેમની જ્ઞાનસમૃદ્ધિ અત્યન્ત વિપુલ હોવા છતાં તેમનામાં પાર-વિનાની નમ્રતા હતી. ભલમનસાઇ પણ અપર કોટિની હતી. મરતાને પણ મર કહે એ પાઠક નહિ. આ ભલમનસાઈ આપણને કદિ તેમની એક નબળાઇ જેવી પણ લાગે. તેમનામાં અપાર સૌહાર્દ હતું. હુંફાળા દિલનો ઉમળકો હતો. સાહિત્યના ક્ષેત્રમાં પ્રવેશ કરતા અનેક યુવક યુવતીઓના તે માર્ગદર્શક–રાહબર–હતા. તેઓ ગુજરાતનું એક પરમ સૌભાગ્ય હતા.

તેમની પ્રતિભા અનેક ક્ષેત્રોને સ્પર્શી હતી. તેઓ વિવેચક હતા. અર્વાચીન કવિતા સાહિત્ય, અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો, કાવ્યની શક્તિ, આલોચના, સાહિત્યાલોક વગેરે તેમનાં વિવેચનગ્રંથો ગુજરાતી સાહિત્યમાં મહત્વનું સ્થાન ધરાવે છે. તેઓ સિધ્ધ વાર્તાલેખક હતા. 'દ્વિરેફ'ની વાતો સાથે મૂકી શકાય એવા ગુજરાતી સાહિત્યમાં બહુ ઓછા વાર્તાસંગ્રહો છે. તેઓ ઉત્તમ કોટિના કવિ હતા. 'શેષ'ના નામથી તેઓ કાવ્યો લખતા. તેમણે મણિશંકર રત્નજી ભટ્ટની માફક બહુ ઓછાં કાવ્યો લખ્યાં છે, પણ તેનું મૂલ્ય બહુ મોટું છે. કાવ્યવિજ્ઞાન તેમનો ખાસ વિષય હતો. આ વિષયને લગતો ગ્રંથ બૃહત્ પિંગલ જે હવે પ્રગટ થવાનો છે તે ગુજરાતી સાહિત્યને તેમનો અનુપમ વારસો લેખાશે. આ ઉપરાંત તેમણેજ શરૂ કરેલા 'પ્રસ્થાન' માસિકમાં સ્વૈરવિહારના મથાળા નીચે વર્ષો સુધી હાસ્ય, વિનોદ, કટાક્ષ અને ચિન્તનથી ભરેલાં અનેક લેખો તેમણે લખ્યા હતા જેને આજે પણ પ્રસ્થાનના વાંચકો ખૂબ ભાવથી સંભારે છે.

આવી બહુવિધ પ્રજ્ઞાને ધારણ કરતા રામનારાયણ પાઠકના અવસાન સાથે ગુજરાતસૌરાષ્ટ્રે એક અપૂર્વ સાહિત્યસ્વામી ગુમાવ્યો છે; જગત્-ભરના વિશાળ સાહિત્યાકાશમાં શીતળ દ્યુતિ ધારણ કરતા તેજસ્વી તારકનો અસ્ત થયો છે, જીવનનાં અનેક ક્ષેત્રોને તેમણે પોતાની મૌલિકતાથી અજવાળ્યાં છે. ગુજરાતની વિશિષ્ટ સંસ્કૃતિ–નિર્માણમાં તેમણે એક ચિરંજીવી સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ પ્રસંગે હજુ પણ જેમનો કલ્પાન્ત બંધ થયો નથી તેવાં શ્રી હીરાબહેન સૌ કોઇની સહાનુભૂતિના અધિકારી બને છે. ત્રીશ વર્ષનું જેમની સાથે વયનું અન્તર હતું તેવી વ્યકિતને તેમણે પતિ તરીકે સ્વીકાર્યા ત્યારે તેમનું લગ્ન અનેક તર્કવિતર્કોને પાત્ર બન્યું હતું. આમ છતાં પણ તેમણે દશ વર્ષના લગ્નજીવન દરમિયાન જે પતિનિષ્ઠા બતાવી શ્રી પાઠકની તેમણે જે સેવા કરી અને ઉચ્ચ કોટિના સાહચર્યનું તેમણે જે દર્શન કરાવ્યું તે કારણે એ અસ્વાભાવિક દેખાતા લગ્ને પૂર્ણ સ્વાભાવિકતા પ્રાપ્ત કરી હતી. અહિં મારે કબુલ કરવું જોઇએ કે તેમણે એ રીતે અનેકના–અને મારા પણ–તર્કવિતર્કોને ખોટા પાડયા છે. પ્રસ્તુત કરૂણ ઘટનાની અનિવાર્યતા સ્વીકારીને તેઓ જલ્દિથી સ્વસ્થ બને અને ગુજરાતી સાહિત્યની અનેકવિધ સેવા કરીને શ્રી પાઠકના વારસાને તેઓ શોભાવે એવી તેમના વિષે આપણી શુભેચ્છા હો! શ્રી પાઠકના ભવ્ય આત્માને પરમ શાન્તિ પ્રાપ્ત થાઓ એવી આપણી પ્રાર્થના હો!

**પરમાનંદ**

# વજ્રેશ્વરી પર્યટણ

(શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ઓગસ્ટ માસની છઠ્ઠી તારીખે વજ્રેશ્વરી જવાનું એક પર્યટણ યોજવામાં આવેલું. વજ્રેશ્વરી મુંબઇથી ભીવંડી રસ્તે લગભગ ૫૫ માઇલ દૂર આવેલું એક રમણીય નિસર્ગતીર્થ છે. વજ્રેશ્વરીથી એકાદ માઇલ દૂર અખલોલી નામનું એક ગામડું છે અને તે ગામની બાજુએથી તાનસા નદી વહે છે અને એ નદીના પટમાં તેમ જ આજુબાજુએ ગરમ પાણીના અનેક ઝરાઓ છે. આ ઝરાઓમાં ઠીક સમય સ્નાન કરવાથી ચામડીના અમુક દર્દો તેમ જ સંધિવા, લકવો વગેરે વ્યાધિઓનું શમન થાય છે. અહિં ઉપચારાર્થે આવતા લોકો માટે અખલોલીમાં ચાર પાંચ સેનેટોરિયમો તેમ જ હોટેલો છે. અમારી પર્યટણ મંડળી ઓગસ્ટની છઠ્ઠી તારીખ શનીવાર સાંજે ચાર વાગ્યે મુંબઇથી ઉપડેલી; શ્રી વેલજી દેવણ છેડા સેનેટોરિયમ વર્ષાઋતુને લીધે લગભગ ખાલી હતું. ત્યાં અમારો ઉતારો હતો. પછીના દિવસે સાંજે અમારી મંડળી મુંબઇ પાછી ફરી હતી. આ ૨૮-૨૯ કલાકના પર્યટણને બહેન તારાએ નીચેના લેખમાં સુન્દર રીતે શબ્દ-ચિત્રિત કર્યું છે. વર્ણનવિસ્તાર જોતાં તેને બે હકતામાં પ્રગટ કરવા વિચાર થતો હતો, પણ એમ કરતાં આ ગદ્યકાવ્ય સળંગ વાંચવાનો આનંદ વિભાજિત થાય એ નહિ ગમવાથી અહિં સમગ્ર વર્ણન એક સાથે પ્રગટ કરવું ઉચિત ધાર્યું છે.

અમારા આ પર્યટણના આનંદમાં જેમણે મહત્વની પુરવણી કરી હતી એવા શ્રી રામનારાયણ પાઠક અને હીરાબહેનની જોડી આ વર્ણન જ્યારે પ્રગટ થઈ રહ્યું છે ત્યારે ખંડિત થઇ ચુકી છે અને શ્રી રામનારાયણ પાઠક વિદેહ થયા છે એ હકીકત પ્રસ્તુત પર્યટણનાં અનેક મધુર સ્મરણોને તીવ્ર અને ગ્લાનિયુક્ત બનાવે છે, અને કાળની ગતિ અકળ છે એ વાસ્તવિકતાની શ્યામ છાયા અમારા એ દિવસના આનંદ અને ઉલ્લાસને આવરી લે છે. **પરમાનંદ**)

માનવ માત્રમાં એક વિલક્ષણ વૃત્તિ રહેલી હોય છે. એક જ સ્થળમાં અને એક જ પરિસ્થિતિમાં લાંબો વખત રહીને માણસ કંટાળી જાય છે અને એનાં જીવન પર એને કાટ ચઢતો લાગે છે. એ કાટને દૂર કરવા અને જીવનમાં નવી તાઝગી મેળવવા માણસ જે સ્થળે રહેતો હોય છે તેના કરતાં જુદા જ સ્થળે અને જુદા જ વાતાવરણમાં જવાનું પસંદ કરે છે. શહેરમાં રહેનારને ગામડું જોવાનું મન થાય છે. ગામડામાં રહેનારને શહેર આકર્ષે છે. થોડો વખત નવા વાતાવરણમાં રહી એ થાક ઉતારે છે અને નવા નવા અનુભવોલાભ, નવીન પરિચયો સાધી પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરે છે. જે સ્થળે માણસ જાય છે એ સ્થળ એને ગમી જાય તો એની સાથે એની તો આત્મીયતા બંધાઇ જાય છે કે જ્યારે ફરીથી એ સ્થળે જવાનું થાય ત્યારે ખૂબ મમતાપૂર્વક અને ભક્તિભાવપૂર્વક પોતાના સ્વજનને જ મળવા જતો હોય એવો આનંદ એને થાય છે. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી વજ્રેશ્વરી પર્યટણનું નક્કી થયું ત્યારે મને પણ કંઇક આ પ્રકારની જ લાગણી થઈ. પાંચેક વર્ષ પહેલાં જ્યારે અમે વજ્રેશ્વરી ગયા હતાં ત્યારે ત્યાંના ઝરા, વનશ્રી, નહાના નહાના પહાડો, અને નદી એ બધું જ જોયું હતું અને એનું સૌંદર્ય માણ્યું હતું. જ્યારે ફરીથી જવાનું થયું ત્યારે બધાંય પુરાણાં સંસ્મરણો તાજાં થયાં અને એ ભૂમિનાં પુનર્દર્શનની આશાથી હૈયું હર્ષ અનુભવવા લાગ્યું.

તારીખ નક્કી થયા પછી પણ પર્યટણ બે વખત મુલતવી રહ્યું તેથી પ્રિયદર્શન લૂંટાઈ જતાં જેવું દુઃખ થાય તેવું દુઃખ પણ થયું. પરંતુ ઓગષ્ટની ૬ ઠ્ઠી તારીખે બપોરે ચાર વાગે બે બસ અને ત્રણ ચાર મોટરોમાં અમે આખરે ઉપડયાં ખરાં. રસ્તામાં, લગભગ પોણોસો વર્ષ પહોંચેલા શ્રી કુંગરશી ધરમશી સંપટથી માંડીને કેમે હાથ ન રહે એવા તોફાની બાળકો સુધીના આબાલવૃદ્ધ સહુ ભાઇ બહેનો લગભગ ૧૦૦ ની સંખ્યામાં વયભેદ ભૂલીને, પંખીના ટોળાની જેમ કિલ્લોલ કરતાં હતાં. પર્યટણના આનંદમાં, સમૂહ-ગીતોમાં અને વ્યક્તિગત વાતચીતમાં બધાં એટલાં તો મગ્ન હતાં કે સહુનેખબરાના આંચકા પણ જાણે સ્પર્શતા નહોતાં, એક પછી એક પરાંઓ વટાવતાં અમે થાણા સુધી તો પહોંચી પણ ગયા.



થાણામાં રવીન્દ્ર ઇન્ડસ્ટ્રી-ઝવાળા શ્રી રતિલાલ ઉજમશી શાહે અમારા માટે ચા નાસ્તાની બહુ સરસ વ્યવસ્થા કરી હતી. અમે ફેકટરીનાં કેન્ટીનમાં ગયાં ત્યાં મજુરપ્રધાન શ્રી શાંતિભાઈ, તેમનાં પત્ની, શ્રી રામ-નારાયણ પાઠક જેમને અમે પાઠક સાહેબના નામથી ઓળખીએ છીએ, તેમનાં સહધર્મિણી હીરાબહેન, ગીતાબહેન વગેરેને આગળથી આવીને બેઠેલા જોયા. શાંતિભાઇની તો ખબર હતી જ, પાઠક સાહેબવગેરેનો તો બિલકૂલ ખ્યાલ નહોતો. આ પર્યટણમાં સાહિત્યની પણ રસલ્હાણ મળશે એ ખ્યાલે એ સહુને જોઇ મને તો ખૂબ આનંદ થયો. મુંબઈ જૈન યુવક સંઘની અન્ય પ્રવૃત્તિની જેમ આ પર્યટણમાં પણ પાઠક સાહેબ અને હીરાબહેન જેવા જૈનેતર ભાઇબ્હેનોએ અને શાંતિભાઇ જેવા પ્રધાનથી માંડી પટાવાળા નારણ સુધીના જુદા જુદા દરજ્જાની વ્યક્તિઓએ ભાગ લીધો એ ખૂબ સૂચક હતું. કેન્ટીનમાં અમે ચા નાસ્તો કર્યો. અમારામાંના કેટલાકને શ્રી રતિભાઇએ પોતાની ફેકટરી ખૂબ પ્રેમપૂર્વક બતાવી.

ત્યાંથી અમે વળી પાછાં બસમાં આગળ વધ્યાં. થાણા ગયું એટલે મુંબઇની જાણે બધી જ ધમાલ પાછળ મૂકીને કોઇ નવા જ પ્રદેશમાં પ્રવેશ કર્યો હોય એવો અનુભવ થવા માંડયો. ચારે બાજુ જ્યાં નજર નાંખો ત્યાં ઘાસની લીલી હરિયાળી બિછાત, પવનથી ડોલતા વૃક્ષો, ઊંચે આકાશને છાયી દેતાં શ્યામરંગી વાદળ. વરસાદને કારણે આજુ-બાજુનાં શ્રમજીવી લોકોમાં પણ ચેતન અને ચપળતાએ સંચાર કર્યો હતો. આમ, વનમાં અને જનમાં વર્ષાએ પોતાના આગમનથી આનંદ પ્રગટાવ્યો હતો. બસની બારીમાંથી બહાર નજર નાંખતા સોહામણી સંધ્યા તરફ નજર ગઈ. મોટે ભાગે તો સંધ્યા સોનેરી લાલ રંગ ધારણ કરે છે. પણ આ સંધ્યાએ તો રૂપેરી રંગની વિમલ સુકુમાર શોભા ધારણ કરી હતી. આવી મનહર અને મનભર સૃષ્ટિને જોઇને વજ્રેશ્વરી પહોંચ્યા પહેલાં જ મન આનંદથી છલકાવા માંડયું. જે કે ધીમે ધીમે અંધારું વધતું ગયું તેમ તેમ બહારનાં દૃશ્યો દેખાતાં આછાં થતાં ગયાં, પરંતુ એ વાતાવરણમાં જ એવી તાઝગી અને સુગંધ ભરી હતી કે વગર જોયે પણ એને અનુભવી શકાય. ગમે તેવા અત્તર કે સેન્ટની સુગંધ માણો પણ પ્રથમ વર્ષા પછીની ધરતીની સુગંધને તોલે કોઈ ન આવે. સંભવ છે કે ધરતીમાં, જગતમાં દુર્લભ એવી માતાની મમતા અને જગત-ધાત્રીની પોષક વૃત્તિ બન્ને ભેગી મળી આ સુગંધ પ્રગટાવતી હોય. અમે આગળ ને આગળ વધતાં ગયાં અને અન્ધકાર પણ વધારે ને વધારે ઘેરો બનતો ગયો. હવે તો આસપાસનું કશું જ દેખાતું નહોતું.

અધારૂં વીંધતી અમારી બસ લગભગ સવા આઠે વઢવાણ શ્વરીના મંદિરની બાજુએ થઇને અખ્ખલોલીમાં આવેલા શ્રી વેલજી દેવણ છેડા સેનેટોરિયમ પાસે આવી પહોંચી. આ સેનેટોરિયમને તૈયાર થયાને હજુ બાર મહીના પણ થયા નથી. આ સેનેટોરિયમ મુંબઇના કચ્છી વીશા ઓશવાળ શ્રેય સાધક સમાજ તરફથી બંધાવવામાં આવેલ છે. આ સેનેટોરિયમ ઉભું કરવામાં શ્રી વેલજી દેવણ છેડાએ રૂા. ૩૧૦૦૦ ની રકમ આપવાની પહેલ કરી તેથી તેમના નામને આ સેનેટોરિયમ સાથે જોડવામાં આવ્યું છે. આ વેલજીભાઈ પણ અમારી સાથે જ હતા. આ સેનેટોરિયમની જમીન, બાંધકામ અને સાધનસામગ્રી પાછળ લગભગ રૂા. ૧૫૦૦૦૦ ખરચવામાં આવ્યા છે. ભોંયતળીયું અને ઉપરનો માળ એમ બે માળનું પથ્થર સીમેન્ટનું સુન્દર ડીઝાઇનવાળું મકાન છે. તેની અંદર ૧૭ ડબલ રૂમ છે અને બે સીંગલ રૂમ છે. મુખ્ય મકાનની બાજુએ એક નાનું મકાન છે. નીચે એક સાર્વજનિક વાંચનાલયની શરૂઆત કરવામાં આવી છે અને તેને ધીમે ધીમે એક પુસ્તકાલયમાં વિકસાવવાની ટ્રસ્ટીઓની ધારણા છે. ઉપર મોટો હોલ છે જ્યાં વઢવ્રેશ્વરી પર્યટણાર્થે આવતી મંડળીઓને બેસવા આરામ કરવા વગેરેની સગવડ આપવામાં આવે છે. આ સેનેટોરિયમ કચ્છી જૈન સમાજની એક સંસ્થા તરફથી બાંધવામાં આવેલ હોવા છતાં તેનો ઉપયોગ નાત જાતના કશા પણ ભેદભાવ સિવાય ગરમ પાણીના ઝરાના ઉપચાર માટે આવતા નિરામિષાહારી કુટુંબોને કરવા દેવામાં આવે છે.

આ સેનેટોરિયમ ઉપર અમે પહોંચ્યાં એ વખતે ઠીક ઠીક ભૂખ બધાને લાગી હતી. શ્રી લીલાવતીબહેને બધાંને ચા અને બિસ્કીટને પણ ભૂલાવી દે તેવા માંગરોળી થેપલાંનો પેટભરપૂર નાસ્તો કરાવ્યો. એ પછી અમે સહુ મુખ્ય ખંડમાં ભેગા થયાં. સ્વાભાવિક રીતે જ બધાં ભેગાં મળે એટલે ગાવાની કે વાતો કરવાની પ્રવૃત્તિ ચાલે. શ્રી ગીતાબહેનને ગાવાનો આગ્રહ કરતાં એમણે પંડિત સુખલાલજીને ઉદ્દેશીને પોતે જ રચેલું કાવ્ય 'તેજોમય અંધત્વ' ગાયું: આ આનંદસંમેલનમાં અણુજાણે પણ પંડિતજીને સૌથી પહેલાં યાદ કર્યા તે ખૂબ જ ઉચિત લાગતું હતું, સામાન્યતઃ આપણે આપણા કોઇ પણ શુભ કાર્યમાં સૌપ્રથમ આપણી પૂજનીય વ્યક્તિ કે દેવને યાદ કરીએ છીએ. અને પંડિતજી પણ સંઘની પ્રવૃત્તિ પાછળ એક જબરૂં પ્રેરક બળ છે. એ રીતે એમના સ્મરણથી જ શરૂઆત થઇ એ યોગ્ય જ થયું. એ પછી બીજાં ઘણાં ભાઇબહેનોએ ગાયું. એમાં સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના સંચાલક શ્રી સૂરજચંદ્ર ડાંગીજીએ કેટલાંક હિંદી, મારવાડી અને વ્રજભાષાના સુંદર કાવ્યો ગાયાં. અને આ કાવ્યો દ્વારા ખાસ કરીને મારવાડી અને વ્રજ-ભાષાની બલિષ્ઠતા અને સુંદર ભાવાલેખન તરફ અમારૂં ધ્યાન ખેંચાયું. આ કાવ્યો દ્વારા ડાંગીજીની વિદ્વત્તા અને સાહિત્યપ્રત્યેની અભિરૂચિ પ્રગટ થતી હતી. એક યુવાન વિદ્યાર્થી કચ્છી ભાઈ શ્રી ઠાકરસી લાલજી ગડાએ 'સાચો રૂપૈયો'નું ગીત ગાઈ ઠીક મનોરંજન પૂરૂં પાડ્યું. આ સંમેલનમાં સૌથી કોઇ વધારે ખીલ્યા હોય તો તે સંઘના પ્રમુખ શ્રી ભૂજપુરિયા. તેમણે મીરાંના બે પદો ગાયા. 'દેવળ જૂનું રે થયું' એ તો વૈરાગ્યસૂચક હતું પણ 'બાઇ રે હું તો બાળ કુંવારી' ગાઇને નર્મમર્મની રસલ્હાણ આપી બધાંને ખૂબ હસાવ્યા. શ્રી પાઠકસાહેબે પણ અપૂર્વ લાલિત્યવાળું અને પ્રસન્નમંગલદામ્પત્યનું નિદર્શક તેમનું પ્રખ્યાત કાવ્ય 'ઉમા મહેશ' સંભળાવ્યું. કાવ્ય સંવાદમાં લખાયેલું છે. એ કાવ્ય સંભળાવતાં જ્યારે પાઠક સાહેબ ભૂલી જતાં ત્યારે હીરાબહેન એમને યાદ કરાવતા અને એ બન્ને વચ્ચે સંવાદ ચાલતો. એ સાંભળતાં કાવ્યમાં વાસ્તવિક તત્ત્વ વધારે ભળતું. આ ઉપરાંત મેનાબહેન, હીરાબહેન, ઇન્દુબેન, પુષ્પાબહેન વગેરેએ સુંદર સંગીત દ્વારા અમને બધાંને ખૂબ આનંદ આપ્યો. અને શ્રી ટી. જી. શાહે પણ પોતાના રમૂજી કાવ્યો સંભળાવ્યા. આમ, ખૂબ ખૂબ આનંદ કર્યા પછી બાર વાગ્યે સહુ વિખરાયા અને સહુએ સૂવાની વ્યવસ્થા કરી. સૌ વિખરાયા છતાં આનંદનું ઘેન કેમે ઊતરતું નહોતું. તેથી વધુ આનંદ માણવા અને રાત્રીની શોભા જોવા અમે અગાસી પર ચડ્યાં. આખાયે પર્યટણની સાર્થકતા અમને આ વખતે લાગી. સામાન્ય રીતે પર્યટણ એટલે સવારના લોકોએ સમૂહમાં સાથે નીકળવું, ચોકકસ સ્થળે જવું, ખાવું, પીવું, ગાવું અને મજા કરી સાંજના પાછા આવવું એ રીતે આવાં પર્યટણો યોજાતા હોય છે. વળી જે સ્થળે અને જે સમયે ગયાં હોય છે તેનું મહત્ત્વ બહુ ઓછાં જાણતાં હોય છે અને માણતાં હોય છે. એક જ સ્થળ જુદે જુદે સમયે અને જુદી જુદી ઋતુમાં જુદું જુદું સૌંદર્ય ધારણ કરતું હોય છે. વેરાન રણ દિવસે પ્રવાસીને તાપથી અકળાવી મૂકે છે અને એ જ રણ એ જ પ્રવાસીને રાત્રે ચંદ્રના શીતળ રશ્મિનો સ્પર્શ થતાં ભવ્યતા અને સૌમ્યતાનો અનુભવ કરાવે છે. એક જ દૃશ્ય દિવસના અજવાળામાં કુરૂપ અને લજ્જાજનક લાગે છે એ જ દૃશ્ય રાત્રે સુરૂપ અને સોહામણું બને છે. શહેરમાં રાત્રી તો રોજ જોવા મળે છે પણ અહીંની રાતનું વાતાવરણ અને તાઝગી જ કોઇ અલૌકિક પ્રકારનાં હતાં. ઊંચે સ્નિગ્ધ-શ્યામલઘનઆચ્છાદિત આકાશ, સામે નજર નાખતાં દેખાતી ઝાંખી ઝાંખી પર્વતમાળા, દૂર દૂરથી ઝંકારતો આવતો નદીનો મીઠો મરમર રવ—આ બધું મનને કોઈ અનેરા આનંદથી ભરી દેતા હતા. અને તેમાંય પાસેનાં વૃક્ષો પર ઊડતાં આગિયા! જાણે કે આકાશના તારાઓ આવીને વૃક્ષ પર બેસી ન ગયા હોય! ગિરિ, મેદાન અને નભ વગેરે સૃષ્ટિના પૃથક ઘટકો રાત્રિપ્રકાશમાં પરસ્પર વિગલિત થઇ એવું એકત્વ ધારણ કરી રહ્યાં હતાં કે જાણે નખશિખ સુંદર કલાકૃતિ ન હોય! વદત્રીજની એ રાત હતી. અને પૂર્ણિમા તો ત્રણ દિવસ પહેલાં જ વીતી હતી. એટલે વૈભવ કમી થયા છતાં પણ પોતાનું તેજ ટકાવી રાખનાર કોઈ શ્રીમંત ગૃહરાજ્ઞીની જેમ આ રાત્રી પણ પૂર્ણિમાની તેજસમૃદ્ધિની સારી એવી ઝાંખી કરાવતી હતી. કોઇ પણ સમય-સ્થળને કરાળ અને સુંદર બન્ને સ્વરૂપો હોય છે. અને એ બન્નેની નિરનિરાળી શોભા હોય છે. આ રાત્રી પણ અત્યંત તેજસ્વી નહોતી. શ્યામરંગી મેઘથી છવાયેલી હોવાથી આસપાસની દરેક વસ્તુ ઝાંખી લાગતી હતી. છતાં પણ એમાં જે ચિત્તહારક સૌમ્યતાનું દર્શન થતું હતું તે હૃદયમાં મીઠી, સૌમ્ય અને અકળ સંવેદના જગાવી જતું હતું. એ સંવેદના કવિ સિવાય કોણ શબ્દસ્થ કરે? શ્રી પરમાનંદભાઇએ બે દિવસનું પર્યટણ યોજ્યું એને લીધે આવી સુંદર રાત્રી જોવા મળી. આ માટે પરમાનંદભાઇનો મનથી ઉપકાર માન્યો અને સાથે સાથે એમની ઉચ્ચ પ્રકારની રસદૃષ્ટિ માટે માન પણ થયું.

આવા અલ્હાદક અનુભવથી મસ્ત બની અમે પથારીમાં તો પડ્યા પણ કેમે કરી નયણાં બીડાય નહિ. ખૂબ ખૂબ વાતો કરવાનું જ મન થાય. અમે બધાંય વાતે વળગ્યાં. ઠંડા પહોરના ગપ્પા મારતાં ત્રણ થયાં અને છેવટે સાડાચાર પણ થયા. એ અવિધિસરની ચર્ચામાં આંતરરાષ્ટ્રીય બનાવોથી માંડી ને રસોઇ અને ઘાટી સુધીના ઘણા પ્રશ્નો અમે ચર્ચ્યા. છેવટે બીજાની ઊંઘમાં ખલેલ ન પહોંચાડવી જોઇએ એવું અત્યંત મોડેથી પણ ભાન થતાં અમે પરાણે સૂઈ ગયાં. રાતના ઉજાગરાથી સવારે વહેલા ઊઠી ન શકાયું અને પ્રભાતનાં સૌંદર્યદર્શનનો લહાવો અમે ગુમાવ્યો તેથી થોડો ખેદ પણ થયો.

લગભગ આઠેક વાગે ચા અને નાસ્તો લઇ અમે નદીમાં નહાવા ગયા. વઢવ્રેશ્વરીમાં કેટલાક લોકો મુખ્યત્વે તો ગરમ પાણીના કુંડમાં નહાવા આવે છે. આ કુંડના પાણીથી ચામડીના દર્દો દૂર થાય છે તેમ જ સંધિવા, લકવો વગેરે વ્યાધિથી પીડાતા દર્દીઓ સાજા થાય છે. અમારામાંના કેટલાંક કુંડમાં નહાવા ગયાં. અમે છ સાત બહેનો નદીમાં નહાવા ગયાં. ત્યાં પાટિયું લગાવ્યું હતું કે કોઇએ અહીં નહાવું નહિ. કારણ કે નદી દર વર્ષે ભોગ લે છે. પરંતુ અમે તો એ પાટિ-યાનો લાંબો વિચાર કર્યા વિના નિરાંતે નહાવા પડ્યાં. નદી અને એમાંએ ઊછળાતી વહેતી નદીનું આકર્ષણ અનેરૂં હોય છે. કોણ જાણે કેમ એનાં દર્શનમાં માતાની મમતા પામતાં હોઇએ એવો અનુભવ થાય છે. વળી શહેરમાં આમ નહાવાનો પણ લહાવો ન જ મળે ને? અમે તો એ નદીમાતા પર વિશ્વાસ રાખી નહાવા પડ્યા. નહાતા હતા એજ વખતે મેઘરાજા ખૂબ વરસ્યા, મેઘ એ પણ ધરતીનું જ સંતાન છે ને? તેની

અગણિત ધારાઓ નદીને સ્પર્શતી હતી તેથી જાણે બાળક દોડીને પોતાના અનેક બાહુ વડે માતાને ભેટતું ન હોય એવું લાગતું હતું. નદી પણ હર્ષથી ઉછળતી એને સત્કારતી હતી. એ વખતે આજુ બાજુ ઉપર નીચે પાણી જ પાણી, એ સિવાય કશું દેખાતું જ નહિ. આકાશ પૃથ્વીની જુદાઇ જ જાણે મેઘમાળે દૂર કરી અદ્વૈત સધાવ્યું હોય એવું ધન્ય દર્શન હતું એ ! નદીએ અમારામાંથી કોઇનો ભોગ તો ન જ લીધો. ઉલ્લાસનું અભેદ ભાવના અને મંગલ દામ્પત્યનું રમણીય ચિત્ર સર્જી અમારો સુંદર સત્કાર કર્યો. નાહ્યા પછી પણ અમને નદી કિનારે ગરમ ગરમ ચહા પીવા પણ મળી. એ ઉપરાંત બહેનોએ લગ્ન-ગીતોની સારી રમઝટ બોલાવી. પાસેના હોટેલના માલિકે પૂછ્યું પણ ખરૂં કે લગ્ન પર તો નથી આવ્યા ને ? આમ આનંદ કરતાં અને ગાતાં ગાતાં અમે અમારા મુકામે પાછા આવ્યા.

લગભગ એક વાગે અમે લગભગ સોએક ભાઇબહેનો બાજુના મકાનના મોટા હોલમાં એક પંગતે જમવા બેઠા. જાણે જાન જમવા બેઠી હોય એટલી વાનગીઓ અને એવી સરભરા ! શ્રી લીલાવતી બહેને પુષ્કળ જહેમત ઉઠાવી વ્યવસ્થામાં જરા પણ ઉણપ આવવા દીધી નહોતી અને રસોઇ પાછળ એમણે એટલી તો મહેનત કરી હતી કે ઇતર પ્રવૃત્તિમાં ભાગ લેવાની એમને ફૂરસદ પણ નહોતી. અમારી મંડળીમાના એક ભાઇએ એમનું નામ અન્નપૂર્ણા પાડ્યું છે તે ખરેખર યથાર્થ છે. લીલાવતીબહેન ન હોય તો આવી સગવડ સાચવવી એ ખૂબ જ અઘરૂં પડે. અને ખીમજીભાઇ છેડા ! એતો વ્યવસ્થાનો આખોય બોજો માથે ઉપાડીને દોડા દોડ કરતા હતા. અને એમની મહેનત અને કાળજીથી જ અમને આટલી સુંદર સગવડ મળી હતી. પર્યટણની વિશિષ્ટતા એ હતી કે કોઇને સમય કે સ્થળનું બંધન નહોતું. બધાં જ નિર્બંધ રીતે-મુક્તપણે વિહરતાં હતાં અને માણતાં હતાં અને છતાંયે બધું વ્યવસ્થિત. વખતસર બધાંય હાજર થઇ જાય. અને કામ બધું યે કોઈ પણ જાતની ધમાલ કે અકળામણ વિના સુંદર રીતે પતી જાય.

જમ્યા પછી શાંતિભાઇનો વાર્તાલાપ ગોઠવ્યો. સામાન્યતઃ ઊંચા આસનેથી જ શાંતિભાઇને સાંભળવા માટે અમે ટેવાયા હતા. તેને બદલે ધરઆંગણે માણસ ડગલો અને ટોપી ઉતારી નિરાંતે વાર્તા કરે એમ એમણે સહુની સાથે વાતો કરી. એમાં એમણે ખાસ કરીને આંતરરાષ્ટ્રીય મજુર સંસ્થા, તેનું બંધારણ, તેની કાર્યપ્રણાલી વગેરે વિષે કેટલીક રસભર માહિતી આપી. અને સંસ્થાઓના સંમેલનમાં બનતા કેટલાક રસિક અને હાસ્યજનક બનાવો વર્ણવી ખૂબ હસાવ્યા. આ વાર્તાલાપ દરમિયાન જ અમે ચા કોફી પી લીધાં.

આ કાર્યક્રમ પતાવ્યા પછી અમે મુંબઈ તરફ પાછા ફરવા માટે સહુ સહુની બસમાં બેસવા બહાર નીકળ્યા. મુંબઇથી અહિં આવતી વખતે દરેકના મોઢા ઉપર જે ભાવ હતા એના બદલે પર્યટણનો આનંદ માણ્યા પછી જુદી જ તૃપ્તિ અને તાજગી સહુના મોઢા ઉપર તરવરતી હતી. મુંબઇથી વજ્રેશ્વરી આવવાના બે રસ્તા છે. એક તો થાણા ભીવંડી થઇને અને બીજો વસઇ બાજુએ. આ વસઇ બાજુના બીજા રસ્તા ઉપર બે કે ત્રણ માઇલ દૂર ગણેશપુરી નામનું એક ગામડું છે. ત્યાં પુરાણું એક શિવાલય છે. અને એ શિવાલયની બાજુએ એક નિત્યાનંદ નામના તપસ્વી રહે છે. તે લગભગ નગ્ન અવસ્થામાં રહે છે; ભાગ્યે જ બોલે છે. તેનાં દર્શને અનેક લોકો અનેક દિશાઓથી આવે છે. અમે પણ મુંબઈ જવા માટે ભીવંડી તરફના રસ્તા પર વળવાને બદલે વસઈ તરફના રસ્તા ઉપર ચાલ્યા અને અનેક ઢાળ ઢોળાવ વટાવતાં ગણેશપુરી પહોંચ્યા અને આ સ્વામીજીના દર્શનાર્થે તેઓ મંદિરના જે વિભાગમાં રહે છે ત્યાં ગયા અને તેમનાં દર્શન કર્યાં. એમના વિષે અમારા મન ઉપર કોઇ છાપ ન પડી. ત્યાર બાદ મંદિર જોયું. અહિં પણ અખ્ખોલી જેવા ગરમ પાણીના કુંડો છે અને અનેક લોકો નહાવા માટે આવે છે. બાજુએ ડો. કોઠાવાળાનું સેનેટોરિયમ અને ક્લીનીક છે. પણ વખતના અભાવે અમે ત્યાં જઇ ન શકયા.

ત્યાંથી પાછા ફરતાં અમે વજ્રેશ્વરીનાં મંદિર પાસે થોભ્યા. કેટલાંક તીર્થસ્થળોની જેમ આ મંદિર પણ ખૂબ ઊંચે બાંધવામાં આવ્યું છે. અમે બધા પગથિયાં ચડીને માતાનાં દર્શન કરવા ગયા. પરંતુ મૂર્તિની આસપાસ અંધારૂં ખૂબ હોવાથી કશું સ્પષ્ટ દેખાતું નહોતું. પ્રશ્ન થયો કે દેવના ધામમાં પણ અંધારૂં ? પરંતુ તરત જ ક્રિલસૂક્ત ગીતાબહેન મારી મદદે આવ્યા અને જવાબ આપ્યો કે સંસારની કાલિમાથી પાર જઇને જ ઇશ્વરને શોધવાના હોય છે તેનું જ નિદર્શક કદાચ આ અંધારૂં હોય. નીચે ઊતરતા ગીતાબહેને બહારના સુંદર દૃશ્ય તરફ પણ મારૂં ધ્યાન ખેંચ્યું. દૂર દૂર ભેખડ વચ્ચેથી વળાંક લેતી શાંતનીરા નદીનો રૂપેરી પટ સુંદર લાગતો હતો. આ એ જ નદી હતી કે જ્યાં સવારે માતાના ખોળામાં રમતા હોઇએ તેમ અમે નહાયા હતા. તેને મનોમન પ્રણામ કરી અમે આગળ વધ્યા. રસ્તામાં ચારે બાજુ લીલી હરિયાળી બિછાત અને ટૂંકું ટૂંકું ઘાસ પવનથી નાચતું જોયું. કવિ કલાપીને તો દરિયાવની મીઠી લહર પર ઇશ્વરની સવારી ચાલતી દેખાતી હતી. મને થયું કે પવનથી ડોલતા આ ઘાસ પર પણ એ સવારી નહિ ચાલતી હોય ?

આમ, કુદરત જોતાં કલ્લોલ કરતાં અમે આગળ વધ્યાં. ઘડીકમાં વાતો કરીએ. ઘડીકમાં વળી બારી બહાર ડોકું કાઢી સૃષ્ટિસૌંદર્ય માણીએ. આ વખતે એક જ બસમાં બધા બહેનો હોવાથી અંતકડીની ફીક રમઝટ બોલી. યુવાન અને પ્રૌઢ બધા બહેનોએ તેમાં ઉલ્લાસપૂર્વક ભાગ લીધો.

આમ, આનંદ લૂંટતાં અને લુંટાવતાં અમે લગભગ રાત્રે નવ વાગ્યે મુંબઈ પહોંચ્યાં. **તારાબહેન શાહ**

## સંઘના સભ્યોને

જે સભ્યોએ સંઘનું વાર્ષિક લવાજમ હજુ સુધી ભરેલ ન હોય તે સભ્યોને આગામી પર્યુષણ વ્યાખ્યાનસભાઓ દરમિયાન પોતપોતાનું લવાજમ વસુલ આપવા વિનંતિ છે. આ સંબંધમાં તેમને અવારનવાર યાદ આપવામાં આવ્યું છે અને આ રીતે તેમને ફરીથી યાદ આપવામાં આવે છે. લવાજમ વખતસર નહિ ભરવાના પ્રમાદનો ત્યાગ કરવા તેમને અમારી આર્થહભરી વિનંતિ છે. **વ્યવસ્થાપક, મુંબઇ જૈન યુવક સંઘ**

**વિષય સૂચિ** **પૃષ્ઠ**

બાલદીક્ષા અટકાયતી ધારાને જૈનોનું સમર્થન ૮૧
બાલસંન્યાસ-દીક્ષા-પ્રતિબંધક ધારો ૮૪
દીક્ષા અંગે મુનિ સંમેલનના ઠરાવો ૮૫
'કુછ' સુનતા, 'કુછ' કહતા જાઊં ! સૂરજચંદ્ર ડાંગી ૮૬
સાહિત્યસ્વામી શ્રી રામનારાયણ પાઠકનું દુઃખદ અવસાન પરમાનંદ ૮૭
વજ્રેશ્વરી પર્યટણ તારાબહેન શાહ ૮૮

## સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કીંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।=
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે
કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।=

## પ્રબુદ્ધ જૈન તથા પ્રબુદ્ધ જીવનની ફાઇલો

કીંમત રૂા. ૬, પોસ્ટેજ ૦।=

## ઋષભદેવ-ચરિત્ર ચિત્રાવલિ અંક

કીંમત રૂા. ૦।, પોસ્ટેજ ૦।-

પ્રાપ્તિસ્થાન :
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૫૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૧૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧૫, ૧૯૫૫, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## શાન્તિનો માર્ગ

( હિંદના મહાઅમાત્ય જવાહરલાલનું એક લાક્ષાણિક પ્રવચન. અનુવાદ કરનાર શ્રી મેનાબહેન નરોત્તમદાસ. )

આજકાલ દુનિયામાં લડાઇ અને ઝગડાની ચર્ચા ખુબ થયા કરે છે. એટમ બોંબની શોધ થયા પછી વળી વિશેષ થાય છે. પરિણામે જગતમાં બહુ જ ઓછા દેશ એવા છે કે જે ભયભીત અને વ્યાકુળ ન રહેતા હોય. વળી વિલક્ષણતા એ છે કે જેમ દેશ મોટા તેમ તેનો ડર પણ મોટો. આ ડરનો માર્યો એક દેશ શસ્ત્રસામગ્રી સજ્જ કરવાના ઉદ્યોગો ખીલવે છે, છુરા તેજ કરવા લાગે છે તો તેને જોઇને બીજો ભાઇબંધ પણ પોતાનું ચાકુ કાઢીને ઘસવા મંડી પડે છે. બધા એક બીજાથી જાણે ભડકે છે. કોઇક જ દેશ એવો હશે કે જે વિશાળતાના પ્રમાણમાં ભારત ધરાવે છે તેટલો ઓછો ડર ધરાવતો હશે. વાસ્તવિકતામાં હિંદુસ્તાનને કોઇનો ડર જ નથી. આ કંઈ ગુમાનની વાત નથી કે હું ખોટું ગુમાન કરું.

હું તમને બતાવું કે આનું કારણ શું છે. પહેલું તો એ કે આપણે ડરીએ શા માટે ? આપણે આપણી નીતિ એવી ચોકખી રાખી છે કે આપણને કોઇની સાથે વેર ઝગડા નથી. એટલે કોઈ દેશને આપણા ઉપર હુમલો કરવાનું કારણ નથી. છતાં કદાચ જો કોઈ હુમલો કરવાનો વિચાર કરે તો બધા સમજે છે કે આપણે કમજોર નથી, તેમનો સામનો કરવાની તાકાત આપણામાં છે. આપણે કમજોર છીએ કે શીરજોર છીએ તેની ખાત્રી શું ? દેખીતું છે કે લડાઇ થાય તો આપણું લશ્કર સામું આવીને ઊભું રહેશે, પણ એક રાષ્ટ્ર બળવાન છે તેની નિશાની શું લશ્કરનું પ્રાબલ્ય છે ? નહિં. અસલમાં તાકાત તો પ્રજાના દિલની–ખમીરની હોવી જોઇએ. આપણને એ વિશ્વાસ હોવો જોઇએ કે નિઃશસ્ત્ર હોવા છતાં એટમ બોંબનો પણ સામનો કરવાની તાકાત મારા તમારામાં–સમગ્ર રાષ્ટ્રમાં છે. નિઃશસ્ત્રપણે એટમ બોંબનો સામનો કરવાની વાત કરવી એ હાસ્યજનક છે. કયો એટમ બોંબ તમારા હાથમાં આવીને પડવાનો છે કે તમે તેમનો સામનો કરો ? મતલબ એ છે કે આપણું શિર અણનમ રહેવું જોઇએ. દુઃખ આવી આવીને શું આવવાનું છે ? છેવટમાં છેવટ મૃત્યુ. તો મરવાનું તો સૌ કોઇને એક વખત છે, તેનો ડર શો ? આ વિચાર જ્યારે મગજમાં દૃઢ થઈ જાય ત્યારે માનવીની તાકાત ખુબ વધી જાય છે. આપ બધા અહિં બેઠા છો તેમાં કોઇ મારી ઉમરના હશો, કોઈ મારાથીયે મોટા હશો.

૧૯૧૯ ની સાલથી આપણે ગાંધીજી પાસેથી પાઠ શીખતા આવ્યા છીએ. પચીસ ત્રીસ વરસમાં ઘણાએ પાઠ શીખ્યાં. એમાં સૌથી મુખ્ય પાઠ એ છે કે "નિર્ભય બનો." અને આખરે આદમી ડરે છે શેનાથી? ધારો કે કોઇ વાત બને તો તેના પરિણામથી ડરે છે. આપને યાદ હશે, એ જમાનો હતો કે જ્યારે આપણા વડીલો અને નેતાઓ ઉપર સરકાર રાજદ્રોહ અથવા શીતુરી ભાષણો માટે મુકદ્દમો ચલાવતી ત્યારે તેઓ શું કરતા હતા ! એ આપણા વડીલો અદાલતોમાં બચાવ કરતા, પોતે ગુન્હેગાર નથી એમ પુરવાર કરવા પ્રયત્નો કરતા, સજામાંથી છુટી જવા થાય તે બધું કરી છુટતા. અને આ રીત સર્વસામાન્ય હતી. પણ ગાંધીજીનો પાઠ શીખ્યા પછી આપણે ત્યાં એકાએક કેવો ફેરફાર થઈ ગયો ? સરકાર કેસ કરે કે આપણે જાતે અદાલતમાં જઇને કહેતાં: "જી હા, મેં આ કામ કર્યું છે, એ મારો ધર્મો છે, હું હંમેશા એમ કરવાનો છું. દરેક હિંદીજનનું એ કર્તવ્ય છે." જોયું ? જરા સરખો ફેરફાર કેવો પલટો લાવી મુકે છે ? જે પહેલાં નમ્રતાથી વાત કરતા હતા, શિક્ષામાંથી બચી જવાની પેરવી કરતા હતા, તેઓ બચાવ કરતા નથી. ઠોકી વજાડીને કહે છે "જેને તમે ગુન્હો કહો છો તે તો અમારું કર્તવ્ય છે. અમે કર્યું છે અને કરતા રહેવાના છીએ." અદાલત કાયદાની રૂએ સજા કરતી, પણ સરકાર પાસે તેનો કંઇ પ્રતિકાર નહોતો. તેના બંદુક તલવાર બુઠ્ઠા થઇ ગયાં હતા. પરિણામ એ આવ્યું કે ૧૯૨૦–૨૧ ની સાલમાં હિંદુસ્તાનની હવા બદલાઈ ગઇ. પ્રજામાં હિંમત–જોમ આવી ગયાં.

ગાંધીજી એક મહાન પુરૂષ હતા. એમની આંખોમાં, એમના અવાજમાં, એમની દરેક ચીજમાં તાકાત હતી, જે આખા રાષ્ટ્રની હવા બદલી નાંખતી હતી. એમણે એકાએક રાષ્ટ્રમાં પ્રાણ પૂર્યા, અને કરોડો લોકોએ એમને સાથ આપ્યો. દરેક મનુષ્ય તેમ નથી કરી શકતો. આ કઈ તાકાત હતી ? ત્યારે શું હતું ? હતી આપણા એ મહાન નેતાની એક અનોખી તાકાત અને આપણા સૌના દિલમાં ઉદ્‌ભવેલી નિર્ભયતા. તો ગાંધીજીનો આ પાઠ આપણે બરાબર યાદ રાખવાનો છે. આપણા આવડા મોટા દેશ ઉપર હુમલો કરવાની કોણ હિંમત કરવાનું છે એમ કહેવું એ બેવકુફી છે. જો કોઇ દેશ ઇચ્છે તો જરૂર આપણા પર હુમલો કરી શકે છે. આપણી તાકાતનો અહંકાર રાખવો એ ખોટું છે. પણ આપણી આસપાસની દુનિયાની પરિસ્થિતિ સમજી લઇને આપણે ગંભીરતાથી નિશ્ચય કરી લેવાનો છે કે કોઇ દેશ ઉપર આપણે હુમલો કરવો નથી તેમ કોઈ દેશની આપણા ઉપરની દાદાગીરી સાંખી લેવી નથી. નિઃશસ્ત્ર રહીને પણ કોઈ વિદેશીને હરગીજ આપણા ઉપર શાસન ચલાવવા દેવાના નથી. આ નિશ્ચયની હવા જ એવી શક્તિ પેદા કરશે કે કોઈ આપણને હરાવી નહિ શકે. બની શકે કે કોઇ એટમ બોંબ નાંખે અને લાખો જીવોની પ્રાણહાનિ થાય, પણ તેથી આપણા હૃદયની તાકાત કોઇ તોડી શકવાનું નથી.

આજે ચોતરફ યુધ્ધના ભયનો અંધકાર છવાઇ ગયો છે. બધાને એમ છે કે હવે યુધ્ધ થશે તો સર્વનાશ થવાનો છે, માટે આ ભાવિ યુધ્ધથી કેમ બચવું તેના ઉપાયો શોધાય છે. પણ કમાલ છે કે જે બિમારીથી ભય પામીને બચવાના ઉપાયો તેઓ યોજે છે તેથી તો બિમારી ઓર વધતી જાય છે. હમણાં હમણાં જુદા જુદા રાષ્ટ્રોને પરસ્પર સંધિના કરારો કરવાની ઘેલછા લાગી છે. થોડા દિવસ પહેલાં અમુક નાના મોટા રાષ્ટ્રોનું મનીલામાં એક સંમેલન મળ્યું હતું, અને જો યુધ્ધ થાય તો પરસ્પર સહાય કરવાના તેમાં કરારો કરવામાં આવ્યા. જોવાની ખુબી છે કે તે લોકોએ એક ઠરાવ એવો કર્યો છે કે કોઈ અમારી મદદ નહિ માગે તેને પણ અમે મદદ કરશું. વાહ ! ખરા છે

એ લોકો ! "માન ન માન મૈં તેરા મહેમાન" અને મદદ કરવાને આપણી છાતી ઉપર આવીને તેઓ બેસી જવાના છે. ઠીક, હવે પશ્ચિમ એશિયા તરફ જુઓ. એ લોકોએ પણ પરસ્પર સહાયના કરાર કર્યા છે. એક આવી પડનારી આફતની માત્ર શંકાથી બધાએ એકબીજાના હાથ પકડયા છે. જાણે એમ કરવાથી બચી જવાશે. કેવું કરૂણાજનક છે ? પણ આ એટમ બોંબના જમાનામાં આવા મામુલી કરારોથી નથી કોઈની તાકાત વધતી કે નથી તેથી કંઈ ફાયદો થતો. જ્યારે અમુક દેશો સંયુકત લશ્કર રાખવાના કરાર કરે ત્યારે સહેજે બીજા દેશોને વિચાર આવે "કોની સામે આ લશ્કરી તૈયારી થાય છે ?" જરૂર અમારી સામે આ મોરચો મંડાય છે, અને એ દેશો વળી પેલાઓથી વધી જાય એવી તૈયારીઓ કરવામાં પડે છે. આમ શાંતિના માર્ગે જવાને બદલે પરિસ્થિતિ વિકરતી જાય છે. સંભવ છે કે આ પ્રકારના પરસ્પરના સંદેશાઓમાં કોઇ એક દિવસ અચાનક એટમ બોંબ છુટી જાય. અને પછી ? એક વખત શરૂઆત થઇ ગયા પછી એ સંહાર કયાં જઇ અટકશે તે કોણ કહી શકે તેમ છે ? હું આપને કહું છું તે બરાબર સમજો. એટમ બોંબ તો હવે પુરાણુ શસ્ત્ર થઈ ગયું. તેના કરતાં સેંકડોગણા જબરદસ્ત અને સંહારક અન્ય પ્રકારના બોંબો તે પછી શોધાયા છે. તેની શકિતની હજુ આપણા કાનને પણ પિછાન નથી. પણ એ તો સ્પષ્ટ હકીકત છે કે એક વખત આ બોંબોનો ઉપયોગ શરૂ થયો, પછી તેને કોઈ રોકી શકવાનું નથી. અને ખબર નથી કે તેનાથી અર્ધી પૃથ્વીનો સંહાર થઇ જશે કે પોણી પૃથ્વીનો !

ખરૂં છે કે આપણો પોતાનો લડવાનો ઇરાદો નથી. અને આપણા દેશ ઉપર કોઇ હુમલો ન કરે ત્યાં સુધી આપણે લડવા જવાના પણ નથી. પરંતુ જ્યારે ચોતરફ બોંબવર્ષા થઇ રહી હોય ત્યારે તેની અસરથી આપણે મુકત રહી શકવાના નથી. કેમકે કહેવાય છે કે જ્યાં એટમ બોંબ પડે ત્યાંની હવા જે દિશા તરફ જતી હોય તે દિશામાં હજાર માઇલ સુધી તેની અસર પહોંચે છે. તો તેની અસરમાંથી કોણ બાકાત રહેવાનું છે ? ભાવિ યુદ્ધના ભણકારાથી વિહ્વળ થયેલી પશ્ચિમી દુનિયાની આ દશા છે. આ બાજુ આપણે ત્યાં શું છે ? વિદેશી મુલાકાતીઓ આપણે ત્યાં આવે છે, આપણુ કામ જુએ છે, આપણી વિદેશો સાથેની નીતિ જુએ છે અને પસંદ કરે છે. વિચારે છે "ખરેખર, આ નીતિથી કદાચ દુનિયામાં શાન્તિ સ્થપાય." અને તેઓ આપણી તરફ આશાભર્યા મીટ માંડીને જોઈ રહ્યા છે. આપણા ઉપર આ બહુ ભારી જવાબદારી આવી પડી છે. અને હું ખુબ ગભરાઉ છું. આવડી મોટી જવાબદારી ઉપાડવાની મારામાં તાકાત જ નથી. હું વિચારૂં છું કે આ લોકોની આશા શી રીતે ફળશે ? આ કોઇ એક માણસનું કામ નથી. આ જવાબદારી આપણા સૌની છે. આપણે બધા સાથે મળીને કામ ઉપાડી લઇએ તો જ તે પૂર્ણ થાય.

તો આ બધી વાતોને આપણે ધ્યાનપૂર્વક સમજવાની છે, તેમજ લડાઇઓથી થાકીને અથડાતી પછડાતી દુનિયાની પરિસ્થિતિ પણ સમજી લઈ, પછી આગળ પગલું ભરવાનું છે. પૂરી શકિતનો ઉપયોગ, શુદ્ધ વિચાર, પ્રત્યક્ષ કાર્ય અને અંદર અંદરના ભેદભાવોને ફેંકી દેવા—આ સાધનોથી આપણે આગળ વધવાનું છે. આપણે ત્યાં કેટલાક પક્ષો છે, કેટલીક સંસ્થાઓ છે કે જે ધર્મના નામે આપણી રાજનીતિને કલંક લગાડે છે. ચાહે હિંદુ હો, મુસલમાન હો, કે શીખ હો, પણ યાદ રાખજો કે જો ધર્મનો ખ્યાલ વધારે જોર પકડશે તો આપણો દેશ છેક નીચી પાયરીએ ઉતરી જશે. આ પુરાણી વસ્તુને આજની દુનિયા સાથે કોઇ સંબંધ નથી. કોઇ એક મનુષ્ય અથવા સમગ્ર રાષ્ટ્ર કઈ તરફ જઈ રહ્યા છે, કઇ તરફ જવા ઇચ્છા છે તેનો અંદાજ આપણે કાઢી શકીએ છીએ. હું એક ઉદાહરણ આપું. હું કોઇ સ્કુલમાં જાઉં અને કોઇ વિદ્યાર્થીને પૂછું કે "ભાઈ ! તારી ભણીને શું કરવાની ઇચ્છા છે ?" તે જવાબ આપે "હું ડેપ્યુટી કલેકટર થવા ઇચ્છું છું." ઠીક, તેનું ધ્યેય ડેપ્યુટી કલેકટર સુધીનું જ છે. બીજા વિદ્યાર્થીને પૂછું તો તે કહે છે "મારી ઇચ્છા રાષ્ટ્રપતિ થવાની છે." તે રાષ્ટ્રપતિ થાય કે ન થાય, કેમકે હરએક આદમી કંઈ રાષ્ટ્રપતિ થઈ શકતો નથી. પણ આ ઉપરથી આપણે અંદાજ કાઢી શકીએ છીએ કે એક માનવી કે એક રાષ્ટ્ર કઇ દિશા તરફ પગલાં ભરી રહેલ છે. જો દેશ સાંપ્રદાયિકતામાં પડી ગયો તો તેનું અધઃપતન છે. જ્યાં સુધી હિંદુસ્થાનમાં અને તેમાંયે હિંદુઓમાં જાતપાતના ભેદ છે ત્યાં સુધી હિંદુ કોમ તરીકે તેની કોઇ ગણના નથી. કદાચ છુટી છવાઈ પ્રગતિ સાધી શકાશે, પણ થવી જોઇતી પ્રગતિ નહિ થાય. કેમકે નાતજાતનો ભેદ એ એક પ્રજાની નબળી બાજુ છે. જ્યાં જ્ઞાતિવાદ છે ત્યાં ખરા અર્થમાં લોકશાહી કોઈ દિવસ હોઈ જ ન શકે. લોકશાહીનો અર્થ જ એ છે કે સૌને સમાન દરજ્જો, સમાન સ્થાન, સમાન તક. આ બધું કેવી રીતે બની શકે ? જો સૌ નાતજાતના જુદાં જુદાં ખાનાં બનાવીને પોતપોતાના ખાનામાં બેસી ગયા હોય તો ? માટે આ ભેદ સર્વ પ્રથમ મીટાવવા જોઇએ. તે કંઇ એક દિવસમાં ન થાય. એવો કોઈ જાદુ નથી કે કરોડો માનવીનું મન એકદમ પલટાઇ જાય. સંભવિત છે કે હજાર કે પાંચસો વર્ષ પહેલાં આ ભેદો કંઇ ઉપયોગી હોય. પણ આ બદલાતી રહેતી દુનિયામાં આપણે પણ બદલાતા રહેવું જોઇએ.

બહારની દુનિયામાં ભારતે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. તે કંઇક અસલી છે, કંઇક નકલી છે. "કંઇક નકલી" એટલા માટે કહું છું કે આપણી જે ઇજ્જત બહાર થઇ રહી છે તેને સંપૂર્ણ લાયક આપણે નથી. હજી કોઈ એવું અનોખું કાર્ય આપણે કરી બતાવ્યું નથી, પણ હવે કરી બતાવવાનું છે. ઠીક છે, આપણને બહાર માન મળી રહ્યું છે પણ આખરે તો રાષ્ટ્રની જેવી શકિત તેવું જ માન ટકવાનું છે. આ માટે આપણે દેશની અંદરની તાકાત વધારવી જોઇએ. આ કયારે વધે ? જો આપણામાં મોટા મોટા કામો ઉપાડવાનો ઉત્સાહ હોય. આ ઉત્સાહ કયારે આવે ? જો દેશમાં ધનધાન્યની વૃદ્ધિ થાય, ઉત્પાદન વધે અને બેકારી નિર્મૂળ થાય. ત્યારે આ બધું કેવી રીતે બને ? શું જોશી પાસે જોશ જોવરાવવાથી કે મંત્ર તંત્રથી થવાનું છે ? તે માટે તો ઘડીનાય વિસામા વિના કામ કરવું જોઇએ. તે પણ જેને જેમ ફાવે તેમ નહિ પણ ચોકકસ યોજનાપૂર્વક વ્યવસ્થિત રીતે થવું જોઈએ. આને 'પ્લાનીંગ' કહે છે. કામ તો દેશમાં થયા જ કરે છે, પણ તે એવી રીતે થવું જોઇએ કે જેથી થોડો શ્રમ અને થોડી મિલકતથી વધારેમાં વધારે કામ થાય. આપણે પહેલાં પાંચ વર્ષનું પ્લાનીંગ કર્યું હતું, તેમાં બહુ મોટી મોટી યોજનાઓ નહોતી છતાં આપણે ઠીક ઠીક સિદ્ધિ પ્રાપ્ત કરી છે; અને તેથી આપણી હિંમત વધી છે. પહેલી યોજનાને સાડા ત્રણ વર્ષ થયાં છે. હજી દોઢ વર્ષ બાકી છે, તે દરમિયાનમાં બીજી પંચવર્ષીય યોજના ઘડી કાઢવાની છે. આ બીજી યોજનામાં ઘણાં મોટાં મોટાં કામો હાથ ધરાશે. કામનો અર્થ એ કે લોકો પાસે પૈસા આવે. કેવી રીતે આવે ? સમજો. અને આ કામો પાછળ વાર્ષિક સાડાત્રણસો ક્રોડ રૂપીઆ ખર્ચાય. આનો અર્થ એ કે મજુરી, પગાર, વગેરેના રૂપે આ રૂપીઆ આમપ્રજાના ખીસામાં પડયા. બીજી બાજુ આ ખરચથી જે કામ થાય છે તે દ્વારા સાડાત્રણસો ક્રોડમાંથી પાંચથી સાત ક્રોડની પેદાશ થશે. હિંદુસ્તાનના જ લોક માલ પેદા કરશે અને ખરીદશે. માત્ર રૂપિયાની હેરફેર થયા કરશે. આ યોજનામાં જેમ મોટાં મોટાં કારખાનાંઓ છે તેમ નાનાં કારખાના અને ગૃહઉદ્યોગોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી બધાંની રોજગારી ચાલુ રહે અને ઉત્પાદન પણ ખુબ વધે. મને હમણા કહેવામાં આવ્યું કે કંઈ નવો સંદેશો આપો. પણ હું નવો સંદેશો શું આપું ? હું તો ચાહું છું કે જે જુનો સંદેશો છે તેને બરાબર સમજો—પચાવો—પછી નવો સંદેશો આપું. શું સોશીયાલીઝમ કે સમાજવાદ એ કંઈ નવો સંદેશો છે ? ખરી વાત છે કે કોંગ્રેસે આ વખતે સમાજવાદની વાત જરા જોર દઇને કહી છે. પણ હું તો ઇચ્છું છું કે એ બધા શબ્દો બોલવામાં સુંદર છે, વિચારવાયોગ્ય છે, છતાં તમારા મગજને તેમાં જ બાંધી નહિ દેતા.

આજના જમાનામાં મને કોઇ આવીને એમ કહે કે જે અમેરિકામાં છે તેની નકલ અહિં કરો. તો મારો તેને જવાબ છે કે અમેરિકામાં ઘણી એવી ચીજો છે કે જે આપણે શીખી શકીએ, શીખવી જોઇએ. પણ ક્યાં અમેરિકા અને ક્યાં હિંદુસ્તાન? હું નકલ શું કરું? જો હું પોતે એક અમેરિકન બનીને અહિં આવું તો હું એક જુદી જ વ્યકિત બની જાઉં. ભારતની પ્રજામાં હું ભળી ન શકું. તો મારે ત્યાંથી જે લાવવું હોય તો આપણને તે બંધબેસતું થાય તેમ બનાવીને લાવવું જોઇએ. જો કોઇ સામ્યવાદી કે સમાજવાદી ભાઈ મને કહે કે માર્કર્સે કર્યું તે આપણે કરવું જોઇએ, તો હું કહું કે "ભાઇ! માર્કર્સ એક મોટા માણસ હતા. તે મારા આંખમાથા ઉપર. માર્કર્સે જે હકીકત લખી છે તે સત્ય છે, સમજવા જેવી છે, તેથી ફાયદો થશે, પણ તેણે જે લખ્યું છે તે ૧૦૦ વર્ષ પહેલાનું છે. તે જો આંખો બંધ કરીને એમનું એમ હું સ્વીકારી લઉં તો તે સમજણપૂર્વક કર્યું નહિ કહેવાય. દુનિયા હંમેશાં બદલતી રહે છે. એટમ બોંબ આવ્યો અને જગતમાં અનેક પરિવર્તનો થયાં. પછી આવ્યો હાઇડ્રોજન બોંબ. તેણે વળી તેનાથીયે વધારે જબરદસ્ત શકિત આપી. તો જેમ નવું આવતું જાય છે તેમ જુનું બેકામ થતું જાય છે. માર્કર્સની નજર સામે સો વર્ષ પછીનું અમેરિકા અવસ્થ નહોતું. એટલે માર્કર્સે જે કહ્યું તે આજની દુનિયા માટે પણ બરોબર છે એમ કહેવું તે માર્કર્સને અન્યાય કર્યો કહેવાય. પુરાણી વાત ગલત છે એમ કહેવાનો મારો આશય નથી, પણ આંખો બંધ કરીને પુરાણી વાતોને સ્વીકારવી એ પુરાણી વાતો સાથે બેઅદબી કરવા બરોબર છે. કોઇ મોટા માણસે આપણને એમ નથી કહ્યું કે આંખો બંધ કરીને ચાલો. આંખો આપણને મળી છે એ માટે કે જોઇને ચાલીએ. અકકલ આપવામાં આવી છે એટલા માટે કે આપણે સમજી વિચારીને પગલાં ભરીએ.

કોંગ્રેસે જાહેર કર્યું છે કે અમે સમાજનો સમાજવાદી ભાતનો નકશો બનાવીશું. ધ્યાનમાં રાખો કે અમે જાણી સમજીને આ બાબતને આ રીતે લોકોની સામે મૂકી છે. એમ અમે નથી જણાવ્યું કે કોઇ બાંધેલો, ગોખેલો નકશો એ જ સમાજવાદ છે કે જેને ઉઠાવીને અમે અહિં લગાડી દઇશું. મારે જોવાનું છે અને આપે પણ અનુભવપૂર્વક એ વિચારવાનું છે કે હિંદુસ્તાનમાં કઇ ચીજ અમલી બની શકે તેમ છે. એક પગલું અગર ખોટું લેવાયું તો તે સુધારી, વધારે વિચાર કરીને આપણે બીજું પગલું લીધું. આ રીતે એક બીજાની સલાહ કરીને, મસલત કરીને, સમજી વિચારીને કામ આગળ વધશે. હા, જ્યારે હું સોશીયાલીઝમ-સમાજવાદ-કહું છું ત્યારે મારા મનમાં અમુક ખ્યાલો છે. શું ખ્યાલો છે? કંઇક ખ્યાલો છે. એક તો એ કે આપણો મુલક કઇ દિશાએ જાય કે જેના પરિણામે સમાનતા-બરાબરી-પેદા થાય, ઉંચ-નીચ વધારે પ્રમાણમાં ન હોય. અને બીજી પાયાની વાત છે કે સાધારણ રીતે જે મોટું સાધન છે-પેદા કરવાનું-તે થોડા માણસોના હાથમાં ન રહે, સમાજના હાથમાં આવીને સ્થિર થાય.

વારૂ, આ રીતે જમીન હો, કારખાનું હો, કોઈ પણ વસ્તુ હો-એ બધું સારી રીતે ચાલવા લાગે એમ આપણે ઇચ્છીએ. વારૂ, અમને આ રીત યોગ્ય, ડહાપણભરી લાગે છે. કારણ કે આપણે કયા ઢંગથી આગળ વધવું છે તે નક્કી કરવાનું છે. અને એમ છતાં આખરે કેવી તસવીર-છાપ-ઉઠશે એ પણ નિશ્ચિત રીતે કહેવાનું આ સમયે જરા મુશ્કેલ છે. દાખલા તરીકે અત્યારે હું કહું છું કે આપણે સૌને સરખા કરવા છે. પણ પ્રશ્ન એ છે કે સરખા કરવા એટલે શું? બધા લોકોને મુફલીસીમાં-ગરીબીમાં-સરખા કરવા છે? ગરીબીની આપણે વહેંચણી કરીશું તો તેમાં દેશની કોઈ આબાદી થઇ એમ કહી નહિ શકાય. આપણે ખુશાલી-આબાદી લાવવી છે. એ માટે એ જરૂરી છે કે આપણી બધી તાકાત દેશ માટે ધન-દોલત પેદા કરવામાં કેન્દ્રિત થાય અને સાથે સાથે સમાનતા અધિકાધિક નિર્માણ થાય એવી સમાજ-રચના પણ આપણે ઉભી કરવાની જ રહે છે. આમ છતાં પણ અત્યારે વધારે મહત્વની પહેલી વાત છે મુલ્કમાં દોલત પેદા કરવાની અને, સામાન તથા કામ પેદા કરવાની. અગર એ ન હોય તો નથી આપણો સામ્યવાદ, નથી સમાજવાદ, નથી સામ્રાજ્યવાદ, નથી કોમ્યુનીઝમ, નથી સોશીયાલીઝમ, માત્ર મુફલીસીનો જમાનો આપણી સામે આવીને ઉભો રહેશે.

**જવાહરલાલ નહેરૂ**

# બાલસંન્યાસ-દીક્ષા પ્રતિબંધક બીલ ઉપર વિધાનપરિષદમાં ચર્ચા

## આ બીલને જવાહરલાલજીનો આવકાર

**બીલની રજુઆત દરમિયાન શ્રી. પ્રભુદાસ બાલુભાઈ પટવારીએ પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે "ગયા માર્ચ માસમાં આ બીલને ટેકો આપવા અમદાવાદ ખાતે મળેલી બહેનોની જાહેર સભાના ઠરાવોની પહોંચ સ્વીકારતાં હિંદના મહામાત્ય પંડિત જવાહરલાલ નહેરૂએ શ્રી. સરલાદેવી સારાભાઇને જણાવ્યું હતું કે, "તમારી જાહેર સભામાં પસાર થયેલા ઠરાવોને હું આવકારૂં છું."**

તા. ૯-૯-૫૫ ગુરૂવારના બપોરના ત્રણ વાગ્યે મુંબઇ પ્રદેશની વિધાનપરિષદમાં શ્રી. પ્રભુદાસ બાલુભાઈ પટવારીએ બાલ-સંન્યાસ દીક્ષા પ્રતિબંધક ધારાને લગતું બીલ રજુ કર્યું હતું. બીલ જે દિવસે વિધાનપરિષદમાં રજુ થવાનું હતું તે આગળના બે દિવસ દરમિયાન ઢગલાબંધ તારો આવવા માંડયા હતા જેમાં મુંબઇની ઓલ ઇન્ડીઆ વિમેન્સ કોન્ફરન્સ શાખા, અમદાવાદની અનેક સંસ્થાઓ તથા મુંબઇની ભગિની સમાજ તથા અનેક સામાજિક સંસ્થાઓ અને નાસીક, અહમદનગર, વિસનગર, રાજનાંદગામ, મુંબઈ તથા અમદાવાદના જૈન સંઘોના તાર તથા ઠરાવો આવ્યા હતા. અમદાવાદથી શ્રી. સરલાદેવી સારાભાઈ તરફથી અમદાવાદની પંદર સ્ત્રી સંસ્થાઓની એકત્ર મળેલી જાહેર સભાનો તાર અને ઠરાવો પણ આવ્યા હતા. વિધાનસભાની આ બેઠક શરૂ થયા પહેલાં કાઉન્સીલ હૉલ અને મુખ્ય પ્રધાન શ્રી. મોરારજી-ભાઇની ઓફીસ આસપાસ જૈનો સારી સંખ્યામાં એકઠા થયા હતા. કેટલાક જૈન સાધુઓ પણ આ બીલ સામે મુખ્ય પ્રધાન સમક્ષ પોતાનો વિરોધ રજુ કરવા માટે ઉપસ્થિત થયા હતા. તેરાપંથી ભાઇઓ પણ નજરે ચડતા હતા. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા અને શ્રી. ટી. જી. શાહ આ પ્રસંગ ઉપર મુંબઇથી આવી પહોંચ્યા હતા. બીલ સામે કેટલાક જૈનોના તીવ્ર વિરોધના કારણે વાતાવરણમાં જરા ગરમી અનુભવાતી હતી.

**શ્રી પ્રભુદાસ બાલુભાઇ પટવારીએ** પ્રસ્તુત બીલ રજુ કરતાં જણાવ્યું કે, "આ બીલ માનવતાના ઉદ્દેશો પર અને કુમળી વયનાં નિર્દોષ બાલુડાંઓને કુટુંબની અને સમાજની હુંફમાંથી સમજણ વગર ખૂંચવી લેવામાં આવે છે તેમાંથી બચાવી પરિણામે સમાજના હિતનું એક નાનું કાર્ય કરવા માટે રચાયેલ છે."

આ બીલ પાછળની પૂર્વભૂમિકા રજુ કરતાં શ્રી. પટવારીએ જણાવ્યું હતું કે "આજે અનેક સામાજિક સંસ્થાઓ અને કાર્યકરો આપણા સમાજના સળગતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા યથાશકિત સાચા દિલથી ખૂબ જહેમત ઉઠાવી રહેલ છે. તેવા પ્રશ્નોમાંના અનેકમાં બહુપત્નીત્વ, બાળલગ્ન, નિર્દોષ છોકરીઓનાં વેચાણ તથા નાની વયની બાળાઓ અને બાળકોને અપાતી દીક્ષા છે. આ સઘળા પ્રશ્નો અંગે જ્યાં જ્યાં કાયદો અધુરો જણાયો છે ત્યાં ત્યાં તેને સુધારી સામાજિક દૂષણોનો અંત લાવવા માટે મેં ધારાગૃહ પાસે ત્રણ બીલો રજુ કરેલા છે તેમાંનું આ એક બાળ-દિક્ષાને અટકાવતું બીલ છે.

"નાનાં નિર્દોષ બાળકોને અપાતી દીક્ષાઓ અંગે સામાજિક કાર્યકરો પાસે વારંવાર ફરીયાદો આવતી. આ ઉપરથી તપાસ કરતાં જણાયું કે સૌ ધર્મોમાં આવી દીક્ષા અપાય છે અને જૈનોમાં વિશેષ અપાય છે. જૈન ધર્મના અનેક વિદ્વાનોનો પરિચય સાધતાં માલુમ પડયું કે માબાપની સંમતિ વગર પણ ઠીક ઠીક બાળકોને ખેંચવામાં આવે છે.

વળી ઘણા માબાપો પણ ધર્માંધતા કે અતિ ઉત્સાહ કે ઘેલછા કે આર્થિક કારણોસર પોતાનાં બાળકોને દીક્ષામાં સુપ્રત કરે છે. આ રીતે આવા કિસ્સા માનવતા અને સામાજિક સદાચારને અવરોધનારા હોઈ, એક નાનું પણ ખરાબ અનિષ્ટ ચાલુ રાખતા હોઇ તેના પર અંકુશ લાવવા આ બીલ રજુ કરેલ છે.

"આજનો સમાજ અને કાયદો સગીર વયના બાળક કે બાળાના કોઇ પણ નિર્ણયને યોગ્ય કે બંધનકારક તરીકે સ્વીકારતો નથી. હવે તો લગ્નમાં પણ સગીર લગ્નનો નિષેધ થયો છે. ત્યારે ૮ વર્ષનાં નાનકડા બાળકને દીક્ષા લેવાને માટે યોગ્ય પાત્ર કેમ લેખી શકાય? દીક્ષા તો ઘણી જ ઉચ્ચ કોટિનો ત્યાગ મન, વચન અને કર્મથી માંગે છે. દીક્ષાર્થીએ પાંચ મહાવ્રતો—અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ—મન, વચન અને કાયાથી પાળવાના છે. શું આઠ વર્ષનાં બાળકો આવાં કઠીન વ્રત અને કડક તપશ્ચર્યા માટે યોગ્ય છે?"

શ્રી. પટવારીએ જણાવ્યું હતું કે "હમણાં જ અમદાવાદમાં ભૂદાન કાર્યકરો સમક્ષ પંતપ્રધાન શ્રી. મોરારજીભાઇએ પ્રવચન કરતાં 'ભૂદાન' અંગે સ્પષ્ટ શબ્દોમાં કાર્યકરોને ચેતવણી આપેલ કે "કોઇને ઉત્સાહમાં લાવી દઇને ત્યાગ કરાવી દેવો જોઇએ નહીં તેવું હું માનું છું. શાંત ચિત્તે વિચાર કરી પછી જ દાન કરે તો જ કલ્યાણકારી ત્યાગ નીવડે છે." જ્યારે જમીનનો નાનો ટૂકડો આપવાનો ત્યાગ સ્વસ્થ અને પુખ્ત વિચાર માંગે છે ત્યારે સંસાર ત્યાગ કેટલો બધો ઊંડો અને પાકટ વિચાર માંગે છે? શું આઠ વર્ષનું બાળક આ માટે યોગ્ય છે? માબાપને પણ નાની ઉમરના બાળકોને દીક્ષામાં આપી દેવાનો અધિકાર નથી, કારણ કે પોતે જવાને બદલે બાળકોનો ભોગ આપી ધર્મપાલન કરવું તે આજના જમાનામાં જરા પણ યોગ્ય લેખાશે નહિ.

"સામાજિક કલ્યાણ અને પ્રગતિની મજલ પર અને માનવ—સ્વાતંત્ર્ય અને સ્વમાનની દૃષ્ટિએ આપણે માર્ગમાં નડતા નાનામોટા અવરોધો પ્રત્યે આંખમીંચામણા કરીશું તો સમાજદ્રોહી અને પ્રજાવિમુખ લેખાશું.

"આ બીલ સર્વ ધર્મો હિંદુ, મુસ્લીમ, ખ્રિસ્તી, બૌધ્ધ, જૈન સૌને લાગુ પડે છે અને જ્યારે એમ લાગ્યું કે ચાલુ કાયદો તથા સંજોગો બાલ દીક્ષાને રોકી શકવા અસમર્થ નીવડેલ છે ત્યારે જ આ બીલ રજૂ થએલ છે.

"આ બીલ સામે જૈન મિત્રોએ વિરોધ કરેલ છે. એક જ પ્રકારના તારો મોકલવાની વ્યવસ્થા કરેલ છે. જો કે ઘણા જૈનો અને મંડળોએ બીલને ટેકો આપતા ઠરાવો અને તારો પણ મોકલ્યા છે. જે વાંધાઓ લેવામાં આવ્યા છે તે અંગે આપણે હવે જોઇએ.

"પ્રથમ વાંધો એ છે કે ધર્મ ભયમાં છે અને બંધારણના ધર્મની સ્વતંત્રતાના મૂળભૂત સિધ્ધાંતોનો ભંગ થાય છે.

"અગાઉ જણાવ્યા મુજબ આ બીલ ફકત માનવતાની દૃષ્ટિએ માનવતાના રંગે જ રંગાયેલ છે, ધર્મ પ્રત્યે દખલગીરી તો શું પણ ધર્મમાં જે ચાંદા છે તે દૂર કરી ધર્મને વધારે સદાચારી અને સુદૃઢ બનાવવાના પ્રયત્નરૂપે છે."

શ્રી. પટવારીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે "મને સૌ ધર્મ પ્રત્યે અતિ આદર છે. જૈન ધર્મને એક મહાન અને ઉમદા માનવપ્રેમી ધર્મ તરીકે મારું શિર નમાવું છું. તે ધર્મના મહાન સિધ્ધાંતો અને આદર્શોની જેટલી પ્રશંશા કરીએ તેટલી ઓછી છે. પરંતુ આ બીલ ધર્મને નડતરરૂપ નથી. પરંતુ ધર્મને વધારે સુદૃઢ બનાવનાર છે.

"જૂના ધર્મગ્રંથોના થોડા શબ્દોને વળગી રહેવું તે કોઈ પણ ધર્મની પ્રણાલિકા નથી. સમય, કાળ અને બળ પ્રમાણે ધર્મના સિધ્ધાંતોને સમજવા જોઇએ અને પ્રજાજીવનને રૂંધતા શબ્દપર્યાયોને ચીટકી રહેવું ન જોઇએ. વળી જૈન ધર્મમાં તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. મુંબઇ હાઇકોર્ટના પ્રખર વિદ્વાન અને ન્યાયશાસ્ત્રના ઉંડા અભ્યાસી ન્યાયમૂર્તિ શ્રી. ગજેન્દ્રગડકરે એક ભાષણમાં સ્પષ્ટ જણાવ્યું છે કે "હિંદુ સમાજના જીવન અને આચાર પ્રત્યેના વિચારો આધુનિક વિજ્ઞાન અને બુધ્ધિપ્રભાવના કારણે પરિવર્તન પામતા જાય છે અને હિંદુ રીતરિવાજો અને રહેણીકરણીમાં ભારે ફેરફારો થઈ ગયા છે." સાચો ધર્મ એટલે માનવીએ સમસ્ત સમાજના હિતમાં સદાચારી વર્તણુંક દાખવવી એ છે."

શ્રી. પટવારીએ જણાવ્યું હતું કે "આપણા દેશમાં કમનસીબે જ્યારે જ્યારે પ્રગતિની કૂચનું પગલું ઉંચકવા પ્રયત્ન થાય છે ત્યારે ત્યારે તેની સામે "ધર્મ—ભય"ની લાલબત્તી ધરવામાં આવે છે. સતી થવાના રિવાજને રોકતાં, હિંદુ વિધવાના પુર્નલગ્ન, બાળલગ્ન, અસ્પૃશ્યતા, હિંદુ વિધવાના મિલ્કતના, બહુ પત્નીત્વ નિષેધ, હિંદુ કોડ વગેરે સામે ધર્મના નામે વિરોધ કરવામાં કચાશ રાખી નથી. મુંબઈ જાહેર ટ્રસ્ટના કાયદા સામે પણ જૈનોએ ધર્મનો ભય રજુ કરેલ, એટલું જ નહિ પરંતુ આપણા જાણીતા શેઠ કસ્તુરભાઈ લાલભાઇએ શત્રુંજયનાં મંદિરો આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ તરીકે હરિજનો માટે ખુલ્લા મુકવાનાં જે અડગ અને સત્ય પગલાં લીધાં તેની સામે પણ અનેક જૈન મુનિવરો વિરોધના પોકારો જોરશોરથી કરી રહ્યા છે.

શ્રી. પ્રભુદાસ બાલુભાઈ પટવારી

"બાળ—દીક્ષાના સમર્થનમાં અનેકવાર શંકરાચાર્ય અને હેમચન્દ્રાચાર્યનાં દાખલા રજુ થાય છે. આ દલીલ વ્યાજબી નથી. આ બન્ને તો અદ્‌ભુત પ્રતિભાસંપન્ન વિભૂતિઓ હતી. તેમને કોઇએ સમજાવવા કે ફોસલાવવા પ્રયત્ન કરવા પડયા ન હતા. તે તો અપવાદરૂપ હતા અને સૈકાઓમાં એવા કોઇક જ મળે છે, પરંતુ જૈન ધર્મના સુસ્થાપક મહાવીર સ્વામીને તેઓ કેમ ભૂલી જાય છે? તેઓએ પોતાના માતપિતાની સેવાને દીક્ષા કરતાં વધારે ઉચ્ચ મહત્વ આપી તે સેવાને પહેલો ધર્મ માનેલ છે. બુધ્ધ અને ઇશુ ખ્રિસ્ત પણ પુખ્ત વય બાદ જગતના અનુભવોને પીછાની સાચા ત્યાગનાં દર્શન પ્રાપ્ત કરી શકયા હતા, જ્યારે બાળ—દિક્ષા પામેલા હજારો સાધુ સાધ્વીમાંથી છેલ્લા સો વર્ષમાં કોઇએ જગતની કે ધર્મની સેવામાં નામના બતાવી હોય તે જણ્યામાં નથી. આજના સાધુસંતોએ પણ સમાજની પ્રગતિ અને વિકાસમાં સદાચારનું માર્ગદર્શન આપવા કટિબધ્ધ બનવાનું છે અને નહિ કે નિષ્ક્રિય અને ધર્માંધતાનું વાતાવરણ ફેલાવી આરામથી બેસી રહેવાનું છે.

"બંધારણની દૃષ્ટિએ આ બીલ સામેનો વિરોધ તદ્દન પોકળ અને બનાવટી છે. બંધારણની પચીસમી કલમ કે જે ધર્મસ્વાતંત્ર્ય માટેની છે તેના જ બીજા ભાગમાં સ્પષ્ટ છે કે કોઈ પણ રાજ્યને સામાજિક કલ્યાણ કે સામાજિક સુધારા માટે કાયદો કરવા સંપૂર્ણ અધિકાર છે. વળી બંધારણના માર્ગદર્શક સિધ્ધાંતોની કલમોમાં પણ સ્પષ્ટ નિર્દેશ છે કે બાળકોની કુમળી વયનો દુરપયોગ થતો હોય ત્યાં અને બાલવય અંગે નૈતિક અને ભૌતિક ત્યાગ થતો હોય ત્યાં રાજ્ય યોગ્ય પગલા અને કાયદાદ્વારા બાલકોને રક્ષણ આપશે. આ રીતે આ કાયદો બંધારણ વિરૂધ્ધનો નહિ પરંતુ બંધારણે નક્કી કરેલા સિધ્ધાંતોને અમલમાં લાવનારો છે."

શ્રી. પટવારીએ વડોદરા રાજ્યના "સંન્યાસ નિયામક નિબંધ" ધારાનો નિર્દેશ કરી તે વખતે પણ ઘણા જૈન મંડળોએ ઉગ્ર વિરોધ કરેલ પરંતુ તે કાયદો થતાં અનિષ્ટ દીક્ષા પર સારો અંકુશ આવેલ તે જણાવેલ.

શ્રી. પટવારીએ કહ્યું કે "વિરોધીઓની બીજી દલીલ એ છે કે આજનો કાયદો અનિષ્ટ દીક્ષાને અટકાવવા પુરતો છે અને દીક્ષાની સંખ્યા એટલી ક્ષુલ્લક છે કે કાયદો કરવાની જરૂર નથી."

આનો જવાબ આપતાં શ્રી. પટવારીએ જણાવ્યું કે "માબાપ સંમતિ આપે ત્યાં આજનો કાયદો નરમ છે અને જ્યાં સંમતિ આપતા નથી ત્યાં પણ માબાપ ધર્મના ભય અને પોતાના સમાજના ભયના કારણે સાધુ-મુનિઓ સામે ફરિયાદ કરી શકતા નથી. ઘણા માબાપો આર્થિક કારણોસર કે અતિ ઉત્સાહમાં કે ધર્મપ્રેમથી બાળકોને સાધુઓને સુપ્રત કરી દે છે તેને અટકાવવા સરળ અને સાદો કાયદો એ આજના જમાનાની ભારે જરૂરીયાત છે."

શ્રી. પટવારીએ જણાવ્યું હતું કે "દીક્ષાની સંખ્યા સાવ નજીવી છે તે પણ બરોબર નથી. જૈન ધર્મની વસ્તીના પ્રમાણમાં અને કુલ્લે અપાતી દીક્ષાના છેલ્લા દસ વર્ષના આંકડામાં અઢાર વર્ષની નીચેના કેટલાં બાળકો અને બાળાઓને દિક્ષા આપી છે તેની સરખામણી કરશું તો આંકડો ક્ષુલ્લક નહિ જણાય. વળી નાનો જ આંકડો હોય તો આટલા બધા જૈનો આવો વિરોધ પણ ન કરે એ સ્વાભાવિક છે. બાલ દીક્ષા 'ભરતી-ઓટ'ની જેમ ઘણીવાર ઓછી તથા ઘણીવાર મોટી સંખ્યામાં અપાતી માલુમ પડે છે.

"વળી જૈનોમાં જ નહિ પરંતુ અનેક કોમોમાં બાલદીક્ષા અપાય છે તે ભૂલાવું ન જોઇએ. આ બીલ સર્વ કોમો માટે છે.

"પરંતુ સામાજિક અનિષ્ટ કેટલી સંખ્યામાં બને છે તેના કરતાં તે કયા પ્રકારનું છે તે દૃષ્ટિએ જોવું જોઇએ. કુમળી વયનાં બાળકોને તેમની યોગ્ય સંમતિ વગર કુટુંબ, સમાજ અને ધર્મની હુંફમાંથી ખેંચી જઈ ભારે કડક અને દુષ્કર તપશ્ચર્યાના પંથે ચડાવવાનું કાર્ય એ એક ભારે અનિષ્ટ છે. "પારકા છોકરાં જતી કરવાનો" અધિકાર બાલ દિક્ષા પ્રચારકોને નથી એનું પણ હવે તેમને ભાન થવું જોઇએ."

શ્રી. પટવારીએ સૌ સભ્યોને વિનંતી કરી હતી કે "શહેરોના કોઈ પણ ઉપાશ્રયમાં જઈ જુઓ તો નાનકડાં નિર્દોષ ભુલકાંઓ સાધુ-સાધ્વીના વેશમાં હજુ પણ મળી આવશે. તેમને જોઇને જ અનુકંપા છૂટશે એટલું જ નહિ પણ માનવો ધર્મની કેવી ક્રુર હાંસી કરી રહ્યા છે તેનો સચોટ ખ્યાલ આવશે."

શ્રી. પટવારીએ અંતમાં જણાવ્યું હતું કે "જ્યારે આપણી ભારતમાતા સામાજિક અને આર્થિક વિકાસના પંથે આગળ વધી રહેલ છે અને જ્યારે ભારતીય બંધારણ સામાજિક અને આર્થિક ન્યાયના મહત્વાંકનો પર ખૂબ ભાર મૂકે છે અને બંધારણના માર્ગદર્શક સિધ્ધાંતો સમાજના નાનાં નબળાંઓના કલ્યાણ માટે સતત ચિન્તિત રહેવાનો આદેશ આપે છે ત્યારે રાજ્યે નાનાં બાળકો પ્રત્યેની પોતાની ફરજમાં આગ્રહી અને જાગ્રત રહેવું જોઇએ અને એ દિશામાં જ લાઈ જવા આ બીલ એક નાનકડો નમ્ર પ્રયત્ન છે જેને આ ધારાગૃહ એકમતે વધાવી લેશે એવી હું આશા રાખું છું."

શ્રી. પટવારીની રજુઆત પુરી થયા બાદ મુંબઈ પ્રદેશના મુખ્ય સચિવ **શ્રી. મોરારજી દેશાઇએ** પ્રસ્તુત વિષય સંબંધે સરકાર પક્ષની રજુઆત કરતાં જણાવ્યું કે "બીલ રજુ કરનાર પછી તરત જ હું બોલવા ઉભો થાઉં એ એક અસાધારણ ઘટના ગણાય, પણ મને લાગ્યું કે શ્રી. પટવારીના બીલ ઉપર ધારાસભ્યો ચર્ચા કરે તે પહેલાં આ સંબંધમાં મુંબઈ સરકારનું શું વળણ છે એ જો હું આ પ્રારંભને તબકકે જણાવું તો અન્ય સભ્યો માટે એ માર્ગદર્શક થઈ પડશે. એમ લાગવાથી હું આ સંબંધમાં મારા વિચારો રજુ કરવા ઉભો થયો છું. શ્રી. પટવારીએ પોતાના બીલદ્વારા જે પ્રશ્ન ઉભો કર્યો છે એ જરૂર મહત્વનો છે. ધાર્મિક ગણાતી કોઇપણ પ્રવૃત્તિના નામે બાળકોના અજ્ઞાનનો કે ભોળપણનો ગેરલાભ લેવાવો ન જોઇએ અને તેમની સગીર ઉમ્મર દરમિયાન તેમને પૂરતું રક્ષણ મળવું જોઇએ એ આ બીલ રજુ કરવા પાછળ તેમનો આશય છે. પણ મને લાગે છે કે તેમણે પોતાનો કેસ રજુ કરવામાં થોડીક અત્યુક્તિ કરી છે. હું એ કબુલ કરું છું કે સાધુ સંન્યાસીઓને શિષ્યો વધારવાનું એવું પ્રલોભન હોય છે કે તેમને આ વિષયમાં ગમતી છૂટનો દુરૂપયોગ થવાનો અને એ રીતે બાલકોનું હિત જોખમાવાનો ઘણો સંભવ છે. એમ છતાં પણ આ બીલ ખરેખર બાલકોના હિતમાં છે કે કેમ એ બાબતમાં સરકારે હજુ પોતાનું વલણ નક્કી નથી કર્યું. આ બીલને સામાજિક સુધારા તરીકે વર્ણવવામાં આવેલ છે, પણ આ કેવળ સામાજિક સુધારાનો જ પ્રશ્ન છે એમ કહી શકાય તેમ નથી. આ બીલ સંસાર-ત્યાગની પ્રથા ઉપર અમુક અંશે અંકુશ મૂકવા માગે છે અને ત્યાગ ધર્મ સાથે જોડાયલો છે અને તેથી આ બીલનો મુદ્દો ધર્મ સાથે પણ અમુક અંશે જોડાયલો છે એમ મને લાગે છે. ત્યાગના વિષયમાં પુખ્ત ઉમ્મરનાં સ્ત્રી પુરૂષોની કોઇ અટકાયત થવી ન જ જોઇએ. પણ જ્યાં નાની ઉમ્મરનાં બાલકો સંડોવાયલાં હોય ત્યાં ત્યાગનો પ્રશ્ન જરૂર વિચારણા માગે છે એ હું કબુલ કરું છું અને એ રીતે ભાઈ પટવારીના બીલની હું કદર કરું છું. પણ સાથે સાથે મારે એ પણ જણાવવું જોઇએ કે આ બીલ જે સુધારણા કરવા માગે છે તે સાચી દિશાની છે કે કેમ તે મારે મન એક સવાલ છે.

"આ બાબતમાં સરકારને જે તારો, કાગળો અને નિવેદનો મળ્યાં છે તેનું પ્રમાણ વિચારતાં જાહેર મત આ બીલના પક્ષ કરતાં બીલની વિરૂધ્ધમાં વધારે દેખાય છે. એમ છતાં પણ આ રીતે વ્યક્ત થતા જાહેર મત ઉપર જ આપણે ચાલવું જોઇએ એમ હું નહિ કહું, કારણ કે જ્યાં કોઈ વિષય ધર્મનું રૂપ પકડે છે અને પ્રશ્ન વિવાદગ્રસ્ત હોય છે ત્યાં જાહેર મત કેવી રીતે ઉભો કરવામાં આવે છે, વિરૂધ્ધ તેમ જ પક્ષમાં કેવી રીતે તારો અને કાગળો આવે છે અને નાની સભાઓને કેવી રીતે મોટું રૂપ આપવામાં આવે છે એ આપણે સારી રીતે જાણીએ છીએ. આમ છતાં પણ મને લાગે છે કે આ બીલ ઉપર આપણે તત્કાલ નિર્ણય લઇએ તેને બદલે જાહેર મતને પૂરતા પ્રમાણમાં વ્યક્ત થવાની તક આપીએ અને આખા પ્રશ્નનો પૂરો અભ્યાસ કરીને તેમ જ તે વિષે પરિપકવ વિચારણા કર્યા બાદ આપણે આ સંબંધમાં નિર્ણય ઉપર આવીએ એ વધારે હિતાવહ છે અને તે માટે આ બીલને પહેલા વાંચનમાં પસાર કરીને જાહેર મત માટે જનતા સમક્ષ રજુ કરવું એવી હું દરખાસ્ત મૂકું છું.

"બાલદીક્ષાનો દુરૂપયોગ થવાનો ઘણો સંભવ છે એ હું કબુલ કરું છું. એમ છતાં પણ હું કર્મના સિધ્ધાન્તમાં માનનારો છું. કોઈપણ વ્યકિતનું જીવન તેના જન્મ માત્રથી શરૂ થાય છે એમ નહિ પણ તે પાછળ અનેક ભવોના કર્મની ભૂમિકા રહેલી છે. વળી બાલપણમાં સંસાર ત્યાગ કરેલામાંથી અનેક મહાપુરૂષો પાકયાનું પણ આપણે જાણીએ છીએ તો બાલદીક્ષા સદન્તર બંધ કરવાને બદલે તેનો દુરૂપયોગ થતો જે અટકાવી શકાતો હોય તો તે વધારે ઇચ્છવા યોગ્ય છે એમ મને લાગે છે.

"છોકરાંઓને ભગાડીને ભમાવીને દીક્ષા આપવામાં આવતી હોય અને માબાપ પણ લોભ લાલચના ભોગ થઇને દીક્ષા આપવામાં સંમતિ આપતી હોય તો તે સંબંધમાં રાજ્યે વચ્ચે પડવું જ જોઇએ. રાજ્યની એ ફરજ છે અને તે માટે ફોજદારી કાયદાઓ ઠીક ઠીક મદદરૂપ થઈ શકે તેમ છે એમ હું ધારૂં છું.

"પણ આ આખો પ્રશ્ન ત્યાગની ભાવના સાથે જોડાયલો છે. આ ત્યાગની ભાવના આપણા દેશની એક લાંબા કાળથી ચાલી આવતી પરંપરા છે, આ દેશની સભ્યતા અને સંસ્કૃતિ ત્યાગ ઉપર આધારિત છે અને ત્યાગની ભાવના ધર્મ સાથે જોડાયલી છે અને ધર્મ માનવી-

જીવનનો સાર છે. તો ૨૧ વર્ષ નીચેનો સગીર જે આઠ દશ વર્ષનો જ હોવો જોઇએ એવું કશું નથી–તે ૧૬–૧૭ વર્ષનો પણ હોઈ શકે છે– તે પૂર્વ જન્મનાં સંસ્કારને લીધે પૂરી સમજણવાળો હોય અને દીક્ષા લેવા માંગતો હોય તો તેને હું કેમ અટકાવી શકું? આ પણ મારા મનને ગુંચવતો એક પ્રશ્ન છે.

"બંધારણની દૃષ્ટિએ આ બીલમાં કશું પણ વાંધા પડતું છે જ નહિ આવો મારો ચોક્કસ અભિપ્રાય છે. પણ સાથે સાથે મારે એ પણ જણાવવું જોઇએ કે આપણું રાજ્ય સીકયુલર–અસાંપ્રદાયિક–છે એનો અર્થ તે નથી કે એ અધ્યાત્મવિરોધી છે. વળી આ બીલ ધર્મના પ્રદેશમાં દખલગીરી કરે છે કે કેમ એ વિષે મને પૂરી ખાત્રી નથી. આખા પ્રશ્ન વિષે હું અનિશ્ચિત મનોદશા ધરાવું છું. ( I am in a confused state of mind ). મારી સરકાર આ બીલ સંબંધમાં કેવું વલણ ધારણ કરવું એ વિષે આજે કોઈ નિર્ણય પર આવી નથી.

"આ બીલ અંગે એક બીજો પણ પ્રશ્ન છે અને તે એ કે આ બીલ મુંબઈ પ્રદેશ પુરતું છે અને તેથી આ કાયદો પુરેપુરો અસરકારક નીવડશે કે કેમ એ એક સવાલ છે, કારણ કે આવા કોઈ બાલકને અન્ય કોઈ પ્રદેશમાં દીક્ષા આપી દેવામાં આવશે તો આ રાજ્ય કશું જ કરી શકશે નહિ. વસ્તુતઃ આવા કાયદાની જરૂર હોય તો પણ તે પુરો અસરકારક નિવડવા માટે ભારતવ્યાપી થવો જોઇએ અને તે માટે આ ધારાસભા નહિ પણ કેન્દ્રની પાર્લામેન્ટ યોગ્ય સ્થાન છે કે જ્યાં આવું બીલ લાવવું ઘટે.

"એ પણ દુઃખની વાત છે કે આ સંબંધે કોઈ પ્રમાણભૂત આંકડાઓ નથી. નથી મારી પાસે કે નથી બીલ રજુ કરનાર ભાઈ પટવારી પાસે કે જેના આધારે એક યા બીજા પ્રકારના ચોકકસ અનુમાન ઉપર આપણે આવી શકીએ.

"આ બધા સંજોગો વિચારતાં જાહેર મત એકત્ર કરવા માટે આ બીલ અહિં પહેલા વાંચનમાંથી પસાર થાય અને જાહેર ચર્ચા માટે જનતા સમક્ષ રજુ કરવામાં આવે એમ હું ઇચ્છું છું."

ત્યાર બાદ હેડ માસ્ટર્સ એસોસીએશનના પ્રમુખ અને નવચેતન હાઇસ્કૂલના પ્રીન્સીપાલ **શ્રી. દામુભાઇ શુકલે** બીલને ટેકો આપતાં જણાવ્યું કે "આ ૧૯૫૫ ની સાલમાં આપણા આ વિધાનસભાગૃહ આગળ આ પ્રકારનું બીલ લાવવું પડે છે એ એક દુઃખની વાત છે. જ્યારે જગતના બીજા પ્રગતિશીલ દેશો પોતાનાં બાળકો આ દુનિયામાં કેવી રીતે સફળ, સુખી અને ઉપયોગી જીવન જીવી શકે એને માટેની કેળવણી એમને આપવા તનતોડ પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે આપણે આપણાં બાળકોને હજુય મૃત્યુ પછીના જીવન માટે જાણે તૈયાર કરી રહ્યા છીએ!

"કેટલાક શબ્દોએ જગતમાં ખૂબ ગોટાળો ઉભો કર્યો હોય છે. કોઈ એનો સ્પષ્ટ અર્થ સમજતા નથી અને છતાંય એની પાછળ એ શબ્દનો એ જે અર્થ કરતા હોય છે તે મેળવવા માણસો અનેક પ્રયાસો કરતા હોય છે. 'મોક્ષ' એ એક એવો શબ્દ છે. હજી પણ મોક્ષનો ચોક્કસ શો અર્થ છે એ વિદ્વાનો કહી શકતા નથી. અને છતાંય એ મોક્ષ મેળવવા આપણે આપણાં નિર્દોષ બાળકોને દીક્ષા આપી એમના જીવનને પહેલેથી અમુક પ્રકારનું વલણ આપવાનો પ્રયત્ન કરીએ છીએ.

"આપણે ઇતિહાસ તરફ નજર કરીશું તો આપણને જણાશે કે આપણે જે પરાધીનતારૂપી નામોશી વહોરવી પડી અથવા સામાજિક દૃષ્ટિએ અનેક સૈકાંઓ સુધી અંધારયુગમાં રહેવું પડયું તેનું કારણ આપણી આ દૃષ્ટિ છે. અનેક શકિતવાળા યુવાનો, અનેક કુદરતી બક્ષીસોવાળા યુવાનો જગતમાં રહીને પોતાનું કામ સારી રીતે કરવાને બદલે જગતને છોડી દઇ જંગલમાં ચાલ્યા જતા રહ્યા છે. यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत् એ સાદા સીધા વાકયનો અર્થ તો છે જ્યારે સંસારથી કંટાળો આવે ત્યારે સંસાર છોડીને ચાલ્યા જવું. પણ લોકોએ કંટાળાનો અર્થ ક્ષણિક અણગમો કર્યો. આ દુનિયામાં આપણા જીવનમાં એવી તો કેટલીય ક્ષણો આવે છે જ્યારે આપણને સંસાર ઉપર કંટાળો આવે છે. શું એવી ક્ષણોએ આપણે સંસાર છોડીને ચાલ્યા જવું જોઇએ? શું એવી ઉદ્દીપ્ત સ્થિતિમાં કરેલો ત્યાગ સાચો ત્યાગ કહી શકાય?

"આપણા દેશમાં આટલેથી કોઇ અટકયું નથી. સામાન્ય રીતે કંટાળો આવે અને જગતનો ત્યાગ થાય તો યે સમજ્યા, પણ આપણે તો આખું સાહિત્ય રચ્યું, આખો એક ધાર્મિક વ્યવસાય ઉભો કર્યો જેનું મુખ્ય કર્તવ્ય માણસોને સંસાર ઉપર કંટાળો ઉભો કરવાનું હતું. આવી કૃત્રિમ રીતે ઉભો કરેલો કંટાળો સંસારત્યાગમાં પરિણમે એ સારી સ્થિતિ કહેવાય?

"માણસોએ આ રીતનો ગેરલાભ લઈ ભૌતિક પ્રગતિ સાધ્યાના ઇતિહાસમાં દાખલા છે. અનેક અજ્ઞાન પ્રજાઓનો લાભ લઈ બીજી પ્રજાઓ સમૃદ્ધ થઈ છે એ કોણ નથી જાણતું? આવી રીતે કોઇના અજ્ઞાનનો લાભ લેવો એ મારી દૃષ્ટિએ નિંદ્ય કામ છે. પણ નિર્દોષતાનો લાભ લેવો, ગમે તેવા ઉદાત્ત હેતુ માટે પણ નિર્દોષતાનો બલિ આપવો એ તો ખરાબમાં ખરાબ પાપ છે. આપણે મોક્ષને નામે એવાં પાપો સૈકાઓથી કર્યા કરીએ છીએ.

"આપણાં નિર્દોષ બાળકોને સંસારની અધમતાનો ખ્યાલ આપી સંસારમાંથી એક બીજા જ રસ્તે વાળી દઇએ છીએ અને એ રીતે એમને સુખી કર્યાનો, એમનો મોક્ષને માર્ગે વાળ્યાનો વિકૃત સંતોષ મેળવીએ છીએ.

"અહીં એમ કહેવામાં આવ્યુ કે આવું બીલ કેન્દ્ર સરકાર તરફથી રજૂ થાય તો વધારે સારૂં. હું કહું છું કે આપણી સરકાર–મુંબઇ રાજ્યની સરકાર–ખૂબ પ્રગતિશીલ છે. એવા અનેક કાયદાઓ જેવા કે દારૂબંધી, દ્વિપત્ની પ્રતિબંધ એણે કર્યા છે જે હજુ બીજા રાજ્યોમાં થયા નથી. શું આપણે એમ પૂછવા બેસી રહ્યા હતા કે દારૂબંધીનો કાયદો બીજા રાજ્યો કરશે ત્યારે જ અમે કરીશું. આ બીલ પણ સમાજને ઉપયોગી છે અનેક નિર્દોષ બાળકોને બચાવનારૂં છે. એને માટે આવી વાત કરવી એ આપણને શોભારૂપ નથી.

"આ કારણોસર હું આ બીલને હાર્દિક ટેકો આપું છું અને મારા મિત્ર શ્રી. પટવારીને આવું બીલ નિર્ભય રીતે રજુ કરવા બદલ અભિનંદન આપું છું."

**"શ્રી. ગુલામ હૈદર વલીમહમદ મોમીને** બીલ ઉપર વિવેચન કરતાં જણાવ્યું કે "નાની ઉમરનાં અણસમજ બાળકોને દીક્ષા આપવી એ અયોગ્ય છે. કેટલાક સાધુઓને ચેલાઓ બનાવવાની ઘેલછા હોય છે એના ઉપર જરૂર અંકુશ મુકાવો જોઇએ. એમ થતાં કોલસાની ખાણુમાં જ હીરા પાકે છે એ હકીકત ધ્યાનમાં રાખીને યોગ્ય પાત્રને પોતાના જીવનને ઉંચે લઈ જવાની તક સાવ બંધ કરવી ન જોઇએ. વળી આ બાબત સામાજિક સાથે ધાર્મિક પણ છે અને એ દૃષ્ટિએ એને પૂર્ણ રક્ષણ મળવું જોઇએ. જેમાં બાળકની યોગ્યતાની પરીક્ષા કરવાની પૂરી વ્યવસ્થા હોય, જ્યાં જરૂરી નિયંત્રણો હોય ત્યાં રાજ્યે વચ્ચે પડવું ન જોઇએ. આમ છતાં આવા અગત્યના સામાજિક પ્રશ્ન ઉપર આ રીતે બીલ લાવીને સૌ કોઇનું ધ્યાન ખેંચ્યું તે માટે ભાઇ પટવારીને હું ધન્યવાદ આપું છું."

ત્યાર બાદ કોલ્હાપુરના જગદ્‌ગુરૂ **શ્રી. ખેનાડીકરે** બહુ વિસ્તારથી વિવેચન કરીને બીલનું સમર્થન કર્યું હતું.

કાઉન્સીલના વિરોધ પક્ષના આગેવાન જાણીતા સમાજવાદી મજુર કાર્યકર્તા **શ્રી. ખેડગીકરે** જણાવ્યું કે "હું સમાજશાસ્ત્રનો અભ્યાસી છું અને એ દૃષ્ટિએ પૂછું છું કે આ પ્રકારની દીક્ષા લેવા માટે બાળક જરા પણ યોગ્યતા ધરાવે છે ખરૂં? આ કેવળ સામાજિક પ્રશ્ન છે. બંધારણની વિરૂધ્ધ એવું આ બીલમાં કશું પણ છે જ નહિ. આ બાબતને જો ધર્મમાં હસ્તક્ષેપ કહેવાતો હોય તો આપણે આ રીતે અનેક ધાર્મિક લેખાતી બાબતોમાં દખલગીરી કરીને સામાજિક સુધારાઓ કરતા આવ્યા છીએ. સરકાર આ બાબતમાં હજુ સુધી નિર્ણય ઉપર

આવી નથી એ ભારે આશ્ચર્યજનક છે. દીક્ષા બાળક માટે ભારે ઘાતક છે. હું તો આ પ્રકારના સંન્યાસમાં જ માનતો નથી. તેથી સમાજનું કોઈ ભલું થતું જ નથી."

**શ્રી. અથવાલે** બીલના સમર્થનમાં બોલતાં આ અપરિપકવ વયે દીક્ષિત થએલા સાધુ-સંન્યાસીઓમાં જે કુદરત વિરૂધ્ધનો અનાચાર ( homo-sexuality ) મોટા પ્રમાણમાં ચાલી રહ્યો છે તે તરફ માનનીય સભ્યોનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. અને ત્યાર બાદ અખિલ હિંદ પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને મુંબઈ મ્યુનીસીપલ કોરપોરેશનના સભ્ય **શ્રી. એમ. વી. દ્વાન્દે** (ઈન્ડીપેન્ડન્ટ) એ જણાવ્યું કે "આ બીલ ઉપર મુખ્ય પ્રધાનનું ભાષણ સાંભળીને મને ભારે આશ્ચર્ય થયું છે. તેમણે આ સંબંધે તટસ્થ વૃત્તિ જાહેર કરી છે, એમ છતાં તેમણે જે કહ્યું છે તેથી આ બીલના મુદ્દાને ભારે નુકસાન પહોંચાડયું છે અને તેની વિરૂધ્ધ પૂર્વગ્રહ પેદા કર્યો છે. સાત સાત મહીનાથી બીલ સરકાર સામે પડયું છે, પ્રધાનો સરકાર આ બાબતમાં ચોક્કસ અભિપ્રાય ઉપર આવી શકી નથી એ ભારે આશ્ચર્યજનક છે. શ્રી. મોરારજીભાઇએ ત્યાગનો મહિમા વર્ણવ્યો એ સામે કોઈને વાંધો નથી, પણ આ બાબતમાં સ્વતંત્ર રીતે નિર્ણય કરવાની યોગ્યતા માનવી કયારે પ્રાપ્ત કરે છે એજ અહિં સવાલ છે. બાળકમાં આવી કશી યોગ્યતા હોઇ ન જ શકે-આ વિષે બે મત હોવા સંભવ નથી. શહેરી તરીકેના હક્કોનો અમલ પણ આપણે ૨૧ વર્ષની ઉમ્મર બાદ કરવા દઇએ છીએ. તો દીક્ષા જેવી બાબતમાં આપણે એથી નાની ઉમ્મરનો શી રીતે વિચાર કરી શકીએ ? ધર્મના નામ નીચે આ એક પ્રકારનો સામાજિક અન્યાય ચાલી રહ્યો છે. આવી બાબતમાં બાળકને રક્ષણ આપવું એ રાજ્યનો ધર્મ છે. બાળકના હક્કોને પુરૂં રક્ષણ આપવું એ તો આજે આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ સ્વીકારાઈ ચુકયું છે. અને ધાર્મિક લેખાતી છતાં સામાજિક એવી અનેક બાબતો ઉપર સરકારે કયાં કાયદા નથી કર્યા ? રાજ્ય બંધારણમાં પણ બાળકોને બધા પ્રકારનું રક્ષણ આપવાની ખાસ ભલામણ કરવામાં આવી છે. બાળકોનો ધર્મના નામે આવી રીતે લાભ ઉઠાવાય અને તેમને મુંડી નાખવામાં આવે એ એક ભયંકર અપકૃત્ય છે. મારા અભિપ્રાય પ્રમાણે આ બીલને પહેલા વાચનમાંથી પસાર કરીને ઢીલમાં નાંખવાની બીલકુલ જરૂર નથી, પણ આ બેઠક દરમિયાન જ તેને પાસ કરવું ઘટે છે."

વડોદરાની અનેક સામાજિક સંસ્થાના અગ્રગણ્ય કાર્યકર્તા અને સામાજિક સંસ્થાઓના સંચાલક **શ્રી. મણીબ્હેન પટેલે** ( કોંગ્રેસ ) બીલનું સમર્થન કરતાં જણાવ્યું કે "આ બીલ માનનીય સભ્ય શ્રી. પટવારીએ રજુ કર્યું છે તે બદલ હું તેમને ધન્યવાદ આપુ છું. અને તે સામે બહુ વિરોધ હોવા છતાં પણ તે પોતાના નિશ્ચયમાંથી ડગ્યા નથી તેને માટે હું ફરીથી તેમને ધન્યવાદ આપું છું. કેટલાક મેમ્બરોએ કહ્યું કે આ બીલ ધર્મની બાબતમાં દખલ કરે છે તે માટે તેનો વિરોધ કરવો જોઇએ. એવી રીતે માનનીય સભ્ય મોમીને કહ્યું કે 'હમારા ધર્મમાં બેનોમાં પરદાનો રીવાજ છે. કદાચ તેને કાઢવાનું કહેવામાં આવે તો હું તેનો વિરોધ કરૂં.' પરંતુ હું કહેવા માગું છું કે જે પરદાનો રીવાજ તેમને ત્યાં છે તે મોટી બહેનો માટે છે, નાની બહેનો માટે નથી. બહેનો મોટી થયા પછી તે પરદાનો સ્વીકાર કરે છે એટલે તેમનું એ કહેવું આ બીલની સાથે જરાયે સુસંગત થતું નથી. આ બીલ લાવવું પડયું છે તે નાનાં બાળકોને માટે છે કે જે પોતાની જીંદગીનો વિચાર કરી શકતાં નથી અને એમનાં માતાપિતા અગર બીજા મારફત તેમને દીક્ષા આપવામાં આવે છે. એમાં ધર્મની બાબતમાં દખલ કરવાની કોઈ વાત નથી. આ બીલ લાવવામાં આવ્યું છે તે કેવળ ૧૮ વર્ષની નીચેનાં બાળકો માટે છે. અઢાર વર્ષ થયા પછી પોતે દીક્ષા લઈ શકે છે, જો કે હું તો એ પણ માનવા તૈયાર નથી કે ૧૮ વર્ષે પણ તેમનામાં પાકી સમજ આવે છે. પચીસ ત્રીસ વર્ષનાં સ્ત્રી પુરૂષોમાં પણ પાકી સમજ નથી આવતી તે આપણે જોઈ શકીએ છીએ, પરંતુ અહિં ૧૮ વર્ષે પુખ્ત ઉમર માની છે એટલે એમાં મારો વિરોધ નથી. નાની ઉમરનાં બાળકોને કેવી રીતે દીક્ષા લેવડાવાય છે તે હું સારી રીતે જાણું છું. એકવાર અમુક સાધુલોકો એક છોકરાને ઉઠાવી લાવ્યા હતા અને તેની જીભની વચ્ચે સોયો ખોસ્યો હતો અને તેની પાસે ભીખ મંગાવતા હતા. હું સમજતી હતી કે એ એક ખુબ અત્યાચાર થઈ રહ્યો હતો અને માનવતાની દૃષ્ટિથી મને લાગ્યું કે તેને મારે છોડાવવો જોઇએ. પોલીસની મદદથી તેને છોડાવ્યો. તે છોકરાને ખબર નહોતી કે તે કયાં જઇ રહ્યો હતો. તેવી રીતે નાનાં છોકરાને જે દિશામાં મૂકવામાં આવે તેવી રીતે તે બીચારા રહે છે અને તેમને શા માટે દીક્ષા આપવામાં આવી છે તે પણ બીચારાં સમજતાં નથી, મેં હમણાં કહ્યું કે પચીસ ત્રીસ વર્ષનાં સ્ત્રી પુરૂષોને પાકી સમજ નથી આવતી તો નાનાં છોકરોની વાત જ શું કહેવી ?

"અમારા વડોદરા રાજ્યમાં જ્યારે બાલદીક્ષાને માટે બીલ લાવવામાં આવ્યું હતું ત્યારે આનાથી પણ વધારે ઉહાપોહ થયો હતો; પરંતુ અમારી તે વખતની સરકાર વિરોધથી ડરી ન હતી અને બીલ પાસ કર્યું હતું. અમે મુંબઇ સાથે જોડાઇ ગયા એટલે આપોઆપ મુંબઇ રાજ્યના કાયદા અમલમાં આવ્યા. હું આશા રાખું છું કે આ બીલ પાસ થાય અને તેમાં જરાપણું ઢીલ ન થવી જોઇએ. આવી જ રીતે અમારી ભારત સરકાર હિંદુ કોડ બીલ લાવી ત્યારે પણ વિરોધ થયો હતો. એ બીલ સ્ત્રીઓની સામાજિક સુધારણાને માટે હતું, છતાં લોકોનો મોટો વર્ગ સ્ત્રીઓને હક આપવામાં આવશે તો સારો હિંદુ સમાજ ઉથલ-પાથલ થઈ જશે એમ માનતો હતો. પરંતુ આસ્તે આસ્તે થોડા થોડા ભાગમાં આ બીલ પસાર થઈ રહ્યું છે. આ ઉપરથી આપણે સમજી લેવું જોઇએ કે આપણા સમાજમાં જ્યારે કાયદો થઈ રહ્યો છે ત્યારે આપણા સમજદાર નાગરીકોએ તેમને સાથ આપવો જોઇએ અને તેને આગળ ધપાવવામાં આપણી સરકારના હાથ મજબુત કરવા જોઇએ, અને આપણી સરકાર જો પાછી પાની કરતી હોય તો તેમ ન થવા દેવા માટે પણ આપણે પ્રયત્ન કરવો જોઇએ.

"બીજી પણ એક વાત છે. જે ધર્મમાં દીક્ષા આપવામાં આવે છે તેમાં કેટલીયે નાની છોકરીઓ પણ હોય છે, અને તે છોકરાં છોકરીઓ મોટાં થાય ત્યારે કદાચ તેમને સંસારમાં આવવાની ઇચ્છા થાય છે તો પણ તેઓ આવી શકતાં નથી. કારણ કે તેમને સમાજ સંઘરતો નથી અને તેની તરફ ઘૃણાની દૃષ્ટિથી જુએ છે. આવી દશામાં સ્ત્રીસાધ્વીઓની તો વાત જ કરવાની રહેતી નથી. એટલા માટે બાળકો પુખ્ત ઉમરનાં થાય ત્યાર પછી તેઓ પોતે સમજીને દીક્ષા લઈ શકે છે. આ બીલને અમારા બધા માનનીય મેમ્બરો ટેકો આપશે એવી આશા રાખું છું અને શ્રી. પટવારીને આ બીલ લાવવા માટે હું ધન્યવાદ આપું છું."

ત્યાર બાદ ગુજરાત પ્રાન્તિક સમિતિના સભ્ય અને સુરતના સામાજિક કાર્યકર **શ્રી. જ્યોત્સનાબ્હેન શુક્લે** જણાવ્યું કે "માનનીય સભ્ય શ્રી પટવારીએ જે બીલ રજુ કર્યું છે એને ટેકો આપવા માટે હું ઉભી થઈ છું. બીલ રજુ કરતાં એમણે અને બીલને ટેકો આપતાં બીજા માનનીય સભ્યોએ જે વિવેચન કર્યું છે તે પૂરતું છે અને હવે વધારે કશું કહેવાની જરૂર નથી. તેમ જ એકની એક વાત ફરી ફરીને કહેવાનો કંઈ અર્થ નથી. એટલે મારે જે એક બે વાત કહેવાની છે એ ટૂંકામાં જ કહીશ. આ બીલનો વિરોધ શા માટે કરવામાં આવે છે એ મને સમજાતું નથી. કારણ કે બીલમાં એક જ વાત કહેવામાં આવી છે કે અઢાર વર્ષથી નાની વયની વ્યકિતઓને સંન્યાસ દીક્ષા આપવા પર પ્રતિબંધ મૂકવો. આથી મોટી વયના માણસો માટે આ બીલમાં કોઈ પ્રતિબંધ નથી અને તેમને સંન્યાસ લેતા અટકાવવાનો કોઈ ઇરાદો નથી. આમાં ખોટું શું છે ? આવો નિયમ તો આપણી સંસ્થાઓમાં પણ હોય છે. કોઇ પણ બંધારણવાળી સંસ્થામાં અઢાર વર્ષથી નીચેની વયની વ્યકિત સભ્ય થઇ શકતી નથી. કોંગ્રેસના સંભાસદ થવા માટે પણ અઢાર વર્ષ પૂરાં કરવાં પડે છે. આવી સેવા કરનારી સંસ્થાઓમાં આ નિયમ હોય તો સંન્યાસ દીક્ષા જેવી કડક તપશ્ચર્યા કરવાની

સંસ્થામાં આવો નિયમ કેમ ન હોય ? એટલે આ બીલ આવ્યું છે તે બહુ સમયસરનું છે અને તેને સૌએ ટેકો આપવો જોઇએ. એનો વિરોધ શા માટે થાય છે તે મને સમજાતું નથી. એમ પૂછવામાં આવે છે કે કોઈ બાળકની સંન્યાસ લેવાની, જ્ઞાન મેળવવાની, મોક્ષ મેળવવાની કે તપશ્ચર્યા કરવાની ઇચ્છા થાય તો તે સામે પ્રતિબંધ શા માટે મૂકવો જોઇએ ? ખરેખર બાળકોને આવી ઇચ્છા થાય છે કે કેમ તે આપણે જાણી શકતા નથી. મેં પણ ઘણાં સાધુ સાધ્વીઓને જોયાં છે. કોઇનો નામનો ઉલ્લેખ કરવાની જરૂર નથી. દરેક કોમ અને દરેક ધર્મની અંદર સાધુ સાધ્વીઓ હોય છે, પણ તે બધાં જ આકરી તપશ્ચર્યા પાળી શકે છે કે કેમ એ એક શંકાની વાત છે. આપણા જોવામાં અને જાણવામાં એવા ઘણા દાખલાઓ આવે છે ને તે જાહેર થાય છે ત્યારે તે તે ધર્મના અનુયાયીઓ ગુસ્સે થાય છે, તેનું કારણ એ છે કે તેથી તેમના ધર્મની બદનામી અને વગોવણી થાય છે અને તેમાં દખલ થાય છે એમ કહેવામાં આવે છે. આથી જ જે લોકો ખરેખર વૈરાગ્યને લીધે સંસારનો ત્યાગ કરવાને તૈયાર થતા હોય તેમને જ દીક્ષા આપવી જોઇએ. જેઓ સંસારથી ત્રાસી ગયા હોય અથવા તો વૈરાગ્ય આવવાથી સંસાર છોડીને નાસી જાય, જેવી રીતે શંકરાચાર્ય સંસાર છોડીને સંન્યાસી થયા હતા, એવા મહાન પુરૂષો ઘણા થોડા હોય છે. તેમને કોઈ અટકાવી શકતું નથી. પરંતુ આજે તો આપણે જોઇએ છીએ કે નાનાં બાળકોની આસપાસનું વાતાવરણ વિલાસનાં સાધનોથી ભરપૂર હોય છે. જે બાળકો આજ સુધી સિનેમા જોતાં હોય, સિનેમાનાં ગાયનો ગાયા કરતાં હોય તેઓમાં આવતી કાલે દીક્ષા લેવાની યોગ્યતા આવી જાય એ માનવાને હું તૈયાર નથી, તેથી આ બીલને હું ટેકો આપું છું.

"અહીં આપણા માનનીય ચીફ મિનિસ્ટરે ભાષણ કર્યું તેથી આ બીલનું મહત્વ ઘટી ગયું છે એમ કહેવામાં આવ્યું તે ખરું નથી અને એ વાતનો હું વિરોધ કરું છું. એક માનનીય સભ્યે એમ પણ કહ્યું કે સરકાર આ બીલ સામેના વિરોધથી ગભરાય છે, પરંતુ હું કહીશ કે તેને તેમ ગભરાવાની જરૂર નથી. જો આપણી સરકાર એમ લોકોના વિરોધથી ગભરાતી હોત તો જે ટેનન્સી બીલ આવ્યું છે તેને પડતું મૂકયું હોત અને દારૂબંધી કરી ન હોત. માટે આપણી સરકાર લોકોના વિરોધથી ગભરાય છે એવી વાત કરવાનો કોઈ અર્થ નથી. વળી એમ કહેવામાં આવે છે કે કોન્ગ્રેસ સભ્યો પણ એથી ગભરાય છે એ પણ ખરું નથી. માનનીય ચીફ મિનિસ્ટરે એમ નથી કહ્યું કે દીક્ષા લેવી એ સારું છે કે ખોટું છે. તેમણે કબુલ કર્યું છે કે જે બાળકો અજ્ઞાન હોય અને તેનો ગેરલાભ લેવામાં આવતો હોય અને એ રીતે તેમને જો દીક્ષા આપવામાં આવતી હોય તો તે ખોટું છે અને સાથે સાથે તેમણે એમ પણ કહ્યું કે કોઈ એકાદ બાળક પૂર્વજન્મના સંસ્કારને લીધે એવો પણ નીકળે કે જેને સંસાર ઉપર વૈરાગ્ય હોય અને નાનપણમાં દીક્ષા લેવાને તૈયાર થાય.

"આવું બીલ ધારાસભા સમક્ષ લાવવું પડે અને બાલદીક્ષાને માટે કાયદો કરીને પ્રતિબંધ કરવો પડે એ ખરેખર આપણી કમનસીબી છે. હું આશા રાખું છું કે જૈન સમાજ આજે વખત ઓળખે. આ જાતના સુધારાઓ તેઓએ જાતે જ કરી લેવા જોઇતા હતા, જેથી કરીને આવું બીલ લાવવાની જરૂર પડી ન હોત અને આ જાતની ચર્ચા પણ કરવી પડી ન હોત, તેમજ ધર્મની કે સાધુ–સાધ્વીઓની કે સંન્યાસ દીક્ષાની વાતોની ચર્ચા કરવાની જરૂર ઉભી ન થાત. આ જાતનો પ્રબંધ તેઓએ તેમના સમાજની અંદર જાતે કરી લેવો જોઇતો હતો. જો આ બાબતમાં કાયદો પણ કરવામાં આવશે તો તેનો અમલ કેટલે અંશે સફળ થશે તે કહી શકાય નહિ. આપણે દેવદાસીઓનો કાયદો કર્યો, છતાં એ પ્રથા આજે સદંતર બંધ થઈ ગઈ છે એમ માનવાને કંઈ કારણ નથી. માટે આવા સામાજિક અનિષ્ટોનો સામનો લોકોએ કરવો જોઇએ અને એ અનિષ્ટો રદ કરાવવા માટે પ્રયત્નો કરવા જોઇએ. તેથી મારી વિનંતી છે કે આ જે ખરેખર અનિષ્ટ છે અને જે નાનાં બાળકોની જીંદગી બગાડી નાખે છે અને એમને જે ખોટું પ્રલોભન આપવામાં આવે છે તેમાંથી તેમને બચાવી લેવા જોઇએ. બાળકોને છૂટથી જ્ઞાન લેવા દો, શિક્ષણ લેવા દો, અનુભવ લેવા દો અને તેઓ ખોટે રસ્તે ન ફસાય એવો પ્રબંધ કરો. આજે યુવકો અને યુવતીઓ જાતજાતના ફંદામાં ફસાય છે તેમાંથી તેમને ઉગારી લો. આથી મારે બીજું વિશેષ કશું કહેવાનું નથી. આ બીલને હું ટેકો આપું છું."

ત્યાર બાદ અમદાવાદના જ્યોતિ સંઘના પ્રમુખ તથા ગુજરાતની અનેક સામાજિક સંસ્થાના અગ્રગણ્ય કાર્યકર **શ્રી. લીલાવતીબહેન દેસાઈ** (કોંગ્રેસ) એ બીલનું સવિશેષ સમર્થન કર્યું હતું.

**શ્રી. એમ. એચ. ગોડબોલે** એ સામાજિક કાયદાઓ ઘણા થયા, અને હવે હાલ થોડો વિરામ લેવો જોઇએ અને આ સુધારો એવો કોઈ તાકીદનો નથી, થોડી રાહ જોઈ શકે છે, ચાલુ કાયદાઓ આ માટે પૂરતા છે, માબાપની આર્થિક પરિસ્થિતિ આવી દીક્ષાઓ માટે જવાબદાર છે તો તે સુધારવી જોઇએ, ધર્મની આ રીતે તાલીમ મળે તેમાં બાળકને નુકસાન થતું નથી. શ્રી. જે. કૃષ્ણમૂર્તિને થીસીસ બીસેન્ટે પોતાના કબજામાં લઇને તાલીમ આપી તો તેઓ આજે કેટલું મોટું કામ કરી શકે છે વગેરે કહીને આ બીલનો વિરોધ કર્યો હતો.

**શ્રી. ડાંગરેએ** બીલનું સમર્થન કર્યું હતું.

લેજીસ્લેટીવ કાઉન્સીલના ડેપ્યુટી ચેરમેન **શ્રી. જેઠીબહેન સીપાહીમલાણીએ** બીલને ટેકો આપતાં શ્રી. ગોડબોલેની દલીલોનો ક્રમસર રદીયો આપ્યો હતો અને આ સામાજિક બીલ હોય બાળકોના રક્ષણ અને હિત માટે રાજ્યે મદદકારક થવું જોઇએ તેવો આગ્રહ કરી, માબાપો જ્યાં સંમતિ આપે ત્યાં રાજ્યે શા માટે વચ્ચે પડવું જોઇએ એવી શ્રી. મોરારજીભાઈની દલીલનો જવાબ આપતાં જણાવ્યું હતું કે "માબાપો તો બાળકોને દારૂ પીવાની, અનાચાર સેવવાની સંમતિ આપે તો શું તે રાજ્ય ચલાવી લેશે ? આજે યુનાઇટેડ નેશન્સ જેવી વિશ્વસંસ્થા બાળકોના હકને માટે પ્રયત્ન કરી રહી છે તેવે વખતે આ રાજ્ય આવા સામાજિક સુધારાના બીલ પ્રત્યે દ્વ્યુપચ્યુ વૃત્તિ સેવે છે એ ન સમજાય તેવી વાત છે. મારા મત પ્રમાણે બાળકો જ્યાં સુધી નિર્ણય કરવાની ઉમરે પહોંચે નહિ ત્યાં સુધી તેમને દીક્ષા આપવી એ એક ભારે અનિષ્ટ છે." છેવટે આ વિધાનસભા જો આ બીલની તરફેણમાં એક મત છે તો એ લક્ષ્યમાં લઇને સરકારે પણ તેની તરફેણમાં પોતાનો મત જાહેર કરવો જોઇએ એવો શ્રી. મોરારજીભાઇને તેમણે આગ્રહ કર્યો હતો.

સાંજના સાત વાગ્યાથી વિધાનસભા એ દિવસે મુલતવી રહી હતી અને તા. ૧૨-૯-૫૫ સોમવાર બપોરના બે વાગ્યે ફરીને મળી હતી.

પ્રારંભમાં પૂનાના હેડમાસ્તર **ડી. જી. એસ્.** ખેરે બીલનું અનુમોદન કરતાં જણાવ્યું કે "નાના બાળકો એકવાર દીક્ષા લઇ લે પછી સામાન્યતઃ સમાજમાં પુનઃ પ્રવેશ કરી શકતા નથી અને આજીવન વિખુટાં પડી જાય છે. આ બીલ ધર્મમાં સહેજ પણ અવરોધરૂપ નથી, કારણ કે ધાર્મિક શિક્ષણ ઘેર પણ આપી શકાય છે."

મહારાષ્ટ્રની અગ્રણી કોંગ્રેસી અને સામાજિક કાર્યકર **શ્રી. રમાબાઈ દેશપાંડેએ** બીલને સ્ત્રીઓ તરફથી હાર્દિક ટેકો આપતાં જણાવ્યું હતું કે "અયોગ્ય દીક્ષાથી અનેક નાની બાળાઓ દુઃખમાં ડુબે છે અને તેમને પાછા આવવાનું બની શકતું નથી." તાજેતરમાં દીલ્હીમાં મહિલા સંગઠનની સભામાં પંડિત જવાહરલાલે સ્ત્રીઓ અને બાળાઓ અંગેના અનિષ્ટો તાત્કાલીક નાબુદ કરવા જે આગ્રહ કરેલો તેનો નિર્દેશ કરી આ બીલ જલ્દી પસાર કરવા આગ્રહ કર્યો હતો.

**શ્રી. મગનભાઈ દેસાઈ** (હરિજનના તંત્રી) એ બીલના હેતુઓ અને સિધ્ધાન્તોની પ્રશંસા કરી અનિષ્ટ દીક્ષાને અટકાવવાને પ્રબંધ થવો જોઇએ તે વાત સ્વીકારી હતી અને વિશેષમાં સૂચવ્યું હતું કે જ્યાં યોગ્ય દીક્ષાર્થી હોય ત્યાં તેને પણ સગવડ મળે તેવું કાંઈક ગોઠવવું જોઇએ.

**શ્રી. ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોરે** બીલને ટેકો આપતાં જણાવ્યું કે "આ બીલની ચર્ચા દરમ્યાન સંન્યાસ અને દીક્ષા એ શું છે તે અંગે ગંભીરતાપૂર્વક વિચાર થયો નથી, અને તેથી આ પ્રશ્ન અંગે ગૂંચવાડો ઉભો થયો છે. સંન્યાસ એ તો સ્વયંભૂ વસ્તુ છે અને હૃદયના ઊંડાણમાંથી ઉદ્‌ભવે છે. તેમાં કાંઈ યોજના હોતી નથી, પધ્ધતિ હોતી નથી, જ્યારે દીક્ષા એ તો એક પ્રકારની યોજના છે, એક પ્રકારની પધ્ધતિ છે, જે ધર્મને નામે ચાલી રહી છે. એ ધર્મ નથી. એ ધર્મને નામે ચાલતી રૂઢી જેવું છે અને તેથી એવી રૂઢીને સંન્યાસ સાથે સરખાવવી એ વ્યાજબી નથી. આટલો વિવેક બન્ને વચ્ચે ધ્યાનમાં રાખવામાં આવે તો દીક્ષાને ધર્મમાં સ્થાન ન રહે.

"બીજી વસ્તુ એ છે કે માણસના જીવનમાં ૨૪ વર્ષ સુધીનો સમય એ શિક્ષણનો સમય છે, ચિંતનનો સમય છે, ગ્રહણ કરવાનો સમય છે. એ કર્મનો કે ત્યાગનો સમય નથી. આ સમય દરમ્યાન બાળકો અને યુવાનોને યોગ્ય કેળવણી અને સંસ્કાર આપવાના હોય. આ સમય દરમ્યાન તેને અમુક જ માર્ગ ગ્રહણ કરવાની દોરવણી આપવી એ અત્યાચાર છે, યુવાન પકવ ન થાય તે પહેલાં એને અમુક જ માર્ગે દોરી જવો એ અધર્મ છે. ૨૪ વર્ષે જ્યારે તે ગ્રહસ્થી બનવા માંગે છે, કર્મના માર્ગે જવા માંગે છે, ત્યારે ગુરુઓ એને 'સાવધાન, સાવધાન" કહે છે. "૨૪ વર્ષ પણ જો સાવધાન" કહેવાની જરૂર હોય તો ૧૦–૧૨ વર્ષે તો શું કહેવું ? દીક્ષાનો માર્ગ ૧૮ વર્ષ પછી લેવો હોય તો લઈ શકાય છે, પણ ૧૮ વર્ષનો થતાં પહેલાં નાના બાળકને દીક્ષાનો માર્ગ ગ્રહણ કરવાની "ફરજ" પાડવામાં આવે કે તેવું વાતાવરણ તેની આસપાસ ઉત્પન્ન કરી એ માર્ગમાં તેને દોરી જવામાં આવે એ અત્યાચાર છે. માટે આ કાયદો બાળકોના રક્ષણ માટેનો છે. મને તો લાગે છે કે આવો કાયદો તો આજથી ૧૦ વર્ષ પહેલાં લાવવો જોઇતો હતો. આવી બાબતમાં જેમ ગાયકવાડ સરકાર પ્રજાને દોરવણી આપતી હતી તેમ આપણી સરકારે પણ આગળ પડીને દોરવણી આપવી જોઇએ.

મુંબઇના અગ્રગણ્ય કોંગ્રેસી કાર્યકર **શ્રી. દેવજી રતનશી,** પૂનાના જાણીતા એડવોકેટ **શ્રી. વી. બી. દેશમુખ,** લોકલ સેલ્ફ ગવર્નમેન્ટના નિષ્ણાત **શ્રી. ચુનીલાલ બરફીવાલા,** પૂનાના કોંગ્રેસી કાર્યકર અને નામાંકિત ડોકટર **શ્રી. બી. સી. લાચુ, શ્રી. પી. એસ્. કામટ** ( કોંગ્રેસ ) તથા **શ્રી. વી. એસ્. પેઇજ** (કોંગ્રેસ) આ સભ્યોએ આ ચર્ચામાં ભાગ લીધો હતો અને એમાંના બે સિવાય અન્ય સભ્યોએ બીલનું સમર્થન કર્યું હતું.

આ બીલ ઉપરની ચર્ચા સમેટી લેતાં બીલ રજુ કરનાર **શ્રી. પ્રભુદાસ પટવારીએ** ધારાગ્રહના એકેએક સભ્યે આ બીલને વધાવી લીધું છે એ પ્રત્યે પોતાનો આનંદ વ્યકત કર્યો હતો તેમજ સરકારે પ્રથમ વાચનમાંથી પ્રસાર કરી બીલના સિધ્ધાંત અંગે સંમતિ આપી છે તે માટે આભાર દર્શાવ્યો હતો. બીલના વિરોધમાં જે એક બે સભ્યો બોલેલા તેમની દલીલોનો જવાબ આપતાં જણાવ્યું હતું કે "તેમની દલીલનો સારાંશ તો બીલને ટેકો રૂપ જ હતો અને તેથી એ રીતે આ બીલને એકમતે મંજુર કરેલું ગણી શકાય.

બીલ સામાજિક પ્રશ્ન અંગેનું જ હોઈ અને ધર્મના ક્રિયાકાંડ કે કેળવણી માટે બાધકર્તા ન હોઇ ધર્મમાં દખલ કરનારૂં નથી. પરંતુ તેના રક્ષણ અને કલ્યાણ માટેનું જ આ બીલ છે. સાધુ થયાં પછી સમાજમાં પાછા આવવા માટે કાયદો રોકતો નથી, પરંતુ સમાજનો અને ધર્મનો ભય અને તેવી વ્યકિતનો સામાજિક બહિષ્કાર બહુ જ ઓછાને ઇચ્છા હોવા છતાં સમાજમાં આવવા દે છે. એક ટેકો આપનારે યોગ્ય કહ્યું હતું તેમ આ બીલ દીક્ષાની સદંતર રૂકાવટ કરનારૂં નથી, પણ બાળક પુખ્ત ઉમરનું થાય ત્યાં સુધી દીક્ષા મુલતવી રાખવાનો અનુરોધ કરનારૂં છે.

ત્યાર બાદ તેમણે થોડા અનિષ્ટ દીક્ષાના કરૂણ દૃષ્ટાંતો કોર્ટના ચુકાદાઓ સાથે વર્ણવી બતાવ્યા હતા. છેવટે તેમણે આ બીલને ધારાગૃહનો જે સાર્વત્રીક ટેકો મળ્યો હતો તેને માટે ફરીથી આભાર વ્યકત કર્યો હતો.

**શ્રી. મોરારજીભાઇએ** અન્તમાં અગાઉ જણાવ્યા મુજબની દલીલોનું પુનરૂચ્ચારણ કરતાં જણાવ્યું કે "બાળકોને લાગે વળગે છે ત્યાં સુધી આ બીલને હું સામાજિક પ્રશ્ન તરીકે ગણું છું, પરંતુ જે કિસ્સાઓમાં દીક્ષા લેવાની પૂરી યોગ્યતા હોય ત્યાં રાજ્યે વચ્ચે પડવું કે કેમ તે અંગે સરકાર હજુ નિશ્ચય કરી શકતી નથી. સરકાર આ ખરડાનો પ્રથમ વાંચન દરમિયાન વિરોધ નહિ કરે, જેથી કરીને લોકોમાં પ્રજામત માટે એને ફેરવી શકાય. કેટલીક બાબતો એવી હોય છે કે જે અંગે કાયદા થવા જ જોઇએ, કેટલીક બાબતો એવી છે કે જેને અંગે કાયદા થઈ શકે, જ્યારે કેટલીક બાબતો એવી છે કે જેને અંગે રાજ્યે કાયદા કરવા જ ન જોઇએ. ધર્મ એક એવી બાબત છે. આ બીલ દીર્ઘકાળથી હસ્તી ધરાવતી ધાર્મિક પ્રથા સાથે સંબંધ ધરાવે છે. એટલે ખરડો ધાર્મિક બાબત સાથે દખલગીરી કરતો લાગે એ સંભવિત છે. તે સાથે એ એક સમાજ સુધારાનું પગલું પણ છે, કારણ કે એ બાળકોના ભાવી જીવન સાથે સંબંધ ધરાવે છે."

આમ કુલ સાત કલાકની ચર્ચા બાદ આ બીલ ઉપર મત લેવાતાં માત્ર એક જ મતના વિરોધ સાથે આ બીલ અસાધારણ બહુમતીપૂર્વક પ્રથમ વાંચનમાંથી પસાર થયું હતું અને ચાર માસ માટે જાહેર મત માટે ખુલ્લું મૂકાયલું જાહેર કરવામાં આવ્યું હતું.

## અમદાવાદની ૧૫ સ્ત્રીસંસ્થાઓએ બાલસંન્યાસ–દીક્ષા પ્રતિબંધક બીલને આપેલો ટેકો

અમદાવાદની જુદી જુદી પંદર જેટલી સ્ત્રી સંસ્થાઓની બહેનોની એક જાહેર સભા તારીખ ૭ મી સપ્ટેમ્બર મંગળવારે સાંજે ૩ વાગે જ્યોતિ સંઘમાં પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી. સુખલાલજીના પ્રમુખપદે ધારાસભામાં રજુ થયેલ બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલને સમર્થન આપવા મળી હતી.

સભાની શરૂઆતમાં આગેવાન સ્ત્રીકાર્યકર **શ્રી. સરલાદેવી સારાભાઇએ** સભાનો હેતુ દર્શાવ્યો હતો અને જણાવ્યું હતું કે, "ધારાસભામાં શ્રી. પટવારીએ રજુ કરેલા બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલને ટેકો આપવા આપણે એકઠા થયા છીએ. બાલદીક્ષા એ ધર્મનું એક અનિષ્ટ છે અને તે નાબુદ થવું જોઇએ."

### બાળકને દીક્ષા ન અપાવી જોઇએ

આ પછી એલીસબ્રીજ મહિલા સમાજના કાર્યકર બહેન **શ્રી. સરલાબહેને** ૧૩–૧૪ વરસની એક બહેનને અપાતી દીક્ષા અટકાવ્યાનો એક કિસ્સો રજુ કરી જણાવ્યું હતું કે "બાલદીક્ષા અંગેના વિચારો બાળકના માનસ પર ઠોકી બેસાડવામાં આવે છે, એ વિચારો એનાં મનમાં ઉદ્‌ભવતા નથી. બુદ્ધિશાળી અને સમજુ થયા પછી જ દીક્ષા અપાવી જોઇએ. અણસમજમાં બાળભોળપણનો લાભ લઇ દીક્ષા અવશ્ય ન અપાવી જોઇએ."

**શ્રી. સત્યવતીબહેને** બાર અને ચૌદ વરસની બે બાળાઓને ખાનગી દીક્ષા અપાવ્યાનો એક કિસ્સો રજુ કર્યો હતો. અને જણાવ્યું હતું કે, "જે બાળા સંસાર શું એ સમજતી નથી, આત્મા અને આત્માનું કલ્યાણ શું એ સમજતી નથી. જેના દિલમાં સાચો વૈરાગ્ય ઉદ્‌ભવ્યો નથી એવી બાળાને દીક્ષા નહીં આપવી જોઇએ."

### ધર્મને આડે આવતી વસ્તુ નથી

**શ્રી. ચારૂમતીબહેન ઘોષે** જણાવ્યું હતું કે, "બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધ એ ધર્મને આડે આવનારી વસ્તુ નથી, પણ ધર્મને નામે કુમળાં બાળકોનો જે ભોગ અપાય છે તે અટકાવવાની વસ્તુ છે." પતાસાની પોળનો એક કિસ્સો રજુ કરી શ્રી. ચારૂબહેને જણાવ્યું હતું કે "કેટલીક વાર ધર્મમાં પદવી મળે એટલા માટે કેટલાક જૈન સાધુ-સાધ્વીઓ પરાણે બાલદીક્ષા અપાવે છે. આવી અયોગ્ય દીક્ષા ન અપાવી જોઇએ. આપણે તેનો વિરોધ કરવો જોઇએ.

"બહેનોએ આ પ્રશ્નમાં રસ લઈ, બાલસંન્યાસનાં વિરોધમાં અવાજ ઉઠાવવો જોઇએ અને ઠેર ઠેરથી ઠરાવો કરી મોકલી આપવા જોઇએ."

## વૈરાગ્યની વૃત્તિ

જાણીતા સામાજિક કાર્યકર **શ્રી. ગટુભાઈ ફુવે** જણાવ્યું હતું કે, "દીક્ષાની પાછળ વૈરાગ્ય વૃત્તિ હોવી જોઇએ. બાળકના બાળપણનો લાભ ઉઠાવી, સમજણ વગર, બાળકની પરાણે સંમતિ મેળવી, દીક્ષા અપાય તેની સામે વિરોધ ઉઠાવવો જોઇએ. કોઈ બાળકનું અપહરણ કરી તેને ગુલામ તરીકે વેચે એ જેવો ગુન્હો ગણાય છે તેમ પરાણે અપાતી બાલદીક્ષા પણ ગુન્હો ગણાવો જોઇએ અને સમાજે એની સામે વિરોધ ઉઠાવવો જોઇએ, પણ એ માટે સમાજને કાયદાનું પીઠબળ હોવું જોઇએ."

## એ દીક્ષા અયોગ્ય છે

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "માત્ર સાધુ સંન્યાસી થઈને જ આત્માનું કલ્યાણ કરી શકાય એવું નથી. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ આત્માનું કલ્યાણ થઈ શકે છે. બાળકને સમજણ વગર પરાણે વૈરાગ્ય ઉત્પન્ન કરી દીક્ષા અપાવવી તે અયોગ્ય છે. આ રજુ થનારા દીક્ષાના કાયદામાં ૧૮ વરસની ઉમરની મર્યાદા રાખવામાં આવી છે. પણ મારૂં ચાલે તો હું તો ૨૧ વરસ વગર દીક્ષા લેવા ન દઉં. આપણી માગણી તો એવી હોવી જોઇએ કે, માત્ર મુંબઈ પ્રાંતમાં જ નહીં પણ ભારત ભરમાં આ કાયદો હોવો જોઇએ."

**શ્રી. જયભિક્ષુએ** જણાવ્યું હતું કે, "લગ્નના કાયદા કરતા પણ વધારે મહત્ત્વનો આ બાલદીક્ષા પ્રતિબંધનો કાયદો છે. જ્યાં સુધી બાળક સારાસારનો વિવેક જ ન સમજે, તેનામાં પૂરતી સમજ ન આવે ત્યાં સુધી તેને કોઇ પણ પ્રકારના બંધનમાં નાંખવો તે ગુન્હો છે. આ ગુન્હો તે માનવતાનો ગુન્હો છે. કેટલાક લોકો તો પારકાના છોકરાને જતી કરી પુણ્ય લે છે. સમાજમાં આ અનિષ્ટ જેવું તેવું નથી. કાયદાથી તે અટકાવવું જોઇએ."

## સ્ત્રીત્વની શોભા

પ્રમુખસ્થાનેથી **પંડિત શ્રી. સુખલાલજીએ** જણાવ્યું હતું કે, "આજે પુરૂષોની બુદ્ધિ પ્રતિષ્ઠા અને પૈસા પાછળ કુંઠિત થઈ ગઈ છે, બહેનોએ આવા બાલસંન્યાસ પ્રતિબંધ બીલ અંગે લોકમત કેળવવા જે આ પહેલી સભા ભરી છે તેથી મને આનંદ થાય છે. શહેરમાં જૈનો અને જૈનેતરો અનેક વિદ્વાનો છે, અધ્યાપકો છે, તે બધાએ આ બીલને ટેકો આપવો જોઇએ."

તેઓએ જણાવ્યું હતું કે "ધર્મની અંદર દંભ ચલાવી લેવાય નહિ. દેશને આજે વધારેમાં વધારે જરૂર હોય તો તે સંન્યાસ અને દીક્ષાની છે. બીજાના સુખ માટે ભોગ આપવાની વૃત્તિ એનું નામ સંન્યાસ અને દીક્ષા અને તેની આજે વધારે જરૂર છે. આ બીલમાં જે પ્રતિબંધનો વિચાર છે તે તો દીક્ષાની પ્રક્રિયાની પદ્ધતિ પર છે."

પંડિત શ્રી. સુખલાલજીએ જણાવ્યું હતું કે "દીક્ષા લીધા પછી ઘણી વાર બહેનો અને ભાઇઓ પસ્તાઇને સંસારમાં પાછા આવે છે ત્યારે સંસારમાં માબાપ પણ તેને આવકારતા નથી.

## બીલનો હેતુ

"આ બીલનો હેતુ એ છે કે ૧૭-૧૮ વરસની ઉંમર પછી દીક્ષા લેવામાં આવે જેથી એનું દીક્ષામાં મન ઠરે અને જ્યારે તે તેમાંથી પાછો આવવા માગે ત્યારે ગમે તે રીતે પોતાનો નિર્વાહ કરી શકે. આ સવાલ માત્ર ધર્મનો છે એવું નથી પણ આ સવાલ તો રાજ્યનો છે, સમાજનો છે. કારણ કે ધર્મ સમાજથી છૂટો નથી. ધર્મ સમાજ અને રાજ્ય સાથે સંકળાયેલો જ છે. ધર્મમાં સમાજે કે રાજ્યે દખલ ન કરવી જોઇએ તેવું કહેનારા ભ્રમમાં છે. આ બીલ તો ધર્મને શુધ્ધ કરવાનો પ્રયત્ન છે. આ બીલ તો દીક્ષા પધ્ધતિની શુદ્ધિ કરવા માટે છે."

## પસાર થયેલો ઠરાવ

આ પછી શહેરની સ્ત્રી સંસ્થાઓની બહેનોની આ જાહેર સભાએ ઠરાવ પસાર કરી બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલને ટેકો આપ્યો હતો અને આ પ્રકારનો કાયદો ભારતભરમાં પસાર કરવા ભારત સરકારને વિનંતી કરી હતી અને ઠરાવમાં જણાવ્યું હતું કે કાચી ઉંમરનાં અણસમજુ બાલ-બાલિકાઓને દીક્ષા આપવી તે અનિષ્ટ છે. માબાપો આવેશમાં આવી જઈ લાગણીવશ થઈ બાલ-બાલિકાઓને દીક્ષા માટે સુપ્રત કરે છે તે ઇષ્ટ નથી. બાલસંન્યાસ પ્રતિબંધક બીલ પસાર કરવાથી સમાજના એ અનિષ્ટનો અંત આવશે.

## શેઠ કસ્તુરભાઈ લાલભાઈ બાલદીક્ષાની બહારે

વિધાન પરિષદમાં બાલ સન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ તા. ૯-૯-૫૫ શુક્રવારના રોજ રજુ થયું તે પછીના બીજે દિવસે સવારે જૈન શ્વે. મૂ. સમાજના અગ્રણી શેઠ કસ્તુરભાઇ લાલભાઇ, શેઠ જીવતલાલ પરતાપસી, શેઠ ભોગીલાલ લહેરચંદ ઝવેરી, શેઠ મણિલાલ મોહનલાલ હેમચંદ ઝવેરી, શેઠ અમૃતલાલ કાલીદાસ દોશી, શેઠ ઘામજી જેઠાભાઇ તથા એક સમયે બાલદીક્ષા પ્રતિબંધક ધારાના પ્રખર હિમાયતી શતાવધાની શ્રી. ધીરજલાલ ટોકરશી શાહ મુંબઇથી પુના ગયા હતા અને પ્રસ્તુત બીલ જૈન ધર્મમાં હસ્તક્ષેપ કરનારૂં છે, દખલગીરી કરનારૂં છે એવી પંત પ્રધાન શ્રી. મોરારજીભાઈ સમક્ષ તેમણે ધા નાખી હતી. આજને તબકકે મુંબઈ સરકારના આ પ્રશ્ન ઉપર અનિશ્ચિત વલણની શ્રી. મોરારજીભાઇએ આ ગૃહસ્થોને જાણ કરી હતી અને પ્રસ્તુત બીલ સંબંધે તેમની સાથે કેટલીક ચર્ચા કરી હતી.

## સંઘ સમાચાર

તા. ૧૦-૯-૫૫ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભા મળી હતી જેમાં નીચે મુજબના ઠરાવો કરવામાં આવ્યા હતા:-

### શ્રી. બાલચંદ મહેતાનું શોકજનક અવસાન

શ્રી. બાલચંદ મહેતાનાં અકાળ મૃત્યુના સમાચાર સાંભળી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ અત્યન્ત ખેદ અનુભવે છે. તેમણે સંઘના ઑડીટર તરીકે કોઇ પણ વેતન લીધા સિવાય વર્ષો સુધી સેવા કરી હતી તેમ જ બીજી અનેક જાહેર સંસ્થાઓની તેમણે એ રીતે સેવા કરી હતી. તેમનાં પત્ની તથા અન્ય સ્વજનો પ્રત્યે સંઘની કાર્યવાહક સમિતિ ઊંડી દિલસોજીની લાગણી વ્યકત કરે છે.

### શ્રી. નેમચંદ નગીનચંદ વકીલવાળાને સંઘના સભ્યપદથી મુક્ત કરવામાં આવ્યા

સંઘના સભ્ય શ્રી. નેમચંદ નગીનચંદ વકીલવાળાનો સંઘમાંથી રાજીનામું આપતો પત્ર સભા સમક્ષ રજુ કરવામાં આવ્યો. તે પત્રમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બાલદીક્ષા અયોગ્ય દીક્ષાનો એક પ્રકાર છે એમ સંઘ માને છે અને તે અનિષ્ટ દૂર કરવા સંઘની સ્થાપનાથી આજ સુધી સંઘ સતત પ્રયત્ન કરતો રહ્યો છે. સંઘની આ નીતિ સાથે શ્રી. નેમચંદભાઇ નગીનચંદ વકીલવાળા બાલદીક્ષાની જે ચાલુ હિમાયત કરી રહ્યા છે અને તેમના પત્રમાં તેઓ જણાવે છે તે મુજબ હવે પછી પણ કરવાના છે તે બીલકુલ સંગત નથી એવો આ સંઘનો અભિપ્રાય છે અને તેથી તેમના રાજીનામાંનો સ્વીકાર સંઘ માટે અનિવાર્ય બને છે અને તેથી તેમને સંઘના સભ્યપદથી આ સભા મુકત કરે છે.

### વાર્ષિક સમુહભોજન તથા નૌકાવિહાર

આગામી આશ્વિન માસ દરમિયાન સંઘના સભ્યોનું વાર્ષિક સમુહભોજન ગોઠવવું તથા શરદપૂર્ણિમાની રાત્રીએ નૌકાવિહારનો પ્રબંધ કરવો. એમ કરાવવામાં આવે છે.

**મંત્રીઓ મુંબઇ જૈન યુવક સંઘ**

## આભાર નિવેદન

મારા પતિ સદ્‌ગત શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠકના અવસાન નિમિત્તે જે જે સ્નેહીઓએ અને સંસ્થાઓએ પત્રો કે ઠરાવો દ્વારા શોકની લાગણી પ્રગટ કરી છે અને મારી તથા અન્ય કુટુંબીજનો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી છે તે બધાનો વ્યકિતગત આભાર માનવાનું મારે માટે શકય ન હોઈ વર્તમાનપત્રો દ્વારા જાહેર રીતે તે સૌનો આભાર માનું છું તે સૌ દરગુજર કરશે એવી આશા છે. **હીરા. રા. પાઠક**

**વિષય સૂચિ**


| | | પૃષ્ઠ |
|---|---|---|
| શાન્તિનો માર્ગ | અનુ. મેનાબહેન નરોત્તમદાસ | ૯૧ |
| બાલસંન્યાસ-દીક્ષા પ્રતિબંધક બીલ ઉપર વિધાનપરિષદમાં ચર્ચા | | ૯૩ |
| સંઘ સમાચાર | | ૧૦૦ |
| જયપ્રકાશજીનો પુણ્યપ્રકોપ | પરમાનંદ | ૧૦૧ |
| પર્યુષણ વ્યાખ્યાનમાળા | | ૧૦૨ |

# જયપ્રકાશજીનો પુણ્યપ્રકોપ

(ઓગસ્ટની ૩૦ મી તારીખે પટણા ખાતે ભારતના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂએ થોડા દિવસ પહેલાં પટણામાં થયેલાં વિદ્યાર્થીઓના તોફાનો, રાષ્ટ્રધ્વજનું અપમાન, શહેરમાં વ્યાપેલી અરાજકતા અને તે સામે પોલીસે કરેલા ગોળીબારનો ઉલ્લેખ કરતાં–ખાસ રાષ્ટ્રધ્વજને કરવામાં આવેલા અનાદરને અનુલક્ષીને–બોલતાં જણાવેલું કે:– "કોઈ પણ એ બાબત વિષે ભૂલમાં ન રહે. રાષ્ટ્રધ્વજની શાન જાળવવા જતાં એક લાખ તો શું, દશ લાખ માણસો ઠાર થાય તો પણ મને તેની પરવા નથી. જેઓ રાષ્ટ્રધ્વજનું અપમાન કરે છે તેઓ દેશદ્રોહીઓ છે અને તેમને તે રીતે શિક્ષા આપવી જ જોઇએ. રાષ્ટ્રધ્વજની રક્ષા કરવા જતાં આખા હિંદુસ્તાનનો નાશ થાય તો પણ મને પરવા નથી." આ ઉદ્‌ગારો વાંચીને વાલ્મીકી રામાયણમાંનો એક પ્રસંગ યાદ આવે છે. રાવણ સીતાનું હરણ કરી ગયો અને રામચંદ્રજી અત્યન્ત વ્યાકુળ બની ગયા અને આવેશમાં કહેવા લાગ્યા કે "જો મને સીતા પાછી નહિ મળે તો ત્રણ લોકનો હું સંહાર કરીશ." બાજુએ ઉભેલા લક્ષ્મણે મોટા ભાઇને શાન્ત પાડવાનો પ્રયત્ન કરતાં જણાવ્યું કે "પણ આમ આવેશમાં ને આવેશમાં ત્રણ લોકનો સંહાર કરી નાંખશો તો સીતાજીનો પણ સાથે સાથે સંહાર થઇ જશે." ઉપરના અત્યુક્તિભર્યા ઉદ્‌ગાર સામે આપણે જવાહરલાલજીને કહી શકીએ છીએ કે "રાષ્ટ્રધ્વજનું રક્ષણ કરવા જતાં ભારતનો નાશ કરવા જશો તો પછી રાષ્ટ્રધ્વજ જેવું પણ કશું રહેશે જ નહિ." આ જ પ્રમાણે જેનો જવાહરલાલજી સાથે નાના મોટા ભાઇ જેવો સંબંધ માનવામાં આવે છે એવા શ્રી જયપ્રકાશ નારાયણે જવાહરલાલની આવેશભરી અને સમધારણવિહોણી વાણી સામે ભવ્ય પ્રતિભાપૂર્વક પુણ્યપ્રકોપ પ્રગટ કર્યો છે. જયપ્રકાશજીનું નિવેદન નીચે મુજબ છે. **પરમાનંદ**)

"સત્ય વસ્તુ શું છે તે શોધવાની તેમ પ્રજાપક્ષે શું કહેવાનું છે તે જાણવાની શ્રી. નહેરૂએ જરા ય ઇચ્છા દર્શાવી નહિ. પોતાના જ પક્ષમાં કે બીહાર સરકારમાં જ કોઇ બીજું દૃષ્ટિબિંદુ અસ્તિત્વ ધરાવે છે કે કેમ તે શોધવાનો પણ તેમણે પ્રયાસ કર્યો હશે કે કેમ તેની પણ મને શંકા છે. લોકોને દેશભક્તિના ગુણો પર લંબાણથી પ્રવચન આપવું એ જ પટણા આવવા પાછળ શ્રી નહેરૂની એક માત્ર નેમ હતી.

બિહારમાં દેશભક્તોની કમીના નથી; અને મને તો ભય છે કે શ્રી. નહેરૂએ આપણને દેશભક્તિ વિષે જવલંત બોધપાઠ શીખવ્યો નથી. દેશભક્તિ માત્ર એક લૂગડાના ટુકડા (ધ્વજ) ની પુજા કરવામાં જ સમાઇ જતી નથી. પણ તે ચોકકસ રાષ્ટ્રીય સદ્‌ગુણો, જીવનનાં ચોકકસ મૂલ્યો અને સરકાર તથા જાહેર વર્તનનાં ચોકકસ ધોરણોમાં રહેલી છે.

હું ભારે હૈયે આ લખી રહ્યો છું. મારે માટે રાજકીય ચળવળના દિવસો પૂરા થયા છે, અને વિવાદમાં પડવાની હવે મને રૂચિ નથી.

પણ આ એક એવો પ્રસંગ છે, કે જો એમાં હું મૌન રહું તો નાગરિક તરીકેની મારી ફરજમાં ચૂકયો ગણાઉ.

વડા પ્રધાન પટણા આવ્યા અને વિશાળ જનમેદની તેમની પાસેથી આશ્વાસનના–તેમના ધા રૂઝવે અને ન્યાયની ખાતરી આપે તેવાં શીતદાયી શબ્દો સાંભળવાની આશામાં તેમની આસપાસ એકઠી થઇ પણ વડા પ્રધાને તો ધા ઉપર મીઠું ભભરાવ્યું. મિજાજ ખોયો, લોકો સામે બરાડા પાડયા, વર્તમાનપત્રોને નવાજ્યાં અને પોલીસના જુલમ સામે અવાજ ઉઠાવનાર નાગરિકોને ઝાડી કાઢયા. અંગ્રેજોના શાસનકાળમાં જેઓ પોલીસના જુલમ સામે અવાજ ઉઠાવતા તેઓને દેશભક્તો તરીકે વધાવી લેવાતા, પણ સ્વરાજ્ય હેઠળ તો તેઓને દેશદ્રોહીઓ ગણવામાં આવે છે !

## ચિત્રની બીજી બાજુ ન જોઈ

સત્તાધારી વ્યકિતઓના દોરીસંચાર મુજબ અભિનય આપી જવા બરાબર શ્રી. નહેરૂના પ્રવચનને વર્ણવીને શ્રી. જયપ્રકાશ તેમના નીવેદનમાં વધુમાં જણાવે છે કે શ્રી. નહેરૂ તેમને જે કહેવામાં આવ્યું તે જ બોલી ગયા. ચિત્રની બીજી બાજુ પણ હશે તેવો તેમણે વિચાર પણ ન કર્યો એ આશ્ચર્ય ઉપજાવે તેવું છે. રાષ્ટ્રધ્વજને કચડવામાં આવ્યો અને કેટલેક સ્થળે બાળી નંખાયો એ એક હકીકતમાં. જવાહરલાલજી માટે, બીજી બધી હકીકતો તણાઈ ગઇ. પછી ભલે એ ગમે તેવી ગંભીર બાબત કેમ ન હોય. એ તો જાણીતી વાત છે કે ધ્વજ બાળવાના આ પ્રસંગો પટણામાં બન્યા ન હતા આવા બનાવોની ગંભીરતા ઓછી આંકવા કે તેને માફ કરવા પણ બીહારમાં કોઈ તૈયાર નથી. પણ બધી વસ્તુઓને તેના યોગ્ય દૃષ્ટિકોણથી નીરખવી ઘટે.

દસ હજાર તો શું દસ લાખ માણસો પણ ભલે ઠાર થાય પણ રાષ્ટ્રધ્વજનું અપમાન પોતે થવા નહિ દે એમ જ્યારે શ્રી. નહેરૂએ ઉચ્ચ સ્વરે ઘોષણા કરી ત્યારે તેઓ સરમુખત્યારશાહીનો સુર વાપરી રહ્યા હતા. લોકશાહી એટલે કાનુનનું શાસન. રાષ્ટ્રધ્વજને બાળવા માટે કોઇને પણ ઠાર કરી શકાય એવો કોઈ કાયદો આ દેશમાં નથી. કોઇ પણ સુસંસ્કૃત દેશમાં આવો કાયદો નથી. સ્થિતિ આ છે, જો કે એ હકીકત છે કે રાષ્ટ્રધ્વજનું સન્માન થવું જોઇએ અને તેને માન આપવું જોઇએ એ બાબતમાં સર્વ નાગરિકો સંમત જ છે.

## બનાવોનો ક્રમ ઉલટાવ્યો

વળી, જવાહરલાલજી એ પણ ભૂલી ગયા કે ધ્વજના બનાવો તો ઓગસ્ટ પંદરમીએ બન્યા એટલે પટણામાં તા. ૧૨ અને ૧૩ ઓગસ્ટના રોજ પોલીસના ગોળીબાર માટે એને કારણરૂપ કદી ન ગણી શકાય. આને બદલે શ્રી. નહેરૂએ તો જાણે બનાવોનો ક્રમ ઉલટાવી નાખ્યો છે! રાષ્ટ્રધ્વજનું અપમાન થયું એ એક ગંભીર બાબત છે, જે વિષે દેશના આગેવાનોએ સચિન્ત બનવું જોઇએ. પણ વધારે ગંભીર પ્રશ્ન તો એ છે, કે યુવાનો આવો અતિક્રમ કરવા પ્રવૃત્ત કેમ થયા? વિદ્યાર્થીઓની દેશભકિત વિષે કોઈ શંકા ન સેવી શકે, તો પછી, તેઓ મગજ ગુમાવી રાષ્ટ્રધ્વજને બાળવા કેમ લાગ્યા? આ એક એવો પ્રશ્ન છે, કે તે વિષે રાષ્ટ્રના આગેવાનોએ ગંભીરપણે વિચાર કરવો જોઇએ.

આપણે તેમને વખોડી જ કાઢીશું, શિક્ષાની ધમકીઓ આપીશું અને એ બાબતને એટલેથી જ છોડી દઇએ તો આપણા યુવાન વર્ગને આપણે–હું સામ્યવાદ નહિં કહું, પણ ત્રાસવાદના હાથોમાં–ધકેલી દઇશું અને જ્યારે યુવાનો શ્રદ્ધા ગુમાવી બેસશે, ત્યારે અરાજકતા ફેલાવવા માટે ટોળાંઓ તૈયાર હશે. એક રાષ્ટ્રવિધાયકે માત્ર સપાટી પર દૃષ્ટિ ફેંકવામાં જ સંતોષ નહિ માની લેવો જોઇએ. તેણે તો વસ્તુના હાર્દમાં ઉતરવું જોઇએ અને પાયામાંથી ચણતર કરવું જોઇએ. આ માટે અખૂટ ધીરજ અને પ્રેમ જરૂરી છે; ગુસ્સો અને ઉકળાટ નહિ.

## લોકશાહી રીતરસમ

શ્રી. નહેરૂએ કહ્યું કે કોઇ સુધરેલા દેશના યુવાનોએ આવું કર્યાનું સાંભળ્યું નથી અને દેખાવો ચોજવાના દિવસો પૂરા થયા છે વગેરે. પણ મારે નમ્રતાપૂર્વક કહેવું જોઇએ કે જ્યાં સુધી તેમની સરકાર અને તેના અધીકારીઓ ન્યાયી વર્તાવ નહિ દાખવે ત્યાં સુધી દેખાવો વગેરે થવાનું જ. સ્વાતંત્ર્ય અને લોકશાહીના પ્રેમી શ્રી. નહેરૂ આટલા બધા અકળાય છે શા માટે? લોકશાહીની શું આ સામાન્ય રીતરસમો નથી?

શ્રી. જયપ્રકાશ આ પછી રાજ્ય ટ્રાન્સપોર્ટની ગેરવ્યવસ્થા, લાંચરુશવત, ઉતારુઓ પ્રત્યે અવિનય વગેરે પ્રત્યે લક્ષ ખેંચીને જણાવે છે કે આ બાબતોમાં તપાસ કરવા એક પંચ નીમાવું જોઇએ.

શ્રી. નહેરૂએ બી. એન. કોલેજની મુલાકાત લેવાનો ઇનકાર કર્યો અને જે માટે કારણ એ આપ્યું કે તપાસપંચની નિમણુંક થતાં તેમની મુલાકાત યોગ્ય નહિ ગણાય. આમાં શું અયોગ્ય છે તે મને સમજાતું નથી. તેમને ન્યાય ચુકવવાનું તો કોઇએ કહ્યું ન હતું પણ એવી આશા રખાઇ હતી કે તેમણે જો એ સ્થળની મુલાકાત લીધી હોત તો તેઓ ચિત્રની બીજી બાજુ જાણી શકત.

વધુ આઘાતજનક બાબત તો એ હતી, કે આ બનાવો અંગે બોલવામાં શ્રી. નહેરૂએ પંચની નિમણુંકનો ખ્યાલ ન રાખ્યો. વિદ્યાર્થીઓ અને નાગરિકોને તેમણે વારંવાર ઝાડી કાઢયાં. સામા પક્ષ પરના આક્ષેપો સંબંધમાં એક શબ્દ પણ ન કહ્યો. આ અયોગ્ય હતું અને દોષ કરનારને ઉત્તેજન આપવા બરોબર હતું.

### અખબારો અને નાગરિકો

પટણાનાં અખબારોને તેમણે શા માટે વખોડી કાઢયાં તે સમજાતું નથી. પ્રજાનાં હિતોનું જોરદાર રક્ષણ કરીને અખબારોએ ગૌરવ પ્રાપ્ત કર્યું છે. અને મારી આશા છે કે વડા પ્રધાનના ગુસ્સાથી તેઓ એ ફરજના માર્ગથી ચલિત થશે નહિ.

નાગરિકો પરનો તેમનો ગુસ્સો પણ ન સમજાય તેવો છે. ત્રાસજનક ચુનાઓ ચુંટાતા હોય તેવા સમયે નાગરિકોના હોઠ સીવાયેલા રહે એમ તેઓ ઇચ્છતા હતા? કે તેઓ એમ માને છે, કે લોકશાહીમાં એક વાર સરકાર સ્થાપિત થયા બાદ લોકોએ તેનાં દરેક કાર્યમાં સંમતિ આપ્યા સિવાય કશું જ કરવાનું રહેતું નથી? નાગરિકોએ ટોળાંને ઉશ્કેર્યાં એમ જો તેમને કહેવામાં આવ્યું હોય તો તે ગેરરજુઆત છે. વળી, કાયદો અને વ્યવસ્થાના રક્ષકોએ શાંતિ સ્થાપી એમ કહેવાયું હોય તો તે પણ ગેરરજુઆત છે. કેટલાક દિવસથી પોલીસે લોકોની સહાનુભૂતિ ગુમાવી હતી એટલે પોલીસ પાછી ખેંચી લેવાતાં જ શાંતિ સ્થપાઇ ગઇ હતી.

સામ્યવાદીઓ સંબંધમાં શ્રી. જયપ્રકાશે જણાવ્યું છે કે આ તોફાનોમાં તેમનો બહુ હિસ્સો ન હતો. તેમણે હિંસાને ઉત્તેજન આપ્યું ન હતું. સામ્યવાદીઓ એક વ્યવસ્થિત સંગઠન છે. અત્યારે તેઓ ચોક્કસ રાજનીતિને અનુસરે છે, જેમાં હિંસાને સ્થાન નથી. સામ્યવાદીઓને વગોવવાથી રાજકીય હેતુ સરતો હશે, પણ એ એક ભયજનક રમત છે. કારણ, એથી વાસ્તવિકતા પ્રત્યે આંખ મીંચવામાં આવે છે.

વિદ્યાર્થીઓ સંબંધમાં તેમણે જણાવ્યું હતું કે તેઓ ગૌરવ અને શીસ્તપૂર્વક વર્ત્યા હતા.

### વિચારો પરિવર્તન માગે છે

અંતમાં શ્રી. જયપ્રકાશ જણાવે છે કે કાયદો અને વ્યવસ્થા વિશેના આપણા ખ્યાલો ધરમૂળનું પરિવર્તન માગી લે છે. વડા પ્રધાનના પ્રવચનથી આ જરૂરી વાત પર લક્ષ ખેંચાય છે. તેમની વિચારદૃષ્ટિ આપણને લોકશાહી તરફ નહીં પણ બીજા જ કશાક તરફ દોરી જશે.

તેમના પ્રત્યે મને માન અને સ્નેહ છતાં હું આ કંઇક કડકપણે લખી રહ્યો છું તેનું કારણ આ ભયને દૂર રાખવાનું છે. વડા પ્રધાને કાયદો-વ્યવસ્થાના તેમના ખ્યાલો પુનઃવિચારવા જ જોઇશે અને એ રીતે કેન્દ્ર અને રાજ્યોમાંના તેમના સાથીઓએ પણ.

હું નમ્રતાપૂર્વક સૂચવું છું કે કાયદો અને વ્યવસ્થા અને પોલીસ સુધારણાની સમગ્ર બાબતની તપાસ માટે પંડિત ગોવિંદવલ્લભ પંતે એક પંચ નીમવું જોઇએ. "જન્મભૂમિમાંથી ઉધ્ધૃત"

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૩-૯-૫૫ મંગળવારથી તા. ૨૦-૯-૫૫ મંગળવાર સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. શરૂઆતના છ દિવસની સભાઓ ફ્રેંચ બ્રીજની બાજુએ આવેલ બ્લેવાટ્સ્કી લોજમાં અને તા. ૧૯-૯-૫૫ સોમવાર તથા તા. ૨૦-૯-૫૫ મંગળવારની સભાઓ ન્યુ કવીન્સ રોડ ઉપર આવેલ રોકસી ટોકીઝના થીએટરમાં ભરાશે. સભા હંમેશા સવારના ૮॥ વાગ્યે શરૂ થશે. આઠે દિવસની સભાના પ્રમુખસ્થાને પંડિત સુખલાલજી બીરાજશે. આ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ નિર્ણીત કરવામાં આવ્યો છે.**

| દિવસ | વ્યાખ્યાતા | વ્યાખ્યાન વિષય |
|---|---|---|
| તા. ૧૩-૯-૫૫ મંગળવાર | અધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલા | આજની મંત્રલક્ષી કેળવણી |
| ,, | શ્રી. વિઠ્ઠલદાસ જેરાજાણી | મારી જીવનસાધના |
| તા. ૧૪-૯-૫૫ બુધવાર | શ્રી. સૂરજચંદ્ર ડાંગી | જૈનધર્મનું મૂલ્યાંકન |
| ,, | શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા | ઇશુ ખ્રીસ્ત |
| તા. ૧૫-૯-૫૫ ગુરૂવાર | શ્રી. નવલભાઈ શાહ | ભૂદાન આંદોલનનું હાર્દ |
| ,, | ડૉ. મોતીચંદ્ર | ભારતીય કલાવિકાસમાં જૈનોનો ફાળો |
| તા. ૧૬-૯-૫૫ શુક્રવાર | ડૉ. એમ. ડી. આહતિયા | મનનો શરીરસ્વાસ્થ્ય સાથે સંબંધ |
| ,, | શ્રી. મનુભાઇ પંચોળી | નવી તાલીમ |
| તા. ૧૭-૯-૫૫ શનીવાર | શ્રી. રતીલાલ દીપચંદ દેસાઇ | મહાનુભાવ સંપ્રદાય |
| ,, | શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ | વિજ્ઞાન અને ધર્મ |
| તા. ૧૮-૯-૫૫ રવિવાર | આચાર્ય યશવન્ત શુક્લ | અબ્રાહમ લીંકન |
| ,, | અધ્યાપિકા ઉષાબહેન મહેતા | જૈન ઓફ આર્ક |
| તા. ૧૯-૯-૫૫ સોમવાર | ડૉ. હીરાલાલ જૈન | શ્રમણસંસ્કૃતિ |
| ,, | કાકાસાહેબ કાલેલકર | અહિંસા : બોળી કે તેજસ્વી |
| ,, | સંગીતકાર શ્રી. શાન્તિલાલ શાહ | પ્રભુસ્તવન |
| તા. ૨૦-૯-૫૫ મંગળવાર | પંડિત સુખલાલજી | ધર્મદૃષ્ટિનું ઉર્ધ્વીકરણ |
| ,, | ડૉ. હરેકૃષ્ણ મહેતાબ | સર્વોદય સમાજ |
| ,, | શ્રી. પિનાકિન્ ત્રિવેદી | ભજનો |

**આ કાર્યક્રમમાં વ્યાખ્યાતા તેમ જ વ્યાખ્યાનવિષય ઉભયમાં અણધાર્યા સંજોગોના કારણે ફેરફાર થવાનો સંભવ રહે છે. આ વ્યાખ્યાનમાળાનો લાભ લેવા જૈન જૈનેતર સર્વે ભાઈ બહેનોને નિમંત્રણ છે અને વ્યાખ્યાન-સભાઓ દરમિયાન પૂરેપૂરી શાન્તિ અને શિસ્ત જાળવીને અમને સર્વ પ્રકારે સહકાર આપવા વિનંતિ છે.**

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ, ૩.

**પરમાનંદ કુંવરજી કાપડિયા**
**શાન્તિલાલ દેવજી નંદુ**
**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૧૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑક્ટોબર ૧, ૧૯૫૫, શનિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## કૉંગ્રેસતંત્રની વિશુદ્ધિ અને જ્ઞાતિવાદની નાબુદી

કૉંગ્રેસનું તંત્ર વધારે પ્રાણવાન અને વિશુધ્ધ બને એ હેતુથી કૉંગ્રેસની કારોબારીએ એક સ્થાયી સમિતિ–Standing Committee–નીમેલ છે. આ સ્થાયી સમિતિએ તંત્રવિશુદ્ધિના હેતુથી કેટલીક ભલામણો કરી છે. આ ભલામણોને કૉંગ્રેસની કારોબારીએ મંજુર કરી છે અને અખિલ હિંદ મહાસભા સમિતિએ તેને અનુમોદન આપ્યું છે. આ ભલામણોનો અમલ કરવા માટે પ્રત્યેક પ્રાદેશિક મહાસભા સમિતિ તરફથી કૉંગ્રેસના સક્રિય સભ્યો ઉપર એક પરિપત્ર પાઠવવામાં આવ્યો છે.

### સ્થાયી સમિતિની કેટલીક ભલામણો

આ ભલામણોમાં નીચેની કેટલીક બાબતોનો સમાવેશ થાય છે.

(૧) સામાન્ય અને સક્રિય સભ્યોની નોંધણીને લગતા બંધારણીય ધારાધોરણોનું સખ્તાઇથી પાલન થવું જોઇએ.

(૨) સામાન્ય સભ્યોએ ચાર આનાનું વાર્ષિક લવાજમ પોતાની કમાણીમાંથી જ આપવું જોઇએ અને કોઇ પણ સંયોગમાં તેના કુટુંબીજનોથી ઇતર વ્યકિતએ એ લવાજમ ભરવું ન જોઇએ.

(૩) સક્રિય સભ્યોએ પોતાના કામનો રીપોર્ટ–અહેવાલ–નિયત કરેલા સમયના ગાળે નિયમિત રીતે રજુ કરવો જ જોઇએ અને તપાસ સમિતિએ આ બાબતને ચોકસાઇપૂર્વક તપાસતાં રહેવું જોઇએ.

(૪) પ્રતિનિધિઓની અને પ્રદેશ કમીટીઓના અધિકારીઓની ચૂંટણી દરેક પ્રદેશમાં એક જ દિવસે અને એક જ સમયે ગોઠવવી જોઇએ.

(૫) બને ત્યાં સુધી એક વ્યકિતએ કોઈ પણ એક અધિકાર ઉપર એક કરતાં વધારે વખત ચુંટાવું નહિ.

(૬) સરકારી તંત્રમાં તેમ જ કૉંગ્રેસપક્ષમાં એક સાથે અનેક અધિકારો ધરાવવાની પ્રથાને બને તેટલો ઓછો અવકાશ આપવો અને તેને બને તેટલી શિથિલ બનાવવી.

(૭) કૉંગ્રેસે સ્વીકારેલા સામાજિક અને આર્થિક ધ્યેયોને સમજાવનારું સાહિત્ય નિર્માણ કરવું જોઇએ અને તેનો ફેલાવો કરવો જોઇએ. અને આ માટે એક પેટા સમિતિ નીમવી જોઇએ.

(૮) કૉંગ્રેસ કમીટીઓમાં નોમીનેશનનું–નિમણુંકોનું–પ્રમાણ પાંચ ટકા છે તેના બદલે દશ ટકા કરવું અને આ દશ ટકામાંથી ઓછામાં ઓછા પાંચ ટકા નોમીનેશન સ્ત્રીઓ માટે અનામત રાખવાં.

(૯) પ્રદેશસમિતિનાં અને જીલ્લાસમિતિનાં નોમીનેશન કારોબારીએ નહિ પણ સામાન્ય સભાએ કરવાં.

(૧૦) સંસ્થાનું કામ એકરૂપતાથી ચાલે અને અંદર અંદર નાનાં નાનાં વર્તુળો ઉભાં ન થાય એ માટે કૉંગ્રેસની કારોબારી સમિતિએ જરૂરી પગલાં ભરવા અને અમુક જ્ઞાતિ કે કોમનાં હિતોને પોષવા માટે અથવા તો વહીવટી તંત્રમાં સત્તા હસ્તગત કરવાના હેતુથી. સંસ્થાની અંદર અમુક વર્તુળો ઉભા થયાં છે એવી કૉંગ્રેસની કારોબારીને ખાત્રી થાય ત્યારે એ આખી કમીટીને રદ કરવાની કૉંગ્રેસની કારોબારીને સત્તા આપવી.

કૉંગ્રેસના તંત્રને વિશુધ્ધ કરવા માટે આ ભલામણો અતિ ઉપયોગી છે. કૉંગ્રેસ સત્તાશાહી રાજકારણ સાથે જોડાયલી એક રાજકીય સંસ્થા છે; સત્તાસ્થાન ઉપર આવવા માટે આજે કૉંગ્રેસમાં પ્રવેશ હોવો આવશ્યક છે, અને કૉંગ્રેસના અધિકારસ્થાનની પ્રાપ્તિ એ દિશાએ ઘણી રીતે સહાયક બને છે. આના પરિણામે સભ્ય કોઈ હોય અને તેના વતી લવાજમ કોઈ ભરે એવી પોલી પ્રાઇમરી મેમ્બરશીપ આજે પૂરજોસમાં ચાલી રહેલી સાંભળવામાં આવે છે. આવી જ રીતે અધિકારસ્થાન ઉપર આવવા માટે કૉંગ્રેસના સક્રિય સભ્ય-active member–થવું પડે છે. આ માટે કૉંગ્રેસે નક્કી કરેલી ચોક્કસ પ્રવૃત્તિઓમાં કોઇ પણ એક પ્રવૃત્તિના સંચાલન પાછળ સક્રિય સભ્યે ચોક્કસ સમયનો હંમેશા ભોગ આપવો પડે છે અને પોતે કરેલા કામનો સમયે સમયે રીપોર્ટ આપવો પડે છે. આ સક્રિય સભ્યત્વ પણ એટલું જ પોલું ચાલી રહેલું છે અને ચાલુ કામના સાચા ખોટા રીપોર્ટો રજુ કરવામાં આવે છે. આને લીધે આખા તંત્રમાં ઠીક ઠીક સડો અને દંભ પેઠેલાં છે અને પરિણામે કૉંગ્રેસની પ્રતિભા દિન પ્રતિદિન હીનતેજ થઇ રહી છે. આ પરિસ્થિતિ સુધારવા માટે તંત્રની આમૂલ વિશુદ્ધિ આવશ્યક છે અને ઉપર જણાવેલી ભલામણોનો ખરેખર વ્યાપક અમલ થાય તો જરૂર કૉંગ્રેસનો નૈતિક આંક ઉંચો આવે અને પ્રજાશાસનની તે સાચી અધિકારી બને. આ દૃષ્ટિએ ઉપરની ભલામણો અત્યન્ત આવકારદાયક છે.

### જ્ઞાતિવાદ–નાબુદીને લગતી ભલામણો

આ ભલામણો ઉપરાંત કૉંગ્રેસની સંસ્થામાંથી જ્ઞાતિવાદ–Casteism–નાબુદ કરવાના હેતુથી નીચેની ભલામણો કરવામાં આવી છે:-

(૫) (૧) કૉંગ્રેસનો કોઈ પણ સક્રિય સભ્ય કોઇ પણ જ્ઞાતિની કે કોમની સંસ્થાનો સભ્ય હોવો ન જોઇએ.

(૨) જ્ઞાતિના નામે અથવા જ્ઞાતિદ્વારા ચલાવવામાં આવતી કોઈ પણ પ્રવૃત્તિ સાથે તે જોડાયલો હોવો ન જોઇએ, સિવાય કે એ પ્રવૃત્તિ ધાર્મિક સ્વરૂપની હોય, અથવા તો પછાત વર્ગોના ઉધ્ધાર સાથે જોડાયલી હોય અથવા તો સમાજવિરોધી રૂઢિઓની નાબુદી સાથે સંબંધ ધરાવતી હોય.

(૩) તેણે કોઈ પણ જ્ઞાતિભોજનમાં, જ્ઞાતિની પાર્ટીઓમાં, જ્ઞાતિની ચાલુ સભાઓમાં તેમ જ પરિષદોમાં ભાગ લેવો ન જોઇએ.

(૪) જ્ઞાતિ તરફથી ઉભી કરવામાં આવેલી સંસ્થાઓ કે જેનો હેતુ નિશાળો, કોલેજો, હોસ્ટેલો વગેરે શૈક્ષણિક સગવડો આપવાનો અથવા તો અન્ય ઉપકારક પ્રવૃત્તિઓ ચલવવાનો હોય તેવી સંસ્થાઓ સાથે તે સંબંધ રાખી શકશે નહિ, સિવાય કે પ્રસ્તુત સંસ્થાનાં દ્વાર વિશાળ સમાજના સર્વ વર્ગો માટે કશા પણ નાનજાત કે કોમના ભેદભાવ સિવાય ખુલ્લાં મૂકવામાં આવ્યા હોય.

(૫) આન્તરજ્ઞાતીય અને આન્તરકોમી લગ્નોને ઉત્તેજન આપતા રહેવું જોઇએ.

(૬) જ્ઞાતિની અને કોમની સંસ્થાઓને સરકાર તરફથી ગ્રાન્ટ અથવા મદદ મળતી હોય તો તે બંધ કરવા માટે મધ્યસ્થ અથવા તો પ્રાદેશિક સરકારને વિનંતિ કરવી જોઇએ.

(ઘ) જ્યારે પણ કોઈ કૉંગ્રેસ કમીટી અથવા તો તે કમીટીનો કોઈ પણ સભ્ય અથવા તો ધારાસભાનો કૉંગ્રેસી સભ્ય કૉંગ્રેસ કમીટીમાં, ધારાસભામાં, અથવા તે પ્રધાનમંડળમાં એક યા બીજી રીતે જ્ઞાતિવાદને ઉત્તેજન આપે છે એમ કૉંગ્રેસની કારોબારીને માલુમ પડે ત્યારે તે કમીટીને યા સભ્યને રદ કરવાની કૉંગ્રેસની કારોબારીને સત્તા હોવી જોઇએ.

## આ ભલામણોની આલોચના

આ ભલામણોમાં જ્ઞાતિ સંસ્થા માટે Cast–કાસ્ટ અને કોમી એટલે કે સાંપ્રદાયિક સંસ્થા માટે Communal organisation–કોમ્યુનલ ઓર્ગેનીઝેશન–એ શબ્દ વાપરવામાં આવ્યો છે. આ ભલામણોને ઝીણવટથી તપાસતાં એ પણ માલુમ પડે છે કે નિષિધ્ધ બાબતોમાં અને પ્રવૃત્તિઓમાં અમુક ઠેકાણે જ્ઞાતિ અને કોમી–એ બન્ને સંસ્થાઓનો એક સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે જ્યારે અન્ય સ્થળે માત્ર જ્ઞાતિસંસ્થાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ સંબંધમાં જવાબદાર વ્યકિતઓ પાસેથી ખુલાસો માંગતાં એમ જણાવવામાં આવ્યું છે કે આ અનિયમિતતા આકસ્મિક છે અને જ્યાં જ્ઞાતિનો ઉલ્લેખ હોય ત્યાં કોમી સંસ્થા પણ તે સાથે સૂચિત છે એમ સમજવાનું છે.

જ્ઞાતિવાદ અને કોમવાદ રાષ્ટ્રીય એકતા અને સંગઠ્ઠનના કાળજાના શત્રુઓ છે અને એ બન્નેને નાબુદ કરવામાં નહિ આવે ત્યાં સુધી આપણે રાષ્ટ્રીય એકતા વિષે નચિન્ત થઇ શકીએ એમ છે જ નહિ. આજે જ્યારે કૉંગ્રેસતંત્રની વિશુદ્ધિનો ગંભીરપણે વિચાર કરવામાં આવે છે ત્યારે કૉંગ્રેસના સક્રિય સભ્યો–active members–ને આ બાબતમાં સ્પષ્ટ માર્ગદર્શન આપવું અત્યન્ત જરૂરી હતું, કારણ કે આજે એવા અનેક સક્રિય કૉંગ્રેસ સભ્યો જોવામાં આવે છે જેઓ એક બાજુ પોતાને કૉંગ્રેસવાદી કહેવરાવે છે અને બીજી બાજુએ કાં તો જ્ઞાતિસંસ્થા અથવા કોમી સંસ્થાના સક્રિય સભ્યો કે આગેવાન કાર્યકર્તા હોય છે અથવા તો કોમવાદ અને જ્ઞાતિવાદને એક યા બીજા હેતુથી ઉત્તેજિત કરતા હોય છે. કૉંગ્રેસનું ધ્યેય અને ઉદ્દેશો જોતાં કોઈ પણ જ્ઞાતિવાદી કે કોમવાદી કાર્યકર્તાને કૉંગ્રેસના તંત્રમાં જરા પણ સ્થાન હોવું ન જ જોઇએ. આ રીતે વિચારતાં ઉપરની ભલામણો જે આજે દરેક કૉંગ્રેસી સક્રિય સભ્યને બંધનકર્તા છે તે વખતસરની છે અને Caesar's wife must be above suspicion–એ કહેવત મુજબ કૉંગ્રેસના અને એ દ્વારા રાષ્ટ્રના સાચા સેવક બનવા માટે દરેક કૉંગ્રેસી સભ્ય જ્ઞાતિવાદ અને કોમવાદથી સર્વથા પર હોય એ અતિ આવશ્યક છે.

## કોમવાદ–જ્ઞાતિવાદની આત્યન્તિક નાબુદી અને આજની વાસ્તવિકતા

આમ છતાં પણ આપણા લોકોનું આન્તર–બાહ્ય જીવન જે ગાઢ રીતે એક યા બીજી કોમ અથવા જ્ઞાતિસંસ્થા સાથે સંકળાયલું જોવામાં આવે છે તે ધ્યાનમાં લેતાં સક્રિય કૉંગ્રેસી સભ્ય તરીકે ઓળખાતી અનેક વ્યકિતઓ માટે ઉપરની ભલામણોનો અમલ અત્યન્ત મુસ્કેલ છે. દાખલા તરીકે પહેલી ભલામણ એવી અપેક્ષા રાખે છે કે કોઈ પણ સક્રિય સભ્ય જ્ઞાતિ યા કોમી સંસ્થાનો સભ્ય હોવો ન જોઇએ. આનો સીધો અર્થ એ થાય કે આવા દરેક સભ્યે પોતપોતાની જ્ઞાતિ અને સંપ્રદાયમાંથી રાજીનામું આપવું જોઇએ. આ માટે કેટલા સભ્યો તૈયાર છે અને આ ભલામણોને પ્રગટ થયાને લગભગ સાત મહીના થવા આવ્યા છે એમ છતાં કેટલા સભ્યોએ પોતપોતાની જ્ઞાતિ અથવા સંપ્રદાયમાંથી રાજીનામું આપ્યું છે? હજુ સુધી એવા કોઇનાં નામ જાણવા કે સાંભળવામાં આવ્યા નથી સિવાય કે કૉંગ્રેસના મહામંત્રી શ્રીમન્નારાયણ અગ્રવાલ જેવી એક એકલદોકલ વ્યકિતએ પોતાની 'અગ્રવાલ' અટકનો જાહેર રીતે પરિત્યાગ જાહેર કર્યો હોય. આવી જ રીતે જ્ઞાતિના નામે અથવા જ્ઞાતિદ્વારા ચલાવવામાં આવતી પ્રવૃત્તિ (અહિં સાંપ્રદાયિક યા કોમી પ્રવૃત્તિ પણ સમાવિષ્ટ ગણવાની છે) સાથે કૉંગ્રેસનો સક્રિય સભ્ય જોડાયલો હોવો ન જોઇએ તેમ જ જ્ઞાતિ તરફથી ઉભી કરવામાં આવેલી સંસ્થાઓ જેવી હોય નિશાળો, કોલેજો, હોસ્ટેલો. વગેરે શૈક્ષણિક સગવડો અથવા તો અન્ય ઉપકારક પ્રવૃત્તિઓ ચલાવવાનો હોય તેવી સંસ્થા વિષે તે સંબંધ રાખી નહિ શકે–આ આદેશનો વાસ્તવિક અમલ કેટલા સક્રિય સભ્યોએ કર્યો છે? એ તો જાણીતું છે કે આજે અનેક કૉંગ્રેસવાદીઓ આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હોય છે તેમ જ ઉપર જણાવી તેવી શૈક્ષણિક સંસ્થાઓની વ્યવસ્થાપક કે કાર્યવાહક સમિતિના સભ્યો હોય છે. એ સર્વ સંસ્થાઓમાંથી કેટલા કૉંગ્રેસીઓએ રાજીનામાં આપ્યા છે?

વસ્તુતઃ આપણા જીવનમાં જ્ઞાતિ અને સંપ્રદાયનાં મૂળ એટલાં બધાં ઊંડાં છે કે માત્ર કૉંગ્રેસના આદેશથી કૉંગ્રેસી સભ્યોનું તત્કાળ બીનજ્ઞાતિ કે બીનકોમી રૂપાન્તર થવું શકય જ નથી. ઉપરની ભલામણોનો અમલ આદર્શ કૉંગ્રેસવાદી માટે અત્યન્ત જરૂરી છે, પણ સામાન્ય સક્રિય કૉંગ્રેસી સભ્ય માટે આ ભલામણો અતિ વ્યાપક અને અવ્યવહારૂ છે અને એ ભલામણોને વળગી રહેવામાં આવે તો કાં તો ઢગલાબંધ કૉંગ્રેસીઓ સામે કૉંગ્રેસની કારોબારીએ શિસ્તભંગનાં પગલાં ભરવાં પડે અથવા તો આંખ આડા કાન કરીને જે જેમ ચાલે છે તે તેમ ચાલવા દેવું પડે. આ બન્ને વિકલ્પ કૉંગ્રેસને–તેના પ્રભાવ અને પ્રભુતાને–નુકસાન કરનારા છે.

## જ્ઞાતિવાદ અને ચૂંટણીઓ

આ ઉપરાંત આ ભલામણો ઘડનાર અને તેને અમલી રૂપ આપનાર કૉંગ્રેસી આગેવાનોએ ચૂંટણીના અનુસંધાનમાં આ બાબતનો વિચાર કર્યો લાગતો જ નથી, તેમ જ ચૂંટણી વખતે કૉંગ્રેસી કાર્યકરોએ શું કરવું અને કેમ વર્તવું એ વિષે આ ભલામણોમાં કશું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું નથી. ગઈ ચૂંટણીમાં કોમી અને જ્ઞાતિ-સંસ્થાઓનું કેટલું અવલંબન લેવામાં આવ્યું હતું તે કોઇની જાણ બહારની વાત નથી. આગામી ચૂંટણીમાં પણ સત્તાલક્ષી કૉંગ્રેસ પાર્ટી માટે બીજો કોઈ વિકલ્પ છે જ નહિ એમ સૌ કોઈ સમજે છે. જ્ઞાતિ અને સંપ્રદાય વિષે જે કટ્ટર વિરોધી વળણ આ ભલામણોમાં દર્શાવવામાં આવ્યું છે તે તો જ સંગત બની શકે કે જો સાથે સાથે કૉંગ્રેસ જાહેર કરે કે આગામી ચૂંટણીમાં મતો મેળવવા માટે અમે કોઇ પણ કોમી કે જ્ઞાતિસંસ્થાનો સીધો કે આડકતરો આશ્રય નહિ લઇએ તેમ જ લોકોમાં રહેલા જ્ઞાતિગત કે કોમી પૂર્વગ્રહોને સીધી કે આડકતરી અપીલ નહિ કરીએ. હિંદની પરિસ્થિતિમાં આ વાત તદ્દન અવ્યવહારૂ છે એમ ચૂંટણી સાથે સંબંધ ધરાવતો દરેક કૉંગ્રેસી આગેવાન પોકારી ઉઠશે. આ બાબતમાં સ્પષ્ટતા કરવામાં ન આવે અને જ્ઞાતિ કે કોમ સાથે કૉંગ્રેસની અલગતા જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી ઉપરની ભલામણોનો બહુ અર્થ નથી. જો આદર્શના ધોરણે આ પ્રશ્ન વિચારવામાં આવે તો કૉંગ્રેસે ચૂંટણીના વખતે પણ આ જોખમ ખેડવું જોઇએ અને અમે ચૂંટણીમાં મતો મેળવવા માટે કોઈ જ્ઞાતિ કે સંપ્રદાય સામે નજર સરખી કરવાના નથી એમ બાપોકાર જાહેર કરવું જોઇએ. પણ અહિં હજુ આપણે કે આપણી કૉંગ્રેસ સાધનશુદ્ધિના આદર્શને વળગી રહેવાને લેશમાત્ર તૈયાર નથી.

## જ્ઞાતિવાદ અને કોમવાદ વચ્ચે તફાવત

આ આખા પ્રશ્નને હજુ પણ વધારે ઉંડાણથી વિચારવાની જરૂર છે. જ્ઞાતિ અથવા નાતજાત અને કોમ અથવા સાંપ્રદાયિક વર્તુળ એ બે વચ્ચે એક મોટો તફાવત એ છે કે નાતજાતનાં વર્તુળો ઉચ્ચ નીચના કેવળ કાલ્પનિક અથવા તો અનિચ્છનીય ભેદ ઉપર ઉભાં થયેલાં છે જ્યારે કોમ અથવા સંપ્રદાય ધાર્મિકના નામે ઓળખાતી એક ચોક્કસ વિચારસરણી ઉપર ઉભું થયેલ વર્તુળ છે. આવી એક યા બીજા પ્રકારની વિચારસરણીને અનુસરવાનો દરેકને હક્ક છે. રાજ્ય બંધારણ પણ આ હક્કનો સ્વીકાર કરે છે. હિંદુ મુસલમાનનાં ધર્મોએ અને તેમાંથી ઉપજેલા ભયંકર અનર્થોએ સાંપ્રદાયિક લેખાતી દરેક બાબતો વિષે આપણને સાશંક બનાવ્યા છે અને તેથી તેની નાબુદીને આપણે ઇષ્ટ ગણવા લલચાઇએ છીએ, પણ તેની સાર્વત્રિક નાબુદી

સમયના સમીપવર્તી ક્ષિતિજમાં શક્ય લાગતી નથી. રાજનિષ્ઠા અને દેશનિષ્ઠા ગમે તેટલી ઉગ્ર હોવા છતાં એવા બહુ જ ઓછા કૉંગ્રેસી સભ્યો નીકળી આવશે કે જેઓ પોતાના ધર્મમાંથી યા તો સંપ્રદાયમાંથી છુટા થવાને તૈયાર હોય. આ જ સભ્યોને પોતાની જ્ઞાતિથી છુટા થવું કે રહેવું એટલું મુશ્કેલ નહિ લાગે. આ આજની વાસ્તવિકતા છે. વળી જેવી રીતે હિંદુ, મુસલમાન, ખ્રીસ્તી, અને હિંદુમાં અન્તર્ગત જૈન, સ્વામીનારાયણ, વૈષ્ણવ, શિખ કે શૈવ વગેરે પંથોને સંપ્રદાય તરીકે ઓળખવામાં આવે છે તેવી જ રીતે આર્યસમાજ, બ્રહ્મસમાજ, થીઓસોફીસ્ટ વગેરે પણ ચોક્કસ પ્રકારના સંપ્રદાયો જ છે. અને આ દરેક સંપ્રદાયને અનુસરતું અનુયાયીદલ એક પ્રકારની કોમ છે. જ્ઞાતિભેદ પાછળ કોઈ પ્રકારની બુદ્ધિસંગતતા કે ચોક્કસ વિચારસરણી જોવામાં આવતી નથી, જ્યારે દરેક સંપ્રદાય પાછળ બુદ્ધિપૂર્વકની અમુક ચોક્કસ વિચારસરણી રહેલી છે. સંપ્રદાયોના ઉદયઅસ્ત પાછળ આપણી સંસ્કૃતિ અને સભ્યતાનો ઇતિહાસ પડેલો છે અને તેની નાબુદી જ્ઞાતિની નાબુદી જેટલી સહેલી નથી. નાતજાત અને કોમથી દૂર રહેવાનો આદેશ આપતી વખતે કૉંગ્રેસે નાતજાત અને કોમી સંસ્થા વચ્ચે રહેલો આ ભેદ લક્ષ્યમાં લેવાની જરૂર છે.

### વિશાળ રાષ્ટ્રવાદ અને સાંકડાં વર્તુળો

બીજો પણ એક મુદ્દો વિચારવાની ખાસ જરૂર છે. આપણે ગમે તેટલું ઇચ્છીએ કે માનવી નાતજાતની કે કોમની સાંકડી દીવાલોમાં રહીને વિચાર કરતો અટકે અને વિશાળ રાષ્ટ્ર અથવા તો સમગ્ર માનવજાતને જ કેન્દ્રમાં રાખીને વિચાર કરે અને કાર્યાકાર્યનો નિર્ણય કરે. આમ છતાં પણ સામાન્ય માનવી નાનાં નાનાં વર્તુલોના પરિધમાં સદા વિચરે છે અને વિચરવાને ટેવાયલો છે. આ વર્તુલ માત્ર નાત જાત કે કોમનું જ નહિ પણ શેરી, મહોલ્લો, ગામ, શહેર કે પ્રદેશ, અથવા તો ચોક્કસ ઉદ્દેશો ઉપર નિર્ભાયલા સામાજિક મંડળો હોઈ શકે છે. આ બધાં વર્તુળોમાં વિશાળ રાષ્ટ્રીયતાને બાધક બનવાનું જોખમ રહેલું હોય છે એમ છતાં પણ આવાં વર્તુલોની મર્યાદા વીંધીને બહુ જ ઓછા માણસો ભાવનાના અનન્ત આકાક્ષમાં ઉડ્ડયન કરવાની અને તદ્નુરૂપ આચરણ કરવાની તાકાત ધરાવે છે. આ બાબત અન્ય માનવીઓને જેટલી લાગુ પડે છે તેટલી જ સેંકડોની સંખ્યામાં રહેલા સક્રિય કૉંગ્રેસી સભ્યોને પણ લાગુ પડે છે.

આપણા દેશની આવી વિચિત્ર પરિસ્થિતિ વચ્ચે કરવું શું એ એક મોટો પ્રશ્ન છે. જ્ઞાતિ અને કોમના ઉચ્છેદને લગતી ઉપર જણાવેલ ભલામણો કૉંગ્રેસે પાછી ખેંચી લેવી અને કોમી અને જ્ઞાતિપ્રવૃત્તિઓમાં છડેચોક ભાગ લેતા કૉંગ્રેસીઓ ઉપર કશો અંકુશ ન મૂકવો ? આ બાબતમાં અંકુશોની તો જરૂર છે જ, પણ તે અંકુશો વાસ્તવિકતાનો પૂરો ખ્યાલ રાખીને નક્કી થવા જોઇએ અને મુકાવા જોઇએ. આ દૃષ્ટિએ પ્રસ્તુત ભલામણોમાંના (ક) વિભાગને નીચે મુજબ સુધારવા કૉંગ્રેસના પ્રમુખ તથા અન્ય આગેવાન કૉંગ્રેસી કાર્યકર્તાઓને હું નમ્રભાવે વિનંતિ કરૂં છું:-

### થોડાંક અગત્યનાં સૂચનો

(૧) મુંબઇ સરકારે જ્ઞાતિ અને સંપ્રદાય બહિષ્કારને ગેરકાયદેસર જાહેર કરતો કાયદો કર્યો છે. આવો કાયદો અખિલ હિંદના ધોરણે ભારત સરકાર પાસે કૉંગ્રેસે કરાવવો જોઇએ. જ્ઞાતિ અને સંપ્રદાયનું ખરૂં જોર તે તે વર્તુલની આમન્યા તોડનારનો બહિષ્કાર કરવાની તાકાતમાં રહેલું છે. આ બહિષ્કારની સત્તા કોઈ પણ કોમ કે જ્ઞાતિ પાસેથી લઇ લેવી એ સર્પના મોઢામાંથી ઝેરની કોથળી કાઢી લેવા બરોબર છે. આમ કરવાથી જ્ઞાતિવાદ અને કોમવાદ ધીમે ધીમે નિર્મૂળ બની જશે અને દેશદ્રોહમાં પરિણમતાં કોમી યા જ્ઞાતિસંગઠનો ઉભા થવાની કે જામવાની શક્યતા ઘણી ઓછી થઈ જશે.

(૨) કોઈ પણ કોમ કે જ્ઞાતિની બંધારણયુક્ત સંસ્થા હોય તેનો સભ્ય થવાની કૉંગ્રેસી સક્રિય સભ્યને મના કરવામાં આવે અને સભ્ય હોય તો તેમાંથી રાજીનામું આપવાની તેને ફરજ પાડવામાં આવે. આપણા દેશમાં સાધારણ રીતે કોઇ પણ વ્યક્તિ જન્મથી પોતાની જ્ઞાતિ અને સંપ્રદાયની સભ્ય ગણાય છે. આવા જન્મજાત સભ્યપણાનું રાજીનામું આપવાની નહિ પણ કપોલ પરિષદ, જૈન કોન્ફરન્સ—આવી જ્ઞાતિ કે કોમી સંસ્થા સાથે કૉંગ્રેસનો સક્રિય સભ્ય સંબંધ ધરાવી ન શકે આવું તેના ઉપર મર્યાદિત બંધન નાખવામાં આવે.

(૩) કોમના કે જ્ઞાતિના લાભાર્થે ઉભી કરવામાં આવેલ શૈક્ષણિક, વૈદ્યકીય કે એવી અન્ય ઉપકારક સંસ્થાઓમાં પ્રમુખ યા મંત્રી જેવા જવાબદાર અધિકાર ઉપર રહેવાની સક્રિય સભ્યને મના કરવામાં આવે. કારણ કે આવા અધિકાર ઉપર રહેનાર વ્યક્તિને પોતાની સંસ્થાના ઉત્કર્ષ માટે પોતાની કોમ યા જ્ઞાતિને અપીલો કરવાની અને એ રીતે કોમી કે જ્ઞાતિભાવનાને સતત સંતેજ રાખવાની ફરજ પડે છે.

સામાન્ય સક્રિય સભ્ય માટે આટલાં બંધનો અથવા તો નિષેધો આજની કક્ષાએ પૂરતાં લેખાવા જોઇએ.

ચૂંટણી પ્રસંગે પણ કોમી અને જ્ઞાતિસંસ્થા સંબંધમાં કેવું વળણ રાખવું અને તેનો લાભ ઉઠાવવો કે નહિ અને લાભ ઉઠાવવો તો તે માટે કોઈ મર્યાદા ખરી કે નહિ—આ બધી બાબતોનું પણ કૉંગ્રેસની કારોબારીએ સ્પષ્ટ માર્ગદર્શન કરાવવું જોઇશે. નહિ તો એક બાજુથી કોમવાદ અને જ્ઞાતિવાદને દબાવવાની અને બીજી બાજુએ ચૂંટણી જેવા પ્રસંગે તેને બહેકાવવાની—એ પરસ્પરવિરોધી નીતિનું પ્રદર્શન થશે.

કૉંગ્રેસની કોમવાદ—જ્ઞાતિવાદ નાબુદ કરવાને લગતી ભલામણો ઉપરના ધોરણે સુધારવામાં આવશે તો તેનો અમલ કરવાનું સક્રિય સભ્યો માટે સરળ બનશે અને શિસ્તભંગનાં પગલાં ભરવા પડે એવા કીસ્સાઓ બહુ ઓછા ઉભા થશે અને જ્ઞાતિવાદ અને કોમવાદને નાબુદ કરવાની દિશાએ કૉંગ્રેસે એક મક્કમ છતાં આકાશી નહિ પણ વ્યવહારૂ પગલું ભર્યું લેખાશે.

**પરમાનંદ**

## અમારી પર્યુષણ વ્યાખ્યાનમાળા

પર્યુષણ વ્યાખ્યાનમાળા આવી અને ગઈ અને અનેક મીઠાં સ્મરણો મૂકી ગઈ. આ પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન આઠે દિવસ પંડિત સુખલાલજીએ શોભાવ્યું હતું. એમની અતિ નાજુક તબિયતને અંગે ઠેઠ સુધી મનમાં ચિન્તા રહે કે તેઓ આવી શકશે કે કેમ અને તેમ છતાં તેઓ આવ્યા; આઠે દિવસની વ્યાખ્યાનસભાઓમાં પ્રારંભથી અન્ત સુધી બેઠા અને જ્યારે જ્યારે તેમને જરૂર લાગી ત્યારે ત્યારે થયેલા વ્યાખ્યાનની તેઓ આલોચના કરતા રહ્યા અને વિશિષ્ટ વ્યખ્યાતાઓનો પરિચય પણ કરાવતા રહ્યા. ૨૦મી તારીખ, સંવત્સરીના દિવસની સવારે રોક્સી થીએટરમાં વ્યાખ્યાન સભા, તે સભામાં પંડિતજીનું પહેલું વ્યાખ્યાન, આગલા દિવસે બપોરથી બીજા દિવસની સવાર સુધી તેમને તાવ રહેલો, સવારના એવી સ્થિતિ કે તેઓ બોલી શકશે કે કેમ એ સવાલ, તેમની જગ્યાએ કોણ વ્યાખ્યાન આપે એ મુંઝવણ સંચાલકોના મનને ઘેરી રહી. હજાર, બારસો કે પંદરસો માણસની આ સભામાં વ્યાખ્યાન આપવાનું એકાએક કોને કહેવું અને એકાએક કબુલે પણ કોણ ? એવામાં થીએટર ઉપર પંડિતજી આવી પહોંચ્યા અને નિયત વિષય ઉપર તેમણે બોલવાનો પોતાનો નિરધાર જાહેર કર્યો અને પોણા કલાક સુધી તેમણે એક ભારે વિદ્વતાપૂર્ણ અને ચિન્તનપ્રેરક વ્યાખ્યાન આપ્યું. આ માટે આ વ્યાખ્યાનમાળાનો પ્રયોજક મુંબઈ જૈન યુવક સંઘ પંડિતજીનો જેટલો આભાર માને તેટલો ઓછો છે.

આ વખતની આખી વ્યાખ્યાનમાળા જાહેર કરેલા કાર્યક્રમ મુજબ પાર પડી હતી, સિવાય કે ૧૫મી તારીખે ડૉ. મોતીચંદ આવી શકયા નહોતા અને તેમની જગ્યા શ્રી કાકુભાઇએ પૂરી હતી અને **'સંકલ્પ શક્તિ'** એ વિષય ઉપર તેમણે વ્યાખ્યાન આપ્યું હતું. આમ અણધારી પડેલી તડને સાંધી આપવા માટે સંઘ શ્રી કાકુભાઇનો ઋણી બન્યો છે.

આ વખતની વ્યાખ્યાનમાળામાં શ્રી નવલભાઇ શાહ, ડૉ. એમ. ડી. આડતિયા, શ્રી મનુભાઇ પંચોળી, આચાર્ય યશવન્ત શુકૂલ તથા ડૉ. હીરાલાલ જૈન અને મુંબઇના રાજ્યપાલ ડૉ. હરેકૃષ્ણ મહેતાબ સૌથી પ્રથમવાર વ્યાખ્યાન આપવા માટે આવ્યા હતા. બહારગામથી આ નિમિત્તે ખાસ આવનારમાં શ્રી નવલભાઇ શાહ ગુંદીથી, શ્રી મનુભાઇ પંચોળી સણોસરાથી, પંડિત સુખલાલજી, શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ તથા શ્રી યશવન્ત શુકૂલ અમદાવાદથી, ડૉ. હીરાલાલ જૈન નાગપુરથી અને કાકાસાહેબ કાલેલકર દીલ્હીથી આવ્યા હતા. નાદુરસ્ત તબિયતના કારણે કાકાસાહેબના આવવાની આશા ઘણી ઓછી હતી. એમ છતાં તેમની અમારા સંઘ પ્રત્યેની અને આ પ્રવૃત્તિ પ્રત્યેની મમતા તેમને મુંબઇ વખતસર ખેંચી લાવી એ વિધિની અમારી ઉપર એક મોટી કૃપા ગણાય. મુંબઇના રાજ્યપાલનુ આ વ્યાખ્યાનમાળામાં આગમન એક વિશિષ્ટ ઘટના લેખાય. તેમની પાસે આ માંગણી કરવામાં આવી અને તેમણે અમારી માંગણી કશો પણ સંકોચ દર્શાવ્યા સિવાય સ્વીકારી—આથી સંઘને અને તેની આ પ્રવૃત્તિને વિશિષ્ટ ગૌરવ મળ્યું ગણાય.



સંવત્સરિની વ્યાખ્યાનસભામાં ડૉ. હરેકૃષ્ણ મહેતાબ

આ વ્યાખ્યાનમાળાની એક એ વિશિષ્ટતા રહી છે કે દરેક વ્યાખ્યાતા જે વિષય ઉપર બોલવાનું સ્વીકારે છે તે વિષય ઉપર પૂરી તૈયારી કરીને આવે છે અને બોલે છે, અને તેથી સાંભળનાર વર્ગ માટે દરેક વ્યાખ્યાન અનેક રીતે બોધપ્રદ નીવડે છે. સાથે સાથે દરેક વ્યાખ્યાતા એમ મુક્ત મને જણાવે છે કે આવો જિજ્ઞાસાપૂર્ણ શ્રોતા વર્ગ તેમને અન્યત્ર ભાગ્યે જ મળે છે. પ્રારંભથી છેલ્લે સુધીની દરેક સભા શ્રોતાઓથી ચીકાર ભરેલી રહેતી અને એમ છતાં શાન્તિ કે શિસ્ત જાળવવા ભાગ્યે જ શ્રોતાઓને કહેવું પડતું. શ્રોતા વર્ગમાં ભાઇઓ જેટલી સંખ્યામાં આવે છે લગભગ તેટલી જ સંખ્યામાં બહેનો આવે છે. બાળકો પણ આવે છે. તેઓ સમજે કે ન સમજે એમ છતાં સભાની શાન્તિમાં ભાગ્યે જ ખલેલ કરે છે. શ્રોતા વર્ગ આવો શિસ્તબધ્ધ હોઇને સ્વયંસેવકોનું કામ અમારી વ્યાખ્યાનમાળામાં બહુ હળવું રહે છે.



સંવત્સરિની વ્યાખ્યાનસભા : રોકસી થીયેટર

દરેક સભાનો પ્રારંભ પ્રાર્થના વડે કરવામાં આવતો હતો. આમાં જુદી જુદી બહેનોએ તથા ભાઇઓએ સારો સાથ આપ્યો હતો, શરૂઆતના છ દિવસની સભાઓ બ્લેવાટ્સ્કી લોજમાં ભરવામાં આવી હતી; છેલ્લા બે દિવસ માટે મેસર્સ કપુરચંદ કંપનીની કૃપાના પરિણામે અમને રોકસી થીયેટર કશા પણ ભાડા સિવાય મળ્યું હતું. અહિં પણ શ્રોતાઓની બન્ને દિવસ ભારે ગીરદી રહી હતી અને કેટલાકને નિરાશ થઈ બહાર ઉભા રહેવું પડ્યું હતું. પહેલા દિવસની સભામાં જૈન સમાજના જાણીતા સંગીતકાર ભાઈ શાન્તિલાલ શાહે પ્રારંભમાં પ્રાર્થના ગીત સંભળાવ્યું હતું અને અન્તમાં અડધા કલાકના ગાળામાં સ્વરચિત નંદીષેણ ચરિત્ર સંગીતના પુરા ઠાઠ સાથે ગાઈ સંભળાવીને શ્રોતા સમુદાયના મનનું રંજન કર્યું હતું. બીજે દિવસે ભક્તહૃદય ભાઇ પિનાકિન ત્રિવેદીએ સભાના અન્ત ભાગમાં ભજનો સંભળાવી સભાજનોને મુગ્ધ કર્યા હતા.

પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન ઉત્તરોત્તર અવનવી કળા ધારણ કરતું જાય છે અને માત્ર જૈન સમાજનું જ નહિ પણ વિશાળ જનસમાજના ચિન્તનું આકર્ષણ કરતું રહે છે. વ્યાખ્યાતાની પસંદગી પૂરી કાળજીપૂર્વક કરવામાં આવે છે અને વ્યાખ્યાનોની ગુણવત્તાનો અંશ દિનપ્રતિદિન ચઢતો જાય છે. જૈનેતરો પણ આ વ્યાખ્યાનમાળાનો બહોળા પ્રમાણમાં લાભ લે છે. સમાજ માટે આ વ્યાખ્યાનમાળા એક સુન્દર સંસ્કારપર્વ બની રહે છે. શ્રોતા સમુદાય ઊંડી જિજ્ઞાસા સાથે વ્યાખ્યાનો સાંભળવા એકઠો થાય છે અને આઠ કે નવ દિવસના સોળ કે અઢાર વ્યાખ્યાનો દ્વારા વર્ષભરનું ચિન્તનભાતું બાંધીને પર્વની પૂર્ણાહુતિ થતાં આનંદતૃપ્તિપૂર્વક છુટો પડે છે.

આ વ્યાખ્યાનમાળાની સફળતાનો ખરો યશ જે વિદ્વાનો અને સમાજ સેવકો સંઘની વિનંતિ માન્ય રાખીને વ્યાખ્યાન આપવા માટે આવે છે અને પૂરી જહેમત ઉઠાવીને તૈયાર કરેલાં વ્યાખ્યાનો રજુ કરે છે તેમના ફાળે જાય છે. સંઘે સદ્‌ભાગ્યે એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે કે આ માટે જે જે વિદ્વાનોને અને ચિન્તકોને વિનંતિ કરવામાં આવે છે તેમાંથી ભાગ્યે જ કોઈ અસાધારણ કારણ સિવાય વ્યાખ્યાન આપવા માટે આવવાનો ઇનકાર કરે છે.

આ વ્યાખ્યાનમાળાને સંઘની આર્થિક ચિન્તા હળવી કરવાનું એક નિમિત્ત લેખવામાં આવે છે. આ પ્રસંગે કોઈ વાર વધારે તો કોઇ વાર ઓછી એમ છતાં પણ સંઘને ઠીક ઠીક આવક થાય છે અને વર્ષભરના ખર્ચમાં એ આવક સારી પુરવણી કરે છે. અમુક મિત્રો કેટલાંક વર્ષથી બસો બસો અથવા તો સો સો ની રકમ આપીને આ પર્યુષણ વ્યાખ્યાનમાળાનો ભાર જણાવા દેતા નથી. આ પ્રસંગે રૂા. ૨૫૦૦ લગભગની સંઘને આવક થઈ છે.

આઠે દિવસ વ્યાખ્યાન સભામાં વ્યવસ્થા જાળવવા માટે ઝાલાવાડ સ્થાનકવાસી સ્વયંસેવક મંડળના અમે ખૂબ આભારી છીએ. રોકસી થીએટર માટે મેસર્સ કપુરચંદ કંપનીના અમે ખૂબ ઋણી છીએ. તેઓ અમને માત્ર થીએટર જ આપે છે એમ નથી, પણ અમારી બધી સગવડની તેઓ ખૂબ ચિન્તા સેવે છે. મુંબઇના રાજ્યપાલ ડૉ. હરેકૃષ્ણ મહેતાબે આ વ્યાખ્યાનમાળામાં પધારીને અમારી પ્રતિષ્ઠામાં વધારો કર્યો તે બદલ તેમનો પણ અહિં આભાર માનવો ઘટે છે. આ સિવાય બીજાં અનેક સહકારી તત્વો છે કે જેના સાથને લીધે આ વ્યાખ્યાનમાળા આટલી સંતોષકારક રીતે પાર પડી શકી છે. પણ તેમાં કોનો ઉલ્લેખ કરવો અને કોનો ન કરવો? તે સર્વ પ્રત્યે અમે આભારવૃત્તિ પ્રદર્શિત કરીએ છીએ.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

# સ્થળે સ્થળે યોજાઈ રહેલી પર્યુષણ વ્યાખ્યાનમાળા

પર્યુષણના દિવસોમાં મોટાં શહેરોમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ યોજવાનો અને એ રીતે એ સપ્તાહને સાચા અર્થમાં એક સંસ્કારપર્વ બનાવવાનો રવૈયો શરૂ થઈ રહ્યો છે. મુંબઈ તેમજ અમદાવાદમાં આ પ્રવૃત્તિ લગભગ છેલ્લાં પચ્ચીસ વર્ષથી ચાલે છે. માટુંગા–શીવમાં વસતા કેટલા જૈન યુવાન મિત્રોએ આ પ્રવૃત્તિ છેલ્લાં ત્રણ વર્ષથી શરૂ કરી છે અને એ મુજબ પૂનાનું જૈન મિત્રમંડળ પણ આવી વ્યાખ્યાનમાળા થોડા સમયથી યોજી રહ્યું છે. આ વ્યાખ્યાનમાળાઓમાં અપાયલાં વ્યાખ્યાનો અને વ્યાખ્યાતાઓની નીચે યાદી આપવામાં આવે છે. આ પ્રવૃત્તિ કેટલી સંસ્કારપ્રચૂર બની રહી છે તેનો આ યાદી ઉપરથી પ્રબુદ્ધ જીવનના વાંચકોને કાંઈક ખ્યાલ આવશે.

## અમદાવાદની પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૧૩–૯–૫૫ થી તા. ૨૦–૯–૫૫ સુધી હંમેશના બે વ્યાખ્યાનો એ મુજબ યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો.

| | |
|---|---|
| શ્રી. ભાઈલાલભાઈ શાહ | ભજનો |
| શ્રી. રવિશંકર મહારાજ | ભૂદાન |
| શ્રી. કેશવરામ કા. શાસ્ત્રી | વ્રત અને ઉપવાસ |
| શ્રી. ઇન્દુમતીબહેન મહેતા | જીવનનો આનંદ |
| શ્રી. સૂરજચંદ્ર ડાંગી | જૈન ધર્મની સાથ ગીતાકા સમન્વય |
| શ્રી. ખાનસાહેબ દોસ્તમહમદ | ભજનો |
| શ્રી. ચૈતન્યપ્રસાદ દીવાનજી | શક્તિ |
| શ્રી. સૂરજચંદ્ર ડાંગી | સંસાર દુઃખમય હય યા આનંદમય? |
| શ્રી. ઋષભદાસ રાંકા | માનવ વિકાસ મેં જૈન સંસ્કૃતિકા સ્થાન |
| સ્વામી સર્વાનંદજી | વર્તમાન જીવનમેં ધર્મકા ઉપયોગ |
| શ્રી. ઋષભદાસ રાંકા | અહિંસક સમાજરચના |
| અધ્યાપક એસ્. આર. ભટ્ટ | પરિગ્રહ |
| આચાર્ય શ્રી. એસ્. બી. દેસાઇ | આવતી કાલના નાગરિકો |
| શ્રી. ઉમાશંકર જોષી | સત્યમ્, શિવમ્, સુન્દરમ્ |
| શ્રી. ધૂમકેતુ | હેમચંદ્રાચાર્ય |
| સ્વામી ભાગવતાનંદજી | સર્વધર્મસમભાવ |

## પૂનાની પર્યુષણ વ્યાખ્યાનમાળા

પૂના ખાતે જૈન મિત્ર મંડળ તરફથી પર્યુષણ પર્વ દરમિયાન નીચે મુજબ વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યાં હતાં:—

| | |
|---|---|
| ડૉ. હરેકૃષ્ણ મહેતાબ | જાગતિક રાજનીતિ ઔર અહિંસા |
| પંડિત મેચરદાસ દોશી | હમ કહાં તક? |
| પંડિત જૈનેન્દ્રકુમાર | શાસનવિહીન સમાજ |
| અધ્યાપક બી. જી, રાહૂરકર | જૈન ધર્મચા ભારતી જીવનાવર ઝાલેલા પરિણામ |
| ડૉ. હીરાલાલ જૈન | હમારી કુરૂપતા |
| પંડિત શ્રીપાદ જોષી | |
| શ્રી. ગોપીનાથ તળવળકર | જૈન સાધના આણિ વ્યવહાર |

## મુંબઈ–માટુંગા–શીવ ખાતે યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળા

| | |
|---|---|
| શ્રી. પુરુષોત્તમ કાનજી (કાકુભાઈ) | ઈશ્વરની શરણાગતિ |
| શ્રી. સુશીલાબહેન કુસુમગર | જૈન ધર્મની દૃષ્ટિએ જીવનનો મર્મ |
| શ્રી. મનુભાઈ પંચોલી | સંતોની પરંપરા |
| શ્રી. પ્રાણલાલ ઉપાધ્યાય | થીઓસોફી અને માનવધર્મ |
| શ્રી. નલીન ભટ્ટ | ગીતાનો સંદેશ |
| યતિશ્રી રાજચંદ્ર | ભારતીય સંસ્કૃતિ |
| શ્રી. રતિલાલ દીપચંદ દેસાઇ | ભગવાન મહાવીર |
| શ્રી. ઉષાબહેન મહેતા | બુદ્ધ અને મહાવીર |
| શ્રી. અમૃતલાલ ગોપાણી | જૈન ધર્મ અને સંસ્કૃતિ |
| શ્રી. કેદારનાથજી | જીવનશુદ્ધિ |

# સંઘની પ્રવૃત્તિઓને મળેલું આર્થિક સીંચન

**શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ચાલતી વિવિધ પ્રવૃત્તિઓને પર્યુષણ દરમિયાન મળેલી આર્થિક મદદની યાદી નીચે આપવામાં આવે છે. આ રીતે મદદ આપનાર ભાઈ–બહેનોનો આભાર માનવામાં આવે છે.**

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

| | | |
|---|---|---|
| ૪૮૩ | થેલીઓમાં આવેલ | |
| ૨૦૦ | શ્રી. ચીમનલાલ પી. શાહ | |
| ૨૦૦ | ,, અમૃતલાલ જે. શાહ | |
| ૨૦૦ | ,, દીપચંદ એન્ડ કું. | |
| ૨૦૦ | ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી | |
| ૧૦૦ | ,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી | |
| ૧૦૦ | ,, રમણલાલ લાલભાઈ શેઠ | |
| ૧૦૦ | ,, તારાબહેન ચંદુલાલ ઝવેરી | |
| ૧૦૦ | ,, એક સદ્‌ગૃહસ્થ તરફથી | |
| ૯૬ | ,, હેમચંદ મેઘજી માલદે | |
| ૫૧ | ,, ખીમજી માડણ ભુજપુરીઆ | |
| ૫૧ | ,, લીલાધર પાસુ શાહ | |
| ૫૧ | ,, ત્રીભોવનદાસ લક્ષ્મીચંદ | |
| ૫૧ | ,, મોંઘીબહેન હીરાલાલ શાહ | |
| ૫૧ | ,, લીલાધર પુનમચંદ શાહ | |
| ૫૦ | શ્રી. સુરજબહેન ઠાકારી | |
| ૨૫ | ,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ | |
| ૨૫ | ,, જયંતિભાઇ ડેલીવાળા | |
| ૨૫ | ,, મણિબહેન સવચંદ કાપડિયા | |
| ૨૫ | ,, ચીમનલાલ જે. શાહ | |
| ૨૫ | ,, મફતલાલ ભીખાભાઈ શાહ | |
| ૨૫ | ,, લવણપ્રસાદ પુલચંદ શાહ | |
| ૨૫ | ડૉ. ચીમનલાલ શ્રોફ | |
| ૨૫ | ડૉ. હીરાલાલ જૈન | |
| ૨૫ | શ્રી. મણિબહેન શિવલાલ શાહ | |
| ૨૫ | ,, નાથુરામ પ્રેમી | |
| ૨૫ | ,, મોહનલાલ નગીનદાસ જરીવાળા | |
| ૨૫ | ,, જસુમતીબહેન મનુભાઇ કાપડિયા | |
| ૧૫ | ,, શિવકુંવરબહેન ગાંધી | |
| ૧૧ | ,, ઇન્દુમતીબહેન મુનસીફ | |
| ૧૧ | ,, મંગલદાસ ગોપાલદાસ પારેખ | |

| | | |
|---|---|---|
| ૧૦ | શ્રી. દેવજી ઉમરસી | |
| ૧૦ | ,, હેમચંદ વીરજી | |
| ૫ | ,, પી. એચ. કામદાર | |
| ૫ | ,, કસ્તુરબહેન મૈશેરી | |
| ૫ | ,, જયંતિલાલ ફ્રન્તેહચંદ શાહ | |
| ૫ | ,, કાંતિલાલ નથુભાઇ પારેખ | |
| ૫ | ,, લક્ષ્મીબહેન | |
| ૨૪૬૬ | | |

### વૈદ્યકીય રાહત

| | | |
|---|---|---|
| ૨૫ | શ્રી. ચંદુલાલ મણિલાલ | |
| ૧૧ | ,, શાંતિલાલ દેવજી નંદુ | |
| ૧૧ | ,, અંબાલાલ ચતુરભાઈ શાહ | |
| ૪૭ | | |

### શ્રી મ. મો. શાહ સા. વા. પુ.

| | | |
|---|---|---|
| ૨૫ | શ્રી. મોહનલાલ નગીનદાસ જરીવાળા | |

# બાલદીક્ષા પ્રતિબંધ ધારો

મુંબઈની વિધાન પરિષદમાં બાલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ ઉપર થયેલ ચર્ચા જેણે વાંચી હશે તેને માલુમ પડયું હશે કે વિધાન-પરિષદનો ઘણો મોટો ભાગ આ બીલની તરફેણ કરે છે અને જો મુંબઇ સરકારે આ બીલને ટેકો આપ્યો હોત તો આ બીલ ચાલુ બેઠક દરમિયાન ત્રણે વાંચનમાંથી લગભગ સર્વાનુમતે પસાર થઈ ચુકયું હોત અને મુંબઇની વિધાનસભા તરફ રવાના થયું હોત.

મુંબઈ સરકારનું વળણ શ્રી મોરારજીભાઇએ જણાવ્યું તેમ આ પ્રશ્ન પરત્વે હજુ અનિશ્ચિત છે. હાલ તુરત તે વિષે લોકમત જાણવા માટે જાહેર પ્રજામાં તેને વહેતું મૂકવામાં આવ્યું છે અને ચાર મહીના બાદ બીજા વાંચન માટે આ બીલ વિધાનપરિષદમાં ફરીથી આવશે ત્યારે મુંબઇ સરકાર આ બીલ વિષે પોતાનું વળણ જાહેર કરશે અને તે મુજબ આ બીલનું ભાવી નક્કી થશે.

જ્યારે કોઈ પણ સામાજિક પ્રશ્ન ઉપર અમુક વર્ગનો ઉગ્ર વિરોધ હોય ત્યારે સરકારની એ ફરજ છે કે એ વિરોધ કોનો છે, કયા પ્રકારનો છે અને તેની શું ભૂમિકા છે એ વિષે ગંભીરપણે વિચાર કરવો અને એ રીતે પ્રસ્તુત પ્રશ્નનો સમગ્રપણે વિચાર કરીને તે વિષે પોતાની નીતિ નક્કી કરવી. બાલદીક્ષાનો પ્રશ્ન ઘણો જુનો છે અને એ પ્રશ્નની બધી બાજુઓનો પૂરો વિચાર કરીને આજથી ૨૨ વર્ષ પહેલાં વડોદરા સરકારે આ જ મતલબનો કાયદો કર્યો હતો. આ હકીકત ધ્યાનમાં લેતાં મુંબઈ સરકારને આ વિષે કોઈ નવો પ્રકાશ મળવા બહુ આશા નથી. આમ છતાં આ પ્રશ્ન વિષે મુંબઈ સરકારે જે દિશા ગ્રહણ કરી છે તે વિષે તેની ટીકા કરવાને બદલે તેની અનિશ્ચિતતા કયા કયા કારણોને લઈને છે એ બરોબર સમજી લઈને એ કારણો દૂર કરવામાં મુંબઈ સરકારને આપણે મદદરૂપ થઇએ તો આ બીલને કાયદાનું રૂપ આપવાની આપણી મુરાદને આપણે વધારે સહેલાઈથી પાર પાડી શકીશું.

આ બીલ મુંબઈ પ્રદેશની સમગ્ર પ્રજાને લાગુ પડે છે એ હકીકત ધ્યાનમાં લેતાં તેનો વિરોધ કરનાર વર્ગ ઘણો નાનો છે એ સહજ માલુમ પડશે. મુસલમાનો, ખ્રીસ્તીઓ, પારસીઓ તેમજ જૈનેતર હિંદુઓમાંથી કોઇએ પણ હજુ સુધી આ બીલ સંબંધમાં વિરોધનો સૂર કાઢયો સાંભળ્યો નથી. આ ઉપરથી તે આખા સમુદાયની આ બીલને સંમતિ છે એમ આપણે માની શકીએ છીએ. જૈનોમાં પણ સ્થાનકવાસી તેમ જ દિગંબર સમુદાય તરફથી પણ કશો વિરોધી સૂર સાંભળવામાં આવતો નથી. દિગંબર સંપ્રદાયમાં બાલદીક્ષા અપાતી જ નથી; સ્થાનકવાસી સમુદાયના સાધુ વર્ગે દીક્ષા આપવા માટે ૧૮ વર્ષની ઉમ્મર થોડાંક વર્ષો પહેલાં સ્વીકારી લીધી છે. વિરોધ છે તેરાપંથીઓનો (જેમની મુંબઈ પ્રદેશમાં નહિ જેવી વસ્તી છે) અને શ્વેતાંબર મૂર્તિ-પૂજક સમાજના સ્થિતિચુસ્ત વર્ગનો. આમ મુંબઈ પ્રદેશની વસ્તીનો વિચાર કરતાં આ બીલનું વિરોધી દળ ઘણું જ નાનું અને ઉપેક્ષણીય છે.

મુંબઈ સરકારની બીજી મુંઝવણ આ પ્રશ્ન સામાજિક છે કે ધાર્મિક છે એને લગતી છે અને એ ધાર્મિક હોય તો તેમાં દાખલગીરી કરવી કે કેમ તે પ્રશ્ન તેની સામે ઉપસ્થિત થાય છે. આ પ્રશ્ન એક પ્રકારની ધાર્મિક દીક્ષા સાથે અનુસંધિત હોઇને તેને ધાર્મિક શબ્દથી સાંકળવો હોય તો સાંકળી શકાય છે, પણ વસ્તુતઃ દીક્ષાનો આ આખો પ્રશ્ન શુધ્ધ સામાજિક છે. દીક્ષા એટલે સામાજિક અને કૌટુંબિક જવાબદારીઓથી મુકત એવું આમરણાન્ત ત્યાગી જીવન સ્વીકારવું. કયા સંયોગમાં કોણ આ રીતે સમાજ અને કુટુંબ છોડી જઇ શકે અને કયા સંયોગમાં એમ ન કરી શકે એ નક્કી કરવાનો અધિકાર સમાજનો છે. દા. ત. નાનાં બાળકોને અધ્ધર રખડાવીને કોઇ પુરૂષ કે સ્ત્રી દીક્ષા લેવા નીકળે તો તેમ કરવા જતાં તેની અટકાયત કરવી એ સમાજનો અનિવાર્ય ધર્મ બને છે. આવી જ રીતે આર્થિક દૃષ્ટિએ સ્ત્રીને નીરા-ધાર બનાવીને, પુરૂષ દીક્ષા લેવા નીકળે, ધાવણાં બાળકને મૂકીને સ્ત્રી દીક્ષા લેવા નીકળે, ધંધાની તેમ જ અન્ય પ્રકારની આર્થિક જવાબદારી-ઓની ઉપેક્ષા કરીને કોઇ પુરૂષ દીક્ષા લેવા નીકળે તો સમાજે તેમ જ રાજ્યે તેને અટકાવવો જ જોઇએ. આવી જ રીતે પંચ મહાવ્રતોનું હાર્દ સમજવાની જ્યાં શકયતા જ કલ્પી શકાતી નથી એવા બાળકને આજીવન દીક્ષા વ્રતથી બાંધી લેવાને કોઇ સાધુ કે માબાપ તૈયાર થાય તો તેમ કરતાં તે સાધુ તથા માબાપને અટકાવવા એ સમાજની તેમ જ રાજ્યની અનિવાર્ય ફરજ બને છે. કોઈ પણ વ્યકિત જ્યાં સુધી દીક્ષિત ન બની હોય ત્યાં સુધી તે સમાજની જ લેખાય છે અને તેણે પોતાના સમાજને છોડવો કે નહિ તે પ્રશ્ન પણ કેવળ સામાજિક જ બને છે. એ દીક્ષિત થયા બાદ તેની ચાલુ જીવનમાં કોઈ દખલગીરી કરવાનો પ્રશ્ન ઉભો થાય તો તેને આપણે જરૂર ધાર્મિક દખલગીરી કહીશું.

દેખાવમાં ધાર્મિક અને છતાં સ્વરૂપમાં સામાજિક એવા અનેક પ્રશ્નો રાજ્યે હાથ ધર્યા છે અને તે વિષે જરૂરી કાયદાકાનૂન કર્યા છે. બાલદીક્ષાનો પ્રશ્ન પણ આવો છે. બાળકોને સગીર ઉમ્મર દરમિયાન જરૂરી રક્ષણ આપવું એ રાજ્યની એક મહત્વની ફરજ છે એમ સમજીને રાજ્યે બાલદીક્ષાની અટકાયત કરવી ઘટે છે.

માનનીય મોરારજીભાઇને સૌથી વધારે મુંઝવતી બાબત તો એ છે કે રાજ્ય આવો કાયદો કરીને, બાળવયમાં દીક્ષિત બનીને હેમચંદ્રાચાર્ય કે શંકરાચાર્ય જેવા મહાપુરૂષો પાકયા છે એ શકયતા સામે સદાને માટે તાળું તો નથી મારતું ને? બાલદીક્ષાની પ્રથા હોય તો જ આવા મહાપુરૂષો પાકે અને નહિ તો દુનિયા આવા મહાપુરૂષોથી વંચિત રહે એવો કોઈ અટલ નિયમ નથી. સૂર્ય વાદળો વીંધીને પણ પોતાનો પ્રકાશ ફેલાવ્યા વિના રહેતો નથી. કોઈ પણ સત્વશાળી આત્મા આ જગત્માં અવતરે છે તો ગમે તેવા પ્રત્યવાયો એ સત્વને આવરી શકતા નથી. આધુનિક કાળના રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ, શ્રી. અરવિંદ, મહાત્મા ગાંધી બાલદીક્ષાના અવલંબન સિવાય અસાધારણ મહત્તાને પ્રાપ્ત કરી શકયા છે એ આપણી આંખો સામે બનેલી ઘટના છે. પૂર્વકાળના તીર્થંકરો અને પયગંબરો, સન્તો અને સિધ્ધ પુરૂષોમા ભાગ્યે જ કોઇ બાલદીક્ષિત હોવાનું નજરે પડે છે. બીજી બાજુએ એક હેમચંદ્રાચાર્ય કે એક શંકરાચાર્યની ભ્રામક આશામાં નાનાં બાળકોને તેમના અજ્ઞાન અને નિર્દોષતાનો લાભ લઈને એક ચોક્કસ પ્રકારના ઢાળામાં આખી જીંદગીભર ઢાળવાની અને તેમાંથી ચસકી ન શકે એવી આસપાસ સામાજિક પરિસ્થિતિ ઉભી કરવાની પ્રથા ચાલુ રહેવા દેવી અને તેના જીવનવિકાસનાં અન્ય સર્વ દ્વારો સદાને માટે બંધ કરી દેવા એમાં નથી ન્યાય કે નથી ડહાપણ.

કુદરતના ક્રમની વિરૂદ્ધ એવી આ બાલદીક્ષાની પ્રથાના ગર્ભમાં બીજાં કેવાં અનિષ્ટો સમાયલાં છે એની ચર્ચા કરવી એ પોતાની જાંઘ ખુલ્લી કરવા બરોબર છે. પ્રસ્તુત બીલના જેઓ વિરોધી હોય અથવા તો તટસ્થ ભાવ ધરાવતા હોય તેઓ આ બધું ગંભીરતાથી વિચારે અને જો તેમને અહિં રજુ કરવામાં આવેલી વિચારણામાં તથ્ય જેવું ભાસે તો તે મુજબ પોતાના અભિપ્રાય અને વળણને પલટાવે. આ બીલને ટેકો આપવો એ દીક્ષાની ઉપયોગીતા કે મહત્તાનો ઇનકાર કરવા બરોબર છે એમ કોઇ ન સમજે. ઉલટું આજીવન દીક્ષાવ્રતની મહત્તાનો વિચાર જ બાલદીક્ષાની અટકાયતને ઇષ્ટ અને આવશ્યક બનાવે છે. બાળકોને પંચ મહાવ્રતની, સાધુ જીવનની તાલીમ આપવા સામે કોઈ વાંધો નથી, પણ જ્યારે તે પુખ્ત ઉમ્મરનો થાય ત્યારે તેને કઇ બાજુએ જવું છે—સંસાર તરફ કે શ્રમણ જીવન તરફ—એ બાબતમા સ્વતંત્ર નિર્ણય લેવાની તેને પુરી છૂટ હોવી જોઇએ એટલું આ બીલ માંગે છે. આ નિર્ણયના પરિણામે તે જે જીવન ગ્રહણ કરશે તેમાં તેનું કલ્યાણ જ થવાનું છે એ આપણે બરોબર સમજી લઇએ. અને એ રીતે દીક્ષિત જીવનનો સ્વીકાર એ કેવળ ભોળપણમાંથી કે અજ્ઞાનમાંથી નહિ પણ પુખ્ત ઉમરે પૂરી સમજણપૂર્વકની વિચારણામાંથી પરિણમેલો નિર્ણય છે એમ આપણે માથું ઉંચું રાખીને જગત્ને જણાવી શકીશું.

પરમાનંદ

# બાલદીક્ષા અટકાયતના સમર્થકોને

## જૈન યુવકોને નમ્ર અપીલ

મુંબઈ સરકારના પ્રકાશન ખાતા તરફથી તા. ૨૧-૯-૫૫ ના રોજ પ્રગટ કરવામાં આવેલી યાદી જણાવે છે કે "રાજ્યની વિધાનપરિષદે જાહેર પ્રજાની જાણ માટે ચાર મહીના સુધી ફેરવવા માટે ઠરાવેલો બાલસંન્યાસ-દીક્ષા પ્રતિબંધક ખરડો મુંબઈ સરકારના સપ્ટેંબરની તા. ૧૬ મી ના ગેઝેટના પાંચમા ભાગમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. ખરડા પરત્વે જે કાંઈ મન્તવ્યો મોકલવા હોય તે મંત્રી, મુંબઈ વિધાનપરિષદને જાન્યુઆરી તા. ૧૨, ૧૯૫૬ સુધીમાં મોકલી આપવાના છે.

"ખરડાનો હેતુ બાળકોની કુમળી વયનો ગેરલાભ લેવામાં ન આવે અને બાળકોને અને યુવાનોને નૈતિક તેમ જ ભૌતિક ત્યકત દશા સામે અને શોષણ સામે રક્ષણ મળે તે જોવાનો છે. બાલસંન્યાસ-દીક્ષા આપવા, યોજવા કે તેનું સંચાલન કરવા માટે સજાની અને સંન્યાસ-દીક્ષા આપનાર બાળકનો હવાલો ધરાવનાર વ્યકિતને પણ સજા કરવાની જોગવાઈ ખરડામાં કરવામાં આવી છે. ખરડો સંન્યાસ-દીક્ષાને ગેર-કાયદેસર અને ફોગટ ઠરાવવાની પણ જોગવાઈ ધરાવે છે. બાળકને સંન્યાસ દીક્ષા અપાતી અટકાવનારો મનાઈ હુકમ કાઢવાની અને બાળકના રક્ષણ, કબજા વગેરેનો હુકમ કાઢી આપવા માટેની પણ જોગવાઈ કરવામાં આવી છે."

આ ઉપરથી પ્રસ્તુત ખરડાને ટેકો આપનાર ભાઈ બહેનોની ફરજ બને છે કે તેમણે આવા અગત્યના વિષય સંબંધે પ્રમાદ અને મૌન ન સેવતાં પોતાના અભિપ્રાયો મંત્રી, મુંબઈ વિધાન પરિષદ, કાઉન્સીલ હોલ, ફોર્ટ, મુંબઈ ઉપર મોકલી આપવા એટલું જ નહિ પણ તે દરેકની એક એક નકલ મુખ્ય પ્રધાન શ્રી મોરારજીભાઈ, સેક્રેટેરિયટ ફોર્ટ, મુંબઈ, શ્રી. પ્રભુદાસ બાલુભાઈ પટવારી, પ્રીતમનગર એલીસ બ્રીજ અમદાવાદ ૬, અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઈ ૩. એ મુજબ મોકલી આપવી. આ ઉપરાંત આ વિષયમાં જાહેર મત કેળવવા માટે સભાઓ ભરવી, પત્રિકાઓ કાઢવી, જેનો જે સાથે સંબંધ હોય તે તે સામાજિક સંસ્થાઓ તરફથી ઉપર મુજબ બીલને ટેકો આપતા તારો કરવા તથા કાગળો લખવા. આ બીલના સમર્થકો ધ્યાનમાં રાખે કે આ બીલના વિરોધીઓની સંખ્યા બહુ નાની છે, એમ છતાં તેને સાંપ્રદાયિક સાધુઓનો અને શ્રીમાનો આગેવાનોનો બહુ મોટો ટેકો છે અને વિરોધી આન્દોલન પાછળ આજે તેમના તરફથી હજારો રૂપિયા ખરચાઈ રહ્યા છે. જૈન સમાજના યુવાનોને આજે પડકાર થઈ રહ્યો છે કે આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાં આ પ્રશ્ન જૈન સમાજ સમક્ષ ઉભો થયેલો અને આ વિષે સ્થિતિ-ચુસ્તોએ ભારે શોરબકોર મચાવી મૂકેલો, એમ છતાં એ સમયના યુવકોએ સ્થિતિચુસ્ત વર્ગનો અને બાલદીક્ષાંઝતુની સાધુઓનો ભારે જોરદાર સામનો કરેલો અને વડોદરા રાજ્યમાં આ પ્રકારનો કાયદો કરાવવામાં સફળતા મેળવેલી. શું આજના જૈન યુવકો આ વિષયમાં જ્યારે પ્રચંડ આંદોલન ઉભું થયું છે અને મુંબઇ પ્રદેશની બન્ને ધારાસભાઓમાં આ બીલ પસાર થવાનો પૂરો સંભવ છે ત્યારે કમતાકાત માલુમ પડશે અને જુનવાણીની સ્થિતિચુસ્તોની સોડમાં લપાઇ જવું પસંદ કરશે? જૈન સમાજના યુવકો આ પડકાર ઝીલે, જે અટકાયત કાળબળ માંગી રહી છે અને શિષ્ટ સમાજ અનુમોદી રહી છે તેને કાયદાથી અમલી બનાવવા માટે નિડરતાપૂર્વક બહાર આવે, અને આગળની પેઢીએ આદરેલા કાર્યને પૂરું કરે!

આ ધારાને સમર્થન આપતા ભાઈ બહેનોની સહીઓ એકઠી કરીને યોગ્ય સમયે મુંબઇના મુખ્ય પ્રધાન સમક્ષ રજુ કરવી એવો મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પ્રબંધ કરવામાં આવ્યો છે. આને લગતા પત્રકો છાપવામાં આવ્યા છે. જેને જેટલા જોઇએ તેને મુંબઈ જૈન યુવક સંઘ તરફથી વિના મૂલ્યે પૂરાં પાડવામાં આવશે. આ દરેક પત્રકમાં મથાળે નીચે મુજબ લંબાણ કરવામાં આવ્યું છે.

**"અમો નીચે સહી કરનારા જૈન મુંબઈ પ્રદેશની વિધાનપરિષદમાં માન્યવર શ્રી. પ્રભુદાસ બાલુભાઈ પટવારીએ રજુ કરેલ બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલને હાર્દિક ટેકો આપીએ છીએ અને જૈન સમાજમાં લાંબાકાળથી ચાલી આવતું બાલદીક્ષાનું અનિષ્ટ જલ્દિથી નાબુદ થાય એમ અમે અન્તરથી ઇચ્છીએ છીએ."**

આવું પત્રક કોઈ પણ ભાઈ કે બહેન જાતે તૈયાર કરીને તે ઉપર સહીઓ લઇ શકે છે. આવી સહીઓ એકઠી કરનાર નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખે.

(૧) સહીઓ માત્ર જૈનોની જ લેવાની છે.

(૨) સહી કરનારે સહી નીચે પોતાનું પૂરું ઠેકાણું લખવાનું છે.

(૩) સહી કરનાર વ્યકિત ૧૮ વર્ષ ઉપરની ઉમ્મરની હોવી જોઇએ.

(૪) આ પત્રક ઉપર ખોટી કે સમજ્યા વિનાની એક પણ સહી થવી ન જોઇએ.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ<br>મુંબઈ ૩

**મંત્રીઓ**<br>**મુંબઈ જૈન યુવક સંઘ.**

# બાલદીક્ષા અટકાયત પ્રકરણ

## અમદાવાદના કેટલાક પ્રમુખ નાગરિકોનું જાહેર નિવેદન

(આ નિવેદન તા. ૯-૯-૫૫ ના રોજ પ્રગટ કરવામાં આવ્યું હતું.)

બાલદીક્ષા પ્રતિબંધક માટેનું બીલ શ્રી. પ્રભુદાસ પટવારી તરફથી તા. ૧૩ મીએ મુંબઈ ધારાસભામાં રજૂ થવાનું છે. એ બીલ સમાજના હિતમાં છે એમ અમે માનીએ છીએ. કાચી ઉમરના અણસમજુ બાળકો અને બાળકીઓને ફોસલાવીને ઉંધું ચત્તું સમજાવીને ધર્મ અને આત્માના કલ્યાણનો અવળો અર્થ રજૂ કરીને, તેમના અજ્ઞાન, ટૂંકી બુધ્ધિ અને સારાસાર વિવેકશકિતના અભાવનો લાભ લઇને કેટલાક સાધુ, બાવા, જોગી, આચાર્ય, મહંત વગેરે તેમને દીક્ષા લેવડાવી જીવનભર તેમને સાધુ અને સંન્યાસી અગર વૈરાગીની સ્થિતિમાં રાખવાની ફરજ પાડે છે, એવા દાખલા સમાજમાં અનેક વખત બનતા આપણે સહુ જાણીએ છીએ. જેમને સંસારનું ભાન નથી, ધર્મ અને આત્માના કલ્યાણ વિષે જેમને ખ્યાલ પણ હોતો નથી, તેમને આ પ્રમાણે ગૃહસ્થ જીવનથી દૂર કરી દેવા એ સમાજવિરોધી કાર્ય છે એવું અમારું માનવું છે. તેથી શ્રી. પટવારીએ એનો પ્રતિબંધ કરવા માટે કાયદો કરાવવા ધારાસભામાં જે બીલ રજૂ કર્યું છે તેને અમારું સંપૂર્ણ રીતે સમર્થન છે. આ બીલ કોઇ એક કોમ કે એક ધર્મના અનુયાયીઓને નહિ પરંતુ જે જે ધર્મના સાધુઓ બાવાઓ વગેરે આવું કાર્ય કરતા હોય તેમને તેમ કરતાં અટકાવવા માટે છે. સમાજના સર્વ બુદ્ધિમાન અને સમજુ વર્ગના સ્ત્રીપુરુષોનો આ બીલને ટેકો છે. ધારાસભાના સભ્યોને અમારી વિનંતી છે કે એ બીલને વિનાવિરોધે સર્વાનુમતે પસાર કરવામાં સહાયભૂત થાય.

**પંડિત સુખલાલજી**<br>**સરલાદેવી સારાભાઈ**<br>**ડૉ. સુમન્ત મહેતા**<br>**વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠ**<br>**ધીરજલાલ ધનજીભાઈ શાહ**<br>**રતિલાલ દીપચંદ દેસાઇ**<br>**શારદાબહેન મહેતા**<br>**ચારૂમતી ચોધ્વા**<br>**હઠીસીંગ હરગોવિંદદાસ શાહ**<br>**જયભિક્ષુ**<br>**વિનોદચંદ્ર જેશીંગભાઇ શાહ**<br>**રસિકલાલ માણેકલાલ શાહ**<br>**ગટુભાઇ ગો. ધ્રુ**<br>**ગંગાબહેન ઝવેરી**<br>**શંભુલાલ જગશીભાઇ**<br>**જયવંતીબહેન દેસાઈ**

## વિષય સૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| કોંગ્રેસ તંત્રની વિશુદ્ધિ અને જ્ઞાતિવાદની નાબુદી | પરમાનંદ | ૧૦૩ |
| અમારી પર્યુષણ વ્યાખ્યાનમાળા | મંત્રીઓ, મું. જૈ. યુ. સંઘ | ૧૦૫ |
| બાલદીક્ષા પ્રતિબંધ ધારો | પરમાનંદ | ૧૦૮ |
| આપણા ચીમનભાઈ | અનુ. પરમાનંદ | ૧૧૦ |
| સર્વતંત્ર સ્વતંત્ર આપણે | કાકા કાલેલકર | ૧૧૧ |

# આપણા ચીમનભાઈ

(ટાઇમ્સ ઑફ ઇન્ડીઆમાં અવારનવાર લોકસભાના કોઇને કોઇ સભ્યનું રેખાચિત્ર અને પરિચય આપવામાં આવે છે. એ રીતે તા. ૨૨-૯-૫૫ ના ટાઇમ્સ ઑફ ઇન્ડીઆમાં પ્રગટ થયેલ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ જેમને આપણે બધા ચીમનભાઇ તરીકે ઓળખીએ છીએ તેમનું રેખાચિત્ર તથા પરિચય નીચે મુજબ પ્રગટ કરવામાં આવેલ.)

વર્તમાન આર્થિક રચના ઉપર ગંભીર અસર નીપજાવતા કંપનીઝ બીલ ઉપર લોકસભામાં થયેલાં ધોધમાર ભાષણોએ અને લાંબી લાંબી ચર્ચાઓએ ગેલેરીમાં બેઠેલા પત્રકારોનાં માથાં પકવી નાંખ્યા હશે, પણ એ ચર્ચા જરૂર અમુક સભ્યોની અને ખાસ કરીને શ્રી. સી. સી. શાહની શક્તિ તરફ લોકસભાનું ધ્યાન કેન્દ્રિત કરવામાં નિમિત્તભૂત બની હતી. જ્યારે શ્રી. શાહ બીલના ત્રીજા વાંચન વખતે બોલતા હતા ત્યારે વિરોધ પક્ષના આગેવાન શ્રી. એન. સી. ચેટરજી 'ભાવી પ્રધાન'–Minister in Making–એ મુજબ ટકોર કરતાં સંભળાયા હતા. એટલું જ નહિ પણ મી. શાહ શ્રી. દેશમુખને તેમજ ફીનેન્સ મીનીસ્ટ્રીમાંના તેમના સાથીઓને ઔચિત્યપૂર્ણ અંજલિ આપી રહ્યા હતા તે દરમિયાન "અને મી. સી. સી. શાહ પણ એ અંજલિના અધિકારી છે" એમ શ્રી. અશોક મહેતા વચ્ચે હસતાં હસતાં બોલી ઉઠ્યા હતા.

આ ઉદ્‌ગારો પાછળ કોઇ કટાક્ષભાવ નહોતો. એમાં કોઈ શક નથી કે સાધારણ રીતે તેમને જે વહાલથી સંબોધવામાં આવે છે તે રીતે હું સંબોધું તો ચીમનભાઇને પ્રધાનમંડળમાં લાંબા વખત પહેલાં સ્થાન મળી જવું જોઇતું હતું. કંપની બીલને બાજુએ રાખીએ તો પણ કોન્સ્ટીટ્યુશન બીલ (ચોથી સુધારણા) ની ચર્ચામાં પણ તેમણે કીંમતી ફાળો આપ્યો હતો. અંગત રીતે તેઓ કોઇ પણ અધિકાર મેળવવાનો મોહ સેવતા નથી. શ્રી. શાહ મુંબઇમાં એક સોલીસીટર તરીકે ધીકતી પ્રેક્ટીસ ધરાવે છે જે સદ્‌ભાગ્ય કોંગ્રેસ પાર્ટીના ઘણા સભ્યો ધરાવતા નથી. તેમનું જીવનસૂત્ર એ કે "જે પોતાના ભાગે કામ આવ્યું તે બરોબર કરી બતાવવું અને જે કાંઈ આવવાનું હોય તે વણમાગ્યું, વણશોધ્યું ભલે આવતું." સૌથી પ્રથમ કોન્સ્ટીટ્યુઅન્ટ એસેંબલીમાં તેમની નિમણુક, લોકસભા માટે તેમની ઉમેદવારીનો સ્વીકાર, અને યુનાઇટેડ નેશન્સના હિંદી પ્રતિનિધિમંડળમાં તેમની એક સભ્ય તરીકેની પસંદગી–આ બધું એક અણધારી આશ્ચર્યજનક ઈષ્ટ ઘટના માફક તેમને પ્રાપ્ત થયું છે.

શ્રી. શાહની ઉમ્મર ૫૩ વર્ષની છે. તેઓ અતિ નમ્ર અને મળતાવડા સ્વભાવના છે. કોંગ્રેસ પાર્ટીમાં તેઓ વધારે સક્રિય લેફ્‌ટ-વીંગર (સમાજવાદી વળણ ધરાવનારા) માંના એક છે. સમાજવાદના તેઓ કોઈ તાજેતરના દીક્ષિત નથી, અને એમ છતાં એ વાદ વિષે પણ તેમનામાં કોઈ ઝનુન નથી. શ્રી. અશોક મહેતા, સદ્‌ગત શ્રી. યુસફ મહેરઅલી અને શ્રી. એમ. આર. મસાણી સાથે તેઓ પણ ૧૯૩૪ માં કોંગ્રેસ સોશીયલીસ્ટ પાર્ટીના એ સ્થાપક હતા.

શ્રી. શાહનું નાનપણનું જીવન ગરીબી અને તંગીની હાડમારીઓથી ભરેલું હતું. તેમનાં માત-પિતાની સ્થિતિ ગરીબ હતી અને માત્ર શિષ્યવૃત્તિઓની મદદ વડે જ તેઓ અભ્યાસમાં આગળ વધી શક્યા હતા. એવી પણ કટોકટીમાંથી તેઓ પસાર થયેલા કે તેમના નિવાસસ્થાનેથી ત્રણ માઇલ દૂર આવેલી કોલેજ સુધી ટ્રામમાં જવા માટે તેમની પાસે એક આનો પણ ન હોય. પણ તેમણે પોતાના સમયનો અને મળેલી તકોનો સારામાં સારો ઉપયોગ કર્યો હતો. એમ. એ. ની તથા કાયદાની પરીક્ષાઓ એક જ વર્ષમાં પસાર કરતાં તેમની જેટલા ભાગ્યે જ કોઇએ સુવર્ણચંદ્રકો અને પારિતોષિકો મેળવ્યા હશે. જ્યારે કોંગ્રેસ ૧૯૩૮ માં સત્તા ઉપર આવી ત્યારે મુંબઇ સરકારના તેઓ પહેલા હિંદી સોલીસીટર નીમાયા હતા. ૧૯૪૨માં આ અધિકારનું તેમણે રાજીનામું આપ્યું હતું.

તત્વજ્ઞાન આજે પણ તેમના ખાસ શોખનો વિષય છે. કર્વે કોલેજમાં ત્રણ વર્ષ સુધી વિના વેતન અને પોતાના અવકાશના સમય દરમિયાન માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનું તેમણે શિક્ષણ આપેલું એ હજુ પણ તેઓ યાદ કરે છે.

આ માનનીય સભ્ય જેઓ આજે લોકસભામાં એક ઉચ્ચ કોટિના–વાણીસ્ત્રોત વહાવતા–વક્તા તરીકે ખ્યાતિ પામ્યા છે તેઓ એક વખત બોલતાં થોથવાતા હતા તે બાબતની આજે બહુ ઓછાને ખબર છે. વસ્તુતઃ તેઓ સોલીસીટર થયા અને એડ્‌વોકેટ ન થયા તેનું કારણ એ છે કે ૧૯૨૮ સુધી થોથવાયા સિવાય તેઓ દશ શબ્દ પણ એક સાથે ભાગ્યે જ બોલી શકતા હતા.

**અનુવાદક : પરમાનંદ**

## શરદ પૂર્ણિમા નૌકાવિહાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૩૧-૧૦-૫૫ સોમવાર શરદ પૂર્ણિમાની રાત્રે સંઘના સભ્યો તથા કુટુંબીજનો માટે ૧૫૦ ભાઇબહેનોથી વધારે નહિ એવો મર્યાદિત નૌકા વિહાર ગોઠવવામાં આવનાર છે. આમાં જોડાનાર દશ વર્ષની ઉપરની ઉમ્મરની વ્યક્તિએ રૂ. ૩) અને તેથી નીચેની ઉમ્મરની વ્યક્તિએ રૂ. ૨) આપવાના રહેશે. આ નૌકાવિહારમાં જોડાવા ઇચ્છનાર સભ્યોએ તા. ૨૦-૧૦-૫૫ ગુરૂવાર સાંજના ૭ વાગ્યા સુધીમાં સંઘના કાર્યાલયમાં પૈસા ભરી જઇને પાસ મેળવી લેવાના રહેશે. આ પર્યટણમાં જોડાવા ઇચ્છનાર સભ્યનું વાર્ષિક લવાજમ રૂ. ૫) વસુલ થયેલું હોવું જોઇશે. આ નૌકાવિહાર વિષે વિશેષ માહીતી આવતા અંકમાં આપવામાં આવશે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ
મુંબઈ ૩

**મંત્રીઓ**
**મુંબઈ જૈન યુવક સંઘ.**

## અવલોકન

**પિપાસા :** નવલિકા–સંગ્રહ લેખક : શ્રી. સકળચંદ્ર શાહ પ્રકાશક : નિર્મળા એસ. શાહ, ૩૫–૩૭ અબ્દુલરહેમાન સ્ટ્રીટ, મુંબઈ ૩ પૃષ્ઠસંખ્યા ૨૦૦ મૂલ્ય ત્રણ રૂપિયા.

"ઊર્મિના દીવા" પછીનો આ જ લેખકનો આ બીજો નવલિકા-સંગ્રહ છે. આ લેખક પાસે વસ્તુ છે, વાસ્તવિક જીવનની વેદના અનુકૂળ ભાષામાં વ્યકત કરવાની નિરાળી દૃષ્ટિ છે, સંવેદન છે ને શૈલી પણ છે, પરંતુ "પિપાસા" માંની વાર્તાઓ બતાવે છે કે આ લેખકને વાર્તાના તાણવાણાની યોગ્ય આરાધના કરવાની હજી વિશેષ જરૂર છે.

આ વાર્તા–સંગ્રહમાંની "પારકું પેટ", "દેવનાં દીધેલાં" "વળતાં પાણી", "ભાંગનો રંગ", "દાઝ્યા પર ડામ", "ઇનામ" વગેરે વાર્તાઓ વાંચકોનું જરૂર લક્ષ ખેંચશે અને જો તેઓ સકળ નવલિકાના સર્જન માટે જોઇતી વસ્તુસંકલના અને કલાપૂર્ણ રજૂઆતની દિશામાં યોગ્ય અને વધુ જહેમત ઉઠાવીને પોતાના લેખનને જારી રાખશે તો તેઓની કલમેથી કંઇક વધુ સારૂં આપણે મેળવીશું એવી આશા રાખીએ.

આ વાર્તાઓ ન્યુસપ્રીન્ટ–રદ્દ કાગળ પર છપાઈ છે અને પુસ્તકના અંતભાગમાં ૪૦ પાના જાહેર ખબરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ છતાં આ પુસ્તકનું મૂલ્ય ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે તે ખૂંચે છે.

**શાંતિલાલ નં**

# સર્વતંત્ર સ્વતંત્ર આપણે

(તા. ૧૨-૬-'૫૫ ને દિવસે વડોદરામાં મળેલા ગુજરાત લેખકમિલનના પાંચમાં અધિવેશન પ્રસંગે કરેલું પ્રવચન.)

ખરું જોતાં આ વખતે અહીં આવવા માટે વખત કાઢી શકું એમ હતું જ નહીં અને તે પ્રમાણે મેં ભાઈ ઉમાશંકરને અને કિશનસિંહ ચાવડાને લખ્યું પણ ખરું. જો એ લોકોએ એમ લખ્યું હોત કે "એ કાંઈ નહીં ચાલે, તમારે આવ્યે જ છુટકો," તો સંભવ છે કે હું બીજીવાર પણ ના જ પાડત. કવિઓ તો જાણે છે કે આજ્ઞા કરતાં સૂચનની શક્તિ વધારે હોય છે. અભિધા કરતાં વ્યંજના વધારે અસર કરે છે. એમણે એવી સૌમ્ય અને વિવેકી ભાષા વાપરી કે લાચાર થઈને મેં આવવાની હા પાડી અને હું આવ્યો.

મેં ગુજરાત છોડયું છે એમ કહી શકાય. કેટલાક પરિચિત ચહેરાઓ જોઉં છું ત્યારે પૂર્વભવનાં સ્મરણ થતાં હોય એમ લાગે છે. ગુજરાતમાં હતો ત્યારે કેટલાક કહેતા કે ગુજરાતી તો સારૂં લખે છે, પણ અંદર મરાઠી આવે છે, ઉચ્ચાર તો જુદા છે જ. હિંદીમાં બોલું છું ત્યારે કન્નડ તેલુગુ શબ્દ લાવું છું. તો લોકો કહે છે કે અંદર "ગુજરાતી" લાવે છે! જો કે ગુજરાતી શબ્દો પણ હોય છે જ. મરાઠીમાંથી કરભાર લાવી ગુજરાતીને આપ્યો એમ ગુજરાતીમાંથી હિંદીને આપું છું એ રીતે ગુજરાત છોડયું નથી.

એમ તો કવિઓ, લેખકો અને નાટકકારોનું દર્શન કરવાની અભિલાષા અને એમનો પરિચય કેળવવાનો લોભ દરેક માણસને હોય છે. હું એમાં અપવાદ નથી. અને સદ્‌ભાગ્યે કેવળ રસિકને નાતે નહીં પણ લેખક હોવાનો દાવો કરીને પણ આવા મિલનમાં દાખલ થઈ શકું છું.

'હું સાહિત્યકાર નથી' એમ વર્ષો સુધી કહીને થાક્યો. એટલે જ્યોતીન્દ્રભાઈને મેં વચન આપ્યું કે "હવે પછી એવું નહીં કહું; હું કબૂલીશ કે હું સાહિત્યકાર છું." હું માનું છું કે એ વચન આપ્યા પછી આ પહેલી જ વાર છે કે હું લેખકોની બિરાદરીમાં હાજર થયો છું.

એમ તો કેટલાક ઉત્તમ ઉત્તમ પ્રથમ કોટિના સાહિત્યકારોને અવાર નવાર મળવાનું થાય છે. પણ તેટલાથી સંતોષ માનવા જેવો સ્થાલીપુલાક ન્યાય લેખકોને લાગુ કરાતો નથી. લેખક એટલે અદ્વિતીય પ્રાણી! સિકલમાં કે શૈલીમાં, વિચારમાં કે વિવેચનપધ્ધતિમાં, એક લેખક બીજા જેવો હોય જ નહીં.

એક વાર મે કહેલું **नासौ मुनिर्यस्य मतं न भिन्नम्.** એ જ ન્યાયે, પોતાની અદ્વિતીયતા સિધ્ધ કર્યા વગર લેખક થવાતું નથી. એક જમાનો હતો જ્યારે એવા લોકોને ભેગા થવું પણ મુશ્કેલ થતું હતું. લોકો પણ કહેતા કે ગાયકો અને લેખકોને ભેગા કરવા એ તો દેડકાની પાંચશેરી છે. પણ હવે તો લેખકો ભેગા થાય છે એટલું જ નહીં પણ સર્વાનુમતે ઠરાવ પણ પસાર કરે છે. અને તે પણ ગોવા જેવા ગુંચવણભર્યા સવાલ ઉપર! ચાર કવિઓ ભેગા થાય અને ન લડે એમ બને નહિં. નાગપુરમાં કવિ સંમેલનમાં મને બોલાવ્યો ત્યારે એમને મેં એમ કહ્યું. પણ હવે કવિઓ મળે છે ને ભાઈચારાથી ભેટે છે તે જોઈ મને થાય છે કે આ લોકો સ્વધર્મ ભૂલ્યા છે! હું માનું છું કે લેખકો 'સ્વધર્મ' છોડી સર્વધર્મી થતા જાય છે, એમાંએ ગુજરાતના લેખકો તો જોડણી સુધારમાં પણ એકમત થઈ ગયા, પછી રહ્યું શું? ગંગાજમના-સરસ્વતીનો પ્રયાગરાજ, તેમાં આવાં લેખક મિલનોમાં પ્રયાગરાજ ગયાનો આનંદ થાય છે.

હું જાણું છું કે ગુજરાતનું લેખકમિલન સંગઠનપરાયણ નથી. અહીં ફકત વિચાર વિનિમય, પરિચયવૃદ્ધિ અને એમાંથી ઉત્પન્ન થતો ભાઈચારો, એટલો જ ત્રિવિધ ઉદ્દેશ છે. અને તેથી જ આ મંડળ પ્રત્યે મારૂં આકર્ષણ અને મારો આદર વધારે છે.

મેં એક રિવાજ રાખ્યો છે. ગાંધીવિચારના સત્સંગી જ્યારે સર્વોદયસંમેલનમાં ભેગા થાય છે, ત્યારે મારા એક વરસના અનુભવનો નિચોડ હું એમની આગળ રજૂ કરૂં છું. આ વરસે ત્યાં મેં કહ્યું કે જાતિભેદ તો શું પણ વર્ણભેદ અને ધર્મભેદ ત્રણેયને તિલાંજલી આપી, સામાજીક ક્રાન્તિ કરવાનો વખત આવ્યો છે. અને ભૂમિદાન સાથે સંપત્તિદાન, બુદ્ધિદાન અને શ્રમદાન જ નહીં પણ સામાજિક એકતા માટે હૃદયદાન સુધી આપણે જવું જોઈએ. દેશની તમામ જમીન, તમામ સંપત્તિ, તમામ કેળવણી, વકીલ, ઇજનેર ડૉકટર આદિ પ્રતિષ્ઠિત ધંધાઓ, સરકારી નોકરીઓ અને વેપાર ઉદ્યોગ કેવળ દશબાર જાતિઓના જ હાથમાં રહે એ હવે ચાલવાનું નથી. **संविभागश्च सर्वशः** નો સિધ્ધાન્ત સામાજીક જીવનમાં પૂર્ણપણે લાગુ થવો જોઈએ.

હમણાં મહાભારત લાગલગાટ ચાર મહિના વાંચી ગયો. એમાં ક્ષત્રિય, બ્રાહ્મણ અને અપ્સરા—એટલાં જ મળે છે. આજના ભારતમાં કરોડો લોકો છે એમ કહીએ છીએ, પણ કેળવણી, ધન, સત્તા વગેરે બધું આઠ દસ જાતિના લોકોના હાથમાં જ છે. બાકી બધા વંચિત છે. હવે એમનામાં અસૂયા પ્રગટી છે. હવે આપણે જો ન બદલાઈએ, ન્યાતપાત ન તોડીએ, વર્ણ પણ ન છોડીએ તો એ નહિ ચાલે.

તે પહેલાં મેં કહ્યું હતું કે બૌદ્ધ, ખ્રિસ્તી અને ઈસ્લામી ત્રણે પ્રસરણશીલ ધર્મો સાથે સમન્વય સાધી આપણે વિશ્વક્રાન્તિમાં આપણું સ્થાન લેવું જોઈએ. અને Co-existence ની અલૂણી ભૂમિકા પર ન રહેતાં, સર્વસમન્વયની ભૂમિકા સુધી પહોંચવું જોઈએ. દર્શનસમન્વય, ધર્મસમન્વય, સંસ્કૃતિસમન્વય અને વંશસમન્વય—**Racial Synthesis** નાં મંડાણમાં આપણો ફાળો આપવો જોઈએ. ગીતામાં અર્જુને જે ભગવાનને કહ્યું હતું **सर्वं समाप्नोषि ततोऽसि सर्वः**—તે વિશ્વરૂપી સર્વેશ્વરના સાચા ઉપાસક આપણે થવું ઘટે છે.

તે પહેલાં જ્યારે પૂર્વઆફ્રિકા જઈ આવ્યો ત્યારે ત્યાં મને ગુજરાતનું નવું જ દર્શન થયું. ગુજરાતમાં આટલાં વરસ રહ્યો છતાં એવું દર્શન થયું ન હતું. સ્ટીમરો પણ નહિ. ત્યારે આપણી અભણ બહેનો ત્રણચાર મહિના, ઉપર આભ તળે પાણી, એમ સફર ખેડી, માંસભક્ષક જાતો વચ્ચે રહી,—એમની સેવા પણ કરે. ગુજરાતમાં જે અસાધારણ શૌર્ય છે એમ હું જે કહેતો હતો (ગુજરાતીઓ કહેતા કે અમે દાનશૂર હોઈશું પણ બીજું શૌર્ય કેવું? પણ)—ગુજરાતીઓ જીવનશૂર છે એમ કહેતો હતો તે સાચું લાગ્યું. ગાંધીજીને જ્યાં દર્શન થયું તે આફ્રિકા આપણે માટે પુણ્યભૂમિ છે. ત્યાં, આફ્રિકાની ભૂમિ પર અને કાંઇક ત્યાંના લોકોને ભોગે, યુરોપ અને એશિયાવાસીઓનો જે અસમાન સહકાર ચાલે છે તે જોઈ દુનિયાના કેટલાય સવાલો મારે માટે પ્રત્યક્ષ થયા. અને સંસ્કૃતિ કરતાંય માનવીના વ્યકિતત્વની મહત્તા ધ્યાનમાં આવી. "સામાજિક ન્યાય એટલે શું? અને વિશ્વકુટુંબનો આદર્શ આપણી પાસેથી શું શું માંગે?" એનું સ્પષ્ટ દર્શન પણ તે જ વખતે થયું.

મને વિચાર આવ્યો કે ગુજરાતના લેખકો વચ્ચે પહેલી જ વાર રજૂ થાઉં છું, તો અત્યારે મારા મનમાં જે વિચારો ઘોળાયા કરે છે, તેની જ વાત કેમ ન કરૂં?

મારે મન લેખકો એટલે કાં તો વાર્તાકાર, કાં નિબંધકાર. વાર્તામાં લઘુકથાથી માંડીને સરસ્વતીચંદ્ર જેવી બૃહત્ નવલકથા સુધી અને પ્રવાસવર્ણનોથી નાટકો સુધી બધું સાહિત્ય આવી જાય છે.

અને નિબંધોમાં તમામ ધર્મચર્ચા, ફિલસૂફી, સાહિત્યચર્ચા, ટૂંકામાં જીવનચર્ચા આવી જાય છે. ઘણીવાર આ બન્ને પ્રકાર એકબીજામાં ઓતપ્રોત થઇ જાય છે. અને છતાં સાહિત્યના આવા બે વિભાગ કરવા જેવા છે.

આજના જમાનામાં વાર્તાસાહિત્યની શકિત વધીને અસાધારણ કોટિ સુધી પહોંચી ગઈ છે. વાર્તાકાર ધારે તો સમાજનું આખું માનસ ફેરવી શકે છે. અને સામાજિક ક્રાન્તિને વેગ આપી શકે છે. હું લેખકોને આગ્રહપૂર્વક સૂચવવા માગું છું કે લેખકો માટે એ રીતે 'ધારવા'ના દિવસો આવી ગયા છે.

લોકરંજન કરવાનો આદર્શ સ્વીકારીને વાર્તાકારોએ જે પ્રવૃત્તિ પ્રારંભમાં આદરી તેનું વર્ણન કરવા માટે મેં પાંચ અંગ્રેજી શબ્દો વાપર્યા હતા–Justifying weakness and beautifying passion–સંકલ્પદુર્બળ, પ્રતિજ્ઞાદુર્બળ અને ચારિત્ર્યદુર્બળ વ્યક્તિઓ પ્રત્યે સહાનુભૂતિ ઉપજાવવી એ એક વસ્તુ છે, અને તેનો બચાવ કરવો એ જુદી વસ્તુ છે. જ્યાં કૃત્રિમતા હોય, વિકૃતિ હોય, અતિરેક હોય, ત્યાં એ દોષ કાઢવા જ જોઈએ. પ્રમાણ અને મર્યાદા છોડે એ સદ્‌ગુણ હોઈ જ ન શકે. પણ દુર્બળતા એ દુર્બળતા જ છે. કોઈ પણ સંસ્કૃતિમાં એ પોષક કે ઉપયોગી ન થઈ શકે.

વિકારી થવું એ મનનો સ્વાભાવિક ધર્મ છે. એમાં સૌષ્ઠવ આણવાનું કામ સંસ્કૃતિનું છે. સંસ્કારી ભોગક્ષમતા એ જીવનસમૃદ્ધિનું પ્રધાન લક્ષણ છે. પણ મનને કેવળ ઉત્તેજના પૂરી પાડવી અને એ રીતે લોકરંજક બનવું એ સાહિત્યકારનું મિશન નથી.

સદ્‌ભાગ્યે ગુજરાતી સાહિત્યમાં સંસ્કારિતા સચવાઈ છે અને તેથી સાહિત્ય ઊંચે ચઢી શક્યું છે.

આજકાલનું તમામ સાહિત્ય રૂઢ સામાજિક બંધનો, રાજકીય પારતંત્ર્ય અને આર્થિક અન્યાય ત્રણે સામે ઝૂઝવામાં મશગુલ રહ્યું છે. સાહિત્યની શકિત આ ત્રણે ક્ષેત્રમાં જબરજસ્ત ખીલી છે. જ્યાં જ્યાં સાહિત્ય પહોંચ્યું છે, ત્યાં ત્યાં પ્રતિગામી બળોના કિલ્લાઓ તુટતા જાય છે. પણ આપણે જાણવું જોઈએ કે 'પ્રતિપક્ષીને નબળો પાડયો એટલે તેટલાથી આપણી શકિત વધતી નથી'. હવે આપણે રચનાત્મક અને સર્જનાત્મક બુદ્ધિ ખીલવવી જોઈએ અને તે સામાજિક પ્રશ્નોના સુંદર ઉકેલ આણવા માટે વાપરી બતાવવી જોઈએ. લગ્નસંસ્થા, કુટુંબસંસ્થા, જ્ઞાતિ કે વર્ણમૂલક સમાજરચના, ભિન્ન ધર્મોનો સહચાર, વાદોના-વાદાવાદ, જીવનના આદર્શો, સંપત્તિની વ્યવસ્થા, રસિકતાની કુમાશ, જ્ઞાનોપાસનાનું વ્યાકરણ, મનુષ્યેતર સૃષ્ટિ સાથેનો આપણો સંબંધ, વંશસમન્વયની પ્રક્રિયા ઇત્યાદિ અસંખ્ય ક્ષેત્રોમાં આપણે આપણી રચનાત્મક પ્રતિભા વાપરીને એવાં ચિત્રો રજૂ કરવાં જોઈએ કે માનવજાત એ દિશામાં પોતાનો પુરૂષાર્થ વાળવા પ્રેરાય.

સામાજિક ધર્મકાર, પ્રજાકીય કેળવણીકાર અને રાજનૈતિક નવઆદર્શકાર ત્રણેનું મિશન એકત્ર કરીને એ દિશામાં આપણે આપણી સાહિત્યશકિત ખીલવવી જોઈએ.

આપણા લોકો હવે દુનિયાના બધા દેશોમાં જઈ આવે છે. કેટલાક ત્યાં જ વસે છે. પરદેશમાં ગયા એટલે ઇસાઈ, બૌદ્ધ અને ઇસ્લામી સમાજોમાં ભળ્યા વગર ચાલતું નથી. આજે આપણે જે ઢબે ભળીએ છીએ તે આપણી સંસ્કૃતિદુર્બળતા જ સિદ્ધ કરે છે. આ પ્રશ્ન પરત્વે સમાજશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરવાની શકિત આપણે કેળવી જ નથી. થર્ડ કલાસ વેઇટીંગરૂમમાં અથવા અઠવાડિયાની ગુજરીમાં થોડાક કલાક પસાર કરવાના હોય ત્યારે પણ ત્યાં જેટલી વ્યવસ્થા ઉપજાવવી જોઈએ તેટલી યે વ્યવસ્થા આપણે, પેઢીઓ સુધી ભિન્ન–સમાજી લોકો સાથે રહેતાં, ઉપજાવતા નથી.

હવે નવી તૈયારી કરવાની છે—નવસર્જનની. અને તે જાગતિક ભૂમિકા ઉપર. વિલ્કીએ આખી દુનિયાનો એકમ થઇ ગયો છે એમ કહ્યું છે. વર્ધા પાસે ગામડાને રસ્તે રસ્તે જતો હતો. આગળ બળદ, પાછળ માણસ. માણસ બળદના અનુયાયી જેવા. પૈડાં આમ તેમ ડોલે. આ સંધ આગળ ચાલવાનો નથી. જમાનો એરોપ્લેઇનનો છે. આ વાત કરતાં પુરાણનો અતિપ્રાચીન પુરૂષ યાદ આવે છે. નારદને શ્વેતદ્વિપમાં વસતા અનેક કલ્પો જોયું જોયા છે એવા માણસને જોવાની સૂચના મળી હતી. એ માણસને દાઢી નહોતી ઊગી. એણે પોતાને માટે ઝૂંપડી પણ નહિ બાંધેલી. કહે કે કેટલા વરસ જીવવાનું છે?

અનેક કલ્પો અને મહાપ્રલયોના સનાતન સાક્ષી એવા એ યુવાન ઋષિએ, ઝૂંપડી બાંધીને રહેવાને બદલે ઘાસની પૂળી પુલાવીને માથે રાખી; કામચલાઉ વ્યવસ્થા કરી અને સંતોષ માન્યો હતો. એના આપણે અનુયાયી છીએ એવું લાગ્યા વગર રહેતું નથી. આ કામચલાઉ સંસ્કૃતિના આપણે વારસો છીએ. આપણાં ગાડાંઓ અને ટાંગાઓ રસ્તે ચાલે છે ત્યારે તેમનાં ઢીલાં પૈડાંઓ માથું ધુણાવીને આપણને જણાવે છે કે આવી ઢીલી, રેઢિયાળ 'કામચલાઉ' સંસ્કૃતિથી આજનું કામ ચાલે એમ નથી. હવાઈ જહાજના જમાનામાં એક ઇંચના હજારમા ભાગ જેટલી પણ ઢીલાશ ચાલે નહિ.

યંત્રોની વાત જવા દઇએ. જે સાહિત્ય સાથે આપણો સંબંધ છે, તેમાં પણ જોડણી ઢીલી, વાકયરચના ઢીલી, શબ્દોના અર્થનું અને શબ્દશકિતનું આકલન ઢીલું, વિવેચન ઢીલું, અને પોતે સ્વીકારેલા આદર્શનો આગ્રહ પણ ઢીલો, એવા લેખકને પણ આપણે નભાવીએ છીએ, એમને સુધારવાનો અને ઉચ્ચ આદર્શ ટકાવવાનો આપણે પ્રયત્ન કરતા નથી.

જાગતિક પરિસ્થિતિમાં જે નવા નવા પ્રશ્નો ઉદ્‌ભવે છે તે સમજવાની મહેનત પણ જ્યાં ઓછી લેવાય છે, ત્યાં તે સવાલોના અચૂક અને અસરકારક ઉકેલ શોધી કાઢવાનું તો કયાંથી જ સૂઝે?

જે મારું વ્યકિતત્વ સમૃદ્ધ કરે તે મારે મન ઊંચું સાહિત્ય છે–જે વાંચીને થાય કે મને કાંઇક મળ્યું, હવે જીવન સાથે વધુ સારી રીતે લડીશ, મથીશ. પણ તમે કહેશો કે 'વ્યકિતત્વ'ની વ્યાખ્યા કર, 'સમૃદ્ધિ'ની વ્યાખ્યા કર. હું કહીશ કે બીજાઓ જે મુશ્કેલીમાં આવી પડે છે તેવી મુશ્કેલીમાં હું પણ આવી પડયો છું. હું એ બે શબ્દો મારા પૂરતા જાણું છું. તમારામાંથી જેને એ શબ્દો સમજતા હશે તેને પણ આ વ્યાખ્યા ઉપયોગી થશે.

આપણો જ્ઞાનરાશિ, કલ્પનાઉડ્ડયન, બધું નવી રીતે રજૂ થવું જોઇશે. આજનાં નાનાં બાળકો સાથે રમું છું માટે આમ કહું છું, એમ નહિ, પણ એમનામાં નવી વધુ શકિત જોઉં છું માટે કહું છું. આપણો જે કાંઇ પ્રાચીન વારસો છે તે ખાતર ખાધ છે, ખાદ્ય નથી–એ મેં ઘણીવાર કહ્યું છે. એ ન સમજીએ તો આપણે હાર્યા છીએ. સાથે જ કહું કે આપણી બધી ભાષાઓવાળા સંસ્કૃતનો પરિચય ખોશે તો આપણે હાર્યા છીએ. આપણે સત્ય, શિવ, સૌભદ્ર, મોક્ષ–બધાની સાધના કરી તેની એ ભાષા સાક્ષી છે. બધી ભાષાઓમાં સંસ્કૃત ભોજાદૂ છે. ઉર્દૂનો કોશ લઇને બેઠો. અરબી-ફારસીમાંથી ૧૪ ક્રિયાપદો મને મળ્યાં. બધી ભાષાઓમાં સાધારણ ૫૦૦ સંસ્કૃત ધાતુ છે. અને એથી વધુ ઉપયોગમાં લેવાતાયે નથી. સંસ્કૃતમાં ૨૨૦૦ છે–(મરાઠીમાં એથી વિશેષ હશે.) તો, સંસ્કૃતનું આપણી ભાષાઓમાં ખમીર છે. સનાતનપ્રિયતાથી નથી કહેતો. વિવેકાનંદને કોઇએ પૂછયું: 'સુધારક કેમ થવાય?' કહે: 'સંસ્કૃત શીખો.' સંસ્કૃત નથી શીખતો તે રૂઢિચુસ્ત રહે છે. શીખે તે બુદ્ધિવાદી થશે. સંસ્કૃત બંડખોર ભાષા છે અને જીવંત છે–પોતાની દીકરીઓના જીવનમાં એ જીવી રહી છે. શંકરાચાર્યે કહ્યું: 'સો શાસ્ત્રો કહે કે અગ્નિ શીતળ છે તો ઓછું હું માનવાનો છું?' આમ એ બંડખોર ભાષા છે.

ઉપરાંત પછાત વર્ગોની ભાષા શીખી લઇએ, અભણ પછાત વર્ગની ભાષા શીખી લઇએ, આપણે ફ્રેન્ચ, જર્મન, રશીયન શીખીએ છીએ–અંગ્રેજી તો જાણીએ છીએ. શા માટે? લેવા માટે, લેવા માટે, લેવા માટે. પણ દેવા માટે આ ગ્રામજનોની, અભણોની ભાષા શીખીએ. અને બીજું, એ લોકો માટે કોઈ મહાત્મા માટે હોય એટલો જ આદર સેવીએ, **Respect for personality** (વ્યકિત માટે આદર) રાખીએ. આપણે લેખકો આવા સંપૂર્ણ આદરભાવ સાથે લખીશું તો આપણે આપણો સ્વધર્મ બજાવ્યો ગણાશે.

આપણે સ્વતંત્ર થયા અને આપણી જવાબદારી વધી. હવે આપણે એક ક્ષણ પણ ગફલતમાં રહી શકવાના નથી. આપણે બતાવવું જોઈએ કે આપણે સ્વતંત્ર થયા તે કેવળ રાજનૈતિક ક્ષેત્રમાં નહીં પણ આર્થિક, સામાજિક, ધાર્મિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક, દરેક ક્ષેત્રમાં આપણે સ્વતંત્ર થયા છીએ. જેઓ સ્વતંત્ર થયા, તેઓ પોતાને અનુકૂળ એવું તંત્ર જીવનના એક એક ક્ષેત્ર માટે ઉપજાવવાના જ. એને માટે આપણે પુરૂષાર્થપૂર્વક આપણી સર્જનશકિત ખીલવવી રહી. નવા નવા પ્રયોગો કરવા રહ્યા. યુવાનોની હિંમત વધે, એમનામાં હૈયા-ઉકલત ખીલે એ જાતની સમાજરચના તરફ આપણે પ્રયાણ કરીશું. નવ-આદર્શ-સર્જન, નવ-સમાજ-સર્જન, નવ-પરાક્રમ-સર્જનને પોષક એવો સર્જનયુગ બેઠો છે. એને અનુકૂળ આપણે નવ-સાહિત્ય સર્જીએ.

**કાકા કાલેલકર**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૧૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑક્ટોબર ૧૫, ૧૯૫૫, શનિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ધર્મદૃષ્ટિનું ઊર્ધ્વીકરણ

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી મુંબઈ ખાતે યોજાયેલ પર્યુષણ વ્યાખ્યાનમાળાના છેલ્લા સંવત્સરિના દિવસે પં. સુખલાલજીએ આપેલ વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ.)

ઊર્ધ્વીકરણનો અર્થ છે શુધ્ધીકરણ તેમજ વિસ્તારકરણ. ધર્મદૃષ્ટિ જેમ જેમ શુદ્ધ થાય અને શુદ્ધ કરાય તેમજ તેનો વિસ્તાર થાય અર્થાત્ માત્ર વ્યક્તિગત ન રહેતાં તેનું જેમ જેમ સામુદાયિક રૂપ નિર્માણ થાય તેમ તેમ તેનું ઊર્ધ્વીકરણ થાય છે એમ સમજવું જોઇએ. એને જ Sublimation કહેવામાં આવે છે.

જિજીવિષા યા જીવનવૃત્તિ અને ધર્મદૃષ્ટિ એ બંને પ્રાણિમાત્રમાં સહભૂ અને સહચારી છે. ધર્મદૃષ્ટિ વિના જીવનવૃત્તિ સન્તોષાતી નથી અને જીવનવૃત્તિ હોય તો જ ધર્મદૃષ્ટિનું અસ્તિત્વ સંભવે છે. આમ છતાં મનુષ્ય અને ઇતર જીવજગત વચ્ચેની સ્થિતિ નોખી નોખી છે. પશુ–પક્ષી અને કીડી–ભ્રમર જેવી અનેક પ્રાણિજાતિઓમાં આપણે જોઇએ છીએ કે તે તે પ્રાણી માત્ર પોતાના દૈહિક જીવન અર્થે જ પ્રવૃત્તિ નથી કરતું, પણ તે પોતપોતાના નાના-મોટા યૂથ, દળ કે વર્ગ માટે કાંઈ ને કાંઇ કરે જ છે. આ એની એક રીતે ધર્મવૃત્તિ થઇ. પણ આ ધર્મવૃત્તિના મૂળમાં જાતિગત પરંપરાથી ચાલ્યો આવતો એક રૂઢ સંસ્કાર હોય છે. એની સાથે એમાં સમજણ કે વિવેકનું તત્ત્વ વિકસ્યું નથી હોતું. એની શક્યતા પણ નથી હોતી. તેથી એ ધર્મવૃત્તિને ધર્મદૃષ્ટિની કોટિમાં મૂકી ન શકાય.

મનુષ્યપ્રાણી જ એવું છે જેમાં ધર્મદૃષ્ટિના બીજો સ્વયંભૂ રીતે પડેલાં છે. એવાં બીજોમાં એની જ્ઞાન અને જિજ્ઞાસાવૃત્તિ, સંકલ્પશક્તિ અને સારા–નરસાનો વિવેક કરવાની શક્તિ, તેમ જ ધ્યેયને સિદ્ધ કરવાનો પુરુષાર્થ આ મુખ્ય છે. મનુષ્ય જેટલું ભૂતકાળનું સ્મરણ અન્ય કોઇ પ્રાણીમાં નથી. એના જેટલો ભૂતકાળનો વારસો સાચવવાની અને આગલી પેઢીઓને એ વારસો વધારા સાથે આપવાની કળા પણ કોઇમાં નથી. તે એક વાર કાંઇ પણ કરવાનો સંકલ્પ કરે તો તેને સાધે જ છે, અને પોતાના નિર્ણયોને પણ ભૂલ જણાતાં બદલે અને સુધારે છે. એના પુરુષાર્થની તો કોઈ સીમા જ નથી. તે અનેક નવનવાં ક્ષેત્રોને ખોળે અને ખેડે છે. મનુષ્યજાતની આ શક્તિ તે જ તેની ધર્મદૃષ્ટિ છે.

પરંતુ મનુષ્યજાતિમાં અત્યારે ધર્મદૃષ્ટિના વિકાસની જે ભૂમિકા જણાય છે તે એકાએક સિદ્ધ થઇ નથી. આનો સાક્ષી ઇતિહાસ છે. એડવર્ડ કેર્ડ નામના વિદ્વાને ધર્મવિકાસની ભૂમિકાઓનો નિર્દેશ ટૂંકમાં આ રીતે કર્યો છે. We look out before we look in; and we look in before we look up. ડૉ. આનંદશંકર ધ્રુવે એનું ગુજરાતી આ રીતે કર્યું છે: "પ્રથમ બહિર્દૃષ્ટિ, પછી અન્તર્દૃષ્ટિ અને છેવટે ઊર્ધ્વદૃષ્ટિ; પ્રથમ ઈશ્વરનું દર્શન બાહ્ય સૃષ્ટિમાં થાય, પછી અન્તરાત્મામાં (કર્તવ્યનું ભાન વગેરેમાં) થાય અને છેવટે ઉભયની એકતામાં થાય." જૈનપરિભાષામાં એને બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્માની અવસ્થા કહી શકાય.

મનુષ્ય કેવોય શક્તિશાળી કેમ ન હોય પણ તે સ્થૂલમાંથી અર્થાત દ્રવ્યમાંથી સૂક્ષ્મમાં અર્થાત્ ભાવમાં પ્રગતિ કરે છે. ગ્રીસમાં શિલ્પ, સ્થાપત્ય, કાવ્ય, નાટક, તત્ત્વજ્ઞાન, ગણિત આદિ કળાઓ અને વિદ્યાઓનો એક કાળે અદ્‌ભુત વિકાસ થયેલો. એવે વખતે જ એક વ્યક્તિમાં અકળ રીતે ધર્મદૃષ્ટિ માણસજાતને આંજી દે એટલા પ્રમાણમાં વિકસી. એ સોક્રેટીસે કળાઓ અને વિદ્યાઓનું મૂલ્ય જ ધર્મદૃષ્ટિના ગજથી બદલી નાખ્યું અને એની એ ધર્મદૃષ્ટિ આજે તો ચોમેર સત્કારાય છે.

યહોવાહે મૂસાને આદેશ આપ્યો ત્યારે એ માત્ર યહુદી લોકોના સ્થૂલ ઉદ્ધાર પૂરતો હતો અને બીજી સમકાલીન જાતિઓનો એમાં વિનાશ પણ સુચવાતો હતો, પરંતુ એજ જાતિમાં ઇસુખ્રિસ્ત પાકયો અને ધર્મદૃષ્ટિએ જુદું જ રૂપ લીધું. ઇસુએ ધર્મની બધી જ આજ્ઞાઓને અંદર અને બહારથી શોધી તેમજ દેશ–કાળના ભેદ વિના સર્વત્ર લાગુ કરી શકવા જેવી ઉદાત્ત બનાવી. આ બધા પહેલાં પણ ઇરાનમાં જરથુસ્ત્રે નવું દર્શન આપેલું જે અવેસ્તામાં જીવિત છે. અંદરોઅંદર લડી મરતા અને જાતજાતના વહેમના ભોગ થયેલા આરબ કબીલાઓને સાંધવાની અને કાંઇક વહેમમુક્ત કરવાની ધર્મદૃષ્ટિ મહંમદ પેગંબરમાં પણ વિકસી.

પરંતુ ધર્મદૃષ્ટિના વિકાસ અને ઊર્ધ્વીકરણની મુખ્ય કથા તો મારે ભારતીય પરંપરાઓને અવલંબી દર્શાવવાની છે. વેદોના ઉષસ્, વરુણ અને ઇન્દ્ર આદિ સૂક્તોમાં કવિઓની સૌંદર્યદૃષ્ટિ, પરાક્રમ પ્રત્યેનો અહોભાવ અને કોઈ દિવ્યશક્તિ પ્રત્યેની ભક્તિ જેવાં મંગળ તત્ત્વો વાંચીએ છીએ, પણ એ કવિઓની ધર્મદૃષ્ટિ મુખ્યપણે સકામ છે. તેથી જ તેઓ દિવ્યશક્તિ પાસેથી પોતાની, પોતાના કુટુંબની અને પશુ આદિ પરિવારની આબાદીની માગણી કરે છે અને બહુ તો લાંબું જીવન પ્રાર્થે છે. સકામતાની આ ભૂમિકા બ્રાહ્મણકાળમાં વિકસે છે. તેમાં આ લોક ઉપરાંત પારલૌકિક ભોગ સાધવાના નવનવા માર્ગો યોજાય છે.

પરંતુ, આ સકામ ધર્મદૃષ્ટિ સમાજને વ્યાપી રહી હતી તેવામાં જ એકાએક ધર્મદૃષ્ટિનું વલણ બદલાતું દેખાય છે. કોઇ તપસ્વી યા ઋષિને સૂઝયું કે આ કે બીજા લોકના સુખભોગો વાંછવા અને તે પણ પોતાપૂરતા અને બહુ તો પરિવાર આ જનપદ પૂરતા, તેમ જ બીજા કરતાં વધારે ચડિયાતા. આ કાંઇ ધર્મદૃષ્ટિ કહેવાય નહિ. ધર્મદૃષ્ટિમાં કામનાનું તત્ત્વ હોય તો તે એક અધૂરાપણું જ છે. આ વિચારમાંથી નવું પ્રસ્થાન શરૂ થયું અને એનો જાદુ વ્યાપક બન્યો. ઇ. સ. પહેલાના આઠસો કે હજાર વર્ષ જેટલા જુના યુગમાં અકામ ધર્મદૃષ્ટિના અનેક અખતરા થતા દેખાય છે. ઉપનિષદો એ જ ધર્મદૃષ્ટિનું વિવરણ કરે છે. જૈન, બૌદ્ધ આદિ સંઘોનો તો પાયો જ એ દૃષ્ટિમાં છે. આ અકામ ધર્મદૃષ્ટિ એ અન્તરાત્મદૃષ્ટિ યા ધર્મવિકાસની બીજી ભૂમિકા છે. આમાં મનુષ્ય પ્રથમ પોતાની જાતને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે અને સમગ્ર વિશ્વ સાથે તાદાત્મ્યભાવ કેળવવા મથે છે. આમાં ઐહિક કે પારલૌકિક એવા કોઇ સ્થૂલ ભોગની વાંચ્છાનો આદર છે જ નહિ.

કુટુંબ અને સમાજમાં નિષ્કામતા સાધી ન શકાય એ વિચારમાંથી એકાન્તવાસ અને અનગારભાવની વૃત્તિ બળ પકડે છે અને

આવી વૃત્તિ એ જ જાણે નિષ્કામતા હોય યા વાસનાનિવૃત્તિ હોય એવી રીતે એની પ્રતિષ્ઠા જામે છે. કામતૃષ્ણાની નિવૃત્તિ યા શુધ્ધીકરણનું સ્થાન મુખ્યપણે પ્રવૃત્તિત્યાગ જ લે છે અને જાણે જીવન જીવવું એ એક પાપ કે શાપ હોય તેવી મનોવૃત્તિ સમાજમાં પ્રવેશે છે. આવે વખતે વળી અકામ ધર્મદૃષ્ટિનું સંસ્કરણ થાય છે. ઇશવાસ્ય ઘોષણા કરે છે કે આખું જગત આપણા જેવા ચૈતન્યથી ભરેલું છે, તેથી જ્યાં જશો ત્યાં બીજા પણ ભોગીઓ તો છે જ. વસ્તુભોગ એ કોઇ મૂળગત દોષ નથી, એ જીવન માટે અનિવાર્ય છે. એટલું જ કરો કે બીજાની સગવડનો ખ્યાલ રાખી જીવન જીવો અને કોઇના ધન પ્રત્યે ન લોભાઓ. પ્રાપ્તકર્તવ્ય કર્યે જાઓ અને જીવાય તેટલું જીવવા ઇચ્છો. આમ કરવાથી નથી કોઇ કામતૃષ્ણાનું બંધન નડવાનું કે નથી બીજો કોઈ લેપ લાગવાનો. ખરેખર ઇશાવાસ્યે નિષ્કામ ધર્મદૃષ્ટિનો અંતિમ અર્થ દર્શાવી મનુષ્યજાતને ધર્મદૃષ્ટિના ઊર્ધ્વીકરણ તરફ પ્રયાણ કરવામાં ભારે મદદ કરી છે. ગીતાના ભવ્ય મહેલનો પાયો ઇશાવાસ્યની જ એ સૂઝ છે.

મહાવીરે તૃષ્ણાદોષ અને તેમાંથી ઉદ્‌ભવતા બીજા દોષો નિર્મૂળ કરવાની દૃષ્ટિએ મહતી સાધના કરી. બુધ્ધે પણ પોતાની રીતે એવી જ સાધના કરી. પરંતુ સામાન્ય સમાજે એમાંથી એટલોજ અર્થ ઝીલ્યો કે તૃષ્ણા, હિંસા, ભય આદિ દોષો ટાળવા. લોકોની દોષો ટાળવાની વૃત્તિએ આ ન કરવું, તે ન કરવું એવા અનેકવિધ નિવર્તક યા નકારાત્મક ધર્મો પોષ્યા, વિકસાવ્યા અને વિધાયક-ભાવાત્મક ધર્મ વિકસાવવાની બાજુ લગભગ આખા દેશમાં ગૌણ બની ગઈ. આવી દશા હતી ત્યારે જ વળી મહાયાન ભાવના ઉદયમાં આવી. અશોકના ધર્મશાસનમાં એનું દર્શન થાય છે. પછી તો અનેક ભિક્ષુકો પોતપોતાની રીતે એ ભાવનાદ્વારા પ્રવર્તક ધર્મો વિકસાવ્યે જતા હતા. છઠ્ઠા સૈકાના ગુજરાતમાં થયેલ શાન્તિદેવે તો ત્યાં સુધી કહી દીધું કે દુનિયા દુઃખી હોય અને મોક્ષને ઝંખીએ એવો અરસિક મોક્ષ શા કામનો ? મધ્યકાળ અને પછીના ભારતમાં અનેક સંતો, વિચારકો અને ધર્મદૃષ્ટિના શોધકો થતા આવ્યા છે, પણ આપણે આપણા જ જીવનમાં ધર્મદૃષ્ટિનું જે ઊર્ધ્વીકરણ જોયું છે અને અત્યારે પણ જોઇએ છીએ તે અત્યાર-લગી વિશ્વમાં થયેલ ધર્મદૃષ્ટિના વિકાસનો સર્વોપરિ સોપાન હોય એમ જણાયા વિના રહેતું નથી.

ગાંધીજીએ સકામ ધર્મદૃષ્ટિને તો સ્થાન આપ્યું જ નથી, પણ અકામ ધર્મદૃષ્ટિનો ખરો ભાવ સમજી, જીવનમાં જીવી લોકો સમક્ષ મૂક્યો છે. ગાંધીજી ઇચ્છા અને તૃષ્ણા એ બે વચ્ચેનું અંતર બરાબર સમજ્યા હોય તે રીતે વિચારે છે અને વર્તે છે. જ્યાં ચૈતન્ય હોય ત્યાં જ્ઞાન અને સમજણ હોવાની જ. સદસદ્‌વિવેક કેળવવો એ જ જ્ઞાનની શુદ્ધિ છે. એવા વિવેક વિનાનું જ્ઞાન બંધન છે. આવું જ્ઞાન બંધન બને તેથી એ જ્ઞાનનાં દ્વારો બંધ કરવાના ઉપાયો એ ખરો વિકાસ નથી. ખરો વિકાસ વિવેક કેળવી જ્ઞાનની શુદ્ધિ કરી તેનો ઉપયોગ કરવામાં છે. તે જ રીતે કામના એ પણ ચેતનાનો ગુણ છે. એ કામનાને પોતાપૂરતી મર્યાદિત કરવી, સ્થૂલ વસ્તુઓમાં બાંધી રાખવી તેમજ અન્યને ભિન્ન ગણી એને પોષવી એનું નામ તૃષ્ણા. જ્યારે એ કામના પોતાના ભલાની પેઠે બીજાનું પણ ભલું કરવાની દિશામાં વળે અને વિસ્તરે ત્યારે એને કોઈ વિપક્ષ કે દ્વેષની છાયા સ્પર્શતી જ નથી, અને તેથી તે વ્યાપક મૈત્રી બની રહે છે. કામનામાંથી તૃષ્ણાનું ઝેર દૂર થયું એટલે તે શુદ્ધ ઇચ્છા મૈત્રીરૂપ બની રહે છે. આ જીવાત્માનો સ્વયંભૂ સદ્‌ગુણ છે.

ગાંધીજીએ તૃષ્ણાનું ઝેર ઓછું કર્યું, પણ ઇચ્છા કે કામનાને દબાવવા યા નિર્મૂળ કરવા પ્રયત્ન ન કર્યો, ઊલટું, એના શુદ્ધિકરણના પાયા ઉપર સત્ય, અહિંસા આદિ અનેક પ્રવર્તક અને નિવર્તક ધર્મો વિકસાવ્યા. આનું જ નામ ગીતાની ભાષામાં 'ધર્માવિરુદ્ધ કામ.'

તેથી જ આપણે જોઇએ છીએ કે ગાંધીજીએ સૌને પરિચિત એવા વ્રતો, મહાવ્રતોના અર્થનો સર્વહિતની દૃષ્ટિએ દરેક ક્ષેત્રમાં લાગૂ પડે એવો કેટલો સૂક્ષ્મ અર્થ વિકસાવ્યો છે! ધર્મદૃષ્ટિના ઊર્ધ્વીકરણમાં તેમનો આ મહાન ફાળો છે, જેની સાક્ષી તેમના વ્રતવિચારો અને તેમણે શરૂ કરેલી પ્રવૃત્તિઓ આપે છે.

ગાંધીજી નથી, પણ તેમની સંસ્કારમૂર્તિ નવે રૂપે ઉદયમાં આવી છે. અપરિગ્રહવ્રત હજારો વર્ષ જેટલું જુનું છે. તેનાથી સૌ પરિચિત અને લાખો લોકો તેને ધારણ પણ કર્યે આવતા, પરંતુ ભૂદાનના સ્થૂલ પ્રતીક દ્વારા એનો જે અર્થવિકાસ વિનોબાજીએ કર્યો છે તે ધર્મદૃષ્ટિના ઊર્ધ્વીકરણમાં એક મોટી ફાળ છે. આમાં પણ કામના અને ઇચ્છાનું શુદ્ધીકરણ તેમજ સર્વસાધારણીકરણ છે. એમાં મૂર્ચ્છારૂપે કામનો ત્યાગ છે, સર્વકલ્યાણ સાધવાની વ્યાપક ધર્મદૃષ્ટિએ કામનાનો સ્વીકાર છે. આ રીતે આપણે ધર્મદૃષ્ટિના ઊર્ધ્વીકરણના એક જાતના યુગમાં જીવી રહ્યા છીએ અને એવા ઊર્ધ્વીકરણને પ્રત્યક્ષ સમજવાની સાંવત્સરિક પર્વની ઘડીમાં શ્વાસોચ્છ્વાસ લઇ રહ્યા છીએ. પંડિત સુખલાલજી

# ભારતીય આરોગ્યનિધિ

( આ સંસ્થાનો તા. ૨૬-૪-૫૪ થી તા. ૩૧-૩-૫૫ સુધીના પ્રથમ વર્ષનો અહેવાલ થોડા સમય પહેલાં પ્રગટ થયો છે. તે અહેવાલ ઉપરથી આ સંસ્થાની સ્થાપના અને આજ સુધીમાં હાથ ધરાયલી પ્રવૃત્તિઓને લગતી કેટલીક વિગતો તારવીને એક મિત્રે મોકલી આપી છે જે હું સહર્ષ પ્રગટ કરું છું અને એ સંસ્થાનું કલ્યાણકાર્ય ઉત્તરોત્તર એક વટવૃક્ષની માફક ચોતરફ વિસ્તરતું જાય એવી અન્તરની શુભેચ્છા વ્યકત કરું છું. **તંત્રી** )

પશ્ચિમની આરોગ્યવિષયક વ્યવસ્થા અને સાધનસગવડો જોડે ભારતની પરિસ્થિતિ સરખાવતાં મુંબઇના એક પ્રમુખ હીરાના વ્યાપારી શ્રી. હીરાલાલ ભોગીલાલ શાહને ગ્રામ્યવિસ્તારની આ પ્રકારની રાહત બાબતની કંગાળ સ્થિતિ માટે કંઇક કરવાની ભાવના જાગી. તેમના પત્ની શ્રીમતી વિલ્હેમીના તરફથી સંપૂર્ણ પ્રોત્સાહન મળતાં પરિણામે "ભારતીય આરોગ્યનિધિ" નામની સંસ્થાનો આજથી દોઢેક વર્ષ પહેલાં જન્મ થયો. તેનું વ્યવસ્થિત બંધારણ ઘડવામાં આવ્યું, અને તે અનુસાર કામકાજ ચલાવવા માટે ત્રણ વર્ષ માટે એકઝીકયુટીવ કાઉન્સીલ, ગવર્નીંગ બોડી, ચેરમેન, અને બે મંત્રીઓની નીમણૂંક કરવામાં આવી.

આ સંસ્થાના કાર્યક્ષેત્રના પ્રથમ કાર્યકેન્દ્રની અને નેત્રયજ્ઞ તથા દંતયજ્ઞની ઉદ્‌ઘાટન વિધિ મુંબઇ સરકારના મજૂર અને આરોગ્ય ખાતાના પ્રધાન શ્રી. શાંતિલાલ શાહના શુભહસ્તે તા. ૨૬-૫-૫૪ ના રોજ કરવામાં આવી હતી. ડૉ. શ્રી. ભાનુશંકર અધ્વર્યુની દોરવણી નીચે નેત્રયજ્ઞ અને દંતયજ્ઞનું કામ શરૂ થયું હતું. આમાં મુંબઇ, અમદાવાદ તેમજ વિજાપુરથી સેવાભાવી ડોકટરો, નર્સો, તેમજ અનેક ભાઇબ્હેનોએ સ્વેચ્છાએ પોતાની કીંમતી સેવાઓ આપી હતી. આ વખતે આંખના ૩૩૪ અને દાંતના ૧૪૫ ઑપરેશનો થયા હતાં અને લગભગ બધાં સફળ થયાં હતાં. ૫૩૫ દર્દીઓને આંખ તપાસી સારવાર આપવામાં આવી હતી. આ અંગે શેઠ ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયને હૉસ્પીટલમાં ફેરવી નાખવામાં આવ્યું હતું. દર્દીઓ પાસે કોઈ પણ ચાર્જ લીધા વગર તમામ સગવડ મફત આપવામાં આવી હતી.

આ પ્રસંગે મુંબઇથી બાળકોના સ્પેશ્યાલીસ્ટ પ્રખ્યાત ડૉ. ભૂલાભાઈ પટેલ પાટણ પધારેલા. તેમણે ૫૦ બાળકોને તપાસ્યાં હતાં. ડૉ. અધ્વર્યુની આગેવાની નીચે સ્થાનિક ડૉકટરોના સહકારથી માધ્યમિક શાળાના લગભગ ૩૫૦ બાળકોને તપાસવામાં આવ્યા હતાં. સંસ્થાના ડૉકટરે પાટણ તાલુકાના ગામોનાં ૬૦૫ બાળકોને તપાસ્યાં હતાં.

સંસ્થાનો ઉદ્દેશ રોગપ્રતિબંધક ઇલાજો લેવાનો, અને રોગનિવારણ ઉપાયો યોજવાનો, તેમજ વહેમી જનતાને દવાનો લાભ લેતી કરવાનો અને તે ઉપરાંત તેમને સ્વાસ્થ્ય અને સ્વચ્છતાનો ખ્યાલ આપવાનો હતો. આથી સંસ્થાનું કામ શરૂ કરતાં પહેલાં સંસ્થાના કાર્યકરોએ

દોઢથી બે માસ તાલુકાના ગામડાઓમાં ફરી ફરતા દવાખાનાનો પ્રચાર, અને મુખ્ય ગામોની પસંદગી કરવામાં આવી હતી.

તા. ૧–૫–૫૪ થી પૂ. રવિશંકર મહારાજના શુભ હસ્તે દવા, શસ્ત્રક્રિયા સરંજામ અને પાટાપટ્ટીથી સુસજ્જ 'મોબાઈલ હોસ્પીટલ વાન' પાટણ તાલુકાના ગામડાઓમાં ફરતી શરૂ કરવામાં આવી હતી. આજે આ હોસ્પીટલ વાન કુલ ૬૬ ગામડાઓને તબીબી સારવાર પૂરી પાડે છે. ચોમાસામાં નદીનાળામાં પાણી ભરાતાં હોવાથી બે માસ હોસ્પીટલ વાન ફરતી બંધ કરવી પડી હતી. નવ માસના ટૂંકા ગાળામાં ૧૦૭૯૬ દર્દીઓને દવા અને સારવાર આપવામાં આવી હતી અને આ અંગેના પરિભ્રમણમાં હોસ્પીટલ વાને લગભગ ૧૨૦૦૦ માઈલની મુસાફરી કરી હતી. હોસ્પીટલ વાન સાથે એક ડૉક્ટર, નર્સ તથા કમ્પાઉન્ડર જાય છે, અને આપી શકે તેવા દર્દીઓ પાસેથી દવાનો રોજનો એક આનો લેવામાં આવે છે, બાકીનાને દવા, ઈંજેક્શન મફત આપવામાં આવે છે. ગંભીર સ્થિતિ હોય એવા દર્દીઓને હોસ્પીટલ વાનમાં લઈ જઈ પાટણની સરકારી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવે છે.

સંસ્થા તરફથી પાટણના જુદા જુદા લત્તાઓમાં આરોગ્ય, રમતગમત, ખોરાક વગેરેને લગતા મનોરંજન અને બોધદાયક ચિત્રપટો બંનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ગામડાંઓમાં પ્રસૂતી પહેલાં અને પછીની સારવાર માટે એક નર્સ બહેનને રોકવામાં આવી છે, જે ગામડાંમાં એક એક દિવસ રોકાઈને બહેનોને તપાસે છે. જરૂર હોય ત્યાં રોકાઈને પ્રસૂતી કરાવે છે, અને યોગ્ય સલાહ સૂચનો આપે છે, તેમજ દવા અને સારવારનો પ્રબંધ કરે છે. ગામડાંમાં જ્યાં આર્થિક સ્થિતિ વિકટ છે, ત્યાં બાળકોને તેમજ સગર્ભા બહેનોને રોજ પાઉડરમાંથી બનાવેલું દુધ આપવામાં આવે છે. આ રીતે ગામડામાં ૪૪૦૨ બાળકોને અને બહેનોને દુધ આપવામાં આવ્યું છે. આ અંગે યુનીસેફ તેમજ રેડક્રોસ તરફથી દુધનો પાઉડર ભેટ મળ્યો છે. હોસ્પીટલ વાન દરેક ગામમાં પાંચમે દિવસે જઈ શકે તેવી યોજના છે, અને વચ્ચેના ગાળા માટે સ્થળે સ્થળે "વૈદકીય રાહત પેટી"ની એક યોજના અમલમાં મૂકાઈ છે, જેનું કાર્ય ગામડાના સમજદાર સેવાભાવી નાગરિકોને સોંપવામાં આવ્યું છે. તેનો લાભ દર્દીઓએ સારા પ્રમાણમાં લેવા માંડયો છે.

ભૂતીયાવાસણ ગામમાં મીઠા પાણીના કૂવાને અભાવે લોકો તળાવના પાણીનો ઉપયોગ કરતા અને પરિણામે વાળાનો ખૂબ ઉપદ્રવ થતો હતો. ગામના લોકોનો સહકાર મેળવીને સંસ્થાના મંત્રીઓએ શ્રમયજ્ઞ યોજ્યો હતો અને પરિણામે એ ગામ માટે કૂવો તૈયાર થયો હતો. આ જ પ્રમાણે બાદીપુર, ભત્રાડા, ધારણોજ વગેરે ગામોમાં શ્રમદાનથી કૂવા બનાવવાનું કામ હાથ પર લેવામાં આવ્યું છે.

આ ઉપરાંત ૨૨૦૦ માણસની વસ્તીવાળા ઠાકરડાઓના નાયતા ગામમાં આ આરોગ્યનિધિ તરફથી એક શાળા ખોલવામાં આવી છે અને આ શાળામાં નાયતામાં ભરાયેલા ક્ષત્રીય સંમેલન પ્રસંગે બાળકોને નિશાળે મોકલવા ગામના આગેવાનોએ તરવારની શાખે પ્રતિજ્ઞા લીધી છે.

સંસ્થાને સ્થપાયે ચાર માસ થયા બાદ ભારત સરકારે નીમેલ મધ્યસ્થ સમાજ કલ્યાણ સમિતિના આશ્રયે સ્થપાએલ મુંબઈ રાજ્ય સમાજ કલ્યાણ સલાહકાર સમિતિ તરફથી સંસ્થાને સમાજ કલ્યાણ આયોજનાના કાર્ય માટે આમંત્રણ મળ્યું હતું અને આ કાર્ય મહેસાણા જીલ્લાના પાટણ તાલુકાના ગામોમાં (તા. ૨–૧૦–૫૪) ગાંધી–જયંતીના દિવસે શરૂ થયું હતું. આ આયોજનના પરિણામે પાટણ તાલુકાના બે ગામોનું એક એકમ એવા જુદાં જુદાં ૭ એકમો નક્કી કરી નીચેના ગામડાની લગભગ ૧૫૦૦૦ ની વસ્તી માટે કામ થયું છે. આ સાતે કેન્દ્રોમાં સેવાભાવી ભાઈબહેનો સંચાલકો તરીકે કાર્ય કરી રહેલ છે.

આ કેન્દ્રોમાં અનેક પ્રવૃત્તિઓ ચાલે છે. બાળકલ્યાણમાં બાળવાડી ચલાવવામાં આવે છે, જેમાં બાળકોને સ્વચ્છતા, શિસ્ત, મનોરંજન, આરોગ્ય અંગે સારવાર, દૂધ આપવું, વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે. ૭ વર્ષની ઉપરના બાળકોના કલ્યાણનું કાર્ય પણ ચાલે છે. આ ઉપરાંત સ્ત્રીકલ્યાણ, પ્રૌઢ શિક્ષણ, સમાજ શિક્ષણ તથા ગૃહઉદ્યોગ વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. સંચાલકો ઘેર ઘેર ફરીને લોકોને સ્વચ્છતા, આરોગ્ય, સામાન્ય જ્ઞાનને લગતી વાતચીતો કરે છે. આ ઉપરાંત નાટકો, મેળાવડા, બાળરમતો, કવાયતો, વગેરે જેવા મનોરંજક અને સંસ્કારી કાર્યક્રમો અવારનવાર કેન્દ્રોમાં થાય છે. દરેક કેન્દ્રમાં અઠવાડિયે એક વાર મોબાઈલ હોસ્પીટલ વાન જાય છે અને દર્દીઓને દવા તથા સારવાર આપે છે. આ ઉપરાંત ભજન કીર્તન, વાર્તાલાપો, ગ્રામ્યસફાઈ, રાસ ગરબા, લોકગીતો, તહેવાર, ઉજવણી, કુવા તળાવ રસ્તા દુરસ્તી વગેરે પ્રવૃત્તિઓ અવારનવાર કરવામાં આવે છે. કેન્દ્રોમાં અત્યાર સુધી બધી મળીને લગભગ ૩૩ સભાઓ થઈ છે, જેમાં બહારથી કેટલીક વાર મહેમાનો નોતરવામાં આવ્યા છે અને તેઓએ ગ્રામ્ય જનતાને બોધદાયક વિષયો પર વાર્તાલાપો આપ્યા છે.

ભારતીય આરોગ્યનિધિના આશ્રય નીચે સતત વિકસતી અને વિસ્તરતી જતી લોકકલ્યાણની અને આરોગ્યસંવર્ધનની કેટલીક પ્રવૃત્તિઓનું આ રીતે અહિં સંક્ષિપ્ત દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે. આમપ્રજાના સહકાર વડે આ આરોગ્યનિધિ સેવાનાં નવાં નવાં ક્ષેત્રો સર કરવાનો મનોરથ સેવે છે, અને તે માટે અનેક શુભેચ્છકોના સાથ અને સહાનુભૂતિની અપેક્ષા રાખે છે.

# પ્રકીર્ણ નોંધ

### નૈતિક સ્ખલનાના ચોકીદાર અને લોકશુદ્ધિના રખેવાળને અનેક ધન્યવાદ

ગયા સપ્ટેંબર માસ દરમિયાન પાલણપુર ખાતે એક સામાજિક કરૂણ કિસ્સો બની ગયો. ત્યાં શ્રી. કાન્તિલાલ કોઠારી નામના લાંબા વખતથી પ્રેક્ટીસ કરતા એક ડૉક્ટર છે. તેમની ઉમર આજે ૪૫ વર્ષની છે. તેમને પત્ની છે, બાળકો છે, અને ધીકતી પ્રેક્ટીસ છે. સાથે સાથે તેમને ફોટોગ્રાફીનો શોખ છે અને એ કળામાં પણ તેઓ સારા નિષ્ણાત છે. આ બન્ને વ્યવસાયનો લાભ લઈને તેમણે એક ૧૮ વર્ષની જૈનેતર કુટુંબની બાળાને ફસાવવાનો, ભગાડવાનો અને સમયાન્તરે યોગ્ય સંયોગો ઉભા કરીને પરણવાનો પ્રપંચ ઉભો કર્યો. આ વિષે કન્યાના માબાપ તદ્દન અજાણ હતાં. પણ ગયા સપ્ટેંબર માસની શરૂઆતમાં ડૉક્ટરનો એ કન્યા ઉપરનો એક પત્ર અચાનક કન્યાના માબાપના હાથમાં આવતાં તેઓ ચોંકયા અને આખું કાવતરૂં તેમની આંખ સામે પ્રગટ થયું.

આ ચાતુર્માસ દરમિયાન મુનિ સન્તબાલજી પાલણપુર ખાતે બિરાજે છે. કન્યાના માબાપ મહારાજશ્રી પાસે દોડયા અને આ કરૂણ કિસ્સામાંથી કન્યાને બચાવવા માટે મહારાજશ્રીની મદદ માંગી. કન્યાને મહારાજશ્રી પાસે બોલાવવામાં આવી; ડાક્ટરને પણ બોલાવવામાં આવ્યો. બન્નેએ પોતાની ભૂલનો એકરાર કર્યો. કન્યાનું ગયા મે માસમાં વેવીશાળ કરવામાં આવ્યું હતું તેના શ્વસુરને આ વિષયમાં સમજાવવા રહ્યા. અમદાવાદથી આવા પ્રશ્નોમાં રસ ધરાવતાં સમાજસેવિકા ચારૂમતી-બહેનને પાલણપુર બોલાવવામાં આવ્યા. તેમણે કન્યાના શ્વશુરને સમજાવ્યા અને કન્યાના ભોળપણનો પેલા ડૉકટરે કેવળ લાભ લીધો છે એ બાબતની પ્રતીતિ કરાવી અને ગયા સપ્ટેંબર માસની ૨૦ મી તારીખે તે કન્યાનું લગ્ન થયું અને શ્વશુર કુટુંબે તેને પૂરા ભાવથી અપનાવી લીધી.

પેલા ડૉકટરનું શું કરવું એ વિષે નિર્ણય આપવાનું કામ મુનિ સન્તબાલજીએ નીમેલા એક પંચને સોંપવામાં આવેલું. તે પંચ સમક્ષ ડૉકટરે પોતાની ભૂલનો સંપૂર્ણ એકરાર કર્યો અને પંચ જે આજ્ઞા કરે તે આજ્ઞા મુજબ વર્તવાની કબુલાત આપી. એ પંચના ચુકાદામાં

ડૉક્ટરને જાહેર સંસ્થાઓમાંથી પાંચ વર્ષ માટે રાજીનામાં આપવાની, એ બાળા સાથે હવે પછી કશો પણ સંબંધ નહિ રાખવાની, આ સંબંધમાં યોગ્ય લાગે તે નિવેદન પંચ બહાર પાડી શકશે એવી ડૉક્ટરે કબુલાત આપવાની અને તા. ૨૧-૯-૫૫ થી તા. ૩૦-૧૧-૫૫ સુધી બનાસકાંઠા જીલ્લો છોડી જવાની ડૉક્ટરને આજ્ઞા કરવામાં આવી હતી. ડૉક્ટરે આ મુજબ વર્તવાની કબુલાત આપવા છતાં પાલણપુર છોડી જવાની વાતમાં ગલ્લાંતલ્લાં કરવા માંડ્યા અને તેને પાલણપુરના અમુક આગેવાન શહેરીઓનો ટેકો મળવા માંડ્યો. આ શહેરીઓએ મહારાજશ્રીને વિકૃત આકારમાં રજુ કરતી એક જાહેર પત્રિકા બહાર પાડી. મહારાજશ્રીને આથી ભારે દુઃખ થયું અને ત્યાંના સમાજને આ પ્રશ્ન ઉપર એકાગ્ર કરવાના હેતુથી સપ્ટેમ્બરની ૨૧મી તારીખે સંવત્સરિના ઉપવાસનું પારણું કરવાને બહાને તેમણે ઉપવાસ ચાલુ રાખ્યા. આથી પાલણપુરના સમાજમાં ભારે ક્ષોભ પેદા થયો. મુંબઈ સુધી પણ તેના ભણકારા પહોંચવા લાગ્યા. આ રીતે આ પ્રશ્ન ઉપર પાલણપુરના નાગરિકોમાં પુરી જાગૃતિ આવી જાણી મહારાજશ્રીએ દશ ઉપવાસ બાદ તા. ૨૯-૯-૫૫ ના પારણું કર્યું.

આ સંબંધમાં મુનિ સન્તબાલજીનું અનુમોદન કરતાં પં. સુખલાલજી તેમની ઉપરના તા. ૨૯-૯-૫૫ ના પત્રમાં (આ વખતે મહારાજશ્રીએ તે જ દિવસે પારણું કર્યાના પંડિતજીને ખબર મળ્યા નહોતા) જણાવે છે કે "તમે જે હેતુસર ઉપવાસ કર્યા તે હેતુ મને વ્યાજબી લાગ્યો છે, એમાંથી જે કાંઈ પરિણમશે તે સારું જ હોવાનું. ડૉ. કાન્તિલાલે પંચ અને તમારી સમક્ષ આપેલ વચનો અને કબુલાતો ટાળવા પેંતરા રચ્યા છે એ સ્થિતિ પાલણપુરના સમગ્ર વિચારવાન નાગરિકો માટે વસમી હોવી જોઈએ. એક પાકી ઉમ્મરનો અને સમાજમાં મોભો ધરાવનાર ડૉક્ટર શહેરમાં દુર્વર્તન ચલાવ્યે રાખે અને ખુલ્લું પડે ત્યારે કબુલ કર્યા છતાં તેના પ્રાયશ્ચિત રૂપે આપેલ ઐચ્છિક કબુલાતોને ન અનુસરે કે ટાળે તો એવો ડૉક્ટર લોકો માટે ઉપચારની દૃષ્ટિએ ગમે તેટલો સારો મનાતો હોય છતાં શહેરની બહેન-દીકરીઓની ઇજ્જત માટે શાપરૂપ જ ગણાવો જોઇએ. તેથી કરીને તમે જે નૈતિક પગલું ભર્યું છે તે પાલણપુરના નાગરિકોના કર્તવ્યનું જ પ્રતિનિધિત્વ ધરાવનાર બની રહે છે." ›

આ સંબંધમાં પાલણપુરના નાગરિકો મહાજશ્રીની ઇચ્છા મુજબ એકાગ્ર થઇ ચૂકેલા હોવાથી હવે પછીનું નૈતિક પગલું લેવાનું કામ પાલણપુરના શાણા નાગરિકો તત્કાળ માથે લઇ લે એમ સૂચવીને પંડિત સુખલાલજી મહારાજશ્રીને સુખાન્ત પારણું કરવા પોતાના પત્રમાં વિનંતિ કરે છે અને મહારાજશ્રી પણ ફાકતાલીય ન્યાય માફક ઉપર જણાવ્યું તે મુજબ એ જ દિવસે પારણું કરે છે.

આખરે આ શુધ્ધિપ્રયોગ દ્વારા ઉભા થયેલા નૈતિક તેમ જ સામાજિક દબાણને ડૉક્ટર વશ થાય છે, પોતાના બેવડા ગુનાહ માટે મહારાજશ્રી તથા પંચની ક્ષમા માગે છે અને પંચ આજ્ઞા કરે તે મુજબ અને ત્યાં સુધી પાલણપુર અથવા તો બનાસકાંઠા જીલ્લો છોડી જવા તથા બીજી જે કાંઇ શિક્ષા ફરમાવે તે મુજબ વર્તવા કબુલ થાય છે અને તે મુજબ પાલણપુર છોડી જાય છે અને એ રીતે આ પ્રકરણનો સુખદ અન્ત આવે છે.

આમ છોકરીઓને ભોળવવાના અનેક કિસ્સાઓ આપણા સમાજમાં બનતા હશે. એમ છતાં પણ આ કિસ્સો વધારે દુઃખદ અને ગ્લાનિપ્રદ એટલા માટે છે કે જ્યાં માબાપ પોતાની વહુ દીકરીઓને મોકલવામાં સુરક્ષિતતા માને તેવા સ્થળે અને તેવી વ્યકિતના હાથે આ અનિષ્ટ કિસ્સો બનવા પામ્યો છે. જ્યાં વાડ ચીભડાં ચોરે ત્યાં કોને સુરક્ષિત સમજવું? આવો વિચિત્ર કોયડો આ કિસ્સો આપણી સમક્ષ રજુ કરે છે. આવા કિસ્સાઓ સમાજની નૈતિક અધોગતિ કઇ હદ સુધીની થઇ રહી છે તેના અનુમાપક છે. આ માટે સમાજે વધારે જાગૃત થવાની જરૂર છે. આવી જાગૃતિ પેદા કરવાનું કામ સાધુ સન્ત અને ઉચ્ચ કોટિનું ચારિત્ર ધરાવતા સમાજસેવકોનું છે. આ દૃષ્ટિએ જ્યારે ડૉક્ટર કાન્તિલાલે એક તો ભોળી બાળાને ફસાવી અને પછી તે સંબંધે પંચે કરેલી શિક્ષાનો અમલ કરવાનો ઇનકાર કર્યો ત્યારે આ બેવ ગુનેહગાર તરફ સ્થાનિક સમાજનું ધ્યાન એકાગ્ર કરવા માટે મુનિ સન્તબાલજી અનશન ઉપર ગયા અને એ વિષયમાં સમાજ સજ્જ થયાની પ્રતીતિ થતાં સુધી ઉપવાસ ચાલુ રાખ્યા એ માટે મુનિ સન્તબાલજીને અનેક ધન્યવાદ ઘટે છે.

એવા સાધુપુરુષોનું અસ્તિત્વ હંમેશા આવકારદાયક છે કે જેઓ સમાજની નૈતિક ધૃતિની રક્ષાને જીવનનું મુખ્ય કાર્ય લેખે, અને જ્યાં પણ કોઇ સ્થળે અન્યાય, અધર્મ કે અનાચાર થતો દેખે ત્યારે તે સામે માથું ઉંચકે, તેનો પ્રતિકાર કરવા પાછળ પોતાની સર્વ આત્મશક્તિ કેન્દ્રિત કરે અને એ રીતે સમાજમાં સદા નૈતિક સમધારણ નિર્માણ કરતા રહે. પ્રશ્ન નાનો હોય કે મોટો હોય એ એમણે જોવાનું નથી. આવા નૈતિક ચોકીદારોની કોઇ પણ કાળે—અને આજે તો ખાસ કરીને—આપણા સમાજને અત્યન્ત જરૂર છે. સન્તબાલજીના હાથે આવાં નૈતિક જાગૃતિનાં અનેક પ્રકરણો નિર્માતા રહે અને ભાવી પેઢી તેમનામાં એક નૈતિક જ્યોતિર્ધરનું પાવન દર્શન કરે અને તેમાંથી પ્રેરણા પામીને આત્મજીવનને ઉન્નત બનાવે એવી આપણા અન્તરની પ્રાર્થના હો!

## ભાવુકતાનો અતિરેક

મુંબઇ ખાતે ગામદેવી લતામાં લેબર્નમ રોડ ઉપર આવેલ 'મણિભુવન' જ્યાં ૧૯૧૭ થી ૧૯૩૪ ના ગાળામાં જ્યારે જ્યારે ગાંધીજી મુંબઇ આવતા ત્યારે ઉતરતા, એ મકાન ગાંધી સ્મારક નિધિએ મકાનના માલિક શેઠ મણિલાલ રેવાશંકર ઝવેરી પાસેથી રૂા. ૧૪૦૦૦૦ માં ખરીદ્યું. મુંબઇની મ્યુનીસીપાલીટીને તેનું લીઝ ખતમ કરવા માટે રૂા. ૧૫૨૫૦ આપવામાં આવ્યા અને તેની મરમ્મત પાછળ ગાંધી સ્મારક નિધિએ રૂા. ૧૨૫૦૦૦ ખરચ્યા. આ વિગતો એ મકાનના ઉદ્‌ઘાટન સમારંભ પ્રસંગે પ્રમુખસ્થાનેથી માનનીય શ્રી ગણેશ વાસુદેવ માવળંકરે આપેલા વ્યાખ્યાનમાંથી આપણને જાણવા મળે છે. ઉપરના હિસાબે આ મકાન ગાંધી સ્મારક નિધિને રૂા. ૨૮૦૨૫૦ માં પડ્યું. જે સ્થાનો સાથે ગાંધીજીના કાર્ય અને જીવનનો સંબંધ રહ્યો હોય એ સ્થાનોની રક્ષા કરવી એવો ગાંધી સ્મારક નિધિના અનેક ઉદ્દેશ્યોમાં એક ઉદ્દેશ્ય છે અને તે ઉદ્દેશ્ય અનુસાર આ મણિભુવનની ખરીદી કરવામાં આવી છે એમ દાદાસાહેબ માવળંકર પોતાના વ્યાખ્યાનમાં જણાવે છે.

ઉપરના આંકડાઓમાં મકાનની મરમ્મત પાછળ રૂા. ૧૨૫૦૦૦ ખરચાયા હોવાનું જણાવવામાં આવ્યું છે. મરમ્મત પાછળ ખરચાયલી આટલી મોટી રકમ આપણા દિલમાં ભારે આશ્ચર્ય પેદા કરે છે. આ વિષે આધારભૂત સ્થળે પૂછતાં જણાવવામાં આવે છે કે આ મકાનનો જ્યારે ગાંધી સ્મારક નિધિને કબજો મળ્યો ત્યારે એ અત્યન્ત જર્જરિત સ્થિતિમાં હોઇને તેની પાયામાંથી મરમ્મત કરવી પડી છે અને અગાસીમાં આખું નવું ધાબું નાંખવું પડ્યું છે તે કારણે આટલો મોટો ખર્ચ થવા પામ્યો છે. આ બધું જે હો તે હો, પણ ગાંધી સ્મારક નિધિને આ મકાન સરવાળે ઘણું જ મોંઘું પડી ગયું છે એ વિષે બેમત હોવા સંભવ છે જ નહિ. એટલી જ રકમ એટલે કે ત્રણ લાખ રૂપીઆ આસપાસની રકમમાં મુંબઇ શહેરના કોઇ પણ ખાલી પ્લોટમાં આ મકાન છે તે કરતાં ઘણી વધારે સગવડવાળું એક વિશાળ 'ગાંધી ભુવન' ઉભું કરી શકાયું હોત અને ગાંધીજીની અનેક રચનાત્મક પ્રવૃત્તિઓનું એક ભવ્ય કેન્દ્ર નિર્માણ થઇ શકયું હોત એમાં કોઇ શક નથી.

પણ આ સામે એમ જરૂર રજુ કરવામાં આવે કે મણિભુવન ખરીદવા પાછળ ગાંધીજીના કાર્ય અને જીવન સાથે સંબંધ ધરાવતા સ્થાનોની રક્ષા કરવાની એક ભાવના રહેલી છે, અને આ ભાવનાની અપેક્ષાએ બે ત્રણ લાખ રૂપીઆનો હિસાબ ગણવો એ નરી બાલીશતા છે. પોતપોતાના દેશના મહાપુરુષોના ચરિત્ર સાથે સંબંધ ધરાવતાં સ્થાનો અને સ્થળોને સાર્વજનિક માલેકીના બનાવીને તે તે મહાપુરુષોની ચિરંજીવ સ્મૃતિ તરીકે જાળવી રાખવાનો આજે સુધરેલા અનેક દેશોમાં એક રવૈયો

છે. જેમ કે ઈંગ્લાંડમાં પ્રખ્યાત નાટકકાર શેકસપીયરનું ઘર આજે હતું તેવું જાળવી રાખવામાં આવ્યું છે અને અનેક લોકો એ સ્થળ ઉપર ભકિતભાવથી જાય છે અને એક ધાર્મિક યાત્રાનો ભાવ અનુભવે છે. આવી જ રીતે ગાંધીજી પોરબંદરમાં જે ઘરમાં જન્મ્યા અને ઉછરીને મોટા થયા તે ઘરનો સૌરાષ્ટ્ર સરકારે કબજો લઈને અને ત્યાં એક ભવ્ય સ્મારક ઉભું કરીને ભારત તેમ જ ભારત બહારની જનતા માટે એક તીર્થસ્થાન નિર્માણ કર્યું છે એના ઔચિત્ય સામે કોઈ વાંધો નહિ ઉઠાવે. આ જ રીતે સાબરમતી આશ્રમ કે સેવાગ્રામ જે ગાંધીજીના સ્થાયી નિવાસસ્થળો હતાં એટલું જ નહિ પણ પ્રયોગ-ક્ષેત્રો હતાં તેનો પણ કબજો કરીને ગાંધી સ્મારક નિધિ તેની રક્ષા તેમજ સુશોભન અર્થે જે કાંઈ કરશે તે પણ ઉચિત જ લેખાશે. ગાંધીજીનો જ્યાં અન્તિમ અગ્નિસંસ્કાર થયો તે રાજઘાટ પણ જરૂર આવું જ એક મહત્વનું અને સુરક્ષણીય સ્થળ ગણાય. પણ જે જે સ્થળે ગાંધીજી અવારનવાર ગયા તે તે સ્થળની પણ જો આવી પૂજા કરવામાં આવે અને તેને હસ્તગત કરવા પાછળ લાખો રૂપીઆ નાંખ-વામાં આવે તો તેમાં ભાવુકતાનો કેવળ અતિરેક રહેલો છે એમ દુઃખ સાથે કહેવું પડે. અલબત મણિભુવન સાથે ગાંધીજીનાં સ્મરણો અન્ય મકાનો કરતાં પ્રમાણમાં વધારે ગાઢપણે સંકળાયલાં છે એમ છતાં જે ઉદ્દેશ્યને આગળ ધરીને મણિભુવન લેવામાં આવ્યું છે તે ઉદ્દેશ્ય, મુજબ મુંબઈનું તથા દીલ્હીનું બીરલા હાઉસ, પૂનાનો આગાખાન બંગલો, પર્ણકૂટિ તથા યરવડા જેલનો ગાંધીજી રહેતા હતા તે વિભાગ, શાન્તિ-કુમારનો જુહુ ઉપરનો બંગલો, દીલ્હીનો ભંગી નિવાસ અને એવી પારવિનાની જગ્યાઓ ગાંધી સ્મારક નિધિએ હસ્તગત કરવી રહી. દીલ્હીના બીરલા હાઉસનો કબજો લેવાની લોકોએ માંગણી કરવા માંડી ત્યારે સરદાર વલ્લભભાઇ પટેલે એમની લાક્ષણિક ભાષામાં જણાવેલું કે "આ રીતે તમે કેટકેટલી જગ્યાઓનો કબજો લેશો? કારણ કે ગાંધીજીએ તો દેશભરમાં ઠેકાણે ઠેકાણે ચોખા મૂકયા છે." આ રીતે વિચારતાં ગાંધી સ્મારક નિધિએ કરેલી મણિભુવનની ખરીદી પાછળ અવિચારી અથવા તો લાંબદોર વિચારણાવિહોણી ભાવુકતા જ કામ કરી રહી હોય એમ લાગે છે. આશા રાખીએ કે ભવિષ્યમાં ગાંધી સ્મારકનિધિના ટ્રસ્ટીઓ આવી ભૂલનું પુનરાવર્તન નહિ કરે અને આંધળી ગાંધીપૂજાને ઉત્તેજન નહિ આપે.

## ધમીટેશન વીલેજ યુનિવર્સિટી : નકલી ગ્રામીણ વિદ્યાપીઠ

વલ્લભવિદ્યાનગર વીલેજ યુનિવર્સિટી બીલ મુંબઈ પ્રદેશની બન્ને ધારાસભાઓએ પસાર કર્યું છે. પરિણામે મુબંઈ પ્રદેશમાં એક યુનિવર્સિટીનો વધારો થાય છે.

શ્રી ભાઇલાલભાઇ પટેલના અસાધારણ પુરૂષાર્થ અને સાહસના પરિણામે આણંદની નજીક છેલ્લાં દશ વર્ષ દરમિયાન એક મહત્વનું શિક્ષણ કેન્દ્ર ઉભું થઈ રહ્યું હતું. આર્ટસ કોલેજથી ત્યાં શરૂઆત કરવામાં આવી અને પછી એક પછી એક બીજી કોલેજો અને હોસ્ટેલો ઉભી થવા લાગી. આજે વલ્લભવિદ્યાનગર જંગલમાં એક પરમ મંગળનું દર્શન કરાવી રહ્યું છે. આ સંસ્થાની કોલેજો આજ સુધી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયલી હતી. હવે વલ્લભવિદ્યાનગર સ્વતંત્ર યુનિવર્સિટીમાં પરિણમે છે.

બાજુએ જ વડોદરા યુનિવર્સિટી હોવા છતાં અહિં શા માટે નવી યુનિવર્સિટી ઉભી કરવામાં આવે છે; તેનો જવાબ આ યુનિવર્સિટી બીલમાં જણાવેલ એક હેતુ પૂરો પાડે છે જે નીચે મુજબ છે:-

"ગ્રામ વિદ્યાપીઠનો જે વિચાર રાધાકૃષ્ણન કમિશને મૂકયો છે તેની રૂએ ગ્રામપ્રદેશમાં યુનિવર્સિટી રચી ત્યાંનું શિક્ષણ એવું ચાલુ કરવું છે કે જેથી આધુનિક સાહિત્ય, કળા તથા યંત્રોદ્યોગવિદ્યાનો ઉપયોગ ગામડાંની ઉન્નતિને વેગ આપે." અને તે હેતુથી જ આ યુનિવર્સિટીને વીલેજ યુનિવર્સિટી-ગ્રામીણ વિદ્યાપીઠના નામથી પ્રસ્તુત બીલમાં ઓળખાવવામાં આવી છે.

આ યુનિવર્સિટીની બીજી વિશેષતાઓ નીચે મુજબ છે:-

(૧) શિક્ષણ પરીક્ષણનું માધ્યમ હિંદી રાખવામાં આવશે.

(૨) મુંબઇ રાજ્યની જે કોઈ કોલેજ હિંદીને શિક્ષણ પરીક્ષણના માધ્યમ તરીકે સ્વીકારવા ઇચ્છતી હશે અને તે જે યુનિવર્સિટીના ક્ષેત્રમાં હશે તે યુનિવર્સિટી તેને તેમ કરવાની ના કહેતી હશે તો તે કોલેજને આ યુનિવર્સિટી સરકારની રજાથી પોતાની અંદર લઇ શકશે.

(૩) વડી તથા પ્રદેશ સરકારોની નોકરી માટેની સ્પર્ધાની પરીક્ષા-ઓની તાલીમ આ યુનિવર્સિટી આપશે.

(૪) લશ્કરી તાલીમની જોગવાઇ કરી શકશે તથા એન. સી. સી. માટે પોતાનાં નાણાં વાપરી શકશે.

આજ સુધી વલ્લભવિદ્યાનગરની શિક્ષણ સંસ્થાઓ અથવા તો કોલેજોમાં ગ્રામીણ જેવું કશું પણ તત્વ જોવામાં આવ્યું નથી, સિવાય કે આ શિક્ષણ સંસ્થાઓનો પડાવ કોઇ મોટા શહેરથી દૂર ગામડાંઓ વચ્ચે નાખવામાં આવ્યો છે અને સંસ્થાના નિર્માતાઓ દાવો કરે છે તે મુજબ સંસ્થાનાં મકાનો ઘણાં ખરાં ત્યાંની ધરતીની માટીમાંથી પકાવેલી ઇંટોનાં બનાવેલા છે. ત્યાં ઉભી કરવામાં આવેલી કોલેજો આબેહુબ અન્ય યુનિવર્સિટીની જ નકલ છે. સારાંશ કે ત્યાં અપાતા શિક્ષણને કોઇ પણ પ્રકારનો ગ્રામીણ રંગ હજુ સુધી આપવાનો પ્રયત્ન થયો નથી અને જે આકારની નવી યુનિવર્સિટીની કલ્પના કરવામાં આવી છે તે આકારમાં આવો રંગ અપાવાની કોઈ શકયતા નથી. કારણ કે જો આ યુનિવર્સિટીને ગ્રામીણ રંગ આપવો હોય તો તેમાં ઓછામાં ઓછી આટલી બાબતો તો હોવી જ જોઇએ.

(૧) તેનું શિક્ષણમાધ્યમ તળપદી ગુજરાતી હોવું જોઈએ.

(૨) તેમાં વિદ્યાર્થીઓની ભરતી બુનિયાદી તાલીમના પાયા ઉપર રચાયલી વિનીત સુધીનાં ધોરણો વાળી ગ્રામશાળાઓમાંથી જ કરવાનો પ્રબંધ હોવો જોઇએ.

(૩) તેનો અભ્યાસક્રમ સ્વતંત્ર અને ગ્રામસેવકો અથવા તો આદર્શ ગ્રામજનો ઉભા કરવાની દૃષ્ટિએ ઘડાવો જોઇએ, જે અહિં શકય નથી કારણ કે હિંદી માધ્યમ ચાહતી અન્ય કોલેજોને આ યુનિ-વર્સિટીમાં જોડવાની જોગવાઈ પ્રારંભથી જ વિચારવામાં આવી છે અને તેથી આ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ પણ તદ્નુરૂપ જ રાખવાનું અનિ-વાર્ય બનવાનું છે.

આ ત્રણે બાબતોને આ નવી યુનિવર્સિટીમાં બીલકુલ અવકાશ નથી. વળી અમુક યુનિવર્સિટીને ગ્રામીણ કહેવી અને ત્યાં વડી તથા પ્રદેશ સરકારોની નોકરી માટેની સ્પર્ધાની પરીક્ષાની તાલીમ માટે જોગવાઈ કરવાનું કહેવું આ પણ પરસ્પરવિરોધી છે.

આ રીતે વિચારતાં જ્યારે ગુજરાત યુનિવર્સિટી રેસેડેન્સીયલ (એકસ્થાની તેમજ એકકેન્દ્રી) તેમ જ ઓફીલીએટીંગ એટલે કે અન્ય કોલેજોના જોડાણની સગવડ આપતી એક કેન્દ્રસ્થ શિક્ષણ સંસ્થા નજીકમાં જ છે અને એકસ્થાની અને એકકેન્દ્રી એટલે કે રેસીડે-ન્સીયલ એવી વડોદરા યુનિવર્સિટી પણ બાજુએ જ છે ત્યારે આ એક નવી યુનિવર્સિટી કેમ ઉભી થવા પામી અથવા તો મુંબઇ સરકારે આ યુનિવર્સિટીને કેમ ઉભી થવા દીધી? આ એક વિચારણીય પ્રશ્ન છે. આના ઉત્તરમાં એટલું જ જણાવી શકાય તેમ છે કે શ્રી. ભાઇલાલભાઈ વલ્લભવિદ્યાનગરનું યુનિવર્સિટીમાં રૂપાન્તર કરવાનું સ્વપ્ન વર્ષોથી સેવી રહ્યા હતા અને એ દૃષ્ટિએ એ કેન્દ્રને વિકસાવી રહ્યા હતા. બીજી બાજુએ પોતાના પ્રદેશમાં આવેલી યુનિવર્સિટીઓએ અને કોલેજોએ હિંદીને શિક્ષણમાધ્યમ તદ્દીકે સ્વીકારવું જોઇએ એવી નીતિ મુંબઇ સરકાર તરફથી કેટલાક સમય પહેલાં જાહેર કરવામાં આવી હતી અને એમ છતાં મુંબઈ પ્રદેશની એક પણ યુનિવર્સિટીએ એ નીતિનો હજુ સુધી સ્વીકાર કર્યો નહોતો. તેથી મુંબઇ રાજ્યને ઉપર જણાવેલ પોતાની નીતિ સ્વીકારે એવી એક યુનિવર્સિટી જોઇતી હતી. આ બન્ને પક્ષની ભિન્ન ભિન્ન આકાંક્ષામાંથી પ્રસ્તુત યુનિવર્સિટીનો જન્મ થયો લાગે છે. એક બાજુએ અન્ય કોલેજોનું જોડાણ કરતી ગુજરાત યુનિવર્સિટી છે અને

બીજી બાજુએ એકસ્થાની–એકકેન્દ્રી–રેસીડેન્સીયલ વડોદરા યુનિવર્સિટી છે–તો પછી એ ઉભયનું વિચિત્ર મીશ્રણ ધ્યાનવતી આ નવી યુનિવર્સિટી શા માટે એવી ટીકાનો જવાબ આપવાના હેતુથી આ યુનિવર્સિટીને 'વીલેજ'નું લેબલ લગાડવામાં આવ્યું હોય એમ લાગે છે. બાકી આ યુનિવર્સિટીના, ઉદ્દેશો અને યોજના વિચારતાં 'પર્ણકુટિ' નામે ઓળખાતા પૂનાનાં એક રાજમહેલમાં જેમ પર્ણકુટિ જેવું કશું દેખાતું નથી તેવી જ રીતે આ ગ્રામીણ વિદ્યાપીઠમાં ગ્રામીણપણાનું કોઈ વિશિષ્ટ તત્ત્વ નજરે પડતું નથી એમ સખેદ જાહેર કરવું પડે છે. આને બદલે આ યુનિવર્સિટીને વલ્લભવિદ્યાનગર હિંદી યુનિવર્સિટી નામ આપવામાં આવ્યું હોત તો તે વધારે સાર્થક બનત અને પ્રમાણિક દેખાત.

ગ્રામીણ વિદ્યાપીઠ કેવી હોવી જોઇએ તેનો કાંઇક ખ્યાલ લેવો હોય તો સૌરાષ્ટ્રમાં સણોસરા ખાતે ઉભી થઈ રહેલ 'લોક ભારતી' તરફ લોકોએ નજર કરવી જોઇએ. આ ઉપરથી કોઈ એમ ન સમજે કે ત્યાં એક ગ્રામીણ વિદ્યાપીઠ પૂર્ણ રૂપમાં ઉભી થઇ ચુકી છે. ઉલટું તે હજુ બીજદશામાં છે. તેના સંચાલકો લોકભારતીને ગ્રામીણ વિદ્યાપીઠનું ચોક્કસ રૂપ આપવાનો પ્રયત્ન કરી રહ્યા છે. અને એ દિશાએ તેમનામાં ખૂબ મંથન ચાલી રહ્યું છે. તેમની પાસે ચોક્કસ ખ્યાલો છે અને તેમાં પણ નવા નવા અનુભવે સતત પરિવર્તન થઈ રહ્યું છે. એમ છતાં આ લોકભારતી આજે જેવી છે તે જોતાં કોઇને પણ કબુલ કરવું પડશે કે આપણે જેને ગ્રામીણ વિદ્યાપીઠ કહીએ છીએ તેનો આછો પાતળો નકશો અહિં આંકાઇ રહ્યો છે.

આ ચર્ચાના સારરૂપ મુંબઈ સરકારને એટલી જ વિનંતિ કે આ નવી યુનિવર્સિટી સાચા અર્થમાં ગ્રામીણ બને તે માટે તેની યોજનામાં અને રચનામાં મુંબઈ સરકાર ધરમૂળથી ફેરફાર કરે અથવા તો તે યુનિવર્સિટી સાથે જોડાયલો વીલેજ શબ્દ પાછો ખેંચી લે. એમ નહિ બને તો એક નકલી વીલેજ યુનિવર્સિટી સાચી ગ્રામીણ વિદ્યાપીઠની કલ્પનાને મારી નાંખશે અને લોકોમાં એક ભારે બુધ્ધિવિભ્રમ પેદા થશે.

## 'મત મારો !', 'મત બચાઓ !'

આ મથાળું વાંચીને કોઈ પૂછશે કે આ 'મત મારો' તો સમજાય છે, પણ 'મત બચાઓ' એ શું ? તેનો જો એમ જવાબ આપવામાં આવે કે જૈનોના એક સંપ્રદાયસ્થાપકનો આ ઉપદેશ હતો અથવા તો તેમણે ઉપદેશેલુ અહિંસાને લગતું આ એક તત્ત્વદર્શન હતું તો સામો પ્રશ્ન થશે કે આ માનવતાના યુગમાં 'મત બચાઓ' એમ કોઇ ઉચ્ચારી શકે ખરૂં ? આ ધૃષ્ટતાનો યશ તેરાપંથી સંપ્રદાયના મુખ્ય આચાર્ય તુલસીના ફાળે જાય છે. તેઓ પોતાના સંપ્રદાયસ્થાપક આચાર્ય ભિક્ષુ ( મૂળ નામ ભિખ્ખમજી ) ની પ્રશસ્તિ કરતાં જણાવે છે કે—

> 'मत मारो' में अधिकृत रूप, अहिंसाका अभ्यर्थन है ।
> और 'बचाओ' की व्याप्ति, हिंसा का गुप्त समर्थन है ॥
> ऐसे सूक्ष्मेक्षण में कैसा, आध्यात्मिक अपनत्व मिला ।
> जीवन को आलोकित करनेवाला अभिनव तत्व मिला ॥

અર્થાત્, આચાર્ય ભિક્ષુએ 'મત મારો' એમ કહીને અહિંસાની અભ્યર્થના કરી અને 'બચાઓ' ની વ્યાપ્તિમાં હિંસાનું ગુપ્ત સમર્થન રહેલું છે. એવા સૂક્ષ્મ દર્શન દ્વારા તેમણે આધ્યાત્મિકતાનો સાક્ષાત્કાર કરાવ્યો. આમ જીવનને આલોકિત કરવાવાળું અભિનવ તત્વ, હે ગુરૂ, અમને આપની પાસેથી મળ્યું.

આ તત્વ ગુરૂ ભીખમજીએ કઇ રીતે બતાવ્યું છે એ આપણે ગુરૂ ભીખમજીના જ શબ્દોમાં જોઇએ. તેમણે રચેલી 'અનુકંપા ઢાળ' માંથી નીચેના બે ત્રણ નમુના આ બાબતમાં પ્રકાશ પાડવા માટે પૂરતા છે. આ ઢાળ મારવાડી ભાષામાં છે જેનો તે નીચે ભાવાર્થ આપવામાં આવ્યો છે.

કોઈ લાયસૂં બલતાને કાઢ બચાયો,
વલે કુવે પડતાને બચાયો;
વલે તાલાવમેં ડુબતાને બાહુરે કાઢે,
વલે ઉંચાથી પડતાને ઝાલ લીયો તાયો.
એ ઉપકાર સંસાર તણો છે,
સંસાર તણો ઉપકાર કરે છે,
તિણ રે નિશ્ચયહી સંસાર વધે તે જાણ

**ભાવાર્થ:**–અગ્નિમાં બળતા જીવોને કોઇ બહાર કાઢીને બચાવે, કુવામાં પડતાને કોઇ બચાવે, તળાવમાં ડુબતાને કોઇ બહાર કાઢે અથવા ઉપરથી પડતાને કોઇ ઝીલી લઇને કોઇ બચાવી લે તો એ બધા સંસારના ઉપકાર છે અને સંસારનો ઉપકાર કરનારનો નિશ્ચય સંસાર વધે છે તે જાણ.

જીવ બચાવે મુનિ નહિ,
પરને ન કહે બચાવ,
ભલો ન જાણે બચાવીઆ.

**ભાવાર્થ:**–જીવ બચાવે તે સાધુ જ નથી. સાધુ બીજાને બચાવવાનું કહે નહિ. તેમ બચાવનારે સારૂં કર્યું એમ માને નહિ.

ગૃહસ્થરે ઘર લાગી લાયો,
ઘર બારે નિકલીયો ન જાયો,
બલતા જીવ વિલવિલ બોલે,
સાધુ જાય કિંમાડ ન બોલે.

**ભાવાર્થ:**–કોઈ ગૃહસ્થના ઘરમાં આગ લાગી હોય અને અંદર રહેલા જીવો પોતાને બચાવવા માટે પોકાર પાડતા હોય તો પણ તે વખતે કોઈ સાધુ દરવાજો ખોલી તેની રક્ષા ન કરે.

આ ઉપરથી એમ ફલિત થાય છે કે આચાર્ય ભિખમજીના મતે કોઇને બચાવવું એ અધર્મ છે, પાપ છે અને તેથી કોઇ પણ પ્રાણીને બચાવવાની પ્રક્રિયા માત્ર અહિંસાના ઉપાસક માટે વર્જ્ય છે.

આજે આચાર્ય તુલસી અને તેમના અનુયાયીઓ તરફથી અણુવ્રતી આંદોલન જોરશોરથી ચલાવવામાં આવે છે, તેને વિનોબાજીના ભૂદાનના પૂરક કાર્ય તરીકે ઓળખાવવામાં આવે છે અને તે તરફ અનેક ભાઇ બહેનો આકર્ષાય છે. આ રીતે પણ આપણું સામાજિક જીવન જેટલું વિશુધ્ધ થાય એટલું આવકારદાયક છે. એમ છતાં પણ અણુવ્રતી આંદોલન વિષે એક વાત સૌ કોઇ સમજી લે કે એને લગતી શિક્ષાપત્રીમાં જે કાંઈ છે તે બધું નકારાત્મક છે. તેની અંદર દાન, દયા કે સેવાવૃત્તિને પ્રેરે એવો એકે આદેશ કે સૂચન નથી.

તેરાપંથની અહિંસાવિષયક વિચારણા હંમેશા નકારાત્મક રહી છે અને તેથી 'માનવતા' શબ્દથી આપણે આજે જે કાંઈ સમજીએ છીએ તેની તે વિરોધી બની છે. આ અભિપ્રાયને ઉપરની કાવ્યપંકિતઓથી તેમ જ ઉધ્ધૃત ઢાળોથી સવિશેષ સમર્થન મળે છે. આ જ પ્રમાણે તે પંથના મુખપત્ર 'જૈન ભારતી'માં પ્રગટ થતા આચાર્ય તુલસીના તેમ જ અન્ય સાધુઓના લેખો અવારનવાર દયા, દાન, અનુકંપા, તેમ જ સેવાની માનવીહૃદયમાં રહેલી કુણી વૃતિઓનું સીધું કે આડકતરૂં ખંડન કરતા માલુમ પડે છે. આ વૃત્તિઓને ઉતારી પાડવામાં, શૂન્યમૂલ્ય આલેખવામાં, પાંપગામી ચીતરવામાં જાણે કે તેઓ કૃતાર્થતા અનુભવતા હોય એવી આજ કાલ પ્રગટ થતા તેમના લેખો ઉપરથી આપણા મન ઉપર છાપ પડે છે. માનવતાલક્ષી ગાંધીજી અને વિનોબાનાં અનેક સાપેક્ષ કથનોનો પણ તેઓ નિષેધાત્મક અહિંસાના સમર્થનમાં ઉપયોગ કરતાં લેશમાત્ર સંકોચાતા નથી. તેઓ આજ કાલ જ્યાં ત્યાં મોટી સભાઓ ભરે છે અને તેમાં સમાજમાં વિશિષ્ટ સ્થાન પામેલી અનેક વ્યકિતઓને એક યા બીજી રીતે ખેંચી લાવે છે. આ સર્વ મહાશયો તેમના 'મત બચાઓ' વિષે પૂરી ચોખવટ કરતા રહે એવી તેમને નમ્ર પ્રાર્થના છે. તેરાપંથી ભાઇ બહેનો પણ કાંઇક સ્વતંત્ર રીતે વિચારતા થાય, આ 'મત બચાઓ'ના સિધ્ધાન્તમાં રહેલા અનર્થને બરોબર સમજે અને પોતાની પરંપરાગત માન્યતાઓનું જરૂરી સંમાર્જન કરે એવી તેમને વિનંતિ છે.

## રાજ્યપુનર્ઘટના પંચનો ચુકાદો અને મુંબઈ પ્રદેશની નવરચના

લાંબા વખતથી જેની રાહ જોવાતી હતી તે રાજ્ય પુનર્ઘટના પંચનો ચુકાદો તા. ૧૦-૧૦-૫૫ ના રોજ બહાર પડી ગયો. આ ચુકાદાની અનેક વિગતોની આપણે અહિં ચર્ચા નહિ કરીએ. મુંબઇ પ્રદેશ અને મુંબઈ શહેરનું તેમાં જે ભાવી-નિર્માણ સૂચવાયું છે તે બાબતનો જ આપણે વિચાર કરીશું.

આજના મુંબઈ પ્રદેશમાંથી આબુનો વિભાગ રાજસ્થાનમાં મૂકવાની, કર્ણાટક વિભાગ અલગ કરવાની અને કચ્છ, સૌરાષ્ટ્ર તથા હૈદ્રાબાદ રાજ્યમાં મરાઠાવાડાના નામે જે પ્રદેશ ઓળખાય છે તેને મુંબઇ પ્રદેશમાં સામેલ કરવાની અને એ રીતે મુંબઈ પ્રદેશને દ્વિભાષી પ્રાન્ત બનાવવાની આ પંચે ભલામણ કરી છે. આના પરિણામે મહારાષ્ટ્રીઓની ૪૮ ટકા અને ગુજરાતીઓની ૩૬ ટકાની વસ્તી વાળો આ નવો મુંબઇ પ્રદેશ બને છે. સાધારણ રીતે ભાષાને કેન્દ્રમાં રાખીને પ્રદેશોની પુનર્ઘટના કરવાના હેતુથી ઉભું કરવામાં આવેલું આ પંચ આવો દ્વિભાષી પ્રદેશ કેમ સૂચવે છે તેના પાયામાં મુંબઈ શહેરનું શું કરવું એ જટિલ પ્રશ્નની ગુંચવણ રહેલી છે. એક બાજુએ મુંબઈ પ્રદેશમાંથી મુંબઈ સાથે તારવેલું મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને મરાઠાવાડાને એકત્ર કરીને સંયુક્ત મહારાષ્ટ્ર રચવું એવી મહારાષ્ટ્રના આગેવાનોની માંગણી હતી. બીજી બાજુએ મુંબઇને અલગ રાખીને ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રનું મહાગુજરાત રચવું અને એ માંગણી સ્વીકાર્ય ન હોય તો મુંબઈ પ્રદેશને ઉપર જણાવ્યું તે મુજબ વધારે વિસ્તારવાળો દ્વિભાષી પ્રદેશ બનાવવો એવી ગુજરાતીઓની માંગણી હતી. મુંબઈ શહેરની અનેક વિશેષતાઓ તેમ જ મહારાષ્ટ્રીઓનું મુંબઈ શહેરમાં ૪૪ ટકાનું વસ્તીપ્રમાણ જોતાં મુંબઇને મહારાષ્ટ્રમાં ભેળવીને સંયુક્ત મહારાષ્ટ્ર સૂચવવાનું પંચને યોગ્ય ન લાગ્યું. આ સંબંધમાં પંચ જણાવે છે કે "વસતી અને વિસ્તારનું કદ જોતાં તેમ જ પ્રાથમિક રીતે જ મુંબઇ એક શહેરી ઘટક છે એ હકીકત લક્ષ્યમાં લેતાં અમારા મત મુજબ ભારત રાજ્યના એક અલગ રાજ્ય તરીકે મુંબઇની રચના કરવી તે અમને યોગ્ય નથી લાગતું. બીજી બાજુ લોકશાહી ધોરણે આગળ વધેલા મુંબઈ રાજ્યના રાજકારણી જીવનનું બૃહત્ મુંબઇ એક ધીખતું કેન્દ્ર બનેલું છે અને તેને કેન્દ્રસંચાલિત એક નાનું ઘટક બનાવવામાં આવે તો એ આપણું એક પ્રકારનું પ્રત્યાઘાતી પગલું લેખાશે એમ અમને લાગે છે.

"બીજો એક એ મુદ્દો ધ્યાનમાં લેવા યોગ્ય છે કે વિદ્યુત્ શક્તિના અને પાણીના પુરવઠા માટે અને શહેરના ભાવી વિકાસ માટે પણ બૃહત્ મુંબઈ મહારાષ્ટ્રના પ્રદેશ ઉપર આધાર રાખે છે. મહારાષ્ટ્રના આન્તર પ્રદેશ સાથેનાં તેનાં કુદરતી જોડાણો પણ બૃહત્ મુંબઇને અલગ વહીવટી એકમ નહિ બનાવવાના પક્ષમાં એક મોટી દલીલ છે.

"મહારાષ્ટ્રથી મુંબઈ શહેરને અલગ પાડવાનું જેમ વહીવટી રીતે અનિચ્છનીય છે તેમ જ મહારાષ્ટ્રના એક અંગ તરીકે મુંબઇ રહે' અને ગુજરાતથી વહીવટી રીતે જુદું પડે તો તેના ભાવી વિકાસ ઉપર એટલી જ અવળી અસર નિપજવાનો સંભવ છે. બૃહત્ મુંબઇને મહારાષ્ટ્રનું અંગ બનાવવામાં આવે તો ગુજરાતી અને બીજી કોમોમાં તેથી ઘણો મોટો અસંતોષ પેદા થવાનો સંભવ છે, અને તેની આ વિસ્તારના ઔદ્યોગિક અને વ્યાપારી જીવન ઉપર કોઈ માઠી અસર પડશે નહિ એમ આશા રાખવી તે ગેરવહાપણભર્યું લેખાશે. અમને લાગે છે કે બૃહત્ મુંબઈનું મહત્વ એવું છે કે તેને અલગ કરવા જતાં અથવા તો મહારાષ્ટ્રમાં અન્તર્ગત કરવા જતાં વ્યક્તિગત રીતે ગુજરાત તેમ જ મહારાષ્ટ્રને અને સાથે સાથે સમગ્ર રાષ્ટ્રને ભારે નુકસાન થવા સંભવ છે અને તેથી એવું કોઈ પણ જોખમ ખેડવામાં અમને શાણપણ લાગતું નથી.

"મહારાષ્ટ્ર અને ગુજરાતથી બૃહત્ મુંબઇને અલગ પાડવાના પ્રશ્ન અંગે એક મહત્વની બાબત એ પણ લક્ષમાં લેવાની છે કે બૃહત્ મુંબઈની નાણાકીય પુરાંત ઉપર મહારાષ્ટ્રી તેમ જ ગુજરાતી-ઉભય વિસ્તારોને આધાર રાખવો પડે છે. મુંબઈ સરકારે પ્રસિદ્ધ કરેલાં આંકડા દર્શાવે છે કે ૧૯૫૩ ના માર્ચમાં પૂરાં થતાં ત્રણ વર્ષ દરમિયાન બૃહત્ મુંબઈની સરકારી પુરાંત રૂપિયા બાર કરોડ જેટલી હતી અને એવી વકી રાખવામાં આવે છે કે આ પુરાંત ઘટવાની નથી પણ વધવાની છે. એમ જણાવવામાં આવ્યું છે કે બૃહત્ મુંબઇને અલગ પાડવામાં આવે તો બૃહત્ મુંબઈની આ કંઈક અંશે મુંઝવનારી પુરાંત અને એટલી જ કંઈક અંશે મુંઝવનારી અન્ય વિસ્તારોની ખાધ વચ્ચે મેળ બેસાડી દેવો. એમ પણ સૂચવાયું છે કે બૃહત્ મુંબઈમાંથી નિકાસના વેચાણપરના કરનો કેટલોક ભાગ મુંબઈને મળતો બંધ કરી શકાય." આ આર્થિક મુદ્દાને લગતી બીજી પણ કેટલીએક સૂચનાઓની વિગતો આપીને પંચ જણાવે છે કે "અમે આ બધી દરખાસ્તોને પુરી સંભાળપૂર્વક તપાસી છે અને છેવટે એવા તારતમ્ય ઉપર આવ્યા છીએ કે સામાન્ય બંધારણીય સ્વરૂપથી વેગળી જતી કોઈ પણ કામચલાઉ વ્યવસ્થા અમુક મુશ્કેલીઓ ઉકેલે તે કરતાં બીજી વધુ મુશ્કેલીઓ કદાચ પેદા કરશે અને જે પરિસ્થિતિમાં આ કામચલાઉ વ્યવસ્થાની અજમાયેશ કરવાનું વિચારાયું છે તેનાથી નિર્ણીત ધ્યેય કદાચ પાર ન પણ પડે. આથી અમને એવો નિર્ણય લેવાની ફરજ પડે છે કે મુંબઈ પ્રદેશનું સંગઠિત સ્વરૂપ જળવી રાખવા સિવાય બીજો કોઈ પણ વિકલ્પ રાજ્યના કે પ્રજાના કલ્યાણની દૃષ્ટિએ લાભદાયી નીવડવા સંભવ નથી."

આ નવી રચનાથી કોઇ પણ પક્ષને પુરો સંતોષ થવા સંભવ નથી. મહારાષ્ટ્રના લોકોનું મુંબઇ સાથેનું સંયુક્ત મહારાષ્ટ્ર મેળવવાનું સ્વપ્ન આથી લુપ્ત થાય છે. મુંબઇને અલગ વહીવટી એકમ બનાવીને મહાગુજરાત રચવાનો ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છના લોકોનો મનોરથ પણ વણપૂર્યો રહે છે. આમ છતાં આખા દેશનું સમગ્ર હિત ધ્યાનમાં લઇને તેમજ મુંબઈ સાથેના પોતાનાં અનેક હિતો ગાઢપણે સંકળાયલા લક્ષમાં લઇને ગુજરાત સૌરાષ્ટ્ર તેમજ કચ્છના મોટા ભાગના આગેવાનો આ નવી રચનાને અપનાવવા તૈયાર હોય એમ લાગે છે. સીમાપંચે પણ પરસ્પરવિરોધી માંગણીઓ અને મુંબઈનું અખિલ ભારતીય મહત્વ ધ્યાનમાં લઇને યોગ્ય માર્ગ રજુ કર્યો હોય એમ આપણે સ્વીકારવું જ જોઇએ. વસ્તુતઃ મુંબઈ અલગ રાજકીય ઘટક બને અને મહારાષ્ટ્ર અને ગુજરાત પ્રત્યેક અલગ અલગ રાજ્ય બને એ રચના આદર્શ હતી. પણ ઉપર જણાવેલી મુંબઈ પ્રદેશની રચના પણ જે મહારાષ્ટ્રીઓ સ્વીકારવાને તૈયાર નથી તેઓ મુંબઇને અલગ રાખવાના વિચારને તોડી પાડવા આકાશ પાતાળ એકઠા કરત એમાં કોઈ સંદેહ નથી. આ નવી રચના નીચે મહારાષ્ટ્રીઓને ધારાસભામાં ૫૬ ટકા પ્રતિનિધિત્વ મળવા સંભવ છે. અને એ રીતે ગુજરાતીઓએ હંમેશાં લઘુમતીમાં જ રહેવાનું છે એ પણ નિશ્ચિત છે. આમ છતાં માત્ર ભાષાના ધોરણે જ નહિ પણ સમગ્ર રાષ્ટ્રના હિતાહિતના ધોરણે લેવાયલો નિર્ણય ગુજરાતીઓ સ્વીકારવાને તૈયાર છે, પણ આ બાબતમાં મહારાષ્ટ્રીઓ બેચેન છે. તેમને વિદર્ભનો મરાઠી-ભાષાભાષી આખો પ્રાન્ત મળ્યો અને મુંબઈ પ્રદેશમાં બહુમતી મળી તેથી કોઈ સંતોષ નથી. 'અમારા મુંબઇમાં કોઇનો ભાગ ન હોય' એ ઘેલછા તેમના મગજને ભમાવી રહી છે અને 'કામાતુરાણાં ન વિવેક લજ્જા' એ મુજબ કેવળ આવેશભર્યા રાષ્ટ્રવિઘાતક નિવેદનો તેમના આગેવાનો કમનસીબે પ્રગટ કરી રહ્યા છે. આપણે આશા રાખીએ કે આ આવેશ ક્ષણજીવી નીવડશે અને સમય જતાં શાણપણ અને ડહાપણનાં તત્વો મહારાષ્ટ્રી સમાજમાં વધારે સક્રિય બનશે, તેમનાં મગજ સમતોલ બનાવશે અને નવી યોજનાને અપનાવી લેવા તેઓ તૈયાર થશે.

મુંબઇ પ્રદેશને લગતો આ નવો ઉકેલ અદ્યતન સંયોગોમાં ઉભય પક્ષે સ્વીકારી લેવા યોગ્ય લાગે છે પણ તે ઉકેલ તો જ સાચો ઉકેલ લેખાશે કે જો બન્ને પક્ષ તેને ખેલદિલીથી આપનાવશે. એમ નહિ બને તો આ ઉકેલ જ નવા કોયડાનું રૂપ ધારણ કરશે અને

તેમાંથી ગુજરાતી દક્ષિણીના અનેક સંઘર્ષો પેદા થશે. ભાવીના ગર્ભમાં શું છે તેની આજે આપણે કોઇ આગાહી કરવાની સ્થિતિમાં નથી. આપણી તો એટલી માત્ર પ્રાર્થના હોય કે સૌના દિલમાં સન્મતિ અને સમભાવનો ઉદય થાય અને પ્રદેશવિભાજનના જટિલ પ્રશ્નનો આપણે બધા મળીને હવે સદ્ભાને માટે છેડો લાવીએ.

### દિગંબર આચાર્ય શાન્તિસાગરજીનો સ્વર્ગવાસ

નગ્નત્વના કારણે છેલ્લાં હજાર વર્ષથી જૈન દિગંબર સાધુઓની પરંપરા આપણા દેશમાંથી લગભગ નામશેષ થઈ હતી. તેને પુનર્જીવિત કરનાર દિગંબર આચાર્ય શાન્તિસાગરજી ૮૪ વર્ષની ઉમ્મરે ગયા સપ્ટેંબર માસની ૧૮ મી તારીખે કાળધર્મને પામ્યા. ૪૩ વર્ષ જેટલો લાંબો તેમનો દીક્ષાપર્યાય હતો. નિર્મળ અને ઉચ્ચ કોટિનું ત્યાગ-વૈરાગ્યપૂર્ણ તેમનું ચારિત્ર્ય હતું. તપપ્રધાન તેમનું જીવન હતું. જુનવાણી પરંપરા અવલંબિત તેમના સમગ્ર વિચારવળણ હતાં. છેલ્લાં દશ વર્ષ દરમિયાન ઉભા થયેલ જૈન મંદિરમાં હરિજન પ્રવેશના તેઓ કટ્ટર વિરોધી હતા અને તે ખાતર કેટલાય દિવસો યા મહીનાઓ સુધી તેમણે અનાજનો ત્યાગ કર્યો હતો અને માત્ર દુધ ફળ ઉપર તેઓ રહેતા હતા. દિગંબર સમાજના બહુમાન્ય પંડિત ડૉ. હીરાલાલ જૈને દિગંબર સંપ્રદાયના મૂળ ગ્રંથોનું સંશોધન કરીને સ્ત્રીને સંયમ અને મોક્ષની અધિકારિણી પુરવાર કરી હતી. આ સંશોધનને સ્વીકારવા છતાં સ્થિતિ-ચુસ્ત સમુદાયના દબાણને વશ વર્તીને શાન્તિસાગરજીએ સ્ત્રી સંયમની અને મોક્ષની અધિકારિણી નથી એવી દિગંબરોની પુરાણી માન્યતાનું પુનઃ સમર્થન કર્યું હતું. આવા એક કટ્ટર મુનિપ્રવર શાન્તિસાગરજીના અવ-સાન સાથે એક બહુમાન્ય વયોવૃધ્ધ આચાર્યની દિગંબર સમાજને ખોટ પડી છે.

તેમણે પોતાના ઉત્તરોત્તર જીર્ણ થઇ રહેલા દેહનો મોહ છોડીને ૩૨ દિવસના સ્વેચ્છાસ્વીકૃત અનશનપૂર્વક જીવનવિસર્જન કર્યું હતું એ વીરપુરૂષોચિત કાર્ય માટે તેમને અનેક ધન્યવાદ ઘટે છે. માનવી પ્રકૃતિમાં જિજીવિષાની જડ સૌથી વધારે ઊંડી છે. ગમે તેવી વૃધ્ધાવસ્થા અને જર્જરિતતા હોય તો પણ મોટા મોટા સાધુ-મુનિવરની પણ જીવન-તૃષ્ણા છૂટતી નથી એ આપણા ચાલુ અનુભવનો વિષય છે, જ્યારે આચાર્યપ્રવર શાન્તિસાગરજીએ આંખોની શકિત મન્દ પડવા લાગી છે એમ માલુમ પડતાં-જો કે શરીર હજુ પણ પાંચ સાત વર્ષ ખેંચી શકે એમ હતું એમ છતાં-તા. ૧૭-૮-૫૫ ના રોજથી આમરણ સલ્લેખના વ્રત ધારણ કર્યું હતું; એથી સપ્ટેંબરથી જળપાનનો પણ ત્યાગ કર્યો હતો; ૧૮ મી સપ્ટેંબરે સવારના સાડા છ વાગ્યે હૈદ્રાબાદ રાજ્યમાં આવેલ કુંથલગિરિ પર્વત ઉપર 'જ્યોંકી ત્યોં ધર દીની ચદરિયા' કબીરની એ જાણીતી પંકિત મુજબ વિનશ્વર દેહનો ત્યાગ કરીને તેઓ સ્વર્ગે સીધાવ્યા હતા અને આમ મૃત્યુની સામે જઇને ભેટ કરવા બદલ જૈન સમાજના દિલમાં તેમણે ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. **પરમાનંદ**


## સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કીંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।=

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે

કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।=

## પ્રબુદ્ધ જૈન તથા પ્રબુદ્ધ જીવનની ફાઇલો

કીંમત રૂા. ૬, પોસ્ટેજ ૦।=

## ઋષભદેવ-ચરિત્ર ચિત્રાવલિ અંક

કીંમત રૂા. ૦।, પોસ્ટેજ ૦૪

પ્રાપ્તિસ્થાન:

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩


## સંઘના સભ્યો જોગ

### શરદપૂર્ણિમા નૌકાવિહારને બદલે 'વિહાર'-વિહાર

તા. ૩૧-૧૦-૫૫ સોમવારના રોજ રાત્રીના શરદપૂર્ણિમા અંગે નૌકા વિહાર યોજવા ધારેલ પણ તે માટે જરૂરી સ્ટીમ લોંચનો પ્રબંધ થઈ નહિ શકવાના કારણે તે જ રાત્રે મુંબઈ સમીપ આવેલ વિહાર સરોવર ઉપર સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે એક પર્યટણ યોજવામાં આવ્યું છે. આ માટે દશ વર્ષ ઉપરનાને રૂા. ૩ અને તેથી નીચેની ઉમરના માટે રૂા. ૨ આપવાના રહેશે. આ માટે ચાલુ માસની ૨૫ તારીખ સુધી સંઘના કાર્યાલયમાં નામો નોંધવામાં આવશે.

મુંબઇથી વિહાર સરોવર સુધી જવા આવવા માટે જરૂરી બસોની ગોઠવણ કરવામાં આવશે. આ બસો પાયધુની ટી. જી. શાહ બીલ્ડીંગના નાકેથી રાત્રીના બરોબર આઠ વાગે ઉપડશે અને રસ્તામાં રોયલ ઓપેરા હાઉસ સામે, પછી દાદર ખોરદાદ સરકલ ટ્રામ ટરમીનસ વીન્સેન્ટ રોડ ઉપરના બસ સ્ટેન્ડ પાસે, આગળ ચાલતાં કીંગ સર્કલ-પાસેના જૈન મંદિર પાસે તથા અંધેરી-કુરલા બસ સ્ટોપ "સાકીનાકા" પાસે ઉભી રહેશે. અને રાત્રીના બાર વાગ્યા લગભગ એ જ અનુક્રમે પાછી ફરશે અને અટકશે. પર્યટણમાં જોડાનાર ભાઇ બહેનોએ વ્યકિત દીઠ પોતાનો પાસ, એક વાડકો, રકાબી તથા ચમચો લાવવાના રહેશે. જેમની પાસે ઇલેકટ્રીક ટોર્ચ હોય તેઓ જરૂર સાથે લેતા આવે.

વિહાર સરોવર ઉપર દુધ પૌઆ આપવામાં આવશે તેમજ મનોરંજન થાય તેવો પ્રબંધ ગોઠવવામાં આવશે. આ પર્યટણમાં જે સભ્યોએ પોતાનું વાર્ષિક લવાજમ ભર્યું હશે તે જ સભ્યો જોડાઇ શકશે. આ પર્યટણમાં સર્વે સભ્યોને સામેલ થવા અને પર્યટણને સફળ બનાવવા અનુરોધ કરવામાં આવે છે.

### બાલ દીક્ષા પ્રતિબંધક બીલને ટેકો આપો

ગોંએ લેજીસ્લેટીવ કાઉન્સીલમાં શ્રી પ્રભુદાસ બાલુભાઈ પટવારી તરફથી રજુ કરવામાં આવેલ બાલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલને ટેકો આપવાનું જે આન્દોલન મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ચલા-વવામાં આવે છે તેને બને તેટલો વેગ આપવા, જ્યાં જ્યાં લાગવગ હોય તે તે સામાજિક સંસ્થાઓ પાસે ઠરાવ કરાવીને મુંબઈ સરકાર ઉપર મોકલી આપવા અને સંઘ તરફથી તૈયાર કરવામાં આવેલ અનુમોદન પત્રકો મેળવીને તે ઉપર બને તેટલી સહીઓ કરાવવા સંઘના સભ્યોને આગ્રહપૂર્વક પ્રાર્થના છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## —: ત્રણ કાણાં :—

ભકિત તો વરાળ જેવી છે. આમ એ દેખાય પણ નહિ છતાં બહુ ભેગી થાય ત્યાં ગમે તેટલા મણ વજન ખેંચી જાય એવી એનામાં તાકાત છે. છતાં જો કાણાં હોય તો તેનું જોર ભાંગી જાય છે. તેમ ભકિતમાં પણ કાણાં ન જોઇએ. ભકિતમાં ત્રણ જાતનાં કાણાં હોય શકે. ગાવું, રડવું અને પ્રદર્શન કરવું. તમે આખી રાત ભજન, કીર્તન કર્યા કરો અને એનું ઊંડાણ ન પામો એવી ભકિત શું કામની ? વળી ભકિત દ્વારા સંસારનાં દુઃખોને રડયા કરવાની તેમજ સંસારની અવગણના કરવાની વૃત્તિ હોય તે પણ ખોટું છે, અને ટીલાં ટપકાં પાઠપૂજા વગેરે દ્વારા ભકિતનું પ્રદર્શન કરવું તે પણ ભકિતની શકિત ઘટાડી દે છે, માટે આપણી ભકિતમાં પણ આંવા કાણાં ન હોય તે જરૂરી છે.—વિનોબા

**વિષય સૂચિ**


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ધર્મદૃષ્ટિનું ઊર્ધ્વીકરણ | પંડિત સુખલાલજી | ૧૧૩ |
| ભારતીય આરોગ્યનિધિ | | ૧૧૪ |
| **પ્રકીર્ણ નોંધ :** નૈતિક રખલનાના ચોકીદાર અને લોક શુદ્ધિના રખેવાળને ધન્યવાદ, ભાવુક-તાનો અતિરેક, ઈમીટેશન, વીસેજ યુનિવર્સિટી, 'મત મારો !', 'મત બચાઓ !', રાજ્ય પુનર્ઘટના પંચનો ચુકાદો અને મુંબઇ પ્રદેશની નવરચના, દિગંબર આચાર્ય શાન્તિસાગરજીનો સ્વર્ગવાસ. | પરમાનંદ | ૧૧૫ |
| પંડિત સુખલાલજી સન્માન યોજના | | ૧૨૧ |
| 'મારી અમેરીકાની યાત્રા' | | ૧૨૨ |

# પંડિત સુખલાલજી સન્માન યોજના

## અને સન્માન સમિતિઓની રચના

(થોડા સમય પહેલાં અમદાવાદ ખાતે પંડિત સુખલાલજી સન્માન મધ્યસ્થ સમિતિની સ્થાપના કરવામાં આવી છે અને એ સમિતિનું પ્રમુખસ્થાન માનનીય શ્રી ગણેશ વાસુદેવ માવળંકરે સ્વીકાર્યું છે. આ સમિતિએ નક્કી કરેલ સન્માન યોજનાની વિગતો તથા એ સમિતિના સભ્યો તેમ જ કાર્યવાહક સમિતિના સભ્યોની યાદી નીચે આપવામાં આવી છે. આ ઉપરાંત આ મધ્યસ્થ સમિતિના અનુસંધાનમાં મુંબઈ ખાતે એક સ્થાનિક સમિતિની રચના કરવામાં આવી છે. આ રચના કરવા માટે તા. ૨૯-૯-૫૫ ગુરૂવારના રોજ પંડિત સુખલાલજીના મિત્રો અને પ્રશંસકોની એક સભા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે ભારતીય વિદ્યા ભવનના કાઉન્સીલ હોલમાં મળી હતી. એ પ્રસંગે નક્કી કરવામાં આવેલ સ્થાનિક સન્માન સમિતિ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોની યાદી નીચે આપવામાં આવી છે. આ સમિતિનું કાર્યાલય શ્રી મુંબઇ જૈન યુવક સંઘ (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩) માં રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે.

વિશેષમાં સમાચાર મળે છે કે કલકત્તા ખાતે પણ પંડિત સુખલાલજી સન્માન સમિતિ રચાઈ ચૂકી છે અને એમાં ડૉ. સુનિતિકુમાર ચેટરજી, શ્રી ભાગીરથજી કાનોડિયા, શ્રી છોટેલાલજી જૈન, શ્રી સોહનલાલજી દુગડ, બાબુ રાજેન્દ્રસિંહજી સિંધી, બાબુ નરેન્દ્રસીંહજી સિંધી, શ્રી સીતારામજી સેકસરિયા, શ્રી ભંવરમલજી સિંધી, શ્રી મોહનલાલજી સેંગર, બાબુ વિજયસિંહજી નાહર, બાબુ રામચંદ્રજી સિંધી, શ્રી કલ્યાણમલજી લોઢા, શ્રી વિદ્યાભૂષણ ચિંતામણી વગેરે સામેલ થયા છે તથા શાહુ શાંતિપ્રસાદ જૈન, ડૉ. કાલીદાસ નાગ વગેરે જોડાવા સંભવ છે. તંત્રી)

**ભારતીય તત્ત્વજ્ઞાન અને દર્શનોના વિખ્યાત વિદ્વાન અને સમન્વયકાર પંડિત સુખલાલજી આગામી ડીસેમ્બર માસમાં ૭૫ વર્ષ પુરાં કરે છે તે નિમિત્તે તેમનું અખિલ ભારતીય ધોરણે સન્માન કરી શકાય તે હેતુથી નીચે મુજબની યોજના નિર્ણિત કરવામાં આવી છે.**

**(૧) પંડિત સુખલાલજીના સન્માનાર્થે અખિલ ભારતીય ધોરણે એક સન્માનનિધિ એકઠો કરવો.**

**(૨) આ સન્માનનિધિમાંથી પંડિત સુખલાલજીના લેખોનો એક સંગ્રહ બહાર પાડવો.**

**(૩) તે જ નિધિમાંથી આગામી ડિસેંબર માસ બાદ, મુંબઈમાં, યોગ્ય સમયે, પંડિત સુખલાલજી અંગે એક સન્માન સમારંભ યોજવો.**

**(૪) બાકી રહેલ સન્માનનિધિની રકમ, ઉપર જણાવેલ સન્માન સમારંભ પ્રસંગે, પંડિતજીને અર્પણ કરવી.**

**(૫) ઉપર જણાવેલ કાર્યને પાર પાડવા માટે, અમદાવાદ ખાતે, એક પંડિત સુખલાલજી મધ્યસ્થ સન્માન સમિતિ ઉભી કરવી, અને તેનું મુખ્ય કાર્યાલય અમદાવાદમાં રાખવું.**

**(૬) આ જ હેતુ પાર પાડવા માટે, મુંબઈ, કલકત્તા તેમ જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં એક એક સ્થાનિક સમિતિ ઉભી કરવી અને આ સ્થાનિક સમિતિના સર્વ સભ્યોને મધ્યસ્થ સમિતિના સભ્યો લેખવા.**

**(૭) આવી સ્થાનિક સમિતિ ન ઉભી કરવામાં આવેલ હોય તેવા સ્થળની વિશિષ્ટ વ્યક્તિઓને પણ મધ્યસ્થ સમિતિમાં સામેલ કરવી.**

## પંડિત સુખલાલજી મધ્યસ્થ સન્માન સમિતિ, અમદાવાદ.

### મધ્યસ્થ કાર્યવાહક સમિતિ

શ્રી. ગણેશ વાસુદેવ માવળંકર – પ્રમુખ
શ્રી. વિદ્યાબહેન રમણભાઇ નીલકંઠ-કાર્યાધ્યક્ષ
શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી-ઉપપ્રમુખ
શ્રી. કાકાસાહેબ કાલેલકર ,, ,,
શ્રી. સુનીતિકુમાર ચેટરજી ,, ,,
શ્રી. હરસિધ્ધભાઇ દ્વીવેટિયા ,, ,,
શ્રી. પુણ્યવિજયજી મહારાજ ,, ,,
શ્રી. રવિશંકર મહારાજ ,, ,,
શ્રી. જિનવિજયજી ,, ,,
આચાર્ય કૃપલાણીજી ,, ,,
શ્રી. ચીનુભાઇ ચીમનલાલ, મેયર ,, ,,
,, અમૃતલાલ હરગોવિંદદાસ ,, ,,
,, ચંદુલાલ ભીખાભાઈ સતીયા ,, ,,
ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ ,, ,,
શ્રી. ભોળાભાઇ જેસિંગભાઇ દલાલ ,, ,,
,, રસિકલાલ છોટાલાલ પરીખ–ક્રોષાધ્યક્ષ
,, દલસુખભાઈ માલવણિયા
,, યશવન્ત શુકલ
,, જેઠાલાલ ગાંધી
,, રતિલાલ દીપચંદ દેસાઈ
} મંત્રીઓ
પંડિત ખેચરદાસ જીવરાજ દોશી...સભ્ય
શ્રી. ઉમાશંકર જોષી ,,
,, ગૌરીશંકર ગોવર્ધનરામ 'ધૂમકેતુ' ,,
,, રવિશંકર મહાશંકર રાવળ ,,
શ્રી. પ્રભુદાસ બાલુભાઈ પટવારી સભ્ય
,, બચુભાઈ રાવત ,,
,, રતીલાલ મોહનલાલ ત્રીવેદી ,,
,, અનંતરાય રાવળ ,,
,, ચુનીલાલ વર્ધમાન શાહ ,,
,, ભોગીલાલ જ. સાંડેસરા ,,
,, બાલાભાઇ વીરચંદ 'જયભિખ્ખુ' ,,
,, ત્રિકમલાલ મહાસુખરામ ,,
,, સારાભાઈ ડાહ્યાભાઇ ,,
,, ગંગાબહેન ઝવેરી ,,
,, ધીરજલાલ ધનજીભાઇ શાહ ,,

### સન્માન સમિતિના અન્ય સભ્યો

શ્રી. ઝીણાભાઇ દેસાઈ 'સ્નેહરશ્મિ'
શ્રી. ચંદ્રકાંત જગાભાઇવાળા
પ્રો. સાંકળચંદ એમ. શાહ
ડૉ. નરસિંહ મૂ. શાહ
ડૉ. ધીરૂભાઇ ઠાકર
શ્રી. નંદલાલ બોડીવાળા
,, કપિલરાય મહેતા
,, કકલભાઇ કોઠારી
,, રમણલાલ શેઠ
,, કેશવરામ કા. શાસ્ત્રી
,, નગીનદાસ પારેખ
પ્રો. રામચંદ્ર આઠવલે
શ્રી. જિતેન્દ્ર જેટલી
શ્રી. છોટાલાલ ત્રીકમદાસ પારેખ
,, રસિકલાલ માણેકલાલ
,, મણિલાલ મગનલાલ અભ્ભા
,, નાગરદાસ કસ્તુરચંદ શાહ
,, મનુભાઇ જોધાણી
,, કાનજીભાઈ ચત્રભુજ શાહ
,, લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી
,, તારાબહેન પટેલ
ડૉ. પ્રિયબાળા શાહ
ડૉ. ઈન્દુકલા ઝવેરી
શ્રી. શંભુલાલ જગજીવનદાસ
,, જયંતિલાલ બાપાલાલ મહેતા
,, રત્નમણિરાવ ઝોટે
,, હરિનારાયણ આચાર્ય
,, ભારતીબહેન સારાભાઇ
,, મોહનલાલ પટેલ (એમ.જે.લાયબ્રેરી)
,, ત્રીભોવનદાસ ઠક્કર
,, સારાભાઇ મણિલાલ નવાબ
,, મોતીબહેન જીવરાજ
,, કમળાબહેન સુતરિયા
,, જેઠાલાલ જોષી
,, નરેન્દ્રભાઇ લાલભાઇ
,, રતીલાલ માણેકલાલ તેલી
,, અનિલભાઈ હેમચંદ્ર કાપડિયા
,, અંબાલાલ નૃ. શાહ
,, પન્નાલાલ ઝવેરી

## પંડિત સુખલાલજી સન્માન સમિતિ, મુંબઈ.

### કાર્યવાહક સમિતિ

શ્રી. શ્રેયાંસપ્રસાદ જૈન.....પ્રમુખ
,, પ્રાણુલાલ દેવકરણ નાનજી...ઉપપ્રમુખ
,, કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી ,, ,,
,, કાંતિલાલ ઈશ્વરલાલ ,, ,,
અધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલા ,, ,,
શ્રી. ખુશાલભાઈ ખેંગાર ,, ,,
,, ચીમનલાલ ચકુભાઇ શાહ
,, પરમાનંદ કુંવરજી કાપડિયા } મંત્રીઓ
,, મોહનલાલ મહેતા (સોપાન)
,, ચીમનલાલ પી. શાહ.....ખજાનચી
,, ખીમજી માડણ ભુજપુરીઆ...સભ્ય
,, લીલાવતીબહેન દેવીદાસ ,,
,, ભવાનજી અરજણ ખીમજી ,,
,, રતનચંદ ચુનીલાલ ઝવેરી ,,
,, ગીરધરલાલ દામોદરદાસ દફ્તરી ,,
,, જ્યોતિન્દ્ર હ. દવે ,,
પ્રો. મનસુખલાલ ઝવેરી ,,
શ્રી. કરસનદાસ માણેક ,,
,, ગુલાબદાસ બ્રોકર ,,
,, રામપ્રસાદ બક્ષી ,,
,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી ,,
,, રસિકલાલ મોહનલાલ ઝવેરી ,,
,, નવલમલ કુંદનમલ ફીરોદિયા ,,
,, તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી ,,
,, વાડીલાલ ડગલી ,,

### સન્માન સમિતિના અન્ય સભ્યો

શ્રી. મંગળદાસ પકવાસા
, કેદારનાથજી
,, શાન્તિલાલ હ. શાહ
,, તારાબહેન માણેકલાલ પ્રેમચંદ
શ્રી. ઇન્દુમતીબહેન ચીમનલાલ
,, મનુ સુબેદાર
,, બાબુભાઈ ચીનૉય
,, રતીલાલ મૂળજી ગાંધી
,, લાલચંદ હીરાચંદ
શેઠ રામજીભાઇ હંસરાજ
શ્રી. નાથુરામ પ્રેમી
,, ખુશાલદાસ કુરજી પારેખ
,, મણિલાલ બાલાભાઈ નાણાવટી
,, નાનાલાલ ચીમનલાલ મહેતા
,, ભોગીલાલ લહેરચંદ ઝવેરી
,, પોપટલાલ જી. શાહ
,, વિઠ્ઠલદાસ જેરાજાણી
,, ભોળાભાઈ જેસંગલાલ દલાલ
,, મણિલાલ મોહનલાલ હેમચંદ ઝવેરી
,, મણિલાલ મોહનલાલ ઝવેરી
,, રતીલાલ ચીમનલાલ કોઠારી
,, વરજીવનદાસ ત્રીભોવનદાસ
,, પ્રેમચંદ કરમચંદ કોટાવાળા
,, દુર્લભજી ઉમેદચંદ પરીખ
,, ભીખાભાઇ ભુદરભાઇ કોઠારી
શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહ
,, મનમોહન પુ. ગાંધી
,, રંભાબહેન મનમોહન ગાંધી
,, હીરાબહેન પાઠક
,, સુનંદાબહેન વોરા
,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ
,, ઉષાબહેન મહેતા
,, વેણીબહેન કાપડિયા
પ્રો. તારાબહેન રમણલાલ શાહ
શ્રી કાંતિલાલ હ. પંડ્યા
,, કુંગરસી ધરમસી સંપત
,, પ્રમોદભાઈ વીરચંદ શાહ
,, દુર્લભજી કેશવજી ખેતાણી
,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
,, લીલાધર પાસુ શાહ
,, રવિશંકર મહેતા
પ્રો. જયાનંદ દવે
શ્રી. રમણિકલાલ મણિલાલ શાહ
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ
,, ટી. જી. શાહ
,, અંબાલાલ ચતુરભાઇ શાહ
,, યશવંત દોશી
,, શાન્તિલાલ દેવજી નંદુ
,, તનસુખ ભટ્ટ
,, સારાભાઈ એન. શાહ

# 'મારી અમેરિકાની યાત્રા'

તા. ૧-૧૦-૫૫ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યક્રમે સંઘના કાર્યાલયમાં યોજાયલી સભામાં બહેન પુપુલ જયકર થોડા સમય પહેલાં બે મહીના માટે અમેરિકાના પ્રવાસે ગયેલાં, તે પ્રવાસનાં કેટલાંક સંસ્મરણો તેમણે વાર્તાલાપના આકારમાં રજુ કર્યા હતા. સભાની શરૂઆતમાં સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ બહેન પુપુલનો પરિચય કરાવ્યો હતો. 'કરણ ઘેલો' એ જાણીતી-સૌથી પહેલી એવી-ઐતિહાસિક નવલ કથાના લેખક સદ્‌ગત શ્રી. નંદશંકર તુલજાશંકરનાં બહેન પુપુલ પૌત્રી થાય, તેમજ વડોદરાના દીવાન સદ્‌ગત મનુભાઈ નંદશંકર મહેતાનાં ભત્રીજી અને સૌથી પહેલાં ગુજરાતી આઈ. સી. એસ. સદ્‌ગત વિનાયક નંદશંકર મહેતાનાં પુત્રી થાય. તેમના પતિ શ્રી. જયકર બેરીસ્ટર છે અને એસોસીએટેડ સીમેન્ટ કંપનીમાં જોડાયલા હોઇને હાલ દીલ્હી રહે છે. બહેન પુપુલ એક ભારે સંસ્કારસંપન્ન અને સત્વશાલી સન્નારી છે. મુંબઇ પ્રદેશની સ્ટેટ ઇન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટીવ એસોસીએશનનાં તેઓ એક ડીરેક્ટર છે, મુંબઇખાતે સર પ્રીરોજશાહ મહેતા રોડ ઉપર આવેલ 'બોમ્બે સ્ટેટ કોટેજ ઇન્ડસ્ટ્રીઝ'ના સંચાલનમાં તેઓ અગ્રસ્થાને છે. તદુપરાન્ત ભારત સરકારના સ્મોલ સ્કેઇલ ઇન્ડસ્ટ્રીઝ ખાતા સાથે સંબંધ ધરાવતા ઑલ ઇન્ડીઆ હેન્ડીક્રિફ્ટ બોર્ડના અને ઑલ ઇન્ડીઆ હેન્ડલૂમ બોર્ડના તેઓ એક સભ્ય છે. હેન્ડલૂમ ટેકસ્ટાઇલ ફેબ્રીકસ અને ડીઝાઇન્સ એ તેમના વિશિષ્ટ અભ્યાસનો તેમજ ખાસ શોખનો વિષય છે. થોડા સમય પહેલાં અમેરિકા (યુનાટેડ સ્ટેટ્સ) ના મુખ્ય શહેર ન્યુયોર્કમાં ધી મ્યુઝીયમ ઑફ મોડર્ન આર્ટ નામની એક સંસ્થા તરફથી હેન્ડવોવન ટેકસ્ટાઇલ્સ (હાથસાળનું કાપડ) અને ઓર્નામેન્ટલ આર્ટ્સ (ઘરેણાં-દાગીનાને લગતી સુશોભન કળા) નું એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું અને તેમાં એક ખાસ હિંદી વિભાગ રાખવામાં આવ્યો હતો અને તે વિભાગ માટે હિંદમાંથી હાથ-વણાટના કાપડના સંખ્યાબંધ નમુનાઓ અમેરિકા લઈ જવામાં આવ્યા હતા. આ પ્રદર્શન પ્રસંગે ભારત સરકાર તરફથી મોકલવા માટે બહેન પુપુલની પસંદગી કરવામાં આવી હતી. તેમનું મુખ્ય કામ હિંદી હાથસાળના કાપડની જુદી જુદી ડીઝાઇનો અને તે પાછળ રહેલી હિંદી સંસ્કૃતિ અને સભ્યતાની તેમ જ ઉચ્ચ કોટિની રસવૃત્તિની ભૂમિકા વિષે અમેરિકાની પ્રજાને સમજણ આપવાનું અને હિંદી બનાવટના આ પ્રકારના માલ માટે અમેરિકામાં સુરૂચિ પેદા કરવાનું અને માર્કેટ ઉભી કરવાનું હતું. આ માટે તેઓ અહિંથી ગયા એપ્રીલની ૮ મી તારીખે અમેરિકા ગયાં હતાં; ત્યાં બે માસ રહ્યાં હતાં; યુનાઇટેડ સ્ટેઇટ્સના એક છેડે થી બીજે છેડે વિચર્યાં હતાં; અનેક ક્ષેત્રોના – ત્યાંના કેટલાએક વિચારસ્વામીઓ અને જીવન ઘડવૈયાઓના-સંપર્કમાં આવ્યાં હતાં અને પાછા ફરતાં એક માસ યુરોપમાં રોકાયાં હતાં. બહેન પુપુલનો પરિચય આપતાં, આ ઉપરાંત એ પણ જણાવવું જરૂરી છે કે, તેઓ સ્વભાવે ચિન્તનશીલ છે, અને એ ક્ષેત્રમાં શ્રી. જે. કૃષ્ણમૂર્તિ પ્રત્યે એટલે કે તેઓ આજે જે વિશિષ્ટ કોટિનું જીવનદર્શન દુનિયા સમક્ષ રજુ કરી રહેલા છે તે તરફ સારી પેઠે આકર્ષાયલાં છે, સૌન્દર્યલક્ષી તેમની સમગ્ર જીવનદૃષ્ટિ છે, અને એ દ્વારા પરમ તત્ત્વને જાણવા, ઓળખવા આત્મસાત્ કરવા તેઓ સદા આતુર પ્રયત્નશીલ રહે છે. આ રીતે શ્રી. પુપુલ બહેનનો સંઘના મંત્રીએ પરિચય આપ્યો અને સંઘ તરફથી તેમને આવકાર આપવામાં આવ્યો. ત્યાર બાદ શ્રી. પુપુલ બહેને એક કલાક સુધી પ્રવાહબધ્ધ મધુર અંગ્રેજીમાં જે હેતુથી તેમનું અમેરિકા જવાનું થયું હતું તે વિષે, અમેરિકાના જીવન વિષે, કેટલીએક વિશિષ્ટ વ્યક્તિઓ સાથે તેમને મળવાનું બનેલું તેમના વિષે, હાલ ત્યાંનો અમુક વિચારક વર્ગ ઝેન-બુધ્ધીઝમ ધ્યાનપ્રધાન બૌધ્ધ દર્શનથી ખૂબ પ્રભાવિત છે તે વિષે, અમેરિકા આપણાં સંબંધે અને આપણા મહાપુરૂષો સંબંધે શું ધારે છે તે વિષે ભારે રસપ્રદ વાર્તાલાપ કર્યો અને એકત્ર થયેલા ભાઈ બહેનોને અત્યન્ત આનંદમુગ્ધ કર્યા. આ વાર્તાલાપનો સંક્ષિપ્ત સાર તેમણે લખી આપવા કહેલ છે. તે જ્યારે મળશે ત્યારે તે પ્રબુધ્ધ જીવનના વાચકો સમક્ષ સાદર કરવામાં આવશે.

પુપુલ બહેનનું કથયિતવ્ય પૂરૂં થયા બાદ સંઘ તરફથી તેમનો આભાર માનતાં શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે અમેરિકા વિષેના પોતાનાં કેટલાંક સમાન્તર સંવેદનો તેમજ અનુભવો રજુ કર્યા અને એ રીતે શ્રોતાજનોએ ઉભય વકતાઓ સાથે દોઢેક કલાક સુધી અમેરિકા-ઉડ્યનનો આનંદ માણ્યો અને કૃતાર્થતા અનુભવી.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈનવર્ષ ૧૪–પ્ર. જીવનવર્ષ ૩
અંક ૧૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેમ્બર ૧, ૧૯૫૫, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## અહિંસા મોળી કે તેજસ્વી

વિલાયતના એક વિદ્વાન ધર્મોપદેશકે એક સુભાષિત વાક્ય આપ્યું છે–It makes a world of difference whether you put Truth in the first place or in the second place–સત્ય પ્રત્યે માણસનાં મનમાં આદર હોય, નિષ્ઠા હોય, આખો જન્મારો એ સત્ય જ બોલતો હોય અને સત્યનિષ્ઠ તરીકે સમાજમાં એની પ્રતિષ્ઠા પણ હોય; છતાં, અણીને પ્રસંગે, કટોકટીને પ્રસંગે, સર્વનાશ ટાળવા માટે એ જો સત્યને ક્ષણ માટે પણ છોડી દે, સત્યને રસ્તેથી એકાદ પગલું બાજુએ જાય, તો એને સત્યૈક–પરાયણ ન કહેવાય. સત્યવાદી ધર્મરાજાનું સત્ દુનિયામાં એટલું પ્રખર હતું અને એવું સત્ દુનિયામાં એટલું વિરલ હતું કે ધર્મરાજાનાં રથનાં પૈડા જમીનને અડકતાં નહીં. તે વખતના ધર્મકારોની, અમુક વિચાર લોકોનાં મન પર ઠસાવવાની એ પદ્ધતિ હતી.

ધર્મરાજાએ કટોકટીને પ્રસંગે નરો વા કુંજરો વા કહ્યું, અને એમનો રથ તરત નીચે ઉતરી જમીનને અડયો. સત્યને જીવનમાં ગમે તેટલું ઊંચું સ્થાન આપો, એને માટે ગમે તે ત્યાગ કરો, પણ જો એને પ્રથમ ને ઠેકાણે બીજું સ્થાન આપો તો તમારું સત્ ગયું. એ મોળાં સત્‌માં એ તેજ નથી જ આવવાનું કે જે મરેલા માણસને, સમાજને કે દેશને જીવતો કરી બેસાડે. સત્ય પ્રત્યેની અનન્ય નિષ્ઠા માણસમાં અદ્‌ભૂત દૈવી શક્તિ ઉપજાવે છે અને એને યુગકર્તા બનાવે છે. પોતાની આત્મકથા અથવા સત્યના પ્રયોગો લખતી વખતે ગાંધીજીએ કહેલું કે "ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ પણ સત્યનો જય થાઓ ! અલ્પાત્માને માપવાને સારું સત્યનો ગજ કદી ટૂંકો ન બનો !"

જે વાત સત્યને વિષે સાચી છે તે જ અહિંસા વિષે પણ છે, જો કે ઉભય વચ્ચે એક મહત્વનો ફેર છે ખરો. સત્ય માણસને જેવું સમજાયું તેવું તેનું આચરણ કરવું માણસને માટે કદાચ ભલે હોય, પણ શક્ય છે, જ્યારે અહિંસા વિષેનો આપણો ખ્યાલ ભલે ગમે તેટલો ઊંચો હોય તો પણ તેનું પાલન એકદમ થઇ શકતું નથી. માણસ–જાતની અહિંસા તરફની યાત્રા બહુ જ ધીમે ધીમે ચાલતી આવી છે. અહિંસાની પ્રેરણા પ્રમાણે ચાલવાની શક્તિ માણસ કણશઃ અને ક્ષણશ વધારી શકયો છે.

માણસે જોયું કે જીવવું હોય તો અમુક હદ સુધી હિંસા કર્યા વગર છૂટકો નથી. જીવનની એ મર્યાદા છે.

એની સાથે માણસે એમ પણ જોયું કે જીવનયાત્રા ચલાવતા આપણે હિંસા જેમ જેમ ઓછી કરતાં જઇએ છીએ, ઘટાડતા જઇએ છીએ, તેમ તેમ આપણું જીવન ઉચ્ચ, સુગંધી અને સારપૂર્ણ બને છે. તેથી, જીવનસાધના એટલે અપરિહાર્ય ગણાતી હિંસામાંથી ધીરે ધીરે ઉગરી જઇ, વાંછનીય અહિંસા તરફ વધુને વધુ પ્રયાણ કરવું– એ છે. જીવનનો એ ધર્મ છે.

જેમ વ્યક્તિ ધીરે ધીરે અહિંસા તરફ પ્રયાણ કરે છે, તેમ સમાજ પણ ધીરે ધીરે અહિંસા સિધ્ધ કરતો જાય છે. દરેક સમાજની ભૂમિકા એકસરખી નથી હોતી. અમુક સમાજ કેટલીક દિશાએ ખૂબ આગળ વધેલો હોય છે; બીજો એ બાબતમાં પછાત હોય છે. તેથી એક સમાજ માટે જે અશક્ય હોય તે બીજો સમાજ સહેજે કરી બતાવે છે.

આવા તમામ સમાજોની સરવાળે જે પ્રગતિ થાય તે, અહિંસાની બાબતમાં, માનવજાતની યુગસિધ્ધિ ગણાય.

માણસજાતનો ધર્મ છે કે જે ભૂમિકા સુધી એણે પ્રગતિ કરી, ત્યાંથી એણે લપસવું ન જોઇએ. આગળ વધવાનું ભલે ધીમે ધીમે થાય, પણ જમાનાઓ સુધી કેળવેલી અહિંસાની મૂડી, મોહવશ થઇને એ ખોઇ ન બેસે.

પણ જો માણસજાતને યુગધર્મને વફાદાર રહેવું હોય તો જેટલી ઉંચાઇએ ચઢવા વિષે યુગધર્મ તકાજો કરે છે, એથી ઉતરતું સ્થાન એણે ન જ લેવું જોઇએ. અને તેમાંયે એરણની ચૂંટ કરી સોયનું દાન કર્યું એવી સ્થિતિ તો ન જ થવી જોઇએ.

જે લોકોએ જમાનાઓ સુધી અહિંસાનાં પ્રવચનો સાંભળ્યાં, અહિંસા અને તિતીક્ષાના અવતાર શ્રી મહાવીરને પોતાના ગુરૂ, પ્રેરક અને ભગવાન માન્યા, તેમણે તો અહિંસાની જીવનસિધ્ધિની બાબતમાં દુનિયાને મોખરે હોવું જોઇએ.

આજે કેટલાક જૈનો ભલે માંસ ખાતા હોય અને શિકાર પણ કરતા હોય, પણ સામાન્યપણે કહી શકાય કે જૈનોએ માંસાહારનો ત્યાગ કર્યો છે. તેઓ ઇંડા પણ ખાતા નથી, જનવરોને મારતાં નથી, માંકડ, ચાંચડ વગેરેનો નાશ કરતા અચકાય છે,–વાઘ વરૂને મારવામાં મદદ કરતા નથી, અને સાપ કે વીંછીને કોઇ એમના દેખતાં મારે તો દુઃખી થાય છે. જૈનો વિષે એમ પણ કહેવાય કે ગાય બળદની પાંજરાપોળ ચલાવવામાં તેઓ ઠીક ઠીક પૈસા ખરચે છે. કોઇ વાંદરા કે કુતરા મારે તો એમને રોકવાનો પ્રયત્ન કરે છે. કોઈ વખતે દેશમાં દુકાળ ફેલાય તો પીડિતોને ખવડાવવા માટે ફંડ ભેગું કરે છે. માંદાઓની સારવાર માટે ઇસ્પિતાલો ખોલવામાં ઉત્સાહ ધરાવે છે, અને અહિંસાને પ્રેરક એવું સાહિત્ય છાપવામાં નાણાંની જોગવાઇ કરી આપે છે.

જૈનોની અહિંસાનું બીજું ક્ષેત્ર છે શાકોની બાબતમાં. બહુ બીજ ફળો અને શાકો તેઓ નથી ખાઇ શકતા. જેમાંથી અનેક ફણગાઓ ફૂટી શકે છે એવા બટાકા તેઓ નથી ખાઇ શકતા. મધ પણ નથી ખાતા. એથી આગળ જઇને પાણીની વપરાશમાં સૂક્ષ્મ–જંતુ હત્યા ટાળવાની અમુક ચોકસાઈ તેઓ રાખે છે. અને સાધુઓ પોતાના બોલવાની પ્રક્રિયા દ્વારા જે વાયુકાયના સૂક્ષ્મ જંતુ મરવાની સંભાવના છે તે ટાળવા માટે મુહપત્તી બાંધે છે.

જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી સામાન્ય સમાજ કરતાં જૈનોની વિશેષતા ઉપરના વર્ણનમાં આવી જાય છે.

હવે સવાલ એ કે આટલાથી અહિંસાધર્મનું પૂરતું પાલન થઈ શકે ? અને ધારો કે દુનિયાના તમામ લોકો આટલા નિયમોનું પાલન કરે તો અહિંસાધર્મની સ્થાપના થઈ ગણાય ? ઉપરના તમામ નિયમોનું પાલન કરનારા અને કરાવનારા કેટલાક જૈન સાધુઓ શીઘ્રક્રોધી, દીર્ઘદ્વેષી, અભિમાની અને મત્સરી હોવા વિષે આપણે કેટલીક વાર

સાંભળીએ છીએ. તો શું આપણે એમની જીવદયાનો ખ્યાલ રાખી એમને અહિંસાના સાચા પ્રતિનિધિઓ ગણી શકીશું ?

આજે દુનિયામાં આહારને અર્થે, શિકારને અર્થે દવાઓ વગેરે તૈયાર કરવા માટે અને કેવળ વિનોદ ખાતર જે પ્રાણીહત્યા ચાલે છે તેનું સમર્થન ન જ કરી શકાય. જ્યાં સુધી દુનિયામાં ખોરાકની અછત છે, ત્યાં સુધી પશુપક્ષી અને માછલાં ખાનાર લોકોનો આપણે વાંક ન કાઢી શકીએ. બહુ બહુ તો મનમાં સમસમીને બેસી રહીએ. ઈંડા ખાનારા લોકો સાથે, એ આહારમાં હિંસા સમાઇ છે કે નહીં, એની ચર્ચામાં આપણે ન ઉતરીએ. પણ આહારનું ક્ષેત્ર છોડીને અન્ય ક્ષેત્રોમાં ચાલતી વિરાટ હિંસાનો જો આપણે વિચાર ન કરીએ તો અહિંસાધર્મી હોવાનો આપણો દાવો વ્યર્થ છે.

આજે દુનિયામાં મોટામાં મોટી હિંસા ચાલતી હોય તો તે બે ક્ષેત્રોમાં છે. ઉપરાઉપરી આવતા અને દર વખતે વધુ ને વધુ વિકરાળ થતાં મહાયુધ્ધો અથવા વિશ્વયુધ્ધો, અને એમાંથી ઉત્પન્ન થતા દ્વેષ, ક્રોધ, બીક અને આત્મઘાતી આંધળાપણું—એ બધું મળીને એક ક્ષેત્ર.

અને બીજું ક્ષેત્ર તે માણસ માણસને, એક સમાજ બીજા સમાજને, એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રને અને એક ખંડ બીજા ખંડોને નીચોવી ખાવાથી જે ઘોર અને અખંડ હિંસા થાય છે તે. આ બે ક્ષેત્રનો આજે જે વિચાર ન કરે અને એ દ્વિવિધ હિંસા ટાળવા માટે આવશ્યક જીવનપરિવર્તન અને હૃદયપરિવર્તન કરવા તૈયાર ન થાય તે અહિંસક નથી. તે સમાજમાં ગમે તેટલો પ્રતિષ્ઠિત હોય છતાં તે ઘાતકી અને મહાપાપી છે એમ આજનો યુગધર્મ પોકારીને કહે છે.

જાતિભેદ અને એમાંથી ઉત્પન્ન થતો ઉચ્ચનીચભાવ એ હિંસાનાં બે મોટાં ક્ષેત્રો છે. ગોરી ચામડીની પ્રજા શ્રેષ્ઠ—અને રંગીન અથવા કાળી ચામડીની પ્રજા ઉતરતી—એવો જે ભેદ ગોરાઓનાં મનમાં વસી ગયો છે, તે પણ મોટામાં મોટો ધર્મદ્રોહ, માણસાઈનો દ્રોહ અને હિંસા છે.

માણસને ભગવાને જે શરીર—શક્તિ આપી છે, બુદ્ધિ આપી છે, સંગઠન—કૌશલ્ય આપ્યું છે અને સાધન સંપત્તિ કુદરતમાં પાથરી રાખી છે તેનો ઉપયોગ સ્વાર્થ માટે ન કરતાં સમસ્ત પ્રજાઓને અને આખી દુનિયાને સુખી કરવા માટે છે. એ સમસ્ત સેવા મારફતે જે સંતોષ મળે છે તે જ ખરેખરો પરમાનંદ છે. અને એમાં જ સાચી અને પૂરી અહિંસા રહેલી છે. દુનિયામાં જે મહાયુદ્ધો થાય છે એની પાછળ બે જ વૃત્તિઓ કામ કરે છે. તમામ માણસજાત એક કુટુંબ છે અને આપણા પ્રેમના અને સેવાના સરખા જ અધિકારી છે એ વસ્તુ આપણે ભૂલી જઈએ છીએ અને પોતાનાં અને પરાયાં એવો ભેદ કરીએ છીએ એ એક દોષ. અને બીજો દોષ છે એ કે આપણે આપણા મોજશોખમાં અને આપણી સલામતીમાં એટલા બધા તલ્લીન થઇએ છીએ કે બીજાનાં દુઃખનો, મુશ્કેલીનો અને જોખમનો વિચાર જ કરતા નથી. અને વિચાર ઉગે તોયે લાગણીનું બુઠ્ઠાપણું કેળવી આંધળા થઈ જઇએ છીએ. તમામ યુદ્ધો, તમામ ઝગડાઓ અને દરેક પ્રકારના અન્યાયનાં મૂળમાં આ જ બે દોષો છે. એ દોષો દૂર કરવા માટે વપરાતી અહિંસા એ જ કારગર અસરકારક અને તેજસ્વી અહિંસા છે. એ સ્વીકારીએ તો આપણું મન સમાજસન્તાવાદને પ્રસન્નતાથી સ્વીકારશે અને જેતજેતામાં સર્વોદય તરફ પ્રયાણ કરશે.

એને માટે જે હૃદયનું આર્યત્વ અને વીરત્વ આવશ્યક છે તે આપણને મળે એવો આશીર્વાદ આપણે મહાવીર પાસેથી માંગીશું ? સહાવીરના અને પાર્શ્વનાથના કે નેમીનાથના મંદિરમાં જઈ આપણે ભગવાન પાસે શું શું માંગીએ છીએ એની યાદી જો આપણે તૈયાર કરીએ અને અહિંસાની કસોટી પર કસી જોઇએ તો નફફટમાં નફફટ માણસને પણ શરમ ઉપજે.

આજની દુનિયા એવા છેડા ઉપર આવી પહોંચી છે કે કાં તો સાચો અને તેજસ્વી અહિંસાધર્મ સ્વીકારીને સર્વોદયની સ્થાપના કરીએ અથવા આજે ચાલતી મોજમઝા અને અનુભવાતી સલામતીથી આંધળા થઈ વિનાશ તરફ પ્રયાણ કરીએ. ત્રીજો રસ્તો રહ્યો નથી.

પ્રાણીઓની અથવા તો માણસોની હત્યામાં રહેલી હિંસા ઉપરાંત જે બીજી સામાજિક હિંસા માણસને હાથે થાય છે તે તરફ જૈન વિચાર-પ્રણાલીનું ધ્યાન ગયું નથી એમ નથી.

સાધુઓ બળદ, ઘોડા, હાથી કે એવા બીજા પ્રાણીઓનો વાહન તરીકે ઉપયોગ કરતા નથી એ સારું છે. એ ઉત્તમ પક્ષ છે. પણ જ્યાં સુધી માણસ જનવરોનો ઉપયોગ કરે જ છે, ત્યાં સુધી એ પ્રાણીઓને ભૂખ્યાં તરસ્યાં ન રાખવાં, એમની પાસેથી હદ ઉપરાંત કામ ન લેવું, મચ્છરોથી એમનું રક્ષણ કરવું, એ થાકયા હોય, માંદા હોય કે ઘાયલ થયા હોય, ત્યારે એમના પ્રત્યે ખાસ દયાભાવ રાખી એમની સેવા કરવી, એ ધર્મ જૈન લોકો જાણે છે, માને છે, પણ ઉત્સાહપૂર્વક એનો પ્રચાર કરવા તરફ એમણે ખાસીયત બતાવી નથી.

મધમાખીઓની હત્યા કરી મધ મેળવાય છે એ જોઇ મધ ન લેવાય એવો નિયમ તો આપણે કર્યો, પણ એ બસ નથી. જેમ ગાયો પાળીને, એમને રાજી રાખીને એમનું દૂધ આપણે લઇએ છીએ, તેમ જ મધુમાક્ષિકા-પાલન પ્રત્યે, ધર્મ સમઝી, આપણે ઉત્સાહ કેળવવો જોઇએ. મધમાખોને માર્યા વગર, અને એમના બચ્ચાંને ભૂખ્યા રાખ્યા વગર, એમની પાસેથી મધ મેળવી શકાય એ વસ્તુ આજે બધાં જાણે છે. અને એ પવિત્ર ધંધામાં આવક પણ ઠીક ઠીક છે એ હવે સિધ્ધ થયું છે. ત્યારે જૈન લોકો પોતાની અહિંસાવૃત્તિ અને વેપારી બુદ્ધિ—બન્નેનું મિશ્રણ કરી, એ ધંધો દેશ આખામાં કેમ ખીલવતાં નથી ?

પણ મારે તો આજે બીજી જ વાત કરવી છે. જૈન સાહિત્ય વાંચતા મેં એવા દાખલાઓ જોયા છે કે માણસ સંયમ કેળવવા માટે બાવામાં અમુક વસ્તુઓ જ બાશે. વધારે ન બાય એવા નિયમો કર્યા છે—'ભાત બાઇશ તો બાસમતી નો જ બાઇશ'—'કેરી બાઉં તો આકુસ પાયરી જ બાઇશ'—'રત્નો પહેરીશ તો હીરા જ પહેરીશ.' એવા વ્રત કરનારા લોકોમાં પણ સંયમની વૃદ્ધિ થાય છે. એ જોઇ શાસ્ત્રોએ એમની કદર કરી છે. વેપાર વધારવામાં મર્યાદા સ્વીકારવી એ પણ અહિંસાનું એક તત્વ ગણાયું છે. પોઠમાં હજાર કે બે હજાર કરતાં વધારે બળદ રાખીશ નહીં, વેપારમાં લાખ કરતા વધારે મૂડી રોકીશ નહીં, એવા પણ નિયમો વણિક-વીરોએ કર્યા છે અને પાળ્યા છે.

ત્યારે આજના જમાનામાં આપણે એવો નિયમ કેમ ન કરીએ કે ઘરમાં અમુક કરતા વધારે નોકરો રાખીશું નહીં જે રાખીશું, એમને અમુક રકમ કરતા ઓછો પગાર આપીશું નહીં, એમની પાસે અમુક કલાક કરતા વધુ કામ લઇશું નહીં, અમુક પવિત્ર દિવસે તમામ નોકરોને ચઢતે પગારે છુટ્ટી આપીશું અને ઘરનું બધું કામ જાતે જ કરીશું—એવું અહિંસક વ્રત કેમ ન અજમાવીએ ? જ્યાં સુધી આપણા તમામ માનવી ભાઈ ભાંડુઓને છાશ-રોટલો મળતા નથી ત્યાં સુધી આપણે જાતે બાસુંદી પુરી બાઇશું નહીં એવું વ્રત લેવું એ પણ અહિંસા ધર્મનું ઉત્તમ લક્ષણ છે.

જૈન ધર્મ જે વસ્તુ ધર્મભાવના દ્વારા સમાજમાં દાખલ કરવા માંગે છે તે જ વસ્તુ આજનો સમાજસત્તાવાદ કાનુનરૂપી સત્તા મારફતે અને રાજ્યસત્તા મારફતે સમાજમાં દાખલ કરવા માંગે છે.

કાયદો કરીને ગૌહત્યા અટકાવવા માગનાર લોકોથી કાયદા મારફતે અમુક મૂડી કરતા વધારે મૂડી કોઈ રાખી ન શકે એવી સ્થિતિ જો કોઇ આણવા માગે તો એની સામે વાંધો તો ન જ ઉઠાવાય.

અમુક જાતના લોકોને ઉચ્ચ ગણવા અને અમુક જાતના લોકોને નીચ ગણવા એ પણ હિંસા જ છે, એ વાત વર્ણવ્યવસ્થાને વરેલા સનાતનીઓ ભલે ઝટ ન સમજે, પણ સૂક્ષ્મદૃષ્ટિ અને અતિસૂક્ષ્મ ધર્મબુદ્ધિવાળા જૈન નેતાઓ તો જરૂર સમજી શકે.

અહિંસાધર્મ ચાંચડ માકડ પ્રત્યેની જીવદયામાં સંપૂર્ણ નથી થતો. વિશાળ માનવસમાજમાં જે હૃદયની ક્રૂરતા રૂઢ થઈ ગઇ છે તેને દૂર કરવી અને માનવસમાજને માનવીહૃદય કેળવવામાં મદદ કરવી એ આજનો યુગધર્મ છે. એ યુગધર્મના આકલનમાં, પાલનમાં અને પ્રચારમાં અહિંસાધર્મી જૈન લોકો મોખરે હશે એવી અપેક્ષા છે.

કાકા કાલેલકર

# ગાંધીજી અને મણિભુવન

(ગાંધીજીની જન્મજયન્તી—બીજી ઓકટોબર ૧૯૫૫ રવિવાર—ના રોજ મણિભુવનનું ઉદ્‌ઘાટન કરતાં ગાંધી સ્મારક નિધિના પ્રમુખ શ્રી ગણેશ વાસુદેવ માવળંકરે પ્રમુખસ્થાનેથી કરેલું નિવેદન મણિભુવન સાથે જોડાયેલા ગાંધીજીના જીવનના અનેક મહત્વના પ્રસંગોની કડિબંધ યાદી રજુ કરે છે. તે મૂળ હિંદીમાં હોઇને તેના અરધા ભાગનો અનુવાદ નીચે આપવામાં આવે છે; બાકીનો ભાગ આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી)

મિત્રો,

ગાંધી સ્મારક નિધિના ઉદ્દેશોમાં એક એ ઉદ્દેશ છે કે જે સ્થાનોનો ગાંધીજીના કાર્ય અને જીવન સાથે સંબંધ હોય તે સ્થાનોનું રક્ષણ કરવામાં આવે. આ બધા જ સ્થાનોનું રક્ષણ નિધિ માટે લગભગ અસંભવ જેવું છે, તેમ અગત્યનું પણ નથી.

જે મર્યાદિત સાધનો અમારા હાથમાં છે તે દ્વારા અમે એવા કાર્યોને ઉત્તેજન આપવા માગીએ છીએ કે જે કાર્યોનો બાપૂએ હિંદુસ્તાનને સ્વતન્ત્ર કરવા તેમ જ દેશને એક નવું સ્વરૂપ આપવાના ઉદ્દેશથી આરંભ કર્યો હતો. જે સ્થળ કે જે વસ્તુ સાથે બાપૂને ઘનિષ્ઠ સંબંધ હતો તે સ્થળ કે તે વસ્તુની આપણે યત્નપૂર્વક જાળવણી નહી કરીએ તો ભવિષ્યની પ્રજા પ્રત્યે આપણે ખેદકારી દાખની ગણાશે. કેમકે જેઓએ બાપૂને પોતાની નરી આંખે જોયા નથી, તેઓ બાપૂ સાથે સંબંધ ધરાવતી વસ્તુને પોતાના ભૌતિક હાથોથી સ્પર્શ કરીને બાપૂને જોયાનો આનંદ માણશે—એમની મહત્તાનો અનુભવ કરશે. અત્યારે આપણે જોઇએ છીએ કે બૌધ જગત તેમ જ જે દેશ બુદ્ધનો અનુયાયી નથી તે પણ બુદ્ધ ભગવાનનું કંઇપણ સ્મૃતિચિહ્ન કયાંય પણ મળી જાય છે તો તેનું રક્ષણ કરવા કેટલી ઉત્સુકતા ધરાવે છે. તે દ્વારા તે મહાન વ્યકિત કે જેણે જીવનના ગહન રહસ્ય ઉપર ચિંતન મનન કર્યું, અને સત્યનું ઉજ્જવલ દર્શન પ્રાપ્ત કર્યું તેની કલ્પના કરી સંતોષ મેળવે છે.

આપણે બધાએ ગાંધીજીએ કામ કરતાં, કષ્ટ સહન કરતાં, સત્ય પ્રાપ્તિને અર્થે પ્રાર્થના અને મનન કરતાં, ઉપવાસ કરતાં, ઉત્તરોત્તર યુદ્ધને આરંભતા,—એમ અનેક રીતે જોયા છે. આપણા ચિન્તમાં એમના વ્યકિતત્વનો અને એમના દુબળા પાતળા શરીરમાં બળી રહેલી જ્યોતનો આભાસ છે, એટલે એમની સ્મૃતિને જાગૃત રાખવા કોઈ બાહ્ય સાધનની જરૂર નથી, પણ ભવિષ્યની પેઢીને આવાં સાધનોની જરૂર ઊંખના, રહેવાની છે. આ દૃષ્ટિકોણથી ગાંધી સ્મારક નિધિએ મણિભુવનને જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે.

સાબરમતી કે સેવાગ્રામ આશ્રમ કે જ્યાં બાપૂએ પોતાના જાહેર જીવનનાં કેટલાંએ વર્ષો વિતાવ્યા, જ્યાં રહીને એમણે સ્વાતંત્ર્ય યુદ્ધનું સંચાલન કર્યું એટલું જ નહી પણ અહિંસક જીવનપદ્ધતિના અનેક પ્રયોગો કર્યા, તેની તુલનામાં મણિભુવન આવી શકે તેમ નથી. છતાંયે મણિભુવનની જુદી રીતે વિશેષતા છે જેની ઉપેક્ષા કરી શકાય તેમ નથી. ૧૯૧૭ ની સાલથી ૧૯૩૩ સુધી મણિભુવન છુટક છુટક સમય માટે બાપૂનું નિવાસસ્થાન રહ્યું છે. સમય સમય પર બ્રિટીશ સત્તા સામે શાંતિમય પડકાર એમણે મણિભુવનમાં બેસીને ફેંકયા છે. ઠેઠ ૧૯૩૪ સુધી કોંગ્રેસની કાર્યકારિણીની બેઠકો માટે જ્યારે તેઓ મુંબઈ આવતા ત્યારે તેમનો નિવાસ અહિં જ રહ્યો છે.

ભારતની સ્વાતંત્ર્ય લડતમાં મુંબઇએ હંમેશાં આગળ પડતો ભાગ ભજવ્યો છે. રાજકારણમાં મુંબઇ સદાય જાગ્રત છે. બાપૂ પણ મુંબઇ તરફ આકર્ષાયેલા રહેતા હતા. જ્યારે જ્યારે બાપૂ મુંબઈ આવ્યા છે ત્યારે કંઈ ને કંઈ મહત્વપૂર્ણ ઘટના બની જ છે. આંદોલનો થયાં, કાર્યકારિણીની બેઠકો મળી અને વિદેશી શાસકો સામે પડકારો ફેંકાયા, તે બધાની સ્વાતંત્ર્ય યુદ્ધ ઉપર સારી જેવી અસર પડેલી છે. જાહેર જીવનના આરંભકાળથી બાપૂ સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે માર્ગ શોધી રહ્યા હતા, કોઇ એવી ચાવીની શોધમાં હતા જે ભારતની દબાઇ રહેલી તાકાતનો માર્ગ મોકળો કરી આપે. આ શોધ અને તલાશમાં મણિભુવનનો કંઈ ઓછો હિસ્સો નથી.

મણિભુવન હીરાના પ્રસિદ્ધ વ્યાપારી શ્રી. રેવાશંકર જગજીવન ઝવેરીની માલીકીનું છે. બાપૂએ ૧૯૧૫ માં જ્યારે પહેલવહેલો મુંબઇના કિનારે પગ મૂકયો ત્યારે તેઓ સાન્તાક્રુઝમાં રેવાશંકરભાઈની સાથે રહેલા. તે પછી મણિભુવન બંધાયું અને ૧૯૧૭માં બાપૂએ તેમાં પ્રથમ નિવાસ કર્યો, ત્યારથી તે એક તીર્થસમું બની ગયું છે. ૧૯૧૫ પછી બાપૂ જ્યારે જ્યારે મુંબઈ આવ્યા ત્યારે મણિભુવન સિવાય બીજે કયાંય ઉતર્યા જ નથી એમ કહેવા માટે તો ઊંડી તપાસ કરવી પડે. પણ એટલું નિશ્ચિત છે કે મણિભુવન બંધાયા પછી ઠેઠ ૧૯૩૪ સુધી ઘણો મોટો ભાગ તે જ બાપૂનું નિવાસસ્થાન રહ્યું છે. આ મકાનમાં બેસીને તેમણે સ્વાતન્ત્ર્યયુદ્ધમાં વેગ આણવાની ચર્ચાઓ કરી છે, અનેક કાર્યકારિણીની બેઠકો અહિં જ મળી છે, અને અનેક એવી જાહેરાતો અહિં બેસીને એમણે કરી છે જેથી બ્રિટીશ સામ્રાજ્યના પાયા હલી ઉઠયા.

આ એક આશ્ચર્યની વાત છે કે પહેલી કે બીજી જ વખતે જ્યારે બાપૂ મણિભુવનમાં ઉતર્યા હતા ત્યારે તેઓ ચરખાની તપાસ કરતા હતા. અહિં એ જાહેર કરી દેવું યોગ્ય ગણાશે કે અત્યારસુધી ગાંધીજી ચરખાને નજરે જોયા વિના જ તેના ગુણગાન ગાતા હતા. ૧૯૦૮ માં એમણે "હિન્દ સ્વરાજ" લખ્યું તેમાં તેમણે દેશની ગરીબી દૂર કરવાનું સાધન એક માત્ર ચરખાને ગણાવ્યો છે, છતાં ૧૯૧૭ સુધી પ્રત્યક્ષ ચરખાને જોવો એ એમને માટે બાકી હતું.

૧૯૧૬ માં સાબરમતી આશ્રમની સ્થાપના થઈ ચૂકી હતી. દરેક આશ્રમવાસી હાથવણાટનું જ કાપડ વાપરે એવો નિયમ કરવામાં આવ્યો હતો. કેટલાક વણકરો શોધી કઢાયા જેઓ મીલનું સુતર વણી જાણતા હતા. પણ મીલના સુતરનો ઉપયોગ ન કરવાના ધોરણથી ચરખાની શોધ ચાલી.

૧૯૧૭ માં બાપૂની ગંગાબેન મજમુદાર સાથે ભેટ થઈ. એમણે ચરખો શોધી લાવવાનું બીડું ઝડપ્યું અને શોધી લાવ્યાં. ગત વડોદરા રાજ્યના વિજાપુર જીલ્લામાં એમને ચરખાનો પત્તો મળ્યો. બીજી સમસ્યા હતી હાથબનાવટની પુણીની. જ્યાં બાપૂ બેસતા ત્યાં આગળથી બબે પિંજણ લટકાવીને એક પિંજારો રોજ પસાર થતો. બાપૂએ એને બોલાવ્યો. પુણી બનાવવા જેવું રૂ પિંજી આપવા તે તૈયાર થયો, પણ મજુરી આકરી માગી. બાપૂ તો કોઇ પણ કિંમત આપવા તૈયાર હતા મણિભુવનમાં કાંતણ વર્ગ શરૂ થયો, જેમાં સૌથી આગળ પડતા ઉત્સાહી વિદ્યાર્થી ગાંધીજી પોતે હતા. તબિયત નરમ હોવા છતાં એમનો કાંતવાનો ઉત્સાહ જરાયે નરમ નહોતો પડતો. ઉલટું ચરખાનું ગુંજન એમને આરામદાયક બનતું.

ગાંધીજીના જીવન સાથે વ્યકિતગત સંબંધ રાખતી એક બીજી ઘટના પણ મણિભુવનમાં બની. ગાંધીજીએ દૂધ ન પીવાનો સંકલ્પ કર્યો હતો. ૧૯૧૮ માં મરડાનો વ્યાધિ થયો ત્યારે આ સંકલ્પ બહુ બાધક રૂપ થઇ પડયો. ગાંધીજીએ ફોકપણ દવા કે ઇન્જેકશન લેવાનો ઇન્કાર ભણી દીધો. તબીયત વધારે બગડી. કોઇએ માંસની વાનગી અને ઇંડા ખાવાની સલાહ આપી. તે તો બાપૂ સ્વીકારે જ શાના ? બધા મિત્રો સ્વજનો લાચાર બન્યા. બહારગામ લઈ જવાની સલાહ મળી, અને સત્યાગ્રહઆશ્રમમાંથી એમને માથેરાન લાવવામાં આવ્યા. માથેરાન માફક ન આવ્યું અને મુંબઇ લાવીને મણિભુવનમાં રાખ્યા. ડૉકટરોએ કહ્યું કે જો બાપૂ દૂધ ન પીએ તો પછી અમારી પાસે કોઇ દલિલ જ નથી. બાપૂએ પોતાનો સંકલ્પ અને દૂધ પીવાની લાચારી બતાવી. કસ્તુરબા કે જે અત્યારસુધી બધી વાતચીત સાંભળતા હતા તેમણે કહ્યું "બકરીનું દૂધ સંકલ્પમાં નથી." બાપૂ માની ગયા. જીંદગી બચી તો ખરી, પણ વ્રતનો આવો અર્થ કરી દૂધ પી જીંદગી બચાવવામાં બાપૂ ખૂશી નહોતા. સત્યની ખોજમાં ફરનારા બાપૂને વારંવાર શંકા ઉઠયા કરતી "સત્યને ખાતર જીવન ન્યોચ્છાવર કરવામાં મેં પીછેહઠ નથી કરી ?" જે સવાલ ઉપર એક સામાન્ય મનુષ્ય જરાએ વિચાર ન કરે તે પ્રશ્ન આ સત્યભકતને મન જીવનમરણનો પ્રશ્ન હતો.

હવે રાજકારણને અંગે જે જે કલ્પનાઓ અને નિર્ણયો મણિભુવનમાં થયાં તે ઉપર હું આવું છું. રાજકારણમાં પડયા પછી એક જ વર્ષમાં બાપૂ દેશની મહત્વપૂર્ણ ઘટનાઓના કેન્દ્ર સમા બની ગયા હતા.

રોલેટ એકટને અમલમાં મૂકવાના કારણે તેના વિરોધમાં ગાંધીજીએ તા. ૬ ઠ્ઠી એપ્રીલ ૧૯૧૯ ના દિવસે દેશવ્યાપી હડતાલ પાડવાનો આદેશ આપ્યો. પણ કંઈક ગેરસમજણ થવાથી દીલ્હી અને અમ્રતસરમાં તા. ૩૦ મી માર્ચે આ હડતાલ પડી. સરકારે દમનનો કારડો વિંઝયો. ગાંધીજીને બોલવવામાં આવ્યા. પણ ગાંધીજી તા. ૬ ઠીએ મુંબઇમાં જ રહેવા ઇચ્છતા હતા એટલે તત્કાળ જઈ ન શકયા. મુંબઇમાં હડતાળ સંપૂર્ણ સફળ થઇ. ચોપાટી ઉપર હજારોની મેદની એકઠી થઇ. "હિન્દ સ્વરાજ" કે જે પુસ્તક સરકારે જપ્ત કર્યું હતું તેની હજારો નકલો ખુદ ગાંધીજી, અને સરોજિની નાયડુએ ત્રીસ અને ચાલીસ રૂપીએ વેચી. લોકોમાં નિડરતા આવી ગઇ, હસીખુશીથી જેલમાં જવા સંખ્યાબંધ લોકો બહાર પડયા.

તા. ૭મી ની રાત્રે બાપૂ અમ્રતસર જવા રવાના થયા. પણ પલવેલ સ્ટેશન ઉપર એમને પકડીને પાછા મુંબઇ લાવવામાં આવ્યા. કેમકે પંજાબમાં એમને મનાઈ હુકમ હતો. બાપૂની ગિરફતારીના ખબર સાંભળી લોકો ક્રોધિત થયા. તોફાન થવાનો ભય પેઠો. અને પાયધુની નજીક જ્યારે એમને જોયા ત્યારે પ્રજા ગાંડીતૂર બની. મોટું સરઘસ કાઢયું. સરકારે સરઘસ વિખેરવા ઘોડેસ્વાર દોડાવ્યા, સરઘસ વેરણ છેરણ થયુ અને કંઇક ઘાયલ થયા. અમદાવાદ અને નડિયાદમાં જે બન્યું તે ફરીથી જણાવવાની જરૂર નથી. ગાંધીજીએ જોયું કે સત્યાગ્રહ કરવા માટે પ્રજામાં જે સંયમ જોઇએ તે હજી આવ્યો નથી, અને તેથી મણિભુવનમાં બેસીને જનતાને તૈયાર કરવાનું કામ એમણે ઉપાડયું. સ્વાભાવિક રીતે જ આ કામ બહુ ધીમી ગતિએ ચાલતું હતું. આ અરસામાં હોર્નીમેન પકડાઈ ગયા હતા અને "બોમ્બે ક્રોનીકલ" તેમજ "યંગ ઇંડીયા" ની જવાબદારી ઓમરસુભાની તથા શંકરલાલ બેંકરે ઉપાડી હતી તેમજ ઈન્દુલાલ યાજ્ઞિકની મદદથી "નવજીવન" નું સંચાલન પણ તેઓ કરતા. આ બધાની જવાબદારી ઉપાડવાનું બાપૂને કહેવામાં આવ્યું. પછી ક્રોનીકલને થોડા વખત માટે બંધ રાખવાની સૂચના મળી અને "યંગ ઇંડીયા" અને "નવજીવન" નું સંપાદન કરવાનું બાપૂએ સંભાળી લીધું. આ એક મહત્વની ઘટના હતી. માત્ર સંપાદન જ નહી પણ સંપૂર્ણ રીતે બન્ને છાપાં સંભાળ્યા અને તે દ્વારા સત્યાગ્રહની આંતરિક શક્તિની વ્યાખ્યા જનતાના દિલમાં ઉતારી.

ગાંધીજી ફરીથી ખિલાફતના કારણે ૧૯૨૦ માં મુંબઈ આવ્યા. ખિલાફત સભામાં પોતાનો ઐતિહાસિક ઠરાવ સુંદર રીતે રજુ કર્યો. ત્યારેય એ સ્પષ્ટ હતું અને આજેય એટલું જ સ્પષ્ટ છે કે જો એમણે ખિલાફતનું દૃઢતાપૂર્વક સમર્થન ન કર્યું હોત તો ન તો ખિલાફત આંદોલન અહિંસાના આધાર ઉપર સંગઠિત થાત, ન બન્ને સંપ્રદાયોની તાકાતનો એકત્રપણે ઉપયોગ થાત.

અપૂર્ણ ગણેશ વાસુદેવ માવળંકર

# પ્રકીર્ણ નોંધ

## શ્રી જૈન કોન્ફરન્સ ઉદ્યોગગૃહ

મુંબઈ ખાતે સી. પી. ટેંક રોડ ઉપર આજથી લગભગ દોઢ વર્ષ પહેલાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ દ્વારા સંચાલિત કરવામાં આવેલ એક ઉદ્યોગગૃહ ચાલે છે. તા. ૯-૧૦-૫૫ ના રોજ આ ઉદ્યોગગૃહનો લોકસભાના સભ્ય શ્રી જયશ્રી બહેન રાયજીના પ્રમુખપણા નીચે એક સમારંભ ગોઠવવામાં આવેલો અને તે નિમિત્તે એક પ્રદર્શન પણ યોજવામાં આવેલું. આ ઉદ્યોગગૃહનું ઉદ્ઘાટન સ્વર્ગસ્થ વિજયવલ્લભસૂરિજીના શુભાશીર્વાદપૂર્વક કરવામાં આવ્યું હતું અને તેમની સ્વર્ગારોહણ તિથિ પ્રસ્તુત સમારંભનું નિમિત્ત હતી. આ સમારંભ પ્રસંગે હાજર રહેતાં અને યોજાયેલ પ્રદર્શન નિહાળતાં આ ઉદ્યોગગૃહને લગતી કેટલીક વિગતો જાણવા મળી.

આ ઉદ્યોગગૃહ માટે કોન્ફરન્સ તરફથી લાલબાગ જૈન મંદિર ચેરીટી ટ્રસ્ટે બંધાવેલ પાંચ માળનું એક મકાન વાર્ષિક રૂા. ૧૮,૦૦૦ નાં ભાડે રોકવામાં આવ્યું છે. આવા લતામાં આવું ખાલી મકાન આટલા ભાડામાં મળવું લગભગ અશકય ગણાય. લાલબાગના ટ્રસ્ટીઓના સદ્‌ભાવ અને મકાનના ઉપયોગ પાછળ રહેલા શુભ આશયના કારણે જ આ મકાન આ ભાડામાં મળી શકયું છે, ઉદ્યોગગૃહ હજુ વિકસતી દશામાં હોઇને આખા મકાનનો ઉદ્યોગો પાછળ એક સાથે ઉપયોગ કરવાનું શકય નહિ હોવાથી હાલ તુરત ઉપરના બે માળમાં એક વિદ્યાર્થીગૃહ ચલાવવામાં આવે છે અને તેનો લાભ કોલેજ કક્ષાના જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીઓને આપવામાં આવે છે અને તે વિદ્યાર્થીઓ દીઠ લેવામાં આવતી ટર્મ ફી રૂા. ૬૦ ની આવક ચાલુ ભાડામાં રાહતરૂપ બને છે.

ઉપર જણાવેલ હોસ્ટેલ વિભાગ ઉપરાંત આ ઉદ્યોગગૃહમાં હાલ ખાદ્ય વિભાગ, રમકડા વિભાગ, દેશી નામું વિભાગ, તથા શીવણ ભરતગુંથણ વિભાગ ચલાવવામાં આવે છે. હોસ્ટેલ વિભાગનો ૩૦ વિદ્યાર્થીઓ લાભ લે છે. ખાદ્ય વિભાગમાં ૧૨૫ બહેનોને અને રમકડા વિભાગમાં ૪૭ બહેનોને રોજી મળે છે. ૨૭ બહેનો શીવણનો ડીપ્લોમા કોર્સ તૈયાર કરે છે અને ૧૧૦ બહેનો શીવણ ભરતનો જનરલ કોર્સ કરે છે. ૩૦ ભાઈઓ પણ શીવણની તાલીમ લે છે અને ૫૦ ભાઇઓને દેશી નામાનું શિક્ષણ આપવામાં આવે છે.

આ ઉદ્યોગગૃહના લાંબા ઇતિહાસમાં આપણે નહિ ઉતરીએ. આજથી ત્રણ વર્ષ પહેલાં શ્રી. વિજયવલ્લભસૂરિની પ્રેરણાથી શ્રાવક શ્રાવિકા ઉત્કર્ષ ફંડ ઉભું કરવામાં આવેલ અને તેમાં આશરે સાડાત્રણથી ચાર લાખ રૂપિયા એકઠા થયા હતા. આ ફંડમાંથી એક ઉદ્યોગગૃહ ઉભું કરવાનો નિર્ણય કરવામાં આવ્યો; આ મકાન તે માટે ભાડે લેવામાં આવ્યું; અને તેની યોજના અને સંચાલન કરવા માટે પ્રારંભમાં ૨૦ સભ્યોની એક સમિતિ નીમવામાં આવી. આ સમિતિએ સમયાન્તરે રાજીનામું આપતાં શ્રી. શાન્તિલાલ મગનલાલ અને શ્રી તારાચંદ કોઠારીને તા. ૧૨-૧-૫૫ થી તા. ૩૧-૧૨-૫૫ સુધી આ ઉદ્યોગગૃહનું સંચાલન કરવાની જવાબદારી સોંપવામાં આવી.

આ પ્રમાણે થોડો વખત ઉદ્યોગગૃહનું કામકાજ ચાલ્યા બાદ અંદર તેમ જ બહાર કેટલોક મતભેદ ઉભો થયો, શ્રી તારાચંદ કોઠારીએ ઉદ્યોગગૃહના સંચાલનથી મુકત થવા માંગણી કરી. તે માંગણી સ્વીકારાયા બાદ ઉદ્યોગગૃહનું શું કરવું, તેના સંચાલન માટે શી વ્યવસ્થા કરવી એ કોન્ફરન્સની સ્થાયી સમિતિમાં એક મોટી ચર્ચાનો વિષય થઇ પડયો. આ સંબંધે રીપોર્ટ કરવા એક પેટા સમિતિની નીમણુંક કરવામાં આવી. એ પેટા સમિતિના રીપોર્ટ ઉપરથી શ્રી શાન્તિલાલ મગનલાલને ઉદ્યોગગૃહ વિષે વ્યવહારૂ યોજના રજુ કરવા જણાવવામાં આવ્યું. આ ઉભયના રીપોર્ટ ઉપર તા. ૨૪-૭-૫૫ ના રોજ મળેલી કોન્ફરન્સની સ્થાયી સમિતિએ (૧) શ્રી શાન્તિલાલ મગનલાલ શાહ, (૨) શ્રી રતિલાલ ઉજમશી શાહ, (૩) શ્રી લીલાવતીબહેન દેવીદાસ (૪) શ્રી ચતુરદાસ રાયચંદ અને (૫) આ ચાર જણની સમિતિ પાંચમું નામ જણાવે તે-એમ પાંચ વ્યકિતઓની 'શ્રાવક 'શ્રાવિકા ઉત્કર્ષ મુંબઈ સમિતિ' એ નામની એક સ્વતંત્ર સમિતિ નીમવાનો અને તે સમિતિને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉદ્યોગગૃહનો વહીવટ, સંચાલન અને વ્યવસ્થા સ્વતંત્રપણે સોંપવાનો ઠરાવ કર્યો. એ જ ઠરાવમાં આ ઉદ્યોગગૃહ તા. ૧-૮-૫૫ થી તા. ૧-૮-૫૯ એમ ચાર વર્ષ સુધી ચલાવવા માટે, આગલા વર્ષનું કાર્ય સંતોષકારક જણાયે પછીના વર્ષની ગ્રાન્ટ મળે એ સમજુતીપૂર્વક, ચાર વર્ષના ક્રમશઃ રૂા. ૨૦૦૦૦], રૂા. ૧૫૦૦૦], રૂા. ૧૫૦૦૦], રૂા. ૧૫૦૦૦] એમ કુલ રૂા. ૬૫૦૦૦] ની ગ્રાન્ટ શ્રાવક શ્રાવિકા ઉત્કર્ષ ફંડમાંથી આપવાનું મંજુર કરવામાં આવ્યું અને ઉપર જણાવેલ રૂા. ૨૦૦૦૦ ની પહેલા વર્ષની ગ્રાન્ટમાંથી નવી સમિતિને રૂા. ૫૦૦૦ તરત જ રોકડા આપવા તથા ચાલુ કામમાં જરૂર મુજબ કોન્ફરન્સે રૂા. ૫૦૦૦ ની લેવડદેવડની સગવડ

આપવી એમ પણ જણાવવામાં આવ્યું. તદુપરાન્ત આ ચાર વર્ષની રકમમાં ઉદ્યોગગૃહનું મકાન ભાડું, ટેક્સ વગેરેનો સમાવેશ થાય છે એટલે કે ગ્રાન્ટ મળતાં ખર્ચ વધે તો સમિતિએ જ પુરી કરવી એમ એ ઠરાવમાં સ્પષ્ટતા કરવામાં આવી.

આ પ્રમાણે નીમાયલી સ્વતંત્ર આકારની ચાર સભ્યોની સમિતિ આ ઉદ્યોગગૃહ ચલાવી રહી છે, જેના આજે ચાલી રહેલા કામકાજનું સ્વરૂપ ઉપર દર્શાવવામાં આવ્યું છે. કમનસીબે આ દરમિયાન કૉન્ફરન્સની સ્થિતિ ડામાડોળ બનતી રહી છે. અમુક ટ્રસ્ટીઓએ રાજીનામાં આપ્યાં છે; એક મુખ્ય મંત્રીએ પણ તાજેતરમાં રાજીનામું આપ્યું છે. એ મુજબ ઉદ્યોગગૃહ પ્રત્યે પણ કૉન્ફરન્સનું વળણ પાછું બદલાયું છે. જે કૉન્ફરન્સની સ્થાયી સમિતિએ જુલાઈ માસની આખરમાં ચાર સભ્યોની એક સ્વતંત્ર સમિતિ નીમીને તેને ચાર વર્ષના ગાળા દરમિયાન રૂા. ૬૫૦૦૦ ની રકમ ચાર હપ્તાથી આપવાનો ઠરાવ કર્યો હતો તે જ કૉન્ફરન્સની તા. ૧૦–૯–૫૫ ના રોજ મળેલી સ્થાયી સમિતિએ "કેટલાક સંયોગો અનુસાર તે ઉદ્યોગગૃહ બંધારણ અનુસાર ચલાવવાનું શક્ય નહિ લાગવાથી બંધ કરવાનો અને તા. ૩૧ ઑક્ટોબર ૧૯૫૫ સુધીમાં આટોપી લેવાનો અને તેનું બંધારણ મોકુફ રાખવાનો" ઠરાવ કર્યો છે.

આ સામે ઉપર જણાવેલ ઉદ્યોગગૃહ સમિતિએ પોતાનો સખ્ત વિરોધ દર્શાવતો અને એક વખત તેને સ્વતંત્ર સમિતિ જાહેર કર્યા બાદ આવી રીતે એ સમિતિને વિસર્જિત કરવાનો કે એ ઉદ્યોગગૃહ બંધ કરવાનો કૉન્ફરન્સની સ્થાયી સમિતિને અધિકાર નથી એ પ્રકારની રજુઆત કરતો કૉન્ફરન્સની સ્થાયી સમિતિ ઉપર તા. ૨૦–૯–૫૫ ના રોજ એક લાંબો પત્ર લખ્યો છે અને તે સંબંધમાં કૉન્ફરન્સની સ્થાયી સમિતિ તરફથી હજુ કશો નિર્ણય લેવામાં આવ્યો નથી. અને ઉદ્યોગગૃહ પૂર્વવત હજુ ચાલ્યા કરે છે. કૉન્ફરન્સની સ્થાયી સમિતિએ તા. ૧૦–૯–૫૫ ના રોજ ઉદ્યોગગૃહ સંબંધે લીધેલો છેલ્લો નિર્ણય યોગ્ય છે કે નહિ અથવા તો પ્રસ્તુત ઉદ્યોગગૃહ આજ સુધી જે રીતે ચલાવવામાં આવ્યું હતું અને તેને જે રીતે કૉન્ફરન્સે હવે પછીનાં ચાર વર્ષ દરમિયાન મદદ કરવાનો ઠરાવ કર્યો તે બંધારણપુરઃસર છે કે કેમ તેની ચર્ચા કરવી એ આ નોંધનો આશય નથી. જો ઉદ્યોગગૃહ જરૂરી છે અને ચલાવવું અને વિકસાવવું છે એવો સામુદાયિક નિરધાર કરશે તો જે બંધારણપુરઃસર ન લાગતું હોય તેને બંધારણપુરઃસર બનાવવાના અનેક રસ્તા જડી રહેશે. જો એથી પ્રતિકુળ નિરધાર હશે તો ઉભી કરેલ રચના બંધારણપૂર્વકની હોય તો પણ તેને ભાંગી નાંખવું બે બહુ મુશ્કેલ નથી. ઉપરની હકીકતો ઉપરથી એ સ્પષ્ટ છે કે આ ઉદ્યોગગૃહ આજે એક પ્રકારની કોકાકટીમાંથી પસાર થઇ રહેલ છે. એ સંગે તેને આટોપવાનો કોઇ પણ છેવટનો નિર્ણય લેવાય તે પહેલાં આ ઉદ્યોગગૃહના સંચાલન અને અસ્તિત્વ સાથે સીધી કે આડકતરી રીતે જોડાયલા ગૃહસ્થો–જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના આગેવાન કાર્યકર્તાઓ તેમ લાલબાગ જૈન મંદિરના ટ્રસ્ટીઓ–ને આટલું ગંભીરપણે વિચારવા–ધ્યાનમાં લેવા–નમ્ર પ્રાર્થના છે.

મધ્યમ વર્ગમાં લેખાતા જૈન સમાજ માટે મુંબઇમાં એક આદર્શ ઉદ્યોગગૃહ ઉભું કરવાનો વિચાર વર્ષોથી ચર્ચાતો રહ્યો હતો, પણ તે વિચારને અમલી રૂપ આપવામાં બે મોટી મુશ્કેલીઓ નજર સામે આવીને ઉભી રહેતી હતી. (૧) જરૂરી ફંડનો અભાવ (૨) જૈન સમાજ જે લતાઓમાં રહે છે તે લતાઓમાં જોઇતું મકાન મળવાની મસાધારણ મુશ્કેલી. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિની કૃપાથી જૈન કૉન્ફરન્સને આ માટે જોઇતું ફંડ મળી શકયું છે અને લાલબાગના ટ્રસ્ટીઓની સહાનુભૂતિ અને ઉદારતાના પરિણામે રીતસરના ભાડામાં યોગ્ય સ્થળે જોઇતું મકાન પણ મળી શકયું છે. કોઇ એવો દાવો નહિ કરે કે આજે ચાલી રહેલું ઉદ્યોગગૃહ સંપૂર્ણ છે. હજુ તો એ પ્રગતી દશામાં છે અને તેમાં વિકાસની અનેક શકયતાઓ છે. આજે જેમના હાથમાં આ ઉદ્યોગગૃહનું સંચાલન છે, તેઓ પૂર્ણ નિષ્ઠાથી એમ છતાં પણ પોતાની સુઝ મુજબ ઉદ્યોગગૃહ ચલાવી રહ્યા છે. તેમને શકિતશાળી અનેક ભાઈ બહેનોના સાથ અને સહકારની ખૂબ જ જરૂર છે એ વિષે પણ બે મત છે જ નહિ. આમ છતાં પણ કૉન્ફરન્સ પોતાના આન્તરિક ઝગડામાં આ ઉગતી સંસ્થાને જો સંકેલી લેશે કે સંકોચી લેશે, આજે હાથ ઉપર આવેલું મકાન જેનું છે તેને–તેમાંથી થોડી સરખી જગ્યા રાખીને કે રાખ્યા વિના–સુપ્રત કરી દેશે તો પછી કંઇ કાળ સુધી એક વિશાળ ઉદ્યોગગૃહ ઉભું કરવાનું–ખાસ કરીને મુંબઇ જેવા સ્થળમાં અને આવા લતામાં–શકય જ નહિ રહે, એટલું જ નહિ પણ 'ઉદ્યોગગૃહ' 'ઉદ્યોગગૃહ'ની ખુમો પાડનારા જૈનો ઉદ્યોગગૃહ ચલાવવાની કોઈ લાયકાત ધરાવતા નથી એમ લોકોને કહેવાનું કારણ મળશે એ સૌ કોઇ સ્પષ્ટપણે સમજી લે.

મુંબઇની એક સ્થાનિક સંસ્થા પાછળ કૉન્ફરન્સ આટલી બધી રકમ ખરચે એ યોગ્ય નથી એવો અભિપ્રાય કદિ કદિ શ્રવણગોચર થાય છે. આ ઉદ્યોગગૃહ પાછળ મૂળ અઢી લાખ રૂપિયા ખરચવાનો નિર્ણય લેવાયો હતો. આજ સુધીમાં રૂા. ૪૧૦૦૦ આ ઉદ્યોગગૃહ પાછળ ખરચાયા છે અને હવે પછીનાં ચાર વર્ષ માટે માત્ર રૂા. ૬૫૦૦૦ ની જવાબદારી સ્વીકારવામાં આવી છે. એટલે મૂળ કલ્પના સાથે સરખાવતાં આજે ખરચાયલી અને ખરચવા ધારેલી રકમ ઘણી નાની છે. પણ વસ્તુતઃ આવી બાબતનો આવી સાંકડી દૃષ્ટિથી વિચાર કરવો એ બીલકુલ યોગ્ય નથી. જો મુંબઈ જેવા મોટા શહેરમાં એક મોડેલ (આદર્શ) ઉદ્યોગગૃહ ઉભું કરવું હોય તો તે હંમેશા સારી રકમની અપેક્ષા રાખવાનું જ. પણ એક વખત મુંબઈમાં અનેક ઉદ્યોગોથી ધમધમતું મોટા પાયા ઉપરનું ઉદ્યોગગૃહ નિર્માણ કરવામાં આવશે તો તેમાંથી માર્ગદર્શન પામીને અનેક નાનાં સ્થળો પોતપોતાની મર્યાદા મુજબ બહુ સહેલાઇથી નાનાં નાનાં ઉદ્યોગગૃહો ઉભાં કરી શકાશે–આવી કલ્પનાપૂર્વક પ્રસ્તુત ઉદ્યોગગૃહનો વિચાર કરવો ઘટે છે.

માટે આ બાબતનો અંગત રાગદ્વેષથી અથવા તો મતભેદ–મનભેદથી અથવા તો પક્ષાપક્ષીથી વિચાર કરવો છોડી દઇને જે વર્ષોના મનોરથ પછી નાના છોડ રૂપે ઉભું થઈ શકયું છે તે ઉદ્યોગગૃહને વૃક્ષરૂપે વિકસાવવા પાછળ સૌ જવાબદાર જૈન ભાઇઓ તથા બહેનો પોતાની વૃત્તિ, બુદ્ધિ તેમ જ શકિતને કેન્દ્રિત કરે એવો આગ્રહપૂર્વક અનુરોધ છે. ફરી ફરીને કહેવાની–સૌ કોઇનું ધ્યાન ખેંચવાની–જરૂર છે કે કૉન્ફરન્સની આન્તરિક ખટપટના પરિણામે આ ઉદ્યોગગૃહને જો તાળું દેવાશે તો વર્ષો સુધી આવી વિશાળ જગ્યા મળવાની નથી અને અનેક શકયતાવાળું આવું ઉદ્યોગગૃહ ફરીથી ઉભું થઈ શકવાનું નથી. તેની સમિતિમાં સુધારો વધારો કે ફાવે તે ફેરફાર કરો તેમ જ આજે જે ચાલે છે તેમાં ઠીક લાગે તેવું પરિવર્તન કરો, પણ કોઈ પણ હિસાબે માત્ર જૈન સમાજને જ નહિ પણ વિશાળ જનસમાજને આશીર્વાદરૂપ આ ઉદ્યોગગૃહને ચાલુ રાખો.

## જૈન મંદિરો અને હરિજનપ્રવેશ

જૈન મંદિરોમાં હરિજન પ્રવેશ અંગે છેલ્લા છ સાત મહીનામાં સારો ઉહાપોહ થયો. એમ છતાં હિંદભરનાં સર્વ કોઇ જૈન મંદિરો હરિજનો માટે ખુલ્લાં છે એમ હજુ આપણે કહેવાની સ્થિતિએ પહોંચ્યા નથી એ દુઃખદ છે. થોડાએક સમય પહેલાં ઇન્દોરમાં દિગંબર જૈન મંદિરોમાં હરિજનોને દાખલ થવા દેવા સામે એક મોટું આન્દોલન જાગ્યું હતું અને સેંકડો બહેનોએ મંદિરની સામે બેસીને હરિજનોને મંદિરમાં પ્રવેશતા અટકાવ્યા હતા. સર હુકમીચંદ અને અન્ય કેટલાક દિગંબર આગેવાનો હરિજનોના જૈન મંદિર પ્રવેશ સામે એક ટેસ્ટ કેસ પણ કરવાનો વિચાર કરી રહ્યા છે. આના પ્રત્યાઘાત રૂપે તા. ૨૩–૯–૫૫ ના રોજ દીલ્હીમાં મળેલી અખિલ ભારત હરિજન લીગની સભાએ ઇન્દોરના દિગંબર આગેવાનો સામે ફરિયાદ માંડવા ભારત સરકારને વિનંતિ કરી હતી. એ જ સભાએ ઇન્દોરના હરિજનોને તમામ દિગંબર જૈનોનો સામાજિક બહિષ્કાર કરવાની અને ઝાડુવાળાઓને દિગંબર જૈનોને સેવા નહિ આપવાની હાકલ કરી હતી.

આ પ્રશ્ન અંગે થોડાએક દિવસ પહેલાં દિગંબર જૈન સમાજના પ્રમુખ આગેવાન શ્રી શ્રેયાંસપ્રસાદજીએ નીચે મુજબ વખતસરનું નિવેદન બહાર પાડયું હતું:—

"જૈનોના મંદિરોમાં હરિજનોના પ્રવેશ અંગેનો પ્રશ્ન વ્યાપકપણે ચર્ચાઈ રહ્યો છે અને સારાયે દેશમાં અને ખાસ કરીને મધ્યભારત રાજ્યમાં આ વિષય અવિરત ચર્ચાનો પ્રશ્ન બની રહ્યો છે, પણ આ પ્રશ્નને વ્યક્તિગત અથવા કોમી દૃષ્ટિએ જોવો એ યોગ્ય નથી. માનવીની સમાનતા એ નગ્ન સત્ય છે અને દરેક ધર્મોએ એને માન્ય રાખેલ છે. જૈન સિદ્ધાન્તોમાં બધા જ જીવોની સમાનતાનો સિદ્ધાંત સ્પષ્ટપણે સ્વીકારેલ છે; કારણ કે 'અહિંસા'ને તેમાં સર્વોચ્ચ સ્થાન અપાયું છે. 'અહિંસા'નો અર્થ એક માત્ર એ જ નથી કે કોઇને મારવું નહિ, પણ એનો અર્થ તો વ્યાપક છે અને એમાં જાણ્યે કે અજાણ્યે કોઇના આત્માને દુઃખ પણ પહોંચાડવું જોઇએ નહિ.

"નૈતિક અને વ્યવહાર દૃષ્ટિએ તો એ છે જ, પણ મંદિરોમાં હરિજનોને પ્રવેશતાં અટકાવવા પર કાયદાથી પણ પ્રતિબંધ મૂકાયો છે. ૧૯૫૫ નો અસ્પૃશ્યતા ગુન્હા ધારો સારાયે દેશમાં ગયા જુન માસથી અમલમાં આવતાં અસ્પૃશ્યતાને ચાલુ રાખવી તે વોરંટ વગર પકડી શકાય તેવો ગુન્હો છે. આ ધારો જૈન, બુદ્ધધર્મી અથવા શીખ ધર્મોઓ સહિત હિંદુઓને લાગુ પડે છે. આ પરિસ્થિતિ હેઠળ હરિજનોને જૈનોના મંદિરમાં દાખલ થતા અટકાવવાનું પગલું ખેદજનક છે, આ પ્રકારનું વલણ આપણા રાષ્ટ્રની નૈતિક, સામાજિક અને આર્થિક પ્રગતિનું રૂંધન કરશે અને મધ્યભારતની સરકારને વિષમ પરિસ્થિતિમાં મુકાવું પડશે જે મારી દૃષ્ટિએ જૈનો પોતે પણ પસંદ નહિ કરે."

આપણે આશા રાખીએ કે દિગંબર સમાજના સ્થિતિચુસ્ત ભાઈ બહેનો આ શાણા અને સદ્‌ભાવપ્રેરિત નિવેદન ઉપર શાન્તિથી વિચાર કરે અને પોતાનાં ધર્મવિરુદ્ધ, સમયવિરુદ્ધ, રાજ્યવિરુદ્ધ અસ્પૃશ્યતા-પોષક વળણનો જલ્દિથી ત્યાગ કરે.

સદ્‌ભાગ્યે શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં આ દિશાએ સુખદ ઘટનાઓ બની રહી છે. એ જ પ્રાન્તના શ્વે. મૂ. જૈન સંઘે તા. ૧૧-૯-૫૫ ના રોજ ઠરાવ કરીને જાહેરાત કરી છે કે "કોઈ પણ શ્રધ્ધાળુ વ્યક્તિ, ગમે તે જાતિની ( જૈનધર્માનુરાગી ) હોય તે જૈન સિધ્ધાન્તો અને મંદિર પ્રવેશ સંબંધી નિયમોનું પાલન કરીને જો શ્વેતાંબર જૈન મંદિરોમાં ભગવાનના દર્શન કરવા ચાહે તો શ્વેતાંબર જૈન મંદિરમાં દર્શન કરી શકે છે." જૈન મંદિરમાં દર્શન કરવા આવનાર માટે આટલી બધી મર્યાદા મૂકવાની કોઈ જરૂર છે જ નહિ. એમ છતાં પ્રાન્તના દિગંબર સમાજની જુનવાણી જડતા સામે શ્વેતાંબર મૂ. સંઘનો આ ઠરાવ પ્રગતિશીલ લાગે છે.

થાણાથી શ્રી રતિલાલ ઉજમશી શાહ જણાવે છે કે "થાણાના નવા જૈન દેરાસરમાં તા. ૨-૧૦-૫૫ ના રોજ હરિજનભાઇઓએ સાંજના ૭ વાગતાં કોઈ પણ જાતના વિરોધ સિવાય શાન્તિથી પ્રવેશ કર્યો હતો. આ પ્રવેશ માટે અગાઉથી જાહેરાત કરવામાં આવી હતી અને પ્રવેશ વખતે પંદર વીશ જૈન ભાઇઓ હાજર હતા."

### હરિજન મંદિર પ્રવેશ અંગે ભારત જૈન મહામંડળનું નિવેદન

જે પ્રશ્ન છેલ્લા આઠ મહીનાથી જૈન સમાજમાં ચર્ચાઈ રહ્યો છે અને જે વિષે કેટલેક ઠેકાણે નિર્ણયો લેવાઈ ચુકયા છે અને અમુક જૈન મંદિરોમાં હરિજન પ્રવેશ પણ થઈ ચૂકયો છે તે પ્રશ્ન વિષે મોડું મોડું પણ ભારત જૈન મહામંડળ જાગ્યું છે. તા.૧૬-૧૦-૫૫ ના રોજ મુંબઇ ખાતે મળેલી ભારત જૈન મહામંડળની કાર્યવાહક સમિતિએ આ પ્રશ્ન પરત્વે નીચે મુજબનું નિવેદન પસાર કર્યું છે:—

"જૈન મંદિરોમાં હરિજન પ્રવેશ અંગે જે અપ્રિય વાતાવરણ પેદા થયું છે તેને ભારત જૈન મહામંડળ ચિંતા અને દુઃખની દૃષ્ટિથી નિહાળે છે."

"જૈન ધર્મે પ્રાણીમાત્ર પ્રતિ સમત્વનો સિધ્ધાંત સ્વિકારીને સૌની સાથે મૈત્રીભાવ રાખવા પર વધારે ભાર મૂકયો છે. અમારી માન્યતા છે કે દરેક વ્યક્તિ આત્મવિકાસ કરી પૂર્ણત્વને પ્રાપ્ત કરી શકે છે. અને તેમાં વર્ણ કે જાતિ નડતર રૂપ બનતાં નથી. સંસારની વિષમતા અને અશાન્તિને નષ્ટ કરવા માટે સમભાવના આચાર વિચારનો ફેલાવો કરવો એ જૈન ધર્મની વિશેષતા છે. આ પ્રકારના વ્યાપક આદર્શ અને કલ્યાણકારી મહાન સિધ્ધાન્તના અનુયાયીઓ તરીકે પોતાને ઓળખાવતો સમુદાય કોઈપણ વ્યક્તિને જો મંદિરમાં દર્શનાર્થે આવતાં રોકે તો તે મોટામાં મોટી ભૂલ છે. જે આવી ભૂલ કરે છે તે પોતાના વિશાળ ધર્મમાર્ગને જગત સમક્ષ સંકુચિત બનાવી મૂકે છે, એટલું જ નહિ પણ પોતાના આવા વર્તનથી પોતાના સમાજનું પણ અકલ્યાણ કરે છે.

"જૈન ધર્મમાં જાતિ સ્વરૂપે અસ્પૃશ્યતાનું કંઈ જ સ્થાન નથી. અને હવે જ્યારે અસ્પૃશ્યતા કેવળ નૈતિક જ નહિ સામાજિક ગુન્હો પણ બની ગયો છે ત્યારે આપણે કોઇના વિકાસમાર્ગમાં અંતરાય-રૂપ બનીએ કે પોતાની જાતને ઉંચી મનાવીએ એ દરેક રીતે અનિ-ચ્છનીય છે. આનાં માઠાં પરિણામો ઘણી જગ્યાઓએ જોવા મળે છે, અને આ જ પ્રકારનું અણગમાનું વર્તન ચાલુ રહે તો આથી પણ વધારે માઠાં પરિણામો આવવાનો સંભવ છે. આપણે જૈન ભાઇઓ વ્યાવહારિક દૃષ્ટિએ પણ વિચારનારા છીએ. જે કાર્ય ધર્મ વિરુધ્ધનું ન હોય અને સામાજિક દૃષ્ટિએ પણ જે હાનિકારક હોય એવાં કામ સામાન્ય રીતે આપણે કદિ કરતાં નથી."

"જ્યાં કોઇપણ કારણે હરિજનો માટે મંદિરો ખોલવામાં આવ્યાં ન હોય ત્યાં ખોલી નાખવામાં આવે અને આવા પ્રયત્નો અમારા સાધુ મુનિરાજો, પંડિતો, નેતાઓ અને બધા જ કાર્યકરો કરતા રહે એવી અમે આશા રાખીએ છીએ.

"આપણાં સૌનાં પ્રયત્નોથી એવું વાતાવરણ પેદા થવું જોઇએ કે જૈન તત્વોને જીવનમાં ઉતારનાર કોઇપણ વ્યક્તિને બધી જાતની સગવડો મળી શકે. જેમણે હરિજનોને મંદિરોમાં પ્રવેશવા દીધા છે તેમને અમારા ધન્યવાદ છે. જેમણે મૂર્તિની આશાતનાના ભયે મંદિરો ખૂલ્લાં નથી મૂકયાં તેમણે હવે નિશ્ચિન્ત થવું જોઇએ. કારણ કે ખૂલ્લાં મૂકાયેલાં મંદિરોમાં કયાંય હરિજનોએ મૂર્તિની આશાતના કરી નથી. અમને માત્ર આશા જ નહિ, પણ દૃઢ વિશ્વાસ છે કે આપણાં વિવેકી અને દીર્ઘ દૃષ્ટિવાળાં જૈન ભાઇ બહેનો આ નમ્ર પ્રાર્થના પર જરૂર ધ્યાન આપશે અને તમામ જૈન મંદિરો સૌનાં દર્શન માટે ખુલ્લાં મૂકશે."

### મુંબઇથી મહારાષ્ટ્ર અને શિસ્તપરાયણ ગુજરાત

મુંબઇએ મહારાષ્ટ્રના આગેવાનોનું આજે મગજ ભમાવી નાંખ્યું લાગે છે. 'મુંબઇ માત્ર અમારી અને એમાં કોઇનોયે ભાગ નહિ' આ એક જ તમન્ના—તેઓ સંયુકત મહારાષ્ટ્રની વાતો કરે છે ત્યારે અથવા તો વિદર્ભ સાથે દ્વિભાષી પ્રદેશ સ્વીકારવાની વાતો કરે છે ત્યારે—તેમને સંચાલિત કરી રહી છે, પ્રમત્ત બનાવી રહી છે. ઘડિ પહેલાં 'એક ભાષા, એક પ્રાન્ત' તેમનો એકાન્ત અને નિરપવાદ નૈતિક સિધ્ધાન્ત હતો જે કેવળ રાજ્યરમતનું પ્યાદું હોય એમ જોતજોતામાં તેઓ બાજુએ મૂકે છે અને તેમની કલ્પના મુજબના દ્વિભાષી મુંબઈ પ્રદેશના તેઓ પક્ષકાર બને છે.

એક બાજુએ ગુજરાતીઓ સામે સીધી તેમ જ આડકતરી રીતે દ્વેષ અને મત્સર ફેલાવવામાં તેઓ પાછું વાળીને જોતા નથી. બીજી બાજુએ 'આપણે તો ભાઈ ભાઈ—ચાલો આપણે સાથે મળીને સંયુકત પ્રદેશ રચીએ, અમારી મનમાનતી બહુમતી હોવા છતાં તમને લેશમાત્ર અન્યાય નહિ કરીએ અને એમ છતાં તમને ન ફાવે તો પાંચ વર્ષ બાદ તમે સુખે મહાગુજરાત રચી શકો છો.'—આમ ભાઇચારાની અને સહકારભાવનાની છળપૂર્વકની તેઓ વાતો કરે છે. મહારાષ્ટ્રના આગેવા-નોની આ ધમાધમ અને ધુમ્મરાડા જોઇને કોઇ પણ ભારતવાસી તીવ્ર દુઃખ અનુભવ્યા વિના નહિ રહે. "અમે કોઈ પણ હિસાબે મુંબઇ સાથેનું સંયુકત મહારાષ્ટ્ર લઇશું અને એ નહિ મળે ત્યાં સુધી જંપીને કદિ બેસીશું નહિ." આમ બોલનારા મહારાષ્ટ્રી આગેવાનો સામાન્ય આમપ્રજાને કેવો મદિરા પાય છે અને તેનાં કેવાં ભયંકર

પરિણામો આવે એનું તેમને ભાન નથી. દ્વારા ગાડગીલ–કૉંગ્રેસના જુના અને જાણીતા પીઢ કાર્યકર્તા–તેમણે થોડા દિવસ પહેલાં જણાવેલું કે 'આઝાદીની લડતનો આખરી ઉદ્દેશ દેશની મુક્તિ નહિ પણ સંયુક્ત મહારાષ્ટ્રના પ્રાપ્તિનો હતો." એમાં અને પાકીસ્તાનના પોકારમાં ફરક શું? આજ વળણુ જો વધારે વ્યાપક બનશે તો ભારતની એકતા શી રીતે જળવાશે? ભારતવ્યાપી પંચવર્ષીય યોજનાઓનો પછી અર્થ જ શું છે?

કમનસીબે મુંબઇ વિષે તેમના વળણુ કરતાં બીજું કોઇ વળણુ હોઇ શકે એવો વિચાર કરવાની તેમનામાંનો કોઇ જરા સરખી પણ દરકાર કરતું નથી. ધાર કમીશને, જે. વી. પી. કમીશને અને છેવટે ફાઝલભાઈ કમીશને ઉત્તરોત્તર મુંબઇનો અલગ રીતે જ વિચાર કરવો જોઇએ એમ જ્યારે ભારપૂર્વક જણાવ્યું છે ત્યારે અને આજે પણ મહારાષ્ટ્રની બહારનો કોઇ પણ ભારતીય આગેવાન મુંબઈ સાથેના સંયુક્ત મહારાષ્ટ્રની માંગણીને ટેકો આપતો નથી ત્યારે મુંબઇ માત્ર મહારાષ્ટ્ર ગુજરાતી વચ્ચેનો પ્રશ્ન નથી, પણ તેને અલગ રાખવામાં એક સ્વતંત્ર અખિલ ભારતીય દૃષ્ટિકોણ છે–એમ મહારાષ્ટ્રના આગેવાનોએ સ્વીકારવું જ જોઇએ, ધ્યાન ઉપર લેવું જોઇએ. પણ એ રીતે શાન્તિથી, તટસ્થતાથી વિચારવાનું મહારાષ્ટ્રના આજનાં વાતાવરણમાં શક્ય જ રહ્યું નથી. આજે બીજી ભાષા ચાલી શકે તેમ નથી તેથી આપણે સંધારણપુરઃસર લડવું જોઇએ, વાણી ઉપર સંયમ રાખવો જોઇએ, શાન્તિપૂર્વક વર્તવું જોઇએ, ગુજરાતીઓ વિષે બંધુત્વની ભાવનાથી વિચાર કરવો જોઇએ–આવા સુફિયાણા વાક્યો વડે તેમનાં નિવેદનો કાં તો શરૂ થાય છે અથવા પૂરાં થાય છે, પણ એ વચ્ચે કેવળ ઉશ્કેરાટ અને લોકલાગણી ઉદ્દીપ્ત કરવાનો જ ચાલુ પ્રયાસ જોવામાં આવે છે. આના પરિણામે મહારાષ્ટ્ર સાચા દિલથી રાજ્યપુનર્ઘટના પંચે સૂચવેલ દ્વૈભાષી મુંબઈ પ્રદેશ સ્વીકારવાને તૈયાર હોય તો ગુજરાતે એ યોજના સ્વીકારવાનું જે કે કબુલ કર્યું છે, એમ છતાં પણ મહારાષ્ટ્રી આગેવાનોના આગ વરસાવતા આન્દોલનનું સ્વરૂપ જોતાં આ પ્રકારના દ્વિભાષી મુંબઈ પ્રદેશમાં ગુજરાત, કચ્છ કે સૌરાષ્ટ્રના લોકોને કોઈ રસ રહ્યો નથી અને મુંબઇને અલગ પ્રદેશ કરીને મહાગુજરાત અને સંયુક્ત મહારાષ્ટ્ર ઉભું કરવામાં આવે–આ જટિલ પ્રશ્નનો આ જ સાચો અને વ્યાજબી ઉકેલ છે અને તો જ પરસ્પર શાન્તિ અને સુખ જળવાવા શક્ય છે–આવું વળણ ગુજરાતી ભાષાભાષી જનતામાં પેદા થઇ રહ્યું છે. તા. ૨૫–૧૦–૫૫ ના રોજ મહેમદાવાદ ખાતે મળેલી ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ કમીટીની બેઠકે કરેલો અતિ મહત્વનો ઠરાવ આ જ વળણુનું પ્રતિપાદન કરે છે. સમતુલા ગુમાવેલા મહારાષ્ટ્રના આગેવાનોના ભાષણો અને ઠરાવો સાથે સરખાવતાં ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિનો આ ઠરાવ તેમ જ એ ઠરાવ ઉપર મુંબઈ પ્રદેશના મુખ્ય સચિવ શ્રી મોરારજી દેસાઇનું પ્રવચન–ઉભયમાં કોઇ જુદા જ પ્રકારનું ગુણપણ, સમતુલા, દુરંદેશીપણું, સમગ્ર–ભારતલક્ષીતા અને શિસ્તપાલનનો આગ્રહ નજરે પડે છે.

પ્રસ્તુત ઠરાવના અન્તભાગમાં જણાવવામાં આવ્યું છે કે "આ સમિતિ હંમેશા શિસ્તપૂર્વક વર્તી છે અને પોતાની સર્વોત્તમ શક્તિ અનુસાર કૉંગ્રેસના નિર્ણયોને અમલમાં મૂક્યા છે અને સંયમ, શિસ્ત અને રાષ્ટ્રીય દૃષ્ટિ ધરાવવાની તેની જે પ્રણાલિકા છે તેને જાળવી રાખશે. આ સમિતિને વિશ્વાસ છે કે કૉંગ્રેસની કારોબારી સમિતિ આ પ્રશ્નના સર્વ અંગોનો વિચાર કરશે અને ન્યાયી તેમ જ યોગ્ય નિર્ણય કરશે." આ શિસ્તપાલનનો આગ્રહ અને આખરે વરિષ્ટ સમિતિ જે આદેશ આપે તે માથું નમાવીને સ્વીકારવાની વૃત્તિ ભારતના અંગભૂત એવા મહારાષ્ટ્રમાં કમનસીબે કોઇ પણ ઠેકાણે જોવામાં આવતી નથી. તેના પહલે શંકરરાવ દેવ પોતાના એક ભાષણમાં જણાવે છે કે "જો આપણી આ ઓછામાં ઓછી માંગણી (મુંબઇ સાથેના મહારાષ્ટ્રની અથવા તો વેદર્ભ સાથેના દ્વિભાષી મુંબઈ પ્રદેશની) મંજુર કરવામાં નહિ આવે તો મિત્રો, હું તમારી સાથે ખાઇઓ (ditches) માં ઉભો રહીને લડતો હોઇશ." આવી કેવળ જેહાદની પરિભાષા મહારાષ્ટ્રી આગેવાનોના ભાષણો અને ઠરાવમાં ખદબદતી હોય છે. મહારાષ્ટ્રના આ બળવાખોર વળણને જો વખતસર દબાવવામાં નહિ આવે તો મહારાષ્ટ્રનું આજનું માનસ સમગ્ર ભારતની એકતા માટે ભારે ખતરનાક નિવડવા સંભવ છે.

## અનાચારીનો ઢાંકપીછોડો અને શુદ્ધિ પ્રયોજકની અવહેલના

પ્રબુદ્ધ જીવનના છેલ્લા તા. ૧૫–૧૦–૫૫ ના અંકમાં પાલણપુરના ડૉ. કાન્તિલાલ કોઠારીનો સામાજિક કીસ્સો અને તેના અનુસંધાનમાં મુનિ સન્તબાલજીએ કરેલા શુદ્ધિ પ્રયોગની કેટલીક વિગતો આપવામાં આવી હતી. એ ઉપરથી પ્રસ્તુત મંગળ પ્રયોગને સૌ કોઇ સ્થાનિક ભાઈ બહેનોએ એક અવાજે આવકાર્યો હશે અને સ્થાનિક સમાજજીવનને વધારે વિશુદ્ધ બનાવવા તરફ પોતાનાં દિલ કેન્દ્રિત કર્યાં હશે એમ માની લેવાને આપણે સહજે પ્રેરાઇએ. પણ કમનસીબે આ પ્રકરણને અંગે સન્તબાલજીના ઉપવાસો દરમિયાન જ પાલણપુરમાં ડૉકટર કાન્તિલાલના પક્ષમાં અને સન્તબાલજીની વિરૂધ્ધમાં એક મોટું આન્દોલન ઉભું થયેલું. ડૉકટરને પાલણપુર છોડી નહિ જવાની તથા સન્તબાલજીને પોતાની જીદ છોડી દેવાની વિનંતિ કરતાં નિવેદનો–કોઇ નિવેદન પાલણપુરના કેટલાક આગેવાનોનું, કોઇ નિવેદન ૧૮૦ જણની સહીવાળું, તો કોઈ ૮૫ જૈન–જૈનેતરોની સહીવાળું નિવેદન–એમ ઉત્તરોત્તર નિવેદનો બહાર પડેલાં, આ ઉપરાંત જે કીસ્સામાં એક ભોળી કુંવારી બહેનને એક પીઢ ડોકટરની વિષયલાલસાનો ભોગ બનતી બચાવવામાં આવેલી એ જ કીસ્સાને અંગે ૫૦૦ જેટલી પાલણપુરની બહેનોએ એક સંયુક્ત નિવેદન બહાર પાડીને ડોકટરને બનાસકાંઠા બહાર નહિ જવા વિનવણી કરેલી–આ બધું જ્યારે આપણા જાણવામાં આવે છે ત્યારે આપણો સમાજ આજે ક્યાં છે તેનો વિચાર આપણને વ્યથિત બનાવે છે. આથી આગળ વધીને એ જ અરસામાં પ્રગટ થયેલા બનાસકાંઠા (પુષ્પ ૫, પાંખડી ૧–૨) નામનો પાલણપુરથી પ્રગટ થતા પાક્ષિક પત્રમાં છપાયલો "શ્રી સન્તબાલજીએ આદરેલો શુદ્ધિ યજ્ઞ" એ મથાળાનો લેખ વાંચતાં દિલ ઊંડું દર્દ અનુભવે છે. ડોકટરે પોતે જ પોતાનો અનાચાર કબુલ કરેલ હોવાથી તેને મિથ્યા ઠરાવવાનું તો શક્ય નહોતું રહ્યું. એમ છતાં ડોકટરના દોષને હળવો બનાવવાનો, એ લેખકના જણાવવા મુજબ લાંબા સમય સુધી ગાફેલ રહેલા કન્યાના માબાપને જવાબદાર બનાવવાનો અને શુદ્ધિ પ્રયોગ કરવા નીકળી પડેલા મુનિ સન્તબાલજી વિષે સીધાં તેમજ અડકતરા સૂચનોથી ભરેલાં વિધાનો કરીને તેમને સમાજની નજરમાં ઉતારી પાડવાનો–કાળા ચીતરવાનો એ લેખમાં આબાદ પ્રયત્ન કરવામાં આવ્યો છે. દા. ત. એ લેખમાં આગળ ચાલતાં જણાવવામાં આવ્યું છે "ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિમાં લાગી ગયેલા શ્રી સન્તબાલજી પોતાને જૈન સાધુ કહેવડાવવા છતાં જૈન સાધુનાં આચારો પાળતા નથી. સ્થાનકવાસી સંઘે તો તેમને સંઘબહાર કર્યા છે. તેમના પોતાના જ ગુરૂ શ્રી નાનચંદજી મહારાજે તેમને સંઘાડા બહાર જાહેર કર્યા છે. જૈન સાધુના આચાર વિરૂધ્ધ તેઓ હજામત કરાવે છે, રાત્રે બહાર નીકળે છે, લાઇટમાં કામ કરે છે, પરિગ્રહ રાખે છે, પોતાનાં નામના પોસ્ટકાર્ડો છપાવે છે, સાથે બહેનોને સાથી કાર્યકરો તરીકે રાખે છે, જે તેમના જ નિવાસસ્થાને રહેતી હોય છે, અને તેમની સાથે સાથે ગામે ગામ ફરતી હોય છે. પાલણપુરે કોઈ સાધુને આ રીતે જોયા નથી, એટલે જૈન જૈનેતર સામાન્ય વર્ગમાં જૈન સાધુ વિષે જે કલ્પના હતી તેથી આ તદ્દન નવી જાતના સાધુ એમનું કુતુહલ વધારી રહ્યા છે." આ એક પ્રકારનું કાયદાની પકડમાં ન આવે એવું સન્તબાલજીનું બ્લેકમેઇલીંગ–બદનામી છે. બીજાની અશુદ્ધિને પડકારતા સન્તબાલજી તે એવા કયા શુધ્ધ પુરૂષ છે એવો આ લખાણ પાછળનો ભાવ છે. સન્તબાલજી જેવા બહુજનમાન્ય સમાજસેવક વિષે આવું મલીન તેમ જ તોછડું અને વ્યંગમાં નૈતિક ભ્રષ્ટતા સૂચવતું લખાણ વાંચીને કોઈને પણ દુઃખ થયા વિના નહિ રહે. તેમાં પણ આ લેખના લેખક પોતાને એક ક્રાન્તિકારી સુધારક તરીકે ઓળખાવે છે એવી વાત ઉડતી ઉડતી કાન સાથે અથડાય છે, ત્યારે આપણી વેદના અતિ ઉત્કટ બને છે. એક બાજુ છુપો દુરાચાર અને તે પ્રગટ થવા પામે ત્યારે તેનું સીધું કે આડકતરું અનુમોદન તથા આછાદન–આ બન્ને દુ સ્થિતિમાંથી સમાજને ઉંચે ઉઠાવવો એ ખરેખર અત્યન્ત કપરું કામ છે. **પરમાનંદ**

# પંડિત સુખલાલજીના મિત્રો પ્રશંસકો જોગ વિજ્ઞપ્તિ

( પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી બહાર પાડવામાં આવેલ વિજ્ઞપ્તિ. )

ભારતીય દર્શનશાસ્ત્રોના પ્રકાંડ વિદ્વાન, સૂક્ષ્મ ચિંતક અને સમર્થ તત્ત્વવિવેચક પંડિત સુખલાલજી આવતા ડિસેમ્બર માસમાં ૭૫ વર્ષ પૂરાં કરે છે તે નિમિત્તે, તેમનું અખિલ ભારતીય ધોરણે સન્માન કરવાની યોજના વિચારાઈ છે. અને તે માટે ભારતની લોકસભાના અધ્યક્ષ માનનીય શ્રી. ગણેશ વાસુદેવ માવળંકરના પ્રમુખપદે એક મધ્યસ્થ સન્માન સમિતિની રચના પણ કરવામાં આવી છે. પૂ. પંડિતજીના એક પ્રશંસક તરીકે આપ એ યોજનામાં સહકાર આપશો એવી શ્રધ્ધાથી આપને આ વિજ્ઞપ્તિ મોકલીએ છીએ.

પૂ. પંડિતજીનો આપને પરિચય આપવાની જરૂર ભાગ્યે જ હોય. સોળ વર્ષની નાની વયે બળિયાના ઉપદ્રવને કારણે એમણે આંખોનું તેજ ગુમાવ્યું, છતાં એવા ભારે અવરોધને પણ એમના પુરૂષાર્થી સ્વભાવે ગણકાર્યો નહીં, એટલું જ નહીં, તીવ્ર એકાગ્રતાથી એમણે અનેક શાસ્ત્રગ્રંથોનું અધ્યયન કરી શાસ્ત્રોના સિધ્ધાન્તો આત્મસાત્ કર્યા, એમના ઉપર મનન કર્યું, અને પોતાની સ્વતંત્ર બુદ્ધિપ્રતિભાથી મૂળ અર્થોનો વિસ્તાર કર્યો. એમણે અનેક શિષ્યોને માર્ગદર્શન આપ્યું, અનેક ગ્રંથો રચ્યા, અનેક સ્વાધ્યાયલેખો લખ્યા, અને સર્વોચ્ચ પંક્તિના વિદ્વાન તરીકેની પ્રતિષ્ઠા સંપાદન કરી. વિદ્યાના ક્ષેત્રે એમણે કરેલો પુરૂષાર્થ જેટલો વિરલ છે તેટલો જ પ્રેરણાદાયી છે.

વિદ્યોપાસનાનું જે તપ પંડિતજીએ કર્યું છે તેથી તેઓ શુષ્ક બન્યા નથી. જીવનની મર્મગ્રાહી દૃષ્ટિથી એમણે શાસ્ત્રગ્રંથોનું અવગાહન કર્યું છે, અને તેથી એમનાં લખાણો અને વિચારોમાં અપૂર્વ મૌલિકતા અને તેજસ્વિતા પ્રતીત થાય છે. એમની દૃષ્ટિ સમત્વની અને સમ્યક્‌ત્વની છે. રાષ્ટ્રનો ઉદ્ધાર, સમાજનું સ્વાસ્થ્ય અને વ્યાપક માનવકલ્યાણ અહોનિશ ઝંખતા રહીને એમણે એમની વિદ્યાને ફલવતી બનાવી છે. મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી ગૂજરાત વિદ્યાપીઠમાં તેઓ જોડાયેલા તે પણ આ જ દૃષ્ટિથી. કાશીના હિંદુ વિશ્વવિદ્યાલયમાં, મુંબઇના ભારતીય વિદ્યા-ભવનમાં અને અમદાવાદની ગુજરાત વિદ્યાસભાના ભો. જે. વિદ્યાભવનમાં અધ્યાપકોના પણ અધ્યાપક તરીકે એમણે જે સેવાઓ આપી છે તે સુવિદિત છે.

આજે ૭૫ વર્ષની વયે પણ પંડિતજીનું વિદ્યાતપ અખંડ રહ્યું છે અને યુવાનને પણ શરમાવે એવી ધ્યેયનિષ્ઠાથી એમની સારસ્વત પ્રવૃત્તિ ચાલી રહી છે. આમ આખો દેશ જેમને માટે ગૌરવ લઇ શકે એવી એ વિદ્યાવિભૂતિ છે. પંડિતજીનું પ્રસન્ન વ્યક્તિત્વ, સરળ મિલનસાર ઉત્સાહી પ્રકૃતિ, શ્રેયવાંચ્છુની સન્નિષ્ઠા અને સામાનું હૃદય જીતી લેનારી સમતા, પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં સિદ્ધાન્ત અને વ્યવહાર બંનેનો સમન્વય કરનારી એમની પટુતા—આ સર્વ ગુણોથી તેઓ અનેકના વડીલ, મિત્ર અને માર્ગદર્શક બની રહ્યા છે.

આવી સમર્થ વિદ્યાભૂતિનું યોગ્ય સન્માન કરીએ તે આપણે આપણા જ ચૈતન્યનું સન્માન કરીએ તેના જેવું છે.

સન્માન-યોજનાનું સામાન્ય સ્વરૂપ નીચે પ્રમાણે છે:

૧. અખિલ ભારતીય ધોરણે સન્માનનિધિ એકઠો કરવો.

૨, નિધિમાંથી પં. સુખલાલજીના લેખોનો સંગ્રહ પ્રસિદ્ધ કરવો.

( પંડિતજીનાં જેટલાં લખાણો મૂળ હિન્દીમાં લખાયાં હશે તે હિન્દી ભાષામાં અને ગુજરાતીમાં લખાયાં હશે તે ગુજરાતી ભાષામાં છપાવીને બે ગ્રંથો રૂપે આ લેખસંગ્રહ પ્રગટ કરવામાં આવશે. )

૩. આવતા ડિસેમ્બર પછી, યોગ્ય સમયે,-મુંબઇમાં, એક સન્માન-સમારંભ યોજવો.

૪. સન્માનનિધિમાંથી વધેલી રકમ મુંબઈ ખાતે સન્માન-સમારંભ થાય ત્યારે પંડિતજીને અર્પણ કરવી.

આ યોજના પરિપૂર્ણ કરવા માટે સન્માનનિધિમાં સારી એવી રકમ એકત્ર કરવાની આવશ્યકતા છે.

આપણા દેશમાં પંડિતજી પ્રત્યે આદર ધરાવનાર સમુદાય બહોળો છે, જેમાં અનેક વિદ્વાનો, શ્રીમંતો, જાહેર કાર્યકરો અને અન્ય પ્રશંસકોનો સમાવેશ થાય છે. જો આ સર્વ પોતાના તરફથી ઉદાર ફાળો આપી પંડિતજી પ્રત્યેનાં પ્રેમ, શ્રદ્ધા અને આદરને વ્યકત કરશે તો ઘણી સારી એવી રકમ એકત્ર કરવામાં કશી મુશ્કેલી નહીં આવે એવી અમને શ્રદ્ધા છે.

તો આપ આપના તરફથી ઉદાર ફાળો આપી આ કાર્યમાં સહકાર આપશો એવી વિનંતિ છે.

મુખ્ય કાર્યાલય : **ગુજરાત વિદ્યાસભા,**
પો. બો. નં. ૨૩ ભદ્ર, **અમદાવાદ-૧**

**સૂચના:—**

(૧) નાણાં "મંત્રી, પંડિત સુખલાલજી સન્માન સમિતિના નામથી નીચેનાં સરનામાંમાંથી કોઇ પણ અનુકૂળ સરનામે મોકલવા:—

**અમદાવાદ**—C/o ગુજરાત વિદ્યાસભા, પો. બો. નં. ૨૩ ભદ્ર, અમદાવાદ—૧.

**મુંબઇ**—C/o શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ—૩.

**કલકત્તા**—C/o શ્રી ભંવરમલજી સિંઘી, ૧૬/૧ A, કેયાતલા લેન, કલકત્તા—૨૯.

**મદ્રાસ**—C/o પં. મહેન્દ્રકુમાર જૈન, ઠે. દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભા, ત્યાગરાય નગર, મદ્રાસ—૧૭.

**બનારસ**—C/o પ્રો. દલસુખભાઇ માલવણિયા, F/૩, B. H. U. બનારસ—૫.

**(૨) ચેકો 'પંડિત સુખલાલજી સન્માન સમિતિ' (Pandit Sukhlalji Sanman Samiti ) એ નામના લખવા.**

# સંઘ સમાચાર

## શ્રી. પ્રભુદાસ પટવારી સંઘના કાર્યાલયમાં

તા. ૨૦-૧૦-૫૫ ગુરૂવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિમિની સભા મળી હતી અને બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલને વિશેષ અનુમોદન કેમ મળે તે વિષે વિચારવિનિમય કરવા માટે સંઘના નિમંત્રણને માન આપી શ્રી પ્રભુદાસ બાલુભાઈ પટવારી પધાર્યા હતા. આ સંબંધમાં સંઘ તરફથી થયેલા કાર્યની મંત્રી તરફથી રજુઆત કરવામાં આવી હતી તેમ જ તેને લગતા અનુમોદનપત્રકો ચોતરફથી સંખ્યાબંધ સહીઓ સાથે સંઘના કાર્યાલય ઉપર આવી રહ્યા છે એ મુજબ જણાવવામાં આવ્યું હતું. આ સંબંધમાં શ્રી પ્રભુદાસ પટવારીએ કેટલાક મહત્વનાં સૂચનો કર્યાં હતાં અને આજે બીલના પક્ષમાં પ્રગટ થઇ રહેલો વિપુલ લોકમત જોતાં પ્રસ્તુત બીલ બન્ને ધારાસભાઓમાંથી લગભગ વિના વિરોધે પસાર થવામાં જરાપણ મુશ્કેલી નહીં આવે એવી આશા તથા શ્રદ્ધા તેમણે વ્યકત કરી હતી.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

**વિષય સૂચિ** **પૃષ્ઠ**


| | | |
|---|---|---|
| અહિંસા મોળી કે તેજસ્વી ? | કાકા કાલેલકર | ૧૨૩ |
| ગાંધીજી અને મણિભુવન | ગ. વા. માવળંકર | ૧૨૫ |
| **પ્રકીર્ણ નોંધ :** શ્રી જૈન ફોન્ફરન્સ ઉદ્યોગગૃહ, જૈન મંદિરો અને હરિજન પ્રવેશ, હરિજન મંદિર પ્રવેશ અંગે ભારત જૈન મહામંડળનું નિવેદન, મુંબઇ ધેલું મહારાષ્ટ્ર અને શિસ્તપરાયણ ગુજરાત, આનાચારીનો ઢાંકપીછોડો અને શુધ્ધિ પ્રયોજકની અવહેલના. | પરમાનંદ | ૧૨૬ |
| પંડિત સુખલાલજીના મિત્રો પ્રશંસકો જોગ વિજ્ઞપ્તિ | | ૧૩૦ |
| બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ અને મુંબઇ જૈન યુવક સંઘ તથા જૈન સ્થાનકવાસી ફોન્ફરન્સના નિવેદનો. | | ૧૩૧ |

# બાલસંન્યાસ–દીક્ષા–પ્રતિબંધક બીલ વિષે

## મુંબઈ જૈન યુવક સંઘનું નિવેદન

(૧) આ બીલને અમારૂં અન્તઃકરણપૂર્વકનું સંપૂર્ણ અનુમોદન છે.

(૨) તે સર્વ કોમોને લાગુ પડે છે પણ જૈન સમાજના અમુક વર્ગો તેનો જોરશોરથી વિરોધ કરી રહ્યા છે. એક નાની સરખી વધુમતીના વ્યવસ્થિત વિરોધથી સરકાર ગેરરસ્તે દોરવાઇ ન જાય એ હેતુથી જૈનો સંબંધેની વાસ્તવિક પરિસ્થિતિ અમો રજુ કરવા માંગીએ છીએ.

(૩) જૈનો મુખ્યતાએ ત્રણ વિભાગમાં વહેંચાયલા છે. સ્થાનકવાસી, શ્વેતાંબર મૂર્તિપૂજક અને દિગંબર. સ્થાનકવાસીઓમાં તેરાપંથી નામનો એક પેટા વિભાગ છે.

(૪) વસ્તીની દૃષ્ટિએ આ ત્રણે વિભાગો લગભગ સરખી સંખ્યા ધરાવે છે. સ્થાનકવાસી વિભાગને લાગેવળગે છે ત્યાં સુધી આ બીલ સામે તે વિભાગનો નહિ જેવો વિરોધ છે. વસ્તુતઃ અખિલ હિંદ સ્થાનકવાસી કોન્ફરન્સે ૧૯૫૦ માં મદ્રાસ ખાતે મળેલા અધિવેશનમાં એ મતલબનો ઠરાવ પસાર કર્યો હતો કે ૧૮ વર્ષ નીચેની કોઈ પણ વ્યક્તિને દીક્ષા આપવી નહિ. દિગંબર સમાજમાં આ બીલ સામે બીલકુલ વિરોધ નથી. કારણ કે તે વિભાગમાં સાધુઓની સંખ્યા બહુ નજીવી છે, અને સાધ્વીઓની સંસ્થા છે જ નહિ, અને આમ હોવાથી બાલદીક્ષાનો પ્રશ્ન એ વર્ગમાં ઉપસ્થિત થતો જ નથી. શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં એક મોટો વિચારવન્ત વર્ગ આ બીલને ટેકો આપે છે પણ અમુક આગેવાન સાધુઓથી દોરવાયલો એક લાગવગ ધરાવતો નાનો વર્ગ આ બીલનો વિરોધ કરે છે. તેરાપંથીઓ જેઓ મોટા ભાગે મારવાડમાં વસે છે તેઓ પણ આ બીલનો વિરોધ કરે છે. આમ હોવાથી આ બીલ સામે ખરી રીતે વિરોધ શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના એક નાના સરખા વર્ગનો અને સ્થાનકવાસીઓના પેટા વિભાગ રૂપ તેરાપંથીઓનો છે. પણ આ વિરોધ મોટા ભાગે પ્રચારપ્રેરિત છે અને એ વિરોધીવર્ગ આખા જૈન સમાજના નામે બોલવાનો ખોટો દાવો કરે છે અને જાણે કે આખી જૈન કોમ આ બીલની વિરોધી હોય એવી છાપ ઉભી કરવામાં આવે છે.

(૫) આ કોઇ નવો પ્રશ્ન નથી અને લાંબા વખતથી જૈન કોમને આ પ્રશ્ન ક્ષુબ્ધ કરી રહ્યો છે. અમારી સંસ્થા જે જૈનોના સર્વ વિભાગોનું પ્રતિનિધિત્વ ધરાવે છે તે છેલ્લાં ત્રીશ વર્ષથી રહી બાલદીક્ષાનો મજબુતપણે વિરોધ કરી રહેલ છે અને બાલદીક્ષા અટકાવવાની દિશાએ લોકમત વધારે ને વધારે અનુકુળ કરવામાં સફળ થયો છે. આજથી ૨૨ વર્ષ પહેલાં જ્યારે ભૂતપૂર્વ વડોદરા સરકારે આ જ પ્રકારનો ધારો રજુ કર્યો હતો અને બાલદીક્ષાની મના કરતો ધારો છેવટે પસાર કર્યો તે પહેલાં વડોદરા સરકારે આ બાબતમાં પુષ્કળ સાક્ષી પુરાવા એકઠા કર્યા હતા ત્યારે આ જ પ્રશ્ન ખૂબ ઉગ્રપણે ચર્ચાયો હતો.

(૬) આ ધારો મુખ્યત્વે કરીને સામાજિક સુધારાને લગતો છે. વિરોધીઓ જરૂર 'ધર્મ' જોખમમાં'ની બુમો પાડે છે. અને પોતાની ધાર્મિક માન્યતા અને હકોમાં થતી દખગીરીનો પોકાર ઉઠાવે છે પણ ભારતમાં આ પોકાર કોઇ નવો નથી. આ જ બહાના નીચે અનેક સામાજિક સુધારાઓનો વિરોધ કરવામાં આવ્યો છે પણ આને લીધે સરકારે સામાજિક કાયદાઓ કરવામાં કદિ પાછી પાની કરી નથી. પંડિત સુખલાલજી, અને પંડિત બેચરદાસજી જેવા અનેક સુપ્રસિદ્ધ જૈન વિદ્વાનોનો અભિપ્રાય છે અને એ અભિપ્રાય તદ્દન બ્યાજબી છે કે બાલદીક્ષાને ટેકો આપે અથવા તો તેની અટકાયતનો વિરોધ કરે એવું જૈન શાસ્ત્રોમાં કશું છે જ નહિ. આમ છતાં પણ અમારો અધીન મત એવો છે કે બાલદીક્ષાનું સમર્થન કરે એવાં છુટાં છવાયાં કોઈ ઉલ્લેખો જૈન શાસ્ત્રગ્રંથોમાંથી તારવીને આગળ ધરવામાં આવે તો પણ એ કારણે આ પ્રકારના સામાજિક અનિષ્ટને ચાલુ રાખવું તે કોઈ પણ રીતે યોગ્ય નથી. આવા જ શાસ્ત્ર–ઉલ્લેખો અસ્પૃશ્યતા, બહુપત્નીત્વ, સતી, બાળલગ્ન અને બીજી અનેક સામાજિક રૂઢિઓના ટેકામાં રજુ કરવામાં આવ્યા હતા. ખરી રીતે 'ધર્મ' શબ્દ એવી છૂટથી વાપરવામાં આવે છે કે ગમે તે બાબત ધર્મના નામે બ્યાજબી ઠરાવી શકાય છે. નાની ઉમરના બાલક બાલિકાઓનું રક્ષણ–જે કલ્યાણ–રાજ્યની મુખ્ય ચિન્તાનો વિષય છે અને હોવો જોઇએ–તેવું રક્ષણ આપવું એ જ મુખ્યત્વે કરીને આ બીલનો આશય છે.

(૭) આ બીલના વિરોધીઓ કેટલેક ઠેકાણે એવો દાવો આગળ ધરે છે કે આ બીલ પસાર થશે તો તે ધાર્મિક માન્યતા અને ક્રિયાકાંડને લગતી રાજ્યબંધારણમાં અપાયલી બાંહેધરીના ભંગસમાન લેખાશે. આ દાવો બીલકુલ પાયાવિનાનો છે. આ પ્રકારની બંધારણીય બાંહેધરી સામાજિક સુધારણાને લગતા કાયદા કરવામાં રાજ્યની આડે આવતી જ નથી.

(૮) એવી પણ દલીલ કરવામાં આવે છે કે જ્યાં સુધી આ પ્રકારનો કાયદો કેન્દ્રસ્થ સરકાર ન કરે ત્યાં સુધી એક અમુક રાજ્યે કરેલો કાયદો અસરકારક નીવડશે નહિ. આ દલીલ અંશતઃ સાચી છે પણ એ જ દલીલ દ્વિપત્ની અટકાયત અથવા તો મદ્ય નિષેધને લગતા કાયદા અથવા સામાજિક સુધારાને લગતા બીજા અનેક કાયદાઓને પણ એટલી જ લાગુ પડે છે. આવી દલીલના કારણે આ પ્રકારના કાયદાઓ કરતાં કોઇ પણ રાજ્ય અચકાયું નથી. ખરી રીતે એક રાજ્ય જે આવો કાયદો કરે તો અન્ય રાજ્યો તે પાછળ ખેંચાય અને આખરે કેન્દ્રસ્થ સરકાર પણ આવો કાયદો કરવાને જરૂર આકર્ષાય.

(૯) આ બીલનો વિરોધ કરનારાઓની મુખ્ય દલીલ એ છે કે આ એક આધ્યાત્મિક બાબત છે, અને એમ કહીને જેમણે નાની ઉમ્મરે સંસારનો ત્યાગ કર્યો હોય અને જેમણે લોકોનું ખૂબ કલ્યાણ સાધ્યું હોય એવી વ્યક્તિઓના દાખલાઓ તેઓ આગળ ધરે છે અને તે ઉપરથી એમ દલીલ કરે છે કે કોઈ પણ વખતે કોઈ વ્યક્તિ સંસારનો ત્યાગ કરવા માંગતી હોય તો તેને અટકાવવી એ અયોગ્ય છે. આ દલીલમાં રહેલો દોષ કોઇને પણ સ્પષ્ટ દેખાય તેવો છે. તાત્વિક દૃષ્ટિએ એ બરોબર છે કે હેમચંદ્રાચાર્ય કે શંકરાચાર્ય જેવા કોઇ વિરલ આત્માએ નાની ઉમ્મરે સંન્યાસ ધારણ કર્યો હોય અને મોટું નામ પ્રાપ્ત કર્યું હોય પણ આવા વિરલ કિસ્સાઓ ઉપરથી એક આ સર્વસ્વીકૃત અનિષ્ટને ચાલુ રાખી ન જ શકાય. સામાજિક સર્વ કાયદાઓ અદ્યતન પરિસ્થિતિને પહોંચી વળવા માટે જ ઘડવામાં આવે છે. જો અમુક રૂઢિમાંથી નીપજતું અનિષ્ઠ તેમાંથી નીપજતા નહિ જેવા શ્રેયની સરખામણીએ ઘણું મોટું હોય તો એ પ્રકારની રૂઢિ ચલાવી લેવાય નહિ. સતીનો રીવાજ આદર્શની દૃષ્ટિએ ભારે ઉમદા છે, પણ તે કારણે તેની અટકાયત કરવામાં સરકારે કદિ પાછી પાની કરી નથી. કેવળ તાત્વિક દલીલો આવી બાબતોમાં ભારે ગેરસમજ પેદા કરે છે. એકાન્ત અનિષ્ટ એવું કશું છે જ નહિ અને દરેક સામાજિક પ્રથામાં હંમેશા કાંઇ ને કાંઈ શ્રેયનો અંશ રહેલો જ હોય છે પણ બધી બાજુઓની યોગ્ય તુલના કરીને અને ચોક્કસ સામાજિક પરિસ્થિતિનો સામનો કરવાના હેતુપૂર્વક જ આવા કાયદાઓ કરવામાં આવે છે. અમો આગ્રહપૂર્વક જણાવીએ છીએ કે નાની ઉમ્મરનાં બાળકોને દીક્ષા આપવામાંથી નીપજતાં ભયંકર પરિણામો એટલાં ગંભીર છે કે આ પ્રકારનો કાયદો તે કારણે જ અનિવાર્ય અને આવશ્યક બને છે.

(૧૦) નાનાં છોકરાં છોકરીઓને દીક્ષા આપવાના હેતુથી જે છળકપટ અને યુકિતપ્રયુકિતઓ અજમાવવામાં આવે છે તેનો ધારાસભાને ખ્યાલ આપવો મુશ્કેલ છે. જેમનાં અપરિપકવ માનસને

લાગણીઓ ઉશ્કેરનારી સમજાવટો વડે ખાસ કરીને જ્યારે તેને આધ્યાત્મિ પરિભાષાનો ઓપ આપવામાં આવ્યો હોય ત્યારે બહુ સહેલાઈથી ભમાવી શકાય છે તેવાં નાની ઉમ્મરના ઉમેદવારો સામે તરેહ તરેહનાં પ્રલોભનો ધરવામાં આવે છે. ઘણી વખત તેમની અસહાય પરિસ્થિતિનો લાભ લેવામાં આવે છે. માબાપો કે વાલીઓની સંમતિ મેળવવા માટે આર્થિક લાલચો પણ આપવામાં આવે છે. પોતાના ગુરુઓને ચેલાઓ મેળવી આપવાથી પુણ્ય થાય છે એમ શ્રીમન્ત અનુયાયીઓ માનતા હોય છે અને પારકાનાં છોકરાંઓને સાધુ બનાવવા પાછળ દ્રવ્ય ખરચવાને તેઓ તૈયાર હોય છે. નાનાં છોકરાં છોકરીઓને ફસાવવા માટે યોજવામાં આવતી રીતરસમો જેઓ ધર્મના નામ ઉપર ચાલતા હોય છે તેમને માટે ભારે શરમજનક હોય છે એમ કહેવામાં જરા પણ અત્યુક્તિ નથી.

(૧૧) જ્યારે નાની ઉમ્મરના દીક્ષિતો ઉમ્મરલાયક થાય છે અને યૌવનનો ઉગમ જીવનની મોજમજા માણવા તરફ તેમને જ્યારે આકર્ષવા માંડે છે—જે મોજમજા માણવાનો તેમના માટે કોઈ અવકાશ હોતો નથી—ત્યારે બાલદીક્ષાનાં માઠાં પરિણામો સ્પષ્ટ રૂપ ધારણ કરે છે. તેમાંના કેટલાક દીક્ષિત જીવનનો ત્યાગ કરે છે, પણ તેમના આવા પુનરાગમન પ્રત્યે સમાજ અણગમાની દૃષ્ટિથી જોતો હોઈને સંસારમાં કોઈ રીતે તેઓ ગોઠવાઈ શકતા નથી. સાચા જ્ઞાન અને શ્રધ્ધા વિના લેવાયલી દીક્ષાના શારીરિક અને માનસિક પરિણામો તેમના પોતા માટે તેમ જ સમાજ માટે ભારે અનર્થપૂર્ણ નીવડે છે. લોકોની જાણમાં એવા દાખલાઓ છે કે જ્યાં આવા બાલદીક્ષિતોને—છોકરાં અને છોકરીઓને—તેઓ ભાગી ન જાય એ માટે કેદીની માફક રાખવામાં આવે છે. ચેલો મેળવવાનો—બને તેટલા વધારે ચેલાઓ મેળવવવાનો—મોહ ઘણી વખત એટલો બળવાન હોય છે કે આગેવાન અને વિદ્વાન સાધુઓ પણ આ મહત્વાકાંક્ષાનો ભોગ થઈ પડે છે. જ્યારે ધાર્મિક ગુરુઓ નાલાયક પાકે છે ત્યારે સમાજને ઘણું નુકશાન થાય છે અને પરિણામે ધર્મ માટે લોકોમાં અનાદર પેદા થાય છે જે કોઇ પણ કોમ માટે ભારે ખતરનાક છે.

(૧૨) અમને તેથી લાગે છે કે આવાં કુમળાં બાળક બાળિકાઓને રક્ષણ આપવું અને નાની ઉમ્મરે દીક્ષાની લાલચમાં ફસાઇ જતાં જે માઠાં પરિણામો નીપજે છે તે પરિણામોને મૂળમાંથી અટકાવવા એ રાજ્યની સમાજ પ્રત્યે એક મહત્વની ફરજ છે.

અમે તેથી આ બીલનું મક્કમતાપૂર્વક અનુમોદન કરીએ છીએ.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ
મુંબઈ ૩
તા. ૭-૧૦-૫૫

મંત્રીઓ,
મુંબઈ જૈન યુવક સંઘ.

## બાલદીક્ષા અટકાયત બીલને જૈન શ્વે. સ્થાનકવાસી કોન્ફરન્સનું અનુમોદન

મુંબઈ લેજીસ્લેટીવ કાઉન્સીલના મંત્રી જોગ, મુંબઈ.

શ્રી પટવારી તરફથી રજુ કરવામાં આવેલા બાલસંન્યાસ-દીક્ષા પ્રતિબંધક બીલ સંબંધે અમો આપને જણાવવા માંગીએ છીએ કે જૈનોની વીશ લાખની કુલ વસ્તીમાં હિંદમાં સ્થાનકવાસી જૈનોની વસ્તી ત્રીજા ભાગની છે. અમારી અખિલ હિંદ સ્થાનકવાસી કોન્ફરન્સમાં આ પ્રશ્ન અનેક વાર ચર્ચવાના પ્રસંગો ઉપસ્થિત થયા છે. સ્થાનકવાસી જૈનોની ઘણી મોટી બહુમતી હમેશા એવો અભિપ્રાય ધરાવતી રહી છે કે નાની ઉમ્મરનાં છોકરાંછોકરીઓ જ્યાં સુધી સગીર હોય ત્યાં સુધી તેમને સાધુ-સાધ્વી બનાવવા ન જોઇએ. મુંબઈ વિધાનસભાના માજી-સ્પીકર શ્રી કુન્દનમલ ફિરોદિયાના પ્રમુખપણા નીચે ૧૯૫૦ માં મદ્રાસ ખાતે મળેલી અમારી કોન્ફરન્સના ૧૧ મા અધિવેશનમાં ૧૮ વર્ષ નીચેની ઉમ્મરના છોકરા-છોકરીઓને દીક્ષા આપવાની મના કરતો ઠરાવ અમે સર્વાનુમતે પસાર કર્યો હતો. એ ઠરાવ અસાધારણ અને વિરલ અપવાદમાં દીક્ષાની અનુમતી આપે છે પણ તે માટે કોન્ફરન્સના પ્રમુખની સંમતિ મેળવવાની રહે છે અને સંસાર છોડી દીક્ષા લેવા ઇચ્છનાર વ્યક્તિ બધી રીતે યોગ્ય છે અને બીજી રીતે તેને આવી રજા આપવી બ્યાજબી છે એમ પ્રમુખને પૂરી પ્રતીતિ થાય તો જ આવી દીક્ષા માટે પ્રમુખ સંમતિ આપી શકે છે. અહિં અમારે ઉમેરવું જોઇએ કે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન પ્રમુખે આવી એક પણ દીક્ષાની રજા આપી નથી અને કેટલાક કિસ્સાઓમાં તેમણે ચોખ્ખી ના કહી છે. એ મદ્રાસ અધિવેશનના પ્રમુખ શ્રી કુન્દનમલ ફિરોદિયાના ભાષણમાંથી આ વિષયને લગતો ફકરો અને એ અધિવેશનમાં થયેલા ઠરાવની નકલ પરિશિષ્ટ ક તથા ખ આ સાથે અમે મોકલીએ છીએ.

શ્રી પટવારી તરફથી રજુ કરવામાં આવેલ બીલનું અમો અનુમોદન કરીએ છીએ.

ખીમચંદ એમ. વોરા
માનદ મંત્રી

### પરિશિષ્ટ: ક

### માનનીય કુન્દનમલજી ફિરોદિયાનું અભિભાષણ

કેટલાક પ્રાન્તોમાં દીક્ષા બીલની ચર્ચા ચાલી રહી છે. દીક્ષા સંબંધમાં અમુક નિયંત્રણ મૂકવાનો વિચાર થઈ રહ્યો છે. મારી સમજ મુજબ મધ્ય પ્રદેશની ધારાસભામાં એક બીલ આ દીક્ષાના વિષયમા રજુ કરી દેવામાં આવ્યું છે. હું માનું છું કે આપ સર્વ આ બાબતમાં સહમત છો કે સગીર બાળકને દીક્ષા આપવી ન જોઇએ. અજમેર અધિવેશનમાં ઠરાવ થયો હતો કે બને ત્યાં સુધી બાલદીક્ષા આપવામાં ન આવે, પરંતુ એ ઠરાવમાં આચાર્યોને આ નિયમમાં અપવાદ કરવાની છૂટ આપવામાં આવી હતી. એ વખતે આશા રાખવામાં આવી હતી કે આવો અપવાદ ભાગ્યે જ બનશે. પરંતુ આ છૂટનું અનિષ્ટ પરિણામ ચાલી રહ્યું છે અને બાલદીક્ષા આજ સુધી અપાયા કરે છે. આ દૃષ્ટિથી પણ નિયંત્રણ મુકવું જરૂરી છે.

### પરિશિષ્ટ: ખ

### મદ્રાસ અધિવેશનનો ઠરાવ

દીક્ષા દેવા માટે એ આવશ્યક છે કે જેને દીક્ષા આપવામાં આવે તે દીક્ષાના અર્થ અને મર્મને બરોબર સમજે એટલી યોગ્યતા ધરાવતો હોય. સાધુજીવન ધારણ કરવું એ એટલા બધા મહત્વનો નિશ્ચય છે કે તે બાલ્યાવસ્થા પછી જ લેવાવો જોઇએ. બાલદીક્ષાનાં અનેક પ્રકારના અનિષ્ટ પરિણામો વર્તમાનકાળમાં નજર ઉપર આવી રહ્યાં છે. આ કોન્ફરન્સ આપણા પૂજ્ય મુનિવરો તથા મહાસતીઓને સવિનય પ્રાર્થના કરે છે કે તેઓ દેશકાળ તથા સમયની ગતિવિધિને ધ્યાનમાં લે અને રાજકીય કાનૂન આવે તે પહેલાં ૧૮ વર્ષથી નીચેની ઉમ્મરના કોઇ પણ બાલકને દીક્ષા આપવાનો નિશ્ચય કરીને દેશની સામે આદર્શ ઉપસ્થિત કરે.

આમ છતાં કોઇ દીક્ષાર્થી ૧૮ થી ઓછી ઉમ્મરનો હોય અને તેનામાં સર્વદેશીય યોગ્યતા માલુમ પડતી હોય તો કોન્ફરન્સના સભાપતિને અપવાદ રૂપે તેને દીક્ષિત કરવાના વિષયમાં સંમતિ દેવાનો અધિકાર આપવામાં આવે છે.

# સંઘના સભ્યો જોગ

## સંઘનું વાર્ષિક સમૂહભોજન

### મુખ્ય અતિથિ તરીકે શ્રી રસિકલાલ પરીખ

તા. ૭ મી નવેમ્બર સોમવાર સાંજના ૬-૦ વાગે ચોપાટી ઉપર આવેલા પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ પુલના ચોગાનમાં સંઘના સભ્યોનું વાર્ષિક સમૂહભોજન ગોઠવવામાં આવ્યું છે. આ સમૂહભોજનમાં જોડાવા ઇચ્છનાર સભ્યોએ તા. ૪-૧૧-૫૫ શુક્રવાર સાંજ સુધીમાં સંઘના કાર્યાલયમાં વ્યકિતદીઠ રૂા. ૩) ભરવાના રહેશે. એ જ દરથી સંઘના સભ્યો પોતાનાં સ્વજનો અને મિત્રોને લાવી શકશે. આ સમૂહભોજનમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લેવાનું સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન માન્યવર શ્રી રસિકલાલ પરીખે સ્વીકાર્યું છે. આ સમૂહભોજનમાં સંઘના સર્વ સભ્યોને ભાગ લેવા આગ્રહપુર્વક અનુરોધ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈનવર્ષ ૧૪–પ્ર. જીવનવર્ષ ૩
અંક ૧૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેમ્બર ૧૫, ૧૯૫૫, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## આપણો આધ્યાત્મિક વારસો

**નોંધ :** અમદાવાદની ગુજરાત વિદ્યાસભા હસ્તકની શ્રી પોપટલાલ હેમચંદ અધ્યાત્મ વ્યાખ્યામાળાના ઉપક્રમે પંડિત સુખલાલજીએ, માનનીય શ્રી ગણેશ વાસુદેવ માવળંકરના પ્રમુખપદે, તા. ૯, ૧૦, ૧૧ ઓકટોબર (૧૯૫૫) એ ત્રણ દિવસો સુધી અનુક્રમે (૧) આત્મ-વિચારણા, (૨) પરમાત્મા અને મોક્ષ–વિચારણા અને (૩) અધ્યાત્મ સાધના એ ત્રણ વિષયો ઉપર ખૂબ અભ્યાસ, ચિંતન, મનન અને માહિતીપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ ત્રણે વિષયો ભારતની વૈદિક, જૈન અને બૌધ્ધ પરંપરાઓના ગ્રંથોના આધારે ચર્ચવામાં આવ્યા હોવા છતાં, એને કેવળ શાસ્ત્રીય કે વિદ્વદ્‌ભોગ્ય બનાવવાને બદલે સામાન્ય જિજ્ઞાસુને પણ રસ પડે એ રીતે પંડિતજીએ ચર્ચ્યા હતા, એ આ વ્યાખ્યાનોની ખાસ વિશેષતા હતી.

આ વ્યાખ્યાનો અપાયાં ત્યારે તેની ટુંકી નોંધ મેં કરી લીધેલી એ નોંધને આધારે એ ત્રણે વ્યાખ્યાનોનો ટૂંક સાર તૈયાર કરીને અહીં આપવામાં આવે છે. ટૂંકસારમાં કયાંય હકીકતદોષ ન રહી જાય એ માટે એ લખાયા પછી પંડિતજીને સંભળાવી લેવામાં આવ્યો છે.

બધાય ધર્મોમાં રહેલાં પરસ્પરના સમન્વય સાધતાં તત્વો ઉપર જ વિશેષ ભાર આપતાં આ વ્યાખ્યાનો, તે તે ધર્મશાસ્ત્રોના અવતરણો તથા વિશેષ નોંધો વગેરે સાથે, ગુજરાત વિદ્યાસભા તરફથી, પુસ્તક રૂપે પ્રગટ થવાના છે. **રતિલાલ દીપચંદ દેસાઈ**

## આત્મ–વિચારણા

### ભૂમિકા

આ વ્યાખ્યાનમાળામાં પહેલાં વ્યાખ્યાનો પ્રો. રાનડેનાં સને ૧૯૪૮ માં થયાં હતાં. પ્રો, રાનડે આવા વિષયના વિદ્વાન, વિચારક અને ચિંતક હોવા ઉપરાંત એક સાધક પણ છે. એટલે તેઓ આ અંગે બોલેલા એ પોતાના વિશાળ વાચન અને ચિંતન ઉપરાંત પ્રત્યક્ષ અનુભવને આધારે બોલેલા. આ પછી સને ૧૯૪૮ માં આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાનો આપવાનું મને શ્રી રસિકભાઈએ કહેલું, પણ જે વ્યાખ્યાનમાળામાં પ્રો. રાનડે જેવા વિખ્યાતનામ વ્યકિતનાં વ્યાખ્યાનો થયા હોય એમાં એમની પછી બોલવાનો મને સહજ સંકોચ થતો હતો. એટલે એ વખતે મેં હા ન પાડી. આમ છતાં મારે આ વ્યાખ્યાનમાળામાં બોલવું એવી શ્રી રસિકભાઇની માગણી તો ચાલુ જ હતી.

એટલે સને ૧૯૪૮ થી ૧૯૫૦ ની સાલ સુધીમાં મેં, અંગત રીતે ઘણાં વર્ષો અગાઉથી મનમાં વિચારી રાખેલ આ વિષયસંબંધી વિશિષ્ટ વાચન શરૂ કર્યું, અને એની નોંધો લખાવતો ગયો. આ બધી નોંધોની નોટો મારી પુત્રી સમી શારદા બી. દોશીએ સાચવી રાખેલી તે છેવટે આ માટે ઉપયોગી થઈ છે.

આ બધાં વર્ષો દરમ્યાન પણ આ વિષયના બોલનાર બીજા કોઇને લાવવા અને મારા માથેથી ભાર ઉતારવા મેં પ્રયત્ન કરેલો, પણ એ સફળ ન થયો. એટલે છેવટે મેં મારો સંકોચ દૂર કરીને આ કામનો સ્વીકાર કર્યો, પરિણામે આજે આ વ્યાખ્યાનો યોજાયા છે.

સાચી રીતે તો આવા વિષયમાં જેમણે સાધના કરી હોય અને સામર્થ્યયોગ દ્વારા પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હોય એ જ, જાતઅનુભવને આધારે, બોલી શકે. મારે કહેવું જોઇએ કે આ વિષયપરત્વેનું મારું જ્ઞાન પ્રત્યક્ષ નહીં પણ પરોક્ષ છે, અને એનો આધાર સામર્થ્ય-યોગ નહીં પણ શાસ્ત્રયોગ છે. પણ આવા વિષયોમાં કેવળ શાસ્ત્ર-યોગથી કામ નથી ચાલતું, એમાં તો સામર્થ્યયોગ પણ જોઇએ. અને મારા સંકોચનું કારણ આ જ છે. છતાં જ્યારે સ્વીકાર કર્યો જ એટલે શાસ્ત્રયોગને આધારે આને ઘટતો ન્યાય આપવા પ્રયત્ન થશે.

આનો સ્વીકાર કરવામાં એક બીજો પણ વિચાર રહેલો છે, આપણે ત્યાં ઋષિઋણ અદા કરવાની બહુ જૂની પરંપરા ચાલી આવે છે. પૂર્વના ઋષિ–મુનિઓ અને ચિંતકો જે કંઇ કરી ગયા અને આપણને જે વારસો સોંપી ગયા તે કારણે તેમના પ્રત્યેનું ઋણ પણ આપણા ઉપર રહેલું જ છે. અને એ ઋષિઋણને યત્કિંચિત ફેડવાનો વિચાર પણ આમાં રહેલો છે એમ મારે કહેવું જોઇએ.

આ વ્યાખ્યાનમાળામાં ત્રણ દિવસમાં ત્રણ વિષયો–જે મૂળભૂત એક જ વિષયનો એટલે કે અધ્યાત્મવાદનો જ વિસ્તાર કહી શકાય–એ સંબંધમાં કહેવામાં આવશે અને એનો ક્રમ આ પ્રમાણે રહેશે:– (૧) આત્મવિચારણા, (૨) પરમાત્મા અને મોક્ષવિચાર અને (૩) અધ્યાત્મ સાધના.

પણ આ વ્યાખ્યાનમાળાના મૂળ વિષય અંગે બોલતાં પહેલાં એક પ્રશ્નનો થોડોક વિચાર કરવો જરૂરી લાગે છે કે–જે વખતે લોકોના મોટા ભાગનું ધ્યાન વિશેષ પ્રમાણમાં જીવનને સ્પર્શતા અને તાત્કાલિક ઉકેલ માગતા આર્થિક, સામાજિક, રાજકીય, શારીરિક અને એવા જ બીજા વિષયોમાં ચોટયું હોય, તેવે વખતે સ્થૂળ જીવન સાથે સંબંધ ધરાવતા ન દેખાય અને કળા, સાહિત્ય વિજ્ઞાન જેવા સૂક્ષ્મ વિષયોની કોટિથી પણ પર ગણાય, તેમજ જિજ્ઞાસુને પણ જેની તુરતાતુરત કે કાંઇક સરળ પ્રતીતિ થવી શકય ન હોય એવા એક ગૂઢ વિષયની ચર્ચા અને વિચારણા લોકો સમક્ષ રજુ કરવી, તેમજ એવી વિચારણા તરફ લોકોનું મન વાળવા પ્રયત્ન કરવો એ કેટલે અંશે સંગત છે ?

પહેલી બાબત તો એ છે કે કોઇ પણ વિષયનો અભ્યાસી પોતાની ખાસ પસંદગીના વિષયનો અભ્યાસ કરતી વખતે જો તેના મૂલ્યાંકનનું ધોરણ એ જ રાખે કે તે વિષય લોકોને તરત રુચે કે સમજાય તેવો જ હોવો જોઇએ અને તે તાત્કાલિક જરૂરિયાતને સંતોષે તેવો પણ હોવો જોઇએ તો અભ્યાસના વિષયમાં ઘણા અગત્યના કહી શકાય એવા વિષયોનો સમાવેશ જ થવા ન પામે, અને તેમ થાય તો આજ સુધી માણસજાતે ચિંતન, મનન અને સંશોધનના પ્રદેશમાં જે કીંમતી ફાળો આપ્યો છે તે કદી આપણને

પ્રાપ્ત ન થાત. વળી, માનવસ્વભાવ જ એવો છે કે કોઇ એક માણસ હમેશાં એક જ વિષયમાં નથી રસ લઇ શકતો કે નથી માત્ર એક જ વિષયમાં લાંબો વખત તલ્લીન રહી શકતો. એક જ સમયે જુદા જુદા સ્વભાવ અને જુદી જુદી યોગ્યતાવાળા અભ્યાસીઓની સાધના ચડતા-ઊતરતા, સ્થૂળ, સૂક્ષ્મ અને સૂક્ષ્મતમ કહેવાય એવા વિવિધ વિષયોમાં હમેશાં ચાલતી આવી છે.

આપણે એ પણ જોઇએ છીએ કે, જેઓ આર્થિક અને ઔદ્યોગિક જેવાં પ્રવૃત્તિક્ષેત્રોમાં ગળાબૂડ ડૂબેલા હોય છે તેઓ પણ નિરાંતનો દમ ખેંચવા, અવારનવાર ભજન-કીર્તનને બહાને કે યાત્રા અને સત્સંગમને બહાને, કળી ન શકાય એવી રીતે, કોઈ ગૂઢ શક્તિની હૂંફ મેળવવા યત્ન કરે છે. કામધંધાથી પરવાર્યા પછી છેવટે રાતે મોડે મોડે પણ સંખ્યાબંધ સ્ત્રીપુરુષો પોતપોતાની ભાષામાં, પોતપોતાની વિશિષ્ટ ઢબે, ઇશ્વર કે પરમાત્માની મહત્તા તંબુરાના મધુર સ્વર સાથે મધરાત સુધી જ નહીં, પણ ઘણીવાર આખી રાત ગાય છે, અને તે દ્વારા બીજી રીતે મેળવી ન શકાયો હોય એવો કોઈ અનુપમ સંતોષ અનુભવે છે. મોટાં મોટાં ધમાલિયાં શહેરોને બૂણેખાંચરે અને પરાઓમાં આત્માપરમાત્માના ચિંતનની કાંઇક ઝાંખી આપતાં ભજનોની ધૂન અભણ ગણાતા લોકોનું પણ સનાતન અશ્વાસન રહ્યું છે. હજારો કસબાઓ અને લાખો ગામડાઓમાં પણ મનને તાજગી આપનારાં સાધનોમાં ઇશ્વર કે આત્માપરમાત્માના ભજન અને સ્મરણને ખાસ સ્થાન છે. તેથી એમ માની લેવું એ ભૂલ છે કે બીજા બળતા પ્રશ્નો સામે હોય ત્યારે આવા ગૂઢ વિષયોની ચર્ચા અને વિચારણા અસ્થાને છે.

જેમાં આધ્યાત્મિક વિચારણા કરવામાં આવી છે એવા ઉપલબ્ધ પ્રાચીનતમ સાહિત્યમાં વેદ અને એવેસ્તાના કેટલાક ભાગોનું સ્થાન બહુ અગત્યનું છે. એમાં આપણે આધ્યાત્મિક જિજ્ઞાસા અને શોધને સૂચવતા કેટલાક ગંભીર ઉદ્‌ગારો વાંચીએ છીએ. ઉપનિષદો, જૈન આગમો અને બૌદ્ધ પિટકોમાં તો આધ્યાત્મિક જિજ્ઞાસાને લગતી વિચારણા જ મુખ્ય ભાગ ભજવે છે. જે કે ઉપનિષદો, આગમો અને પિટકોના પ્રાચીન ભાગો જેમાં વિવિધ પ્રકારે આધ્યાત્મિક જિજ્ઞાસા અને વિચારણા થઇ છે તે, વેદ અને અવેસ્તાના પ્રાચીન ભાગો કરતાં અર્વાચીન લેખાય છે, છતાં એમ માની લેવું ભૂલભરેલું થશે કે, એ ઉપનિષદો, આગમો અને પિટકોમાં રજુ થયેલા આધ્યાત્મિક ચિંતનો તે તે ગ્રંથ જેટલા જ અર્વાચીન છે. ખરી રીતે એ અધ્યાત્મ-જિજ્ઞાસા અને વિચારણાનો સ્રોત કોઈ દૂરના ભૂતકાળમાંથી વહેતો આવ્યો છે, અને ઉપલબ્ધ થતા તે તે ગ્રંથમાં કયારેક ને કયારેક લિપિબધ્ધ થઇ આજ સુધી સચવાઈ રહ્યો છે. એમ કહી શકાય કે આત્મા-પરમાત્માની વિચારણા એ આ દેશનો બહુ જુનો વારસો છે અને એની શરૂઆત કયારે થઈ એ કહી શકાય એમ નથી. આ વિષયમાં આપણે ત્યાં સૌ કોઇને ઓછો-વધતો રસ છે જ, અને તેથી વહેમ જેવો ગણીને આની અવગણના કરવામાં આવે તો તેમાં આપણને ભારે નુકસાન છે.

આગળ સૂચવ્યા એ ત્રણ વિષયોને લગતી જે કંઈ ચર્ચા-વિચારણા હું અહીં પ્રસ્તુત કરવાનો છું તે મુખ્યત્વે ભારતીય પરંપરા પૂરતી મર્યાદિત છે અને ભારતીય ગ્રંથો જે લભ્ય છે તેને આધારે જ હું અહીં બોલવાનો છું એ પણ મારે સૂચવવું જોઇએ.

### હવે મૂળ વિષય ઉપર આવું

આત્મા અને પરમાત્મા કે મોક્ષના વિચારને આપણે જ્ઞાનપૂર્વક, અભ્યાસપૂર્વક કે છેવટે પૂર્વસંસ્કારથી-એમ ગમે તે રીતે માનીએ છતાં એ વિચારનો આધાર ને ઉપયોગ શો છે એ પણ જરા સમજી લેવાની જરૂર છે. આ વિચારનો આધાર ને ઉપયોગ કેવળ આત્મા અને પરમાત્મા કે મોક્ષ પૂરતો જ સીમિત નથી પણ એનો ખરેખરો ઉપયોગ અને આધાર તો આધ્યાત્મિક સાધના જ છે. એમ પણ કહી શકાય કે આ વિચારણાનું મુખ્ય અને અંતિમ ધ્યેય આધ્યાત્મિક સાધનાને માર્ગે વળવું તે જ છે, આ વિચારણાના મૂળમાં પણ આ જ ધ્યેય રહેલું છે.

વળી મૃત્યુનો વિચાર કરવો તે પણ નકામું છે. કોઈ એમ કહે કે આપણે જેમ જેમ ઉંમરમાં આગળ વધતાં જઇએ છીએ તેમ તેમ કાં તો મૃત્યુ આપણી સમીપ આવતું જાય છે, અથવા તો આપણે મૃત્યુની સમીપ જઇએ છીએ. પણ આવો વિચાર કરવાની જરૂર નથી. ખરી રીતે તો આપણા અ-મૃત પદનો જ વિચાર કરવાની જરૂર છે. એ અમૃતપદનો વિચાર એ જ આત્મતત્ત્વનો વિચાર છે. એ અમૃતપદનો વિચાર જ આપણને આત્મતત્ત્વના વિચારમાંથી સાંપડે છે. આ અમૃતતત્વ શું તે આપણે આગળ ઉપર જોઇશું.

એટલે પહેલાં એ અમૃતપદતુલ્ય આત્મતત્વનો વિચાર કરીશું.

## આત્મ-વિચારણા

ભારતીય ધર્મોમાંની કોઈ પણ પરંપરા અત્યારે એવી ઉપલબ્ધ નથી કે જેમાં આત્મતત્ત્વનો એક અથવા બીજે નામે સ્વીકાર ન હોય. આત્માવાદી બધાં જ દર્શનોને સમાનપણે માન્ય હોય એવું આત્માનું સ્વરૂપ એ છે કે પ્રકૃતિ અથવા પરમાણુ જેવા જડ અને ભૌતિક તત્ત્વોમાંથી નિષ્પન્ન નહીં થયેલ પણ સ્વભાવે જ મૂળથી ભિન્ન એવું ચેતનાશક્તિ ધરાવનાર તત્ત્વ એ જ આત્મતત્ત્વ. આત્મતત્ત્વના સ્વરૂપ વિષયક આ માન્યતા અત્યારે તો સર્વ ભારતીય દર્શનોમાં સિદ્ધ જેવી જ છે. આ રીતે જોઈ શકાશે કે આત્મવિચારણા એ બૌદ્ધિક, તાર્કિક કે એની બીજી કોઈ કોટિની વિચારણાના વિષય કરતાં વિશેષપણે ધાર્મિક વિચારણા છે.

હિંદુસ્તાનની બીજી ગમે તે વિશેષતાઓ હોય પણ એની સૌથી મુખ્ય વિશેષતા એની આધ્યાત્મિકતાની માન્યતામાં રહેલી છે. પણ આ આધ્યાત્મિક વિશેષતા હિંદુસ્તાનને મળી એનું કારણ શું ? એનું કારણ એની પુનર્જન્મની માન્યતા છે. પુનર્જન્મ એ આધ્યાત્મિકતાનો પાયો છે; મતલબ કે પુનર્જન્મને ન માનીએ તો આધ્યાત્મિકતાની માન્યતા જ નથી ટકતી. એટલે આત્મતત્ત્વના અસ્તિત્વનો આધાર પણ પુનર્જન્મ જ છે. આ દેહ મળતાં પહેલાં અને આ દેહનો વિલય થયા પછી પણ આ દેહધારી આત્માનું અથવા ચેતનતત્ત્વનું અસ્તિત્વ. એનું નામ જ પુનર્જન્મ અને એ જ આપણું અમૃતત્વ.

ઇસ્વીસન પૂર્વે પાંચમા સૈકામાં મહાવૈયાકરણ પાણિનિ થઈ ગયા. તેમણે પોતાના વ્યાકરણશાસ્ત્રનાં સૂત્રોમાં 'આસ્તિક' અને 'નાસ્તિક' શબ્દોનો પ્રયોગ કર્યો છે. અત્યારે એ શબ્દો ગાળરૂપ બની ગયા છે, પણ તે કાળે એમ ન હતું. તે કાળે એનો અર્થ એવો થતો હતો કે-જે આત્મા અને પુનર્જન્મને માને તે આસ્તિક અને બીજા નાસ્તિક. આ ઉપરથી એટલું તો સમજી શકાય છે કે તેમના સમયમાં પણ આવો-આત્મા અને પુનર્જન્મને માનનારો-વર્ગ હયાત હોવો જોઇએ. અને આવી માન્યતાનાં મૂળ પાણિનિથી પંદરસો વર્ષ પહેલાંના સમય સુધી તો પહોંચે છે જ.

વળી આ વિચારો જન્મવાનો અને એ લિપિબદ્ધ થવાનો સમય પણ કંઇ એક નથી. વિચારો કે માન્યતાઓના પ્રાદુર્ભાવ પછી કેટલાય વર્ષે એ લિપિબધ્ધ થયા હોવા જોઇએ. ઋગ્વેદ અને અવેસ્તામાં એ વિચારો સચવાયેલા મળે છે. જૈનોના ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથના સમયમાં અને ઉપનિષદના સમયમાં પણ લોકોમાં એ જ ધૂન પ્રચલિત હતી કે મૃત્યુની સાથે સાથે જ કંઈ આપણે સમાપ્ત થઈ જતા નથી.

આ રીતે પાણિનિ પહેલાંથી જ આ જાતની આસ્તિકતા તો આપણે ત્યાં સ્થિર થઈ ગઈ હતી; અને એણે જ આત્મસાધનાના માર્ગની પ્રેરણા આપી હતી, અને આ સાધના આજે પણ ચાલુ છે જ-ભલે કદાચ આજે એવા સાધકો વિરલ હોય.

આપણે આગળ જોયું કે આત્માની વિચારણામાં પાયારૂપે પુનર્જન્મનો વિચાર રહેલો છે. એમ થવાનું કારણ શું ? અથવા આ પ્રશ્નને બીજા શબ્દોમાં મૂકવો હોય તો એમ પૂછી શકાય કે આત્મતત્ત્વની પ્રતીતિ કરાવે એવું તત્ત્વ કયું ?

મને લાગે છે કે પુનર્જન્મની કલ્પના કે માન્યતા આપણા પોતાના અસ્તિત્વના વિચારમાંથી જન્મી છે. આપણે કહીએ છીએ કે હું જન્મ્યો, મર્યા પછી પણ હું રહીશ, અને ભૂતકાળમાં પણ હું હતો—આમ 'હું'ના અસ્તિત્વને આપણે ભૂત, વર્તમાન અને ભવિષ્યત્ એમ ત્રિકાળવ્યાપી બનાવીએ છીએ એનું નામ જ પુનર્જન્મની માન્યતા. પુનર્જન્મની માન્યતા એટલે જ અમૃતત્વની માન્યતા.

ઇન્દ્રિયો તો માત્ર વર્તમાનકાળને જ જોઈ કે જાણી શકે છે. પણ મનનું એવું નથી. એને તો નવી નવી કલ્પનાઓ પણ થાય છે. અને એ રીતે કલ્પતાં કલ્પતાં એ પુનર્જન્મ લગી પણ પહોંચી જાય છે. પુનર્જન્મની માન્યતા પાછળ ભલે વૈયક્તિક અમરણપણાની કલ્પના રહેલી હોય, પણ એ માન્યતાની મોટામાં મોટી વાત તો સામાજિકતા અથવા અભેદની ભૂમિકા છે. જો આપણું અસ્તિત્વ વર્તમાન જન્મ પૂરતું જ સીમિત હોય અને આપણે વૈયક્તિક અસ્તિત્વમાં જ બંધાયેલા હોઇએ તો સહાનુભૂતિ અને સમસંવેદન ન થવું જોઇએ, અને એ થાય છે તો ખરું, તો પછી એનું કારણ શું? જે પ્રદેશ આપણે માટે અગમ્ય છે ત્યાં રહેનારના દુઃખથી પણ આપણને વેદના થાય છે એનું કારણ એવું કોઈ અનુસંધાન કરનાર તત્ત્વ જ છે. પગમાં કોઇ ચોંટકી ભરે તેની અસર આખા શરીરમાં થાય છે તેવી જ રીતે આપણને અજ્ઞાત દેશ—પરદેશના કોઈ મનુષ્યોનું જ નહીં પણ પશુઓનું દુઃખ સાંભળીને એમની પ્રત્યે સંવેદન થાય છે. આ બતાવે છે કે આમાં કોઈ અનુસંધાન સાધનારું સમાન તત્ત્વ હોવું જોઇએ. જગતની સાથેના આવા સંબંધના કારણનો ઉત્તર આત્મવિચારણામાંથી મળે છે. આ આત્મતત્ત્વ જ આવું અનુસંધાન કરનારું તત્ત્વ છે, અને તેથી એની વિચારણા શ્રદ્ધાપૂર્વક છતાં જાગરુક દૃષ્ટિએ કરવી જોઇએ.

આત્માને બધાં દર્શનો માને છે, છતાં એના સ્વરૂપ વિષે બધાં એકમત નથી, આમાં ઘણા મતભેદો છે. ઉપનિષદ, ગીતા, બૌદ્ધ, જૈન બધામાં આ સંબંધમાં મતભેદ છે. અને આ મતભેદોથી કોઈ વહેમાઈ પણ જાય કે આમાં ખરું શું? આમ થવાનું કારણ એ છે કે બધા સાધના કરનારાઓ એક કક્ષાના નથી હોતા, પણ સૌની ભૂમિકા જુદી જુદી હોય છે, અને તેથી તેમાં ફેર પડે છે. અને આ ફેરને જોઇને સામાન્ય જનતા ભ્રમમાં પડી જાય છે. પણ મૂળ વાત તો માત્ર ભૂમિકાભેદની છે. દૃષ્ટિકોણના ભેદથી મન ઉપર જુદી જુદી છાપ પડે છે અને પછી એને પ્રચલિત શબ્દોમાં રજુ કરવામાં આવે છે. પણ મારા અનુભવના આધારે હું કહું છું કે આ ભેદ માત્ર શબ્દો, વ્યાખ્યા અને વર્ગીકરણનો જ છે, પણ તાત્વિક નથી. શબ્દો ગમે તે વાપરે કે વ્યાખ્યા ગમે તે કરે છતાં બધાં એક જ તત્ત્વની રજુઆત કરે છે.

જૈનો અને વેદાન્તીઓ વચ્ચે આત્મતત્ત્વના સ્વરૂપ અંગે મોટું અંતર દેખાય છે. જૈનોનો બહુઆત્મવાદ અને વેદાન્તીઓનો એકાત્મવાદ એકબીજાથી બહુ દૂર હોય એમ લાગે છે, પણ આ અંતર વાસ્તવિક નથી. ઘણા આત્માઓ માનો કે આખા વિશ્વનો એક આત્મા માનો, પણ એ બંન્નેનો ભાવ તો એક જ છે. આને માટે સંક્ષેપમાં એમ કહી શકાય કે જીવાત્માઓ બધા સમાન છે અથવા એક જ તત્ત્વના આવિર્ભાવો છે. એ બન્ને આત્મવાદોમાં ભેદ છે છતાં બીજાના દુઃખનો થતો અનુભવ એ બન્ને વચ્ચેની સમાનતાનો દ્યોતક છે.

આત્મવાદનો વિકાસ પણ ક્રમે ક્રમે—ઇતિહાસક્રમમાં—થયો છે. શરૂઆતમાં એ માટે એક કલ્પના સૂઝી, પછી એમાં વિકાસ થયો, તે પછી ફરી પાછો એમાં વિકાસ થયો.

આત્મવાદ સંબંધી જૂના વિચારો એ પરંપરામાં સચવાયા છે તે સાંખ્ય અને જૈનમાં. જ્યારે દાર્શનિક પદ્ધતિ આવી ત્યારે ઘણી વસ્તુઓ સ્પષ્ટ થઈ. આત્મવાદની સ્પષ્ટતામાં પણ એથી વધારો થયો, અને એનું અનુસંધાન કાળક્રમે કે ઇતિહાસક્રમ સાથે ઠીક ઠીક જોડાયેલું જોવાય છે. આમ છેક પ્રાચીન કાળથી આત્મતત્ત્વ સંબંધી એકબીજાની માન્યતા ઉપર ખૂબ અસર થતી રહી છે. તે ઉપરથી પણ એમ નક્કી થાય છે કે આત્મતત્ત્વના સંબંધમાં જે કંઈ ભેદ કે અંતર દેખાય છે તે માત્ર બાહ્ય જ છે; આંતરિક એટલે કે તાત્વિક રીતે તો એમાં કશો ભેદ કે કશું અંતર નથી.

જેણે આત્મતત્ત્વની વિચારણાનો પાયો, આગળ કહ્યું તેમ, પુનર્જન્મ છે એમ સામાજિક જીવનમાં પણ પુનર્જન્મની ભાવનાને મહત્ત્વનું સ્થાન છે. અવશ્ય ત્યાં એની ભૂમિકા કે એનું સ્વરૂપ કંઇક જુદું છે. અહીં આનો પણ થોડો વિચાર કરીએ, કારણ કે સામાજિક જીવન એ પણ મહત્ત્વનું જીવન છે.

આ સામાજિક પુનર્જન્મમાં પિતા અને માતા પુત્રરૂપે નવું રૂપ ધારણ કરે છે અને તેથી જ તો સંતતિમાં મોટે ભાગે માતા—પિતાના ગુણો જ ઊતરે છે. આનો અર્થ એ છે કે સામાજિક જીવનને ચાલુ રાખવા માટે માતા—પિતા પુત્રરૂપે જન્મ પામે છે અને સમાજ ચાલે છે. पिता वै जायते पुत्रः। આ છે આપણો સામાજિક પુનર્જન્મ.

આપણે જાણીએ છીએ કે સંસ્કાર કદી નકામા જતા નથી. એટલે પછી મારે છૈયાં—છોકરાં આદિ સાથે શી લેવા દેવા? એમ કહીને વૈયક્તિક પુનર્જન્મને વધારે પડતું મહત્ત્વ આપવામાં આવે છે એ બરાબર નથી. પેઢીને પોતાથી જુદી માનવી એ ખોટું છે. એટલે આવતી પ્રજાનો તંતુ પણ તમે પોતે જ છો એવી અભેદબુદ્ધિ કેળવવાની જરૂ છે. આત્મતત્ત્વના પાયારૂપ પુનર્જન્મની માન્યતાનું સામાજિક મૂલ્ય આ છે.

અતિ પ્રાચીન કાળથી ચાલી આવતી હિંદુસ્તાનની આધ્યાત્મિક સાધના હવે વિસ્તરતી જાય છે, રાજચંદ્ર, ગાંધીજી, અને શ્રી અરવિંદના પ્રસંગો એ વાતનો જ પુરાવો આપે છે કે એ જૂનાં સંસ્કારની ધારા અત્યારે પણ ચાલે છે. એટલે પુનર્જન્મ દ્વારા આપણું અસ્તિત્વ અથવા આપણું અમરત્ત્વ માનવાની સાથે સાથે દુનિયાની સાથે સારા સંબંધો બાંધવાને માટે પણ આત્માને માનવો જરૂરી છે. વિશ્વનું એક નિર્વિવાદ સત્ય તે ચેતનાતત્ત્વ છે.

વિ. સ. ૧૯૬૨ ની સાલનો મારો એક જાત અનુભવનો પ્રસંગ આજે પણ મારી સ્મૃતિમાં એટલો જ તાજો છે. હું જાણું છું કે મારી સાત પેઢી લગી કોઇમાં દર્શનશાસ્ત્રોના કે તત્ત્વજ્ઞાનના અભ્યાસના સંસ્કાર ન હતા. છતાં હું જ્યારે એ બધું સાંભળતો અને એનું અધ્યયન કરતો ત્યારે મારા અંતરમાં એવો આભાસ સતત થયા કરતો કે આ બધું જાણે મેં કયારેક અનુભવ્યું છે, જાણ્યું છે, એનું અધ્યયન કર્યું છે. આ બીના પૂર્વજન્મ કે આત્મતત્ત્વની જ કંઇક સાક્ષી આપે છે.

અને સંતો તો કદી આત્મતત્ત્વની બાબતમાં વિવાદમાં કે ક્લેશમાં પડ્યા જ નથી. એમને તો આત્મતત્ત્વની વિચારણામાં પોતાની જાતની જ વિચારણા લાગી છે, અને સાચું પણ એ છે કે આત્મવિચારણા એ છેવટે પોતાની જ વિચારણા છે.

અપૂર્ણ

પંડિત સુખલાલજી

**सत्यं शिवं सुन्दरम्**

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કીંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।=

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે

કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।=

**પ્રબુદ્ધ જૈન તથા પ્રબુદ્ધ જીવનની ફાઇલો**

કીંમત રૂા. ૬, પોસ્ટેજ ૦।=

**ઋષભદેવ-ચરિત્ર ચિત્રાવલિ અંક**

કીંમત રૂા. ૦।, પોસ્ટેજ ૦।-

પ્રાપ્તિસ્થાન:

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

## બાલદીક્ષાની અટકાયતની ભારત જૈન મહામંડળે કરેલી હિમાયત

તા. ૬-૧૧-૫૫ ના રોજ મુંબઈ ખાતે મળેલી ભારત જૈન મહામંડળની કાર્યવાહક સમિતિએ બાલદીક્ષા તેમ જ અયોગ્ય દીક્ષાની અટકાયત સંબંધમાં નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો.

"જૈન સંસ્કૃતિ એ શ્રમણ સંસ્કૃતિ છે અને એ સંસ્કૃતિનું હાર્દ સંતપરંપરા રહેલ છે. અને આજ પણ તેના સાધુઓમાં ત્યાગી અને તપસ્વીઓની અછત નથી. તેને વધારે શુધ્ધ, પવિત્ર અને ઉપયોગી બનાવવાની દૃષ્ટિએ યોગ્ય પાત્ર જોઇને દીક્ષા આપવી જોઇએ. સમજદારી અને વિવેકયુકત થયા વિના સાચા ત્યાગનો સંભવ નથી. એટલે યોગ્ય વય પુરી થતા સુધી અને અયોગ્ય પધ્ધતિથી દીક્ષા દેવી શ્રેયસ્કર નથી. અમો આચાર્યો અને સંતોની સેવાઓમાં વિનંતિ કરીએ છીએ કે તેઓ અયોગ્ય અને બાલદીક્ષા ન આપે. સંસ્કાર અને વૈરાગ્યવૃત્તિને મુકત વાતાવરણમાં વધવા દેવી જોઇએ, અને જ્યારે દીક્ષા લેનાર યોગ્યતા પ્રાપ્ત કરે અને પુખ્ત ઉમ્મરનો થાય ત્યારે જ દીક્ષા આપવી જોઇએ. અમારે ત્યાં એવું એક વિધાન છે કે દીક્ષા-સંઘની તથા પાલકોની સહમતી વગર દીક્ષા આપી શકાય નહિ. એટલા માટે સમસ્ત જૈન ભાઇઓની સેવામાં અમારી વિનંતિ છે કે ભાવ-આવેશમાં આવીને કોઈ અયોગ્ય અને બાલદીક્ષા આપે નહિ અને એવી કોઈ દીક્ષામાં અન્ય જૈનો સાથ પણ આપે નહિ. ભારત જૈન મહામંડળ અયોગ્ય અને બાલદીક્ષાને સમય અનુસાર તેમ જ શ્રેયસ્કર માનતું નથી. ફરીથી અમો સંતગણને તથા જૈન ભાઇઓને આગ્રહપૂર્વક પ્રાર્થીએ છીએ કે તેઓ અયોગ્ય અને બાલદીક્ષા બંધ કરી દે કે જેથી કાયદાની જરૂર ન પડે."

આ સંબંધમાં સવિશેષ આનંદની વાત એ છે કે પ્રસ્તુત કાર્યવાહક સમિતિના એક સભ્ય અને મુંબઈ તેરાપંથી મહાસભાના પ્રમુખ શ્રી નેમચંદ નગીનચંદ વકીલવાળાએ આ ઠરાવને ટેકો આપ્યો હતો. સાધારણ રીતે બાલદીક્ષાના પક્ષપાતી તેરાપંથી સમાજના પ્રમુખનું આ રીતે બદલાયલું વલણ આવકારપાત્ર બને છે. પ્રસ્તુત ઠરાવમાં દર્શાવાયલી આશા મૂર્તિમન્ત બને અને જૈન સમાજના પેટાવિભાગોના સર્વ સાધુઓ સર્વ પ્રકારની અયોગ્ય દીક્ષા અને તેમાં પણ ખાસ કરીને બાલદીક્ષા નહિ આપવાની પ્રતિજ્ઞા લે તો પછી પ્રસ્તુત ખીલ પાછળ રહેલું પ્રયોજન સિધ્ધ થયું ગણાય અને એ ખીલનો વિરોધ કરવાને જૈન સમાજ પૂરતું કશું પણ કારણ ન રહે એમ કલ્પી શકાય પણ વો દિન કહાં કે મીયાં કે તેઓ પાંઉમેં જુતિયાં ? **તંત્રી**

## સંઘનો ભવ્ય ભોજન સમારંભ

### શ્રી રસિકલાલ પરીખનું સ્વાગત

તા. ૭-૧૧-૫૫ સોમવાર સાંજના વખતે મુંબઇ ખાતે ચોપાટી ઉપર આવેલા પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ બાથના વિશાળ ચોગાનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી એક ભવ્ય ભોજન સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ સમારંભમાં સંખ્યાબંધ સભ્યોએ ભાગ લીધો હતો તેમજ સંઘના નિમંત્રણને માન આપીને શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી લાલચંદ હીરાચંદ, શ્રી ભવાનજી અરજણ ખીમજી, શ્રી શાન્તિલાલ હરજીવન શાહ, (મુંબઈના મજુરપ્રધાન), શ્રી ઇન્દુમતી બહેન ચીમનલાલ, સર મણિલાલ બાલાભાઈ નાણાવટી, શ્રી રતિલાલ મૂળજી ગાંધી, શ્રી ખુશાલદાસ કુરજી પારેખ, શ્રી તારાબહેન માણેકલાલ પ્રેમચંદ, શ્રી જે. ડી. દફતરી, શ્રી ડાહ્યાભાઈ વી. પટેલ, શ્રી લીલાવતીબહેન બેંકર, શ્રી રતિલાલ ભાઇચંદ મહેતા, શ્રી પ્રવીણભાઈ ગાંધી, શ્રી ભાનુશંકર યાજ્ઞિક, ડૉ. સાંગાણી, શ્રી મોહનલાલ મહેતા (સોપાન), શ્રી કુંગરશી ધરમશી સંપત, શ્રી શામજી સુન્દરદાસ, શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, શ્રી ખીમચંદ મગનલાલ વોરા શ્રી મહેન્દ્ર દેસાઈ, શ્રી અમૃતલાલ જેઠલાલ શાહ, શ્રી મનુભાઇ રાવળ, શ્રી દુર્લભજી ઉમેદચંદ પરીખ, શ્રી વિજયાબહેન પરીખ, શ્રી બાપાલાલ દોશી, શ્રી રતિલાલ શેઠ, શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરી, શ્રી લીલીબહેન પંડયા વગેરે મુંબઇના આગેવાન નાગરિકો પણ ઉપસ્થિત થયા હતા. આ ભોજનસમારંભમાં ૩૦૦ લગભગ ભાઈ બહેનો જોડાયાં હતાં.

સાંજના ૭ વાગ્યાથી સભ્યો તથા મહેમાનોનાં આગમન શરૂ થયાં. સૂર્યાસ્ત સાથે દિવસનો પ્રકાશ સંકેલાવા લાગ્યો, અને રાત્રીનો અંધકાર ચોતરફ ફેલાવા લાગ્યો. વીજળીની બત્તીઓ વડે આખું ચોગાન પ્રકાશોજ્જવલ બની રહ્યું. લગભગ ૬॥॥ વાગ્યે સૌ પોતપોતાનાં સ્થાને ગોઠવાઈ ગયા. ભોજન શરૂ કરતાં પહેલાં શ્રી સુરજચંદજી ડાંગીએ પ્રાર્થના કરી હતી અને ત્યાર બાદ ભોજન શરૂ થયું. ભોજન માટે પુરી, દુધપાક, જલેબી તેમ જ બીજી અનેક સ્વાદિષ્ટ વાનીઓ તૈયાર કરવામાં આવી હતી. પીરસવાની વ્યવસ્થા પણ પૂરી સંતોષકારક હતી. સમુદ્રકિનારે, રાત્રીની ઠંડી હવામાં વિશાળ ચોગાન વચ્ચે ટેબલ ખુરશી ઉપર વ્યવસ્થિત રીતે ગોઠવાયલા ૩૦૦ જેટલાં આપણાં સ્વજનોને– ભાઇઓ, બહેનો તથા બાળકોને–મિષ્ટ ભોજનને આનંદપૂર્વક માણતાં જોવાં એ ભારે પ્રેરક અને આલ્હાદક દૃષ્ય હતું. સૌના મોઢા ઉપર મીઠી પ્રસન્નતા પસરી રહી હતી, વાતાવરણમાં આનંદઉલ્લાસ વ્યાપેલો હતો.

### શ્રી ભુજપુરીઆનું સ્વાગતપ્રવચન

ભોજન પુરું થવા આવ્યું એ લગભગમાં મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ખીમજી માડણ ભુજપુરીઆએ ઉપસ્થિત મહેમાનોને આવકાર આપતાં જણાવ્યું કે "આજના આ મંગળ પ્રસંગે અમારા મુખ્ય મહેમાન તરીકે સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી રસીકલાલ પરીખને ઉપસ્થિત થવા અમે વિનંતિ કરેલી તે માન્ય કરીને તેઓ અહિં પધાર્યા છે. આથી અમે ઘણો આનંદ અનુભવીએ છીએ અને તેમનું અમે અન્તરથી સ્વાગત કરીએ છીએ. તેમની સાથે અમારા સંઘનો ઘણો જુનો સંબંધ છે. તેઓ મુંબઈમાં વસતા હતા તે સમય દરમિયાન અને ત્યાર બાદ વર્ષો સુધી અમારા સંઘના સભ્ય હતા. આ રીતે અમારામાંના એક શ્રી રસિકભાઇ સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાનપદ ઉપર હોય એ અમારા માટે અપૂર્વ ગૌરવનો વિષય છે. તેમણે કુશળ રાજ્યવહીવટ દ્વારા અને રાષ્ટ્રનિષ્ઠા તથા ઉચ્ચ કોટિના સૌજન્ય દ્વારા સૌરાષ્ટ્રનાં પ્રજાજનોની અમાપ પ્રીતિ અનેલોકપ્રિયતા સંપાદન કરી છે એ જોઇને અમે ઉંડી પ્રસન્નતા અનુભવીએ છીએ. તેમને દીર્ઘાયુષ્ય સાથે સુદૃઢ આરોગ્ય પ્રાપ્ત થાય અને દેશને હજુ તેમની અનેક સેવાઓનો લાભ મળતો રહે એવી અન્તરની શુભેચ્છા અને પ્રાર્થના સાથે તેમને ફરીથી હું આવકાર આપું છું અને તેઓ સૌરાષ્ટ્રના મુખ્ય સ્થાન ઉપર આવ્યા ત્યારથી આપણી વચ્ચે એક વાર ખેંચી લાવવાનો અમારો પ્રયત્ન આજે સફળ થયેલો જોઇને હું મારા તરફથી ઉંડો આનંદ અને સંતોષ પ્રદર્શિત કરું છું."

### શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા

ત્યાર બાદ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે "ગયે વર્ષે આ જ અરસામાં અમારા મુંબઈ જૈન યુવક સંઘના રૌપ્ય મહોત્સવ પ્રસંગે આપણે આ સ્થળે એકઠા થયા હતા અને એ સમુહભોજનમાં લગભગ ૪૦૦ ભાઇ બહેનોએ ભાગ લીધો હતો. એ દિવસે અમારા સંઘના સભ્ય, આપણા લોકપ્રિય મજુર પ્રધાન શ્રી શાન્તિલાલ શાહે સૂચના કરી હતી કે આવી રીતે દર વર્ષે એક વાર સમુહભોજનના આકારમાં મળવાનો પ્રબંધ ગોઠવાય તો એ ભારે આવકારદાયક બનશે. એ સૂચનાને લક્ષ્યમાં રાખીને આજના ભોજનસમારંભનો અમારી કાર્યવાહીએ પ્રબંધ ગોઠવ્યો છે."

આમ કહીને નિમંત્રિત મહેમાનોને ઉદ્દેશીને શ્રી પરમાનંદભાઇએ મુંબઇ જૈન યુવક સંઘનો ઉદ્‌ભવ, તેનો ઉત્તરોત્તર વિકાસ, બીનફેકી, બીનસાંપ્રદાયિક દૃષ્ટિ અને નીતિ, પ્રબુધ્ધ જીવન, પર્યુષણ વ્યાખ્યાનમાળા, સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલય આદિ સંઘની વિવિધ પ્રવૃત્તિઓ—આદિ બાબતોનો પરિચય આપ્યો ને આગળ ચાલતાં જણાવ્યું કે "આમ અમારા સંઘ તરફથી જે કોઈ પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાનનો ફેલાવો કરવો, સમાજની સેવા કરવી, લોકમાનસને સાંપ્રદાયિક પૂર્વગ્રહોથી મુકત કરવું, ધાર્મિક તેમ જ સામાજિક અનિષ્ટ રૂઢિઓનો સામનો કરવો અને સમાજ તેમ જ રાષ્ટ્રના અનેક પ્રશ્નો વિષે જનતાને સતત માર્ગદર્શન આપતા રહેવું એ છે.

ચાલુ વર્ષ દરમિયાન સંઘે બે પ્રશ્નોનો મુકાબલો કર્યો છે. એક તો જૈન મંદિરોમાં હરિજન પ્રવેશનો પ્રશ્ન. જૈન મંદિરની કલ્પના અને પરંપરા જ એવી છે કે તેમાં દર્શનાર્થે આવતા કોઇને પણ અટકાવી શકાય જ નહિ. આમ છતાં પણ અસ્પૃશ્યતાની રૂઢિની પકડથી અન્ય સમાજ માફક જૈન સમાજ પણ કંઇ કાળથી જકડાયેલો રહ્યો છે અને તેથી જૈન મંદિરોમાં હરિજનપ્રવેશનો સ્થિતિચુસ્ત સમાજ તરફથી વિરોધ થાય એ સ્વભાવિક છે. મુંબઈ જૈન યુવક સંઘે આ સંબંધમાં પ્રબુધ્ધ જીવન દ્વારા ભારે જોરદાર હીલચાલ શરૂ કરી, શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી અને તેના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇનો આ બાબતમાં સાથ અને સહકાર મળ્યો અને શત્રુંજય તીર્થનાં અને અન્ય અનેક જૈન મંદિરોનાં દરવાજા હરિજનો માટે ખૂલ્લાં જાહેર થયાં.

બીજો પ્રશ્ન બાલદીક્ષા અટકાયતનો. આ માટે મુંબઇની વિધાન પરિષદમાં માનનીય બંધુ શ્રી પ્રભુદાસ બાલુભાઇ પટવારીએ એક બીલ રજુ કર્યું છે અને આ બીલના સમર્થનમાં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી આજે એક મોટી ઝુંબેશ ચાલી રહી છે. આ બીલ મુંબઇ પ્રદેશના સર્વ પ્રજાજનોને લાગુ પડે છે. જૈનેતર સમાજ આ બીલ પ્રત્યે સર્વ પ્રકારે સાનુકુળ વલણ ધરાવે છે. જૈન સમાજમાં પણ માત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના સ્થિતિચુસ્ત વર્ગનો અને તેરાપંથી સમાજનો વિરોધ છે. વિધાનપરિષદ તેમ જ વિધાન સભાના ઘણા ખરા સભ્યોનું આ બીલને અનુકુળ વળણ જોતાં એ ધારાસભાની આગામી બેઠકોમાં એ બીલ ઘણી મોટી બહુમતીથી પસાર થઈ જશે એવી અમને પાકી આશા છે. આમ છતાં પણ આપણે આ દિશાએ ઘણું પ્રચારકાર્ય કરવાનું રહે છે. આ પ્રચારકાર્યમાં આપ સર્વ ભાઇઓ તથા બહેનોનો પૂરો સહકાર માગું છું.

આ જ સ્થળે જણાવવું અનુચિત નહિ ગણાય કે બાલદીક્ષાની અટકાયત કરનારા કાયદાની જેટલી જરૂર મુંબઇ પ્રદેશમાં છે તેટલી જ જરૂર સૌરાષ્ટ્ર અને રાજસ્થાનમાં છે, અને સરવાળે અખિલ ભારતના ધોરણે બાળકોને રક્ષણ આપનારો આવો કાયદો થવાની ખાસ જરૂર છે. આ જરૂરિયાત તરફ આજના આપણા માનવન્તા મહેમાનનું ધ્યાન ખેંચવાની હું રજા લઉં છું, અને સૌરાષ્ટ્રનું પ્રધાનમંડળ આવા કાયદાની અગત્યને સ્વીકારીને ગતિમાન થાય એવી મારી વિનંતિ છે.

અમારા સંઘની પ્રવૃત્તિઓની મેં જે વિગતો આપી તે ઉપરથી આપને માલુમ પડયું હશે કે પર્વતની કોઈ ખીણમાંથી નીકળતું કોઇ નાનું સરખું ઝરણું જેમ મોટું થતું થતું વિશાળ જળપ્રવાહનું રૂપ ધારણ કરે છે તેમ અમારો આ સંઘ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાયમાં આજથી ૩૦ વર્ષ પહેલાં ઉપસ્થિત થયેલા બાલદીક્ષાના પ્રચંડ આન્દોલનમાંથી ઉદ્‌ભવ પામેલ. આ સંઘે ઉત્તરોત્તર વિકાસ પામતાં આજે મુંબઇ શહેરની એક અગ્રગણ્ય સામાજિક સંસ્થાની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. આ સંઘ દરેક અર્થમાં મુંબઇનું એક પ્રમુખ સંસ્કારકેન્દ્ર બને અને અનેક સંસ્કારપૂરક પ્રવૃત્તિઓ આ સંઘમાંથી વહેતી રહે એવો અમારો મનોરથ છે. અમારા સંઘના નામ સાથે જૈન શબ્દ જોડાયેલો હોવા છતાં એની સર્વ પ્રવૃત્તિઓ સાંપ્રદાયિક સંકીર્ણતાને નિર્મૂળ કરનારી રહી છે અને રહેવાની છે. અમારો આ મનોરથ પાર પાડવામાં આપ સર્વના સહકારની હું આ પ્રસંગે માંગણી કરું છું."

## શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ

ત્યાર બાદ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવ્યું કે "આજના આપણા મુખ્ય મહેમાન શ્રી રસિકભાઈ અને હું એક જ ગામના રહેવાસી છીએ; અમારો વર્ષો જુનો પરિચય છે અને અમો બન્ને ગાઢ સ્નેહથી સંકળાયલા છીએ. આ કારણે રસિકભાઇ વિષે કંઈ પણ બોલતાં હું સહજ સંકોચ અનુભવુ છું. વર્ષો પહેલાંની અમારી લીંબડીની લડત આજે યાદ આવે છે. રાજ્ય સાથેના ઝગડાનો માનભર્યો ઉકેલ ન આવતાં લીંબડીથી ૬૦૦૦ માણસોએ હીજરત કરેલી—એ લડતના રસિકભાઈ આગેવાન સૂત્રધાર હતા; એ લડત અને હિજરતે સૌથી વધારે કસોટી રસિકભાઈની કરી હતી. ત્યાર પછી રાજકોટની લડત આવી, ૧૯૪૨ નું ભારતવ્યાપી યુધ્ધ આન્દોલન આવ્યું, આઝાદી આવી અને સૌરાષ્ટ્રનું એકમ સરજાયું. આ બધા તબક્કાઓ દરમિયાન રસિકભાઇએ હંમેશા આગેવાનીભર્યો ભાગ ભજવ્યો હતો. આજે તેઓ સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન છે. એમના પુરોગામી શ્રી ઢેબરભાઇ એ સ્થાન ઉપરથી નિવૃત્ત થવાની પરિસ્થિતિ ઉભી થતાં તેમને આ સ્થાન સંકોચપૂર્વક સ્વીકારવું પડયું જે તેમણે માત્ર ફરજ સમજીને સ્વીકાર્યું છે. અને એ પણ હું જાણું છું કે એ જવાબદારી છોડવાનો વખત આવશે ત્યારે કશા પણ સંકોચ વિના એ જવાબદારી તેઓ છોડવાના છે અને રાહત અનુભવવાના છે.

"આજના પ્રદેશ વિભાજનને અંગે તેમણે સૌરાષ્ટ્ર સરકાર તરફથી જે નિવેદન મોકલેલું તે કેવળ શુધ્ધ રાષ્ટ્રદૃષ્ટિને આગળ રાખીને જ ઘડવામાં આવ્યું હતું, અને મુંબઇ પ્રદેશને દ્વિભાષી બનાવીને તેમાં સૌરાષ્ટ્રને વિલીન કરવામાં આવે, મહાગુજરાત રચીને તેમાં સૌરાષ્ટ્રને જોડી દેવામાં આવે અથવા તો સૌરાષ્ટ્રને એક અલગ પ્રદેશ તરીકે ચાલુ રાખવામાં આવે—આમાંથી જે વિકલ્પ સમગ્ર રાષ્ટ્રના હિતમાં વધારે સાધક હોય એ સ્વીકારવાને સૌરાષ્ટ્ર તૈયાર રહેશે એમ તેમાં જણાવવામાં આવ્યું હતું. ગુજરાત પ્રદેશ સમિતિએ આ જ ધોરણ લક્ષ્યમાં રાખીને થોડા દિવસ પહેલાં મહેમદાવાદ ખાતે એક ઐતિહાસિક પ્રસ્તાવ મંજુર કર્યો હતો, જે આપ સર્વ સારી રીતે જાણો છો.

આજની સત્તાની તાણાતાણી અને ખેંચોખેંચીમાં સૌરાષ્ટ્ર અને કચ્છ એ બે જ એવા પ્રદેશો છે કે જેમણે રાષ્ટ્રના સમગ્ર હિતને પ્રાધાન્ય આપીને સ્વેચ્છાએ અન્ય વિશાળ પ્રદેશમાં વિલીનીકરણ સ્વીકાર્યું અને રાજ્ય પુનર્ઘટનાના નિર્ણયનો પણ સ્વેચ્છાએ સ્વીકાર કર્યો હતો. આની સરખામણીમાં બીજી બાજુએ આપણે જે કેવળ સ્વલક્ષી પ્રચંડ આન્દોલન જોઇએ છીએ, સીમાપંચની નિષ્પક્ષતા સામે પડકાર થતો સાંભળીએ છીએ અને પોતાને અનુકુળ હોય તે જ ન્યાય અને પોતાને પ્રતિકુળ હોય તે બધું અન્યાય એવા આકાશવેધક પોકારો સાંભળીએ છીએ, અને અમારી માંગણી કોઈ પણ રીતે સ્વીકારાવી જ જોઇએ અને એ સ્વીકારાશે નહિ ત્યાં સુધી અમે કદિ પણ જંપ વાળીને બેશીશું નહિ એવું વિવેકશૂન્ય વળણ નજરે નિહાળીએ છીએ ત્યારે આપણને ભારે વ્યથા થાય છે."

## શ્રી રસિકલાલ પરીખ

આ વકતવ્યોનો જવાબ આપતાં શ્રી રસિકલાલ પરીખે જણાવ્યું કે "પરમાનંદભાઇ તરફથી મારી ઉપરનું આ નિમંત્રણ ઘણા લાંબા વખતથી ઉભું હતું અને તે એક યા બીજું નિમિત્ત આગળ ધરીને હું આગળ ને આગળ ઠેલતો હતો તે પાછળ બે કારણો હતાં. એક તો આવા કોઇ પ્રસંગે મુખ્ય મહેમાન બનવું એટલે આજે જેમ બની રહ્યું છે તેમ પોતાની પ્રશંસાના વાકયો ઉપર વાકયો સાંભળવાની મુંઝવણમાં મુકાવું, બીજું કારણ આ સંઘનું નામ સંપ્રદાયસૂચક છે એ વિચાર પણ તેમના નિમંત્રણનો એકાએક સ્વીકાર કરવામાં અન્તરાયરૂપ બનતો હતો. કારણ કે આપણી બધી સંકુચિતતાનું મૂળ સાંપ્રદાયિકતા અને વાડાબંધી છે અને તેથી એ સાંપ્રદાયિકતાને કોઈ અંશમાં ઉત્તેજન મળે, એવું કશું ન કરવું જોઇએ એમ હું માનું છું. આમ છતાં આજે મારે પરમાનંદભાઇના આગ્રહને વશ થઈને

અહિં આવવું પડયું છે. આ રીતે તેમની ઇચ્છાને તાબે થવામાં બીજી સાંપ્રદાયિક અથવા કોમી સંસ્થાઓ અને મુંબઇ જૈન યુવક સંઘ વચ્ચે જે લાક્ષણિક તફાવત છે એ તફાવતના ખ્યાલે મને જરૂર અનુકૂળતા કરી આપી છે. આ યુવક સંઘના પ્રારંભથી ઉદ્દેશો અને પ્રવૃત્તિઓ ધર્મ અને સમાજમાં રહેલા અનિષ્ટ તત્વો સામે સદા પડકાર કરવાની રહી છે; અને એ રીતે મૂળથી જૈન સમાજમાં આ સંઘને એક બંડખોર સંસ્થા તરીકે લેખવામાં આવેલ છે; આ સંસ્થાની સર્વ પ્રવૃત્તિ બહુ વ્યાપક અને ઉદાર ભાવના ઉપર ચલાવવામાં આવે છે; આ સંસ્થાનું મુખપત્ર વર્ષો સુધી પ્રબુધ્ધ જૈનના નામે ઓળખાતું હતું તેનું નામ છેલ્લાં ત્રણ વર્ષથી પ્રબુધ્ધ જીવન એમ બદલવામાં આવ્યું છે; આ સંઘમાં જૈનેતરોને સભ્ય તરીકે સ્વીકારવામાં આવ્યા છે. સંઘનું સ્વરૂપ આ રીતે બીનકોમી બીનસાંપ્રદાયિક છે એમ આ હકીકતો ઉપરથી પુરવાર થાય છે. આમ છતાં પણ આ સંઘ જે વિશાળ આદર્શ અને ભાવના ધરાવે છે તેને અનુરૂપ તેનું નામ હોવું જોઇએ એમ મને લાગે છે. અને તેથી જેમાં સાંપ્રદાયિકતાનું નામ નિશાન ન દેખાય એવું પોતાનું નામપરિવર્તન સંઘે કરવું ઘટે છે. અને જો વિશાળતાને માર્ગે લઇ જનારાં આટલાં ડગલાં ભર્યા તો આ એક ડગલું ભરીને સંઘને નામ અને કામથી સર્વથા અસાંપ્રદાયિક બનાવો એવી મારી આપ ભાઇ બહેનોને વિનંતિ છે.

મુંબઇ એક વિશાળ નગરી છે અને ત્યાં અનેક વિચારશીલ માણસોને મળવાનો સહજ સુયોગ પ્રાપ્ત થાય છે. આવાં સંમેલનોમાં આ લાભ સહજપણે વિશેષ પ્રમાણમાં મળે છે. હું અહિં આવ્યો છું તે પાછળ આ પણ એક હેતુ રહેલો છે.

આજે કોઈ પણ રાજકીય બાબત વિષે કશો ઉલ્લેખ ન કરવો એવી મારી ઇચ્છા હતી પણ ચીમનભાઇએ આજે આપણ સર્વને ક્ષુબ્ધ બનાવી રહેલ મુંબઇ ગુજરાત મહારાષ્ટ્રના પ્રશ્નનો થોડો ઉલ્લેખ કર્યો છે તો તે સંબંધમાં ખાસ કરીને સૌરાષ્ટ્રને અનુલક્ષીને મારે કાંઇક કહેવું જોઇએ એમ મને લાગે છે. સૌરાષ્ટ્રે હંમેશાં પોતાને ગુજરાતનું અંગ જ ગણ્યું છે અને રાષ્ટ્રના સમગ્ર હિતનો સવાલ આવે ત્યારે ભોગ આપવાની આપણે ગુજરાતીઓએ પહેલ કરવી જોઇએ એમ બાપુએ અને સરદારે આપણને કહ્યું છે અને તે બોધપાઠને આપણે દરેક સંયોગમાં અનુસરવું એ આપણો ધર્મ બને છે. આ દૃષ્ટિએ અમે તો મૂળથી ભાષાના ધોરણે રાજ્યરચના કરવાના વિચારથી જ વિરૂધ્ધ હતા, કારણ કે આ વિચાર પાછળ રહેલું જોખમ અમને સ્પષ્ટ દેખાતું હતું. આમ છતાં જ્યારે પ્રદેશ રચનાનો પ્રશ્ન અમારી સામે આવ્યો ત્યારે સૌરાષ્ટ્ર કે ગુજરાતના અંગત લાભાલાભનો વિચાર અમે બાજુએ રાખ્યો હતો, સૌરાષ્ટ્ર કોઈ પણ વિશાળ પ્રદેશમાં પોતાને વિલીન કરવાને તૈયાર છે એમ સૌરાષ્ટ્રે જાહેર કર્યું હતું અને ગુજરાતે પણ મહાગુજરાત રચવાના સ્વપ્નને ગૌણ બનાવીને ગુજરાત–મહારાષ્ટ્રનો દ્વિભાષી પ્રદેશ બનાવવાની માગણી કરી હતી અને એ શકય ન હોય તો મુંબઇને અલગ રાજ્ય બનાવી મહાગુજરાત અને મહારાષ્ટ્ર રચવાની માંગણી કરવામાં આવી હતી. અને આ બાધું છતાં પણ કોંગ્રેસની કારોબારી આખરે જે આદેશ આપે તે હસતા મોઢે સ્વીકારી લેવાની આપણે તૈયારી બતાવી હતી.

આજે આપણી આસપાસ જે પ્રચંડ આંદોલન ચાલી રહ્યું છે તેને હું એક કુદરતી આફત સમાન લેખું છું. આજ સુધી આવી આફતો આપણી સામે અનેકવાર આવી છે અને ભારત તેને તરીને પાર ઉતર્યું છે, આગળ વધ્યું છે, એ રીતે આ આફતને પણ આપણે ઓળંગી જઇશું અને એમાંથી ભારત સુરક્ષિત બહાર આવશે એવી મારી શ્રધ્ધા છે. માત્ર કોઈ પણ પ્રસંગે કોઈ પણ આવેષ, સ્વાર્થમૂઢતા કે પ્રાન્તીય પૂર્વગ્રહને વશ થઇએ નહિ અને આપણે આપણી જવાબદારીને કદિ ભૂલીએ નહિ અને–ખોટું કદિપણ રાષ્ટ્રવિરોધી–વળણ ધારણ ન કરીએ–આટલી તકેદારી આજની આ નાજુક કટોકટી વખતે આપણા માટે અત્યન્ત જરૂરી છે.

જૈનો અને હરિજન મંદિર પ્રવેશ અંગે આપના સંઘે જે હીલચાલ ઉપાડી છે તે માટે આપના સંઘને હું ધન્યવાદ આપું છું. આ વિષયમાં શેઠ આણંદજી કલ્યાણજીની જાહેરાત વખતસરની અને આવકારદાયક હતી. આમ છતાં જૈન મંદિરોમાં અને શત્રુંજય તીર્થમાં હરિજનોને પ્રવેશ મળી ચુકયો છે એમ કહેવાની સ્થિતિએ હજુ આપણે પહોંચ્યા નથી. આપનો સંઘ આ બાબતમાં હંમેશા આગેવાની લેતો આવ્યો છે અને અનિષ્ટ રૂઢિઓ સામે બંડખોર વૃત્તિ ધરાવતો આવ્યો છે, તો હું તો આપના સભ્યો પાસેથી એવી અપેક્ષા રાખું કે જે મંદિરમાં માણસ માણસને સરખા ગણવામાં આવતા ન હોય અને કોઈ પણ વ્યકિતને તે હરિજન હોવાના કારણે દાખલ થવા દેવામાં ન આવતી હોય તે મંદિરમાં દાખલ થવાનો આપે પણ સ્પષ્ટ ઇનકાર જાહેર કરવો જોઇએ.

આપને નામપરિવર્તન કરવાની મારા વકતવ્યના પ્રારંભમાં મેં સૂચના કરી એ કોઇને ભારે વિચિત્ર અથવા વજાઘાત જેવી લાગશે, પણ મારો અનુભવ એમ કહે છે કે આવાં સંપ્રદાયસૂચક નામો રોજબરોજના વ્યવહારમાં આપણી પ્રગતિનો બહુ વિરોધ કરતા નથી, પણ દેશમાં જ્યારે નબળાઇની ઘડિ આવે છે ત્યારે આ સાંપ્રદાયિકતા આપણી છાતી ઉપર ચડી બેસે છે અને રાષ્ટ્રીય ભાવનાને પાંગળી બનાવી દે છે. આ દૃષ્ટિએ નામપરિવર્તનનું ઘણું મહત્વ છે.

આપે આ પ્રસંગે મને નિમંત્રણ આપીને અહિં બોલાવ્યો અને અનેક ભાઈ બહેનોને મળવાની મને આવી સુન્દર તક આપી તે માટે આપના સંઘનો હું અન્તઃકરણપૂર્વક આભાર માનું છું.”

## શ્રી શાન્તિલાલ શાહ

ત્યાર બાદ શ્રી શાન્તિલાલ શાહે શ્રી રસિકલાલ પરીખનો સંઘ તરફથી આભાર માનતાં જણાવ્યું કે “ રસિકભાઇએ મુંબઇ જૈન યુવક સંઘ એ નામમાંથી ‘જૈન’ શબ્દ કાઢી નાંખવાની સૂચના કરી તેનું હું સમર્થન કરી શકતો નથી, કારણ કે ‘જૈન’ શબ્દ આ સંઘને લાગેવળગે છે, ત્યાં સુધી કોઈ સંપ્રદાયસૂચક રહ્યો નથી. એ નામ સંઘની સ્થાપનાના ઇતિહાસને માત્ર સૂચવે છે. આજે પણ આ સંઘના ઘણા સભ્યો જન્મે જૈન છે, આખરમાં આજે તેમને જૈન કહી શકાય કે કેમ એ સવાલ છે. જુનું એટલું સારું અને નવું એટલું ખુરું એવી આ સંઘની કદિ નીતિ રહી નથી. એટલે અહિં જૈન શબ્દ કેવળ ઐતિહાસિક અવશેષ જેવો છે. રસિકભાઇની આ સૂચનાને હું અત્યારે વ્યવહારૂ લેખતો નથી અને તે એટલા માટે કે આ સંઘ પરમાનંદભાઇએ પાણી પોષીને મોટો કરેલો પુત્ર છે. ઉભરલાયક પુત્રનું નામ બદલવાનું તેના પિતાને કહેવું એ બરોબર નથી. અહિં મારે જણાવવું જોઇએ કે હું અત્યારે વગર ફીએ પરમાનંદભાઇની વકીલાત કરી રહ્યો છું.

આજે આપણી આસપાસ જે પ્રચંડ આન્દોલન ચાલી રહ્યું છે અને ઉગ્ર વાણીપ્રયોગો આપણા કાન સાથે અથડાઇ રહ્યા છે તેની વિગતવાર ચર્ચામાં અહિં ઉતરવાને આવકાશ નથી. આપણે તે પાછળ જે મનોદશા જોઈ રહ્યા છીએ, કે પોતાના મન્તવ્યના આગ્રહને વશ થઇને કોઈ પણ તટસ્થના નિર્ણય વિષે ઘડા તડા બોલવું અને રાજકારણના વિષયમાં સમગ્ર રાષ્ટ્રના ખ્યાલ ગૌણ બનાવીને પોતાનું ધાર્યું યેનકેન પ્રકારેણ સિધ્ધ કરવાની વૃત્તિ રાખવી—આ મનોદશા ભારે ઘાતક અને ખતરનાક છે. આજે આપણે ચોતરફ ધાકધમકીના વાકયો સાંભાળી રહ્યા છીએ. આવા વાતાવરણ વચ્ચે આપણે જેથી ન બીવું જોઇએ, ન દબાવું જોઇએ અને આ બધું કોઈ એક આવેશનું તાંડવ છે જે સમયાન્તરે શમી જવાનું છે એમ સમજીને એ બાબતનો આપણે કોઈ ડંખ રાખવો ન જોઇએ. તેમજ કોઇએ ગાળા ગાળી કરી છે એટલે હવે અમે તમારી સાથે નહિ રહીએ એવી મનોવૃત્તિ પણ સેવવી ન જોઇએ.

રસિકભાઇ વિષે મારે જણાવવાનું કે મારા પોતાના અનુભવ ઉપરથી હું કહું છું કે મુંબઇના પ્રધાન થવા કરતાં સૌરાષ્ટ્રના પ્રધાન થવાનું કામ ઘણું મુશ્કેલ છે. ત્યાં તો શ્રી ચીમનભાઈ લીંબડી ગયા

હોય ને માંદા પડે તો મુખ્ય પ્રધાને તેમને જોવા જવું જોઇએ એવી અપેક્ષા રાખવામાં આવે છે. કયાંક આગ લાગી હોય કે કોઈ મરી ગયું હોય, અથવા તો કોઇ ઠેકાણે ફાયરીંગ થયું હોય તો ત્યાં પણ મુખ્ય પ્રધાનની હાજરી અનિવાર્ય બની જાય છે, એવા વિચિત્ર પ્રદેશની રસિકભાઇએ કપરી સેવા કરી ને તેમણે આખી પ્રજાનો જે વિશ્વાસ અને પ્રેમ મેળવ્યો છે તે માટે આપણે તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. અમારા મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તેમણે અમારી ખાતર અહિં સુધી આવવાની તકલીફ લીધી અને અમારા આજના સંમેલનને સફળ બનાવ્યું તે માટે તેમનો અન્તઃકરણપૂર્વક આભાર માનું છું."

શ્રી રસિકલાલ પરીખે કરેલી સંઘના નામપરિવર્તનને લગતી સૂચનાને અનુલક્ષીને પરમાનંદભાઇએ જવાબ આપ્યો કે "આ સૂચના સંબંધે હું કોઇ પણ પ્રકારનો અધિકૃત જવાબ આપવાની સ્થિતિમાં નથી એમ છતાં એમને ખાત્રી આપું છું કે તેમણે કરેલી સૂચનાનો અમે ગંભીરપણે વિચાર કરીશું અને ખીમજીભાઈ, લીલાવતીબહેન, ચીમનભાઈ, શાન્તિભાઇ, અમને બધાને જ્યારે સંઘના વિકાસમાં કોઈ પણ મહત્વનું પગલું ભરવાની જરૂર જણાશે, ત્યારે અમે તે પગલું ભરતાં લેશમાત્ર અચકાઇશું નહિ. જરૂર જણાય તો મોટી ઉમ્મરના દીકરાનું નામ બદલતાં હું જરા પણ ખચકાઉ કે પાછી પાની કરું એમ નથી." આ સાંભળી સર્વત્ર હસાહસ થઈ રહી.

ત્યાર બાદ શ્રી રસિકલાલ પરીખનું હારતોરાથી સન્માન કરવામાં આવ્યું અને શ્રી ચંદ્રાબહેન રાવળે જનમનગણ ગાયું અને ભારે ખુશનુમા વાતાવરણ વચ્ચે સૌ કોઇ છૂટાં પડયાં.

## કાયરતાપૂર્ણ આક્રમણ

મુંબઇ ધારાસભામાં રજૂ થયેલ શ્રી. પ્રભુદાસ બાલુભાઈ પટવારીના 'બાલ દીક્ષા પ્રતિબંધક' બીલને લીધે છેલ્લા કેટલાક મહિનાઓથી જૈન સમાજમાં સારો એવો ખળભળાટ થયો છે. રૂઢિચુસ્ત વ્યક્તિઓ તરફથી આ બીલનો વિરોધ થઈ રહ્યો છે; તો સુધારક વર્ગ આ બીલનું દલીલપુરઃસર સમર્થન કરી રહેલ છે.

મુંબઈ અમદાવાદ તથા જ્યાં જ્યાં જૈનોની ગણનાપાત્ર સંખ્યા છે તે સર્વ સ્થળે વિચારક વર્ગ આ બીલને ટેકો આપી રહેલ છે; એ જ રીતે કલકત્તામાં પણ યુવકોના પ્રતિનિધિરૂપ મનાતો શ્રી તરુણ સંઘ વ્યવસ્થિત રીતે આ બીલને ટેકો આપવાનું કાર્ય કરી રહેલ છે, તે અન્વયે તા. ૫–૧૧–૧૯૫૫ ના રોજ શ્રી વિજયસિંહજી નહારના પ્રમુખપણે આ બીલને ટેકો આપવા માટે એક વિશાળ સભા કલકત્તામાં જૈન ભવનમાં મળી હતી. આ સભામાં ભિન્ન ભિન્ન વિચારશ્રેણીવાળી જનતા એકત્ર થઈ હતી. તરુણ સંઘના મુખ્ય કાર્યકર્તા શ્રી. ભંવરમલજી સિંધી બીલનું સમર્થન કરી રહ્યા હતા. ત્યારે જુન્નેર પ્રકરણનું જાણે પુનરાવર્તન થઇ રહ્યું હોય તેમ રૂઢિચુસ્ત વર્ગના ભાઇઓએ પોતાનો વિરોધ કરવા ધાંધલ મચાવ્યું, એટલું જ નહિ પણ શ્રી. ભંવરમલજી સિંધી પર સીધો હુમલો કરી સભાસ્થાન પર જ તેમને બેહોશ કરી દીધા. બેહોશ કર્યા પછી પણ વિરોધીઓને સંતોષ નહિ થતા, તેમને મારવાનું ચાલુ રાખ્યું, અને જે કોઈ બચાવવા ગયું તેને પણ છોડયા નહિ. એ સમયે **'और बच्चोंकी व्यक्ति में हिंसाका गुप्त समर्थन हैं।'** એવું બનાવનારા આચાર્યના ભકતજનો પોતાના પરમ સિધ્ધાંત અનુસાર શાંત બેસી રહ્યા, તો બાળકોને માટે મોક્ષના દરવાજા જલદી ખુલ્લા કરાવવા માટે લોલુપ, પ્રસિધ્ધ આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિનો આજ્ઞાપાલક ભકતસમુદાય આ સભાને છિન્નભિન્ન કરવાની તજવીજમાં હતો, કોઇને 'અહિંસા'ની પડી નહોતી.

યુવકોએ મહામતને શ્રી. ભંવરમલ સિંધીને રીલીફ સોસાયટીમાં પહોંચતા કર્યા અને અનેક ઉપચારો બાદ દશ કલાક પછી તેઓ શુધ્ધિમાં આવ્યા. પરંતુ હજુ પણ લાંબા સમય સુધી તેમને પથારીવશ રહેવું પડશે તેમ જણાય છે.

જ્યારે જ્યારે સામાજિક સુધારાઓ માટે પ્રયાસ થયા છે ત્યારે ત્યારે રૂઢિચુસ્તોએ આવી હિંસાત્મક ધમાલો કરી જ છે; છતાં વાણીસ્વાતંત્ર્યના આ યુગમાં આ પ્રકારની મારામારી એ વેદનાનો જ નહિ પણ વિચારણા માટેનો મહત્ત્વનો પ્રશ્ન છે.

વાત એમ છે કે હજુ સુધી સમાજના રૂઢિચુસ્તો સમયને ઓળખી શકયા નથી; દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવને મહત્વનું સ્થાન આપનાર જૈન ધર્મના આ અનુયાયીઓ પરંપરાના મોહમાં પોતાની શુધબુધ પણ ખોઈ બેઠા છે; એ ભારે શરમની વાત છે.

બાલ દીક્ષાની અયોગ્યતા માટે વિવેચન કરવાનો આજે સમય રહ્યો નથી; કારણકે તેના દુષ્પરિણામોથી સમાજ વાકેફ છે. આ અયોગ્ય દીક્ષાને કારણે અનેક બાળકો સમજણા થાય તે પહેલાં તેમનું ભાવી રૂંધી દેવામાં આવે છે. દીક્ષિત બાળક જ્યારે ૧૮ કે તેથી ઉપરની ઉમ્મરનો અને સમજણો થાય છે ત્યારે અનેક મુંજવણો અનુભવે છે, આમ વૈરાગ્યના નામે બાળકોનો વિકાસ રૂંધી લેવામાં અને જીવનભરને માટે તેની ઇચ્છા વિરૂધ ગુલામીરૂપ બંધનમાં જકડી લેવામાં આવે એ જેટલું અન્યાયી છે તેટલું જ કરૂણાજનક છે.

૧૮ વર્ષ કે તેથી ઉપરની કોઇ પણ વ્યકિત સમજણી થાય અને સમજણપૂર્વક સંસારનો ત્યાગ કરી સાધુમાર્ગ સ્વીકારે એનો કોઇનો વિરોધ હોઇ ન શકે.

શ્રી ભંવરમલજી સિંધીએ જે નિર્ભયતાપૂર્વક પોતાના વિચારો પ્રગટ કરવાની હિંમત દર્શાવી છે તથા તેના સાથીઓએ આવા હિંસક વાતાવરણમાં જે શાંતિ જાળવી છે તે માટે તેઓ અભિનંદનને પાત્ર છે; અને આશા છે કે, આ પ્રકારના સંયમ તથા શાંતિથી જ રૂઢિચુસ્તોની વિકૃતિ દૂર થતી રહેશે; અને એ ગુણોને લીધે જ સમાજ અધિક સામર્થ્યવાન બનશે. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

## 'વિહાર' સરોવર ઉપર આનંદવિહાર

તા. ૩૧–૧૦–૫૫ શરદ પૂર્ણિમાની રાત્રીએ વિહાર સરોવર ઉપર સંઘના સભ્યોનો એક આનંદવિહાર ગોઠવ્યો હતો. આ માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની ત્રણ બસો રોકવામાં આવી હતી. આ ઉપરાંત આ પર્યટણમાં બીજી ચાર મોટરમાં બેસીને સભ્યો પોતપોતાનાં સ્વજનો સાથે સામેલ થયા હતા. આ પર્યટણમાં નાનાં મોટાં બધાં મળીને લગભગ ૧૭૫ ભાઇ બહેનો જોડાયાં હતાં. રાત્રીના ૧૦ વાગ્યા લગભગ વિહાર સરોવર ઉપર અમે સૌ પહોંચી ગયા હતા. સમગ્ર પ્રદેશ ઉપર પૂર્ણિમાની નિર્મળ ચાંદની પથરાઇ રહી હતી; આકાશ શુધ્ધ સ્વચ્છ હતું, પવન પડી ગયો હતો; સરોવરનાં પાણી સ્તબ્ધ હતાં; એક બાજુ વૃક્ષરાજિઓથી બીચોબીચ ભરેલા ટેકરાળ પ્રદેશ; બીજી બાજુ બે પાંચ માઇલ સુધી વિસ્તરેલો વિશાળ જળપટ; પૂર્વાકાશમાં ઉન્નત આરોહણ કરી રહેલું અપૂર્વ ભવ્યતા દાખવતું–ચંદ્રબિંબ, નહિ સ્પષ્ટ નહિ અસ્પષ્ટ એવા દૂર દૂર સુધી પથરાયલા ઉંચા નીચા ભૂમિપ્રદેશો–આવું અનુપમ અદ્‌ભુત દૃષ્ય આંખોને મુગ્ધ કરી રહ્યું હતું, અન્તરને ઠારી રહ્યું હતું.

સાધારણ રીતે દિવસે લોકો બહાર નીકળે છે, સાંજ પડે, રાત્રીનો અંધકાર ચોપાસ ફેલાય અને સૌ કોઈ પોતપોતાની બહારની પ્રવૃત્તિ સંકેલીને ઘરમાં દાખલ થાય છે અને વિરામ અને શાન્તિનું શરણ લે છે. પણ શરદ પૂર્ણિમાની રાત્રી આ પ્રકારના ચાલુ લોક–જીવનમાં અસાધારણ અપવાદરૂપ બને છે. એ રાત્રે સંખ્યાબંધ લોકો ચાંદની માણવા માટે ઘર છોડીને બહાર ચાલી નીકળે છે. દૂર દૂરનાં વિહારસ્થાનો ઉપર લોકોનાં ટોળે ટોળાં જઈ પહોંચે છે. કેટલાય લોકો નાની મોટી સ્ટીમલોંચો ભાડે કરીને સમુદ્રની સહેલ માટે નીકળી પડે છે. જુહુ, વરસોવા, ઘોડબંદર, જ્યાં જુઓ ત્યાં ઢગલાબંધ માણસો ફરવા ને મોજ કરવાને નીકળી પડેલા નજરે પડે છે. અમને આશા હતી કે વિહાર સરોવર ઉપર પાસ સિવાય જવાની બંધી હોઇને અમારી મંડળી સિવાય ભાગ્યે જ બીજી કોઇ મંડળી આવી હશે. પણ અમારા પહોંચવા પહેલાં ત્યાં કેટલાય સ્ત્રી પુરુષો પહોંચી ગયાં હતાં, અને અમે ત્યાં પહોંચ્યા અને કોઈ એક ખૂણે તાડપત્રીઓ પાથરીને કાંઇક સ્થિર થયા, ત્યાર પછી તો પારવિનાનાં સ્ત્રી પુરુષો અને બાળકો અસ્ખલિત પ્રવાહમાં સરોવર ઉપર આવી રહ્યા હતાં.

આ પ્રસંગે સામાન્ય રૂઢિ મુજબ દૂધ પૌંઆ અમારી મંડળી માટે લીલાવતી બહેન તૈયાર કરી લાવ્યા હતા. સાથે કચોરી પણ તૈયાર કરાવી હતી. બધાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયાં અને દૂધ પૌંઆ તથા કચોરી પીરસવામાં આવી. આ ઉપાહારકાર્ય પુરું થયા બાદ જાણીતાં સંગીતકાર શ્રી. શાન્તિલાલ શાહ પોતાની વાદ્યમંડળી સાથે આ પ્રસંગ માટે અમારી સાથે ખાસ આવેલા તેમણે દોઢેક કલાક સુધી અમને સંગીતનો આનંદ આપ્યો. પણ આ સંગીતની ધાર્યા મુજબ જમાવટ થઇ શકી નહિ. ચોતરફ એટલો બધો ઘોંઘાટ અને અવાજ હતો કે ભાઇ શાન્તિલાલનો બુલંદ અવાજ અમારી મંડળી સુધી માંડ માંડ પહોંચી શકતો હતો. એક બાજુ ડાંડીઆરાસ ચાલતો હતો; બીજી બાજુએ કોઇ ભજનમંડળી આસન જમાવીને બેઠી હતી; અવારનવાર બ્યુગલના અવાજો આકાશને ગજવતા હતા; જોરદાર ફટાકીયાના અવાજો કાનના પડદાને વીંધી નાંખતા હતા. નાનાં છોકરાંઓ ફુલઝરની સળીઓ ફોડીને કલ્લોલ કરી રહ્યાં હતાં. અપેક્ષા મુજબ વાતાવરણમાં શાન્તિ હોવાને બદલે આનંદ અને મસ્તીની જમાવટ થઇ ચુકી હતી. પાળ ઉપર તેમજ આજુ બાજુ સ્ત્રીઓ, પુરુષો, યુવાન છોકરાઓ, બાળક બાલિકાઓ ઘુમી રહ્યાં હતાં અને તેમની મુખમુદ્રા ઉપર કોઈ જુદી જ આનંદપ્રમત્તતા નજરે પડતી હતી.

સાડા બાર વાગ્યા લગભગ અમે અમારો પડાવ ત્યાંથી ઉઠાવ્યો. આવ્યા હતા તેમ અમે પોતપોતાની બસમાં ગોઠવાઇ ગયાં અને દોઢ વાગ્યા લગભગ આનંદતૃપ્તિ અનુભવતા સૌ કોઈ પોતપોતાના નિવાસસ્થાને સુખરૂપ પહોંચી ગયા. **પરમાનંદ**

# પંડિત સુખલાલજી સન્માન સમિતિ સમાચાર

## મધ્યસ્થ કાર્યવાહક સમિતિની સભા

તા. ૧૪-૧૦-૫૫ ના રોજ અમદાવાદ ખાતે ઉપર જણાવેલ મધ્યસ્થ સમિતિની કાર્યવાહક સમિતિની સભા ગુજરાત વિદ્યા સભાના કાર્યાલયમાં મળી હતી. આ સમિતિમાં અમદાવાદના મેયર શ્રી ચીનુભાઈ ચમનલાલ, ડેપ્યુટી મેયર શ્રી ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી, શ્રી વિદ્યાબહેન રમણભાઇ નીલકંઠ, શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ, શ્રી ધૂમકેતુ, શ્રી નરેન્દ્રભાઇ વગેરેએ ભાગ લીધો હતો અને નીચે મુજબ નિર્ણયો લેવામા હતા:—

(૧) પંડિતજીનાં જે લખાણો હિંદીમાં હોય તે હિંદી ભાષામાં અને ગુજરાતીમાં હોય તે ગુજરાતી ભાષામાં—એમ બે જુદા જુદા ગ્રંથો છપાવવા.

(૨) આ ગ્રંથોનું સંપાદકમંડળ નીચે મુજબ નિમવામાં આવ્યું.

(૧) શ્રી દલસુખભાઈ માલવણીયા—મુખ્ય સંપાદક, (૨) પંડિત બેચરદાસ જીવરાજ દોશી, (૩) શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ, (૪) શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ, (૫) શ્રી બાલાભાઇ 'જયભિખ્ખુ'.

(૩) પુસ્તકની સાઇઝ ડેમી આઠ પેજી રાખવી.

(૪) બન્નેની બે બે હજાર નકલ છાપવી.

(૫) સન્માન નિધિમાં જેઓ ઓછામાં ઓછાં રૂા. ૨૫) નો ફાળો આપે તેમને હિંદી તથા ગુજરાતી બન્ને પુસ્તકો ભેટ આપવા.

(૬) સન્માન ફાળાને અંગે વિજ્ઞપ્તિપત્ર મંજુર કરવામાં આવ્યું (જે ગયા અંકમાં પ્રગટ કરવામાં આવ્યું છે.)

(૭) શ્રી રસિકલાલ છોટાલાલ પરીખે કોષાધ્યક્ષની જવાબદારીથી મુક્ત થવાની માંગણી કરતાં તેમની જગ્યાએ શ્રી ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધીની નિમણુંક કરવામાં આવી.

(૮) સમિતિમાં નીચે મુજબ નવા ઉપ-પ્રમુખોની નિમણુંક કરવામાં આવી.

(૧) શ્રી રસિકલાલ ઉમેદચંદ પરીખ, મુખ્ય મંત્રી સૌરાષ્ટ્ર, (૨) શ્રી હરિભાઉ ઉપાધ્યાય, મુખ્ય મંત્રી અજમેર, (૩) શ્રી નાનાભાઇ ભટ્ટ, અધ્યક્ષ લોકભારતી, (૪) શ્રી બળવંતરાય મહેતા, (૫) શ્રી લાલચંદજી ઢઢ્ઢા, મદ્રાસ, (૬) ડૉ. હીરાલાલ જૈન, નાગપુર, (૭) શ્રી શાન્તિલાલ મંગળદાસ, અમદાવાદ, (૮) શ્રી રાહુલ સાંકૃત્યાયન, (૯) શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ.

(૯) સમિતિમાં નીચે મુજબ નવા મંત્રીઓની નિમણુંક કરવામાં આવી.

(૧) શ્રી ભંવરમલજી સિંધી, કલકત્તા. (૨) શ્રી મહેન્દ્રકુમારજી જૈન, મદ્રાસ. (૩) શ્રી પૃથ્વીરાજજી જૈન. M. A. અંબાલા સિટિ.

(૧૦) મધ્યસ્થ સમિતિમાં નીચે મુજબ સભ્યો ઉમેરવામાં આવ્યા:—

(૧) શ્રી મનુભાઈ શાહ, નાણાં પ્રધાન સૌરાષ્ટ્ર, (૨) શ્રી મનુભાઇ પંચોળી, સણોસરા, (૩) શ્રી નવલભાઇ શાહ તંત્રી, વિશ્વવાત્સલ્ય, (૪) શ્રી નાગકુમાર મકાતી, વડોદરા, (૫) ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ, વડોદરા, (૬) શ્રી રિષભદાસ રાંકા, પૂના, (૭) શ્રી નરહરિ પરીખ, (૮) શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક, (૯) શ્રી બાપાલાલ ગ. વૈદ્ય, સૂરત, (૧૦) શ્રી દામુભાઇ શુકલ, અમદાવાદ, (૧૧) શ્રી શાન્તિલાલ મણિલાલ, વડોદરા, (૧૨) શ્રી જયંતિ દલાલ, અમદાવાદ, (૧૩) શ્રી વલ્લભરામ વૈદ્ય, અમદાવાદ, (૧૪) ડૉ. એ. એન. ઉપાધ્યે, કોલ્હાપુર, (૧૫) શ્રી રતિલાલ મફાભાઇ શાહ, માંડલ. (૧૬) શ્રી નેમિચંદજી પરમાર, પુના, (૧૭) શ્રી છગનલાલ લક્ષ્મીચંદ વહુવાળા, વડોદરા, (૧૮) શ્રી વનેચંદ દુર્લભજી ઝવેરી, જયપુર, (૧૯) શ્રી પુરણચંદજી જૈન, નાલંદા, (૨૦) ડૉ. નથમલજી ટાટિયા, નાલંદા, (૨૧) શ્રી જગદીશ કાશ્યપ, નાલંદા, (૨૨) ડૉ. સાતકોડી મુખરજી, નાલંદા, (૨૩) સરદાર પૃથ્વીરાજજી જૈન, કપુરથલા, (૨૪) શ્રી ત્રીભુવનનાથજી જૈન, અંબાલા, (૨૫) લાલા શાદીલાલજી, અમૃતસર (મુંબઇ), (૨૬) પ્રૉ. મસ્તરામજી જૈન, અમૃતસર, (૨૭) ડૉ. હજારીપ્રસાદજી દ્વિવેદી, બનારસ, (૨૮) શ્રી મુકુટવિહારીલાલ, બનારસ, (૨૯) પં. મહાદેવજી પાંડે, (પ્રિન્સીપાલ-સંસ્કૃત મહાવિદ્યાલય) બનારસ, (૩૦) શ્રી કમાશંકર ત્રિપાઠી, બનારસ, (૩૧) પ્રૉ. વી. વી. નારલીકર, બનારસ, (૩૨) પ્રૉ. ટી. આર. વી. મૂર્તિ, બનારસ, (૩૩) પ્રૉ. પદ્મનાભ જૈની, બનારસ, (૩૪) શ્રી બાબુરામજી જૈન M. A. જીરા, (૩૫) શ્રી જ્ઞાનદાસજી જૈન, સબજજ, ગુરૂદાસપુર, (૩૬) શ્રી જ્ઞાનચંદ્રજી જૈન, અંબાલા, (૩૭) શ્રી અગરચંદજી નહાટા, બીકાનેર, (૩૮) શ્રી જ્યોતિપ્રસાદજી જૈન, આગ્રા, (૩૯) શેઠ અચલસિંહજી M. P. બીકાનેર, (૪૦) શ્રી અમુલખભાઈ નાગરદાસ શેઠવાળા.

## પંડિત સુખલાલજી સન્માન સમિતિ—કલકત્તા

(૧) શ્રી સુનીતિકુમાર ચાટુર્જ્યા, (સ્પીકર—બેંગાલ લેજીસ્લેટીવ કાઉન્સીલ), (૨) શ્રી. વિધુશેખર શાસ્ત્રી, (૩) શ્રી કાલીદાસ નાગ, (૪) શ્રી ભાગીરથ કાનોડિયા (૫) શ્રી છોટેલાલજી જૈન (૬) શ્રી સોહનલાલજી દુગડ, (૭) શ્રી રાજેન્દ્રસિંહજી સિંધી, (૮) શ્રી મોહનલાલ લલ્લુભાઇ શાહ, (૯) શ્રી વિજયસિંહ નહાર, (૧૦) શ્રી સીતારામ સેકસોરિયા, (૧૧) શ્રી રામચંદ્ર સિંધી. (૧૨) શ્રી ડાલીમચંદ્ર સેઠિયા. (૧૩) શ્રી ભંવરલાલ નાહટા, (૧૪) શ્રી નરેન્દ્રસિંહ સિંધી, (૧૫) શ્રી મોહનલાલજી સાગર, (૧૬) શ્રી ભંવરમલજી સિંધી, (૧૭) શ્રી શ્રીચંદ રામપુરિયા, (૧૮) પ્રૉ. કલ્યાણમલજી લોઢા, (૧૯) શ્રી નવરતનમલ સુરાણા, (૨૦) શ્રી વિદ્યાભૂષણ ચિંતામણિ. (૨૧) શ્રી ગિરધરભાઈ બેચરદાસ જસાણી, (૨૨) શ્રી સવાઇલાલ કે. શાહ, (૨૩) શ્રી રામચંદ્ર ત્રિવેદી. (૨૪) રા. બ. હીમચંદ કે. શાહ, (૨૫) શ્રી છગનલાલ પારેખ, (૨૬) શ્રી ત્રિકમલાલ શાહ.

આ કમિટિમાં પ્રમુખ વગેરેની વરણી કરવાનું તેમ જ નવા સભ્યો ઉમેરવાનું કામ બાકી છે તે હવે પછી પ્રગટ કરવામાં આવશે.

## પંડિત સુખલાલજી સન્માન સમિતિ—મદ્રાસ અને દક્ષિણ ભારત

(૧) શ્રી લાલચંદજી ઢઢ્ઢા, મદ્રાસ—પ્રમુખ, (૨) શ્રી મહેન્દ્રકુમાર જૈન, મદ્રાસ—મંત્રી, (૩) શ્રી એચ. કેશવલાલ શાહ, મદ્રાસ, (૪) શ્રી મોહનલાલજી ચોરડિયા, મદ્રાસ, (૫) શ્રી આર. કપૂરચંદ જૈન, મદ્રાસ, (૬) શ્રી જતનલાલજી ડાગા, મદ્રાસ, (૭) શ્રી કનૈયાલાલ ઇશ્વરલાલ મહેતા, મદ્રાસ, (૮) શ્રી ચીમનલાલ કોઠારી, મદ્રાસ, (૯) શ્રી રેખચંદજી રાંકા, મદ્રાસ, (૧૦) શ્રી જવંતરાજજી જૈન, મદ્રાસ, (૧૧) શ્રી માણિકચંદજી જૈન, મદ્રાસ, (૧૨) શ્રી કપૂરચંદભાઇ, બેંગલોર, (૧૩) શ્રી પારસમલજી જૈન, બેંગલોર, (૧૪) શ્રી લાલચંદજી બચ્છાવત, કુન્નૂર, ઊટી, (૧૫) શ્રી જયંતલાલજી માંગીલાલજી રુણવાલ, મૈસૂર, (૧૬) શ્રી પન્નાલાલ કોઠારી, કોલારગોલ્ડફીલ્ડ.

આ ઉપરાંત જયપુર, દિલ્હી, વડોદરા, ભાવનગર વગેરે સ્થળોએ સ્થાનિક સમિતિઓ રચાય એ માટે પણ પ્રવૃત્તિ થઇ રહી છે.

## પંડિત સુખલાલજી સન્માન સમિતિ—મુંબઇની કાર્યવાહી

તા. ૩-૧૧-૫૫ ના રોજ મુંબઇ ખાતે યોજાયલી પંડિત સુખલાલજી સન્માન સમિતિની કાર્યવાહક સમિતિ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં શ્રી શ્રેયાંસપ્રસાદ જૈનના પ્રમુખપણા નીચે મળી હતી. સમિતિના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ અમદાવાદ તેમ જ અન્યત્ર પ્રસ્તુત સન્માન સમિતિને લગતા ચાલી રહેલા કાર્યની વિગતો રજુ કરી, અને મુંબઇ સન્માન સમિતિમાં નીચે મુજબ નવા સભ્યો ઉમેરવામાં આવ્યા:—

(૧) શ્રી ચંદુલાલ કસ્તુરચંદ શાહ, (૨) શ્રી પોપટલાલ રામચંદ શાહ, (૩) શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, (૪) શ્રી જગતપ્રસાદ જૈન, (૫) શ્રી મોતીચંદ જી. શાહ, (૬) શ્રી કુસુમબહેન મોતીચંદ શાહ, (૭) શ્રી કપુરચંદ નેમચંદ મહેતા, (૮) શ્રી ખીમજી હેમરાજ છેડા, (૯) શ્રી સૂરજચંદ ડાંગી.

ત્યાર બાદ સન્માનયોજના ફાળા અંગે મુંબઇના શ્રીમાન ગૃહસ્થોની એક યાદી તૈયાર કરવામાં આવી અને દીવાળી બાદ ફાળો એકઠો કરવાનું કામ હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

## પંડિત સુખલાલજી સન્માન સમિતિને મળેલો ભારત જૈન મહામંડળનો આવકાર અને સહકાર

તા. ૬-૧૧-૫૫ ના રોજ મુંબઇ ખાતે મળેલી ભારત જૈન મહામંડળની કાર્યવાહક સમિતિની સભામાં પંડિત સુખલાલજી સન્માન સમિતિની સ્થાપનાને આવકાર આપતો ઠરાવ કર્યો હતો અને તે સમિતિના કાર્યને બને તેટલો સહકાર આપવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

# રાષ્ટ્રનું આર્થિક આયોજન

હિંદના આર્થિક વિકાસને લગતી પ્રથમ પંચવર્ષીય યોજનાની મુદત ચાલુ વર્ષના અન્તે પૂરી થાય છે અને તે પછીનાં પાંચ વર્ષની (૧૯૫૬ થી ૧૯૬૧ સુધીની) યોજનાનો આજે ચોતરફ વિચાર અને ચર્ચા ચાલી રહેલ છે. આ યોજનાને લગતો કાચો ખરડો ભારત સરકાર તરફથી ગયા માર્ચ માસમાં પ્રગટ કરવામાં આવ્યો હતો અને તેનો વિસ્તૃત અને આખરી અહેવાલ થોડા સમયમાં પ્રગટ થવા સંભવ છે. આ પરિસ્થિતિ વચ્ચે આ સમગ્ર આયોજનની પ્રાથમિક ભૂમિકા, પ્રથમ પંચવર્ષીય યોજનાની સિદ્ધિઓ અને ત્રુટિઓ, તથા આગામી દ્વિતીય પંચવર્ષીય યોજનાનો નકશો રજુ કરતા આ લેખનો પ્રથમ હપ્તો અહિં પ્રગટ કરવામાં આવે છે. આ લેખના લેખક ભાઈ અભય પરીખ અર્થશાસ્ત્રનો વિષય લઇને મુંબઈ યુનિવર્સિટીના એમ. એ. થયેલા છે અને હાલમાં ગુજરાત યુનિવર્સિટીમાં પી. એચ. ડી. ની ડીગ્રી માટે તેઓ સંશોધન કરી રહ્યા છે. તંત્રી )

## આયોજન શા માટે ?

વ્યવસ્થિત અને સુયોગ્ય આર્થિક આયોજનથી કોઇપણ દેશ સમૃધ્ધિ, સુખ અને ઝડપથી વિકાસ તરફ પગલાં ભરી શકે છે, તે પહેલાં વિશ્વ યુધ્ધ પછીથી જગતને સમજાયું, જે કે તે સમયે આયોજનના લક્ષ્ય વિવિધ હતાં. બ્રીટનમાં "બીવરીજ" પ્લાન તે પ્રથમ જ આર્થિક વિકાસ માટેનો વ્યવસ્થિત પ્રયાસ હતો, જે દ્વારા બ્રીટનમાંથી પાંચ મહાન રાક્ષસોને ( Five Giants )—ગરીબાઈ, અજ્ઞાનતા, બેકારી, રોગચાળો અને ગંદી ચાલીઓ દૂર કરવાનું ધ્યેય હતું. ૧૯૨૯ માં અમેરિકાએ મુડીવાદને મંદીના સંકટમાંથી ઉગારવા માટે એક "નવીન પ્રયોગ" ( New Deal ) કર્યો હતો. નાઝી જર્મનીએ યુધ્ધસામગ્રીના ઉત્પાદન માટે બીજા વિશ્વ યુધ્ધ પહેલાં આયોજન કરેલું. ૧૯૧૭ ની સોવિયેટ ક્રાંતિ પછી રશિયાએ ગરીબાઇને નાબૂદ કરવા આર્થિક યોજનાઓ કરી, પણ આ યોજનાઓ કોમ્યુનિઝમના સિધ્ધાંતો પર રચાઇ હતી અને ટોટેલીટેરીઅન પ્રશાસન સંચાલિત હતી તે ભૂલવું ના જોઇએ. ભારતમાં આર્થિક યોજનાનો વિચાર શ્રી વિશ્વસરૈયાએ પ્રથમ આપ્યો. ત્યાર પછી 'મુંબઈ યોજના' કોંગ્રેસની 'રાષ્ટ્રીય યોજના' 'ગાંધીવાદી યોજના' પ્રસિધ્ધ થઈ. સ્વાતંત્ર્ય પછી આપણી પ્રથમ યોજના ઘડવાનું ૧૯૫૦ માં વિચારાયું. ભારતની આર્થિક યોજનાઓનું ધ્યેય ફકત આર્થિક વિકાસનું જ નથી, તેથી વધુ છે અને તે સમાજવાદી ઢબની સમાજ રચના દ્વારા "કલ્યાણકારી રાજ્ય" હાંસલ કરવાનું છે. તેથી વધુ લક્ષ્ય ખેંચે એવું એ છે કે આ યોજનાઓ લોકશાહી અને સમવાયી ( Federal ) પ્રશાસનના માળખામાં અમલી થઈ છે અને થશે.

## આયોજનના સામાન્ય સિધ્ધાંતો

૧. કોઇપણ આર્થિક યોજનાનું સ્વરૂપ સામાજીક નીતિનાં ધ્યેયોથી ઘડાય છે. એટલે યોજનાએ સામાજીક નીતિ સાથે સુસંગતતા જાળવવી તે પ્રથમ સિધ્ધાંત ગણાય.

૨. યોજનાના બે પાસાં હોય છે. ૧ સાધનસામગ્રીને લગતું. ૨ નાણાંને લગતું. સાધનસામગ્રીની સંપૂર્ણ તપાસ કર્યા પછી દેશમાં જે સાધનસામગ્રી પ્રાપ્ય હોય તેને માટે નાણાં ઉભા કરવાની જરૂર રહે. આ નાણાં ઉભા કરવાની પધ્ધતિ એવી હોવી જોઇએ કે જેથી ફુગાવો કે મંદી ન આવે, તેમજ પ્રાપ્ય સાધનોનો પુરેપુરો ઉપયોગ થાય, યોજનાના જુદા જુદા વિભાગોને આવશ્યક મજૂર, મશીનરી અને સામગ્રી પુરતા પ્રમાણમાં સસયસર મળી રહે જેથી એક બીજાનો વિકાસ અટકે નહીં અને બધાં ક્ષેત્ર વચ્ચે સમતુલા જળવાઈ રહે. ટુંકમાં યોજનાની સફળતા નાણાં અને સાધનસામગ્રીના પાસા વચ્ચે સમતુલા જળવાય તે ઉપર રહે છે.

૩. યોજનાનો આકાર એવી રીતે ઘડાવો જોઇએ કે જેથી ઉપયોગમાં લેવાયેલી સાધનસામગ્રી તથા મનુષ્યશકિતનાં ઇષ્ટ પરિણામ (Optimum results) આવે અને ઉત્કૃષ્ટ કલ્યાણ (Maximum welfare ) સધાય. તેમજ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ ગ્રહણ કરેલા આ માર્ગ સિવાય બીજો કોઈ ત્રેવડવાળો માર્ગ હોવો ન જોઇએ. આ રીતે આર્થિક યોજનાના સામાન્ય સિધ્ધાંતો સમજ્યા પછી હવે આપણે દેશની યોજનાઓની ચર્ચા કરીએ.

બીજી પંચવર્ષીય યોજનાની વિસ્તૃત ચર્ચા કરતાં પહેલાં પાયાની તાત્વિક ભૂમિકા અને તે પહેલાં સિધ્ધ થઈ ચુકેલી પ્રગતિનું વિહંગાવલોકન કરી લેવું જરૂરી ગણાય.

## સ્વાતંત્ર્ય પહેલાનો વારસો

મર્હુમશ્રી દાદાભાઇ નવરોજજીના સમયથી ભારતની ગરીબાઈ ચર્ચાતી આવી છે. બ્રીટીશ સલ્તનતે આ પ્રશ્નને ઉકેલવા ખૂબ જ થોડા અને છૂટાછવાયા પ્રયાસો કરેલા. ઉલટાનું તેને તો આ દેશના ધનની ગંગા ટેમ્સ નદી તરફ જ વહેવડાવવાનો પ્રયાસ કર્યો હતો. તેથી આપણને વારસામાં ગરીબ અને કંગાલ ભારત મળ્યું હતું.

હજુ આ ગરીબાઇના દર્શન આજે પણ આર્થિક જીવનના બધા જ ક્ષેત્રોમાં વિધવિધ રૂપે જોવા મળે છે. આપણી વસ્તીનો ૨/૩ કરતાં વધારે ભાગ ખેતી ઉપર નભે છે. ખેતીના વિસ્તારમાં ક્રમશઃ વધારો થયો નથી. વળી આપણી ખેતી કુદરતની બલિહારી ઉપર અવલંબિત છે. તેમજ કુવા, નહેરો અને વૈજ્ઞાનિક કૃષિ પધ્ધતિનો અભાવ. આ કારણોને લીધે આપણી ખેતીની ઉત્પાદન શકિત આજ સુધી ઘણી જ ઉતરતી રહી છે. તેના પરિણામમાં ખેડૂતની આવક તથા ખરીદશકિત ખૂબ ઓછી અને બચત ઓછી અથવા નહિવત થાય તે દીવા જેવી સ્પષ્ટ વાત છે. ઓછી આવક હોવાથી આપણા ખેડૂતો ઉત્તમકક્ષાનાં સાધનો, ખાતર વગેરે ખરીદી ન શકે. આ રીતે ફરી પાછું ઉત્પાદન ઓછું રહે છે અને આવક ઓછી રહે છે, અને એક વિષચક્ર ચાલ્યાં જ કરે છે. વધુમાં ગ્રામ—ઉદ્યોગ સાવ ધસાઈ ગયા છે. ૮૩ ટકા જેટલી ગ્રામપ્રજા માટે પુરેપુરું કામ નથી તેથી તેમની આવક નહીવત જેવી છે. જ્યારે ગ્રામપ્રજાની ખરીદશકિત ઓછી હોય ત્યારે ઉદ્યોગની વિસ્તૃત પાયા પર ખીલવણી થઇ ન શકે. કારણ કે તેને માટે જોઇતી મુડી જ હોતી નથી. વળી આધુનિક વ્યવસ્થિત ( Organized ) ઉદ્યોગો ગામડાંની વધારાની વસતિને સમાવી લે એટલા વિકસ્યા નથી. વાસ્તવમાં, તે ઉદ્યોગમાં માત્ર ૨૫ લાખ લોકો રોકાયેલાં છે. આ સંખ્યા આપણા દેશની વસતિના પ્રમાણમાં ૧ ટકાથી પણ ઓછી છે. આ ઉદ્યોગમાં રોકાયેલાની સંખ્યા બહુ થોડી હોવાથી તેમની બચત વિશેષ ન ગણાય. ટુંકમાં આપણો પ્રશ્ન ઓછી બચત અને ઓછી આવકના વિષચક્રનો છે. ભારતના એક પ્રજાજનની સરેરાશ વાર્ષિક આવક ૧૯૫૨—૫૩ માં રૂા. ૨૫૫ હતી જ્યારે એક અમેરિકનની રૂ.. ૧૦૦૦૦ હતી. આ બધું આપણા અપ્રગતિકારક અર્થતંત્રનું સુચન કરે છે. આપણું અર્થતંત્ર આમ એક બાજુ સ્થગિત થઈ ગયેલું હતું ત્યારે બીજી બાજુ વસતિની સંખ્યામાં દર વર્ષે ૧૮ લાખ માનવનો વધારો થઇ રહ્યો હતો.

## યોજનાની પશ્ચાદ્ ભૂમિકા

આ પરિસ્થિતિમાં આપણે ત્યાં આઝાદી આવી, સ્વાતંત્ર્યની ઉષા ઉગી ત્યારે આપણું અર્થતંત્ર બીજા વિશ્વયુધ્ધની અસરોથી છિન્નભિન્ન થઇ ગયું હતું. ફુગાવાને લીધે ભાવતંત્ર કથળી ગયું હતું. જીવનની મુખ્ય જરૂરિયાતોની તીવ્ર તંગી પ્રવર્તતી હતી. દેશના ભાગલાએ આ પ્રશ્નને વધુ જટિલ બનાવ્યો તેથી રૂ, શણ, અને અનાજની અછતની તીવ્રતા વધી. સાથે સાથે શરણાગતિઓનો ખૂબ જ ગંભીર અને મોટો પ્રશ્ન સામે આવીને ઉભો રહ્યો. અનેક સ્થળે કાયદો અને વ્યવસ્થા જાળવવાની ઉપાધિ આવી પડી, સરવાળે લાંબાગાળાના ગરીબાઇના પ્રશ્ન સાથે આ ટુંકા ગાળાના આર્થિક તેમજ રાજકીય પ્રશ્નો ઉભા થયા.

## યોજનાની તાત્વિક ભૂમિકા

આથી પ્રથમ યોજનાનું લક્ષ્ય યુધ્ધ અને ભાગલાંના અનિષ્ટ પરિણામો સુધારવાનું, ભાવતંત્ર નીચે લાવવાનું, ઉત્પાદન વધારવાનું અને પ્રાપ્ય પુરવઠાને સમભાગે વહેંચવાનું હતું. આ ટુંકાગાળાના ધ્યેય હાંસલ કરી અર્થતંત્રને સુવ્યવસ્થિત કરી, લાંબા ગાળાના ધ્યેયની સિધ્ધિ તરફ

પ્રયાણ કરવાનું હતું. પ્રથમ યોજના એ ૨૭ વર્ષમાં સિધ્ધ કરવાનાં સંયોજીત પ્રયાસમાંનું પ્રથમ નમૂનારૂપ પગલું છે.

આ યોજનામાં સિંચાઇ અને વિદ્યુતબળની સાથે ખેતીને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું. આપણે આગળ જોઈ ગયા તે મુજબ દેશની પ્રજાનો ૨/૩ ભાગ ખેતીવાડી ઉપર નભે છે. એ જોતાં ખેતીને અગ્રસ્થાન આપવું જોઇએ. જ્યાં સુધી આપણે ખેડૂતોને વધુ અનાજ ઉગાડવામાં અને વધુ કમાણી કરવામાં મદદ ન કરીએ ત્યાં સુધી આપણા જીવનની મુખ્ય જરૂરિયાતોનો પ્રશ્ન સહેલો ન થાય, કે ન આપણું અર્થકારણ વિકાસ પામી શકે. તેમજ ત્યાં સુધી અનાજ અને કાચા માલનાં ( રૂ, શણ વગેરે ) ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો ન થાય ત્યાં સુધી ઔદ્યોગિક વિકાસ અશકય જ ગણાય. ગરીબ દેશની ઓછી બચતમાંથી દર વર્ષે અનાજ કે કાચા માલની આયાત કેવી રીતે પોષાય ? તેમજ જો ઔદ્યોગિક ખીલવણી કાચા માલને લીધે અટકી જાય તો આપણે પ્રગતિના પંથ તરફ જઈ ન શકીએ. આ ઉપરથી આપણે સમજી શકીશું કે પ્રથમ પંચવર્ષીય યોજનાની દૃષ્ટિ રાષ્ટ્રના અર્થતંત્રની બુનિયાદને મજબૂત બનાવીને આગળ વધવાની હતી.

## પ્રગતિ અને ત્રુટિઓ

પંચવર્ષીય યોજના છેલ્લાં ચાર વર્ષથી અમલમાં આવી છે. આ દરમિયાન આપણે શું સિધ્ધિ કરી તે જોઇ લઇએ.

યોજનાની પ્રગતિના અહેવાલ પરથી માલુમ પડે છે કે આપણું અર્થતંત્ર વધુ મજબૂત અને સ્થિર થયું છે. આ હકીકત ભવિષ્યની યોજનાઓ માટે શુભ ચિહ્ન ગણાય.

ખેતીવાડીની પેદાશ વધી છે. અનાજનાં લક્ષ્યમાં આપણે નિયત સમય કરતાં વહેલી અને વધુ પ્રગતિ કરી છે. આ પ્રગતિ એ સારી વર્ષાઋતુને તથા યોજનાને આભારી છે. ઔદ્યોગિક ઉત્પાદનની પ્રગતિ ઉત્સાહજનક છે. તેનો ઉત્પાદન આંક ૧૯૫૦ માં ૧૦૫ હતો ત્યાંથી ધીમે ધીમે સતત રીતે વધતો ૧૯૫૫ ની શરૂઆતમાં ૧૫૮ સુધી પહોંચ્યો છે. ( પાયાનું વર્ષ ૧૯૪૬=૧૦૦ ). આમાં વિશેષ ધ્યાન ખેંચે તેવું મીલના કાપડનું ઉત્પાદન છે, જે જીવનની જરૂરિયાત પૂરી પાડે છે. તથા નિકાસદ્વારા દેશમાં નાણાં લાવે છે. તેની ૧૯૫૩–૫૪ ની પેદાશ ૪૯૦૬૦ લાખ વાર હતી, જે ૧૯૫૫–૫૬ ના લક્ષ્ય કરતાં ૨૧ ટકા વધારે છે, અને હજુ આ પ્રગતિ ચાલુ છે.

ભાવતંત્રમાં સ્થિરતા આવી છે. પુરવાની અસરથી અર્થતંત્ર તદ્દન વિમુકત થયુ છે. ભાવતંત્ર નીચું જવાના કારણમાં જગતનું ભાવતંત્ર નીચું ગયું, મંદીની હવા મજબૂત થતી ચાલી, દેશની નાણાંકીય અને કરવેરાની નીતિ સુયોગ્ય પુરવાર થઈ, તેમજ બધા જ ક્ષેત્રમાં ઉત્પાદન વધતું ચાલ્યું. આ રીતે યોજનાનું શુભ પરિણામ એ આવ્યું કે ભાવતંત્ર ઉત્પાદન અને નાણાં વચ્ચે સમતુલા આવી છે. જીવનધોરણના આંકમાં સુધારો થયો છે.

આમ છતાં પ્રથમ યોજનામાં નીચેની ત્રણ મુખ્ય ત્રુટિ માલુમ પડી છે:–૧. યોજનામાં તથા યોજના બહાર મૂકીનું રોકાણ થતુ ગયું, નવા કારખાનાં, નવા બંધ, વિજળીઘરો બાંધ્યા છતાં બેકારીનો પ્રશ્ન વધુ વિકટ થતો ગયો છે. ૨. યોજનામાં ખર્ચને લીધે ગ્રામપ્રજાની ખરીદશકિત વધી, ( કારણકે નવાં વિજળીઘરો તથા બંધમાં તેમને મજૂરી મળેલી) છતાં ૧૯૫૪ નાં અંતમાં અને ૧૯૫૫ ની શરૂઆતમાં અનાજના ભાવો તૂટવા માંડયા. ૩. અંતમાં યોજનામાં રૂા, ૨૨૬૯ કરોડમાંથી પ્રથમ ત્રણ વર્ષમાં રૂા. ૮૫૭ કરોડ જ ખર્ચવામાં આવ્યા, જે નક્કી કરેલા ખર્ચ કરતાં ઘણા ઓછા ગણાય. આથી બાકીના વર્ષમાં વધુ નાણાં ખર્ચવા પડશે અને પુરાવો ના થાય તેનું ધ્યાન રાખવું પડશે. ( રીઝર્વ બેન્કના રીપોર્ટ ઉપરથી માલુમ પડયું કે ચોથા વર્ષમાં રૂા. ૫૫૭ કરોડ ખર્ચવામાં આવ્યા છે. )

## બીજી પંચવર્ષીય યોજના

**પલટાયેલી પરિસ્થિતિ તથા લક્ષ્ય:** પ્રથમ યોજના શરૂ થઇ ત્યારે 'સમાજવાદી ઢબના સમાજનું ધ્યેય' ન હતું, અવાડીમાં કોંગ્રેસે આ ધ્યેય નક્કી કર્યું, તેમજ સત્તા ઉપર આજે કોંગ્રેસ પક્ષ હોવાથી, બીજી યોજનાની આર્થિક નીતિ તથા આકાર એવી રીતે ઘડવા પડશે કે જેથી તે આ ધ્યેય સાથે સુસંગત હોય.

વળી આપણે જોઇ ગયા કે પ્રથમ યોજનાથી ટુંકા ગાળાના અનાજસ્વાવલંબનના વિષયમાં આપણને સિધ્ધિ મળી ચૂકી છે, જ્યારે તેની ત્રુટિમાં વિશેષ ધ્યાન ખેંચે તેવો બેકારીનો પ્રશ્ન છે. કારણ કે આર્થિક આયોજનનું અંતિમ ધ્યેય મનુષ્યને સુખી અને સમૃધ્ધ કરવાનું હોય છે. તે સુખ અને સમૃધ્ધિ ત્યારે જ આવે કે જ્યારે દરેક નાગરિકને પૂરતા પ્રમાણમાં નોકરી ધંધા તથા જોઇતી તકો મળી રહે. આ પ્રશ્નનો ઉકેલ લાંબાગાળાના પ્રશ્નના ઉકેલથી જ આવે. એટલે કે આર્થિક માળખાને તેમજ સામાજીક પધ્ધતિને બદલવાનું રહે. સમાજવાદી ઢબની સમાજરચનાનું પણ આ જ લક્ષ્ય છે એમ કહી શકાય.

( While the first plan has been dubbed as a 'Functional' plan i.e. it tries to restore and maintain the 'Status quo' while the second plan will be called 'Strucural Plan' as it will attempt to alter the fundamental foundations of our economic and social framework ). આનો અર્થ એ કે બીજી યોજના દ્વારા આપણે દેશની આવક તથા જીવનધોરણ ફકત ઉંચું નથી લાવવા માંગતા, પણ સાથે સાથે આર્થિક તેમજ સામાજીક ક્રાંતિ કરવા માંગીએ છીએ. ટુંકમાં બીજી યોજનાના ત્રણ મુખ્ય લક્ષ્ય થયાં:–

૧. સમાજવાદી ઢબની સમાજ રચના.

૨. બેકારી નિવારણ.

૩. ૨૫ ટકા રાષ્ટ્રીય આવકમાં વધારો કરવો.

હવે આપણે પહેલાં આયોજનના આંતરિક વિભાગોની તેમજ બેકારી નિવારણની છણાવટ કરીશું. અને છેવટે સમાજવાદી ઢબની સમાજ રચનાની નીતિનું આલેખન કરીશું.

**યોજના:**—આ યોજના ૧૯૫૬ થી ૬૧ નાં ગાળાને આવરી લે છે. તે માટે કુલ ચોકખું રોકાણ રૂા. ૫૬૦૦ કરોડનું થવાનો સંભવ છે. આ રકમને વિધવિધ ક્ષેત્રે નીચે મુજબ વહેંચી છે.

| | ખર્ચ કરોડ રૂા. | કુલ ખર્ચનું ટકાવાર પ્રમાણ |
|---|---|---|
| ૧ ખેતી અને ગ્રામવિકાસ (સિંચાઈ તથા પૂરનિયંત્રણ સાથે) | ૯૫૦ | ૧૭.૧ |
| ૨ વિદ્યુતબળ ... | ૫૦૦ | ૮,૦ |
| ૩ વાહન અને સંદેશાવ્યવહાર | ૯૦૦ | ૧૬.૦ |
| ૪ ઉદ્યોગો અને ખાણો ... (નાના ઉદ્યોગો સાથે) | ૧૪૦૦ | ૨૫.૦ |
| ૫ બાંધકામ, (ઘરો, દુકાનો, નિશાળો હસ્પિતાલો વગેરે) - | ૧૩૫૦ | ૨૪.૦ |
| ૬ પુરવઠો તથા પરચુરણ ... | ૫૦૦ | ૮.૯ |
| કુલ | ૫૬૦૦ | ૧૦૦.૦ |

આ આંકડાઓ તપાસતાં માલુમ પડશે કે આ યોજનામાં પ્રથમ અગત્યતા (First Priority) ઉદ્યોગોને આપવામાં આવી છે અને એટલે જ યોજનાને 'ઔદ્યોગિક' યોજના કહેવામાં આવે છે. આ દૃષ્ટિએ જોતાં હિંદમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત આ યોજનાના આરંભ સાથે થશે તેમ કહેવાય. પ્રથમ યોજનામાં, આપણે જોઇ ગયા, કે ટુંકા ગાળાના અનાજના તથા કાચા માલના પ્રશ્નને ઉકેલવા માટે ખેતી, વિદ્યુતબળ તથા જળસિંચાઈને પ્રથમ અગત્યતા આપવામાં આવી હતી. આ પ્રશ્નનો ઉકેલ હવે આવી ગયો છે. તેમ છતાં આપણે ખેતીવિકાસને પ્રથમ જેટલી જ મહત્વતા આપીએ તો લાંબાગાળાના સવાલનો ઉકેલ ના આવે. કારણકે આખરે ખેતીની ખીલવણીનો આધાર ઔદ્યોગિક વિકાસ ઉપર રહેલો છે. જેમ કે ખેતીનાં સાધનો, ખાતર,

તેમજ વિજળી કારખાનાનાં સાધનો, બંધના સાધનો—આ બધા માટે ઉદ્યોગના વિકાસ ઉપર ભાર આપવો જ પડશે. એ પાછળ નાણાં નહીં ખરચીએ તો ખેતીમાં વાપરવાનાં સાધનો ખાતર વિગેરે કયાંથી આવશે? અને તે નહીં હોય તો તેના વિના ખેતીની ખીલવણી કેમ થશે? વળી ખેતીના ઉત્પાદન માટે આવશ્યક બજાર હોતું નથી તો તેના ભાવ નીચા જાય છે એ ૧૯૫૪-૫૫ નાં ભાવ તૂટવાની ઘટના ઉપરથી સમજાય છે. તેમજ અત્યારે ખેતીવાડીમાંથી ૬૯% ટકા જેટલી વસ્તી પોતાનો ગુજારો કરે છે. તથા વધતી વસ્તીને આ ક્ષેત્ર જ અપનાવે છે, કારણ કે બીજા ઉદ્યોગોની ખીલવણી હજુ થઇ નથી. આથી આ ખેતી ઉપરની વધારાની વસ્તી અને વધતી વસ્તીને સમાવી લેવા વિકલ્પ ક્ષેત્રની ખીલવણીની જરૂર રહે છે. વધુમાં, બીજી યોજના દરમ્યાન આપણે રાષ્ટ્રીય આવકમાં ૨૫ ટકા ટકાનો વધારો કરવા ઇચ્છીએ છીએ. તેથી વિકાસની ગતિમાં વેગ લાવવાની જરૂર રહેશે. તેમજ ઉત્પાદન વધુ અને ઝડપી કરવું પડશે. આ સમગ્ર દૃષ્ટિએ જોતાં ઉદ્યોગોને પ્રથમ સ્થાન આપવું વ્યાજબી ગણાય.

### ખેતી અને ગ્રામવિકાસ

જો કે આનો અર્થ એમ નથી કે ખેતીની ખીલવણીના આપણા પ્રયત્નો ઢીલાં કરવા અથવા તેના ઉપર ખર્ચ જ ન કરવો. વાસ્તવિક દૃષ્ટિએ જોતાં આપણને આવું કરવું પાલવે તેમ જ નથી. ઉલટાને આ ક્ષેત્રમાં પરિશ્રમને વધુ અને વધુ ઉત્તેજન આપવું પડશે. આનાં કારણો આમ ગણાવી શકાય.

બીજી યોજના દરમ્યાન આપણી વસ્તીમાં ૯૦ લાખ માનવીઓનો વધારો થશે. તેને પૂરતું અનાજ આપવા ખેતીની ખીલવણી ચાલુ રાખવી પડશે જ. અત્યારના આપણા અપૌષ્ટિક તથા અપૂરક આહારમાં ફેરફાર કરવા માટે વધુ ખેતીવાડીની પેદાશ જોઇશે. વળી ગામડામાંથી શહેરમાં જનાર અથવા નાના ઉદ્યોગો કે મોટા કારખાનામાં કામ કરનાર નવા મજૂરોને માટે પણ વધુ ખેતીવાડીની પેદાશ જોઇશે. તેમજ આયોજનના ખર્ચને લીધે પ્રજાની ખરીદશક્તિમાં વધારો થશે અને એ સ્વાભાવિક છે કે જે દેશમાં અડધા ભાગના લોકો એક ટંક, તે પાછું અપૂર્ણ અને હલકા પ્રકારનું, ખાતાં હોય ત્યાં નવા નાણાંનો ઉપયોગ પ્રથમ તો ખાવા માટે જ થાય તેમાં નવાઈ નહીં. આયોજનથી નવા કારખાના તથા ઉદ્યોગોની ખીલવણી થશે તેને માટે કાચો માલ રૂ, શણ, વગેરે જોઇશે. આ ઉપરાંત હજુ આપણી ખેતી કુદરતની 'બલિહારી' ઉપર જ આધાર રાખે છે-અને કુદરતની મનસ્વીતાથી ભારતમાં કોણ અજાણ છે? તેથી બીજી યોજનામાં જળસિંચાઇ, પૂરનિયંત્રણ, શાકભાજી, મધમાખી, ઢોરઉછેર, ખાતરના નવા કારખાના ( સીંદ્રી ફરટીલાઇઝર જેવાં ) પાછળ નાણાં ખર્ચવાની જરૂર રહેશે જ. આમ થશે તો જ આપણે ખેતીની પેદાશમાં નિશ્ચિત થઈ શકીશું.

### ગ્રામવિકાસ ઘટકો અને રાષ્ટ્રીયવિકાસ યોજના

પછાત સ્થગિત ગ્રામ જીવનનાં આર્થિક તેમજ સામાજીક ફેરફાર કરવા માટે પ્રથમ યોજનામાં ગ્રામવિકાસ ઘટકો ( Community Projects ) અને રાષ્ટ્રીય વિકાસ સેવા ( National Extetion service ) ને 'નમૂના' ના પ્રયોગ તરીકે દાખલ કરેલી. આ યોજનાની સફળતાના ઉત્સાહપ્રેરક અહેવાલો મળી ચૂકયા છે. તેથી ઉત્પાદનને પ્રોત્સાહન મળ્યું છે. ગ્રામપ્રજાના સહકારથી નવા રસ્તાઓ, કુવાઓ, સ્કુલો બાંધવામાં આવ્યાં છે. જો કે આમાં સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરી છે તેમ નથી જ. છતાં પણ 'તુમારશાહી' ની જાળમાંથી મુકિત મેળવી ગામડાના વિકાસમાં ક્રાંતિકારી અને ઝડપી સુધારા માટેની એની અગત્યતા પૂરવાર થઇ ચૂકી છે. બીજી યોજના દ્વારા દેશની સુરત પલટી નાખવી હોય તેમજ યોજનાને ભારતના એક એક ગામડે પહોંચાડવા તથા પ્રજાના સીધા સંપર્કમાં આવી તેમની મુશ્કેલી તથા વિચારો જાણી, યોજનામાં વધુ અને વધુ રસ પેદા કરવો હોય તો, તેમજ બીજી યોજનાને "જનતાની યોજના" ( People's Plan ) બનાવવી હોય તો આ વિકાસ ઘટકો તથા રાષ્ટ્રીય સેવાની યોજનાને બધે પ્રસારવી જરૂરી ગણાય.. એ દ્વારા ગામડાનું જીવન ચેતનવંતુ બનશે અને ગ્રામપ્રજા આધુનિક વિજ્ઞાન અને જગતની પ્રગતિને પીછાનશે. "સહકારી ગ્રામ જીવન" "સહકારી ખેતી" વિગેરે સહકારી વિચાર ભાવનાને અમલમાં લાવવા અને તેવી ભાવનાનાં ઉત્સહ તથા પ્રેરણા સીંચવા આ ઘટકો તથા સેવાની અનિવાર્યતા સમાજવાદી ઢબની સમાજ રચનાની દૃષ્ટિએ ખુબ જ વધે છે તે ભૂલાવું ના જોઇએ. વિશેષમાં સત્તાના વિકેન્દ્રીકરણ માટે ગ્રામપંચાયતોને સજીવન કરવા સારૂ આનો ઉપયોગ થઈ શકશે. એ દ્વારા આપણે આર્થિક યોજના નીચેથી કરવાનાં આપણા સ્વપ્નને સિધ્ધ કરી શકીશું. (Planning from the bottom rather than from the top ).

જો કે આ સાથે એ ન ભૂલાવું જોઇએ કે આ તરકીબો સરકારી હોવાથી તે દ્વારા સંપૂર્ણ ક્રાંતિ નિર્માણ થવાની આશા રાખી ન શકાય. ક્રાંતિ લાવવા માટે તો ભિન્નભિન્ન સામાજીક સંસ્થાઓ, કાર્યકરો—સર્વેના સહકારની અનિવાર્ય જરૂર રહેશે. તે વગર સરકારના અધિકારીઓ ગામડાની પ્રજામાં પ્રબળ ઉત્સાહ કે આશા નહીં જન્માવી શકે. માટે આવી બધી સંસ્થાઓની સેવા અને સહકારને ઉત્તેજન આપવું જરૂરી ગણાશે.

અપૂર્ણ

**અભય પરીખ**

# ગાંધીજી અને મણિભુવન

( ગતાંકથી ચાલુ )

અહિંસા હું મારા જીવનની પણ એક ઘટના રજુ કરું છું. ૧૯૨૦ ના એપ્રીલ—મે માં હું મુંબઇમાં હતો, અને આંદોલનની યોજના સંબંધમાં દરરોજ મહાદેવ દેસાઈને પૂછવા જતો. રાજાજી પણ તે સમયે મુંબઇમાં હતા. અસહકાર આંદોલનના ચાર તત્વમાં એક તત્વ વકીલોને વકીલાત છોડવાનું હતું. આ બાબતમાં બાપૂએ રાજાજીનો અભિપ્રાય લીધો હતો. મને બરાબર યાદ છે કે મહાદેવ તથા મેં આ વસ્તુને તદ્દન અસંભવિત—સ્વપ્ન સમાન—માની હતી. છતાં આશ્ચર્યની વાત છે કે જેઓએ આ હુકમને સ્વીકાર્યો તેઓમાં હું પણ એક હતો.

ત્યાર બાદ મણિભુવનમાંથી જ તિલક સ્વરાજ ફંડનો આરંભ થયો, જે દ્વારા બાપૂ અહિંસક યુદ્ધના હથીયારોથી દેશને સુસજ્જ કરવા ઇચ્છતા હતા. આ મણિભુવનમાં શંકરલાલ બેંકર, ઉમર સુભાની. અને રેવાશંકર ઝવેરીએ સર્વ પ્રથમ પચીસ પચીસ હજાર ફાળામાં નોંધાવીને શુભ શરૂઆત કરી. નિશ્ચિત કરેલી રૂા. એક કરોડની રકમ એકઠી થઇ ગઈ.

૧૯૨૧ ના જુલાઈની ૩૧ મી તારીખે ગાંધીજીએ પરેલમાં ઉમર સુભાનીના આંગણામાં વિદેશી વસ્ત્રોની હોળી કરી. અરૂઆતમાં ઓછી સફળતા સાંપડી, પણ મારા ધારવા પ્રમાણે શ્રી. લીલાવતી બેંકર પ્રથમ મહિલા હતા જેમણે વિવાહ અવસર ઉપર પ્રાપ્ત થયેલી બધી જ સુંદર વિદેશી સાડીઓ બાપૂની સામે મૂકી દીધી. પછી તો સંખ્યાબંધ બહેનોએ આવીને ઢગલા કર્યા અને બાપૂએ જાતે તે બધા અગ્નિને સ્વાધીન કર્યા. સ્ત્રીઓના સાર્વજનિક અને રાજનૈતિક જીવનમાં પ્રવેશનો આરંભ અહિંથી થાય છે.

કરાંચીના ઠરાવના અનુસંધાનમાં અલીભાઇઓ પકડાઈ ગયા હતા. સિપાઇઓની વફાદારી ડગાવવાનો પ્રયાસ કરવાનો એમના ઉપર આરોપ હતો. ગાંધીજીએ મુંબઇમાં તા. ૪ થી ઓકટોબર ૧૯૨૧ ના દિવસે પચાસેક નેતાઓની એક સભા બોલાવી અને કરાંચીના ઠરાવનું સમર્થન કર્યું. સહી કરવામાં ગાંધીજી, અબ્દુલકલામ આઝાદ, લજપતરાય, મોતીલાલ નહેરૂ, જવાહરલાલ નહેરૂ, અજમલખાં, વલ્લભભાઈ પટેલ, ડૉ. અનસારી અને રાજગોપાલાચારી હતા. તા. ૫ મી એ મળેલી કોંગ્રેસની કારોબારીએ આ ઘોષણાપત્રનું પુનઃ સમર્થન કર્યું, અને બીજા પણ અસંખ્ય વ્યાખ્યાનમંચો ઉપરથી આ ઠરાવ પસાર કરાવવામાં આવ્યો. વાતાવરણમાં ચારે બાજુ સરકારનો વિરોધ કરવાની હવા ગુંજી રહી હતી. ગાંધીજીએ બારડોલીમાં સત્યાગ્રહ કરવાની ઘોષણા

કરી. આ સત્યાગ્રહ આદરાયું ત્યાર પહેલાં તા. ૧૭ મી નવેંબરે પ્રિન્સ ઓફ વેલ્સનું મુંબઇમાં આગમન થયું, અને એમનું સ્વાગત સંપૂર્ણ બહિષ્કારથી કરવામાં આવ્યું.

શહેરમાં કેટલાક ભાગોમાં તોફાન થયાં, કેટલાક સિપાઇઓના જાન ગયા. ખાસ કરીને હુમલાનું લક્ષ્ય પારસીઓ હતા. બાપૂને આથી બહુ દુઃખ થયું. ફરીને શાંતિ ન સ્થપાય ત્યાં સુધીના તેમણે ઉપવાસ આદર્યા અને તોફાનના સ્થળે શાંતિ સ્થાપવા દેવદાસને મોકલવાનો નિશ્ચય કર્યો. પણ ઉપવાસનો સારો પ્રભાવ પડયો. શાન્તિ સ્થપાઈ અને તા. ૨૩ મી નવેંબરે બાપૂએ પારણા કર્યા.

આ પછી કેટલાંક વર્ષ સુધી મુંબઇ ઉપર પડદો પડી જાય છે. ૧૯૩૦ માં બાપૂએ વિખ્યાત દાંડીકુચ આરંભી અને દેશભરમાં સિવિલ નાફરમાનીનું મોજું ફરી વળ્યું. પરિસ્થિતિથી લાચાર બનીને લૉર્ડ ઇરવીનને ગાંધીજી અને કોંગ્રેસ કારોબારી સાથે તા. ૨૫ મી જાન્યુઆરી ૧૯૩૧ ના દિવસે સુલેહ કરવી પડી. તા. ૨૬ મી જાન્યુઆરીના દિવસને મુંબઇમાં ગાંધીજીએ સ્વાતંત્ર્ય દિન તરીકે ઉજવ્યો અને તરત જ મૃત્યુશય્યા ઉપર પડેલા મોતીલાલ નહેરૂને મળવા અલ્હાબાદ ચાલી ગયા.

વાઇસરોયની સાથે વાટાઘાટો શરૂ થઈ અને ફલસ્વરૂપ ગાંધી ઇરવીન કરાર થયા. માર્ચના ત્રીજા અઠવાડીઆમાં બે દિવસ માટે બાપૂ મુંબઈ આવ્યા ત્યારે મુંબઇના નાગરિકોએ એમનું ભવ્ય સ્વાગત કર્યું.

લૉર્ડ ઇરવીન કે જે રીટાયર થતા હતા તેમની મુલાકાત માટે ગાંધીજી ૧૯૩૧ ના એપ્રીલના ૧૮ મી તારીખે ફરીથી મુંબઇ આવ્યા. જુનની ૬ મી તારીખે દેશની પરિસ્થિતિ ઉપર વિચાર કરવા કોંગ્રેસ કારોબારીની બેઠક મળી. હિન્દુ મુસલમાન પ્રશ્નનું સંતોષકારક સમાધાન ન થાય ત્યાં સુધી ગોળમેજી પરિષદમાં જવાં બાપૂ તૈયાર નહોતા. કોંગ્રેસ કારોબારીનો અભિપ્રાય જુદો હતો, પણ બાપૂએ તે સ્વીકારી લીધો. છતાં ગોળમેજીમાં જવા આડે બીજી પણ અનેક મુશ્કેલીઓ હતી.

કેટલોએ પત્રવ્યવહાર થયા પછી ૨૮ મી ઓગસ્ટે બાપૂ મુંબઈ આવ્યા અને બીજે દિવસે લન્ડન જવા રવાના થયા. કોંગ્રેસના ઘણા ખરા નેતાઓ ગાંધીજી સાથે અંતિમ વાતો કરી લેવા માટે મણિભુવનમાં આવ્યા હતા. ૧૯૩૧ ના ડીસેંબરની ૨૮ મી એ બાપૂ પાછા આવ્યા ત્યારે પરિસ્થિતિ ખુબ બગડી ચૂકી હતી. ખાન અબ્દુલ ગફારખાં અને જવાહરલાલ બાપૂને મળવા આવતા હતા તેમને રસ્તામાંથી જ પકડી લેવામાં આવ્યા. આખો દેશ ઉપરાઉપરી નીકળતા ઓર્ડીનન્સોથી ત્રાસી ગયો હતો. દિલ્હીના કરારો તૂટી ગયા હતા. કેન્દ્ર સરકાર અને પ્રાન્તીય સરકારો છડેચોક આ કરારોનો ભંગ કરતી હતી. બ્રિટીશ સરકાર જાણે લડાઇને માટે આકુળ વ્યાકુળ થઈ ઉઠી હતી. આ બધી પરિસ્થિતિની ફરીથી વિચારણા કરવા ગાંધીજીએ ૧૯૩૨ ના જાન્યુઆરીમાં મણિભુવનમાં કોંગ્રેસ કારોબારીની બેઠક બોલાવી. ૧૯૩૨-૩૪ ની બીજી સત્યાગ્રહની લડત વખતે મણિભુવન લડતનું મુખ્ય મથક બની ગયુ હતું. ૧૯૩૨ ના જાન્યુઆરીની ૪ થી તારીખે મણિભુવનમાંથી જ બાપૂને ગિરફતાર કરવામાં આવ્યા. પકડાતાં પહેલાં એમના એક પ્રશંસક અંગ્રેજ મિત્ર ફ્રાંધર એલ્વીન ઉપર એક ચીઠી મૂકી, જેમાં એમણે લખ્યુ હતું "મારી ઇચ્છા છે કે આપ આપના દેશવાસીઓને એ સમજાવો કે હું જેટલા મારા દેશબંધુઓને ચાહું છું એટલા જ એમને પણ ચાહું છું. મેં ધૃણા કે ઇર્ષ્યાથી પ્રેરાઇને એમની વિરૂદ્ધ કંઈ જ કર્યું નથી અને ઇશ્વરેચ્છા હશે તો ભવિષ્યમાં પણ એવું કદિ કરવાનો નથી." ભારતવાસીઓ માટે એમનો સંદેશ હતો "ઇશ્વર અનંત દયાળુ છે. સત્ય અને અહિંસાથી કદિ ન ડગશો. પિછેહઠ કયારે પણ ન કરશો અને સ્વરાજ્ય માટે જીવન અને સર્વસ્વનું બલીદાન આપી દો." આ ૧૯૩૪ નો જમાનો હતો જ્યારે બાપૂ છેલ્લી વખત મણિભુવનમાં રહ્યા હતા. તે વખતે જુન માસમાં મળેલી કારોબારીની બેઠકમાં ગાંધીજી, મૌલાના આઝાદ, શ્રીમતી નાઇડુ, માલવીયાજી અને રાજાજી હાજર હતા. સરદાર પટેલ, જવાહરલાલ નહેરૂ, ખાન અબ્દુલ ગફારખાન વગેરે જેલમાં હતા. સરકારે કોંગ્રેસ ઉપરથી પ્રતિબંધ ઉઠાવી લીધો હતો, પણ લાલખમીસવાલા ઉપર પ્રતિબંધ ચાલુ હતો. કોંગ્રેસ કારોબારીએ "વ્હાઇટ પેપર" અને સુધારાઓનો અસ્વીકાર કર્યો, "કોમ્યુનલ એવોર્ડ" નો વિરોધ કર્યો તેમજ બીજા પણ અનેક મુદ્દાઓ ઉપર પોતાનો અભિપ્રાય જાહેર કર્યો.

આ છે મહાત્માજીનું એક ચિત્ર. તે એક વિચિત્ર માનવ, વિચિત્ર સંઘર્ષક, વિચિત્ર મિત્ર, અને વિચિત્ર દુશ્મન હતા. શતાબ્દિઓ સુધી એમના સમાન માનવના ફરીને પ્રાયઃ દર્શન નહિ થાય. આપણું અહોભાગ્ય છે કે એમના જીવનકાળ દરમિયાન આપણે જીવિત હતા અને માનવ કલ્યાણ માટે એમણે આપેલા સંદેશની તથા એમના વ્યકિતત્વના જાદુની આપણા જીવન ઉપર અસર પડી છે.

એટલે એ સ્વાભાવિક છે કે આ મણિભુવન કે જે ૧૯૧૭ થી ૧૯૩૨ સુધી બાપૂનું કેન્દ્રસ્થાન હતું, જ્યાં બેસીને બાપૂએ ભારતની ત્રીસ કરોડની જનતાને સત્ય અને અહિંસાના પાઠ પઢાવ્યા તે મણિભુવન આપણા મનસાં એમની અનેક સ્મૃતિઓ જાગૃત કરે છે. તેથી કરીને ગાંધી સ્મારક નિધિએ તેના રક્ષણનો ભાર ઉપાડી લીધો તે ઉપયુકત જ છે. કેટલાંએ અત્યારે મૃત્યુ પામી ચૂકયા છે અને કેટલાંયે હયાત છે, જેમણે આ મણિભુવનના ઓરડામાં અને અગાસીમાં બેસીને બાપૂ પાસેથી પ્રેરણા મેળવી હશે, દેશ પ્રેમની નવી ઝલક પ્રાપ્ત કરી સંસારમાં પ્રવેશ કર્યો હશે.

આ પૃષ્ઠભૂમિના આધારે મણિભુવનનું મહત્વ સ્પષ્ટ છે. મને વિશ્વાસ છે કે ભારત ખાસ કરીને મુંબઇવાસીઓ બાપૂના જીવનકાળમાં જેમ એમના સંદેશાને સતત સ્મૃતિમાં રાખતા હતા તેમ હમેશાં રાખશે.

અન્તમાં મણિભુવનને પ્રાપ્ત કરવાની બાબતમાં થોડો ખુલાસો કરી લઉં. જો કે ભાઈ શ્રી મણિલાલ રેવાશંકરને મણિભુવનમાં ગાંધીજીના જીવનનું તેમજ એમના પિતાશ્રી અને મોટા મોટાઓના સાહચર્યની સ્મૃતિ છે છતાં તે ગાંધી સ્મારક નિધિને સોંપવા માટે નિધિ એમનો ઋણી છે. ગાંધી સ્મારક નિધિને રૂા. ૧.૪૦,૦૦૦ મણિલાલને મકાનની કિંમત તરીકે અને રૂા. ૧૫,૨૫૦ મુંબઇ કોરપોરેશનને આપવા પડયા છે. કોરપોરેશનને મકાનમાલિક તરફથી પણ એટલી રકમ મળવી જોઇએ તે તેણે જતી કરી છે તે માટે નિધિ કોરપોરેશનનો પણ ઋણી છે.

મકાન ખરીદ્યા પછી તેમાં સુધારા વધારા કરવામાં નિધિએ રૂા. ૧,૨૫,૦૦૦ ખર્ચ્યા છે. મકાનની મરામત જરૂરી હતી. માત્ર સાચવી રાખવાના હેતુથી નિધિએ આ મકાન નથી ખરીદ્યું. નીચે એક મોટો હોલ કરાવ્યો છે, જેમાં ગાંધીજીના સિદ્ધાન્ત સંબંધેની સભાઓ અને વર્ગો ચલાવી શકાશે. મકાનનો વિશેષ ઉપયોગ શું કરવો તે હજી નક્કી કરવામાં આવ્યું નથી. જે ઓરડામાં ગાંધીજી પોતે બેસતા તે ઓરડામાં એમની કેટલીક કૃતિઓ અને એમના વપરાશમાં આવેલી કેટલીક વસ્તુઓ જે રીતે ગાંધીજી રાખતા તે જ રીતે રાખવી. તથા તેની સાથે ગાંધીજી સાથે સંબંધ ધરાવતી વ્યકિતઓ તેમજ ઘટનાઓના ચિત્રો ત્યાં રાખવા એમ વિચારવામાં આવ્યું છે.

એક એવી સૂચના છે કે પહેલે માળે "મહાદેવભાઇ પુસ્તકાલય" કરવામાં આવે. સૌ કોઈ જાણે છે કે મહાદેવભાઇ અને ગાંધીજી એ બન્ને દ્વારા એક વ્યકિતત્વનું નિર્માણ થતું હતું. મહાદેવ ગાંધીજી અને એના કાર્યોમાં લીન થઇ ગયા હતા.

અંતમાં આ ઉદ્‌ઘાટનઅવસર પર આવેલા સૌ ભાઈ બહેનોનો હું આભાર માનું છું કે જેમણે આ પ્રસંગે ઉપસ્થિત રહીને દેશપિતાને શ્રદ્ધાંજલિ અર્પી છે. પુનઃ હું આપ સૌનો આભાર માનું છું.

**સમાપ્ત** **ગણેશ વાસુદેવ માવળંકર**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૧૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડીસેમ્બર ૧, ૧૯૫૫, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## અહિંસા

[ ભાવનગર ખાતે શ્રી જૈન પ્રગતિ મંડળના આશ્રય નીચે યોજાયેલ પર્યુષણ–વ્યાખ્યાનમાળાના પ્રથમ દિવસે ( તા. ૧૩–૯–૫૫ ) સૌરાષ્ટ્ર–ગોહિલવાડના સમાહર્તા ( કલેકટર ) શ્રી જમનાદાસ ગો. શાહે 'અહિંસા' ઉપર આપેલ વ્યાખ્યાનની તા. ૮–૧૦–૫૫ ના જૈનમાં પ્રગટ થયેલી સંક્ષિપ્ત નોંધ અહિં સાભાર અવતરિત કરવામાં આવે છે. તંત્રી ]

ભગવાન મહાવીર પ્રભુએ ઉપદેશેલ અહિંસા પરમધર્મને અત્યારના યુગની વિશિષ્ટતા અને સંજોગોની દૃષ્ટિએ વિચારવા આપણે એકત્ર થયા છીએ. અહિંસા એક સ્થૂળ અર્થમાં જીવદયા તરીકે ગણાય છે પણ માનવ હૃદયનો આ એક વિશિષ્ટ પ્રેમ–સંદેશ છે. એ મહત્વની બાબત તરફ ઘણું જ દુર્લક્ષ થયું છે.

આ સૃષ્ટિનો ક્રમ અહિંસક છે કે હિંસક છે તે વિશે ઘણાં વિચારકો અને જ્ઞાનીઓ તરફથી જુદા જુદા ઉત્તર મળે છે. ઘણાંઓ માને છે કે ઈશ્વરે આ સૃષ્ટિ ઉત્પન્ન કરી તેની સાથે હિંસાને પણ સ્થાન આપ્યું છે. વાઘ, સિંહ, મગર, સર્પ વિગેરે અનેક પ્રાણીઓનું ભક્ષણ હિંસામાંથી જ થાય છે. મોટા જીવો નાના જીવોને મારીને જ આગળ વધ્યા છે. માનવ ઇતિહાસમાં પણ યુદ્ધો અને ધર્મયુદ્ધો સારી સંખ્યામાં લખાયેલ છે. દુર્બળ, અશકત અને માયકાંગલા માટે આ સૃષ્ટિમાં સ્થાન નથી. તાકાત અને બાહુબળ ઉપર જ કોઈ પણ રાષ્ટ્ર, સમાજ આગળ વધ્યો છે અને આગળ વધી શકે છે. આ વિદ્વાનોને મન હિંસા એ કુદરતી વસ્તુ છે. અહિંસા એક કૃત્રિમ વસ્તુ લાગે છે.

એક વાત સ્પષ્ટપણે સમજી લેવી જોઇએ કે પશુઓને માટે હિંસા કુદરતી ક્રમ છે. વાઘ, સિંહ, દીપડા, મગર કે સર્પને અહિંસક બનવાનો ઉપદેશ કોઇએ કર્યો નથી પણ જે પશુયોનિમાંથી વિકાસ પામી માનવનું સર્જન થયું તે માનવને માટે અહિંસાનો ઉપદેશ છે. મનુષ્ય યોનિમાં અને પશુ યોનિમાં તફાવતની જે સીમા દોરી છે તે એ જ છે કે પશુ, પક્ષિઓ પોતાની સહજ એવી કુદરતી વૃત્તિઓથી પ્રેરાઈ જીવન વીતાવે છે. મનુષ્ય પોતાની સહજ એ કુદરતી વૃત્તિઓને સંયમમાં રાખી વિવેક બુદ્ધિ વાપરી પોતાનું જીવન માત્ર પોતા માટે જ નહિ પણ સમાજને માટે વિતાવે છે.

હજારો વર્ષ પહેલાં પશુમાંથી મનુષ્યનો ઉદય થયો, ત્યારે માણસ માણસને પણ ખાતો, તે શીકારી હતો, નગ્ન અવસ્થામાં તે જંગલમાં ભટકતો હતો, પણ કુદરતે તેનામાં એક વિચારશકિત મુકી હતી. મનુષ્ય કરતાં અનેકગણા વધારે કદાવર અને તાકાતવાન પ્રાણીઓ જે ન સમજી શકયા તેવા કુદરતી રહસ્યો મનુષ્ય સમજી શકયો. તેણે જોયું કે જમીનને ખોતરવાથી અને તેમાં બી વાવવાથી ખાઈ શકાય તેવી વસ્તુ પાકે છે. એટલે તેને માણસને ખાવાની સુગ આવી, શીકાર ઉપર કંટાળો આવ્યો. તેણે જમીનની ખેડ માંડી, પશુપાલન શરૂ કર્યું. રસોઈની કળા હાથ કરી. સ્થિર કુટુંબવ્યવસ્થા અને લગ્નવ્યવસ્થા સ્થાપી. ક્રમશઃ જ્ઞાતિમંડળ અને કોમરચના કરી. ગામડા અને શહેરો વસાવ્યા અને જેમ જેમ તેનો વિકાસ થતો ગયો તેમ તેમ સામાજિક વર્તુળમાં તેણે હિંસા અને મારામારી દૂર કરી. નીતિ, અને કાયદો, ધર્મ અને વિવેક, સેવા અને તપશ્ચર્યાના અંકુરો વાવ્યા, પોષ્યા અને વિકસાવ્યા અને તે રીતે જ આજે કરોડો માણસોનો આ માનવસમાજ શાંતિથી જીવન વિતાવવા પ્રયાસ કરી રહ્યો છે.

ઇતિહાસના ૨, થી ૫ હજાર વર્ષના કાળ ઉપર નજર નાંખીએ તો દેખાશે કે તે ધીમે ધીમે યુદ્ધ અને લડાઇને પોતાના વર્તુળની બહાર કાઢતો ગયો છે.

ક્ષત્રિયો અંદર અંદર લડતા, નાના રાજ્યો અંદર અંદર લડતા. આ બધી વસ્તુઓ ભુતકાળમાં બની છે. જેને આપણે એક રાજ્ય અને એક રાષ્ટ્ર કહીએ છીએ તેના સીમાડામાં તો દરેક પ્રશ્ન અને દરેક પ્રસંગ શાંતિથી, સમજાવટથી અને કાયદા–કાનુનથી પતાવવામાં આવે છે. માનવ શાંતિનું–વિકાસનું એક છેલ્લું પગથિયું બાકી છે અને તે આંતરરાષ્ટ્રીય ઝગડાઓ શાંતિ અને સમજાવટથી, ન્યાય અને નીતિથી ઉકેલ લાવવાનું, અને હિંસા અને યુદ્ધ પૃથ્વીના ગૃહ ઉપરથી સદંતર નાબુદ કરવાનું.

હિંસા જો માનવસમાજનું એક મુખ્ય બળ હોત તો મુઠીભર જંગલી, શીકારી માણસોમાંથી માનવ સમાજ વિકસતો વિકસતો આજની કક્ષાએ ન પહોંચ્યો હોત. સંભવ છે કે માણસ કરતાં અનેકગણી તાકાત ધરાવનારા મહાકાય પ્રાણીઓ આ સૃષ્ટિમાંથી નાશ પામ્યા તેમ માનવ પણ નાશ પામી ચૂકયો હોત, પણ માણસ જીવ્યો છે, તેણે વિકાસ કર્યો છે તે જ વસ્તુ બતાવે છે કે પશુઓની કુદરતી વૃત્તિઓ ઉપર અદ્‌ભુત કાબુ અને સંયમને મેળવી શકયો છે. માણસને આપણે સામાજિક પ્રાણી કહીએ છીએ પણ તેમાં મહત્વ "પ્રાણી" શબ્દનું નથી પણ "સામાજિક" શબ્દનું છે. મનુષ્યમાં પશુથી જુદી પડે તેવી ત્રણ શકિતઓ છે:–

૧. કાર્યકારણ–સંબંધનું અવધારણ
૨. સૌંદર્ય અભિમુખતા
૩. ધર્મભાવના

આને કારણે જ મનુષ્ય પશુરૂપે હિંસક હોવા છતાં તેનો આત્મા અહિંસક છે અને અહિંસામાંથી માનવતા, માનવપ્રેમ, શાંતિ અને બંધુભાવનાનો ઉદય થયો છે.

આ રીતે સૃષ્ટિના ઉત્પત્તિદિનથી અહિંસા આગળ વધતી ગઈ છે. વચમાં વચમાં હિંસાએ ડોકિયું કર્યું છે, યુદ્ધ અને હિંસાએ કેટલીક વખત આપણને આંજી દીધા છે તેવું પણ બન્યું છે. હિંસક યુદ્ધોની ગુણગાથાઓ આપણે સાંભળીએ છીએ, પણ માનવ સમાજની ઉત્ક્રાંતિનો સળંગ ઇતિહાસ કોઈ આળેખે તો તેમને ખાત્રી થશે કે હિંસા અને હિંસક યુદ્ધથી કોઈ વાર ફાયદો થયો હશે પણ મોટા ભાગે તો તેથી નુકશાન જ થયું છે, સામાજિક નીતિ અને વહેવાર ભયમાં પડયા છે, જ્યારે અરસપરસ શાંતિ અને સમજણથી, ન્યાય અને પ્રેમથી રહેવાની અને જીવવાની શકિતમાંથી એક સંસ્કારી સમાજ ઊભો થયો છે. આમ અહિંસા એ જ માનવતાની પ્રેરક શાશ્વત શકિત છે. અહિંસાને

વિજ્ઞાન અને શાસ્ત્ર તરીકે વિકસાવવાથી જે યુદ્ધ અને ભયંકર હિંસાની કલ્પના આપણને ડરાવે છે તે દુર કરી પૃથ્વીના આ ગ્રહને સાચી શાશ્વત શાંતિ આપી શકાય તેમ છે.

આ વિશ્વના બધા પેગંબરો અને મહાપુરૂષોએ પ્રેમ, શાંતિ, ભાતૃભાવ અને અહિંસાનો ઉપદેશ આપ્યો છે પણ અહિંસાને પરમધર્મ તરીકે આજથી ૨૪૦૦ વર્ષ પહેલાં ભગવાન બુદ્ધ અને મહાવીર પ્રભુએ ઉપદેશ્યો. તે જમાનામાં પુરોહિતો મારફત ચાલતા યજ્ઞ-હવનોમાં જે મોટા પ્રમાણમાં પશુઓનાં બલિદાન દેવાતા અને અર્થહીન જીવહિંસા થતી તેથી ભગવાન મહાવીરના હૃદયમાં આઘાત થયો. કરુણાપ્રધાન હૃદયના તાર ઝણઝણ્યા અને તેમાંથી અહિંસા એક પરમધર્મ તરીકે પ્રગટી.

ભગવાન મહાવીરે પશુહિંસા અટકાવવા પુરૂષાર્થ કર્યો. વર્ણભેદ, જ્ઞાતિભેદ અને જાતભેદનો ધ્વનિકાર કરી, જીવનનું તત્વજ્ઞાન સમજાવ્યું. ધર્મનો ઉપદેશ પણ પુરોહિતોની સંસ્કૃત ભાષામાં નહિ પણ તે યુગના લોકો સમજી શકે તેવી લોકભાષા-માગધીમાં કર્યો. આ રીતે પશુ-હિંસામાં ધર્મ માનનાર પ્રજાને તેમણે અહિંસાનો સંદેશો આપ્યો. ભગવાન મહાવીરના અનુયાયીઓ તરીકે આપણે અહિંસાને સમજીએ તો જ્ઞાતિભેદ, વર્ણભેદને જૈન ધર્મમાં કે તત્વજ્ઞાનમાં સ્થાન ન હોઇ શકે, અસ્પૃશ્યતાને તો જૈન ધર્મમાં કે જૈનોની વ્યવસ્થામાં અવકાશ જ કયાં છે ? ધર્મનો ઉપદેશ અને ધર્મનું શાસ્ત્ર લોકભોગ્ય ભાષામાં જ હોઈ શકે, તે મહાવીર ભગવાનના જીવનવૃત્તાંતમાંથી શીખવાનું મળે છે.

૨૪૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરે અહિંસાનો ધર્મ ઉપદેશ આપ્યો ત્યાર પછી તો ઇતિહાસે હરણ-ફાળો ભરી છે. સમાજ બદલાયો છે, સ્થિતિસંજોગો બદલાયા છે અને તે દૃષ્ટિએ અહિંસાના શાસ્ત્રને અને વિજ્ઞાનને પણ આજના યુગને ઉપયોગી થવું હોય તો વિકસવું રહ્યું.

આજે ભગવાન મહાવીરના અનુયાયીઓ અહિંસાને જે રીતે સમજે અને આચરે છે તેમાં મને સંકુચીતતા દેખાય છે. મારે મન તો પ્રશ્નો એ છે કે:-

૧. **"અહિંસા"** એટલે "જીવદયા" કે **"માનવ માનવ અને સમાજ સમાજ વચ્ચેના શુદ્ધ વહેવારનું શાસ્ત્ર ?"**

૨. અહિંસાનું વ્રતપાલન માત્ર દેરાસર, ઉપાશ્રયમાં કે આપણા સમગ્ર જીવનવ્યવહારમાં ?

૩. અહિંસાનો આ ધર્મ માત્ર જૈનો માટે કે માનવજાત માટે ?

૪. અહિંસા કોઈ એક બંદીવાન કે સ્થગિત થઈ ગયેલ, નિર્વીર્ય વિચાર છે કે ગતિશીલ, ક્રાંતિકારી માનવસમસ્તને પ્રેરણા આપનારૂં બળ છે. ?

માનવ માનવમાં અહિંસા અને પ્રેમનું સામ્રાજ્ય સ્થાપવું હોય તો અત્યારના ઝેરવેરના કારણો તપાસવાં જોઇએ અને દુર કરવા જોઇએ. દરેક રાષ્ટ્રમાં અત્યારે જે મોટામાં મોટી અથડામણ છે તે અત્યારની સમાજરચનામાં પડેલા બે દોષોમાંથી ઉપસ્થિત થાય છે:—

૧. સામાજિક અસમાનતા, ૨. આર્થિક શોષણ.

ઊંચ-નીચના ભેદ અને કરોડો માણસોની ભયંકર કંગાલીયત એ આ યુગની સમસ્યા છે. લાખો અને કરોડો માણસો ગરીબાઇમાં જીવે છે. સંસ્કારી અને સુખી માણસ તરીકેનું જીવન તેના માટે લભ્ય નથી. પ્રસંગોએ દયા દાન કરવાથી કે પાંજરાપોળ, અનાથઆશ્રમ, ભીખારીઓને મીષ્ટાન્ન કે ગરીબોને જમણ આપવાથી ગરીબાઇના ભયંકર દર્દનો કોઈ ઇલાજ થવાનો નથી. સંપત્તિનું ઉત્પાદન, તેની ન્યાયપૂર્વકની વહેંચણી, સૌને સમાન તક, એવી સ્થિતિ નિર્માણ થાય તો જ તેમાં માનવકલ્યાણનો વિકાસ રહેલો છે. મુઠીભર માણસો સમૃદ્ધિમાં મહાલે અને કરોડો કંગાળોને માટે જીવનની કોઇ આશા ન હોય તે ચાલી શકે નહિં અને કોઈ સાંખી શકે પણ નહિં. આર્થિક શોષણ અને સામાજિક અન્યાયો દુર કરવા માટે રશીયા અને ચીન જેવા દેશોએ હિંસાનો એક માર્ગ લીધો. અહિંસક માર્ગ એ બીજો વિકલ્પ છે. હિંદુસ્તાનની ભુમી ઉપર હજારો વર્ષ થયાં ધર્મના ઉપદેશકો પાકયા છે અને વિશ્વને શાંતિ અને પ્રેમનો સંદેશો આપ્યો છે. રાષ્ટ્રીય આઝાદી માટે પૂ. ગાંધીજીએ અહિંસાના ધર્મને એક નવો રંગ આપી, નવી શકિત આપી, અહિંસાને એક શાસ્ત્ર બનાવ્યું. ભીરૂ અને આશાહીન દેશવાસીઓમાં નિર્ભયતા અને આશા પ્રગટાવી. ૨૦-૨૫ વર્ષના અહિંસાના ઉપદેશમાંથી એક તાકાત આ દેશે મેળવી અને આપણે સ્વતંત્ર બન્યા. રાજકીય સ્વતંત્રતા પછીના જે પ્રશ્નો સામાજિક સમાનતા લાવવાનો અને આર્થિક શોષણ દુર કરવાનો-આ બંને પ્રાણપ્રશ્નોનો ઉકેલ પણ યુદ્ધ અને ખુનખરાબી વગર અહિંસાને માર્ગે થઈ શકે તેવી શકયતા આ દેશની ધર્મભાવ-નામાં, સંસ્કૃતિમાં અને વારસામાં પડેલી છે.

બીહારની જે પવિત્ર ભુમી ઉપરથી ભગવાન મહાવીર અને બુધ્ધે ૨૪૦૦ વર્ષ પહેલાં અહિંસાનું એક ધર્મ તરીકે સ્થાપન કર્યું તે જ પવિત્ર ભુમીમાં સને ૧૯૧૭ માં પૂ. ગાંધીજીએ ચંપારણમાં કંગાલ અને આશાહીન એવા ખેડુતોને અહિંસક શકિતનો મર્મ સમજાવ્યો અને સત્યાગ્રહનો માર્ગ દેશમાં અંકિત કર્યો. ૧૯૫૧ થી એ જ પુણ્ય ભુમી ઉપર પૂ. ગાંધીજીના અનુયાયી પૂ. વિનોબા આર્થિક શોષણ સામે એક અહિંસક ક્રાંતિ કરી રહ્યા છે. ભૂમિદાન અને સંપત્તિદાન મારફત તેઓ આ દેશની પ્રજામાં આર્થિક સમાનતા લાવવાનો પ્રયાસ કરે છે. જમીનદારો અને શ્રીમંતો પાસેથી જમીન અને સંપત્તિ દાન તરીકે લે છે અને આ રીતે તેમનો ભૂદાન અને સંપત્તિ દાનનો અહિંસક ક્રાંતિકારી પયગામ આગળ ચાલે છે.

આ યુગમાં એકલદોકલની અસંગઠિત હિંસા નાકામયાબ બની છે. રાજ્યો અને મહારાજ્યોએ ઊભી કરેલી સંગઠીત હિંસાથી અને એટમ-બોમ્બ જેવા વિનાશક શસ્ત્રોથી માનવજાતને નાબુદ કરે એવા સંજોગો ઊભા થઈ ગયા છે. આજે તો માનવજાતની હસ્તી રહેશે કે નહિં તે જ પ્રશ્ન છે અને તેનો જવાબ અથવા ઉકેલ જ્ઞાનપૂર્વકની કેળવેલ અહિંસક શકિત અને શોષણરહિત સમાજવ્યવસ્થામાં પડેલાં છે. શોષણહીન, શાંતિપ્રિય માનવ સમાજ એ જ આજના યુગનો અહિંસક સંદેશ છે અને ભગવાન મહાવીરના યુગથી જન્મ પામેલ આ ધર્મને પૂ. ગાંધીજીએ, પૂ. વિનોબાજીએ આપણા યુગમાં વિશિષ્ટ તજ આપ્યા છે અને આપણે આધુનિક યુગમાં અહિંસાનું તાત્પર્ય સમજીએ, તેમના વિચારોનું મનન કરીએ, તેમની પ્રવૃત્તિઓમાં સમજપૂર્વક સાથ આપીએ તે આપણું આજનું કર્તવ્ય છે. જૈન ધર્મ પૂ. ગાંધીજી અને વિનોબાજીના સિધ્ધાંતો અને પ્રવૃત્તિઓ સમજશે તો તે વધારે શોભશે અને આજના યુગમાં સાચું સ્થાન પ્રાપ્ત કરી શકશે તેમ લાગે છે.

**જમનાદાસ ગો. શાહ**

# સંઘ સમાચાર

તા. ૨૨-૧૧-૫૫ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની એક સભા સંઘના કાર્યાલયમાં મળી હતી, તેમાં કલકત્તાથી આવેલા શ્રી રીષભદાસ ડાગા ખાસ નિમંત્રણથી હાજર રહ્યા હતા, અને તેમણે કલકત્તામાં તા. ૫-૧૧-૫૫ ના રોજ બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલને ટેકો આપવા માટે મળેલી જાહેર સભામાં શ્રી ભંવરમલ સીંધી અને અન્ય કાર્યકરો પર થયેલા હુમલા વિષેની પોતે નજરે જોયેલી વિગતો સવિસ્તર રીતે રજુ કરી હતી. તે ધ્યાનમાં લઇને આ કાયરતાપૂર્ણ આક્રમણને વખોડી કાઢતો નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો હતો.

## ઠરાવ

**"કલકત્તામાં તા. ૫-૧૧-૫૫ ના રોજ બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલને સમર્થન આપવા માટે મળેલી જાહેર સભામાં શ્રી તરૂણ સંઘ કલકત્તાના મુખ્ય કાર્યકર શ્રી ભંવર-મલ સિંધી અને અન્ય કાર્યકરો પર થયેલ હિંસાત્મક અને કાયરતાપૂર્ણ આક્રમણને શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્ય-વાહક સમિતિ ઘૃણાપૂર્વક વખોડે છે અને શ્રી ભંવરમલ સિંધી તથા અન્ય કાર્યકરોએ સદરહુ આક્રમણનો અહિં-સાત્મક સામનો કર્યો તે બદલ સમિતિ તેમની હૃદયપૂર્વક પ્રશંસા કરે છે, અને તેમને થયેલ શારિરીક ઇજાઓમાંથી તેમને જલ્દી આરામ થાય એમ આ સમિતિ પ્રાર્થે છે."**

(3)

# આપણો આધ્યાત્મિક વારસો

(ગતાંકથી ચાલુ)

## પરમાત્મા અને મોક્ષવિચારણા

આપણે ત્યાં તત્ત્વચિંતનમાં ત્રણ વસ્તુઓ આવે છે. જીવાત્મા, પરમાત્મા–ઈશ્વર અને જગત. અત્યારે, આપણે ત્યાં પરમાત્મા એટલે કે ઈશ્વર વિષે જે માન્યતાઓ કે કલ્પનાઓ પ્રવર્તે છે તે એના પ્રારંભકાળથી મૂળથી જ એવી હતી એમ નથી. જુદા જુદા દાર્શનિક કે શાસ્ત્રગ્રંથોનું અધ્યયન કરતાં એમ માલુમ પડે છે કે એમાં પણ ક્રમે ઊંડાણ કેળવાતું ગયું છે.

ભારતમાં દાર્શનિક કે ધાર્મિક ત્રણ પરંપરાઓ પ્રચલિત છે– વૈદિક, જૈન અને બૌધ્ધ, આમાં વૈદિકમાં સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વોત્તર મીમાંસા વગેરે આવે છે, જૈનોના બધા ફિરકાઓમાં તાત્વિક દૃષ્ટિએ કોઈ ભેદ નથી, પણ બૌદ્ધોમાં એવું નથી. એમાં હીનયાન, મહાયાન આદિ અનેક ભેદો છે જ.

વૈદિક પરંપરામાં ન્યાય–વૈશેષિક વગેરેએ ઈશ્વરને સૃષ્ટિનો કર્તા–ધર્તા માન્યો છે, અને ઈશ્વરના સ્વરૂપ વિશેની આ માન્યતા પ્રજાનાં મોટા ભાગમાં પ્રવર્તે છે. એ સાચું કે વૈદિક દર્શનમાં મીમાંસક અને સાંખ્યોએ સૃષ્ટિને ઈશ્વરકર્તૃક નથી માની. વળી, કેટલાક તાર્કિકો એવા પણ છે કે જે ઈશ્વરને સૃષ્ટિનો કર્તા નહીં માનવા છતાં એને કર્મોના ફળદાતા તરીકે એટલે કે નીતિનિયામક તરીકે ઉપાસે છે. આ રીતે વૈદિક દર્શનોમાં અમુક દર્શનો ઈશ્વરનું કર્તાપણું અને ન્યાયદાતાપણું (ફળદાતાપણું) એમ બંને માને છે તો કેટલાંક દર્શનો માત્ર ઈશ્વરના ન્યાયદાતાપણાનો સ્વીકાર કરે છે. પણ આ બધી માન્યતાઓ ઉપરાંત એક પ્રવાહ એવો પણ છે કે જે ઈશ્વરને ન તો કર્તા માને છે કે ન તો ન્યાયદાતા માને છે, પણ કેવળ સાક્ષીરૂપે જ માને છે. એમના મતે ઈશ્વરને બધાનું જ્ઞાન હોવા છતાં એ સાવ તટસ્થ છે. આમ ઈશ્વરને કર્તા અને ન્યાયદાતા એ બન્ને રૂપે, ન્યાયદાતારૂપે કે પછી માત્ર સાક્ષીરૂપે એમ ગમે તે રૂપે માને, પણ એ બધાનો એક અર્થ તો ખરો જ કે આ જગતથી પર એવું એક તત્ત્વ છે અને તે જ પરબ્રહ્મ. વેદાન્તમતે આખા વિશ્વમાં પરબ્રહ્મ એ એક જ ચેતન તત્ત્વ છે અને જુદા જુદા જીવાત્માઓ એ માયા કે ઉપાધિઓને કારણે લાગતો ભેદ છે. આનું તાત્પર્ય એ કે સમગ્ર જીવાત્માઓનો શુદ્ધ સરવાળો તે પરબ્રહ્મ. આ છે ઈશ્વર સંબંધી વૈદિક પરંપરાની માન્યતાઓ.



જૈન અને બૌદ્ધ એ બન્ને શ્રમણપરંપરાઓની માન્યતા દેવ-પ્રધાન નથી. એ બન્ને શ્રમણપરંપરાઓ દેવસૃષ્ટિનો સ્વીકાર જરૂર કરે છે, પણ એનું પ્રાધાન્ય એ સ્વીકારતી નથી. જ્યારે વૈદિક પરંપરાઓમાં તો દેવનું જ પ્રાધાન્ય છે. પણ જૈન અને બૌદ્ધ એ બન્ને પરંપરાઓ મનુષ્યને દેવ કરતાં શ્રેષ્ઠ માને છે અને કહે છે કે દેવો તો મનુષ્યના કિંકર છે. મનુષ્યજીવનની શ્રેષ્ઠતાની આ માન્યતાની અસર અધ્યાત્મસાધનામાં ખૂબ પડે છે. આ પરંપરાઓમાં જુદો સ્વતંત્ર નિત્ય ઈશ્વર માનવાને બદલે આત્માને જ પરમાત્મારૂપ એટલે કે ઈશ્વરરૂપ બનતો માનવામાં આવ્યો છે.

સંતોની ઉત્તરોત્તર વિકાસ પામતી ધારણાઓ, જેને લઈને લોકોનું ચારિત્ર ઘડાય છે, તે કેવી રીતે ઘડાઈ અને વિકાસશીલ માનસનો વિકાસ ક્રમે ક્રમે કેવી રીતે થયો એની નોંધ ઋષિઓએ સાચવી રાખી છે. સામાન્ય રીતે વિચારક માણસ શરૂઆતમાં ભેદદૃષ્ટિથી જુએ છે અને પછી જેમ જેમ એ અંતર્મુખ બનતો જાય છે તેમ તેમ એ ભેદને છોડીને અભેદમાં ઊતરતો જાય છે. આ વિચારક્રમને વૈદિક પરંપરામાં આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એ પરિભાષાથી વર્ણવવામાં આવ્યો છે, જ્યારે જૈન શાસ્ત્રોમાં એનું વિભાજન બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મારૂપે કરવામાં આવ્યું છે. બૌધ્ધ પરંપરામાં એ જ વસ્તુ પૃથગ્જન, કલ્યાણજન અને પ્રજ્ઞ યા સુગતને નામે વર્ણવાઈ છે. માત્ર બહારનો વિચાર કરે તે બહિરાત્મા; અંતર્મુખ બનીને એટલે કે અંદર ઊતરીને પોતાની જાતનો વિચાર કરે તે અંતરાત્મા; અને ઊંચે–ઊંચામાં ઊંચી ભૂમિકાએ જેનો વિચાર થાય છે તે પરમાત્મા.

એક યુરોપિયન વિદ્વાને કહ્યું છે કે:—

We look out before we look in. We look in before we look up. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા અથવા તો આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક ભાવનો પણ આ જ અર્થ છે.

ઋગ્વેદના સમયમાં અનેક દેવો મનાતા. ત્યારે વિશ્વકર્માઆદિએ બહારના સાધનોથી કે પોતામાંથી સૃષ્ટિની રચના કરી એમ મનાતું. આમ ભક્તિની ભાવનાએ મુખ્યપણે કામ કર્યું. ત્યાર પછી બ્રાહ્મણ-કાળ આવ્યો. એમાં દેવોની સંખ્યા ઘટે છે અને માત્ર પ્રજાપતિ જ રહે છે. ત્યાર પછી આવે છે ઉપનિષદ્નો કાળ. એમાં બધા દેવો એ એક દેવની વિભૂતિમાત્ર ગણાય છે, અને જગતમાં એક માત્ર પરબ્રહ્મ જ છે એ માન્યતા જન્મે છે. આમ બહુદેવવાદમાંથી એકદેવવાદ– એટલે કે બહુ દેવમાંથી એક દેવ સુધી આવ્યા અને એક પરબ્રહ્મની કલ્પના થઇ. આ કાળે પૂર્વના અનેક દેવવાદ વગેરે વાદો સચવાઈ રહ્યા.

દરેક સમયમાં નવાં ચિંતકોને માથે લોકોમાં ચાલી આવતી અને પ્રચલિત વાતોનો ખુલાસો કરવાનો પ્રસંગ આવી પડે છે. વૈદિક પરંપરામાં પ્રવર્તતી અદ્વૈતની ભાવનાનો ભૂતકાળ બહુ લાંબો છે. આ અદ્વૈતવાદ આવ્યો ત્યારે દેવ, દેવાધિદેવ, પરબ્રહ્મ વગેરેનો ખુલાસો આવ્યો. જ્યારે પણ વિકાસ થાય છે ત્યારે આમ જ બને છે.

આ બધા ઉપરથી એક વાત નક્કી લાગે છે કે, માણસે જ્યારે અંતર્મુખ યાત્રા કરી ત્યારે એની દૃષ્ટિ વધારે અભેદ તરફ વળી, અને અનેક દેવોની માન્યતામાં અને કર્તા, ધર્તા, સાક્ષી તરીકેની ઈશ્વરની કલ્પનામાં ફેર પડ્યો.

વૈદિક પરંપરામાં કલ્પના કે વિચારણાને શિખરે પહોંચેલો વિચાર તે અદ્વૈતનો વિચાર છે. પણ એ વિચારને માનીએ તો પછી આ જુદા જુદા દેખાતા જીવાત્માઓનું શું?—એ સવાલ પેદા થાય છે. આ સવાલનો બુદ્ધિપૂર્વકનો ખુલાસો એ છે કે, અંતઃકરણની વાસના, અંતઃકરણના કર્મો અને શરીરોની રચનાથી જીવભેદ દેખાય છે, પણ જ્યારે સ્વતંત્ર વ્યક્તિત્વનો ખ્યાલ સરી જાય છે ત્યારે માત્ર પરબ્રહ્મ સ્વરૂપ જ રહે છે. અદ્વૈતની ભાવનાની પાછળ આ સમજૂતી છે.

બૌદ્ધો અને જૈનોએ દરેક જીવનું સ્વતંત્ર વ્યક્તિત્વ સ્વીકાર્યું છે. જૈનોમાં દેવોને તો કિંકર સરખા માન્યા છે, એમનું સ્થાન પૂજ્ય તરીકેનું નથી. સાધકશક્તિને કારણે મનુષ્યત્વનું સ્થાન ઊંચું છે, જીવાત્મા જ્યારે કર્મનું કોચલું તોડીને આગળ ને આગળ વધે છે ત્યારે એનામાં ઈશ્વર અને પરબ્રહ્મનું સામર્થ્ય આવે છે; પણ પરબ્રહ્મ જેવું કોઇ અખંડ તત્ત્વ છે એમ જૈન–બૌદ્ધ માનતા નથી. અદ્વૈતવાદી પરંપરા અને શ્રમણ પરંપરાની આ માન્યતા વચ્ચેનો દેખીતો ભેદ એ છે કે,

અદ્વૈતવાદીઓ પરમાર્થ દૃષ્ટિએ એક માત્ર પરબ્રહ્મ છે અને માયાને કારણે આ બધા ભેદ દેખાય છે એમ માને છે, ત્યારે બૌદ્ધો અને જૈનો માને છે કે જેટલા જીવાત્મા એટલા પરબ્રહ્મ.

આમ દેખીતી રીતે આ ભેદ ગમે તેટલો મોટો દેખાય, પણ સાધનાની દૃષ્ટિએ આ ભેદ મહત્ત્વનો નથી. આ સાધના એટલે મોક્ષની સાધના. અને પરબ્રહ્મવાદી પણ સગુણ બ્રહ્મ માનીને ઉપાસના કરે છે અને પછી નિર્ગુણ તરફ વળે છે.

સૌથી વિશેષ ધ્યાન દેવા જેવી વાત તો, જેની સાધનાને માટે આ બધું કહેવાયું છે તે મોક્ષના સ્વરૂપના વર્ણનની બાબતમાં આ ત્રણે પરંપરાઓ વચ્ચે જે સામ્ય પ્રવર્તે છે તે છે. વૈદિક પરંપરા ભલે અદ્વૈતવાદી હોય, છતાં એ મોક્ષના વર્ણનની વાત કરતાં કહે છે કે—**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह**—એટલે કે મોક્ષના વર્ણનમાં મન કે વાણી થંભી જાય છે. આને જ માટે જૈન આગમ આચારાંગ-સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે **तत्थ झुणि न विज्जई। तक्का तत्थ न विज्जई।** —અર્થાત્ મોક્ષનું સ્વરૂપ કહેવામાં ન તો શબ્દો પરોંચી શકે છે કે ન તો તર્ક પહોંચી શકે છે. તથાગત બુધ્ધે તો પરમાત્મા અને મોક્ષ વિષે અવ્યાકૃત—અવર્ણનીય—એવો જ શબ્દ વાપર્યો છે. અને આ જ વસ્તુ મુખ્ય છે. આપણી ત્રણે પરંપરામાં પ્રવર્તતી મોક્ષના સ્વરૂપના વર્ણન વિષેની આ એકવાક્યતા જ સાધનાની દૃષ્ટિએ ખૂબ ખૂબ મહત્વની છે.

આ કથનનો ભાવ જીવાત્માના સ્વરૂપને વિષે પણ ઉપયોગી છે. એનો અર્થ એ છે કે જીવાત્માનું ખરું સ્વરૂપ પણ વાણી અને મનથી અગોચર છે, અને એ ભારે મહત્ત્વની વાત છે. આ વિકાસ ધીરે ધીરે થયો છે, હજારો વર્ષો એમાં ગયાં છે, અને ઘણા લોકોની તપસ્યા એમાં કામે લાગી છે. ગીતામાં જુઓ, એમાં શ્રીકૃષ્ણને મુખે સાંભળીએ છીએ કે હું સૃષ્ટિનો કર્તાધર્તા છું, આપણે એ કથનના શબ્દાર્થ માત્રને સાચી માની બેસી જઇએ છીએ. પણ એનો અર્થ જુદી જુદી ભૂમિકાએ જુદો જુદો જ કરે છે. પણ લોકો આ વાત સમજતા નથી અને ગમે તેવું બહાનું લઇને નવા નવા પંથો સ્થાપે છે, અને આ રીતે સ્થાપેલા જુદા જુદા પંથો કે સંપ્રદાયોમાં એકબીજાથી વિરુદ્ધ દેખાય એવા વાદો ભલે હોય, પણ એનો વિચાર કઈ કક્ષાએ કોણે કર્યો એ જોવાનું છે, અને આ રીતે જોવામાં આવે તો પરસ્પર વિરુદ્ધ લાગતા વિચારો એકબીજાના વિરોધી હોવાને બદલે એક સમાન ઉચ્ચ ધ્યેય કે સિદ્ધાન્તને પામવાના જુદા જુદા પગથિયારૂપ જ બની રહે છે. પછી એમાં વિરોધ જેવું તત્ત્વ રહેતું જ નથી. સાધનાની દૃષ્ટિએ આ જ મહત્ત્વની બાબત છે.

હવે મોક્ષનો વિચાર કરીએ. મોક્ષ એટલે શું? આ લોક તો જાણીતો છે. અને પરલોક એટલે સ્વર્ગ કે નરક. અનેક કર્મકાંડો કરવાની પાછળ આ લોક સમાપ્ત થતાં સારું જગત મેળવવાની ભાવના રહેલી હતી. કાળક્રમની રીતે વિચારવામાં આવતાં વેદ અને બ્રાહ્મણ-કાળ સુધીના મનુષ્યના આ દિશાના પ્રયત્નો, સકામ પ્રયત્નો હતા. એ પ્રયત્નોની પાછળ કામના—તૃષ્ણા કામ કરતી હતી. પણ માણસના મનમાં રહેલું જિજ્ઞાસા અને પુરુષાર્થનું તત્ત્વ એવું વિલક્ષણ છે કે એ એને એક જ સ્થાને ઠરીને ઠામ રહેવા દેતું નથી, એને નવી નવી કલ્પનાઓ અને વિચારણાઓ ઊઠ્યા જ કરે છે અને એમાંથી એ વિકાસ સાધે છે. આ જ રીતે પોતાના સકામ પ્રયત્નો જોઇને માણસના મનમાં સ્પંદન થયું અને એનો વિકાસ થયો. આ વિકાસ એને સકામ પ્રવૃત્તિને બદલે નિષ્કામ પ્રવૃત્તિ તરફ દોરી ગયો અને ગીતાકારે એ ભાવનાનું જ ખૂબ સમર્થન કર્યું. ભારત પાસે જે કંઈ કહેવા જેવું હોય તો છેક પ્રાચીન કાળથી શરૂ થઈને ગાંધીજી અને વિનોબા સુધી ચાલી આવેલી આ નિષ્કામ પ્રવૃત્તિ કરવાની ભાવના જ છે. અને આ નિષ્કામતા એ જ મોક્ષ.

ઇચ્છા અને તૃષ્ણા વચ્ચે પણ ફેર છે. અજ્ઞાનપૂર્વકની સ્વાર્થમૂલક ઇચ્છા તે તૃષ્ણા. પણ સમગ્ર સૃષ્ટિના ભલા માટે કામ કરવાની વૃત્તિ અજ્ઞાન કે સ્વાર્થમૂલક ન હોવાથી એ તૃષ્ણા નથી. કોઈ પણ પ્રવૃત્તિની પાછળ સકામપણું હોવું તે વિષ છે. અને એ વિષના ભાનની સાથે જ નિષ્કામપણાના માર્ગનો આરંભ થાય છે, નિષ્કામભાવે જે કંઈ કરીએ તે સારું ગણાય. ઇશાવાસ્યોપનિષદ્માં કહ્યું છે કે **तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्य स्विद्धनम्।**

નિષ્કામ પ્રવૃત્તિનો મહિમા વર્ણવતું આ વાક્ય નિશ્ચયાત્મક છે અને વૈદિક પરંપરાની દૃષ્ટિએ આ જ મોક્ષ છે—મોક્ષનો માર્ગ છે.

જૈન—બૌધ્ધની આત્મસાધના અથવા મોક્ષસાધનામાં તૃષ્ણાનો જય જ માન્યો છે. એટલે જ્યાં નિષ્કામતા આવી ત્યાં મોક્ષ આવી ગયો જ સમજો. મતલબ કે તૃષ્ણાથી જેટલે અંશે મુક્તિ તેટલે અંશે મુક્તિ કે મોક્ષ. બાકી મોક્ષ અને મોક્ષસ્થાનનાં વર્ણનો જે જુદા જુદા ગ્રંથોમાં મળે છે—એ તો માત્ર રૂપક જ સમજવા.

જે માણસને જીવનમાં કામ કરવું હોય, જેને જીવનનો કંટાળો ન હોય અને જે પુરુષાર્થી હોય એણે મોક્ષ કર્યાં છે અને કેવો છે એવી શંકા-કુશંકાઓમાં અટવાઈ જવાની જરૂર નથી. શાસ્ત્રોમાં આ પ્રશ્ન ઘણા ચર્ચાયા છે. પણ ખરી મુદ્દાની વાત તૃષ્ણામુક્તિની જ છે. અંતઃકરણમાંથી તૃષ્ણાની મુક્તિ એ જ મોક્ષ છે. જેને મોક્ષની પરવા હોય એણે બીજી તર્કજાળમાં ન ફસાતાં, પોતાની પ્રત્યેક પ્રવૃત્તિ વખતે એ પોતાના અંતઃકરણને તપાસી જુએ કે એમાં કયાંય તૃષ્ણાનું આછું-પાતળું પડ તો નથી એનું? લોકોના હાથમાં મૂકવા જેવી આ જ વાત છે.

મોક્ષને માટે જૈનો, બૌધ્ધો અને વૈદિકોએ વીતરાગતા ઉપર જ ભાર દીધો છે તેથી સમજી શકાશે કે સ્વરૂપવર્ણનની બાબતમાં ભલે ઉપરછલ્લા કે દેખીતા કે શાબ્દિક ભેદો મળતા હોય તો પણ સાધ્ય તો બધે એકસરખું જ છે.

અપૂર્ણ

પંડિત સુખલાલજી

# પ્રકીર્ણ નોંધ

## બળવાખોર મહારાષ્ટ્ર

આખરે ગયા મહીનાની ૨૦ અને ૨૧ મી તારીખે મુંબઇએ અરાજકતાનું અભૂતપૂર્વ તાંડવ જોયું અને ૧૩ માનવીઓએ જાન ગુમાવ્યા, સંખ્યાબંધ માણસોને ઇજા થઈ અને પારવિનાનું નુકશાન થયું. જે રીતે મુંબઇવાદી મહારાષ્ટ્રના આગેવાનો સંયુકત મહારાષ્ટ્રનું પ્રચંડ આંદોલન ચલાવી રહ્યા હતા તેનું આ જ પરિણામ આવે એમ આ આંદોલનથી મુકત એવા સૌ કોઈ વિચારકોને સ્પષ્ટ દેખાતું હતું. એમાં કોઇ શક નથી કે આ કરુણ ઘટનાની જવાબદારી એ આંદોલનના સૂત્રધારોના શિરે રહે છે. આ તોફાનો અને ગુંડાગીરીથી તેઓ માંગે છે તેવું સંયુકત મહારાષ્ટ્ર નિર્માણ થવાની શકયતા વધી નથી, બલકે ઘટી છે. ઉત્તરોત્તર નવો રંગ ધારણ કરતી પરિસ્થિતિનું સમ્યક્ આકલન કરવું ભારે મુશ્કેલ લાગે છે.

જેવી રીતે મુંબઇને લક્ષ્યમાં રાખીને ગુજરાત તેમ જ સૌરાષ્ટ્રે દ્વિભાષી મુંબઈ પ્રદેશની માંગણી કરી એ રીતે મુંબઇ સાથેનું સંયુકત મહારાષ્ટ્ર માંગવાનો મહારાષ્ટ્રીઓને સંપૂર્ણ હક્ક હતો. આ બાબતની કોઇ ના કહી શકે જ નહિ. પણ એ હેતુ સિધ્ધ કરવા માટે પ્રારંભથી મહારાષ્ટ્રના આગેવાનોએ ખાસ કરીને કોંગ્રેસી આગેવાનોએ જે નીતિ ધારણ કરી તેમાં નહોતો વિવેક, નહોતો સંયમ કે નહોતું દુરંદેશીપણું. શરૂઆતમાં ગુજરાતીઓ વિરુધ્ધ ઉગ્ર પ્રચાર કરીને તેમણે ગુજરાતીઓનાં દિલ ઉખાં કર્યાં, સાશંક બનાવ્યા, કડવાં કર્યાં. રાજ્યપુનર્ઘટના પંચનો અહેવાલ પ્રગટ થયા બાદ એ પંચની તટસ્થતા સામે આક્ષેપો કરતાં તેઓ લેશમાત્ર અચકાયા નહી અને 'અન્યાય' 'અન્યાય'ની બુમરાણ મચાવી મૂકી, અને તેમના એક આગેવાન ભાઉસાહેબ હીરેએ પંચ સામે અક્ષમ્ય એવું એક જુઠ્ઠાણું વહેતું કર્યું. આ આખો પ્રશ્ન કોંગ્રેસની કારોબારી સામે ઉપસ્થિત થયો. પ્રશ્ન સાથે સંબંધ ધરાવતા દરેક પક્ષને તેણે બરોબર સાંભળ્યા. મહારાષ્ટ્રના કોંગ્રેસી આગેવાનોને ફરી ફરીને બોલાવવામાં આવ્યા અને તેમને જે કહેવું હોય તે કહે-

વાની પૂરતી તક આપવામાં આવી. છેવટે મહારાષ્ટ્ર પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી. દેવગિરિકર સામે આખરી બે વિકલ્પ રજુ કરવામાં આવ્યા. (૧) વિદર્ભ વિનાનો દ્વિભાષી મુંબઈ પ્રદેશ સ્વીકારવો અથવા (૨) મુંબઈ વિનાનું સંયુકત મહારાષ્ટ્ર સ્વીકારવું. (જેમાં વિદર્ભનો સમાવેશ કરવાની કૉંગ્રેસની કારોબારીએ આશા આપી.) પહેલા વિકલ્પનો તેમણે અસ્વીકાર કર્યો. બીજો વિકલ્પ સ્વીકારવાનો કૉંગ્રેસની કારોબારીએ આદેશ આપ્યો. કૉંગ્રેસી આગેવાનો માટે કૉંગ્રેસની આ વર્કીંગ કમીટી સુપ્રીમ કોર્ટના સ્થાને હતી. અને તેનો આદેશ–પોતાને ગમે યા ન ગમે તો પણ—નતમસ્તકે સ્વીકારી લેવો એ પ્રકારનો શિસ્તધર્મ તેમને પ્રાપ્ત થતો હતો. એમ છતાં આ આદેશ તો કારોબારીની એક સૂચના છે, અભિપ્રાય છે અને પોતાની કૉંગ્રેસ સમિતિને બંધનકર્તા નથી એમ દીલ્હીથી મુંબઇ પાછા ફરતા શ્રી. દેવગિરિકરે જાહેર કર્યું અને મહારાષ્ટ્ર પ્રદેશ કૉંગ્રેસ સમિતિની તાત્કાલ સભા બોલાવવામાં આવી અને વર્કીંગ કમીટીને પોતાનો નિર્ણય ફરી વિચારવાની–સુધારવાની વિનંતિ કરવામાં આવી.

સંયુકત મહારાષ્ટ્ર સિધ્ધ કરવા માટે કેટલાએક સમયથી સંયુકત મહારાષ્ટ્ર પરિષદ ઉભી કરવામાં આવી હતી. આ પરિષદમાં કૉંગ્રેસી તેમ જ બીનકૉંગ્રેસી આગેવાનો સામેલ થયા હતા અને એ પરિષદનું પ્રમુખસ્થાન શ્રી શંકરરાવ દેવ શોભાવતા હતા. શંકરરાવ દેવ પોતાના રાજકારણી જીવનના પ્રારંભથી કૉંગ્રેસ સાથે જોડાયલા હતા, એક વખત કૉંગ્રેસના તેઓ એક મુખ્યમંત્રીનું સ્થાન ધરાવતા હતા. છેલ્લાં બે ત્રણ વર્ષથી નિષ્પક્ષ એવી ભૂદાન પ્રવૃત્તિમાં પડેલા હોઇને તેઓ કૉંગ્રેસથી અલગ હતા, એમ છતાં કૉંગ્રેસી આગેવાનો ઉપર તેઓ બહુ સારૂં પ્રભુત્વ ધરાવતા હતા. આ સંયુકત મહારાષ્ટ્રના બીનકૉંગ્રેસી આગેવાનોએ, નવેંબર માસની ૧૮ મી તારીખે મુંબઈ પ્રદેશની ધારાસભામાં કૉંગ્રેસની વર્કીંગ કમીટીએ પ્રસ્તુત પ્રશ્ન સંબંધમાં જાહેર કરેલો નિર્ણય મુંબઈ સરકારના ઠરાવરૂપે ચર્ચા માટે રજુ થવાનો હતો તે દિવસે, મુંબઇમાં હડતાળ પાડવાની અને ધારાસભા સમક્ષ સરઘસ લઇ જવાની જાહેરાત કરી. શ્રી શંકરરાવ દેવ જાહેર અપીલ કરીને હડતાળ અટકાવી શકયા પણ સરઘસ અટકાવી ન શકયા અને એ દિવસે એ સરઘસની પોલીસ સાથે મોટી અથડામણ થઇ.

૨૦ મી તારીખે મુંબઇની પ્રદેશ કૉંગ્રેસ સમિતિ તરફથી ચોપાટી ઉપર શ્રી એસ. કે. પાટીલના પ્રમુખપણા નીચે મુંબઇના શહેરીઓની જાહેર સભા યોજવામાં આવી હતી અને તેના મુખ્ય વકતા તરીકે મુખ્ય સચિવ શ્રી મોરારજી દેસાઈ હતા. એ સભામાં મોટું તોફાન થયું. પથ્થરબાજી ચાલી, કેટલાયને ઇજા થઇ, અને સભા ભાંગી નાંખવામાં આવી. સંયુકત મહારાષ્ટ્ર પરિષદના બીનકૉંગ્રેસી આગેવાનોએ–ખાસ કરીને સામ્યવાદી આગેવાનોએ–૨૧ મી તારીખ અને સોમવારે મુંબઇમાં હડતાળ જાહેર કરી. આ હડતાળ અટકાવવા શ્રી શંકરરાવ દેવે આર્ત હૃદયે અભ્યર્થના કરી, પણ એને સાંભળે કોણ? આ ૨૧ મી તારીખે જે દુર્ઘટનાઓ બનવા પામી તે સુવિદિત હોઇને તેનો અહિં વિસ્તાર કરવાની કોઇ જરૂર નથી. એ જ દિવસે મુંબઇની ધારાસભામાંથી સંયુકત મહારાષ્ટ્રવાદી કૉંગ્રેસી ધારાસભ્યોએ મુખ્યપ્રધાને રજુ કરેલા પ્રસ્તાવના વિરોધમાં મહારાષ્ટ્ર કૉંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી દેવગિરિકરના હાથમાં રાજીનામાં સુપ્રત કરવાનો ઇરાદો જાહેર કર્યો. આમ એક પછી એક ઘટના પરિસ્થિતિને તંગ બનાવી રહી હતી અને જવાબદાર અધિકારીઓને અકળાવી રહી હતી. સદ્‌ભાગ્યે આ રાજીનામાંના પ્રશ્ન ઉપર ઉપરોકત મહારાષ્ટ્રી ધારાસભ્યોમાં જ મતભેદ ઉભો થયો અને સાથે સાથે બીનકૉંગ્રેસી–ખાસ કરીને સામ્યવાદી–સભ્યોના હાથમાં તેઓ કેવી રીતે રમી રહ્યા હતા અને આખી પરિસ્થિતિ ઉપરથી પોતાનો કાબુ કેવી રીતે ગુમાવી રહ્યા હતા એ વાસ્તવિકતાનું આ કૉંગ્રેસી ધારાસભ્યોને ભાન થયું, રાજીનામાં આપવાનો વિચાર મુલતવી રાખ્યાની તેમણે જાહેરાત કરી અને આ કટોકટીમાંથી કાંઇક માર્ગ કાઢવાનો પ્રયત્ન કરવા માટે અવકાશ મળે એવો હેતુ જાહેર કરીને ધારાસભામાં જ રજુ કરવામાં આવેલ પ્રસ્તાવની વિશેષ ચર્ચા મોકુફ રાખવામાં આવી.

ચોપાટીની સભામાં જે તોફાન અને અવ્યવસ્થા થઈ તેના પ્રાયશ્ચિતરૂપે શ્રી શંકરરાવ દેવે પાંચ દિવસના ઉપવાસ બીજા જ દિવસથી શરૂ કરેલા તે પુરા થયા. પણ "અમે કોઇ પણ ઉપાયે મુંબઈ સાથેનું મહારાષ્ટ્ર લઇશું અને એ નહિ મળે ત્યાં સુધી જંપીને બેસીશું નહિ–આ અમારો નૈતિક સિધ્ધાન્ત છે અને એમાંથી અમને કોઇ ચલિત કે સ્ખલિત કરી નહિ શકે." આવો મહારાષ્ટ્રની પ્રજાને તેમણે મદિરા પાયો, યુદ્ધની હાકલો કરી, અને પછી એ પ્રમત્ત જનતા ચેન કેન પ્રકારેણ મુંબઈ સાથેનું મહારાષ્ટ્ર સર કરવા નીકળે તેની સામે શ્રી શંકરરાવ દેવના આ ઉપવાસનો કોઈ અર્થ જ નહોતો. ઉપવાસ કરવા હોય તો લોકો સામે નહિ પણ તેમણે પોતાની જાત સામે કરવા જોઇતા હતા કે જેણે આવી ખતરનાક દોરવણી આપીને લોકોને ઉંધા માર્ગે ચડાવ્યા અને બરબાદી નોતરી. મુંબઇનો પ્રશ્ન ઉભો થતાં ભૂદાન પ્રવૃત્તિને બાજુએ મૂકી મુંબઇ માટે ઝંપલાવનાર શ્રી શંકરરાવ દેવની ભૂદાનનિષ્ઠા કેવી એ એક મોટો પ્રશ્ન છે. શંકરરાવ દેવે સંયુકત મહારાષ્ટ્ર પરિષદની આગેવાની ધારણ કરીને પોતાની જાતને, કૉંગ્રેસને, મહારાષ્ટ્રને, તેમ જ સમસ્ત રાષ્ટ્રને ભારે નુકસાન કર્યું છે, એમાં કોઇ શક નથી.

મહારાષ્ટ્રમાં મુંબઇને સામેલ કરવાની મહારાષ્ટ્રના ઘણા મોટા વિભાગની માંગણી સંતોષાય નહિ એ બાબતનું મહારાષ્ટ્રની જનતાને અત્યન્ત દુઃખ હોય એ કલ્પી શકાય છે. પણ એ માંગણી સંતોષવા માટે જે ભૂમિકા જોઇએ એ ભૂમિકાનો મહારાષ્ટ્રના આગેવાનોએ ઉચ્છેદ કર્યો છે એ પણ એટલી જ કમનસીબ અને દુઃખદાયક હકીકત છે. ઉદ્દંડ પ્રચારકાર્ય, અને છેવટે ગુંડાગીરીનો આશ્રય લઇને તેમણે બીનમહારાષ્ટ્રીઓના દિલમાં પારવિનાની કડવાશ પેદા કરી છે. જ્યારે પ્રદેશ વિભાજન પંચનો રીપોર્ટ પ્રગટ થયો ત્યારે દ્વિભાષી મુંબઇ પ્રદેશ બીનમહારાષ્ટ્રી જનતા રાજીખુશીથી સ્વીકારવાને તૈયાર હતી. આજે કમનસીબે એ સ્થિતિ પણ રહી નથી. જેમના માથે આખા ભારતની જવાબદારી છે તેઓ આ ગુંડાગીરી સામે મુંબઇને મહારાષ્ટ્રમાં સામેલ કરવાની સ્થિતિમાં પણ હવે રહેલ નથી. કારણ કે આવી ગુંડાગીરીને જો ભારત સરકાર અને કૉંગ્રેસ નમતું આપે તો ભવિષ્ય માટે એક એવો દાખલો શરૂ થાય કે પોતાનો હેતુ સિધ્ધ કરવા માટે કોઈ પણ પ્રદેશ ગુંડાગીરીનું અવલંબન લેતાં જરા પણ ખચકાય કે અચકાય નહિ અને સરવાળે આખું તંત્ર અને રાષ્ટ્ર જર્જરિત બની જાય.

આ આખી પરિસ્થિતિ અંગે એક બીજા મુદ્દા તરફ ધ્યાન ખેંચવાની જરૂર પડે છે. જે રાજકારણી પક્ષો ભારતના રાજ્યવહીવટની જવાબદારી ધરાવતા નથી એ પક્ષો માટે કૉંગ્રેસ સામે લડત આપવાની અને અમુક એક પ્રદેશની જનતાની લાગણીઓ ઉશ્કેરવાની આ એક સોનેરી તક હતી અને એ તકનો તેમણે પૂરો લાભ ઉઠાવ્યો છે અને મહારાષ્ટ્રમાં કૉંગ્રેસની ધજ્જીને નીચે ઉતારી છે. પણ જેમના માથે ભારતના રાજ્યતંત્રની જવાબદારી છે એ કૉંગ્રેસના પેટા વિભાગ રૂપ મહારાષ્ટ્ર કૉંગ્રેસના આગેવાનોની જવાબદારી ઘણી ગંભીર અને અન્ય પ્રકારની હતી. આ હકીકતની તેમણે અવગણના કરી, અને જાણે કે પોતા માથે કોઇ જવાબદાર તંત્ર જ ન હોય એ રીતે સંયુકત મહારાષ્ટ્ર સિધ્ધ કરવા માટે અન્ય પક્ષો સાથે હાથમાં હાથ મીલાવ્યા અને કૉંગ્રેસની કારોબારીને પડકારવાની હદ સુધી તેમણે ધૃષ્ટતા દાખવી. મહારાષ્ટ્રને શકય તેટલી રીતે સંતોષવાની વૃત્તિ ધરાવનાર મધ્યવર્તી કારોબારી કે કેન્દ્રસ્થ સત્તા, જો આખા ભારતને સુગ્રથિત અને એકાકાર રાખવું હોય તો પોતે જાહેર કરેલા નિર્ણયને વળગી રહેવા સિવાય આ ધૃષ્ટ પડકારનો બીજો શું જવાબ આપી શકે?

સદ્‌ભાગ્યે મહારાષ્ટ્રના કૉંગ્રેસી આગેવાનોને આ ગંભીર અને ભારે ખતરનાક નીવડી રહેલી ભૂલનું મોડે મોડે પણ ભાન થયું છે, અને

કોંગ્રેસની કારોબારી પોતાને શિરોમાન્ય છે અને કોંગ્રેસ પ્રત્યેની વફાદારીમાં પોતે અન્યથી જરા પણ ઉતરતા નથી એવી તેમણે જાહેરાત કરી છે, અને કોંગ્રેસની કારોબારી પ્રત્યે પડકારનું નહિ પણ વિનવણીનું વળણ ધારણ કર્યું છે. આ વળણ જરૂર આવકારદાયક છે. એમ છતાં મહારાષ્ટ્રમાં કોંગ્રેસની કારોબારીના નિર્ણય સામે જે બળવાખોર માનસ કામ કરી રહ્યું છે તે જોતાં આ વળણ વિષે હજુ આપણું મન શ્રધ્ધા અનુભવતું નથી. આગામી દિવસોમાં આજની સ્થિતિમાંથી કેવો પરિપાક પેદા થવાનો છે એ વિષે નિશ્ચયપૂર્વક કહેવાની સ્થિતિમાં આપણે નથી પણ બધા સંયોગોનો સમગ્રપણે ખ્યાલ કરતાં કોંગ્રેસની કારોબારીએ જાહેર કરેલા નિર્ણયમાં કોઈ ફેરફારનો અવકાશ દેખાતો નથી અને એ મુજબ મહાગુજરાત, મુંબઈ અને મહારાષ્ટ્ર એ ત્રણ પ્રદેશ નિર્માણ કરવામાં આવે એમાં જ ત્રણે પ્રદેશની પ્રજાનું સ્થાયી કલ્યાણ રહેલું છે એમ લાગે છે.

## નૃત્યનાટિકા તરંગવતી

આજથી લગભગ ૧૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા જૈનાચાર્ય પાદલિપ્તસૂરિએ પ્રાકૃત ભાષામાં 'તરંગવતી' અથવા તો 'તરંગલોલા' નામની પદ્યમાં એક નાની સરખી આખ્યાયિકા લખેલી–તેનું આજથી પચાસ સાઠ વર્ષ પહેલાં જર્મન ભાષામાં ભાષાન્તર થયેલું. જર્મન ભાષાના જાણકાર સદ્‌ગત સાક્ષર નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલનાં હાથમાં તે જર્મન ગ્રંથ આવતાં આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાં તેનો તેમણે અનુવાદ કર્યો ત્યારે જૈન સમાજને ખબર પડી કે બાણભટ્ટની કાદંબરીની તોલે આવે એવો પ્રાકૃત જૈન સાહિત્યમાં આવો એક અપ્રતિમ કાવ્યગ્રંથ અસ્તિત્વ ધરાવે છે. બાણભટ્ટની કાદંબરીની અપેક્ષાએ 'તરંગવતી' બહુ નાનો ગ્રંથ છે પણ કથારચના તથા કલ્પનામાં અને ભાષાશૈલીમાં જગતના કાવ્ય સાહિત્યમાં 'તરંગવતી'ની કૃતિ એક ઉત્કૃષ્ટ કોટિનો નમુનો છે. સુવ્રતા નામની એક અત્યન્ત રૂપવતી સાધ્વી બે દિવસના ઉપવાસના પારણા નિમિતે નગરશેઠ ધનપાળને ત્યાં આહાર વહોરવા માટે આવી ચઢે છે, તેમની કાન્તિમત્તા અને યૌવનવય જોઈને શેઠાણી આશ્ચર્ય પામે છે અને આવી નાની વયમાં દીક્ષા લેવાનું કેમ બન્યું એમ પ્રશ્ન કરતાં સુવ્રતા સાધ્વી પોતાના ચક્રવાકીના પૂર્વભવની કથા કહે છે. એ ભવમાં પોતાના સહચર સાથે ક્રીડા કરતાં શિકારીના બાણથી સહચર ચક્રવાકનું કેમ મૃત્યુ થયું, તેની પાછળ પોતે કેવી રીતે પ્રાણત્યાગ કર્યો, એ જણાવે છે. ત્યાર બાદ કૌશાંબી નગરીમાં શેઠ ઋષભસેનને ત્યાં આઠ પુત્ર પછી તરંગવતીનો જન્મ થાય છે, યૌવનાવસ્થામાં આવતાં ઉપવનમાં વિહાર કરતાં ચક્રવાક ચક્રાવાકીનું જોડલું જોતાં તેને પૂર્વભવનું સ્મરણ થાય છે, એ જ પૂર્વભવના પતિને મેળવવાના હેતુથી પૂર્વજીવનના પ્રસંગો ચિતરીને પોતાની હવેલીના આંગણામાં તરંગવતી તે ચિત્રોનું પ્રદર્શન ગોઠવે છે, તેના પૂર્વભવનો સ્વામી આ ભવમાં કોઈ શ્રેષ્ટીને ત્યાં જન્મ પામેલો પદ્મદેવ એ સ્થળે આવી ચડે છે અને એ ચિત્રો જોઈને મૂર્છિત થાય છે, આ રીતે પદ્મદેવને ઓળખી કાઢીને તેની સાથે તરંગવતી લગ્ન કરે છે, ત્યાર બાદ બનતી ઘટનાઓ તે દંપતીને વૈરાગ્ય તરફ વાળે છે અને ઉભય દીક્ષા ગ્રહણ કરે છે.

મુંબઈ જૈન મહિલા સમાજે આ રોમાંચક કથાનું નૃત્ય નાટિકામાં રૂપાન્તર કરીને ઓકટોબર માસની ૧૫ તથા ૧૬ મી તારીખ એમ બે પ્રયોગો જયહિંદ કોલેજના થીએટરમાં જૈન સમાજ સમક્ષ રજુ કર્યા હતા. સાથે સાથે 'સંપેતરા' એ નામની શ્રી રંભાબહેન ગાંધી રચિત હાસ્યરસપૂર્ણ નાટિકા પણ રજુ કરવામાં આવી હતી. તરંગવતીમાં વિવિધ પ્રકારના નૃત્યોનું સુન્દર આયોજન કરવામાં આવ્યું હતું, અભિનય પણ ઉત્તમ કોટિનો હતો. આ પ્રકારનાં નાટકો રજુ કરવામાં જૈન મહિલા સમાજ ધીમે ધીમે સિધ્ધહસ્ત બનતી જાય છે. જૈન કથાનકોને આ રીતે ક્રમશઃ તખ્તા ઉપર લાવવા માટે જૈન મહિલા સમાજને ધન્યવાદ ઘટે છે. આ નૃત્ય નાટિકાની શરૂઆત જૈન સાધ્વીના વેશમાં રજુ થતા સુવ્રતાના પાત્રથી થાય છે. આ રીતે જૈન સાધુ સાધ્વીઓને તખ્તા ઉપર છૂટથી લાવવાની અને જૈન તીર્થંકરોના પાત્રોને રંગભૂમિ ઉપર વિના સંકોચે રજુ કરતા થવાની ખાસ જરૂર છે. જ્યાં સુધી આ બાબતનો સંકોચ દૂર નહિ થાય અને જૈન સમાજ આ વિષયને લગતી સાંકડી મનોદશાથી મુકત બનીને સ્ટેજ ઉપર સાધુ સાધ્વીઓને આવકારશે નહિ ત્યાં સુધી જૈન સાહિત્યમાં રહેલી અનેક સુન્દર કથાવસ્તુઓ અને જૈન તીર્થંકરોના પ્રેરણાદાયી ચરિત્રો રંગભૂમિ અને ચિત્રપટદ્વારા વિશાલ જનતા સમક્ષ યોગ્ય આકારમાં રજુ કરવાનું શકય નહિ બને.

બીજા ધર્મસાહિત્યનો આ રીતે વિશાળ જગતમાં પુરજોસમાં ફેલાવો થઈ રહ્યો છે. જૈનોએ પણ આ દિશાએ હવે જલ્દિથી આગળ આવવાની જરૂર છે. વિરાટ જનતાને પહોંચવાના આજે બે મુખ્ય સાધનો છે; રંગભૂમિ અને ચિત્રપટ. જૈન સમાજ આ સાધનોનો શકય તેટલો ઉપયોગ કરીને જૈન ધર્મનો જે કાંઈ સંદેશો હોય તે વિશાળ જનસમાજના દિલને પહોંચાડે, તે વડે પ્રભાવિત કરે એ જ શુભેચ્છા!

## શ્રી ભંવરમલ સીંધી ઉપર કરવામાં આવેલ હુમલા પ્રત્યે જાહેર કરવામાં આવેલી સખ્ત નાપસંદગી

કલકત્તા ખાતે તા. ૫-૧૧-૫૫ ના રોજ બાલસંન્યાસ દીક્ષા અટકાયત બીલના સમર્થનમાં બેંગોલ પ્રોવીન્સીયલ કોંગ્રેસ સમિતિના મુખ્ય મંત્રી શ્રી વિજયસિંહ નહારના પ્રમુખપણા નીચે મળેલી સભામાં એ સભાના મુખ્ય પ્રયોજક, તરૂણ પાક્ષિકના સંપાદક અને કલકત્તાના એક જાણીતા જૈન સામાજિક કાર્યકર્તા શ્રી ભંવરમલ સીંધીના ઉપર કલકત્તામાં ચાતુર્માસ કરતા વિજયરામચંદ્ર સૂરિ પ્રેરિત બાલદીક્ષાના સમર્થકોએ જે ભયંકર હુમલો કરેલો તેના સમાચાર તા. ૧૫–૧૧–૫૫ ના પ્રબુદ્ધ જીવનમાં આપવામાં આવ્યા છે. આ દુર્ઘટનાના અનુસંધાનમાં તા. ૧૦–૧૧–૫૫ ના રોજ પશ્ચિમ બેંગોલના સ્થાનિક સ્વરાજ્ય ખાતાના પ્રધાન શ્રી ઈશ્વરદાસજી જલાનના પ્રમુખપણા નીચે ઉપર જણાવેલ હીચકારા હુમલાને વખોડી નાંખવા માટે ટાંટીયા હાઈસ્કુલમાં કલકત્તાના નાગરિકોની એક જાહેર સભા મળી હતી. એ સભામાં ભારતવિખ્યાત ઉદ્યોગપતિ અને જૈન સમાજના એક અગ્રગણ્ય આગેવાન શ્રી મોહનલાલ લલ્લુભાઇ શાહે જણાવ્યું હતું કે "ધર્મના નામ ઉપર લાઠી ચલાવવાવાળા નીચે પડશે અને ધર્મને નીચો પાડશે. જે જૈન આચાર્ય અને તેમના અનુયાયીઓ મોઢેથી અહિંસા અને શાન્તિનો ઉપદેશ કહે છે પરંતુ અંદરથી અબુઝ ધાર્મિક જનતાને ધર્મના નામ ઉપર મરવા અને મારવાને ઉશ્કેરે છે એમણે હવે ચેતવું જોઇએ અને જનતાએ પણ તેમની ભુલભુલામણીના ભોગ બનતા અટકવું જોઇએ. આપણે જાણીએ છીએ કે એક બાજુ પોર્ટુગીઝ ચર્ચ સ્ટ્રીટમાં બાલદીક્ષાના સમર્થન માટે બોલાવવામાં આવેલી સભા શાન્તિપૂર્વક પતી ગઈ હતી અને તેમાં કોઇએ કશું વિઘ્ન ઉભું કર્યું નહોતું અને બીજી બાજુએ એનો વિરોધ કરવા માટે સભા બોલાવવામાં આવી ત્યાં હિંસાદ્વારા સભાભંગ કરવાની કુચેષ્ટા કરવામાં આવી. એક જ સમાજમાં મતભેદ હોય એ સમજી શકાય છે, પણ એ કારણે પિતાપુત્ર કે ભાઈ વચ્ચે કદિ લાઠીપ્રયોગ કરવામાં આવ્યો જાણ્યો નથી. જૈન ધર્મમાં 'ક્ષમા વીરસ્ય ભૂષણં' એ સૂત્રનો ઉપદેશ કરવામાં આવ્યો છે, હિંસા માણસને ધર્મથી વિમુખ બનાવે છે. લાઠીના બળ ઉપર સમાજ કે દેશનું કામ કેવી રીતે ચાલી શકે ? જૈન સમાજનો ઉત્કર્ષ માત્ર પ્રેમ અને ક્ષમાશીલતા ઉપર નિર્ભર છે. આપણે જાણીએ છીએ કે ભાઇ ભંવરમલ સીંધી અને વિજયસિંહ નહારે આટલો માર સહન કર્યો છતાં પોલીસનું અવલંબન લેવાનો વિચાર સરખો પણ ન કર્યો. આ એમની મહાનતા છે અને જૈન સમાજને ઉજ્જવળ બનાવે એવું ઉદાહરણ છે. જો આપણે જૈન ધર્મને બચાવવો હશે તો મહાવીર સ્વામીએ દાખવેલા માર્ગ ઉપર આપણે ચાલવું પડશે."

પ્રસ્તુત પાશવી હુમલાને શ્રી. સીતારામજી સેકસરિયા, શ્રી. બજરંગલાલ લાંઠ, શ્રી. દયારામ બેરી એમ. એલ. એ. શ્રી. ભાલચંદ્ર શર્મા, અધ્યાપક હીરાલાલ ચોપડા, શ્રી ગોવિન્દ કાનોડિયા, દીપચંદ

નાહાટા, શ્રીચંદ મહેતા, ગણેશમલ્લ વૈદ્ય, તથા સૂર્યચંદ્ર ચાંડક આદિ ગૃહસ્થોએ અને છેવટે સભાપતિ શ્રી. બાલને સખ્ત શબ્દોમાં વખોડી કાઢયો હતો અને સમસ્ત ઘટના ઉપર ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી પ્રકાશ પાડયો હતો.

## બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલને કલકત્તાનાં નાગરિકોનું જાહેર સમર્થન

તા. ૧૮–૧૧–૫૫ ના રોજ કલક-તા ખાતે ટાંટિયા હાઇસ્કૂલમાં, મુંબઈની વિધાન પરિષદમાં શ્રી. પ્રભુદાસ બાલુભાઇ પટવારીએ રજુ કરેલ બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બિલનું સમર્થન કરવા માટે શ્રી. વિજયસિંહ નહારના પ્રમુખપણા નીચે એક વિરાટ સભા મળી હતી અને એ સભામાં નીચે મુજબનો પ્રસ્તાવ શ્રી. સીતારામજી સેકસરીઆ તરફથી રજુ કરવામાં આવ્યો હતો:—

"કલકત્તાના નાગરિકોની આ સભાનો નિશ્ચિત મત છે કે બાલદીક્ષાની પ્રથા સર્વથા અસામયિક અને અનુચિત છે, અને તેથી સમાજ તેમ જ રાષ્ટ્રને ભારે હાની પહોંચી છે. આમ હોવાથી મુંબઇ વિધાન પરિષદમાં પ્રસ્તાવિત થયેલ બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલનું આ સભા સ્વાગત કરે છે અને મુંબઇ સરકારના મંત્રીમંડળને અને વિધાન પરિષદના સભ્યોને આગ્રહપૂર્વક અનુરોધ કરે છે કે આ બીલ શીઘ્રાતિશીઘ્ર પસાર કરે. સાથે સાથે આ સભા ભારત સરકારને પણ અનુરોધ કરે છે કે બાલ દીક્ષાની પ્રથા આખા દેશમાં પ્રચલિત હોઇને તેને રોકવા માટે ભારતીય પાર્લામેન્ટમાં આખા દેશને લાગુ પડે તેવો કાયદો કરે."

આ પ્રસ્તાવનું શ્રી. ભંવરમલ સીંધીએ, શ્રી. બનારસીદાસ ફોડિયાએ, શ્રી. વસન્તલાલ મુરારકાએ, શ્રી. રામકુમાર ભુવાલકાએ, શ્રી. જસવન્તરાય જૈને, શ્રી. બાલચંદ નહાટાએ, શ્રીમતી શાન્તા બાંથરાએ, શ્રીમતી સુશીલા ભંડારીએ, શ્રી. મોહનસિંહ સેંગરે, શ્રી. ગણેશમલ વૈદ્યે અનેક દૃષ્ટિકોણથી સચોટ અને સવિસ્તર સમર્થન કર્યું હતું અને સભાપતિ શ્રી વિજયસિંહ નહારના ઉપસંહાર પ્રવચન બાદ આ પ્રસ્તાવ બહુ મોટી બહુમતીથી પસાર કરવામાં આવ્યો હતો.

આ સભામાં બાલદીક્ષાના સમર્થકો અને પ્રસ્તુત બીલના વિરોધીઓ હાજર રહ્યા હતા, પણ કોઇ પણ પ્રકારનું તોફાન કરવાની હીંમત કરી શકયા નહોતા. સંભવ છે કે તેમને આવી ગુંડાગીરીની નિરર્થકતા સમજાઇ ગઇ હોય. ૧૩ દિવસના ગાળે આ જ પ્રશ્ન ઉપર ફરીથી આટલા મોટા પાયા ઉપર કલકત્તામાં જાહેર સભા બોલાવવા માટે અને ભારે સફળતાપૂર્વક પાર પાડવા માટે સભાના પ્રયોજકોને અનેક ધન્યવાદ ઘટે છે. તેમણે દાખવેલી હીંમત અને નિડરતા આપણ સર્વને અનુકરણીય બનો!

## શ્રી યશવન્ત પંડયાનો દુઃખદ સ્વર્ગવાસ

તા. ૧૪–૧૧–૫૫ ના રોજ ભાવનગર ખાતે મહાગુજરાતના એક પનોતા પુત્ર શ્રી યશવન્ત સવાઇલાલ પંડયાનું ૫૦ વર્ષની વયે અકાળ અવસાન થયું. તેમનો સ્થાયી નિવાસ દીલ્હી ખાતે હતો અને બોમ્બે લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીની દીલ્હી શાખાના વર્ષોથી તેઓ મેનેજર હતા. સામળદાસ કોલેજના તેઓ વિદ્યાર્થી હતા અને કોલેજ જીવનથી તેમણે લેખન પ્રવૃત્તિ શરૂ કરી હતી. એમણે ઉત્તરોત્તર લખેલાં અ. સૌ. કુમારી, પડદા પાછળ, મદન મંદિર, ધરતીવડી, ત્રિવેણી, બીજાં ત્રણ, વગેરે પુસ્તકોએ સારી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. ધંધામાં પડયા બાદ 'વીણા' નામનું એક વાર્ષિક તેઓ પ્રગટ કરતા હતા અને તે વર્ષો સુધી પ્રસિદ્ધ થતું રહ્યું હતું. છેલ્લાં દશેક વર્ષથી તેમની સાહિત્ય–પ્રવૃત્તિ મંદ પડી ગઇ હતી, પણ દીલ્હીના જાહેર જીવનમાં તેમનું પ્રભુત્વ દિનપ્રતિદિન વધતું જતું હતું. અનેક ગુજરાતીઓને તેઓ એક અવલંબનરૂપ હતા. દીલ્હીમાં સ્થપાયેલ ગુજરાત સમાજના તેઓ વર્ષોથી પ્રમુખ હતા અને તે સંસ્થાને પોતાનું મકાન બાંધવા માટે સવા બે લાખ રૂપીઆ જેટલી રકમ એકઠી કરી આપવામાં તેમણે ખૂબ પરિશ્રમ ઉઠાવ્યો હતો. તેઓ મીલનસાર સ્વભાવના હતા અને કોઇને પણ ઉપયોગી થવામાં તેઓ સદા તત્પર રહેતા હતા. અનેકના તેઓ અંગત મિત્ર અને સ્વજન હતા. આવી એક ઉજ્જવળ કારકીર્દિનો અન્ત આવતાં સોરાષ્ટ્ર ગુજરાતને બૃહત ગુજરાતવાસી એક ઉત્તમ કોટિના નાગરિકની ખોટ પડી છે. પૂનામાં સ્વ. શ્રી જયશંકર ત્રિવેદીનું જે સ્થાન હતું તેને ઘણે અંશે મળતું ભાઈ યશવન્ત પંડયાનું દીલ્હીમાં સ્થાન હતું. તેમના પિતા, પત્ની તથા કુટુંબીજનો પ્રત્યે સોરાષ્ટ્ર ગુજરાતનો શિષ્ટ સમુદાય ઉંડી સહાનુભૂતિ અનુભવી રહ્યો છે. પરમાત્મા તેમના આત્માને શાશ્વત શાન્તિ અર્પો એ જ પ્રાર્થના!

## આવી પોકળ ઉપચારવિધિ શા માટે?

ગુજરાતી સાહિત્ય પરિષદના નડિયાદ ખાતે થોડા સમય પહેલાં મળેલા ૧૯ મા સંમેલનના પ્રમુખસ્થાનેથી માન્યવર શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી પોતાના પ્રવચનનો નીચે મુજબ પ્રારંભ કરે છે:—

"આ પ્રસંગે તમે મને પ્રમુખપદ આપ્યું તે માટે તમારો કેટલો આભાર માનું? આ વખતે કોઈ બીજા યોગ્ય પુરૂષને તમે પ્રમુખ ચૂંટયા હોત તો હું ખુશી થાત. આજે કેટલાંક વર્ષથી પરિષદના કાર્યથી હું નિવૃત્ત થઈ ગયો હતો, પણ પરિષદે મને આજ્ઞા કરી એટલે હું તાબે થયો છું."

પરિષદના સંમેલનના પ્રમુખ ચૂંટવાની બંધારણીય વિધિ ગમે તે હોય પણ પરિષદના પ્રમુખનો જે મુગટ પોતે ધારે તેને પહેરાવી શકે એવી જ્યાં વર્ષોથી વ્યવસ્થા ચાલી આવતી હતી એ મુગટ આ વખતે અન્યના માથે ન મૂકતા પોતે જ સ્વેચ્છાએ પહેરી લીધો હતો—એ વાસ્તવિકતા સુવિદિત હોવા છતાં આવા મોટા માણસ આવી નમ્રતા દાખવવાનો દંભ શા માટે આચરતા હશે એ ન સમજાય એવી બાબત છે. પણ સન્ત કવિ તુલસીદાસે યથાર્થ કહ્યું છે કે "સમરથકો નહિં દોષ ગુંસાઈ."

**પરમાનંદ**

## સંઘના સભ્યોને

**સંવત ૨૦૧૧નું વર્ષ પુરૂં થયું હોવા છતાં ઘણા સભ્યોના લવાજમો હજી સુધી આવ્યા નથી તો જે સભ્યોનાં ૨૦૧૧ નાં લવાજમો બાકી હોય તેમને વિના વિલંબે લવાજમના રૂા. ૫) સંઘના કાર્યાલયમાં મોકલી આપવા વિનંતિ છે.**

**વ્યવસ્થાપક**


## सत्यं शिवं सुन्दरम्

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કીંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।૰

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે

કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।૰

## પ્રબુદ્ધ જૈન તથા પ્રબુદ્ધ જીવનની ફાઇલો

કીંમત રૂા. ૬, પોસ્ટેજ ૦।૰

## ઋષભદેવ–ચરિત્ર ચિત્રાવલિ અંક

કીંમત રૂા. ૦।।, પોસ્ટેજ ૦।૰

પ્રાપ્તિસ્થાન:

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩


**વિષય સૂચિ**


| | | પૃષ્ઠ |
|---|---|---|
| અહિંસા | જમનાદાસ ગો. શાહ | ૧૪૩ |
| આપણો આધ્યાત્મિક વારસો | પંડિત સુખલાલજી | ૧૪૫ |
| **પ્રકીર્ણ નોંધ:–** બળવાખોર મહારાષ્ટ્ર, નૃત્યનાટિકા તરંગવતી, ભંવરમલ સીંધી ઉપર કરવામાં આવેલ હુમલા પ્રત્યે જાહેર કરવામાં આવેલી સખ્ત નાપસંદગી, બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલને કલકત્તાનાં નાગરિકોનું જાહેર સમર્થન, શ્રી યશવન્ત પંડયાનો દુઃખદ સ્વર્ગવાસ, આવી પોકળ ઉપચાર વિધિ શા માટે? | પરમાનંદ | ૧૪૬ |
| રાષ્ટ્રનું આર્થિક આયોજન | અભય પરીખ | ૧૫૦ |

# રાષ્ટ્રનું આર્થિક આયોજન

(ગતાંકથી ચાલુ)

## વિદ્યુતબળ

અભિનવ ભારતનું સર્જન ત્યારે જ સિધ્ધ થાય કે જ્યારે વિજ્ઞાનની શોધોનો લાભ ગામડાંઓ સુધી પહોંચે. બીજી યોજના હિંદના આર્થિક તેમજ સામાજીક માળખાંની બુનિયાદને જ બદલવા માંગે છે. એ દૃષ્ટિએ જોતાં વિજળીને દરેક ગામ સુધી પહોંચાડવી જરૂરી ગણાય. આ માટે દેશ પાસે નદીઓની વિપુલ સંપત્તિ છે. તેમાંથી પ્રથમ યોજનામાં કર્યું તે મુજબ વિદ્યુત-ઘરો ઉભા કરી શકાશે. આ વિદ્યુતબળથી ગ્રામોદ્યોગોને પુનર્જીવન મળશે. ગામના કારીગરો તથા વસવાયા (Artisans) તેમના માલને અદ્યતન તરકીબો મુજબ પેદા કરી શકશે અને તેથી તે સુઘડ અને સસ્તો બનશે તેમજ જનતાને આકર્ષી શકશે. તદુપરાંત વિદ્યુતબળ ગામડાં સુધી પહોંચતા શહેરોમાં પ્રાપ્ત રેડીઓ, સીનેમાગૃહની સગવડો ત્યાં મળશે. આથી બુધ્ધિજીવી વર્ગનું આકર્ષણ ગામડા માટે વધશે. ગામડું અને શહેર વચ્ચેના તફાવતને ઘટાડવામાં તે સાનુકૂળ થશે. અહીં એ યાદ રાખવું જોઇએ કે ભારતનાં ગામડાં તેનાં શહેરો કરતાં વધુ કંગાલ છે, તેથી વિજળી અને નહેરોનાં પાણીના દર એવા રાખવા જોઇશે કે જેનો ઉપયોગ દરેક ગ્રામવાસી કરી શકે.

## વાહન અને સંદેશાવ્યવહાર

પ્રથમ યોજનામાં રેલ્વે પાછળ નાણાં ખરચવામાં આવ્યા અને આવશે તે મોટે ભાગે મરામત અને ફેરબદલી માટે, તથા ચિતરંજન લોકોમોટીવ ફેક્ટરી ઉભી કરવા. દુનિયાના વેપારમાં ભારત સ્વતંત્ર થયું તે પહેલાં તો આ ઉદ્યોગ હીંદી ખાનગી સાહસો માટે લગભગ બંધ જ હતો. પ્રથમ યોજનામાં નાણાંનાં અભાવે આપણે મર્યાદીત ટનેજનો વધારો કરી શકીશું તથા થોડાં બંદરોની મરામત કરી શકીશું. ધોરી માર્ગો (National Highways) ની હકીકત આથી ભિન્ન નથી જ. પ્રથમ યોજનામાં મહદ્ અંશે નાણાં મરામત તથા બદલી પાછળ જ ખર્ચાશે. જ્યારે વિકાસ પામતાં અર્થકારણની જરૂરતો સંતોષવા તથા તેના વિકાસને ઉત્કર્ષવા વાહનવ્યવહારે બીજી યોજના દરમ્યાન પોતાનો ભિન્ન ફાળો નોંધાવવાનો રહેશે. તેથી યોજનામાં તે પાછળ જે ૧૬% ખર્ચવાનું વિચારવામાં આવ્યું છે તે કદાચ ઓછું પડશે. કારણ કે દરિયાઈ વેપારમાં તથા સંદેશાવ્યવહારમાં આપણે ખૂબ જ પાછળ છીએ. આ ઓછી મૂડી રોકાણના બે મુખ્ય કારણો જણાય છે. પ્રથમ મૂડી જ જૂજ છે અને બીજું ઉદ્યોગો માટે જોઇતાં માલ સાધનો જેવાં કે લોખંડ વગેરે આ ક્ષેત્ર માટે પૂરતા પ્રમાણમાં ના મળી શકે.

બીજી યોજનામાં ખેતીવાડી, ગ્રામવિકાસ તથા સંદેશાવ્યવહારની વિકાસવાતો આંકડામાં નીચે મુજબ છે:—

### ૧ ખેતીવાડી

| | ૫૦-૫૧ | ૫૩-૫૪ | ધારેલા ૫૫-૫૬ | ૬૦-૬૧ |
|---|---|---|---|---|
| અનાજ (લાખ ટન) | ૫૦૦-૦ | ૬૫૫-૦ | ૬૬૦-૦ | ૭૬૦-૦ |
| રૂ. (લાખ ગાંસડી) | ૨૬-૦ | ૩૬-૦ | ૪૨-૦ | ૫૮-૦ |
| સાકર (કાચા ગોળ રૂપે લાખ ટન) | ૩૬-૦ | ૪૬-૦ | ૫૦-૦ | ૭૫-૦ |
| તેલીબીયાં (લાખ ટન) | ૫૧-૦ | ૫૬-૦ | ૫૬-૦ | ૭૦-૦ |
| તમાકુ (હજાર ટન) | ૨૫૮-૦ | ૨૫૬-૦ | ૨૫૦-૦ | ૩૦૦-૦ |
| ચા (લાખ રતલ) | ૬૦૭-૦ | ૬૭૫-૦ | ૬૭૫-૦ | ૭૫૦-૦ |
| જળ સિંચાઈ (લાખ એકર) | ૫૦૦-૦ | ૫૮૦-૦ | ૭૦૦-૦ | ૧૦૦૦-૦ |
| ગ્રામવિકાસ ઘટકો તથા રાષ્ટ્રિય વિકાસ યોજના (બ્લોકસ) | — | ૪૭૬-૦ | ૧૨૦૦-૦ | ૫૬૦૦-૦ |

### ૨ વિદ્યુત અને વાહનવ્યવહાર

| | | | | |
|---|---|---|---|---|
| વહાણ (હજાર ટનમાં) | ૩૬૧ | ૫૨૫ | ૬૧૦ | — |
| રેલ્વે (માઇલેજ) | — | — | ૩૪૫૦૦ | ૩૭૫૦૦ |
| રસ્તાઓ રાષ્ટ્રીય ધોરી માર્ગો (માઇલેજ) | ૧૧-૬ | ૧૨-૨ | ૧૨-૫ | ૧૭-૫ |
| પ્રાન્તીય માર્ગો | ૧૭-૬ | — | ૨૦-૦ | ૩૫-૦ |
| વિદ્યુતબળ (લાખ કીલોવોટસ્) | ૨-૩ | ૨-૮ | ૩-૫ | ૬-૦ |

## ઉદ્યોગો

ઉદ્યોગોની બીલવણી શા માટે કરવી તે આપણે જોઇ ગયા. હવે કયા ઉદ્યોગોના વિકાસપર વધુ મહત્વ આપવુ તે જોવું જોઇશે. ઉદ્યોગના વિકાસનો આધાર ઘણાં ભિન્ન ભિન્ન કારણો ઉપર હોય છે. જેવાં કે કુદરતી ખનીજો, મૂડીની છૂટ, સાહસિક ઉદ્યોગપતિઓ, કાર્યદક્ષ વ્યવસ્થાપકો, કાબેલ કારીગરો, આવશ્યક બજાર, બીજી સાધનસામગ્રી તેમ જ રાજ્યની ઔદ્યોગિક નીતિ.

ભારતમાં કુદરતી ખનીજો છે એ સર્વવિદિત વાત છે. તેથી જે ઉદ્યોગો કુદરતી ખનીજો પર આધાર રાખતા હોય તેમની બીલવણી થઈ શકે, પણ આ ઉદ્યોગની બીલવણી સરકારે કરવી જોઇએ, કારણ કે કુદરતી ખનીજો એ દેશની મહામૂલી મૂડી છે તેને ત્રેવડવાળા માર્ગે બધાના લાભાર્થે વાપરવાની ફરજ સરકારની છે.

સામાન્ય રીતે જગતના આર્થિક ઈતિહાસમાં એવું બનતું આવ્યું છે કે પ્રથમ વપરાશની ચીજોના ઉદ્યોગની (Consumption goods Industries) બીલવણી થાય છે. જેવા કે ખાંડ, સીમેન્ટ, કાપડ, જોડાં વગેરે. ત્યારબાદ પાયાના અને મૂળ દ્રવ્યના (Capital goods) ના ઉદ્યોગોનો વિકાસ શરૂ થાય, આપણે ત્યાં વપરાશની ચીજોના ઉદ્યોગો છે પણ તે આપણી બધી જરૂરિયાતો સંતોષતા નથી. તેનું કારણ એ છે કે તે પૂર્ણ કક્ષા સુધી વિકસ્યા જ નથી. ભારતના દરેક પ્રજાજનને સરેરાશ ૧૬ વાર કાપડ મળે છે. આવી જ હકીકત ખાંડ, સીમેન્ટ વગેરે બાબતમાં છે. આ ક્ષેત્રનો વિકાસ અટકી ગયાનાં અનેક કારણો છે. જેમાં આપણી ગરીબાઈ મુખ્યતા છે. પણ તે સાથે પાયાના તથા મૂળ દ્રવ્યના ઉદ્યોગોની અવિકસિત સ્થિતિનું કારણ ખાસ અગત્યનું જ છે. સર્વાંગી તથા શિઘ્ર વિકાસની નજરે જોતાં આપણે પાયાના તથા મૂળદ્રવ્યના ઉદ્યોગોને વિકસાવવા જોઇશે. આ ઉદ્યોગોમાં ખાસકરીને લોખંડ, કોલસો, ભારે વિજળીનાં સાધનો, ખેતીવાડીને લગતાં ઓજારો, ખાતર વિગેરેના ઉપર વિશેષ ભાર મૂકવો જોઇશે. આ મોટા ઉદ્યોગોને લીધે નાના સહાયકારી ઉદ્યોગો (Auxiliaries) તેમજ સમારકામ માટેના ઉદ્યોગો ઉભા થાય છે. જેવાં કે મશીનરી સ્પેર પાર્ટસ, કાપડની મીલો માટે, બોબીન્સ, શટલ્સના કારખાના, વિગેરે. જો કે એ હકીકત છે કે આવા ઉદ્યોગોમાં મૂડીનું રોકાણ ખૂબ જ મોટા પ્રમાણમાં કરવું પડે છે, તેથી વૈકલ્પિક ક્ષેત્રો માટે મૂડી ખૂબ ઓછી રહે છે, તેમજ તેનાથી ઉત્પાદન વધુ થાય છે, જે દ્વારા ઝડપથી જીવનધોરણ ઉંચુ લઈ જવાનું સાનુકૂળ બને છે. જો આ માર્ગ ન લઇએ તો ભારતને પોતાના મૂળદ્રવ્યનો માલ મેળવવા માટે વધુ અનાજ તથા કાચા માલનું ઉત્પાદન કરવું પડે અને તેની નિકાસ દ્વારા ઉપજ ઉભી કરી આ સાધનો (Capital goods) આયાત કરવાનું શકય બની શકે. આ સ્થિતિમાં હંમેશા રહેવું તે ઘણું જોખમકારક ગણાય. તેમાં ભારતને પોતાની મશીનરી માટે બીજા દેશો ઉપર આધાર રાખવો પડે અને તેથી તેની આઝાદી જોખમાવવાનો સવાલ પેદા થાય, તેમ જ આપણું અર્થતંત્ર ખૂબ અસ્થિર રહે, કારણ કે અનાજ અને કાચા માલના ભાવમાં ઘણાં ઉચાંનીચી આંદોલનો આવ્યા જ કરે છે. છેવટમાં, રાષ્ટ્રીય બચતના આંકને વધારવામાં આ ઉદ્યોગો સારો ફાળો આપી શકે છે: કારણ કે તે વ્યવસ્થિત અને મોટા પાયા ઉપર ઉભા થયેલા હોય છે.

આનો અર્થ એ નથી કે વપરાશની ચીજોના ઉદ્યોગોની ખીલવણી ન કરવી. વાસ્તવિક દૃષ્ટિએ જોતાં એવી ધારણા ઘણી ગંભીર ભૂલવાળી છે. મોટા તથા નાના ઉદ્યોગની ખીલવણીથી આપણે ખેતી ઉપરની વધારાની તથા વધતી વસ્તીને ધંધા નોકરી આપી શકીશું. આ નવા મજુરો તથા ધંધાદારીઓ જેમની આવક પહેલાં નહીંવત હશે તેમને ઠીક ઠીક આવક મળશે. આ આવકનો મોટો ભાગ પ્રથમ તો જીવનની મુખ્ય જરૂરિયાતો તથા વપરાશની ચીજોમાં ખર્ચાશે. આ નવી માંગને સંતોષવા અનાજ તથા વપરાશની ચીજોનું ઉત્પાદન વધારવું પડશે. હવે જો આપણે વધુ મહત્વતા પાયાના તથા મૂળદ્રવ્યના ઉદ્યોગોને આપવા ઈચ્છિતા હોઇએ તો વપરાશની ચીજોના ઉદ્યોગ માટે ઓછી મૂડી રહેશે. એટલે આ ઓછી મૂડીમાં પણ કરકસર કરવી પડશે, અને છતાં વપરાશની ચીજોનું ઉત્પાદન વધારી શકીએ તેવી યોજના કરવી ઘટે. તે માટે અત્યારનાં જે કારખાનાઓ પોતાની ઉત્પાદન શક્તિનો ૬૦ ટકા ઉપયોગ કરે છે તેમને ૧૦૦ ટકા સુધી ચલાવવાની ફરજ પાડવી જોઇશે. કે જેથી નવી મૂડી રોકવી નહીં પડે, તેમજ પ્રશ્ન જો વધુ વિકટ બને તો તેમને બે કે ત્રણ પાળી સુધી ચલાવવાની છુટ આપવી જોઇશે.

## નાના ઉદ્યોગો, વધુ ઉત્પાદન, અને બેકારીનિવારણ

આગળ જણાવ્યા મુજબ પાયાના તથા મૂળદ્રવ્યના તેમજ બીજા મોટા ઉદ્યોગના કારખાનાથી આપણે ઉત્પાદન ખૂબ મોટા પ્રમાણમાં કરી શકીશું. પણ એ હકીકત છે કે મોટા ઉદ્યોગમાં યંત્રીકરણને લીધે વધુ મૂડી અને ઓછા મજૂરો જોઇશે; જ્યારે આપણી પાસે જૂજ મૂડી અને વધુ મજૂરો હોવાથી આપણને બધા તોતિંગ કારખાના ઉભા કરવા પોષાય તેમ નથી. આ દલીલ હાલમાં પ્રવર્તતી બેકારીની તથા વધતી વસ્તીનાં આંકડા તપાસવાથી આપણને વધુ સ્પષ્ટ સમજાશે.

૧૯૫૧ માં બેકારોની સંખ્યા ૩૦ લાખની હતી ( આમાં અર્ધ-બેકારો ( under-employed ) ની ગણત્રી કરવામાં આવતી નથી). જે ૧૯૫૫ ના માર્ચમાં ૬૦ લાખ સુધી પહોંચી છે. જ્યારે આપણી વસ્તીમાં દર વર્ષે ૪૫ લાખનો વધારો થાય છે જેમાં ૧૮ લાખ માનવો રોજગારીની માંગ કરનાર હશે. એનો અર્થ એ કે બીજી યોજના દરમ્યાન આપણે ૯૦ લાખ નવા કામ કરી શકે તેવા નાગરિકો માટે રોજગારી ઉભી કરવી પડશે. અને જો અત્યારના બેકારોનો આંકડો ૩૦ લાખ ધારીને ચાલીએ તો કુલ ૧ કરોડ અને ૨૦ લાખને રોજગારી આપવી પડશે. બીજી યોજનાના કાચા ખરડામાં તેને જુદા જુદા ક્ષેત્રમાં નીચે પ્રમાણે વહેંચવામાં આવેલ છે.

| | લાખ |
|---|---|
| ખેતી અને તેને લગતાં ધંધાઓ... ... ... | ૧૫ |
| ખાણ તથા કારખાના ... ... ... | ૧૭ |
| ગૃહઉદ્યોગ તથા બાંધકામ ... ... ... | ૩૦ |
| વાહન વ્યવહાર, રેલ્વે, બેન્ક, વિમા કંપનીઓ વિગેરે, | ૪ |
| જથ્થાબંધ અને છુટક વેપાર તથા વાહનવ્યવહાર ... ( રેલ્વે નહીં ) | ૨૦ |
| સેવાઓ, વ્યવસ્થાપકો. (સરકારના ખાતાઓ સહીત) | ૨૪ |
| ... ... ... ... ... ... | ૧૦ |
| ૧ કરોડ ૨૦ લાખ | |

આ આંકડાથી એ સ્પષ્ટ સમજાય છે કે નવી રોજગારી ઉભી કરવા નાના ઉદ્યોગો, ગૃહઉદ્યોગ તથા ગ્રામઉદ્યોગો ઉપર વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. આનાં કારણોમાં નાના ઉદ્યોગમાં ઓછી મૂડી અને વધુ મજૂરો રોકવામાં આવે છે, તેમજ આપણે આગળ જણાવ્યું તેમ આ નવા મોટા કારખાનાના નવા મજૂરોની ખરીદશક્તિ ( purchasing power ) વધશે. તેથી તેમાંનો પ્રથમ ખર્ચ વપરાશની ચીજોમાં થશે. આ વપરાશની ચીજોની માંગને સંતોષવા આપણે હાલના કારખાના વિકસાવવા નથી માંગતા કારણ કે આપણી પાસે તેટલી મૂડી નથી. જ્યારે એ પ્રશ્નને નાના ઉદ્યોગની પેદાશથી ઉકેલી શકાય તેમ છે. આથી મહત્વનું કારણ એ કે કોઇ પણ કલ્યાણકારી રાજ્યની એ ફરજ છે કે તેણે તેના દરેક કામ કરી શકે તેવા પ્રજાજનને રોજગારી આપવી જોઇએ. ખાસ કરીને સમાજવાદી ઢબની સમાજરચનાને વરી ચુકેલી સરકારનું તો એ લક્ષ્ય હોવું જ જોઇએ.

આ ઉપરાંત સમાજવાદી ઢબની સમાજરચનાના ધ્યેયની સિધ્ધિમાં નાના ઉદ્યોગો વધારે અનુકુળ નીવડશે. નાના ઉદ્યોગથી આર્થિક સત્તાનું આપોઆપ વિકેન્દ્રીકરણ થશે. તેમજ સંરક્ષણની દૃષ્ટિએ જોતાં વિકેન્દ્રીકરણની ખાસ જરૂર છે. મોટા ઉદ્યોગની ખીલવણીથી હંમેશા કેન્દ્રીકરણ થતું આવ્યું છે અને તે સાથે સામાજીક ખર્ચનો બોજો વધે છે. ( social cost ) તેથી ધીચ અને ધૂમાડાવાળા શહેરો, ગંદી ચાલીઓ, મકાનોની તંગી, વાહનવ્યવહારની અવ્યવસ્થા તથા ભીડ, વિગેરે સવાલો પેદા થાય છે, જ્યારે નાના ઉદ્યોગમાં આ સામાજીક ખર્ચનો બોજો પ્રમાણમાં ઘણો હળવો રહેવાનો.

તદુપરાંત, મોટા ઉદ્યોગમાં નવી વૈજ્ઞાનિક તરકીબો તથા યંત્રીકરણ અપનાવવાથી બેકારી વધે છે. આ યોજનાઓથી જેમને લાભ થયો હોય તેમણે બેકાર માણસો માટેનાં ફંડમાં નાણાં આપવા જોઇશે. જેવી રીતે બ્રીટનમાં તથા બીજા વિકસિત દેશોમાં બેકારી રાહત ફંડ છે ( Unemployment Relief Fund ) તેવી રીતે અથવા ત્યાં સુધી નવી તરકીબો દાખલ કરવાનું મોકુફ રાખવું જોઇશે. તેથી અહીં આપણે એટલું સમજવાનું કે મોટા ઉદ્યોગથી અને યંત્રવાદથી જે આર્થિક લાભ થાય છે તેની સામે આવા આર્થિક બોજાઓ વધે છે, જે અવિકસિત, ઓછી મૂડીવાળા, વધુ વસ્તીવાળા દેશને પોસાવે તેમ ન ગણાય.

જો કે નાના ઉદ્યોગથી ઉત્પાદનનો આંક નીચે આવશે અને બચત ઉપર અસર થશે. કારણ કે ગ્રામઉદ્યોગો, ગૃહઉદ્યોગો તથા નાના ઉદ્યોગો છુટાછવાયા તથા વ્યાપક હશે તેમજ તેમાં યંત્રીકરણ ઓછું હશે, તેથી ઉત્પાદન વધુ પ્રમાણમાં નહીં થઈ શકે. બચતના પ્રશ્નને સરળ કરવા સરકારી પધ્ધતિની નીતિ અપનાવવી જોઇશે જે સમાજવાદી ઢબની સમાજરચના સાથે વધુ સુસંગત છે. અને તેને અમલમાં લાવવાનું એક પ્રબળ સાધન છે. આ માટે ઉત્તમ કક્ષાના વ્યવસ્થાપકોની ખૂબ જ જરૂર રહેશે. વાસ્તવિક દૃષ્ટિએ જોતાં બીજી યોજનાનો અને ખાસ કરીને નાના ઉદ્યોગોની ખીલવણીનો આધાર આપણા વ્યવસ્થાતંત્ર ઉપર જ છે. આ માટે વ્યવસ્થાપક શક્તિવાળા નાગરિકોને પસંદ કરી યોગ્ય કેળવણી આપવી ઘટે. જો આ ઉદ્યોગની ખીલવણીમાં આપણે નીષ્ફળ નીવડીશું તો આપણી દશા બન્ને રીતે બૂરી થશે, ન આપણે વધુ ઉત્પાદન કરી શકીશું કે ન બેકારી નિવારણ કરી શકીશું, અને જો વપરાશની ચીજોની અછત ઉભી થશે તો ફુગાવો થવાનો મોટો ભય રહેશે. અથવા આપણા લક્ષ્યો અધૂરાં રહેશે.

આખરમાં નાના ઉદ્યોગોની બાબતમાં ખરેખરો સવાલ એ છે કે તેને પડતી અડચણો તથા તેની ત્રુટિઓ દૂર કરી, તેને આપણાં અર્થતંત્રનું એક અભિન્ન અને કાયમનું અંગ બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. આ માટે જે છૂટાછવાયા અને કામચલાઉ પ્રયત્ન થશે તે ફકત નાણાંનો દુર્વ્યય જ ગણાશે. નાના ઉદ્યોગને પડતી નાણાંભીડ, માલની તંગી, અદ્યતન તરકીબો, નવા સાધનો, બજાર વ્યવસ્થા, વાહનવ્યવહાર તથા શાસ્ત્રીય કેળવણીની સગવડો, સંશોધન ભવનો— આ બધું રાજ્યે કરી આપવું જોઇએ. આ દિશાએ સરકારે ખાદી બોર્ડ, વેચાણગૃહ ( emporium ), સંશોધન સંસ્થાઓ તથા સ્ટેટ બેન્ક જેવી ઈન્ડીઆના પગલાં લીધા છે. પણ હજુ એ દિશામાં વધુ એવાં પગલાં ભરવાની જરૂર છે કે જેથી તે ઉદ્યોગોને સરકારના કાયમી ટેકાની જરૂર ન રહે. તેને વિકસાવવા તથા રક્ષણ કરવા માટે મોટા ઉદ્યોગ ઉપર જે કર નાખવામાં આવ્યા છે, તથા જે બજારની મર્યાદાઓ આંકવામાં આવી છે તે કાયમી ન રહે અને બને તેટલી જલ્દીથી દૂર કરી શકાય તેવા માર્ગે સરકારે આગળ વધવું જરૂરી ગણાય.

**નાણાં પાસુ :—**આપણે આગળ જોઈ ગયા કે બીજી યોજના દરમ્યાન રૂ. ૫૬૦૦ કરોડ 'યોજનામાં' ખર્ચવામાં આવશે. હવે આ રૂ. ૫૬૦૦ કરોડ કેવી રીતે અને કયાંથી એકઠા કરવામાં આવશે તે જોઇએ.

આ રૂ. ૫૬૦૦ કરોડમાંથી રાજ્યે (મધ્યસ્થ તેમજ પ્રાન્તીય સરકારોએ) રૂ. ૪૩૦૦ કરોડ ભેગા કરવાના રહેશે, જ્યારે ખાનગી ક્ષેત્રે બાકીના રૂપીઆ એકઠા કરવાના રહેશે. જાહેર ક્ષેત્રમાં નીચે પ્રમાણેની તરકીબો દ્વારા નાણાં એકઠા કરવાનું વિચારાયું છે.

| | કરોડ રૂા. |
|---|---|
| ૧. વાર્ષિક ઉત્પન્નના ( Revenue ) હાલના દર મુજબ ... | ૩૫૦ |
| ૨. નવા કરવેરા (કર તપાસ સમિતિની બધી ભલામણોનો અમલ કરતાં) ... ... ... | ૩૫૦ |
| ૩. જાહેર લોન દ્વારા ( Public loans ) ... | ૫૫૦ |
| ૪. નાની બચતો દ્વારા ... ... ... | ૩૫૦ |
| ૫. લાંબી મુદતના દેવા તથા બીજા દેવાં કરીને ... | ૨૫૦ |
| ૬. રેલ્વેની બચત (ટીકીટ દરો તથા માલનું નુર ઉંચે લઈ જવાથી થશે) ... ... ... | ૫૦ |
| ૭. બહારની મદદ ... ... ... | ૪૦૦ |
| ૮. નાણાંકીય ખાધ પુરવણી ( Deficit financing ) ... | ૧૨૦૦ |
| | ૩૫૦૦ |
| બાકી રહેતાં | ૮૦૦ |

જાહેર ક્ષેત્રની કુલ રકમ ૪૩૦૦

આ રીતે ઉપરની તરકીબો દ્વારા રૂા. ૩૫૦૦ કરોડ ભેગા થશે. જ્યારે યોજનામાં સરકારે જાહેર ક્ષેત્રમાં રૂા. ૪૩૦૦ કરોડ ખર્ચવાનું નકકી કર્યું છે. એટલે રૂા. ૮૦૦ કરોડની બાકીની રકમને કયા માર્ગે મેળવવામાં આવશે તે જોઇશું.

પ્રથમ યોજના દરમ્યાન રાષ્ટ્રની આવકના પ્રમાણમાં કરવેરાનું પ્રમાણ ૭ ટકા છે. જ્યારે ઇંગ્લેન્ડમાં તે ૪૩ ટકા છે, અમેરિકામાં ૨૨ ટકા, સીલોનમાં ૨૩ ટકા છે. આ સૂચવે છે કે આપણા જેવા સમાજવાદી ઢબની સમાજ રચનાને વરી ચૂકેલા દેશમાં કરવેરાનું પ્રમાણ હજુ આર્થિક વિકાસની સાથે સાથે વધી શકે તેમ છે. આ પ્રમાણ વધે તો જાહેર ક્ષેત્રનો વિકાસ શકય બને અને યોજનામાં નકકી કરેલા રૂા. ૪૩૦૦ કરોડ આપણે ખર્ચી શકીએ. આ માટે કર તપાસ સમિતિના સૂચનો ઉપરાંતના વધુ કરવેરા નાખવાનાં રહે, એટલે કે ઉપર બીજા મુદ્દામાં દર્શાવેલા રૂા. ૩૫૦ કરોડ ઉપરાંત રૂા. ૮૦૦ કરોડના વધુ કરવેરા નાખવા જોઇશે. તેમ કરીશું તો કરવેરાની ટકાવારી સાતથી નવ ટકા સુધી પહોંચશે. આનો અર્થ એ કે નવા કરવેરા ગરીબ અને મધ્યમવર્ગ ઉપર પણ નાંખવા પડશે. તેમની જીવનની જરૂરિયાતોને એ આવરી લેશે. સાથે સાથે ધનીક વર્ગના મોજશોખના સાધનો ઉપર, આવક ઉપર, તેમજ મૃત્યુવેરાના કરમાં વધારો કરવામાં આવશે તથા મૂડીવેરો અને વધુ નફાના વેરા નવા નાખવામાં આવશે. આ રીતે કરપધ્ધતિને, કર તપાસ સમિતિએ ભલામણ કરી છે તેથી વિશેષ વ્યાપક અને ઉંડી બનાવવી પડશે. હવે જ્યારે દેશની ગરીબ પ્રજા ઉપર કરવેરા નાખવાનું સૂચવવામાં આવે છે ત્યારે તેની સામે તીવ્ર વિરોધ દર્શાવવામાં આવે છે. પણ તે વખતે એ ભૂલી જવામાં આવે છે કે યોજનાથી ગરીબ લોકોને લાભ મળશે તેથી તેમને યોજનાની પ્રગતીમાં થોડો ફાળો આપવો રહ્યો જ. કારણ કે જો એમ કરવામાં ના આવે તો યોજનામાં જોઇતા નાણાં એકઠા કરવાના બીજા વિકલ્પ રહેતાં નથી. ફકત એક વિકલ્પ રહે છે અને તે યોજનાને નાની બનાવવી, તેનો અર્થ એ કે દેશની આવકમાં તથા જીવન–ધોરણમાં ઝડપથી સુધારો થઈ શકે નહીં, અને બેકારીનિવારણનો પ્રશ્ન વધુ ઉગ્ર બને. આ ધીમી પ્રગતિની વિચારસરણી સામે રાષ્ટ્રના અમુક ભાગનો તીવ્ર વિરોધ છે. તેમજ યોજનાસમિતિ પણ એવું નથી સૂચવતી, એના સમર્થનમાં જણાવવામાં આવે છે કે પ્રગતિકારક ઔદ્યોગિક દેશોમાં દર વર્ષે દેશની આવકમાં ૩ ટકાનો વધારો કોઈ પણ પ્રકારની યોજના વગર થયેલો છે. તેમ જ આપણે પ્રથમ યોજનામાં પ્રતિવર્ષે દેશની આવકમાં ૩ ટકાનો વધારો કરી શકીશું. તદુપરાંત અત્યારે પૂર્વ યુરોપના સામ્યવાદી દેશો પોતાની આવકમાં દર વર્ષે ૧૨ થી ૧૬ ટકાનો વધારો કરી શકયા છે. માટે જો આપણે અથાગ શ્રમ, સુયોગ્ય વ્યવસ્થા તથા ઉપર સૂચવેલા નવા કરવેરા દ્વારા ત્યાગવૃત્તિ દાખવીએ તો દેશની આવકમાં, બીજી યોજના દરમ્યાન ધારેલા ૨૫ ટકા એટલે કે પ્રતિવર્ષે પાંચ ટકાનો વધારો કરી શકવાનું કઠીન ના બને. આ માટે રાજદ્વારી સંસ્થાઓએ જનભાવનાને કેળવી અને તેમનું પ્રોત્સાહન લેવું ઘટે.

## નાણાંકીય ખાધપુરવણી

આર્થિક તંત્રના બે વિભાગો અથવા પ્રવાહો કલ્પવામાં આવે છે. એક ઉત્પાદનનો પ્રવાહ અને બીજો નાણાંનો પ્રવાહ. જેમ માલનું ઉત્પાદન વધે તેમ જો નાણું ના વધે તો દેશમાં મંદીનું મોજું ફરીવળે છે. તેથી વિરુધ્ધ, જેમ નાણું વધે એટલે કે નવી નોટો છાપવામાં આવે પણ તેની સામે માલનું ઉત્પાદન ના વધે તો દેશમાં ફુગાવો ફાટી નીકળે છે. અને આખરમાં જ્યારે બન્ને પ્રવાહો સપ્રમાણ થાય છે ત્યારે વસ્તુની કિંમત તથા ભાવ-તંત્રમાં સમતુલા આવે છે.

બીજી યોજના દરમ્યાન આપણે રૂા. ૧૨૦૦ કરોડ જેટલી નાણાંકીય ખાધપુરવણી કરવા ઇચ્છીએ છીએ. આ સમજ્યા પછી આપણે નાણાંકીય ખાધપુરવણીનો ખૂબ જ સરળ અર્થ કરીએ કે નાણાંકીય ખાધપુરવણી એટલે રાજ્ય તરફથી છાપવામાં આવતું નવું નાણું.

બીજી યોજના દરમ્યાન આપણે રૂા. ૧૨૦૦ કરોડ જેટલી નાણાંકીય ખાધપુરવણી કરવા ઇચ્છીએ છીએ. હવે આ નાણાંકીય ખાધપુરવણી ફુગાવામાં પરિણમશે એવું પ્રોફેસર બી. આર. શીનોયનું માનવું છે. તેના સમર્થનમાં તેઓ એમ જણાવે છે કે દેશમાં રહેલી સાધનસામગ્રી કરતાં તમે વધુ નાણાં ઉભા કરો, તેથી સાધનસામગ્રી પેદા થવાની નથી પણ તેથી તો ફુગાવો જ થાય, જ્યારે યોજનાસમિતિ તથા અર્થશાસ્ત્રીઓની સલાહકાર સમિતિ તેમનાથી જુદો મત ધરાવે છે. તેઓ જો કે નાણાંકીય ખાધપુરવણી કરતાં પહેલાં દેશની આર્થિક પરિસ્થિતિ એટલે કે ઉત્પાદનનો આંક, ભાવતંત્ર જોઇને ચાલવાનું સૂચવે છે. આ તરકીબ દ્વારા નાણું 'કેટલું' અને 'કયા સમયે' ઉભું કરવું તે સમગ્ર પરિસ્થિતિનું અવલોકન કર્યા પછીથી નકકી થઈ શકે. બીજી યોજનામાં કરવા ધારેલી નાણાંકીય ખાધપુરવણીના સમર્થનમાં નીચેના કારણો દર્શાવવામાં આવે છે. (૧) પ્રથમ યોજના દરમ્યાન ઉત્પાદનનો આંક વધતો ચાલ્યો છે. જેવી રીતે ઔદ્યોગિક ઉત્પાદનનો આંક ૧૯૫૦ માં ૧૦૫ હતો તે ૧૯૫૫ ના ફેબ્રુઆરિમાં ૧૫૮ સુધી પહોંચ્યો છે. (૨) અનાજની અછત અદૃશ્ય થઇ ગઈ છે. (૩) પ્રથમ યોજનાના અંતમાં નાણાંકીય ખાધપુરવણી કરવામાં આવી છે પણ તેના વિપરીત પરિણામો નથી આવ્યા. પણ ૧૯૫૫ ની શરૂઆતમાં અનાજના ભાવો તૂટવા લાગ્યા. એ એમ દર્શાવે છે કે ઉત્પાદન વધ્યું જ્યારે નાણાં એટલા વધ્યા નહીં. (૪) પ્રથમ યોજના દરમ્યાન અમલમાં આવેલી યોજનાઓ જેવી કે બંધ, નહેરો, વિજળીઘરો, કારખાનાઓ વગેરે બીજી યોજના દરમ્યાન ફળ આપશે એટલે કે ઉત્પાદન વધશે. આવી પરિસ્થિતિ હોવા છતાં આ નાણાંકીય ખાધપુરવણી ફુગાવામાં પરિણમે કે તરત જ કન્ટ્રોલ્સ ફરીથી લાવવા, પરદેશના વ્યાપાર ઉપર કડક જાપ્તો રાખવો વગેરે સૂચવવામાં આવેલ છે. આથી બાકીના રૂા. ૮૦૦ કરોડ આ તરકીબ દ્વારા ઉભા કરવા શકય નથી. કારણ કે નાણાંકીય ખાધપુરવણી ફુગાવામાં પરિણમે તો મધ્યમવર્ગના નિશ્ચિત આવકવાળા ( fixed income group ), તથા મજૂરોને વધુ સહન કરવું પડે. કારણ કે મજુરોની સાચી આવકમાં ઘટાડો થાય ( Real income will be seduced) જ્યારે પૈસાની આવક (Monetary income ) વધે અને તે ફુગાવો થયા પછીથી ઘણા સમયે; તેમજ ફુગાવાથી આંતરિક અર્થતંત્રમાં અસ્થિરતા આવે છે અને ભાવતંત્ર આસમાને જાય છે. જેની અસર આપણી આયાત નિકાસ ઉપર અધિક થાય છે. આથી આમજનતાના હીતમાં ફુગાવાની નીતિ કરતાં કરવેરાની નીતિ પસંદ કરવી જોઇએ. કારણ કે કરવેરાની માઠી અસરો ફુગાવાની માઠી અસરો કરતાં ઓછી હોય છે.

આખરમાં બહારના દેશોની મદદનો વિકલ્પ પણ નથી રહેતો. કારણ કે જે બહારની મદદના રૂા. ૪૦૦ કરોડ ધારવામાં આવેલા છે તે પ્રથમ યોજના કરતાં ૬૦ ટકા વધારે છે. આ ધારણા સાચી પડશે કે નહીં તેનો આધાર અનેક કારણો ઉપર છે. જેમાં આપણી આન્તર-રાષ્ટ્રીય નીતિ, ઔદ્યોગિક નીતિ, તથા બીજા દેશો કરતાં વધુ નફાની તથા નફો પાછો લઇ જવાની સગવડ વગેરે. આ રીતે આપણી પાસે એક જ તરકીબ રહે છે અને તે કરવેરાની.

**સમાપ્ત** **અભય પરીખ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈનવર્ષ ૧૪–પ્ર. જીવનવર્ષ ૩
અંક ૧૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડીસેમ્બર ૧૫, ૧૯૫૫, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## નઈ તાલીમ

[ મુંબઇ જૈન યુવક સંઘ પર્યુષણપર્વ વ્યાખ્યાનમાળામાં પંડિત સુખલાલજીના પ્રમુખપદ નીચે અપાયેલું વ્યાખ્યાન ]

પૂ. પંડિતજી, ભાઇઓ તથા બહેનો !

નઈ તાલીમ વિષે મારું કહેવાનું શરૂ કરું તે પહેલાં એક વાત આપ સૌની સમક્ષ રજૂ કરી દઉં કે નઇ તાલીમનો મારો સ્વાનુભવ પાયાની કેળવણી ને ઉત્તરમુનિયાદી પૂરતો જ છે. મહાવિદ્યાલયની કક્ષામાં અમે બે વર્ષથી પ્રયોગ શરૂ કર્યો છે, પણ તેને વિષે ખાતરી પૂર્વક કહેવા જેવી સ્થિતિ હજી નથી. પણ સાથેસાથ હું એમ માનું છું કે નઈ તાલીમનો સામાન્ય સિદ્ધાંત એ જાતઅનુભવે જ સમજાય તેવો નથી, પણ હરકોઇ વિચારશીલ નાગરિક તે સમજી શકે તેવો છે.

આપણે સ્વરાજ લાવ્યા છીએ, અને એ સ્વરાજ તે લોકશાહી સ્વરૂપનું સ્વરાજ્ય છે. આ એ હકીકત આપણી સામે છે.

લોકશાહીમાં આપણે ઘણા ફેરફારો કર્યા છે. ધ્વજ બદલ્યો છે, રાજ્યવહીવટની ભાષા બદલી રહ્યા છીએ, અર્થરચના બદલવાનાં પગલાં લઈ રહ્યા છીએ ને તે તદ્દન બંધબેસતું છે. જે વસ્તુ સામ્રાજ્યમાં શોભે તે સ્વરાજ્યમાં ન શોભે. ઉનાળાનાં કપડાં શિયાળામાં ન ચાલે; તેને બદલવાં જ રહ્યાં. આ જ રીતે આપણે લોકશાહી લાવ્યા પછી કેળવણી પણ બદલવી રહી. દુર્ભાગ્યે તે વિષે આપણે ત્યાં ઓછું કામ થયું છે. મોટા બંધો આપણે બાંધ્યા છે, ને બાંધીએ છીએ; તે જરૂરી છે. પણ લોકોના મનમાં થતું ઘોવાણ, તેમાંથી નિરર્થક વહી જતી શક્તિ, તેને સંધરવા માટે આપણે કેળવણીના ક્ષેત્રમાં કોઈ બંધ–યોજના વિચારવી જોઇએ.

નઈ તાલીમ તેવી એક યોજના છે, કેવી કેળવણી લોકશાહી સાથે બંધબેસતી થાય ? અબ્રહેમ લિંકને લોકશાહીની પ્રસિદ્ધ વ્યાખ્યા આપી છે:—લોકો માટે, લોકો દ્વારા ને લોકોનું રાજ્ય તે લોકશાહી. આપણી કેળવણી લોકોની કેળવણી છે ખરી ? લોકો માટે છે ખરી ? લોકો ખાણોમાં, ખેતરોમાં કામ કરે છે, ગામડાંમાં વસે છે. આપણે બધા જે પાઠયપુસ્તકો દ્વારા ભણી ગયા છીએ, જે રીતે ભણીએ છીએ, તેમાં લોકોના આવા જીવનનો પડઘો છે ખરો ? તેમના આ જીવનનો કોઈ સ્પર્શ ભણતર દરમિયાન થાય છે ખરો ? પાઠયપુસ્તકોમાં કેટલા પાઠો ખેતીના હોય છે ? કેટલા ગોપાલનના હોય છે ? સમયપત્રકમાંથી કેટલો વખત લોકોના જીવન અંગે ઊભા થતા કોયડાઓ જોવા, તપાસવા ને સમજવા માટે આપવામાં આવે છે ? તટસ્થ રીતે જોઇએ તો ચાલુ કેળવણી તે લોકશાહીની કેળવણી નથી પણ લોકવિમુખ કેળવણી છે; કારણ કે તેમાં લોક અને તેના જીવનને સ્થાન નથી. દાખલા તરીકે લોકોનું જીવન એક યા બીજા પ્રકારના સમાજોપયોગી શ્રમમાં વીતે છે. વણથંભ્યા આ સમાજોપયોગી પરિશ્રમ સિવાય સંસ્કૃતિ ટકવી પણ શક્ય નથી. છતાં બાળક જ્યારે આપણી શાળામાં દાખલ થાય છે ત્યારે પહેલું સૂચન તેને શું થાય છે ? "અદબ પસોંઠી વાળીને બેસો." માણસ હાથપગ હલાવતો હોય, પ્રવૃત્તિમગ્ન હોય છતાં શાંતિ ને વ્યવસ્થા હોય તે કલ્પના જ આપણા મનમાં વળતી નથી. આથી બાળક દાખલ થાય ત્યારથી અદબ પસોંઠી વાળીને બેસવાનો કાર્યક્રમ શરૂ થાય છે, ને જો તે નબીરાદાર હોય તો તેમાંથી સાત વર્ષે છૂટે છે, ને કમનસીબ હોય તો બારતેર વર્ષે. આવ્યો હોય ત્યારે શેરીમાં રમતો હોય, ઝાડે ચડતોપડતો હોય; ઢોર ચારવા જતો હોય–ડૂંડાણમાં તે હાથપગ હલાવવામાં આનંદ માનતો હોય છે. સાત કે દસ વર્ષ સુધી તેને તે ચલાવવાની બંધી કરવામાં આવે છે; એટલું જ નહીં પણ એવા ખાસ સંસ્કાર આપણે તેને આપીએ છીએ કે જેમ હાથપગ ચલાવવાનું ઓછું તેમ સંસ્કારિતા વધારે. ભણેલા માણસની આપણી વ્યાખ્યા આ સિવાય બીજી શી છે ? ભણેલાનો આજનો વ્યવહાર પણ બીજે શો છે ? જેમ ભણતર વધારે તેમ પગાર ને પ્રતિષ્ઠા વધારે અને કામ ઓછું; જેમ ભણતર ઓછું તેમ કામ વધારે, વેતન અને પ્રતિષ્ઠા ઓછાં. આ શું હકીકત નથી ?

આપણી પ્રાચીન સંસ્કૃતિ જેનું આપણે ગૌરવ કરીએ છીએ તેમાં તો વિદ્વાનો ઋષિઓ કહેવાતા ને તેઓ ઝૂપડાંમાં રહેતા ને ગોપાલન કરતા, વેદમંત્રો ભણાવતા. મારું નમ્ર મંતવ્ય છે કે લોકશાહીના નામ વગરની પણ એ કેળવણી લોકશાહીને અનુકૂળ હતી. કારણ કે લોકશાહીમાં સૌથી વ્યાપક ગુણ જોઇએ છે તે લોકાનુસંધાન. લોકનાં સુખદુઃખનાં સંવેદનો અનુભવવાની ક્ષમતા હરેક નાગરિકને લોકશાહીની કેળવણીમાં અપાવી જોઇએ, તો જ લોકશાહી સાચી બને, ને તો જ તે આફતો સામે ટકી શકે.

શ્રીકૃષ્ણ એ પ્રાચીન યુગના લોકમાન્ય હતા. લોકોએ તેમને અવતારી પુરૂષ કહ્યા, કારણ કે તેમણે જીવનભર લોકોનો પક્ષ લીધો; નિરાધાર, અનાથ અને અન્યાયપીડિતોનું તેઓ આશ્રયસ્થાન હતા; દ્રૌપદીની પ્રાર્થનામાં તેની સાહેદી પડી છે; ખુદ પોતાના પાંચે પતિનો આધાર પણ ગયો ત્યારે તેણે આર્તસ્વરે કોને ધા નાખી ?

> गोविंद द्वारिकावासिन् कृष्ण गोपीजनप्रिय ।
> कौरवैः परिभूतां मांकिम् न जानासि केशव ॥

ને ખરે જ શ્રીકૃષ્ણ દ્રૌપદીની વહારે ધાયા.

પણ શ્રીકૃષ્ણમાં જનસામાન્યનાં સુખદુઃખ અનુભવવાની આ સંવેદનશીલતા ક્યાંથી આવી ?

ભગવાન વ્યાસે તેનું મૂળ પણ તેમનું બાળપણ ચીતરીને બતાવી દીધું છે. શ્રીકૃષ્ણે બાળપણ ગોવાળો, ગોપીઓ ને ગાયો સાથે ગાળ્યું હતું, ગાયો ચારી હતી, છાશ ધુમાવી હતી, ને છાણવાસિદું કર્યું હતું. ટોલ્સ્ટોયની ભાષામાં કહું તો હાથે આંટણ પડવા દીધાં હતાં, તેથી પથ્થર ફોડનારા, લાકડાં ચીરનારા, ટાઢતાપમાં અધભૂખ્યા રહેનારાનાં સુખદુઃખનો તેમને અનુભવ થતો, ને ગોકુળનું સ્મરણમાત્ર થતાં તેમની આંખો આંસુથી ભરાઈ જતી હતી. પણ શ્રીકૃષ્ણનો દાખલો પુરાણનો લાગે–કવિકલ્પના કહેવાય; જો કે ઉત્તમ કવિઓ આર્ષદ્રષ્ટાઓ હોય છે, પણ તે જવા દઇએ.

ઇતિહાસના દાખલા લઇએ. અમેરિકાની લોકશાહીના ઉત્તમ અંશો આપનાર ત્રણ જણ ગણાય છે: બેન્જામિન ફ્રાંકલિન, જેફરસન અને અબ્રહેમ લિંકન. ફ્રાંકલિન ફ્રેરિયો, બીબાં ગોઠવનારો ને પછી પ્રેસ ચલાવનારો હતો; જેફરસન ખેતીનો શોખીન એલૂત હતો; અબ્રહેમ

લિંકનનું બાળપણ લાકડાં ફાડવામાં વીત્યું હતું. આ ત્રણે જણાએ જે વારસો અમેરિકાને આપ્યો તેના વિના લોકશાહી ઊભી ન થઈ શકત. પણ આ વારસો આપી શકયા તેમાં તેમના નાનપણના, પરસેવાથી પવિત્ર થયેલા જીવનનો મોટો ફાળો છે. સમજપૂર્વકનો શ્રમ કેવળ વસ્તુને જ ઉપજાવતો નથી, પણ શ્રમ કરનારની જોડે પ્રેમની દોરી સાંધે છે. લિંકન આ પ્રેમની સાંકળે શ્રમજીવીઓ સાથે સંકળાયો હતો; એટલે શ્રમના બોજા નીચે પિસાઇ, ગૂંગળાઈ મરતા ગુલામોને મુકત કરવા તેણે જેહાદ મચાવી.—ને તેથી જ પ્રમુખ હોવા છતાં, કાદવમાં ખૂંચી ગયેલ હુક્કરને કાઢતાં ખરડાયેલ લૂગડાં સાથે સેનેટમાં જતાં એ શરમ નહીં પણ ગૌરવ અનુભવતો.

માનસશાસ્ત્રનો એક એવો નિયમ છે કે આપણને જે કામ ગમતાં ન હોય તે કામ કરનારાં પણ આપણને ધીરે ધીરે ગમતાં નથી; અને જે કામો ગમે છે તે કામો કરનારાં પણ ગમે છે. મને જો કાવ્યો ગમતાં હોય તો દીઠ કે અણદીઠ કે કવિઓ પ્રત્યે મને માન-પ્રેમ જન્મે છે. આવી છંદોરચના કરનારા, ગેયકૃતિઓ નિપજાવનારા કેવા મહાન, કેવા બુદ્ધિશાળી, તેમ હું અહોભાવે કહેવાનો. એથી ઊલટ પક્ષે વાળવું, પાણી ભરવું, રાંધવું, એ હલકાં અને અપ્રિય કામો ગણાય છે. એટલે આપણે રસોયા, ભિસ્તી ને સફાઈકામદારો જ નહીં પણ ઘરની સ્ત્રીઓ સુધ્ધાંને હલકી ગણવાની મનોવૃત્તિ ધરાવતા થઈ ગયા છીએ.

આપણે તો બધા શારીરિક શ્રમ તરફ અરુચિ પેદા કરીએ છીએ, શ્રમને હલકો ગણીએ છીએ. તેને પરિણામે શ્રમ કરનારી વિશાળ સંખ્યાને ભણનાર વર્ગ હલકો ગણે છે. રાંચા, ડોબા જેવાં નામો શ્રમજીવીવર્ગને અપાતાં. આજે યુગ બદલ્યો છે. લોકસત્તાનો યુગ એટલે એવાં નામો વાપરવાનું કોઇ યોગ્ય ગણતું નથી; ને તે યોગ્ય જ થયું છે, જે એક દાણામાંથી હજાર દાણા પેદા કરે તેને 'ડોબા' કેમ કહેવાય? પણ મુખ્ય સવાલ ભણનાર અને વિશાળ આમજનતા વચ્ચે દિલનો પ્રેમસંબંધ બંધાય તે છે. દેશનો આ મોટામાં મોટો કાર્યક્રમ છે. આ દેશમાં ઉપલા વર્ગે નીચલા વર્ગ પ્રત્યે સદ્‌ભાવ મોટાભાગે નહોતો રાખ્યો. શૂદ્રો, અનાર્યો, અંત્યજો ને પછાત જાતિઓ તેની સાબિતી છે. ને એનું જ પરિણામ એ આવ્યું છે કે શિવાજી મહારાજનો સમય બાદ કરતાં યુદ્ધ વખતે આ વિશાળ જનતાએ કશા ઉમળકા વિના તટસ્થ રહી ટગર ટગર જોયા કર્યું છે. આપણે હાર્યા છીએ તેનું આ એક મહત્ત્વનું કારણ છે. આ પરિસ્થિતિ બદલવી તે આપણું મોટામાં મોટું કાર્ય છે. ભણતરે આમજનતા તરફ ભણેલાની રુચિ ઉત્પન્ન કરવી જોઇએ, ને તેનું સાધન નાનપણથી જ પરિશ્રમની ઉપયોગિતાના, તેની પ્રતિષ્ઠાના તેને સંસ્કાર મળે તે છે. એ રીતે નઈ તાલીમ એ દેશના સંરક્ષણનો મોટો કાર્યક્રમ છે.

નઈ તાલીમ એમ નથી કહેતી કે દરેક માણસ મોટી ઉંમરે પણ આખો વખત શ્રમ કર્યા જ કરે, શ્રમવિભાગ બિલકુલ હશે જ નહીં. પણ નઈ તાલીમ એટલું જ કહે છે કે મોટી ઉંમરે માણસ ગમે તે કામ કરે; પણ તે કામ કરતાં કરતાં પણ તેના હૃદયનું અનુસંધાન લોકોની સાથે રહ્યા કરે તો જ શ્રમવિભાગ સાર્થક થાય. શ્રમવિભાગનો હેતુ સમાજમાં થોડા માણસોના હાથમાં માલ અને ઘણાના હાથમાં ફોફાં રહે તેવો ન હોય, પણ દરેક માણસ પોતાની જરૂરિયાત મુજબ લે અને શકિત મુજબ આપે તે હોય, તો આવું અનુસંધાન પહેલી શરત છે. આ શરત વિનાનો શ્રમવિભાગ ચાલે છે એટલે તેનો બધો લાભ ઉપલા વર્ગને મળે છે, ને બધો જ ગેરલાભ વિશાળ નીચલા વર્ગના ભાગમાં આવે છે.

પણ નઇ તાલીમ ગમે તે ઉત્પાદક ઉદ્યોગ જ નથી શીખવતી, નઇ તાલીમની વ્યાખ્યા છે "રાષ્ટ્રીય ઉદ્યોગ દ્વારા અનુબંધિત કેળવણી." આમાં કેળવણી પહેલાં ત્રણ શબ્દો છે—રાષ્ટ્રીય, ઉદ્યોગ અને અનુબંધિત. પરિશ્રમનું મહત્વ મેં સમજાવ્યું પણ નઈ તાલીમમાં ગમે તે ઉદ્યોગ ન ચાલી શકે. ચશ્માં બનાવવાં, ઘડિયાળો બનાવવી તે પણ ઉદ્યોગ તો છે જ; પણ તે રાષ્ટ્રના પાયાના કે રાષ્ટ્રવ્યાપી ઉદ્યોગો નથી. આપણે ઉદ્યોગ દ્વારા સૌની સાથે અનુસંધાન થાય ને સાથોસાથ દેશની મહત્વની જરૂરિયાત પૂરી પડે, ને બાળકની સમજમાં ઊતરે તેવો ઉદ્યોગ હોય તેમ ઇચ્છીએ છીએ. એટલે ગાંધીજીએ આ દેશ માટે ખેતી અને ખાદીવિદ્યા બે ઉદ્યોગોને જ નઈ તાલીમના મુખ્ય વાહકો ગણ્યા. કારણ કે તે ઘરેઘરે પથરાયેલા છે.

બીજા વિશ્વયુદ્ધનો એક પ્રસંગ છે. જર્મનો ફ્રાંસની હરોળો તોડી પૂરની જેમ ધસતા હતા. ફ્રાંસની મદદે ગયેલું ઇંગ્લંડનું સૈન્ય ડંકર્ક વિસ્તારમાં ઘેરાયું હતું; ઉપરથી બૉમ્બવર્ષા, ને બન્ને બાજુથી જર્મન પેન્ઝર ટુકડીઓનો સાણસો ને પછવાડે દરિયો: ભારે કટોકટીની પળ હતી; કારણ કે ઇંગ્લંડે તેનું જેટલું સૈન્ય હતું તે, ને જેટલી સામગ્રી હતી તે, બધું ફ્રાંસની મદદે મોકલ્યું હતું. જો તે ઘેરાઈ જાય ને કેદ પકડાય તો ઇંગ્લંડમાં ન રહે સૈન્ય કે ન રહે સામગ્રી. તે સ્થિતિમાં ત્યાંના વડા પ્રધાને રેડિયો પરથી ઇંગ્લંડની પ્રજાને હાકલ કરી કે "આપણું સૈન્ય ડંકર્કમાં ઘેરાતું જાય છે, ગણ્યા કલાકોમાં સાણસો ભિડાઈ જશે. એકલું રાજ્યનું નૌકાસૈન્ય એમને ગણ્યા કલાકોમાં બચાવી શકે તેમ નથી. એટલે હું ઇંગ્લંડના બધા નાગરિકોને અપીલ કરું છું કે આ પળે જેની પાસે વહાણ, હોડી, બતેલા, જે કાંઈ હોય તે ડંકર્ક તરફ ચાલી નીકળો—એક એક માણસના સંયુકત પ્રયાસથી ઇંગ્લંડ આજે બચી શકે તેમ છે." ને ઉત્તર ઇંગ્લંડનાં ગામડાંઓના માછીમારોની હોડીઓ, ને વેપારીઓનાં જહાજો ઇંગ્લંડનાં બંદરોનાં બારામાંથી નીકળી પડયાં. બીજી સૂચના કે બીજા હુકમની કોઇએ રાહ ન જોઈ. ઊધઈના વિશાળ રાફડાના તળિયેથી આકૃત વખતે ઊધઇઓ બહાર નીકળી પડે તેમ દરિયાનાં તોફાની મોજાં પર હોડીઓ તરવા માંડી. આમાં એક નૌકા હતી જે. બી. પ્રીસ્ટલીની. પ્રીસ્ટલી ઇંગ્લંડનો અત્યારનો લેખક. તેની વિહારનૌકા લઇને તે ડંકર્કમાં ઘેરાયેલા સૈનિકોને બચાવવા નીકળી પડેલો. લેખકમાં આ ઇચ્છા અને આ આવડત આવ્યાં કયાંથી? કારણ કે ઇંગ્લંડના લોકોનો રાષ્ટ્રીય ઉદ્યોગ વહાણવટું છે, તે સંસ્કાર તેમને સૌને અપાય છે. રાજાના કુંવરને પણ વહાણના તૂતક સાફ કરવા જવું પડે છે. રાજાના કુંવરે ભલે ખલાસી ન થવાનું હોય, પ્રીસ્ટલીએ ભલે લેખક થવાનું હોય, પણ તેના જીવનનો અમુક કાળ બોટમાં વસતી ને વ્યાપાર પર નભતી પ્રજાના રાષ્ટ્રીય ઉદ્યોગ વહાણવટામાં આપવો જ જોઇએ! આને હું અલબત્ત નઈ તાલીમ નથી કહેતો, નઈ તાલીમના રહસ્યને પ્રગટ કરનારો કિસ્સો કહું છું. ગાંધીજી નઈ તાલીમ દ્વારા આ રહસ્ય પદ્ધતિસર ને સમયસર મળે તેમ કહે છે.

નઈ તાલીમમાં રાષ્ટ્રીય અને ઉદ્યોગ એ શબ્દોનું મહત્ત્વ શું છે તે આપણે જોયું, હવે અનુબંધિત શબ્દનો અર્થ સમજવા કોશિશ કરીએ.

અનુબંધનો અર્થ થાય છે જોડાણ. આપણે જે કામ કરીએ છીએ તેની ત્રણ બાજુએ અસરો થાય છે, ને બીજી બાજુથી એ ત્રણે બાજુઓ આપણા ભવિષ્યના કર્મ પર અસર કરે છે. આ ત્રણ બાજુઓ એટલે કામ કરનાર પોતે, તેની આજુબાજુનો સમાજ અને તેની આજુબાજુની પ્રકૃતિ. હરકોઈ કર્મ તેના કર્તાના ચિત્ત પર કાંઇક અસર ઊભી કરે છે, તેવી જ આજુબાજુના સમાજ પર અનુકૂળ કે પ્રતિકૂળ અસર ઊભી કરે છે, તેમ જ સમગ્ર જડ પ્રકૃતિ, જેના પર કે જેની મદદ વડે માણસ કામ કરે છે તેના પર કાંઇક અસર કરે છે. દા. ત. કોલસાની ખાણનો કોલસો ખોદનાર જે ક્રિયા કરે તેની અસર તેના મન પર, તેના સમાજ પર ને ખાણની ધરતી પર થાય છે.

જેને આપણે જ્ઞાન કહીએ છીએ તે આજે આ ત્રણે વારતવિક અસરોને ધ્યાન આપીને અપાતું નથી; મોટે ભાગે એકાંગી, એકમુખી ને એકાગ્ર હોય છે. આને પરિણામે લેનારને યથાર્થ જ્ઞાનપ્રાપ્તિ થતી નથી; રૂપ જોઇને કન્યા શોધનાર ગુણ ને સ્વાસ્થ્યની તપાસ ન કરવા માટે પાછળથી ઘણી વાર પસ્તાતા દેખાય છે. તેમ વર્તમાન વિદ્યા મેળવનારાઓનું થાય છે. વર્તમાનયુગ 'સ્પેશલિઝેશન'નો ગણાય છે; ને તે માટે વર્તમાનયુગ હમણાં સુધી ગૌરવ લેતો હતો. પણ તેનું ગૌરવ જ તેની આકૃત, ને કાંઇક અંશે કલંક પણ નીવડેલ છે. આણુ-

વિજ્ઞાનની પ્રયોગશાળામાં જઇએ ને કોઇકે વૈજ્ઞાનિકને પૂછીએ કે તમે આ કરી રહ્યા છો તેનું સમગ્ર અનુસંધાન આપશો? તો એ મોટે ભાગે કહેવાનો કે હું મારા ભાગ પૂરતું જાણું છું, બાકીના મંકોડાની મને જાણ નથી. આજે તો સ્પેશલિસ્ટ એટલે સંકુચિત એવો અર્થ છે; શરીરમાં લોહી, મળ, મૂત્ર, કફ, શ્વાસક્રિયા ઘણું જ છે; પણ હવે કોઈ માંદો પડે તો એક ડાકતર તેને માટે પૂરતો નથી. હરેક તપાસ અલગ અલગ થાય છે, ને તપાસ કરનારને સમગ્ર માણસનો, કે સમગ્ર માનવદેહનો અભ્યાસ હોતો નથી. આને પરિણામે જ્ઞાન એ જ્ઞાન રહેતું નથી. કારણ કે ગીતાએ જ્ઞાનની વ્યાખ્યા જ અવિભક્તં વિભક્તેષુ—જે અલગ અલગ દેખાય છે, તેમાં છૂટા મણકાની વચ્ચે જે તાર પરોવવાનો છે તેને શોધવું, તેને જાણવું તે પ્રક્રિયાને, તેની સિદ્ધિ તે જ જ્ઞાન એવી કરેલ છે.

વર્તમાન જગતમાં આનો ભારે અભાવ છે. તેથી જ અણુશસ્ત્રનો શોધનાર વૈજ્ઞાનિક, બૉમ્બ ફેંકનાર વિમાની, ખૂન કરાવનાર જાસૂસ—બધા જ ઠંડે પેટે પોતાનું કામ કરી શકે છે. "અમે તેમાં શું જાણીએ? અમને અમારા ક્ષેત્રની વાત પૂછો."—જાણે કે તેઓ નાગરિક નથી, કે નથી તેઓ કલ્યાણના શોધક માનવો, કે નથી તેમની કશી જવાબદારી!

લશ્કરમાં જ્યારે દુશ્મન ઉપર હુમલો થાય છે ત્યારે મદદ માટે જમણી અને ડાબી બાજુ હરોળો હોય છે; પણ કોઇ પણ હરોળને બીજી બે હરોળને લક્ષમાં રાખ્યા સિવાય આગળ જવાની રજા મળતી નથી. ને તે છતાં એકાદ હરોળ જો દુશ્મનદળમાં ઊંડે ઘૂસી જાય તો શરૂઆતમાં જે વિજય લાગે છે તે અંતે પરાજયમાં પરિણામે છે. કારણ કે દુશ્મનો તેને ઘેરી લઈ શકે છે. માનવસંસ્કૃતિમાં પણ તેની એક હરોળ—સ્પેશલિઝેશન—ઘણી આગળ વધી ગઈ છે, ને તે ઘેરાઇને નાશ પામવાની અણી પર છે. ગઈ કાલની ઘડી સુધી કહેવાતું કે સસ્તું ઉત્પાદન તે જ શ્રેષ્ટ ઉત્પાદન છે. વધારેમાં વધારે નિર્બંધ વેપારસ્વાતંત્ર્ય, તે જ શ્રેષ્ઠ સ્વાતંત્ર્ય. પણ એકાદ રસ્કિન કે એકાદ ગાંધીએ આપણને બતાવ્યું કે મકાન બળી ગયા પછીના કોલસા સસ્તામાં સસ્તા હોય છે, ને નિર્બંધ વેપારસ્વાતંત્ર્ય તે જ સામ્રાજ્યવાદને જન્મ આપે છે.

આનો ઉપાય છે અનુબંધિત જ્ઞાન. હરેક પ્રક્રિયાના એક જ દિશાના પરિણામ તરફ ન જોવું પણ બાકીની બંને દિશાઓ પૈણ સાથે જોઇને તેમાં પણ પ્રગતિ લાગે તો જ તે સાચી પ્રગતિ માનવી. ઔરંગઝેબે એના પિતાને કેદ કરી દિલ્હીની ગાદી મેળવી ત્યારે પ્રત્યક્ષ રીતે તેણે માન્યું કે છળકપટ દ્વારા વિજય મેળવાય છે, પણ તેણે તે વખતે જોયું નહીં કે તેના દીકરાઓ તેની આ વર્તણૂકમાંથી બોધપાઠ લઈ રહ્યા છે, ને એણે એવો વખત જોયો કે તેના દીકરાઓએ તેની સામે બંડ ઉઠાવ્યું; ને પોતે કયારે પકડાઈ જશે તે બીકમાં તેણે વર્ષો વિતાવ્યાં. તેણે જે સામ્રાજ્ય બાંધ્યું તે બીજી ક્ષણે જ તૂટી પડયું.

સમાજ, પ્રકૃતિ ને આપણું ચિત્ત એ ત્રણે ય રત્નો છે; તે ત્રણે જતનપૂર્વક સંભાળવાં જોઇએ.

મને એક કિસ્સો યાદ આવે છે. મારા એક ભાવિક ખેડૂતમિત્રને હું પૂછતો હતો—૧૯૪૦ની વાત છે—"તમે કેટલી રાઇ વાવી છે?" તે કહે, "હું વાવતો નથી." મેં કહ્યું, "કેમ? રાઇના ભાવ તો બહુ ઊંચા છે." એ કહે, "હા, પણ રાઇ પરદેશ જાય છે, ત્યાં તેનું તેલ કાઢી બૉમ્બ બનાવાય છે એમ છાપાંમાં વાંચ્યું એટલે રાઈ વાવવાનું માંડી વાળ્યું." તે ખેડૂતભાઈ બહુ ભણેલા ન હતા, પણ તે જ્ઞાની હતા.

નઈ તાલીમ જ્યારે અનુબંધ સાથે જ્ઞાન આપવું તેમ કહે છે ત્યારે તે દુનિયાની એક ભારે મોટી ખામી દૂર કરવાનો ઈરાદો રાખે છે.

જાગૃત નાગરિક તરીકે નઈ તાલીમને એક વ્યવહારુ ઉકેલ તરીકે પણ આપણે વિચારવી પડશે.

આપણે સૌ જાણીએ છીએ કે આપણે આવતા દસ વર્ષમાં (હવે આઠ રહ્યાં) કેળવણી સાર્વત્રિક અને ફરજિયાત કરવાની પ્રતિજ્ઞા લીધી છે, ને તે ભારે મોટો સંકલ્પ છે. પણ આપણે સાથોસાથ એ વિચારી લેવું જોઇએ કે આપણે કયા પ્રકારની તાલીમ સાર્વત્રિક ને ફરજિયાત કરવા માગીએ છીએ? આજે તો બેઠાડુ કેળવણી અપાય છે. તેને પરિણામે માણસ ઓછો મહેનતુ ને વધારે ખરચાળ થાય છે તે હકીકત છે. હવે જો આપણે ચાલુ કેળવણી ફરજિયાત કરશું તો જે ૮૬ ટકા લોકો ભણતા નથી પણ ઢોર ચારવા, નીંદવા, પારવવા ને બીજાં કામે જાય છે, તે બધા પણ ભણવા આવશે. તે ભણતરમાંથી શા સંસ્કાર મેળવશે? લૂગડે ડાઘ ન પડે તેવું જીવન ગાળીએ તો સંસ્કારી કહેવાઇએ. સાત વર્ષ સુધી આ સંસ્કાર મેળવ્યા પછી જ્યારે તે બહાર જશે ત્યારે છાણ-વાસીદું, નીરણ-પાણી, ગોડની દામણ તેને ગમશે? તે તો કહેશે, "અમને અમારા લાયકનું કામ આપો." અંગ્રેજો તો ડાહ્યા હતા કે આ દેશમાં જેટલો મધ્યમવર્ગ—એટલે કારકુનો, દલ્લાલો, વેપારીઓ—જરૂરી હતો તેટલા ટકાને ભણાવતા; છેલ્લે આપણે ત્યાં ૧૦—૧૧ ટકા ભણેલા હતા; ને મધ્યમવર્ગની સંખ્યા પણ તેટલી જ હતી. એટલે માંગને જોઇને જથ્થો નિર્માણ થયો હતો. પણ અહીં તો આપણે સો ટકાને મધ્યમવર્ગની કેળવણી આપીએ છીએ; ને ૧૦૦ ટકા માટે તેવી જગ્યાઓ નથી. તે બધાં કહેશે કે, "અમે ખાણોમાં, ખેતરોમાં, ઝૂંપડામાં કામ કરતા હતાં. અમને ત્યાંથી તમે લઈ આવ્યા; માત્ર સાક્ષરીજ્ઞાન આપી તે તરફની રુચિ ટાળી નાખી; નવી જ જાતની રુચિ કેળવી. હવે તમે અમને બેઠાડુ કામો આપી શકતા નથી, તે અમને અન્યાય થાય છે."

લોકશાહીમાં તો સૌને એવી રીતે કેળવવા જોઇએ કે સૌને સમાજને ટકાવી રાખનારા મૂળભૂત ધંધાઓમાં રસ રહે, તેમ જ તેમાં સંશોધન કરે, તેનું પૂરું મૂલ્ય મેળવે, ને પૂરા જિગરથી કામ કરી પોતાના અને સૌના સુખસંતોષમાં ઉમેરો કરે. મોટા ભાગની જનતાને પોતાના કામમાં રસ ન રહે તેવી વૃત્તિ ઊભી કરનારી કેળવણી સમાજના પાયાને ઉખેડી નાખનારી કેળવણી છે.

નઈ તાલીમ પરિશ્રમ—ને ખાસ કરીને સમાજોપયોગી પરિશ્રમ—તે ઉમદા કામગીરી છે તેવા સંસ્કાર હરેક નાગરિકમાં આપવા જરૂરી ગણે છે. ને આ સમાજોપયોગી પરિશ્રમ રાષ્ટ્રવ્યાપી ઉદ્યોગ હોય તે અનિવાર્ય ગણે છે. કારણ કે તે કેળવનારને કેળવણીનાં સાધન વડે જનસામાન્યનાં સુખદુઃખો સાથે સંલગ્ન કરવા ધરે છે; એટલું જ નહીં પણ તે કેળવણી અનુબંધ દૃષ્ટિથી આપી તે વિશ્વ સાથે પણ સંલગ્ન થાય તેવું કરી આપે છે.

આ અર્થમાં નઈ તાલીમ તે આપણો ઉમદામાં ઉમદા ને પ્રથમનો એક કાર્યક્રમ છે. **મનુભાઈ પંચોળી**

## આજની સ્ત્રીઓની વેશભૂષા અને શરીરભૂષા

તા. ૨૧-૫-૫૫ ના હરિજનબંધુમાં નીચે મુજબનો તેના તંત્રી ઉપર લેખાયલો એક પત્ર પ્રગટ થયો છે:—

"૧૭—૧૮ વર્ષ પ્રહેલાંની વાત છે. હું ત્યારે પૂર્વ આફ્રિકામાં હતો. લંડનમાં સ્ત્રીઓએ બ્લાઉઝ કે ફ્રોકની બાંયો ઉંચી પહેરવાની શરૂઆત કરી તે ત્યાં જઇને અટકી કે સ્ત્રીઓ બ્લાઉઝ કે ફ્રોક બાંયો વગરનાં પહેરવા લાગી! ત્યાંના કોર્ટકે છાપાએ આનો વિરોધ કર્યો, અને એ વિરોધના લેખ વધવા લાગ્યા. છેવટે સ્ત્રીઓએ બાંય વગરનાં બ્લાઉઝ બંધ કર્યા અને મોટે ભાગે કોણી સુધીના બ્લાઉઝ પહેરાવા લાગ્યાં. જો કે અત્યારે પણ ત્યાં એવા પોશાક પણ છે કે જેને મર્યાદિત નહીં કહેવાય. પણ સમાજની મર્યાદાની અને જાહેર નીતિમત્તાની જાળવણી કરવા માટે ત્યાં અમુક વર્ગ જાગૃત છે.

"હું હમણાં મુંબઈ હતો ત્યારે મેં જોયું કે, હમણાં હમણાં શહેરોમાં આપણે ત્યાં સ્ત્રીઓએ પોશાકમાં એવાં પરિવર્તનો કરવા માંડયાં છે કે જેને શિષ્ટતા કે સંસ્કારિતાનું રક્ષણ કરનારા પોશાક ન કહી શકાય. આવાં વેશપરિવર્તનો સમાજને હાનિકર્તા છે એવી ફરિયાદ કરનારૂં પણ જાણે કોઇ નથી.

"આપનું ધ્યાન નીચેના દાખલા તરફ ખેંચવાનું મન થાય છે.

"૧. ભારતમાં સ્ત્રીઓ પોતાની છાતી ઢાંકવામાં પોતાની આબરૂ ઢાંકી બરાબર ગણે છે; જ્યારે અત્યારે શહેરોમાં તેને કૃત્રિમ રીતે ઉપસાવી તેનું પ્રદર્શન કરવામાં આવે છે. સ્તનપ્રદેશ ઉપસાવેલો દેખાડનારી ખાસ ભોડિસો આવે છે. આમાં નવાઇની વાત એ છે કે, શિષ્ટ

સમાજના સ્તંભ જેવા ગણાતા પણ આવા પોશાકો પહેરે છે અને તેમાં પોતાને સંસ્કારી ગણાવે છે. પોતાની વહુદીકરીઓ આવો પોશાક પેહેરે તેમાં કોઇ પ્રતિષ્ઠિતો (?) ને હરકત નથી આવતી.

"૨. આંટલું અધુરું હોય તેમ આવી બૉડીસો પર આરપાર જોઈ શકાય તેવાં પાતળાં બ્લાઉઝ પહેરવામાં આવે છે.

"૩. હમણાં એક વિશિષ્ટ પ્રયોગ પાછો ઉપડ્યો છે. સિનેમા દ્વારા પ્રચલિત થયેલ આ ફેશન ભારે પ્રચાર પામી છે. સ્તન ઢાંકયા સુધીનાં બ્લાઉઝ પહેરવાનું હમણાં શરૂ થયું છે. આવાં બ્લાઉઝ પહેરવાથી પેટનો ભાગ ખુલ્લો રહે છે. આવો પોશાક હવે મુંબઈમાં તો સામાન્ય થઈ પડ્યો છે."

સ્ત્રીઓના પહેરવેશમાં કાળે કાળે એટલા બધા ફેરફારો થતા આવ્યા છે કે કયો પહેરવેશ મર્યાદિત અને કયો અમર્યાદિત તેનો એકાન્ત નિર્ણય કરવો બહુ મુસ્કેલ છે. અજન્ટાનાં ચિત્રો જે કાળનાં છે એટલે આજથી ૧૦૦૦–૧૨૦૦ વર્ષ પહેલાં સ્ત્રીઓ માત્ર ઉત્તરીય વસ્ત્ર પહેરતી અને ઉપરનો ભાગ સાવ ખુલ્લો રાખતી. ત્યાર પછી કાપડું આવ્યું, સાડી આવી, બાંયવાળા અને બાંયવિનાના બ્લાઉઝ આવ્યા અને ચોળી આવી. આમ કપડાની અને પહેરવેશની ફેશનમાં તરેહ તરેહના ફેરફારો થતા રહ્યા છે, એમ છતાં આ બાબત વિષે શિષ્ટ સમાજ પાસે સ્પષ્ટ અસ્પષ્ટ એવા અમુક ખ્યાલો અથવા તો ધોરણ હોય જ છે, જો કે આ ખ્યાલો અને ધોરણ પણ કાળે કાળે અમુક અંશે બદલાતા જાય છે. વર્તમાન કાળની ફેશનોની ચર્ચા વર્તમાન ખ્યાલો અને ધોરણ સ્વીકારીને જ આપણે કરી શકીએ.

આ ધોરણ તારવવા માટે આપણે સ્ત્રી સમાજને બે વિભાગમાં વિભાજિત કરવો પડશે. (૧) શીલ અને લજ્જાનો ચોક્કસ આગ્રહ ધરાવતો સ્ત્રીવર્ગ અને (૨) શીલ તેમ જ લજ્જાની ઉપેક્ષા કરીને વિચરતો સ્ત્રીવર્ગ. બીજા વિભાગમાં વેશ્યાગણ અને હલકી કોટિની સીનેમા નટીઓનો સમાવેશ કરવો ઉચિત છે. પ્રથમ વર્ગના બહોળા સ્ત્રીસમુદાયની અપેક્ષાએ બીજો વર્ગ નાનો અને અપવાદરૂપ હોવાનો. આ પ્રત્યેક વર્ગની ભિન્ન ભિન્ન ખાસિયતો જોવામાં આવે છે. પહેલા વર્ગની એ ખાસિયત હોય છે કે ફેશનો ગમે તેટલી બદલાય અને તદ્નુસાર તેની વેશભૂષા પણ બદલાતી ચાલે એમ છતાં પણ તેનું સ્વાભાવિક વળણ સાધારણ રીતે અંગઉપાંગના વિગોપન તરફ જ રહેવાનું અને સામાન્ય સમાજ ઉપર તેના વિષે સૌમ્ય છાપ પડે તેવી તેની બધી રીતભાત અને વેશભૂષા હોવાની. બીજો વર્ગ વસ્ત્રપરિધાનની ચાલુ સભ્યતાને વળગી રહેવા છતાં પોતાનાં અંગઉપાંગ અને તેટલાં વધારે દેખાડવા તરફ જ તેનો ઝોક રહેવાનો, કૃત્રિમ ઉપાયો અને સાધનો વડે પોતાનામાં જે રૂપ ન હોય એવું રૂપ દેખાડવાનો તેનો પ્રયત્ન રહેવાનો અને અન્ય જનોના દિલમાં રહેલી કામવૃત્તિને બહેકાવવાના હેતુપૂર્વકની તેની બધી રહેણીકરણી હોવાની.

ઉપરના વિચારને બીજી રીતે મૂકીએ તો દરેક સ્ત્રી પોતાને શરીર અને મુખાકૃતિનું જે રૂપ મળેલ છે તે પોતાના સમાજ સમક્ષ સુન્દર રીતે રજુ થાય એમ જરૂર ઇચ્છે છે અને તેહેતુ તે બને તેટલી સ્વચ્છ રહે છે, સુઘડ બને છે, તરેહ તરેહનાં વસ્ત્રો સજે છે, વાળને સુન્દર રીતે સજાવે છે, અને ભાતભાતનાં આભૂષણો પણ પહેરે છે એટલું જ નહિ પણ કદિ કદિ રૂપવર્ધક કૃત્રિમ સાધનોનું અવલંબન લેવા લલચાય છે. અને એમ છતાં પોતે આછકલી ન દેખાય એની તે સતત ચિન્તા સેવે છે અને અંગસુશોભન, વસ્ત્રપરિધાન, આભૂષણધારણ વગેરે બાબતોમાં ચોક્કસ પ્રકારની મર્યાદાઓને તે સભાનપણે–સમજણપૂર્વક–સ્વીકારે છે. આ જો બરોબર હોય તો કોઇ પણ નવી ફેશન શરૂ થઇ કે સ્થિતિચુસ્તો માફક આપણે ભડકી ઉઠીએ અને સ્ત્રી જાતિની લજ્જા અને શીલ જોખમમાં આવી પડ્યા છે એવો પોકાર ઉઠાવીએ તે બરોબર નથી. સ્ત્રીમાનસમાં એક એવી ધૃતિ છે કે જે આવી ભડકાવનારી ફેશનો સામે પણ તેના સ્વત્વને ટકાવી રાખવામાં બહુ મદદરૂપ બને છે એ આપણે ન ભૂલીએ.

આમ છતાં પણ આજની સ્ત્રીઓની વેશભૂષા અને શરીરભૂષા અંગે બે ત્રણ બાબતો તરફ ખાસ ધ્યાન ખેંચવાની જરૂર લાગે છે. એક તો સ્ત્રીસમાજના ઉપર જે બે ભાગ દર્શાવવામાં આવ્યા છે અને એ બે ને જુદા પાડતી એવી આછકલાપણાની વૃત્તિનું જે સૂચન કરવામાં આવ્યું તે તરફ આજના સ્ત્રીસમાજે અથવા તો તે સમાજની આગ્રણી બહેનોએ પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કરવાની જરૂર છે.

આપણા સમાજમાં એક કાળે કુળવાન અને શ્રીમાન ગૃહિણીઓ વેશભૂષા અને શરીરભૂષા અંગે નવી નવી ફેશનોનું નિર્માણ કરતી હતી. આ ગૃહિણીઓ શ્રીમાન હોવા છતાં તેમના ઉપર આપણા દેશની સભ્યતા અને સંસ્કૃતિને અનુરૂપ શીલ, લજ્જા અને મર્યાદાના ચોક્કસ સંસ્કારો હતા. ભૂતકાળનો ભવ્ય વારસો તેમને મળેલો હતો. તેથી તેમનાથી પ્રચાર પામતી સૌન્દર્યલક્ષી નવી નવી ફેશનો ઉપર પણ આ લજ્જામર્યાદાની ઘેરી છાપ પડેલી જોવામાં આવતી. આ ગૃહિણીઓનું સ્થાન આજની સીનેમા નટીઓએ લીધું છે. તેમણે ભૂતકાળની સભ્યતાના ઘણાખરા ખ્યાલોને તિલાંજલિ આપેલી હોય છે. તેઓ મોટા ભાગે પશ્ચિમનું અને અમેરિકાના હોલીવુડનું અનુકરણ કરતી હોય છે. આ સીનેમાનટીઓ આજની ફેશનોની નિર્માતા બની છે અને તેથી આજની સ્ત્રીની વેશભૂષા અને શરીરભૂષા આછકલાપણા તરફ વધારે ને વધારે ઢળતી દેખાય છે. ઉપર જણાવેલ સ્ત્રીપ્રકૃતિમાં રહેલી ધૃતિ પણ, તેને પ્રતિકુળ રહેલી રહેણીકરણી જો વધતી જ ચાલે તો તે ક્યાં સુધી ટકી શકે? આજની વેશભૂષા અને શરીરભૂષામાં પ્રગટ થતો રૂપપ્રદર્શનનો અત્યન્ત મોહ અને આછકલા બનવાની અને દેખાવાની ઘેલછા સ્ત્રી સમાજ માટે શોભારૂપ ગણાતા લજ્જા અને શીલ માટે બહુ મોટાં ભયસ્થાનો છે એ આજના સ્ત્રીસમાજે સત્વર સમજી લેવું ઘટે છે.

બીજું રૂપવર્ધક કૃત્રિમ સાધનો વડે પોતે હોય તે કરતાં વધારે રૂપાળાં દેખાવાની ઘેલછા આજના સ્ત્રીમાનસને બહુ મોટા પ્રમાણમાં આવરી રહી છે. આ ઘેલછા ભારે અનર્થજનક છે. આ કૃત્રિમ સાધનોમાં બનાવટી સ્તનો, બનાવટી અંબોડા, લીપસ્ટીક, ફ્યુટેક્સ, પફ પાઉડર વગેરેનો સમાવેશ થાય છે. આ કૃત્રિમ રૂપ ઢાંકયું ઢંકાતું નથી અને ઘણી વખત જોનારના મનમાં અણગમો પેદા કરે છે. આ કૃત્રિમતાની ઉપાસના જીવનનાં અન્ય પાસાઓ ઉપર પણ અનિષ્ટ અસર પાડે છે અને આચારવ્યવહારમાં પણ દંભવૃત્તિ દાખલ થાય છે. તેઓ જરૂર સ્વચ્છ બને, સુઘડ બને, સુઅલંકૃત બને, પણ પોતાનામાં જે નથી તે દેખાડવાનો કદિ પ્રયત્ન ન કરે. ઈશ્વરે રૂપ આપ્યું છે તેથી સંતોષ માનીને તે ઉપર ગીલીટ ચડાવવાનો પ્રયત્ન ન કરે. આખરે Handsome is that handsome does-'જેની રીતભાત અને વર્તન સુંદર છે એ જ ખરેખર સુન્દર છે', એ સૂત્રને તેઓ સદા ધ્યાનમાં રાખે.

ત્રીજું આજની સ્ત્રીઓમાં સુરુચિ કે સુન્દરતાની કશી પણ પરવા વિનાની જે ગતાનુગતિકતા જોવામાં આવે છે તે ભારે શોચનીય છે. આપણને માલુમ છે કે અનેક પ્રકારની વેશપધ્ધતિઓ અને સુશોભનપ્રકારો આજે પ્રચલીત છે પણ તેમાંથી અમુક પધ્ધતિ અને પ્રકાર અમુક ઘાટ યા વર્ણની સ્ત્રીની શોભામાં વૃધ્ધિ કરે છે અને તે જ પધ્ધતિ અને પ્રકાર અન્ય ઘાટ યા વર્ણની સ્ત્રીની શોભા તથા સૌન્દર્યમાં વૃધ્ધિ કરવાને બદલે ક્ષતિ પહોંચાડે છે. દા. ત. આજે ફેશનમાં આવેલ ચોળી જેનું ઉદર સપ્રમાણ હોય તેને ઠીક લાગે છે; જેનું ઉદર મેદથી વધી ગયેલ હોય તે આવી ચોળી પહેરે તો જોનારની જુગુપ્સાનું નિમિત્ત બને છે. શ્યામવર્ણી સ્ત્રી સફેદ વસ્ત્રમાં શોભે છે; રંગબેરંગી વસ્ત્રોમાં વધારે કાળી લાગે છે. ગોરી સ્ત્રી મોઢા ઉપર પ્રમાણમાં પાઉડર લગાડે તો તેની કાન્તિમાં વધારો થાય છે, મોઢાની શામળી ચામડી ઉપર લગાડે તો પાઉડર પાછળની ચામડી જ તેના શ્યામવર્ણની ચાડી ખાય છે. નાની છોકરી બાંયવિનાનું બ્લાઉઝ પહેરે તો આપણને કશું અણજુગતું લાગતું નથી. આધેડ વયની સ્ત્રીના બાંયવિનાના હાથ તોછડા લાગે છે. યુવતીને સુન્દર વસ્ત્રઆભૂષણો સુન્દરતર બનાવે છે. વૃધ્ધા સ્ત્રી વસ્ત્રઆભૂષણનો ભભકો કરે તો "ઘરડી ઘોડી અને લાલ લગામ" માફક સૌ કોઇની આંખે ચડે છે. ગુલાબી હોઠ અને ગુલાબી નખોને લાલ રંગે રંગીને હોઠ તેમ જ નખોની શોભામાં વૃધ્ધિ કરવામાં આવે છે કે ઘટાડો એ એક સવાલ છે. ઇંઢોણી બાંધી હોય તેવા મોટા બનાવટી અંબોડો સમગ્ર મુખાકૃતિ સાથે સંવાદી બનવાને બદલે ઘણીવાર વિસંવાદિતા પેદા કરતો લાગે છે. આ રીતે કેવળ સૌન્દર્યવર્ધક સાધનોનો ઉપયોગ પણ જો સુરુચિ-વિહીન હોય તો સૌન્દર્યને વધારવાને બદલે ક્ષતિ પહોંચાડવામાં જ પરિણમે છે. અમુક પોશાક, અમુક સુશોભન પોતાને ભળે છે કે નહિ તેનો કશો ખ્યાલ રાખ્યા સિવાય પ્રવાહમાં જે કોઇ ફેશન આવી તેને સ્વીકારી લેતી આજની કેટલીક સ્ત્રીઓ સૌન્દર્યપારખુની દૃષ્ટિએ ભારે હાસ્યાસ્પદ ભાસે છે. **પરમાનંદ**

# બાલદીક્ષા અટકાયત બીલ—એક નિવેદન

( મુંબઈની વિધાન પરિષદમાં શ્રી. પ્રભુદાસ ભાલુભાઈ પટવારીએ રજુ કરેલ 'બાળસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ" વિષે વિધાન સભાના મંત્રીએ જૈન સમાજના બહુમાન્ય બે પંડિતો, પંડિત સુખલાલજી અને પંડિત બેચરદાસ જીવરાજ દોશી પાસે તેમના મંતવ્યોની માંગણી કરેલ, એના પ્રત્યુત્તરમાં તેમણે પોતાના વિચારોને સ્પષ્ટપણે અને સચોટ રીતે રજુ કરતું નીચેનું નિવેદન મોકલ્યું છે. તે મનનીય નિવેદન તટસ્થ વિચારસરણી ધરાવની કોઇ પણ વ્યકિત માટે વિચાર—સાધન બને એવું છે તેથી તે શબ્દશઃ નીચે આપ્યું છે. **તંત્રી.** )

નિવેદન. નીચે સહી કરનાર અમે બંને સંયુકતભાવે ભાઈ શ્રી. પ્રભુદાસ પટવારીના બાળસંન્યાસ—દીક્ષા પ્રતિબંધક બિલ અંગે અંમારો વિચાર અને અભિપ્રાય આપના વિચારાર્થે અત્રે રજુ કરીએ છીએ. પ્રથમ જ નમ્રપણે એ જણાવવું યોગ્ય છે કે અનુક્રમે અમારો સાઠ અને પચાસ વર્ષ જેટલો લાંબો સમય ભારતીય ધર્મ—પરંપરાઓના શાસ્ત્રીય પરિશીલનમાં તેમજ અમુક અંશે પ્રત્યક્ષ પરિચયમાં વ્યતીત થયો છે. અત્રે અમે મુખ્યપણે જૈન પરંપરાને લક્ષી કાંઇક કહેવા ધારીએ છીએ. તેમ છતાં ઇતર પરંપરાઓનો જે વિચાર આવશે તે મુખ્ય વસ્તુને સ્પષ્ટ કરવા પૂરતો જ.

ભારતમાં દીક્ષા અને સંન્યાસ ધર્મની પરંપરા બુદ્ધ, મહાવીર પહેલાં ઠીકઠીક લાંબા સમયથી આજ લગી ચાલી આવે છે. વૈદિક પરંપરાની નાની મોટી અનેક શાખાઓ હતી અને આજે પણ છે. તેમાં સંન્યાસ એ સામાજિક જીવનના ચાર આશ્રમ પૈકી છેલ્લો આશ્રમ સ્વીકારાયો છે. જેમ એ આશ્રમની દીક્ષા છે તેમ તે પહેલાના ત્રણ આશ્રમમાં પ્રવેશનારની પણ તે તે ભૂમિકા અનુસારે દીક્ષા મનાયેલી છે, પણ છેલ્લી દીક્ષા જ સંન્યાસ તરીકે સ્થાન પામે છે. એટલે વૈદિક પરંપરાની કોઇ પણ શાખામાં નાની કે અપકવ ઉંમરે સંન્યાસનું વિધાન છે જ નહિ. આમ છતાં વ્યવહારમાં એવું જોવામાં આવ્યું છે કે કોઇ બાવા, અતીત, ઉદાસીન, નિર્મળા આદિ પંથના બાવાઓ નાના બાળકોને ભોળવીને એમને સંન્યાસ—દીક્ષા આપી દે છે. એમ છતાં વૈદિક હિંદુસમાજ બહુ વિશાળ હોવાથી આવી અનિષ્ટ સંન્યાસદીક્ષા થાય તોય બહુ નજરે ચડતી નથી. શ્રી. શંકરાચાર્યની લઘુવયદીક્ષા જાણીતી છે. એ પ્રતિષ્ઠિત પણ છે, પરંતુ એ સુદ્ધાં એક અકસ્માત યા અપવાદરૂપ રહી છે. ખુદ શંકરાચાર્ય પછીના બારસો વર્ષ દરમિયાન તેમની ગાદીએ આવનાર કોઈ એનો લઘુવયસંન્યાસી થયો જ નથી. એટલું જ નહિ, પણ તેમની ગાદીએ આવનાર કે તેમના લખાણોને અમર બનાવનાર અનેક પરિવ્રાજકો અને વિદ્વાનો ગૃહસ્થાશ્રમમાંથી પસાર થયેલા. રામાનુજ, મધ્વ આદિ અન્ય વેદાન્ત—પરંપરાઓમાં પણ કોઈ આચાર્ય એવડી નાની વયે સંન્યસ્ત થયાનો દાખલો નથી, તેથી શંકરાચાર્યના દાખલાને રાજમાર્ગ તરીકે નથી ઇતિહાસમાં સ્થાન કે નથી પ્રત્યક્ષ વ્યવહારમાં સ્થાન.

છેક નાની ઉંમરથી દીક્ષા આપવાની પ્રથા જૈન બૌધ્ધ જેવી શ્રમણપરંપરાઓમાં પ્રથમથી જ ચાલી આવી છે. બૌધ્ધ પરંપરા લઘુવય ઉમેદવારને ભિક્ષુ બનાવે છે, પણ તે આજન્મ ભિક્ષુ પ્રથમથી નથી બનતો પ્રથમ તે સામણેર (Apprentice) બને છે; એટલે ભિક્ષુવેશ લઇ માત્ર અધ્યયન કરે છે. બબ્બે ચાર ચાર વર્ષ પોતાનું ભિક્ષુ જીવન મરજી પડે તો સ્વતંત્રપણે લંબાવ્યે જાય છે. કોઇને લાંબે ગાળે આજન્મ ભિક્ષુપદ લેવાનું મન થાય તો જ અને ત્યારે જ તે એવું પદ સ્વીકારે છે. અન્યથા ગમે ત્યારે વચ્ચેથી કુટુંબમાં પાછો આવે છે, ને સમાજમાં પ્રતિષ્ઠિત જીવન ગાળે છે. અધ્યાપક કૌશાંબીજી એ જ રીતે ભિક્ષુ બની પાછા કુટુંબમાં આવેલા, બ્રહ્મદેશ, સીલોન, ટીબેટ આદિ દેશોમાં લાખોની સંખ્યામાં સામણેર ઉમેદવારો મળી આવે, પણ આજન્મ ભિક્ષુ હોય એવા તો અમુક જ બાકી રહે છે. તેથી બૌધ્ધ પરંપરામાં દંભ કે નૈતિક ગંદવાડને તેવું સ્થાન નથી જેવું જૈનપરંપરામાં છે.

છેક નાની ઉંમરથી દીક્ષા આપવાની પ્રણાલી આજે જૈનપરંપરાના શ્વેતામ્બર મૂર્તિપૂજક અને તેરાપંથી કે જે સ્થાનકવાસી ફિરકાની એક શાખા છે એ બે ફિરકાઓમાં ચાલુ અને જીવતી છે. આ ફિરકાઓનો અમને પ્રત્યક્ષ પરિચય પણ છે. જૈનદીક્ષા એ બૌધ્ધદીક્ષાથી જુદા પ્રકારની છે. તે શરૂઆતથી જ આજન્મ પ્રતિજ્ઞા સાથે જોડાયેલી છે, અને એવી આજન્મ પ્રતિજ્ઞાનું જૈન પરંપરામાં મોટું ગૌરવ છે. વળી આ પ્રતિજ્ઞા બીજી કોઇ પણ પરંપરાની દીક્ષાપ્રતિજ્ઞા કરતાં વધારે ગહન અને કઠણ છે. હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચ મુખ્ય દોષોને મન વચન કે શરીરથી ન સેવવા, ન બીજા પાસે સેવરાવવા કે અન્ય કોઇ આપમેળે સેવતો હોય તો ન તેમાં અનુમોદન આપવું—આટલો વિશાળ અને સૂક્ષ્મ અર્થ એ પ્રતિજ્ઞામાં રહેલો છે. એક તો આજન્મ દીક્ષા અને તે પાછી આવી ગહન, એટલે તેનું ગૌરવ થાય તે સ્વાભાવિક છે; પરંતુ આ ગૌરવમાં જ ઘણાં ભયસ્થાનો રહેલાં છે. કાચી ઉંમરનો ઉમેદવાર આવી ભીષ્મપ્રતિજ્ઞાનો ભાવ સમજી ન શકે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. ઉંમરે પહોંચતાં બાળદીક્ષિતની વાસનાઓ જાગે ત્યારે વિષમ સ્થિતિ ઊભી થાય છે. આજન્મ પ્રતિજ્ઞાને કારણે તે કુટુંબમાં પાછો આવી શકતો નથી, અને આવે તો કોઇ પણ જાતનું સન્માન અનુભવતો નથી. સમાજમાં પણ તેનું બહુ ઉતરતુ સ્થાન રહે છે. ધાર્મિક લેખાતા સદ્‌ગૃહસ્થો અને ધનવાનો પણ એવી કોશિશ કરે છે કે તે પાછો દીક્ષામાં ધકેલાય. ગુરુઓના પેંતરા પણ એ જ દિશામાં હોય છે. એટલે બાળદીક્ષિતો ઉંમરે પહોંચતાં અકલ્પ્ય મૂંઝવણ અનુભવે છે. કોઈ દીક્ષિત વેશમાં રહી દંભી જીવન ગાળે છે તો થોડા બીજા સમાજમાં પાછા ફરી અપ્રતિષ્ઠિત જીવન જીવે છે. અલબત્ત, એમ નથી સમજવાનું કે બધા જ બાળદીક્ષિતો ઉમરે પહોંચતાં આવી જ મુશ્કેલી અનુભવતા હશે. પણ આ મુશ્કેલી એક નક્કર સત્ય છે અને તે અગણ્ય કોટિની નથી.

પાછા ફરવામાં નિરાશ્રયપણું અને પ્રતિષ્ઠાહાનિ દેખીતાં જ છે. આને પરિણામે બાળદીક્ષિતોમાં કેટલીક અસ્વાભાવિક વિકૃતિઓ આવે છે જે દીક્ષાના પ્રાણનો જ નાશ કરે છે. કેટલાક બાળકો અને કુમારો જરા મોટી ઉમરના દીક્ષિતોની વાસનાના ભોગ બને છે. અને તેઓ પાછા ઉંમરે પહોંચતાં તે વાસનાનો ચેપ વિસ્તારી અપ્રાકૃત અનાચારમાં પણ પડે છે. આ ઘૃણાજનક હકીકત અમે માત્ર કલ્પનાથી રજૂ નથી કરતા, પણ એના અનેક દાખલાઓ અમારી સામે છે જેનો પત્રમાં તો વિશેષ ઉલ્લેખ અસ્થાને ગણાય.

વળી, બાળદીક્ષિત કરતાં બાળાદીક્ષિતની સ્થિતિ વધારે કફોડી બને છે. ઉંમરે પહોંચતાં તેનું મન બળવો કરે ત્યારે તે અનેકરીતે સપડાય છે. પુરુષ દૂષિત હોય તો તે ભાગી છૂટે છે; નારીની સ્થિતિ જુદી છે. દોષમાં ભાગીદાર પુરુષ અને પોતે એમ બંનેનું પાપ એ તરુણ દીક્ષિતાને અનુભવવું પડે છે. ઘર અને સમાજમાં પાછું ફરાય નહિ; ફરે તો કોઈ સંધરે નહિ; ગર્ભનિરોધ અને ગર્ભ પાતના માર્ગો ખુલ્લા નહિ અને કયારેક પ્રસૂતિગૃહમાં કોઇ પહોંચી તો પછી પાછળથી એનું જીવન સમાજમાં ધૂળધાણી. આમ છેક લઘુઉમરે દીક્ષા લેવાના અનિષ્ટ પરિણામો એ માત્ર ધર્મસંસ્થા પૂરતા નથી રહેતાં, ગૃહસ્થસમાજમાં પણ પ્રસરે છે અને વિધવાઓ તેમજ કયારેક કયારેક સધવા પણ એ પાશમાં સપડાય છે.

અમે જાણીએ છીએ કે બધાં જ બાળદીક્ષિત કે બાળદીક્ષિતોની આવી સ્થિતિ નથી થતી. તેમાંથી કોઈ કોઈ વિરલા કેટલીક દૃષ્ટિએ સારા અને ભવ્ય પણ પાકે છે; પરંતુ એકંદર બાળદીક્ષાનો ઝોક માઠી અસર જ ઉપજાવે છે. વળી અમારે એ પણ કહેવાનું નથી કે ઉંમરલાયક થઈ દીક્ષા લેનાર બધા સારા પાકે છે. છતાં એટલું તો સત્ય છે કે આવી કોર આજન્મ દીક્ષા લેવા માટે કાંઇક વિચાર કરી શકાય

એવી વયમર્યાદા નક્કી કરવી જ જોઇએ અને અઢાર વર્ષની વયમર્યાદા એ કાંઈ બહુ મોટી નથી.

વળી આ બિલ અઢાર વર્ષ પહેલાં દીક્ષા ઉપર પ્રતિબંધ મુકાવે છે, નહિ કે તેની તૈયારી તેમ જ અનુકૂળ અભ્યાસ ઉપર. એટલે ખરી રીતે કાંઇક સમજણપૂર્વક સાચી દીક્ષા લેવાની તૈયારી માટે પૂરતી તક પૂરી પાડવાની દૃષ્ટિએ આ બિલ ઊલટું દીક્ષાના લાભમાં જ છે. વળી, દીક્ષા એ આધ્યાત્મિક સાધના છે. ગુરુએ અને ઉમેદવારે એવી ઉતાવળ શા માટે કરવી કે જેથી તે અકાળે બંધાઈ જાય? ઉદ્ધાર અને સમજણો ગુરુ કે શ્રાવક તો ઊલટું ધૈર્ય કેળવશે અને ઉમેદવારને ધૈર્ય તેમ જ સમજણ વિકસાવવાની પૂરતી તક આપશે.

આચાર્ય હેમચંદ્રના દાખલાને આગળ ધરવામાં આવે છે. પણ છેલ્લાં આઠસો વર્ષમાં એવો કોઈ હેમચંદ્ર પાક્યો કે નહિ એ કોઈ દર્શાવતું નથી. ઊલટું હેમચંદ્રના દાખલાને આગળ ધરી અપાતી બાળદીક્ષા અને બાળાદીક્ષાને પરિણામે જે સેંકડો અનર્થકારી વિકૃતિઓ પોષાતી રહી છે અને આજે પણ પોષાય છે તેને જાણવા છતાં; ત્યાગી અને અમુક ગૃહસ્થવર્ગ આવરવાનો જ પ્રયત્ન કરે છે. આજન્મ દીક્ષાની પ્રતિજ્ઞામાં બદ્ધ થયા વિના નાની ઉંમરથી કુમાર કે કુમારિકાઓ યોગ્યરીતે ધર્મનું શિક્ષણ અને પરિશીલન કરે; અને જો તેમનામાં પ્રતિભા ખરેખર હશે તો, અઢાર વર્ષે દીક્ષા લેશે ત્યારે પણ ચમકી જ ઊઠવાની.

વળી, ભૂતકાળ અને વર્તમાનકાળ વચ્ચે મોટું અંતર છે. પ્રાચીન કાળમાં જૈન ત્યાગીઓ મુખ્યપણે ગામ કે નગર બહાર ઉપવનમાં ઠહેરતા, જ્યાં મોહક, વાતાવરણ ભાગ્યે જ હોય. આજે તો ગામ ને શહેરની વચ્ચેવચ્ચ એવા મોહક વાતાવરણમાં ભિક્ષુઓ રહે છે કે, તેનું શાન્ત રહેવા સર્જાયેલું મન પણ સરળતાથી ચલિત અને વિકૃત બની જાય છે. તેથી ભૂતકાળના દાખલાઓના આધારે અત્યારે બાળદીક્ષાનો બચાવ કરવો એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ- ભાવના જૈન સિદ્ધાંતનું જ મૂલ્ય ઘટાડવા બરાબર છે.

દીક્ષા એ એક ધાર્મિક જીવન છે કે તે સામાજિક જીવન પણ છે?—આ પ્રશ્ન સામાન્ય રીતે ઘણા લોકોને મૂંઝવણમાં નાખે છે. તેથી એ બાબત પણ અત્રે સ્પષ્ટીકરણ આવશ્યક છે. દીક્ષા એ આધ્યાત્મિક જીવનની એક પ્રક્રિયા છે, કારણ કે તે પૂર્વ જીવન અને ભાવિ મુક્ત જીવનની એક ધારણા ( hypothesis ) ઉપર સ્વીકારવામાં આવે છે. આમ છતાં દીક્ષાનાં ધ્યેયની સાધના એ તો વર્તમાન જીવનની એક વિચારપૂત પ્રક્રિયા છે, અને વર્તમાન જીવન એ સામાજિક જીવનનો એક ભાગ છે. એટલે એક બાજુ જેમ કોઈ પણ સાધક સમાજનું આલંબન છોડીને કે સમાજથી સર્વથા વિમુખ બનીને પોતાની સાધના કરી શકતો નથી તેમ બીજી બાજુ એના સારા-માઠાં જીવનની સારી-માઠી અસરો સમાજને સ્પર્શ્યા વગર રહેતી જ નથી. એટલે દેખીતી રીતે વ્યક્તિગત કે ધાર્મિક લાગતી જે સાધનાની અસર સમાજ ઉપર માઠી પડતી હોય—માઠી પડવા સંભવ હોય—તે સાધનાને કેવળ ધાર્મિક પ્રશ્ન ગણીને તેને જતો ન કરી શકાય; પણ તેને એક અગત્યનો સામાજિક પ્રશ્ન ગણીને તેની તે રીતે વિચારણા કરવી જ ઘટે. આ બાબતનું બીજી રીતે વિશ્લેષણ કરવું હોય તો એમ કહી શકાય કે, દીક્ષા લીધા બાદ આ પ્રશ્ન કદાચ ભલે ધાર્મિક બની જતો હોય, દીક્ષા લીધા પછી એનું એ વ્યક્તિને પોતાને માટે તેમ જ સમાજને માટે, આસપાસના અનેક દાખલાઓ જોતાં, કેવું પરિણામ આવવા સંભવ છે તેમ જ છેવટે એની સમાજજીવન ઉપર કેવી અસર પડવાની છે વગેરે દૃષ્ટિએ વિચારતાં તો આ કેવળ સામાજિક પ્રશ્ન જ છે. એટલે જે વસ્તુની અસર સમાજ ઉપર માઠી પડવાનો સંભવ હોય તેમાંથી સમાજને ઉગારી લેવાને માટે ઘટતા ઉપાયો યોજવા એ સૌથી પહેલાં સમાજવ્યવસ્થાપકોને માટે, અને તેઓ ન સમજે તો છેવટે સરકારને માટે જરૂરી થઈ પડે છે. તેથી આ બધું વિચારીને જ્યારે સરકાર આ બાળસંન્યાસદીક્ષા પ્રતિબંધક ધારો ઘડવા જેવું પગલું ભરે છે ત્યારે તે ધાર્મિક બાબતમાં હસ્તક્ષેપ નથી કરતી, પણ ઊલટું દીક્ષાની આધ્યાત્મિક પવિત્રતાને પોષવાની સાથોસાથ સમાજહિતનું જ કામ કરે છે, અને કલ્યાણરાજ્યની દિશામાં જ એક પગલું આગળ વધે છે.

વળી, આખા દેશનું કલ્યાણ જેના વગર સંભવિત નથી તે રાષ્ટ્રીયતાની ભાવનાની દૃષ્ટિએ પણ આ વસ્તુનો વિચાર કરવા જેવો છે. સામાન્ય રીતે રૂઢિગ્રસ્તપણું એ હમેશાં રાષ્ટ્રિયતાની ભાવનાનું વિરોધી જ રહ્યું છે. અને એમાંથી હમેશાં કટ્ટર સામ્પ્રદાયિકતાનો જ જન્મ થતો રહ્યો છે. અને આ કટ્ટર સામ્પ્રદાયિકતાએ દેશને કેટલું નુકસાન કર્યું છે એના તો આપણા ઇતિહાસમાં અનેક દાખલાઓ મળે છે. આપણી સ્વતંત્રતાની લડત ગાંધીજીની દોરવણી નીચે, બધાય ધર્મોના પ્રાણરૂપ સત્ય અને અહિંસાના આધારે લડવામાં આવી હોવા છતાં, એમાં આપણા ત્યાગીવર્ગે કે સાધુસમુદાયે કેટલો સાથ આપ્યો, અથવા એનું કેટલું સમર્થન કર્યું એ ઇતિહાસ કાંઈ ઊજળો નથી. એટલું જ નહિ પણ આ ત્યાગીવર્ગે મોટે ભાગે તો એનો વિરોધ કે એની નિંદા જ કરી છે. એમણે ગાંધીજીને ઉદ્દેશીને જે લખ્યું છે તે એમના ત્યાગી જીવનને લજવે તેવું પણ છે. આનું મૂળ કારણ કટ્ટર સામ્પ્રદાયિકતા જ છે. અને આવી કટ્ટર સામ્પ્રદાયિકતા સાધુવર્ગમાં અત્યારે પણ સારા પ્રમાણમાં દેખાય છે. તેમાંય જે વ્યક્તિને સાવ નાની ઉંમરમાં દીક્ષા આપવામાં આવી હોય તેની સામે બીજા કોઈ રાષ્ટ્રીય, સામાજિક કે સર્વધર્મસમભાવના વિચારોના બદલે કેવળ પોતાનો સમ્પ્રદાય કે પંથ જ સર્વ શ્રેષ્ઠ હોવાનો કેવળ એકાંગી વિચારો આવતા હોવાને કારણે, તેમજ તેનું અધ્યયન વ્યાપક અને સર્વગ્રાહી બનવાને બદલે, અમુક પંથ પૂરતું જ મર્યાદિત રહેવાને કારણે, અને સંપર્કની દૃષ્ટિએ પણ એને સમાજની કે દેશની જુદી જુદી સુયોગ્ય વ્યક્તિઓનો સંપર્ક થવાને બદલે પોતાના જ પંથની અને તે પણ અમુક જ વ્યક્તિઓનો સંપર્ક થવાને કારણે એનો સર્વાંગીણ વિકાસ ન થતાં એનામાં નરી કટ્ટર સામ્પ્રદાયિકતા જ પોષાય છે. અને તે સમાજ તેમજ દેશના કલ્યાણની દૃષ્ટિએ તેમજ એ વ્યક્તિના પોતાના વિકાસની દૃષ્ટિએ પણ ભારે વિઘાતક છે. એટલે આવા અનિષ્ટમાંથી વ્યક્તિ, સમાજ અને દેશને બચાવી લેવા માટે સરકાર બાલસંન્યાસદીક્ષા પ્રતિબન્ધક ધારો કરે એ સાચી દિશાનું પગલું છે, એમ અમે માનીએ છીએ, અને તેથી એ ધારાને આવકારીએ છીએ.

આ પત્ર વાંચ્યા પછી આપને મનમાં એવું ઊગે કે આ વિશે અમારી સાથે પ્રત્યક્ષ વાતચીત કરવી લાભદાયક છે તો જ્યારે આપ અમદાવાદ પધારો ત્યારે, પ્રથમ સૂચના આપવાથી, અમે આપને મળવામાં સંતોષ અનુભવીશું.

લિ. આપના,

**સુખલાલ સંઘવી**

**બેચરદાસ દોશી**

## સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

**ગયા અંકમાં જણાવ્યા મુજબ ઘણા સભ્યોનાં ગત વર્ષનાં લવાજમો હજુ વસુલ થયા નથી. આ સંબંધે તાજેતરમાં એવા દરેક સભ્યને કાર્ડ લખીને યાદ આપવામાં આવેલ છે. સભ્યોને પોતપોતાનું લવાજમ સંઘના કાર્યાલય ઉપર સત્વર મોકલી આપવા વિનંતિ છે. દરેક સભ્ય પોતાનું લવાજમ વખતસર મોકલી આપશે એ શ્રધ્ધા ઉપર તેમને પ્રબુધ્ધ જીવન મોકલવામાં આવે છે અને સંઘમાં યોજાતા દરેક પ્રસંગે તેમને નિમંત્રણ આપવામાં આવે છે. સભ્ય તરીકેના સર્વ હક્કો તેઓ ભોગવે છે અને લવાજમની આવક ઉપર આધાર રાખીને અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે, જો તેમને સભ્ય તરીકે હવે પછીથી ચાલુ ન રહેવું હોય તો તેઓ તે મુજબ સંઘના કાર્યાલયને જણાવી શકે છે, પણ ગત વર્ષનું લવાજમ તો તેમણે વિના વિલંબે મોકલી આપવું જોઇએ. આ સંબંધે તેમને આગ્રહપૂર્વક અનુરોધ કરવામાં આવે છે.**

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ ૩.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

# આપણો આધ્યાત્મિક વારસો

( ગતાંકથી ચાલુ )

## અધ્યાત્મ સાધના

એક સવાલ સૌએ વિચારવા જેવો છે કે આત્મા, પરમાત્મા કે મોક્ષનો વિચાર છેવટે છે શા માટે ? અને જો એ વિચાર કશાકને માટે છે તો એને સિદ્ધ કરવાનો કોઇ માર્ગ છે કે નહીં ? અન્યથા આ બધી મથામણનું કંઇ મૂલ્ય નથી.

આવા વિચારોને સિદ્ધ કરવા અને એને જીવનમાં ઊતારવા ઘણા પ્રાચીન સમયથી હજારો-લાખો માણસોએ જે સાધના કરી છે તે છે આધ્યાત્મિક સાધના. આપણે ગાંધીજીને સમજવાનો પ્રયત્ન ન કરીએ અથવા પ્રયત્ન કરવા છતાં ગાંધીજીને ન સમજી શકીએ તો સમજવું કે ભૌતિક જીવન અને આધ્યાત્મિક જીવન વચ્ચે સુમેળ નથી, પણ ખરી વાત એમ નથી. ભૌતિક વિદ્યાઓને આધ્યાત્મિક જીવન સાથે શી લેવાદેવા ?-એમ કહીને અધ્યાત્મિક જીવનને ભૌતિક જીવનની વિરુદ્ધ માની લેવું એ ભૂલ છે. એ ભૂલ ભૂતકાળમાં થઈ છે અને અત્યારે પણ એ ભૂલ ચાલુ છે. ઊલટું બન્યું છે એવું કે આધ્યાત્મિક જીવન વિનાનું ભૌતિક જીવન જીવનારને છેવટે ક્યાંય શાંતિ નથી મળતી, અને એવાઓને વિશ્વ સાથે મીઠો સંબંધ પ્રેમસંબંધ નથી બંધાતો. આપણા જીવનકાળ દરમ્યાન ગાંધીજી વગેરે પુરુષોમાં આ સુમેળ થયેલો આપણે જોયો છે અને આપણા જીવનમાં પણ એ સુમેળ કેટલેક અંશે થયો છે એ આપણું સદ્‌ભાગ્ય છે.

વૈદ્યોએ ઘણા ઘણા અખતરા કરીને છેવટે રોગ, રોગનું કારણ, રોગનું નિવારણ અને નિવારણના ઉપાયો એમ ચાર બાબતો નક્કી કરી. આ જ અનુભવ સાધકોએ અધ્યાત્મ જીવન સુધી લંબાવ્યો અને ત્યાં પણ વૈદ્યક જેવાં ચાર તત્ત્વો શોધ્યાં કે-આત્માને દુઃખ છે, એ દુઃખનું કારણ છે, એ દુઃખનું નિવારણ થઇ શકે છે, અને એ નિવારણના ઉપાયો પણ છે. આધ્યાત્મિક દુઃખ એટલે અપૂર્ણતાનું કે બંધનનું ભાન. આ અપૂર્ણતા કે બંધન કારણથી ઉત્પન્ન થાય છે તેથી તે સ્વાભાવિક નથી. અને એ અસ્વાભાવિક વસ્તુને દૂર કરવાના મનુષ્યે જે જુદા જુદા માર્ગો શોધ્યા એનું નામ જ આધ્યાત્મિક સાધના. આપણું સદ્‌ભાગ્ય છે કે હિંદની ત્રણે પરંપરાઓએ અને બધા કાળના સંતોએ આમાં સાક્ષી પૂરી છે. એ બધાએ હેય, હેયહેતુ, હાન, અને હાનોપાય દર્શાવ્યા છે.

વૈદિક પરંપરાના પ્રામાણિક બે ગ્રંથો; પાતંજલ યોગસૂત્ર અને ભગવદ્‌ગીતા. એમાં એ પરંપરાની બધીય શાખાઓની સાધના સમાઈ જાય છે. આ બે ગ્રંથો વૈદિક પરંપરાનું પૂરેપૂરું પ્રતિનિધિત્વ ધરાવે છે.

બૌદ્ધ પરંપરાના એક જ ગ્રંથ ( વિશુદ્ધિમાર્ગ ) માં એ પરંપરાની આધ્યાત્મિક સાધનાનો વિકાસ આવી જાય છે. અને જૈન પરંપરાના, ઉમાસ્વાતિ વાચકના તત્ત્વાર્થસૂત્રમાં આનો પૂરેપૂરો નિર્દેશ મળે છે.

આ બધી પરંપરાઓ દેખીતી રીતે એકબીજાથી જુદી જુદી રીતે વિચાર કરતી લાગે છે; છતાં એ બધીય પરંપરાઓને સમગ્ર રીતે જોઇએ તો જણાશે કે એમની સાધનાનો પાયો એક જ છે. શબ્દોના અને વર્ગીકરણના ભેદને લઇને લોકો ભ્રમમાં પડે છે. પણ ખરી રીતે આધ્યાત્મિક જીવનની સાધનાના પાયા તો બધામાં એકસરખા જ છે.

હું માત્ર શરીર નથી, ઇન્દ્રિય નથી, મન નથી પણ એ બધાંથી પર એવું કંઇક છું એવો વિચાર એ જ આત્મભાન. અને પરમાત્મા વિશેની ભાવના એ જ આધ્યાત્મિક જીવનનો પાયો છે.

યોગશાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણે બંધનનું ભાન એ સૌના પોતાના અનુભવની વાત છે. અને શાંત ચિત્તે વિચારતાં આ બંધનનું ભાન થાય છે. ખરી રીતે શરીરનું નામ સંસાર નથી, પણ અપૂર્ણતાનું ભાન તે સંસાર છે. અવિદ્યા, અજ્ઞાન અને એનાં પરિણામો રાગ, દ્વેષ, વગેરે સંસાર છે. એટલે અજ્ઞાન-અવિદ્યા કે તૃષ્ણાને ઓછી કરવાનો પ્રયત્ન એ જ સાધનાનો માર્ગ છે. આ બધું યોગશાસ્ત્ર અને ગીતામાં નોંધ્યું છે. યોગશાસ્ત્રે યોગનાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અંગો કહ્યાં છે. એ માર્ગે જેટલું ચાલીએ તેટલી અધ્યાત્મસાધના થઈ સમજવી, એટલે કે તેટલો મોક્ષ થયો સમજવો. અજ્ઞાન એ દુઃખનું મૂળ છે. અને જ્ઞાન-ભક્તિ-ધ્યાન અને કર્મયોગ એ દુઃખનું નિવારણ કરવાના ઉપાયો છે.

બૌદ્ધોના વિશુદ્ધિમાર્ગ ગ્રંથમાં દુઃખ, દુઃખસમુદય, દુઃખનિરોધ અને દુઃખનિરોધગામિની પ્રતિપદા માર્ગ એ ચાર આર્ય-સત્યો કહ્યાં છે. એ સત્યો પ્રમાણે જે ચાલે તે આર્ય. આર્ય કોઈ જાતિ નથી, પણ જે આધ્યાત્મિક સત્યો સમજે અને તે પ્રમાણે જીવે તે આર્ય. આર્યને માટે અષ્ટાંગિક માર્ગ કહ્યો છે. તે આ પ્રમાણે છે: સમ્યગ્‌દૃષ્ટિ, સમ્યક્‌સંકલ્પ, સમ્યગ્‌વાચા, સમ્યક્‌કર્માંત, સમ્યગ્‌આજીવ, સમ્યગ્‌વ્યાયામ, સમ્યક્‌સ્મૃતિ અને સમ્યક્‌ સમાધિ.

આ માટે વિશેષ જિજ્ઞાસુઓએ અધ્યાપક કોસંબીજીનું 'બુદ્ધધર્મ અને સંઘ' પુસ્તક જોવું.

બૌદ્ધોના ચાર આર્યસત્યોની જેમ જૈનોએ પણ ચાર તત્ત્વો બતાવ્યાં: બંધ, આશ્રવ, સંવર, અને મોક્ષ. યોગશાસ્ત્રનાં આઠ અંગોની અને બૌદ્ધ પરંપરાના અષ્ટાંગિક માર્ગમાં જે વસ્તુ આવે છે તે જ જૈન પરંપરામાં જાણીતા સંવર શબ્દથી સૂચવાઇ છે.

આમ હિન્દુસ્તાનની કોઈપણ પરંપરાના પ્રામાણિક ગ્રંથોનો અભ્યાસ કરો તો જણાયા વગર નહિ રહે કે દરેકની આધ્યાત્મિક સાધનાનો પાયો એકસરખો જ છે.

'પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ' એ ભજનનું રહસ્ય વિચારો તો એમાં આવતા 'કર્દમકળણ'નો અર્થ આસ્રવ, અવિદ્યા કે માયા સિવાય બીજો કશો નથી.

આધ્યાત્મિક સાધનાની પાયાની એકરૂપતાનું આ કથન કંઈ કલ્પના નથી. એની જમીન નક્કર છે; અને તે ઉપર વર્ણવ્યું તેમ અનેક ધર્મગ્રંથોમાં સચવાયલી છે. અને બહુ લાંબે જોવા કે વિચારવાની જરૂર શી છે? ખુદ ગાંધીજીનું જીવન જ આ એકરૂપતાની શાખરૂપ હતું.

જુદી જુદી પરંપરાઓની આ રીતે તુલના કરવાનો ઉદ્દેશ એક જ છે કે અજ્ઞાની કે ભોળા લોકો બાહ્યમાં મગ્ન થઇને એકબીજાથી જુદા માની બેસે તે આધ્યાત્મિક દૃષ્ટિએ બરાબર નથી.

યોગશાસ્ત્રે આધ્યાત્મિક દુઃખ એટલે કે અપૂર્ણતાનું નિવારણ કરવાના ઉપાયો બતાવ્યા તે યમ અને નિયમ. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ જાણીતા છે. અને નિયમોમાં શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનનું વર્ણન કર્યું છે. યોગે બતાવેલાં આઠ અંગોમાં સૌથી મુખ્ય વસ્તુ ધ્યાન અને સમાધિ છે. સમ્યગ્‌જ્ઞાનને માટે ચિત્તને સ્થિર કરવું જરૂરી છે. અને લૌકિક અને લોકોત્તર ધ્યાનમાં ફેર છે. વૈજ્ઞાનિકને પણ પોતાની શોધ કરવાને માટે એકાગ્રતા જોઇએ જ. છતાં આધ્યાત્મિક એકાગ્રતા ભૌતિક એકાગ્રતાની અપેક્ષાએ લોકોત્તર ગણાવી જોઇએ. કારણકે ભૌતિક એકાગ્રતા સદ્‌કાળ માટે સહુનું કલ્યાણ જ સાધે એવો નિયમ નથી. જ્યારે આધ્યાત્મિક એકાગ્રતા વ્યક્તિ અને સમષ્ટિ બંનેનું સદ્‌કાળને માટે કલ્યાણ જ કરે છે.

મતલબ કે આત્મસુખ મેળવવા માટે માણસના મનમાં રહેલા અજ્ઞાનના ભારને ઓછો કરવો જોઇએ. અને એ માટેના બે ત્રણ ઉપાયો બહુ જાણીતા છે. ચિત્તને સમ રાખવું હોય, શુદ્ધ કરવું હોય તો ચિત્તમાંથી કડવાશ દૂર કરવી જોઇએ, અને અસૂયા કે ઈર્ષ્યાને દેશનટો દેવો જોઇએ.

તથાગત બુદ્ધે બ્રહ્મ-વિહાર કરવાનું એટલે કે વિશ્વની સમગ્ર જીવસૃષ્ટિમાં વિહાર કરવાનું કહ્યું છે. આનો અર્થ એ કે બધા જીવો સાથે તાદાત્મ્ય સાધીને મૈત્રી, કરુણા, મુદિતા અને માધ્યસ્થ એ ચાર ભાવનાને સાકાર કરવી જોઇએ. શરીર સ્થૂળ છતાં પરિમિત છે અને મન સૂક્ષ્મ છતાં અપરિમિત—વિસ્તૃત છે એ તો દૂર દૂરના દેશકાળમાં સંચરે છે. એટલે મનની શક્તિને વિકસાવો અને સમગ્ર વિશ્વ સાથે સંબંધ જોડીને પોતાની જાત વિષે જે વિચારો આવે છે તે સમગ્ર વિશ્વ સુધી લંબાવો. આનું નામ મૈત્રીભાવના. ચિત્તને પ્રસન્ન રાખવા માટે મૈત્રી કેળવવી જરૂરી છે. આ ભાવના આધ્યાત્મિક સાધનામાં તો અગત્યનો ભાગ ભજવે છે જ, ઉપરાંત સામાજિક અને રાષ્ટ્રીય ક્ષેત્રમાં પણ એનું મહત્વ છે. આપણા કરતાં જે ઓછાં સાધનવાળાં હોય, દુઃખી હોય, એમના પ્રત્યે કરુણા કેળવવી. જેઓ આપણા કરતાં વિશેષ સાધનસામગ્રીવાળા કે સુખી હોય તેમને જોઇને રાજી થવું તે મુદિતા ભાવના. અને જેઓ દુર્ગુણી હોય, આપણા કે બીજાના કહ્યે સુધરવા

તૈયાર ન હોય એવાઓનો તિરસ્કાર ન કરતા એમના પ્રત્યે તટસ્થતા ધારણ કરવી તે ઉપેક્ષા ભાવના. બૌદ્ધ ગ્રંથોમાં આ ચારે ભાવનાઓનું ખૂબ વિશદ અને ભારે આહ્લાદક વર્ણન મળે છે.

આમ છતાં અવિદ્યાને દૂર કરવાનું કામ બહુ અઘરું છે. શરીરને 'હું' માની લઈએ ત્યારે વિચાર બહુ મર્યાદિત બની જાય છે. अनित्ये नित्यबुद्धिः अविद्या । આ અવિદ્યાથી મુક્ત થવાનો ઉપાય વિશ્વની જીવન-સૃષ્ટિ સાથે અસીમપણે એકરસ કે સમરસ થવું તે છે.

જૈન અને વૈદિક પરંપરામાં પણ એજ ભાવ જુદી જુદી રીતે વર્ણવાયેલો છે.

એક વાત સમજવા જેવી છે કે જ્યારે પણ મનમાં એવી શ્રદ્ધા થાય કે દેશકાળથી મુક્ત એવું કોઈ તત્ત્વ છે ત્યારે આખું જીવન પલટાઈ જાય છે. આ જ આધ્યાત્મિક સાધનાનો પ્રારંભ.

બીજા ગમે તે રીતે વર્તે છતાં આપણા મનના તો આપણે પોતે જ સ્વામી છીએ અને એને બગડવા દેવું કે સુધારવું—એટલે કે એને કાબૂમાં રાખવું—એ આપણા હાથની વાત છે. એટલું સમજીએ તો આધ્યાત્મિક સાધનાનો માર્ગ સમજ્યો ગણાય. મનની પ્રબળતા કેટલી છે એ તો मन एवं मनुष्याणां कारणं बन्धमोक्षयोः – એ સૂત્રમાં જ બતાવેલી છે. મતલબ કે આપણા મન ઉપર આપણે કાબૂ રાખી શકીએ છીએ એ વાતનું આપણને ભાન થયેલું હોવું જોઈએ. દાખલા તરીકે મેં કોઈની પાસે રસનો પ્યાલો માગ્યો. રસભરેલો પ્યાલો લાવતાં લાવતાં ગમે તે કારણે પ્યાલો પડી ગયો, ફૂટી ગયો અને એમાંનો બધો રસ ઢોળાઈ ગયો. આ રીતે દેખીતી રીતે આપણને ગુસ્સો કરવાનું નિમિત્ત મળી જાય છે, પણ આવો ગુસ્સો આવતો હોય ત્યારે આપણે-જેને આધ્યાત્મિક સાધના પસંદ હોય એણે—આટલું જ વિચારવું જોઈએ કે પ્યાલાને પડતો કે તૂટતો બચાવવો કે રસ ઢોળાઈ જતો અટકાવવો એ ભલે મારા હાથની વાત ન હોય, પણ મારા ચિત્તને ક્રોધ કરીને પડતું બચાવી લેવું, એને કાબૂમાં રાખવું એ તો મારા હાથની વાત છે ને ! વળી તમે જ્યાં જ્યાં જાઓ ત્યાં તમે પોતે જ છો અને તમારામાં આખું જગત સમાયેલું છે એવું ભાન થવું એનું નામ જ વિદ્યા; અને એનું નામ જ અધ્યાત્મ. આવું ભાન થવા માટે સમ્યગ્જ્ઞાનની જરૂર છે; અને એને માટે જ ધ્યાનની યોજના કરી છે.

વળી, અધ્યાત્મસાધકો અથવા યોગીઓ દુનિયાથી પર છે; અને એમને આ દુનિયા સાથે કશી લેવાદેવા નથી, એ માન્યતા બરાબર નથી, અને કોઈને આવો ભ્રમ હોય તો તે ગાંધીજીને જોઈને દૂર થવો જોઈએ. કારણ કે, મૈત્રી વગેરે ચાર ભાવના અને પંચશીલ એ જેમ અધ્યાત્મમાર્ગના ઉપયોગી સાધનો છે તેમ કુટુંબ, ગામ, સમાજ અને દેશમાં સંવાદ સ્થાપવા માટે પણ એ જરૂરી છે.

યોગીઓએ પોતાની સાધનાને આધારે કહ્યું છે કે—જો બધાની સાથેનો સંબંધ સ્વચ્છ કરવો હોય તો શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા એ પાંચે જોઈશે; અને એમાંની કોઈ એક વસ્તુને ગ્રહણ કરવાથી કામ નહીં ચાલે. એવો મારો પણ જાતઅનુભવ છે. અને જ્યારે આ પાંચેનો સંવાદ થાય ત્યારે જ જીવન આગળ વધી શકે છે.

આધ્યાત્મિક સાધનાને માટે વૈરાગ્યનો પણ ઘણો ઉપયોગ છે. પણ એ ભાવનાનો અતિરેક કરીને ભારતની બધી પરંપરાઓએ શરીરને અશુચિ, અનિત્ય, દુઃખરૂપ માની લીધું તે બરાબર થયું નથી. અશુચિભાવનાના એકાંગી વિકાસથી આપણામાં ગંદવાડ પ્રત્યેનો પ્રેમ આવ્યો ! અને જ્યાં ગંદવાડ નહીં ત્યાં હિંદુત્વ નહીં એવું બની ગયું ! શરીર અશુચિ નથી, એમાં તો સૌન્દર્ય છે; અને શરીરના સાચા સૌન્દર્યનો સૃષ્ટિના સૌન્દર્ય સાથે સંવાદ સાધીને વૈરાગ્યની વિકૃત બની ગયેલી ભાવનાને સુધારી લેવાની જરૂર છે. આપણને જે ન ગમતું હોય તે બધું ખરાબ એ મૂલ્યાંકન કરવાનો માર્ગ નથી. એટલા માટે વૈરાગ્યના સાચા ભાવને સમજવો આવશ્યક છે. અને એમ થાય તો જ એ વૈરાગ્યભાવના અધ્યાત્મસાધનામાં ઉપયોગી થઈ શકે.

મહામહોપાધ્યાય યશોવિજયજીએ પણ અપર વૈરાગ્ય અને પર વૈરાગ્યની ચર્ચા કરી છે. અપર વૈરાગ્ય એ તો માત્ર બાહ્ય કે આડંબરી વૈરાગ્ય છે અને એમાંથી જ શરીરને માટે અશુચિ, અનિત્ય વગેરે એકાંગી ભાવનાઓ જન્મી છે. પણ એમાં નથી તો વ્યક્તિનું હિત કે નથી સમાજનું હિત. માટે ખરો વૈરાગ્ય એ પર વૈરાગ્ય છે, અને અધ્યાત્મસાધનામાં એનો જ ખરેખરો ઉપયોગ છે. અને સાથે સાથે વ્યક્તિ અને સમાજનું કલ્યાણ પણ એનાથી સધાય છે.

છેવટે આ બધા કથનનો સાર એટલો જ કે—અધ્યાત્મ—સાધના વિના આત્મા, પરમાત્મા કે મોક્ષની વિચારણાનો કશો અર્થ નથી. અને શીલ, યમ, નિયમનો સ્વીકાર કર્યા વગર અધ્યાત્મસાધના શક્ય નથી. તેથી જો માત્ર ધારણાઓ બાંધ્યા કરીએ ને વર્તનને ન ઘડીએ તો એવી બધી ધારણાઓ માત્ર કલ્પના જ રહી જાય. આટલા માટે જ શીલ, સમાધિ અને પ્રજ્ઞામાં શીલને પહેલું મૂકયું છે. જેમ જમીન વિના ઊભા રહેવું કોઈને માટે શક્ય નથી તેમ શીલ વિના સમાધિલાભ શક્ય નથી. અને શીલ તેમજ સમાધિ વિના પ્રજ્ઞાલાભ શક્ય નથી. તેથી જ એ ત્રણેનો ઉત્તરોત્તર વિકાસ સાધવો જોઈએ. એ વિકાસ જ અધ્યાત્મસાધના છે.

સમાપ્ત પંડિત સુખલાલજી

## પંડિત સુખલાલજી સન્માન સમિતિ–સમાચાર

**રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ શ્રી ઉછરંગરાય ઢેબરે મધ્યસ્થ સન્માન સમિતિના ઉપ-પ્રમુખપદનો સ્વીકાર કર્યો છે.**

### સૌરાષ્ટ્રમાં સન્માન સમિતિની રચના

સૌરાષ્ટ્રમાં પંડિત સુખલાલજી સન્માન સમિતિની નીચે મુજબ રચના કરવામાં આવી છે:—

| | |
|---|---|
| શ્રી. રસિકલાલ પરીખ | રાજકોટ |
| ,, બળવન્તરાય મહેતા | ભાવનગર |
| ,, ભોગીલાલ મગનલાલ શાહ | ,, |
| ,, જગુભાઈ પરીખ | ,, |
| ,, દેવેન્દ્ર દેસાઈ | ,, |
| ,, વજુભાઈ વોરા | ,, |
| ,, મનુભાઈ શાહ | રાજકોટ |
| ,, વજુભાઈ શાહ | ,, |
| ,, તારાચંદભાઈ શાહ | ,, |
| ,, જેઠાલાલ જોષી | ,, |
| ,, ઓચરદાસ જસાણી | ,, |
| ,, નાનાભાઈ ભટ્ટ | સણોસરા |
| ,, મનુભાઈ પંચોળી | ,, |
| ,, પુલચંદભાઈ તંબોળી | જામનગર |
| ,, કાન્તિલાલ પી. શાહ | ,, |
| ,, પ્રેમચંદભાઈ વજલાલ શાહ | ,, |
| ,, નાનજીભાઈ કાળીદાસ | પોરબંદર |
| ,, જેઠાલાલભાઈ રૂપાણી | જુનાગઢ |
| ,, રમણલાલ પી. શાહ | વેરાવળ |
| ,, કાન્તિલાલ રતિલાલ શાહ | સુરેન્દ્રનગર |
| ,, ચંદુલાલ સુખલાલ | ,, |

આ સમિતિના મંત્રી તરીકે શ્રી વજુભાઈ શાહ (રાજકોટ) ની નિમણુંક કરવામાં આવી છે.

મંત્રીઓ, પંડિત સુખલાલજી સન્માન સમિતિ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯